
# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૧૧)



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૩૦૬-૩૩૧ શ્લોક ૧૮૭-૨૦૨) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૩૬૪-૩૮૯)

ૐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૧૧)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(ગાથા-૩૦૬ થી ૩૩૧, શ્લોક-૧૮૭ થી ૨૦૨,
પ્રવચન-૩૬૪ થી ૩૮૯)

પ્રસ્તુતકર્તા :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવંત
૨૦૭૮


વીર સંવંત
૨૫૪૮

ઈ. સન
૨૦૨૧

**પ્રકાશન તિથિ**

શ્રી સમયસાર શતાબ્દિ વર્ષ
પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી સમાધિ દિન
તા. ૨૬-૧૧-૨૦૨૧, કારતક વદ-૭

ટાઈપ સેટિંગ :
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૩૪ પ્રવચનનાં
સંકલનરૂપ આ **‘ભાગવત શાસ્ત્ર’ ભાગ–૧૧** અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ,

ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી 'વિરોધીઓ પણ ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, 'અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.'

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.

- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે!
- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છેને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૩૦૬ થી ૩૩૧ ગાથા તથા તેના ૧૮૭ થી ૨૦૨ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૩૬૪ થી ૩૮૯ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૧૧માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું

કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી પ્રશમભાઈ મોદી, સોનગઢ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**

**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
# (સંપૂર્ણ જીવન–દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્‌કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી  એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં- વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છેને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છેને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાદીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૬૪ | ૧૨–૦૬–૧૯૭૭ | શ્લોક–૧૮૭, ગાથા–૩૦૬–૩૦૭ | ૦૦૧ |
| ૩૬૫ | ૧૩–૦૬–૧૯૭૭ | ગાથા–૩૦૬–૩૦૭ | ૦૧૩ |
| ૩૬૬ | ૧૪–૦૬–૧૯૭૭ | ગાથા–૩૦૬–૩૦૭ | ૦૨૬ |
| ૩૬૭ | ૧૫–૦૬–૧૯૭૭ | શ્લોક–૧૮૮ | ૦૩૯ |
| ૩૬૮ | ૧૬–૦૬–૧૯૭૭ | શ્લોક–૧૮૯–૧૯૦ | ૦૫૧ |
| ૩૬૯ | ૧૭–૦૬–૧૯૭૭ | શ્લોક–૧૯૦ થી ૧૯૨ | ૦૬૫ |
| ૩૭૦ | ૧૮–૦૬–૧૯૭૭ | શ્લોક–૧૯૨ | ૦૭૬ |
| ૩૭૧ | ૧૯–૦૬–૧૯૭૭ | શ્લોક–૧૯૩–૧૯૪,ગાથા–૩૦૮થી૩૧૧ | ૦૮૮ |
| ૩૭૨ | ૨૦–૦૬–૧૯૭૭ | ગાથા–૩૦૮ થી ૩૧૧ | ૧૦૧ |
| ૩૭૩ | ૨૧–૦૬–૧૯૭૭ | ગાથા–૩૦૮ થી ૩૧૧ | ૧૧૩ |
| ૩૭૪ | ૨૨–૦૬–૧૯૭૭ | ગાથા–૩૦૮ થી ૩૧૧ | ૧૨૫ |
| ૩૭૫ | ૨૩–૦૬–૧૯૭૭ | ગાથા–૩૦૮ થી ૩૧૧ | ૧૩૭ |
| ૩૭૬ | ૨૪–૦૬–૧૯૭૭ | ગાથા–૩૦૮ થી ૩૧૧ | ૧૫૦ |
| ૩૭૭ | ૨૫–૦૬–૧૯૭૭ | શ્લોક–૧૯૫ | ૧૬૧ |
| ૩૭૮ | ૨૬–૦૬–૧૯૭૭ | ગાથા–૩૧૨–૩૧૫ | ૧૭૪ |
| ૩૭૯ | ૨૭–૦૬–૧૯૭૭ | ગાથા–૩૧૪–૩૧૫ | ૧૮૭ |
| ૩૮૦ | ૨૮–૦૬–૧૯૭૭ | ગાથા–૩૧૪ થી ૩૧૬, શ્લોક–૧૯૬ | ૨૦૦ |
| ૩૮૧ | ૨૯–૦૬–૧૯૭૭ | ગાથા–૩૧૬–૩૧૭, શ્લોક–૧૯૭ | ૨૧૨ |
| ૩૮૨ | ૩૦–૦૬–૧૯૭૭ | ગાથા–૩૧૬–૩૧૭ | ૨૨૪ |
| ૩૮૩ | ૦૧–૦૭–૧૯૭૭ | ગાથા–૩૧૮–૩૧૯, શ્લોક–૧૯૮ | ૨૩૭ |
| ૩૮૪ | ૦૨–૦૭–૧૯૭૭ | ગાથા–૩૨૦ | ૨૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૩૮૫ | 03–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૦ | ૨૬૩ |
| ૩૮૫ **A** | 0૪–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૦ | ૨૭૪ |
| ૩૮૫ **B** | 0૫–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૦ | ૨૮૫ |
| ૩૮૫ **C** | 0૮–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૦ | ૨૯૮ |
| ૩૮૫ **D** | 0૯–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૦ | ૩૧૦ |
| ૩૮૫ **E** | ૧૦–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૦ | ૩૨૨ |
| ૩૮૫ **F** | ૧૧–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૦ | ૩૩૪ |
| ૩૮૫ **G** | ૧૨–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૦ | ૩૪૭ |
| ૩૮૫ **H** | ૧૩–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૦ | ૩૫૯ |
| ૩૮૬ | ૧૪–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૧ થી ૩૨૩, શ્લોક–૧૯૯ | ૩૭૦ |
| ૩૮૭ | ૧૫–0૭–૧૯૭૭ | શ્લોક–૨૦૦ | ૩૮૨ |
| ૩૮૮ | ૧૬–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૪થી૩૨૭,શ્લોક–૨૦૧–૨૦૨ | ૩૯૪ |
| ૩૮૯ | ૧૭–0૭–૧૯૭૭ | ગાથા–૩૨૮થી૩૩૧, શ્લોક–૨૦૨ | ૪૦૭ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૧૧)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના શબ્દશઃ સળંગ પ્રવચનો)

**જયેષ્ઠ વદ-૧૧, રવિવાર, તા. ૧૨-૦૬-૧૯૭૭, શ્લોક-૧૮૭, ગાથા-૩૦૬-૩૦૭, પ્રવચન નં. ૩૬૪**

મોક્ષ અધિકાર, સમયસાર, ૧૮૭ કળશ છે.

अनवरतमनन्तैर्बध्यते सापराधः
स्पृशति निरपराधो बन्धनं नैव जातु।
नियतमयमशुद्धं स्वं भजन्सापराधो।
भवति निरपराधः साधु शुद्धात्मसेवी।।१८७।।

'**શ્લોકાર્થ :- સાપરાધ આત્મા...**' એટલે જે કોઈ પુણ્ય અને પાપના ભાવ જે છે એ મને લાભદાયક છે અથવા મારા છે એવી માન્યતાવાળા પ્રાણી મિથ્યાદૃષ્ટિ અપરાધી છે. એ અપરાધી જીવ આત્મા. આ અપરાધ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન પવિત્ર શુદ્ધ અને નિત્યાનંદ પ્રભુ આત્મા એને છોડીને એ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ તેને પોતાના માને અને એનાથી પોતાને લાભ માને એ મિથ્યાદૃષ્ટિ અપરાધી પ્રાણી છે, ગુનેગાર છે, ચોર છે. જે ચીજ પોતાની નથી એને પોતાની માને એ ચોર છે. કામ તે આકરું ભારે!

'**નિરંતર અનંત પુદ્‌ગલપરમાણુરૂપ કર્મોથી બંધાય છે;...**' એ અજ્ઞાની પ્રાણી તો અનંત પરમાણુરૂપી કર્મથી બંધાય છે. '**નિરપરાધ આત્મા...**' નિરપરાધ નામ રાગથી ભિન્ન

પોતાની ચીજ જે અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનમય પદાર્થ છે આત્મા. એની દૃષ્ટિ અને જ્ઞાનમાં રમનારા એ નિરપરાધી છે. પોતાની ચીજમાં શુદ્ધ ઉપયોગથી... એ પુણ્ય-પાપના ભાવ બેય અશુદ્ધ છે, અશુદ્ધ ઉપયોગ છે અને આત્માના સ્વભાવનો ઉપયોગ શુદ્ધ છે. એ શુદ્ધ ઉપયોગી આત્મા નિરપરાધી છે. આહા..હા..! તે '**કદાપિ સ્પર્શતો નથી જ.**' '**जातु**' કદાપિ બંધનને સ્પર્શતો નથી. ધર્મી જીવ પોતાનો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપને સ્પર્શે છે, અનુભવે છે એ બંધનને સ્પર્શતો નથી. રાગભાવ આદિ જે આવે છે એને સ્પર્શતો નથી. આહા..હા..! આવો માર્ગ લોકોને (કઠણ લાગે).

'**જે સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...**' સાપરાધ. પોતાના આત્માને અશુદ્ધ (સેવતો થકો). એ પુણ્ય પરિણામ છે એ પણ અશુદ્ધ છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, અપવાસ આદિ એ બધા વિકલ્પ શુભરાગ છે. એ રાગ એ અશુદ્ધ છે. હવે આવી વાત! એ અશુદ્ધને સેવે છે, '**અશુદ્ધ સેવતો થકો સાપરાધ છે;...**' એ અપરાધી-ગુનેગાર છે. આહા..હા..! આકરી વાતું બહુ. અને '**નિરપરાધ આત્મા...**' '**साधु**' '**ભલી રીતે...**' '**साधु**'નો અર્થ શું? સમીચીન શબ્દ છે. સંસ્કૃતમાં સમીચીન. અહીં '**साधु**' શબ્દનો અર્થ સાધુ એમ ન લેવો. '**साधु**'ને ત્યાં ભલી રીતે અથવા જેવું સ્વરૂપ છે એવું. સમીચીન. જેવી શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એમાં પોતાનો અનુભવ કરવો એનું નામ '**साधु**' એટલે સમીચીન ભલી રીત છે. આહા..હા..! '**साधु**' એટલે અહીંયાં સાધુ-સાધુ એમ ન લેવું. જે કોઈ નિરપરાધી આત્મા. સાધુ એટલે જેવી ચીજ છે એવી ચીજને જે અનુભવે છે, દૃષ્ટિ કરીને સ્થિર થાય છે એ પ્રાણી નિરપરાધી છે. સમજાણું કાંઈ? ભલી રીતે એટલે જેમ છે તેમ. જેવી ચીજ શુદ્ધ ચૈતન્ય આનંદ છે એવી ચીજને એવી જ રીતે અનુભવે છે તેનું નામ સમીચીન-ભલી રીતે જેમ છે તેમ એનો અનુભવ થયો. એનું નામ નિરપરાધ છે. ભારે! સમજાણું કાંઈ? હજી તો આકરો વિષય હવે આવશે.

'**ભલી રીતે શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.**' આહા..હા..! સંતોએ એવું બહાર પ્રસિદ્ધ કર્યું કે ભાઈ! જે આત્મા પુણ્ય અને પાપની અશુદ્ધની સેવના કરે છે તે અપરાધી-ગુનેગાર કર્મથી બંધાય છે અને જે આત્મા પુણ્ય-પાપથી રહિત શુદ્ધ ચિદાનંદઘન, શુદ્ધ પવિત્ર જે અનાદિ છે, સત્યાર્થ છે, ભૂતાર્થ છે, પવિત્ર છે, પૂર્ણ આનંદ આદિ શક્તિથી ભરેલો એકરૂપ છે તે સાધુ એટલે સમીચીન રીતે, જેવી એ ચીજ છે એવી રીતે એની સેવના કરે એનું નામ નિરપરાધી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

હવે પ્રશ્ન ઉઠ્યો જરી. સાંભળો! શાંતિથી સાંભળવાની વસ્તુ છે. '**(હવે, વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કે :—)**' શાસ્ત્રમાં પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપથી રહિત એની સેવના કરે છે, એનો અનુભવ કરે છે તે ધર્મ. પણ એની સાથે જરી શુભરાગ આવે છે પ્રતિક્રમણ આદિ શુભવિકલ્પ, તો તેને શાસ્ત્રમાં નિશ્ચય પોતાનો

આત્મા અમૃતનો અનુભવ કરે છે—ધર્મ—શુદ્ધોપયોગરૂપી અમૃતનો અનુભવ કરે છે તેને શુભરાગ છે તેને વ્યવહારે અમૃત કહેવામાં આવ્યું છે. શુદ્ધ હોય એને. અજ્ઞાનીને ક્યાં? જેને આત્મા શુદ્ધ-શુદ્ધ, શુભ-અશુભભાવથી ભિન્ન અશુદ્ધ પરિણામ જ એના નથી, એ તો શુદ્ધ આનંદકંદ પ્રભુ આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે એવા આત્માને જોયો છે, એવો છે, એવા આત્માનો અંદર અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે એ અમુભવ એ ધર્મ. પણ નબળાઈને લીધે પૂર્ણ વીતરાગ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તેને શુભભાવ આવે છે. તો એ શુભભાવને આ નિશ્ચય અમૃતનું વેદન કરનાર છે તેના શુભભાવને વ્યવહારે અમૃત કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? છે તો ઝેર. નિશ્ચયવાળાને પણ જે વ્યવહારનો વિકલ્પ આવે એ છે તો ઝેર, પણ પોતાનો આત્મા આનંદસ્વરૂપ છે, અમૃતસ્વરૂપ છે અમૃત એ અમૃતનું ભોજન કરે છે ધર્મી, અંતરમાં સ્વાદ લે છે. આહા..હા..! એવા અમૃતનો સ્વાદિયો જીવ તેની પૂર્ણતા પરમાત્મદશા ન થાય ત્યાં સુધી તેને શુભરાગ, શુભોપયોગ પડિકમણ, પરિહરણ આદિ આઠ બોલ એવા શુભભાવ આવે છે, તો વ્યવહારનયના શાસ્ત્રમાં તેને વ્યવહારનયથી અમૃત કહેવામાં આવ્યા છે. કોને? શુભને. કહો, આ વ્યવહારાવલંબીએ પકડી લીધું. જુઓ, એમાં અમૃત કહ્યું છે.

એ કહે છે જુઓ, '**વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કે :— ''એવો શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ (મહેનત) કરવાનું શું કામ છે?**' પ્રથમ આ શુદ્ધ આત્મા, શુદ્ધ આત્મા એની સેવા કરવી, શ્રદ્ધા કરવી, જ્ઞાન કરવું, ચારિત્ર—એમાં રહેવું એ પ્રથમ આ પ્રયાસનું શું કામ છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. '**કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે;...**' વ્યવહારપ્રતિક્રમણ કરે, રાગ શુભરાગ, પાપથી પાછો ખસે અને પુણ્યભાવમાં આવે છે તો એ અપ્રતિક્રમણ જે અનાદિનું પાપ છે તેનાથી પાછો ખસે છે તો તેને શુભભાવ એ અમૃત છે—આમ અજ્ઞાનીની દલીલ છે. સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ કરવાનું શું કામ છે? કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે;...**' એ શુભભાવની ક્રિયાથી અશુભભાવનું અપ્રતિક્રમણ પાપનો નિષેધ થાય છે તો તેનાથી જ આત્મા નિરપરાધ થાય છે. શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ?

'**કેમકે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી,...**' અજ્ઞાનમાં જે મિથ્યાત્વભાવ આદિ અપ્રતિક્રમણ છે. મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ તીવ્ર એ તો અપરાધ છે તેથી એ તો અપ્રતિક્રમણ જ છે. તો તે અપરાધને દૂર કરનારો શુભભાવ અજ્ઞાનીને નથી, તેને તો વિષકુંભ કહ્યો. અજ્ઞાનીના અશુભભાવને તો ઝેર કહ્યો છે. વિષ નામ ઝેરનો ઘડો. '**માટે જે પ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં હોવાથી, અમૃતકુંભ છે.**' તેને જે શુભભાવ થાય છે અશુભને ટાળીને, તેને શાસ્ત્રમાં અમૃતકુંભ કહ્યો છે. શિષ્યનો પ્રશ્ન છે. તો '**વ્યવહારાચારસૂત્રમાં (-વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં)**

**પણ એમ કહ્યું છે કે–'** લ્યો! આ શાસ્ત્રનો દાખલો આપે છે. ભણેલો છે. શાસ્ત્રમાં એમ લખ્યું છે. શું? બે શ્લોક છે.

**अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव।**
**अणियत्ती य अणिंदागरहासोही य विसकुम्भो।।१।।**
**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो अमयकुम्भो दु।।२।।**

શાસ્ત્રમાં તો એમ લખ્યું છેને. વ્યવહારનયના અવલંબીએ વ્યવહારનયથી જે કહ્યું છે, નિશ્ચયજીવને ઈ. જેને આત્મા આનંદ.. પુણ્ય અને દયા, દાન, વ્રત, વિકલ્પ તો ઝેર છે. એનાથી ખસીને નિજ આત્માનો અનુભવ ધર્મ કર્યો છે એને જે શુભભાવ છે તેને અમૃતનો આરોપ વ્યવહારનયથી કહ્યું. અહીં અમૃતનો અનુભવ છે નિશ્ચયમાં તો એ રાગને વ્યવહારે અમૃતકુંભ કહ્યું. તો એ દૃષ્ટાંતે અજ્ઞાની વ્યવહારનયાવલંબી લે છે કે જુઓ, આમાં અમૃત કહ્યું છે. અજ્ઞાનીના મિથ્યાત્વાદિ પાપ છે એ તો મહાઝેર છે. તો ઝેરને દૂર કરવા જે શુભભાવ છે એ અમૃત છે. શુભભાવને તો અમૃત કહ્યું છે. એમ અજ્ઞાનીનો પ્રશ્ન છે. જયંતિભાઈ! સમજાય છે આમાં? ધીરું ચિત્ત કરવું પડશે બહુ હમણાં.

**'અર્થ :- અપ્રતિક્રમણ,...'** પાપ. **'અપ્રતિસરણ,...'** એ પાપ. **'અપરિહાર,...'** એ પાપ. **'અધારણા,...'** એ પાપ. **'અનિવૃત્તિ,...'** એ પાપ. **'અનિંદા,...'** એ પાપ. **'અગર્હા...'** એ પાપ **'અને અશુદ્ધિ—'** એ પાપ. **'એ (આઠ પ્રકારનો) વિષકુંભ...'** છે. અજ્ઞાનીની દલીલ છે કે એ આઠ ઝેર છે. અને પ્રતિક્રમણ. નીચે અર્થ. **'કરેલા દોષોનું નિરાકરણ કરવું તે.'** પાપ લાગ્યું હોય તેનું નિરાકરણ કરવું તેનું નામ પ્રતિક્રમણ. એ શુભભાવ છે. તેને અમૃતકુંભ કહ્યો છે વ્યવહારનયના શાસ્ત્રમાં. અને તમે તો એકદમ આત્મા શુદ્ધ છે... શુદ્ધ છે... શુદ્ધનો સીધો (અનુભવ) કરો, શુદ્ધની સેવના કરો. એમ તમે બહુ આગળ લઈ જાઓ છો. શુભભાવ છે એ અશુભને ટાળે છે તો એ અમૃત છે પહેલાં એ પ્રયાસ તો કરો. જુઓ, **'પ્રતિક્રમણ=કરેલા દોષોનું નિરાકરણ કરવું તે.'** જે પાપ લાગ્યા હોય તેનો વિકલ્પ શુભભાવથી પાપનો નિષેધ કરે એનું નામ પ્રતિક્રમણ. એ છે તો શુભભાવ, છે તો એ વિષકુંભ, ઝેર છે, પણ એ વ્યવહારનયના શાસ્ત્રમાં નિશ્ચય અનુભવવાળાને શુભભાવ આવે છે, તેને અમૃત કહ્યું તો એનો પક્ષ એણે લીધો. બાકી આ તો કૃત્ય દોષોનો પરિહાર છે તો ઝેર. આહા..હા..! કાળકૂટ ઝેર છે. મિચ્છામી દુક્કડમ. પાપનું મિચ્છામી દુક્કડમ એ પણ એક વિકલ્પ અને શુભરાગ છે, છે તો ઝેર. અજ્ઞાની નિશ્ચય અનુભવી જીવને જે શુભભાવ આવે છે એને વ્યવહારનયના શાસ્ત્રમાં અમૃત કહ્યું એનો પક્ષ કરીને વાત કરે છે. સમજાણું કાંઈ?

**'પ્રતિસરણ=સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.'** શુદ્ધ ચૈતન્ય છું એવો સમકિતનો વિકલ્પ

ઉઠવો, રાગ-રાગ આ શુદ્ધ ચૈતન્ય છે, પવિત્ર છે તેનો અનુભવ કરવો એ ઠીક છે એવો વિકલ્પ ઊઠે એ પણ વ્યવહાર છે, એ પણ શુભરાગ છે, એ પણ છે તો ઝેર. જ્ઞાનીને વ્યવહારે અમૃતનો આરોપ કર્યો તો એનો પક્ષ કરીને ઈ કહે છે. બાકી તો જ્ઞાનીને પણ વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારસમકિત આદિ ગુણોમાં પ્રેરણા સમકિતીને પણ એ ઝેર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ આત્મજ્ઞાન વિના, સમ્યગ્દર્શન વિના સવાર-સાંજ પ્રતિક્રમણ કરે છેને એ શુભરાગ છે, ઝેર છે, ધર્મ નથી. આહા..હા..! શાંતિભાઈ! પડિકમણા-બડિકમણા તો કર્યા હશે ઘણા વર્ષથી. આહા..હા..! અમે પણ કરતાં પહેલાં ત્યાં દુકાને હતા ત્યારે, ક્યાં ભાન ક્યાં હતું શું વસ્તુ છે. ઉપવાસ કરીએ અને ચોવિહારો અપવાસ કરતાં આઠ દિ'. આ તો ૬૪-૬૫-૬૬-૬૭ની વાત છે. સંવત્ ૧૯૬૪-૬૫. દુકાન ઉપર. પાલેજ છેને પાલેજ દુકાન. ભરૂચ અને વડોદરા વચ્ચે પાલેજમાં દુકાન છે. હજી દુકાન ચાલે છેને. મને ૬૪ વર્ષ થયા દુકાન છોડ્યાને. અત્યારે પણ દુકાન ચાલે છે. ગૃહસ્થ લોકો છે. એ દુકાનમાં અમે આઠ દિ' પર્યુષણમાં ચાર ઉપવાસ કરતાં હતા. નાની ઉંમરમાં. પાણી વિના હોં! પાણી નહિ. દુકાન ઉપર ધંધે બેસતા, દુકાન ઉપર બેસીએ. નાની ઉંમરની ૧૭ વર્ષથી ૨૨ વર્ષની ઉંમર. એ પાંચ વર્ષ અમે દુકાન ઉપર ધંધો કર્યો. પછી પડિકમણા કરીએ એટલે ધર્મ થઈ ગયો લ્યો! એ અહીં કહે છે એ પ્રતિક્રમણનો ભાવ અજ્ઞાન હતું. ત્યાં ક્યાં આત્માનું જ્ઞાન હતું? એ ભાવ તો ઝેર છે. પણ સમકિતીને, અનુભવીને એવા વિકલ્પને આરોપ દઈને અમૃત કહ્યું હતું એનો પક્ષ લીધો છે. સમજાણું કાંઈ?

'**પરિહાર=મિથ્યાત્વાદિ દોષોનું નિરાવરણ.**' તીવ્ર મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું નિવારણ કરીને શુભભાવ થાય છે, શુભ ઉપયોગ તેને વ્યવહારે ધર્મી જીવને અમૃત કહ્યું એનો પક્ષ કરીને કહે છે કે જુઓ, એમાં અમૃત કહ્યું છે. જ્ઞાની તો એમ કહે કે એ ઝેર છે, શુભોપયોગ એ ઝેર છે. આહા..હા..! '**ધારણા=પંચનમસ્કારાદિ મંત્ર,...**' નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઈરિયાણં.. એ પાંચ નવકારનું સ્મરણ કરવું એ શુભરાગ છે, ઝેર છે. પણ અમૃતનો અનુભવ છે તેને આ શુભરાગને વ્યવહારે અમૃત કહ્યું, નિશ્ચયથી તો ઝેર છે. આહા..હા..! '**પંચનમસ્કારાદિ...**' ૐ આદિ હોયને. મંત્રનું બહુ છેને. એવો કોઈ ભગવાનનો મંત્ર. ૐકાર ૐ... ૐ... ૐ... એ પણ વિકલ્પ છે, શુભરાગ છે. આત્માના અનુભવની અપેક્ષાએ તો એ રાગ ઝેર છે, પણ જ્ઞાનીને અમૃતનો અનુભવ છે અને રાગ આવે છે તો આરોપ કરીને વ્યવહારથી અમૃત કહ્યું; તેને આ કહે છે કે અમૃતથી પાપ ટળે છે. માટે એ પહેલાં કરવા દ્યોને. શુભભાવથી અશુભ ટળે છે. પાધરા શુદ્ધની વાત તમે કરો છો. સાંભળ તો ખરો પ્રભુ! આહા..હા..! ભારે આકરું કામ.

'**પંચનમસ્કારાદિ મંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે...**' ભગવાનની મૂર્તિ, જાત્રા સમ્મેદશિખર, ગીરનાર, શેત્રુંજયનું આલંબન લઈને જે શુભભાવ થાય છે એ

પણ ઝેર છે. આત્માના આનંદનો અનુભવ નથી તેને તો ઝેર છે. જ્ઞાનીને પણ આલંબન લે છે, શુભભાવ આવે છે એ પણ ઝેર છે. આહા..હા..! પંચનમસ્કારાદિ છેને? '**બાહ્ય દ્રવ્યોના આલંબન...**' બાહ્ય દ્રવ્યો થયાને. અરે! ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ સમવસરણમાં બિરાજે છે. ધર્મસભા. ત્યાં જઈને જય ભગવાન! મણિરત્નના દીવા, હીરાના થાળ, કલ્પવૃક્ષના ફૂલ એ ભાવ શુભ છે. અજ્ઞાનીને પણ ઝેર છે, જ્ઞાનીને પણ એ શુભભાવ થાય તો ઝેર છે. આહા..હા..! અરે! વીતરાગમાર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે, રાગથી ધર્મ ઉત્પન્ન નથી થતો. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે એ '**બાહ્ય દ્રવ્યોના આલંબન...**' ચાહે તો ત્રણલોકના નાથ પંચ પરમેષ્ઠીનું આલંબન લઈને જે ભાવ થાય છે એ શુભભાવ છે. સમકિતી અનુભવીને તેને વ્યવહારથી અમૃત કહ્યું, નિશ્ચયથી તો ઝેર છે, રાગ છે. આહા..હા..! પંડિતજી! આવી વાત. આ પડિમા લીધી, આ વ્રત લીધા, આ લીધું એ શુભરાગ. એ કહે છે જુઓ, '**નિવૃત્તિ=બાહ્ય વિષયકષાયાદિ ઈચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે.**' વિષયકષાય જે છે એનાથી ખસીને શુભભાવમાં આવવું. અશુભભાવને છોડીને શુભભાવમાં આવવું તેને અહીંયાં વ્યવહારથી વ્યવહારશાસ્ત્રમાં, નિશ્ચય અમૃતનો અનુભવ છે તેને અમૃત કહ્યું, નિશ્ચયથી તો તેને પણ ઝેર છે. તો હજી જેને આત્માનું ભાન નથી, એના આ બધા જે બોલ છે એ તો બધું ઝેર છે. ધર્મનો અંશ નથી, ધર્મનું (કારણ નથી). આહા..હા..! હવે આવી વાતું બહુ (આકરી). સમજાણું કાંઈ?

'**બાહ્ય વિષયકષાયાદિ...**' ભોગ વિષયના, આબરૂના, કીર્તિના, પૈસાની મમતા એવું જે પાપ તે '**ઈચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું.**' એ પાપના પરિણામથી ચિત્તને પાછું વાળવું એ શુભભાવ છે. આહા..હા..! સમ્યગ્દર્શન નથી એને તો એકલું ઝેર છે. સમ્યગ્દર્શન આત્માનો અનુભવ છે તેને પણ છે તો નિશ્ચયથી ઝેર, પણ આ અમૃતનો અનુભવ થયો છે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં તે અમૃતનો આરોપ આપીને વ્યવહારે અમૃત કહ્યું છે. આહા..હા..! આ ચોખાની થેલી હોય છેને, બોરી. શું કહે છે આ? ચોખા-ચાવલ. તો હોય ચાર મણ ચોખા પણ એમાં અઢી શેર કોથળો હોય છેને. એ પણ સાથે તોળવામાં આવે છે. ચાર મણ અને અઢી શેર. પણ એ તો કોથળો છો અને ઓલા ચોખા છે. એમ ભગવાન આત્મા આહા..હા..! પોતે ચોખા સમાન નિર્મળ આનંદ પ્રભુ એનો અનુભવ કરે એ ધર્મ છે અને સાથે રાગ આવે છે એ તો કોથળો છે. આહા..હા..! પણ સાથે તોળવામાં આવે છે; એમ નિશ્ચયવાળાને વ્યવહાર સાથે આવે છે, પણ છે કોથળો—બારદાન. આહા..હા..! આવું તો સાંભળ્યું ન હોય કેટલાકે બીચારાએ! એને એવું લાગે. માર્ગની ખબર નથી, બાપુ! વીતરાગમાર્ગ જિનેશ્વર વીતરાગ પરમેશ્વર એનો માર્ગ કોઈ અલૌકિક છે. વીતરાગમાર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. રાગભાવથી ઉત્પન્ન થાય એ વીતરાગમાર્ગ જ નથી અને વીતરાગધર્મ પણ નથી.

આહા..હા..! જૈનધર્મ તો વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. તો એ વીતરાગભાવ તો પોતાનો આત્મા વીતરાગભાવ જ છે. 'જિન સોહીએ આત્મા.' વીતરાગસ્વરૂપી બિંબ પ્રભુ આત્મા છે. એનો આશ્રય લેવાથી જેટલો વીતરાગભાવ થયો એટલો ધર્મ છે વીતરાગમાર્ગમાં અને એમાં જેટલી ખામી છે અને પરનું અવલંબન લઈને જે શુભરાગ ઉત્પન્ન થાય છે, ચાહે તો ભગવાનની પ્રતિમા પૂજા, ભક્તિ આદિ, વિષયકષાય આદિથી ખસવું આદિ, એ બધો શુભભાવ ઝેરનો ઘડો છે.

**'નિંદા=આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.'** પાપ લાગ્યા હોય તો આત્મામાં અંદર (પોતાને નિંદે કે) અરે! આ શું? અશુભભાવ થઈ જાય તો અશુભભાવની નિંદા (કરે કે), અરે! આ અશુભભાવ આવ્યો. એ એક શુભભાવ છે. અશુભભાવની આત્માથી નિંદા કરવી એ પણ એક શુભભાવ છે, એ પણ ઝેર છે. ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનો સાગર પ્રભુ એના અનુભવમાં આવવું એ તો અતીન્દ્રિય આનંદ અમૃતનો સ્વાદ છે એમાં આ શુભભાવ છે એ અમૃતથી, આનંદથી વિપરીત છે તો ઝેર છે, પણ વ્યવહારશાસ્ત્રમાં અમૃતના અનુભવી જીવને વ્યવહાર આવે છે, તેને વ્યવહારે અમૃત કહ્યું. વ્યવહારાલંબી એનો પક્ષ કરીને દલીલ કરે છે. આ બધી જ્યાં હોય ત્યાં દલીલ એ છેને. આ વાંધા પંડિતોના બધા. આહા..હા..! શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી નિમિત્તની વાત તો શાસ્ત્રમાં ઘણી આવી છે, પણ એ નિમિત્ત છે, વ્યવહાર છે એ તો સંસાર છે. આહા..હા..! ૧૧મી ગાથામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ધર્મીજીવને વ્યવહાર આવે છે. આહા..હા..! પણ એનું ફળ તો બંધન છે, સંસાર છે. આહા..હા..! **'ગર્હા=ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.'** પાપ લાગ્યું હોય તે ગુરુ પાસે કહેવું એ પણ એક શુભભાવ છે, ધર્મ નથી. **'શુદ્ધિ=દોષ થતાં પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી તે.'** પાપ બહુ લાગ્યું હોય તો પ્રાયશ્ચિત લેવું પ્રાયશ્ચિત. મને ઘણાં પાપ લાગ્યા છે, ભાઈ! એ પ્રાયશ્ચિત લેવું એ પણ એક શુભભાવ છે. આઠ આવી ગયાને? આ ઉપરના અર્થ કર્યા.

હવે એનો ઉત્તર. આ તો શિષ્યનો પ્રશ્ન હતો. એના પ્રશ્નમાં એમ લીધું કે આ આઠ બોલને વ્યવહારશાસ્ત્રમાં અમૃત કહ્યા છે અને તમે પહેલેથી એમ કહો છો કે શુદ્ધ આત્માની દૃષ્ટિ કરો, સમ્યગ્દર્શન પ્રગટ કરો, આત્મા આનંદ છે એનો અનુભવ કરો. પહેલાં એ પ્રયાસ કરવો એના કરતા અશુભથી છૂટવાનો શુભનો પ્રયાસ પહેલાં કરવા દ્યોને, તો અશુભનું પાપ તો છૂટશે. એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ? ક્યાં આમાં તો નવરાશ ન મળે. દુકાનનાધંધા અને વેપાર આડે બિચારાને નવરાશ ન મળે. આખો દિ' પાપની મજૂરી કરતો હોય પાપની. એમાં આવા પુણ્ય આવે એ પણ ઝેર છે કહે છે, આહા..હા..! ધર્મ તો ક્યાંય રહ્યો. એય..! .. એ તો વાત છે. ... સમજાણું કાંઈ?

એનો ઉત્તર. **'ઉપરોક્ત તર્કનું સમાધાન આચાર્યભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી) ગાથામાં કરે છે :—'**

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो होदि विसकुंभो।।३०६।।**
**अप्पडिकमणमप्पडिसरणं अप्परिहारो अधारणा चेव।**
**अणियत्ती य अणिंदागरहासोही अमयकुंभो।।३०७।।**
**પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,**
**વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા---એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.**
**અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,**
**અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ---અમૃતકુંભ છે. ૩૦૭.**

એની ટીકા જરી શાંતિથી સાંભળવાની ચીજ છે. અનંતકાળથી સમ્યગ્દર્શન શું એ સમજ્યો જ નથી. સમ્યગ્દર્શન વિના ક્રિયાકાંડમાં ઘૂસી ગયો. આખો દિ' એમાં ને એમાં. ભગવાન પાસે ઉઠ-બેસ કરીને ઉપધાન કરે ને ઉપધાન દોઢ મહિનાના. ભગવાન સામે ઉઠ-બેસ કરી કરીને સેંકડો વાર દરરોજ વંદન, પડિકમણુ મજૂરી છે બધી. આહા..હા..! જયંતિભાઈ! રાગની મંદતા કદાચિત રાખતો હોય તો શુભ છે અને શુભનો પણ કર્તા થાય તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આ વર્ષીતપ કરે છે નહિ મહિનાના? બધું ઝેર છે, શુભભાવ છે. વર્ષીતપ સમજો છો? એક દિવસ ખાવું અને એક દિવસ ન ખાવું એમ બાર મહિના કરે શ્વેતાંબરમાં. સ્થાનકવાસી, મૂર્તિપૂજક બેય. એ તો બધી લાંઘણ છે.

પોતાનો ભગવાન અંદર વિકલ્પથી રહિત છે એવી ચીજની દૃષ્ટિ અને સ્વીકાર વિના જેટલી ક્રિયાકાંડ થાય એ બધી સંસારમાં રખડવાની ચીજ છે, ભવભ્રમણ કરાવવાનો એ ભાવ છે. આકરી વાત ભાઈ! બહુ પ્રરૂપણા કરે તો એ જ ચાલે બધે ઠેકાણે. આ ઉપધાન કરો, આ ઉપવાસ કરો, આ આ કરો. ચારે કોર એ વાતું ચાલતી હોય. અહીં તો બધી ખબર છેને. અમે પણ સંપ્રદાયમાં પહેલાં હતા ત્યારે એમ કહેતા હતાને. આહા..હા..! એમ વાત નથી. આ આઠ બોલ કહ્યા એ સમકિતી જ્ઞાનીને પણ ઝેર છે. અજ્ઞાનીને તો ઝેર છે જ, પણ જ્ઞાનીને પણ આવા આઠ બોલ આવે છે, અશુભથી બચવા વિકલ્પ આવે, પણ છે તો આત્મા અમૃતસ્વરૂપ ભગવાન એનાથી વિરુદ્ધ ઝેરસ્વરૂપ, ઝેરનો ઘડો છે, વિષકુંભ છે. ઓહો..હો..! બહુ ફેરફાર! ઊગમણો-આથમણો ફેરફાર. એકબાજુથી આ કહે કે આ કરો, આ કરો, અપવાસ કરો, ઉપધાન કરો તમને કર્મની નિર્જરા થશે. ભગવાનને સવારથી સાંજ સુધી સેંકડો વાર ઉઠબેસ કરીને એમ છેને ઘણી? હેં? ખમાસણા આપે ૧૦૮. ૧૦૮? એ બધાને ખબર છે. દેરાવાસી હતાને શ્વેતાંબર. અને માને કે આ ધર્મ થઈ ગયો. અરે! પ્રભુ! તને ખબર નથી, ભાઈ! ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ એનો આશ્રય લીધા વિના જેટલી ક્રિયા પરદ્રવ્યના આલંબનથી થાય છે એ બધી ઝેર છે. આ વાત સાંભળવા મળતી નથી. આહા..હા..!

એ અહીંયાં આચાર્ય કહે છે. વીતરાગી સંત દિગંબર મુનિ છે, વીતરાગી છે. જેને અંતરમાં આનંદનો ઉભરો આવે છે. આહા..હા..! પાણીમાં નીચે અગ્નિ હોય ત્યારે પાણીમાં ઉભરો આવે છે, પણ એ પોલો ઉભરો છે, એમાં કાંઈ પાણી વધતું નથી. પોલું. અગ્નિ નીચે હોયને પાણીની. શું કહેવાય તમારી ભાષામાં? ઉફાન. આપણે શું કહે છે? ઉભરો. પાણીનો ઉભરો આવેને અંદર. એ ઉભરો છે એ પાણી છે? પોલું છે.

અહીંયાં તો આત્માનું સમ્યગ્દર્શન થતાં આત્માની વર્તમાન દશામાં આનંદનો ઉભરો આવે છે. આહા..હા..! ધર્મની પહેલી શરૂઆતવાળાને આઠ વર્ષની બાળિકા સમકિતી હોય, અરે! અસંખ્ય સિંહ હો, અસંખ્ય મચ્છ હો, અસંખ્ય નાગ ને વાઘ સમકિતી છે અઢી દ્વીપ બહાર આત્મજ્ઞાની છે. આહા..હા..! તિર્યંચમાં ઉત્પન્ન થયા પછી અંતર આત્માનું ભાન થયું, આહા..હા..! તેને પણ આત્માનો સ્વાદ આવે છે, તેને પણ વિકલ્પ આવે છે, પણ છે ઝેર. આત્માનો અનુભવ કરવો એટલું અમૃત છે. સમજાણું કાંઈ?

**'પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં)...'** જેને એ શુભભાવ પણ નથી અને અજ્ઞાની અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ (છે). **'અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે...'** શું કહે છે? અજ્ઞાનીને જે મિથ્યાત્વ, રાગ-દ્વેષનો ભાવ છે એ તો નિશ્ચયથી અપ્રતિક્રમણ પાપ છે, પાપભાવ છે. **'અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે...'** અજ્ઞાનીને જે અશુભભાવ છે, મિથ્યાત્વનો, અવ્રતનો, પ્રમાદનો, કષાયનો એ ભાવ તો ઝેર છે. છે? એને **'શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળા હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે;...'** એ તો ઝેરના ઘડા છે અશુભભાવ અજ્ઞાનીને. **'તેમનો વિચાર કરવાનો શું પ્રયોજન છે?'** આચાર્ય કહે છે કે એનો વિચાર કરવાનું તો અહીંયા કોઈ પ્રયોજન નથી. જે મિથ્યાદૃષ્ટિ છે, આત્માનું ભાન નથી અને એકલું મિથ્યાત્વનું સેવન કરે છે, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ કરે છે એ તો બધું પાપ છે. એનો તો અહીં વિચાર કરવાને લાયક નથી. એ તો પાપી પ્રાણી ચાર ગતિમાં અનંતકાળથી રખડે છે. આહા..હા..!

**'અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે...'** પણ ધર્મીને આત્મજ્ઞાન છે, સમ્યગ્દર્શન છે, આત્માનુભવ છે એવા જીવને **'દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધીરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે...'** એમ કહ્યું. શું કહે છે? કે જેને આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે એનો અનુભવ છે. 'હું તો પવિત્ર પરમાત્મસ્વરૂપ છું.' એવા જીવને જે શુભભાવ દ્રવ્યપ્રતિક્રમણ આવે છે, શુભભાવ, સાંજ-સવાર પ્રતિક્રમણનો શુભભાવ આદિ જે આઠ બોલ કહ્યા, એ ભાવ હોય તો એ **'અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં સમર્થ હોવાથી...'** પાપને

ઘટાડવામાં નિશ્ચય અનુભવ છે, સમ્યગ્દર્શન છે, વીતરાગતા છે એ જીવને આ શુભભાવ ક્રમે એમાં રાગ કાંઈક થોડો ઘટે છે. શુભભાવ છે એમાં અશુભ ઘટે છેને? પણ એ સમ્યગ્દૃષ્ટિ અનુભવી જીવની વાત છે અહીંયાં. સમજાણું કાંઈ? જેને કાંઈ હજી સમ્યગ્દર્શન શું ચીજ છે એનું તો ભાન પણ નથી એની તો વાત અહીંયાં શું કરવી? આહા..હા..!

જ્ઞાનીને દ્રવ્યપ્રતિક્રમણાદિ આઠ બોલ કહ્યા તે. '**સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં...**' શુદ્ધ અનુભવ છે અને એમાં આવો શુભભાવ આવ્યો, તો શુભમાં અશુભ ઘટે છે એટલું ત્યાં ઓછું કરે છે એમ કહેવામાં આવ્યું છે. રાગને ઘટાડે છે, ઓછો કરે છે એમ કહેવામાં આવ્યું છે. છે? '**ઘટાડવામાં સમર્થ હોવાથી અમૃતકુંભ છે...**' વ્યવહારથી તેને અમૃતકુંભ કહેવામાં આવ્યું છે. ફરીને. એ દ્રવ્યપ્રતિક્રમણ લીધુંને? દ્રવ્યપ્રતિક્રમણનો વિકલ્પ તો ધર્મીને પણ આવે છે આઠ બોલ કહ્યા એ, પણ એ નિશ્ચયસ્વરૂપ આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ એ વીતરાગતા જેને પર્યાયમાં પ્રગટ થઈ છે તેને આ દ્રવ્યપ્રતિક્રમણ આદિ વિકલ્પ ઊઠે છે એ રાગ ઘટાડવામાં, ઓછો કરવા સમર્થ છે, અભાવ કરવામાં નહિ. અભાવ તો પોતાના આનંદનો આશ્રય લે ત્યારે અભાવ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું હવે. ઘણો ફેર એટલે માણસ પછી વિરોધ કરેને. કહો, જયંતિભાઈ! આ બધા પડિકમણા આખો દિ' કરે બિચારા. ઉપધાન કરે, વ્રત કરે તો કહે, એ તો રાગ છે, ઝેર છે. ભાઈ! તમારી વાત તો અહીં છે જ નહિ.

અહીંયાં તો અમૃતકુંભ આત્માનું ભાન થયું છે, 'હું તો શુદ્ધ ચૈતન્ય આનંદ છું, જ્ઞાતા-દૃષ્ટા છું' એવા ભાનવાળાને જે વ્યવહાર આવે છે તેને વ્યવહારથી અશુભ ઘટે છે એ અપેક્ષાએ અમૃતકુંભ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. દેવીલાલજી! સમજાણું કાંઈ? છે કે નહિ? સામે પુસ્તક છે. અજ્ઞાનીની મિથ્યાદૃષ્ટિ જે છે પુણ્યને ધર્મ માને છે એની ક્રિયાને એની અહીંયા વાત જ નથી. એ તો અનાદિનો મિથ્યાદૃષ્ટિ અપરાધી અપરાધ કરે છે અને ચાર ગતિમાં રખડે છે. પણ અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિ... આહા..હા..! પોતામાં આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે, આનંદનો અનુભવ છે તેને જે આ શુભભાવ છે, નિંદા, ગર્હા વગેરે એ પાપને ઘટાડવામાં, ઓછો કરવામાં, દોષને ઘટાડવામાં સમર્થ છે, અભાવ કરવામાં સમર્થ નથી. પણ કોને? જેને આત્માનો અનુભવ છે તેને. જેને આત્મજ્ઞાન સમ્યગ્દર્શન આદિ નથી તેને તો એ શુભભાવ એકલું ઝેર છે. સમજાણું કાંઈ? આવી વાતું. સમાજમાં આવી વાતું બહાર મૂકવી. સંતોએ એ વાત તો ખુલી મૂકી છે. હજારો વર્ષ પહેલાંથી ખુલ્લી મૂકી. પરમાત્મા તો આમ કહે છે, ભાઈ! તમે કાંઈક માનો છો અને ભગવાન કાંઈક કહે છે અને તમે કહો કે અમે જૈન છીએ. તને જૈનની શ્રદ્ધાની ખબર જ નથી. આહા..હા..! પંડિતજી!

મિથ્યાદૃષ્ટિ પુણ્યને ધર્મક્રિયા માનનારો એની તો વાત પણ અમે નથી કરતાં. એ તો અપ્રતિક્રમણ, અપ્રત્યાખ્યાન બધા પાપમાં ડૂબેલો છે; પણ જે પ્રાણી આત્મા સમ્યગ્દૃષ્ટિ ધર્મી

થયો, સાચો સંત થયો મુનિ, સાચા સંત તો સમ્યક્ અનુભવ થયા પછી ચારિત્ર અંદર રમણતા આવે છે એનું નામ ચારિત્ર અને સત્ય છે. બાકી લૂગડા ફેરવે અને આમ કરે, મહાવ્રત કરવા એ કોઈ ચારિત્ર-ફારિત્ર નથી. આહા..હા..! ચારિત્ર તો ચરવું, આનંદસ્વરૂપ ભગવાન આત્મા, જેમ પશુ ચરવા જાય છે તો ઘાસ ચરે છે, એમ ભગવાન આત્માનો જેને અનુભવ છે, સમ્યગ્દર્શન થયું કે હું તો શુદ્ધ છું આ અશુદ્ધતા મારી ચીજ જ નથી. એ પોતાના સ્વરૂપમાં ચરવું, રમવું, જમવું, આનંદમાં રમવું એનું નામ ચારિત્ર કહે છે. વીતરાગમાર્ગમાં તેને ચારિત્ર કહે છે. એવા ચારિત્રવંતને શુભભાવ આવે છે નિંદા, ગર્હા વગેરે, પરદ્રવ્યનું અવલંબન પૂજા, પંચ નવકાર સ્મરણ આદિ. તેને શુભરાગ છે, દૃષ્ટિ શુદ્ધ અને આનંદ ઉપર છે. એ કારણે શુભરાગમાં પાપ ઘટાડવાની તાકાત છે, પાપનો અભાવ કરવાની તાકાત એમાં નથી, પણ એ પણ નિશ્ચયદૃષ્ટિવંતને. સમજાણું કાંઈ? આહા..હા..! આવું છે.

હજી જ્યાં આત્મા કોણ છે? શું છે એની ખબર ન મળે અને ભાન ન મળે અને આ અમે ક્રિયા કરીએ એ ધર્મ છે. એની તો અમે વાત પણ નથી કરતા. એ તો સંસારમાં અનાદિકાળથી રખડે છે એ રખડવાની.. એના વર્ગમાં એ છે. ચાર ગતિમાં જે રખડે છે એ વર્ગમાં એ જીવ છે. એની વાત નથી. અહીંયાં તો ભગવાન આત્મા. આહા..હા..! જેણે ભવનો અંત લઈ લીધો છે. મારી ચીજ જ ભવ અને રાગ વિનાની ચીજ છે. આહા..હા..! એવો ચૈતન્ય પરમાનંદનો સ્વાદ જેને આવ્યો અને પ્રભુ આત્મા પરમ અતીન્દ્રિય આનંદરૂપ જ છે આહા..હા..! એનો જેને સમ્યક્ અનુભવ થયો, એને જે આ આઠ પ્રકારનો શુભભાવ આવે છે, એ અશુભ ઘટે છે એ અપેક્ષાએ ઓછો કરવામાં સમર્થ છે, પણ અભાવ કરવામાં એ સમર્થ નથી. અભાવ કરવામાં સમર્થ તો ભગવાન આત્મામાં એકાગ્રતા આનંદમાં આવવું એ અભાવ કરવામાં સમર્થ છે. આ વાંચન પણ કઠણ પડે. આહા..હા..! આ તો હજારો વર્ષ પહેલાંની ટીકા છે. બે હજાર વર્ષ પહેલાંના શ્લોક છે. અનંતકાળ પહેલાંનો અભિપ્રાય આ છે. સમજાણું કાંઈ?

ભગવાન સીમંધર ભગવાન બિરાજે છે. ત્રણલોકના નાથ નમો અરિહંતાણં પદે. ત્યાં કુંદકુંદાચાર્ય નગ્નમુનિ દિગંબર સંવત્ ૪૯માં ભગવાન પાસે ગયા હતા. ભગવાન બિરાજે છે. આમ હાથ કરું ત્યાં બિરાજે છે. ઘણે દૂર હોં. ત્યાં આગળ રેકોર્ડિંગ શું કહેવાય? રોકેટ-ફોકેટ ત્યાં જઈ શકે નહિ. ભગવાન બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ બે હજાર હાથ ઊંચો છે અને કરોડ પૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં ૭૦ લાખ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય. એવો એક પૂર્વ, એવા કરોડ પૂર્વનું ભગવાનનું આયુષ્ય છે. આહા..હા..! અહીંયાં જ્યારે વીસમા મુનિસુવ્રત ભગવાન અહીંયાં બિરાજતા હતા એ વખતે દીક્ષા થઈ છે. આગામી ચોવીસીમાં તેરમા તીર્થંકર અહીંયા થશે ત્યારે એ મુક્તિ—સિદ્ધમાં જશે. નમો સિદ્ધાણં. ત્યારે અરિહંતપદ છૂટશે. ભગવાન બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે હોં સાક્ષાત્ પ્રભુ. સમવસરણમાં ઈન્દ્રો... આહા..હા..! ત્યાં આગળ આ કુંદકુંદાચાર્ય આઠ દિવસ રહ્યા હતા. સદેહે જાત્રા કરવા ગયા

હતા. આહા..હા..! વચમા છેને કુંદકુંદાચાર્ય? સંવત્ ૪૯. આઠ દિન રહ્યા સાક્ષાત્. ત્યાં ચક્રવર્તી હતા તેમાં આ તો નાના હતા. એ તો પાંચસો ધનુષ બે હજાર હાથ ઊંચા, આ (એક ધનુષ બરાબર) ચાર હાથ, મહારાજ! આ પતંગિયા જેવો મનુષ્ય કોણ છે? પતંગિયા જેવો મનુષ્ય લાગે. ત્યાં તો આયુષ્ય મોટું, શરીર મોટા-મોટા. ભગવાનની વાણી નીકળી કે ભરતક્ષેત્રના (સમર્થ) આચાર્ય છે. આહા..હા..! ઈ આ કુંદકુંદાચાર્ય. ઓલી કોર અમૃતચંદ્રાચાર્ય. આ ટીકા કરી એ અમૃતચંદ્રાચાર્ય. નિયમસારની ટીકા કરી પદ્મપ્રભમલધારીદેવ. ભારે વાતું. બધી અજાણી વાતું લાગે એને. ભગવાન વાત તો આમ છે હોં! તારે અભ્યાસ કરવો પડશે, બાપુ! આહા..હા..! એ બહારથી કાંઈ નહિ ચાલે.

અહીં કહે છે, આમાંથી કાઢે છે, જુઓ, શુભયોગ છે એ પાપને ઘટાડવામાં સમર્થ છે. પણ કોને? ભગવાન તત્ત્વ એવું છે કે એ બંધ-મોક્ષની પરિણતિનો પણ કર્તા નથી એવો ભગવાન આત્મા છે. પર્યાયમાં મોક્ષ અને મોક્ષના માર્ગની પર્યાય થાય છે એનો પણ ધ્રુવતત્ત્વ ભગવાન આત્મા એ એનો કર્તા નથી, પર્યાય પર્યાયનો કર્તા છે. આહા..હા..! એમ **'जिणवरु एउँ भणेइ'** એમ જિનવર એમ કહે છે. **'बंधु ण मोक्खु करेइ। जिउ'** આહા..હા..! અહીંયાં તો કહે છે કે અંદર આનંદામૃતસ્વરૂપ ભગવાન અમૃતનો ઘડો છે. આત્મા અતીન્દ્રિય અમૃતનો ઘડો. આ ઘડો હોય છેને ઘડો? એવો અમૃતનો ઘડો જેને પ્રગટ થયો, અનુભવ થયો એવા ધર્મીને આવો જે શુભભાવ છે પડિક્કમણ આદિ, પૂજા, ભક્તિ આદિ એ પાપ ઘટાડવા. છેને? **'દોષોને ઘટાડવામાં (—ક્રમે-ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે...'** વ્યવહારથી કહ્યું. **'(એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે)...'** ત્યાં દલીલ આપી હતી પણ એ આ દલીલ છે ત્યાં એમ કહે છે. આહા..હા..! વ્યવહારશાસ્ત્રમાં એને જે અમૃતકુંભ કહ્યો એ પોતાના આત્માનો અનુભવ જેને છે તેને શુભભાવ, પાપ ઘટાડવા, અભાવ કરવાની ચીજ નથી. અભાવ તો આત્માનો આશ્રય કરે તો અભાવ થાય. પાપ ઘટાડવાની તાકાત છે વ્યવહારમાં, એ કારણે એને અમૃતકુંભ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધું ક્યાંથી આવ્યું? આ બધું અમે સાંભળતા નહોતા. સાંભળતા હતા બધું આ. મનસુખભાઈ! સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો, ભક્તિ કરો, ગીરનારની જાત્રા કરો ચૈત્ર સુદ પૂનમની, કારતક સુદ પૂનમની. સમ્મેદશિખરની જાત્રા લ્યો! આવે છેને આમાં? શું કીધું ઈ? 'એકવાર વંદે જો કોઈ.' સમ્મેદશિખરનું આવે છે... 'એકવાર વંદે જો કોઈ નરક-પશુ ન હોઈ.' એમાં શું થયું? શુભભાવ હોય તો નરક-પશુમાં ન જાય. પછી જાશે. આહા..હા..! જ્યાં સુધી મિથ્યાત્વભાવ છે, પુણ્યને ધર્મ માને છે અને અશુદ્ધ આત્માની સેવના કરે છે, ત્યાં સુધી તો તે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે. ચાહે તો સમ્મેદશિખરની જાત્રા કરે કે ગીરનારની કરે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'તોપણ...'** એમ હોવા છતાં. શું એમ હોવા છતાં? કે આત્માના અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ થયા, તેને જે શુભભાવ છે તે દોષ ઘટાડવામાં, વ્યવહારે ક્રમસર

ઘટડાવમાં સમર્થ છે. આમ હોવા છતાં આહા..હા..! '**પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર...**' આહા..હા..! પણ શુભ અને અશુભથી રહિત શુદ્ધ ચૈતન્ય ભગવાનને જે દેખતા નથી... આહા..હા..! એની દૃષ્ટિ નથી, એનો અનુભવ નથી, આત્મજ્ઞાન નથી, આત્મ સમ્યગ્દર્શન નથી.. આહા..હા..! '**એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે...**' નિશ્ચયના અનુભવ વિના એ શુભભાવ રાગ ઘટાડવામાં સમર્થ નથી. સમજાણું કાંઈ? એ તો જેને અનુભવ નિશ્ચય છે તેને શુભભાવમાં રાગ ઘટાડવાની તાકત છે. જેને ભાન જ નથી કે સમ્યગ્દર્શન શું ચીજ છે? આત્મા કોણ છે? ક્યાં છે? કેમ છે? એની તો અહીં વાત પણ કરતાં નથી. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ-૧૨, સોમવાર, તા. ૧૩-૦૬-૧૯૭૭, ગાથા-૩૦૬-૩૦૭, પ્રવચન નં. ૩૬૫

૩૦૬-૩૦૭. થોડું આવ્યું છે. ફરીથી થોડું લઈએ. ટીકા ફરીને. '**પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ...**' છે. એના જે '**અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે;...**' શું કહે છે? કે જેને મિથ્યાદૃષ્ટિ છે, શુદ્ધ ચૈતન્યના સ્વભાવનું ભાન નથી અને પુણ્યાદિ ભાવમાં ધર્મ માને છે અને પાપ આદિ ભાવમાં મજા માને છે અને 'પરનું હું કરી શકું છું અને પરથી મારામાં લાભ થાય છે' એવા જે મિથ્યાદૃષ્ટિ છે એનો જે મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ એ અપ્રતિક્રમણસ્વરૂપ છે, એકલા પાપરૂપ છે એ તો વિષકુંભ છે, ઝેરનો ઘડો છે. એની તો વાત અહીંયાં અમે કરતાં નથી. સમજાણું કાંઈ? '**તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે?**' આહા..હા..! કેમકે '**(તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.)...**' મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અજ્ઞાનભાવ તો પ્રથમથી જ છોડવાલાયક છે. એની વાત તો અમે કરતાં નથી. '**અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે...**' વ્યવહારનું પ્રતિક્રમણ શુભયોગ, પાપનો પશ્ચાતાપ, પાપની નિંદા, પાપની ગર્હણા, પ્રતિમા આદિ પંચ પરમેષ્ઠીનું અવલંબન, ચિત્તનો નિરોધ કરવાનો શુભભાવ એને દ્રવ્યપ્રતિક્રમણ કહેવામાં આવે છે. '**તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે-ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે...**'

કોને? જેને આત્માના આનંદનો અનુભવ થયો છે, જેને નિશ્ચયપ્રતિક્રમણ અને અપ્રતિક્રમણથી ભિન્ન, પ્રતિક્રમણ શુભભાવ અને અપ્રતિક્રમણ અશુભભાવ, એનાથી ભિન્ન આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમૂર્તિ ચેતનાસ્વભાવ એવો જેને અનુભવ થયો છે એ તો સત્યદર્શન, સત્યજ્ઞાન, સત્યચારિત્ર તેને જે દ્રવ્યપ્રતિક્રમણાદિ વિકલ્પ રાગ ઉત્પન્ન થાય છે શુભરાગ એ દોષ ઘટાડવામાં, ઓછા કરવામાં સમર્થ છે. સ્વરૂપ ઉપર દૃષ્ટિ છે અને આમ શુભભાવ થયો, તો અશુભ ઘટાડવામાં, ક્રમે ઘટાડવામાં સમર્થ છે, અધર્મનો અભાવ કરવામાં એ સમર્થ નથી જ્ઞાનીનું દ્રવ્યપ્રતિક્રમણ હોં! આહા..હા..!

જેની દૃષ્ટિ આત્મજ્ઞાન ઉપર ચૈતન્ય શુદ્ધ પરમ આનંદમૂર્તિ પ્રભુ, તેનો જેને આનંદનો સ્વાદ આવ્યો છે એ તો નિશ્ચયધર્મ છે, સત્યધર્મ એ છે અને તેને વ્યવહારપ્રતિક્રમણ આદિનો જે શુભરાગ આવે છે એ તેને દોષ ઘટાડવામાં, ઓછા કરવામાં સમર્થ છે. અશુભ ઘટે છેને એ અપેક્ષાએ. આહા..હા..! **'ઘટાડવામાં સમર્થ હોવાથી અમૃતકુંભ છે.'** તેને વ્યવહારે અમૃતકુંભ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેને આત્મા અમૃતસ્વરૂપ આત્મા છે, આનંદ એ અમૃતનો જેને સ્વાદ આવ્યો એ ધર્મી. તેને જે વ્યવહાર પ્રતિક્રમણાદિ પંચપરમેષ્ઠીનું અવલંબન આદિ આવે છે એ શુભભાવ દોષને—અશુભને ઘટાડવામાં સમર્થ છે. નિશ્ચયવાળાનો શુભયોગ (તે) અશુભયોગને ઘટાડવામાં સમર્થ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ વ્યવહારસૂત્રમાં એમ કહ્યું છે. ઓલો અજ્ઞાની કહે, વ્યવહારસૂત્રમાં એને અમૃતકુંભ કહ્યું છે. આ આપેક્ષાએ અમૃતકુંભ કહ્યું છે. ઓલો કહે, વ્યવહારપડિકમણા શુભભાવ ... પહેલાં શુદ્ધની ક્યાં જરૂર છે? શુદ્ધની જરૂર ક્યાં છે? વ્યવહારથી અશુભ ટાળો અને પહેલાં શુભમાં આવો એટલું તો કરો. પહેલેથી શુદ્ધનો પ્રયાસ કરવો એ તો વ્યર્થ છે. એમ શિષ્યનો પ્રશ્ન હતો વ્યવહારાવલંબીનો. એને જવાબ આપ્યો કે જે વ્યવહારપ્રતિક્રમણને જે વ્યવહારસૂત્રમાં અમૃતકુંભ કહ્યું છે એ કોના માટે છે? કોના માટે? ક્યા પ્રકારે? આહા..હા..! કે જેને આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો શુદ્ધ ઉપયોગ વીતરાગતા ઉત્પન્ન થઈ છે તેને હજી વીતરાગતા પૂર્ણ નથી અને શુભરાગ આવે છે તો અશુભ ઘટાડવામાં-ઓછો કરવામાં સમર્થ છે શુભભાવ. સમજાણું કાંઈ? ત્યાં સુધી તો આવ્યું હતું કાલે. ત્યાં સુધી આવ્યું છે.

**'તોપણ...'** એમ હોવા છતાં **'પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ...'** પ્રતિક્રમણ વ્યવહારનો જે શુભભાવ અને અશુભભાવ જે અપ્રતિક્રમણ એ બેયથી વિલક્ષણ, બેયથી ભિન્ન. **'અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને...'** આહા..હા..! જેમાં આત્માના શુદ્ધ પવિત્ર આનંદનું શરણ મળ્યું છે, જેને આત્મા આનંદસ્વરૂપ પ્રભુ તેના આશ્રયે આનંદનો અનુભવ થયો છે એ ભૂમિકા પ્રતિક્રમણ શુભભાવ અને અપ્રતિક્રમણ અશુભભાવ એનાથી આ ત્રીજી ભૂમિકા વિલક્ષણ છે. એ ત્રીજી ભૂમિકા સર્વ દોષ ટાળવામાં સમર્થ છે. આહા..હા..! **'અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર...'** પણ એ ત્રીજી જે શુદ્ધ ચૈતન્ય છે, પવિત્ર આનંદકંદ

છે એનો તો અનુભવ, દૃષ્ટિ, જ્ઞાન નથી. (તેને) **'નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે...'** આહા..હા..! શું કહે છે? કે જેને પોતાનો આનંદ શુદ્ધ ચૈતન્ય જેવું સ્વરૂપ છે પવિત્ર આનંદ એનું ભાન થયું છે તેની વીતરાગદશા સમ્યગ્દર્શન-જ્ઞાન થયા છે તેને વ્યવહારપ્રતિક્રમણ કહેવામાં આવે છે શુભરાગ, એ અશુભરાગ ઘટાડવામાં સમર્થ છે; પણ એ બે ભૂમિકાથી ભિન્ન જે ત્રીજી ભૂમિકા એને નથી જોતો, શુદ્ધતાનું ભાન નથી, શુદ્ધતાની રુચિ-દૃષ્ટિ-અનુભવ નથી. સમજાણું કાંઈ? **'ત્રીજી ભૂમિ નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે...'** એ શુદ્ધતા કરવા માટે અસમર્થ છે. મિથ્યાદૃષ્ટિને ત્રીજી ભૂમિકા જેને અંતર અનુભવ થયો નથી, શુદ્ધ ઉપયોગ થયો નથી એવા જીવને જે આ પ્રતિક્રમણ આદિ છે એ તો અપરાધરૂપ છે. એ રાગ ઘટાડવા માટે, એ કાર્ય કરવા માટે સમર્થ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું!

**'ત્રીજી ભૂમિ નહિ દેખનાર...'** શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા છે એનું તો ભાન નથી, તેનું સમ્યગ્દર્શન નથી એવા જીવ વ્યવહારપ્રતિક્રમણાદિ કરે છે એ તો દોષ ઘટાડવામાં સમર્થ નથી. આહા..હા..! દેવીલાલજી! સમજાણું કે નહિ? ભોગીભાઈ! આહા..હા..! જેની દૃષ્ટિ શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન પરમ અતીન્દ્રિય આનંદપ્રભુ આત્માની જેને દૃષ્ટિ થઈ નથી, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણથી ભિન્ન, પ્રતિક્રમણનો ભાવ ભગવાનનું સ્મરણ કરવું, પૂજા, ભક્તિ એવો જે શુભભાવ છે એ સમ્યગ્દૃષ્ટિને તો એ અશુભભાવ ઘટાડવામાં નિમિત્ત છે, પણ જેને ત્રીજી ભૂમિકા સમ્યગ્દર્શનનું ભાન પણ નથી, 'હું આનંદ અને શુદ્ધ છું' એનો સ્વાદ પણ નથી આવ્યો, તેને વ્યવહાર પ્રતિક્રમણાદિ પોતાનું કાર્ય કરવામાં, દોષ ઘટાડવામાં એ સમર્થ નથી, એ તો બંધ કરવામાં સમર્થ છે. પંડિતજી! આહા..હા..! સમજાણું કાંઈ? અટપટી વાતું આવી ધર્મની.

દ્રવ્યપ્રતિક્રમણ એટલે આઠ-આઠ બોલ આવ્યા હતાને? કૃત દોષોનું નિરાકરણ, સમકિત આદિ ગુણોની પ્રેરણા, મિથ્યાત્વ-રાગાદિ દોષનું નિવારણ, પંચનમસ્કાર આદિ મંત્ર, પ્રતિક્રમણ આદિનું અવલંબન, બાહ્ય વિષયકષાયથી ચિત્તને હટાવવું, આત્મસાક્ષીએ દોષોને પ્રગટ કરવા, ગુરુની સાક્ષીએ પ્રગટ કરવા, દોષ થવાનું પ્રાયશ્ચિત્ત લેવું એ બધો શુભભાવ છે. એ શુભભાવ, જેને ત્રીજી ભૂમિ સમ્યગ્દર્શન અને અનુભવ નથી તેને તો એ શુભભાવ ઝેરરૂપ છે, તેમાં તો દોષ ઘટાડવાની તાકાત પણ નથી. દોષનો અભાવ કરવાની તો તાકાત નથી, પણ દોષને ઘટાડવાની પણ તાકાત નથી. સમજાણું કાંઈ?

**'પોતાનું કાર્ય કરવા અસમર્થ...'** પોતાનું નામ પ્રતિક્રમણનું કાર્ય તો દોષને ઘટાડવાનું અથવા દોષનો અભાવ કરવાનું છે. ત્રીજી ભૂમિ છે એ દોષનો અભાવ કરવાની છે અને ત્રીજી ભૂમિકાસહિત જે શુભભાવ છે એ દોષને ઘટાડવામાં સમર્થ છે; પણ ત્રીજી ભૂમિકાનું

ભાન નથી એ જીવને તો શુભભાવ એકલો વિષકુંભ, ઝેરકુંભ છે, એને તો વ્યવહારે પણ અમૃતકુંભ કહેવામાં આવતો નથી. કહો, સમજાણું કાંઈ? આવો ધર્મ જૈનધર્મ. પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવું. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં... કહે છે એ પણ એક શુભરાગ છે. એ શુભરાગ રાગથી ભિન્ન વીતરાગ પરમાત્મા પોતાનું સ્વરૂપ છે એવો અનુભવ હોય તો એ શુભરાગ અશુભરાગને અંશે ઘટાડવામાં સમર્થ કહેવામાં આવે છે, પણ જેને દૃષ્ટિ સમ્યગ્દર્શન નથી, ત્રીજી ભૂમિકાની ખબર નથી તેનો વ્યવહાર વિકલ્પ જે શુભ છે એ દોષ ઘટાડવામાં સમર્થ નથી. આહા..હા..! છે? પોતાનું કાર્ય દોષ ઘટાડવાનું કાર્ય કરવામાં તેની સમર્થતા નથી.

'**વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી...**' અજ્ઞાનીના, સમ્યગ્દર્શન અને આત્માના અનુભવ વિના જે શુભ ક્રિયાકાંડનો ભાવ શુભ છે એ તો વિપક્ષ (અર્થાત્) દોષ ઘટાડવાનું કાર્ય નહિ પણ બંધનું કાર્ય છે, નવા કર્મ બંધનનું કાર્ય કરવામાં સમર્થ છે. આહા..હા..! કહો, પંડિતજી! આ તો સમ્યગ્દર્શનનું... આહા..હા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ તો ત્રિકાળી તત્ત્વના અવલંબને ઉત્પન્ન થાય છે. એ ભૂમિકા જેને હોય તેને શુભભાવ આવે છે તો અહીંયાં નિશ્ચયનું ભાન છે તો વ્યવહાર શુભભાવ દોષ ઘટાડવામાં સમર્થ કહેવામાં આવે છે, એ અપેક્ષાએ વ્યવહારે અમૃતકુંભ કહ્યું; પણ જેને હજી સમ્યગ્દર્શન આત્મા શુદ્ધ ચૈતન્ય છે એની સન્મુખ થયો જ નથી, અંતર સ્વરૂપસન્મુખ થયો જ નથી અને પરસન્મુખતામાં એકલા શુભભાવ કરે છે એ દોષ ઘટાડવાનું કાર્ય નહિ કરવાથી બંધનું કાર્ય કરવામાં સમર્થ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવું અટપટું. ધર્મનું સ્વરૂપ એવું છે.

'**વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે.**' વિષકુંભ જ છે એમ છે. એ તો ઝેરનો ઘડો છે. આહા..હા..! ચૈતન્ય ભગવાન અમૃતસાગર પ્રભુ એનો જેને સ્વાદ આવ્યો નથી, અનુભવ થયો નથી એ જીવના શુભક્રિયાકાંડનો જે શુભભાવ, બધો વ્યવહાર, જૈન વીતરાગે કહેલો વ્યવહારસમિતિ, ગુપ્તિ એ બધો વ્યવહાર દોષ ઘટાડવા માટે સમર્થ (નથી). પોતાનું કાર્ય કરવા માટે સમર્થ, પોતાનું કાર્ય અર્થાત્ દોષ ઘટાડવો, એમાં તો સમર્થ નથી પણ વિપક્ષનું કારણ બંધનું કારણ છે. આહા..હા..! મિથ્યાત્વસહિત બંધનું કારણ છે એમાં તો. આહા..હા..! છેને અંદર? અભયકુમારજી! શું નામ ભાઈનું? સંતોષકુમાર. અભિનંદન ગયા? છે? ઠીક. આહા..હા..! શું કહે છે?

'**(અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે.**' આહા..હા..! મિથ્યાદૃષ્ટિ જેને પુણ્ય પરિણામ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી મને ધર્મ થાશે એવો જે મિથ્યાદૃષ્ટિ જીવ એના વ્યવહારપ્રતિક્રમણ આદિ વ્યવહારક્રિયાકાંડ જેટલા જિનવરે કહ્યા ઈ, એ દોષ ઘટાડવા માટે તો સમર્થ નથી, પણ ઊલટું બંધ કાર્ય કરવામાં સમર્થ છે. આહા..હા..!

'**જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે...**' જેને પુણ્ય અને શુભ-અશુભભાવ એને છોડીને અંદર આત્માનો અતીન્દ્રિય જ્ઞાન ઉત્પન્ન થયું છે... આજે લખાણ આવ્યું છે મોટું

જૈનપ્રકાશમાં. એક જણાને કો'કને અતીન્દ્રિય જ્ઞાન થયું છે. આ પરનું. વિભંગનો અંશ હશે. આવ્યું છે મોટું લખાણ આવ્યું છે. ... વાત કરી હતી એના મકાનની ને ફલાણાની અને દેશની દેખીને. કોક નામ આપ્યું હતું. પહેલાં એકફેરી આવ્યું હતું. આજ મોટું લખાણ છે.

**શ્રોતા :-** એનું નામ તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ બીજું નામ છે. .. નામ છે. એક શ્વેતાંબર સાધુ છે એણે લેખ લખ્યો છે કે આ લોકો આમ કહે છે. પણ ત્યાં આત્મા વિના એ પરનું કોઈ જ્ઞાન ઉઘાડ વિભંગ આદિનો હોય તો જાણી શકે. એમાં નવી ચીજ શું છે? આહા..હા..! પરનું આમ થાય ને તું આમ હતો અને તારું મકાન આવું છે. એમાં શું? આહા..હા..! તને ગુરુ મળશે, ગુરુ મળ્યા કોણ? અરવિંદ. અરવિંદ કેવા? અરવિંદ ઘોષ. તને ગુરુ મળશે તો એ મળ્યા. લ્યો આવું કહ્યું. એમાં શું? એ તો મિથ્યાત્વનું પોષક છે. અતીન્દ્રિયજ્ઞાન હોય, એવો કોઈ અંશ હોય એમાં આત્મા ક્યાં છે? આહા..હા..! વિભંગ અતીન્દ્રિયજ્ઞાન છે. મિથ્યાદષ્ટિ અભવિને હોય છે. ભૂત-ભવિષ્યને જાણે, આ દ્વીપ સમુદ્રને જાણે. એમાં શું છે? પોતાની ચીજ જે આનંદકંદ પ્રભુ એનો ઉપયોગ શુદ્ધ ઉપયોગ થયો નથી, તેને શુભ ઉપયોગ એકલું બંધનું કારણ છે, ઝેરનો ઘડો છે. આહા..હા..!

અને '**જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે...**' શુદ્ધ ઉપયોગ જે આત્માની સન્મુખ, ભગવાન આનંદસ્વરૂપ પ્રભુની સન્મુખનો ઉપયોગ એ ત્રીજી ભૂમિ, એ શુભ-અશુભથી ભિન્ન શુદ્ધ ઉપયોગની ભૂમિ. આહા..હા..! '**સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના...**' ધર્મીનો શુભભાવ (અશુભને) ઘટાડવામાં સમર્થ છે, પણ આ ત્રીજી ભૂમિ છે એ તો સર્વથા નાશ કરવામાં સમર્થ છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી,...**' દેખો! સમસ્ત અપરાધરૂપી વિષ અને તેને સર્વથા નષ્ટ કરનાર હોવાથી '**સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે...**' ઓલાને તો વ્યવહાર અમૃતકુંભ કહ્યો હતો. આ સાક્ષાત્ અમૃતકુંભ છે. કોને વ્યવહાર અમૃતકુંભ કહ્યો હતો? કે આત્મજ્ઞાનીને આત્માના સ્વાદનો અનુભવ છે એને શુભભાવ જે ક્રિયાકાંડનો આવે છે એ દોષ ઘટાડવામાં સમર્થ હોવાથી તેને વ્યવહારથી અમૃતકુંભ કહ્યો હતો, પણ આ ત્રીજી ભૂમિ છે એ તો સાક્ષાત્ અમૃતકુંભ છે. આહા..હા..! પરને જોવાનો વિકાસ થયો એ કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ? પોતાની ચીજ અંદર જોવામાં ચેતનાસ્વભાવ આનંદસ્વભાવ... પણ એ આનંદસ્વભાવથી આત્મા ભર્યો છે એ બેસે કેમ? વર્તમાન પર્યાયની અવસ્થામાં રમત ચાલી અનાદિથી. તેને પર્યાયની એક સમયની દશાની પાછળ પરમાનંદની મૂર્તિ ભગવાન પરમાત્મસ્વરૂપ બિરાજે છે આત્મા એની દૃષ્ટિ થઈ અને એ શુદ્ધ ઉપયોગ થયો એ ચીજ સર્વ દોષનો નાશ કરવામાં સમર્થ છે. સમજાણું કાંઈ? આહા..હા..! બાકી અજ્ઞાની જેને આત્માના દર્શનની ખબર નથી. આત્મા શું છે? કે જ્ઞાતાદૃષ્ટા

છે અને શુદ્ધ છે અને રાગનો કર્તા પણ નથી, એ રાગ આવે છે પણ જાણનાર છે—એવા આત્માનું જેને જ્ઞાન નથી, એવા આત્માની જેને પ્રતીતિ, અનુભવ નથી તેના વ્યવહારક્રિયાકાંડ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા બધું ઝેર છે. કહો, દેવીલાલજી! આહા..હા..!

જેને ભગવાન આત્મા, પરમેશ્વર જિનેશ્વર એ જેને આત્મા અંદર કહે છે એ આત્મા તો પુણ્ય-પાપના વિકલ્પથી રહિત શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ આત્મા છે. આહા..હા..! એ આત્મા આનંદ અતીન્દ્રિય (સ્વરૂપ છે) એનો ઉપયોગ સન્મુખ થઈને જે શુદ્ધ ઉપયોગ થાય એ અમૃતસ્વરૂપ સાક્ષાત્ અમૃતસ્વરૂપ છે. અને એ જીવને જેને અમૃતસ્વરૂપનું પ્રગટ ભાન થયું છે, પણ અંદરમાં સ્થિર રહી શકતા નથી અને શુભભાવ આવે છે તો એ શુભભાવને વ્યવહાર અમૃતકુંભનો આરોપ આપીને વ્યવહારે અમૃત કહે છે. અને જેને આત્મા જ્ઞાન, આનંદ સ્વરૂપ છે એનો અનુભવ નથી, દૃષ્ટિ નથી, ખબરેય નથી એવા અજ્ઞાની જીવનો વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહારસામાયિક, વ્યવહારપોષા, વ્યવહારજાત્રા, પૂજા, ભક્તિ, પાંચ નોકારનું સ્મરણ એ એકલું ઝેર છે. આવી વાત છે.

ત્રણ બોલ લીધા ત્રણ. જેને આત્માનું જ્ઞાન નથી, આત્મા આનંદ શુદ્ધ ચૈતન્યઘન છે એની જેને દૃષ્ટિ નથી, સમકિત નથી, આત્માનુભવ નથી એની જેટલી ક્રિયાકાંડ વ્યવહાર છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કરોડો રૂપિયા ખર્ચે, મંદિરો બનાવે, મોટી રથયાત્રા કાઢે, ગિરનારની જાત્રા કાઢે, સમેદશિખરની કાઢે એ બધો એનો શુભભાવ એકલું ઝેર છે. અને જેને આત્માનો અનુભવ સમ્યક્ થયું એ તો સાક્ષાત્ પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન ચૈતન્ય પ્રભુ એની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ એ તો સાક્ષાત્ અમૃતસ્વરૂપ છે અને એ જીવને અંતરમાં રહી શકે નહિ તો શુભભાવ આવે છે વ્યવહારપ્રતિક્રમણ આદિ. તો એવા જીવને વ્યવહાર પ્રતિક્રમણ વ્યવહારે દોષ ઘટાડવા માટે સમર્થ હોવાથી વ્યવહારે અમૃતકુંભ કહેવામાં આવ્યા છે. આવી વાત! ઓલી તો સહેલીસટ વાત. એકેન્દ્રિયની દયા પાળવી, આ પૂજા કરવી, જાત્રા કરવી. કાંઈ હતું? સહેલુસટ હતું લ્યો. રખડવાનું હતું બધું. આહા..હા..!

**શ્રોતા :-** સહેલું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સહેલુંસટ એટલે કરી શકે છે, આ બધું કરી શકું છું. ગિરનારની જાત્રા, લ્યો આ હમણા શેત્રુંજયની જાત્રા અષાઢ સુદ પૂનમ. કેટલા માણસો ખીચોખીચ આવશે. એમાં શું? હજી આત્મા શું છે? સમ્યગ્દર્શન નથી. પુણ્ય-પાપના ભાવથી ભિન્ન ભગવાન આત્મા એની દૃષ્ટિ, અનુભવ નથી, એનો તો એ શુભભાવ એકલો ઝેરનો ઘડો છે. પણ જેને અમૃતનો અનુભવ આત્માનો છે, સમ્યગ્દર્શન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છું. એ દયા, દાનનો વિકલ્પ રાગ એ પરવસ્તુ છે, મારી ચીજ નથી. આહા..હા..! એવું જેને સમ્યગ્દર્શન અને અનુભવ છે એ ચીજ તો સાક્ષાત્ દોષનો નાશ કરવામાં પૂર્ણ સમર્થ હોવાથી અમૃતનો ઘડો કહેવામાં આવ્યો છે. શુદ્ધ ઉપયોગને અમૃતનો ઘડો કહેવામાં આવ્યો છે. કેમકે આત્મા અમૃતસ્વરૂપ

છે, આનંદસ્વરૂપ અમૃતનું સરોવર છે. આહા..હા..! ક્યાં જોવું? હેં? અમૃતનું સરોવર છે, અમૃતનો સાગર છે. આહા..હા..!

ભગવાન! તને ખબર નથી, પ્રભુ! તારી ચીજ કેટલી તાકાતવાળી છે અંદર. વર્તમાન એક સમયની દશા સિવાય અંતરમાં પૂર્ણ આનંદ અને અમૃતનો સાગર જ આત્મા છે. આહા..હા..! દરેક ભગવાન આત્મા એવો છે. એ અમૃત સાગરનો જેને શુદ્ધ ઉપયોગ થયો, શુભ અને અશુભ રાગથી ખસીને ચૈતન્યમૂર્તિ ભગવાનનો અનુભવ સમ્યગ્દર્શન થયું, અતીન્દ્રિય આનંદસ્વરૂપનો સ્વાદ આવ્યો એ ધર્મી. એ ધર્મીનો ધર્મ એ જે શુદ્ધ છે એ તો સર્વથા દોષ ટાળવામાં સમર્થ હોવાથી સાક્ષાત્ અમૃતકુંભ છે અને એ જીવને જે શુભભાવ આવ્યો એ સમકિતી, જ્ઞાનીને એને વ્યવહારે અમૃતકુંભ કહેવામાં આવ્યો છે અને જેને આત્મજ્ઞાન અને દર્શનનું ભાન નથી, એકલી ક્રિયાકાંડમાં મથે છે બસ, આહા..હા..! એનો જે શુભભાવ છે ભગવાનની ભક્તિ, ભગવાનની પૂજા, ભગવાનની જાત્રા પંચપરમેષ્ઠીનું સ્મરણ એ બધો શુભભાવ એકલો વિષ—ઝેરનો ઘડો છે. આવી વાત. જૈનધર્મ આવો છે.

આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે કહેલી આ વાત છે. સાંભળ્યું નથી કદી કે આ શું ચીજ છે? જિંદગી એક તો આખી દુનિયાના ધંધામાં ચાલી જાય છે. થોડો વખત મળે તો આવું સાંભળે કે વ્રત કરો ને તપસ્યા કરો ને અપવાસ કરો, જાત્રા કરો તો કલ્યાણ થઈ જશે. અહીં તો કહે છે કે એ પરદ્રવ્ય ઉપર જેટલું તારું લક્ષ જાય છે, ચાહે તો સાક્ષાત્ તીર્થંકર હોય એ સમવસરણમાં હોય અને તું દર્શન કરવા ગયો અને પૂજા-ભક્તિ કરી તો એ ભાવ પણ એકલો શુભ છે, એકલું ઝેર છે. આરે..આરે..! આવી વાત. એય..! ધીરૂભાઈ!

**શ્રોતા** :- ચોખ્ખુ લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ એનો તો અર્થ થાય છે. આહા..હા..! ભગવાન પાસે આવેલી આ તો વાણી છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર સીમંધરપ્રભુ તો મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું અને જગતને જાહેર કર્યું આડતિયા થઈને કે સર્વજ્ઞનો માલ આ છે. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવનો માલ અને અભિપ્રાય તો આ છે એવું જગત પાસે જાહેર કર્યું. સમજાણું કાંઈ? ગળે ઉતરવું કઠણ. સાંભળવા મળે નહિ બિચારા ક્યાં જાય? બિચારા છે રાંકા, ભિખારી બિચારા. આત્મલક્ષ્મીની ચીજ શું છે એની ખબર નથી. એ બધા ભિખારા વરાંકા છે. કરોડપતિ હોય ને લાખોપતિ હોય, પણ શાસ્ત્રકાર કહે છે કે એ ગરીબ પ્રાણી છે, એ ભિખારી છે. આહા..હા..! પોતાની લક્ષ્મીની ખબર નથી. હું આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છું. હું તો આત્મા વીતરાગસ્વભાવથી ભરેલો, પૂરો ઘડો જેમ પાણીથી ભરેલો છે, પણ એ ઘડો અને પાણી તો ભિન્ન ચીજ છે, પણ જેમ સાકરની મીઠાશથી સાકર ભરેલી છે એમ આત્માના આનંદથી આત્મા ભરેલો છે. આહા..હા..! એવી દૃષ્ટિ અને અનુભવ

વિના કદી ત્રણકાળમાં જૈનદર્શનમાં ધર્મ થતો નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** થોડું કઠણ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કઠણ પડે પણ માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..! અરેરે..! ચોર્યાસી લાખના અવતારમાં રખડી-રખડીને (થોથા નિકળી ગયા છે). અહીં રસ્તામાં આજે જોયું હતુંને. દિશાએ ફરવા જઈએ. બે ઉંદર મરી ગયેલા બિચારા. ઉંદર કચરાઈ-કચરાઈને. શું કહેવાય? ખટારા નીકળે, મોટર નીકળે. નોળ, કોળ, સર્પ (એની નીચે કચરાઈ જાય). એવા પ્રભુ તેં અવતાર અનંત કર્યા છે. તું ભૂલી ગયો છો, પ્રભુ! ભગવાન! તું તો અનાદિનો છોને. આ શરીર તો જડ, માટી, ધૂળનો સંયોગ તો અત્યારે મળ્યો છે અને સંયોગ મળ્યો છે એ તો છૂટી જશે, વળી બીજો મળશે. એવા અનંત-અનંત શરીર મળ્યા, અનંત-અનંત ભવ થયા. ઓહો..હો..! અનંત-અનંત આદિ વિનાના કાળમાં અનંતભવ કર્યા, પ્રભુ! એ આત્માના ભાન અને સમ્યગ્દર્શ વિના. બાકી ક્રિયાકાંડ પણ જૈનસાધુ થઈને અનંતવાર કરી. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિ થયો, સાધુ થયો, હજારો રાણી છોડી, પણ એ મહાવ્રત અને આદિ પંચમહાવ્રત, સમિતિ-ગુપ્તિનો જે રાગ છે એ તો રાગ છે એને ધર્મ માન્યો. આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા એમ ફરમાવે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો ભગવાન! તારી ચીજ અંદર નિર્લેપ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવના રાગથી લેપથી બંધરહિત પડી છે. આહા..હા..! નિર્લેપ નિરાવરણ વસ્તુ અંદર પડી છે. એની દૃષ્ટિ સમ્યગ્દર્શન, એનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન અને એમાં રમણતા એ સમ્યક્ચારિત્ર. આહા..હા..! એ તેં કદી પ્રભુ અનંતકાળમાં એક સેકન્ડ પણ કર્યું નથી. આ બહારનું કાંઈક ઠીક મળ્યું, પાંચ-પચ્ચીસ લાખ પૈસા મળે, બાયડી-છોકરા, આબરૂ થોડી નાક લાંબુ (થયું તો માને કે) અમે સુખી છીએ. ધૂળમાંય સુખી નથી, ભાઈ! તને ખબર નથી. પ્રભુ! તું દુઃખી છો. તારા આનંદના સ્વભાવ વિના, પરદ્રવ્યમાં જેટલી તારી કલ્પના છે, ભોગમાં, પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં બધું તને દુઃખનો ભાવ, રાગ એ દુઃખનો ભાવ છે. પ્રભુ! તું દુઃખમાં છો, તને ખબર નથી. આહા..હા..! સનેપાતિયાને ભાન નથી કે હું દુઃખમાં છું. દાંત કાઢે. આહા..હા..! એવો સન્નિપાત્ત વાત, પિત્ત અને કફ ત્રણે જ્યારે ઘણા વધી જાય છે ત્યારે સન્નિપાત્ત થાય છે. આ પણ સન્નિપાત થયો છે અનાદિથી. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર ત્રણનો સન્નિપાત્ત છે કે જેથી પરમાં સુખ, વિષયમાં, ભોગમાં, આબરૂમાં, પૈસામાં સુખ માને છે. સન્નિપાત્ત મિથ્યાત્વનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુદી જાતની વાત તો છે પ્રભુ! ખબર છેને, દુનિયામાં શું ચાલે ઈ ખબર નથી? આહા..હા..! કહો, પંડિતજી! આહા..હા..! અહીં તો ૬૪ વર્ષ થયા દુકાન છોડે. ૬૪ વર્ષ. બધું ઘણું જોયું છે. અમે તો દુકાન ઉપર હતા ત્યારે પણ...

**શ્રોતા :-** વકીલાતનું કામ નથી કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વકીલાત કેમ કરે છે એની ખબર હતી, કરી નથી. આહા..હા..! નાની ઉંમરમાં માલ લેવા જાતા હતા. ઘરની દુકાન છેને પાલેજમાં. ભરૂચ અને વડોદરા વચ્ચે પાલેજ છે ત્યાં દુકાન છે. અત્યારે પણ દુકાન ચાલે છે. મોટી દુકાન છે. ત્રણ લાખની તો આમદાની છે. વર્ષની પેદાશ છે અત્યારે. આ તો ૭૦ વર્ષ પહેલાંની વાત છે. ત્યારે શાસ્ત્ર વાંચતા હતા અમે તો દુકાન ઉપર. પિતાજીની દુકાન હતી ઘરની દુકાન હતી. નાની ઉંમરમાં. આહા..હા..! આ ચીજ નહિ ક્યાંય. આ ચીજ તો આહા..હા..! જ્યાં સમયસાર હાથમાં આવ્યું, (સંવત) ૧૯૭૮ની સાલ. ઓહો..! આ તો શરીરરહિત થવાની ચીજ છે. આહા..હા..! આવો માર્ગ ક્યાંય નથી. સમજાણું કાંઈ? સિદ્ધ થવાની સંસારરહિત થવાની, શરીરરહિત થવાની આ ચીજ સમયસાર છે. આહા..હા..! બાકી તો બધા એમ માને છે કે અમે બ્રહ્મચર્ય પાળીએ છીએ, અહિંસા પાળીએ છીએ, સત્ય બોલીએ છીએ, ચોરી નથી કરતા, પૈસા નથી રાખતા, કપડા નથી રાખતા. એમાં શું થયું? નગ્નમુનિ થયા, અનંતવાર થયો છે, પણ આત્મજ્ઞાન વિના બધું નિરર્થક છે. સમજાણું કાંઈ?

અન્યમતમાં પણ એ નરસિંહ મહેતા કહે છે, ‘જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.’ અન્યમતમાં નરસિંહ મહેતા એક થયા છે જૂનાગઢમાં. ‘જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નયો નહિ.’ અનુભવ્યો નહિ. આનંદના નાથને અનુભવે નહિ ત્યાં સુધી તારી સાધના (જૂઠી છે). ‘શું કર્યું તીર્થ ને તપ કરવા થકી, શું કર્યું વ્રત ને નામસ્મરણ જપવા થકી.’ આહા..હા..! એ બધી રાગની ક્રિયા છે, એ તો સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ એમ ફરમાવે છે, પ્રભુ! તારી દશામાં ચૈતન્યમૂર્તિ તારી દશામાં ન આવે, સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આખી ચૈતન્યમૂર્તિ શું છે એવું શ્રદ્ધા-જ્ઞાનમાં, અનુભવમાં ન આવે, ત્યાં સુધી તારી ક્રિયાકાંડ બધી ચાર ગતિમાં રખડવાના કારણ છે. આહા..હા..! વિષ-ઝેરનો ઘડો છે. આહા..હા..! આ છે કે નહિ એમાં? આ તો સંસ્કૃતના પ્રોફેસરો છે બે. કેસરલાલ. કેસરલાલજી! અને આ અમારા દેવચંદજી મોટા પ્રોફેસર છે લ્યો! સંસ્કૃતના. એમાં શું છે? આહા..હા..! ભગવાન આત્માના સંસ્કાર પડે એ સંસ્કૃત છે. આહા..હા..! હું તો આનંદ અને શુદ્ધ ચૈતન્ય છું. હું તો રાગ શુભ થાય છે એનો કર્તા પણ હું નથી, એ તો મેલ છે. આહા..હા..! એવી પોતાની અંતરમાં દૃષ્ટિ થયા વિના જેટલી ક્રિયાકાંડ જિનેશ્વરે વ્યવહાર કહ્યો એ બધું ઝેર છે.

**શ્રોતા** :- મિથ્યાચારિત્ર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મિથ્યાચારિત્ર. આકરી વાત, પ્રભુ! જન્મ-મરણરહિત થવાની ચીજ બહુ દુર્લભ છે. એમાં બાળપણું ખેલમેં ખોયા—રમતમાં ખોયા પંદર વર્ષ. જુવાન થયો ત્યાં સ્ત્રીમાં મોહ્યો. સ્ત્રી કાંઈક મળી અનુકૂળ એટલે થઈ રહ્યું. અર્ધાંગના. અડધું અંગ એ અને

અડધું ઈ બેય એક. આહા..હા..! પ્રભુ! તારી ગતિ તો જો. ક્યાં તું અર્પાઈ ગયો છે? આહા..હા..! 'બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધાપન દેખકર રોયા.' વૃદ્ધપણું જ્યાં આવ્યું ૭૦, ૮૦, ૯૦ ત્યાં ઈન્દ્રિય શિથિલ થઈ ગઈ, બેસી શકે નહિ, ચલાય નહિ. આહા..હા..! તારી ત્રણ અવસ્થા તો આ રીતે ગઈ, પ્રભુ! આહા..હા..! પણ તારું અંદર આનંદસ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ આત્મા છે. દરેક આત્મા અંદર સચ્ચિદાનંદ છે. આહા..હા..! સત્ ત્રિકાળ સત્ છે અને ચિદાનંદ ચિદ્—જ્ઞાન અને આનંદની મૂર્તિ એ તો છે. એવી અંતર દૃષ્ટિ થયા વિના જેટલી વ્યવહાર ક્રિયાકાંડ કરે, ચાહે તો ચોવીસ કલાક ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન... ભગવાન (કરે), પૂજાની ભક્તિમાં રાડું પાડે અરે ભગવાન! 'શિવપદ અમને દેજો રે મહારાજ. શિવપદ અમને દેજો.' ત્યાં કરતાને? અહીં બહુ કરે શેત્રુંજય. ભગવાન કહે, શિવપદ તારું મારી પાસે છે તે અમે દઈએ? હેં? એ તો શુભરાગ છે. એ આત્મજ્ઞાન વિનાનો રાગ તો એકલો ઝેરનો ઘડો છે અને આત્મજ્ઞાન અને આત્માના ભાનસહિત શુભભાવ આવે છે તો વ્યવહારે અમૃતનો કુંભ કહેવામાં આવે છે. સાક્ષાત્ અમૃતનો કુંભ તો શુદ્ધ ઉપયોગ આત્મા છે. આહા..હા..! અત્યારે આ વિજ્ઞાનની મોટી-મોટી વાતું કરે છેને. આ કહ્યુંને આજે આવ્યું છે મોટું લખાણ. કોક છે માણસ. અતીન્દ્રિયજ્ઞાનની વાત કરે છે. ભવિષ્યમાં આમ થશે, ફલાણું આમ થાશે.

**શ્રોતા :-** એ અતીન્દ્રિયજ્ઞાન ક્યાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિભંગને અતીન્દ્રિય કહેવાય છેને, ભાઈ! વિભંગજ્ઞાન અતીન્દ્રિય કહેવાય છે, છે મિથ્યાદૃષ્ટિ. એ તો નહિ હોય, પણ કોઈ અંશ ઉઘડી ગયો હોય અંશે એથી શું? આત્મામાં શું લાભ છે? પરચીજનો ખ્યાલ આવવો એમાં આત્માને શું? આ તો આમ તારું થશે, આમ થાશે અને આમ થાશે. તું કોણ છો? અને કેવો છો તું? આહા..હા..! ક્યાં છે? ક્યા પ્રકારે તું છો? ભગવાન તો કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી પ્રભુતામાં પરમાત્મપદ પડ્યું છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આહા..હા..! વાત સાંભળવી કઠણ પડે.

ભગવાન! માર્ગ તો આવો છે, પ્રભુ! શું થાય? જગત લૂંટાય છે અને માને છે કે અમને ધર્મ થાય છે. એ શુભક્રિયાકાંડમાં આત્મા લૂંટાય છે, લૂંટાય છે અને માને છે કે અમને ધર્મ થશે. એક જાત્રા ગીરનારની કરી, શેત્રુંજયની કરી, સમ્મેદશિખરની બાર મહિને એકાદ વાર, બસ. ધૂળમાંય નથી સાંભળ તો ખરો હવે. તારી લાખ જાત્રા કર તોપણ એ ભાવ રાગ મંદ હોય તો શુભ છે, પુણ્ય છે, ધર્મ નથી, ઝેરનો ઘડો છે. કહો, દેવીલાલજી! અહીં તો આવી વાત છે, ભગવાન! આહા..હા..!

**શ્રોતા :-** ... અને તત્ત્વજ્ઞાન મુશ્કિલ લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પરમાર્થવચનિકામાં કહ્યુંને, આગમનું વ્યવહાર કથન શ્રદ્ધા આદિ

સરળ છે તો કરે છે, પણ અધ્યાત્મના તો વ્યવહારની ખબર નથી. પરમાર્થવચનિકામાં છે. આગમ શાસ્ત્રની વ્યવહાર આજ્ઞાને પાળે છે. કેમકે સરળ છે, અનાદિથી કર્યું છે. દયા, દાન, વ્રત ને પૂજા ને ભક્તિ ને દાન ને... આહા..હા..! અધ્યાત્મના તો વ્યવહારની ખબર નથી. અધ્યાત્મનો વ્યવહાર તો નિર્મળ પરિણતિ શુદ્ધ થાય, વીતરાગી દશા થાય એ અધ્યાત્મનો વ્યવહાર છે અને અધ્યાત્મનો નિશ્ચય તો શુદ્ધ ત્રિકાળ દ્રવ્ય એ નિશ્ચય છે. આહા..હા..! અધ્યાત્મનો વ્યવહાર અને એકલો વ્યવહાર એ જુદી વસ્તુ છે. આહા..હા..!

અધ્યાત્મનો વ્યવહાર તો આત્મા પવિત્ર ભગવાન આત્મા એ તો અતીન્દ્રિય આનંદથી પૂર્ણ ભરેલો છે એવી જ્યાં દૃષ્ટિ ગઈ, નજર નિધાનમાં ગઈ ત્યારે આનંદ છલકાયો. જેમ દરિયામાં ભરતી આવે છે. બાઢ કહે છેને તમારે? બાઢ કહે છે. એમ અમારે અહીંયાં ભરતી કહે છે ગુજરાતીમાં. એ દરિયામાં ભરતી-બાઢ આવે છે, એમ સમ્યગ્દર્શન જ્ઞાનમાં આત્માના આનંદની ભરતી આવે છે. આહા..હા..! એવો જેને શુદ્ધભાવ થયો એ તો સાક્ષાત્ અમૃત છે. એમાં કોઈ શુભભાવ આવે છે હજી વીતરાગ નથી એટલે, તેને વ્યવહારે અમૃતકુંભ કહેવામાં આવે છે. આહા..હા..! નિશ્ચયથી તો એ પણ ઝેર છે. ઈ કહેશે અર્થમાં. જ્ઞાનીનો વ્યવહાર છે એ પણ ઝેર જ છે. અજ્ઞાનીનો વ્યવહાર તો ઝેર છે જ. આહા..હા..! અર્થમાં કહેશે. ભાઈ! જયસેનાચાર્ય ખુલાસો કરે છે. આહા..હા..!

**'સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને...'** સમસ્ત દોષોને અને **'સર્વથા નષ્ટ કરનારી હોવાથી,...'** શુદ્ધ પવિત્ર ભગવાન જે આત્મા છે ત્રિકાળી એનો જે અનુભવ અને શુદ્ધ ઉપયોગ પુણ્ય-પાપના ભાવથી રહિત આહા..હા..! એ **'દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે...'** આહા..હા..! દશા હોં! ભગવાન આત્મા તો અમૃતકુંભ છે જ. આહા..હા..! પણ એ પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા પરમસ્વરૂપ, પરમાત્મસ્વરૂપ જ છે. કેમ બેસે? બે બીડી જ્યાં સરખી પીવે સીગારેટ આમ, ભાઈસાહેબને જાણે કંઈક થઈ ગયું અંદરથી. ઓહો..હો..! અને ટોપી-બોપી આ ધોળી ટોપી આમ પહેરે ને આમ પહેરે. શું છે, બાપા? આહા..હા..! આ મડદાને શણગારવું છે? આ તો મડદું છે. જીવતો ભગવાન આનંદનો નાથ તો દેહથી—મડદાથી ભિન્ન છે. ૯૬ ગાથામાં આવ્યું છે ઈ. મૃતક કલેવરમાં અમૃતસાગર ભગવાન મૂર્છાઈ ગયો. ૯૬ ગાથામાં. આ મૃતક કલેવર છે. આ તો મૃતક કલેવર મડદું જડ છે, માટી ધૂળ છે. એમાં ક્યાં આત્મા છે? આ આત્મા છે? આત્મા તો અંદર ભિન્ન ચીજ છે.

**શ્રોતા :-** પણ જીવતો જીવ છે અને મૃતક કલેવર?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવતો જીવ તો આત્મા છે. આ તો માટી-ધૂળ છે, એને તો ખબર પણ નથી કે હું શરીર છું કે નહિ. આ જડને તો ખબર પણ નથી કે હું શરીર છું કે નહિ. ખબર તો ભગવાન આત્માને છે કે હું ચૈતન્ય છું અને આ જડ છે. આહા..હા..!

અહીં કહે છે, આહા..હા..! કે ત્રીજી ભૂમિકા '**સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે અને એ રીતે (તે ત્રીજી ભૂમિ) વ્યવહારથી...**' નિશ્ચય અમૃતકુંભનો અનુભવ થયો, આનંદનું સમ્યગ્દર્શન-જ્ઞાન થયું, ચારિત્ર થયું એ ત્રીજી ભૂમિ '**વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે.**' દેખો! એ ત્રીજી ભૂમિ થઈ છે તેને વ્યવહારપ્રતિક્રમણ આવ્યું છે, તો એ વ્યવહારથી અમૃતકુંભ સાધે છે, વ્યવહારથી અમૃતકુંભ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.**' આહા..હા..! એ શુભરાગ અને શુભક્રિયા અને અશુભરાગ એ બેયથી ભિન્ન ભગવાન આત્મા એની દૃષ્ટિ અને અનુભવથી આત્મા નિર્દોષ થાય છે. છે? ત્યારે '**નિરપરાધ થાય છે.**' આહા..હા..! આવું સાંભળ્યું ન હોય કોઈ દિ', હવે કેટલું યાદ રાખવું? એક કલાકમાં વાત બધી બીજી જાત. લોકો, લોક સેવા કરો, જીવદયા મંડળી રાખો, પૈસા ઉઘરાવો, આ કરો, તે કરો કરે છેને? અમારે નાની ઉંમરમાં ઓલા કૂતરી જન્મેને કૂતરી. કૂતરી-કૂતરી. શું કહે છે? જન્મે તો આ તો નાની ઉંમરની વાત છે. આ તો ૭૭ વર્ષ પહેલાંની વાત છે. દસ વર્ષ, અગિયાર વર્ષની ઉંમર હતી. ત્યારે ઓલી કૂતરી વિયાણી હોય તો અમે જઈએ. એની કંઈક ભાષા હતી. 'આઈ માઈ કૂતરી વિયાણી ધાન ધોબો આપો' ધાન ધોબો એવું કહેતા હતા નાની ઉંમરમાં. કૂતરી વિયાણી હોયને. નહિતર જો ન મળે તો એ બચ્ચા ખાઈ જાય. અહીં થયું હતું હમણાં. ત્રણ બચ્ચા હતા, બે બચ્ચા ખાઈ ગઈ. મળ્યું નહિ ખાવાનું. એ નાની ઉંમરમાં કરતાં બધું સાંભળેલું છે. એઈ..! તમારે તો વખત ક્યાં મુંબઈમાં હતા? આ તો અમારે ઉમરાળા ગામડામાં. ઉમરાળામાં. નાની ઉંમરમાં જઈએ. 'આઈ માઈ કુતરી વિયાણી ધાન ધોબો આપો' એમ કહે. પછી કોઈ કહે દાન ધોકો આપો એમ નાખે. એવું છોકરા મશ્કરી કરેને એ એમ કહેતા. ધાન ધોકો આપો. ઓલા કહે ભાઈ એમ નથી. ધાન ધોબો. થોડું ધાન ધોબો આપો. કૂતરી વિયાણી છે. હવે એવા ભાવ તો અનંતવાર કર્યા, એ તો ધૂળના ભાવ છે. આહા..હા..! એમ આ જગતની સેવા કરીએ અને દેશ સેવા કરીએ એ બધા ભાવ શુભરાગ છે, અજ્ઞાનીના તો એકલું ઝેર છે. કોણ કરી શકે છે પરની સેવા? તારા શરીરમાં રોગ આવે તો એને મટાડી શકતો નથી. તારી અર્ધાંગના જેને કહે છે કે સ્ત્રી અડધું અંગ અને હું, એ મારી અર્ધાંગના છે. એ મરવા પડે તો તને એની બહુ દયા આવે છે. બચી શકે નહિ. તું એને બચાવી શકતો નથી, બીજાને બચાવી શકે છે? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ તો કો'કની બાયડી મરી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાયડી એમાં દરેકમાં થાય છે. બધાને મરી જાય છે. શું તમે રાખી શક્યા? મરી ગઈ. બેય મરી ગઈ. તમે તો વકીલ હતા મોટા. આહા..હા..!

ભાઈ! જેનું જેટલું આયુષ્ય છે તેટલા રહેશે. કોણ ઉગારે? કોણ મારે? પ્રભુ! તને ખબર

નથી. આહા..હા..! પરની દયાનો ભાવ આવે છે, પણ છે શુભરાગ. પણ પરની દયા પાળી શકતો નથી. પરવસ્તુની શું ક્રિયા કરી શકે? આહા..હા..! આવી વાતું આકરી બહુ પ્રભુ! માર્ગ તો એવો છે. એમ કબુલ કરવું પડશે જો તારે સત્યસ્વરૂપ લેવું હોય તો. આ વિના બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આત્માની મહિમાનો શબ્દ આપની પાસે સાંભળ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા શું, આત્માની મહિમા શું! મુંગાને ગોળ ખવરાવો અને મુંગાને પૂછે (કે) કેવો છે? એમ આત્મા આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાનથી ભરચક ભરેલો અંદર છે. આહા..હા..! એની અનુભવની વાત શું વાણીમાં આવે છે? વાણી કહી શકે છે? આહા..હા..! ઈશારો કરે છે.

આવી ચીજની જેને ખબર નથી, આવા ભગવાનનું જેને ભાન નથી, એની દ્રવ્યક્રિયા જેટલી કરે, મુનિ થાય, વ્રત પાળો, મહાવ્રત પાળો, બધું ઝેર છે, ચાર ગતિમાં રખડવાનું કારણ છે. આહા..હા..! પણ જો ત્રીજી ભૂમિકાનું ભાન થાય તેને વ્યવહાર આવે છે તો વ્યવહારથી અમૃતનો કુંભ, શુભમાં અશુભ ઘટે છે એ શુદ્ધનું ભાન છે એ કારણે. અજ્ઞાનીને તો શુભમાં અશુભ ઘટતું નથી, કારણ કે મિથ્યાત્વ જ અશુભ છે. તો મિથ્યાત્વનું મોટું પાપ પડ્યું છે. આહા..હા..! કહો, ધર્મચંદજી! શું કરવું આમાં? મડદામાં રહેવું કે શું કરવું? આહા..હા..! અરે! ભગવાન વખત તો થોડો રહ્યો. ચાહે તો ૪૦-૫૦ ગયા હોય એને કાંઈ ૪૦-૫૦ આગળ રહેવાનું નથી. આહા..હા..! કરવાનું તો આ છે, પ્રભુ! તારી ચીજ શું છે? અને સર્વજ્ઞ પરમેશ્વર એ આત્મા શું કહે છે અને એની અનુભવદૃષ્ટિ શું છે? એ કરવાલાયક તો એ ચીજ છે, બાકી બધા થોથા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ '**વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે. તે ત્રીજી ભૂમિથી જ...**' આવ્યુંને? '**ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે. તેના (-અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં...**' સમ્યગ્દર્શન શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવ વિના '**દ્રવ્ય પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે.**' વ્યવહારપડિકમણું, વ્યવહારસ્મરણ, ભગવાનનું સ્મરણ, નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, પ્રતિમા, દેરાસર, ભક્તિ, પૂજા બધો અપરાધ છે. આહા..હા..! કહો, છે? '**અપરાધ જ છે.**' 'જ' કહ્યો છે. આહા..હા..! ભગવાન! તારી ચીજ તો અંદર શુદ્ધ છે. આહા..હા..! '**માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે.**' લ્યો. માટે ત્રીજી ભૂમિકા શુભ અને અશુભભાવથી રહિત ચૈતન્યની દૃષ્ટિ નિર્મળાનંદની નિર્લેપ સ્વરૂપ શુદ્ધ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ જ વાસ્તવિક અમૃતકુંભ છે, મોક્ષમાર્ગ છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ-૧૩, મંગળવાર, તા. ૧૪-૦૬-૧૯૭૭,**
**ગાથા-૩૦૬-૩૦૭, પ્રવચન નં. ૩૬૬**

'**ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.**' અંદર છે? એ બતાવો ભાઈને. શું કહે છે? કે આ જે આત્મા છે આત્મા એ તો અંદર સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે. સત્ છે ત્રિકાળ અને આનંદ અને જ્ઞાન અને અમૃતનું પૂર છે. ઝીણી વાત છે, ભાઈ! જે આત્મા છે આત્મા એ તો દેહથી ભિન્ન છે, કર્મ અંદર છે પુણ્ય-પાપનું બંધન એનાથી પણ ભિન્ન ચીજ છે અને શુભ-અશુભભાવ થાય છે દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, માન, માયા, રળવા, કમાવાનો ભાવ એ બધા પાપ-પુણ્યથી પણ આત્મા ભિન્ન છે. એ તો ચૈતન્ય અમૃતનું પૂર છે. ખબર નથી. સમજાણું કાંઈ? હેં?

**શ્રોતા :-** આપ ઘણા વખતથી કહો છો તો અમને દેખાડો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેખે તો એ દેખે ત્યારે દેખે? ૧૯૧ કળશ છે ૧૦૧ પાને. ચાલતે પાને ને. એક પાનું બીજું છે. ૧૯૧ કળશ છે. '**चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते**' છે? શું કહે છે? સૂક્ષ્મ વાત છે. અનંતકાળથી એણે આત્મજ્ઞાન કર્યું જ નથી. આત્મા શું ચીજ છે એમ કહે છે અંદર. '**चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो**' અંદર ભગવાન જે આત્મા છે એ તો ચૈતન્યનું અમૃતનું પૂર છે. જેમ પાણીનું પૂર છે એમ આત્મા અંદર ચૈતન્ય-ચૈતન્યરસ, અમૃતરસ, આનંદરસ એવા અમૃતનું આનંદનું ચૈતન્યનું પૂર દળ છે. આહા..હા..! એ પુણ્ય અને પાપના દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ આવે છે એ બધું શુભ છે, રાગ છે, પુણ્ય છે એ આત્મા નથી. એમાં આત્મા નથી, આત્મામાં એ નથી. આહા..હા..! એ કહે છે. આ જે કહ્યુંને ૧૯૧માં એ અહીં કહે છે.

'**ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.**' શું? કે જે કોઈ પાપના પરિણામ છે હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ તો પાપ છે. એ તો દૂર રહ્યા. હવે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનની પૂજા, સ્મરણ, ઈશ્વર ભક્તિ, પરમાત્માની ભક્તિનો ભાવ આવે છે, પણ છે ભાવ રાગ શુભ પુણ્ય, એ ધર્મ નથી. ઝીણી વાત, ભાઈ! અનંતકાળમાં એણે પુણ્ય શુભ-અશુભભાવ જે વિકલ્પ ઉઠે છે, વૃત્તિઓ ઉઠે છે એનાથી એ વસ્તુ ભિન્ન છે. એ આનંદકંદ પ્રભુ છે એની દૃષ્ટિ કરતાં જે આનંદનો અનુભવ આવે છે એ આનંદનો અનુભવ એ પાપ અને પુણ્યથી ભિન્ન ત્રીજી ભૂમિકા છે. આહા..હા..! ઝીણી વાતું ભગવાન! એણે અનંતકાળમાં આ દેહમાં ચીજ શું છે એ ચીજ વસ્તુ છે, આત્મતત્ત્વ છે અને તત્ત્વ છે એનામાં સ્વભાવ છે. જેમ એ અવિનાશી છે, અનાદિનો છે. આત્મા જે ચીજ છે એ

તો આદિરહિત છે. શરૂઆત પહેલી થઈ એમ નથી. છે, છે ને છે. છે... છે... છે... ભૂતકાળમાં હતી, વર્તમાનમાં છે, ભવિષ્યમાં રહેશે. એવો ત્રિકાળી આત્મા ભગવાન એની શક્તિઓ જે સુખગુણ આદિ છે, આનંદઅમૃત, શાંતિ, અરાગી વીતરાગતા આદિ શક્તિઓનો એ સાગર છે. એ પણ સાંભળ્યું નથી. એ આત્માનો અનુભવ કરવો પુણ્ય અને પાપના વિકલ્પ બેય જે રાગ છે એનાથી ભિન્ન થઈને ચૈતન્ય આનંદનો અનુભવ કરવો, આનંદનો સ્વાદ લેવો, અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા... કેમ પ્રેમચંદભાઈ નથી આવ્યા? સમજાણું કાંઈ? ઝીણી વાત, ભગવાન! અનંતકાળમાં કદી આત્મા આનંદસ્વરૂપ છે એની કદી દૃષ્ટિ કરી નથી, એનો કદી અનુભવ કર્યો નથી અને આત્મજ્ઞાન વિના ક્રિયાકાંડ, ક્રિયા, વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા એ બધો શુભભાવ છે. પુણ્યબંધ થાય તો એનાથી કોઈ આ શેઠાઈ આદિ ધૂળના ધણી, બે-પાંચ કરોડના ધૂળના ધણી એવા થાય કે સ્વર્ગમાં જાય પણ એનાથી કોઈ ભવનો અંત નથી આવતો. આહા..હા..! સમજાણું કાંઈ?

એ ત્રીજી ભૂમિ. છેને? ત્રીજી ભૂમિ એટલે? શુદ્ધ. શુભ અને અશુભભાવથી ભિન્ન. અશુભભાવ પાપ છે પહેલી ભૂમિ, પુણ્ય છે બીજી ભૂમિ—દયા, દાન, વ્રત, ભક્તિ એ તો બધો રાગ છે. એનાથી અંદર ચૈતન્યઅમૃતનું પૂર ભગવાન આત્મા એ ત્રીજી ભૂમિકા એની દૃષ્ટિ કરવાથી, એનો અનુભવ કરવાથી અતીન્દ્રિય આનંદનો શુદ્ધ ઉપયોગ, શુદ્ધ પવિત્ર જે વેપાર થાય છે એનાથી પાપનો નાશ થાય છે. સંસાર જે વિકારભાવ અનાદિનો છે એ આ ત્રીજી (ભૂમિ) આત્માના આનંદનો અનુભવ શુદ્ધ ઉપયોગ (તેનાથી નાશ પામે છે). શુભ અને અશુભભાવ છે એ અશુદ્ધ છે. બેય અશુદ્ધ છે. ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષય વાસના હોય કે ચાહે તો દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજાનો ભાવ હોય એ બધી વિકલ્પ વૃત્તિઓ ઉઠે છે એ બધો રાગ છે. આહા..હા..! એ રાગથી ભિન્ન ચૈતન્યમૂર્તિ ભગવાન અમૃતનું પૂર, નુરનું તેજ, ચૈતન્યનું નુર નામ તેજનું પૂર અંદર પડ્યું છે ધ્રુવ. આહા..હા..! એની દૃષ્ટિ કરવાથી, એનો આશ્રય લેવાથી, એમાં લીન થવાથી અતીન્દ્રિય આનંદનું વેદન થાય એ ત્રીજી ભૂમિકા એ ધર્મ ભૂમિકા છે. આહા..હા..! આવી વાતું! આખો દિ' બિચારા ક્રિયાકાંડમાં મશગુલ આ કરો ને આ કરો ને આ કરો. ભગવાનની ભક્તિ પણ એ શુભરાગ છે, પર તરફ લક્ષ છેને. અંદર આત્મા છે એ તરફનું લક્ષ તો નથી એમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.**' એના અનુભવમાં એના સંસારના દોષનો નાશ થાય છે. આહા..હા..! '**તેના (અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં...**' એ આત્મા આનંદસ્વરૂપ ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ, સત્ કાયમ રહેનારી ચીજ એ ચિદાનંદ જ્ઞાન અને આનંદ એનો જે સ્વભાવ સ્વરૂપ છે... આહા..હા..! એ દૃષ્ટાંત દીધું હતુંને? શક્કરીયાનું નહિ? શક્કરીયું હોય છેને સાકર. અમારે શક્કરિયા કહે છે અહીંયાં ગુજરાતીમાં. એ શક્કકરીયાની ઉપર લાલ છાલ છે એ કાંઈ વાસ્તવિક શક્કરીયું નથી. છાલની પાછળ અંદર જે શક્કરકંદ-

શક્કર નામ સાકરની મીઠાશનો પિંડ છે એ શક્કરકંદ છે. આહા..હા..!

એમ આ ભગવાન આત્મા શરીર, વાણી આ તો જડ છે, માટી, ધૂળ છે એ કાંઈ આત્મા નથી; પણ અંદરમાં દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ ઉઠે છે એ પણ લાલ છાલ છે. એ લાલ છાલની પાછળ અંદર આત્મા આનંદનો કંદ છે. જેમ ઓલું શક્કરકંદ છે, સાકરની મીઠાશનો પિંડ છે, એમ ભગવાન અમૃતસાગરનો પિંડ છે. આહા..હા..! કે દિ' કરે? શું કરે? દરકાર નથી. મારી ચીજ શું છે? હું ભવિષ્યમાં ક્યાં જઈશ? જન્મ-મરણ કરતાં-કરતાં ચોર્યાસીના અવતાર અનંતવાર કર્યા. અનંતવાર અબજોપતિ અનંતવાર થયો અને ભિખારી સો વાર માંગે અને એકવાર કવળ મળે કોળિયો એવો ભિખારી અનંતવાર થયો છે. મનુષ્યપણે રાજા તરીકે અનંતવાર થયો છે, સ્વર્ગના દેવ તરીકે અનંતવાર થયો છે, પણ એ આત્મજ્ઞાન વિના એ ક્રિયાકાંડથી કોઈ પુણ્યના કારણે મળે, પછી રખડે ચાર ગતિમાં પશુ-નરકમાં. આહા..હા..! એ બધા અપરાધના ભાવનો નાશ કરવાની તાકાત કઈ ચીજમાં છે? એ અમૃત ચૈતન્યપૂર જે આત્મા ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એનો આશ્રય લઈને જે શુદ્ધ ઉપયોગ (થાય), પુણ્ય અને પાપના ભાવ બે અશુદ્ધ છે એનાથી ભિન્ન આત્માના આશ્રયે જે પરિણામ થાય, ભાવ થાય એ શુદ્ધ ઉપયોગ છે, એ શુદ્ધ ઉપયોગ એ ધર્મ છે. ભાષા અજાણી. ગ્રીક-લેટીન જેવું લાગે. કદી અભ્યાસ કર્યો નથી અંદર. આહા..હા..! આ ચૈતન્ય અંદર કોણ છે વસ્તુ? સાંભળ્યું નથી સાંભળ્યું એણે. આહા..! ધર્મને નામે ક્રિયાકાંડે ચડી ગયા બિચારા. આ ભક્તિ કરો ને વ્રત કરો ને તપ કરો ને મંદિર બનાવો ને મંદિરની પૂજા બનાવો, મોટા રથયાત્રા કાઢો, વરઘોડા. એ ક્રિયામાં તો શુભરાગની મંદતા હોય તો પુણ્ય છે, બંધનનું કારણ છે, એ કોઈ ધર્મ નથી. અશુભથી બચવા આવે છે, એ ચીજ અશુભ પાપથી બચવા આવે છે, પણ એ ધર્મ નથી; એનાથી જન્મ-મરણનો અંત આવતો નથી. આહા..હા..! જન્મ-મરણનો અંત આવવાની ચીજ તો આ છે. ચૈતન્યગંજ પ્રભુ આનંદ અમૃતપૂર, ચૈતન્યપૂર અને અમૃતપૂર એટલે જ્ઞાન અને આનંદનું પૂર આત્મા અંદર ધ્રુવ છે આહા..હા..! એની અંતર દૃષ્ટિ કરતાં જે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એ પ્રથમ દશામાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ થોડો હોય અને જ્યારે મુનિ થાય છે, જંગલમાં રહેનારા મુનિ નગ્નદિગંબર એને તો પ્રચુર આનંદનું વેદન હોય છે. આહા..હા..!

એક આ સાધુ આજે આવ્યો હતો. ઓલા કેવા કહેવાય? કૈલાસસાગર. આપણે ચીમનભાઈ જાતા હતાને એ કૈલાસસાગર. એ આવ્યો હતો. ઈ કહે, સાધુ થયા, ઘણો આનંદ આવે છે. આવ્યા હતા હમણા અમારી પાસે. નાની ઉંમરમાં જો થયા હોત તો બહુ આનંદ (વધી ગયો હોત). હજી કપડા... એ કપડા શું છે અને થઈ ગયો સાધુ. કાંઈ ખબર નહિ. આનંદ આવે છે. બાપુ! ખબર નથી બાપુ તત્ત્વની તને. એ તો શુભરાગ થાય છે. રાગનો મંદકષાય હોય એને આનંદ માને મિથ્યાદૃષ્ટિ મિથ્યાભ્રમ છે. આહા..હા..! અંદર આનંદકંદ પ્રભુ આત્મા

એના અનુભવથી દોષનો નાશ થાય છે. એ કહ્યુંને?

'**તેના (અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં...**' પણ જ્યાં અતીન્દ્રિય આનંદનો અંતર ઉપયોગના વ્યાપારનો જ્યાં અભાવ છે ત્યાં '**દ્રવ્ય-પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે.**' ત્યાં તો આ પડિક્કમણા કરે છેને મિચ્છામી દુક્કડમ. પાપ લાગ્યું હોય તો મિચ્છામી દુક્કડમ. ભગવાનની પૂજા કરે છે, ભક્તિ કરે છે, બધા પરિણામ ત્રીજી ભૂમિકા વિના બધો અપરાધ છે, ઝેરનો ઘડો છે. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહારપ્રતિક્રમણ... નિશ્ચયપ્રતિક્રમણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પછી. હજી એ આવ્યું નથી. હજી અહીં નક્કી કર્યા પછી. સમજાણું કાંઈ? અહીં સુધી આવ્યું હતું.

'**(અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં દ્રવ્ય-પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે.**' સમ્યક્ ચૈતન્યનું જ્યાં આત્મજ્ઞાન નથી, જ્યાં આત્મદર્શન નથી, આત્મા જ્યાં આનંદકંદનો અનુભવ નથી, ત્યાં ક્રિયાકાંડ બધો છે વ્યવહારપડિકમણું, સામાયિક ને પોષા ને પૂજા ને ભક્તિ ને વ્રત ને તપ બધું અપરાધ છે, ઝેર છે, રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અપરાધ જ છે. '**માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે.**' હવે પછી કહેશે ઓલી વાત. એ શુદ્ધ આનંદપ્રભુ, અતીન્દ્રિય અનાકુળ આનંદ, અણિન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ આત્મા છે. ઈન્દ્રિયના વિષયોમાં જે માને છે કે મને સુખ છે એ તો રાગ છે, ઝેર છે. વિષયોમાં સુખ માને છે ભોગમાં, આ લક્ષ્મીમાં, આબરૂમાં એ માને છે એ તો રાગ છે, ઝેર છે. ભગવાન અમૃત સાગરથી એ વિપરીત ભાવ છે. આહા..હા..! આવી વાત છે આ. એ શુભ-અશુભભાવથી રહિત ત્રીજી ભૂમિકા એ નિરપરાધ છે, એ દોષરહિત દશા છે. આહા..હા..! '**એમ ઠરે છે.**' એવું સાબિત સત્યથી થાય છે. લોજિક-ન્યાયથી આ સિદ્ધ થાય છે સત્ય કે શુભ-અશુભભાવની ભૂમિકાથી પર થઈને અંતર આનંદકંદ પ્રભુ એનો આનંદનો અનુભવ થવો એ જ નિરપરાધિ ચીજ છે. એનાથી અપરાધનો નાશ થાય છે એ સાબિત થાય છે. બાકી પુણ્યની ક્રિયાથી દોષનો નાશ થાય એમ છે નહિ. આહા..હા..! ભારે કામ આકરું!

'**તેની પ્રાપ્તિ અર્થે...**' હવે આવ્યું. '**અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે.**' કહે છે કે વ્યવહાર આદિ વિકલ્પ આવે છે, પણ એનું લક્ષ તો અંદર નિશ્ચયમાં જાવું એ છે. પ્રાપ્તિ તો ઈ છે. સમજાણું કાંઈ? શુભરાગ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો ભાવ (આવે) પણ એ ભાવના લક્ષમાં એ હોવું જોઈએ. ચિદાનંદ આનંદકંદ પ્રભુ છે તો રાગને છોડીને એની પ્રાપ્તિ કરવી એ એનું લક્ષણ છે. સમજાણું કાંઈ? આવી ઝીણી વાતું. આહા..હા..! સમજાણું કાંઈ? '**આમ હોવાથી એમ ન માનો કે (નિશ્ચયનયનું) શાસ્ત્ર દ્રવ્યપ્રતિક્રમણાદિને છોડાવે છે.**' આ નિશ્ચય નામ સત્યદર્શન શાસ્ત્ર છે. તો સત્યદર્શન બતાવનારું શાસ્ત્ર એ

દયા, દાન, વ્રત, વ્યવહારપ્રતિક્રમણનો શુભભાવ છે એ છોડાવે છે અને અશુભમાં લઈ જાય છે એમ નથી. સમજાણું કાંઈ? એ શુભભાવ છોડાવીને અશુભમાં જાવ એમ એનો હેતુ નથી. આહા..હા..!

'ત્યારે શું કરે છે? **દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી...**' ત્યાં અટકી જાય છે તો એટલું અટકવું તેને રોકે છે. છોડી દે એને. વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારસામાયિક, વ્યવહાર ભક્તિ, વ્યવહારપૂજા, વ્યવહાર કરોડો રૂપિયાનું દાન દે એમાં તો રાગની મંદતા હોય તો પુણ્ય છે. ત્યાં અટકવું નહિ, એ ચીજમાં રોકાવું નહિ. ત્યાંથી દૂર જઈને અંદરમાં જાવું એ ધર્મ છે. એ બતાવવા માટે આ ચીજ છે નિશ્ચયદૃષ્ટિ. સમજાણું કાંઈ? એ પુણ્ય છોડાવીને પાપમાં લઈ જવા એવો અહીંયાં નિશ્ચયનો હેતુ નથી. એ પુણ્ય છોડાવીને પવિત્ર અંદર ભગવાન આત્મા એનો અનુભવ કર તો તારું કલ્યાણ થશે, જન્મ-મરણનો અંત આવશે, નહિતર જન્મ-મરણની ઘાણીમાં તલ પિલાય છે એમ ચાર ગતિમાં પિલાય છે, દુઃખી છે. આહા..હા..! આ પૈસાવાળા લ્યો મોટા શેઠિયા અબજોપતિ, કરોડોપતિ દુઃખી છે બિચારા ભિખારી છે. આત્મલક્ષ્મીની ખબર નથી, ધૂળની લક્ષ્મીના પ્રેમી. સમજાણું કાંઈ? આવી વાત છે. એ જયેશ! આ શું તારો મામો-બામો? મરી ગયા એના બિચારા મામા દોઢ વર્ષ પહેલાં. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા આના મામા પાસે ગોવામાં. બે અબજ ચાલીસ કરોડ. ૨૪૦ કરોડ. મરી ગયો પાંચ મિનિટમાં. એ તો મરી જાય પણ આ લક્ષ્મી બક્ષ્મી કાંઈ સાથે આવી નહિ, મદદ કરી નહિ કાંઈ. ડોક્ટરને બોલાવે કહે. એની વહુને હેમરેજ થઈ ગયું હતું, આની મામીને. હેમરેજ માટે ત્યાં આવેલા. નહિતર તો ગોવામાં તો મોટા ગૃહસ્થ છે. ૪૦-૪૦ લાખના તો મકાન છે રહેવાના. ૧૦-૧૦ લાખના તો બે મકાન છે અને એક ૪૦ લાખનું. ૬૦ લાખના મકાન છે. આની બા આવ્યા છેને. એના ભાઈની વાત છે. એની બા આવ્યા છે હમણાં અહીં લીંબડી, એના ભાઈની વાત છે. આહા..હા..! હેમરેજ એની વહુને હતું એટલે એ આવેલા. મુંબઈ બે-ચાર દિ' પછી રાત્રે ઉઠ્યા દોઢ વાગે. મને ઠીક નથી, દુઃખે છે, બોલાવો ડોક્ટરને. ડોક્ટર આવ્યા પહેલાં આ ભાઈસાહેબ પરલોકમાં જાઓ રખડવા. આહા..હા..! એ અંબાજીને માનતા હતા પાછા. ધૂળ કાંઈ મળી નથી અંબાજીને લઈને. આ સાંઈબાબાને માને છે અત્યારે નથી એક? એક રજનીશ બધા રખડનારા. જેને આત્મજ્ઞાન નથી, આત્મ અનુભવ નથી એ વિના ધર્મ ત્રણકાળમાં ક્યાંય હોતો નથી. નરસિંહ મહેતાનું કહ્યું નહોતું સવારમાં? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્ન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' સાધના આ બધી જૂઠી છે કહે છે આત્મજ્ઞાન વિના. આહા..હા..! એ અહીં કહે છે. આહા..હા..!

'**દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી...**' વ્યવહારની ક્રિયા દયા, દાન, વ્રત, તપનો ભાવ ત્યાં રોકતા નથી, એનાથી છોડાવીને અંદર લઈ જાય છે, તેને છોડાવીને પાપમાં લઈ જવા છે એવી વાત અહીંયાં નથી. સમજાણું કાંઈ? '**(-અટકાવી દેતું નથી, સંતોષ મનાવી**

દેતું **નથી);...**' શુભભાવ આવ્યો, ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, તપ એમાં સંતોષ ન માની લેવો. એ શુભરાગ છે, પુણ્ય છે, વિકાર છે, વિભાવ છે, અમૃતસ્વરૂપ ભગવાનથી વિરુદ્ધ ઝેર છે. આવી વાતું! વાત સાંભળી નથી. સંપ્રદાયમાં તો બહારની ચીજની એકલી વાત ચાલે છે બસ. આ કરો... આ કરો... આ કરો... પૂજા કરો, ભક્તિ કરો, વ્રત કરો, સવારમાં ભગવાનને જય નારાયણ. એ બધો વિકલ્પ રાગ છે. અંતર્મુખ થયા વિના તારું કલ્યાણ કદી થશે નહિ. આહા..હા..! અંતર ભગવાન આત્મામાં ચૈતન્ય અને આનંદનો સાગર આત્મા છે. આહા..હા..! દરિયામાં, સમુદ્રમાં જેમ કાંઠે ભરતી આવે છે, બાઢ કહે છેને હિન્દીમાં તમારે,? અમારે ભરતી કહે છે; એમ આત્મા આનંદસ્વરૂપ છે એનો અનુભવ કરવાથી એની દશામાં આનંદની ભરતી આવે છે, ત્યારે ધર્મ કહેવામાં આવે છે. વાત એવી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(-અટકાવી દેતું નથી, સંતોષ મનાવી દેતું નથી); તે સિવાય બીજું પણ, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર...** ' આહા..હા..! પ્રતિક્રમણ આદિ શુભભાવ, અપ્રતિક્રમણ આદિ અશુભભાવ એનાથી અગોચર. એ પ્રતિક્રમણ-અપ્રતિક્રમણના વિકલ્પથી અગમ્ય એવી ચૈતન્ય ચીજનો ત્યાં અનુભવ કરાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ચીજ હવે. આ તો મનુષ્યપણું મળ્યું છતાં એવી ચીજ સાંભળવા ન મળે એ કે દિ' કાર્ય કરે? જિંદગી ચાલી જાય. આહા..હા..!

**શ્રોતા :–** પહેલાં પાપ છોડીને પુણ્ય કરવું. પછી પુણ્ય છોડીને અંદર જવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પહેલાં ક્યાંથી છોડે? અશુભભાવ મિથ્યાત્વ એ પહેલું પાપ છે. પુણ્યમાં ધર્મ માનવો, દયા-દાનમાં ધર્મ માનવો એ મિથ્યાત્વ એ જ મોટું પાપ છે. એ પાપ છોડાવવાની તો આ વાત કરે છે. આહા..હા..! એવી વાત અનંતવાર કરી. મુનિ અનંતવાર થયો છે, જંગલમાં રહ્યો, પણ આત્માની ચીજના અનુભવ વિના બધા એકડા વિનાના મીંડા કોરે કાગળે. કોરો કાગળ હોય ને મીંડા લખે એકડા વગર ગણવામાં આવે? આહા..હા..! એમ આત્મદર્શન પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન ભગવાન એના દર્શન, અનુભવ અને જ્ઞાન વિના કંઈ પણ બીજી ભૂમિ જે છે પડિકમણાની એ તો અપરાધ છે. આહા..હા..!

એ '**અગોચર અપ્રતિક્રમણાદિરૂપ,...**' છે. આહા..હા..! એ શુભરાગથી પણ અગોચર ભગવાન આત્મા છે. અગોચર એટલે અગમ્ય, એનાથી ગમ્ય થાતું નથી. આહા..હા..! વસ્તુ છેને વસ્તુ અંદર. આત્મા વસ્તુ છેને, તત્ત્વ છેને. તો તત્ત્વ છે તો એમાં કોઈ સત્ત્વ છે કે નહિ? એની કોઈ શક્તિ, સ્વભાવ, ગુણ, સામર્થ્ય કાંઈ છે કે નહિ? તો એ તત્ત્વ શું છે? ગુણ, શક્તિ, સામર્થ્ય તો આનંદ અને જ્ઞાન આદિ અનંતગુણ એ જ એનું સામર્થ્ય અને સત્ત્વ છે. આહા..હા..! એ તરફ લઈ જવા માટે... આહા..હા..! શુભભાવને અગમ્ય છે, એનાથી ગમ્ય નહિ થાય. વ્યવહારક્રિયાકાંડથી તારો આત્મા તને અનુભવમાં નહિ આવે,

એનાથી તો અગમ્ય છે. આહા..હા..! છે? '**અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવું,...**' આહા..હા..! ભગવાન આત્મા તો અંદર શુદ્ધ ચૈતન્યઘન.

નાળિયેરનું દૃષ્ટાંત દઈએ છીએને, નાળિયેર. નાળિયેર છેને નાળિયેર. એના ઉપલા છાલા છે એ કાંઈ નાળિયેર નથી. કાચલી છે કાચલી. શું કહે છે તમારે? એ કાચલી કોઈ નાળિયેર નથી અને કાચલી કોરની લાલ છાલ હોય છે, જે બાયું ટોપરાપાક કરે ત્યારે આમ ઘસીને કાઢી નાખે એ લાલ છાલ પણ ટોપરું નથી. ટોપરું તો ધોળો અને મીઠો શેર, દોઢ શેરનો ગોળો એ ટોપરું એ શ્રીફળ છે. એ તો દૃષ્ટાંત થયું.

એમ આ શરીર છાલા એ આત્મા નથી. અંદર કર્મ-કાચલી જડ છે જેના પુણ્ય-પાપને લઈને પૈસા મળે, નિર્ધનતા થાય એ કર્મકાચલી પણ આત્મા નથી અને કાચલી કોરની લાલ છાલ—દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ પર તરફના લક્ષવાળા વિકારીભાવ કાચલી અને લાલ છાલ જેવા છે અને લાલ છાલની પાછળ ગોળો જે શ્રીફળ છે એ નાળિયેર છે. એમ પુણ્ય-પાપના વિકલ્પથી અંદર ભિન્ન એ આત્મા આનંદગોળો છે. ધોળો એટલે શુદ્ધ અને આનંદ એટલે સુખ. એનો એ ગોળો છે. અરે! કેમ બેસે? મારો આવો આનંદ છે એ ક્યાં નજરે પડે એને? આહા..હા..! અહીં પાંચ-પચ્ચીસ લાખ પૈસા મળે ત્યાં આમ જાણે ઓહો..! અમે સુખી છીએ. એમાં એક દિવસના લાખ-બે લાખ પેદા થઈ જાય કાંઈક. મૂકો આજે લાપસી, આજે પેદા થયું છે બહુ. ધૂળમાંય નથી, મરી જઈશ સાંભળને હવે. આહા..હા..! આવી વાત છે, બાપા!

ભાઈ! તારી ચીજ જુદી છે, નાથ! તું કોણ છો અને કેવડો છો એની તને ખબર નથી. આહા..હા..! અને અંતરમાં અનુભવ વિના, શુદ્ધ આનંદના અનુભવ વિના તારી ચીજમાં કોઈ લાભ નથી. લાખ મંદિર બનાવે અને કરોડ રૂપિયા દાનમાં ખર્ચે અને દયાની મંડળી કરીને મોટા ચંદા બનાવે. ચંદા એટલે ખરડો. એ .. નહિ ભાઈ! એ તો રાગ છે ક્રિયા, તને ખબર નથી. આહા..હા..! એ રાગથી ભિન્ન આત્મા (છે) એમ કહે છે. આવ્યુંને?

'**પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવું, અતિ દુષ્કર...**' અનંતકાળમાં કર્યું નથી એવું કરાવે છે. દુષ્કર. પુણ્યનો વિકલ્પ જે રાગ છે શુભરાગ એનાથી ભિન્ન. વસ્તુનો અનુભવ, દૃષ્ટિ, જ્ઞાન એ દુષ્કર છે. અનંતકાળમાં કદી કર્યું નથી. આહા..હા..! નીચે નરકયોનિ છે ત્યાં અનંતવાર થયો. આ રાજા, મહારાજા આદિ મોટા પૈસાવાળા હોયને બહુ, માંસ ખાય, ઈંડા ખાય, દારૂ પીવે એ બધાની ત્યાં નીચે પાર્લામેન્ટ ભરાય છે. નીચે નરક છે. અને આ તિર્યંચ પશુ હોય છેને પશુ ઢોર? એ માયા, કપટ ને કુટીલ ને દંભને બહુ કરેને આડોડાઈ કપટ, માયા, ક્રોધ આડોડાઈ એ બહુ કરે એ આડા તિર્યંચ થાય છે. મનુષ્યનું શરીર આમ સીધું છેને અને તિર્યંચનું આમ આડું શરીર છે. ખિસકોલી, નોળ, કોળ, હાથી, ઘોડા એ આડા કેમ થયા? કે પૂર્વે આડોડાઈ

બહુ કરી હતી. આહા..હા..! એવા અનંતભવ કર્યા છે, પ્રભુ! ભૂલી ગયો તું ભૂલી ગયો. આહા..હા..! કાલે સવારમાં કહ્યું હતું. બે ઉંદર પડ્યા હતા રસ્તામાં. આમ મરી ગયા હતા. આહા..! ચાર પગ ઊંચા. જંગલના ઉંદર અહીં. ખાટારા નહિ? ખટારા ને મોટર (એની નીચે) કચડાઈ નહોતા ગયા, અથડાણા એમાં મરી ગયા. આહા..હા..! એવા અવતાર અનંતવાર કર્યા, અનંતકાળનો આત્મા છે એ ક્યાં (હતો)?

**શ્રોતા** :- આગળ ખટારા જ ક્યાં હતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખટારા ન હોય તો બીજી રીતે મરી ગયા હશે. આહા..હા..! આ ચીનમાં તો ઉંદરના શાક કરીને ખાય અત્યારે પણ. ઉંદર-ઉંદર આખા. બહુ પાપ છે ત્યાં. આહા..હા..! એવા ભવ અનંત કર્યા છે, બાપુ! અનંતકાળ થયો, ભાઈ! એ તો અનાદિનો પ્રભુ છે આત્મા તો. એ અનાદિનો રખડવામાં રહ્યો. ચાર ગતિ કોઈ આજથી પહેલાં પહેલાં... પહેલાં... પહેલાં... પહેલાં... પહેલાં... પહેલાં જુઓ તો અનંતકાળમાં ક્યાંય ભવ વિનાનો આત્મા છે? આહા..હા..! અને ભવ વિનાનો હોય તો પાછો ભવ મળે? જે ચણો પાક્કો થઈ જાય મીઠાશથી એ ચણો ઊગે? કાચો હોય તો ઊગે. કાચા ચણા તુરાશ દે. ચણા કહે છેને? એ કાચો ચણો કચાશ આપે, વાવે તો ઊગે, પણ શેકવાથી મીઠાશ આપે, કચાશનો નાશ થાય, વાવે તો ઊગે નહિ. આહા..હા..! એમ અજ્ઞાની આત્મા પુણ્ય અને પાપના ભાવ મારા છે એવો અજ્ઞાની આત્મા એને રાગના, અજ્ઞાનના, વિકારના સ્વાદ છે, કાચો સ્વાદ છે અને ચાર ગતિમાં ઊગે છે—ભવ કરે છે. આહા..હા..! પણ એકવાર એ પુણ્ય અને પાપથી ભિન્ન મારી ચીજ એવો આનંદનો અનુભવ કરીને શેકી નાખે, ચણાને જેમ શેકે છે. શેકે કહે છે? અગ્નિમાં શેકે છે તો મીઠાશ આવે છે. મીઠાશ ક્યાંથી આવી? અગ્નિમાંથી આવી? ચણામાં મીઠાશ આવે છેને. આ વાણિયા વેપાર કરે ત્યારે નથી કહેતા કે દાળિયા બાળિયા થયા કાંઈ? એમ કે કાંઈ પૈસા મળ્યા? ધૂળ મળી? એમ કાંઈક કહે દાળિયા કહે. એ મીઠાશ છેને ચણામાં. એ મીઠાશ આવી ક્યાંથી? અગ્નિમાં શેકવાથી આવી? અગ્નિથી શેકે તો કોલસા, પથરા શેકેને. એ ચણામાં મીઠાશ હતી. એ મીઠાશ અવ્યક્ત હતી એ વ્યક્ત બહાર આવી છે. કૂવામાં છે એ અવેડામાં આવે છે. અંદર હતી. એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન ભરેલું છે. ક્યાંથી બેસે? આહા..હા..! સમજાણું કાંઈ? એમાંથી આવે છે.

અંતરમાં દૃષ્ટિ કરવાથી અતીન્દ્રિય આનંદનો અનુભવ શુદ્ધ ઉપયોગમાં જે થાય છે એ આનંદ અંદરમાં છે એ આવે છે. ચણાને શેકવાથી મીઠાશ આવતી હોય તો કોલસાને શેકે નહિ, જો મીઠાશ અગ્નિમાં શેકવાથી આવતી હોય તો. ચણામાં તો મીઠાશ હતી. હતી એ પ્રગટ થઈ છે. એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિયજ્ઞાન ભરેલું છે. આહા..હા..! અરે..! આ કોઈ દિ' સાંભળે નહિ. તારામાં કેટલી મહત્તા છે તારી ચીજમાં,

ખબર નથી અને ખબર વિના બેખબરો. બેખબરો એટલે? બેખબર હશે? બેખબરાનો અર્થ ખબર વિનાનો. પરની ખબર નથી અને પોતાની ખબર નથી. બેખબરો તો ભાષા ઓલાની છે. શું કહેવાય ઈ? ..ની ભાષા છે. બેખબરોની વ્યાખ્યા તો એવી થાય કે બેખબર છે. બેખબરનો અર્થ ખબર વિનાનો. આહા..હા..! નથી જાણતો જડને, નથી જાણતો ચૈતન્યનો, નથી જાણતો રાગને, નથી જાણતો ભગવાન આત્મા રાગ વિનાની ચીજને. એવો બેખબરો માણસ-અજ્ઞાની ચાર ગતિમાં રખડે છે. આહા..હા..! ચાહે તો સાધુ થાઓ, પણ સાધતિ ઈતિ સાધુ. અંતર આનંદનું સાધન નથી તો એ સાધુ નથી. એ ક્રિયાકાંડમાં ઘૂસેલો પડ્યો છે તો એ સાધુ જ નથી. સાધયતિ ઈતિ સાધુ. અતીન્દ્રિય આનંદ પ્રભુ અંદર પડ્યો છે એને સાધીને પ્રગટ કરે એ સાધુ. આહા..હા..! આ તો લૂગડા ફેરવ્યા તો સાધુ થઈ ગયા. એ કહેતા હતા હમણા આવ્યો હતો. સાધુ થયા તો બહુ આનંદ આવે છે. નાનપણમાં જો સાધુપણું લીધું હોત તો.. પણ મોટી ઉંમરમાં આવ્યું. હતો તો ૪૦-૪૫ વર્ષની ઉંમરનો હતો. આવ્યો હતો હમણા. કીધું બાપુ! આ વેષ પણ નહિ. મુનિ હોય એને નગ્નદશા થઈ જાય છે. પણ એ ક્યાં સાંભળ્યું નથી કોઈ દિ'.

મુનિની દશા, બાપુ! મૌનમાં મનન કરવું. આનંદના ભાવનું મનન કરવું, લીન થવું એનું નામ મુનિ છે. આહા..હા..! લૂગડા ફેરવીને વેષ લઈ લીધો તો થઈ ગયો સાધુ. એવું દ્રવ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યું છે. દ્રવ્યલિંગ પણ ક્યાં છે આ તો નગ્નપણાનું. આ તો કુલિંગ છે. વસ્ત્રસહિત સાધુ એ તો બધા કુલિંગ છે. આહા..હા..! કહો, હિંમતભાઈ! એ ઝીણી વાત છે, ભગવાન! શું થાય? માર્ગ જે પરમસત્ય એ માર્ગની રીત કોઈ બીજી છે. આહા..હા..! મનુષ્યપણું મળ્યું અને જો આ વાત ન સમજે અને સમ્યગ્જ્ઞાન ન કર્યું તો જેમ દોરા વિનાની સોય, સૂતર વિનાની સોય ખોવાઈ જાય તો ન મળે, પણ જો દોરો પરોવેલો હોય એ સોય કદાચ ખોવાઈ જાય તોપણ 'એ ચકલામાં રહી, ચકલીમાં જુઓ લટકે છે કાંઈક.' ઓલા દોરાને લઈને. એમ સમ્યગ્જ્ઞાનરૂપી દોરો ન પામ્યો... આહા..હા..! તો ચાર ગતિમાં રખડશે, ક્યાંય પત્તો નહિ ખાય. વંટોળિયાના તરણા ક્યાં જઈને પડશે? વંટોળિયા સમજો છો? શું કહે છે? તોફાન. એના તણખલા આમ-આમ ક્યાં જઈને પડશે? એમ જેને આત્માની શ્રદ્ધા નથી આનંદના નાથની અને પુણ્ય અને પાપમાં (ધર્મ) માનીને બેઠા છે, એ મિથ્યાત્વના વંટોળિયે ચડ્યો છે. એ ચાર ગતિમાં ક્યાં રખડશે? આહા..હા..! સમજાણું કાંઈ? થોડીક વાર આમાં ધ્યાન રાખે તો ગરમી નહિ લાગે. અહીં ધ્યાન નથી એટલે ગરમી લાગે છે. ધૂળમાંય ગરમી નથી બહારમાં. એવું તો અનંતવાર સહન કર્યું. સમજાણું કાંઈ? ધર્મ સાંભળતી વખતે પવન ન ખાવો જોઈએ. એ મોટો અવિનય છે. આહા..હા..! અહીંયાં તો ધ્યાન રાખે તો ગરમી શું છે એની ખબર પણ ન રહે. આહા..હા..!

અહીં કહે છે કે 'અતિ દુષ્કર કાંઈક કરાવે છે.' છેને? 'આ શાસ્ત્રમાં જ આગળ...'

આગળ શું? ક્યાં આવ્યા? એ તો ત્યાં અટકી ગયું. '**આ શાસ્ત્રમાં જ આગળ કહેશે કે—**' હવે શ્લોક આવ્યો. એ ને?

**શ્રોતા** :- '**कम्मं जं पुव्वकयं सुहासुहमणेय-वित्थरविसेसं।** '

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ તો આગળ કહેશે. એ સાચી વાત છે.

અહીં તો ગ્રંથમાં આગળ કહેશે. ઓલો પડિક્કમણાનો અધિકાર છેને સર્વવિશુદ્ધમાં. આગળ કહેશે. પણ નામ ન લખ્યું એમાં. નહિતર ઓલામાં નામ છે. ભવિષ્યમાં આગળ લખાણ આવશે કે પૂર્વકર્મ જે કર્યું ભૂતમાં, વર્તમાન અને ભવિષ્ય એ બધું પાપ અને અધર્મ છે, એનાથી ભિન્ન તારી ચીજ છે એ આગળ કહેશે. સમજાણું કાંઈ? એ શ્લોક આવ્યો નથી આમાં? શું કીધું?

**શ્રોતા** :— ગુજરાતીમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ગુજરાતીમાં છે. આમાં નથી. ગુજરાતીમાં શ્લોક છે. ગુજરાતીમાં આપણે શ્લોક નાખ્યો છે. ઠીક. હવે આ.

अतो हताः प्रमादिनो गताः सुखासीनतां
प्रलीनं चापलमुन्मूलितमालम्बनम्।
आत्मन्येवालानितं च चित्त-
मासम्पूर्णविज्ञानघनोपलब्धेः।।१८८।।

**શ્રોતા** :- કળશ પહેલાંનો ભાવાર્થ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પહેલો અર્થ કેમ આવ્યો? આમાં નથી. આના પછી આ જ છે પાધરું. પાના ફેર છે. આમાં કેમ નથી? આમાં નથી જુઓને.

'**આ ગ્રંથમાં આગળ કહેશે કે—**' બસ, પછી શ્લોક આવ્યો પાધરો. '**અનેક પ્રકારના વિસ્તવારવાળા જે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મ છે તેમનાથી જે પોતાના આત્માને નિવર્તાવે છે...**' આ અર્થ કર્યો છે પાધરો. ઓલો શબ્દ નથી લીધો, ઠીક. '**અનેક પ્રકારના વિસ્તારવાળાં જે પૂર્વે કરેલાં શુભાશુભકર્મ છે...**' પૂર્વે જે અનંતવાર પુણ્ય-પાપના ભાવ કર્યા શુભા-શુભભાવ '**કર્મ છે તેમનાથી જે પોતાના આત્માને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે.**' લ્યો! ઠીક ઓલો શ્લોક નથી. બાકી શ્લોકનો અર્થ છે. સંસ્કૃતમાં છે, સંસ્કૃતમાં છે. ગુજરાતીમાં છે એ તો ખબર છે. '**कम्मं जं पुव्वकयं सुहासुहमणेय-वित्थरविसेसं।**' સંસ્કૃત ટીકામાં છે. ગુજરાતીમાં નથી. ઠીક!

**ભાવાર્થ** :— આ કહ્યો એનો ભાવાર્થ. '**વ્યવહારાવલંબીએ કહ્યું હતું કે—**' એ દ્રવ્ય શુભભાવની ક્રિયાકાંડ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ આદિ એના પક્ષના વ્યવહારનયવાળા વર્તમાન રાગના પક્ષવાળા એણે કહ્યું હતું કે '**શુદ્ધ આત્માના આલંબનનો ખેદ કરવાનું શું પ્રયોજન છે?**' એકદમ આત્મા પુણ્ય-પાપથી રહિત શુદ્ધ છે એવો અનુભવ કરવો એટલા

બધા પ્રયાસનું શું કામ છે? પહેલાં શુભભાવ તો કરવા દ્યો એમ અજ્ઞાની કહે છે. શુભભાવથી પાપનો નાશ થશે પછી પવિત્ર થશે. એમ અજ્ઞાની શિષ્યનો પ્રશ્ન છે.

'**લાગેલા દોષોનું પ્રતિક્રમણ આદિ કરવાથી જ આત્મા શુદ્ધ થાય છે,...**' શુભભાવથી આત્મા શુદ્ધ થશે. તો પહેલેથી શુદ્ધ-શુદ્ધ દૃષ્ટિ કરો અને શુદ્ધનો અનુભવ કરો એમ પહેલાં કેમ કહો છો? એમ અજ્ઞાની શિષ્યનો પ્રશ્ન છે. '**તો પછી પ્રથમથી જ શુદ્ધ આત્માના આલંબનનો ખેદ કરવાનું શું પ્રયોજન છે? શુદ્ધ થયા પછી તેનું આલંબન થશે;...**' શુભભાવ કરવાથી કાંઈક શુદ્ધ થશે અને પછી આલંબન થશે—એમ શિષ્યનો પ્રશ્ન છે. ગુજરાતીમાં છે અને આમાં કેમ નહિ નાખ્યું હોય? ટીકામાં તો છે.

'**તેને આચાર્ય સમજાવે છે કે :— જે દ્રવ્યપ્રતિક્રમણાદિક છે તે દોષનાં મટાડનારાં છે, તોપણ શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે તેના આલંબન વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે,...**' આહા..હા..! આ વ્યવહારક્રિયાકાંડ જેટલી છે ક્રિયાકાંડ એ બધો અંદર આત્મા આનંદનો નાથ એની દૃષ્ટિ વિના બધું દોષરૂપ છે. આહા..હા..! જેને લોકો ધર્મ માની પૂજા, ભક્તિ, વ્રત, તપ ને આમ કરે. કહે છે કે એ આત્માના આનંદના અનુભવ વિના એ બધી ક્રિયાકાંડ બધી પાપ દોષ છે. ભાઈ ગયા? પંકજ ગયો હશે. '**તેને આચાર્ય સમજાવે છે કે :— જે દ્રવ્યપ્રતિક્રમણાદિક છે તે દોષનાં મટાડનારાં છે, તોપણ શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે તેના આલંબન વિના...**' વ્યવહારશુભભાવ છે એ અશુભને ઘટાડવામાં કારણ છે, પણ શુદ્ધની દૃષ્ટિ થઈ હોય તેને. જેને ત્રીજી ભૂમિકા 'પુણ્ય-પાપથી રહિત હું આનંદ ચીજ છું.' એવી ભૂમિકા વિના તારો શુભભાવ એકલો ઝેર અને દુઃખ છે. આહા..હા..! આવી તો અનંતવાર ક્રિયાકાંડ કરી છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો '**દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે, દોષ મટાડવાને સમર્થ નથી;...**' વ્યવહારસામાયિક ને પ્રૌષધ ને પ્રતિક્રમણ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને વ્રત ને તપ ને એ બધો ભાવ શુભ છે, તે દોષ મટાડવાને સમર્થ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેને દુનિયા ધર્મ માનીને બેઠી છે એ દોષ મટાડવાને સમર્થ નથી. એ શુભભાવ પોતે દોષ છે. આહા..હા..! '**દોષ મટાડવાને સમર્થ નથી; કારણ કે નિશ્ચયની અપેક્ષા...**' જુઓ, '**સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે,...**' શું કહે છે? જેને પુણ્ય-પાપ અને પાપના ભાવથી રહિત શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ થયો એવા નિશ્ચયસહિતવાળાને વ્યવહાર આવે છે તેને વ્યવહાર કહેવામાં આવે છે, પણ જેને નિશ્ચયસ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ છે જ નહિ એના વ્યવહારક્રિયાકાંડ કાંઈ છે જ નહિ, એ તો અપરાધ અને દોષ છે. આહા..હા..! વ્યવહાર ત્યારે કહવામાં આવે છે કે જ્યારે નિશ્ચયદૃષ્ટિ પુણ્ય-પાપથી રહિત આત્માની દૃષ્ટિ અને અનુભવ થાય. આહા..હા..! આ દુનિયાથી વિરુદ્ધ છે. સંપ્રદાયમાં ચાલે

છે એનાથી વિરુદ્ધ. હિંમતભાઈ! સ્થાનકવાસીમાં કરે કે સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, અપવાસ કરો. દેરાવાસીમાં એમ કહે કે જાત્રા કરો, ભક્તિ કરો ગિરનારની, પાંચ-પચાસ હજાર ખર્ચો લાખ-બે લાખ, જાવ ધર્મ થશે. દિગંબરમાં એ લૂગડા છોડી દ્યો. બીજું ગમે તે હોય... થઈ ગયા ત્યાગી અને સાધુ. અરે! ભગવાન! માર્ગ જુદો છે, ભાઈ! જન્મ-મરણરહિત થવાનો, ભવનો અભાવ કરીને આત્માની મોક્ષદશા પ્રાપ્ત થવી એ કોઈ અલૌકિક વાત છે, એનો ઉપાય અલૌકિક છે. લૌકિક વાત સાથે મેળ નહિ ખાય. આહા..હા..!

'**નિશ્ચયની અપેક્ષાસહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે,...**' ભાષા શું છે? શુદ્ધ ચૈતન્ય શુભ-અશુભભાવથી રહિત છે એવી દૃષ્ટિ અને નિશ્ચય થયો હોય, એવા નિશ્ચયવાળાને વચ્ચે વ્યવહાર શુભ આવે છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. અજ્ઞાની જેને હજી આત્મજ્ઞાન અને દર્શન શું ચીજ છે એની ખબર નથી અને વ્યવહાર આવ્યો એને વ્યવહાર કહે છે, એને અહીંયા વ્યવહાર કહેતા જ નથી. સમજાણું કાંઈ? છે? પંડિતે ખુલાસો કર્યો છે. આટલો તો પંડિતે ખુલાસો કર્યો. '**નિશ્ચયની અપેક્ષાસહિત જ...**' નિશ્ચયનય આત્મા આનંદસ્વરૂપ ભગવાન એની દૃષ્ટિ અને અનુભવ થયો તો નિશ્ચયસહિતને '**વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે,...**' વચ્ચે શુભરાગ આવે છે તેને વ્યવહાર કહેવામાં આવે છે; પણ જ્યાં નિશ્ચય દૃષ્ટિ જ નથી, આત્માનો અનુભવ નથી અને એકલી ક્રિયાકાંડ રાગ (કરે છે એ તો) ઝેર ખાય છે, ઝેર પીવે છે કહે છે. આહા..હા..! ભગવાન ચૈતન્ય અમૃતનું પૂર એની અનુભવ દૃષ્ટિ નથી. આહા..હા..!

'અનુભવીને એકલું રે આનંદમાં રહેવું રે.' કહ્યું હતુંને એ. અમારે પાડોશી હતા. તે દિ' બ્રાહ્મણ. ઉમારાળા જન્મ ગામ ઉમરાળા. પાડોશી હતા તે અમારી બાના મોસાળના હતા તો અમે તેને મામા કહેતા. મૂળજીમામા બ્રાહ્મણ હતા. ન્હાય અને અબોટીયું પહેરે લૂગડાનું ત્યારે આટલું બોલતા. આ તો પોણો સો વર્ષ પહેલાંની વાતું છે. ૧૦-૧૨ વર્ષની ઉંમર હતીને ત્યારે. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' દરબાર! આ તો ૭૭ વર્ષ (પહેલાં). આહા..હા..! એ વખતે સાંભળેલું કે શું કહે છે આ? મામા કાંઈક બોલે છે ખરા. બ્રાહ્મણ હતા બિચારા. એને પણ ખબર નહિ. 'અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે.' ધર્મી જીવ તો અનુભવી પોતાના આનંદમાં રહે છે. અતીન્દ્રિય આનંદમાં. 'ભજવા પરિબ્રહ્મ.' આત્માનું ભજન કરવું. આનંદ સ્વરૂપનું ભજન કરવું અતીન્દ્રિય આનંદથી. 'બીજું કાંઈ ન કહેવું રે.' બીજું કાંઈ ન કહેવું. એવું પદ આવે છે. આહા..હા..! ન્હાયને ન્હાય ત્યારે ઓલું અબોટીયું પહેરે ત્યારે એ બોલે એ વખતે. જરીક કાંઈક ધર્મની ક્રિયાની ભાષા બોલીએ છીએ, એમ. ખબર તો કાંઈ ન મળે. અનુભવ કોને, આત્મા શું.. આહા..હા..!

અહીં તો કહે છે. '**નિશ્ચયની અપેક્ષાસહિત જ...**' નિશ્ચયનયથી આત્મા અનુભવમાં

આવ્યો હોય, એનાથી સહિત હોય તેને **'વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે,...'** વ્યવહારનય આવે છે તો વ્યવહાર કહેવામાં આવે છે. જેને નિશ્ચયનું ભાન નથી તેને વચ્ચે વ્યવહાર આવ્યો એ વ્યવહાર છે એમ કહેતા નથી. સમજાણું કાંઈ? **'કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી,...'** આહા..હા..! આત્માના આનંદના અનુભવ વિના એકલો વ્યવહાર એ મોક્ષમાર્ગમાં છે જ નહિ. આહા..હા..! **'વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી, બંધનો જ માર્ગ છે.'** શું કહે છે? શુદ્ધ ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપ ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ, એની દૃષ્ટિ અને અનુભવ વિના કેવળ વ્યવહાર આવે છે એ તો બંધનું જ કારણ છે. આહા..હા..! દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત, તપ, નામસ્મરણ ભગવાન પરમાત્માનું. બધો રાગ છે, બધો વ્યવહાર છે, બધું બંધનું કારણ છે. આહા..હા..! આવી વાતું હવે.

**'માટે, એમ કહ્યું છે કે—અજ્ઞાનીને જે અપ્રતિક્રમણાદિક છે...'** અજ્ઞાનીનું જો મિથ્યાત્વાદિ, અજ્ઞાન આદિનું પાપ છે એ તો અપ્રતિક્રમણ છે, નિશ્ચયથી એકલું પાપ જ છે. **'અજ્ઞાનીને જે અપ્રતિક્રમણાદિક છે તે તો વિષકુંભ છે જ;...'** ઝેરનો ઘડો છે. **'તેમની તો વાત જ શી?'** આહા..હા..! **'પરંતુ વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિ કહ્યાં છે...'** આહા..હા..! વ્યવહારચારિત્રમાં વ્યવહાર શુભભાવને અમૃત કહ્યું છે. આહા..હા..! **'તે પણ નિશ્ચયનયે વિષકુંભ જ છે,...'** આહા..હા..! વ્યવહારક્રિયાકાંડ નિશ્ચયસહિતની ક્રિયા છે એ પણ નિશ્ચયથી તો ઝેરનો ઘડો છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારથી અમૃત કહેવામાં આવ્યું એ નિશ્ચયદૃષ્ટિ અનુભવ છે તો. આત્માનું ભાન આત્મજ્ઞાન છે, આત્મદર્શન છે, આત્મ અનુભવ છે તેના વ્યવહારને વ્યવહાર કહેવામાં આવે છે, પણ એકલા નિશ્ચયના ભાન વિના એકલો વ્યવહાર તો એકલું બંધનું જ કારણ છે. આહા..હા..! એ તો ઝેર છે, ઝેરનો ઘડો છે. આહા..હા..! આકરું પડે વાડાવાળાને તો. દયા, દાન, વ્રત કરે, અપવાસ કરે, આઠ-આઠ અપવાસ, મહિના-મહિનાના અપવાસ એમાં શુભભાવ હોય તો એ ઝેરનો ઘડો છે. નિશ્ચયનું તો ભાન નથી. આત્મા શું ચીજ છે એની ખબર નથી. આહા..હા..! કહો, દેવચંદજી!

**'કારણ કે આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત,...'** છે. **'શુદ્ધ, અપ્રતિક્રમણાદિસ્વરૂપ જ છે.'** એ વ્યવહારપ્રતિક્રમણાદિથી તો રહિત આત્મા છે. શુભરાગથી તો રહિત છે. એની તો ખબર નથી અને એકલો વ્યવહાર છે એ તો ઝેરરૂપ છે. એને વ્યવહાર, પરમાર્થે કહેવામાં આવતો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ-૧૪, બુધવાર, તા. ૧૫-૦૬-૧૯૭૭,**
**કળશ-૧૮૮, પ્રવચન નં. ૩૬૭**

સમયસાર, મોક્ષ અધિકાર, ૧૮૮ કળશ છે.

अतो हताः प्रमादिनो गताः सुखासीनतां
प्रलीनं चापलमुन्मूलितमालम्बनम्।
आत्मन्येवालानितं च चित्त-
मासम्पूर्णविज्ञानघनोपलब्धेः।।१८८।।

આહા..હા..! ઉપરની સાથે સંબંધ કરે છે.

'**શ્લોકાર્થ :— આ કથનથી, સુખે બેઠેલા...**' સુખે એટલે ક્રિયાકાંડ કરે છે પણ આત્મા શું ચીજ છે એની કાંઈ ખબર નથી. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપની ખબર વિના જે દયા, દાન, વ્રત આદિ કે ભક્તિ આદિના પરિણામ કરે અને માની સંતુષ્ટ થાય કે અમને એનાથી ધર્મ થશે. સમજાણું કાંઈ? મોટો ભાગ એ જ છે. આહા..હા..! '**સુખે બેઠેલા પ્રમાદી જીવોને હત કહ્યા છે (અર્થાત્ મોક્ષના તદ્દન અનધિકારી કહ્યા છે),...**' જેને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપની ખબર નથી, જેની સન્મુખતા થઈને તેનો સ્વીકાર નથી એવા જીવો મોક્ષના અનધિકારી છે. ધર્મના અનધિકારી છે એટલે કે મોક્ષના અનધિકારી છે. આહા..હા..!

'**चापलम् प्रलीनम्**' વિકલ્પની જાળ જે બધી છે એ ચપળાઈ છે એમ કહે છે. દ્રવ્ય પ્રતિક્રમણ, ભક્તિ, પૂજા, દાન, દયાના ભાવ, ભણવું, ભણાવવું, પઠન, પાઠન, ચિંતવન વગેરે એ બધા વિકલ્પોની જાળ રાગની છે, એ ચાપલ્યપણું છે. આહા..હા..! એ ચપળાઈપણું છે, એ કાંઈ આત્માનો ધર્મ નથી. આહા..હા..! '**ચાપલ્યનો (-વિચાર વિનાના કાર્યનો)...**' સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ચૈતન્યસ્વરૂપ તેના સ્વભાવની દૃષ્ટિ વિનાના કાર્યનો '**(અર્થાત્ આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી),...**' આહા..હા..! લાખો કરોડો રૂપિયા ખર્ચતા હોય, મોટી ભક્તિ-પૂજા (કરતા હોય), પંચપરમેષ્ઠીની પ્રભાવના કરતો હોય, પણ એ બધું ચાપલ્યપણું છે, એ શુભરાગ છે. આહા..હા..! ચૈતન્યસ્વભાવ જે એવા વિકલ્પથી ભિન્ન છે એના ભાન વિનાની ક્રિયાઓને અહીંયાં અનધિકારી, મોક્ષને માટે અનધિકારી તેવા મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. છે?

'**આત્મભાન વિનાની ક્રિયાઓને...**' આહા..હા..! આત્મજ્ઞાન જ્યાં ચૈતન્યના આનંદનું ભાન નથી, જેનો ચૈતન્ય દ્રવ્યસ્વભાવ જ્ઞાન, આનંદ અને વીતરાગસ્વરૂપ તે આત્મા છે એની સન્મુખ થયો નથી અને એનાથી વિમુખની ક્રિયાકાંડમાં મશગુલ છે એને અહીંયાં ધર્મના અને

મોક્ષના અનધિકારી કહ્યા છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! એકલા પાપમાં જે પડ્યા છે એની વાત તો શું કરવી? કહે છે. એ તો પહેલેથી કહ્યું છેને. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના પાપના પરિણામમાં પડ્યા છે એકલા એની તો શું વાત કરવી? એ તો પાપી ચાર ગતિમાં રખડનારા છે. આહા..હા..! પણ જે કાંઈ એ પાપ છોડીને પુણ્યની ક્રિયામાં આવ્યા, પંચપરમેષ્ઠીના સ્મરણમાં, જાપમાં, ભક્તિમાં, પૂજામાં, સામાયિક, પ્રૌષધ, પ્રતિક્રમણ, વ્યવહાર ક્રિયાકાંડમાં આવ્યા એ પણ રાગ અને ચપળપણું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી.

**'आलम्बनम् उन्मूलितम्'** આહા..હા..! સ્વદ્રવ્યના આલંબન વિના જેટલું પરદ્રવ્યનું આલંબન છે એને તો મૂળમાંથી ઉખેડી નાખ્યું છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધા વિકલ્પો હો, પણ એ મોક્ષમાર્ગ નથી. આહા..હા..! એમ છે. આત્મા ચૈતન્ય ભગવાન આત્મા એના આલંબન વિના જેટલું પરદ્રવ્યનું આલંબન છે. ચાહે તો પંચપરમેષ્ઠીનું હો, શાસ્ત્રનું આલંબન હો એને ઉખેડીને **'उन्मूलितम्'** મૂળમાંથી ઉખેડી નાખ્યું છે. આહા..હા..! એ બધી ક્રિયાઓ પ્રમાદની વીતરાગભાવ સિવાયની રાગની ક્રિયાઓ એ બધી પાપની નિંદા, પાપની ગર્હા, ચિત્તને પાપથી પાછું વાળવું એ બધો શુભરાગ છે, એમાં પરદ્રવ્યનું આલંબન છે. આહા..હા..! સ્વદ્રવ્યના આલંબન સિવાય જેટલું પરદ્રવ્યનું આલંબન થાય એ બધાને ઉખેડી નાખ્યું છે. કહો, દેવીલાલજી! આકરું પડે. ભાવપાહુડમાં તો આવે છે બધું ઘણું લ્યો! પંચમહાવ્રત ને એક-એકની ભાવના, શોડષકારણ ભાવના એ બધું શુદ્ધ સ્વભાવસહિત હોય છે એટલું જણાવ્યું છે, પણ જેને શુદ્ધનું જ્ઞાતાદૃષ્ટાપણું નથી, 'હું એક જ્ઞાન અને આનંદનો કંદ છું' એવી સ્વચૈતન્યની અવલંબન દશા જ્યાં નથી, એ વિનાના પ્રાણીને પરદ્રવ્યનું જેટલું આલંબન છે, અહીં તો પરમેશ્વર કહે છે કે અમારું પણ આલંબન જ્યાં સુધી તને છે, ત્યાં સુધી (તને) રાગ છે. આહા..હા..!

એ તો પંચાસ્તિકાયમાં આવે છેને. સ્વસમય-પરસમય. અરિહંત પ્રત્યેનો રાગ પણ મોક્ષનું કારણ નથી. આહા..હા..! ત્યાં તો એમ પણ કહ્યું છે પંચાસ્તિકાયમાં તો નહિ? ૧૬૮ ગાથામાં. એ પુણ્યરૂપી ભાવ આસ્રવ પરંપરા દોષનું, અનર્થનું કારણ છે. અમૃતચંદ્રાચાર્યમાં છે. છે અહીં પંચાસ્તિકાય? નથી? નહિ આવ્યું હોય. ૧૬૮ ગાથા. અમૃતચંદ્રાચાર્ય પોતે (કહે છે). છે અહીં પંચાસ્તિકાય? **'આ, રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે...'** ટીકામાં છે હોં! **'रागलवमूलदोषपरम्पराख्यानमेतत्।'** અમૃતચંદ્રાચાર્ય કહે છે પોતે. જેમાં રાગનો લવ પણ જરી છે... આહા..હા..! એ ખરેખર દોષ પરંપરાનું કથન છે. આહા..હા..! કુંદકુંદાચાર્યમાં તો આવે જ છે બાર ભાવનામાં. આસ્રવ પરંપરા અનર્થનું કારણ છે, પણ આ તો અમૃતચંદ્રાચાર્યે નાખ્યું. ૧૬૮. જુઓ, છે? **'આ, રાગલવમૂલક દોષપરંપરાનું નિરૂપણ છે (અર્થાત્ અલ્પ**

**રાગ જેનું મૂળ છે એવી દોષોની સંતતિનું અહીં કથન છે).'** આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધાને લઈને છે. આહા..હા..! રાગનો ભાગ જ છે એ પરંપરા અનર્થનું કારણ છે. આ ઈ કહે છે જુઓ!

**'અહીં (આ લોકમાં) ખરેખર અર્હંતાદિ પ્રત્યેની ભક્તિ...'** સંસ્કૃત છે. પાંચ પરમેષ્ઠી અરિહંત. એ **'રાગપરિણતિ વિના હોતી નથી. રાગાદિપરિણતિ હોતાં, આત્મા બુદ્ધિપ્રસાર વિનાનો પોતાને કોઈ પણ રીતે રાખી શકતો નથી;...'** બુદ્ધિનો પ્રસાર આમ થાય છે રાગ. આહા..હા..! ચાહે તો અરિહંત પ્રત્યે થાય, સિદ્ધ પ્રત્યે, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, શાસ્ત્ર **'અને બુદ્ધિપ્રસાર હોતાં (-ચિત્તનું ભ્રમણ હોતાં), શુભ વા અશુભ કર્મનો નિરોધ હોતો નથી. માટે, આ અનર્થસંસતિનું મૂળ રાગરૂપ ક્લેશનો વિલાસ જ છે.'** અમૃતચંદ્રાચાર્ય કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! રાગનો લવ થોડો પણ ભાગ, ભગવાન આત્મા તો વીતરાગમૂર્તિ ચિદાનંદસ્વરૂપ છે. એના વિના રાગનો એક અંશ પણ પરદ્રવ્યના આલંબનવાળો પરંપરા દોષની સંતતિનું મૂળ છે, એમ કહ્યું. દોષની પરંપરાનું મૂળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગમાર્ગ છે. અંતર આત્મા ચૈતન્યસ્વરૂપ એ વીતરાગસ્વભાવથી જ ભરેલું તત્ત્વ છે. એના આલંબન વિના જેટલા આત્માને પરદ્રવ્ય તરફનું સિદ્ધનું લક્ષમાં આલંબન આવે તોપણ રાગ ઉત્પન્ન થશે. આહા..હા..! અને એ નાનો રાગ પણ દોષની પરંપરા સંતતિનું કારણ છે એમ કહ્યું છે. સ્પષ્ટ કરી નાખ્યું છે. સમજાય છે કાંઈ?

જ્ઞાનીને આવે ખરો ભાવ, પણ છે તો એ દુઃખ અને ભવિષ્યમાં પણ તેના ફળ તરીકે સંયોગી ચીજ મળશે અને તેના તરફ લક્ષ જશે એટલે દુઃખ જ, રાગ જ થશે. ભારે ઝીણી વાત. એ ૭૪મી ગાથામાં કહ્યું નહિ? દુઃખ, દુઃખનું કારણ છે ભવિષ્યમાં પણ. રાગ છે એ પુણ્ય છે અને એનાથી બંધાશે પુણ્ય અને એનાથી મળશે સંયોગી ચીજ. એ સંયોગી ચાહે તો વીતરાગ હોય ને ચાહે તો વીતરાગની વાણી પણ પરદ્રવ્ય છે. એના તરફ લક્ષ જશે એટલે રાગ જ થશે. આહા..હા..! એવું ઝીણું છે. આ તો અમૃતચંદ્રાચાર્યે પોતે કર્યું.

એક ઠેકાણે વળી એમ કહે, જ્ઞાની છે, આત્મજ્ઞાની છે એને રાગાદિ પરંપરા મોક્ષનું કારણ છે, એમ પણ કહે. એ તો આરોપથી કથન છે. અહીંયાં આમ કહે છે ૧૬૮ ગાથામાં કે રાગનો લવ થોડો પણ દોષની પરંપરાનું કારણ છે. એય..! ધર્મચંદજી! આહા..હા..! આ તો વીતરાગધર્મ છે. વીતરાગી સ્વરૂપ ચૈતન્ય સ્વદ્રવ્ય એની સન્મુખતાનો ભાવ તે વીતરાગભાવ છે, તે મોક્ષનું કારણ છે. એના સિવાય પરદ્રવ્યમાં ગમે તે પરદ્રવ્યનું આલંબન આવો (એ મોક્ષનું કારણ નથી). આમાં લખ્યું હતું ભાઈએ. ટીકામાં. ભણવું, ભણાવવું આદિ એ બધું. કળશ ટીકાકારે. કેટલામો કળશ? ૧૮૮. એ કહ્યું જુઓ, ૧૮૮ છેને? આ કળશ ચાલે છે

ઈ ૧૮૮ છે. એમાં લખ્યું આલંબનની વ્યાખ્યામાં જુઓ. '**બુદ્ધિપૂર્વક જ્ઞાન કરતાં થકાં જેટલું ભણવું, વિચારવું, ચિંતવવું, સ્મરણ કરવું ઈત્યાદિ છે તે મોક્ષનું કારણ નથી...**' આ ૧૮૮માં આવ્યું. આ ચાલતામાં જ છે. સમજાણું કાંઈ? ભણવું. '**બુદ્ધિપૂર્વક જ્ઞાન કરતાં થકાં...**' એમ કહે છે વિકલ્પથી. '**જેટલું ભણવું, વિચારવું, ચિંતવવું, સ્મરણ કરવું ઈત્યાદિ છે તે મોક્ષનું કારણ નથી એમ જાણીને હેય ઠરાવ્યું છે.**' આવું છે.

**શ્રોતા :-** આત્મજ્ઞાન વિના છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મજ્ઞાન વિના છેને, પણ આત્મજ્ઞાન હોય ત્યાં પણ રાગ તો દુઃખનું જ કારણ છે. વર્તમાન પણ દુઃખ છે અને ભવિષ્યમાં પણ એનું ફળ તો દુઃખ છે. કેમકે રાગથી પુણ્ય બંધાશે, કહ્યુંને. ધર્મીને પણ રાગથી પુણ્ય બંધાશે અને પુણ્યથી સંયોગ મળશે અને સંયોગ ઉપર લક્ષ જશે એટલે રાગ થયા વિના રહે જ નહિ પરના આલંબનમાં. ચાહે તો વીતરાગની વાણી અને ભગવાન મળે તોપણ એના ઉપર લક્ષ જશે તો રાગ થશે. આકરી વાત છે. ૭૪ ગાથામાં આવે છે. વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખનું કારણ છે એમ કીધું છે. આહા..હા..! પરમાર્થ સત્ય વસ્તુ બહુ અલૌકિક અને ઝીણી છે. આહા..હા..! આને તો બહારથી ઠેકાણા વિનાનું મળ્યું છે હજી. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર એના કથન શું? એની સ્થિતિ શું એની પણ ખબર ન મળે. આહા..હા..!

અહીં તો સાચા દેવ-ગુરુ અને સાચા શાસ્ત્ર મળ્યા તો તો એ પરદ્રવ્ય છે અને એનું જેટલું આલંબન છે એ રાગનું મૂળ છે. સ્વદ્રવ્યના આલંબન સિવાય પરદ્રવ્યના આલંબન બધા વિકારનું મૂળ છે. સમજાય છે કાંઈ? જુઓ, એ કહ્યુંને? '**આલંબનને ઉખેડી નાખ્યું છે.**' '**उन्मूलितम्**' '**उन**' મૂળમાંથી કાઢી નાખ્યું છે. પરનું આલંબન એ નુકસાનકારક છે એમ મૂળમાંથી ઉઠાવી નાખ્યું છે. આહા..હા..! જગતને તો આકરું પડે. સંપ્રદાયના માણસને અત્યારે ચાલે છે. બહારની ક્રિયાકાંડ તપસ્યા કરે, અપવાસ કરે. ભાન ન મળે આત્મા શું છે ચીજ. સમ્યગ્દર્શન. એ અપવાસ કરે એટલે તપસ્યા, તપસ્યા થઈ એ નિર્જરા, નિર્જરા એ ધર્મ બસ. આહા..હા..! એ કહેતી હતી એક આર્જિકા વડોદરામાં. આ હતાને ભાઈ? હેં? ચંદુભાઈ, વેજલકાવાળા. એની સાથે વાત થતાં એણે કીધું, બીજું બધું તો ઠીક પણ આ અપવાસ અને તપસ્યા એ તો નિર્જરા છે. શાસ્ત્રમાં તપને નિર્જરા (કહ્યું છે). પણ કયું તપ, બાપુ? એ તપ તો લાંઘણું છે. તપ તો આત્માના આનંદમાં ઉગ્રપણે પુરુષાર્થથી આનંદમાં રમણ કરવું એ તપ છે. તપયંતિ ઈતિ તપઃ. એ તપ છે.

**શ્રોતા :-** બાર પ્રકારના તપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાર પ્રકારના એ બધા વિકલ્પ છે. એ ધ્યાન પણ આનું કરું ધ્યાન એ પણ એક વિકલ્પ છે. આહા..હા..! મોક્ષમાર્ગમાં લીધું છે, બારે પ્રકારના તપને વિકલ્પમાં લીધું છે. આહા..હા..! એ કીધુંને આમાં કે ચિત્તને સ્થિર રાખી શકશે જ નહિ

રાગનો અવલંબી. પરદ્રવ્યનું આલંબન જેને છે એને અસ્થિરતા જ થશે, એ સ્થિરતા કરી શકશે નહિ. આહા..હા..! આવી વાત છે. એકલા અજ્ઞાનીના પાપની વાતું તો શું કરવી કહે છે, પણ જ્ઞાનીને જે રાગ આવે એ પણ પરંપરા દોષનું કારણ છે. આહા..હા..!

**શ્રોતા :-** પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે એ આરોપથી કથન છે, વસ્તિસ્થિતિ આ છે. એમાં મોક્ષનું પરંપરા કારણ કહ્યું છે પંચાસ્તિકાયમાં. જ્યાં દૂર છે મોક્ષ ત્યાં પાઠ છેને. મોક્ષ દૂર છે ત્યાં અર્થમાં લીધું ટીકામાં જરી. એમ કે પાંચ પરમેષ્ઠીની ભક્તિ કરતાં પણ મોક્ષ દૂર છે. એના અર્થમાં જરી લીધું છે. પરંપરા એટલે કે અત્યારે અશુભ ટાળે છે. એ તો આપણે પડિક્કમણામાં આવી ગયું, સમયસારમાં કે જેને આત્મજ્ઞાન અને આત્મદર્શન આનંદનો સ્વાદ છે એ જીવને આવો જે રાગ આવે એ દોષને ઘટાડવા માટે સમર્થ છે, અભાવ કરવા માટે સમર્થ નથી. એ જ્ઞાનીને હોં! અજ્ઞાનીની તો વાત જ નથી. અજ્ઞાનીને તો એકલો મિથ્યાત્વ અને અશુભભાવ જ પડ્યો છે બધો. એ શુભભાવ થાય તો એને અશુભ ગણવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને તો આત્માનું જ્ઞાન છે, આત્મદર્શન છે એને પણ જે રાગભાવ આવે... આહા..હા..! હોય છે વ્યવહાર, પણ એ વ્યવહાર બંધનું કારણ છે અને બંધ છે તે સંયોગને દેશે. એ સ્વભાવના અવલંબનમાં એ કામ નહિ કરે. આહા..હા..!

**'આલંબનને ઉખેડી નાખ્યું છે (અર્થાત્ સમ્યગ્દૃષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ...'** જોયું! સમ્યગ્દૃષ્ટિના, ધર્મીના, આત્મજ્ઞાનીના **'દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને...'** એને પણ ખરેખર બંધનું કારણ ગણીને. જુઓ, સમકિતદષ્ટિની એમ વાત છે. આહા..હા..! **'હેય કહ્યાં છે,...'** આહા..હા..! એ પંચપરમેષ્ઠીનું સ્મરણ અને ચિત્તને પાપથી પાછું વાળવું, પાપ લાગે એના પ્રાયશ્ચિત લેવા એ બધો શુભભાવ... આહા..હા..! એ નિશ્ચયથી બંધનું કારણ ગણી એને હેય-છોડવાયોગ્ય છે એમ કહ્યું છે. પુંજાભાઈ! આવી વાત છે. અજ્ઞાનીને તો વ્યવહાર છે જ ક્યાં? વ્યવહારાભાસ છે. આહા..હા..! ધર્મીને પણ બે ધારા છે. પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી આત્મધારાની શુદ્ધતા પણ છે અને રાગધારાની અશુદ્ધતા પણ છે. ચાહે તો વ્યવહારરત્નત્રયનો રાગ હો પણ રાગ છે એ તો, બંધનું જ કારણ છે. આહા..હા..! એ અહીં કહે છે.

**શ્રોતા :-** ધર્મીજીવના બંધને બંધ ગણવામાં આવ્યો જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો દૃષ્ટિની અપેક્ષાએ જ્યારે વાત ચાલતી હોય ત્યારે. યથાર્થ જ્ઞાનના સ્વભાવની વાત ચાલતી હોય ત્યારે તો એના અંશે-અંશે જે રાગ છે તે બંધનું કારણ છે. કહ્યુંને ત્યાં? પુરુષાર્થસિદ્ધિ ઉપાય. **'येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।'** એન અંશે સમકિતિ, એન અંશે અબંધ. ત્રણ ગાથા છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. સમજાણું કાંઈ?

એ તો સમ્યગ્દષ્ટિની વાત ત્યાં કરી છે, મુનિની વાત કરી છે. આહા..હા..! મુનિ પોતે કહેતા નથી? અમૃતચંદ્રાચાર્યે કળશમાં ન કહ્યું? અમે આત્મદષ્ટિએ, દ્રવ્યદષ્ટિએ તો શુદ્ધ છીએ એવું ભાન છે, પણ અનાદિની કર્મના ઉદયના નિમિત્તને વષે કલ્માષિતાયાં—કલુષિતતા ઉત્પન્ન થાય છે એ દુઃખરૂપ છે. આહા..હા..! એ આચાર્ય કહે છે ત્રીજો શ્લોક શરૂઆતમાં. આચાર્ય પોતે છઠ્ઠે ગુણસ્થાને અંદર વિકલ્પ ઉઠ્યો છે અને છઠ્ઠે ગુણસ્થાને ત્રણ કષાયનો અભાવ છે એ ત્યાં કહે છે લ્યો! છે? જુઓ, ત્રીજો શ્લોક ત્રીજો. છેને કળશ?

'**શ્રીમાન્ અમૃતચંદ્રચાર્ય કહે છે...**' ત્રીજો શ્લોક છે. ચોથું પાનું છે ગુજરાતી. નીચેથી બે લીટી. આવ્યું જયેશ? ક્યાં? ઈ. '**અમૃતચંદ્રાચાર્ય કહે છે કે :— આ સમયસાર (શુદ્ધાત્મા તથા ગ્રંથ)ની વ્યાખ્યા(કથની તથા ટીકા)થી જ મારી અનુભૂતિની અર્થાત્ અનુભવનરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ (સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા) થાઓ. કેવી છે તે પરિણતિ?**' આહા..હા..! '**પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભાવ(-ઉદયરૂપ વિપાક)ને લીધે જે અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ છે...**' આહા..હા..! '**તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે.**' આહા..હા..! છે? પંડિતજી! ત્રીજો કળશ. આચાર્ય પોતે કહે છે કલ્માષિતાં. જેટલો વિકલ્પ ઉઠે છે એ મેલ છે, કલુષિત છે, અનાદિની દશા છે. વસ્તુનો અનુભવ થઈને છઠ્ઠે ગુણસ્થાને મુનિ આવ્યા છે, ત્રણ કષાયના અભાવમાં આવ્યા છે, એ એમ કહે છે કે અમને અનાદિની રાગનો વિકલ્પ છે એ '**कल्माषितायाः**' કલુષિતતા છે. આહા..હા..! છે? અનુભાવ્ય નામ '**નિરંતર કલ્માષિત (મેલી) છે. અને હું કેવો છું? દ્રવ્યદષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.**' મારી ચીજ જે છે એ તો ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દષ્ટાના ભાવથી ભરેલો પદાર્થ છે એ હું છું, પણ મારી પરિણતિ કલ્માષિત છે, મેલી છે, દુઃખરૂપ છે. છે કે નહિ? પંડિતજી! આહા..હા..! આકરું કામ છે.

અહીં તો કણે-કણે ગણવાનો અંશ જે હોય રાગનો એ મેલી છે. ચાહે તો આચાર્ય હોય, મુનિ હોય. અને એક કળશમાં નથી આવતું? ખેદ થાય છે અમને. મુનિ એમ કહે છે. અરે..! આ લોકો કેમ સમજતા નથી અને આ શું કરે છે? ખેદ થાય છે. તો ખેદ છે એ રાગ છે. ત્યાં લખ્યું છે જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી રાગ એવો આવે. મુનિને ખેદ થાય છે, અરેરે..! આ શું કરે છે લોકો? ચૈતન્યને ભૂલીને ક્યાં જાય અને શું કરે છે આ? આહા..હા..! પ્રભુ! તારા સુખનું સ્વાધીનપણું સ્વાવલંબે પ્રગટવું જોઈએ એને મૂકીને તું આ પરના આલંબનમાં ક્યાં જાય છે? આહા..હા..! શું કરવું છે પ્રભુ તારે? આહા..હા..! ચોર્યાસી લાખના અવતારમાં ક્યાં અવતરવું છે તારે એ તને ખબર નથી, બાપુ! આ દેહ તો પાંચ-પચ્ચીસ વર્ષ કે પચાસ-સાંઈઠ અમુક (વર્ષ) રહેશે પછી આત્મા ક્યાંક ચાલ્યો જશે. આહા..હા..! ભાઈ! તારે ક્યાં રહેવું છે? ક્યાં જાવું છે? કઈ ગતિમાં જઈશ તું? આ રીતે

રાગને પોતાનો માનીને કરે છો તો. આહા..હા..! આ ચોર્યાસીની પાટ પડી છે મોટી. ચોર્યાસી લાખ યોનિ, ચોર્યાસી લાખ ઉત્પત્તિના સ્થાન. આહા..હા..! અનંત પ્રકારના ભેદ છે એ. આહા..હા..! ભાઈ! તારે ક્યાં જન્મવું છે? ક્યાં અવતરવું છે? શું કરવું છે તારે? આહા..હા..! એ યોનિના અવતારો અનંત કર્યા પ્રભુ! ત્યાં સુધી આચાર્ય તો કહે છે, તેં દ્રવ્યલિંગ એટલીવાર ધાર્યું કે એના એક કેશનો કટકો લોચનો લે તો અનંત મેરુ ભરાય અને દ્રવ્યલિંગ ધારીને, .. ધારીને કોઈ ક્ષેત્ર બાકી નથી રાખ્યું, ત્યાં કહે છે લિંગપાહુડમાં કે જ્યાં અનંતવાર જન્મ્યો અને અનંતવાર મર્યો ન હોય. આહા..હા..! નગ્નપણું, મુનિપણું ધારણ કરીને. આહા..હા..! પણ જેને આત્માનું આલંબન આવ્યું નહિ, દર્શન લીધું નહિ એ સ્વના આલંબન વિના તારી પંચમહાવ્રતાદિની ક્રિયાઓ અનંતવાર કરીને પછી અને અનંતવાર જન્મ્યો અને મર્યો. આહા..હા..! નિગોદના ભવ કર્યા, નરકના ભવ કર્યા ભાઈ! અહીં તને એમ થયું હજારો રાણી છોડીને સાધુ થયો નગ્ન, પંચમહાવ્રત પાળીએ છીએ માટે આપણે તો વધી ગયા. આહા..હા..! આચાર્ય મહારાજ કહે છે આહા..હા..! એ તું વધ્યો નથી, બાપુ! એવા દ્રવ્યલિંગ જૈનનો સાધુ થયો, પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, જાવજીવ બ્રહ્મચર્ય અને કોઈ એકેન્દ્રિયના જીવના કણને પણ હણીને આહાર આપે તો લે નહિ પ્રાણ જાય તોપણ. આહા..હા..! અને આમ નીચે એકેન્દ્રિય પ્રાણી હોય એને હણવાનો બિલકુલ વિકલ્પ અને પ્રમાદ નથી. આહા..! એવી ક્રિયાકાંડમાં પરદ્રવ્યના આલંબનમાં બહુ જ ઘૂંચી ગયો, પણ સ્વદ્રવ્ય ચૈતન્ય ભગવાન અંદર છે એની સામું તેં જોયું નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

એના વિના આ બધા નિશ્ચયના બંધકારણ, સમકિતીના દ્રવ્યપ્રતિક્રમણ વગેરે. એ મંદિર બનાવે, મોટા રથયાત્રા કાઢે એમાં જે શુભભાવ થાય એ હોં! એ ક્રિયા નહિ. આહા..હા..! મોટા ગજરથ કાઢે. લાખ, બે લાખ, પાંચ લાખ ખર્ચીને, પચ્ચીસ-પચ્ચીસ લાખ ખર્ચીને મોટા મકાનો બનાવે ધર્મના નામના, ધર્મશાળાઓ (બનાવે) એથી શું થયું, ભાઈ? આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિને પણ વ્યવહારપ્રતિક્રમણ, દ્રવ્ય એટલે. આઠ બોલ આવ્યા હતાને? નથી આવ્યા આમાં? પ્રતિક્રમણ ને ઈ. આ બાજુ છે, ગુજરાતી છે. કરેલા દોષનું નિરાકરણ કરવું એ પણ રાગ, સમકિત આદિ ગુણોની પ્રેરણા (અર્થાત્) આમ સમકિત થાય અને આમ ન થાય એ વગેરે વિકલ્પો... આહા..હા..! એ પણ રાગ, મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ એ પણ રાગ, પંચ નમસ્કાર આદિ. પંચ નમસ્કારાદિ મંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યનું આલંબન વડે ચિત્તને સ્થિર કરવું એ રાગ, બાહ્ય વિષયકષાયના ઈચ્છામાં વર્તતા જીવને પાછું વાળવું એ રાગ, આત્મસાક્ષીએ દોષોનું પ્રગટપણું એ રાગ, ગુરુ સાક્ષીએ દોષોનું પ્રટ કરવું એ રાગ અને પ્રાયશ્ચિત લઈને વિશુદ્ધિ કરવી એ પણ રાગ. આહા..હા..! આવી વાતું છે.

અરે..! એણે ધર્મ વીતરાગ જૈન પરમેશ્વર જે ધર્મ કહે છે એ એણે કોઈ દિ' એક સેકન્ડ કર્યો નથી. આ બધી ક્રિયાકાંડમાં ઘૂંચાઈને જિંદગી કાઢી આખી. એના પ્રતિક્રમણને પણ નિશ્ચયથી.

એને વગેરેને પણ કેમ કીધું? કે અજ્ઞાનીની તો વાત શું કરવી? અજ્ઞાનીના પાપ છે એકલા અને એના પુણ્ય એકલા એ તો એકલા બંધના જ કારણ છે. અજ્ઞાનીના-મિથ્યાદષ્ટિના પુણ્ય વ્યવહાર આદિના તો એને પણ પુણ્યબંધનું કારણ એની તો વાત શું કરવી? પણ સમ્યગ્દષ્ટિના આવા વ્યવહાર જે આવે... આહા..હા..! એ પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યું છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! તારા ઉદ્ધારના માર્ગ કોઈ અપૂર્વ છે. આહા..હા..! પૂર્વે કોઈ દિ' કર્યું નથી એણે હોં! એક તો સંસારમાં બાયડી, છોકરા, કુટુંબ ને ધંધાથી નવરો થાતો નથી. પાપમાં પાપી પ્રાણી પાપમાં ઘૂંચી ગયો છે. આહા..હા..!

**શ્રોતા :-** કાળ એવો છે તો કરે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાળ કાંઈ એવો નથી. કાળ આકરો હોય તો એક ક્ષણમાં દેહ છૂટી નથી જતો? આહા..હા..! એક ક્ષણમાં છૂટી જાય છે જુઓને, અહીં માણેકલાલ આવ્યા હતા તે એક ક્ષણમાં ફૂ થઈ ગયા. ચીમનભાઈ લ્યોને, ચીમનલાલ ભાઈલાલ. એ પણ ક્યાંક ગયા અને કીધું કાંઈક. ફૂ... થઈ રહ્યું. આહા..હા..! પ્રેમચંદભાઈ આપણા ડૉક્ટર. સુરત. કેટલો પ્રેમ! કેટલું સાંભળે લ્યો! એક ક્ષણમાં ઊડી ગયા ધડાક દઈને. દેહ છે જડ, માટીની ધૂળ આ તો. ભાઈ! તારે ક્યાં જાવું છે? ક્યાં રહેવું છે? તું તો કાયમી રહેનારી ચીજ છોને, અવિનાશી ચીજ તું છો. કાંઈ તારો નાશ થાય એવું નથી. આ દેહનો નાશ થાય તો તું આમાં ભળી જાય એવો છો? હમણાં લખાણ આવ્યું છે. મોટો શેઠિયો હતો. હું તો આમ જ માનતો હતો કે અહીં સમાપ્ત છે બધું. દેહ છૂટ્યો પછી કાંઈ ન મળે. પણ માળું લાગે છે બીજું આ તો. ભવ અને આત્મા કાયમ રહેનારો છે એવું લાગે છે. ભાઈ! તને દેહનો નાશ થશે, પણ તારો નાશ થશે? તું ચિદ્દ્ઘન વસ્તુ સત્તા સત્ છેને. જ્ઞાન આનંદનો કંદ અસ્તિ છે, મોજૂદ ચીજ છે, અવિનાશી છે, નિત્ય રહેનાર ચીજ છે એ ક્યાં જશે? આહા..હા..!

અહીં ભગવાન એમ કહે છે જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવ. મહાવિદેહની વાણી છે આ તો બધી. ભગવાન બિરાજે છે, ભાઈ! સમવસરણમાં તીર્થંકરદેવ બિરાજે છે. (અહીંથી) ત્યાં ગયા હતા કુંદકુંદાચાર્ય. આઠ દિન રહ્યા હતા. આહા..હા..! ત્યાંથી આવીને આ શાસ્ત્રો રચ્યા કે પરમાત્મા તો આમ કહે છે, ભાઈ! આહા..હા..! એની ટીકા હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્યે કરી. આ એનો કળશ છે. ભાઈ! તું કોણ છો? એ આ રાગ છે એ કાંઈ તું છો? એ તો વિકાર છે, તારું એ સ્વરૂપ જ નથી. આહા..હા..! પંચમહાવ્રતના પરિણામ એ પણ તારું સ્વરૂપ નથી, એ તો વિકલ્પ છે અને રાગ છે. આહા..હા..! એ સમ્યક્ મુનિને પણ પંચમહાવ્રતનો વિકલ્પ આવે એ પણ અહીં નિષેધ્યો છે, એ મોક્ષનું કારણ નથી. આહા..હા..!

'**સમ્યગ્દષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને...**' એટલે આઠેય બોલ વગેરે. જેટલી વિકલ્પની જાત પરદ્રવ્યના અવલંબનથી ઉઠે એ બધું '**નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યું છે,...**' '**आसम्पूर्ण-विज्ञान-घन-उपलब्धेः**' આહા..હા..! '**જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન**

**આત્માની પ્રાપ્તિ ન થાય...**’ આહા..હા..! સંપૂર્ણ હોં! પહેલું સમ્યક્ થયું ત્યાં સુધી નહિ એમ કહે છે. આહા..હા..! આ તો સમકિતીના દ્રવ્યપ્રતિક્રમણ આદિને પણ બંધનું કારણ કહ્યુંને એટલે એને પણ જ્યાં સુધી પૂર્ણ વિજ્ઞાનઘનની પ્રાપ્તિ ન થાય. આહા..હા..! છે? આ ‘**(શુદ્ધ) આત્મરૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે...**’ એ જ્ઞાનની દશાને ત્રિકાળી ધ્રુવ સાથે જોડી દીધી છે. આહા..હા..! ચિત્ત એટલે જ્ઞાન. જ્ઞાનની પર્યાયને આ રાગમાંથી ખસીને ત્રિકાળી ભગવાન નિત્યાનંદ પ્રભુ ત્યાં ચિત્તને-જ્ઞાનને જોડી દીધું છે. ત્યાં જોડી દે. બહારના આલંબનને છોડી દે. જ્યાં સુધી પૂર્ણ વિજ્ઞાનઘન કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જ્ઞાનની પર્યાયને જ્ઞાતામાં જોડી દે. આહા..હા..! આવું સાંભળવું પણ મુશ્કેલ પડે. સાંભળવું મળે નહિ. આહા..હા..! બહારમાં જરી પાંચ-દસ હજારનો પગાર અને પાંચ-પચ્ચીસ લાખની મૂડી અને જુવાન ફાટેલો અને દીકરા બે-ચાર હોય અને બે-ચાર લાખ બબ્બે લાખ પેદા કરતો હોય તો એને જાણે કે ઓહો..હો..! મરી ગયો છો સાંભળને. આહા..હા..! ચૈતન્યના પ્રાણ, ભાવપ્રાણ હણાઈ જાય છે પ્રભુ તારા. જીવતર શક્તિ કીધી છેને? પહેલોં ‘**जीवो**’ લીધો છેને. ‘**जीवो चरित्तदंसणणाण**’ એ ચૈતન્યના ત્રિકાળી જ્ઞાન-દર્શન-આનંદની સત્તાના પ્રાણ એ પાપના ભાવમાં હણાઈ જાય છે. પર્યાયમાં હોં! પર્યાયમાં. શક્તિ તો શક્તિ ત્રિકાળ છે. આહા..હા..!

એક તો એ બાયડી, છોકરા, કુટુંબ, ધંધો. બાયડીને રાંધવું, કામ ને છોકરાને જાળવવા, સુવાડવા, જગાડવા, નવરાવવા, ધવરાવવા. આહા..હા..! અરર..! એવો જે કાળ જાય છે એ તો બધો પાપનો છે. એની તો વાત શું કરવી? આહા..હા..! પણ સમ્યગ્દૃષ્ટિને જે હજી પરદ્રવ્યના આલંબનવાળો રાગ આવે છે એને પણ પૂર્ણ વિજ્ઞાનઘનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ચિત્તને આત્મામાં જોડી દે. આહા..હા..! આવું છે. એક-એક કળશમાં ઘણું નાખ્યું. આ આલંબનની તકરાર આ સ્થાનકવાસી અને દેરાવાસી વચ્ચે. દેરાવાસી કહે કે ભગવાનની પ્રતિમાનું આલંબન જોઈએ, આ લોકો કહે કે જડ છે ઈ, એનું આલંબન નહિ.

**શ્રોતા :-** શાસ્ત્રનું આલંબન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આલંબન પણ રાગ છે. કીધુંને હમણાં ન કીધું? ભણવું, ભણાવવું, વાંચવું, વિચારવું બધો વિકલ્પ રાગ છે. આહા..હા..! કહો, દેવચંદજી! આવી વાત છે.

મિથ્યાદૃષ્ટિ જેની દૃષ્ટિ રાગ ઉપર છે એ રાગના વિકલ્પ ઉપર જેની દૃષ્ટિ અનાદિની છે, એના પાપની તો શું વાતું કરવી કહે છે. આહા..હા..! એ તો હણાયેલા, ઘવાયેલા, ઘવાયેલા પડ્યા છે પ્રાણી, જેમ છરા વાગે અને લોહી નીકળે અને ઘવાયેલા થાય. આહા..હા..! આવી વાતું. એવા પાપના પરિણામથી એ અનાદિના ઘવાયેલા છે. આહા..હા..! પાપના પરિણામમાં આત્માની શાંતિને ઘા વાગે છે. અહીં તો કહે છે કે એ પાપના પરિણામવાળાની વાત તો અમે છોડી દઈએ છીએ. પણ જેને આત્મા વસ્તુ ચૈતન્ય દ્રવ્ય જ્ઞાતા આનંદકંદ પ્રભુ છે

એનું જેને ભાન થયું છે એ ભાનવાળાને પણ જેટલો વિકલ્પ રાગ ઉઠે છે પંચપરમેષ્ઠીની ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, તપ આદિ એ પણ બંધનું કારણ છે. આહા..હા..! અરેરે..! એણે કોઈ દિ' કર્યું નહિ આત્માનું. આત્માની દયા પાળી નહિ, પરની દયા પાળવા હાલી નીકળ્યો. હું અંદર કોણ છું? કેટલો ક્યાં રહેનારો છું? કઈ ચીજ ને કઈ શક્તિથી કાયમ રહેનારો છું? એની ખબરું ન મળે અને રાગની, પાપની ક્રિયા આખો દિ'. પછી ભલે અબજપતિ, કરોડપતિ, ધૂળપતિ હોય બધા. ભિખારા બધા છે. આહા..હા..! જેને આત્મામાં શું છે એની લક્ષ્મીની ખબર નથી.

અહીં તો હવે એમ કહે છે કે આત્મલક્ષ્મીની ખબર પડી છે જીવોને, એવા જીવને પણ જેટલો હજી પરદ્રવ્ય તરફનો દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, તપ આદિનો વિકલ્પ રાગ ઉઠે એ રાગ પણ નુકસાનકારક અને બંધનું કારણ છે. આહા..હા..! સાંભળ્યું જાય નહિ બિચારા અનાદિના રખડતા, રઝળતા જીવો ચોર્યાસીની ખાણમાં રખડ્યા કરે છે. ચોર્યાસીની યોનિમાં એક-એક યોનિમાં અનંત અવતાર કર્યા. ભૂલી ગયો. અહીં જન્મ્યો અને બહાર નીકળ્યો ત્યાં થઈ રહ્યું જાણે કાંઈ ન મળે. એમાં વળી પાંચ-પચાસ લાખ પૈસા મળે અને કાંઈક બે-પાંચ હજારનો પગાર મહિને થઈ જાય (ત્યાં તો) થઈ રહ્યું, હું પહોળો ને શેરી સાંકડી. આહા..હા..! એને જાણે કે હું અધિક વધી ગયો છું કાંઈક. આહા..હા..! આવું છે.

એ પોપટભાઈ કહેતા, તારો બાપ. એને ઘરે બહેન છેને આમની બા. પોપટભાઈને ઘરે. અહીં આવ્યા હતા. એ ગોવામાં એના ભાઈ બે અબજ ને ચાલીસ કરોડ. એટલા રૂપિયા છે એની પાસે. મરી ગયો એ તો હમણાં. બે અબજ ચાલીસ કરોડ. ૨૪૦ કરોડ.

**શ્રોતા :-** એ તો મુંબઈમાં મરી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુંબઈમાં મરી ગયા. એ પોપટભાઈ કહેતા, આનો બાપ. મેં એને કહ્યું ભાઈ! પણ હવે આટલું છે અને શું કરવા પણ આ તમે બધું માંડ્યું? બે અબજ ચાલીસ કરોડ. દશાશ્રીમાળી વાણિયો અહીં પાનસણાનો. આનો સગો મામો, આ છોકરાનો. આહા..હા..! ગોવા-ગોવા. એને કહ્યું એના બનેવીએ. આના બાપે પોપટભાઈએ. શું અમે અમારા માટે કરીએ છીએ? અમે હજારો માણસને નભાવવા માટે આ વેપાર કરીએ છીએ. ગાંડાના તે ગામ જુદાં હોય કાંઈ? એ તારો બોપ કહેતો હતો. પોપટભાઈ કહેતા હતા. મેં એને કહ્યું, તારા મામાને. પણ તમે આવું ક્યાં સુધી કરીને આ બધા પૈસા આટલા. બે અબજ ચાલીસ કરોડ. અઢી અબજ. પૈસા એટલા ને એટલા મકાનો ને. આહા..હા..! શું અમે અમારા માટે કરીએ છીએ? અમે જે ધંધામાં હજારો માણસ નભે છે. આ જુઓ મૂર્ખાઈ જુઓ! એના માટે કરતા હશે? મમતા માટે કરે અને દાવા દે આવા. આહા..હા..! એઈ..! એને કાંઈ ખબર નથી કે હું કોણ છું અને શું કરું છું એની ખબરું ન મળે. આહા..હા..! અનાદિથી એમ રખડી રહ્યો છે ચોર્યાસીના અવતારમાં. અહીં એ કહે છે કે અજ્ઞાનીના એકલા પરિણામ જે

પાપના મિથ્યાત્વસહિતના, અરે..! એના પુણ્યના પણ એની વાતું તો અમે કરતાં નથી. કારણ કે એ તો બધા પાપી પ્રાણી ચાર ગતિમાં રઝળનારા, રખડનારા છે. આહા..હા..! પણ સમ્યગ્દૃષ્ટિ જીવ મુનિ હોય સાચા.. આહા..હા..! એને પણ જે આ દ્રવ્યપ્રતિક્રમણના વ્યવહારના વિકલ્પ તો શાસ્ત્ર પ્રમાણે વ્યવહારે આવ્યા વિના રહે નહિ, એ પણ બંધનું કારણ છે. એમ કરીને હેય કહ્યા છે. ક્યાં સુધી એ કરવું કહે છે હવે આવું?

'**જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ ન થાય...**' આહા..હા..! પૂર્ણ આત્માનું કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જ્ઞાનની દશાને આત્મામાં લાવવી. કહો, ધર્મચંદજી! આહા..હા..! આવી વાતું તો સાંભળવા મળવી મુશ્કેલ છે. જ્યાં ત્યાં માખણ ચોપડે. પૈસાવાળા હોય માખણ ચોપડે. બિચારા નહોતા કહેતા ભાઈ શાહુજી. હમણા આવી ગયા, સાંભળી ગયાને? હતો કે નહિ તું? પ્રાણભાઈ કહે, ચાલીસ કરોડ રૂપિયા. હવે એને શ્રાવક શિરોમણિની ઉપમા આપી છે. પચાસ હજાર કાંઈક આપ્યા હશે. હવે પોતે બિચારા એમ કહે છે કે મારી પાસે તો એકેય વ્રત પણ નથી, તપ પણ નથી. હું તો રાત્રિ આહાર પણ ખાવ છું. મને બ્લેડપ્રેશર છે એટલે હું રાતે આહારનું ઓલું દર્દ છે તો હું રાત્રે પણ ખાઉં છું. મારી પાસે અકેય વ્રત નથી. બિચારા નરમ માણસ છે. શ્રાવક શિરોમણિનું બિરૂદ આપ્યું છે મને. આહા..હા..! એમ બિચારા કહેતા હતા ત્યાં પ્રાંતિજમાં હોં! પ્રાંતિજમાં હમણા ગયું હતુંને ત્યાં પાંચ હજાર માણસ, છ હજાર માણસ. એમાં એણે કહ્યું. ત્યાં સુધી કહ્યું હતું કે કાનજીસ્વામી મહારાજે મને એકવાર કહ્યું હતું, ત્યાં બોલ્યા હતા, કે આમને આમ મોટપમાં ને મોટપમાં જિંદગી જશે તમારી. જ્યાં હોય ત્યાં મોટામાં બેસાડે મોટો કરીને, જિંદગી ચાલી જશે. એમ બિચારા અનુકૂળ લેતા હોં! મને કહ્યું હતું.

**શ્રોતા** :- નરમ માણસ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, નરમ માણસ, નરમ માણસ. અહીં પણ કહ્યું હતું અને ફતેપુરમાં. ખાનગી આવ્યા. કોઈ નહોતું એ અને હું બે બેઠા હતા. એ.. શેઠ! આ જિંદગી ચાલી જાય છે હોં! મોટા કરીને જ્યાં હોય ત્યાં સભામાં બેસાડે અને વખત જાય છે, બાપુ! આત્મા કોણ છે એ ચીજને સમજ્યા વિના વખત છે, ભાઈ! એમાં કાંઈ કિંમત નથી. સાંભળતા હતા. મહારાજ! અહીં અમારે ક્યાં પૈસા લેવા હતા એની પાસેથી. ચાલીસ કરોડ. એ કહે છે હમણા પ્રાંતીજમાં કહ્યું હતું. આહા..હા..!

અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિના પણ વ્યવહાર આવે છે, હોય છે એને હેય કરીને જ્ઞાનની પર્યાયને ચેતન... ચેતન... ચેતન પ્રભુ એમાં એને જોડી દે. બહારના આલંબનમાં રાગમાં તને બંધન થશે. તારું તત્ત્વ અબંધસ્વરૂપ તે બંધનને પામશે. આહા..હા..! ભગવાન! તું તો અબંધસ્વરૂપ છો, મુક્તસ્વરૂપ છો અંદર. શક્તિએ, સ્વભાવે તો મુક્તસ્વરૂપ છે. એ આ પુણ્યને લઈને બંધન પામે, સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં. આહા..હા..! એને કહે છે, પ્રભુ! તું પરનું આલંબન છોડને

હવે. આહા..હા..! અને આત્મા આનંદસ્વરૂપ છે ત્યાં જ્ઞાનને જોડી દેને. સ્વ આલંબન વિના તને મોક્ષ નહિ થાય. સમજાણું કાંઈ? આવી વાતું લાગે માણસને એવી. આ મોટા-મોટા ઓલા દેખેને માણસ. આ જોવા આવે ઘણા. શું કહેવાય આ ત્રણ? શિખર મોટા દેખાય સ્વામીનારાયણના જેવા. સ્વામીનારાયણમાં આવા નથી તમારે વઢવાણમાં? એના આવા જ છે ત્રણ મોટા. મૂળીમાં પણ એમ છે. દૂરથી દેખાય મોટા. એમ અહીંયાં લોકો જોવા તો આવે અંદર, પણ જ્યાં આમ સાંભળે ત્યાં આ તો દિગંબર છે. અહીં તો ભગવાનને વસ્ત્ર ઓલું નથી. એ ભાગે ભડકે. અરે..! ભગવાન! વાડા, વાડાને મારી નાખ્યા બિચારાને. અને આ જ્યાં સાંભળે કે વ્યવહારસમકિતીને આવે એ પણ બંધનું કારણ છે. અજ્ઞાનીના વ્યવહાર તો વ્યવહાર જ કહેવામાં આવતા નથી, એ તો અજ્ઞાની છે. આહા..હા..! છેને?

**'આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે (-વ્યવહારના આલંબનથી અનેક પ્રવૃત્તિઓમાં...'** છે? **'ચિત્ત ભમતું હતું...'** આહા..હા..! આનું આ કરવું, આનું આ કરવું, આને પુસ્તક બનાવવું, આને બનાવવું ને આને મકાન બનાવીને આને ધર્મધ્યાનમાં માણસને રાખવું. અહીં છોકરાઓને શીખવાડે તો એને બહાને થોડું ધર્મનું સંભળાવવું. એ ચિત્તની વૃત્તિ રોકાય-રોકાયને પ્રભુ! હારી ગયો છો ત્યાં. આહા..હા..! એ **'પ્રવૃત્તિઓમાં ચિત્ત ભમતું હતું તેને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં જ લગાડવાનું કહ્યું છે...'** વ્યાખ્યા જુઓ! સમજાણું? **'आसम्पूर्ण-विज्ञान-घन-उपलब्धेः'** એ ચિત્તને ત્યાં જોડ. શેમાં? કે શુદ્ધ ચૈતન્યમાત્ર ભગવાન. એ તો પવિત્ર ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા તો છે અંદર, તને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં...'** આત્મા કેવો એની વ્યાખ્યા કરી. એ તો શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મા છે. આ રાગના, વ્યવહારના ફલાણા, ફલાણા એ આત્માના નથી, એ તો બીજું તત્ત્વ છે. આહા..હા..! એ તો અચેતનતત્ત્વ છે. દ્રવ્યપ્રતિક્રમણાદિના ભાવ એ બધા અચેતન તત્ત્વ છે. આહા..હા..! આવે ખરો વ્યવહાર પણ એ હેય છે અને પરદ્રવ્યના આલંબનવાળો માટે તે દુઃખદાયક છે. આહા..હા..! એને છોડીને, ભગવાન શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મા જે વસ્તુ જે ત્રિકાળ છે.. ત્રિકાળ છે... શુદ્ધ ચૈતન્યમાત્ર, જ્ઞાનમાત્ર, આનંદમાત્ર વસ્તુ ભગવાન છે ત્યાં જોડી દે ચિત્તને. આહા..હા..! ભારે ભાઈ! અહીં તો હજી અહીં દુકાનને છોડવી હોય પાંચ દિ', દસ દિ' તોપણ આકરું પડે. વળી ભાગીદાર-બાગીદાર હોય તો વળી સોંપીને આવે જરી, પણ એકલા હોય એને શું કરવું? અને છોકરા નાના હોય, મોટા થયા ન હોય. એ તો મોહનભાઈનો દીકરો કહેતો હતો મોહનભાઈના કે હમણા ભાગીદાર કર્યા છે એટલે નવરો થઈને આવ્યો. મોહનલાલજી. ભાગીદાર કર્યો. થોડું ચાલે. એ જાય તો પોતે કરે અને પોતે જાય તો એ કરે. પણ ભાગીદાર ન હોય અને એકલા હોય એને શું કરવું? છોકરા મોટા હોય નહિ, નાના ભણતા હોય હજી. સલવાવું ચોવીસ કલાક. આહા..હા..!

એની તો કહે છે એકાંત પરના આલંબનવાળા મિથ્યાદૃષ્ટિના પુણ્યની તો અમે વાત કરતાં નથી, પણ સમ્યગ્દૃષ્ટિના જે પુણ્ય છે તે હેય છે. આહા..હા..! એનો વ્યવહાર આવે છે છતાં તે છોડવાલાયક છે. અને જ્ઞાનની દશાને ચેતનસ્વરૂપ ભગવાન આહા..હા..! નિત્યાનંદ પ્રભુ છે અંદર એમાં જોડી દે જ્ઞાનને. આહા..હા..! છે? એ **'આત્મામાં જ લગાડવાનું કહ્યું છે...'** આત્મામાં જ. એમ છેને? આહા..હા..! **'आत्मनि एव चित्तम् आलानितं च'** એ ને? **'आत्मनि एव चित्तम् आलानितं च'** છેને ત્રીજું પદ? **'आत्मनि एव चित्तम् आलानितं च'** આહા..હા..! ભગવાન આત્મા અંદર ચૈતન્ય છે ત્યાં જોડી દે. આહા..હા..! ત્યાં લગાવી દે આત્માની પર્યાય. **'કારણ કે તે જ મોક્ષનું કારણ છે.'** આહા..હા..! એ સિવાય કોઈ મોક્ષનું કારણ નથી. આહા..હા..!

**'અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યાં...'** પ્રતિક્રમણ ભગવાનના સ્મરણ આદિને ઝેરના ઘડા કહ્યા. **'અને અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં; તેથી કોઈ ઊલટું સમજી પ્રતિક્રમણાદિને છોડી પ્રમાદી થાય...'** એવા શુભભાવને છોડીને, શુભભાવમાં ખૂબ લાગી જાય. સાધારણ શુભ નહિ, ખૂબ શુભભાવ કરે. આહા..હા..! એવો અર્થ (કળશટીકાકાર) કરશે. **'છોડી પ્રમાદી થાય તો તેને સમજાવવાને કળશરૂપ કાવ્ય કહે છે :—'** ૧૮૯ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**જ્યેષ્ઠ વદ-૧૫, ગુરુવાર, તા. ૧૬-૦૬-૧૯૭૭,**
**કળશ-૧૮૯-૧૯૦, પ્રવચન નં. ૩૬૮**

સમયસાર, મોક્ષ અધિકાર. **'અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યાં...'** શું કહે છે? જેટલો વ્યવહારપ્રતિક્રમણ, ભગવાનની પૂજા, ભક્તિ, સ્મરણ, દયા, દાન, પૂજા, વ્રત, તપ એ બધો શુભભાવ (એને) ઝેરના ઘડા કહ્યાં. આહા..હા..! શુભરાગ છેને? જીવની શુદ્ધિથી વિરુદ્ધ છે. જીવ અમૃતસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એનાથી આ શુભભાવ એ બધો વિરુદ્ધ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનો સાગર છે, ત્યારે આ શુભભાવ એ અનાથી વિરુદ્ધ ઝેરનો ઘડો છે. આ આકરું લાગે અત્યારે. લોકોએ સાંભળ્યું નથી, મળ્યું નથી. બિચારા રખડતા રામ એમને એમ ચાર ગતિમાં. આહા..હા..! અનંતકાળથી રખડે છે. એ શુભભાવ છે એ ધર્મ છે અને એનાથી ધર્મ થશે એ માન્યતા મિથ્યાદૃષ્ટિ મહાપાપ છે. એ પાપની ખબર નથી અને એ પાપને લઈને ચોર્યાસી લાખની યોનિના અવતાર કરવા પડે છે. નરક

અને નિગોદ, પશુ એવા અનંત અવતાર કર્યા.

કાલે કહ્યું હતું થોડું નહિ? એમ કે મનુષ્યના અનંત અવતાર કર્યા, એથી અસંખ્યગુણા અનંતા નરકના કર્યા દરેક જીવે. ભગવાનના જ્ઞાનમાં આ આવ્યું. નરકનું દુઃખ. ઓહો..હો..! એની દસ હજાર વર્ષની સ્થિતિનું દુઃખ એથી પછી એક સમય, બે સમય અધિક કરતાં-કરતાં સાગરોપમ એમ કરતાં ૩૩ સાગર. દરેક સમયે સમય-સમયની સ્થિતિએ દસ હજારની સ્થિતિએ અનંતવાર ઊપજ્યો, દસ હજાર અને એક સમયની સ્થિતિએ અનંતવાર, બે સમયની અનંતવાર, એમ અસંખ્ય સમયની... અનંતકાળથી અનંતા ભવ કર્યા. મનુષ્યના અનંતા કર્યા, એથી અસંખ્યગુણા અનંતા નરકના કર્યા. કહ્યું હતું કાલે કે જ્યારે મનુષ્ય અનંતા થોડા અને આ ઝાઝા કેમ થયા? નરકમાં કોણ ગયું ઝાઝું? તિર્યંચના પંચેન્દ્રિય અસંજ્ઞી અને સંજ્ઞી તિર્યંચ પશુ બહુ જ છે જગતમાં. અસંખ્ય દ્વીપ-સમુદ્રમાં તિર્યંચ અને પશુ-પક્ષી આદિ એટલા છે કે એમાંથી ઘણાં તો નરકમાં જાય છે. કારણ કે મનુષ્ય થોડા અને નરકના અસંખ્યગુણા ભવ કર્યા, તો ગયા કોણ ત્યાં વધારે? મનુષ્યમાંથી પણ ગયા. કારણ કે મનુષ્યના અનંતા ભવ કર્યા એથી અસંખ્યગુણા અનંતા નરકના કર્યા છે દરેકે. અનંતકાળ ગયો. ભૂલી ગયો કાંઈ ખબર ન મળે. અને એનાથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના કર્યા. સ્વર્ગમાં પણ કોણ ગયું ઝાઝું? કોક મનુષ્ય જાય, બાકી ઘણાં તો તિર્યંચો એવા શુભભાવથી અસંખ્યગુણા અનંતગુણા ભવ દેવના પણ કર્યા. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એવા ભાવ. પશુના પણ અનંતવાર થયા છે. ત્યાંથી મરીને સ્વર્ગમાં ગયા. ... તો ત્યાંથી જશે. નરકમાં ગયા, સ્વર્ગમાં ગયા. આહા..હા..! એ પશુ પંચેન્દ્રિયની સંખ્યા ઘણી-ઘણી છે. અને ઘણા જીવો તો એમાં જ અવતરે છે. કેમકે ધંધા આડે પાપ આખો દિ' કરતો હોય, વીસ કલાક, છ-સાત કલાક ઊંઘમાં જાય, બે-ચાર કલાક ભોગમાં ગયા, ખાવા-પીવામાં, એ રળવામાં, બાકી બધા પાપમાં વીસ કલાક, બાવીસ કલાક પાપમાં. એમાં એકાદ-બે કલાક સાંભળવા જાય ત્યાં એ પછી વાતું બધી ધર્મની પુણ્ય કરો, વ્રત કરો, ધર્મ છે, મિથ્યાત્વ છે. .. પુણ્ય હોય. આહા..હા..! ધર્મ તો છે નહિ. આહા..હા..!

ધર્મ તો એ પુણ્ય અને પાપના બે ભાવ પ્રતિક્રમણ, સ્મરણ, ભગવાનની પૂજા, ભક્તિ વગેરે એવા રાગથી પૃથક્ અંદર ચૈતન્ય ભગવાન શુદ્ધ છે તેની દૃષ્ટિ અને અનુભવ કરે ત્યારે તેને ધર્મ થાય. આહા..હા..! એની તો ખબરું ન મળે. આહા..હા..! એટલે એને પુણ્ય પણ થોડા થાય એમ મારું કહેવું છે. એટલે એ મરીને ઘણાં તો તિર્યંચમાં જવાના. આ વાણિયા પૈસાવાળા બધા ઘણાં બધા. માંસ ને દારૂ હોય નહિ, ઈંડા ખાતા હોય નહિ તેમ એવા પુણ્ય પણ ધર્મ તો નથી. રાગથી ભિન્ન પાડીને દૃષ્ટિની ખબર નથી, સાંભળ્યું નથી. સાંભળવાનું મળ્યું આ તો. ત્યારે એને હજી બેસતું નથી હજી શું કહે છે એને સાંભળવાની દરકાર નથી. એટલે પુણ્ય પણ નથી, ધર્મ નથી. પુણ્ય થોડું થયું હોય એકાદ કલાક હોય, પણ મહામિથ્યાત્વને

લઈને એ પાપમાં પરિવર્તન થઈ જાય છે એને. આહા..હા..! આકરી વાત બહુ, બાપુ! ભગવાન વીતરાગ જિનેશ્વરદેવનો માર્ગ અલૌકિક છે.

અહીં કહે છે કે નિશ્ચયનયથી, સત્યદૃષ્ટિથી જોઈએ તો એ પ્રતિક્રમણ, ભગવાનની પૂજા, ભક્તિ, વ્રત, તપ, જપ, ભગવાનનો જપ બધું ઝેરના ઘડા છે, શુભ છે, રાગ છે. '**અને અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં...**' એ પુણ્ય પરિણામને છોડી અંદરમાં આત્માના આનંદસ્વરૂપમાં જાય. આહા..હા..! ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે અમૃતનો સાગર આત્મા એ અમૃતના ઘડામાં અમૃતના દરિયામાં જાય ત્યારે તેને અમૃતરૂપે દશામાં શુદ્ધ ઉપયોગ અમૃતરૂપે પ્રગટ થાય. ત્યારે તેને ધર્મ થઈને જન્મ-મરણના અંત આવે. આહા..હા..! આવી વાત છે. સાંભળવા મળી નથી. એમ ને એમ ૨૫, ૫૦, ૬૦, ૭૦ વર્ષ બિચારા. એમને એમ ધૂનમાં ને ધૂનમાં, પાપની ધૂન. આહા..હા..! અહીં કહે છે, '**અપ્રિતક્રમણાદિકને અમૃતકુંભ કહ્યાં તેથી કોઈ ઊલટું સમજી પ્રતિક્રમણાદિકને છોડી...**' એ શુભભાવને પણ છોડી '**પ્રમાદી થાય...**' અથવા શુભભાવમાં ખૂબ મશગુલ થઈ જાય '**તો તેને સમજાવવાને કળશરૂપ કાવ્ય કહે છે :—**' આહા..હા..! આકરો માર્ગ, બાપુ! વીતરાગ પરમેશ્વર. અત્યારે તો સંપ્રદાયમાં વાત જ બધી ઊલટી ચાલે છે. બધી ખબર છેને. આહા..હા..! ૧૮૯.

**यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं**
**तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।**
**तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः**
**किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः।।१८९।।**

'**શ્લોકાર્થ :—**' '**यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं**' '**(અરે! ભાઈ,)**' જ્યાં પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવે એ વ્યવહારપ્રતિક્રમણ ને વ્યવહારસામાયિક ને પોષા ને પડિક્કમણા ને વ્રત ને તપ ને ભક્તિ ને જાત્રા ને એને ભગવાને તો ઝેર કહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? '**तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।**' જયચંદ્ર પંડિતનો આ અર્થ છે અત્યારે. '**ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય?**' પાપના ભાવ કરવા એ અમૃત ક્યાંથી હોય? શુભભાવ છોડી અને દુકાનના ધંધા, પાપ ને બાયડી, છોકરા ને કુટુંબને સાચવવા ને ભોગને એમાં તો એકલું પાપ છે. આહા..હા..! જ્યાં આવા શુભભાવને ઝેર કહ્યું ત્યાં અશુભભાવ અમૃત કેમ હોય? એક અર્થ એવો છે.

અને એક અર્થ એવો છે કે જ્યાં પ્રતિક્રમણ આદિ ભાવ શુભ... આહા..હા..! ચિત્તને પાપથી પાછું વાળવું એ પણ એક શુભભાવ છે. કોઈ પાપ લાગ્યું અને પ્રાયશ્ચિત લેવું એ પણ શુભભાવ છે, ઝેર છે, રાગ છે. આહા..હા..! નિંદા. આત્માને પાપ લાગ્યું હોય એની નિંદા આત્માની સાક્ષીએ, એ પણ પુણ્ય શુભભાવ ઝેર છે. ગુરુ પાસે પ્રાયશ્ચિત લેવું એ પણ શુભભાવ ઝેર છે. આહા..હા..! મનને પાપથી પાછું વાળવું એવી વૃત્તિ એ પણ એક

શુભ ને પુણ્ય ને ઝેર છે. આહા..હા..! ત્યાં અપ્રતિક્રમણ એ શુભાશુભ.. ત્યાં એમ લીધું. ત્યાં રાગથી ભિન્ન પડી અને અમૃતસ્વરૂપ ભગવાનની દૃષ્ટિ અને અપ્રતિક્રમણ, પુણ્ય-પાપથી રહિત અનુભવ કરવો એ અમૃત છે. આહા..હા..! અહીં અર્થ આટલો લીધો કે જ્યાં શુભભાવને પણ ઝેર કીધું ત્યાં અશુભભાવ તે અમૃત કેમ થાય? બીજો અર્થ એવો કર્યો ટીકાકારે કે પ્રતિક્રમણ આદિને ઝેર કહ્યું શુભભાવને. આઠ બોલ લીધા હતાને, અર્થમાં લીધા. આહા..હા..! તો અમૃતકુંભ શું? એ રાગથી ભિન્ન પડીને ચૈતન્ય ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે એ ચૈતન્યના ચેતનમાં અંદર પ્રવેશ કરવો. આહા..હા..! શુદ્ધ આનંદઘન ભગવાન આત્મા છે. એમાં આ વિકારના પરિણામ તો બધા ઝેર છે. આહા..હા..! ક્રિયાકાંડમાં ચડી ગયા છે લોકો ક્રિડાકાંડમાં. લોકોને એમ થઈ જાય. આણે આ ક્રિયા કરી, આણે આ સંથારો કર્યો, આણે અપવાસ કર્યા, આણે તપસ્યાઓ કરી. લોકો બિચારા ક્યાંયના ક્યાંય ભરમાઈ ગયા, સલવાઈ ગયા. આહા..હા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવનું ફરમાન છે કે ભાઈ! એ ક્રિયાકાંડોમાં જેટલા ભાવ કરે એ બધા શુભભાવ ઝેર છે, આત્માને નુકસાન કરે છે. અમૃતકુંભ તો આત્મા એ રાગથી ભિન્ન પડી ચૈતન્ય અતીન્દ્રિય આનંદનો સાગર એની દૃષ્ટિ કરીને એમાં રહે તેને અમૃતકુંભ કહેવામાં આવે છે, આહા..હા..! એને ધર્મ કહેવામાં આવે છે. એ જન્મ-મરણના અંતની પદ્ધતિ અને રીત આ છે. શું કરે? આહા..હા..! અરેરે..! આખું જગત ઘેરાઈ ગયું, ઘેરાઈ ગયું મોહમાં. ક્યાંય આરા ન મળે ઉગરવાના. આહા..હા..! ઉગરવાનો આરો તો પ્રભુ છે કહે છે. અંદર અમૃતનો સાગર ભર્યો છેને. ભગવાન! તને ખબર નથી. તું અતીન્દ્રિય સુખનો સાગર આત્મા છે. આહા..હા..! એમાં અંતર જા અને જો અને એમાં એકાગ્ર થા, તને આનંદનો સ્વાદ આવશે અને જે આનંદનો અતીન્દ્રિયનો સ્વાદ આવશે તે ધર્મ છે. આહા..હા..! હવે આવી વ્યાખ્યા! સમજાણું કાંઈ?

અહીં એટલું કહ્યું કે પ્રતિક્રમણ જ્યારે ઝેર કીધું, વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારસામાયિક, વ્યવહારપોષા, વ્યવહારઅપવાસ, મહિનાના અપવાસ, આઠ અપવાસ, દસ અપવાસ એ બધા શુભભાવ છે, રાગ મંદ રાખતો હોય તો. એ શુભભાવ ઝેર છે, તો પછી અશુભભાવમાં આવવું એમ કોણે કહ્યું? અવળે રસ્તે ક્યાં જાય છે? અને આણે એવો અર્થ કર્યો કળશટીકાકારે. અપ્રતિક્રમણ જે અમૃત છે, ત્યાં આ શુભભાવમાં અધઃ અધઃ શુભભાવમાં ઊંડો-ઊંડો કેમ ચાલ્યો જાય છે? શુભની ક્રિયાને વધારતો જાય અને શુભમાં જ કેમ ઊંડો વયો જાય છે? વિકલ્પની જાળ છે, અપવાસ ને આ ને તે એવી વિકલ્પની જાળમાં અધો-અધો, ઊંડો-ઊંડો, આઘો-આઘો કેમ ચાલ્યો જાય છે? કહો, પંડિતજી! આવી વાત છે. આહા..હા..! એક તો બિચારાને સાંભળવા મળે નહિ. દુનિયાની મજૂરી કરીને આખો દિ' બિચારા મજૂરી કરતાં હોય બધા. આખો દિ' આ રળવાના શું છે બધા? લાખોપતિ ને કરોડોપતિ મોટા

મજૂર સવારથી સાંજ સુધી. આહા..હા..! સવારથી તે રાતના નવ વાગ્યા સુધી, દસ વાગ્યા સુધી. આ નામુ લખવું છે ને આને આ દેવું છે ને આને આ લેવું છે, આને આટલું આપ્યું, આને આટલું દીધું, આને આટલું લીધું. પૂરું આપ્યું નહિ અને માલ પાછો આપણે આપવો પડ્યો, સ્ત્રી ને કુટુંબ ને છોકરાઓને સાચવવામાં એકલો પાપનો ભાવ. આહા..હા..!

કહે છે કે અમે પુણ્યભાવને જ્યાં ઝેર કહીએ છીએ ત્યાં આવા અશુભભાવમાં તું કેમ ઉતરી ગયો નીચે? અથવા શુભભાવમાં આગળ-આગળ કેમ વધી જાય છે? છોડ ક્રિયાકાંડ આખો દિ' ભક્તિની ધૂન ચડાવવીને આ ઉપધાન કરે છેને? શ્વેતાંબરમાં દોઢ મહિનામાં. સેંકડો વાર ભગવાનની પ્રતિમાની ઉઠબેસ કરી. ચેતનજી! આહા..હા..! મજૂરી છે બધી. આહા..હા..! ભગવાન અંદર ચૈતન્યસ્વરૂપ આનંદનો નાથ પ્રભુ છે એમ જિનેશ્વર પરમાત્મા કહે છે એમાં તો જા તું. તને તો જો, તને તો જાણ, તને તો તું સંભાળ. તેં રાગ ને પુણ્યની ક્રિયાની સંભાળને બહુ કરી છે. ભાઈ! એને લઈને ચાર ગતિમાં રખડવું પડ્યું તને. આહા..હા..! ભગવાન આત્મા અંદર આનંદનો સાગર છેને. અંતરમાં અનંત શક્તિ અને અનંતગુણના સામર્થ્યનું એ તત્ત્વ છે. એનું તને માહાત્મ્ય ન આવે, એની તને મહિમા ન આવે અને આ પુણ્ય ને પાપના ભાવની મહિમાના માહાત્મ્યમાં રોકાઈ જા, ભાઈ! તારું શું થશે? આહા..હા..! એમ આચાર્ય કરુણા કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરે કેવળજ્ઞાનથી જોયું એનો આ માર્ગ છે. આ કોઈ કલ્પિત થયો એવો માર્ગ નથી. આહા..હા..! ત્યાં ઊંડા-ઊંડા કેમ ચાલ્યા જાય છે? '**માણસો નીચે-નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે?**' એટલે? એ શુભભાવની ઊંડી-ઊંડી ક્રિયાઓ કરી-કરીને ઊંડો કેમ આઘો ચાલ્યો જાય છે? મહિનાના અપવાસ ને બે મહિનાના અપવાસ ને સંથારા કર્યા ને ફલાણા કર્યા. એ બધા ઢોંગેઢોંગ. એ શુભભાવમાં ઊંડો-ઊંડો ક્યાં ગયો પણ તું? શું થયું તને આ તે? કહો, શાંતિભાઈ! શું કર્યું હતું પણ અત્યાર સુધી તમે ત્યાં? વાંચતા હતાને સ્થાનકવાસીમાં, કલકત્તા. જે ચાલતું હતું એ વાંચતા હતા. આહા..! ભાઈ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથની આજ્ઞાનો હુકમ તો એ છે કે જેમ એ પાપ છે એવો પુણ્યભાવ પણ નિશ્ચયથી તો પાપ જ છે. આહા..હા..! આ વાત કેમ બેસે?

એક લોઢાની બેડી અને એક સોનાની બેડી, બેય બેડીમાં લોઢા કરતાં સોનામાં વધારે ચીકાશ અને વધારે તોલ (એટલે) વધારે ઘસાય. આહા..હા..! એ પુણ્ય-પાપ અધિકારમાં આવ્યું હતું. આહા..હા..! એક ગયો બ્રાહ્મણને ઘરે અને એક રહ્યો ચંડાળને ઘરે. ... એમાં શુભને માનીને એમ થયું કે મારે ધર્મ થયો અને શુભના આચરણમાં ઊંડ-ઊંડે આઘો ચાલ્યો. આ કરું ને આ કરું ન આ કરું ને આ કરું. આહા..હા..! ભાઈ! તને શું થયું છે? આઘો આઘો ક્યાં જા છો? ભાઈ! અંદરમાં જાને. જ્યાં ભગવાન આનંદસ્વરૂપ બિરાજે છે પ્રભુ પોતે. આહા..હા..! ક્યાં ખબર છે? આનંદ ક્યાં છે એ ખબર નથી અને આત્મા કેવડો મોટો છે.

બે બીડી પીવે સરખાઈની ત્યાં તો મગજ તાજું થઈ જાય. આહા..હા..! દોઢ પાશેર સવારમાં ચા પીવે, મગજ આમ ઠીક-ઠીક ચાલે. આહા..હા..! આજે સાંભળવા આવ્યો પણ ચા પીને આવ્યો નથી, મગજ ઠેકાણે નથી એમ કહે. અધશેર પીને આવ્યો હોય તો ઠેકાણે રહે. આવા તો લખણ જેના. આહા..હા..!

અહીં તો આત્મા આનંદમૂર્તિ છે એની શ્રદ્ધા કરી, પુણ્ય-પાપની શ્રદ્ધા ઉડાવી દે, એ ધર્મ નથી. આહા..હા..! દેવીલાલજી! માર્ગ આ છે, બાપુ! આહા..હા..! આજ તો નહોતું આવ્યું આપણે નિયમસારમાં પ્રતિક્રમણના અધિકારે. હું તો મનુષ્યગતિ, દેવગતિ, તિર્યંચગતિ એનો હું કર્તા નથી, કરાવનાર નથી, એનો અનુમોદક હું નથી. આ ગતિ મનુષ્યની જડ મળે એ તો પર. આહા..હા..! હવે આ પંડિતોને ગોઠતું નથી. એમાં એ કહ્યું અને પ્રવચનસાર ૧૬૦ ગાથા. જ્ઞેય અધિકાર ભાઈ! જ્ઞેય અધિકાર. જ્ઞેયનો અધિકાર બતાવતા ભગવાન એમ કહે છે કે આ શરીર, વાણી, મન એનો તું કર્તા નથી, પ્રભુ! એ તો જડ છે, આ તો માટી-ધૂળ છે. એનું આમ-આમ થવું અને આમ બોલવું એ તો જડની ક્રિયા. તને ખબર નથી. આહા..હા..! એ શરીર, વાણી, મન એનો હું કર્તા નથી, હું કરાવનાર નથી, થતાં હોય તો તે ઠીક છે એમ અનુમોદનાર નથી, તેમ એ શરીર, વાણી, મનનું હું કારણ નથી. ન્યાં તો આવું ચોખ્ખું લખાણ છેને. આહા..હા..! અને અહીં પ્રતિક્રમણમાં નિશ્ચયમાં તો એ આવ્યું નિયમસારમાં, મન, વચન અને કાયા તો બધી જડ છે, માટી અજીવ, ધૂળ. બાળવય, યુવાનવય, વૃદ્ધાવસ્થા બધી જડની દશા છે. મનુષ્યાદિ ચાર ગતિ પણ જડની છે, એ ચૈતન્યની ગતિ અને સ્વરૂપ નથી. એને હું કરનાર નથી, કરાવનાર નથી, હોય તો ઠીક છે તેમ અનુમોદનાર હું નથી. એવું ધર્મી જીવને દૃષ્ટિમાં હોય છે. આહા..હા..! એ અહીં વાંધા કાઢે છે. નિમિત્ત આવે તો થાય. આહા..હા..!

**શ્રોતા** :- નિમિત્ત ન આવે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ વાત એ ક્યાં? અહીં તો પરમાત્મા તો એમ કહે છે કેવળી પ્રભુ! ૧૦૨ ગાથા. દરેક આત્મા અને દરેક રજકણ પરમાણુ આ, એની જે સમયે જે દશા થવાની તે થવાની, પરને લઈને નહિ અને થયા વિના રહે નહિ. ૧૦૨ ગાથા. આ આમ થાય છે એ પર્યાય એ કાળ એનો છે માટે થાય છે, નિજકાળ છે, એનો જન્મકાળ છે. આમ ચાલે છે આ એ દશાની ઉત્પત્તિનો જડનો કાળ છે, આત્મા અંદર આમ પ્રેરે માટે ચાલે છે એમ નથી. આહા..હા..! ગળે ઉતારવું (અઘરું છે). આખો દિ' વેપારે, દુકાને બેઠો હોય એને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. ઘરાકને સમજાવ્યા, આજ તો પાંચ હજારની પેદાશ છે. પાંચ હજારને શું કહેવાય તમારે? વકરો. હડફામાં પહેલાં તો રૂપિયા આવતા. હવે વળી તમારા શું કહેવાય એ? નોટ્ટુ. અમારે ત્યાં દુકાને આવતુંને ત્યાં. હડફું પાંચસો-પાંચસો જ્યાં વેપારમાં આવે ત્યાં એમ થઈ જાય કે આહા..હા..! આ તો ૭૦ વર્ષ પહેલાંની વાત

છે. હડફા નાના અને ભરાઈ જાય રૂપિયાથી. અનાજ-બનાજ ખૂબ ... ખપ્યું હોય તો પાંચસો રૂપિયાથી આમ છલોછલ ભરાણું હોય. ઓહો..! આજ તો વેપાર ઘણો થયો. આવ્યો હતોને અમારે ભીખો વયો ગયો? કુંવરજીભાઈનો નહિ? મનસુખ આવ્યો હતો. વયો ગયો હશે. એણે દુકાન કરીને જુદી કરી છે હમણા. ત્રણેય દુકાન છોકરાઓએ જુદી કરી. દુકાન મોટી, જગ્યા હતી તો મોટી દુકાન હતી. એ દુકાન હતી એ જ મારી દુકાન હતી. મારા પિતાજીની દુકાન. હું ત્યાં નવ વર્ષ રહ્યો. પાંચ વર્ષ મેં દુકાન ચલાવી હતી. ૧૭ થી ૨૨. ૧૭ વર્ષથી ૨૨ વર્ષ પાંચ વર્ષ. થોથા લાગ્યા બધા કે પાપ આખો દિ', આ શું? છોકરાઓ અત્યારે પૈસાવાળા છે. ભેગા હતા એ જુદાં પડ્યા છે. ૩૦ લાખ રૂપિયા છે. ત્રણ લાખ. એક-એકને લાખની પેદાશ હશે. ... જુદાં પડી ગયા. ... લાખની પેદાશ સવા લાખની હશે. પણ રાજી રાજી થઈ જાય અંદરથી. આહા..હા..!

**શ્રોતા :-** ... રાજી રહે પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં રાજી નથી ત્યાં. અહીં આપણે નહોતું આવ્યું હમણા? શેઠ! શાહૂજી. હમણા સાત-આઠ દિ' પહેલાં આવી ગયા. ત્રણ વ્યાખ્યાન સાંભળી ગયા. ૪૦ કરોડ રૂપિયા. શાહુજી શાંતિપ્રસાદ, દિલ્હી. પ્રાંતિજ શિક્ષણ ભર્યું હતુંને ત્યાં ગયા હતા. આપણા તરફથી ત્યાં ભર્યું છેને. પાંચ હજાર માણસ, છ હજાર માણસ આવ્યા પ્રાંતિજ. અહીંયાં આવ્યા હતાને શેઠ ને બધા. ૪૦ કરોડ. કેટલા કરોડની તો પેદાશ છે એને. આવ્યો હતો હમણા. સાંભળી ગયાને ત્રણ વ્યાખ્યાન સાંભળી ગયા. બીજા હતા સાથે ભાઈ રતનલાલ. એ આ વચ્છરાજજીના છેને મકાન, એનો દીકરો. એની પાસે પાંચ કરોડ રૂપિયા પાંચ કરોડ. બધા ગૃહસ્થો આવ્યા હતા, ત્યાં પ્રાંતિજ ગયા હતાને. શિબિર હતું શિક્ષણ શિબિર. ૨૦ દિવસનું. પાંચ-છ હજાર માણસ આવ્યું હતું. પ્રાંતિજ-પ્રાંતિજમાં. આપણા તરફથી બધાને જમણ મફત. ઘણો ખર્ચ કર્યો. પણ એમાં એ રાગની મંદતા હોય તો શુભ છે. એમાં કોઈ ધર્મ માની લે. આહા..હા..! મેં તો શેઠને પણ કહ્યું હતું. ૪૦ કરોડ. ફતેહપુર. કોઈ નહોતું અને એકલા હતા ને આવ્યા હતા મારી પાસે. બેઠા નીચે. પાટની નીચે આમ હાથ રાખીને બેઠા. મેં કીધું, શેઠ! ચાલીસ કરોડ. આમ બેઠા હતા. આવ્યા હતા, આઠ દિ' પહેલાં આવ્યા હતા. શેઠ! આ ચાલ્યા જાવ છો જિંદગી તમારી. મોટપમાં ને મોટપમાં જ્યાં ત્યાં સભા થાય ત્યાં મોઢા આગળ બેસાડે. સભા થાય અને મોઢા આગળ બેસાડે કે સૌને આશા હોય કે પાંચ હજાર મૂકશે, દસ હજાર, લાખ-બે લાખ આપશે. આહા..હા..! શેઠ! આ વખત ચાલ્યો જાય છે, ધૂળમાંય કાંઈ નથી. નરમ માણસ હોં બિચારા. અમારે ત્યાં ક્યાં પૈસા લેવા હતા એની પાસેથી. ચાલીસ કરોડ. મેં કીધું ચાલ્યા જશો, આ વખત ચાલ્યો જાય છે, ભાઈ! અરેરે..! કરવાનું આત્માનું શું છે? અહીંથી જાવું છે ક્યાં? ક્યો દેહ અને શું મળશે? આ દેહની જિંદગીના છેલ્લા સમય સુધીની સંભાળ અને અહીંથી છૂટ્યા પછી પહેલે સમયે

દેહ મળશે એ ક્યાં જશે એની કાંઈ ખબર ન મળે. આહા..હા..! શું છે આ તે? દેવીલાલજી! પણ આમ શેઠ બિચારા નરમ. નિર્ણયનું ઠેકાણું નથી, પણ નરમ. સાંભળ્યું. અડધો કલાક સંભળાવ્યું બરાબર. સાચી વાત, મહારાજ! આમાં ધૂળમાં મરીને જાવું છે ચાલ્યા. ભગવાન આત્મા તો અનાદિ-અનંત છે અને આ શરીર તો નાશ થઈ જશે. આત્માનો નાશ થશે? આત્મા તો ક્યાંક જાશે. ક્યાં? આ બધા પાપ કર્યા હશે તો મરીને નરક અને ઢોરમાં જાશે. આહા..હા..!

અરે..! એને શાશ્વત આત્મા છે એનો પણ ક્યાં ભરોસો છે? આહા..હા..! 'હું ત્રિકાળ છું અને ત્રિકાળમાં ભરેલો આનંદ અને જ્ઞાનથી ભરેલો મારો આત્મા છે.' એની રુચિ અને દૃષ્ટિ કરવી એ અમૃત છે. બાકી આ વ્યવહારપ્રતિક્રમણ અને ક્રિયાકાંડના ભાવ બધા ઝેર છે. આવે, અશુભથી બચવા આવે, પણ આવે છે એ પોતે છે એ ઝેર છે. આહા..હા..! એના ફળ બંધન છે. એ શુભભાવનું ફળ બંધન છે અને બંધનના ફળ ગતિમાં રખડવાનું છે. આહા..હા..! ભારે આકરું કામ, બાપા! મારી નાખ્યા જગતના મોહે. જે કૂળે જન્મ્યો અને જેનો સંસર્ગ રહ્યો, બસ એનો પરિચય એ અમારા. જે કૂળમાં જન્મ્યો અને જે ધર્મનો પરિચય મળ્યો એને એ કૂળમાં એ અમારો ધર્મ અને અને એ અમે, થઈ રહ્યું જાવ, ચાલ્યા જાઓ. આહા..હા..! ભાઈ! ધર્મનો માર્ગ જુદો છે, બાપુ! વીતરાગ પરમેશ્વર કહે છે. એ વ્યવહારપ્રતિક્રમણ પરમેશ્વરની ભક્તિ આ મંદિરો બનાવવાનો ભાવ એ શુભ છે, ધર્મ નહિ. હોય છે, પણ એ ધર્મ નહિ. એ પાપથી બચવા શુભભાવ એક હોય છે એટલી વાત. પણ એ ત્યાં એને માની લે કે આ ધર્મ છે. રખડી મરશે. પંડિતજી! કહો, કેસરલાલજી! આહા..હા..!

એ અહીં કહે છે '**માણસો નીચે-નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે?**' ટીકાકાર કળશકારે તો એ લીધું છે કે અમે આ શુભભાવને જ્યારે ઝેર કહીએ છીએ છતાં શુભની ક્રિયાકાંડમાં આઘા... આઘા... આઘા... ઊંડા-ઊંડા કેમ અજ્ઞાની ચાલ્યા જાય છે? ખૂબ શુભભાવ કરી-કરીને ઊંડો ક્યાં જાય છે આ? આહા..હા..! સમજાણું કાંઈ? '**નિષ્પ્રમાદ થયા થકા...**' '**ऊर्ध्वम् ऊर्ध्वम् किं न अधिरोहति**' '**ઊંચે ઊંચે કાં ચડતા નથી?**' આહા..હા..! એ શુભભાવથી ઓળંગી અંદર ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ આત્મા છે, પવિત્રનું ધામ છે ઈ, એ અમૃતનું ધામ છે, વિમલ ગુણનું ધામ છે. આહા..હા..! એ વિમલ ગુણનો મોટો દેશ છે. કહો, વીરચંદજી! ભગવાન! અંદર ખબર નથી પ્રભુ તને. એ વિમલ ગુણનું ધામ છે. વિમલ આનંદ આદિ અનંત શક્તિઓનો એ સાગર છે. એ વિમલ નિર્મળ ગુણનો દેશ છે એ. આહા..હા..! દેશમાં ઘણાં ગામ હોય એમ અંદર જ્ઞાન, દર્શન આદિ ઘણી શક્તિઓ છે. આહા..હા..! અને ગામમાં જેમ પ્રજા હોય એમ એક- એક શક્તિના પાછા અનંતા અવિભાગ પ્રતિચ્છેદ શક્તિ છે. આહા..હા..! આવો આત્મા સાંભળ્યો જાય નહિ, એની ખબરું ન મળે. આહા..હા..! અરે! '**ઊંચે-ઊંચે કાં ચડતા નથી?**'

'**ભાવાર્થ :- અજ્ઞાનાવસ્થામાં જે અપ્રતિક્રમણાદિ હોય છે...**' જેને કાંઈ ભાન જ નથી, મિથ્યાદષ્ટિને જે કાંઈ પાપના ભાવ હોય છે હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, ધંધા-પાણી આદિ એ તો અપ્રતિક્રમણ એટલે એ તો પાપ છે. '**તેમની તો વાત જ શી?**' એની તો અમે શું વાત કરીએ? એ તો રખડનારા ચાર ગતિમાં. આહા..હા..! '**અહીં તો, શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણાદિનો પક્ષ છોડાવવા માટે...**' શુભપ્રવૃત્તિમાં રહેતા દ્રવ્ય પ્રતિક્રમણ, દ્રવ્ય-અપવાસ, વ્રત, નિયમ, તપ, પૂજા આદિ એનો પક્ષ છોડાવવા માટે તેમને તે નિશ્ચયનયની મુખ્યતાથી ઝેરકુંભ કહ્યા છે. શુભભાવને ઝેરના ઘડા કહ્યા. આહા..હા..! શ્રદ્ધામાં વાંધા આખા. હોય ભલે. જ્ઞાનીને એ શુભભાવ આવે, પણ છે એ ઝેર હેય. એ આદરવાલાયક નથી. એના મોટા વાંધા અત્યારે. આહા..હા..! શુભથી શુદ્ધ થશે એમ માનવું એમ કહે છે. આ સંસ્કૃતમાં એમ લખ્યું છે, શુભથી શુદ્ધ થશે. અરે..! પ્રભુ! એવી શુભની ક્રિયાકાંડ તો અનંતવાર કરી. નરક કરતા અસંખ્યગુણા અનંતા ભવ દેવના કર્યા, તો ઈ પાપથી ત્યાં જાતો હશે દેવમાં? હેં? શુભભાવથી જાય. શુભભાવ તો કેટલા કર્યા. નરકના જવા કરતા દેવમાં જવાના શુભભાવ અસંખ્યગુણા અનંતા કર્યા. આહા..હા..! પશુ અસંખ્ય પડ્યા છે. અઢી દ્વીપ બહાર એક સ્વયંભૂરમણ સમુદ્ર છે છેલ્લો, એમાં અસંખ્ય તિર્યંચ છે એકમાં, એવા-એવા અસંખ્ય દ્વીપ સમુદ્ર છે એમાં હજારો અસંખ્ય સિંહો, અસંખ્ય વાઘ, દીપડા, ચિત્તા, નોળ, કોળ, મચ્છ. આહા..હા..! એવી સંખ્યામાંથી મરીને બિચારા કોક માણસમાં આવે, કોક નરકમાં જાય અને કોક દેવમાં જાય. આહા..હા..! આવા ભવ અનંતા કર્યા.

કહે છે કે એ પાપના ભાવની તો વાત શું કરીએ,? પણ પુણ્યને છોડવવા માટે તેમને અમે નિશ્ચયનયની મુખ્યતાથી ઝેરના ઘડા કહ્યા. '**કારણ કે તેઓ કર્મબંધના જ કારણ છે,...**' આહા..હા..! મંદિર અને પ્રતિમા એ કાંઈ આત્મા કરી શકે છે એ અહીં વાત નથી. એ તો જડની પર્યાય પરમાણુની તે ક્ષણે તે પર્યાયનો ત્યાં જન્મક્ષણ હોય, એનો ઉત્પત્તિનો કાળ હોય તો તેને લઈને થાય. એના મોટા ગજરથ અને વરઘોડા (કાઢે) એ તો એની જડની પર્યાય હાથીના શરીરની, માણસની, ઘોડાની આમ ગતિ બધી થવાની હોય તે સમયે તે સમયે થાય, એમાં એનો આત્મા કર્તા નથી. આહા..હા..!

જયપુરમાં નહિ? ચાલીસ હજાર (માણસ). રથયાત્રા નીકળી હતી. હાથી ૨૧. હું ત્યાં હતોને ત્યારે ૨૧ તો હાથી. આ પૂનમચંદ ગોદિકા કરોડપતિ છેને. ૨૧ તો હાથી. ચાલીસ હજાર માણસ સાથે. ભગવાનના રથમાં હું બેઠો મોઢાઆગળ એટલે લોકો તો ચાલી નીકળ્યું. સાથે હોં! આમ જોનારા તો લાખો. જયપુરમાં. ૨૧ હાથી મોઢા આગળ. લોકોને એમ થયું કે કોણ છે પણ આ? કોણ કોઈ રાજા આવ્યા છે? સાધુ જોવા નીકળ્યા. દિગંબર નગ્ન સાધુ જોવા નીકળ્યા. છે કોણ આ તે? શું છે આ? ચાલીસ હજાર માણસ આમ સાથે રથમાં જોડે. આખું ક્યાંય ગામ દેખાય નહિ અને આખા મકાનોમાં માણસના ભરેલા હતા

દેખનારા. એ તો બહારની ક્રિયા, બાપુ! એમાં કાંઈ ધર્મ છે (એમ નથી).

**શ્રોતા :-** એના તો ફોટા લેવાણા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફોટા મોટા લેવાણા. એથી શું થયું પણ? એ તો એક શુભભાવ છે. એ ક્રિયા કરી શકે છે એ નહિ, પણ એમાં એક રાગની મંદતાનો ભાવ હોય છે તો શુભ પુણ્ય છે. એવું થઈને ધર્મ માની લે (તો) મૂઢ છે.

**શ્રોતા :-** ધર્મની પ્રભાવના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ધર્મની પ્રભાવના બહાર થાતી હશે કે અહીં થાતી હશે? આહા..હા..! આત્મા.. પ્રફુલ્લ આવ્યો છે? ગયા હતા એ આવ્યા? ઈ લાગે છે. દિલીપ સાથે ગયો હતો. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો આહા..હા..! ભગવાનની જાત્રા અને પૂજા એ બધો શુભભાવ છે. ફક્ત સંસારના પાપ છે એનાથી બચવા એવા ભાવ હોય, પણ એને ધર્મ માની લે અને એનાથી ધર્મ થશે (તો એ) મિથ્યાદૃષ્ટિ, મિથ્યાશ્રદ્ધા, જૂઠી માન્યતા એ ચાર ગતિમાં રખડવાનું મૂળિયું છે. આહા..હા..! આવી વાતું છે. સાંભળવું મળવું મુશ્કેલ, એ કે દિ' વિચારે? કરે કે દિ' રુચિ? આહા..હા..! જિંદગી ચાલી જાય છે. આહા..હા..! અને જે સમયે દેહ છૂટવાનો તે નિશ્ચય છે. એમાં નિશ્ચય છે કે આ સમયે, આ ક્ષેત્રે, આ કાળે, આ સંયોગે દેહ છૂટવાનો. એનો ફેરફાર કોઈ કરે, એક સમયમાત્ર આઘું જાય એમ છે નહિ. આહા..હા..!

અહીં કહે છે, અમે તો જ્યારે નિશ્ચયની પ્રધાનતાથી શુભભાવને ઝેર કહ્યું, 'કારણ કે **તેઓ કર્મબંધના જ કારણ છે...**' એ પુણ્યભાવ પણ બંધનું કારણ છે, અબંધ એવો ધર્મ નહિ. આહા..હા..! હજી શ્રદ્ધાની ખબરું ન મળે, એના આચરણ તો ક્યાંથી હોય? આહા..હા..! ભારે આકરું કામ, બાપા! જન્મ-મરણરહિત થવાની રીત લોકોને મળી નથી. બીજે રસ્તે ચડાવી દીધા છે બિચારાને. પરમેશ્વર વીતરાગ જિનેશ્વરદેવ કેવળીએ જે દીઠું ને કહ્યું એ વાત તો બહુ ઝીણી. એ આ કહે છે.

'**અને પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી રહિત એવી ત્રીજી ભૂમિ કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે...**' જોયું! અશુભભાવ પાપ અને શુભભાવ પુણ્ય બેયથી જુદી ચીજ અંદર આત્મા જે છે. '**પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી રહિત એવી ત્રીજી ભૂમિ કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે...**' અંદર આત્મા ચૈતન્ય પવિત્ર આનંદકંદ શુદ્ધસ્વરૂપ છે. જ્યારે પરમાત્મા અરિહંત થાય છે, અરિહંત-સિદ્ધ એ દશા બધી નિર્મળ આવી ક્યાંથી? કંઈ બહારથી આવે છે ક્યાંયથી? એ અંદરમાં બધી પડી છે, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' મારું પદ જ સિદ્ધસ્વરૂપે બિરાજમાન છે. આહા..હા..! એવું જે શુદ્ધ આત્મસ્વરૂપ '**તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમણાદિરૂપ છે, તેને અમૃતકુંભ કહી છે...**' એને અમૃતકુંભ કહ્યો. પર્યાયમાં હોં! આહા..હા..! પર્યાય એટલે શું

અને દ્રવ્ય એટલે શું?

એક જણો અહીંયાં નહોતો આવ્યો થાનનો ઘણાં વર્ષ પહેલાં? થાનના એક માણેકચંદભાઈ છે. ત્યાં છે એને ઓલી પોટરી. એ બિચારો આવ્યો હતો કે આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. ત્યાં લખ્યું છેને. કહે મહારાજ! દ્રવ્યદૃષ્ટિ એટલે પૈસાવાળા બહુ આવે છે આ નાનાલાલભાઈ અને એમના વેવાઈ કરોડપતિ, એ દ્રવ્યદૃષ્ટિ એટલે પૈસાવાળા એ સમકિત? દેરાવાસી. થાનમાં પોટરી છે. અરે..! માણેકચંદભાઈ! તમને કાંઈ ખબર નથી. આ દ્રવ્યદૃષ્ટિ તમારા દ્રવ્ય-પૈસાની વાતું અહીં ક્યાં છે? આ તમારા પૈસા તો જડ છે, ધૂળ છે. એ ધૂળ મારી છે એ મમતા મહામિથ્યાત્વ અને ભ્રમ છે. આહા..હા..!

અહીં તો દ્રવ્યદૃષ્ટિ એટલે વસ્તુ જે છે આત્મા ત્રિકાળી વસ્તુ છે દ્રવ્ય એટલે પદાર્થ એની દૃષ્ટિ થવી તે દ્રવ્યદૃષ્ટિ છે. આહા..હા..! અને પુણ્ય અને પાપના પરિણામને જોવા એ તો પર્યાયદૃષ્ટિ છે અને એટલો હું છું એ માન્યતા તો મિથ્યાત્વ અને અજ્ઞાન છે. આંધળા છે આંધળા, એને તત્ત્વની ખબર નથી. આહા..હા..! ચૈતન્યસ્વરૂપ પડ્યું છે એને જોતો નથી આંધળો અને રાગ ને કાંઈક દયા, દાન, વ્રત કાંઈક કર્યા ત્યાં કર્યું અમે કાંઈક કર્યું. એને દેખે છે એકલો. પણ એના વિકલ્પની પાછળ, રાગની પાછળ ચૈતન્યમૂર્તિ છે આત્મા, એ સ્વરૂપને જોતો નથી. આંધળા છે આંધળા. ચાહે તો સાધુ નામ ધરાવતા હોય, પણ એ રાગની ક્રિયાને ધર્મ માનીને અંતરમાં દૃષ્ટિ શું વસ્તુ છે એની ખબર નથી. આહા..હા..! અહીં તો સોનગઢ કોઈનો વાડો નહિ. નહિતર તો વાડામાં રહેવા ન દે.

**શ્રોતા :-** ઘણા દૂર બેઠા... દિગંબર નથી એમ જાહેર કરોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરોને જાહેર કરોને. કારણ કે એ અશુભભાવમાં ધર્મ મનાવતા નથી માટે નહિ, એ જૈન નથી, દિગંબર નથી, જૈન નથી. એવું થઈ જાય કાંઈ? જેને જે બુદ્ધિમાં સૂઝે એ કહે બિચારા શું કરે? 'જામે જિતની બુદ્ધિ હૈ ઈતનો દિયે બતાય, ઉસકો બુરો ન માનીએ ઔર કહાં સે લાયે?' બીજું ક્યાંથી લાવે? આહા..હા..! અનાદિથી અજાણી ચીજ રહી ગઈ છે એને. સાધુ પણ અનંતવાર થયો, પંચમહાવ્રત પાળ્યા અનંતવાર, હજારો રાણી છોડીને, રાજા છોડીને દીક્ષા લીધેલી, પણ એ બધી ક્રિયાકાંડમાં ધર્મ માનીને આત્માને જોયો નહિ, જાણ્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ કીધું અહીં.

'**શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમણાદિરૂપ છે, તેને અમૃતકુંભ કહી છે...**' આહા..હા..! ત્યાંના અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યા. '**અર્થાત્ ત્યાંનાં અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં છે. ત્રીજી ભૂમિમાં ચડાવવા માટે આ ઉપદેશ આચાર્યદેવે કર્યો છે.**' પુણ્યના ભાવ છે એમાંથી ખસી જા પ્રભુ, અંદર આત્મા છે ત્યાં દૃષ્ટિ કર. એ ચડાવવા પાપને અને પુણ્યને બેને ઝર કહ્યા છે. પુણ્યને છોડીને પાપમાં જા એમ કહેવા માટે એ વાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**પ્રતિક્રમણાદિને વિષકુંભ**

**કહ્યાં સાંભળીને જેઓ ઊલટા પ્રમાદી થાય છે તેમના વિષે આચાર્યદેવ કહે છે કે—આ માણસો નીચા-નીચા કેમ પડે છે?'** અરે..! નીચે-નીચે કેમ ઉતરતા જાય છે? અમે ઊર્ધ્વ ભૂમિકામાં ચડાવવા માટે તો આ વાત કરી છે. આહા..હા..! પાપના ભાવ છે એ તો ચોખ્ખા અધર્મ છે. ધંધાના, કુટુંબ-કબીલાના સાચવવાના, લગન કરવાના, વેવિશાળ કરવાના, એના લગન વખતે ધામધુમ પાંચ-પચાસ હજાર ખર્ચવા એ તો એકલું પાપ છે, એકલું પાપ છે; પણ અહીં તો કહે છે કે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, દેવ-ગુરુ-ધર્મને નામે પૈસા ખર્ચવા મંદિરો કરવા, વ્રત પાળવા, આવા વર્ષીતપ કરવા. આહા..હા..! એ બધા શુભભાવ રાગ મંદ હોય તો શુભ પુણ્ય છે, ધર્મ નહિ. ત્યાંથી ખસીને અંદરમાં આત્માની દૃષ્ટિ કરાવવા જે અનંતકાળમાં એક સેકન્ડમાત્ર કરી નથી. એ અંતર ચૈતન્ય ભગવાન એકલા જ્ઞાનના તેજનું નૂરનું પૂર છે. આગળ હમણાં કળશમાં આવશે. એ તો અમૃતનું પૂર છે. પછીના કળશમાં આવશે. ૧૯૧. ચૈતન્ય અમૃત પૂર પૂર્ણ મહિમા. આહા..હા..! ખબર ન મળે આત્મા શું ચીજ છે! ધૂળ કાંઈક મળે બહારથી ત્યાં આહા..હા..! પચાસ લાખ મળ્યા, કરોડ મળ્યા ને બે કરોડ મળ્યા ને ધૂળ મળી. આ તો ચૈતન્ય અમૃત પૂરનો પૂર્ણ મહિમા. ઓહો..હો..! ભગવાન આત્મા છેને, વસ્તુ છેને અને તત્ત્વ છેને અને તે અનાદિ-અનંત અવિનાશી વસ્તુ છેને, તો એનો અવિનાશી સ્વભાવ અમૃતકુંભ છે. અમૃત ચૈતન્યનું પૂર છે અંદર. આહા..હા..! ચૈતન્યના અમૃતનું પૂર આત્મા છે. પાણીનું પૂર જેમ ચાલ્યું આવે. આહા..હા..! આવી વાતું! ચૈતન્યના અમૃતનું પૂર એવો આત્મા ક્યાં ગોતવો? આહા..હા..!

અહીં તો એક શાક અને રોટલી સરખી થાય, ચૂરમુ અને લાડવા ત્યાં રાજી-રાજી થઈ જાય અંદર કે આહા..હા..! ઓ.. પતરવેલીયા હોય, ચૂરમાના લાડવા હોય, ઘી સરખું નાખ્યું હોય. આહા..હા..! ત્રણ-ચાર ચડાવે. શું બાપુ એ તો જડ છે, પ્રભુ તને ખબર નથી. એ તારું ચૂરમું તો અંદર છે. આહા..હા..! એ તો જડ છે, પ્રભુ! એને કાંઈ ચૂરમાનો સ્વાદ એને નથી. એ તો જડ છે, માટી છે. એનો સ્વાદ... આ તો અરૂપી છે આત્મા. ફક્ત એને રાગ થાય છે કે બહુ સારું એવો પ્રેમ થાય એ રાગનો એને સ્વાદ છે. આહા..હા..! ઝેરના સ્વાદ લે અને માને કે મને મીઠાશ આવે છે. શું કરવું આમાં? આહા..હા..! એમ સ્ત્રીના ભોગમાં કાંઈ સ્ત્રીના શરીરને ભોગવતો નથી. આ તો હાડકા-માંસ ને ચામડા છે આ તો. એને તો આત્મા અડે પણ નહિ, આત્મા તો અરૂપી છે. ફક્ત એના ઉપર લક્ષ જઈ અને આ સુંવાળું છે અને આ આવું છે, પોચું છે ને આમ છે એવી કલ્પના ઊભી કરે છે રાગની એને એ અનુભવે છે, શરીરને અનુભવતો નથી. ત્રણકાળમાં અનુભવતો નથી. આહા..હા..! વાતે-વાતે ફેર. વીતરાગ પરમાત્માનું કહેવું...

જુઓ, '**આ માણસો નીચા-નીચા કેમ પડે છે? ત્રીજી ભૂમિમાં ઊંચા-ઊંચા કેમ ચડતા નથી? જ્યાં પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું ત્યાં તેના નિષેધરૂપ અપ્રતિક્રમણ**

**જ અમૃતકુંભ હોઈ શકે,...'** શુભભાવને જ્યાં ઝેર કીધું, તો એનો નિષેધરૂપ આત્મામાં જવું એ અમૃત છે. આહા..હા..! આત્મા અંદર ભગવાન આનંદસ્વરૂપ એનો આશ્રય લેવો, એનું નિધાન નજરે જોવું, એ નિધાન ઉપર નજરું નાખવી એ શુભભાવની નજરને ત્યાંથી છોડી દેવી. આહા..હા..! આવો ધર્મ હવે.. કેટલાક કહે કાનજીસ્વામીએ નવો ધર્મ કાઢ્યો. અરે..! ભગવાન! નવો નથી, બાપુ! અનાદિનો વીતરાગનો આ માર્ગ છે. તેં સાંભળ્યો નહોતો અને હતો નહિ તારામાં એટલે તને નવો લાગે. આહા..હા..! અનાદિ પરમાત્મા જિનેશ્વરદેવ. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે અત્યારે, સાક્ષાત્ તીર્થંકર સીમંધર પ્રભુ ત્યાં આ છે વાત. ત્યાંની આ વાત આવી છે. આહા..હા..!

**'અજ્ઞાનીનું નહિ.'** શુભભાવને ઝેર કહ્યું ત્યાં અમૃત આત્માની દૃષ્ટિ અને અનુભવ કરવો એ અમૃત છે, અજ્ઞાનીનું જે અપ્રતિક્રમણ પાપ એ નહિ. **'માટે જે અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ કહ્યો છે તે અજ્ઞાનીનાં અપ્રતિક્રમણાદિ ન જાણવાં,...'** અજ્ઞાની જે અનાદિથી પાપને પુણ્યને પોતાના માનીને કરી રહ્યો છે એની અહીં વાત નથી. એ તો અધર્મમાં પડ્યો છે. આહા..હા..! **'ત્રીજી ભૂમિનાં શુદ્ધ આત્મામય જાણવાં.'** લ્યો! ૧૯૦.

'હવે આ અર્થને દૃઢ કરતું કાવ્ય કહે છે :—'

(પૃથ્વી)

प्रमादकलितः कथं भवति शुद्धभावोऽलसः
कषायभरगौरवादलसता प्रमादो यतः।
अतः स्वरसनिर्भरे नियमितः स्वभावे भवन्
मुनिः परमशुद्धतां व्रजति मुच्यते वाऽचिरात्।।१९०।।

'શ્લોકાર્થઃ—' 'यतः कषाय-भर-गौरवात् अलसता प्रमादः' **'કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે,...'** આહા..હા..! એ શુભભાવની ક્રિયા એ આળસુપણું પ્રમાદ છે, સ્વરૂપનો એ આળસુ છે અને એકલા શુભભાવમાં રોકાઈ ગયો છે. આહા..હા..! **'કષાયના ભાર વડે...'** એ કષાય છે. કસ-કસ એટલે સંસાર, આય એટલે લાભ. જેનાથી સંસારનો લાભ મળે એવો પુણ્યભાવ એના વડે **'ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે,...'** આહા..હા..! 'प्रमादकलितः अलसः शुद्धभावः कथं भवति' **'એ પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે?'** જે પ્રમાદ અને આળસભાવ શુભભાવ એ છે એ શુદ્ધ કઈ રીતે હોઈ શકે? આહા..હા..! વાતે-વાતે ફેર ઓલા કહે છેને, 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે ન મળે અને એક ત્રાંબિયાના તેર.' એમ વીતરાગ કહે છે કે મારે ને તારે શ્રદ્ધામાં બાપા વાતે વાતે ફેર છે. તને ખબર નથી તત્ત્વની અને તું ચાલી નીકળ્યો છે બીજે નામે. આહા..હા..!

એ શું કીધું? કે જે શુદ્ધભાવ છેને વ્યવહારપ્રતિક્રમણ, મિચ્છામી દુક્કડમ, વ્યવહારસામાયિક,

વ્યવહારપોષા, વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપૂજા અને ભક્તિ એ બધું વ્યવહાર તે પ્રમાદ છે, સ્વરૂપમાં એ આળસુ છે, સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાં એ જતો નથી. તેથી શુભભાવમાં રહ્યો એ આળસું છે. આહા..હા..! એ '**આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે?**' જે પ્રમાદભાવ છે ભગવાન. મુનિ સાચા સંત હોય એને પંચમહાવ્રતના વિકલ્પ આવે, પણ છે એ પ્રમાદ અને આળસ. સાચા સંતની વાત હોં! જેને આત્મજ્ઞાન અને આનંદ પ્રગટ્યો છે. નગ્નદશા, દિગંબરદશા જંગલમાં વસે. આહા..હા..! એવા સંતને સાચા સંતને પણ વિકલ્પ ઉઠે, પણ એ પ્રમાદ અને આળસ છે. આહા..હા..! કેમકે છઠ્ઠે ગુણસ્થાને એ પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ હોય છે. એનો અર્થ એ પ્રમાદમાં હોય છે. આહા..હા..! નીચલી ભૂમિકાની તો શું વાત કરવી? એમ કહે છે.

'**अतः स्वरसनिर्भरे स्वभावे नियमितः भवन् मुनिः**' '**માટે નિજરસથી ભરેલા સ્વભાવમાં....**' આહા..હા..! કેવો છે ભગવાન આત્મા? નિજરસ. જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, વીતરાગરસથી ભરેલો આત્મા અંદર છે. આહા..હા..! સાકર જેમ મીઠાશથી ભરેલી છે, એમ આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય રસથી ભરેલો છે. આહા..હા..! ક્યાં જોવો એને? બહારમાં છે નહિ, રાગમાં છે નહિ. રાગથી પૃથક્ થઈને અંદર જોવે તો ખબર પડે કે આ શું વસ્તુ છે. સમજાણું કાંઈ? '**નિજરસથી ભરેલા સ્વભાવ...**' આહા..હા..! એ પુણ્યભાવ છે એ નિજરસ નથી એમ કહે છે. ઝેર રસ એ પર છે. આહા..હા..! હવે બાયડી, છોકરા ને કુટુંબ, ધંધાની તો વાત જ શું કરવી! એ તો ક્યાંય બિચારા એને કારણે આવ્યા, એને કારણે એનાથી નભે અને એને કારણે ચાલ્યા જવાના. ક્યાંય એક મરીને ક્યાંક જશે અને એક મરીને ક્યાંક જશે. આહા..હા..! 'પંખી ચોરે...' નથી કહેતા? સાંજે પંખી ભેગા થાય ઝાડ ઉપર એ સવારે પાછા એક દેશે ક્યાંય વયા જાય અને એક ક્યાંય વયા જાય અને એક ક્યાંય વયા જાય, લ્યો! ૨૫, ૫૦, ૧૦૦ ભેગા થાય. વઢવાણમાં નહિ અમે ઉતર્યા હતા. ઓલું શું કહેવાય એ? નાતાલિયાના મકાનમાં. વઢવાણમાં તે દિ' નહિ પહેલે? ૨૦૦૬ની સાલમાં. ત્યાં જોડે જાડ હતું એક ખાલી. મકાન ખાલી અને ઝાડ. પંખી... પંખી... પંખી... બહુ આવતા. ભેગા થાય, રાતે બેસે જુદાં-જુદાં. પછી સવાર પડે એટલે એક ક્યાંક ને એક ક્યાંક ને એક ક્યાંક. એમ આ ઘરમાં ભેગા થાય. બાયડી-છોકરા ક્યાંકથી આવ્યા. એક થોરમાંથી આવ્યો હોય, એક કીડામાંથી આવ્યો હોય અને એક કીડીમાંથી આવ્યો હોય, ભેગા થાય. મરીને એક જાય કીડામાં, એક જાય કાગડામાં, એક જાય કૂતરામાં. આહા..હા..!

કહે છે કે તારો સ્વભાવ ભરેલો એની તને ખબરું ન મળે અને તારા સ્વભાવથી ખાલી ચીજમાં તને માહાત્મ્ય આવે. તારું એમાં પરમાં માહાત્મ્ય આવે એનું શું થાશે? '**નિશ્ચળ થતો મુનિ પરમ શુદ્ધતાને પામે છે અથવા શીઘ્ર—અલ્પકાળમાં (કર્મબંધથી) છૂટે છે.**' વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ-૧, શુક્રવાર, તા. ૧૭-૦૬-૧૯૭૭,
કળશ-૧૯૦ થી ૧૯૨, પ્રવચન નં. ૩૬૯**

જેને આત્માનું સ્વરૂપ પ્રાપ્ત કરવું હોય ધર્મ, એણે કષાયના જેટલા વિકલ્પો છે એ બધા છોડવા પડશે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પણ આળસ અને પ્રમાદ છે. આહા..હા..! આવી વાત. એ કષાયભાવ છે. કષાયથી કસ એટલે સંસાર અને આય એટલે લાભ. એવા ભાવથી સંસારના ગતિનો લાભ થાય છે, ધર્મનો લાભ નથી થતો. આહા..હા..! '**એ પ્રમાદ તો કષાયના ગૌરવથી થાય છે...**' લ્યો! એ કષાયનું ગૌરવ છે. આહા..હા..! એ કષાયનું માહાત્મ્ય છે. આહા..હા..! જેટલા વિકલ્પો ઉઠે વ્યવહાર, દયા, દાન, વ્રત, ભક્તિના કે સંસારના કામ, ક્રોધ, માન, માયા, લોભના બધો કષાયની મહિમા છે. એ સંસારનું કારણ છે. આહા..હા..! '**માટે, પ્રમાદીને શુદ્ધભાવ હોય નહિ.**' એવા આળસુને વિકલ્પની રાગની લાગણીઓ વાળાને ભગવાન આત્મા શુદ્ધ છે, ચૈતન્ય છે એની એને પ્રાપ્તિ ન થાય અથવા એ રાગભાવથી શુદ્ધતા ન થાય. આહા..હા..! આવી વાતું છે.

'**જે મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે...**' માથે આવ્યું હતું નિજરસથી ભરેલો સ્વભાવ. ભગવાન આત્મા.. બહુ વાત ઝીણી, ભાઈ! એ આનંદના, જ્ઞાનના રસથી ભરેલો પ્રભુ આત્મા છે આ. વિકલ્પોની લાગણીઓ એમાં છે નહિ. એ તો ઉપરથી ઉત્પન્ન થાય છે. આહા..હા..! નિજરસથી ભાર છેને? એમાં ભરેલો સ્વભાવવાળો... આહા..હા..! આનંદ સ્વરૂપ છે આત્મા. એ આવશે પછીના શ્લોકમાં. એમાં અતીન્દ્રિય આનંદમાં જેને આત્માની અનુભવ દૃષ્ટિ કરવી છે એને આ વિકલ્પોની લાગણી છોડે છૂટકો છે, એ વિના આત્માની દૃષ્ટિ સમ્યગ્દર્શન થશે નહિ. આહા..હા..! અનુભવ થયા પછી તેના પુણ્ય-પાપના ભાવ બંધનના કારણ છે એમ ધર્મી વિચાર કરે છે. ૧૯૧.

'**હવે મુક્ત થવાનો અનુક્રમ દર્શાવતું કાવ્ય કહે છે :**'

(शार्दूलविक्रीडित)

त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं
स्वद्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः।
बन्धध्वंसमुपेत्य नित्यमुदितः स्वज्योतिरच्छोच्छल-
च्चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते।।१९१।।

શ્લોકાર્થ :— આહા..હા..! 'यः किल अशुद्धिविधाय परद्रव्यं तत् समग्रं त्यक्त्वा' '**જે પુરુષ...**' એ પુણ્ય અને પાપના વિકલ્પો લાગણી રાગ એ '**અશુદ્ધતા કરનારું જે**

પરદ્રવ્ય...' નિમિત્ત. '**તે સર્વને છોડીને...**' એટલે તેના ઉપરનું લક્ષ છોડી દઈને. આહા..હા..! અશુદ્ધતાનું નિમિત્ત એવું પરદ્રવ્ય '**તે સર્વને છોડીને...**' એટલે કે અશુદ્ધતા જે પૂર્ણ પુણ્ય-પાપની થાય છે એ મેલ છે, દુઃખ છે, ઝેર છે, અપરાધ છે, ગુનો છે. આહા..હા..! જેને ધર્મ કરવો છે તેણે એ વિકલ્પો છોડી અને શુદ્ધતા પ્રાપ્ત કરવી પડશે. આહા..હા..! છે?

'**स्वयं स्वद्रव्ये रतिम् एति**' આહા..હા..! પોતે અશુચિના કારણ પરવસ્તુનું લક્ષ છોડી દઈ ખરેખર '**પોતે પોતાના સ્વદ્રવ્યમાં લીન થાય છે,...**' '**स्वयं स्वद्रव्ये रतिम् एति**' એને રાગના વિકલ્પની કોઈ અપેક્ષા નથી. આહા..હા..! સ્વયં આત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ છે. એ સ્વયં પોતે જ '**स्वद्रव्ये रतिम् एति**' પોતાના દ્રવ્ય એટલે વસ્તુમાં સ્વયં રતિને પામે, આનંદને પામે ત્યારે તેને મુક્તિ થાય અને ધર્મ થાય. આહા..હા..! આવો ધર્મ. '**परद्रव्यं त्यक्त्वा स्वयं स्वद्रव्ये रतिम् एति**' પોતાનો આત્મા આનંદસ્વરૂપ નિજ આનંદકંદ પ્રભુ એ સિવાયના જેટલા પરદ્રવ્ય છે, ચાહે તો તીર્થંકર હો કે એની વાણી હો કે એનું સમવસરણ હો કે મંદિર હો કે પ્રતિમા હો, એ બધા અશુદ્ધના કારણો છે. આહા..હા..! ભલે શુભભાવ થાય પણ એ અશુદ્ધ છે. પોતાનો આત્મા નિજ આનંદ અને જ્ઞાનરસથી ભરેલો પ્રભુ એ સિવાયના જેટલા પરદ્રવ્યો છે તે બધા અશુદ્ધતાના કારણો અને નિમિત્ત છે. આહા..હા..! કહો, ગોવિંદરામજી! તો આ બધું શું? પ્રતિમા અને આ બધા મોટા ૨૬-૨૬ લાખના મકાન ને... અશુદ્ધતાના કારણ છે તો પછી આ બનાવ્યું શું કરવા? એય..! કોણ બનાવે, ભાઈ? એ તો એનો નિજસમયનો જન્મક્ષણ, તે તે પરમાણુઓમાં તે તે સમયની તે જ અવસ્થા થવાને કારણે થાય એમાં બીજો કાંઈ કરી શકે એ વાત ત્રણકાળમાં સાચી નથી. આહા..હા..! એનો ભાવ હોય બહુમાનનો ભગવાન પ્રત્યે પૂજા, ભક્તિ આદિ તો એ શુભભાવ છે, અશુદ્ધતાનું કારણ છે. આકરું કામ, બાપુ! એ ભાવ આવે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એ ભાવ પાપથી બચવા અથવા તેના ક્રમમાં એ ભાવ આવે, પણ છે તો એ અશુદ્ધ. જેટલો આ આત્મા સિવાય પરદ્રવ્ય પ્રત્યેનું લક્ષ ચાહે તો શાસ્ત્ર હો કે દેવ હો કે ગુરુ હો, પર તરફના વલણવાળો ભાવ તે અશુદ્ધ અને મલિન છે. આહા..હા..! કહો, દેવચંદજી! આવું બેસવું. આ પંડિતો વિરોધ કરે છે. આહા..હા..! એનો ને એનો વિરોધ કરે છે, એની ખબર નથી.

ભગવાન.. અંદર કહેશે હમણાં. આહા..હા..! એ તો નિજ ચૈતન્ય અમૃતરસનું પૂર, સમૂહ સુધાનો સમૂહ છે. ભગવાન! પણ કેમ કોઈ દિ' સાંભળ્યું નથી, ખબર નથી. આત્મા તો અમૃતનું પૂર છે. હમણાં આવશે કહેશે. સુધાનો સાગર. સુધા એટલે અમૃત. સુધાનો સમૂહ, સાગર એ તો આત્મા તો છે. આહા..હા..! જેમ સરોવરમાં ચાંચ નાખીને પંખી પાણી પીવે એમ સરોવર ચૈતન્ય આનંદસ્વરૂપ આત્મા છે એ અંતરમાં એ પરિણતિને અંતરમાં રોકે તો એને આનંદનો સ્વાદ આવે. આહા..હા..! એ આનંદનો સ્વાદ આવે એ ધર્મ છે. બાકી બધી

વાતું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? લોકોને બાહ્ય ક્રિયાકાંડમાં એટલો ધર્મ મનાઈ ગયો કે એમાંથી એને પાછુ વાળવું કઠણ પડે કઠણ. એ અહીં કહે છે.

**'किल अशुद्धिविधाय परद्रव्यं'** નિશ્ચયથી ખરેખર એમ. **'किल'** એટલે ખરેખર. અશુદ્ધતા કરનારું પરદ્રવ્ય. આહા..હા..! શૈલી તો જુઓ, જે પરદ્રવ્ય છે. ચાહે તો સ્ત્રી, કુટુંબ, પરિવાર હો કે ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્ર હો એ બધી પરવસ્તુ છે તારાથી, એ અશુદ્ધતાના કારણ છે. કહો, ધર્મચંદજી! એને છોડીને. આહા..હા..! એ પરદ્રવ્યના તરફના વલણને છોડી દઈ સ્વયં સ્વદ્રવ્યમાં રતિને પામે. આહા..હા..! પોતે જ ભગવાન આત્મા એ વ્યવહારના, અશુદ્ધતાની અપેક્ષા છોડી દઈને સ્વયં સ્વરૂપ તરફ વળીને પોતે આનંદને પામે. છે? સ્વદ્રવ્યમાં રતિ થાય એટલે લીન થાય. આહા..હા..! સ્વયં સ્વદ્રવ્યમાં લીન થાય. ભાષા તો જુઓ, કે વ્યવહારના અશુદ્ધતા પરદ્રવ્યના નિમિત્તો છે અશુદ્ધતાના એની કોઈ એમાં અપેક્ષા નથી. આહા..હા..! સ્વદ્રવ્યમાં સ્વયં પોતે પોતાના આનંદ સ્વભાવને પોતે એમાં રતિ પામે, લીન પામે... આહા..હા..! ત્યારે તેની મુક્તિ થાય અને ત્યારે તેને ધર્મ થાય. આહા..હા..! આવી વાત હવે. હવે આવી બધી સાંભળી ન હોય એણે. અહીં તો આ દયા પાળો, ભક્તિ કરો, વ્રત કરો ને તપસ્યા કરો. અરે..! બાપુ!

આત્મા વસ્તુ છે, પ્રભુ છે. આત્મા અતીન્દ્રિય આનંદનો રસ. આહા..હા..! ઓલામાં આવ્યું નહોતું? કહ્યું નહોતું? હમણાં યાદ કર્યું હતું. 'ગગન મંડળમેં ગૌઆ વિયાણી, વસુધા દૂધ જમાયા, ગગન મંડળમેં ગૌઆ વિયાણી, વસુધા દૂધ જમાયા, માખણ થા સો વિરલા પાયા અને છાશે જગત ભરમાયા.' ભગવાનની વાણી ત્રિલોકનાથ સર્વજ્ઞની નીકળી. 'ગગન મંડળ મેં ગૌઆ વિયાણી' ગગન-આકાશમાં વીતરાગની વાણી નીકળી. ૐ ધ્વનિ પરમાત્મા જિનેશ્વરની. એ 'વસુધા દૂધ જમાયા.' પૃથ્વી ઉપર પડી, સાંભળનારના ઓલા ઉપર, પણ જેને 'માખણ થા સો વિરલા પાયા.' અંદર આત્મા શુદ્ધ પવિત્ર આનંદ એને એનું માખણ એટલે એની પવિત્રતાની પ્રતીતિ અને અનુભવ વિરલા પાયા. બાકી 'છાશે જગત ભરમાયા.' છાશ સમજો છો? મઠ્ઠા. એમ આ દયા, દાન, વ્રત, ભક્તિ ને તપ છાશ જેવો મઠ્ઠો છે. એમાં જગત ભરમાયો. ધન્યભાઈ! ક્યાં ધન્યકુમાર? 'છાશે જગત ભરમાયા.' આહા..હા..! 'ગગન મંડળમેં અધ બિચ કૂઆ વહાં હૈ અમીકા વાસા, એ સગુરા હોવે સો ભર ભર પીવે, એ નગુરા જાવે પ્યાસા, અબધુ સો જોગી ગુરુ મેરા, ઈણ પદ કા કરે રે નિવેડા, ઈણ પદકા કરે રે નિવેડા, અબધુ સો જોગી રે ગુરુ મેરા. ગગન મંડળમેં અધ બિચ કૂઆ.' દેખો, ભગવાન અંદર આત્મા આકાશમાં અધવચ્ચ જુદો પડ્યો છે અંદર. આહા..હા..! 'ગગન મંડળમેં અધ બિચ કૂઆ, વહાં હૈ અમીકા વાસા.' હમણાં આવશે અમૃત. ત્યાં અમૃતનું સ્થાન પડ્યું છે, અરે! એને ખબર નથી. અતીન્દ્રિય આનંદનો સાગર ત્યાં ભર્યો છે. 'પણ સગુરા હોવે સો ભર ભર પીવે.' ગુરુ એને એમ બતાવે કે આનંદસ્વરૂપ છે તેનો અનુભવ કર તો તને ધર્મ

અને મુક્તિ થશે. 'બાકી નુગુરા જાવે પ્યાસા.' કુગુરુ બતાવનારા એને બતાવે કે રાગ કરો, દયા પાળો, તપ કરો, અપવાસ કરો. એવા કુગુરુ બતાવે એને એ નહિ મળે, એ પ્યાસા ચાલ્યા જશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. જગતથી ફેર બહુ ફેર.

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા અનંત તીર્થંકરો એ ફરમાન કરી ગયા છે. એની જગતને તત્ત્વની ખબર નથી કે હું કોણ છું? ક્યાં છું? કેમ છું? આહા..હા..! એના સ્વને જોયા વિના, સ્વને જાણ્યા વિના બહારમાં ભટક્યા ભટક. ગિરનાર જાશે તો મોક્ષ મળશે ને સમ્મેદશિખર જાશું તો મોક્ષ મળશે. આહા..હા..! સમવસરણ ભગવાનના ત્રિલોકનાથના ધર્મ સભા ત્યાં અનંતવાર ગયો. પરદ્રવ્ય તરફના લક્ષથી તો અશુદ્ધતા થશે. આહા..હા..! આવી વાત કોણ સાંભળે? કઠણ પડે માણસને. એક તો સંસારના પાપ આડે નવરો નથી. ધંધા, બાયડી, છોકરા, કુટુંબ પાપી પ્રાણી પાપમાં પચ્યો એ તો. એમાં કલાક વખત મળે ક્યાંક સાંભળવાનું ત્યાં આવી વાત તો મળે નહિ એને. એને એ મળે અપવાસ કરો, વ્રત કરો, દાન કરો, દયા પાળો. આહા..હા..! કંદમૂળના જીવને ન ખાવ આદિ, એ બધી ક્રિયાની વાતું તો રાગની છે. આહા..હા..! પરદ્રવ્યના વલણવાળી વૃત્તિ તો અશુદ્ધ છે. આહા..હા..!

એને છોડીને સ્વદ્રવ્યમાં રતિને પામે '**તે પુરુષ નિયમથી...**' '**सर्व–अपराध–च्युतः**' '**સર્વ અપરાધોથી રહિત થયો થકો,...**' આહા..હા..! શું કહ્યું? કે પોતાનો આત્મા જે છે એ સિવાય જેટલા પરદ્રવ્ય સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ, શાસ્ત્ર એ બધા તરફના વલણવાળો ભાવ તો અપરાધ છે. આહા..હા..! આવું શી રીતે બેસે? ભાઈ! તને ખબર નથી પ્રભુ! તું કોણ છો? તને સાચું તત્ત્વ શું છે એ મળ્યું નથી તને. એમને એમ ભ્રમણામાં કૂવામાં ભમી રહ્યો છે. આહા..હા..! ક્યાંય એને દયા આત્માની મળી નથી, એ અહીં કહે છે. '**તે પુરુષ નિયમથી સર્વ અપરાધોથી રહિત થયો થકો,...**' એટલે શું? કે આત્મા સિવાયના જેટલા પરદ્રવ્યો એ રાગથી માંડીને સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર, ગિરનાર ને સમ્મેદશિખર ને શેત્રુંજય એ બધા પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યને આશ્રયે ભાવ થાય તે અપરાધ છે. જ્ઞાનીને એ ભાવ આવે ખરો, પણ એ જાણે છે કે આ દોષ છે, હેય છે, મારી કમજોરીથી એ ભાવ આવે, પણ છે તે હેય. છોડવાલાયક છે, આદરવાલાયક છે એમ એ જ્ઞાની માનતો નથી. આહા..હા..! આવી વાતું માણસને (આકરી લાગે છે). ચોખ્ખી શું કીધું અહીં? જુઓને, પહેલાં બે બોલ એમ લીધા કે સ્વદ્રવ્ય સિવાયના જેટલા પરદ્રવ્ય વસ્તુ તેના તરફનું વલણ બધું અશુદ્ધ છે, એમ કહીને બીજા બોલમાં એમ કહ્યું કે એ બધી અશુદ્ધતા તે અપરાધ છે. આહા..હા..!

'**તે પુરુષ નિયમથી સર્વ અપરાધોથી રહિત થયો થકો,...**' '**बन्ध–ध्वंसम् उपेत्य नित्यम् उदितः**' '**બંધના નાશને પામીને...**' એટલે? સ્વ ચૈતન્યના સ્વન્મુખના ભાવ સિવાય જેટલા પરદ્રવ્યના સન્મુખના ભાવ (થાય) એ અશુદ્ધ છે, અપરાધ છે, બંધનું કારણ છે.

આહા..હા..! એને '**નાશને પામીને...**' જે કોઈ પરદ્રવ્ય તરફના વલણના ભાવને છોડી, ભગવાન આત્મા આનંદસ્વરૂપમાં જે દૃષ્ટિ કરે, લીન થાય છે તે બંધને પામતો નથી, એને બંધન થતું નથી. આહા..હા..! આવું શું હશે? ભગવાનનો માર્ગ તો અનેકાંત છેને? પંડિતો ને અત્યારે બધા સાધુ એવું કરે છે, અનેકાંત માર્ગ છે. નિશ્ચયથી પણ થાય અને વ્યવહારથી પણ થાય, ઉપાદાનથી થાય અને નિમિત્તથી પણ થાય. આહા..હા..! અહીં તો નિમિત્ત જે પરદ્રવ્ય છે તેના તરફનો વલણભાવ તે અશુદ્ધ કહ્યો, અપરાધ કીધો, બંધનું કારણ કહ્યું. આહા..હા..! આમ છે. કહો, દેવીલાલજી! શું કરવું પણ ત્યારે આમાં? મોટો ભાગ તો બીજો છે. બધાનો જો.. શું કહેવાય? મત-મત. મત લેવા માગે તો તો ઘણાનો એ પડે કે આનાથી આમ કલ્યાણ, આનાથી આ કલ્યાણ (થાય), સમ્મેદશિખરની જાત્રાથી કલ્યાણ થાય, વ્રત પાળવાથી થાય, તપસ્યા, અપવાસ કરવાથી, મહિનાના અપવાસ કરે એને બહુ થાય, અઠમ કરે અને એક પહોર ચડાવે તો તો પચ્ચીસ અપવાસનું (ફળ મળે). આહા..હા..!

**શ્રોતા :-** સંસારના મત છે આ તો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ચાર ગતિમાં રખડવાનો મત છે. આહા..હા..! આકરી વાતું છે બાપુ! આ બહુ ભાઈ! ઊંડા-ઊંડા ગયા છે એમાં લોકો. એ કહે છે.

'**बन्ध-ध्वंसम् उपेत्य नित्यम् उदितः**' આહા..હા..! '**(સદા પ્રકાશમાન) થયો થકો,...**' ચૈતન્ય ભગવાન આત્મા અંદર ચૈતન્યસ્વરૂપ, જેનો ત્રિકાળી ચૈતન્ય અને અતીન્દ્રિય આનંદ પ્રભુનો સ્વભાવ છે આત્માનો. તેમાં જે રમે છે અને પરદ્રવ્ય તરફના અપરાધ અને અશુદ્ધતાના બંધના કારણને છોડે છે... આહા..હા..! તેને '**નિત્ય ઉદિત (સદા પ્રકાશમાન) થયો થકો,...**' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની પ્રકાશદશા પ્રગટ થાય છે તેને. આહા..હા..!

હવે આવે છે જુઓ, '**स्व-ज्योतिः-अच्छ-उच्छलत्-चैतन्य-अमृत-पूर-पूर्ण-महिमा**' કેવો છે ભગવાન અંદર આત્મા? આહા..હા..! '**સ્વજ્યોતિથી (પોતાના સ્વરૂપના પ્રકાશથી)...**' પોતે પ્રભુ છે એને બીજાના પ્રકાશની જરૂર છે નહિ. ચૈતન્યપ્રકાશનું પૂર છે પ્રભુ. અરે! કેમ બેસે? પોતે આવો છે એમ બેસે કેમ? એ તો ભગવાન એવા હોય, પરમાત્મા એવા હોય; પણ પરમાત્મા કેવળી થયા એ થયા અનંતજ્ઞાનદર્શનને પામ્યા, એ પામ્યા ક્યાંથી પામ્યા? બહારથી આવે છે એ ચીજ? એ અંદરમાં પડી છે એમાંથી આવી છે. એ એવો તું છો. આહા..હા..! ભગવત્‌સ્વરૂપ છો, પરમાત્મસ્વરૂપ છો. કેમ બેસે? આહા..હા..!

કહે છે, '**સ્વજ્યોતિથી (પોતાના સ્વરૂપના પ્રકાશથી) નિર્મળપણે ઊછળતો...**' આહા..હા..! જ્યારે અપરાધના અને અશુદ્ધતાના કારણોને છોડી દીધા ત્યારે ભગવાન આત્મા અંદરમાં જાય છે ત્યારે પોતે પ્રકાશમાન ચૈતન્યજ્યોતિ પ્રગટ થાય છે. આહા..હા..! ત્યારે '**નિર્મળપણે ઊછળતો...**' છે? '**उच्छलत्-**' છેને? '**अच्छ-उच्छलत्**' નિર્મળપણે (ઉછળતો). જેમ દરિયામાં પાણીની ભરતી આવે, દરિયાને કાંઠે જેમ બાઢ આવે. આહા..હા..! એમ

ચૈતન્યપ્રભુ અનંત જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ, એના ઉપર એકાગ્ર થવાથી એની પર્યાયમાં ચૈતન્ય ઊછળે છે. આહા..હા..! હજી પર્યાય કોને કહેવી? અને દ્રવ્ય કોને કહેવું? જય ભગવાન. અમે જૈન છીએ. અમારે વ્રત કરવા અને તપ કરવા અને હંમેશા ભગવાનના દર્શન કરવા. અરે! પ્રભુ સાંભળ તો ખરો, બાપુ! આહા..હા..! તારી ચીજને ભૂલીને પરદ્રવ્ય (તરફ) જેટલો જુકાવ તારું વલણ છે એ બધો અપરાધ અને અશુદ્ધતા છે, એ બંધના કારણ છે. તારો આત્મા અંદર એ બંધના, અપરાધના કારણોને છોડીને નિરપરાધી પ્રભુ અંદર આત્મા બિરાજે છે, સચ્ચિદાનંદ પ્રભુ. આહા..હા..! કેવો છે ઈ? સ્વયં ઊછળતો નિર્મળપણે. આહા..હા..! જેમ ઓલા વિકલ્પો ઉત્પન્ન થતાં શુભ-અશુભભાવના, એને છોડ્યા તો એના સ્થાનમાં નિર્મળતા હવે ઊછળે છે અંદરથી. ભગવાન આનંદકંદ પડ્યો છે પ્રભુ. આહા..હા..! એના ઉપર દૃષ્ટિ આપતા એની વર્તમાન દશામાં નિર્મળતા ઊછળે છે. એને દરિયો કાંઠે જેમ ભરતી લાવે બાઢ, એમ એની પર્યાયમાં આનંદ ઊછળે છે. આહા..હા..! આને ધર્મ વીતરાગ કહે છે. જૈન વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર અનંત કેવળીઓ, અનંત તીર્થંકરો આને ધર્મ કહે છે. આહા..હા..! આ તો સલવાઈ ગયા બધે, પોતાના વાડામાં બાંધેલી જે વાત (તેને માનીને). સ્થાનકવાસી કહે કે મૂર્તિ ન માનવી ને આ દયા પાળવી, વ્રત કરવા અને અપવાસ કરવા. દેરાવાસી કહે કે આ ગિરનાર અને શેત્રુંજયની, સમ્મેદશિખરની બધી જાત્રાઓ કરીને પૂજા કરવી. સિદ્ધચક્રની પૂજા, ફલાણી કર્મદહન પૂજા. નવરા થાય નહિ બિચારા એમાંથી. આહા..હા..!

અહીં કહે છે કે એકવાર પ્રભુ સાંભળ તો ખરો. તારા જન્મ-મરણના અવતારના કારણો, એ પરદ્રવ્ય તરફના વલણના ભાવ બધા જન્મ-મરણના કારણ અપરાધો છે. આહા..હા..! એ અપરાધો ને અશુદ્ધતાના કારણો એ પરદ્રવ્ય છે. અરે..! ભગવાનની વાણી! અરે..! વાણીથી પણ એ આત્મા જણાય એવો નથી એવો એ છે. એ પરમાત્મપ્રકાશમાં આવી ગયું છે. સમજાણું કાંઈ? આહા..હા..! અજ્ઞાનીને પુણ્ય અને પાપના ભાવ તે ઉપાદેય છે, તેથી તેને ભગવાન આત્મા હેય છે. આહા..હા..!

અજ્ઞાની જેની પરદ્રવ્ય ઉપર દૃષ્ટિ છે, સ્વદ્રવ્યનું માહાત્મ્ય અને શક્તિના સામર્થ્યની ખબર નથી, એ પ્રાણી પરદ્રવ્ય ઉપર લક્ષવાળો ભાવ (થાય) એને ઉપાદેય માને છે, આદરણીય માને છે, એને ભગવાન આનંદનો નાથ પ્રભુ પોતે છે તેને તે હેય છે. આહા..હા..! અને ધર્મીને એ શુભ અને અશુભભાવ હેય છે. ત્યારે આત્મા આનંદકંદ પ્રભુ છે તે ઉપાદેય છે. અરે..! આવી વાતે- વાતે ફેર. આહા..હા..! એક તો જગતના રળવું ને આ વિષય ને ભોગ ને ધંધા પાપના એનાથી નવરો થાતો નથી ૬૦-૬૦ વર્ષ કર્યા હોય તોય. નોકરીવાળા પણ ૫૫ વર્ષે છોડી દે. એય..! અહીં તો ૬૦-૭૦-૭૫ થાય તોપણ કામ કર્યા જ કરે પાપના ધંધા. આહા..હા..! અને પોતાનો અનુભવ હોય એ છોકરાને આપે દુકાને ધંધે. આહા..હા..! હવે એ નવરો ન થાય પાપમાંથી એમાં આ સાંભળવા ક્યાં મળે? અને આવા સાંભળવા

સિવાયનું બીજું સાંભળવું મળે એને. તમે નિવૃત્તિ લઈને અહીંયાં આવ્યા તમને ધર્મ થાશે હવે, તમે અપવાસ કરો, અપવાસ છે તે તપ છે, તપ છે તે નિર્જરા છે, નિર્જરા તે ધર્મ છે. અહીં કહે છે, જેટલો પરદ્રવ્યના લક્ષે ભાવ તને થાય કે આહાર છોડું ને આ છોડું એ બધો શુભરાગ અથવા અશુદ્ધતા ભાવ છે. આહા..હા..! અરેરે..! સાચું સાંભળવું મળે નહિ એ સત્યના પંથે કે દિ' જાણે ને જાય ને રુચિ કરે? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે '**નિર્મળપણે ઊછળતો...**' શું ઊછળતો? જ્યારે પરદ્રવ્યના વલણને. વલણ શું? વલણને હિન્દીમાં શું કહે છે? જુકાવ. પરદ્રવ્ય તરફનો જુકાવ ચાહે તો ભગવાન હો અને ભગવાનનું સમવસરણ હો કે ભગવાનની વાણી પણ છે આત્મા દ્રવ્યથી પરવસ્તુ. એ પરદ્રવ્ય તરફના જુકાવને પરમાત્મા એમ પોતે કહે છે કે શુભભાવ થાય એ અશુદ્ધતા છે. આહા..હા..! અમે તારે માટે અશુદ્ધતાના કારણ છીએ. આ તો વીતરાગ કહે. આહા..હા..! એ છોડીને... બે વાત. પરદ્રવ્યના વલણને, જુકાવને છોડી અને સ્વદ્રવ્યમાં જુકાવ કરતા નિર્મળપણે આનંદ ઉછળે. આહા..હા..! કેવો ઊછળે? '**જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ.**' પૂરનો અર્થ કર્યો. પાઠમાં છેને? '**चैतन्य-अमृत-पूर-पूर्ण-महिमा**' કેવો છે ભગવાન આત્મા? આહા..હા..! અરે..! તું કોણ છો અંદર? તને ખબર નથી, પ્રભુ! તું ક્યાં અને કેવો છો અંદર. એ ચૈતન્યરૂપી અમૃતનો પ્રવાહ છે. જ્ઞાનરૂપી આનંદનો પ્રવાહ એ ભગવાન છે. આહા..હા..! એ વ્યવહારના જેટલા વિકલ્પ ઉઠે રાગ એ એના સ્વરૂપમાં નથી. કહો, પંડિતજી! કેસરલાલજી! આવું કેસર છે. આહા..હા..!

**શ્રોતા :-** આત્માના વિચાર કરવા એ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માના વિચાર કે 'હું આવો' એ પણ એક વિકલ્પ છે. હું આવો છું ને તેવો છું. આહા..હા..! એ તો આવશ્યકમાં નથી કહ્યું? આત્માને દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણથી વિચારે તોપણ પરવશ છે. આવશ્યકમાં કહ્યું છે. નિયમસાર. ભગવાન આત્મા અમૃતનો સાગર એકરૂપ છે વસ્તુ. એને ત્રણ પ્રકારથી વિચારવો કે આ ત્રિકાળી રહે તે દ્રવ્ય છે, એની ત્રિકાળી શક્તિઓ તે ગુણ છે, વર્તમાન દશા તે પર્યાય છે. એ ત્રણનો વિચાર કરનાર પણ પરવશ છે એને સ્વવશનું આવશ્યક અવશ્યનું નથી. આહા..હા..! નિયમસારમાં છે આવશ્યક અધિકાર. જે કોઈ શુભભાવમાં છે એ પણ પરાધીન છે, એ સ્વવશ નથી. આહા..હા..! પરવશ છે. આહા..હા..! એ પરવશપણાના પરિણામને છોડીને ચૈતન્ય અમૃતનું પૂર છે પ્રભુ. આહા..હા..! બે વાત લીધી. ચેતના અને અમૃત એટલે આનંદ બે વાત ભેગી લીધી છે. આહા..હા..!

'**ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ...**' આહા..હા..! ઓલા પુણ્ય અને પાપભાવ બધા દુઃખરૂપનો પ્રવાહ. આહા..હા..! શું કહે છે આ? પરખ્યા હીરા-માણેક, પરખ્યા... નથી આવતું? 'પરખ્યા માણેક મોતીયા, પરખ્યા હેમ કપુર, એક ન પરખ્યો આત્મા ત્યાં રહ્યો દિગ્મૂઢ.' બધાની

પરીક્ષા કરવા ચાલી નીકળ્યો. હીરા આવા, માણેક આવે, ફલાણા આવા, ઢીકણા. ચોખા આવા હોય ને દાળ આવી હોય ને બાજરો આવો હોય ને જુવાર આવી હોય. આહા..હા..! તું કેવો છો તને (ખબર નથી). પોતાના સિવાય પરદ્રવ્યની પરીક્ષા કરવા માટે ડાહ્યો અને ડહાપણ દેવનો દીકરો જાણે બેઠો હોય વાતું કરવા બેઠો હોય તો. આનું આમ હોય ને આનું આમ હોય ને એનું આમ હોય ને એનું આમ હોય. અમેરિકામાં આમ છે ને યુરોપમાં આમ છે ને ઢીકણા લંડનમાં આમ છે. શું છે પણ? સાંભળને. એ બધા વિકલ્પની જાળ એ અપરાધ અને ગુનો છે, પ્રભુ! તું સાંભળ. આહા..હા..!

અહીંયાં તો એકને ત્રણપણે વિચારવો એ પણ રાગ છે. આહા..હા..! એ અપરાધ છે, અશુદ્ધતા છે, એ બંધનું કારણ છે. આહા..હા..! કેમકે એમાં મનનો સંગ આવ્યોને અપરાધ. પરદ્રવ્યનો સંગ આવ્યો ત્યારે ત્રણનો ભેદ પડે છે. આહા..હા..! અસંગી ચીજના અનુભવમાં એ ભેદ પડતો નથી. અભેદ ભગવાન આત્મા સમ્યગ્દર્શનનો વિષય એ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ નહિ. આહા..હા..! દેવીલાલજી! આવી વાતું છે, ભાઈ!

પરમેશ્વર જિનેશ્વર ઈન્દ્રોની સમીપમાં આમ કહેતા હતા. ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પરમાત્મા મહાવિદેહમાં આમ કહી રહ્યા છે, એ આ વાણી છે. આહા..હા..! એ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા સંવત્ ૪૯. આઠ દિ' રહ્યા ભગવાન પાસે. ભગવાન બિરાજે છે. મોટું આયુષ્ય છે. કરોડપૂર્વનું આયુષ્ય છે. પાંચસો ધનુષનો દેહ ભગવાનનો છે. સીમંધર પરમાત્મા બિરાજે છે. મહાવિદેહમાં પૃથ્વી ઉપર હોં! મોક્ષમાં નહિ. મોક્ષમાં તો સિદ્ધ હોય, આ તો હજી અરિહંતપદે છે. એ ભગવાનની વાણીમાં ઈન્દ્રો અને ગણધરોની વચમાં, અરે..! તિર્યંચો નાગ અને વાઘ સેંકડો સમવસરણમાં આવે, એની સમક્ષમાં આ વાણી હતી પરમાત્માની. જેટલા તારા સ્વદ્રવ્યને છોડીને પરદ્રવ્યનું આલંબન લઈશ તેટલો અપરાધ અને રાગ છે. આહા..હા..! એ વીતરાગ કહે હોં! બીજા તો કહે કે અમારી ભક્તિ કરજો, અમને સારા આહાર-પાણી આપજો તમારું કલ્યાણ થાશે. આહા..હા..! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ પૂર્ણ પદને પામ્યા કેવળજ્ઞાનને ત્યારે દિવ્યધ્વનિ ૐ નિકળ્યો અવાજ અને એમાંથી સાર લઈને આ કર્યું, આ સમયસાર, પ્રવચનસાર એ છે. આહા..હા..!

શું કીધું? '**સ્વજ્યોતિથી (પોતાના સ્વરૂપના પ્રકાશથી) નિર્મળપણે ઊછળતો ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ...**' આહા..હા..! લ્યો! ગાજ્યો ત્યાં. ભગવાન આત્મા ચૈતન્ય અમૃત. બે બોલ લીધા. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... ને આનંદ... આનંદ... આનંદ... એવું ચૈતન્ય અમૃતનું એ પૂર છે આત્મા. પાણીનું જેમ પૂર છે, સમૂહ છે, ઢગલો છે, એમ આત્મા જ્ઞાન અને આનંદનો ઢગલો-સમૂહ છે. સુધા સમૂહ. આહા..હા..! છેને અમૃતનું. અમૃતનું પૂર એનો અર્થ ઈ છે. પૂરનો અર્થ એ છે પ્રવાહ. પૂરનો અર્થ સમૂહ, ધારા, પૂર્ણ મહિમા. એના વડે જેનો પૂર્ણ મહિમા છે. આહા..હા..! આત્માને એ પુણ્ય-પાપના ભાવનો મહિમા

કાંઈ છે નહિ. આહા..હા..! કેટલી વાતું કરે છે એક કળશમાં! ભગવાન એમ કહે છે કે અમારા તરફની તને ભક્તિ અને અમારું તને સ્મરણ થાય, નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ બધો અશુદ્ધ અપરાધ છે. એ કંઈ મહિમાવાળી ચીજ નથી. આહા..હા..!

'**ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ તેના વડે પૂર્ણ જેનો મહિમા છે...**' ભાષા દેખો. આત્મા ચૈતન્યના જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ ચેતના એનાથી પૂર્ણ છે ત્રિકાળ અને અતીન્દ્રિય અમૃતસાગર આનંદ એનાથી પૂર્ણ છે. એ પૂર્ણ જેનો મહિમા છે. જેની વર્તમાન અવસ્થા પણ જેમાં નથી. અપરાધના ભાવો તો એમાં નથી, શુભભાવ પણ એનામાં નથી, પણ વર્તમાન એક સમયની પર્યાય જે પૂર્ણ છે તેમાં એ નથી. આહા..હા..! આવું છે. અને કેટલાકે તો ૬૦-૬૦ વર્ષ ગાળ્યા હોય, ૫૦-૬૦ (વર્ષમાં) સાંભળ્યું પણ ન હોય બિચારાએ. એમને એમ જિંદગી ઢોરની જેમ ચાલી જાય છે. આહા..હા..!

'**જે ચૈતન્યરૂપ અમૃતનો...**' પૂર છે. પ્રવાહનો અર્થ એમ કર્યો છે. પાણીનો પ્રવાહ ચાલેને આમ પ્રવાહ, એમ આ ચૈતન્યનો અને અમૃતનો પ્રવાહ છે એ તો. કાયમ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... અમૃત... અમૃત... આનંદ... આનંદ... એ ચૈતન્ય અને અમૃતનો પૂર-પ્રવાહ છે. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અનાદિ-અનંત પ્રવાહ એનો પડેલ છે અંદર. આહા..હા..! આવી વાતું. અરે! ભાઈ! તારી ચીજમાં શું છે એની ખબર નથી એને. એ તો આત્મા કોણ? કે આ પરની દયા પાળે, પરની હિંસા કરે, પૈસા રાખે, પૈસા છોડે, પૈસાના દાન આપે એ આત્મા. અરે! ભગવાન! તને ખબર નથી, ભાઈ! આહા..હા..! પૈસાને દઈ શકે નહિ અને પૈસાને પેદા કરી શકે નહિ, પણ અંદર રાગ થાય એ પણ એના સ્વરૂપમાં નથી. આહા..હા..! અને એના સ્વરૂપમાં વર્તમાન નિર્મળ પર્યાય છે એ પણ એના સ્વરૂપમાં નથી. એ તો પૂર્ણ મહિમા જેનો છે. આહા..હા..! છે કે નહિ અંદર? આહા..હા..!

ભગવાન આત્મા અંદર વસ્તુ છેને આત્મા, તત્ત્વ છેને, પદાર્થ છેને. મોજૂદગી, અરૂપી મહાન ચીજ છે. એનો ચૈતન્ય અને અમૃતનો પ્રવાહ જેમાં ત્રિકાળી વહે છે, ત્રિકાળી સુધાનો સમૂહ છે અને પુણ્ય અને પાપના ભાવ એ ઝેરના બધા સમૂહ છે. આહા..હા..! અરે! એણે અનંતકાળમાં રખડતા ચોર્યાસી લાખના યોનિના એક-એકના અનંત અવતાર કર્યા. આહા..હા..! આ જુઓને ખટારા નીકળે છેને ખટારા, ત્યારે સડક ઉપર નોળ, કોળ, શિયાળિયા નથી સર્પને પકડે શું કહેવાય? નહિ ઓલા? શેળા શેળા. કાંટાવાળા હોય છેને. રસ્તામાં ઘણા ભાળીએ છીએને. કચડાઈ જાય. શેળો તમારે શું કહે છે? સર્પને પકડે અને કાંટાવાળો હોય. એ નોળ જુદા હોં! નોળ-કોળ જુદાં. એ નહિ. અમે રસ્તામાં જઈએ તો કેટલાય કચડાઈને લોહી... લોહી... લોહી... આહા..હા..! એવા ભવ પણ પ્રભુ તેં અનંતવાર કર્યા છે. હજી પણ જો ભ્રમણામાંથી નહિ નીકળ તો એના એ ભવ અહીંથી જઈને કરવાના છે. આહા..હા..! કેમકે તું તો અવિનાશી છો, તું કાંઈ નાશ થાય એવો નથી. આહા..હા..! દેહ છૂટશે તો આત્મા

તો રહેશે. જશે ક્યાંક. આહા..હા..! અજાણે ક્ષેત્રે, અજાણે કાળે અવતરશે ક્યાંક. ભાન નથી કોણ છું ને કેમ છું. સમ્યગ્દર્શનની કાંઈ ખબર પણ નથી કે સમ્યગ્દર્શન કેમ થાય? અને થાય તો એ દશા શું એની હોય? આહા..હા..! એની ખબરું વિના ચોર્યાસીના અવતારમાં તું ગયો, પણ તારો પ્રવાહ વહે છેને પૂર્ણ કહે છે. આહા..હા..! અહીં જાને અંદર. આહા..હા..! ચૈતન્યના અમૃતના ધોધ વહે છે ત્યાં. આહા..હા..! કેમ વિશ્વાસ આવે? બીજું ગમે તે હો, તારું સ્વરૂપ આવું છે એવી એને દૃષ્ટિ કર્યા વિના કોઈ દિ' કલ્યાણ થાય એવું નથી. સમજાણું કાંઈ? અનંતવાર સાધુ થયો દિગંબર મુનિ પંચમહાવ્રત(ધારી). 'મુનિ વ્રતધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ આત્મા આવી ચીજ છે તેની દૃષ્ટિની પણ ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ચૈતન્યનું પૂર અમૃતનો પ્રવાહ. ચૈતન્યરૂપ આનંદ એમ કહે છે. ચૈતન્યનો આનંદ. ભગવાન આત્મા ચૈતન્ય... ચૈતન્ય... ચેતન.. ચેતન સ્વભાવ અને એ ચૈતન્યનો આનંદ સ્વભાવ એનું એ પૂર છે, સમૂહ છે, ત્રિકાળી ધારાવાહી અમૃત અને ચૈતન્યનું પૂર પડ્યું છે એ ભગવાન આત્મા. એની ઉપર નજર કરતાં પરદ્રવ્યના તરફના જુકાવને છોડી દઈને, સ્વદ્રવ્યમાં જુકાવ કરતાં અમૃતનો પ્રવાહ છૂટે છે અંદરથી. આહા..હા..! એને ધર્મ કહે છે અને એને મોક્ષનો માર્ગ કહે છે. આરે..! આવી વાતું!

'**પૂર્ણ જેનો મહિમા છે એવો શુદ્ધ થતો થકો,...**' જોયું! આત્માના શુદ્ધ અમૃત પ્રવાહમાં પડતો, અંદર એકાગ્ર થતો, '**શુદ્ધ થતો થકો, કર્મોથી મૂકાય છે—મુક્ત થાય છે.**' ઓલામાં બંધન કહ્યું હતુંને સામે? બંધન. કહ્યું હતુંને? ઓલાને બંધને છેદે છે. તો એનો અર્થ કીધો કે અશુચિ ... પરદ્રવ્યના પરિણામ બંધવાળા છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**બંધના નાશને પામીને નિત્ય ઉદિત...**' કર્મોથી મુક્ત થાય છે. આહા..હા..! એ ચૈતન્યના અતીન્દ્રિય અમૃતના ચૈતન્યનું અમૃત એવું પૂર-પૂર પોતે પ્રવાહ છે તેનું શરણ લેતા, તેમાં એકાગ્ર થતાં શુદ્ધતા પ્રગટ થાય છે અને એ શુદ્ધતાથી બંધનથી મૂકાય છે. સમજાણું કાંઈ? કહો, ભાષા તો સાદી આવે છે પણ ભાવ તો છે એમ છે. ગુજરાતી સમજો છોને? આહા..હા..!

'**ભાવાર્થ :-** જે આત્મા '**પુરુષ, પહેલાં સમસ્ત પરદ્રવ્યનો ત્યાગ કરી...**' આત્મા સિવાય બધા પરદ્રવ્ય તરફના લક્ષને છોડી દઈ '**નિજદ્રવ્યમાં લીન થાય છે,...**' નિજ-પોતે પોતાનું દ્રવ્ય એટલે વસ્તુ એ આત્મસ્વરૂપમાં જે લીન થાય છે એ નિજદ્રવ્ય. નિજ સ્વરૂપ જે ત્રિકાળી આનંદ આદિ એ નિજદ્રવ્ય. આહા..હા..! એમાં જે એકાગ્ર થાય છે '**તે પુરુષ સર્વ રાગાદિક અપરાધોથી રહિત થઈ...**' તે આત્મા બધા વિકલ્પનો અપરાધ એનાથી રહિત થઈ '**આગામી બંધનો નાશ કરે છે...**' ભવિષ્યનું બંધન તેને થતું નથી. '**અને નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામી,...**' આહા..હા..! નિત્ય ઉદય કેવળજ્ઞાન થાય એ તો કાયમ કેવળજ્ઞાન રહે. જેમ વસ્તુ કાયમ છે અનાદિ નિત્ય પ્રવાહ, તેમ તેને અવલંબે

કેવળજ્ઞાન જે થાય એ પણ નિત્ય કાયમ રહે છે. '**નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામી,...**' આહા..હા..! સર્વજ્ઞદશાને પામી, એ આત્માને અવલંબે સર્વજ્ઞદશાને પામી, સ્વદ્રવ્યને આશ્રયે અવલંબે કેવળજ્ઞાનને પામી એમ કહે છે. એમાં કોઈ મનુષ્યપણું, વજ્રનારાચ સંહનન એની કોઈ મદદ હોય તો કેવળજ્ઞાન થાય એમ છે નહિ. આહા..હા..! હો, નિમિત્ત તરીકે, પણ એ નિમિત્ત એને કેવળજ્ઞાન ઊપજાવે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આગામી બંધનો નાશ કરે છે અને નિત્ય ઉદયરૂપ કેવળજ્ઞાનને પામી, શુદ્ધ થઈ, સર્વ કર્મનો નાશ કરી, મોક્ષને પામે છે.**' એ સ્વ ચૈતન્ય અમૃતના પૂરનો આશ્રય લે છે ત્યારે મોક્ષને પામે છે. પ્રથમ મિથ્યાત્વથી મૂકાય, પછી અવ્રતથી મૂકાય, પછી અસ્થિરતાથી મૂકાય, પછી પૂર્ણ સ્થિરતા થાય. સમજાણું કાંઈ? આહા..હા..! એક કલાકની વાતું બધી નવી જાતની લાગે. નવી નથી, ભાઈ! આ તો અનંત કેવળી પરમાત્મા જિનેશ્વરદેવનો માર્ગ આ છે. લોકોને અન્યને અન્યને જૈન ધર્મ માન્યો છે. અન્યમતને જૈનધર્મ માન્યો છે. રાગથી ધર્મ થાય એ તો અન્યમત છે, જૈનમત છે જ નહિ એ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ કળશ જ એવો ભર્યો છે. મોક્ષનો અધિકાર છેને. આહા..હા..!

ભાઈ! તેનું જ્ઞાન તો કર. એ એવું સત્ય છે તે રીતે જ્ઞાન તો કર. તો જ્ઞાન કરીશ તો તને તેના સ્વરૂપ તરફની દૃષ્ટિ થશે અને દૃષ્ટિ થશે તો તેમાં સ્થિરતા થશે, સ્થિરતા થશે તેને મુક્તિ થશે. આહા..હા..! સ્થિરતા એટલે ચારિત્ર. ચારિત્ર આ મહાવ્રત ને બહારના ક્રિયાકાંડ ને એ કાંઈ ચારિત્ર નથી. આહા..હા..! ઓલાએ નરેન્દ્રએ લખ્યું છેને કે મુનિપણું ત્યાગ છે. એ તો આ બહારની ક્રિયાકાંડ અને પંચમહાવ્રત એની વાત લીધી છે. એની ટીકા કરી છે. પંચમહાવ્રતને આ લઈને, નગ્નપણું લઈને એ કાંઈ મુનિપણું નથી. મુનિપણું તો અંદર આનંદસ્વરૂપની દૃષ્ટિ થઈ, અતીન્દ્રિય આનંદનો શુદ્ધ ઉપયોગ થાય અને શુદ્ધ ઉપયોગ થાય એમાં અશુદ્ધતાનો નાશ થાય, તે શુદ્ધ ઉપયોગની વીતરાગદશાને મુનિપણું કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ વાત મળવી મુશ્કેલ, સાંભળવી મુશ્કેલ. પ્રાપ્તિ તો ક્યાં હોય? આહા..હા..! '**આ મોક્ષ થવાનો અનુક્રમ છે.**' લ્યો! છેને?

'**હવે, મોક્ષ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે પૂર્ણ જ્ઞાનના મહિમાનું (સર્વથા શુદ્ધ થયેલા આત્મદ્રવ્યના મહિમાનું) કળશરૂપ કાવ્ય કહે છે :—**' લ્યો! છેલ્લું. મોક્ષનું છેલ્લું કાવ્ય છે. પછી અધિકાર ફરી જશે. સર્વવિશુદ્ધ અધિકાર (આવશે).

(मन्दाक्रान्ता)

बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-<br>
न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।<br>
एकाकारस्वरसभरतोऽत्यन्तगम्भीरधीरं<br>
पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि।।१९२।।

આહા..હા..! કહે છે. '**શ્લોકાર્થ :— बन्धच्छेदात् अतुलम् अक्षय्यम् मोक्षम् कलयत्**' '**કર્મબંધના છેદથી અતુલ...**' જેની મહિમાની કોઈ તુલના નથી, મહિમાનો પાર નથી. જેને કોઈ સાથે મેળવે એવી પરમાત્મદશા જ્યાં આત્માના અંતરના અનુભવ અને આનંદના આશ્રયે જે થાય એની તુલના કોની સાથે કરવી? કહે છે. આહા..હા..! અતુલ છે. '**અક્ષય...**' છે. નાશ ન થાય એવી મોક્ષદશા. એવા '**મોક્ષને અનુભવતું,...**' જ્ઞાન. આહા..હા..! ચૈતન્યનું જ્ઞાન પૂર્ણ દશાને અનુભવતું '**नित्य-उद्योत-स्फुटित-सहज-अवस्थम्**' '**નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું,...**' કમળ જેમ ખીલે એમ ભગવાન ચૈતન્યની શક્તિ છે એ અંતરના અનુભવથી ખીલી નીકળી છે. આહા..હા..! કળી જેમ સંકોચ હોય અને પછી જેમ વિકાસ થાય છે, એમ ભગવાન આત્મામાં આનંદ અને જ્ઞાન સંકોચ એટલે શક્તિરૂપે પડ્યું છે એને અંતરના દૃષ્ટિ અને અનુભવ દ્વારા પર્યાયમાં ખીલી જાય છે દશા. આહા..હા..! છે?

'**નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની...**' એકાંત શુદ્ધ. લ્યો! કેવળજ્ઞાન થયું એ એકાંત શુદ્ધ છે. કંઈક અશુદ્ધતા અને કંઈક શુદ્ધતા ભગવાન પરમાત્માને, એમ નથી. એકાંત શુદ્ધ છે. આહા..હા..! '**(-કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું).**' વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૨, શનિવાર, તા. ૧૮-૦૬-૧૯૭૭, કળશ-૧૯૨, પ્રવચન નં. ૩૭૦

સમયસાર, મોક્ષ અધિકાર, ૧૯૨ કળશ. છેલ્લો કળશ છેને મોક્ષનો? એટલે શું કહે છે? જે કોઈ મોક્ષને પામે છે, અનંતા સિદ્ધ થયા નમો સિદ્ધાણં મુક્તિ પામ્યા મોક્ષ (એ) કઈ રીતે પામ્યા? અને પામીને કઈ દશા પ્રગટ થઈ? એ વાત કરે છે. છેલ્લો કળશ છેને એકદમ.

'**बन्धच्छेदात्**' '**કર્મબંધના છેદથી...**' જેણે પહેલેથી આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એને અનુભવીને જેણે પ્રથમ મિથ્યાત્વનો નાશ કર્યો. બંધછેદ છેને? પ્રથમ સમ્યગ્દર્શન થાય છે. એ સમ્યગ્દર્શન ઝીણી ચીજ છે. આત્મા અંદર અમૃતનો સાગર, જેવો પરમાત્માને પ્રગટ થયો સિદ્ધ ભગવાન અરિહંતને એ દશા પ્રગટ થઈ તેવો જ આ આત્મા સ્વભાવમાં એવી શક્તિ છે. 'જે પરમાત્મા છે તે જ હું છું અને હું છું તે જ પરમાત્મા છે.' આહા..હા..! આવી દૃષ્ટિ! પ્રથમ એવી દૃષ્ટિ થતાં એને પૂર્ણાનંદ સ્વરૂપ આત્મા છે તેનું ભાન, તેનું પ્રતીત, તેનું જ્ઞાન થાય એ મિથ્યાત્વને, અજ્ઞાનને છેદે છે. આહા..હા..! પછી સ્વરૂપમાં રમણતા કરતાં

સ્વરૂપ જે આત્માનું શુદ્ધ આનંદસ્વરૂપ જે અનુભવમાં આવ્યું પ્રથમ ધર્મમાં, પછી એમાં લીનતા કરતાં... કરતાં... કરતાં... અચારિત્રનો અને રાગ-દ્વેષનો નાશ થાય છે, પછી તેને કેવળજ્ઞાન પરમાત્મદશા પ્રગટ થાય છે. આહા..હા..! નમો અરિહંતાણં કહો કે નમો સિદ્ધાણં એ મોક્ષદશા પરમાત્માને પ્રગટ થઈ એ કેમ થઈ? અને થઈ તો એ કઈ દશા છે? એનું આ વર્ણન છે.

'**बन्धच्छेदात्**' એટલે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, મિથ્યાત્વ આદિ બધાનો છેદ કરીને જેણે આત્માના આનંદનું અવલંબન લઈ, પરમાત્મસ્વરૂપ પોતે એનું અવલંબન લઈને જેણે અજ્ઞાન અને રાગ-દ્વેષ છેદી નાખ્યા છે એ અતુલ, એવી દશાને કોઈ તુલના-ઉપમા હોઈ શકે નહિ. પંડિતજી! અતુલ. આહા..હા..! નમો સિદ્ધાણં પરમાત્મ મોક્ષદશા એ દશાને કોઈ ઉપમા આપી શકાય નહિ. અનંતઆનંદ અને અનંતજ્ઞાન જેની દશામાં પ્રગટ થયા એવું સિદ્ધપદ જે મોક્ષપદ તેની કોઈ તુલના કરી શકાય એવી છે નહિ. એક વાત.

'**અક્ષય...**' છે. એ આત્મામાં અજ્ઞાન અને રાગ-દ્વેષ છેદાઈને નાશ થઈને વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટે છે તે અક્ષય છે, નાશ પામતું નથી. કેટલાક કહે છેને કે ભઈ મોક્ષ પામે તો અહીં ભક્તોને ભીડ પડે તો ભગવાન અવતાર ધારણ કરે. એમ છે નહિ. એ તો અવિનાશી આત્મદશા પ્રાપ્ત થઈ એ તો અનંત આનંદની દશા જ્યાં થઈ એને હવે કોઈ ભવમાં આવવું અને પરિભ્રમણ કરવું એ વિકલ્પ જ એને છે નહિ. આહા..હા..! 'સાદિઅનંત અનંત સમાધિ સુખમાં.' મોક્ષદશા પ્રગટ થતાં સાદિ થઈ—દશાની આદિ થઈ, પણ સાદિઅનંત. ભવિષ્યકાળમાં ભગવાન પરમાત્મ મોક્ષદશા અનંતકાળ રહેવાની. આહા..હા..! એ સાદિઅનંત અનંત સમાધિ આનંદના સુખમાં. 'અનંત દર્શન જ્ઞાન સહિત.' અનંતજ્ઞાન પરમાત્માને જે આત્માના અંતર સ્વભાવમાં હતું એ ખીલી નીકળ્યું. આહા..હા..! એ પણ વાત બેસવી કઠણ.

એ '**અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું,...**' કોણ? જ્ઞાન. જ્ઞાનસ્વરૂપ આત્મા આત્મદ્રવ્ય. આત્મવસ્તુ છે તે ભ્રમણા અને અજ્ઞાન અને રાગ-દ્વેષને છેદી જેણે પરમાત્મદશા કેવળજ્ઞાન, કેવળદર્શન જિનેશ્વરદેવે પ્રગટ કર્યું એ અક્ષય અવિનાશી છે. એવું જે જ્ઞાન એટલે આત્મદ્રવ્ય '**મોક્ષને અનુભવતું,,...**' અનંત આનંદનો અનુભવ કરતું. આહા..હા..! જેને ચાર ગતિમાં રખડવાના દુઃખ હતા એ દુઃખનો નાશ થયો અને અનંત આનંદ જેને પ્રગટ થયો એવું જે આત્મદ્રવ્ય એટલે જ્ઞાન એ મોક્ષને અનુભવતું, પૂર્ણ આનંદ અને પૂર્ણ દશાનું વેદન કરતું. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, બાપુ! જિનેશ્વરદેવનો માર્ગ વીતરાગ કેવળજ્ઞાની પરમેશ્વરે જે ત્રણકાળ, ત્રણલોક જોયા એવું જે કેવળજ્ઞાન એ કેમ પ્રાપ્ત થાય અને પ્રાપ્ત થતાં કેવી સ્થિતિ હોય એનું વર્ણન છે. આહા..હા..!

'**અનુભવતું,...**' '**नित्य-उद्योत-स्फुटित-सहज-अवस्थम्**' જે આત્મદશા, જેમ કળી છે એ ખીલી નીકળે એમ આત્મામાં અંતર અંતર આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે પૂર્ણ એ અંતરના આશ્રય અને અનુભવથી એ ખીલી નીકળ્યું જ્ઞાન અને આનંદ. પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન

પ્રગટ થઈ ગયું. એ નિત્ય રહેનારું છે. '**નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી)...**' આહા..હા..! એ કેવળજ્ઞાન અને મોક્ષદશા જે પ્રગટ થઈ એ અંતરના સ્વભાવમાં હતી શક્તિરૂપે એ વ્યક્તરૂપ પરમાત્મા પ્રગટ દશા કરી એ નિત્ય ઉદ્યોત સહજદશા-સ્વભાવિક દશા છે. આનંદ અને પૂર્ણ કેવળજ્ઞાનની એ દશા સહજ છે. આહા..હા..! છે?

'**જેની ખીલી નીકળી છે...**' જેમ કળી ખીલે એમ ભગવાન આત્મામાં આનંદ અને શક્તિ અંદર પડી છે પૂરી, એ દશા પર્યાયમાં ખીલી નીકળી. પર્યાયને હજી સાંભળ્યું ન હોય કંઈક. આહા..હા..! જેની વર્તમાન દશામાં જે શક્તિરૂપે અનંતજ્ઞાન અને આનંદ હતું એનો અનુભવ કરીને કર્મનો નાશ કરીને જેણે... આહા..હા..! '**સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે...**' આહા..હા..! પ્રગટ દશા જેની પરમાત્મદશા. '**એવું, એકાંતશુદ્ધ...**' પરમાત્મદશા, મોક્ષદશા એકાંતશુદ્ધ, તદ્દન પૂર્ણ શુદ્ધ. અનાદિથી આત્માનો સ્વભાવ શુદ્ધ છે, શક્તિએ એને સમ્યગ્દર્શ-જ્ઞાન દ્વારા અનુભવીને શુદ્ધતા પ્રગટ કરી, પણ એ પૂર્ણ શુદ્ધતા નહિ. એનાથી જે મોક્ષ થાય એ પૂર્ણ શુદ્ધ છે. કેમકે અંદર શક્તિ પણ પૂર્ણ શુદ્ધ છે. એ બધી અંતર અનુભવ કરીને... આહા..હા..! આત્માનો અનુભવ કરીને. આત્મા આનંદમૂર્તિ ભગવાન જિનેશ્વર કહે તે હોં! અજ્ઞાનીઓ એ આત્મા-આત્મા કરે છે એને ખબર નથી, એની અહીં વાત નથી. સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વર પરમાત્માએ જેને આત્મા કહ્યો એ આત્મા તો પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. એને અનુભવ કરીને પર્યાયમાં પૂર્ણ આનંદ અને જ્ઞાન પ્રગટ કર્યું એ જ્ઞાન ખીલી નીકળ્યું. ખીલ્યુંનો અર્થ કે હતું તો ખરું, દશા પર્યાયમાં પ્રગટ થઈ ગયું કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એનું નામ મોક્ષ છે, એને પછી સંસાર હોઈ શકે નહિ. આહા..હા..!

'**એવું, એકાંતશુદ્ધ (-કર્મનો મેલ નહિ રહેવાથી અત્યંત શુદ્ધ થયું છે એવું),...**' હવે, ત્યાં સુધી તો આવ્યું હતું. '**एकाकार-स्व-रस-भरतः अत्यन्त-गम्भीर-धीरम्** ' આહા..હા..! સંસારદશામાં એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ભિન્ન-ભિન્ન અજ્ઞાનદશામાં રહેતો અને જ્યારે ધર્મની દશા પ્રગટ થઈ ત્યારે અંતરમાં આનંદ અને જ્ઞાનની દશા પૂર્ણ નહોતી, એકાકાર એકરૂપ જ્ઞાનની દશા નહોતી. એ પરમાત્મદશામાં એકાકાર જ્ઞાનની દશા પૂર્ણ પ્રગટ થઈ ગઈ. આહા..હા..! આવી વાતું છે. સમજાણું કાંઈ? '**એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા)...**' રાગ ને દ્વેષના, દયા ને દાનના, પુણ્ય ને પાપના ભાવ બધાનો અભાવ કરીને જેણે જ્ઞાનની દશા-અવસ્થા એકરૂપે પ્રગટ કરી છે. આહા..હા..! '**એકાકાર...**' સ્વરસ. શું કહે છે? '**નિજરસ...**' આહા..હા..! આત્માનો આનંદરસ છે આત્મામાં એ પર્યાયમાં નિજરસથી અતિશયતાથી પ્રગટ થઈ ગઈ. પંડિતજી! આવી વાતું છે, ભાઈ! જિનેશ્વરનો ધર્મ ઝીણો ઘણો, ભાઈ! એવો બીજે ક્યાંય છે નહિ. પણ એને ઓળખવો, અનંતકાળ ગયો ચોર્યાસીના અવતારમાં રખડતા, પણ નિજરસથી ભરેલું તત્ત્વ આત્મા છે એ નિજરસથી પ્રગટ

થઈ ગઈ દશા. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિજરસની અતિશયતાથી...**' આનંદ અને જ્ઞાનના નિજરસની વિશેષતા, અતિશયતા થઈ ગઈ. આહા..હા..! સિદ્ધ ભગવાન. એવા '**નિજરસની અતિશયતાથી અત્યંત ગંભીર...**' છે. એ કેવળજ્ઞાન અને મોક્ષદશા અત્યંત ગંભીર છે. આહા..હા..! જેનો પાર છદ્મસ્થને પામવો મહામુશ્કેલ છે. આહા..હા..! સર્વજ્ઞ અને સર્વદર્શી પરમાત્મા સિદ્ધ એની દશાનું માપ કાઢવું એ અત્યંત ગંભીર છે. અત્યારે જુઓને, કેટલાય સર્વજ્ઞ અને કેવળજ્ઞાનને પૂર્ણ કંઈ એવી પૂર્ણ દશા થાય? સર્વજ્ઞ ત્રણકાળ, ત્રણલોક જોવે. તો ત્રણકાળ, ત્રણલોક જોવે તો એ પ્રમાણે જ્ઞાનમાં જોયું એ પ્રમાણે ત્યાં થાય. ત્યારે અમારે આમાં કરવાનું શું રહ્યું? એમ કહે છે અજ્ઞાની. આહા..હા..! પણ અહીં કહે છે, '**એકાકાર નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર...**' છે. અરે! એવા કેવળજ્ઞાનની દશા જેની હોવાપણાની સત્તા જગતમાં છે એવું જેની કબુલાત આવે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર, વસ્તુ ઉપર જાય એ પુરુષાર્થ છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની... કીધુંને '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**।' અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે, કેવળજ્ઞાન અને કેવળદર્શનને જાણે એને આત્મા પ્રાપ્ત થાય અને મોહનો નાશ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે, '**અત્યંત ગંભીર છે...**' આહા..હા..! જેની જ્ઞાનની દશા પરમાત્માની સર્વજ્ઞ ઘણી ગંભીર, ઊંડપ-ઊંડપ બહુ છે કહે છે. આહા..હા..! જેમ ગુમડું હોયને ગંભીર, એ ઊંડું-ઊંડું સડેલું હોય. આહા..હા..! એમ આ ભગવાનનું જ્ઞાન ઊંડું-ઊંડું પ્રગટ પવિત્ર હોય છે. આહા..હા..!

એક સમયમાં જેને કેવળજ્ઞાન અને કેવળદર્શન, અનંતઆનંદ અને અનંતવીર્ય જેને પ્રગટ થઈ ગયા એ આત્માના અનુભવથી (થયા). કોઈ ક્રિયાકાંડથી એ મોક્ષ થતો નથી. એ તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે તેનો અનુભવ—એને અનુસરીને-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રગટ કરી અને તેમાં પૂર્ણરૂપ પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ. એ મોક્ષ કેવો છે? કે ગંભીર છે, 'ધીર છે...' એટલે? એ જ્ઞાન શાશ્વત છે. કેવળજ્ઞાન થયું એ શાશ્વત રહેવાનું, એ હવે પછી પડવાનું નહિ. આહા..હા..! ધીરું છે, ધીર છે. આહા..હા..! ચાર ગતિમાં પલટો ખાય છે એક ગતિમાંથી બીજી ને ત્રીજી એવું ત્યાં છે નહિ. પૂર્ણ દશા પરમાત્મા સિદ્ધદશા એ ધીરી દશા છે એટલે કે શાશ્વત છે, એટલે કે એ પર્યાય પ્રગટ કરેલી નિત્ય કાયમ અનંતકાળ રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અત્યંત ગંભીર છે અને ધીર છે એવું...**' '**एतत् पूर्णं ज्ञानम्**' '**આ પૂર્ણ જ્ઞાન જળહળી ઊઠ્યું...**' અંતર આત્માના આનંદના સ્વભાવના સ્વાદ લેતા-લેતા. આહા..હા..! અતીન્દ્રિય ભગવાન આત્મા સ્વાદવાળો અતીન્દ્રિય આનંદવાળો એનો સ્વાદ લેતા-લેતા કેવળજ્ઞાન અને પરમાનંદ પ્રગટ થયું એ જળહળ જ્યોતિ જ્ઞાન પૂર્ણ પ્રગટ્યું એટલે આત્મદ્રવ્ય પૂર્ણ પર્યાયને પામ્યું. આહા..હા..! છે? '**ज्वलितम्**' '**આ પૂર્ણ જ્ઞાન જળહળી ઊઠ્યું...**'

આહા..હા..! જેમ દીવાસળીમાં શક્તિરૂપે અગ્નિ છે. દીવાસળી ઘસે એટલે ભડકો થાય. એ શક્તિ હતી એમાંથી ભડકો થયો છે. એમ આત્મામાં અનંદ જ્ઞાન-દર્શન-આનંદ શક્તિરૂપે છે એનો અનુભવ કરતાં જળહળ જ્યોતિ પર્યાયમાં પ્રગટ થઈ. ઓલાનો ભરોસો આવે દીવાસળીનો. આમ ઘસે ત્યાં (ભડકો થાય). આ બીડી-બીડી પીવે છેને ત્યારે જુઓને. એમાં તો આટલું હતું અને એને ઘસ્યું ત્યારે ભડકો થયો. ક્યાંથી થયો એ? જળહળ જ્યોતિ પ્રગટ ક્યાંથી થઈ? એમાં શક્તિ હતી, એમ ભગવાન આત્મામાં કેવળજ્ઞાનની શક્તિ હતી. આકરી વાતું ભારે. અનંત આનંદ અને અનંત કેવળજ્ઞાનની શક્તિરૂપી આત્મા ભરેલો છે. એને એકાગ્રતાનો ઘસારો દેતા અંતર અનુભવનો ઘસારો જળહળી ઉઠ્યો છે. કેવળજ્ઞાનથી આત્મદ્રવ્ય જળહળી ઉઠ્યું. આહા..હા..!

એટલે કે એનો અર્થ કર્યો. આમ તો આ પૂરું જ્ઞાન શબ્દમાં છે. '**(સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું)**;...' એમ અર્થ કર્યો. જેવું એનું સ્વરૂપ અંદરમાં શક્તિ અને સામર્થ્યવાળું હતું એવું જ એની પર્યાયમાં આત્મદ્રવ્ય જ્ઞાનથી જળહળી ઉઠ્યું, એકલું ચૈતન્યના નૂરના તેજનું પૂર પ્રગટ થઈ ગયું. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યના નૂરનું પૂર છે. અંતર પૂર ભર્યું છે. આહા..હા..! એ કાંઈ કેવળજ્ઞાન અને કેવળદર્શન કાંઈ બહારથી નથી આવતું. આહા..હા..! એ અંદરમાં ભગવાન આત્મા એકલો જ્ઞાન અને આનંદનો રસકંદ છે. શક્તિરૂપે, સ્વભાવરૂપે, સામર્થ્યરૂપે એ સત્‌ના સત્ત્વપણે ભરેલું છે એમાંથી અંદર ધ્યાન કરીને જળહળ દ્રવ્ય આત્મા જ્ઞાનમાં જળહળી ઉઠ્યું. આહા..હા..! લ્યો! જાજ્વલ્યમાન પ્રગટ થયું. પ્રગટ થયું કીધુંને? પર્યાયમાં પ્રગટ થયું. વસ્તુમાં હતું. આત્મદ્રવ્ય અને ગુણમાં શક્તિરૂપે ભાવ અંદર હતો એ પર્યાયમાં પ્રગટ જાજ્વલ્યમાન કેવળજ્ઞાન થયું. આહા..હા..! ભારે વાતું આ!

'**स्वस्य अचले महिम्नि लीनम्**' '**પોતાના અચળ મહિમામાં લીન થયું.**' એ આત્મા આનંદસ્વરૂપની અચળ મહિમામાં એ જ્ઞાન લીન થયું. આત્મદ્રવ્યની દશા આત્મામાં લીન થઈ. આહા..હા..! અનાદિથી જે પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, શુભ-અશુભ રાગમાં જે એકાગ્ર હતું એને અહીં જ્ઞાનાકારમાં એકાકાર કરીને આત્મદ્રવ્યની પર્યાય આત્મામાં લીન થઈ. એને મોક્ષ અને સિદ્ધપદ કહે છે. આહા..હા..! અને એનો ઉપાય આત્મદ્રવ્યના આનંદમાં, આનંદનો અનુભવ કરવો અને અતીન્દ્રિય આનંદમાં રમતા—લીનતા કરવી એ આ સિદ્ધપદનો ઉપાય છે. સમજાણું કાંઈ? '**પોતાના અચળ મહિમામાં...**' જોયું! પોતાની અચળ મહિમા છે. આહા..હા..! હજી કેવળજ્ઞાન અને એની શક્તિ લોકોને બેસતી નથી. ઓઘે-ઓઘે વાડાવાળા માને, પણ એને ઓઘે માને (કે) એ તો ભગવાન છે અને કેવળ (છે). પણ શું છે? ચીજ શું છે અને એનું સામર્થ્ય શું છે? અને પ્રગટ્યું ક્યાંથી? અને પ્રગટેલી દશા રહી કેટલે કાળ સુધી? આહા..હા..! એવી દશા અચળ મહિમામાં પોતાના દ્રવ્યની જ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય પોતામાં લીન થઈ. આહા..હા..! લ્યો એવો અર્થ થયો ગાથાનો.

'**ભાવાર્થ :- કર્મનો નાશ કરી...**' અજ્ઞાન અને રાગ-દ્વેષનો નાશ કરી '**મોક્ષને અનુભવતું,...**' આહા..હા..! જ્ઞાન. '**પોતાની સ્વાભાવિક અવસ્થારૂપ,...**' સહજ દશા. પુણ્ય-પાપનો ભાવ એ તો વિભાવ-વિકાર દુઃખરૂપ દશા અને એની પાછળ અલ્પજ્ઞદશા એ તો અધૂરી દશા. આ તો પૂર્ણ દશાને અનુભવતું. આહા..હા..! '**સ્વભાવિક અવસ્થારૂપ, અત્યંત શુદ્ધ,...**' થયું. એ સિદ્ધને કાંઈક એકાંત શુદ્ધ છે એમ ન કહો, કાંઈક અશુદ્ધતા અને કાંઈક શુદ્ધ છે. અનેકાંત કરો. એમ નથી. એકાંત શુદ્ધ છે. આહા..હા..! પરમાત્માને અશુદ્ધતાનો અંશ રહ્યો નથી. એ પરમાત્માને અહીં મોક્ષદશામાં, સિદ્ધદશા કહેવામાં આવે છે. આહા..હા..! '**અત્યંત શુદ્ધ, સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું,...**' એટલે શું કહે છે? લોકાલોકને જાણે છે, છતાં તે લોકાલોકના જ્ઞાનને ગૌણ કરતું, એના સંબંધીનું પોતાનું જ્ઞાન તેને પ્રગટ કરતું. આહા..હા..! નિશ્ચયથી કેવળજ્ઞાની પોતાની પર્યાયને જાણે છે. લોકાલોકને જાણે છે એમ કહેવું એ અસદ્ભૂતવ્યવહારનય છે. આહા..હા..! એની પર્યાયની તાકાત એટલી છે કે લોકાલોક છે માટે લોકાલોકને જાણે છે એમ નહિ. એ લોકાલોકને જાણવાની પર્યાયનું સ્વતઃ સ્વંય ષટ્કારકરૂપે પરિણમન થવું તેનો સહજ સ્વભાવ છે. આહા..હા..! એ કેવળજ્ઞાન સિદ્ધદશાનો પર્યાયનો કર્તા પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, એ પર્યાયનું સાધન કરીને લીધું, રાખ્યું પોતે પર્યાય, પર્યાયમાંથી પર્યાય થઈ, પર્યાયને આધારે પર્યાય થઈ. આહા..હા..! કેવળજ્ઞાન દ્રવ્ય-ગુણને આધારે થઈ એમ પણ કાઢી નાખ્યું અહીં તો. શક્તિ છે અંદર, પણ પ્રગટ થવાની શક્તિની પર્યાયની પણ સ્વતંત્રતા સામર્થ્ય છે. આહા..હા..! એવો ભગવાન આત્મા દેહમાં બિરાજમાન છે, એ સ્વદ્રવ્ય જ્યારે પોતાના અનુભવમાં પૂર્ણ થાય છે ત્યારે તેની આ દશા પ્રગટ થઈ જાય છે.

અનંત ગંભીર છે. '**અત્યંત ગંભીર (જેનો પાર નથી એવું)...**' ગંભીર-ગંભીર. કેવળજ્ઞાન દશા આહા..હા..! લોકાલોક છે તેને અડ્યા વિના, તેની સત્તાની અસ્તિત્વ વિના પોતાની પર્યાય જાણે, પર્યાય જાણતા લોકાલોક જણાઈ જાય છે એથી અનંતા લોકાલોક હોય તોપણ જાણી શકે એવી એની તાકાત છે. આહા..હા..! એ બધી પ્રગટ શક્તિ આવી ક્યાંથી? પ્રાપ્તની પ્રાપ્તિ છે. આહા..હા..! અંતરમાં પ્રાપ્ત છે, ભાઈ! તારા સ્વભાવનું સામર્થ્ય પૂર્ણ અંદર છે, તને બેઠું નથી અને રાગ ને પુણ્યની ક્રિયા એ મારી ક્રિયા અને મને ધર્મ થશે (એમ માને) એને આત્માની શક્તિની પ્રતીતિ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતાના મહિમામાં લીન થયું.**' લ્યો! પૂર્ણજ્ઞાન પ્રગટ થયું એ '**ધીર (આકુળતા વિનાનું)...**' અહીં આકુળતા કર્યું. ધીરનો અર્થ મૂળ તો શાશ્વત એમ ને એમ રહે. '**એવું પૂર્ણ જ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું, પોતાના મહિમામાં લીન થયું.**' લ્યો! '**આ રીતે મોક્ષ (રંગભૂમિમાંથી)...**' મોક્ષની દશા છે એક. મોક્ષ પણ કાંઈ ત્રિકાળી દ્રવ્ય ને ગુણ નથી. ત્રિકાળી દ્રવ્ય ને ગુણ છે એ તો ધ્રુવ-નિત્ય છે અને સિદ્ધપદ છે તે ક્ષણિક અવસ્થા

નવી થાય છે. આહા..હા..! ક્ષણિક અવસ્થા છે, છતાં રહે કાયમ, પણ એની અવસ્થાની સ્થિતિ એક સમયની છે. આહા..હા..! એવું જે જ્ઞાન પ્રગટ થયું (એ) '**(રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.**' રખડતું બંધ થઈ ગયું. સિદ્ધપદમાં રહ્યું.

'**રંગભૂમિમાં મોક્ષતત્ત્વનો સ્વાંગ આવ્યો હતો.**' જોયું! આ પણ એક સ્વાંગ છે. ભગવાનનું સિદ્ધપદપણું એ પણ એક સ્વાંગ એનો છે, ભેખ છે. આહા..હા..! જેમ સંસારદશા, મલિનદશા એક ભેખ છે, એમ આ પૂર્ણ નિર્મળદશા પણ એક દ્રવ્યનો એક ભેખ છે. કારણ કે ત્રિકાળી સ્વરૂપ નથી. સાદિઅનંત નવું પ્રગટ થાય છે એથી એ ત્રિકાળી નથી એટલે એનો ભેખ છે એ તો. આહા..હા..! મોક્ષની દશા તો આત્મદ્રવ્યનો એક વેશ છે. ભગવાન આત્માનો દ્રવ્ય અને ગુણ વેશ છે એ તો ત્રિકાળ છે. આહા..હા..! '**જ્યાં જ્ઞાન પ્રગટ થયું ત્યાં તે મોક્ષનો સ્વાંગ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો.**' એટલે પૂર્ણ દશા થઈ ગઈ. હવે હિન્દી.

**જ્યોં નર કોય પર્યો દૃઢબંધન બંધસ્વરૂપ લખૈ દુખકારી,**
**ચિંત કરૈ નિતિ કૈમ કટૈ યહ તોઊ છિદૈ નહિ નૈક ટિકારી;**
**છેદનકૂં ગહિ આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી,**
**યોં બુધ બુદ્ધિ ધસાય દુધા કરિ કર્મ રુ આતમ આપ ગહારી.**

આહા..હા..! આખા મોક્ષ અધિકારનું પૂર્ણ. '**જ્યોં નર કોય પર્યો દૃઢબંધન બંધસ્વરૂપ લખૈ દુખકારી,**' કોઈ માણસ લાકડાના ઓલામાં-બંધનમાં પડ્યો, બેડીમાં અને બંધસ્વરૂપ લખે, જાણે. દુઃખરૂપ છે... દુઃખરૂપ છે. એથી કરીને કાંઈ છૂટે નહિ. બેડી, લોઢાની બેડી, લાકડાની બેડીમાં પકડાઈ ગયો, એ બંધ દુઃખકારી માને કે આ દુઃખકારી (છે). એટલે દુઃખકારી માને એટલે કાંઈ છૂટી જાય? આહા..હા..! '**ચિંત કરૈ નિતિ કૈમ કટૈ**' એની ચિંતા કર્યા કરે, આ બંધનની, બેડીની એથી કાંઈ બેડી છૂટે? '**ચિંત કરૈ નિતિ કૈમ કટૈ યહ તોઊ છિદૈ નહિ નૈક ટિકારી;**' આહા..હા..!

'**છેદનકૂં ગહિ આયુધ ધાય**' આહા..હા..! હાથમાં તલવાર આદિ કોઈ તલવાર લઈને એ લાકડાની જે બેડી હોય એને તોડી નાખે, આયુધ હાથમાં લઈને તોડી નાખે, એમ ભગવાન આત્મા રાગ ને દ્વેષનું બંધન છે એને દુઃખદાયક માને એથી કાંઈ દુઃખબંધન છૂટી જાય? એ દુઃખદાયક છે તેની ચિંતા કર્યા કરે એથી કાંઈ દુઃખ મટી જાય? '**છેદનકૂં ગહિ આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી,**' એ તો બેડીનો દૃષ્ટાંત થયો. '**યોં બુધ બુદ્ધિ ધસાય**' એમ ધર્મી, બુધ, જ્ઞાની બુદ્ધિ સમ્યગ્જ્ઞાનમાં ધસારો લઈ એકાગ્રતા કરીને. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મામાં બુદ્ધિ નામ સમ્યગ્જ્ઞાનરૂપી બુદ્ધિ પ્રગટ કરી અને '**ધસાય દુધા કરિ**' ભેદ પાડીને બેને જુદાં પાડે. સમ્યગ્જ્ઞાન પ્રજ્ઞાછીણી દ્વારા એ પુણ્ય અને પાપના ભાવ અને ભગવાન બે ભિન્ન છે એમ પ્રજ્ઞાછીણીથી જુદાં પાડે. આહા..હા..! આવો માર્ગ છે. આ

તો લોકો કહે કે તમે દયા કરો ને વ્રત પાળો ને અપવાસ કરો, તપસ્યા કરો તમને ધર્મ થઈ જશે. જે બંધનના કારણ છે તેને ધર્મના કારણ માને છે. આહા..હા..!

અહીં તો કહે છે કે જેમ '**છેદનકૂં ગહિ આયુધ ધાય ચલાય નિશંક**' જે લાકડાની બેડીમાં પડ્યો એને આયુધથી છેદી નાખે, એમ ધર્મી જીવ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે તેમ જાણતો. '**બુદ્ધિ ધસાય**' એ પુણ્ય અને પાપના ભાવથી મારી ચીજ ભિન્ન છે એમ બુદ્ધિમાં ધસારો-એકાગ્ર કરીને. આહા..હા..! '**દુધા કરિ કર્મ રુ આતમ આપ ગહારી.**' કર્મ, રાગ-દ્વેષ છે એને પર જાણે અને આત્માના આનંદને સ્વને જાણે, એને ગ્રહે અને અનુભવે એનું નામ મોક્ષનો ઉપાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કર્મ રુ આતમ આપ ગહારી.**' લ્યો! એ અધિકાર પૂરો થયો.

'**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં મોક્ષનો પ્રરૂપક આઠમો અંક સમાપ્ત થયો.**' લ્યો!

નવમો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. એની કડી.

**સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આતમારામ;**
**પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.**

ભગવાન આત્માનો સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા અને આનંદ એ રાગને કરે નહિ, કર્મને કરે નહિ, રાગને ભોગવે નહિ, પરને ભોગવે નહિ. આહા..હા..! એવું જે અંદર ચૈતન્યસ્વરૂપ એ '**પરને કરે ન ભોગવે,...**' એ દયા, દાન, વ્રતના પરિણામને પણ એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ કરે નહિ એવો એનો સ્વભાવ છે. કર્તા થઈને કરે તો તે અજ્ઞાનભાવ છે, એનો સ્વભાવ નથી. આહા..હા..! જ્ઞાન અને આનંદનો સ્વભાવ જેનો આત્માનો સચ્ચિદાનંદ પ્રભુ. ઓલા સ્વામીનારાયણના સચ્ચિદાનંદ કહે છે એ નહિ હોં! આ તો સત્ શાશ્વત ચિદ્—જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ છે આત્મા. એવા સચ્ચિદાનંદ પ્રભુને. આહા..હા..!

કહે છે કે '**સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આતમારામ; પરને કરે ન ભોગવે,...**' આહા..હા..! આ મોટા વાંધા અત્યારના. એ કુંભાર ઘડાને કરે નહિ કહે છે. કુંભારનો આત્મા જ્ઞાનમય છે, એનો આત્મા એ ઘડાને કરે નહિ. આહા..હા..! સ્ત્રીનો આત્મા જે છે એ જ્ઞાનમય વસ્તુ છે એ રાંધણને રોટલીને એ કરે નહિ એમ કહે છે. આહા..હા..! '**પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.**' બીજી ચીજ છે તેને તે રીતે જાણે એવો આત્માનો સ્વભાવ છે. આહા..હા..! એ અહીં વર્ણન કરવું છે. સમજાણું કાંઈ? મોટા એ વાંધા આવે છેને અત્યારના પંડિત કેટલાકના. કરે. સોનગઢવાળા એમ કહે છે કાંઈ ન કરે, કુંભાર ઘડાને ન કરે.

૩૭૨ ગાથામાં કહે છે આમાં. ૩૭૨ નથી? આ તો કેટલામી? હજી વાર છે નહિ? પાછળ-પાછળ. ૩૭૨. આ રહ્યું જુઓ, એમાં છે જુઓ, ૫૩૬ પાનું છે ગુજરાતી. ટીકા

છેને? **'વળી જીવને પરદ્રવ્ય રાગાદિક ઉપજાવે છે એમ શંકા ન કરવી;...'** કર્મ જીવને વિકાર કરાવે છે એમ શંકા ન કરવી. જીવ પોતે ભૂલીને, પોતાના સ્વભાવને ભૂલીને વિકારને કરે છે. આહા..હા..! એને કર્મ વિકાર કરાવે એવું ત્રણકાળમાં ભગવાન કહે છે અમે તો ભાળ્યું નથી. આહા..હા..! **'એમ શંકા ન કરવી; કારણ કે અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણનો ઉત્પાદ...'** એ તો પર્યાય. અન્ય દ્રવ્ય એટલે અનેરા પદાર્થ વડે, અન્ય પદાર્થની પર્યાયનો **'ઉત્પાદ કરાવવાની અયોગ્યતા છે; કેમકે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.'** જોયું! પર્યાય. જેમ ઓલી (જન્મક્ષણ) કીધી. છએ દ્રવ્યનો પર્યાય ઉપજવાનો એનો કાળ છે. અહીં એમ કહ્યું કે સર્વ દ્રવ્યનો સ્વભાવથી ઉત્પાદ થાય છે. છએ દ્રવ્ય ભગવાને જોયા એનો જે સમયનો જે પર્યાય થાય એ સ્વભાવથી ઉત્પાદ થાય છે. વિકારપણે થાવ કે નિર્વિકારપણે થાવ. છે?

**'સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ...'** 'જ' એકાંત કીધું. **'ઉત્પાદ થાય છે.'** લ્યો! **'માટી કુંભભાવે (ઘડા-ભાવે) ઊપજતી થકી...'** ભાષા દેખો, માટી ઘડાપણે થાય છે, કુંભાર એનો કર્તા નથી. અરે અરે..! આ વાત! છે? **'(ઘડા-ભાવે) ઊપજતી થકી કુંભારના સ્વભાવથી જ ઊપજે છે કે માટીના સ્વભાવથી ઊપજે છે? જો કુંભારના સ્વભાવથી ઊપજતી હોય તો જેમાં ઘડો કરવાના અહંકારથી ભરેલો પુરુષ રહેલો છે અને જેનો હાથ (ઘડો કરવાનો) વ્યાપ્ય કરે છે એવું જે પુરુષનું શરીર તેના આકારે ઘડો થવો જોઈએ, પરંતુ એમ તો થતું નથી. કારણ કે અન્યદ્રવ્યના સ્વભાવે કોઈ દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવતો નથી.'** રોટલી સ્ત્રીએ કરી, ચોખા સ્ત્રીએ રાંધ્યા, ચોખા ચડ્યા એ અગ્નિથી ચડ્યા એમ અમને તો જોવામાં આવતું નથી એમ કહે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સર્વવિશુદ્ધ અધિકાર છેને.

**'જો આમ છે તો પછી માટી કુંભારના સ્વભાવથી ઊપજતી નથી, પરંતુ માટીના સ્વભાવથી ઊપજે છે. કારણ કે (દ્રવ્યના) પોતાના સ્વભાવે દ્રવ્યના પરિણામનો ઉત્પાદ જોવામાં આવે છે. આમ હોવાથી, માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...'** છે? ભારે વાત, ભાઈ! કુંભાર વિના ઘડો થાય. આવી વાતું. એ તાવડી વિના અને અગ્નિ વિના રોટલી થાય એમ કહે છે. તાવડી સમજો છો? તવા કહે છેને તમારે ત્યાં? આહા..હા..! આ રોટલો કરે છેને રોટલો? તો કહે છે, હાથને લઈને એ રોટલાની દશા થતી જ નથી એમ કહે છે. આ રોટલી છે એનું ગોરણું લઈને મૂકે પછી વેલણ આમ આમ ફરે, એ વેલણથી લોટનો ગોળો ફરતો જ નથી, એ પોતાને કારણે ઉત્પાદ થાય છે એમાંથી. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાંથી જ થાય છે. એનો સમય હોય ત્યારે થાયને. આહા..હા..!

જુઓને અહીં એ જ કહે છે.

'**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' એમ એક દ્રવ્ય બીજા દ્રવ્યની કોઈપણ પર્યાયનો ઉત્પાદક છે જ નહિ. આહા..હા..! જીવ પરની દયા પાળી શકે એવું છે જ નહિ. એના આયુષ્યની સ્થિતિ હોય એ પ્રમાણે ઉત્પાદ થાય એનો વ્યય અને તું એને દયા પાળીને એનું આયુષ્ય રાખી દે એવું વસ્તુમાં નથી. તારી માન્યતામાં ભ્રમણા છે અજ્ઞાન. આહા..હા..! આ ચશ્મા જ્ઞાનની પર્યાયને ઉત્પન્ન કરતાં નથી એમ કહે છે.

**શ્રોતા :-** તો પૈસા ખરચ્યા એ નકામા ગયાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ પૈસા ખર્ચે? એ ચીજ તો જે કાળે જે પ્રકારે જે ક્ષેત્રાંતર થવાની તે તેના પોતાથી થાય છે. એનો પર્યાયનો ઉત્પાદ ક્ષેત્રાંતર થવાનો એનાથી છે, બીજો કોઈ કરે (એમ ત્રણકાળમાં નથી). આહા..હા..! એ ચશ્મા ઉતારીને જુઓને. એક જણો એમ કહેતો હતો. ઓલો ચંદ્રશેખર. લ્યો આ વળી શેઠનો ભત્રીજો છેને દીક્ષા લીધી છેને. શ્વેતાંબર. ..માં આવ્યો હતો ચંદ્રશેખર. મારે ચર્ચા કરવી છે. ભાઈ! અમે કોઈ સાથે ચર્ચા કરતાં નથી. અરે! આપનું નામ શું અને ના પાડશો તો તમારી બહારમાં જાશે આબરૂ. કીધું, આબરૂ જાય કે ન જાય અમારે કાંઈ કોઈની સાથે લેવા દેવા નથી. પછી પાછળથી બોલ્યો, જુઓ, આ ચશ્મા છે એ વિના (જ્ઞાન થાય કે નહિ)? ચર્ચા થઈ ગઈ, જાઓ. પરદ્રવ્ય વડે આત્માની પર્યાય જ્ઞાનની થાય એ ત્રણકાળમાં છે નહિ કીધું. થઈ ગઈ ચર્ચા બધી. ચંદ્રશેખર છે. નવસારી ગયા હતા. આહા..હા..! દુનિયાને ખબર ન મળે, બિચારા જૈનમાં જનમ્યા એ પણ વાડામાં .. ખબર ન મળે. જૈન પરમેશ્વરનો પંથ કેવો છે.

આ દાંત વડે રોટલીના ટૂકડા નથી થતાં એમ કહે છે. કેમકે દાંત બીજી ચીજ છે, રોટલી બીજી ચીજ છે. બીજી ચીજ બીજી ચીજની પર્યાય ઉત્પન્ન કરે એવું ભગવાન કહેતા નથી ક્યાંય. શ્વેતાંબર લોકો કહે છે કે એને આહાર હોય, ભગવાન આહાર કરે ને રોગ થાય ને. બધી વાત ખોટી. આહા..હા..! સમજાણું કાંઈ? (અક્ષર) મોતીના દાણા જેવા. આહા..હા..! અમારા ભાઈના અક્ષર એવા હતા. ખુશાલભાઈ હતાને. નામુ લખેને. મોતીના દાણા જેવા અક્ષર એવા બહુ સારા ઊંચા. એ આત્માથી થાતું હશે? ત્યારે એની મેળાએ થાતું હશે? એની મેળાએ કેમ થાતું હશે લખાણ? ભગવાન! તને ખબર નથી. એ અક્ષર છે એ (પરમાણુઓનો) પિંડ છે. એનો એક-એક પરમાણુ પોતાની તે કાળની પર્યાયનો ઉત્પાદકનો કર્તા છે. આહા..હા..! ગોવિંદપ્રસાદ! આ તો પ્રસાદ છે. પ્રસાદી છે આત્માની. આહા..હા..! ભગવાન! જિનેશ્વરદેવ પરમેશ્વર કેવળજ્ઞાની એમ ફરમાવે છે. હવે આ કેટલાક પંડિતો વાંધો કાઢે છે કે કુંભાર વિના ઘડા થાય? આ શું કહે છે? '**કુભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' છે કે નહિ? આ તો દૃષ્ટાંત છે. આહા..હા..!

**શ્રોતા :-** એ તો નિશ્ચયથી વાત થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય વિના વળી વ્યવહાર ક્યાં હતો? વ્યવહાર અસદ્ભૂત જૂઠો વ્યવહાર છે. જૂઠાં વ્યવહારથી કહેવામાં આવે કે ઘડો કુંભારે કર્યો. જૂઠાં વ્યવહારથી. આહા..હા..! કહો, હીરાભાઈ! આ બધી બંગડીના વેપાર ને બેપાર કરે છે. આ એનો ભાણીયો કરે છે ત્યાં હમણાં. એ જાય તો એ કરે ત્યાં બધું. આહા..હા..! કહે છે કે એ બંગડીનો એક અનંત રજકણનો સ્કંધ. આહા..હા..! બંગડી છે એ તો અનંત રજકણનો પિંડ છે અને એ બંગડીને અહીંથી આમ જાવું એ એના પોતાની ઉત્પાદ પર્યાયને કારણે એમ જાય છે. બીજી આંગળીને કારણે ત્યાં જાય છે એ વાત ભગવાન ના પાડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે આકરું કામ, ભાઈ! આ આત્મા મંદિરને કરે અને પ્રતિમાને સ્થાપી શકે એ ક્રિયાની પર્યાય આત્મા કરી શકતો નથી એમ કહે છે. આહા..હા..! આ અક્ષરો લખાણા પોણા ચાર લાખ જુઓ આમાં. કહે છે કે એ સંચાએ લખ્યા નથી અને રામજીભાઈ બહુ ધ્યાન રાખતા હતા માટે એનાથી લખાણા નથી. આહા..હા..! કહો, ધર્મચંદજી! આહા..હા..! એક રોટલીનો ટૂકડો નીચેથી ઊંચો થવો, કહે છે કે એની ઉત્પાદની પર્યાય પોતાના પરમાણુની છે એ એનાથી ઉત્પન્ન થાય છે. હાથ ઊંચો કર્યો રોટલીનો માટે રોટલી ઊંચી થઈ, ભગવાન કહે છે અમે એમ જોતાં નથી. આહા..હા..!

અહીં તો દાખલો આપીને (કહે છે કે) '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' ત્યારે ઓલા કહે કે નહિ. હમણા આવ્યું નહિ ઓલું રાજેન્દ્રકુમારનું? રાજેન્દ્રકુમારનું આવ્યું હતું. નિમિત્ત છે એનાથી થાય છે. એનાથી ન થાય તો નિમિત્તની વાત રહેતી નથી. નિમિત્ત નિમિત્તને કારણે રહ્યું. નિમિત્ત કરે કોને? આહા..હા..! ઘડાની દશા થવામાં કુંભાર નિમિત્ત હો, પણ એનાથી ઘડો થયો છે એમ નથી. આહા..હા..! આવી વાત છે. આ તો સિદ્ધાંત કીધો ઘડાનો હોં! એમ બધા દ્રવ્યો. બધા લેવા એ પ્રમાણે.

'**પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતા હોવાને લીધે, નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના પરિણામના ઉત્પાદક છે જ નહિ;...**' જુઓ, નીચે. '**નિમિત્તભૂત અન્યદ્રવ્યો પોતાના પરિણામના ઉત્પાદક...**' સર્વ દ્રવ્યોના પરિણામના '**ઉત્પાદક છે જ નહિ; સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત અન્યદ્રવ્યોના સ્વભાવને નહિ સ્પર્શતા થકાં, પોતાના સ્વભાવથી પોતાના પરિણામભાવે ઊપજે છે.**' છેલ્લો. આહા..હા..! આ મોટા વાંધા આવે છે અત્યારે. પંડિતો ને સાધુઓ (કહે છે), નહિ. પંચમહાવ્રતના પરિણામ અમે પાળીએ તો પરની દયા પળે. અહીં કહે છે પંચમહાવ્રતના પરિણામ રાગ (છે). એ સ્વાભાવિક દૃષ્ટિ જેને ધર્મની છે તે રાગને કરતો નથી. અજ્ઞાનભાવે રાગ કરે એને કર્મ કરતું નથી એમ કહે છે. અજ્ઞાનભાવે રાગ કરે તો એ કર્મ એને રાગને કરતું નથી અને સ્વભાવભાવે જાણે તો એ રાગનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ લાકડી છે. આમ ઊંચી થવી એ એનો ઉત્પાદક આ આંગળી નથી. આવી વાત! એ દ્રવ્ય છે, રજકણો છે આ ... એની પર્યાય આમ

થઈ એનો ઉત્પાદક એ પરમાણુનો સ્કંધ છે, આંગળીથી ઊંચી થઈ એમ અમે જોતા નથી એમ કહે છે ભગવાન. કહો, પંડિતજી! આહા..હા..! આવો વિષય નીકળ્યો લ્યો! 'પરને કરે ન ભોગવે જાણે જપ...' જાણે એમ કહે વ્યવહારથી. આહા..હા..! કુંભાર જો ધર્મી છે જ્ઞાની તો એ કુંભારને ઘડાને થાય છે એમ જાણે, પણ 'ઘડો હું કરું છું' (એમ માનતો નથી). એમ સ્ત્રી જ્ઞાની હોય સમકિતી, એ દાળ-ભાત રોટલી કરતી હોય તો કહે 'હું આ કરું છું' એમ નથી. એ થાય છે તેને હું જાણું છું. આહા..હા..! દુકાન ઉપર હીરા-માણેકનો ધંધો હોય અને એ જ્ઞાની જો આત્મા હોય તો હીરા-માણેક 'મેં આને દીધા' એમ એ માનતો નથી. એ ગયા એવું એણે જાણ્યું પોતાથી એ તો એને કારણે ગયા. આહા..હા..! આવી વાત ગળે ઉતરવી, ગળે એટલે જ્ઞાનમાં. ગળું જડ છે આ તો. આહા..હા..!

સમાધિશતકમાં તો ત્યાં સુધી કહ્યું કે 'હું પરને ઉપદેશ દઉં છું' એવો જે વિકલ્પ અને સાંભળનારો એમ કહે કે 'મને આ સંભળાવે છે માટે હું સાંભળું છું' એવો જે વિકલ્પ, ઉન્મત્ત ચેષ્ટા છે. એમ કહ્યું છે ત્યાં. જ્ઞાનીના રાગની વાત છેને, ત્યાં શ્રદ્ધાની વાત નથી. શ્રદ્ધાનો શંકા એ બીજી ચીજ. શ્રદ્ધામાં વિપરીત એ 'પુણ્ય છે ધર્મ છે અને પુણ્યથી ધર્મ થશે અને હું પરનું કરી શકું' એ માન્યતા મિથ્યાદૃષ્ટિની મિથ્યા શ્રદ્ધા મહાપાપ. પણ એ પાપ નથી પણ જેને રાગ થાય છે કે આમ કહું, આને સંભળાવું. આહા..હા..! ભગવાન! એ સાંભળનારો ક્યાં છે? એ તો આત્મા છે, જ્ઞાન છે. અને તું જ્ઞાન છો, વિકલ્પ ઉઠ્યો એ ક્યાં તારી ચીજ છે? આહા..હા..! આવી વાત છે. સમજાણું? છે આમાં? સમાધિશતક છેને આ? કેટલામી છે ઈ? કેટલા? ૧૯. 'બીજા ઉપદેશે મને, હું ઉપદેશુ અન્ય, એ સૌ ઉન્મતત્તા, હું તો છું અવિકલ્પ.' પાઠ છે.

यत्परैः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये।
उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः।।१९।।

આહા..હા..! હું તો નિર્વિકલ્પ જ્ઞાનસ્વરૂપ છું. હું બીજાને ઉપદેશ કરું અને એ ઉપદેશ સાંભળે એ મારા સ્વરૂપમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? હોય છે, હો. એ વખતે એ સમયે સ્વ અને પરસંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થવાની લાયકાતથી થાય છે, કર્તા નથી. આહા..હા..! આવી વાત છે. ધર્મી જીવ, સમ્યગ્દૃષ્ટિ જીવ એ રાગનો કર્તા નથી, પણ રાગને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે, પણ તે વખતે રાગનું જ્ઞાનસંબંધી પોતાનું જ્ઞાન જે થયું એને એ જાણે છે તે યથાર્થ છે. આહા..હા..! આવો આકરો માર્ગ. આવો જિનેશ્વરનો માર્ગ હશે આ? વીતરાગ આમ કહે છે? અનંત તીર્થંકરો એમ કહેતા આવ્યા છે. એણે સાંભળ્યું નથી એથી કાંઈ બીજી ચીજ થઈ જાય? એ અહીં કહે છે. આહા..હા..! 'પરને કરે ન ભોગવે, જાણે જપી તસુ નામ.' એ વસ્તુ છે ઈ જાણે એમ કે પરજ્ઞેય છે. આહા..હા..!

'મોક્ષ તત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. રંગભૂમિમાં જીવ-અજીવ, કર્તાકર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ—એ આઠ સ્વાંગ આવ્યા, તેમનું નૃત્ય થયું...' પરિણમન થયું 'અને પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા. હવે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.' આહા..હા..! એ બધા ભેદોને દૂર કરી. આહા..હા..! એકલું સર્વવિશુદ્ધજ્ઞાન 'પરને કરે ન ભોગવે' એ સર્વવિશુદ્ધજ્ઞાન એ હવે નાટકમાં, નાટકના રૂપમાં જેમ માણસ આવે એમ સર્વવિશુદ્ધજ્ઞાન આવ્યું છે. આહા..હા..! એનું એ સ્વરૂપ શું છે વિશુદ્ધનું એ શ્લોક દ્વારા કહેશે. શ્લોક દ્વારા કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ-૩, રવિવાર, તા. ૧૯-૦૬-૧૯૭૭, કળશ-૧૯૩-૧૯૪, ગાથા-૩૦૮ થી ૩૧૧, પ્રવચન નં. ૩૭૧

(मन्दाक्रान्ता)

नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्
दूरीभूतः प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्तेः।
शुद्धः शुद्धः स्वरसविसरापूर्णपुण्याचलार्चि-
ष्टङ्कोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्जः।।१९३।।

... એ આત્મા નથી. આહા..હા..! ધર્મની દૃષ્ટિ થતાં, ધર્મની દૃષ્ટિ ધર્મીને સમ્યગ્દર્શન થતાં એ ત્રિકાળી આત્મા જે વસ્તુ છે એની એને દૃષ્ટિ હોય છે ધર્મીને. એને ધર્મ કહીએ. એ વસ્તુ છે એ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ એનો એ કર્તા નથી, એનો એ ભોક્તા પણ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એ આવ્યુંને? **'કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** જે અજ્ઞાનભાવે. ઝીણી વાત, બાપુ! વીતરાગ માર્ગ સર્વજ્ઞનો પંથ. શ્રીમદ્‌માં આવે છેને એક. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી, અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંય સ્હાશે.' એટલે કે આ ચૈતન્યવસ્તુ જે છે એ શુદ્ધ આનંદ ને આવરણ ને રાગના મેલ વિનાની ચીજ છે. આહા..હા..! એ ચીજ એવી ચીજની દૃષ્ટિ થતાં એને આદર ને એ શુદ્ધ ચૈતન્યનો સ્વીકાર થતાં એની પર્યાયમાંથી મલિનતાનો નાશ થાય અને નિર્મળતા ઉત્પન્ન થાય એને ધર્મ અને મોક્ષનો માર્ગ કહે છે. આહા..હા..! છે?

**'સમ્યક્ પ્રકારે નાશ પમાડીને પદે પદે...'** એટલે? વસ્તુ એવી ચીજ છે ઈ પોતે આત્મા કે પર્યાયે-પર્યાયે પહેલું ગુણસ્થાન આવ્યું. મિથ્યાત્વનું-સાસાદનનું, મિશ્રનું ચોથું, આઠમું, ચૌદમું કે એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય હોય, પણ દરેક પર્યાયમાં તેની ભિન્નતા શુદ્ધ ધ્રુવની ભિન્નતા છે. પંડિતજી! આહા..હા..! એકેન્દ્રિય જીવ, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય, નારકી, મનુષ્ય, દેવ ગતિ આદિ. એની દરેક અવસ્થામાં વસ્તુ જે છે દ્રવ્ય ચૈતન્ય એ તો ભિન્ન છે. આહા..હા..! જે સમ્યગ્દર્શનનો વિષય ધર્મની પહેલી સીઢી, પહેલી શરૂઆત એવું જે સમ્યગ્દર્શન એનો જે વિષય ચીજ છે એ તો એકેન્દ્રિય, બે ઈન્દ્રિય આદિ પંચેન્દ્રિયના પર્યાયથી રહિત છે અને ગુણસ્થાનના ભેદથી રહિત છે અને રાગાદિના મેલથી પણ રહિત છે. કેમ બેસે? સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! એ ચોર્યાસીના અવતારમાં પરિભ્રમણ કરી રહ્યો છે એ અજ્ઞાનને લઈને. મિથ્યા ભ્રમણા ને વસ્તુ શું છે એની એને શ્રદ્ધાની ખબર નથી. એ અહીં કહે છે.

પોતાના સ્વભાવને પામીને **'કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** પર્યાયે-પર્યાયે. એટલે કે કર્મના ક્ષયોપશમમાં નવી-નવી પર્યાય થાય કે ગુણસ્થાનની દશા હો કે એકેન્દ્રિય આદિની પર્યાય હોય. આહા..હા..! પણ એ વસ્તુ છે એ તો એ બધી પર્યાયથી ભિન્ન શુદ્ધ ત્રિકાળ અખંડાનંદ છે. સમજાણું કાંઈ? સંભળાય છેને બરાબર? ચીમનભાઈ! ચીમનભાઈને કહુ છું સંભળાય છે? ઠીક. આહા..હા..! આ દેહમાં ભગવાન આત્મા એ દેહથી તો ભિન્ન છે, કર્મથી પણ જુદો છે ઈ. એથી જુદો છે, પણ આ પાપના હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપના ભાવથી જુદી ચીજ છે અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો ભાવ પુણ્યનો એનાથી પણ એ ચીજ જુદી છે. આહા..હા..! જુદી છે, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયની પર્યાયથી પણ એ જુદી ચીજ છે. પહેલાં ગુણસ્થાનથી ચૌદ ગુણસ્થાનમાં એની હદ છે દશાઓની, એ દરેક પર્યાયમાં દરેક ક્ષણે વસ્તુ ભિન્ન છે. આહા..હા..! અંદર જુદી આખી ચીજ છે. ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ આહા..હા..! ભગવાનસ્વરૂપે અંદર ભિન્ન છે, દ્રવ્યસ્વરૂપે, વસ્તુસ્વરૂપે.

એ પર્યાયે-પર્યાયે **'બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો,...'** આહા..હા..! એને બંધન જે દેખાય છે રાગનું અને રાગના અભાવરૂપી મોક્ષદશા એ બે દશાથી પણ એ ભિન્ન છે. આહા..હા..! આવી વાત. જિનેશ્વરદેવ પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા એનો આ હુકમ છે, એમણે જોયું એ માર્ગ આ છે. આહા..હા..! પર્યાયે-પર્યાયે ભિન્ન છે. **'શુદ્ધ-શુદ્ધ...'** છેને? બંધ-મોક્ષની રચનાથી ભિન્ન છે. રાગ અને દયા-દાનનો વિકલ્પ જે ઉઠે, અરે! મિથ્યાત્વનો ભાવ એનાથી પણ એ ચીજ, એ તો પર્યાય છે, વસ્તુ છે એ એનાથી ભિન્ન છે. આહા..હા..! એવી ચીજને અંદર જોવી, જાણવી અને માનવી, અનુભવવી એનું નામ ધર્મ છે. આહા..હા..! આવો ધર્મ! સમજાણું કાંઈ? **'બન્નેથી રહિત છે એવો,...'** કેવો છે? **'જેનું પવિત્ર અચળ**

**તેજ નિજરસના...**' નિજ આનંદરસ સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ છે, સત્ છે આત્મા અને તે સત્‌માં સત્‌પણે છે એમાં આનંદ અને જ્ઞાનનો રસ પણ સત્‌પણે ત્રિકાળ છે. આહા..હા..! આવી વાત છે, બાપુ! બાહ્યમાં જુઓ તો ધમાલ-ધમાલ. પાલિતાણા જુઓ તો ઓહો..હો..! ધમાલ કરી નાખી. મકાનો ને આ ને આ, હો-હા. અપવાસ કરે ને આ કરે. મોટા શણગાર કરે, બાપુ! એ તો પરચીજ છે, બાપુ! એ કાંઈ તારી કરી થાતી નથી. એ તો જગતની ચીજ છે એ સ્વતંત્ર તેની એક વર્તમાન દશાથી થઈ રહી છે, એને બીજો માને કે મારાથી આ થાય છે એ મિથ્યાત્વ ભ્રમ છે. કેમકે ભગવાન આત્મા તો જ્ઞાનરસકંદ છે, એ તો જ્ઞાનનો પુંજ પ્રભુ છે. આહા..હા..!

જ્ઞાનનો ગંજ એ '**નિજરસના ફેલાવથી...**' 'विसर' કીધુંને? 'विसर' 'स्वरस-विसर'. સ્વરસના-વિશેષરસના ફેલાવથી પડ્યું છે. આહા..હા..! તત્ત્વ જે છે આત્મા ત્રિકાળી ચીજ એ તો સ્વરસના વિશાળ વિસ્તારથી પડેલી ચીજ છે. આહા..! હવે આવી ભાષા ગ્રીક-લેટિન જેવી ભાષા લાગે. બાપુ! મારગડા પ્રભુના અલૌકિક છે. અનંતકાળમાં એ ચોર્યાસીના અવતાર કરી-કરીને દુઃખી થયો છે. સાધુ પણ થયો, ત્યાગી થયો, મુનિ થયો અનંતવાર.. આહા..હા..! પણ એ વસ્તુ અંદર ધ્રુવ-ધ્રુવ દ્રવ્ય જે છે એ બધી દશાઓથી ભિન્ન છે એવી દૃષ્ટિ કરી નહિ. દેવીલાલજી! આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! ભગવાન અંદર બિરાજે છે પ્રભુ. સચ્ચિદાનંદ સત્ નામ શાશ્વત અવિનાશી જ્ઞાન અને આનંદના અવિનાશી સ્વભાવવાળું વિસ્તારથી ભરેલું. આહા..હા..! '**स्वरस-विसर**' વિશેષે રસથી ભરેલું તત્ત્વ છે અંદર. આહા..હા..!

'**જેનું પવિત્ર અચળ...**' પવિત્ર છે અને ચળે નહિ એવું '**તેજ નિજરસના ફેલાવથી ભરપૂર છે એવો, અને જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે...**' એવો જે ભગવાન આત્મા પ્રગટ સ્વાનુભવગમ્ય છે અને સ્વાનુભવગમ્ય છે એવું એનું પ્રગટ મહિમા નામ સ્વભાવ છે. આવી વાત! કેવો છે પ્રભુ આ અંદર? વસ્તુ દ્રવ્ય તરીકે, પદાર્થ તરીકે, તત્ત્વ તરીકે, ત્રિકાળ તરીકે. આહા..હા..! એ તો '**મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે**' એકરૂપ સ્વરૂપ અને જેના સ્વભાવ. આહા..હા..! પ્રગટ મહિમા. ઓહો..હો..! જેનું સ્વરૂપ ભગવાન આત્માનું એવું છે કે સ્વાનુભવગમ્ય જેની મહિમા છે, સ્વાનુભવગમ્ય જેનો સ્વભાવ છે. શું કહે છે આ? એ કોઈ દયા, દાન, વ્રત ને પૂજા ને ભક્તિ ને જાત્રાના રાગથી પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. એમ ભગવાન ત્રિલોકનાથના કહેણ છે. આહા..હા..! એ તો સ્વાનુભવગમ્ય સહિત સ્વભાવ છે. આ પ્રગટ એનો જે આનંદનું અનુભવ વેદન એનાથી તેનો સ્વભાવ છે. એનો એવો સ્વભાવ, પ્રગટ સ્વાનુભવમાં જણાય એવો સ્વાનુભવ (ગમ્ય) એવી જેની મહિમા છે. એવી જેની મોટપ અને એવો સ્વભાવ છે. કહો, સમજાય છે કાંઈ? પંડિતજી! આહા..હા..!

'**अयं ज्ञानपुञ्जः स्फूर्जति**' '**આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.**' એનું સ્વરૂપ

આવું છે એ સ્વાનુભવ અંતર અનુભવ કરતાં એટલે કે અતીન્દ્રિય આનંદનો એનો સ્વભાવ ત્રિકાળ છે, ભગવાન આત્માનું તો અતીન્દ્રિય અનાકુળ આનંદસ્વરૂપ છે ત્રિકાળ એને આનંદના વેદનથી એ પ્રગટ થાય છે. આવી વાત હવે. આમ બહારમાં જુઓ તો ધમાલ... ધમાલ... ધમાલ... ભક્તિ, વ્રત ને તપ ને આવા એના ઉજવણા કરવા. આહા..હા..! અને જાત્રા કરવામાં શેત્રુંજય ને ગિરનાર ને માથે ચડવા, હજારો માણસ સાથે ગાતા-ગાતા ચાલ્યા આવે. પણ એ બધો શુભરાગ છે, પ્રભુ! એ ધર્મ નથી. આહા..હા..! એ રાગની મલિનતા તો જેના સ્વરૂપમાં નથી, તો એવા રાગને લઈને આત્મા પ્રાપ્ત થાય એવો ભગવાન આત્માનો સ્વભાવ જ નથી. આહા..હા..! ભગવાન અંદર બાળગોપાળ—બાળક હો, વૃદ્ધ હો કે યુવાન એ તો દેહની જડની દશા છે, એ કંઈ આત્માની નથી. અરે! ચૌદ ગુણસ્થાનની દશા એ દ્રવ્યમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એક્કે પર્યાય ક્યાં દ્રવ્યમાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય જ નથી. પર્યાય વિનાની ચીજ છેને ઈ. અહીં તો એ બતાવવું છે. આહા..હા..!

ભગવાન! બહારનું આ સ્ત્રીનું શરીર ને પુરુષનું શરીર, તિર્યંચ-ઢોરનું શરીર ને નારકનું શરીર ને દેવનું શરીર એ ન જો, એ શરીર તો જડ છે. ભગવાન એ જડથી તદ્દન ભિન્ન અંદર બિરાજે છે. આહા..હા..! જેમ પાણીના લોટામાં પાણી લોટાથી તદ્દન ભિન્ન છે. એમ આ શરીરરૂપી લોટો કાશીના ઘાટનો છે આ જુઓને. કાશી ઘાટનો લોટો છે આ શરીર. આવડું આ ને આવું આ. ભગવાન અંદર આત્મા જેમ લોટાથી પાણી તદ્દન જુદું છે, એમ આ શરીરના લોટાથી પ્રભુ અંદર ચૈતન્યનો પુંજ તદ્દન ભિન્ન છે. એનું ભાન કરતાં એનો અનુભવ કરતાં એ પ્રગટ થાય એવો છે એમ કહે છે. આવ્યું છેને? '**જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.**' જેની શક્તિ અને સ્વભાવ આવો છે એનો અનુભવ કરતાં એ પ્રગટ થાય છે. ઝટ લઈએ થોડું-થોડું હોં! ભાઈએ ક્રમબદ્ધનું. ક્રમબદ્ધની માંગણી છેને એની.

'**ભાવાર્થ :- શુદ્ધનયનો વિષય...**' એટલે કે સાચા સત્ય જ્ઞાનનું ધ્યેય, સાચું જ્ઞાન જે સમ્યગ્જ્ઞાન છે તેનો વિષય એટલે ધ્યેય '**જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે...**' એ તો જ્ઞાનસ્વરૂપી જાણવું-જાણવું પ્રજ્ઞાબ્રહ્મ. આહા..હા..! પ્રજ્ઞા એટલે જ્ઞાન. પ્ર-જ્ઞા. પ્ર-વિશેષે જ્ઞાનપુંજ અને બ્રહ્મ એટલે આનંદ. પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ભગવાન આત્મા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એ '**જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે,...**' આહા..હા..! એ શરીર, વાણી, મન અને પરની દયા પાળે એવું તો એનામાં છે જ નહિ, પણ એ દયા, દાનનનો વિકલ્પ ઉઠે છે.. આહા..હા..! એનો સ્વભાવ એનો રાગને કરું એવો એનો સ્વભાવ નથી. કોઈ આત્મામાં એવી શક્તિ અને ગુણ નથી કે એ દયા, દાનના રાગને કરે અને રાગને ભોગવે. આહા..હા..! આવું સ્વરૂપ! એ એના સ્વરૂપમાં જ નથી કહે છે. આહા..હા..!

**'કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે, બંધમોક્ષની રચનાથી રહિત છે,...'** એ રાગના ભાવથી બંધ અને રાગના અભાવથી મુક્તિ એ બધી પર્યાયોનો ભાવ અવસ્થા, હાલત એનાથી ભિન્ન દ્રવ્ય જે સ્વભાવ ધ્રુવ ત્રિકાળી આનંદકંદ પ્રભુ, બંધ-મોક્ષની દશાથી ભિન્ન છે. આહા..હા..! આવો આત્મા હવે. હવે બહાર બિચારા બહાર કરતાં હોય આ ક્રિયા અને એમાંથી ધર્મ થાય (એમ) સંતોષ થઈને પડ્યા હોય બિચારા એમ ને એમ રખડવા. હવે એને આ કહે કે આવો આત્મા. એને જાણ્યા વિના તારું બધું થોથા. એ જાત્રા ને ભક્તિ ને પૂજા ને વ્રત ને તપ એ બધા રણમાં પોક મૂકવા જેવા છે. આહા..હા..! કેમકે પ્રભુ એ ક્રિયા કર્તાનો 'રાગ કરું' એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! અંદર ચૈતન્યના પુંજવાળો પ્રભુ જ્ઞાનના પ્રકાશથી ભરેલો ભગવાન એ રાગાદિનો કર્તા અને રાગને ભોગવે એ નહિ. કોઈ એની શક્તિ કે એનો ગુણ સ્વભાવ જ નથી. આહા..હા..!

**'પોતાના સ્વભાવ સ્વરસના...'** લ્યો! **'પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે,...'** શુદ્ધ છે. પરવસ્તુથી ભિન્ન છે અને પરવસ્તુના નિમિત્તથી થતાં પુણ્ય અને પાપના શુભાશુભભાવ એનાથી પ્રભુ અંદર ચૈતન્યમૂર્તિ, આનંદનો નાથ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત કરે છે આ. **'સ્વરસના પ્રવાહથી પૂર્ણ...'** પોતાનો નિજ જ્ઞાન અને આનંદનો રસ સ્વભાવ ધ્રુવ, એના પ્રવાહથી પૂર્ણ **'દેદીપ્યમાન...'** છે. પૂર્ણ દેદીપ્યમાન. આહા..હા..! એવી **'જ્યોતિરૂપ છે...'** આહા..હા..! પહેલાં એક કળશમાં કેટલું ભરી દીધું! આવી વાત છે. ભાઈ! પરિભ્રમણ અનંતકાળથી કરે છે. એ એની ચીજની મહિમા અને સ્વભાવ શું છે એ એને જાણવાનો જ પ્રયત્ન જ કર્યો નથી. બાકી ધર્મને નામે આ ભક્તિ, વ્રત ને તપ ને પૂજા ને મંદિરો બનાવવા અને એમાં મોટા રથયાત્રા શું કહેવાય? વરઘોડા. ૫૦-૫૦ હજાર માણસના વરઘોડા કાઢ્યા અને હાથી જોડે. ઓહો..હો..! ૨૧ હાથી. અમારા જ ઓલામાં હતા વરઘોડામાં જયપુર. ૨૧ હાથી સાથે અને ૪૦ હજાર માણસ સાથે. લોકો જોવા નીકળ્યા કોણ છે આ તે? હું બેઠો રથમાં. ભગવાન પધરાવ્યા. અરે! બાપુ! એ તો બધો શુભભાવ છે. એ ક્રિયા છે એ તો પરની છે. એમાં રાગની મંદતાનો ભાવ હોય તો પુણ્ય છે, શુભ છે, એ ધર્મ નથી. દેવીલાલજી! આહા..હા..! ભોપાલમાં વ્યાખ્યાનમાં ૪૦ હજાર માણસ. આઠ દિ' રહ્યા હતાને ભોપાળમાં? પંચકલ્યાણક. વ્યાખ્યાનમાં ૪૦ હજાર માણસ. પણ એ બધા હો-હા કરે (કે) આનાથી ધર્મ છે, (પણ) એ ધર્મ નથી. એઈ..! એ બધી ક્રિયાઓ જે છે બહારની એ તો પરમાણુઓ પુદ્ગલ અને પરની, પણ એનામાં ભાવ થાય તેના પ્રત્યેનો એ શુભરાગ હોય તો પુણ્ય છે, પણ એ પવિત્ર ભગવાન ત્રિકાળ છે તેમાં પુણ્યનો અભાવ છે અને એ પુણ્યના પરિણામનું કરવું અને ભોગવવું એવું ત્રિકાળી સ્વભાવમાં નથી. આહા..હા..! આવી વાત છે.

**'અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે. એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.'** લ્યો!

હવે, સર્વવિશુદ્ધ જ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ, 'આત્મા કર્તા-ભોક્તાભાવથી રહિત છે' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :—

(अनुष्टुभ्)

कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत्।
अज्ञानादेव कर्तायं तदभावादकारकः।।१९४।।

**શ્લોકાર્થ :— 'कर्तृत्वं' 'કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી,...'** આહા..હા..! એ દયા, દાન, રાગ આદિ ભક્તિ, પૂજા, વ્રત, તપનો વિકલ્પ આવે, પણ એ રાગનો ત્રિકાળી આત્મા જ્ઞાતા છે, એનો સ્વભાવ રાગનું કરવું એ સ્વરૂપમાં નથી. આહા..હા..! આવી વાત ક્યારે બેસે એને? આહા..હા..! એક બીડી, બે બીડી પીવે ત્યાં મગજમાં આમ થઈ જાય. આહા..હા..! ભાઈસાહેબને બે બીડી પીવે સરખાઈની સિગારેટ, આમ પીતા હશે કોણ જાણે આપણે તો કાંઈ જિંદગીમાં કોઈ દિ' બીડી પીધી નથી.

**શ્રોતા :-** એકાદ દિ' પીધી હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પીધી નહોતી. અડધું કોક છોકરો પીતો હતો નિશાળને ઉઘડવાને વાર હતી. ઓલું આમ લીધું જરી. પણ એ તો ૭૭ વર્ષ પહેલાંની વાતું છે. ૧૦-૧૧ વર્ષની ઉંમર હતી જે દિ' તે દિ'. આહા..! એ વળી નિશાળ ઉઘડવાને વાર હતી. એ કોક દુકાને બેઠો હતો બહાર અને એક પીતો હતો કોક છોકરો. એણે જરીક આમ... આહા..હા..!

**શ્રોતા :-** જરાક મન થઈ ગયું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મન એ છોકરાએ કીધું. એક આમ એમ કર્યું ત્યાં તો ધુમાડો અરે! આ શું ચીજ આવી? આહા..હા..! એ તમાકુ પછી અડ્યા નથી કોઈ દિ'. આ ૮૮ વર્ષમાં તમાકુ કોઈ દિ' પીધી નથી. આહા..હા..!

અહીં તો પરમાત્મા કહે છે કે એ ધુમાડા તો ક્યાંય રહી ગયા, પણ ભગવાનની ભક્તિનો જે શુભરાગ ઉઠે એ રાગનો આત્મા કર્તા અને ભોક્તા એનું સ્વરૂપ જ નથી, એ તો જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ છે. આહા..હા..! જાણનાર-દેખનાર પોતાના અસ્તિત્વમાં, પોતાની ભગવાન આત્માની હયાતીમાં એ રાગાદિ થાય તેને જાણવું એ પણ એક વ્યવહાર છે, પણ એ આત્માનો સ્વભાવ જ એવો છે કે જ્યાં દૃષ્ટિ આત્માની થઈ એટલે એને પોતાના જાણવાની પર્યાય અને રાગ થાય તેને, રાગને કારણે નહિ, પણ રાગસંબંધીનું જે જ્ઞાન જાણવાનું એ પોતામાં સ્વપરપ્રકાશક પર્યાય થાય એનો કર્તા આત્મા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો ધર્મ હવે. આહા..હા..!

**'જેમ ભોક્તાપણું સ્વભાવ નથી. અજ્ઞાનથી જ તે કર્તા છે,...'** સમજાણું કાંઈ? રાગના વિકલ્પનો રચનાર છું હું. આહા..હા..! નિશાળમાં આવતું પહેલું એવું 'રચના રચનાર રે ધણી.' એવું આવતું કાંઈક. પહેલી ચોથી ચોપડીનું. દલપતરામ ડાહ્યાભાઈ હતા. તે દિ' કવિ હતા. આ તો ભાઈ ૭૦ વર્ષ પહેલાંની વાતું. પોણો સો વર્ષ પહેલાંની વાત છે. એમાં

એ આવેલું 'રચના રચનાર રે ધણી, પ્રભુતા પ્રભુ તારી તો ખરી.' પ્રભુતા-પ્રભુતા તારી ખરી ક્યારે કહેવાય? કે તું પ્રભુતાની રચના કર આનંદની ત્યારે તારી પ્રભુતા ખરી કહેવાય. એણે તો બીજું કહ્યું હતું. આ તો 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, રચના રચનાર રે ધણી.' આહા..હા..! શુદ્ધની રચના કર તે તારી પ્રભુતા ખરી. પવિત્ર ભગવાન આત્મા એની પવિત્રતાની પરિણતિને રચે એ રચનાની પ્રભુતા ખરી, પણ રાગની રચનામાં તો... આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! અહીં તો દયા, દાન, વ્રત, તપના વિકલ્પની રચના કરે જીવ એ અજ્ઞાની છે, એ નપુંસક-હીજડા છે. પાવૈયાને જેમ પુત્ર ન હોય એમ શુભભાવવાળાને ધર્મની પર્યાય ન હોય. ઝીણી વાત છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે પરમાત્મા ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ. આહા..હા..! કહે છે, એ કર્તાપણું નથી એમ ભોક્તાનો સ્વભાવ નથી. **'અજ્ઞાનથી જ તે કર્તા છે,...'** આહા..હા..! જ્ઞાતા-દ્રષ્ટાના સ્વભાવથી ભરેલો પ્રભુ, એનું જેને ભાન નથી એવા અજ્ઞાની રાગ-દ્વેષના કર્તા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધા લોઢાના વેપાર ને હસમુખભાઈ શું કર્યું બધું ત્યારે આ બધું? અત્યાર સુધી કર્યુંને આ બધું. હવે ભાઈને સોંપ્યું. આહા..હા..! કાપડના દુકાન-ધંધા એય..! ચીમનભાઈ! મગનભાઈ કરતા નહોતા? અમને ખબર છે. દુકાને આવ્યો હતો. આવ્યો હતો. મગનભાઈ બેઠા હતા મોઢા આગળ. દુકાનની મોઢા આગળ. કાપડ લીધું નહોતું તમારે ત્યાંથી, લીધું હતું ડાહ્યા જેઠાને ત્યાંથી. ડાહ્યા જેઠા. જોડે મકાન હતા. ખબર છેને. આ તો ઘણાં વર્ષની વાતું. ૫૦-૬૦ વર્ષ પહેલાંની. આહા..હા..! કોણ વેપાર કરે કપડાનો? કપડું તો જડ છેને માટી. આહા..હા..! એ કહેશે હોં!

**'અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે.'** લ્યો! તેને અહીં સિદ્ધ કરવું છે હવે. વસ્તુનું સ્વરૂપ આનંદ અને જ્ઞાન પ્રભુ એના અજ્ઞાનને લઈને એ રાગનો, વ્રતાદિ તપના વિકલ્પનો કર્તા છે, અજ્ઞાન ગયે તેનો એ કર્તા નથી એ વાતને ગાથામાં હવે સિદ્ધ કરવી છે.

**'હવે, આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે :—'** લ્યો! હવે ક્રમબદ્ધ આવ્યું તમારું.

दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।
जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह।।३०८।।
जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिदा सुत्ते।
तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि।।३०९।।
ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा।
उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि।।३१०।।
कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि।
उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसदे अण्णा।।३११।।

જે દ્રવ્ય... નીચે હરિગીત. આ દ્રવ્ય એટલે પૈસો નહિ. દ્રવ્ય એટલે વસ્તુ. જડ પરમાણુ હો કે આત્મા હો. છ દ્રવ્ય છે. ભગવાન પરમાત્માએ છ દ્રવ્ય જોયા. જાતિ તરીકે છ અને સંખ્યા તરીકે અનંત. એ વસ્તુ છે તેને અહીં દ્રવ્ય કહેવામાં આવે છે. કેમકે એ દ્રવ્ય પોતે દ્રવે છે. જેમ પાણીમાંથી તરંગ ઉઠે છે, એમ એ વસ્તુ છે એ દ્રવે છે એટલે ક્ષણે-ક્ષણે નવી-નવી પર્યાય થાય, માટે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. આરે! 'જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી...' ગુણ એટલે પર્યાય. પર્યાયને અહીં ગુણ શબ્દ વાપર્યો છે.

**જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,**
**જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.**
**જીવ-અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,**
**તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.**
**ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,**
**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.**
**રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.**

એની ટીકા. છેને? '**ટીકા :- પ્રથમ...**' પ્રથમ એટલે '**तावत्**' શબ્દ છે સંસ્કૃતમાં. '**जीवो हि तावत्**' પ્રથમ તો એ વાત છે કે, એમ કહે છે. પહેલી અને પ્રથમ એ વાત કહેવી છે કે, '**પ્રથમ તો જીવ ક્રમબદ્ધ...**' જે ભગવાન આત્મા છે એમાં જે પર્યાય થાય છે એ ક્રમબદ્ધ (થાય છે). જેમ માળામાં જેમ એક પછી એક, એક પછી એક મણકો હોય છે એ આડોઅવળો ન હોય. માળા. હમણાં કોક સુતરની માળા મૂકી ગયું હતું ત્યાં. પડી હતી ત્યાં પડી હતી. સુતરની માળા. એ જ્યાં મણકો હોય ત્યાં હોય, બીજે જ્યાં હોય તે ત્યાં હોય, એમ જીવમાં જે સમયે જે પર્યાયની ઉત્પત્તિનો એનો કાળ છે તે સમયે તે પર્યાય ઉત્પન્ન થાય. બીજે સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી ક્રમબદ્ધ. જેમ એ મોતીની માળામાં મોતી ક્રમસર છે, એમ આત્મામાં પર્યાય પણ ક્રમસર છે. આહા..હા..! આ મોટા વાંધા છે અત્યારે પંડિતો સાથે. હવે હમણાં કબુલ્યું ભાઈએ કૈલાસચંદજીએ. છાપામાં આપ્યું. હવે કબુલ્યું. અને તે દિ' તો ૨૦૧૩ની સાલમાં તો મોટી ચર્ચા થઈ હતી ત્યાં ઈસરી, ઈસરી. ૨૦૧૩ની સાલ, વીસ વર્ષ થયા. વર્ણીજી હતા. એનામાં પ્રસિદ્ધ હતા. એની સાથે આ ચર્ચા થઈ મોટી. એ કહે ક્રમબદ્ધ નહિ. એક પછી એક થાય, પણ એક પછી આ જ થાય એમ નહિ. માળાના મણકામાં તો એક પછી એક જે મણકો હોય તે જ મણકો હોય, પછીનો મણકો અહીં હોય અને આ મણકો ત્યાં હોય એમ હોઈ શકે? ઝીણી વાત છે. આહા..હા..! વર્ણીજી સાથે ચર્ચા થતાં વીસ વર્ષ પહેલાં. નહિતર દિગંબરમાં મોટા પુણ્યશાળી તરીકે, ત્યાગી ક્ષુલ્લક તરીકે આમ સમયસારની વાંચવાનું શરૂ કરેલું એણે મુખ્યપણે, મોટી પાઠશાળાઓ કરે. આ

ચર્ચા થતાં ગોટો ઉઠ્યો અંદર. વીસ વર્ષ પહેલાંની વાત છે. રામજીભાઈ હતા. તમે હતા? લ્યો આ હિંમતભાઈ હતા, વજુભાઈ હતા. આહા..હા..!

ત્રણ પ્રશ્ન થયા હતા પહેલાં મળ્યા ત્યારે. પહેલાં હું જાણતો હતો ખબર હતી કે આમની લાઈન કેમ છે. ત્રણ પ્રશ્ન થયા. ૨૦૧૩ની સાલ. કીધું આ રાગ થાય છે કેમ? એટલે રાગ ટળે કેમ? ત્યારે કહે કે પ્રતિબદ્ધ કારણ કર્મ ટળે તો રાગ ટળે. અરેરે..! આત્મા પોતાનો સ્વભાવ સંભાળે તો રાગ ટળે એમ ન કહેતા પ્રતિબદ્ધ કર્મ ટળે તો ટળે. મોટા પંડિત હોં! માનિતા. અત્યારે કરોડોપતિ માણસો માને એને. એમનું ખોટું છે એમ ન માને. સોનગઢવાળા કહે તો ખોટું છે એમ માને. એવી એની પ્રતિષ્ઠા હતી, પણ એને આ પૂછ્યું કે રાગ કેમ ટળે? તો કહે, પ્રતિબદ્ધ કર્મ ટળે તો ટળે. અરે! પ્રભુ! પછી કહ્યું કે ક્રમબદ્ધ છે કે નહિ? આત્મામાં જે દશા રાગની થાય જે સમયે થાય તે સમયે અને બીજે સમયે જે થવાની તે સમયે, ત્રીજે સમયે જે થવાની... એમ ક્રમબદ્ધ છે કે નહિ? તો કહે, ક્રમબદ્ધ છે ખરી એક પછી એક એમ, પણ આ પછી આ જ થાય એમ ક્રમબદ્ધ નહિ. ઓય માર્યા કીધું.

પછી ત્રીજો પ્રશ્ન મૂક્યો. આ બધા બેઠા હતા ત્યારે. બીજા પંડિતો હતા ઘણાં. ત્રીજો પ્રશ્ન કે સર્વજ્ઞ છે કે નહિ? એક સમયમાં ત્રિકાળી ત્રણકાળના જાણનારા ભગવાન સર્વજ્ઞ જગતમાં છે કે નહિ? જ્યારે સર્વજ્ઞ એમ માનો કે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને જાણનાર સર્વજ્ઞ છે તોપછી સર્વજ્ઞ તો જાણે છે કે જે સમયે જ્યાં થાય તે થાય તો સર્વજ્ઞ ક્રમબદ્ધને જાણે છે. ત્યારે એણે ઉત્તરમાં એમ કહ્યું કે એ સર્વજ્ઞનું સર્વજ્ઞ જાણે. અરે! પ્રભુ! આહા..હા..! આવી વાતું હતી. મોટી ચર્ચા થઈ હતી. ૧૩ની સાલ. પહેલી સમ્મેદશિખરની જાત્રા કરવા નીકળ્યાને ત્યારની આ વાત છે.

અહીં કહે છે કે '**જીવ ક્રમબદ્ધ એવા...**' જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની તે સમયે તે થાય, બીજે સમયે જે થવાની તે જ થાય, ત્રીજે સમયે જે થવાની તે જ થાય. પ્રભાકરભાઈ! આવું છે આ. આહા..હા..! તો પછી આવું ક્રમબદ્ધ માનવા જાવ તો પછી પુરુષાર્થ આત્માને ધર્મ કરવાનો ક્યાં રહ્યો? એમ પ્રશ્ન છે. પણ પહેલું નક્કી તો કર હજી કે જીવ છે વસ્તુ ત્રિકાળ. એ તો શુદ્ધ તદ્દન ધ્રુવ. એની વર્તમાન દશામાં જ્યાં જે મણકો જેમ માળામાં જ્યાં મણકો હોય ત્યાં (હોય). મણકો કહે છે? દાણા. એ મોતીનો દાણો જ્યાં હોય ત્યાં હોય. બીજે ઠેકાણે બીજો, ત્રીજે ઠેકાણે ત્રીજો, એ પોતાનું સ્થાન પલટે નહિ; એમ જીવમાં જે પર્યાય થાય તે સમયની તે સમયમાં, બીજે સમયની તે સમયમાં, ત્રીજા સમયની તે સમયમાં એમ ક્રમબદ્ધ પર્યાય થાય. સમજાણું કાંઈ?

'**પ્રથમ તો...**' મૂળ વાત. 'तावत्' નામ એ વાત છે કે, એમ. 'तावत्' એટલે. મુદ્દાની વાત એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી શુદ્ધ અને ધ્રુવ હોવા છતાં, એમાં પર્યાયનો અભાવ હોવા છતાં, પર્યાય જે થાય છે એ ક્રમસર થાય. સમજાણું કાંઈ? ક્રમબદ્ધ. ત્યારે એ લોકો

કહે કે ક્રમબદ્ધ નહિ, ક્રમસર હોય, પણ ક્રમબદ્ધ નહિ. જે સમયે તે થવાની ત્યાં થાય, તે સમયે તે થવાની તે જ થાય એમ નહિ. અહીં તો પ્રભુ એમ કહે છે કે '**જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજતો થકો...**' પોતાની દશાની અવસ્થા ચાહે તો રાગની હોય ને ચાહે તો સમકિતની હોય, તે તે સમયમાં તે પર્યાયને પોતાના પરિણામ એટલે પર્યાય તેને '**ઊપજાવતો થકો...**' તેમાં ઉપજતો થકો, પરિણામોથી ઉપજતો થકો. આહા..હા..! '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજતો થકો...**' એમ ભાષા છે. પર્યાય બદલે છે ક્ષણે-ક્ષણે ભિન્ન-ભિન્ન, પણ એ પોતાના પરિણામથી ક્રમસર ઊપજતો થકો. જેમ ત્રિકાળી ચીજ એકરૂપ છે એમ પર્યાયનું રૂપ પણ જે સમયે જે છે તે તેનું રૂપ પર્યાય ક્રમમાં છે. આઘી-પાછી પર્યાય થાય, એ મોતીના દાણા માળામાં આઘા-પાછા થાય તો માળા તૂટી જાય. સમજાણું કાંઈ? પણ આઘી-પાછીની વ્યાખ્યા શું? ઘણાં વર્ષ પહેલાં કહેલું અહીં વ્યાખ્યાનમાં કે આ વસ્તુને આઘી-પાછી એટલે આ પર્યાય પૂર્વે થવાની નહોતી અને અહીં થઈ અને ભવિષ્યમાં થવાની હતી એ અહીં થઈ એનો અર્થ શું?

**શ્રોતા :-** ભવિષ્યમાં થવાની તો હતી એમ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ તો ભવિષ્યમાં થવાની એ તો ત્યાં થવાની હતી. અહીં થવાની એ તો અહીં થાય છે. આહા..હા..! ઝીણી વાત છે બહુ, બાપુ!

પહેલું તો દ્રવ્યને સિદ્ધ કર્યું ત્રિકાળી કે એ પર્યાયથી રહિત છે. હવે પર્યાયને સિદ્ધ કરે છે. કેમકે એ પર્યાયનો એ કર્તા દ્રવ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મનો ઉપદેશ! ઓલા કહે કે મંદિર બનાવવું. જુઓ, બનાવ્યું નથી? કેવા બનાવ્યા! હતા નહિ એવા ૩૦-૩૫-૪૦ મંદિરો. કરોડો રૂપિયા ખર્ચાઈ ગયા. કરોડો તો અહીં ખર્ચાઈ ગયા છે આ ગામમાં. ૪૨ વર્ષમાં. ૨૬ લાખનું તો આ મકાન છે. ૧૧ લાખનો ખર્ચ એમાં થયો માણસ આવ્યા ને. ૨૬ હજાર. પણ એ તો બધી ક્રિયા, બાપુ! તને ખબર નથી. આહા..હા..! એ તો પરમાણુની ક્રિયા તેના ક્રમસરમાં આવવાની તે આવીને થઈ છે. એમાં રામજીભાઈએ આ કર્યું છે, પ્રમુખ હતા માટે કર્યું છે (એમ નથી). પ્રમુખ તો એ હતા. આ વજુભાઈનું નામ રામજીભાઈ એમ આપે અથવા કાનજીસ્વામીએ આ બધું કરાવ્યું એમ કહે. અરે! ભગવાન! સાંભળ તો ખરો. એ પરની જડની પછી આવશે.

પહેલી જીવની લીધી. કારણે કે જાણનારો એ છેને? ક્રમસર થાય એ જાણનારો ઈ છે. જડને જાણવાનું નથી. જડમાં પણ ક્રમસર જ પર્યાય થાય. જે સમયે જડમાં જે થવાની તે થાય, પણ એવી આ થાય છે એનું એને જ્ઞાન નથી. એટલે જીવનું જ્ઞાન જીવ જાણે, કે મારામાં જે ક્રમસર પર્યાય થઈ તેનો હું જાણનાર અને જડમાં ક્રમસર થાય તેનો હું જાણનાર. કેમકે હું તો 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી.' જાણવાયોગ્ય પદાર્થ બે પ્રકારના. 'નિજરૂપ પરરૂપા ભાસી.' ભાસી. આહા..હા..!

આત્મામાં અજ્ઞાનપણે પણ જે ક્રમબદ્ધ પર્યાય થાય એનો એ કર્તા અજ્ઞાની થાય છે. કેમકે 'જ્ઞાનસ્વરૂપથી ભરેલો હું પૂર્ણ છું' એવી જ્ઞાતાપણાની એને ખબર નથી. એથી જે કાંઈ પર્યાય થાય તેનો કર્તા અજ્ઞાની થાય છે.

ધર્મી એને કહીએ કે જેને આત્માનો ધર્મ નામ જ્ઞાનસ્વભાવ ત્રિકાળથી ભરેલો છે, એવું જેને અંતરમાં, દૃષ્ટિમાં ભાન થયું, એને જે ક્રમસર રાગાદિ આવે એનો એ કર્તા ન થતા જ્ઞાતા રહે છે. આહા..હા..! આવી શરતું બહુ, ભાઈ! ધર્મની દશાને શરતું પણ ઘણી. આહા..હા..! બાપુ! મારગડા. અનંતકાળ... અનંતકાળ... અનંતકાળ... ગયો ભાઈ! ચોર્યાસીના અવતારમાં, ચોર્યાસી લાખની યોનિ, એક-એક યોનિમાં ચોર્યાસી લાખમાં અનંતવાર ઊપજ્યો. આહા..હા..! એનો એણે વિચાર પણ કર્યો નથી કે અરેરે! ક્યાં અવતાર કર્યા? કેટલા કર્યા? ક્યાં-ક્યાં કર્યા? આહા..હા..! ઢોરના, નરકના, કીડાના, કાગડાના, વનસ્પતિના, થોરના. આહા..હા..! પત્થરના એકેન્દ્રિય જીવ, પાણીના જીવ. આહા..હા..! એવા અનંતભવ કર્યા. એ ભવનું કારણ સ્વરૂપનું ભાન નહિ તે. 'હું એક જ્ઞાનથી ભરેલો જ્ઞાતા છું. અતીન્દ્રિય આનંદ સચ્ચિદાનંદ પ્રભુ તે હું છું. એવા અનાકુળ આનંદના રસકંદવાળો તે હું છું' એમ જેણે માન્યું અને જાણ્યું નથી એ જીવ રાગનો કર્તા થઈ અને સંસારમાં પરિભ્રમણ કરે છે. સમજાણું કાંઈ?

**'પ્રથમ તો...'** એટલે કે મુખ્ય વાત તો એ છે કે. **'तावत्'** શબ્દ છેને? **'तावत्'** પ્રથમ. મૂળ વાત એ છે કે **'જીવ ક્રમબદ્ધ...'** ભગવાન આત્મા વસ્તુ તરીકે તો પર્યાયથી રહિત છે, પણ છતાં એનું પરિણમન વિચારો બદલાય છે એવી બદલવાની જે અવસ્થા છે એ ક્રમસર થાય છે, આઘી-પાછી નહિ. આહા..હા..! એ છોકરા પહેલાં અહીં ભણતા. પછી અહીં સાંભળેને. પછી એક જણાએ મુઠ્ઠી મારી. ઈ કહે એ તો થવાનું હતું તે થયું છે, આ મેં ક્યાં કર્યું છે? પણ મારવાનો ભાવ કર્યો અને કર્તા થયો પછી ક્રિયા તો જડની ભલે થઈ. એ ભાવ કોણે કર્યો? સમજાણું કાંઈ?

જ્ઞાની ધર્મીને આત્મદ્રવ્ય ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદનો નાથ છે એવું જેને સ્વસ્વામીપણું, સ્વના સ્વામીપણું પ્રગટ્યું છે, સ્વ નામ પોતાની ચીજનું ધણીપત્તું જેને પ્રગટ્યું છે એને રાગની પર્યાય ક્રમબદ્ધ થાય તેનો તે કર્તા થતો નથી. આહા..હા..! ત્યારે કોઈ કહે કે એ ક્રમબદ્ધ થાય તો એમાં પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો આપણે? એ તો થાશે. બાપુ! એ ક્રમબદ્ધનો નિર્ણય કરનાર એ દ્રવ્યના ઉપર દૃષ્ટિ પડે જ્ઞાયક ઉપર ત્યારે ક્રમબદ્ધનો નિર્ણય થાય.

પર્યાયનો નિર્ણય પર્યાયના નિર્ણયમાં ન થાય. પર્યાયની અવસ્થાનો નિર્ણય, પર્યાયનો સ્વામી જે જ્ઞાયક એ જ્ઞાયકના નિર્ણયે પર્યાયનો નિર્ણય થાય. કારણ કે ભગવાનના દરેક વાક્યો, ચારેય અનુયોગનો સાર તો વીતરાગતા છે. પંચાસ્તિકાય-૧૭૨ (ગાથા). ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે. વીતરાગતા ક્યારે પ્રગટે? કે એ પર્યાયબુદ્ધિ જઈ અને દ્રવ્યબુદ્ધિ થાય ત્યારે પર્યાયમાં વીતરાગતા પ્રગટે. એટલે વીતરાગતા પ્રગટવાના કારણરૂપે તો દ્રવ્યનું

સાધન છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી એ વીતરાગને ઉત્પન્ન થવાનું કારણ છે. આહા..હા..! ત્યારે કોઈ એમ કહે કે જે પર્યાય તે કાળે થવાની હશે તે થાશે; પણ થવાની હશે તે થાશે એનો નિર્ણય કોણે કર્યો? એ ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપનો નિર્ણય કર્યો હોય એને થવાનું હશે એ થાશેનું યથાર્થપણું છે. સમજાણું કાંઈ "સમજાણું કાંઈ' પાછું આવે છેને? મૂળ વાત સમજાય જાય તો તો કલ્યાણ થઈ જાય, પણ કાંઈ એટલે કઈ પદ્ધતિ અને કઈ રીતે કહેવાય છે એની ગંધ પણ આવે છે? એનું નામ સમજાય છે કાંઈ. એ અહીંની ભાષા છે. એક નાનો છોકરો કહેતો હતો કે સમજાય છે કાંઈ? એ મહારાજ ક્યારે આવશે? કે દિ' આવશે? એ બહુ સમજાય છે કાંઈ? એમ બહુ કહે છે. આહા..હા..!

બાપુ! એ જ્ઞાનસ્વરૂપ ભગવાન છે એમાં ક્રમસર, ક્રમવર્તી કહો. ગુણ છે સહવર્તી. આત્મામાં જેટલા જ્ઞાન-દર્શન-આનંદ એ બધા (ગુણો) એકસાથે રહેનારા છે. ત્યારે એની પર્યાયો છે એ પણ એકસાથે જ આમ રહેવાની છે, આમ થવાની છે. ગુણો અક્રમ એકસાથે, પર્યાયો ક્રમે એકસાથે આમ. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું થોડું પડે. અમારે પંડિતજીએ પૂછયું હતું કે આ ક્રમબદ્ધ થોડું લ્યો. પછી થોડું સંકેલી લીધું. આહા..હા..! એવી ચીજ છે. આહા..હા..! આ તો સર્વજ્ઞ પરમાત્માના પ્રાણની વાતું છે, બાપા! આહા..હા..! જે સમયે જીવને જે સમયે જે પર્યાયે એને અવસરે થવાની તે થાય. એક વાત. અને જે સમયે જે પર્યાય થાય તે તેની ઉત્પત્તિનો એ કાળ છે, જન્મક્ષણ છે માટે થાય. બે. જે સમયે જીવની જે પર્યાય થવાની તે તેની કાળની લબ્ધિ છે, તે કાળે તે જ થાય. એ કાળલબ્ધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને જે સમયે જે પર્યાય થાય એને પૂર્વ પર્યાયના વ્યયની અપેક્ષા નથી, એને નિમિત્તની અપેક્ષા નથી, એને દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. આહા..હા..! એવી એક સમયની પર્યાય ષટ્કારકરૂપે (પરિણમે છે), વિકારરૂપે પરિણમે તોપણ ષટ્કારકરૂપે પરિણમે.

એ પંચાસ્તિકાયની-૬૨ ગાથા. એ તે દિ' ચર્ચા થઈ હતી. ૨૦૧૩માં. કીધું આ ૬૨ ગાથામાં તો એમ કહ્યું છે. તો એ કહે, અભિન્નની વાત છે. પણ અભિન્નનો અર્થ શું? તે દ્રવ્યની તે પર્યાયનો કર્તા તે દ્રવ્ય છે, બીજું દ્રવ્ય નથી. ૬૨મી ગાથા છે. કર્મની પર્યાય પણ કર્મને કારણે ક્રમબદ્ધ થાય. જીવની પર્યાય પણ ક્રમને કારણે ક્રમસર થાય એવો લેખ ૬૨ ગાથામાં છે. પંચાસ્તિકાય. એ તો ત્યાં મૂકાણી ૬૨મી ગાથા. પણ ઉડાડી દીધી. એ તો અભિન્નની વાત છે એમ કહીને. ઓલા એક ભાઈ હતા ઈન્દોરના બંસીધરજી એ બેઠા હતા. એ વાત ઉડાડી દીધી અભિન્ન કરીને. અભિન્નનો અર્થ શું? કે ભિન્ન પદાર્થ એને કરતું નથી કાંઈ. એ અભિન્ન એટલે પોતે પોતાની પર્યાયને કરે છે. ચાહે તો વિકારપણે કરે અને ચાહે તો સમ્યગ્દર્શનપણે કરે, પણ એ પર્યાય ક્રમસર આવવાની તેની તે થાય છે, તેને પરની કોઈ અપેક્ષા છે નહિ. આવો ઝીણો વીતરાગમાર્ગ હશે? ઓલો તો ઈચ્છામી પડિક્કમણું ઈરિયા વિરાયા હતું. ડાંગરભાઈ! ઈચ્છામી પડિક્કમણું ઈરિયા ... મિચ્છામી દુક્કડમ આવતું છેલ્લું લ્યો!

થઈ ગઈ સામાયિક. તસ્સઉત્તરી તાવકાયં ઠાણેણં માણેણં... અરે! ભગવાન! બાપુ! એ બધી વાતું. એ ક્રિયા છે વાણીની અને જડની એ તો પરની છે, પણ એમાં રાગ થયો એ પણ વિકાર છે. આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા સર્વજ્ઞદેવ એના ઘરની વાતું સંતો આડતિયા, માલ ભગવાનનો છે, એ આડતિયા થઈને જગતને માલ આપે છે. સમજાવે છે કે પ્રભુ! માલ તો આવો છે. સર્વજ્ઞે જે સમયે જે પર્યાય જ્યાં થવાની તે જોઈ છે, એનાથી થાય એમ સિદ્ધ કરવું એ તો પરથી સિદ્ધ કરવું છે. પણ એની પૂર્વની પર્યાયને કારણે વર્તમાન પર્યાય થઈ એ પણ હજી પરને કારણે છે. આહા..હા..! તે સમયે તે જ પર્યાય તે જ કાળે તે પ્રકારે પોતાથી ષટ્કારક—કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, આપદાન, અધિકરણ આદિ. આહા..હા..! વિકારની હોય કે અવિકારની હોય ક્રમસર. ક્રમમાં આવવાની પર્યાય પોતાના ષટ્કારકથી ઉપજતો થકો. એ જીવ પોતાના પરિણામમાં ઉપજતો થકો આ રીતે. આહા..હા..! હવે આવું એક કલાકમાં બધું અજાણ્યું ખાતું. ઘરે સાંભળ્યું હોય, બીજે ધર્મ ક્ષેત્રમાં સાંભળ્યું હોય એનાથી બીજી જાત લાગે. બાપુ! મારગડા તો એવા છે. દુનિયાને તો જાણીએ છીએ કે નહિ? આહા..હા..! પ્રભુ! તું તો પર રજકણની અને જીવની જે દશા જે સમયે થાય, તે સમયે થાય તેમાં તું કર્તા શેનો થા છો?

**'પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...'** ઘણાં પરિણામો લેવા છેને બધા? **'ઊપજતો થકો જીવ જ છે,...'** શું કહે છે? ભગવાન જે ત્રિકાળી વસ્તુ તો ધ્રુવ શુદ્ધ છે, પણ વર્તમાન એની પરિણતિ પર્યાય બદલતી દશા, જે પરિણામ ઊપજ્યા તે જીવ જ છે. જીવના પરિણામ તે જીવ છે, એ પરિણામ કોઈ અજીવના છે અને અજીવથી થયા છે એમ નથી. સમજાણું કાંઈ? સોનગઢની આ પાંચ વાતું તો મુખ્ય છે કે નિમિત્ત પરચીજ છે એ પરમાં કાંઈ કરે નહિ. વ્યવહાર છે એ નિશ્ચયને કરે નહિ. કેમકે વ્યવહાર છે એ પણ નિમિત્ત છે. હો, વ્યવહાર છે, પણ અંતર નિશ્ચયને કરે નહિ. નિમિત્ત છે, પણ ઉપાદાનની પર્યાયને કરે નહિ. ચાર. અને આ ક્રમબદ્ધ પાંચ. હવે છઠ્ઠો બોલ હમણા આવ્યો મખનલાલજીનો કે પર્યાય અશુદ્ધ હોય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય. એ વાત ખોટી. દ્રવ્ય જે વસ્તુ છે એ તો પવિત્રનો પિંડ જ છે અનાદિ. આહા..હા..! ગમે તે પર્યાયમાં. મિથ્યાત્વ તીવ્ર ગૃહીત મિથ્યાત્વની પર્યાય વખતે (પણ) વસ્તુ તો શુદ્ધ ધ્રુવ છે.

**શ્રોતા :-** શુદ્ધતા-અશુદ્ધતા પર્યાયમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયની વાત છે. આહા..હા..! વસ્તુ તો ત્રિકાળ એકરૂપ શુદ્ધ અનાદિ-અનંત અવિનાશી ભગવાન એકરૂપ વસ્તુ છે. અરે! પોતે કોણ છે? ક્યાં છે? એની ખબરું ન મળે અને પારકી પાડોશીની વાતું બધી માંડી. કહેવત નથી? 'ઘરના છોકરા ઘંટી ચાટે, પાડોશીને આટો.' ઘંટી ચાટે એટલે લોટ ચાટે, લોટ જ ન મળે. એમ આ ઘરમાં

અંદર કોણ છે આત્મા કેવડો એની ખબર ન મળે અને બીજા ડહાપણની વાતું કરવા (બેસે તો) જાણે દેવનો દીકરો ઉતર્યો જાણે. આનું આમ થાય ને આનું આમ થાય ને આનું આમ થાય. ધડાકા બોલાવે. અરે! ભગવાન! લ્યો! ઓહો..! એ '**પોતાના પરિણામથી ઊપજતો થકો જીવ જ છે,...**' એટલી વ્યાખ્યા થઈ લ્યો! (**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ-૪, સોમવાર, તા. ૨૦-૦૬-૧૯૭૭, ગાથા-૩૦૮ થી ૩૧૧ , પ્રવચન નં. ૩૭૨

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર, સમયસાર. ક્રમબદ્ધનો અધિકાર છે. આમાં મોટા વાંધા છેને. અહીં કહે છે કે '**પ્રથમ તો જીવ...**' પહેલાં જીવની વાત લીધી. પછી અજીવ લેશે. કારણ કે અજીવનું થવું એને જાણે છે તો જીવને? એટલે જાણનારનો પહેલો નંબર આવે છે. જીવ જાણનાર જે છે એ '**જીવ ક્રમબદ્ધ એવા...**' એક પછી એક ક્રમ-નિયમીત, ક્રમે પણ નિશ્ચયથી જે પર્યાય થવાની તે થાય. એ ક્રમનિયમીત છેને મૂળ શબ્દ એનો ક્રમબદ્ધ અર્થ કર્યો છે. જે સમયે જે પર્યાય જીવની થવાકાળે નિજકાળે થાય, બીજે સમયે પણ જે થાય તે તેના નિજકાળે થાય, ત્રીજે સમયે થાય એ પણ નિજકાળે થાય, એમ અનાદિ-અનંત ક્રમસર, ક્રમવર્તી અને ક્રમબદ્ધ વાત તો એક છે, પણ એને ક્રમવર્તી પર્યાયનું સ્વરૂપ ક્રમવર્તી છે, પણ એને ક્રમવર્તીમાં એમ કે ક્રમે થાય ખરું, પણ આ જ થાય અને આ જ થાય એમ નહિ. આહા..હા..!

એ '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામ...**' ભાષા છેને. '**પોતાના પરિણામથી ઊપજતો થકો...**' જીવ તે તે સમયે તે તે કાળે પોતાની જે અવસ્થા—પર્યાય થવા કાળ છે તે ક્રમસર, ક્રમબદ્ધ થવા કાળે પોતાના પરિણામને ઊપજાવતો થકો. છેને? '**ઊપજતો થકો...**' જીવ ઊપજતો થકો એમ કીધું છે. એક બાજુ કહે કે જીવ પર્યાયને કરે નહિ. અહીંયાં તો એની પર્યાય એની છે એમ સિદ્ધ કરવું છે. ૩૨૦મી ગાથામાં એમ આવશે કે પર્યાયનો કર્તા જીવ નથી. તે કાળે તે સમયની તે પર્યાય ઉપજવાનો કાળ છે, કર્તા-કર્મ-કરણ ષટ્કારકના પરિણમનથી, તેથી તે પર્યાય ઊપજે છે. એ તો દ્રવ્યથી એને ભિન્ન બતાવવા પર્યાયનું સ્વતંત્ર સ્વરૂપ ક્રમબદ્ધ થાય અને દ્રવ્ય તેનો કર્તા નથી, તેમ દ્રવ્ય તેનો દાતા નથી. એ તો પર્યાય અને દ્રવ્યની બેની ભિન્નતાના સત્‌ના સ્વીકાર માટે તે કહ્યું. અહીંયાં તો ભેદથી કથન છે કે જીવ પોતે. આટલું બધું શીખવું હવે.

'**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજતો થકો જીવ જ છે,...**' એ પરિણામ.

તે કાળે જે પર્યાય થઈ તે જીવ જ છે. એ અજીવથી થઈ છે કે પરથી થઈ છે, વિકાર થયો તે પણ કર્મથી થયો છે એમ નથી; તે ક્રમસરમાં સમ્યગ્દર્શનની પર્યાય થાય તે પણ કાંઈ દર્શનમોહનો અભાવ થયો માટે થઈ એમ પણ નથી; તેમ તે કાળે તે પર્યાય જીવની જીવસ્વરૂપ છે એટલે કે પૂર્વની પર્યાયને લઈને એ પર્યાય થઈ એમ પણ નથી. આહા..હા..! આવું વસ્તુનું સ્વરૂપ જ છે. એને અત્યારે ગડબડ કરીને, 'ક્રમબદ્ધ માનો તો નિયત થઈ જાય છે' એમ કહે છે. જે સમયે જે થાય તો થઈ રહ્યું, આત્માનો કાંઈ પુરુષાર્થ ત્યાં રહેતો નથી. આહા..હા..! (પણ) એ જ પુરુષાર્થ છે. પર્યાય, પર્યાયકાળે પરના કર્તા વિના મારી પર્યાયનું કર્તાપણું મારાથી મારામાં છે. આહા..હા..! એને એ પરિણામ જે કાળે જે સમયના તે નિજસમયે ઉત્પન્ન થવાના હતા તેની કાળલબ્ધિને કાળે જ થવાના હતા અને તેને અવસરે, કાળનો અર્થ અવસર, તે તે અવસરે તે પર્યાય જીવની થવાની તે જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**અજીવ નથી;...**' અસ્તિ-નાસ્તિ કરી. એટલે કે અજીવથી થઈ નથી અને જે પરિણામ થયા છે તે જીવ પોતે ઊપજ્યો છે. આહા..હા..! એ ત્રિકાળી વસ્તુ જે છે એનું વર્તમાનપણે ઊપજવું એ પોતાથી ઊપજે છે. આહા..હા..! આવું કઠણ લાગે લોકોને. બે કારણે કાર્યની વાત આવે, તત્ત્વાર્થરાજવાર્તિકમાં. ઘણે ઠેકાણે એ આવે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં એમ આવે, પૂર્વની પર્યાયનો વ્યય અને પછી ઉત્તર પર્યાયનું કાર્ય. પર્યાયસહિત દ્રવ્ય કારણ અને પર્યાયસહિત દ્રવ્ય તે કાર્ય. ત્યાં એમ આવે. અહીં તો કહે છે કે એ પણ વ્યવહાર વાત છે. જે સમયે જે પર્યાયનું સત્ તે સત્ છે, તે જ સમયનું આઘું-પાછું નહિ. અને તે પર્યાયનો ખરેખર તો પર કારણ પણ નહિ અને ખરેખર તો એ દ્રવ્યનું કારણ છે એમ કહેવું એ પણ એમાં ઊપજ્યો પર્યાય તરીકે એ નયથી કથન કરવું છે માટે જીવ ઊપજે છે. સામાન્ય જે વસ્તુ છે તે જ તે સમયના પર્યાયનો વિશેષ પ્રકાર તેમાં તે સામાન્ય ઊપજે છે. કહો, સમજાય છે આમાં? આવી ઝીણી વાત છે લ્યો. તો પછી આમાં કાંઈક દયા પાળવી પરની અને પૈસા દેવા દાન, આ ભગવાનની મૂર્તિ બનાવવી, મંદિર બનાવવા. કાઠિયાવાડમાં કેટલાય મંદિરો બનાવ્યા લ્યો! દિગંબરોએ. દિગંબર નવા દિગંબરોએ. ભાઈ! એ પછી અજીવમાં કહેશે.

જીવ જે છે એ તો એના ક્રમ, તેની અવસ્થાની વ્યવસ્થાનો કરનાર એ છે. તે તે સમયે એની અવસ્થા તેની વ્યવસ્થા. વ્યવસ્થા સમજાય છે? વિશેષ અવસ્થા. આહા..હા..! તે તે દ્રવ્ય તે તે કાળે વ્યવસ્થિત રીતે વ્યવસ્થાનો કરનાર તે જીવ છે. બીજો દ્રવ્ય એને કરતો નથી, કરાવતો નથી અને બીજા દ્રવ્યના કર્યા વિના અહીંયાં પર્યાય થાય છે. બીજા દ્રવ્યના કરાવ્યા વિના અહીંયાં પર્યાય થાય છે. આહા..હા..! આવું કેમ બેસે? વીતરાગી તત્ત્વ આ છે.

**શ્રોતા :-** વ્યય થયો તો ઉત્પાદ થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યયને લઈને ઉત્પાદ એ પણ અહીં નથી. ઉત્પાદપણે ઉત્પાદનો

તે સમયનો કાળ છે તે દ્રવ્ય ત્યાં ઊપજે છે. આહા..હા..! દેવકીનંદન આવ્યા હતા જ્યારે શેઠની સાથે. દેવકીનંદન છેને પંડિત. એ આ ચર્ચા ચાલી હતી. ક્રમનિયમિત. ઓહો..હો..! અપૂર્વ વાત છે! આગમચક્ષુ સાહુ. સાધુની આગમ આંખ હોય છે. એ આગમ આમ કહે છે. એમ બિચારા બહુ નરમ હતા. વિદ્વાન હતા પણ... નોળ ભરાવે. નરમ માણસ. પંચાધ્યાયીમાં મારી ભૂલ હોય તો બતાવો. મેં કીધું આ ભૂલ છે આમાં. તમે એમ લખ્યું છે આમાં (કે) છઠ્ઠે ગુણસ્થાને વ્યક્ત બુદ્ધિપૂર્વક (વિકલ્પ) થાય અને સાતમે અબુદ્ધિપૂર્વક (વિકલ્પ) થાય એ વાત એમ નથી, કીધું. છઠ્ઠે બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક બેય વાત છે. આ ક્રમબદ્ધમાં પર્યાય જે થાય તે પણ જે કાંઈ બુદ્ધિપૂર્વક થાય, ખ્યાલમાં આવે એવી થાય તેને બુદ્ધિપૂર્વક કહે છે અને તે સમયનો પર્યાય ઉપયોગ સ્થૂળ છે એટલે ખ્યાલમાં ન આવે, છે તો તે પર્યાય થયેલી. એક તો ખ્યાલમાં આવે એવો પર્યાયનો અંશ અને તે જ કાળે ખ્યાલમાં ન આવે એવો પર્યાયનો અંશ. સમજાણું કાંઈ? એને અબુદ્ધિપૂર્વક કહે છે. એક જ છઠ્ઠે ગુણસ્થાને બે છે. છઠ્ઠે ગુણસ્થાને એમ કે બુદ્ધિપૂર્વક અને સાતમે અબુદ્ધિપૂર્વક (એમ નથી). સાતમે એકલો અબુદ્ધિપૂર્વક, છઠ્ઠે બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક બેય. છઠ્ઠે બુદ્ધિપૂર્વક અને સાતમે અબુદ્ધિપૂર્વક એમ ભંગ પાડવા એમ નહિ. એણે લખ્યું હતું પંચાધ્યાયીમાં કીધું આ ભૂલ છે. ભૂલ કાઢી નાખવી. અહીં તો માર્ગ તો જેમ હોય એમ હોવો જોઈએ. પંડિતો અમે તો ન સમજાય તો પછી જે હોય એ લખી નાખીએ. એમ બિચારા કહેતા હતા. સરળ માણસ. અમે પંડિત કહેવાઈએ પછી અમારે જે કાંઈ લખાણમાં હોય એનો કાંઈ વિચાર ન કરીએ લાંબો. લખવું તો પડે જ. લખી નાખીએ. એમ ન ચાલે, પ્રભુનો માર્ગ છે આ તો. પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ જિનેશ્વરનું કથન છે તેમાં આડુઅવળું ન થાય. આહા..હા..!

ભગવાન તું તો જ્ઞાનસ્વરૂપ છોને. એ જ્ઞાનસ્વરૂપમાં પણ પર્યાય જે થાય છે, રાગ અને આદિ દ્વેષ અને સમકિતની, સમ્યગ્દર્શનની પર્યાય પણ એના ક્રમસરના કાળે જ થાય. એ કળશટીકામાં આવી ગયું છે. એ તેને કાળે જ થાય, યત્નસાધ્ય નથી. કળશટીકા. અર્થમાં આવી ગયું છે. ખબર નથી, કેટલામાં છે? ચોથામાંને? ચોથો. હા, ચોથો જુઓ, **'જીવ સંસારમાં ભમતાં ભમતાં જ્યારે અર્ધપુદ્‌ગલપરાવર્તનમાત્ર રહે છે, ત્યારે જ સમ્યક્ત્વ ઊપજવાને યોગ્ય છે. આનું નામ કાળલબ્ધિ કહેવાય છે. યદ્યપિ સમ્યક્ત્વરૂપ જીવદ્રવ્ય પોતે પરિણમે છે તથાપિ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય જો કરવામાં આવે તોપણ જીવ સમ્યક્ત્વરૂપ પરિણમવાને યોગ્ય નથી...'** કેમ? પાછું એમ લખ્યું છે પહેલાં. **'ભવ્ય જીવોમાં કેટલાક જીવો મોક્ષ જવાને યોગ્ય છે. તેમને મોક્ષ પહોંચવાનું કાળપરિમાણ છે.' 'એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.'** જુઓ, **'આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.'** કેવળજ્ઞાનમાં છે કે આ સમયે આને આ થાશે. કેવળજ્ઞાન, સમ્યગ્દર્શન કે ચારિત્ર એ કેવળજ્ઞાનમાં એની નોંધ છે. જેમ નામામાં નોંધ હોયને? ઉપરટપકે

નામ લખે પછી નોંધમાં બધું બરાબર લખે. એમ કેવળજ્ઞાનમાં નોંધ છે ... છે. જે સમયે જે પર્યાય જ્યાં જે કાળે જે પ્રકારે થાય તે પ્રકારે કેવળજ્ઞાનમાં જાણવામાં આવે છે. આહા..હા..!

અહીં તો એમ કહ્યું છે, '**એવો નિયમ છે. આથી જાણવું કે સમ્યક્ત્વ-વસ્તુ યત્નસાધ્ય નથી,...**' એકલા પુરુષાર્થથી સાધ્ય નથી એમ કહેવું છે, એની સાથે પાંચેય કારણો છે. કાળલબ્ધિ પણ ભેગી હોય છે. '**યત્નસાધ્ય નથી, સહજરૂપ છે.**' એનું અહીં વજન આપ્યું છે. કેવળજ્ઞાનમાં એની નોંધ છે. આહા..હા..! એનો અર્થ એ છે કે કેવળજ્ઞાન એક સમયની પર્યાયમાં ત્રણકાળના દ્રવ્યના ગુણની પર્યાયો જે જે છે, જે કાળે જે રીતે છે તે રીતે, ભવિષ્યની પણ જે કાળે જે થવાની છે એને કેવળજ્ઞાન એ તો વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે, થશે ત્યારે જાણશે એમ નહિ અને વર્તમાનમાં થઈ નથી, થશે, પણ જે વખતે થશે એ જ રીતે કેવળજ્ઞાન પ્રત્યક્ષ કેવળજ્ઞાનમાં જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? નહિતર તો ભૂતકાળની પર્યાય ચાલી ગઈ છે, ભવિષ્યની તો છે નહિ અત્યારે. તો છે નહિને જાણે તો મિથ્યાજ્ઞાન થાય એમ કહે છે. અરે! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! જ્ઞાન કોને ન જાણે? શું એને અપેક્ષા હોય? એ તો ભવિષ્યની જે સમયની જે પર્યાય ત્યાં થવાની તે અહીં પ્રત્યક્ષ છે ત્યાં એમ અહીં પ્રત્યક્ષ જાણે છે. પંડિતજી! આહા..હા..! ભાઈ! તને કેવળજ્ઞાન પણ બેસવું કઠણ, ક્રમબદ્ધ બેસવું કઠણ, ભાઈ! આહા..હા..! અને જેને કેવળજ્ઞાન એક સમયમાં..

અહીં કીધુંને, એ (સંવત) ૧૯૭૨ની સાલમાં મોટી ચર્ચા થઈ હતી અમારે સંપ્રદાયમાં. ૭૨ની સાલ. ૬૧ વર્ષ થયા. મોટી ચર્ચા. એ અમારે મૂળચંદજી હતા એ ભારે આગ્રહી, હઠાગ્રહી ને કષાયી. ભગવાને દીઠું તે દિ' થાય, આપણા પુરુષાર્થથી કાંઈ ન થાય. આપણે પુરુષાર્થ શું કરીએ? ભગવાને દીઠું ત્યારે થાય. અરે! ભાઈ! આ શું તમે કહો છો? પંડિતજી! ૭૨ની વાત છે. ૭૨. સંવત્ ૧૯૭૨. દીક્ષા ૭૦માં અને આ બે વર્ષ. બે વર્ષ સાંભળ્યું. પછી બે વર્ષ પછી કહ્યું. ભાઈને બતાવ્યું હતું. સરવા ગામ છે. ત્યાં ઉતારો છે ... એ ઉતારામાં મંડાઈ ગઈ. વાત થઈ રાત્રે. દિવસે શરૂ થઈ ગયું. આહાર થોડો વધેલો. શાસ્ત્રનો એવો નિયમ છે કે વધ્યું હોય એ ન ખાઈ શકે કે ઉકરડે કે ક્યાંક. એને ઠેકાણે એ લોભી માણસ સાધુ અમારે ગુરુભાઈ હતા નાના. એટલે કૂતરુ આવ્યું એટલે એને નાખ્યું અને વોસરે-વોસરે કરે. વોસરે એટલે શ્વેતાંબરમાં એ શૈલી છે. આની મમતા છોડી દઉં છું, આ મારી ચીજ નથી એમ. તો બાહ્ય પછવાડે જાય તો વોસરે કહે. આ મારું નહિ. એ વખતે વોસરે કીધું. આ તમે શું મશ્કરી કરો છો આ? ભગવાન તો કહે છે કે વધેલો આહાર બહાર નાખવો. એ તમને મમતા છે કે આ બહાર જાય એની કરતા કૂતરો ખાય. આ ૭૨ની વાત છે. કીધું, આ ન્યાય મને નથી લાગતો, બાપુ! તમે આ કરો એ ભગવાનની મશ્કરી કરો છો તમે તો. ભગવાને તો એમ કીધું છે કે વધેલો આહાર... તે દિ' તો આ દિગંબરનું હતું જ કે દિ' ત્યાં? આ તો ૭૨ની વાત છે.

**શ્રોતા :-** હવે તો એ વાત પણ ખોટી પડી ગઈ ઉકરડે નાખવાની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કીધું, ભગવાને દીઠું એમ થાય. વાત તો એમ જ છે કીધું, પણ ભગવાનનું જ્ઞાન એક સમયનું ત્રણકાળને જાણે, ભવિષ્ય હજી છે નહિ અહીં તેને જાણે એવી એક ગુણની એક સમયની પર્યાયની તાકાત પોતે પોતાની અનંત પર્યાયને જાણે અને ત્રણકાળના દ્રવ્ય-ગુણ ને પર્યાયને જાણે એવી પર્યાયની સત્તા જગતમાં છે. એની હયાતીના સ્વીકાર વિના એણે દીઠું થાય એ નહિ આવે કીધું. પહેલાં એની સત્તાનો સ્વીકાર જોઈશે. પંડિતજી! બરાબર છે? લોજિક છે. એક સમયની પર્યાય એવી છે કેવળજ્ઞાનની કે જેમાં અનંતા કેવળીઓ જાણે, સિદ્ધો જાણે, નિગોદના જીવ અનંત જાણે, નિગોદનો જીવ ભવિષ્યમાં કયે સમયે તીર્થંકર થવાનો છે, કયે સમયે કેવળ થવાનું એ પણ વર્તમાનમાં એ જાણે. આવી એક સમયની પર્યાય એક જ ગુણની, અનંતગુણની પછી રહી ગઈ, એવી પર્યાયની સત્તા જગતમાં છે, એની હયાતી જગતમાં છે એનો સ્વીકાર કરનાર જ્ઞાયકમૂર્તિમાં જશે. સમજાણું કાંઈ? એ જ્ઞાનમાં જશે એમ ત્યારે કહ્યું હતું. તે દિ' જ્ઞાયકમૂર્તિ નહોતું. એનો સ્વીકાર કરનાર જ્ઞાનસ્વભાવમાં જશે ત્યારે એનો સ્વીકાર થશે, ત્યારે ભગવાનને તેના ભવ દીઠા નથી કીધું.

જેનો આવો નિર્ણય થાય, કેવળજ્ઞાનની એક સમયની પર્યાય ત્રણકાળ વર્તમાન નથી થઈ તેને જાણે, એવી સત્તાનો સ્વીકાર થાય, એની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને જ્ઞાનમાં જાય, ગુણમાં જાય એમ કહ્યું તે દિ' અને તેને ભગવાને ભવ દીઠા ન હોય કીધું, એને ભવ હોય નહિ. સમજાણું કાંઈ? અમારે ગુરુ હતા એ બિચારા નરમ હતા. એણે કહ્યું કે આ વાત કાનજીની સાચી લાગે છે. બિચારા એ ભદ્રિક હતા કાંઈ બહુ... વાત તો સાચી લાગે છે. આહા..હા..! પણ બીજે દિ'એ પાછું ત્યાંથી વિહાર કરીને પાળિયાદ ગયા. સરવા છે વીંછીયાથી સરવા અને સરવાથી પાળિયાદ. ઈ બપોરે ચાર વાગે પાછું પડિયણ કરતાં હતા કપડાનું. કરતાં-કરતાં એમ બોલ્યા. મૂળચંદજી! એ મૂળચંદજી સાથે વાંધો હતો, ગુરુભાઈ. મૂળચંદજી તું આમ કહે છે તો તો પાંચ સમવાય સિદ્ધ થઈ જાય. એ લોકો પાંચ સમવાયને માને નહિ. ૭૨ની વાત છે. ૬૧ વર્ષ પહેલાં. આમ થાય. ભગવાને ભવ દીઠા એ ફરે? એમ કહે. કાળલબ્ધિ અને સમવાય—પાંચ સમવાય. પાંચેય સમવાય તો છે સાથે, પણ એ લોકો સમવાયને માને નહિ. એટલે ઓલા સાંજમાં જરી કરવા ગયા મારો પક્ષ, પણ ઓલો પક્ષ આવડ્યો નહિ. ૪૪ વર્ષની દીક્ષા એમની. મારવાડી હતા. અહીં દીક્ષિત થયેલ. પક્ષ કરવા ગયા તો બોલ્યા આમ. એ મોટા વાંધા ઉઠ્યા.

કીધું કે ભાઈ ભગવાનને દીઠું એવું થાય એ બરાબર છે, પણ ભગવાનનું જ્ઞાન એક ગુણની એક પર્યાય. એ વખતે એક ગુણની એક પર્યાય એમ લાંબુ એટલું બધું નહોતું; પણ કેવળજ્ઞાન જગતમાં છે એ ત્રણકાળ, ત્રણલોકને જોવે એવી હયાતી જગતમાં સત્તારૂપે છે એના સત્તાનો સ્વીકાર કરનારો પર્યાય ઉપર લક્ષ રાખીને સ્વીકાર નહિ કરી શકે. એ જ્ઞાનગુણ

ઉપર લક્ષ જશે ત્યારે સ્વીકાર કરશે. સમજાણું કાંઈ? તે દિ' તો આટલું બધું નહોતું કે દ્રવ્યદૃષ્ટિ અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ થાય. પણ જ્ઞાનગુણ... કારણ કે એ પછી આવ્યું. આહા..હા..! એ જ્ઞાનસ્વભાવ જે ત્રિકાળ એના નિર્ણય વિના પર્યાયનો નિર્ણય ભગવાનના કેવળજ્ઞાનનો નિર્ણય હોઈ શકે નહિ. પંડિતજી! સમજ્યા? ઝીણી વાતું છે. અંદરથી આવતી હતીને. ત્યાં ક્યાં શાસ્ત્રમાં હતી નહિ, કોઈ શાસ્ત્રે શીખવાડ્યું નહોતું, તેમ દિ' દિગંબર શાસ્ત્રો જોયા પણ નહોતા. એ તો આવ્યા ૭૮માં. આહા..હા..!

અહીં એ કહે છે કે જે સમયે જે પર્યાય જીવની જ્યાં થવાની જે રીતે તે થશે અને બીજે સમયે પણ જે થવાની તે જ ત્યાં થશે; ત્રીજે સમયે જે થવાની તે થશે એમ અનાદિ-અનંત. મોતીની માળાનો મણકો જ્યાં છે ત્યાં રહેશે. ૧૦૮ મણકા હોય છેને માળાના? આ મણકો અહીં અને આ મણકો અહીં એમ નહિ થાય, નહિતર માળા તૂટી જશે. એમ દ્રવ્યની પર્યાય આજે આ થવાની, કાલે થવાની એ આજ આવી અને આજ થવાની એ પાંચ વર્ષે થઈ, વસ્તુ એમ નથી કીધું. સમજાણું કાંઈ? પછી એક જણે વાંધો લીધો હતો. ઓલો રોચકાવાળો હતોને ઉજમશી. રોચકાવાળો નહિ? અમદાવાદમાં મરી ગયોને સંથારો કરીને. દામોદરભાઈને ખબર નથી. ઉજમશી હતા રોચકાવાળા ત્યાં સંથારો કર્યો અમદાવાદમાં. દૃષ્ટિ તો મિથ્યાત્વ અને સંથારો કર્યો પછી રેકડીમાં કાઢ્યા હતા, ઠાઠડીમાં નહિ, ત્યાં અમદાવાદમાં. હતો આગ્રહી પાછો. પણ એને આ વાત ખટકી હતી તે દિ'. મૂળચંદને કહે કે તમે પણ કેવળજ્ઞાનીએ દીઠું એમ થાશે પુરુષાર્થ, તો મુંડાવીને શું બેઠા છો તમે ત્યારે? એમ કહ્યું હતું. હું તો એક કોર બેઠો હતો. ભગવાને દીઠું તે દિ' પુરુષાર્થ થશે, તો પછી આ મુંડાવીને બેઠા શું? દીક્ષા લઈને બેઠા હતાને. ત્યારે જવાબ ન આપી શક્યા. એય..! અહીં કહે છે કે આ ક્રમબદ્ધનો વાંધો તો બધા સાથે છે. વર્ણીજીથી માંડીને બધા પંડિતો સાથે વાંધો છે. નવા અહીંના સાંભળનારા થયા એ જુદી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે કે '**જીવ ક્રમબદ્ધ એવા...**' નિયમિત, નિશ્ચયથી તે જ પર્યાયનો તે જ કાળ, એમ અનંત પર્યાયનો તે તે કાળનો તે કાળ આઘી-પાછી ન થાય અને ક્રમસર થાય એ જીવ પોતે પોતાના પરિણામોથી ઊપજતો થકો એ જીવ છે. એમ કહીને એને પરની કોઈ અપેક્ષા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ પર્યાય થવામાં પરની કોઈ અપેક્ષા નથી, કોઈ દ્રવ્યની. આહા..હા..! ઝીણું છે, પણ માર્ગ તો આ છે, ભાઈ! એને જેવું છે એવો પહેલોં સ્વીકાર નહિ આવે ત્યાં સુધી સ્વસન્મુખ નહિ થઈ શકે. સમજાણું કાંઈ? કારણ કે સત્‌નું સ્વરૂપ આવું છે. દેવીલાલજી! આહા..હા..! ધન્યકુમારજી! આ ધન્યકુમારજીએ અંતરિક્ષ લીધું, પણ એ સમયની પર્યાય થવાની હતી, પણ બોલાય એમ નિમિત્ત તો ભાઈ હતાને. અંતરિક્ષ છે. એ અંતરિક્ષ છે એ શ્વેતાંબરમાં અંતરિક્ષ છે જ નહિ. ભગવાન અંતરિક્ષ હતા એ શ્વેતાંબરની વાત છે જ નહિ. દિગંબરમાં ભગવાન અંતરિક્ષ હતા. સિંહાસન (ઉપર) બેસે

નહિ એના ઉપર, એનાથી ભિન્ન ઉપર (હોય). કમળની ઉપર હતા. એટલે ત્યાં અંતરક્ષિ છે. એ અંતરિક્ષ દિગંબરનું જ તીર્થ છે, શ્વેતાંબરનું તીર્થ છે નહિ. ભાઈએ મહેનત કરીને ધન્યકુમારે લીધું એણે, પણ એ સમયે તે પર્યાય આવવાની હોય તે થાય. આવી વાતું!

એકકોર કહેવું કે એમણે કર્યું, એકકોર કહેવું કે એ તો તે કાળે તે જ રીતે એને આવવાનું હતું. આહા..હા..! નિમિત્તનું જ્ઞાન (કરાવ્યું). રાજવાર્તિકમાં, બે કારણ કાર્યના છે એમ આવે. એ બધા મૂકે છે જ્યાં હોય ત્યાં. એ તો બીજું નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવવા. આરોપિત કારણનું જ્ઞાન કરાવવા વાત કરી. જેમ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે (છે), પણ મોક્ષમાર્ગ એક પ્રકારે. મોક્ષમાર્ગમાં આવ્યુંને? મોક્ષમાર્ગપ્રકાશકમાં. સાતમા અધ્યાયમાં નિશ્ચય-વ્યવહારાભાસમાં. મોક્ષનો માર્ગ (એનું) કથન બે પ્રકારે—એક નિશ્ચય અને વ્યવહાર. નિશ્ચય જ્યાં સમ્યગ્દર્શન છે ત્યાં આગળ વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો હોય છે એને અહીં આરોપ કરીને સમકિતનો વ્યવહાર આરોપ કરીને વ્યવહાર કહ્યો, પણ એ કાંઈ મોક્ષમાર્ગ નથી. કથનની શૈલી બે છે, મોક્ષમાર્ગ તો એક જ છે. સમજાણું કાંઈ? એમ કહે કે આત્માએ આ કર્યું અને આત્માએ આ કર્યું એમ જે આવે એ કથનની પદ્ધતિ, બાકી તે જ સમયે તે પર્યાય થવાની હતી તે જ થઈ છે. આહા..હા..! આવો માર્ગ ઝીણો! જૈનધર્મ એ સિવાય ક્યાંય વાત જ છે નહિ. એ વાત ક્યાંય (નથી). એ પણ આ હોં! આહા..હા..! આ વાત જુઓ તો ખરા એક શબ્દ. જેવી જે સમયે જે પર્યાય ક્રમમાં આવી, તેમાં તે જીવ '**ઊપજતો થકો જીવ જ છે,...**' આહા..હા..! કેટલું સિદ્ધ કર્યું! એ જીવ પોતાના પરિણામે તે કાળે ઊપજતો થકો જીવ જ છે. '**અજીવ નથી;...**' અજીવ એટલે બીજી કોઈ ચીજ નહિ ત્યાં એમ. સમજાણું કાંઈ? આહા..હા..! એની તે તે સમયની પર્યાય થવામાં બીજા કોઈ દ્રવ્યની અપેક્ષા જ નથી જ્યાં. આહા..હા..! બીજાના કર્તા વિના થયેલી પર્યાય ક્રમસર થવાની તે કાળે થઈ તેનો ઊપજાવનારો પોતે આત્મા છે. સમજાણું કાંઈ? એક વાત.

'**જીવ જ છે,...**' 'જ' છે પાછો શબ્દ હોં! એકાંત છે. '**જીવ જ છે,...**' તે તે પર્યાયનો ઊપજાવનાર ક્રમસર જીવ જ છે. કથંચિત્ જીવ છે અને કથંચિત્ બીજી ચીજ છે એમ અનેકાંત સ્યાદ્વાદ કરો. એ સ્યાદ્વાદ નથી, એ તો ફુદડીવાદ છે, આ સ્યાદ્વાદ છે. '**પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી;...**' એટલે અજીવ નહિ એટલે બીજી કોઈ ચીજ નહિ. અહીં તો અજીવને કર્મમાં નાખશે, પણ બીજી કોઈ ચીજ એને નથી. આહા..હા..! એવો જ જીવનો અને દ્રવ્ય તત્ત્વની વ્યવસ્થિત અવસ્થા થાય, તે અવસ્થાની વ્યવસ્થાનો કરનાર તે આત્મા છે, તે અવસ્થાનો કરનાર બીજી કોઈ ચીજ છે નહિ. આહા..હા..! આ તો કહે નિશ્ચયની વાત છે, પણ પાછી વ્યવહારની વાત રાજવાર્તિકમાં કરી છેને? પણ એ તો.. આહા..હા..! આને ખોટું પાડીને કરી છે ઈ? એ તો પ્રમાણનું જ્ઞાન કરાવવા નિશ્ચયનું તો આ રાખીને, નિશ્ચયનું જે છે એ રાખીને, નિમિત્તથી થાય એવો વ્યવહાર ભેળવ્યો એટલે

પ્રમાણનું જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! પણ પ્રમાણે નિશ્ચયની વાત રાખીને ભેળવે તો નિશ્ચય અને વ્યવહાર બેય એક થયા, તો બેનું પ્રમાણજ્ઞાન થયું; પણ નિશ્ચયની વાત તોડી નાખીને એકલા વ્યવહારની વાત કરે તો એ તો પ્રમાણજ્ઞાન થયું જ નહિ. પ્રમાણજ્ઞાન ન થયું એ, પ્રમાણરૂપ જ્ઞાન ન થયું એ. આહા..હા..!

**'એવી રીતે...'** જીવ જ પોતાના પરિણામનો કર્તા, બીજાના કરાવ્યા વિના, બીજાની સહાય (વિના થાય છે). સહાયક કહે છેને બીજી ચીજને? નિમિત્તને સહાયક કહે છેને? સહાયક એટલે? તે કાળે એક ચીજ હોય છે, એટલું; પણ સહાયક એટલે એની મદદ છે અને એને લઈને અહીં પરિણામ થાય છે એમ વસ્તુમાં નથી. કહો, ધીરૂભાઈ! આ બધું સાંભળ્યું પણ ન હોય તમારા બાપે. આહા..હા..! માર્ગ આવો છે, ભાઈ! જેવી રીતે સ્વરૂપ છે સત્‌નું તે રીતે પ્રતીત કરે તો પ્રતીત સાચી કહેવાય. અહીં કહે કે ક્રમસર થાય અને એ માને કે આડીઅવળી થાય, આડીઅવળી સમજો છો? આગળ-પાછળ. આગળ-પાછળ થાય એની વ્યાખ્યા શું? આગળ-પાછળની વ્યાખ્યા શું? આ પર્યાય અહીં નહોતી થવાની અહીં થવાની હતી એ અહીં થઈ અને આ પર્યાય ત્યાં થવાની નહોતી અને અહીં ન થઈ અને ત્યાં થઈ એટલે શું પણ એનો અર્થ? દેવીલાલજી! આહા..હા..!

**'જીવ જ છે, અજીવ નથી;...'** છે? **'जीव एव,'** છેને? **'नाजीवः,' 'जीव एव,'** આહા..હા..! ભાઈ! ભગવાન કહે છે એ રીતે વસ્તુ છે એમ કહે છે એ રીતે તારે માનવું છે? કે તારે કલ્પનાથી સ્વચ્છંદેથી માનવું છે? સમજાણું કાંઈ? આહા..હા..! બીજો બોલ. **'એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે,...'** આહા..હા..! ઘડાની પર્યાય જે કાળે થવાની તે કાળે ઘડાનો કુંભાર કર્તા નથી, એ માટીમાં ક્રમસર તે પર્યાયનો કાળ હતો ત્યારે તે ઘડો થયો. માટી તરીકે છે એ અજીવ અને એ અજીવ, **'અજીવ પણ...'** 'પણ' કેમ કીધું? જીવની વાત કરી ખરીને? એટલે આ બીજો અજીવ છે એ 'પણ' **'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** માટી પોતાના પરિણામથી ઊપજતી થકી ઘડો ઊપજાવે છે, એને કુંભાર ઊપજાવે છે એવી વસ્તુ નથી. આહા..હા..! કહો, બાઈ હુશિયાર હોય એ સેવ કરે. સેવને શું કહે છે? સમજો છો? શું કહે છે? પાટીયું રાખીને. ખાટલો હોયને ખાટલો એની અંદર પાટીયું રાખીને. ઘઉં-ઘઉંના લોટની સેવ કહે છે તમારે? સેવૈયા. એ હુશિયાર બાઈ હોય એ બરાબર પાતળી આમ કરે. સરખી સેવ કરે.

**શ્રોતા :-** એના હાથમાં અને અજાણ્યાના હાથમાં ફેર તો પડે જ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી કાંઈ. અહીં ઈ કહે છે. તે સમયે તે લોટની તે પર્યાય પોતે લોટ છે એ પર્યાયપણે ઊપજે છે. એ બાહ્ય ચીજથી થઈ નથી, લાકડાનું આમ ઉપર પાટીયું છે એનાથી થઈ નથી, હાથથી થઈ નથી. આ કેટલાક નથી કહેતા કે ભાઈ હળવા હાથની બાઈ હોય તો એનાથી રસોઈ બહુ સારી થાય. એમ વાતું કરે છે એવું સાંભળ્યું

છે. હળવા હાથની એટલે સમજાણું? એવી વાત સાંભળી છે. લોકો કહે છે. હળવા હાથ (હોય તો) આમ અડદની દાળ સરખી થાય, ચૂરમું સરખું થાય, પુડલા સરખા થાય, પુડલા-પુડલા થાયને. એને આવડે છે બરાબર પુડલા. નાખીને. પાછું ઉપર ન નાખે. ચારેકોર આમ તેલ નાખે. પુડલામાં આમ નાખેને એટલે આમ જાય અંદર. એ જેને આવડત હોય એનાથી પુડલો થાય. અહીં ના પાડે છે. પુડલો એક અજીવ રજકણનો પિંડ છે, તેની તે પર્યાયપણે તે અજીવ ઊપજતું થકું એ અજીવના પરિણામ તે અજીવ જ છે, બીજાથી એ પરિણામ થયા નથી. આહા..હા..! કહો, આ જુવાન માણસ કેટલાક હુશિયાર હોય તો નામા સારા લખે, આમ મોતીના દાણા જેવા સરખા. કહે છે કે એ અક્ષરોની પર્યાય અજીવની તે સમયે તે ક્રમબદ્ધમાં આવવાની તે અજીવ છે, એ જીવથી તે પર્યાય થઈ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ગઢડાવાળા મોહનભાઈ આવ્યા હતા, એના મોતીના દાણા જેવા અક્ષર હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અક્ષર લખતા હશે. અને અમારા ખુશાલભાઈના અક્ષર બહુ ઓલા હતા. ભાઈ હતાને અમારા, એના મોતીના દાણા જેવા અક્ષર બહુ સારા. ઘરની દુકાન હતી એટલે ઘરનું પોતે લખતા. આ મારી દુકાનમાં હું લખતો. એ દુકાનનું એ લખતા.

**શ્રોતા :-** તમારા મોતીના દાણા જેવા હતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મને ખબર પણ નથી. આ તો ખુશાલભાઈના વખાણ કરતા એ સાંભળેલા. આપણને એ પણ ખબર નથી. એના અક્ષરો બહુ સારા ચોખ્ખો કોરા સરખા. હું તો ઘરની દુકાન હતી અને નામું સાંજે લખવું હોય તો લખતા. અક્ષર કાંઈ એવા નહિ. પણ એ અક્ષરની પર્યાય તે કાળે ક્રમસર પુદ્ગલમાં થવાની તે થઈ છે. આ લખનારે લખી નથી, કલમથી થઈ નથી.

**શ્રોતા :-** શાહીથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાહીથી થઈ નથી. કહો, દામોદરભાઈ! શું આ બધું સાંભળ્યું હતું કે દિ' તમારા બાપે ત્યાં? નહિ. દિગંબરમાં વિરોધ કરે છેને હજી અત્યારે. આહા..હા..! ભાઈ! તને ખબર નથી, ભાઈ! પ્રભુ! ભગવાને દીઠું એમ થાય એ વાત એકકોર રાખ, પણ પરમાણુઓનો રજકણોનો સ્કંધનો એવો સ્વભાવ કે સ્કંધમાં રહેલો જે પરમાણુ એ પરમાણુની જે સમયે બે ગુણની, ચાર ગુણની પર્યાય થવાની, એક ચાર ગુણવાળો બીજો પરમાણુ, બે ગુણવાળો પર્યાય ગુણ એ બે ભેગા થાય તો અહીં ચાર થાય. એ કહે છે કે એ ચાર થવાના પર્યાયકાળે એની પર્યાય ચાર થઈ છે. ઓલો ચારવાળો ભેગો આવ્યો માટે થઈ છે એમ નહિ. આહા..હા..! ગુણ અધિક. પાઠ .. એક પરમાણુની બે ગુણ સ્પર્શ હોય એ બીજો પરમાણુ એને ચાર ગુણના સ્પર્શવાળો આવે તો અહીં ચાર થાય, એવું લખાણ છે.

અહીં કહે છે કે એ પરમાણુનો ક્રમસરમાં ચાર ગુણની પર્યાયપણે, ગુણ એટલે પર્યાય, એક, બે, ત્રણ અનંતગુણ. સ્પર્શની અનંતગુણ, વર્ણની અનંતગુણ, ગંધની (અનંતગુણ), જે

સમયે એ ત્રણ ગુણ, ચાર ગુણપણે પરિણમવાનો પર્યાય ક્રમબદ્ધમાં હતો તેથી તે પરમાણુ પરિણમ્યો છે. બીજા પરમાણુની અસર થઈ માટે (પરિણમ્યો), બીજા દ્રવ્યનો પ્રભાવ પડે માટે કાંઈક થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત. આમાં (પુરુષાર્થ ક્યાં આવ્યો?) પણ એ જ પુરુષાર્થ છે. સમય-સમયની પર્યાય તે કાળે થશે એ થશે એને બીજાની જરૂર નથી એવું નિરપેક્ષ પર્યાયનું તત્ત્વ છે, તો દ્રવ્ય-ગુણની વાત તો શું કરવી? એ તો ત્રિકાળી ધ્રુવ નિરપેક્ષ પર્યાય સિવાયનું તત્ત્વ નિરપેક્ષ છે. એવા નિરપેક્ષ તત્ત્વ ઉપર દૃષ્ટિ જવી એનું આ તાત્પર્ય ફળ છે. ક્રમબદ્ધનું તાત્પર્ય ફળ આ છે. સમજાણું કાંઈ? કહો, નવલભાઈ! આવી વાત છે.

ત્યારે કોઈ એમ કહે કે લ્યો, એ તો ક્રમબદ્ધ થવાનું હશે તે થશે, હાથ જોડીને બેસી રહો. પણ કોણ હાથ જોડે? હાથ જોડે કોણ? બેસી રહે કોણ? આહા..હા..! દિલીપ! ઝીણી વાત છે આ બધી. એ અજીવ.. આહા..હા..! લોટમાંથી જે પર્યાય પૂરીની થવાની હોય, જે પર્યાય રોટલી થવાની હોય, તે સમયે તે પર્યાય તેનાથી અજીવથી થાય તે અજીવ છે. આહા..હા..! ચોખાનું ચડવું પાણી ફદિયા પડે, પૈસા પડે એવું કહે છેને? શું કહેવાય? ફદિયા પડે. ઊનું પાણી હોયને બહુ ખળબળ-ખળબળ થાય એમાં ચોખા નાખે તો રંધાય. ઠંડા પાણીમાં ચોખા ન રંધાય. એ અહીં ના પાડે છે. એ ચોખાને જ્યારે પકવાની, રાંધવાની પર્યાય, ચડવાનો પર્યાયનો કાળ છે ત્યારે એ ચડશે.

**શ્રોતા :-** ત્યારે પાણી તો હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાણી હો, તે ભલે હો તો એને ઘરે રહ્યું, એની સત્તામાં રહ્યું. આની પર્યાયની સત્તામાં એ સત્તા ક્યાં આવે છે? પાણીના કર્યા વિના ચોખો ચડે છે એ પોતાના પર્યાયના ક્રમસરમાં. આહા..હા..! કહો, જાધવજીભાઈ! સાંભળ્યું હતું ત્યાં કલકત્તે? એ બધા શેઠિયા કહેવાય ત્યાં. આહા..હા..! બાપુ! વીતરાગ માર્ગ તો આ છે. એ જ જ્ઞાતા-દૃષ્ટા થવાની રીત છે. સમજાણું કાંઈ? એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ ન કરે એ જ જ્ઞાતા-દૃષ્ટા, હું જ્ઞાતા અને દૃષ્ટા છું અને તે પણ જાણવું-દેખવું છે તે પણે ઊપજ્યો છો એ હું. એ વખતે ઊપજવાનું, જાણવા-દેખવાના ઊપજવાપણે જે ઊપજ્યો એ પણ તેનો ક્રમસર પર્યાય હતો એટલે એ જીવ છે. એ રાગથી જ્ઞાન થયું છે કે પરથી જ્ઞાન થયું છે એમ પણ છે નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ!

'એવી રીતે...' એટલે જીવનું કીધું એ રીતે. '**અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...**' એ ક્રમસર પરિણામ થવાના. આહા..હા..! જે વખતે જે પરમાણુનો જે પર્યાય કાળલબ્ધિ એને છે, એને કાળલબ્ધિ છે, તે સમયમાં (તે પર્યાય થવાની). એ સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં છએ દ્રવ્યની પર્યાયને કાળલબ્ધિ કીધી છે, સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં. છએ દ્રવ્યની કાળલબ્ધિ. જે સમયે તે પર્યાય થાય તે તેનો કાળલબ્ધિ છે. આહા..હા..! ઓલા

એમ કહે છે કે પાણી તો છે. લીલો રંગ નાખીએ તો લીલી પર્યાય થાય, પીળો નાખીએ તો પીળી થાય. આહા..હા..! અહીં કહે છે કે એ પાણીની પર્યાય જે સમયે લીલી થવાની હોય એનો કાળ, તે સમયે તે અજીવથી થયેલી માટે અજીવ જ છે. બીજા પદાર્થથી થઈ છે એમ છે નહિ. આહા..હા..! ઓલો એક આવ્યો હતો નહિ? હિંમતભાઈને વખતે. ક્યાંનો પંડિત? આ તમને વીંછી કરડ્યો હતો તે દિ'. જુગલકિશોર? જુગલકિશોર. આ જુગલકિશોર વૃદ્ધ હતા ઈ ગુજરી ગયા. એ આવ્યા હતા. એ ચર્ચા થઈ હતી. અગ્નિ વિના પાણી ઊનું થાય નહિ. દૃષ્ટ ઈષ્ટ. પ્રત્યક્ષ દેખાય એવી વસ્તુ છે. એનાથી વિરોધ થાય છે જો અગ્નિથી પાણી ઊનું ન થાય તો. દૃષ્ટ ઈષ્ટ વિરોધ છે. આહા..હા..! એ ૨૦૦૯ની સાલની વાત છે. માનસ્તંભ થવાનો હતોને એ પહેલાં સ્પેશ્યલ આવી હતી. એ પહેલાં એ આવ્યા હતા. આહા..હા..! અહીં કહે છે કે એ પરમાણુ જે છે પાણીના, તે વખતે એની લીલી અવસ્થા થવાનો સમય છે ક્રમબદ્ધમાં, તો એ પરમાણુ તે અવસ્થાપણે ઊપજે છે, ઓલા રંગ નાખીને લીલી થાય છે એમ નહિ.

**શ્રોતા** :- રંગ તો બીજા પરમાણુ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એક બીજામાં અત્યંતઅભાવ, અભાવ છે. આહા..હા..! પર્યાયમાં અન્યોન્યાભાવ છે જડમાં. અન્યોન્યાભાવ. પ્રધ્વંસાભાવ, પ્રાગભાવ આદિ ચાર ભાવ છેને. આ અન્યોન્યાભાવ છે. આહા..હા..! ઘણી ધીરજ જોઈએ. ગરમી ઘણી હતીને. આહા..હા..!

ભગવાનની દિવ્યધ્વનિ ગરજેને તો એના .. એ આવ્યું. ત્યાં આપી છેને. પ્રવચનસારમાં, પ્રવચનસારમાં. ગર્જના જેમ થાય એવી ભગવાનની વાણીની ગર્જના નીકળે. ૐ ધ્વનિ અંદરથી. બાર-બાર યોજનમાં વાણી સંભળાય. પશુ પશુની ભાષામાં સમજે. આહા..! મનુષ્ય મનુષ્યની ભાષામાં સમજે. ત્રણ ગતિના જીવ હોય—તિર્યંચ, મનુષ્ય અને દેવ. નારકી તો કાંઈ આવી શકે નહિ સભામાં. તિર્યંચ પોતપોતાની ભાષામાં સમજે. ભગવાન આમ કહે છે, ભગવાન આમ કહે છે. આહા..હા..! એ વાણી પણ તે સમયે વાણીપણે પરિણમવાની ભાષાવર્ગણાનો કાળ હતો માટે ભાષા થઈ છે. ભગવાને દિવ્યધ્વનિ કરી છે એમ નથી. આહા..હા..! એ કીધુંને અજીવ. '**અજીવ પણ...**' ક્રમે થતાં પરિણામ એ '**પોતાના પરિણામોથી...**' જોયું! એના એ પરિણામ, જડના પરિણામ. એની અવસ્થા છેને. પરિણામ એટલે આ જે નિશાળે છોકરા ભણે અને પરિણામ આવ્યું એની અહીં વાત નથી. પરિણામ શું આવ્યું? પરિણામ શું આવ્યું? એ તો એની બીજી વાત છે. આ તો પરિણામ એટલે તે અજીવ પદાર્થ પોતાની વર્તમાન અવસ્થાપણે થાય એ એના પરિણામ કહેવાય. એ પરિણામપણે અજીવ ઊપજતું થકું એ અજીવ છે. બીજાની કોઈ અસરથી તે રીતે પર્યાય ઉત્પન્ન થાય છે અજીવમાં (એમ નથી). આહા..હા..!

અહીં તો કહે છે કે હલવો—શેરો થાય છે તે રજકણની તે સમયમાં ક્રમબદ્ધમાં થવાને

કાળે તે પર્યાય થઈ છે. કોઈ બાઈ હુશિયાર (હતી) માટે પહેલોં લોટને શેક્યો અને પછી ગોળ નાખ્યો માટે શેરાની પર્યાય થઈ એમ નથી. અજીવ પોતે પોતાના પરિણામથી ઊપજતું થકું અજીવ છે. આહા..હા..! જ્યાં હોય ત્યાં કર્તાનું અભિમાન. અમે કર્યા... અમે કર્યા... અમે કર્યા. આહા..હા..! નરસિંહ મહેતા કહે છેને એ? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે.' એ ઈશ્વરને માને છે. 'શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડુ-ગાડુ. એ શ્વાન નીચે કૂતરો હોય એને ઠાઠું અડતું હોય તો એ જાણે કે મારાથી ગાડુ ચાલે છે. એમ દુકાને બેસે બરાબર ડોક્ટર અને બરાબર ઘરાક આવે અને .. આપે, હું આપું છું આ દવા બધાને. એય..! ધર્મચંદજી! ઈંજેક્શન હું આપું છું. આપ્યું હતુંને ઈંજેક્શન અહીં. પટેલને આપ્યું હતું. પતી ગયું. પતવાનું તો હતું જ તે. શિવલાલ પટેલ અહીં હતાને. કાંઈ રોગ નહિ, કાંઈ રોગ નહિ. પટેલ હતા ઓલા વલ્લભ પટેલ નહિ? વિઠ્ઠલ પટેલ એના ગામના હતા, એના કુટુંબી હતા. અહીં રહેતા. હું ખાઈને આમ ફરવા આવ્યો અહીં. અહીં ઓરડી હતી. એ ઓરડીમાં નીચે બેઠા હતા. કેમ પટેલ? એમ પૂછ્યું. કાંઈ રોગ નહિ, કાંઈ નહિ. ફક્ત કેળા ખાધેલા. કેળા નહિ શીંગ શીંગ. ઓળા. શીંગ નહિ? એ ખાધેલી અને પછી આ સમિતિના રસોડાની રસોઈ ખાધી. રસોઈ બધી સારી હતી. એ ખાઈને આવ્યા, બેઠા. અમથા બેઠા નીચે. આ શ્વાસ અહીંથી છૂટી ગયો. અહીંથી શ્વાસ ઊંચો થયો એકદમ. દુંટિયેથી ખસી ગયો. કેમ પટેલ કેમ છે? અંતક્રિયા. એમ બોલ્યા. છેલ્લી સ્થિતિ થઈ ગઈ. મેં કીધું, શું થયું? કાંઈ ન મળે. આ શ્વાસ અહીંથી ખસી ગયો. અહીં આવું છું, ખાધું, કાંઈ કોઈ રોગ નથી. આ શ્વાસ અહીં દુંટિયે બેસતો નથી. કાંઈ નહોતું હોં! બસ, એક થોડાક છત્રીસ કલાક, છેલ્લું ભાઈએ ઈંજેક્શન આપ્યું બહુ દુઃખ હતું. તરત ઉડી ગયા, દેહ છૂટી ગયો. એ જ સમયે પણ તે જ પર્યાય તે કાળે તે થવાની હતી અને થઈ છે, નહિતર ઓળા-બોળા તો કંઈક ખાય છે. આહા..હા..! ઓળા સમજ્યાને? શીંગ-શીંગ. શીંગને શું કહે છે? શીંગદાણાને શું કહે છે? મુંગફલી. મુંગફળીના દાણા શેકી અને રસોઈ ખાઈને આવ્યા. કાંઈ રોગ નખમાં નહિ. જ્યાં અહીં બેઠા ત્યાં એને શ્વાસ અહીં ખસી ગયો. મારે તાકડે નીકળવું આમ ફરવા. આહાર કરીને ફરતો હોયને આમ. કેમ છે પટેલ? અંતક્રિયા, છેલ્લી ક્રિયા છે. દેહ છૂટવાનું ટાણું થઈ ગયું. કેમ શું થયું? શ્વાસ ખસી ગયો છે. અહીંથી શ્વાસ નીચે બેસતો નથી. હમણાં કાંઈ નહોતુંને. એ સમયે તે પર્યાય થવાની તે થઈ છે. એ ખોરાકથી થઈ અને ઓળાથી થઈ છે એમ છે નહિ. આહા..હા..! આવી નિશ્ચય વાત.

**શ્રોતા :-** નિશ્ચય એટલે પરમસત્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમસત્ય. આહા..હા..! એ કુંભાર ઘડો કરે છે એ ત્રણકાળમાં નહિ. એ તો પાઠ છે. બે કારણ વસ્તુના છે? કે ના. એ તો ત્યાં ૧૬૦ ગાથામાં આવ્યું નહિ? પ્રવચનસાર ૧૬૦. શરીર, વાણી, મન એનો હું કર્તા નથી, એનો કરાવનાર નથી અને

બીજા હતા તો મારું આ કાર્ય થયું છે શરીર, વાણી, મનનું એમ નથી, તેમ થાય તેનો અનુમોદન કરનારો નથી. તેમ થાય તેનું હું કારણ નથી. શરીર, વાણીની, ક્રિયા થાય તેનું હું કારણ નથી, ૧૬૦ ગાથા પ્રવચનસાર. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો અભિમાન બધા ઊડી જાય એવું છે. જ્યાં હોય ત્યાં અમે આમ કર્યા, અમે આમ કર્યા ને અમે આમ કર્યા. અમે છોકરાવને નાના હતા એને મોટા કર્યા, એને ભણાવ્યા, કેવળવણી આપી. કેટલા પૈસા ખર્ચ્યા રામજીભાઈએ સુમનભાઈ માટે લ્યો. ૩૫ હજાર. ત્યારે હવે એનો પગાર થયો. બધી વાતું. આહા..હા..! પૈસાની પર્યાય પણ તે કાળે તેની જ્યાં જવાની હોય તે જ કાળે જાય, દેનારો કહે કે મેં પૈસા આપ્યા આના. એ વાત જૂઠી છે. આહા..હા..! ઓહો..! તેમ આહાર મેં છોડ્યો અને મેં ઉપવાસ ગ્રહણ કર્યો એ તે સમયે તે પર્યાય એ પ્રકારની થવાની હતી તે થઈ છે. (પરના) ત્યાગ-ગ્રહણ આત્મામાં છે નહિ. આહા..હા..! એ અજીવની પર્યાય તે કાળે ત્યાં આવવાની નહોતી. એને ભિન્ન રહીને એ અજીવની પર્યાય રહેવાની હતી. એ અજીવની પર્યાય અજીવ છે. જીવે કાંઈ એમાં કર્યું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ-૫, મંગળવાર, તા. ૨૧-૦૬-૧૯૭૭, ગાથા-૩૦૮ થી ૩૧૧ , પ્રવચન નં. ૩૭૩

આ સમયસાર, સર્વવિશુદ્ધ અધિકાર. ભગવાન જિનેશ્વરદેવે કેવળજ્ઞાનમાં જ્યારે ત્રણકાળ, ત્રણલોક જોયા ત્યારે જિનેશ્વરદેવની વાણી ઈચ્છા વિના નીકળી. એને ઈચ્છા હોતી નથી. એ વાણીમાં દરેક દ્રવ્યનું સ્વરૂપ સ્વતંત્ર છે એમ સિદ્ધ કર્યું છે. અધિકાર જરી ઝીણો છે. આ તો વીતરાગ પરમાત્મા એમ કહે છે, '**પ્રથમ તો જીવ...**' આ આત્મા જે છે, દરેક અનંત આત્માઓ છે એ '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજતો થકો...**' એ તો જે સમયે જેના જે પરિણામ થવાના તે થવાના એમ ક્રમબદ્ધ પરિણામ થાય છે. ક્રમબદ્ધ એટલે કે એક પછી એક. એવા પરિણામમાં આત્મા ઊપજતો થકો એ આત્મા છે. એના પરિણામને બીજો કોઈ તત્ત્વ ઊપજાવી શકે (એમ નથી). આહા..હા..! ઝીણું બહુ, ભાઈ!

'**અજીવ નથી;...**' જીવના પરિણામ જે પર્યાય થાય, અહીં તો નિર્મળ (પર્યાયની) વાત હોં! જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ આત્મા છે એ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એને જોયું છે. એવા શુદ્ધ ચૈતન્યનું પરિણમન જે સમયે જે પર્યાય થાય તે થાય, તે પરિણામ જીવ છે. એ પરિણામને એના ભાવને બીજા કોઈએ કર્મે કરાવ્યા છે કે કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રે

કરાવ્યા છે... આહા..હા..! એમ પ્રતિમા ભગવાનની છે એણે એ પરિણામ ત્યાં કરાવ્યા છે એમ નથી. આહા..હા..! આકરું કામ છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર એની દશામાં જે કાંઈ થાય છે જીવને એ પરિણામનો-કાર્યનો કર્તા જીવ છે અને પરિણામ તેનું કાર્ય છે, એ કાર્યનું બીજું કોઈ કારણ છે એમ નથી. આહા..હા..! એમ ભગવાન પરમાત્મા એમ કહે છે. એની ખબરું ન મળે અને એને ધર્મ થઈ જાય (એમ ન બને)! આહા..હા..!

કહે છે કે '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી;...**' આહા..હા..! '**એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે,...**' પરમાણુ અને શરીર, વાણી, મન આદિ પદાર્થ જડ છે એ જડની જે સમયે જે પર્યાય થવાની તેનો ક્રમબદ્ધ છે. તેના પરિણામ એ પોતે અજીવના પરિણામ અજીવથી થયા એ અજીવ છે. આહા..! દાખલો આપે છે. એ તો આવી ગયું છે આપણે હવે. '**કારણ કે જેમ (કંકણ આદિ...**' કડા, વીંટી આદિથી ઉત્પન્ન થાય છે જે સોનું. સોનું એની પર્યાયપણે ઉત્પન્ન થાય કંકણ, વીંટી આદિથી, એ સોનીથી નહિ.

**શ્રોતા** :- એવું તો આમાં લખ્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ આવ્યુંને પણ આ શું થયું?

'**(કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...**' સમજાણું કાંઈ? સોની એને ઊપજાવતો નથી, તેમ તેના ક્રમસર પરિણામમાં આડાઅવળા સોનાના પરિણામ થતાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું આવી. દુનિયાને એવી લાગે છે તેથી. હજી તો બહુ સરસ આવશે. '**કંકણ આદિ...**' કુંડળ, કડા, વીંટી, બાજુબંધ, સાંકળી, સોનાની સાંકળી એ આદિ પરિણામ એની પર્યાયો છે સોનાની. એ સોનાના પરિણામથી ઊપજતું '**સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે...**' તદ્રૂપ છે. એ તો હજી સિદ્ધાંત સાધારણ મૂકે છે.

'**તેમ સર્વ દ્રવ્યોને...**' સોનું જ્યારે તેની વર્તમાન ક્રમબદ્ધ પર્યાયપણે જ્યારે થવા કાળ છે ત્યારે થાય છે એનો ઉત્પાદક.. એ કહેશે, ઉત્પાદક એટલે કારણ કોઈ બીજી ચીજ ઉત્પાદક છે એમ નથી. આહા..હા..! અરે..! આવી વાત છે. '**સર્વ દ્રવ્યોને...**' તેમ દરેક આત્મા અને દરેક પરમાણુઓ. આ જડ, માટી શરીર છે એનો એક-એક રજકણ તે તે કાળે તેની પર્યાયપણે ઊપજે. આહા..હા..! છે? '**સર્વ દ્રવ્યોને પોતાના પરિણામ સાથે તાદાત્મ્ય છે.**' આહા..હા..! રોટલી લોટમાંથી થાય છે એ રોટલીના પરિણામ લોટે કર્યા છે અને તેથી તે લોટની સાથે તે પરિણામ તાદાત્મ્ય છે. આહા..હા..! આવું છે.

**શ્રોતા** :- બાયુનું ડહાપણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણ ડહાપણ? એની પર્યાયમાં રહ્યું એનું ડહાપણ ત્યાં ક્યાં ગરી ગયું હતું. આહા..હા..!

'**સર્વ દ્રવ્યોને પોતાના પરિણામ સાથે તાદાત્મ્ય છે.**' તેરૂપ, એકરૂપ છે. '**આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**' શું કહે છે હવે? જીવ તે તે સમયના પોતાના પરિણામને ઊપજતો થકો. કાર્ય તો કરે છે કહે છે. જીવ પોતાના પરિણામની અવસ્થાનું કાર્ય તો કરે છે, તો પછી એક સાથે બીજાનું પણ કરે. એક ગાયને ચરાવતા પાંચ ગાયને ભેગી ચારવા જાય એમાં વાંધો શું છે? નથી કહેતા લોકો? બે ગાયને ચારવા જાય એમાં ચારને ભેગું (ચરાવે) એમાં શું છે? એમ જ્યારે આત્મા પોતાના પરિણામના કાર્યને કરે તો પછી પરના કાર્યને કરે એમાં કાર્ય કરવામાં વાંધો શું છે? કહે છે. સમજાણું કાંઈ? એ પરની દયા પાળે, પરની હિંસા કરે, પૈસા ભેગા કરે, પૈસાને વ્યાજે ઊપજાવવા માટે વ્યવસ્થા કરે. કેમકે જીવ પોતે પરિણામે ઊપજે તો છે, પરિણામનું કાર્ય તો કરે છે. દેવીલાલજી! આહા..હા..!

જીવ અનંતગુણથી ભરેલો ભગવાન અનાદિ-અનંત આત્મા ભગવાને સર્વજ્ઞે જિનેશ્વરે કહ્યો તે. એ સિવાય અજ્ઞાનીઓએ આત્મા-આત્મા કર્યો છે એ કોઈએ આત્મા જોયો નથી એણે. ભગવાન પરમેશ્વર જિનેશ્વરદેવે જે જીવ કહ્યો તે જીવ તેના કાળે જે તેના પરિણામ પર્યાય થાય એ પોતે ઊપજે છે તેમાં. એ પરિણામને.. અહીં તો બીજું સિદ્ધ કરવું છે કે જ્યારે પોતાના પરિણામરૂપે ઊપજવાનું કાર્ય તો કરે છે જીવ. આહા..હા..! છે? '**આમ જીવ પોતાના પરિણામથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...**' પણ આ જડનું આ શરીર આદિ વાણીનું આત્મા કાર્ય કરે અને આત્મા તેનું કારણ થાય એવું છે નહિ કાંઈ. આહા..હા..! આ હાથ હલે, વાણી બોલાય, આંખની પાંપણ હલે, હોઠ હલે એ આત્મા કાર્ય કરે પોતાના પરિણામનું, તો આ બીજા જડનું પણ વાણી બોલે એનું કાર્ય ભેગું કરે તો હરકત શું? એ પરનું કાર્ય કરી શકતો નથી. કહો, ચંપકભાઈ! શું આ બધું ત્યારે દુનિયામાં કરે છે શું? આહા..હા..! જૈનમાં જન્મ્યા એને ખબર નથી કે જૈન પરમેશ્વર શું કહે છે. આહા..હા..! '**તેને અજીવની સાથે...**' એટલે અજીવની પર્યાયનું કાર્ય અને જીવ પરિણામપણે ઊપજે છે એવું કાર્ય એ અજીવનું કાર્ય જીવ કરે એમ '**સિદ્ધ થતું નથી,...**' આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણ કે સર્વ દ્રવ્યોને...**' દરેક રજકણ પરમાણુ અને દરેક આત્મા. આહા..હા..! એક નિગોદના અનંતજીવ. લસણ, ડુંગળી એની એક કટકી લ્યો તો એમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ. એ એક જીવ પોતાના પરિણામપણે ઊપજતો, એ બીજા જીવના પરિણામને પણ ઊપજાવે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય...**' એટલે કાર્ય, ઉત્પાદક એટલે કારણ. બીજા સર્વ દ્રવ્ય સાથે એનું કાર્ય અને આત્મા કારણ એમ બની શકતું નથી. આહા..હા..! ઘડારૂપી કાર્ય એનો ઉત્પાદક એની માટી અને ઘડો એની પર્યાય તે ઉત્પાદ્ય. ઉત્પાદ્ય એટલે કાર્ય. ઉત્પાદ્ય છેને? એનું કાર્ય છે ઈ. માટીનું ઘડો કાર્ય છે, તો ઘડો એ ઉત્પાદ્ય છે અને માટી તે ઉત્પાદક છે,

પણ કુંભાર તે ઉત્પાદક છે અને ઘડો એનું ઉત્પાદ્ય કાર્ય છે એમ નથી. આવી વાતું હવે.

બીજી રીતે. બીજા જીવની દયા પાળવાનો ભાવ થયો અને ત્યાં એની દયા પરની પળે. એ પરની દયાનું કાર્ય તો એમાં થયું, આ જીવ એનો કર્તા કારણ થાય એમ છે નહિ. પરની દયા એટલે આયુષ્યનું ટકવું અને દેહ ન છૂટવો એવું જે એનું કાર્ય એ આત્માનું કારણ અને એને કારણે ત્યાં દયા પળી છે એમ છે નહિ. ગાંધી! આ બીજી જાતનો વેપાર છે આ. આહા..હા..! સમજાણું કાંઈ? મહાસિદ્ધાંત અહીં છે. **'સર્વ દ્રવ્યોને...'** દરેક પદાર્થને, દરેક જીવને, દરેક રજકણને, દરેક કાળાણુને, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશને આહા..હા..! **'અન્ય દ્રવ્ય સાથે...'** એટલે કે જીવ ગતિ કરે એનું કાર્ય જીવ કરે અને ધર્માસ્તિ છે એ એનું કારણ થાય-ઉત્પાદક ગતિ થવામાં, જીવની ગતિ થવામાં (ઉત્પાદ્ય) તો જીવ અને (ઉત્પાદક) કાર્ય પર કરે, ઉત્પાદક પર કરે અને ઉત્પાદ્ય થાય એ જીવનું કાર્ય, ધર્માસ્તિ છે એ ઉત્પાદક અને જીવ ગતિ થવાનું કાર્ય ઉત્પાદ્ય—એમ છે નહિ. આહા..હા..! ધર્માસ્તિકાયને લઈને નિમિત્ત થયું છે. સહાયક કહ્યું છેને સહાયક? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આ વાણી જે બોલાય છે એ વાણીનું કાર્ય છે તે ઉત્પાદ્ય છે અને આત્મા અને રાગ એનો ઉત્પાદક છે એમ નથી. સમજાણું કાંઈ? આવી વાતું લ્યો! અહીં તો રાગ ઉત્પન્ન થાય તે રાગનું કાર્ય અને આત્મા તેનો ઉત્પાદક નામ કર્તા, એવું સ્વરૂપ છે નહિ. કર્તા અને કર્મ બધું એક અભિન્ન હોય. પરનું કાર્ય તે ઉત્પાદ્ય અને આત્મા તેનો ઉત્પાદક, રાગનું કાર્ય તે ઉત્પાદ્ય અને આત્મા ઉત્પાદક, એવું છે નહિ. આહા..હા..! સત્યની ખબર ન મળે અને વસ્તુ જૈનમાં જન્મ્યા. સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. થઈ ગયો ધર્મ. આહા..હા..!

અહીં કહે છે, **'સર્વ દ્રવ્યોને...'** આહા..હા..! આ લાકડી છે એ આમ થાય છે આમ એ ઉત્પાદ્ય છે, એનું કાર્ય છે એ લાકડીનું, એનો આંગળી ઉત્પાદક છે, કારણ છે એમ નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ! આ ભગવાનની પ્રતિમા જે છે સ્થાપવી એ કાર્ય છે પરમાણુનું અને એનું કારણ જીવ જોડે રાગવાળો છે એ કારણ છે અને ઈ પ્રતિમા સ્થપાણી તે કાર્ય છે. ભારે કામ, ભાઈ! આ બધું શું કર્યું રામજીભાઈએ બધું? ૨૫ લાખ, ૨૬ લાખના મકાન એની દેખરેખ નીચે થયા છે, લ્યો! સાચું હશે ઈ? એય..! દિલીપ! આ તારો બાપ બધા પૈસા દે ને લે આમ કરે છે. ધારધીર કરે લ્યો! પૈસા દે આટલા ટકાના વ્યાજે, દોઢ ટકાના વ્યાજે. કહે છે કે એ પૈસા દેવાની ક્રિયા છે, કાર્ય છે જડનું. એ પૈસા આમ જાય છે એ ઉત્પાદ્ય છે અને એનો ઉત્પાદક બીજો આંગળા અને બીજો જીવ છે એમ નથી. સમજાણું કાંઈ? બહુ સિદ્ધાંત છે મહાસિદ્ધાંત!

દરેક જેટલા ભગવાને જ્ઞાનમાં છ દ્રવ્ય જોયા જાતિ તરીકે. જીવ, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. સંખ્યા તરીકે અનંત જીવ, અનંત પરમાણુ, અસંખ્ય કાળાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. ભગવાન જિનેશ્વરના જ્ઞાનમાં એ છ દ્રવ્ય આવ્યા

એ જાતિએ, પણ સંખ્યાએ અનંત. એ દરેક દ્રવ્ય '**સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે...**' આહા..હા..! એ પરમાણુની અવસ્થાને આત્માની સાથે કાર્યકારણ છે એમ નથી. તેમ પરમાણુનું કાર્ય જે ચાર ગુણ, છ ગુણ, આઠ ગુણે થાય એ પોતાનું ઉત્પાદ્ય છે અને બીજો ચાર ગુણ, આઠ ગુણવાળો તેનો ઉત્પાદક છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

હવે ઓલા કહે છે કે એ લોકો તો બસ, જડની ક્રિયાથી પાપ જ નથી, એમ કહે છે. સોનગઢવાળા એમ કહે છે, લ્યો! અરે! પ્રભુ! સાંભળને ભાઈ! તેં સાંભળ્યું નથી બાપા! પાપના પરિણામ તો જીવ પોતે અજ્ઞાનભાવે, પોતે અજ્ઞાનની વાત છે એ તો હોં! અજ્ઞાનભાવે પાપના પરિણામ કરે એ કાંઈ જડની ક્રિયા થાય છે માટે કરે છે એમ નથી. આહા..હા..! શરીરની ઇન્દ્રિયો અને આ જડ, એ બધી ચેષ્ટાઓ જડની થાય એ કાર્ય જડનું છે, એમાં રાગ તે કારણ છે અજ્ઞાનીનો એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું લ્યો હવે બધી. નહોતી ને નીકળી વાત ત્યારે લોકો બિચારા સમજી શક્યા નહિ. એ ભ્રષ્ટાચાર છે. અરે! પ્રભુ! શું કરે છે તું, ભાઈ? એક પણ શરીરનો રજકણ જે છે, આ તો ઘણા રજકણનો પિંડ છે આ કાંઈ એક ચીજ નથી, અનંત રજકણનો પિંડ છે. એમાં એક-એક રજકણને બીજો રજકણ એનું કાર્ય કરે બીજા રજકણનું એમ વસ્તુનું સ્વરૂપ ભગવાને જોયું નથી ને કહ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, હીરાભાઈ! શું હશે આ બધું બંગડીનું બધું? તમારે તો રંગનું છે નહિ? તમારે શું છે લોઢાનું? લોઢું. આહા..હા..! એ લોઢાનો કટકો શેર, બે શેર, પાંચ શેર, બે મણ, પાંચ મણ એ અહીંથી આમ જાવો એને તોલ કરવા વખતે કે ભાઈ આ અધમણ છે કે મણ, એનું જે કાર્ય છે એ લોઢાનું એ કાર્ય તો લોઢાએ પોતે કર્યું છે. શું કહેવાય ત્રાજવામાં? ત્રાજવામાં રહ્યું અધમણ લોઢું એ ત્યાં રહ્યું એ પોતાના કાર્યથી, પોતાના પરિણામથી રહ્યું છે. આહા..હા..! એ ત્રાજવાને લઈને નહિ અને તોલ સામે અધમણ પડ્યું હોય એને લઈને નહિ.

**શ્રોતા :-** આ તો અટકી કેમ ગયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અટકી એને કારણે અટકી ગયું. એના રજકણોની પર્યાયનો ઉત્પાદ્ય કાળ હતો ક્રમબદ્ધમાં તે રજકણમાં તે ઉત્પાદ્ય નામ કાર્ય થવાનો કાળ હતો તો ઉત્પાદ થયો, પણ બીજું દ્રવ્ય એને ઉત્પાદક કરે, ઉત્પાદ્યને કાર્યને બીજું કારણ થાય એમ વસ્તુના સ્વરૂપમાં ભગવાન ના પાડે છે. આહા..હા..! આ શ્વાસોશ્વાસ લેવાય છે આમ એ શ્વાસોશ્વાસ જડની ક્રિયા છે, એ જડનું ઉત્પાદ્ય છે, એને આત્મા પ્રેરણા કરે તો ઉત્પાદ શ્વાસ આમ ચાલે એમ નથી. કહો, કાંતિભાઈ! શું છે આ તે પણ આવ વાત ક્યાંથી (આવી)? આ વીતરાગનો માર્ગ આવો હશે? આ કોણ કહે છે? જિનેશ્વરદેવ તો કહે છે. તેં સાંભળ્યું ન હોય માટે કાંઈ વસ્તુ બીજી થઈ જાય?

જિનેશ્વરદેવ, પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ એમ ફરમાવે છે. સિદ્ધાંત પહેલોં મૂકી અને

પછી વસ્તુ બધા દ્રવ્યોનું જે જે તે સમયે તે તે પર્યાય અને પરિણામ થાય તે તે તે દ્રવ્યનો તે ઉત્પાદ્ય કાર્ય છે. એ બીજા દ્રવ્યનો ઉત્પાદક એમાં થઈને ઉત્પાદ્ય થયું છે, ઉત્પાદક એટલે બીજું દ્રવ્ય કારણ થઈને ઉત્પાદ્ય કાર્ય થયું છે એમ નથી. આહા..હા..! હવે આવો ધર્મ! આ તો કોઈની દયા પાળી શકે નહિ, કોઈને મારી શકે નહિ. ભગવાન પાસેથી પણ કાંઈ મળે નહિ, ભગવાનની વાણી પાસેથી પણ અહીં કાંઈ મળે નહિ એમ કહે છે. ભગવાનની વાણી તો વાણીનું જડનું કાર્ય છે અને અહીંયા એ જે શુભભાવ કરે છે એ અજ્ઞાનીનો શુભભાવ એનું કર્તવ્ય છે. જ્ઞાનીને તો જ્ઞાનનો ઉત્પાદ્ય છે અને રાગ તેનો ઉત્પાદક છે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તેમ રાગનો ઉત્પાદ્ય છે અને આત્મા જ્ઞાન એનો ઉત્પાદક છે એમ પણ નથી. ઓહો..હો..! આવું ઝીણું તત્ત્વ લ્યો! એટલે માણસને બહાર આવ્યું નહોતુંને એટલે એય..! જડથી ગમે તેવું પાપ કરો પણ તમારે કાંઈ વાંધો નથી એમ સોનગઢવાળા કહે છે. આહા..હા..! પ્રભુ! તેં સાંભળ્યો નથી માર્ગ હોં! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનો હુકમ, એની શું આજ્ઞા અને એણે શું સત્ય કહ્યું? ભાઈ! તેં સાંભળ્યું નથી અને તું આરોપ દે કે જડની ક્રિયા શરીરની થાય એ પાપ થાય અહીં. એ પ્રવચનસારમાં નથી આવ્યું? ભાઈ! અકંચિત્કર. વિષયો અકિંચિત્કર છે. આહા..હા..! જીવમાં વિષયના નિમિત્તે જે સુખ કલ્પના થાય કે આ વિષયમાં ઠીક છે એમાં કહે છે કે એ વિષયો અકિંચિત્કર છે, એ વિષયો એને રાગ ઊપજાવે છે એમ છે નહિ. આહા..હા..!

મોઢામાં મેસુબ પડ્યો કે સાકર પડી. એ સાકર છે એ આત્માને મીઠાશનો રાગ ઊપજાવે છે એમ છે નહિ. આહા..હા..! એમ પાંચ ઇન્દ્રિયના વિષયો કાને પ્રશંસા સાંભળી તો એ પ્રશંસા ઉત્પાદક અને અહીં જીવને રાગ ઉત્પાદ્ય કાર્ય થાય એમ છે નહિ. આહા..હા..! અને જ્ઞાનદૃષ્ટિએ તો રાગનું કાર્ય જીવ અને ઉત્પાદક જ્ઞાન એમ પણ નથી. પછી કહેશે કે આવું (છે) છતાં કેમ ત્યારે આ બંધ થાય છે? એ અજ્ઞાનને કારણે બધું છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે અપવાસ, પાંચ અપવાસનો વિકલ્પ ઉઠ્યો કે મારે પાંચ દિ' આહાર લેવો નથી. એ વિકલ્પ ઉઠ્યો એ કાંઈ આહાર ન લીધો એના કારણે એ વિકલ્પ આવ્યો છે એમ નથી. તેમ એ વિકલ્પનું કાર્ય ખરેખર આત્માનું પણ નથી. આત્મા તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્યઘન છે, એ કારણ થાય એની નિર્મળ પર્યાય અને રાગ કાર્ય થાય એમ છે નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આવું સ્વરૂપ હવે. આહા..હા..!

પરમાણુનો ઉત્પાદ્ય છે. રજકણોનું એ કાર્ય છે. એ કાર્યમાં જીવ ઉત્પાદક છે, કારણ છે કે આ હોઠ કારણ છે એમ નથી કોઈ દિ'. આહા..હા..! સમજાય છે કાંઈ? ધન્યકુમારજી! આહા..હા..! એણે તો બહુ કામ કર્યું અંતરિક્ષમાં. વિકલ્પ હો, તે પણ વિકલ્પનું કાર્ય મારું છે એ પણ અજ્ઞાન છે. આહા..હા..! ગજબ વાત છે, બાપુ! વીતરાગમાર્ગ! અત્યારે તો આખી શૈલી બધી સંપ્રદાયમાં તો લોપ થઈ ગઈ છે. એથી આ નવું સાંભળીને એને એવું

લાગે છે કે અરે! આ તો નવો પંથ કાઢ્યો. શું કીધું આ?

**'જેમ સુવર્ણ કંકણ આદિ...'** પણે ઊપજતું થકું એ સોનાનું સ્વરૂપ સોનું છે, એ સોનીથી થયું નથી. સોની અને ઘડતરથી તે કંકણ થયું નથી. એ કંકણ છે તે ઉત્પાદ્ય છે કાર્ય, સોનું તે કારણ છે. સોની કારણ ઉત્પાદક છે અને કંકણ ઉત્પાદ્ય છે, કાર્ય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! દૃષ્ટાંત આપીને તો સિદ્ધ કર્યું છે. આહા..હા..! શેરો થાય છે એ ત્યાં અગ્નિને લઈને શેરો થયો કે તાવડી તાવડી શું (હોય છે) હેઠે? તવો એનાથી શેરો થયો એ ના પાડે છે અહીં. એના રજકણોનો સ્કંધનો ઉત્પાદ્ય તે કાળે તે પર્યાયનો ઉત્પાદ્ય છે, તે કાર્યનું તે કારણ તેના સ્કંધ અને પરમાણુ છે. એના ઉત્પાદક અગ્નિ, તાવડો, સ્ત્રી, સ્ત્રીનો વિકલ્પ કોઈ કારણ છે નહિ. ભારે ભાઈ આવું! એઈ..! દામોદરભાઈ! આહા..હા..! દુકાને બેસીને બરાબર રંગ આમ આપવો... આમ આપવો... આમ આપવો... યોગેશને શીખવ્યું. ઓલો તો વળી માંદો પડી ગયો છે. આમ કરવું, અહીંયાં જાય તો આમ કરજો હોં! કહો, ત્રંબકભાઈ! એ હીરાભાઈને કહેતા એ. આહા..હા..! પ્રભુ! મારગડા જુદાં. વીતરાગે કહેલો સત્ય તે સત્ય, તેનું સત્ત્વ જુદી જાતનું છે. આહા..હા..!

પ્રત્યેક સમયે તે તે દ્રવ્યની તે તે જ પર્યાય તે કાળે થવાની તે તે તેનું તે કાર્ય. એનો બીજું દ્રવ્ય તેનું કારણ છે દ્રવ્યાંતર, અનેરું દ્રવ્ય કાર્ય છે એમ છેને? પાઠમાં એમ છે જુઓ, **'द्रव्यान्तरेण'** એનો અહીં અર્થ કર્યો અન્ય દ્રવ્ય. અન્ય દ્રવ્ય સાથે. સંસ્કૃતમાં એમ છે. **'सर्वद्रव्याणां द्रव्यान्तरेण सहोत्पाद्योत्पादकभावाभावात्;'** આહા..હા..! એટલી લીટીમાં તો ગજબ ભર્યો છેને. અંદર છે સંસ્કૃતમાં. એ પાંચમી લીટી છે. હેઠેથી ત્રીજી. સર્વ દ્રવ્યો તત્ત્વ જે છે વસ્તુ અનંત આત્માઓ, અનંત પરમાણુઓ. **'सर्वद्रव्याणां द्रव्यान्तरेण'** અન્ય દ્રવ્યથી બીજી ચીજને બીજી ચીજથી. આહા..હા..! **'સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...'** એક તત્ત્વનું કાર્ય થાય પર્યાયરૂપે જીવનું કે જડનું કે ધર્માસ્તિ કે અધર્માસ્તિ. આહા..હા..! અધર્માસ્તિ છે માટે આત્મા ગતિ કરતો સ્થિર થાય એ સ્થિર થવાનું ઉત્પાદ્ય કાર્ય અને ઉત્પાદક અધર્માસ્તિકાય એમ નથી. આહા..હા..! લ્યો! નિયમસારમાં કાળદ્રવ્યને સિદ્ધ કરતાં એમ કીધું, કાળ વિના પરિણમન હોય નહિ, લ્યો! કાળદ્રવ્ય વિના પરિણમન હોય નહિ. એ તો કાળદ્રવ્યને સિદ્ધ કરવા એ વાત કરી છે. આહા..હા..! બાકી કોઈપણ તત્ત્વનું તે તે સમયનો પર્યાય અને પરિણમન એ એનો ઉત્પાદક એ તે દ્રવ્ય છે. ઉત્પાદ્ય તે દ્રવ્યનું કાર્ય છે. બીજું દ્રવ્ય એનો ઉત્પાદક અને ઉત્પાદ્ય આ કાર્ય ક્યાંય ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! ભારે ભાઈ!

કહો, આ ટોપી આમ ફેરવીને ઓઢેને ખેંચીને સરખી અહીં? એ ટોપીના રજકણોનું કાર્ય તે કાળે તે રીતે છે, એ આંગળા એને આમ સરખી ટોપી પહેરાવે એવું કાર્ય છે એમ છે નહિ એમ કહે છે. અત્યારે તો બહુ .. ચાલી છે. અત્યારે તો આ શું કહેવાય આ? દાંતીયો-દાંતીયો. એ તો હવે બધી નવી પદ્ધતિ થઈ. જુવાન દાંતીયો રાખે. જ્યાં હોય ત્યાં આમ

આમ કર્યા કરે. પણ ઓલી ટોપી-બોપી હતીને તો ઓલા વાળ ઉડે નહિ અને આમ ઢંકાઈને રહેતું અને ઉઘાડે માથે એટલે વાળ પવનથી ઉડે, ઓલાથી ઉડે આડાઅવળા થઈ જાય એટલે પછી આમ આમ કરીને સરખા કરે. એ ઘણું જોયું છે. એ હમણા ચાલ્યું છે આ બધું. પહેલાં એ નહોતું કાંઈ. આહા..હા..! છતાં કહે છે કે એ દાંતીયો જે છે એનો તે સમય આમ આમ થવાનું જે પર્યાયનું કાર્ય ઉત્પાદ્ય તેનો ઉત્પાદક દાંતીયો છે અને વાળમાં જે આમ થયા એ વાળના કાર્યનો ઉત્પાદક વાળ છે. એ શું કીધું? દાંતીયો નહિ. આહા..હા..! આ વાત! હવે ઓલો કહેતો હતો, પ્રત્યક્ષ દેખાય અને તમે જૂઠું બોલો? પાણી અગ્નિથી ઊનું થાય અને તમે કહો કે ના. અહીં પંડિત આવ્યો હતો એક ૨૦૦૯ની સાલમાં. દૃષ્ટ ઈષ્ટ દેખાય છેને, પ્રત્યક્ષ છેને. શું પણ પ્રત્યક્ષ છે? સાંભળને. એ પાણી ઊનાપણે જે પરિણમે છે એ ઊનાપણાનું થવું તે કાર્ય અને પાણી તેનું કારણ છે. અગ્નિ કારણ છે અને પાણી ઊનું થાય છે એમ વસ્તુના સ્વરૂપમાં એ રીતે છે નહિ, એમ ભગવાન ભાખે છે. આહા..હા..! ઓલો એક કવિ આવે છે. ભાણો ભાળે એવું ભાખે. એક કવિ હતો ભાણો-ભાણો. ભાણા નામનો. પછી કોઈ રાજને કાંઈક કહેવું હતું એને કહી દીધું અમુક કાંઈક જોઈને. એ એમ કહેવા માંડ્યો 'ભાણો ભાળે તેવું ભાખે.' કવિ ભાળે તેમ કહે છે. એમ ભગવાને એ રીતે ભાળ્યું છે તેમ ભગવાન કહે છે. આહા..હા..! તે પણ એ વાણીનું કાર્ય ભગવાનનું છે એમ નહિ. આહા..હા..! અરેરે! કાંઈ તત્ત્વની ખબરું ન મળે અને..

**શ્રોતા** :- તો પચી સર્વજ્ઞ અનુસાર કેમ...?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો નિમિત્તથી કથન છે, વ્યવહારનું કથન છે. સર્વજ્ઞની વાણી એ નિમિત્તનું કથન છે, વાણી તો વાણીની છે; અને સર્વજ્ઞપણું ને યોગ નિમિત્ત છે માટે વાણી થાય છે એમ નથી. એ વાણીના રજકણો ભાષાવર્ગણાના હતા તેને ભાષારૂપે થવાનો ક્રમબદ્ધનો એ કાળ હતો. આહા..હા..! ભવગાનને કેવળજ્ઞાન થયું તો કાંઈ તે વખતે વાણી ન નીકળી. વાણીનો નીકળવાનો કાળ નહોતો. સમજાણું કાંઈ? કેટલા દિવસે પછી થઈ? ૬૬ દિવસ. બે મહિના અને છ દિવસ. તે વખતે પરમાણુની પર્યાય ભાષારૂપે થવાની હોય છે ત્યારે એ ભાષા થાય, ભાષાનો કર્તા આત્મા નથી. આહા..હા..! આમ ઈશ્વરકર્તા નથી એમ માને, પણ પાછો કહે કે એ ભાષા અને શરીરની ક્રિયા હું કરી શકું છું. એ તો એનું એ થયું પાછું. આહા..હા..! ઈશ્વર જેમ કર્તા પરનો નથી એમ પરની પર્યાયનો આત્મા કર્તા નથી, તેમ કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યની અવસ્થાનો કર્તા ત્રણકાળમાં નથી. આહા..હા..! આ શરીરને હલવી શકું હું પગ ભરીને આમ જાત્રા જાવું છે તે. હરામ છે. શરીરના કાર્યમાં આત્માનું કારણ હોય એમ અમે જોતા નથી, એમ ભગવાન કહે છે. દેવીલાલજી! આહા..હા..! ક્યાંથી બેસે? સાંભળ્યું નથી, એ વાત આવતી નથી. ભગવાન જિનેશ્વરદેવ ભગવાને જેવું ભાળ્યું છે એવું વાણીમાં આવ્યું છે. આહા..હા..! પણ એ વાણીનું કાર્ય છે એ પણ ભગવાનનું

કારણ છે માટે વાણી કાર્ય છે (એમ નથી). આહા..હા..! એક દ્રવ્યના કાર્યમાં બીજા દ્રવ્યનું કારણ (તેનો અભાવ છે). એ તો અહીં સિદ્ધ કરવું છે.

જુઓ, **'સર્વ દ્રવ્યોને...'** છે? સર્વ તત્ત્વોને. અનંત આત્મા, અનંત રજકણોને પોતાના પરિણામો સાથે. **'સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-'** એટલે કાર્ય. ઉત્પાદક એટલે કારણ એના **'ભાવનો અભાવ છે;...'** આહા..હા..! એક સિદ્ધાંતે તો તત્ત્વનો ભેદ કરી નાખ્યો. આહા..હા..! આમ ભાષા બોલાય છે તે કાર્ય આત્મા બોલે છે માટે છે એમ છે નહિ એમ પરમાત્મા કહે છે. કેમકે ભાષા જડના રજકણો છે અને એ તત્ત્વ છે એ અજીવતત્ત્વ છે. એ અજીવતત્ત્વની ભાષારૂપે થવું તે તે પરમાણુના સમૂહનું તે ઉત્પાદ્ય કાર્ય છે, પણ આત્મા તેનો ઉત્પાદક ભાષાનો છે એમ ભગવાન ના પાડે છે. કહો, રમણીકલાલભાઈ! કોઈ દિ' આવું સાંભળ્યું હતું ત્યાં સંપ્રદાયમાં? નહિ. આહા..હા..! બાપુ! મારગડા જુદાં, પ્રભુ!

દરેક દ્રવ્યની પર્યાય તે સમયે થતી તે સ્વતંત્ર છે. તે સમયે થાય પાછું, બીજે સમયે નહિ એમ કહેવું છે. એ ક્રમબદ્ધમાં આવ્યું છે. આહા..હા..! પણ એ બધાનો હેતુ ક્રમબદ્ધ સિદ્ધ કરવાનો અકર્તાપણું સિદ્ધ કરવું છે, ભાઈ! મુખ્ય માથે ઈ છે, જુઓ, આહા..હા..! અકર્તાપણું. જુઓ, છે? **'હવે, આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે :—'** જુઓ, ગાથા ઉપર છે. સિદ્ધ આ કરવું છે.

પરનો કર્તા, પરનું એક તત્ત્વ બીજા તત્ત્વનું કોઈપણ કાર્ય કરે... આહા..હા..! અહીંથી એક લાકડું ઉપડ્યું ઊંચું મોટું હોય, તો કહે છે કે એ લાકડાની પર્યાયનો કર્તા એ લાકડું છે. એનો કર્તા ઊંચે કરનારો જીવ કે હાથ અડાડ્યો માટે ઊંચું થયું એમ નથી. એમ વીતરાગ પરમાત્મા સત્યનું સ્વરૂપ આ રીતે કહે છે. આહા..હા..! અરેરે...! અહીં તો જ્યાં હોય ત્યાં મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... દુકાનના ધંધામાં હું હુશિયાર માટે મેં કર્યું. આહા..હા..! અને શેંત્રુજય ચડતા-ચડતા પગ ચાલે એકદમ-એકદમ એ પગની ક્રિયા મારાથી થાય છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એને ત્યાં એ મિથ્યાદૃષ્ટિપણું મિથ્યાત્વનું પોષક છે. ધર્મ તો નથી પણ પુણ્યના ઠેકાણા નથી ત્યાં. કારણ કે એ પુણ્યના પરિણામનું કાર્ય પણ મારું કર્તાનું હોય તો એ પણ અજ્ઞાનભાવ છે. આહા..હા..! બહુ આકરું કામ, ભાઈ! જગત પાસે વોટ લેવા જાય તો મુશ્કેલ પડે આમાં કે ભાઈ આ સત્ય છે. આહા..હા..!

આ શરીરની આ આંગળી એક હાલે એ આ રજકણો પરમાણુ એ છે આ માટી એનું એ કાર્ય છે, આત્માની ઈચ્છા થઈ માટે ચાલ્યું એ ઈચ્છા કારણ છે નહિ. આહા..હા..! આ વાત ક્યારે ગળે ઉતરે? અસત્યને સત્ય માને અને સત્યને અસત્ય માને અને પછી ધર્મ થઈ જાય એને. આહા..હા..! મિથ્યાત્વનો ભાવ પોષાય છે ત્યાં. બહુ આકરી વાત, ભગવાન! આહા..હા..! કહો, રતિભાઈ! આવું સ્વરૂપ છે આ. આ માસ્તર હુશિયાર હોય તો બધું ભણાવેને છોકરાઓને. એ તો સમાધિશતકમાં કહ્યું છે કે મૂઢ જે સમજે નહિ એને સમજાવી શકાય

નહિ અને જે સમજે છે એને પણ સમજાવી શકાય નહિ. મૂઢ જે પોતે નથી સમજતાનું કાર્ય કરે એને બીજો શું સમજાવે? અને જે સમજે છે એના કાર્યને બીજો શું કરી શકે? આહા..હા..! કહો, પંડિતજી! આ બધા સંસ્કૃતના પ્રોફેસરો છે. નિશાળને ભણાવે ને છોકરાને ભણાવે અને છોકરા ૨૦૦માં પાસ થઈ જાય. બે-પાંચ નાપાસ થાય, બાકી ૧૯૫ પાસ. ફલાણા માસ્તર હુશિયાર હતાને તો એનામાં આટલા પાસ થઈ ગયા. નાપાસ બે-ચાર કોક થયા હશે. અને ઠોઠ માસ્તર હોય તો ૫૦-૧૦૦ પાસ અને બાકી ૧૫૦ નાપાસ. એ..! નારણભાઈ! શું છે આ બધું તમારે બોર્ડિંગમાં? આહા..હા..!

વીતરાગ પરમેશ્વર (એમણે કહેલા) તત્ત્વને જે રીતે છે એ રીતે નહિ માને તો કોઈ દિ' એને સત્ય હાથ નહિ આવે. ગમે એટલી ક્રિયા કરે જાત્રાની, ભક્તિની ને વ્રતની ને તપની એ બધી વિકલ્પનો રાગ છે. આહા..હા..! અને એ રાગમાં પણ આ મેં પરનું શરીરનું કર્યું માટે મને આ રાગ થયો, ભગવાનના દર્શન કર્યા તો એ ભગવાનને લઈને મને અહીં શુભભાવ થયો, પ્રતિમાને દેખી માટે મને શુભભાવ થયો, એ બધો અજ્ઞાનભાવ છે. આહા..હા..! એ શુભભાવનો ઉત્પાદ્ય અજ્ઞાની ઉત્પાદ્ય એ કાર્યનો છે. ઉત્પાદક ભગવાનની મૂર્તિ છે ઓલાનો ઉત્પાદક એમ નથી. આહા..હા..! આવી વાત બેસે કોને? એક જણો કહેતો હતો, અમે અહીં બેઠા અને શેત્રુંજય જઈએ તો કેવા ભાવ અમારા થાય! દુકાન ઉપર બેઠા હોય તો કેવા ભાવ હોય! ત્યાં એને લઈને થયા છેને અમને ભાવ? આહા..હા..! વીરમગામનો એક આવ્યો હતો. શું કહેવાય એ? ઈન્કમટેક્સનો કોઈ ઉપરી આવ્યો હતો. શ્વેતાંબર હતો. તમે આવું બધું ક્યાંથી કાઢ્યું આવું? વ્યાખ્યાન સાંભળ્યું કલાક. પણ આ પરથી કાંઈ થાય નહિ. ભગવાન એમ કહે છે તું સાંભળ તો ખરો. એક તત્ત્વના પરિણામ, ભાવ એ બીજો તત્ત્વ કરે એ વસ્તુના સ્વરૂપમાં ત્રણકાળમાં નથી, એની તને ખબર નથી અને શ્રદ્ધા મિથ્યાત્વ અને તને ધર્મ થઈ જાય ત્યાં (એમ ન બને)! આહા..હા..!

એ અહીં કહ્યું. '**અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક સિદ્ધ કરે છે :—**' એમ છે હોં એનું મથાળું. આટલું બધું શું કરવું છે? ક્રમબદ્ધ સિદ્ધ કરવું છે. જે સમયે જે દ્રવ્યની જે પર્યાય થાય તે કાળે, બીજે સમયે તે કાળે ક્રમસર પર્યાય થાય. પણ એમ સિદ્ધ કરીને કહેવું છે શું? કે થતી દશાના કર્તાપણે તું નથી, તેનો તું જાણનાર છો. એમ ખરેખર તો પરનું કાર્ય ને રાગના કાર્યનો કર્તા પણ જીવ નથી. આહા..હા..! કેમકે જીવ કાંઈ રાગસ્વરૂપ નથી, જીવ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એ તો જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો ભરચક જ્ઞાન ને આનંદથી ભરેલું તત્ત્વ આત્મા છે. એ તો જ્ઞાન કરે, શ્રદ્ધા કરે, આનંદ કરે. એ પણ પોતે કર્તા અને આનંદનું કાર્ય એ પણ ઉપચાર છે. કળશમાં આવે છે. પોતાનું કાર્ય અને કર્તા એ પણ બે ભેદ પડ્યા એ ઉપચાર છે. આહા..હા..! અરેરે! આવી વાત. મોટો સિદ્ધાંત. આહા..હા..!

**'તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામ સાથે તાદાત્મ્ય છે. આમ, જીવ પોતાના પરિણામથી ઊપજતો હોવા છતાં...'** જીવ પોતાની પર્યાયને કરતો-કાર્યરૂપે પરિણમતો છતાં **'તેને અજીવ સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** એટલે અજીવનું કાર્ય આત્મા કરે અને આત્મા કારણ છે એમ સિદ્ધ-સાબિત થતું નથી. આહા..હા..! સુતાર છે એ ગાડું કરતો નથી એમ કહે છે. કુંભાર ઘડો કરતો નથી. આહા..હા..! કંદોઈ જલેબી ને પેંડા કરતો નથી એમ કહે છે. આવી વાત! હુશિયાર બાઈ આમ હળવો હાથ એનો હોય તો પુડલા સારા થાય, લાપસી સારી થાય. હળવો હાથ એમ કહે છેને કેટલાક. હુશિયાર બાઈ બહુ છે. અહીં હરામ હોય તો પરનું કાર્ય કોઈ જીવ કરી શકે ત્રણકાળ, ત્રણલોકમાં નથી. તારી માન્યતા ભ્રમમાં પડી તારી માન્યતા. આહા..હા..! જૈનમાં જન્મ્યો છતાં જૈન શું કહે છે પરમેશ્વર એની તને શ્રદ્ધાની ખબર ન મળે અને ધર્મ તને થઈ જાય. આહા..હા..!

છે? શું કીધું? જ્યારે જીવ પોતાની અવસ્થાથી ઉત્પાદ થતો એટલે કાર્ય કરતો, તો એ અજીવનું કાર્ય એને હોય એમ સિદ્ધ થતું નથી. એ સિદ્ધાંત કહીને પછી આખો સિદ્ધાંત લીધો. 'સર્વ દ્રવ્યો...' એમ લીધું. પછી તો ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, એક એક રજકણ, એક-એક જીવ જુદે જુદાં. આહા..હા..! ઓલામાં તો એક જીવ અને અજીવનું કાર્ય સિદ્ધ કર્યું કે જીવના પરિણામ તે અજીવનું કાર્ય કરે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! સોનાની માળા હોય તો પરિણામ સારા રહે અને લૂગડાની માળા હોય આમ ગણતો હોય તો પરિણામ સાધારણ થાય. એમ હશે? એમ આવે છે ઓલું .. મણિરત્નની માળા. નથી આવતું? આહા..હા..! ભાઈ! માર્ગ પ્રભુનો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર એમણે જોયેલા તત્ત્વનો માર્ગ દુનિયામાં ક્યાંય છે નહિ. એનું જે સ્વરૂપ કહ્યું છે પ્રભુએ, એના સ્વરૂપનું કથન ક્યાંય છે નહિ. એણે જોયું છે ક્યાં ત્રણકાળ, ત્રણલોકને? આ તો ભગવાને ત્રણકાળ, ત્રણલોક જોયા છે. આહા..હા..! એ પરમેશ્વર એમ કહે છે કે જ્યારે જીવનું કાર્ય એ અજીવનું નહિ અથવા અજીવનું કાર્ય એ જીવનું નહિ, તો પછી સર્વ દ્રવ્યનું કાર્ય બીજા દ્રવ્યનું નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

આ ચશ્મા છે તે આમ ચડાવાનું જે કાર્ય થયું એ આત્માથી નહિ અને આંગળીથી નહિ. આવી વાતું. કેમકે એ પરમાણુ તત્ત્વ છે જગતના. અનંત રજકણનો સ્કંધ પિંડ છે આ. એમાંથી દરેક રજકણ તે તે સમયે જે પરિણામ ક્રમબદ્ધમાં થવાના તે કાળે તે રીતે થયા. એમાં એને બીજી આંગળી અને બીજો આત્મા એને ચશ્મા ઉપર ચડાવી શકે (એમ નથી). આહા..હા..! આવી વાતું ભારે આકરી પડે. આ તો ચાર પૈસે શેર તો મણના અઢી એ સિદ્ધાંત. એના પછી દાખલા. આ બધા દાખલા અપાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરે નહિ પછી આ તો દાખલા એના અપાય છે. મણના અઢી તો શેરના ચાર પૈસા. તો પછી પંદર શેરનું શું? કે પંદર શેરના પંદર આના. સાડી સાડત્રીસનું શું? સાડી સાડત્રીસના

સાડી સાડત્રીસ આના. એ તો બધા દાખલા. એમ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે નહિ એના આ દાખલા આપ્યા છે. સિદ્ધાંત તો આ એક જ છે. આહા..હા..!

એ પાણી ઊનું અગ્નિથી ન થાય. એ ચોખા ચડે છે એ પાણીથી ચડતા નથી. આવી વાતું કોઈ દિ' જીંદગીમાં સાંભળી ન હોય. રજકણો જે ચોખાના છે એ પરમાણુ જ્યારે પાકવાની અવસ્થાનો પોતે કાર્યકર્તા છે, એ પાણીથી પાકે છે ચોખો એમ નથી. આવી વાતું શું હશે આ? આવું શું કામ ધર્મ કરનારને? એનું કામ છે કે જે સત્ય છે તે રીતે માને અને સ્વભાવ સન્મુખ થાય તો તેને ધર્મ થાય. આહા..હા..! પરના કાર્ય કરું ત્યાં રોકાય તો તેને મિથ્યાત્વ થાય, અધર્મ થાય. આહા..હા..!

**શ્રોતા :-** પરના કાર્ય કરવાથી પગાર મોટો મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પગાર ધૂળેય મળતો નથી. પગારના રજકણો આવવાનો હોય તે આવે. આ સુમનભાઈને આઠ હજારનો પગાર. કાંઈક ફેરવ્યું છેને આણે તો. ફેરવી નાખ્યું ક્યાંક. બીજે નોકર થયા. આહા..હા..! આ દલીચંદભાઈનો દીકરો નહિ? ત્યાં રહે છે. મોરબીવાળા. માસિક પંદર હજારનો પગાર મુંબઈ. પંદર હજાર. આહા..હા..! કેટલા થયા? દિવસના પાંચસો થયાને? એક મોરબીવાળા છે દલીચંદભાઈ, દલીચંદભાઈ. .. આવે છે કોઈકવાર. એ પંદર હજારના રજકણો જે છે એ શું કહેવાય એ તમારી? નોટું. એ નોટ છે એ અનંતા રજકણનો પિંડ છે. એ નોટુ એ સમયે જ્યાં જવાની અવસ્થા એની ક્રિયાવર્તી શક્તિથી તે પરમાણુ આમ જાય છે. બીજો કહે કે મેં એને આપ્યા અને બીજો કહે કે મેં લીધા એ માન્યતા ભ્રમ અજ્ઞાનીની છે. આવું!

શું તમારા ઓલા બાપ મોટા ભાઈ હતાને મોદી? શું નામ? હરિચંદભાઈ. એ આવતા વ્યાખ્યાનમાંથી લેવા. એટલે કહે મહારાજ, તમે હળવે હળવે બોલો આમ થાય.. હરિચંદભાઈ. મોહન કેશવજી ત્યાં રહેતાને એના ઘરે? મોહન કેશવજી ત્યાં રહેતા એના મકાનમાં. આહા..હા..! આમ એના દાખલા દેવા જોઈએ, ફલાણું કરવું જોઈએ. વળી ઓલો હતો એક ભાઈ રાજકોટમાં. પ્રભાશંકરનો ભાઈ બોગાણી ક્રિપાશંકર. બે ભાઈઓ હતા એક નાસ્તિક, એક આસ્તિક. રાજકોટમાં બે હતા. બોગાણી-બોગાણી દશાશ્રીમાળી. એ ક્રિપાશંકર નાસ્તિક કહેવાતો અને પ્રભાશંકર આસ્તિક કહેવાતો. વ્યાખ્યાનમાં તો આવેને, મારું નામ પ્રસિદ્ધ એટલે આવે. તે દિ' આ તો ઘણાં વર્ષની વાતું. ૫૦-૬૦ વર્ષની વાતું આ. પછી આમ વ્યાખ્યાનમાં સાંભળ્યું. મહારાજ! હળવે-હળવે નહિ. આમ છે... આમ છે... એમ કહો. કોણ કહે? ભગવાન! એ વાણીની ક્રિયા જોરદાર નીકળવી એ શરીરની પરમાણુની પર્યાય છે. આવે ખરા, સાંભળવા આવે. આમ નામ મોટું અમારું હતુંને ૫૦ વર્ષ પહેલાં. કાનજીસ્વામી આવ્યા છે, ચાલો સાંભળવા. માણસ હતું બહુ. ૮૯ની સાલમાં ચોમાસું ૩-૩ હજાર માણસ. રાજકોટ ૮૯ની સાલ. ૩-૩ હજાર માણસ. પરદેસી રાજા આવ્યા હતા સાંભળવા. પછી ગુજરી ગયા. પ્રભાશંકરભાઈ લખતા.

ચીભડા ને માણસ ને એવા આકાર. શું કહેવાય એ? ચિત્રકાર. પણ એ આમ આસ્થાવાળો માણસ હતો. બહુ સાંભળવામાં પ્રેમ હતો. પણ આ તો વાત ક્યાં બેસે ત્યાં? આહા..! ત્યાં એમ જ ચાલે કે જીવની દયા પાળો, છ કાયના જીવની દયાના રક્ષક. સાધુ કેવા છે? છ કાયની દયાના રક્ષક. અહીં ના પાડે છે કે કોઈ પરની રક્ષા કરી શકે એ ત્રણકાળમાં છે નહિ. એય..! ચંપકભાઈ! આહા..હા..!

એનો બાપ પણ જરી એકવાર ખાનગી પૂછતા હતા ખાનગી હોં! ખાનગી. સ્થાનકવાસી ખરાને. વળી સ્થાનકવાસીમાં અગ્રેસર. ખાનગી એક વાર (પૂછ્યું), મહારાજ! મૂર્તિ છે કે નહિ શાસ્ત્રમાં? પાછળ ઓલો વાડો છેને વાડો અપાસરાનો. એ પાછળ એકલા આવી.. ઘણી સાલની વાત હશે. શાસ્ત્રમાં એમ કે મૂર્તિ આપણે માનતા નથી સ્થાનકવાસી. શાસ્ત્રમાં મૂર્તિ છે કે નહિ ક્યાંય? અને ગૃહસ્થ માણસ ત્યાં અગ્રેસર. તે દિ' તો ... હતીને મોટી... મેં કીધું મૂર્તિ છે. આમાં રહ્યા છતાં કહેવાય નહિ, આમાં રહેવાય નહિ. શાસ્ત્રમાં મૂર્તિ છે, પ્રતિમા છે, દેવલોકમાં છે, મનુષ્યપણામાં છે. આહા..હા..! પણ બહારમાં શેઠિયા તરીકે મૂકાય નહિ એ. આહા..હા..! હજી તો વ્યવહાર જે રીતે છે એ રીતે મનાય નહિ, એને ધર્મ કે દિ' થાય? આહા..હા..!

આ મહાસિદ્ધાંત છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એમ આવે છે કે કાર્યના બે કારણ. એવો પાઠ છે. પંડિતો વચ્ચે એવી ચર્ચા મોટી ચાલે. અહીં કહે છે કે કાર્યનું પોતે જ પોતે જેનું થયું તેનું તે એક કારણ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ-૬, બુધવાર, તા. ૨૨-૦૬-૧૯૭૭, ગાથા-૩૦૮ થી ૩૧૧, પ્રવચન નં. ૩૭૪

સમયસાર, સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર. પ્રથમ ગાથાઓ છેને. અહીં સુધી આવ્યું છે. '**ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...**' છતાં માથેથી લઈએ. '**આમ, જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**' શું કહે છે? કે આ જીવ જે આત્મા છે એ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એ પોતાના પરિણામપણે ઊપજે—જ્ઞાનપણે, આનંદપણે, શાંતિપણે, સમ્યગ્દર્શન-જ્ઞાન એવા પરિણામપણે '**ઉપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...**' એ જડ કર્મ ને જડ શરીર એના કાર્યનું કારણ આત્મા અને કાર્ય એ જીવનું એમ સિદ્ધ થતું નથી. કર્મ બંધાય છે એ કર્મની પર્યાયનું કાર્ય, જીવ કારણ અને

એનું એ કાર્ય છે એમ સિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ? પહેલાં જીવ અને અજીવની વાત છે.

'**જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**' એટલે કાર્ય તો છે. જીવ પોતાના પરિણામે ઊપજે છે એટલે કાર્ય તો છે. આત્મા પોતાના પરિણામે ઊપજે એટલે જ્ઞાન, દર્શન અને આનંદ એવા સ્વભાવના પરિણામનું કાર્ય તો છે, પરિણામપણે ઊપજે તો છે. તો એવું કાર્ય કરતો હોવાથી '**અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...**' પણ કર્મની પર્યાય જીવ કરે કે શરીરની આ પર્યાય જીવ કરે એમ અજીવનું કાર્યનું કારણ જીવ સિદ્ધ થતો નથી. સમજાણું કાંઈ? '**અજીવની સાથે કાર્યકારણભાવ...**' અજીવની પર્યાયનું કાર્ય અને જીવ પોતાના પરિણામે ઊપજે છે માટે તે પરિણામ પરના કાર્યનું કારણ એમ કોઈ રીતે સાબિત થતું નથી.

'**કારણ કે...**' એ તો જીવ-અજીવની વાત (કરી), હવે આમ બધા દ્રવ્ય લે છે. '**સર્વ દ્રવ્યોને...**' એક એક પરમાણુને અને એક-એક આત્માને '**અન્ય દ્રવ્ય સાથે...**' એક દ્રવ્યને બીજા દ્રવ્યની સાથે '**ઉત્પાદ્ય...**' નામ કાર્ય અને '**ઉત્પાદક...**' નામ કારણ એવા ભાવનો '**અભાવ છે;...**' કહો, આ વાવવાની ક્રિયા આત્મા કરી શકતો નથી એમ કહે છે. આહા..હા..! એ જીવ પોતે પોતાના પરિણામપણે, પર્યાયપણે ઊપજે એવું કાર્ય, કારણ કર્તા ને કર્મ તે અભેદ છે. કર્તા આત્મા અને એના વીતરાગી પરિણામ એવું કર્મ એ કાર્ય, કારણ અને કાર્ય તે અભેદ છે; અને તેવા કાર્યપણે ઊપજતો છતાં એને અજીવના કાર્યનું આત્મા કારણ છે એ વાત કોઈ રીતે સિદ્ધ થતી નથી. આહા..હા..! પરજીવને મારી શકે કે જીવાડી શકે કે પરપદાર્થને દાળ, ભાત, રોટલી, શાક, કપડા, દવા એ બીજી ચીજને એનું જવાનું કાર્ય છે તે જીવ કરી શકે એમ સિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બધાને લોલુ કરી નાખ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોલુ નથી, પોતાના પરિણામથી ઊપજે છે, લોલુ નથી. એ નિત્ય વસ્તુ પોતાના પરિણામ પર્યાયથી ઊપજે છે એવો ઊપજવાના કાર્યપણે હોવા છતાં અજીવના કાર્યનું કારણ જીવ છે એમ સિદ્ધ થતું નથી. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! એ હળ હલાવી શકતો નથી એમ કહે છે. લ્યો! અનાજ થાય એ લણી શકતો નથી. આ વેપાર ને સોના વેપારના ધંધા હોયને, એ સોનું આમ તોળીને દઈ શકે એ કાર્ય જીવનું નહિ. ઝવેરાત એકબીજાને આપે અહીંયાં હીરા-માણેક એ કાર્ય જડના, જીવના નહિ. કેમકે જીવ તો પોતે કાર્ય કરે છે એમાં બીજાનું કાર્ય ક્યાં કરે? એમ કહે છે. જીવ પોતાના પરિણામપણે ઊપજે છે એવું તો કાર્ય કરે છે. હવે પોતાના પરિણામનું કાર્ય કરે અને પરનું પણ કાર્ય કરે એમ ક્યાં બને? એમ કોઈ રીતે સિદ્ધ થતું નથી. આહા..હા..! દેવીલાલજી! આવું બેસવું કઠણ જગતને. આહા..હા..!

**શ્રોતા :-** ૪૮-૪૮ તાળા તોડી નાખ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધી વાતું. આજે આવ્યું છે. ઓલા શિવની છેને શિવનીવાળા સુમેરુચંદ. એનું લખાણ આવ્યું છે જૈનગેજેટમાં. કે આ એકાંતવાદીઓ પુણ્ય ને પાપને બેયને ક્ષય કરવાનું પહેલેથી કહે છે. ક્ષય કરવાનું. અને પુણ્યનો ક્ષય તો ચૌદમે ગુણસ્થાને થાય, એને ઠેકાણે અહીં નીચે પણ કહે છે એકાંતવાદીઓ પુણ્યનો ક્ષય કરો... પુણ્યનો ક્ષય કરો. એ આવ્યું જૈન ગેજેટમાં આવ્યું છે. ક્ષયની ક્યાં વાત છે? નિશ્ચયથી તો એ રાગ જે પુણ્ય છે એ અજીવ છે અને જીવ પોતાના જ્ઞાતા-દ્રષ્ટાના પરિણામપણે ઊપજે, છતાં તે પુણ્યના પરિણામનું કાર્ય તે આત્માનું નથી. આહા..હા..! અને તે પુણ્ય પરિણામ શુભાચરણ ૧૦૮ કળશમાં કહ્યુંને, એમ કે વર્જવાયોગ્ય છે એટલું નથી, પણ એ તો ઘાતક છે, દુષ્ટ છે, અનિષ્ટ છે. આહા..હા..! શુભભાવ સમકિતીને કે મુનિને પણ હોય તો ખરો, પણ છે તો એ દુષ્ટ, અનિષ્ટ અને સ્વભાવની શાંતિનો એ રાગ ઘાતક છે. ૧૦૮ કળશમાં આવી ગયું છે પુણ્ય-પાપ અધિકારમાં.

**શ્રોતા :-** .. નથી આવ્યું કળશટીકામાં આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કળશટીકામાં આવ્યું ને પણ એ અમૃતચંદ્રાચાર્યનું છેને. સમજાણું? છે આ? પાઠ છે. '**અહીં કોઈ જાણશે કે શુભ-અશુભક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.**' એમ કોઈ કહે તો '**ઉત્તર આમ છે કે—વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર...**' આ આખો વાંધો અત્યારે આ છે મોટો. શિવનીમાં ગયા ત્યારે આ વ્યાખ્યાનમાં આવ્યો હતો. એના બાપ માંદા હતા તો દર્શન કરવા છે મારા બાપને, તો ઘરે ગયા હતા. જયપુર આવ્યા હતા. છે બાળબ્રહ્મચારી. સુમેરુચંદ પંડિત છે. પણ આનું લખાણ આજે એવું આવ્યું છે. અહીંના માટેનો આરોપ છે કે એ પુણ્યનો ક્ષય તો ચૌદમે ગુણસ્થાને થાય. પણ એની ક્યાં વાત છે? અને છે તે પોતાનું હિતનું કારણ છે? કે અહિતરૂપી કાર્ય છે? એ હેય તરીકે છે કે આત્મહિત કરવા તરીકે છે? નાશ થઈ શકે નહિ એ જુદી વાત છે, પણ નાશ કરવાલાયક છે કે રાખવાલાયક છે? સમજાણું કાંઈ? આ મોટા વાંધા હવે. આજે આવ્યું છે જૈન ગેજેટમાં. સોનગઢને સંભારે છે હવે બધા ઘણાં પંડિતો. જૈન ગેજેટ, જૈન દર્શન, એક કરુણાદિપ છે એ તો બહુ વિરોધ, ઘણો વિરોધ છે. એ તો (લખે છે), સોનગઢનો પંથ તો વ્યભિચારી અને ભ્રષ્ટાચાર છે ત્યાં સુધી લખ્યું. અરે! ભગવાન! શું કરે છે, બાપુ! તને ખબર નથી, ભાઈ!

**શ્રોતા :-** એ છાપાનું નામ કરુણાદિપ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરુણાદિપ-કરુણાદિપ. કાલે આવ્યા છે બે પત્રો.

અહીંયાં કહે છે... હવે આણે આ કહ્યું, એકાંતવાદીઓ પહેલાં ગૃહસ્થોને પણ પુણ્ય ક્ષય કરો એમ કહે છે. ક્ષય કરો એમ કોણે કહ્યું? ક્ષય કરવાલાયક છે એવી દૃષ્ટિ પહેલી કરવી. ક્ષય ક્યાંથી થઈ જાય? ક્ષય તો શુદ્ધ ઉપયોગ પૂર્ણ ઘણો થાય ત્યારે તે પુણ્ય ઉત્પન્ન ન

થાય ત્યારે ક્ષય થાય એમ કહેવામાં આવે. આહા..હા..! બહુ ગડબડ થઈ આખી. પંડિતો મોટા અને એને મોટું માન આપ્યું હમણાં જબલપુરમાં. નહિતર જબલપુરમાં તો પોર જ્ઞાનચંદજી ગયા હતા દસલક્ષણીપર્વમાં. દસ-દસ હજાર માણસ અને એની સભામાં બસ્સો. કોઈ કમિટી ભેગી થઈને એને અત્યારે માન બહુ આપ્યું. એક પુસ્તક બનાવ્યું સ્યાદ્વાદચક્ર કાંઈક નામ છે. આ બધો ગોટો નાખ્યો હશે આવો સ્યાદ્વાદ આ. શુભાચરણથી પણ ધર્મ થાય, શુદ્ધ આચરણથી પણ થાય એનું નામ અનેકાંત.

**શ્રોતા :-** શુભથી પરંપરા થાય

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરંપરાનો અર્થ શું? એનો અભાવ કરીને થાય એ પરંપરા. એનાથી થાય એ ત્રણકાળમાં નહિ. આહા..હા..! આસ્રવ અનર્થનું કારણ છે. નહોતું કહ્યું? પુણ્ય અને પાપના બે ભાવ અનર્થનું કારણ છે. હમણાં કહ્યું હતું ક્યાંક નહિ? આમાંથી. પંચાસ્તિકાય. આસ્રવ અધિકાર છેને છેલ્લો, ત્યાં કહ્યું છે પાછળ. અનર્થનું કારણ છે. આહા..હા..! પંચાસ્તિકાયમાંથી કહ્યું હતું પાછળ. આહા..હા..!

અહીંયાં શુભભાવ હો, હોય છે, પણ એ હેય તરીકે છે કે ઉપાદેય તરીકે છે? એટલી વાત છે. સમજાણું કાંઈ? ત્યારે એ કહે કે તમે ક્ષય કરવાનું, ગૃહસ્થને પુણ્ય પરિણામને ક્ષય કરવાનું કહો છો. ગૃહસ્થ તો મોટા પાપમાં પડ્યા છે. નાશ કરવાલાયક છે એમ શ્રદ્ધા તો કરે. આહા..હા..! નાશ થાય ક્યારે? નાશ તો શુદ્ધોપયોગ પૂર્ણ થાય વીતરાગભાવ ત્યારે એ પુણ્યનો નાશ થાય. નાશ જુદી વસ્તુ છે અને બે ધારા સાથે ચાલે. આત્મધારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને કર્મધારા-રાગધારા બે સાથે હોય, છતાં રાગધારા તે બંધનું કારણ છે, ચાહે તો પુણ્યની વાત હો, આત્મધારા તે અબંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં આ કહ્યું '**વ્યવહારચારિત્ર હોતું થકું...**' હોતું થકું એટલે હોય છે એમ કે. '**દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે...**' દૃષ્ટિમાં નિષેધ છે. દૃષ્ટિમાં જો આદરવાલાયક (માને તો) મિથ્યાદૃષ્ટિ છે. અનર્થનું કારણ છે. હવે એણે લખ્યું જૈન ગેજેટમાં લેખ છે પહેલે પાને. ક્ષય કરવાનું કહે છે એકાંતવાદીઓ. વાત સાચી કે નાશ કરવાલાયક છે એમ કહે છે, પણ ક્ષય કરે ક્યાંથી? નીચે ક્ષય ક્યાંથી થાય? નાશ કરવાલાયક છે એવી દૃષ્ટિ હોય છે ધર્મીની અને ઉત્પાદ કરવાલાયક છે એ તો સંવર, નિર્જરા અને મોક્ષ. શુદ્ધોપયોગ તે ઉત્પાદ કરવાલાયક છે. અશુદ્ધોપયોગ તે નાશ કરવાલાયક છે, પણ નાશ થઈ શકે નહિ નીચે. આહા..હા..! પણ હેય છે, એમ ન માને તો તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! વાત આ હવે. કહો, ધર્મચંદજી! આ શું અત્યાર સુધી કુટાવ્યું? તમે બધાએ ઈ કર્યું. માથે કીધું હા..હા.. સૌ પાડે. ધર્મચંદજી કહેતા હતા તમારે નહિ ઓલા શેઠ આવ્યાને. હુકમીચંદજી આવ્યા ત્યારે કહે અમે અત્યાર સુધી બધા પંડિતો કહે એમાં હા પાડતા, પણ એ વસ્તુ એમ નથી. હુકમીચંદ ઉતર્યા હતા એમના ઘરે. પ્રેમચંદભાઈ એમના. બહેનના પિતા

નિર્મળાબેન. પ્રેમચંદભાઈને રસ ઘણો છે. એ શેઠને કહ્યું કે અત્યારે બધા પંડિતો આમ કહે છે. આમ.. આમ.. બધી વાત અમને બધી ખોટી ભરાવી. આહા..હા..! અરેરે! આવો માર્ગ છે એની હજી ખબર પણ ન મળે અને કયે રસ્તે જાવું એની ખબર ન મળે. પુણ્યને રસ્તે જાવું કે સ્વભાવને રસ્તે જાવું? આહા..હા..! શુભભાવ હો, હોય છે, અશુભથી બચવા તો મુનિને પણ પંચમહાવ્રતના પરિણામ આવે, પણ ઓલું શાસ્ત્રમાં એમ આવેને પહેલું પાપ ટાળીને અને પછી પુણ્ય. પણ એ તો પછી ચારિત્રની અપેક્ષાની વાત છે. ..ની અપેક્ષાએ તો પહેલેથી પુણ્ય અને પાપ બેય બંધના કારણ છે, એનું ફળ પુદ્‌ગલ છે, એ બંધને આશ્રયે ભાવ થાય છે. આહા..હા..! એ ચંડાળણીના પુત્ર છે બેય. વિભાવના બે પુત્ર છે—પુણ્ય અને પાપ. અરે! ભાઈ એને હજી શ્રદ્ધવામાં પણ હજી વાંધા એ અંદરમાં જઈ કઈ રીતે શકે? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે જ્યારે જીવ દરેક જીવ અને એ જીવ અહીં લેવો એવો કે જેનો જ્ઞાન અને આનંદ સ્વભાવ છે એના પર્યાયપણે ઊપજે. એવા પરિણામપણે ઊપજતો થકો, રાગના પરિણામને ઊપજાવે ને રાગનું કાર્યનું કારણ થાય એવું જીવનું સ્વરૂપ નથી. એ પછી કહેશે. ત્યારે કહે આ બંધ થાય છેને? એ તો અજ્ઞાનને કારણે. વસ્તુના સ્વરૂપની ખબર નથી માટે અજ્ઞાન. વસ્તુસ્થિતિ છે એ બંધનું કારણ છે જ નહિ. સમજાણું કાંઈ? પછીના શ્લોકમાં આવશે કળશમાં (કે) અજ્ઞાન બંધનું કારણ છે. એટલે કે સ્વભાવ છે જ્ઞાન એ કાંઈ બંધનું કારણ નથી. આહા..હા..! જેને આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપ્રકાશ, ચૈતન્યના પ્રકાશસ્વરૂપે પ્રભુ છે અને અતીન્દ્રિય આનંદના સ્વભાવનો પૂર્ણ ભરેલો છે એનું ઊપજવું તો શુદ્ધ પરિણામપણે ઊપજે. શુદ્ધ સવારમાં આવ્યું હતું નહિ? શુદ્ધ ઉપયોગ લક્ષણ સ્વાનુભવ એ મોક્ષનું કારણ છે. આહા..હા..! અરે! શું કરે કંઈ ખબરેય ન મળે. એમને એમ જિંદગી જાય. હુશિયાર અમે છીએ, ડાહ્યા છીએ, વેપારમાં ફાવ્યા છીએ. પાંચ-પચાસ લાખ મળે ત્યાં ફાવ્યા અને જાણે છોકરા બધા.. અરે! ભાઈ! બાપુ! ક્યાં જાવું છે ભાઈ તારે? આહા..હા..! એ પંડિતાઈ કામ નહિ આવે ત્યાં. આહા..હા..!

જેણે ભગવાન આનંદસ્વરૂપને ઉપાદેય માનીને દૃષ્ટિ અને અનુભવ કર્યો હોય એને ભલે રાગ હોય પણ તે હેય તરીકે છે, એ કલ્યાણને પંથે છે. ભલે અકલ્યાણ રાગ ભેગો હો, પણ ઈ એનો નથી. આહા..હા..! પુણ્યભાવ હોય તો ખરો. મુનિને હોય છે. જાત્રા, ભક્તિ ભાવ તો આવે અશુભથી બચવા, પણ પોતે હેય છે. એવી જો દૃષ્ટિ ન હોય તો ઉપાદેય માને તો મિત્યાદૃષ્ટિ છે. મિથ્યા નામ સત્યથી જૂઠી દૃષ્ટિ છે. સત્યનું સત્યપણું છે એનાથી તે જૂઠો છે. આહા..હા..! અરે! ક્યાં જાવું છે ભાઈ તારે? આહા..હા..! આંખ મીંચીને ચાલ્યો જઈશ ભાઈ! એ બધા પાસ કરશે, બધા મદદ, બધા અભિનંદન આપશે તને. ઓહો..હો..! એ ત્યાં નહિ કાંઈ ત્યાં શું કહેવાય ઈ? ઘરેણે મૂકાશે નહિ એ બધું. મારી આબરૂ હતી,

પાસ અમને કરતા, અમારામાં સભા ભરાતી મોટી, અમને હા-હા પાડતા. આહા..હા..! એ બધી ઘરેણે નહિ મૂકાય, બાપુ! આહા..હા..! અંદરનો ચૈતન્ય ભગવાન એના અનુભવની દૃષ્ટિ ન કરી... આહા..હા..! અને જેને એ અનુભવ કાર્યપણે ઊપજ્યો એ જીવ રાગનું કાર્યનું કારણ છે એવું સ્વરૂપમાં નથી. કારણ કે એની કોઈપણ શક્તિ અને ગુણ વિકાર કરે એવી કોઈ શક્તિ જ નથી. આહા..હા..! આવો આત્મા પણ એને મહિમા ન આવેને. દુનિયાથી બિલકુલ વિરુદ્ધ. આહા..હા..!

એ કહે છે, જ્યારે જીવ પોતે પોતાની દશાપણે, સ્વભાવના પરિણામપણે ઊપજતો હોવા છતાં એના કાર્ય કરે. જીવ કર્તા એટલે કારણ અને ઉત્પન્ન જે વીતરાગી પર્યાય થાય તે તેનું કર્મ એટલે તેનું કાર્ય, એવું કાર્ય અને કારણ હોવા છતાં અજીવની સાથે કારણ-કાર્યનો સંબંધ નથી. પોતામાં છે એ પણ ઉપચાર છે હજી. આહા..હા..! **'કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે...'** દરેક રજકણને, દરેક આત્માને. આહા..હા..! અનંત-અનંતપણે જેને રહેવું છે દ્રવ્યને એ અનંતને અનંતપણે જેને માનવું છે એને અનંત દ્રવ્ય અનંતપણે પોતાના પરિણામને કરે અને એનો કર્તા પોતે દ્રવ્ય; પણ જો પરના કાર્ય કરે પોતે તો બે એક થઈ ગયા તો અનંતપણું પૃથક્ ન રહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે...'** એક-એક રજકણને બીજા રજકણનું કાર્ય કરે એક રજકણ, કે આત્મા રજકણને હલાવે અને રજકણ ભાષા આદિ બોલે એવો ઉત્પાદ્ય નામ ભાષાના કાર્યને ઉત્પાદ્ય અને ઉત્પાદક જીવ એને ઉત્પન્ન કરે એવું કોઈ દિ' છે નહિ. કહો, દેવજીભાઈ! છેને અંદર? આહા..હા..! અલમસ્ત શરીર અને જેમ ચલાવવા માગે એમ ચાલે. ઉતાવળા ચાલવું હોય તો ઉતાવળો ચાલે, ધીમું ચાલવું હોય તો ધીમે ચાલે. કહે છે હરામ એવું હોય તો. આહા..હા..! એ ધીમે અને ઉતાવળેની જડની ક્રિયા કર્તા જીવ છે, પ્રેરે માટે એ કાર્ય થાય છે, એમ ત્રણકાળમાં છે નહિ. સમજાણું કાંઈ? એમ **'સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે...'** સંબંધરૂપે ઉત્પાદ્ય કાર્ય અને ઉત્પાદક કારણનો અભાવ છે. આહા..હા..! દેશની સેવા કરી શકે. લોકોને સારું લાગે લ્યો દેશસેવા કરે છે, ભાઈ! અને એણે જૈનધર્મની બહુ સેવા કરી છે. શેની પણ? સેવા એટલે શું? એ તો વીતરાગી પરિણામ કરે એ જૈનધર્મની સેવા છે. બીજાનું કાંઈ કરી શકે, જૈનના સંપ્રદાયના માણસોની સેવા કરે એમ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઉપદેશ આપીને બીજાને ધર્મના કાર્ય પોતે કરી શકે એમ નથી. આહા..હા..!

**'ઉત્પાદ્ય-ઉત્પાદકભાવ...'** ભાવ છેને? એનો **'અભાવ છે;...'** આહા..હા..! ઘણો સિદ્ધાંત થોડામાં ત્રણકાળ, ત્રણલોકના અનંતા કારણ-કાર્યની ભેદતા એકદમ બતાવી દીધી. આહા..હા..! એ નાકનો શ્વાસ લે આત્મા એ કાર્ય જીવનું અને જીવ કારણ છે એ કોઈ રીતે સિદ્ધ થતું નથી. ડોક્ટર જોવેને જ્યારે કહેને કે ઊંડો શ્વાસ લ્યો. ઊંડેથી શ્વાસ લ્યો

એમ કહે. એટલે ક્યાં ધડાકા છે અને શું છે એનું માપ આવે એને. ઊંડે શ્વાસ લેવા જાય. હવે જેમ ચાલે છે તેમ ચાલવા ઘો. આહા..હા..! એ શ્વાસના કાર્યનું આત્મા કારણ અને શ્વાસ કાર્ય, પરમાત્મા કહે છે એવું કોઈ રીતે સાબિત થતું નથી. આહા..હા..! આવું તો સાંભળે નહિ, સાંભળ્યું ન હોય બિચારાએ અને સાંભળનારા પંડિતો ખખડી ગયા બધા. આહા..હા..! (લાયકાત નથી). ભગવાન! આહા..હા..! એકલો આવ્યો અને એકલો જાઈશ, ભાઈ! આહા..હા..! કોઈને કોઈનો સાથ એમાં છે નહિ. આહા..હા..! પરના કામ ઘણાં કર્યા માટે ત્યાં મદદ મળશે મરતા. કર્યા, કરી શક્યો જ નથી, અભિમાન મિથ્યાત્વ કર્યું છે. આહા..હા..! ઘણાં દેશની સેવા કરી, ઘણાંને અનાજ આપ્યા, ઘણાંને ઔષધ આપ્યા, ચિકિત્સાલય બનાવ્યું. લ્યો! ચિકિત્સાલય એટલે? દવાખાનું.

**શ્રોતા** :- શું દર્દ છે એ નક્કી કરવા માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, નક્કી કરવા માટે. આ રાજગૃહીમાં અત્યારે ઘણું કરે છેને ઓલા અમરચંદજી. ચિકિત્સાલય, ફલાણા, ઢીંકણું કેટલા લાખો નાખે છે લોકો. ઓહો..હો..! શું અમરચંદ મહારાજે કામ કર્યા! લોકસેવા. એ અભિનંદન આપ્યું હમણા એને, જબલપુર સુમેરુચંદને. આભાર માનીએ છીએ. મેં જૈનધર્મની સેવા કરી છે, પણ એમાં કાંઈ મારું ઓલું નથી. એમાં આપ મને મોટો ઠરાવો અને આભાર માનો છો. પણ એની શ્રદ્ધા તો આવી છે કે પુણ્યનો નિષેધ ન કરવો પહેલાં.

**શ્રોતા** :- પણ પુણ્યનું સ્વરૂપ તો સમજાવવું કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પુણ્યનું સ્વરૂપ એવું છે કે એ આચરણ કરવાલાયક છે, એમ કહે છે.

**શ્રોતા** :- .. છોડવાલાયક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, નહિતર તમે નિષેધ કરો એકાંતવાદ છે. આહા..હા..! એક શ્લોકમાં છેને ક્યાંક? સ્વરૂપાચરણ ચારિત્ર નહિ? સ્વરૂપાચરણ ચારિત્રના કળશમાં છે એટલું. છ બોલ છે. સ્વરૂપાચરણ ચારિત્ર. એમાં રાગના આચરણનો નિષેધ છે. છેને એ પુણ્ય-પાપમાં છે. શું કીધું? એ તો આવ્યું હતું. હા ઈ. જુઓ, શ્લોક છે ૧૦૬. જુઓ, 'ज्ञान' '**શુદ્ધમાત્ર, તેની સ્વરૂપનિષ્પત્તિ, તેનાથી જે**...' 'वृत्तं' '**સ્વરૂપાચરણચારિત્ર તે જ, તે જ મોક્ષમાર્ગ છે**;...' સ્વરૂપાચરણચારિત્ર આમાં છ વાર આવ્યું છે, છ વાર. ૧૦૬ કળશ. છે? '**એ વાતમાં સંદેહ નથી. ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે સ્વરૂપાચરણચારિત્ર એવું કહેવાય છે કે આત્માના શુદ્ધ સ્વરૂપને વિચારે અથવા ચિંતવે અથવા એકાગ્રપણે મગ્ન થઈને અનુભવે; પણ એવું તો નથી, એમ કરતા બંધ થાય છે, કેમકે એવું સ્વરૂચારણચારિત્ર નથી.**' એ ત્રીજી વાર આવ્યું. છેને? ત્રીજી લીટીમાં એકવાર આવ્યું, પાંચમી લીટીમાં આવ્યું, આ છઠ્ઠીમાં આવ્યું. '**તો સ્વરૂચારણચારિત્ર કેવું છે? જેમ પાનું (સુવર્ણપત્ર) તપાવવાથી સુવર્ણમાંની કાલિમા જાય છે, સુવર્ણ શુદ્ધ થાય છે, તેમ જીવદ્રવ્યને અનાદિથી**

**અશુદ્ધચેતનારૂપ રાગાદિ પરિણમન હતું તે જાય છે, શુદ્ધસ્વરૂપ માત્ર શુદ્ધચેતનારૂપે જીવદ્રવ્ય પરિણમે છે, તેનું નામ સ્વરૂપાચરણચારિત્ર કહેવાય છે;...'** લ્યો! એ પાંચમી વાર આવ્યું. સમજાણું?

**'સર્વોત્કૃષ્ટ થાય છે ત્યાં સુધીના શુદ્ધપણાના અનંત ભેદ છે.' 'ઘણી શુદ્ધતા, તેનાથી ઘણી, તેનાથી ઘણી—એવા થોડાપણા-ઘણાપણારૂપ ભેદ છે. ભાવાર્થ આમ છે કે જેટલી શુદ્ધતા હોય છે તેટલી જ મોક્ષનું કારણ છે. જ્યારે સર્વથા શુદ્ધતા થાય છે ત્યારે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.'** લ્યો! **'ત્રણે કાળે આવું છે જે શુદ્ધચેતનાપરિણમનરૂપ સ્વરૂપાચરણચારિત્ર...'** એ છઠ્ઠી વાર આવ્યું. છે? એ છઠ્ઠી વાર આવ્યું. છવાર સ્વરૂપાચરણચારિત્ર (આવ્યું). ભગવાન જ્ઞાન ને આનંદસ્વરૂપ છે એનું આચરણ જ્ઞાનમાં, જ્ઞાનમાં રમવું એ સ્વરૂપાચરણ છે. એ દયા, દાન, વ્રતાદિની ક્રિયા એ સ્વરૂપચારણ નથી. આવી વાત છે.

**શ્રોતા :-** દયા, દાનની વાત કરો છોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રત અને તપ છ બોલ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ૧૦૬ કળશમાં છવાર સ્વરૂપાચરણચારિત્ર આવ્યું. એટલે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનું આચરણ તે વિહિત છે. એમાં છે પછીમાં. અનુભૂતિ વિહિત અને વિધાન એ ભગવાને સ્થાપ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...'** નિશ્ચયથી તો પુણ્યના પરિણામનું કાર્ય અને જીવ તેનું કારણ એ કોઈ રીતે સિદ્ધ થતું નથી. પુણ્ય પરિણામ એ વિભાવ અને આત્મા ત્રિકાળી અનંત શુદ્ધસ્વરૂપે સ્વભાવ, એ સ્વભાવ વિભાવનું કાર્ય કરે (એ) કોઈ રીતે સિદ્ધ થતું નથી. આહા..હા..! હવે અહીં સુધી જાણવા મળે નહિ બિચારાને. અરે! એ ક્યાં જાય? શું કરે? જીવનની જિંદગી પૂરી થવા આવી કેટલાકને. ૬૦-૬૦, ૭૦-૮૦ થયા. આહા..હા..! **'તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;...'** એટલે શું કીધું? અજીવના કાર્ય જીવ કરે તે સિદ્ધ થતું નથી, અજીવનું કાર્ય જીવ કરે એ વાત સિદ્ધ થતી નથી. કર્મનું બંધનનું કાર્ય જીવ કરે એ વાત સિદ્ધ થતી નથી. શરીર ચાલવાની ક્રિયાનું કાર્ય જીવ કરે, એ અજીવનું કાર્ય જીવ કરે એ વાત સાબિત થતી નથી. ઓહો..હો..! મોટા ડુંગરાના ડુંગરા તોડે, પર્વત તોડે અને એમાં રેલું કાઢે. આવે ઘણી વાર આવે. આવું કર્યું. અરે! બાપા! તને ખબર નથી, ભાઈ! ધીરો થા. તારું સ્વરૂપ તો પ્રભુ જ્ઞાનમય છેને. એ જ્ઞાન તે પરને શું કરે? આંખ એ પરને શું કરે? એ ૩૨૦ ગાથામાં આવશેને. આહા..હા..! રાજકોટ વંચાઈ ગયું હમણાં. આંખ એ શું કરે? જોવે કે દેખે કે કરે? આહા..હા..! એમ આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એ રાગ હો કે જડની ક્રિયા હો એને શી રીતે કરે? જ્ઞાન કરે શી રીતે? એ તો જાણે કે આ છે એટલું. આહા..હા..! કહો, દેવીલાલજી! આવી વાતું ઝીણી.

મળે નહિ બિચારાને. આવો વખત ચાલ્યો જાય છે. મરણની સમીપ જાય છે. આહા..હા..! વીતરાગ પરમેશ્વર જેવું સત્ કહે છે તેવું સત્ સાંભળવા ન મળે અને સાંભળવાને માટે નવરાશ ન લે. આહા..હા..! શું એને કરવું છે? અનાદિ રખડી મરે છે અનાદિ.

અહીં કહે છે, '**અજીવને જીવનું કર્મપણું**...' એટલે અજીવને જીવનું કાર્યપણું '**સિદ્ધ થતું નથી;**...' બરાબર છે? આહા..હા..! અજીવનું કાર્ય જીવનું કાર્ય છે એમ સિદ્ધ થતું નથી. શરીરનું ચાલવું એ જીવનું કાર્ય છે તેમ સિદ્ધ થતું નથી. એમ કર્મબંધન જ્ઞાનાવરણીય આદિ થાય એ કાર્ય જીવનું છે એમ સિદ્ધ થતું નથી. અરે! પુણ્ય ને પાપ, દયા, દાનના, વ્રતના વિકલ્પો છે એ કાર્ય જીવનું છે એમ સિદ્ધ થતું નથી. કેમકે એ વિકારી પરિણામમાં ચૈતન્યનો અભાવ છે. નિશ્ચયથી એ વિકારી પરિણામ અરૂપી અચેતન છે. આ શરીર-વાણી તે રૂપી અચેતન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ વળી. બાપુ! માર્ગ તો એવો છે, ભાઈ! અનંતકાળ થયા. એ મુનિ પણ અનંતવાર થયો, સાધુ પણ અનંતવાર થયો, પણ 'એ રાગની ક્રિયા, દેહની ક્રિયા, કષાય ને કાયા એ મારી ચીજ છે' એમ માનીને પંચમહાવ્રત પાળ્યા એણે. આહા..હા..! 'એ રાગ તે મારો છે' એમ માનીને મહાવ્રત પાળ્યા એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..!

અહીં તો કહે છે કે મહાવ્રતના પરિણામ પણ અચેતન છે. એ કાર્ય જીવનું અને કારણ જીવ અને કાર્ય મહાવ્રત એવું કોઈ રીતે સિદ્ધ થતું નથી. દિલીપ! આહા..હા..! આ ધીરધાર કરેને તારો બાપ ત્યાં બધા પૈસાનો. દોઢ ટકાના વ્યાજે અહીં આપવા ને અહીં આપવા. વજુભાઈની દુકાને બેસે તો આમ કેવી રીતે કે આહા..હા..! કેટલા પૈસા જોવે છે? આટલું વ્યાજ દેવું પડશે. પાંચ હજાર જોવે છે (તો) દોઢ ટકો જોશે. ભાઈ! દોઢ ટકો લાવોને અત્યારે. આહા..હા..! કહે છે કે એ વાણી અને પૈસાની ક્રિયા એ કાર્ય જીવનું અને આત્મા કારણ કોઈ રીતે સાબિત થતું નથી. આહા..હા..! કહો, આ ઈંજેક્શનનું કાર્ય આત્મા કરી શકે નહિ એમ કહે છે. પડીકી વાળી દે દવાની આત્મા સરખી કરીને, દૂધમાં લેજો જાવ. વળી પાછી મધમાં લેજો. પાપમાં. આહા..હા..! એ અજ્ઞાની રાગના ભાવને કરે, છતાં એ પરનું કાર્યનું કારણ રાગ થાય એમ કોઈ રીતે બનતું નથી. આહા..હા..! અહીં તો રાગની વાત નથી. આહા..હા..! '**અજીવને,**...' જેટલા અજીવો છે એના કાર્યને '**જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;**...' આહા..હા..! આ બધા આખો દિ' કામ કરે અને એ કહે કે કરી શકે નહિ લ્યો! શું કીધું?

**શ્રોતા :-** કેટલા કેસો ચલાવ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેસો બહુ ચલાવ્યા ત્યાં કોર્ટમાં. ૨૦૦-૨૦૦ રૂપિયા લેતા. પાછળથી કોર્ટમાં પાંચ કલાક.. ધૂળેય ચલાવ્યા નથી. અભિમાન હતું કે આ અમે કેસ ચલાવીએ છીએ અને આ ચલાવીએ છીએ. આહા..હા..! ધંધા-વેપાર કેટલા કર્યા? આહા..હા..! હજાર-હજારની

પેદાશ એક-એક દિ'ની. આહા..હા..! એ રીતે ત્રણ-ત્રણ લાખની પેદાશ વર્ષની. આ ધંધા કર્યા, ધ્યાન રાખ્યા વિના એ થાતા હશે? ધ્યાન ખરું તારું અજ્ઞાનનું. એ કાર્ય તારા ધ્યાનથી થાય એ વાત છે નહિ. આહા..હા..! આવો માર્ગ તો સાંભળવા મળે નહિ ત્યાં શું કરે? અને મળે ત્યારે, બહાર આવ્યું ત્યારે એમ કહે એ એકાંત છે... એકાંત છે... ઉડાવો. ભાઈ! એક આઠ-દસ દિ' સાંભળ તો ખરો તું. બિચારાને કહેતા હતા આ પ્રોફેસર દેવચંદજી. મોટો પ્રોફેસર દેવચંદજી. અરે! આઠ દસ દિ' સાંભળે અહીં અને પછી તું કહે. સાંભળ તો ખરો આ શું કહે છે? આહા..હા..! તને એ સત્યની રીત સાંભળવા મળે નહિ અને તું પાધરો આક્ષેપ કર. ભાઈ! તેમાં નુકસાન તને છે. આહા..હા..! દુનિયા પાસ કરશે, દુનિયા પાગલ પાસ કરે એમાં તને શું લાભ છે? આહા..હા..! આટલામાં તો કેટલું નાખ્યું જુઓ, ઓહો..હો..!

અજીવના કાર્યને જીવ કરે તેમ સિદ્ધ થતું નથી. '**અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં,...**' જડના કાર્યો જીવના છે તેમ સાબિત થતું નથી. અજીવની પર્યાયરૂપી દશા થાય તે પર્યાયના કાર્યને જીવ કરે તેમ સાબિત થતું નથી. કેમકે અજીવ પોતે જ પોતાની વર્તમાન પર્યાયપણે, કાર્યપણે પરિણમે છે. તેનું એ કાર્ય અને એ કર્તા અજીવના રજકણો તે કારણ અને કર્તા. આહા..હા..! આ રીતે અજીવને જીવનું કાર્યપણું નહિ સિદ્ધ થતાં '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...**' ઓહો..હો..! કેટલું સિદ્ધ કરે છે! '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી,...**' દરેક દ્રવ્ય પોતાના જ પરિણામને કરે આ વાત સિદ્ધ થાય છે અહીં. પરદ્રવ્યની જેમાં અપેક્ષા બિલકુલ નથી. આહા..હા..! શાકને મોળતા છરીથી કપાય છે, એ છરીની અપેક્ષા શાકના કટકા થવામાં નથી. સમજાણું કાંઈ? ભગવાનની વાણી નીકળે એ વાણીની પર્યાયમાં જીવ છે અહીંયાં સર્વજ્ઞ અને જોગ એવી અપેક્ષા એને નથી. આહા..હા..! નિમિત્તનો અર્થ જ છે કે એની અપેક્ષા નથી. આહા..હા..! સર્વજ્ઞની દિવ્યધ્વનિ એ દિવ્યધ્વનિનો જે પર્યાય છે કાર્ય જડનું, તેને સર્વજ્ઞના સ્વભાવની ઉપસ્થિતિની અપેક્ષા નથી. કહો, સમજાણું આમાં? આહા..હા..! એને કારણે એ પરમાણુની પર્યાય દિવ્યધ્વનિ (પરિણમી છે). ભગવાનને કેવળજ્ઞાન થયું (પછી) ૬૬ દિ' સુધી દિવ્યધ્વનિ ન આવી. તો લોકો એમ કહે છે કે જુઓ, ગૌતમસ્વામી આવ્યા ત્યારે આવી. જુઓ, એને લઈને વાણી આવી કે નહિ? અહીં કહે છે કે વાણીને પર્યાયપણે થવું ભાષાનું એને કોઈ ગૌતમની અપેક્ષા નથી, ભગવાનના જ્ઞાનની અપેક્ષા નથી. આરે.. આવી વાતું. સમજાણું કાંઈ? આહા..હા..! શરીરમાં છરી વાગે અને અહીં જે ઘસારો થાય એવા કાર્યને છરીની અપેક્ષા નથી. શરીરના નિરપેક્ષપણે તેનો ઘા પડ્યો છે અંદર. આહા..હા..! આવું. દુનિયા તો પછી પાગલ કહે એવું છે. પેલો આવ્યો હતોને?

**શ્રોતા :-** શાસ્ત્રમાં એમ જ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાગલ કહે. આહા..હા..! કીધું છે. પરમાત્મપ્રકાશમાં. લોકો પાગલ

કહે. જ્ઞાની લોકને પાગલ માને, પાગલ એને પાગલ માને. અજ્ઞાની જ્ઞાનીને પાગલ માને. પ્રત્યક્ષ એના વિના થાય નહિ અને તમે કહો છો એનાથી થાય જ નહિ. આહા..હા..! એ દાંતરડેથી એ નોલ કાપવા જાય તો કહે દાંતરડાથી નોલની કાપવાની ક્રિયા થઈ નથી એમ કહે છે. એ ક્રિયામાં દાંતરડાની અપેક્ષા છે જ નહિ. આરે.. આરે.. આવી વાતું! રોટલીને પાકવામાં તાવડી અને અગ્નિની અપેક્ષા છે જ નહિ.

**શ્રોતા :-** એ તો વ્યવહારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારે એટલે એ તો નિમિત્તનું જ્ઞાન કરવાની ભાષા. વ્યવહાર-ફ્યવહાર છે નહિ. આહા..હા..!

એ અહીં સિદ્ધ કરે છે. બહુ જ ટૂંકા શબ્દોમાં આખા ચૌદ બ્રહ્માંડના અનંત તત્ત્વોને તે તે ક્રમબદ્ધની પર્યાયના કાર્યકાળમાં બીજી ચીજની એને અપેક્ષા નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ક્રમબદ્ધ સિદ્ધ કરીને આ વાત લીધી છેને? એટલે કે અહીંયાં અકર્તાપણું સિદ્ધ કરવું છે. એટલે કે કોઈપણ દ્રવ્યનો જે કાંઈ ક્રિયા થાય તેનો આત્મા જ્ઞાતા-દૃષ્ટા તરીકે સિદ્ધ કરવું છે. એ જાણનાર-દેખનાર છે, એ કર્તા-ફર્તા છે નહિ. આહા..હા..! હવે થડે હુશિયાર માણસ બેઠો હોય અને ઠોઠ બેસે તો એમાં ફેર ન પડે દુકાનને ધંધે? હુશિયાર માણસ બેસે તો કેવો બીજાને આમ આવો-આવો બા! શું લેવા જાવ છો? શું લેવા જાવ છો? અહીં આવો. આહા..હા..! એ બધી ભાષા. આહા..હા..! અરે! આ શું છે પણ આ? એય..! વીરચંદભાઈ! આવું શું છે આ? ક્યાંથી આવ્યું તે?

'**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...**' ભાષા દેખો! બીજાનું કાર્ય બીજો કરે નહિ અને બીજાની જેને અપેક્ષા નથી એવું કર્તા-કર્મનું સ્વરૂપ છે. આહા..હા..! કર્તાકર્મનું એટલે કારણ અને કાર્યની અન્ય નિરપેક્ષ-બીજા પદાર્થની અપેક્ષા વિના સ્વદ્રવ્યમાં સિદ્ધિ હોવાથી. આહા..હા..! પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મા, તેને તે સ્વકાળે જે પર્યાય થવાની છે એ સ્વકાળ એનું કાર્ય અને આત્મા કર્તા એને કાર્યમાં બીજા કર્તાની અપેક્ષા છે નહિ. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એ આવે કે એક કાર્યના બે કારણ. અહીં ના પાડે. સમજાણું કાંઈ? ત્યાં એમ કહે, કાર્યના બે કારણ—એક ઉપાદાન અને નિમિત્ત. આહા..હા..! અથવા પૂર્વની પર્યાય કારણ અને પછીની પર્યાય કાર્ય. આહા..હા..! તો એમાં તો એમ પણ આવ્યું, મિથ્યાત્વના પરિણામ એ કારણ અને સમકિતની પર્યાય કાર્ય. ભલે મિથ્યાત્વની પર્યાયનો વ્યય કારણ. સમજાણું કાંઈ? પણ પાઠ એમ આવે (કે) ઉપાદાનની પર્યાયનું ઉપાદેયપણાનું ઉપાદાન પૂર્વની પર્યાય અને પછીની પર્યાય ઉપાદેય. આહા..હા..! એ પણ અહીં તો નથી કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! બે કારણનું કાર્ય એક એ નહિ. પૂર્વની પર્યાયને કારણે પછીની પર્યાય થઈ, ઉપાદાનનું ઉપાદેય અને નિમિત્તની અપેક્ષાએ તે ઉપાદેયને નૈમિત્તિક કહેવું, પણ એ નિમિત્તની અપેક્ષાએ નૈમિત્તિક પર્યાય થઈ છે એમ નથી. આહા..હા..! કહો, દેવજીભાઈ! બરાબર આવ્યા છો ઓલામાં

સરખાયના ઝીણી વાતમાં. આહા..હા..! જોયું!

'**અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે...**' આહા..હા..! ધર્મીને ભગવાનની વાણી સાંભળતા જે અંદર સમ્યગ્દર્શન થાય એને કહે છે કે અંદર સ્વ-આશ્રય લીધો એ કર્તા અને સમ્યગ્દર્શન કર્મ-કાર્ય, પણ એને બીજા દ્રવ્ય વાણી અને ભગવાનની અપેક્ષા નથી કે જેને લઈને એને જ્ઞાન થયું. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બધા દાખલા છે. કેટલા ન્યાય આપ્યા! આહા..હા..! અજીવનું કાર્ય જીવનું નહિ અને જીવના કાર્યમાં પરદ્રવ્યની અપેક્ષા નહિ અને અજીવની પર્યાયના ક્રમબદ્ધમાં જે પરિણામ આવે તેને પરદ્રવ્યની અપેક્ષા નહિ, નિરપેક્ષપણે તે પર્યાય થાય છે. આહા..હા..! કેવળજ્ઞાનનો જે પર્યાય થાય એને પૂર્વની ચાર જ્ઞાનની પર્યાયની પણ અપેક્ષા નથી તે રીતે એનું કાર્ય થાય છે. કેવળજ્ઞાનના કાર્યમાં કર્તા ભગવાન આત્મા અને કાર્ય કેવળજ્ઞાન. એના વજનારાચસંહનન છે તેથી કેવળજ્ઞાન થયું, મનુષ્યપણું હોય એને કેવળજ્ઞાન થાય એવી કેવળજ્ઞાનને અપેક્ષા મનુષ્યપણાની અને સંહનની છે નહિ. આહા..હા..! શાસ્ત્રમાં તો એમ આવે વજનારાચસંહનનવાળાને કેવળજ્ઞાન થાય. લ્યો! મનુષ્યપણામાં કેવળજ્ઞાન થાય. ઢોરમાં થાય? દેવમાં થાય? એ બધા કહે છેને, એ આવ્યું છે આમાં.

**શ્રોતા :-** એની લાયકાત નથી માટે નથી થતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાયકાત એની પર્યાયની નથી અને મનુષ્યપણામાં કેવળજ્ઞાનનો જે સમય ક્રમબદ્ધનો છે... ક્રમબદ્ધની વાત કરીને પછી આ બધું સિદ્ધ કરવું છેને? અને તે પણ અકર્તાપણું સિદ્ધ કરવું છે. આ બધી વાત કરીને પરનો કર્તા નથી પણ પરનો જ્ઞાતા-દૃષ્ટા છે એવો જીવનો સ્વભાવ છે એમ જે નિર્ણય કરે તે સમ્યગ્જ્ઞાન કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? સારા પુસ્તક બનાવી આપે, પુસ્તકના પુંઠા પાકા સારા પાક્કા કરીને આપે લ્યો! શું કહેવાય એને? બાઈન્ડિંગ. હુશિયાર માણસ હોય તો બાઈન્ડિંગ એવા બનાવે પાક્કું. નહિતર ખળભળાટ-ખળભળાટ. છૂટા પાના પડી જાય. હેં? અરે! અરે! આહા..હા..! દરેક રજકણ તે ક્રમબદ્ધમાં તે પર્યાય થવાની તે પર્યાયને પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..! બાબુભાઈ! આવું બધું ક્યાં સાંભળ્યું હતું ત્યાં? દહેગામમાં નહોતું? આહા..હા..!

શું કહે છે આ? એ એમ કહે છે કે દરેક જડ આદિ ચૈતન્ય છે તેની ક્રમબદ્ધ થતી પર્યાયને પરની અપેક્ષા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! માળાનો મણકો પકડાણો હાથમાં આમ અને એક છૂટીને બીજો પકડે છે. કહે છે કે એ બીજો જે પકડીને હાથમાં આવ્યો એને હાથની અપેક્ષા નથી. આહા..હા..! એની એ પર્યાયનો ક્રમ જ એ કાળે તે જ સમયની અવસ્થા, તે જ તેના સત્ત્વના સત્‌નું સ્વરૂપ છે એને પરદ્રવ્યની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..!

'**કર્તા-કર્મની...**' અથવા કારણ અને કાર્યની '**અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે,...**' આહા..હા..! હવે ઓલા વાંધા કાઢે કે બે કારણે કાર્ય થાય, એક કારણે માનો તો નિશ્ચયાભાસ છે. એમ કહે. પ્રભુ! એમ નથી, ભાઈ! એ તો ત્યાં નિમિત્તનું જ્ઞાન

કરાવ્યું છે. જે કાર્યકાળે નિમિત્ત ચીજ હોય છે એનું જ્ઞાન કરાવ્યું. નિમિત્તથી કાર્ય થાય છે એવી કોઈ પર્યાયને કોઈના કારણની અપેક્ષા છે જ નહિ. આહા..હા..! આ બાયડ્યું છોકરાઓને મોટા કરે, ભણાવે, કેળવે. કહો, એ બધી અવસ્થા કરે ત્યારે મોટા થાયને એ? એ તો એના કારણે એના પરમાણુઓ જે સમયની જે અવસ્થા થવાની તે કાળે તેના રજકણની અવસ્થા થાય છે. મા-બાપ એને મોટા કરે અને પાળીને પોષીને મોટા કરે (એમ છે નહિ). આહા..હા..! આ તો બધું ઊડી જશે. પાંગળો થયો પર માટે. પર માટે હોં! સોએ સો ટકા પર માટે પાંગળો અને સોએ સો ટકા પોતાના કાર્ય માટે પુરુષાર્થવાળો, શક્તિવાળો. દરેકને શક્તિ છેને. પરમાણુમાં શક્તિ છેને. વીર્ય છેને એમાંય. આહા..હા..!

'**સ્વદ્રવ્યમાં જ સિદ્ધિ હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી.**' લ્યો! જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. જીવ કર્તા અને એનું કાર્ય.. '**માટે, જીવ અકર્તા ઠરે છે.**' લ્યો! સિદ્ધ તો અકર્તા કરવો છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ-૭, ગુરુવાર, તા. ૨૩-૦૬-૧૯૭૭, ગાથા-૩૦૮ થી ૩૧૧ , પ્રવચન નં. ૩૭૫

સમયસાર, સર્વવિશુદ્ધ અધિકાર ચાલે છે. ફરીને ટીકા. ગુજરાતી ચાલ્યુને કાલે? આજે હિન્દી ચાલે છે. આ ગાથામાં એમ સિદ્ધ કરવું છે કે આત્મા રાગાદિ અને પરની ક્રિયાના પર્યાયનો કર્તા નથી. એ પરનો કર્તા નથી. અકર્તૃત્વ સિદ્ધ કરવું છે. આ આત્મા જે છે એ પોતાની પર્યાયમાં જે ઉપાધિભાવ વિકાર થાય છે, એનો પણ આત્મા કર્તા નથી. આહા..હા..! કેમકે એ તો જ્ઞાયકસ્વભાવ છે, જાણકસ્વભાવ છે એ રાગનો કર્તા તો અજ્ઞાનભાવે થાય છે. આહા..હા..! પરનો કર્તા તો માને છે, પણ કરી શકતો નથી. તો કહે છે કે.. ટીકા. અકર્તા સિદ્ધ કરવું છે. '**પ્રથમ તો...**' પ્રથમ શબ્દમાં 'तावत्' શબ્દ છે સંસ્કૃતમાં. 'तावत्' મુખ્ય વાત એ છે કે. એમ કહેવું છે. આહા..હા..! પ્રથમ મુખ્ય વાત મુદ્દાની એ વાત છે કે. એમ કહેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'तावत्' પ્રથમ મુખ્ય ઈ કહેવું છે કે '**જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...**' પાઠમાં છે પહેલેથી શબ્દ. 'जीवो हि' પહેલેથી એ શબ્દ છે. 'जीवो हि' એ છેલ્લે 'जीव हि' છેલ્લે નાખી દીધું છે. શું કહ્યું? મુખ્ય '**જીવ ક્રમબદ્ધ એવા...**' એના પરિણામ પર્યાય જે થાય છે એ

ક્રમબદ્ધ થાય છે. જેમ મોતીની માળા એના જે મણકા છે, મણકા. મણકાને શું કહે છે? દાણા—મણકા. જે સ્થાનમાં જે છે એ જ સ્થાનમાં એ છે. બીજામાં બીજો, ત્રીજામાં ત્રીજો એવો ક્રમ છે. આગળ-પાછળ થઈ જાય તો એ માળા અખંડ એકરૂપ નથી રહેતી. એમ એ માળામાં જેમ મણકા છે, જ્યાં જે સ્થાને જ્યાં છે ત્યાં તે કાળે ત્યાં.

એમ આત્મામાં ત્રિકાળી વસ્તુ જે ભગવાન આત્મા છે એના જે સમયે, નિશ્ચય જે કાળે જન્મક્ષણ છે એ પર્યાયની જન્મક્ષણ.. અહીંયાં વિકાર નથી લેવો, વિકારનો તો જ્ઞાતા છે એમ લેવું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જે સમયે જે ક્રમબદ્ધ જાણવાની, શ્રદ્ધાની, આનંદની જે પર્યાય ક્રમસર થાય છે એક પછી એક એ તો બીજી વાત છે, પણ એના પછી આ જ થવાની છે તે જ થાય એનું નામ ક્રમનિયમિત. ક્રમ અને નિશ્ચય. આહા..હા..! સમજાણું કાંઈ? આ મોટી તકરાર હતી ૨૦ વર્ષ પહેલાં. ક્રમબદ્ધમાં કહે નહિ. એક પછી એક થાય, પણ આ પછી આ જ થાય અને આના પછી આ જ થાય એમ નહિ. પંડિતજી! એવી ચર્ચા વર્ણીજીની સાથે થઈ હતી. ૨૦ વર્ષ થયા. ૨૦૧૩ની સાલમાં. આહા..હા..! જેમ જીવમાં અનંત ગુણ છે એ અક્રમ છે. આમ સાથે આડા તીરછા સમજ્યા? તીરછા કહે છે. આ જીવમાં જે અનંતગુણ છે એ, પર્યાય જેમ એક પછી એક થાય છે એમ નથી, એમાં તો અનંતગુણ એકસાથે, અક્રમ એકસાથે છે. જેમ ગુણ અક્રમ એકસાથે છે એમ પર્યાય ક્રમસર એકસરખી થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! જે સમયે જે થવાની હોય તે સમયે (તે જ થાય) એવી આયતસમુદાય લંબાઈ. લંબાઈમાં પણ જે સમયે જે પર્યાય, જે સમયે બીજી-ત્રીજી એ ક્રમસર-ક્રમવર્તીનું ક્રમબદ્ધ અહીંયાં સિદ્ધ કર્યું છે. જે પર્યાય ક્રમવર્તી છે, દ્રવ્ય સહવર્તી છે. સહવર્તીનો અર્થ? દ્રવ્યની સાથે ગુણ રહે એમ નહિ. ગુણની સાથે ગુણ રહે છે એકસાથે અક્રમ એનું નામ સહવર્તી છે. દ્રવ્યની સાથે રહે તો સહવર્તી તો પર્યાય પણ દ્રવ્યની સાથે રહે છે. સમજાણું કાંઈ? શશીભાઈ! અધિકાર સૂક્ષ્મ છે.

આખો આત્મા જેમ એક સમયમાં અનંત-અનંત ગુણ આકાશના પ્રદેશથી અનંતગુણા ગુણ. આકાશ જેનો અંત નથી, કોઈ દિશામાં અંત નથી. એક પરમાણુ જેટલામાં રોકાય, એક પરમાણુ જેટલામાં રહે એટલા ભાગને પ્રદેશ કહે છે. તો એવા આકાશનો અંત નથી તેના પ્રદેશ અનંત, એનાથી પણ એક આત્મામાં અનંતગુણા ગુણ. એ અનંતગુણા ગુણ જે એક સમયમાં એકસાથે રહે છે. વિસ્તારસામાન્ય એમ કહ્યું છે. સમજાણું કાંઈ? એમ પર્યાય પણ એકસાથે આયત-લંબાઈ એમ રહે છે. આઘી-પાછી થવાનો પ્રશ્ન જ નથી રહેતો.

એ તો એ વાત એકવાર કહી હતી ઘણી વર્ષ પહેલાં. આઘી-પાછીનો પ્રશ્ન શું? આ પર્યાય અહીં પચ્ચીસમા સમયમાં આવવાની હતી એ થઈ છે અહીંયાં અને અહીં થવાની હતી તે ત્યાં થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એ દ્રવ્યની પર્યાયની ધારા એક સમયમાં જેમ ધારા ચાલે છે. આયત-દોડતું એવો પાઠ છે પ્રવચનસારમાં. દોડતું. દોડતું આયત. દોડતું

સમજો છો? જેમ દોડે છેને એક પછી એક. ક્રમ-ક્રમ. જમણા પછી ડાબો, ડાબો પછી જમણો. ડાબા પછી ડાબો એ તો કૂદીને પડે તો થાય. આમ તો ડાબા પછી જમણો, જમણા પછી ડાબો (આવે). પંચાધ્યાયીમાં છે. પગને જ ક્રમ કહ્યો છે ત્યાં પંચાધ્યાયીમાં અને ભક્તામરમાં પણ ક્રમ કહ્યું છે. પ્રભુ આપના ક્રમ ચરણકમળમાં એવો શબ્દ છે. ક્રમને પગ (કહે છે). પગ સમજો છોને? ડાબા પછી જમણો, જમણા પછી ડાબો, ડાબો પછી જમણો એમ જ ચાલે છે. એમ નથી કે ડાબા પછી ડાબો અને વળી જમણા પછી જમણો. ઝીણી વાત છે, ભગવાન! આ તો વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..!

તો કહે છે કે જીવમાં જેમ શક્તિઓ એક સમયમાં વિસ્તાર તરીકે એક સમયમાં આમ છે. એમ પર્યાય એક સમયમાં જે છે એ બીજે સમયે નથી. એ જ સમયે એ જ થવાની. નિશ્ચયથી લે તો એને સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં એમ લીધું છે કે છ દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની છે તેને કાળલબ્ધિ કહે છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં પાઠ છે. છએ દ્રવ્યમાં કાળલબ્ધિ છે. પ્રેમચંદજી! આહા..હા..! કાળલબ્ધિનો અર્થ? જે સમયે છ દ્રવ્યમાં. છએમાં. અહીં છએમાં કહેશે, પહેલાં જીવ-અજીવની વાત કરીને. જે સમયે જે પર્યાય થવાની છે તેને ત્યાં કાળલબ્ધિ કહી છે. અને પ્રવચનસારની ૧૦૨ ગાથામાં જે સમયે જે પર્યાય થાય છે તેને જન્મક્ષણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જન્મક્ષણ સમજ્યા? ઉત્પત્તિનો કાળ. એ જ પર્યાયના સમયમાં ઉત્પત્તિના કાળને જન્મક્ષણ કહે છે. આહા..હા..! અને ૯૯ ગાથા પ્રવચનસાર. પોતપોતાના અવસરે પર્યાય થાય છે એવો પાઠ છે. એ પણ કાળલબ્ધિની જ વાત છે. પોતપોતાના અવસરે. અવસર સમજ્યા? કાળ. પોતપોતાના સમયે જે પર્યાય થવાની છે તે જ થાય છે. આહા..હા..! એ તો ગુજરાતીમાં આવ્યું એ જ કાંઈ ફરીને એવું આવે એવું કાંઈ છે? નવું આવે. આહા..હા..! સમજાણું કાંઈ? પંડિતજીને ઘરે હમણા બહેન આવ્યાને? એ બરાબર સમજી શકતા નથી. કીધું, ન સમજે તો હિન્દી લઈએ અહીંયાં. માંડ કો'ક દિ' આવ્યા હોય. તમને ઠીક પડે એમાં શું છે? ગુજરાતીવાળા હિન્દી સમજે છે. હિન્દીવાળાને ગુજરાતી હજી બરાબર ન સમજાય. આહા..હા..!

પ્રભુ એમ કહે છે. પ્રભુએ પણ જોયું છે કે ત્રણકાળ, ત્રણલોક જ્યાં જે સમયમાં જે પર્યાય જડની, ચૈતન્યની છએ દ્રવ્યની તે સમયે ભવિષ્યની નથી થઈ એ તે સમયે થશે એ પણ પ્રત્યક્ષ વર્તમાન દેખે છે. નથી થઈ એને કેવળજ્ઞાન પ્રત્યક્ષ વર્તમાન દેખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સર્વજ્ઞપણું એ જ સિદ્ધ કરે છે કે એ તો સર્વને જાણનાર છે. ક્રમસરમાં જે પર્યાય થાય છે એના કર્તા નથી, જાણનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે '**જીવ ક્રમબદ્ધ...**' પર્યાય છેને? અવસ્થા, હાલત, દશા. તો એ હાલત ક્રમબદ્ધ એવા પોતાના પર્યાયથી. પરિણામ એટલે પર્યાય. પોતાના પરિણામ. સમજાણું કાંઈ? જે વસ્તુ છે જીવ એ પરમપારિણામિક સ્વભાવભાવ છે. અને એના પરિણામનું તે સમયે

તે જ પર્યાય સમસ્ત પ્રકારે યોગ્ય એના '**दवियं**' મૂળ પાઠમાં એ છે. '**दवियं**' શબ્દ છેને મૂળ? મૂળ ગાથામાં '**दवियं**' શબ્દ છે. '**दवियं**' એટલે દ્રવતિ ઈતિ. જેમ પાણી તરંગને ઉત્પન્ન કરે છે. પાણી તરંગ તરંગને ઉત્પન્ન કરે છે, એમ દ્રવ્ય પોતાની પર્યાયે થાય છે, કરે છે એમ અહીંયાં કહે છે. નિર્મળ પર્યાયને હોં! વિકારની વાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કેમકે શક્તિનું વર્ણન જ્યાં આવ્યું ૪૭ શક્તિ, ત્યાં આગળ વિકારી પર્યાય લીધી જ નથી. ક્રમસરમાં અને અક્રમ, અક્રમમાં ગુણ અને ક્રમમાં નિર્મળ પર્યાય. ૪૭ શક્તિનું વર્ણન છે ત્યાં પાછળ. સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ તો જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણ્યા સિવાય આઘું-પાછું કરે એવું કાંઈ છે નહિ એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? તો ક્રમસર-ક્રમબદ્ધ-ક્રમનિયમિત. એક પંડિત એમ કહેતા હતા કે ક્રમબદ્ધ તો શાસ્ત્રમાં છે જ નહિ. એ સોનગઢવાળાએ નવું નાખ્યું છે. દેવેન્દ્ર કો'ક છેને શાસ્ત્રી. એક શાસ્ત્રી છે. છાપામાં આવ્યું હતું. હવે તો લોકો ક્રમબદ્ધ શબ્દને બહુ નાખે છે. આહા..હા..!

એક પછી એક થનારી એવી જે પર્યાયથી ઉત્પન્ન થનારો. જુઓ, ભાષા એમ લીધી છે. કોણ? જીવ. જ્ઞાયક આદિ અનંતગુણનો પિંડ પ્રભુ પોતાની પર્યાયમાં ઉત્પન્ન થયો થકો, દ્રવ્ય પર્યાયમાં ઉત્પન્ન થયો થકો. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે દ્રવતિ ઈતિ દ્રવ્યં. દ્રવ્ય છે તે દ્રવે છે, પરિણમન કરે છે. અહીં વ્યવહારથી વાત લેવી છેને. પર્યાય પર્યાયની કર્તા અને દ્રવ્ય પર્યાયનું કર્તા નહિ એટલું અત્યારે અહીં નથી. અહીં તો પરદ્રવ્યથી ભિન્ન અકર્તા એટલું સિદ્ધ કરવા માટે આ વાત લીધી છે. સમજાણું કાંઈ? નહિતર તો વાત એવી છે કે જે સમયે જે પર્યાય થાય છે જડની અને ચૈતન્યની, એ પર્યાયનો દ્રવ્ય-ગુણ પણ કર્તા નથી. આહા..હા..! કેમ? કે ભગવાન એમ કહે છે કે પંચાસ્તિકાયની ૬૨ ગાથામાં કે જે સમયે જે પર્યાય જીવની થવાની છે તે ષટ્કારકના પરિણમનથી થાય છે. ઘણી ચર્ચા થઈ હતી ત્યાં વર્ણીજી સાથે. ગાથા બતાવી હતી. એ તો અભિન્નની વાત છે, અભિન્નની વાત છે એમ કરીને ઉડાવી દીધી. પણ અભિન્નની વાતનો અર્થ શું? જીવની પર્યાય જીવથી થાય છે, પરથી નહિ એનું નામ અભિન્નની વાત છે. પાઠ અભિન્ન શબ્દ છે ત્યાં. પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં. કર્મ અને આત્મા બેયની વાત એક પછી એક. આહા..હા..!

અહીંયાં કહે છે, એક પણ વાત સત્ય અને યથાર્થ હોવી જોઈએને? મોટી-મોટી વાતું લાંબી-લાંબી કરે અને મૂળ સત્ય છે એ તો હાથમાં આવે નહિ. પંડિતજી! આહા..હા..! દૃષ્ટિનો વિષય સત્ય ત્રિકાળ, પણ એ દૃષ્ટિ પોતે પર્યાય છે. તો અહીં તો કહે છે કે એ પર્યાય પણ ક્રમસર થાય છે. એક પછી એક, એક પછી એક જે થવાની છે તે જ થાય છે, બીજી નહિ. તો '**જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો...**' જુઓ, જીવ

ઊપજતો થકો એમ શબ્દ લીધો છે. અહીં પર્યાય લેવી છેને. એ લેવું છે. પર્યાયાર્થિકનયે દ્રવ્યથી પર્યાય થાય છે. શુદ્ધ તદ્દન દ્રવ્યાર્થિકનય લ્યો તો પર્યાયનો કર્તા પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું કરણ સાધન પર્યાય, પર્યાયનું અપાદાન પર્યાય, પર્યાયનો આધાર પર્યાય અને પર્યાય થઈ અને પર્યાય રહી સંપ્રદાન એ પર્યાયની પર્યાય. આહા..હા..! જ્યારે ૬૨માં તો એમ લીધું કે એક સમયનો વિકાર પણ પોતાના ષટ્કારકથી પરિણમન કરે છે. કેમકે દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે, તો પર્યાયમાં જે વિકાર થાય છે એ વિકારના ષટ્કારકનું પરિણમન પર્યાયનું પર્યાયથી થાય છે, નિમિત્તથી તો નહિ, પણ દ્રવ્ય-ગુણથી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દેવજીભાઈ! આવી વાતું છે, ભાઈ! આ તો સત્નું સત્ય આવું છે. એને ખ્યાલમાં, એના જ્ઞાનમાં એ વાત બેસવી જોઈએ. આહા..હા..!

કહે છે, '**જીવ ક્રમબદ્ધ એવા...**' ક્રમબદ્ધ એવા '**પોતાના પરિણામોથી...**' ભાષા એમ છેને? '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...**' સંસ્કૃતમાં પહેલોં શબ્દ છે. '**जीवो हि**' એમ શબ્દ છે. એ ત્યાં છેલ્લે મૂક્યું. આહા..હા..! '**અજીવ નથી;...**' અર્થાત્ એ સિવાય બીજા જે, આ જીવ નહિ, તે બધા અજીવ. અહીં તો કર્મનું લેવાનું છે કે કર્મનો કર્તા નથી. એ શ્લોક આવે છેને. પહેલાં આવે છે. આ આત્મા સિવાય બીજા બધા અણાત્મા. પછી ભગવાનનો આત્મા હોય તોપણ આ આત્માની અપેક્ષાએ અણાત્મા. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન!

એક વાત તો એવી છે, સૂક્ષ્મ વાત ચાલી હતી. એ એવી ચાલી હતી વિરજીભાઈ સાથે. (સંવત) ૧૯૮૫માં. જીવની જે એક સમયની પર્યાય છે એ પર્યાય છ દ્રવ્યને જાણે છે અને એ પર્યાય દ્રવ્યને પણ જાણે છે, દ્રવ્યમાં એક થતી નથી. દ્રવ્ય પર્યાયમાં આવતું નથી અને છ દ્રવ્ય પર્યાયમાં આવતા નથી, પણ છ દ્રવ્યની જે ત્રિકાળી શક્તિ છે તેને જાણવાની પર્યાય એક સમયમાં જાણે છે. એ છ દ્રવ્ય અહીંયાં આવતા નથી, પર્યાય દ્રવ્યમાં જાતી નથી. પણ એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જાણવા, એના ક્રમબદ્ધની જ્ઞાનની પર્યાયમાં સ્વપરપ્રકાશક સ્વભાવ છે. એનો અર્થ એ થયો કે જ્ઞાનની એક સમયની પર્યાયમાં સ્વદ્રવ્ય પણ જણાયું. સ્વદ્રવ્ય પર્યાયમાં આવ્યું નહિ, પણ જાણવામાં આવ્યું અને છ દ્રવ્ય પર્યાયમાં આવ્યા નહિ, પણ છ દ્રવ્ય જાણવામાં આવ્યા. આહા..હા..! એક જ પર્યાય, જ્ઞાનગુણની એક જ પર્યાય અનંતી પર્યાયને પણ જાણે, દ્રવ્ય-ગુણને જાણે. જ્ઞાનની એક જ પર્યાય પૂર્ણરૂપ પાછું. આહા..હા..! પંડિતજી! એ દ્રવ્યમાં એક થતી નથી. દ્રવ્ય પોતામાં આવે છે તો દ્રવ્યનું જ્ઞાન થાય છે એમ નથી. આહા..હા..! આ પર્યાય ક્રમબદ્ધની તાકાત આટલી છે. સમજાણું કાંઈ? અહીં નિર્મળ પર્યાય લેવી છે હોં! વિકૃતની વાત અહીં લેવી નહિ.

ભગવાન જ્ઞાયકસ્વભાવ છેને, તો એની પર્યાયમાં જ્ઞાનની પર્યાય એક પછી એક (થાય છે), તો એની સાથે અનંતગુણની પર્યાય પણ એકસાથે એક જ થાય છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે પોતાની પર્યાયથી ઊપજતો થકો, કોણ? જીવ. ભગવાન આત્મા ત્રિકાળી પ્રભુ પર્યાયનયથી તે સમયની પર્યાયમાં ઊપજતો થકો. આહા..હા..! **'જીવ જ છે,...'** એ પર્યાય જીવ જ છે. જીવ પોતાની પર્યાયમાં જે સમયે જે ઉત્પન્ન થાય છે એ જીવ ઉત્પન્ન થાય છે તો એ પર્યાય જીવ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૩૨૦ ગાથામાં તો એમ કહેશે કે પર્યાય દ્રવ્યમાં આવતી નથી અને પર્યાય દ્રવ્યને જાણ્યા વિના રહેતી નથી, પણ પર્યાય દ્રવ્યને જાણે અને પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. એક સમયની પર્યાયનો કર્તા દ્રવ્ય-ગુણ નથી, તો નિમિત્ત ક્યાંથી આવ્યું! આહા..હા..! ૩૨૦ (ગાથા) હમણાં વંચાઈ ગઈ રાજકોટ.

**'અજીવ નથી;...'** શું કહે છે? ભગવાન આત્મા એક પછી એક જે પર્યાય ઉત્પન્ન થાય છે, થવાવાળી થાય છે તેમાં જીવ ઉત્પન્ન થાય છે. કોઈ બીજો તેને ઉત્પન્ન કરાવે છે એમ નથી. કેમકે અજીવ... એમ કહ્યુંને કે **'અજીવ નથી;...'** એ બીજી ચીજ નહિ એમ કહે છે. આહા..હા..! એ પર્યાય જીવ જ છે. **'એવી રીતે અજીવ પણ...'** કર્મ લ્યો, શરીરાદિ બધા જડાદિ, અરે! આ જીવ સિવાય બીજા બધા લ્યો. અહીં તો અજીવનું નાખવું છે એકલું. **'અજીવ પણ...'** અજીવ પણ કેમ કહ્યું? પહેલાં જીવની વાત કરી છેને? તો અજીવ પણ એમ. **'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું...'** આહા..હા..! શરીર પણ જેમ આ ચાલે છે તો એ સમયની એ જ પર્યાયમાં એ પરમાણુ ઊપજતો થકો, આત્માથી પર્યાય આમ થઈ એમ નથી. એમ ભાષાની પર્યાય જે થાય છે એ પોતાના ક્રમસરમાં પોતાની પર્યાય થઈ, જીવ એનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અકર્તાપણું (સિદ્ધ કરે છે). આહા..હા..! સિદ્ધ ક્યાં (કંઈ કરે છે)? એ તો જાણે છે. ત્યારે કોઈ કહે કે એને વિકલ્પ રાગ નથી. પણ અહીં રાગ હોય તોપણ રાગને જાણે છે જ્ઞાન, એ અજીવરૂપે નથી થતું અને અજીવ અહીંયાં જીવની પર્યાયમાં નથી આવતા. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુની સ્થિતિ અને મર્યાદા એવી છે. એ રીતે ન સમજે અને વિપરીત સમજે તો દૃષ્ટિ મિથ્યા થઈ જશે. આહા..હા..!

**'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** પરમાણુઓ આ શરીરાદિ. પાણી જ્યારે ઉષ્ણ થાય છે એ પાણીના રજકણ પણ પોતાની ઉષ્ણતાપણે ઉત્પન્ન થાય છે. અગ્નિથી પાણી ઊનું થયું એમ નથી. એની પણ તકરાર થઈ હતી ૨૦૦૯ની સાલમાં. જુગલકિશોર આવ્યા હતા દિલ્હીવાળા. જુગલકિશોર છેને મુખત્યાર. એણે પ્રશ્ન કર્યો. ૨૦૦૯ની સાલની વાત છે. એણે કહ્યું કે પ્રત્યક્ષ દૃષ્ટ ઈષ્ટ. પાણીથી અગ્નિથી ઊનું થાય છે એ તો પ્રત્યક્ષ દેખાય છે અને તમે કહો કે.. આહા..હા..! અરે! ભગવાન! પ્રત્યક્ષ શું જુઓ છો? તું તો અગ્નિને જોવે છોને? પાણીને જો તો પાણી તો પોતાની પર્યાય ઉષ્ણપણે તો પાણી પોતે ઉત્પન્ન થયું છે. એમાં અગ્નિથી ઉત્પન્ન થયું એમ ક્યાંથી જોયું તેં? એ તો નજર તમારી સંયોગ ઉપર છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, શશીભાઈ! આ સોનગઢનું આવું ઝીણું

છે કહે છે. સોનગઢનું નથી, આ તો ભગવાનનું છે. બાપુ! આ તો સત્ય છેને, પ્રભુ! આમાં કોઈના ઊંધા તર્ક પણ કામ ન કરી શકે. એ તો વસ્તુની સ્થિતિ જ એવી છે. એ પાણી ઊનું થયું એ પાણીના પરમાણુ પોતાની પર્યાયમાં ઉત્પન્ન થયા છે. અગ્નિથી પાણી ઊનું થયું છે એ ત્રણકાળમાં જૂઠું છે. આહા..હા..!

**શ્રોતા :-** એમણે માની લીધું હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માની લીધું હતું. એનાથી જ થાય. દેખાય છેને. અગ્નિ અહીં આવી ત્યારે પાણી ઊનું થયું. પણ આવી ત્યારે ઊનું થયું એમાં આવ્યું કોણ? અગ્નિ આવી કે પાણીના રજકણ ઉત્પન્ન થયા એમાં?

**શ્રોતા :-** જુગલકિશોરે સ્વીકાર કર્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; સ્વીકાર ન કર્યો. એ તો ન જ કરેને. એ તો બધા પંડિતોના અગ્રણી છે. એ તો હવે હુકમચંદજી ને જાગ્યા વળી. આહા..હા..! સમજાણું કાંઈ? હમણાં આવ્યું છે છાપામાં જૈનસંદેશમાં. પાણીનો પ્યાલો હોય એમાં લીલો રંગ નાખે તો લીલી પર્યાય થાય છે, કાળો રંગ નાખો તો કાળી પર્યાય થાય છે અને તમે કહો કે પરથી નથી થતું. અરે! ભગવાન! એ પાણીનો રંગ તો પરવસ્તુ છે. પાણી જ્યારે કાળાપણે થયું એ પરમાણુ એમાં ઉત્પન્ન થયા છે, રંગથી નહિ. આહા..હા..! આવી વાત કઠણ પડેને. માર્ગ એવો છેને પ્રભુ!

'**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'. સત્ પોતે પોતાના ઉત્પાદપણે ઊપજે છે એમ કહે છે અહીં. એ સત્ છેને ત્રણે? વસ્તુ ઉત્પાદવ્યયધ્રુવ સત્ અને સત્ દ્રવ્યલક્ષણં. સત્ એ દ્રવ્યનું લક્ષણ છે. તો દરેક અજીવ પણ પોતાની પર્યાયપણે અજીવ ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? રોટલી થાય છે એ લોટની પર્યાયમાં લોટ પર્યાયરૂપે થયો છે. કોઈ તાવડીથી કે સ્ત્રીથી રોટલીની પર્યાય થઈ એમ નથી. સમજાણું કાંઈ? આ અજીવની વાત ચાલે છે. ઘડાની પર્યાય માટીથી થઈ છે. માટી પોતાની પર્યાયમાં ઘડારૂપે થઈ છે. કુંભાર ઉત્પન્ન કર્યો છે અને કુંભારથી ઘડાની પર્યાય થઈ છે એમ ત્રણકાળમાં નથી. કહો, સમજાણું કાંઈ? ચોખા લાખ વર્ષ રહે પણ પાણી વિના ચડે છે? ચડે છે કહે છે? ચડે છે. ચોખા ચડી થઈ જાય છેને? પણ એ સમયના પરમાણુઓ તે સમયે ઉત્પન્ન થયા છે એમાં. આહા..હા..! એ પાણીથી ચોખો ચડ્યો જ નથી. અડ્યો જ નથીને. એકબીજામાં અન્યોન્યાભાવ છે. કહો, સમજાણું કાંઈ?

'**અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...**' પરિણામ એટલે પર્યાય. અજીવને પણ પરિણામ હોય છે. જડમાં પણ પરિણામ હોય છે. નહિ કે જીવમાં જ પરિણામ થાય અને જડમાં નથી થતા. એ પર્યાયને જ અહીંયા પરિણામ કહેવામાં આવ્યા છે. આહા..હા..! '**ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું...**' ઊપજતું થકું. આહા..હા..! એ અજીવ જ પોતાની પર્યાયમાં ક્રમસર (ઊપજતું થકું) '**અજીવ જ છે,...**' એ દૃષ્ટાંત પહેલાં આપ્યું

હતું. એક પરમાણુમાં બે ગુણની ચીકાશ હોય અને બીજા પરમાણુમાં ચાર ગુણની ચીકાશ હોય તો બેય મળીને અહીં ચાર ગુણ થાય છે. એ દૃષ્ટાંત બધા આપે છે. જુઓ, એક પરમાણુમાં ચીકાશનો અંશ બે અંશ હોય અને બીજા પરમાણુમાં ચાર અંશ હોય તો અહીંયાં ચાર અંશ થઈ જાય છે. ખોટી વાત છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ પરમાણુમાં બે અંશ ચીકાશ છે તે પણે અને એમાં બીજે સમયે ચાર (અંશ) પર્યાય થઈ એ સ્કંધનું નિમિત્ત છે તો ચાર થઈ એ સ્કંધથી થઈ છે એમ નથી. તે સમયે ચારરૂપે ઉત્પન્ન થયેલો એ પરમાણુ જ ચારરૂપે ઉત્પન્ન થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પ્રશ્ન ચાલ્યો હતો ઘણાં વર્ષ પહેલાં. શાંતિભાઈ છેને દેસાઈ. સંબલપુરમાં છે. દેસાઈ છે. મૂળશંકરભાઈના ભાઈ. ત્યાંથી પ્રશ્ન લાવ્યા હતા. ઘણાં વર્ષ થયા ૨૫-૩૦ વર્ષ. ત્યાંથી લાવ્યા હતા. એક પરમાણુ છૂટો છે ત્યારે બે પર્યાયે છે અને સ્કંધમાં ભળે છે ત્યારે એની ચાર આદિ અનંતી પર્યાય આદિ થાય છે, તો સ્કંધમાં ભળ્યો તો થયો તો નિમિત્તથી થયું કે નહિ એમાં? એ પ્રશ્ન લાવ્યા હતા એ બાજુથી. કીધું, બિલકુલ ખોટી વાત છે. આહા..હા..! અજીવ પણ પોતાના તે સમયે સ્કંધ થાય, એ તો નિમિત્ત છે. નિમિત્ત કાંઈ કરે તો નિમિત્ત કહેવામાં આવતું નથી. એ કૈલાસચંદજીએ કબુલ કર્યું છે હમણાં. જૈનસંદેશમાં આવ્યું છે. બે વાત કબુલ કરી છે. ક્રમબદ્ધ. નહિતર એ વખતે વર્ણીજી સાથે ચર્ચા થઈ હતી ત્યારે બધા ક્રમબદ્ધને નહોતા માનતા. હમણાં આવ્યું છે જૈનસંદેશમાં કે ક્રમબદ્ધ વાત છે એ બરાબર છે. બીજું, સોનગઢવાળા કહે છે કે નિમિત્તનો નિષેધ નથી કરતા કે નિમિત્ત નથી, પણ નિમિત્તથી થાય છે એમ ના પાડે છે. એટલું લખ્યું. હવે ઈ કેમ માને છે એ જુદી વાત છે. જૈનસંદેશમાં આવ્યું છે.

અરે! પ્રભુ! જે સમયે જે પર્યાય એની... આહા..હા..! એને અનુભૂતિ કીધી છેને, ભાઈ! બીજી ગાથામાં. જડનો પર્યાય ઉત્પન્નપણે થાય તેને અનુભૂતિ કહી છે. એ આવ્યું છે બીજી ગાથામાં. પરમાણુ જે છે એ ઉત્પન્નપણે ઉત્પન્ન થાય છે એ એની અનુભૂતિ છે. અનુસરીને થનારી અનુભૂતિ એવો પાઠ છે બીજી ગાથામાં. સમજાણું કાંઈ? તો એ પરમાણુ અજીવ પોતાની પર્યાયથી ઊપજતો થકો. આહા..હા..! આ તો ત્રિકાળી સિદ્ધાંત છે. એમાં કોઈના ઘરનો સિદ્ધાંત નાખે એ ન ચાલે. આહા..હા..!

'**અજીવ જ છે, જીવ નથી;...**' એનો અર્થ? કે જીવથી એ પરમાણુમાં ચારગુણી, આઠગુણી, દસગુણી, બીજા પરમાણુથી તો થઈ નથી, પણ આત્માથી થઈ નથી. આહા..હા..! 'કારણ કે...' હવે દૃષ્ટાંત આપે છે. પહેલાં કહ્યું હતું ગાથાની પહેલાં. '**આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે :—**' એ ગાથાની ઉપર કહેવામાં આવ્યું હતું. '**अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरस्सरमाख्याति**' સંસ્કૃત છે. ગાથા ઉપર. ૩૦૮ ગાથા ઉપર. ગાથા છેને ૩૦૮? એની ઉપર. '**अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरस्सरमाख्याति**' '**દૃષ્ટાંતપૂર્વક કહે છે.**' એ અહીંયા

કહે છે. તો અહીં દૃષ્ટાંત આપે છે હવે. 'કારણ કે **જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને...**' આહા..હા..! દૃષ્ટાંત પણ કઠણ. સુવર્ણ કંકણ, વીંટી આદિથી સુવર્ણ ઉત્પન્ન થાય છે, સોનીથી ઊપજે છે એમ નહિ.

**શ્રોતા :-** હથોડાથી થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેનાથી? હથોડાથી નહિ, નીચે શું કહેવાય? એરણ-એરણ. લોઢાની એરણ હોય છેને નીચે? એની ઉપર ટીપે. લોઢાની. આહા..હા..! શું કહે છે?

'**કંકણ આદિ પરિણામોથી...**' કંકણ, વીંટી, કડા, બાજુબંધ કોઈપણ સોનાની અવસ્થા જે સમયે થવાની છે એ સોનું એમાં ઊપજે છે. સોનું ઉત્પન્ન થયું તો એ વીંટી આદિ થઈ છે. એ સોનીથી અને નીચે શું કહેવાય કીધું ઈ? એરણ અને હથોડાથી બિલકુલ થઈ નથી. આહા..હા..! નિશ્ચયથી તો એ પર્યાય સોનું ઉત્પન્ન થયું એ સોનું પણ ખરેખર તો એ પર્યાયનો કર્તા નથી, પણ અહીં તો તેને પરથી ભિન્ન બતાવીને એ પર્યાયમાં દ્રવ્ય ઉત્પન્ન થયું એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈ! હવે આની હવે ચર્ચા કરો. કોની ચર્ચા કરે? કોની સાથે કરે? વાતે-વાતે ફેર, ન્યાયે-ન્યાયે ફેર. આહા..હા..!

'**(કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા)...**' કંકણ આદિ પર્યાયથી ઊપજતા એવા '**સુવર્ણના...**' જુઓ, એવા સુવર્ણના. જે સુવર્ણ પોતાની પર્યાય કંકણ, કડા આદિ છે એમાં સુવર્ણ ઉત્પન્ન થયું છે. આહા..હા..! પ્રેમચંદજી! કંકણ એની મેળાએ ઉત્પન્ન થઈ જશે? વર્ણીજીએ લખ્યું હતું એક ફેરી, છેલ્લે સંથારો કર્યો ત્યારે. ચોખા લાખ વર્ષ રહે, પણ પાણી વિના ચડે? અરે! ભગવાન! આ વાત નહોતીને. કેમકે ત્યાં કાશીમાં ઈશ્વરને કર્તા માનનારા બ્રાહ્મણ, ઉપાદાન તો પોતાથી છે જગત, પણ નિમિત્ત ઈશ્વર છે. એની પાસે શીખ્યા અને શાસ્ત્રમાં પણ એમ આવ્યું, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય, ઘાતિકર્મથી પર્યાયનો ઘાત થાય, અનુજીવી ગુણનો ઘાતિકર્મથી ઘાત થાય છે. હવે ત્યાં એ આવ્યું અને ત્યાં ઈશ્વરકર્તા નિમિત્ત આવ્યું, ઉપાદાન આ આવ્યું. આહા..હા..! અને જ્ઞાનાવરણીય કર્મનો જેટલો ક્ષયોપશમ હોય એટલી અહીંયાં પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..!

એ ૧૯૮૧માં પ્રશ્ન થયો હતો. હંસરાજભાઈ હતાને ભાઈ હંસરાજભાઈ. અમરેલી. રામજીભાઈના પિતાજી. પાંચ-દસ કરોડ રૂપિયા. રામજીભાઈ ગુજરી ગયા. એ અમારી પાસે આવ્યા. ૮૧માં ગઢડે. ૮૧નું ચોમાસું. કેટલા વર્ષ થયા? ૫૨. ૫૨ વર્ષ થયા. પંડિતજીના જન્મ પહેલાંની વાત છે. પંડિતજીના ૪૦ ચાલે છે. છેને ૪૦? ૪૧ બેઠું. તો એ વખતે એણે પ્રશ્ન કર્યો હતો. જેટલો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય એટલી અહીંયા જ્ઞાનની પર્યાય થાય છે. ખોટી વાત છે. તે સમયે જીવની પોતાની પર્યાય જે સમયે જે પ્રકારની ઉત્પન્ન થઈ એ પોતાથી થઈ, જ્ઞાનાવરણીય કર્મથી નહિ અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો એ પણ ક્ષયોપશમ નામ એની પર્યાય કર્મરૂપે હતી, પછી અકર્મરૂપ થઈ એ એને કારણે થઈ.

અહીંયાં જ્ઞાન પ્રગટ થયું તો કર્મપર્યાયને અકર્મપર્યાયરૂપ થવું પડ્યું એમ નથી. આહા..હા..! હવે આવા કર્મના લેખ શાસ્ત્રમાં આવે! અહીં કહ્યું હતું ભાઈ જુઓ, વિકાર... ૨૦૧૩ની સાલ વર્ણીજી સાથે. બધા બેઠા હતા. પંડિત, રામજીભાઈ બધા હતા. કર્મથી બિલકુલ આત્મામાં વિકાર થતો નથી. વિકારના તે સમયનું પરિણમન ષટ્કારકથી (થાય છે), દ્રવ્ય-ગુણ પણ એનું કારણ નથી. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પકડાઈ ગયા એમ કીધું. ઓહો..! આ લોકો પકડાઈ ગયા. કર્મથી વિકાર નથી થતો? જુઓને પ્રભુ ૬૨ ગાથા. એમ કે આ ખોટા છે એમ ખુશી થયા એ લોકો. આવા ગપ્પ મારે છે એમ. તો એણે પત્ર લખ્યો કલકત્તા. અમે કલકત્તા ગયાને પછી? ગજરાજજીના. ગજરાજજી છેને? ગજરાજજી ગુજરી ગયાને? એના ઘરે ભોજન હતું. ત્યાં ભોજન કરીને બેઠા હતા ત્યાં શાહુજી આવ્યા શાંતિપ્રસાદ પ્રત્ર લઈને. શું કહેવાય? ઈસરીનો. અહીંયા એમ કહે છે કે વિકાર કર્મથી નથી થતો એ ખોટી વાત છે. વિકાર પોતાથી થાય છે (એમ નથી). કીધું, ત્યાં જવાબ આપી દીધો છે. ચાલો ઉઠો. વિકાર પોતાથી થાય છે કર્મથી નહિ, તે સમયે તે જ વિકાર તે પ્રકારે થવાનો એ પર્યાયનું સત્ત્વ, સત્ત્વનું સત્ અહેતુક છે. એનો નિમિત્ત પણ હેતુ નથી, દ્રવ્ય-ગુણ પણ હેતુ નથી, દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. આહા..હા..! તો અશુદ્ધનું કારણ શુદ્ધ ક્યાંથી હોય? બીજી ચીજનો તો અત્યંત અભાવ છે. આહા..હા..! આ લોકો ખરા પકડાઈ ગયા. ખરી ભૂલ મોટી. કહો બાપુ! કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે કે સોનું જે છે એ પોતાની પર્યાય જે સમયે જે થવાની છે એમાં સોનું ઊપજે છે. આહા..હા..! આ હોઠ હલે છે તો ભાષાની પર્યાય થાય છે એમ નથી એમ કહે છે. ભાષાની પર્યાય વચનવર્ગણાની એ સમયે ભાષાની પર્યાયપણે વચનવર્ગણા ઉત્પન્ન થઈ છે, હોઠ કે જીવ એમાં ઊપજ્યા નથી. આહા..હા..!

**શ્રોતા :-** હોઠ તો આહારવર્ગણા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો બીજી વર્ગણા છે, આ વર્ગણા જુદી છે. આહા..હા..!

**'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...'** શું કહ્યું? સોનું છે સોનું એ કડારૂપે થયું, વીંટીરૂપે થયું. એ વીંટીની પર્યાય સોનાથી તદ્રૂપ છે, એના પ્રદેશ ભિન્ન છે એમ નથી. જેમ અગ્નિની ઉષ્ણતા, અગ્નિથી ઉષ્ણતા તદ્રૂપ છે, તેમ સોનું પોતાની પર્યાયમાં તદ્રૂપ છે, પરરૂપ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! આહા..હા..! સાંભળવા ન મળે એટલે એવું લાગે કે આ એકાંત છે... એકાંત છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એમ આવે છે કે બે કારણથી કાર્ય થાય છે, એમ આવે છે. નથી આવતું? એ તો બીજું નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આરોપિત કારણનું જ્ઞાન કરાવ્યું છે. એ આરોપિત કારણ છે. યથાર્થ કારણ તો પોતાની પર્યાયનું દ્રવ્ય જ કારણ છે. સમજાણું કાંઈ? તત્વાર્થ રાજવાર્તિકનું દૃષ્ટાંત

આપે અને બીજું દૃષ્ટાંત તો ભાઈએ આપ્યું છેને જૈનતત્ત્વ મીમાંસામાં, કે ઉપાદાનની પર્યાય ઉપાદેયનું કારણ છે. પૂર્વપર્યાય પછીની પર્યાયનું કારણ છે. આવે છે? સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં, જૈનતત્ત્વમીમાંસામાં. એ પંડિતોમાં એવી ચર્ચા બહુ થાય છે. પૂર્વની પર્યાય પછીની પર્યાયનું કારણ છે અને પછીની પર્યાય કાર્ય છે. સમજાણું કાંઈ? એ તો પરથી ભિન્ન કરવાની વાત કરી છે. બાકી ખરેખર તો જે પર્યાય પછી ઉપાદેયપણે થઈ તેને નિમિત્તની અપેક્ષાએ નૈમિત્ત કહે છે, પૂર્વની અપેક્ષાએ ઉપાદાન, પણ એ પર્યાયનું કારણ અને કર્તા એ પર્યાય સ્વતંત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પર્યાયમાં પૂર્વની પર્યાય એમાં ઉત્પન્ન નથી થઈ. એ તો પૂર્વની તો વ્યય થઈ ગઈ. સમજાણું કાંઈ?

એ કહે છે જુઓ, '**તાદાત્મ્ય...**' સંબંધ છે. આહા..હા..! સોનું પોતાની પર્યાયમાં.. શું કહેવાય તમારે ઝેવર? ઝેવર. જે પ્રકારના દાગીનાની પર્યાય ઉત્પન્ન થઈ એમાં સોનું ઊપજ્યું છે, સોની નથી ઊપજ્યો, હથોડો નથી ઊપજ્યો. આહા..હા..! '**તેમ...**' એ સોનાનું દૃષ્ટાંત થયું. '**તેમ સર્વ દ્રવ્યોને...**' હવે લીધું આખું. સર્વ દ્રવ્યો. આહા..હા..! '**પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.**' પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોતાના પરિણામથી, પર્યાયથી તાદાત્મ્ય તદ્રૂપ છે. પરથી પૃથક્ છે અને પોતાની પર્યાયથી તદ્રૂપ છે. કહો, આ દવાથી રોગ મટે છે કે નહિ? તો શું કરવા દવા કરે છે? દવાના પરમાણુ છે એ પર્યાયમાં એ પરમાણુ ઉત્પન્ન થયા છે અને અહીંયા નિરોગતા શરીરમાં થઈ એને યોગ્ય પરમાણુ નિરોગતાપણે ઉત્પન્ન થયા છે, દવાપણે ઉત્પન્ન નથી થયા, દવા ત્યાં આવી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ રામજીભાઈએ વકીલાત કરી હતી મોટી તે દિ'. બસ્સો રૂપિયા લેતા હતા. કોણ ભાષા કરી શકે? અને કોણ દલીલ કરી શકે? આહા..હા..! દલીલ કરવાની ભાષા વચનવર્ગણા એ ભાષાની પર્યાયમાં ઉત્પન્ન થઈ છે. આત્મા ત્યાં ઉત્પન્ન થયો છે અને આત્માને ઈચ્છા થઈ એ ઈચ્છાથી ભાષાની પર્યાય ઉત્પન્ન થઈ (એમ નથી). અહીં તો ઈચ્છાની પણ ના પાડે છે. અહીં તો ઈચ્છાનું જ્ઞાન કરનાર આત્મા ઈચ્છાનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શશીભાઈ! લોકોને ચારેકોર ચિંતા થઈ ગઈ. આ મફતના ઓલાએ નામ આપ્યું છે. ચારેકોર બધું એ આને આ દવા કરો, આને આ કરો. એય..! અહીં કાંઈ થાય નહિ. અહીં તો કાંઈ લાગતું પણ નથી કે શું થયું ઈ. આહા..હા..! એ જે સમયે જે પર્યાય થવાની હોય તે થાય છે. કેટલી શોધ કરવી? અને કોની શોધ કરવી? આહા..હા..! લાલચંદભાઈએ દવા મોકલી મુંબઈથી. એ ઊંઘની મોકલી છે એણે. ઊંઘ થોડી આવે. પંડિતજી લાવ્યા મહેનત કરીને જયપુરથી. શું કહેવાય ઓલું? બાયોકેમીક. બાયોકેમીકની શીશી લાવ્યા છે. આહા..હા..!

ભગવાન જે સમયે જે પર્યાય ઉત્પન્ન થાય છે એ પરમાણુ કે જડ, ચૈતન્ય પોતાની પર્યાયમાં એ જીવ ઉત્પન્ન થાય છે, જડમાં જડ ઉત્પન્ન થાય છે. આહા..હા..! બીજા પરમાણુની પર્યાયમાં બીજા પરમાણુની પર્યાય ઉત્પન્ન થાય... આહા..હા..! એમ નથી. એ કહ્યુંને? '**તેમ**

**સર્વ દ્રવ્યોને...**' એમાં ક્યા દ્રવ્ય બાકી રહ્યા? અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને આકાશ. આહા..હા..! '**સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.**' પોતાની પર્યાય સાથે તદ્રૂપ છે. બીજાની પર્યાય સાથે તો પૃથક્ છે. આહા..હા..! ઓલું તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એવું આવે કે બે કારણથી કાર્ય થાય- ઉત્પાદાન અને નિમિત્ત. અને એ શું કીધું ઓલા? સિદ્ધાંત પ્રવેશિકા. બળવાન કારણ. બે ભેગા થાય એ બળવાન કારણ કહેવાય. સમર્થ કારણ. બાપુ! એ તો વ્યવહારની વાતું છે. આહા..હા..! એ સમયે નિમિત્ત કોણ હતું? એ નિમિત્તની પર્યાયનું પરિણમન પણ તે દ્રવ્ય એ પોતે એ પર્યાયમાં ઊપજ્યું છે. એ કાંઈ આની પર્યાયમાં એ દ્રવ્ય ઊપજ્યું છે, આવ્યું છે એમ છે નહિ. આહા..હા..!

'**સર્વ દ્રવ્યોને પોતાના પરિણામોથી...**' સોનાના પરિણામમાં સોનું તદ્રૂપ છે, એમ દરેક દ્રવ્ય પોતાની પર્યાય સાથે તાદાત્મ્ય છે. આહા..હા..! તાદાત્મ્ય છે, તત્સ્વરૂપ છે. તાદાત્મ્ય નામ તત્સ્વરૂપ છે. જીવની પર્યાયમાં જીવ તત્સ્વરૂપ છે, અજીવની પર્યાયમાં અજીવ તત્સ્વરૂપે છે. તત્ એ સ્વરૂપે જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

બીજી વાત, કે અનંત દ્રવ્ય છે એને અનંતપણે એક સમયમાં રહેવું છે એમ સિદ્ધ કરવું હોય તો કોઈ પર્યાય કોઈની કરે એ તો બને જ નહિ. અનંત છે, એ અનંત દરેક પર્યાયમાં દ્રવ્ય જ ઉત્પન્ન થાય છે, એ દ્રવ્ય સ્વતંત્ર છે, બીજું દ્રવ્ય એની પર્યાયમાં ઉત્પન્ન થાય છે તો અનંત એમ સિદ્ધ થાય છે. નહિતર તો આ દ્રવ્ય આનું કરે ને આ દ્રવ્ય આનું કરે તો એ દ્રવ્યની પર્યાય એમને એમ છે એ સિદ્ધ થતી નથી તો દ્રવ્ય જ સિદ્ધ થતું નથી. પંડિતજી! આહા..હા..! સમજાય છે કાંઈ? 'સમજાય છે કાંઈ?' ગુજરાતી ભાષા છે. સમજમેં આતા હૈ? આહા..હા..!

'**સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.**' તત્સ્વરૂપ છે. તાદાત્મ્ય તત્સ્વરૂપ. આહા..હા..! એ પાણી ઊનું થયું એ પદાર્થ તત્સ્વરૂપ છે. એનું એ પરિણામ એ જ એનું તત્સ્વરૂપ છે. આહા..હા..! ભગવાન આત્મા રાગનો કાળ અને પરદ્રવ્યની પર્યાય એને કાળે થઈ, તેને અહીંયાં જ્ઞાનપણે જાણવાની પર્યાયના સ્વકાળે જ્ઞાનની પર્યાયમાં આત્મા ઉત્પન્ન થયો છે, એ રાગ અને નિમિત્ત એમાં ઉત્પન્ન નથી થયા. આહા..હા..! શું કહ્યું?

આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય સર્વજ્ઞસ્વભાવી છે. તો એ પર્યાયમાં પોતાના જ્ઞાનની પર્યાય આવે છે, તો તેમાં આત્મા ઉત્પન્ન થાય છે. એ સમયે જે રાગ થયો એ રાગને કારણે અહીંયાં જ્ઞાનની પર્યાય ઊપજી એમ નથી. રાગને જાણનારી પર્યાય રાગને કારણે અહીંયા જાણનારી પર્યાય ઉત્પન્ન થઈ (એમ નથી). વ્યવહારરત્નત્રયને જાણવું, જાણતો થકો એ સમયે.. આવ્યુંને ૧૨મી ગાથામાં? વ્યવહારને જાણતો થકો. તે કાળે તદાત્વે તે કાળે. તે કાળે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, બસ. આહા..હા..! તદાત્વે શબ્દ છે સંસ્કૃતમાં. તે સમયે. બીજે

સમયે બીજું, ત્રીજે સમયે ત્રીજું. આહા..હા..! જે સમયની જે પર્યાય વ્યવહારની, રાગની ઉત્પન્ન થઈ તેને અહીંયા જાણનારના જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરની પ્રકાશકશક્તિ જે ઉત્પન્ન થઈ એમાં દ્રવ્ય ઉત્પન્ન થયું છે, એ પર્યાયમાં રાગ અને નિમિત્ત ઉત્પન્ન નથી થયા. એનાથી તો ઉત્પન્ન નથી થયું પણ એણે અહીંયાં ઉત્પન્ન કરાવ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દેવજીભાઈ! આવું ઝીણું બહુ. બિચારા કહેને બધા? એય..! એકાંત છે. અરે! પ્રભુ! અને ઓલા સમ્યગ્જ્ઞાન દિપીકાનું બધા નાખે છે. હવે સમ્યગ્જ્ઞાનદિપીકા તો ધર્મદાસ ક્ષુલ્લકની છે. એમાં ત્યાં કહ્યું કે એ સોનગઢવાળાએ આમ કહ્યું.

**શ્રોતા :-** સોનગઢવાળાએ છાપીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ છાપે? છાપે છે કોણ? આહા..હા..! એના છાપવાની પર્યાય કાળે તેના પરમાણુ તે પણે ઊપજ્યા હતા. આહા..હા..!

‘**સર્વ દ્રવ્યો પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.**’ આહા..હા..! ‘**આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**’ હવે શું કહે છે? કે જીવ પોતાના પરિણામોથી ઊપજે છે, તો જેમ પોતાના પરિણામોથી ઊપજે છે, તેમ બીજાના પરિણામ પણ ઉત્પન્ન કરે એમાં શું છે? ઉત્પન્ન થાય તો છેને? કાંઈ કૂટસ્થ છે? એમ કહે છે. જીવ જ્યારે પોતાના પરિણામોથી ઉત્પન્ન થાય છે, તો બીજાના પરિણામોથી પણ ઉત્પન્ન થાય એમાં શું છે? એક ગાયને ચરાવનારો ભરવાડ હોય તો પાંચ ગાયને ચરાવનારો ભરવાડ હોય એમાં વાંધો શું છે? એ નથી કહેતા? દૃષ્ટાંત આપે છે. ગાય. પાંચ ગાયને ચરાવનારમાં બીજી પાંચ ગાય ભળે એમાં શું થયું? દસને ચરાવે.

**શ્રોતા :-** પાંચ ગાયને ચરાવે છે એ દસ ચરાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ ચરાવે? આહા..હા..!

એમ અહીંયાં કહે છે. ‘**જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**’ તો ઉત્પન્ન થાય એટલું તો કાર્ય કરે છે કે નહિ? એમ કહે છે. તો બીજું પણ કાર્ય કરે. કાર્ય કર્યા વિના રહે તો બીજાનું કાર્ય ન કરે, પણ કાર્ય તો કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**’ એ તો તમે સિદ્ધ કરો છો કે નહિ? આહા..હા..! આત્મા પ્રત્યેક સમયમાં જે પર્યાય છે, અહીં જ્ઞાન અને દર્શન નિર્મળ લેવા છે હોં! એમાં આત્મા કાર્યરૂપે તો પરિણમે છે. કાર્ય કર્યા વિના જીવ રહે એમ તો નથી, તો પછી બીજાનું કાર્ય પણ કરે. એકનું કાર્ય કરે તો બીજાનું પણ કરે એમાં હરકત શું છે? આહા..હા..! સમજાણું કાંઈ? ‘**અન્ય દ્રવ્યો સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકનો અભાવ છે;...**’ એ એનો વિશેષ ખુલાસો આવશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૮, શુક્રવાર, તા. ૨૪-૦૬-૧૯૭૭, ગાથા-૩૦૮ થી ૩૧૧ , પ્રવચન નં. ૩૭૬

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. અહીં સુધી આવ્યું છે. '**આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...**' વચ્ચે છે. આત્મા જે છે, આત્મા કહો કે જીવ કહો, જે સમયે પોતાના પરિણામરૂપી પર્યાયથી ઉત્પન્ન થાય છે. એના કાર્યનો કર્તા, પોતાના પરિણામનું કાર્ય કરે છે. જીવ પોતાની પર્યાય ઉત્પન્ન થવાનું કાર્ય કરે છે. છે? '**પોતાના પરિણામોથી ઊપજતો...**' એ કાર્ય છે. આહા..હા..! દરેક સમયે જીવ પોતાની પર્યાયરૂપ પરિણામ એમાં ઊપજે છે એ એનું કાર્ય છે. કર્તા જીવ છે. (આમ) '**હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...**' પોતાનું કાર્ય કરે છે જીવ પોતાની પર્યાયથી, તો બીજાનું પણ કાર્ય કરે એમ નથી. '**હોવા છતાં...**' છેને? તોપણ. પોતાનું કાર્ય કરે છે તોપણ પરનું કાર્ય નથી કરી શકતો. શરીરનું, વાણીનું, કર્મબંધનનું એ પર્યાયનું (કાર્ય નથી કરી શકતો). કેમ? કે કોઈ પદાર્થ નકામો નથી. શું કહ્યું? નકામો નામ પોતાના કાર્ય વિનાનો કોઈ પદાર્થ નથી. દરેક સમયે દરેક પદાર્થ પોતાનું કાર્યરૂપી પર્યાય કરે છે. આહા..હા..! તો કોઈ પદાર્થ નકામો નથી કે જીવ એનું કાર્ય કરે. સમજાણું કાંઈ? આહા..હા..! એવો પાંગળો જીવ છે કે પરનું કાંઈ કરી શકે નહિ?

પરમાત્મપ્રકાશમાં તો એમ લીધું છે કે જીવ પાંગળો છે, તેને કર્મ લઈ જાય છે અને દઈ જાય એમ આવ્યું છે. એ તો એનો સ્વભાવ નથી એમ બતાવવું છે. સમજાણું કાંઈ? પોતાની પર્યાય જાય, આવે એનો કર્મ કર્તા છે, જીવ પાંગળો છે એમ કહ્યું છે. અહીં બીજી ચીજ કહેવી છે. અહીંયાં જીવ પોતાની પર્યાયનું કાર્ય કરે છે. પરને માટે પાંગળો છે, પરનું કાર્ય નથી કરતો. સમજાણું કાંઈ? દેશની સેવા કરવી, પરની દયા પાળવી, પરની હિંસારૂપી કાર્ય કરવું, હિંસા કરવી, કોઈને લક્ષ્મી દેવી, આહાર દેવો, પાણી દેવો, મકાન દેવું, જગ્યા દેવી, ઔષધ દેવા એ કાર્ય જીવનું કાર્ય નથી. કેમકે એ પદાર્થ તે સમયે પોતાની પર્યાયમાં ઉત્પન્ન થતો હોવાથી એ કર્તા અને એ અને એની પર્યાય એનું કાર્ય છે. પરપદાર્થની પર્યાય એનું કાર્ય, તો આત્મા પોતાની પર્યાયનું કાર્ય કરે, તો પરનું પણ કાર્ય કરે એમ નથી. આહા..હા..! '**હોવા છતાં...**' શબ્દ પડ્યો છેને? કે પોતાનું કાર્ય તોપણ પરનું કાર્ય ન કરે એમ. છે?

'**ઊપજતો હોવા છતાં...**' એમ કે તોપણ. તોપણનો અર્થ? કે પોતાના પરિણામનું કાર્ય તો આત્મા કરે છે. તો કાર્ય કર્યા વિના રહે નહિ, કાર્ય કરે છે તોપણ પરનું કાર્ય નથી કરી શકતો. આહા..હા..! સમજાણું કાંઈ? સ્ત્રી બાળકોને મોટા કરી શકે છે?—કે ના. સ્ત્રી-

માતાની સંભાળથી બાળક મોટું થાય છેને?- કે ના. અહીંયા ના પાડે છે. અરે! અને બાળકને ક્યાં ખબર છે? માતા ધ્યાન રાખે તો બાળક બરાબર કેળવણી પામે. અહીં કહે છે કે પ્રભુ! તને તે તે સમયે તે તે પરમાણુ જે પુત્રના, પુત્રીના પરમાણુ શરીરના તે પરમાણુ તે સમયે પોતાની પર્યાયનું કાર્ય કરે છે. એનો આત્મા નથી કરતો તો માતા તો ક્યાંથી કરે? આહા..હા..! ભારે ભાઈ! આ છોકરાને ભણાવે છે. લ્યો! રામજીભાઈએ એમના છોકરાને ભણાવ્યો. ૩૫ હજાર પાપ કરીને ભેગા કર્યા હતા. સુમનભાઈને ભણાવ્યા લ્યો! ૩૫ હજાર અમેરિકા મોકલ્યા અને પછી પાસ થયા. એ સાચી વાત છે? આ લોકો કહે છેને કે બાળબચ્ચા નાનેથી મોટા થાય છે એ એની માતા સંભાળ કરે તો થાય છે અને માતાની બુદ્ધિ હોય એવી બુદ્ધિ એનામાં આવે છે. પહેલેથી એને ભણાવે. બધી ખોટી વાત છે.

**શ્રોતા :-** બધી મહેનત બેકાર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહેનત એની પાસે રહી કે પેલામાં ઘુસી ગઈ? પોતાના પરિણામ, એને મોટા કરવા આદિના પરિણામ હો, પણ એ પરિણામથી પરને મોટા કરવા, કેળવણી આપવી, એને પુસ્તક બરાબર દેવા, બરાબર ભણાવવામાં ધ્યાન રાખવું, એની નિરોગતા રહે એવા ઔષધ આદિ આહાર પથ્ય દેવો એ ક્રિયા—કાર્ય આત્માનું નથી. સમજાણું કાંઈ? સવારમાં વ્યાખ્યાન એવું સરસ ચાલતું હતું અને વયો ગયો ત્યાં. અહીં વ્યાખ્યાન હતું એવું ત્યાં ન હોય. બે ટંક ખોયા. પહેલાં ગયો તે દિ' અહીં હતું સ્વાધ્યાય. આજ તો બહુ સરસ હતું સવારનું. એ કાંઈ ફરીને આવે છે કાંઈ?

**શ્રોતા :-** આપને સવારમાં વિકલ્પ આવ્યો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યું હતું, પૂછ્યું હતું. એના ભાગ્ય નહિ. એટલી ભાગ્યની કચાશ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીં તો એમ લે છે કે '**જીવ પોતાના પરિણામો...**' નામ પર્યાય. જે જે સમયે પોતાના પરિણામ પર્યાય ઉત્પન્ન થાય છે, એ ઉત્પન્ન થાય છે એના કાર્યનો કર્તા જીવ છે. પોતાના પરિણામના કાર્યનો કર્તા જીવ છે. (એમ) '**હોવા છતાં...**' એમ શબ્દ લીધો છે. એવું પોતાનું કાર્ય છે તોપણ. એમ કેમ લીધું? કે પોતાનું કાર્ય તો કરે છે, તો પરનું પણ કાર્ય કરે. કાર્ય કર્યા વિનાનો આત્મા રહે એમ તો નથી. દરેક સમયે પોતાની પર્યાયરૂપી કાર્યનો કર્તા આત્મા છે. આહા..હા..! '**હોવા છતાં તેને અજીવની સાથે...**' જડની સાથે. કર્મનું બંધન થવું, ... અજ્ઞાની રાગપણે ઊપજે છે અજ્ઞાની. તો એ રાગપણે ઊપજે છે એ અજ્ઞાનીનું કાર્ય છે, પણ એનાથી કર્મબંધનનું કાર્ય એ કરે છે એમ નથી. સમજાણું કાંઈ? સવારમાં થોડો સૂક્ષ્મ બોલ હતો. ૧૭-૧૮ શ્લોક હતાને ઘણા સૂક્ષ્મ હતા. આહા..હા..! આ તો સમજાય એવી વાત છે. આ તો ગુજરાતીમાં ચાલી ગઈ છે. આ તો બહેનને માટે શરૂ કર્યું હિન્દી. આ પંડિતજીના ઘરેથી. આહા..હા..!

'કારણ કે...' હવે કારણ આપે છે. 'સર્વ દ્રવ્યોને...' પ્રત્યેક પદાર્થને, પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુની સાથે '**અન્ય દ્રવ્યો સાથે ઉત્પાદ્ય...**' નામ કાર્ય '**ઉત્પાદક...**' નામ કારણ. ઉત્પાદ્ય નામ કાર્ય, ઉત્પાદક નામ કારણ. પરદ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવ નથી. આહા..હા..! પ્રત્યેક સમયમાં પરદ્રવ્યનું ઉત્પાદ્ય જે કાર્ય થાય છે એનો આત્મા ઉત્પાદક છે એમ નથી. આહા..હા..! દરેક સમયે પરમાણુ આદિ આત્મા આદિ સર્વમાં જે સમયે કાર્ય થાય છે તે ઉત્પાદ્ય. એ કાર્ય થવાનો એનો એ સમય છે, નિજક્ષણ છે, જન્મક્ષણ છે. પ્રત્યેક પદાર્થની પર્યાયરૂપી કાર્ય ઉત્પન્ન થવાની એની નિજક્ષણ છે. સમજાણું કાંઈ? એનો ઉત્પાદક આત્મા નથી. આહા..હા..! બીજું દ્રવ્ય એનું ઉત્પાદક છે એમ નથી. આહા..હા..! રોટલી બને છે એ એનું ઉત્પાદ્ય છે. લોટની રોટલી બને છે તો લોટ ઉત્પાદક છે અને રોટલી ઉત્પાદ્ય છે.

**શ્રોતા :-** એનું કાર્યકારણ લોટની સાથે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની સાથે છે. પણ આત્મા એ સ્ત્રી ડાહી હોય અને બહુ હુશિયાર હોય તો એ ઉત્પાદક છે અને રોટલી ઉત્પાદ્ય છે-કાર્ય છે એમ નથી. સમજાણું કાંઈ? પુડલા બનાવે છે, જલેબી બનાવે છે. હુશિયાર બાઈ હોય બહુ તો સેવ બનાવે સેવ. પાટીયા ઉપર બનાવે છે. શું કહે છે? લોટની સેવ પાતળી આમ. બરાબર હાથ રાખે. તો અહીં તો કહે છે.. હુશિયાર બાઈ હોય તો બહુ કરે એમ કહે છે. આમ ઓલા શું કહેવાય? સમજ્યાને? પુડલા. પુડલાને શું કહે છે? પુડલા-પુડલા. એને બરાબર કરે. એ ઘી કે તેલ વચ્ચે ન નાખે, આમ કિનારે નાખે. તો એના ડહાપણનું કાર્ય છે કે નહિ ઈ? સમજાણું કાંઈ? કેમકે કિનારી ઉપર નાખે તો બધામાં જાય. હરામ કહે છે કે આત્માના પરિણામ આત્મામાં ઉત્પન્ન થાય, પણ પુડલાનું કાર્ય પરમાણુનું ઉત્પાદ્ય જે છે એ તો પરમાણુનું ઉત્પાદ્ય છે, એમાં સ્ત્રી ઉત્પાદક છે કે એનો તવો ઉત્પાદક છે, તાવડી ઉત્પાદક છે, અગ્નિ ઉત્પાદક છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે.

'**ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો...**' દરેક દ્રવ્યમાં દરેક દ્રવ્ય નકામો કદી નથી. દરેક સમયે દરેક દ્રવ્ય પોતાનું કામ નામ પર્યાય કરે છે. તો એ દરેક સમયે કોઈ પદાર્થ ઉત્પાદ્ય પર્યાયના કાર્ય વિનાનો નથી, તો બીજો એનો ઉત્પાદક થાય એમ કદી બને નહિ. આહા..હા..! હવે આ વાત ઓલા તત્ત્વાર્થ રાજવાર્તિકને મુશ્કેલી પડે. બે કારણના કાર્ય. એ છોકરા બે બેઠા છે જોડે તો રમે છે. ... છેને? આહા..હા..! આ લાકડી છે એ નીચેથી આટલી ઊંચી થઈ. તો એનું ઉત્પાદ્ય કાર્ય તો એ પરમાણુથી થયું છે, એનો ઉત્પાદક આંગળી નથી અને આંગળીને આધારે પણ નહિ. એ પર્યાય છે એનો આધાર એ પર્યાય છે. આહા..હા..! એ પર્યાયરૂપી કાર્યનો આધાર એ પર્યાય છે. એ પરમાણુમાં એક સમયે જે પર્યાય થાય છે એ એક સમયમાં ષટ્કારક પર્યાયના પર્યાયમાં છે, એના દ્રવ્ય-ગુણથી પણ નહિ. તો એ પર્યાયનું કાર્ય-ઉત્પાદ્ય

બીજો ઉત્પાદક કરે એમ કદી બનતું નથી. આહા..હા..! એમ માને તો વિપરીત માન્યતા છે. પરનું હું કાર્ય કરું, બરાબર વ્યવસ્થિત કરું, હું દુકાને રહું તો વ્યવસ્થિત કામ થાય છે. સમજાણું કાંઈ? કહો, વિમલચંદજી!

સંચાનું બહુ ધ્યાન રાખે. એક લાખ રૂપિયા પેદા કરે છે લ્યો છ માસમાં સંચામાં. હુશિયારી હોય છે કે નહિ? કોઈ હુશિયારી નથી. આહા..હા..! પાંચ-પાંચ હજારનો પગાર મળે, દસ-દસ હજારનો પગાર મળે તો એના ડહાપણથી, એની બુદ્ધિની ઉગ્રતા છે તો એ મળે છે કે નહિ? બુદ્ધિ ઉત્પાદક છે અને પગાર ઉત્પાદ્ય-કાર્ય છે એનું એમ નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! જગતને તત્ત્વની વાત બેઠી નથી. વાસ્તવિક તત્ત્વ સ્વસન્મુખ થવામાં પરના કાર્યનો અભાવ છે અને પોતામાં સ્વસન્મુખ થવામાં પર્યાયનું કાર્ય પણ સ્વસન્મુખ થવામાં અભાવ છે. જે પૂર્વની પર્યાય હતી એ પણ કાંઈ સ્વસન્મુખ થવામાં કાર્ય કરતી નથી. આહા..હા..! એ તો નવા સમયમાં પર્યાય જે દ્રવ્યમાંથી ઉત્પન્ન થઈ એ જ કાર્ય સ્વસન્મુખ થયું તેને ત્રિકાળી દ્રવ્યને કારણ કહે છે અને પર્યાયને કાર્ય કહે છે. એવી વાત છે, ભાઈ! ઝીણી વાત છે, બાપુ! માર્ગ ધર્મ. વસ્તુનો સ્વભાવ એવો છે. જૈનધર્મ એ આવો છે અને અન્ય ધર્મ આવો એમ નથી. આ તો વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**સર્વ દ્રવ્યોને...**' દરેક પરમાણુ અને દરેક આત્મા સ્વતંત્ર પોતાની પર્યાયમાં ઊપજે છે તો '**અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય...**' નામ કાર્ય અને '**ઉત્પાદક...**' નામ કારણ, એ ભાવનો '**અભાવ છે;...**' આહા..હા..! શું આમાં બંગડીના વેપારમાં બંગડી જાય આમ ને આમ. એને બંગડીનો વેપાર છે મુંબઈ. બંગડી આવી. બંગડી કહે છે? ચુડી કાચની. કાચની છેને? લાકડાની છે? બરાબર આમ. આમ ને આમ ન પેસે. એને પેસે છે એને જાય છે તો લે નહિતર તો શી રીતે લઈ શકે? અહીંયાં રહે આટલું તો એટલું આમ કરવું પડેને? તો એ કાર્યનો કર્તા હાથ નથી. આત્મા તો નહિ, પણ હાથે એને આમ કર્યું. બંગડી નાની હોયને અને અહીંયાં રહેતી હોય તો એટલા .. પહોળી ક્યાંથી ગરે? તો એને બરાબર આ કરે તો.. ભારે વાત! આ તો બધું જોયું છે હોં! એ કાંઈ જોયું નથી. બધા જોયા છેને. આહા..હા..! આ પ્રભુ! વસ્તુનું સ્વરૂપ. આ હાથ આમ થયો આ હાથથી એમ નથી. પોતાની પર્યાય તો એ સમયે ઉત્પન્ન એનાથી થઈ છે, એમાં હાથ શું કરે? આહા..હા..! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ઉત્પાદ્ય અને ઉત્પાદક પરદ્રવ્ય એમ નથી. આ એક સિદ્ધાંત બેસે તો આ કાર્યકારણની ભ્રમણા ઉડી જાય એની. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**ઉત્પાદ્ય-ઉત્પાકભાવનો અભાવ છે; તે નહિ સિદ્ધ થતાં,...**' શું? '**(કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...**' એક દ્રવ્ય, બીજા દ્રવ્યનું ઉત્પાદ્ય અને આત્મા બીજો ઉત્પાદક એમ સિદ્ધ નહિ થતાં. સમજાણું કાંઈ? '**અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;...**' શું કહે છે? અજીવનું કાર્ય જીવનું સિદ્ધ થતું નથી એમ લેવું. અજીવનું કર્મપણું નામ કાર્યનું,

અજીવનું કર્મપણું નામ કાર્યપણું જીવનું સિદ્ધ નથી થતું. આહા..હા..! સમજાણું કાંઈ? અજીવનું કર્મપણું જીવનું કાર્ય સિદ્ધ થતું નથી. આહા..હા..! જેવો શુભભાવ હોય એવું જ ત્યાં શાતાવેદનીય કર્મ બંધાય. તો કહે છે કે.. જોકે રાગનો કર્તા થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે. શાતાવેદનીય બાંધવાના પરિણામ જે છે એ પરિણામનો કર્તા થાય છે એ અજ્ઞાન છે અને ભલે અજ્ઞાનમાં રાગનો કર્તા હોય, પણ એ અજ્ઞાની કર્મબંધની પર્યાયનો કર્તા પણ થાય, મેં કર્મ બાંધ્યા એવા ઉત્પાદ્ય-ઉત્પાદકનો અભાવ છે, કાર્યકારણનો અભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શાસ્ત્રમાં તો એવું બહુ આવે છે લ્યો! છ કારણથી જ્ઞાનાવરણીય બંધાય. નથી આવતું? છ કારણથી જ્ઞાનાવરણીય બંધાય, છ કારણથી દર્શનાવરણીય બંધાય, અમુક કારણથી શાતાવેદનીય બંધાય, અમુક કારણથી અશાતાવેદનીય બંધાય, અમુક કારણથી અંતરાય બંધાય. આહા..હા..! લ્યો! ગોમ્મટસારમાં એમ આવે છે. તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. એવો પાઠ તો તત્ત્વાર્થસૂત્રનો પાઠ છે. પંડિતજી બોલ્યા એ તત્ત્વાર્થસૂત્રનો પાઠ છે. નિહ્નવ દોષ આદિ. આહા..હા..! એ પરિણામ જે થયા છે, નવા બંધનમાં પરિણામ નિમિત્ત, પણ એ નિમિત્ત થયું છે તો ત્યાં બંધન થાય છે એમ નથી, અને જે પરિણામ થયા છે બંધનના નિમિત્તરૂપ એ પરિણામનો પણ કર્તા થાય તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર નથી, એની દૃષ્ટિ વિકાર ઉપર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત છે. છ કારણે બંધાય એમ ભગવાન કહે, તત્ત્વાર્થસૂત્રમાં. પણ એ પરિણામ જે છે વિકારી બંધનું નિમિત્ત, એ પરિણામનો કર્તા થાય તો જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ રહી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**અજીવને જીવનું કર્મપણું...**' એમ. અજીવનું કાર્ય જીવનું સિદ્ધ નથી થતું. અજીવનું કર્મપણું જીવનું કર્મપણું સિદ્ધ નથી થતું. આહા..હા..! ટૂંકા શબ્દમાં કેટલું કહ્યું છે! કે અજીવનું કાર્ય, અજીવનું (કર્મપણું) જીવનું કર્મપણું સિદ્ધ નથી થતું. જડની પર્યાયરૂપી કાર્યનો જીવ ઉત્પાદક કારણ સિદ્ધ નથી થતું. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં,...**' અજીવનું કાર્ય જીવનું સિદ્ધ નહિ થતા '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...**' આહા..હા..! કહે છે કે કર્તાકર્મ જે છે એ.. અહીંયાં જ્ઞાનની પર્યાયનો કર્તા અને જ્ઞાન પર્યાય કાર્ય એમ હોય એમાં અન્ય દ્રવ્યની કોઈ અપેક્ષા નથી. સમજાણું કાંઈ? જ્ઞાન-સમ્યગ્દર્શનની પર્યાય થઈ એનો ઉત્પાદક આત્મા, ઉત્પાદ્ય કાર્ય જીવનું, તો એમાં દર્શનમોહનીય કર્મનો અભાવ થયો એ અપેક્ષાથી સમ્યગ્દર્શનનું કાર્ય થયું એવી અપેક્ષા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એમ ચારિત્રપર્યાય ઉત્પન્ન થાય સ્વદ્રવ્યના લક્ષે-આશ્રયે, તો એ ચારિત્ર પર્યાયનો ઉત્પાદક જીવ અને ઉત્પાદ્ય ચારિત્રપર્યાય કાર્ય, એમાં અન્યદ્રવ્યની કોઈ અપેક્ષા નથી કે ચારિત્રમોહનો અંદર અભાવ થયો તો ચારિત્રપર્યાય થઈ એમ અન્યદ્રવ્યની અપેક્ષા નથી. આહા..હા..! મોટો જૈનદર્શનના કર્મનો સિદ્ધાંત એવો આકરો પડી જાય છેને લોકોને. ૭૧માં પહેલાં કહ્યું હતું અમે. ૭૧. ૬૨ વર્ષ થયા. પહેલાં કહ્યું હતું શરૂઆતમાં

કે કર્મથી આત્મામાં બિલકુલ વિકાર થતો નથી. (સંવત) ૧૯૭૧. ૬૨ વર્ષ થયા. લાઠી. ખળભળાટ થઈ ગયો, ખળભળાટ બહારમાં. પહેલાં તો સ્થાનકવાસીમાં ખળભળાટ થયો. આ શું કહે છે? શું વિકાર એના સ્વભાવમાં છે? તો વિકાર તો કર્મથી જ થાય છે. ખળભળાટ. ત્યાંથી શ્વેતાંબરમાં વાત ગઈ તો ત્યાં ખળભળાટ, ત્યાંથી ગઈ દિગંબરમાં તો ત્યાં ખળભળાટ.

**શ્રોતા :-** બધી જગ્યાએ ગડબડ થઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખળભળાટ થઈ ગયો. કર્મબંધનની પર્યાયનો કર્તા જીવ તો નથી, પણ જીવની વિકારી પર્યાયનો કર્તા કર્મ નથી. આહા..હા..! કેમકે અન્ય દ્રવ્યનું ઉત્પાદક, અન્ય દ્રવ્ય ઉત્પાદક નથી. એનો અર્થ એ થયો કે વિકારનું ઉત્પાદ્ય-કાર્યનો અજ્ઞાની કર્તા અને ઉત્પાદ્ય કાર્ય એનું, પણ એ કર્મનો ઉદય આવ્યો જ્ઞાનાવરણીયનો કે દર્શનમોહનો એ અપેક્ષાએ વિકારી પર્યાય કે જ્ઞાનની હીણી દશા થઈ એમ નથી. સમજાણું કાંઈ? આવી વાત હવે. બિચારા વાડામાં પડ્યા કાંઈ ખબર ન મળે. દેવજીભાઈ! જૈનના વાડામાં પડ્યા એમ ને એમ જય નારાયણ. સામાયિક કરી ને પોષા કર્યા ને પડિક્કમણા કર્યા. ઓલા વળી શ્વેતાંબર કહે ભક્તિ, પૂજા, સિદ્ધચક્રની પૂજા (કરો). ધૂળમાંય ધર્મ નથી સાંભળને. હજી તને 'એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરી શકતું નથી' એવી પરથી દૃષ્ટિ ખસી નથી અને સ્વદ્રવ્યમાં દૃષ્ટિ આવી નથી ત્યાં સુધી તને ધર્મ ક્યાંથી થશે? સમજાણું કાંઈ? આહા..હા..! કહો, દેવજીભાઈ!

'**(-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે,...**' અનેરા દ્રવ્યની અપેક્ષા વિના '**સ્વદ્રવ્યમાં જ)...**' કર્તા-કર્મ હોય છે. સ્વદ્રવ્ય કર્તા અને પર્યાય જે થાય તે તેનું કાર્ય બસ. આહા..હા..! ભિન્ન કર્તા અને ભિન્ન કર્મ એમ નથી. અભિન્ન કર્તા અને અભિન્ન કર્મ. પ્રત્યેક આત્મા પોતાનો સમ્યગ્દર્શનરૂપી ધર્મ, એ રૂપી ઉત્પાદ્ય-કાર્ય એનો કર્તા આત્મા છે. કેમકે દૃષ્ટિ ત્યાં પડે છે તો સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! ચૈતન્યજ્યોત ભગવાન ઝળહળ જ્યોતિ, ચૈતન્યપ્રકાશનો પૂર, નૂર ભર્યું છે એના ઉપર દૃષ્ટિ જતાં સમ્યગ્દર્શનનું કાર્ય—કર્મ (થાય) એનો આત્મા કર્તા કારણ છે. કર્તા અને કર્મ ભિન્ન હોતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તો અમારી બુદ્ધિ ત્યાં ખીલે છે. જુઓ, ભાઈ! અમને જ્ઞાનાવરણીનું જોર છે. પંડિતજી! પંડિતજી એકદમ શીખી ગયા અને બીજાને શીખડાવે છે તો એટલો ફેર છે કે નહિ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમનો? આહા..હા..! જ્ઞાનાવરણીય તો જડ છે. પોતાના જ્ઞાનના વિકાસની પર્યાયનો જડ ઉત્પાદક અને જ્ઞાનનો જે વિકાસ થયો તે એનું ઉત્પાદ્ય કાર્ય એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કર્મનો સિદ્ધાંત લોકમાં એવો ઊંધો ગરી ગયો છેને. ઓલા જગતના કર્તા ઈશ્વર માને. એ ચૈતન્ય માને અને આનો કર્તા કર્મ માને. જડ કર્તા આ બધા એના વિકારનો અને કર્મ ખસે તો કાંઈક લાભ થાય, કર્મનો ઉદય આવે તો નુકસાન થાય.

**શ્રોતા :-** શાસ્ત્ર લઈને ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કઈ અપેક્ષાએ? જ્યારે વિકાર ઉત્પન્ન થવાનો હોય તો ત્યાં વિકાર બળીયો.. વિકાર બળીયો એમ કહેવામાં આવ્યું છે, કર્મ જડ બળીયો એમ નથી. સમજાણું કાંઈ? વિકારનું જોર જ્યાં સુધી આત્મા કરે છે તો તેમાં વિકારબળ થયું અને પોતાના જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિ કરે છે તો જ્યાં જીવનું બળ થયું. આહા..હા..! એ વિકાર અને અવિકારીનું ઉત્પાદ્ય પોતાનો આત્મા જ ઉત્પાદક છે. આહા..હા..! અહીં તો નિર્મળ લેવું છે. રાગનો કર્તા પણ અહીં તો નથી લેવું આ અધિકારમાં. સર્વવિશુદ્ધ છેને? આત્મા રાગ વ્યવહારરત્નત્રયનો કર્તા અને આત્માનું જ કર્મ, વ્યવહારત્નત્રય કાર્ય અને આત્મા એનો કર્તા એમ અહીંયા સિદ્ધ નથી કરવું. અહીંયાં તો વ્યવહારરત્નત્રયનો જે રાગ છે તે સમયે પોતાની જ્ઞાનની પર્યાય પોતાથી સ્વપરપ્રકાશપણે ઉત્પન્ન થાય છે એ ઉત્પાદ્ય છે અને એ ઉત્પાદ્યનો ઉત્પાદક જીવ છે. આહા..હા..!

ઘડાનો કર્તા કુંભાર નથી, ઘડાનું ઉત્પાદ્ય-કાર્યનો કર્તા માટી છે. ઘડારૂપી ઉત્પાદ્ય-કાર્ય, એનો ઉત્પાદક માટી છે. ઘડારૂપી ઉત્પાદ્ય એનો કુંભાર ઉત્પાદક નથી. ૩૭૨ ગાથામાં કહે છે આચાર્ય અમૃતચંદ્રાચાર્ય કે અમે તો જોતા નથી કે કુંભાર ઘડાને કરે છે, કુંભારથી ઘડો થાય છે... ૩૭૨ ગાથા છે. સમજાણું કાંઈ? આ સમયસાર છેને? આ ૩૭૨ લ્યોને. આમાં ને આમાં છે. આ હિન્દી ૫૦૨. ૩૭૨ ગાથા. જુઓ, '**માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' આ બાજુ. હિન્દીમાં આ બાજુ છે. નીચેથી બીજી લીટી. છે? '**માટી પોતાના સ્વભાવને નહિ ઉલ્લંઘતી હોવાને લીધે, કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' આ ઉત્પાદક આવ્યું. આહા..હા..! '**માટી જ, કુંભારના સ્વભાવને નહિ સ્પર્શતી થકી, પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે.**' પોતાના સ્વભાવથી કુંભભાવે ઊપજે છે. માટી પોતાના સ્વભાવથી ઘડાપણે ઊપજે છે. કુંભાર એનો ઉત્પાદક છે એમ નથી. આવું પણ કામ!

આખો દિ' કામ કરે, હુશિયાર માણસ પાણી ગળે, લોટા સવારમાં ઉઠીને સાફ કરે, ગરણા લૂગડાના લાંબા કરે, વળી ગાળીને સૂકવે. વેપારી હોય તો ઉઠીને દુકાન ઉઘાડે. બરાબર માલ ગોઠવે. કહે છે કે એ પરના કાર્યનો ઉત્પાદક પરદ્રવ્ય નથી. આહા..હા..! આ કહે છે જુઓ, લાખ વર્ષ સુધી માટી પડી હોય પણ કુંભાર વિના ઘડો થાય છે? અહીં કહે કે જે સમયે માટીના ઘડાની ઉત્પત્તિનો જન્મક્ષણ છે—ઉત્પત્તિકાળ.. ૧૦૨ ગાથા પ્રવચનસાર. ૧૦૨ ગાથામાં એવો પાઠ છે જન્મક્ષણ. એ માટીમાં ઘડાની જન્મ નામ ઉત્પત્તિનો કાળ છે ત્યારે તે ઘડો થાય છે. તો એના કાર્યનો કર્તા માટી છે. એ ઘડો ઉત્પાદ્ય છે, માટી ઉત્પાદક છે. ઘડો ઉત્પાદ્ય છે અને કુંભાર ઉત્પાદક છે એમ નથી. આહા..હા..! આવી વાતું હવે. બીજી રીતે. બીજો જીવ, પાણીમાં માખી પડી હતી, પાણીમાં માખી (હોય એને આમ ઉપાડી લીધી) તો કહે છે એ જીવ બચ્યો એનું કાર્ય તો એ શરીરની પર્યાય કાર્ય એનું.

આ આંગળીએ એને બચાવી કે આત્માને દયાનો ભાવ આવ્યો એનાથી એ જીવ બચી ગયો એમ કાર્ય નથી. આહા..હા..! બાબુભાઈ! આ તો બધું ઊંધું પડે આખા જગતથી. આહા..હા..! પ્રત્યેક પરમાણુ અને પ્રત્યેક આત્મા ભિન્ન-ભિન્ન તે તે સમયમાં પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે એ કાર્ય, એ કર્મ (અને) કર્તા દ્રવ્ય. કર્તા અને કર્મ ભિન્ન છે એમ ત્રણકાળમાં વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! એવી દૃષ્ટિ થયા વિના એનું પરના (કર્તૃત્વનું) અભિમાન ગળતું નથી. જ્યાં ત્યાં હું કરું... હું કરું.. હું કરું... આહા..હા..! આવ્યું કે નહિ અહીંયાં?

'**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' એમ શબ્દ પડ્યો છે. '**કુંભાર ઘડાનો ઉત્પાદક છે જ નહિ;...**' એકાંત. એમ કહે છે કે અનેકાંત કરો. ક્યારેક કુંભાર કરે છે અને ક્યારેક માટી કરે છે એમ અનેકાંત લ્યો. એ અનેકાંત નથી, એ તો ફુદડીવાદ-મિથ્યાવાદ છે. અનેકાંત તો એ જ છે કે માટી પોતાથી ઘડાની ઉત્પત્તિ કરે છે, કુંભારથી નહિ એ અનેકાંત છે. અસ્તિ-નાસ્તિ, સ્વચતુષ્ટય પહેલાં સપ્તભંગી. સ્વથી અસ્તિ છે, પરથી નાસ્તિ એ તો એમાં આવ્યું. આ તો દૃષ્ટાંત છે. સિદ્ધાંત તો આ છે કે દરેક પદાર્થમાં ઉત્પાદ્ય-ઉત્પાદક કર્તા-કર્મ સ્વભાવ પોતામાં છે. કર્તા પરદ્રવ્ય છે અને કર્મ સ્વદ્રવ્યનું થયું અથવા સ્વદ્રવ્ય કર્તા છે અને પરદ્રવ્યનું કર્મ—કાર્ય થયું એવું ત્રિકાળ વસ્તુમાં નથી, અજ્ઞાનીઓએ અંધદશામાં માની રાખ્યું છે, એ મિથ્યાત્વભાવ છે અને મિથ્યાત્વભાવ છે ત્યાં સુધી ગમે તે કરે, વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા, બધી ચાર ગતિમાં રખડવાની ચીજ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...**' જોયું! અન્યનિરપેક્ષ (અર્થાત્) પરની અપેક્ષા છે જ નહિ. બીજી ગાથામાં કહ્યું છેને, ભાઈ! નિયમસાર. કે પરમનિરપેક્ષ મોક્ષમાર્ગ છે પોતાનો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ છે એ પરમનિરપેક્ષ છે. રાગ છે તો થયો, વ્યવહાર છે તો થયો, નિમિત્ત છે તો થયો એવી કોઈ અપેક્ષા છે જ નહિ. નિયમસારની બીજી ગાથા. પરમનિરપેક્ષ એવો પાઠ છે. પોતામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પોતાના દ્રવ્યના કર્તાપણે જે થઈ છે તેમાં બીજા દ્રવ્યની કોઈ અપેક્ષા નથી કે વ્યવહાર હતો તો એ નિશ્ચયમોક્ષમાર્ગ થયો એવી અપેક્ષા છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પરમનિરપેક્ષ લીધું છે બીજી ગાથામાં. પરમનિરપેક્ષ છે. આહા..હા..!

પરમશુદ્ધોપયોગ. મુનિપણું જ્યાં લીધું છે પ્રવચનસારમાં પાંચ ગાથામાં. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ તો પરમશુદ્ધોપયોગ છે એને મુનિ કહે છે. પંચમહાવ્રત અને નગ્નપણું એ કોઈ મુનિપણું નથી. આહા..હા..! પ્રવચનસાર પહેલી પાંચ ગાથામાં લીધું છે. પરમશુદ્ધોપયોગ. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પરમશુદ્ધોપયોગમાં છે. એનું નામ અમે પંચપરમેષ્ઠી કહીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મહાવ્રતની ક્રિયા એ ધર્મ અને એ ચારિત્ર. મહાવ્રત તો પર તરફના લક્ષવાળો શુભરાગ છે ક્રિયા. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો ભાવ એ તો શુભરાગ છે. આહા..હા..! રાગ તો ચારિત્રનો દોષ છે. એ ચારિત્ર છે? આહા..હા..!

સમજાણું કાંઈ? છ ઢાળામાં આવ્યું છેને ભાઈ! છ ઢાળામાં નહિ? ત્રણે મોક્ષમાર્ગ છે. આવે છે છ ઢાળામાં. સમકિતી, પાંચમે અને છઠ્ઠે ત્રણે મોક્ષમાર્ગ છે. છ ઢાળામાં આવ્યું છે. ત્રણે મોક્ષમાર્ગચારી. આહા..હા..! ચોથે ગુણસ્થાને પણ મોક્ષમાર્ગ છે, ભલે સ્વરૂપાચરણરૂપ ચારિત્ર અંશે હોય, તોપણ એ ચારિત્રનો અંશ સાથે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ મોક્ષમાર્ગી છે અને રાગને પોતાનો માનનાર અને મહાવ્રતથી મારું કલ્યાણ થશે એ મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે, સંસારમાં રખડનારો છે. આહા..હા..! એ પણ આવ્યુંને છ ઢાળામાં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ એ દુઃખરૂપ છે. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો પાંચ મહાવ્રત પાળ્યા તોપણ સુખ નહિ?– એ તો આસ્રવ છે, દુઃખ છે. આહા..હા..! એ દુઃખ ઉત્પાદક અને મોક્ષમાર્ગ ઉત્પાદ્ય એમ નથી. વ્યવહારરત્નત્રય ઉત્પાદક અને મોક્ષમાર્ગ ઉત્પાદ્ય એમ નથી. મોક્ષમાર્ગ ઉત્પાદ્ય, ઉત્પાદક આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ નિમિત્ત છે એ ઉત્પાદક અને ઉપાદાનની પર્યાય ઉત્પાદ્ય એમ નથી. આ ચાલે છેને, ચાલે છે. ધીમે-ધીમે ચાલવું. તો કહે છે કે એ પગની ક્રિયા ધીમેથી ચાલે છે એનો ઉત્પાદક એ પરમાણુ છે, જીવની પર્યાય એની ઉત્પાદક નથી. આહા..હા..! ધીમેથી ચાલવું યત્નાથી. કીડી આવી તો પગ ઊંચો કરી લીધો. તો એ ઊંચો થયો એનો ઉત્પાદ્ય એ કાર્ય એનું છે. ઉત્પાદક એ પરમાણુ છે. આહા..હા..! જીવના પરિણામ ઉત્પાદક છે અને શરીરની પર્યાય ઉત્પાદ્ય આમ થઈ એમ છે નહિ. આહા..હા..! કહો, વિમલચંદજી! આવો માર્ગ છે. ભગવાન ભાખે છે. ભગવાને કહ્યો એ માર્ગ અંદર છે. આહા..હા..!

'**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી,...**' એ સ્વદ્રવ્ય કર્તા અને એની પર્યાય એનું કર્મ. પરદ્રવ્ય કર્તા અને પરદ્રવ્યની પર્યાય કાર્ય એમ છે નહિ. બહુ સ્પષ્ટ. આ ક્રમબદ્ધ લીધું છે. જે દ્રવ્યમાં જે સમયે ક્રમે આવવાની છે તે આવે છે. એનો ઉત્પાદ્ય કાર્ય એ દ્રવ્યનું છે, નિમિત્ત બિલકુલ નથી, નિમિત્તની અપેક્ષા છે જ નહિ એમ અહીં તો કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જીવમાં વિકાર થાય છે એમાં પણ કર્મની અપેક્ષા નથી એમ કહે છે. એ પર્યાય સ્વતંત્ર પોતાનું કાર્યકારણ. પર્યાય કારણ અને પર્યાય કાર્ય. કેમકે વિકારનું કારણ દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે, એ કોઈ કારણ નથી, નિમિત્ત કારણ નથી. હવે રહ્યું શું? એ વિકારી પર્યાય કારણ અને કાર્ય, એ જ કારણ અને એ જ કાર્ય. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** વિકારી પર્યાયનું નિમિત્ત આત્માને કહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિમિત્ત કહ્યું એનો અર્થ? કર્તા નથી એનો અર્થ એ થયો.

**શ્રોતા :-** આત્મા નિમિત્ત તો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિમિત્ત એટલે છે એટલી સ્થિતિ. નિમિત્તનો અર્થ એવો છે કે એ છે એટલી વાત. નિમિત્ત એ કરે છે એનું કામ તો તો નિમિત્ત રહેતું નથી. યોગસારમાં લીધું છે અમિતગતિઆચાર્યે કે વિકારમાં જીવદ્રવ્ય નિમિત્ત છે. નિમિત્તનો અર્થ? દ્રવ્ય-ગુણ શુદ્ધ છે તો શુદ્ધ છે એ વિકારમાં કારણ કેમ થાય? નિમિત્ત. નિમિત્ત નામ છે એટલું, બસ. આહા..હા..! એ વિકારી પરિણામનું ઉપાદાન પોતાની પર્યાય છે અને કર્તા પણ પર્યાય છે. આહા..હા..! નિમિત્ત જીવદ્રવ્યને કહ્યું એનો અર્થ કે એનો એ કર્તા નથી. આવી વાત છે. યોગસારમાં આવે છે. યોગસારમાં તો ત્યાં સુધી આવ્યું છે. આત્મા પર્યાયનો દાતા નથી. શું કહ્યું? આત્મા પોતાની પર્યાયનો દાતા નથી. આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તે વખતે પર્યાય પોતાથી સ્વતંત્ર થઈ છે. આહા..હા..! પર્યાયનું કારણકાર્ય પર્યાયમાં છે. આહા..હા..! આવી વાત છે. આ તો બધા દૃષ્ટાંત છે હોં! સિદ્ધાંત તો ચાર પૈસે શેર તો મણના અઢી. પછી સાડા સત્તર શેરના કેટલા? કે સાડા સત્તર શેરના સાડા સત્તર આના, સાડત્રીસ શેરના સાડત્રીસ આના. એ તો બધા દૃષ્ટાંત છે. સિદ્ધાંત આ. એક દ્રવ્યનો ઉત્પાદ્ય-ઉત્પાદક પર છે એમ છે નહિ. બસ, એ સિદ્ધાંત. પછી આ તો દૃષ્ટાંત. એ સિદ્ધાંતના દૃષ્ટાંતથી એને ખ્યાલ આવે એના માટે દૃષ્ટાંત છે. દૃષ્ટાંત દીધું હતુંને એમાં? સોનાનું. સોનાનું કંકણ જે થાય છે એ કંકણનો ઉત્પાદ્ય પર્યાય છે અને સોનું એનું ઉત્પાદક છે. કંકણ થવામાં સોની ઉત્પાદક છે (એમ નથી, એ તો) બિલકુલ નિરપેક્ષ છે. આહા..હા..! આવું તો આકરું પડે આ નવા અત્યારના પંડિતને. આહા..હા..! નવા શિખેલા, ઓલા જૂના શિખેલા છેને આ બધા શાસ્ત્ર પરિષદવાળા. એકાંત... એકાંત... એકાંત... એકાંત. સમ્યક્ એકાંત. પંડિતજી! સમ્યક્ એકાંત. આહા..હા..!

**'કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી.'** જીવના અજીવનું કર્તૃત્વ સિદ્ધ થતું નથી. આહા..હા..! સરવાળો. એવી **'સિદ્ધિ હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી.'** જીવને અજીવનું કર્તૃત્વ સિદ્ધ નથી થતું. **'માટે, જીવ અકર્તા ઠરે છે.'** આ સરવાળો. મથાળુ એ હતુંને અકર્તૃત્વનું? અકર્તા સિદ્ધ કરવું છે. ક્રમબદ્ધ કહીને અકર્તા સિદ્ધ કરવું છે. ક્રમબદ્ધ સિદ્ધ કરીને પર્યાય ઉપર લક્ષ રાખવું એમ નથી. આહા..હા..! સમયે-સમયે એક પછી એક જ પર્યાય આઘીપાછી થયા વિના ક્રમસર, ક્રમબદ્ધ, ક્રમસર, ક્રમવર્તી થાય છે, પણ એનું તાત્પર્ય શું? એનું તાત્પર્ય અકર્તા(પણું). અકર્તા ક્યારે થાય છે? કે દ્રવ્યની દૃષ્ટિ થાય ત્યારે પર્યાયનો પણ અકર્તા થાય છે. ચાહે તો નિર્મળ પર્યાય હોય તોપણ અકર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી વાત છે. **'માટે, જીવ અકર્તા ઠરે છે.'**

ભાવાર્થ સાધારણ નાખ્યો છે. ક્રમબદ્ધનું જે જોર છે અંદર એવી વાત ભાવાર્થમાં એટલું

આવ્યું નથી.

**શ્રોતા** :- .. ખ્યાલમાં જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ખ્યાલ નથી એટલો બધો એમ લાગે છે.

'**ભાવાર્થ** :— **સર્વ દ્રવ્યોના પરિણામ જુદાં જુદાં છે.**' પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુના પરિણામ-પર્યાય ભિન્ન-ભિન્ન છે. '**પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમના કર્મ છે.**' આહા..હા..! સમજાણું કાંઈ? રાગ થયો અને જ્ઞાનની પર્યાયમાં જણાયું તો જ્ઞાનની પર્યાયે રાગ જાણ્યો એમ કહેવું એ વ્યવહાર છે. જ્ઞાનની પર્યાય જ્ઞાનની પર્યાયને જાણે છે, એવી જે જ્ઞાનની પર્યાય એ કાર્ય, એનો રાગ-વ્યવહાર ઉત્પાદક છે એમ નથી. આહા..હા..! એ ૭૫-૭૬માં આવે છેને? એમ કે રાગાદિ છે એ જ્ઞાનનું નિમિત્ત છે, જ્ઞાન થવામાં નિમિત્ત છે. ૭૫-૭૬-૭૭ ગાથા. કર્તાકર્મમાં છે. છતાં તે જ્ઞાનનું કાર્ય નથી. રાગ એ જ્ઞાનનું કાર્ય નથી. આહા..હા..! રાગ તો કાર્ય નથી, રાગનું કાર્ય તો નિર્મળ પર્યાય નથી, પણ પર્યાય રાગનું કાર્ય નથી. પર્યાયનું રાગ કાર્ય નથી. નિશ્ચયથી લઈએ તો એવી વાત છે. આત્મામાં અકારણકાર્ય નામનો એક ગુણ પડ્યો છે. શું કહ્યું? આત્મામાં જેમ જ્ઞાનશક્તિ છે, આનંદ છે, એમ અકાર્યકારણ નામની શક્તિ છે. તો અકાર્યકારણશક્તિનું કાર્ય શું? આહા..હા..! કે અકારણકાર્યશક્તિ રાગનું કાર્ય કરે છે એમ નથી અને રાગ કારણ છે અને જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય એવું કારણ પણ નથી. અકાર્યકારણશક્તિ. આહા..હા..! પોતાની નિર્મળપર્યાયનું કાર્ય, પોતાનો આત્મા કારણ અથવા નિર્મળપર્યાય કાર્ય અને નિર્મળપર્યાય કારણ. આહા..હા..! એની એ પર્યાય કારણ હોં! એવી વાત છે.

'**તે પરિણામોનો કર્તા છે, તે પરિણામો તેમનાં કર્મ છે.**' કાર્ય છે. આહા..હા..! અહીં કહે છે કે મહારાજ વ્યવહારનો નિષેધ કરીને પાછા કરે છે વ્યવહાર હંમેશા. ભગવાનની પૂજા, ભક્તિ, ૨૬ લાખનું મકાન મોટું જુઓ, લ્યો! કોણ કરે બાપુ? એ ભાવ આવે. શુભભાવ હોય, પણ શુભભાવ પણ પોતાનું સ્વરૂપ છે એમ નથી.

**શ્રોતા** :- થવાનું .. અટકી તો ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અટકી ગયું હતું વચમાં. વાંધો આવ્યો હતો ઈજનેર સાથે, કરનાર સાથે. આહા..હા..!

**શ્રોતા** :- કોન્ટ્રાક્ટર સાથે વાંધો પડ્યો તો અટકી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો થવા કાળે થાય, ભાઈ! તારાથી થાય એમ નથી, એમ છે જ નહિ. આહા..હા..! રોટલી બનાવે છે તો લોટ છે, પાણી નાખીને બનાવ્યો બસ. તો એમ ને એમ રોટલી થઈ જશે? લોટને કેળવે આમ. એકલું પાણી લોટમાં નાખ્યું અને ગોરણું થયું. કહો, લોટને પહેલાં કેળવે છે, ત્યારે રોટલી થાય છે. રોટલો થાય છે. રોટલો

કહે છેને? બાજરાનો રોટલો. આમ ગોળ-ગોળ થાયને. બાજરાનો લોટ. આમ ગોળ-ગોળ થાય. કહે છે કે એ એનું કાર્ય આંગળી અને હાથનું નથી. વીતરાગમાર્ગ આકરો બહુ. આહા..હા..! એકકોર અનંત દ્રવ્ય એમ માનવું અને એક દ્રવ્ય બીજાનો કર્તા માનવો, તો અનંત દ્રવ્ય સ્વતંત્ર રહેતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એક પદાર્થ પરનું કરે તો ઈ પરનું કરે, એ વળી પરનું કરે? એ તો જાય અનંતમાં. આહા..હા..!

'**તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમનાં કર્મ છે. નિશ્ચયથી કોઈનો કોઈની સાથે...**' એ તો નિશ્ચયથી, પણ વ્યવહારથી તો છે કે નહિ? એમ કોઈ કહે. નિશ્ચયથી કહ્યું અહીંયાં. વ્યવહારથી નિમિત્તનું કથન હોય. ઘીનો ઘડો એમ કથન હો પણ ઘીનો ઘડો હોય છે? ઘડો તો માટીનો છે. આહા..હા..! '**નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી. માટે, જીવ પોતાના પરિણામોનો જ કર્તા છે,...**' આહા..હા..! જીવ પોતાની પર્યાયનો કર્તા છે અને '**પોતાના પરિણામ કર્મ છે.**' કર્મ એટલે કાર્ય.

'**એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે,...**' આહા..હા..! અજીવમાં પરિણામ છે. ખબર નથીને એને જ્ઞાન નથી ને પરિણામ ક્યાંથી આવ્યું? પરિણામ, પરિણામ તો પર્યાય છે. પર્યાય અજીવની છે. આહા..હા..! છરી દ્વારા દૂધીના કટકા થાય છેને? શાક. તો અહીંયાં કહે છે કે એ છરી ઉત્પાદક અને ટૂકડો થયો એ ઉત્પાદ્ય એમ નથી. સમજાણું કાંઈ? આવી વાતું હવે જગતથી ઊંધી. '**એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ...**' એમ શબ્દ છેને? આહા..હા..! એમાં પણ એમ હતું. '**જીવ જ પોતાના પરિણામનો કર્તા...**' નિશ્ચય. 'જ' લીધો છે. ભગવાનના માર્ગમાં 'જ' નથી, અનેકાંત છે; પણ અનેકાંત કઈ અપેક્ષાએ? આહા..હા..! '**એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામનો અકર્તા છે.**' એ અકર્તા સિદ્ધ કરવામાં ક્રમબદ્ધને લીધું છે કે આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે એવી દૃષ્ટિ કર, રાગનો પણ કર્તા નથી અને પરનો પણ કર્તા નથી એનું નામ જૈનધર્મ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ-૯, શનિવાર, તા. ૨૫-૦૬-૧૯૭૭, કળશ-૧૯૫ , પ્રવચન નં. ૩૭૭

સમયસાર. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૧૯૫ શ્લોક. ઉપર છે? '**આ રીતે, જીવ અકર્તા છે, તોપણ તેને બંધ થાય છે એ કોઈ અજ્ઞાનનો મહિમા છે—એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :—**'

(शिखरिणी)
अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः
स्फुरच्चिज्ज्योतिर्भिश्छुरितभुवनाभोगभवनः।
तथाप्यस्यासौ स्याद्यदिह किल बन्धः प्रकृतिभिः
स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः।।१९५।।

આહા..હા..! શું કહે છે જુઓ, '**શ્લોકાર્થ :- જે નિજરસથી વિશુદ્ધ છે,...**' આ આત્મા જે છે આત્મા એ પોતાના જ્ઞાનરસ અને આનંદરસથી વિશુદ્ધ છે. આહા..હા..! નિજરસ અંદર આત્મરસ, જ્ઞાનરસ, શાંતરસ, અનાકુળ આનંદરસ, અતીન્દ્રિય જ્ઞાનરસ એવો આ આત્મા અંદર જે છે એ '**નિજરસથી વિશુદ્ધ છે,...**' એ પોતાના સ્વભાવથી નિજરસથી તો પવિત્ર છે, નિર્મળ છે. અહીંયાં એ સિદ્ધ કરવું છે કે છે તો આત્મા અકર્તા. આહા..હા..! આત્મા તો રાગ અને પરનો કર્તા તો કદી નથી, પણ રાગનો કર્તા આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ જે રાગ છે એનો એ કર્તા નથી, એનો નિજરસનો સ્વભાવ એવો છે. આહા..હા..! બહુ ઝીણી વાતું પડે, ભાઈ! શું કરે? માર્ગ તો આ છે.

'**નિજરસથી વિશુદ્ધ છે,...**' પોતાનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવથી વિશુદ્ધ નામ પ્રભુ તો નિર્મળ છે આત્મા. આહા..હા..! એને ભગવાન પરમેશ્વર આત્મા કહે છે. સમજાણું કાંઈ? જેણે ધર્મ કરવો હોય તો કેમ થાય ઈ કહે છે. એ નિજરસથી આત્મા પોતાની શક્તિથી, પોતાના સ્વભાવના રસથી વિશુદ્ધ નિર્મળ આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! આ બધા વાંધા હવે. જૈનદર્શન જોયુંને? જૈનદર્શન. થોડું-થોડું જોયું. જે એને બેઠું હોય ઈ (લખે). આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા જિનેશ્વરદેવ એમ કહે છે કે પ્રભુ! તારી શક્તિ તો વિશુદ્ધ અને નિર્મળ છે. તારા અનંતગુણ જે છે, અનંત શક્તિ છે, અનંત સામર્થ્ય છે. એક-એક શક્તિનું અનંત સામર્થ્ય. આત્મા જે છે એમાં જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, અસ્તિત્વગુણ છે એવા અનંતગુણ છે અને એ ગુણમાં પણ જ્ઞાનગુણ છે એમાં અસ્તિત્વ ગુણ એમાં આવતો નથી, પણ અસ્તિત્વનું રૂપ આવે છે. શું કહ્યું? જ્ઞાન છે જ્ઞાન નિજરસ. તો જ્ઞાન છે તો છેને? તો અસ્તિત્વગુણ ભિન્ન છે, છતાં એ અસ્તિત્વ ગુણ એ ગુણમાં નથી આવતો, પણ એ અસ્તિત્વ ગુણનું રૂપ, એની એ જાત છે એ અંદર જ્ઞાનગુણમાં છે, કેમકે જ્ઞાન અસ્તિ છે. એ અસ્તિત્વ ગુણને કારણે અસ્તિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

નિજરસ, જ્ઞાનાનંદરસ. એના એક-એક સ્વભાવનો અનંત રસ. આહા..હા..! એ પોતાની શક્તિથી, સ્વભાવથી વિશુદ્ધ છે. એ જ્ઞાન, આનંદ આદિ અનંતગુણ છે તો એક-એક ગુણમાં અનંતગુણનું રૂપ છે. એક-એક ગુણમાં બીજો ગુણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એક ગુણનું જે અસ્તિત્વ છે એવું જ્ઞાનગુણમાં પણ અસ્તિત્વ પોતાથી છે. એ અસ્તિત્વ ગુણને કારણે અસ્તિત્વ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી નિજશક્તિ નિજરસ

છે એમ કહે છે. આહા..હા..! માર્ગ પ્રભુનો ઝીણો છે, પ્રભુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ચાર ગતિમાં ચોર્યાશી લાખમાં રખડે છે પ્રાણી, અનંતકાળથી પરિભ્રમણ કરતાં-કરતાં દુઃખી છે દુઃખી. તેને દુઃખ કેમ છે? કે દુઃખ એનો સ્વભાવ નથી એમ કહે છે, પણ દુઃખ ઉત્પન્ન કરીને અકર્તા હોવા છતાં અજ્ઞાનપણે દુઃખની પર્યાયનો કર્તા થાય છે. ન્યાય સમજાય છે? આહા..હા..! પ્રેમચંદજી! આવી વાત છે. આહા..હા..!

આત્મા છેને અંદર. આ તો માટી, જડ, ધૂળ છે અને અંદર કર્મ છે એ પણ જડ છે અને એમાં પુણ્ય અને પાપનો વિકલ્પ ઉત્પન્ન થાય છે રાગ, એનાથી ભિન્ન છે. એ તો તત્ત્વ ભિન્ન. નવ તત્ત્વ છેને? તો અજીવતત્ત્વ અજીવપણે છે, પુણ્યતત્ત્વ પુણ્યપણે છે અને પાપતત્ત્વ પાપપણે છે અને ભગવાન આત્મા જ્ઞાયકતત્ત્વ જ્ઞાયકપણે છે. સમજાણું કાંઈ? કહો, ધન્યકુમારજી! આવી વાતું ઝીણી છે. ત્યાં ક્યાંય તમારે મળે એવું નથી તમારે અંતરક્ષિમાં ને ફંતરિક્ષમાં. આહા..હા..! અંતરિક્ષ તો આ ભગવાન છે અહીંયાં. અંતરિક્ષ કહ્યું છે. અહીંયાં આત્મા છેને, એને કોઈનો આધાર નથી. સમજાણું કાંઈ? ઓલામાં આવે છેને, 'ગગન મંડળમેં અધબિચ કૂવા વહાં અમીકા વાસા.' આકાશમાં ભગવાન આત્મા અંદર જે છે એ 'ગગન મંડળમેં અધબિચ કૂવા' આ ભગવાન આનંદનો કૂવો આકાશથી ભિન્ન અંદર છે. આહા..હા..! 'ગગન મંડળમેં અધબિચ કૂવા, વહાં હૈ અમીકા વાસા.' ભગવાનમાં અમૃત અને સુખનો વાસ છે, આનંદનો વાસ એમાં છે. સમજાણું કાંઈ? 'માખણ થા સો વિરલા પાયા, છાશે જગત ભરમાયા.' છાશ સમજો છો? મઠ્ઠા-મઠ્ઠા. 'માખણ હૈ તો વિરલા પાયા.' આ આનંદરસ આત્મા છે એની દૃષ્ટિ અને અનુભવ તો કોઈ વિરલ પામે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાકી તો પુણ્ય અને પાપની ક્રિયાના પરિણામ પોતાના છે એમ માનીને છાશ મળી એને. આત્મા ન મળ્યો, માખણ ન મળ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'**નિજરસથી...**' '**જે નિજરસથી...**' જે એટલે આત્મા પોતાની શક્તિના રસથી '**વિશુદ્ધ છે,...**' આહા..હા..! એ શબ્દ છે એનો ભાવ શું છે એનું ભાવભાસન થવું જોઈએ. એમ ને એમ શબ્દો તો અનંતવાર શિખ્યા અને બોલ્યા. સમજાણું કાંઈ? અંતર ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પોતાના નિજરસથી નિર્મળ છે ઈ. એ નિર્મળ કોઈ અપેક્ષાથી અને કોઈને કારણે નિર્મળ છે એમ નથી. શું વાત ચાલે છે? કે આ આત્મા અકર્તા છે તોપણ કર્તા કેમ થાય છે? એ વાત ચાલે છે. આત્માનો સ્વભાવ અકર્તા જ છે. એ તો નિજરસથી નિર્મળ (છે) અને '**स्फुरत्-चित्-ज्योतिर्भिःछुरित-भुवन-आभोग-भवनः**' '**સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે...**' ભગવાન ચૈતન્યપ્રકાશનું પૂર છે એ '**ચૈતન્યજ્યોતિઓ વડે...**' ભુવન એટલે લોક. '**आभोग**' નામ સમસ્ત. ત્રણકાળના, ત્રણલોકના જે દ્રવ્ય-ગુણ-પર્યાય છે એ સમસ્તને એક ક્ષણમાં જાણવાની શક્તિવાળો એ આત્મા છે. અહીં તો અકર્તા સિદ્ધ કરવું છેને? જે ચીજ છે લોકાલોક આખી ચીજ તેને જ્ઞાનમાં જાણવામાં આવે એવું

જ્ઞાન છે, પણ એ લોકાલોકની કોઈ ચીજને, આત્મા રાગાદિને કરે એ એના સ્વભાવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એ **'स्फुरत्-चित्-ज्योतिर्भिः'** **'સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે...'** ચૈતન્યનો પ્રકાશ અંદર ચૈતન્ય-ચૈતન્ય. જેમ આ જડનો પ્રકાશ સ્ફુરાયમાન છે, આ સૂર્ય આદિનો, એમ ભગવાન ચૈતન્યપ્રકાશથી સ્ફુરાયમાન જ્યોતિ છે. આહા..હા..! ચૈતન્યના નૂરનું પૂર એ આત્મા છે. આહા..હા..! **'ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો...'** એટલે ભુવન. **'સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે...'** વિસ્તાર એ **'आभोग'** વ્યાપ્ત છે એ **'छुरित'** **'એવો જેનો સ્વભાવ છે,...'** એ ભવન. સમજાણું કાંઈ? આહા..હા..! આત્માનો સ્વભાવ ત્રિકાળી-ત્રિકાળી શક્તિનો સ્વભાવ લોક અને અલોક. શબ્દ ભલે ભુવન આવ્યો. ભુવન શબ્દે લોકાલોક. ઓહો..હો..! **'आभोग'** સમસ્તપણે વ્યાપક. **'आभोग'** તો આખી ચીજ. બધી દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણકાળની વસ્તુ. એમાં **'छुरित'** આત્મા જ્ઞાનથી વ્યાપ્ત. જાણવામાં વ્યાપ્ત થાય છે એવો જેનો ભવન નામ સ્વભાવ છે. આહા..હા..! આ તો આત્મા કોને કહીએ ઈ. આહા..હા..! રતિભાઈ! સંભળાય છેને ત્યાં? નહિતર આવો અહીં મોઢાઆગળ. કો'ક દિ' આવ્યા છેને અહીં. છોકરા પાસે રહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આવો ધર્મ કેવો? ભાઈ! જિનેશ્વર પરમેશ્વર એ આત્માને નિજશક્તિથી સ્વભાવથી નિર્મળ અને લોકાલોકની ચીજ જે છે એમાં જે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે કાળની પર્યાય આદિ છે એનો એ **'भुवन-आभोग'** બધી એની દ્રવ્ય-ગુણ-પર્યાય આદિ ત્રિકાળ એનું વ્યાપ્ત નામ **'छुरित'** બધાને જાણે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ત્રણકાળ, ત્રણલોક અનંત દ્રવ્યની અનંતી ત્રિકાળી પર્યાય એવું જેનું જાણવું, એને જાણવાથી જે વ્યાપ્ત થઈ જાય એવી એની તાકાત છે. સ્વભાવ તો એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં હવે ક્યાં જાણે? અહીં તો કહે કે આંખ મીંચે તો જણાય નહિ કે શું છે? પણ આંખ મીંચે તો જણાય નહિ, જણાય નહિ એવું જાણ્યું કોણે? સમજાણું કાંઈ? કે અમને આત્મા જણાતો નથી, જાણવામાં આવતો નથી. જાણવામાં આવતું નથી એવો નિર્ણય કઈ ભૂમિકામાં કર્યો? એ ચૈતન્યભૂમિ છે. આહા..હા..! ખબર નહિ. આહા..હા..! આત્મા જ્ઞાનની જ્યોતિથી લોકાલોકમાં વ્યાપે, જાણે એવું ભવન નામ આત્માનો સ્વભાવ છે. કોઈ રાગનું કરવું, વ્યવહાર દયા, દાનનું કરવું એવો એનો સ્વભાવ નથી, એમ કહે છે. આહા..હા..! લ્યો આ બધા કેટલાક પંડિતોની, આ કેટલાક કહીએ છીએ હોં! પાછા આ બધા પંડિતો બીજા છેને. હુકમીચંદજી ને એ કાંઈ બધા પંડિતમાં ભળે નહિ. હિંમતભાઈ છે. આહા..હા..! અહીં ન્યાયથી તો સાંભળેને પ્રભુ! લોજિક-યુક્તિ. નિ ધાતુ છે. નિ ધાતુનો અર્થ શું છે? જેવી ચીજ છે ત્યાં જ્ઞાનને લઈ જવું, દોરી જવું. નિ ધાતુ ન્યાય. સમજાણું કાંઈ? જેવી ચીજ છે એમાં જ્ઞાનને લઈ જવું, દોરી જવું નિ ધાતુ—આવો આત્મા છે એમ. આહા..હા..!

તો અહીંયાં કહે છે ભગવાન આત્મા. આહા..હા..! પુનરુક્તિ આમાં નથી લાગતી. 'अयं जीवः' **'એવો આ જીવ પૂર્વોક્ત રીતે (પરદ્રવ્યનો અને પરભાવનો) અકર્તા ઠર્યો,...'** આ હિસાબે તો અંદર પરદ્રવ્ય શરીર, વાણી, મન કે પર આત્મા હો કે પર જડ, એનો આત્મા અકર્તા સિદ્ધ થયો. કેમ? એ તો સર્વને જાણવાથી વ્યાપ્તવાળો છે. જાણવાથી વ્યાપ્તવાળો છે. પરના કર્તાથી વ્યાપ્તવાળો છે એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિથી, ધીરેથી સમજવું. આ તો ચીજ એવી છે. આ કોઈ વિદ્વતાની ચીજ નથી. આ તો અંતરની ચીજ છે. સર્વજ્ઞ પરમેશ્વર કહે છે એ એમણે જાણ્યું અને એમ કહે છે. તો કહે છે કે પ્રભુ! તું કોણ છો? કે આ આત્મા અંદર છે એ તો નિજરસ અને નિજશક્તિ, નિજસામર્થ્યથી આહા..હા..! વિશુદ્ધ નિર્મળ જ છે. કોઈ બીજી ચીજને કારણે નિર્મળ છે એમ નથી. એ તો નિજશક્તિથી નિર્મળાનંદ પ્રભુ આત્મા છે અને 'स्फुरत्-चित्-ज्योतिर्भिः' એની જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન છે વિસ્તારમાન. આહા..હા..! સ્ફુરિત છે, વ્યાપ્ત છે. 'भुवन' નામ લોકાલોકને 'आभोग' નામ સર્વ. 'भवनः' નામ સ્વભાવ. પરનો આવી ચીજ છે તેને પોતામાં જાણે એવો આત્માનો સ્વભાવ છે, બસ. બીજી રીતે કહીએ તો એનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ છે, બસ. એનો અનાદિ-અનાદિ અનંત જાણવું-દેખવું એ એનો સ્વભાવ છે. એ લોકાલોક—ત્રણકાળ, ત્રણલોકને જાણે-દેખે એવો એનો સ્વભાવ છે. આહા..હા..!

એમાં આવ્યુંને એ પુણ્ય અધિકારમાં નહિ? કે સર્વથી સર્વને જાણનાર આત્મા છે. આત્મા તો એવો જ છે, પણ 'णियेणावच्छण्णो' પોતાના અપરાધથી ઢંકાયેલો જોવામાં આવે છે. પુરુષાર્થ લીધો છે ત્યાં. એ તો વાત થઈ હતી પહેલાં. શેઠ આવ્યા હતાને હુકમીચંદજી. એની સાથે જીવનધર હતા. જીવનધર પંડિત ઈન્દોરવાળા. તો એ પાઠમાં એમ છે 'णियेणावच्छण्णो' આચ્છાદન છે. સમયસાર. સમયસાર છેને આ? ૧૬૦ ગાથા. **'જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (સર્વ પદાર્થોને) સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે... '** જુઓ, આ ચાલતી વાત છે એની પુષ્ટી અહીંયાં કરી છે. આત્મા સ્વયં જ જ્ઞાન હોવાને લીધે વિશ્વ નામ સમસ્ત. 'आभोग' આવ્યુંને સમસ્ત? **'(સર્વ પદાર્થોને) સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તમાન...'** પાઠ આવ્યો છે 'कम्मरएण' 'णियेणावच्छण्णो कम्मरएण' તો એ કહે છે, જુઓ, કર્મના રજથી આચ્છાદન. પણ એ 'कम्मरएण'નો અર્થ જ બીજો કર્યો અમૃતચંદ્રાચાર્યે. પોતાનો અપરાધ. સમજાણું કાંઈ? એ જ વસ્તુ અહીંયાં ચાલે છે આ કળશમાં. પાઠ શું છે જુઓ, 'सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो। संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं।।' 'सव्वदो सव्वं।' સર્વથા પ્રકારે સર્વને સ્વભાવ જાણનાર હોવા છતાં પોતાના અજ્ઞાનને લીધે, મિથ્યાત્વ અને અપરાધને કારણે સર્વથી સર્વને જાણતો નથી. આ એનો અપરાધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પાઠ છેને ભાઈ!

પંડિતજી! પાઠમાં છેને? પોતાના પુરુષાર્થનો અપરાધ. પુરુષાર્થના અપરાધથી એમ પાઠ છે. '**कम्मरएण**' ત્યાં રજ—કર્મ લેવું નહિ. ભાવકર્મ લેવું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મા અંદર ચૈતન્યસૂર્ય છે. સૂર્ય, ચૈતન્યસૂર્ય પ્રકાશની મૂર્તિ પ્રભુ છે. આહા..હા..! એનો પ્રકાશ એવો છે કે લોકાલોકને જાણે એવો એનો સ્વભાવ છે. એ આ કર્તા કેમ થાય છે આ રાગનો અનાદિથી? આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં લીધું કે પોતાના અપરાધથી. અહીંયાં લીધું જુઓ, '**અકર્તા ઠર્યો,...**' '**(પરદ્રવ્યનો અને પરભાવનો) અકર્તા ઠર્યો,...**' ચાલતી ગાથા. સમજાણું કાંઈ? છોકરાઓને સમજાય એવું છે આ પણ ધ્યાન રાખેને. એની ચોપડી ભણવામાં ધ્યાન બહુ રાખે. છઠ્ઠી-સાતમી. કહો, રતિભાઈ! અને આ માસ્તર હતા ત્યાં આપણે હેડમાસ્તર હતાને ગુરુકુળમાં. હેડમાસ્તર હતા. એ બધા શિખવે બધું અજ્ઞાનનું. હિંમતભાઈ એની નીચે હતા. હિંમતભાઈ એમાં નહોતા? નહિ?

અહીંયાં તો કહે છે કે સાંભળ તો ખરો પ્રભુ એકવાર. અરેરે..! મનુષ્યપણું મળ્યું, તને જૈન સંપ્રદાયમાં ચીજ સાંભળવા મળી. તો શું છે અને તું કેવો થઈ ગયો છો? એમ કહે છે. આહા..હા..! ભગવાન! તું તો નિજરસથી નિર્મળ ચૈતન્યજ્યોતિના વિસ્તારથી લોકાલોકને જાણવાનો તારો ભવન નામ સ્વભાવ છે. તું તો એવો છો. સમજાણું કાંઈ? '**એવો આ જીવ પૂર્વોક્ત રીતે (પરદ્રવ્યનો અને પરભાવનો) અકર્તા ઠર્યો,...**' રાગનો અને પરદ્રવ્યનો કર્તા આત્મા સિદ્ધ ન થયો. કેમકે એના નિજરસથી પ્રકાશમાન ચૈતન્ય લોકાલોકને જાણે એવો એનો સ્વભાવ છે. આહા..હા..! એમાં લોકાલોકની ચીજમાંથી કોઈ રાગને, કોઈ શરીરને, કોઈ રજકણને કંઈક કરે એવો એનો સ્વભાવ નથી. બધાને જાણવું એવો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તોપણ...**' હવે લેવું છે. આમ હોવા છતાં પણ.. ભગવાન કહે છે કે આમ હોવા છતાં પણ.. આમ છે તો ... છે. સર્વને જાણવું-દેખવું, લોકાલોકને જાણવું-દેખવું. આહા..હા..! એ નિજરસથી નિર્મળાનંદ પ્રભુ લોકાલોકમાં વ્યાપ્ત નામ લોકાલોકને જાણવામાં વ્યાપ્ત પ્રસરે છે, વિસ્તાર પામે છે એવો એનો સ્વભાવ છે. આહા..હા..! એમ હોવા છતાં. થયું શું? કહે છે. સમજાણું કાંઈ? '**તોપણ...**' આપણે આવ્યું હતું તથાપિ આમાં પહેલાં. અહીંયાં આવ્યું હતુંને જુઓ, '**પોતાના પરિણામોથી ઊપજતું થકું...**' પહેલાં આવી ગયું હતું એમાં. ચાર ગાથાના અર્થમાં. પાંચમી લીટી, ટીકાની પાંચમી લીટી-પંક્તિ. તથાપિ એટલે ત્યાં શું કહ્યું હતું? આત્મા પોતાના પરિણામથી ઉત્પન્ન થયો થકો પોતાના પરિણામનું કાર્ય કરે છે. એવું પોતાનું કાર્ય કરે છે છતાં પરના કાર્યનો કર્તા આત્મા નથી. આહા..હા..! હવે આ લોકોને વાંધે ઉઠે છે. વ્યવહારચારિત્રથી સમકિત થાય છે એમ લખ્યું છે. જૈનદર્શનમાં આમ લખ્યું છે. વ્યવહારક્રિયા કરે એનાથી સમકિત થાય છે અને પછી વ્યવહારચારિત્રથી નિશ્ચયચારિત્ર થાય છે. અરે! પ્રભુ! અંધારું એવું છે.

**શ્રોતા :-** નિશ્ચય વગરનું વ્યવહારચારિત્ર આવ્યું ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહાર ક્રિયા કરે તો એમાંથી કરતાં-કરતાં... કારણ કે એ દૃષ્ટાંત એણે આપ્યો છે. એકવાર ચર્ચા થઈ હતી બંસીધરજી સાથે, ઈંદોર. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એવો પાઠ છે કે મુનિએ દ્રવ્યલિંગ ધારણ કર્યું છે. પંચમહાવ્રત આદિ છે, મુનિ છે પણ છે મિથ્યાદૃષ્ટિ. પણ એમાં સમકિત પામે છે એવો પાઠ છે. પણ સમકિત પામે છે એ પંચમહાવ્રતમાં લીન છે માટે સમકિત પામે છે, એમ નથી. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એવો પાઠ છે કે મુનિપણું ધારણ કર્યું છે, પંચમહાવ્રત લીધા, નગ્નમુનિ થયો, અઠ્યાવીશ મૂળગુણ પાળે છે, પણ છે મિથ્યાદૃષ્ટિ. કેમકે રાગનો કર્તા થાય છે અને પરની ક્રિયા કરે છે તો છે તો મિથ્યાદૃષ્ટિ છે; પણ એ લિંગમાં એ લિંગની ભૂમિકામાં એની દૃષ્ટિ છોડીને સ્વભાવનો આશ્રય કરે છે તો સમકિત પામે છે એવો પાઠ છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં છે. સમજાણું કાંઈ? પણ એનું એ લિંગ છે માટે તેનાથી પામ્યો એમ નથી. આહા..હા..! એવું તો અનંતવાર લીધું. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' અનંતવાર મુનિ થયો, દિંગબર થયો, પંચમહાવ્રત પાળ્યા તો તેને રાગની મંદતા થઈ, શુક્લલેશ્યા થઈ. શુક્લધ્યાન નહિ, શુક્લલેશ્યા. એવું કરીને તો નવમી ગ્રૈવેયક ગયો. એવી શુક્લલેશ્યા તો અત્યારે છે નહિ. તો એટલી ક્રિયાથી પણ સમકિત ન પામ્યો. આહા..હા..! સમ્યગ્દર્શન તો એની ઉપેક્ષા કરીને સ્વની અપેક્ષા કરે તો સમકિતદર્શન પામે છે. આહા..હા..! પરની-રાગની ક્રિયાની ઉપેક્ષા કરીને, સ્વની ઉપેક્ષા અનાદિથી થઈ છે એની અપેક્ષા કરે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ચેતનજી!

અરે..! ક્યાં લોકોને પડી છે. ભાઈ! મારું શું થશે? ક્યાં જાઈશ? મરણ થતાં દેહ છૂટી જશે. ક્યાં જઈશ? ક્યાં જઈશ? પ્રભુ! ચોર્યાસીના અવતાર. ઓહો..! અહીંયા વાણિયા હોય, કરોડપતિ હોય, દેહ છૂટીને પશુમાં જાય, ઢેઢગરોળીમાં અવતરે, ભેંસના બચ્ચા તરીકે અવતરે. ઓહો..! બાપુ! આવા ભવ અનંત કર્યા છે, પ્રભુ! અરે! તને ભવનો ડર નથી. આહા..હા..! એ આવે છેને, યોગસારમાં આવે છે. જેને ભવનો ડર છે એને અમે સમજાવીએ છીએ. યોગીન્દ્રદેવ દોહરામાં કહે છે. આહા..હા..! ચાર ગતિના ભવ પરિભ્રમણ અનંતવાર દુઃખી થઈને કર્યા. જ્યાં સુધી સમ્યગ્દર્શન નહિ પામે અને એ મિથ્યાદર્શન 'રાગની ક્રિયા મારી છે, દેહની ક્રિયા હું કરી શકું છું, પંચમહાવ્રતના પરિણામ મને લાભદાયક છે' એવી મિથ્યાદૃષ્ટિ જ્યાં સુધી છે ત્યાં સુધી જન્મ-મરણનો અંત નહિ આવે. આહા..હા..! ઝીણી વાત બહુ. સમજાણું કાંઈ? એક-એક કળશમાં કેટલું ભર્યું છે! આહા..હા..!

આમ '**અકર્તા ઠર્યો, તોપણ તેને આ જગતમાં કર્મપ્રકૃતિઓ સાથે...**' '**यद् असौ बन्धः किल स्यात्**' 'જે આ (પ્રગટ) બંધ થાય છે...' આહા..હા..! શું કહે છે? કે પ્રભુ તો ચૈતન્યજ્યોતિના પ્રકાશનું પૂર છે, એ તો બધાને જાણનારો છે એવી એની શક્તિ અને સ્વભાવ છે. તો એને બંધ કેમ થયો? અરે! આમ હોવા છતાં તેને આઠ કર્મનો બંધ

થાય છે. આહા..હા..! **'બંધ થાય છે...'** **'सः खलु अज्ञानस्य कः अपि गहनः महिमा स्फुरति'** આહા..હા..! એ અજ્ઞાનની ગહન મહિમા છે. સ્વરૂપનું ભાન ન મળે કે હું આવી વસ્તુ છું, એવું અજ્ઞાન જે છે એ અજ્ઞાનની ગહન મહિમા છે એનાથી બંધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છેને, પ્રભુ! ભાષા કોઈ એવી કઠણ નથી, પણ હવે ધ્યાન તો રાખવું જોઈએને, પ્રભુ! આહા..હા..! આવી ઝીણી વાત ન સમજાય એમ માનીને ન સમજવું એવી વાત નથી. આહા..હા..! ન સમજાય એ જ એને સમજવા દેતું નથી. આહા..હા..!

અહીં પરમાત્મા જિનેશ્વરદેવ ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે આ કહેતા હતા, એ કુંદકુંદાચાર્ય લાવ્યા, આ સંદેશ લાવ્યા. સીમંધર ભગવાન પાસે ગયા હતા. સંવત્ ૪૯, કુંદકુંદાચાર્ય દિગંબર સંત આ વચ્ચે છે. ત્યાં ગયા હતા આઠ દિવસ. મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે સીમંધર ભગવાન. કરોડપૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષ્યનો દેહ બે હજાર હાથ ઊંચો છે. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં ગયા હતા આઠ દિન. સંવત્ ૪૯. બે હજાર વર્ષ પહેલાં. ત્યાં જઈને આવીને આ સંદેશ લાવ્યા કે ભગવાન આમ કહે છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રભુ! તારી શક્તિ તો.. અહીં તો શું કહે છે? જ્ઞાનની શક્તિનો સ્વભાવ તો બધાને જાણવું એ છે, જાણવું એ તારી શક્તિ છે, છતાં આ બંધ કેમ થયો? એવી શક્તિ હોવા છતાં આ પ્રકૃતિનો, કર્મનો, રાગનો સંબંધ કેમ થયો? તો કહે છે પોતાના અજ્ઞાનથી. આવી 'જાણવાની ચીજ હું જ્ઞાત-દૃષ્ટા ત્રિકાળને જાણું એવો છું' એવું એને અજ્ઞાન છે, એનું ભાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ છે માર્ગનો. લોકોને બિચારાને એવું લાગે. દયા કરે છે બિચારા. આ લોકો ક્યાં જશે આવું માનીને? નરક કે નિગોદમાં જશે.. બિચારા લખે છે હોં! અહીંથી સ્વર્ગ અને મોક્ષમાં જાવું છે તને ખબર નથી, બાપા! આહા..હા..! ભાઈ! તને ખબર નથી. પ્રભુ! તારા સામર્થ્યની શક્તિ તો સર્વને જાણવું એક જ વાત છે.

આમ હોવા છતાં પ્રકૃતિની સાથે બંધ થાય છે તેનું કારણ. આહા..હા..! છે? **'આ જગતમાં કર્મપ્રકૃતિઓ સાથે...'** **'यद् असौ बन्धः किल स्यात्'** **'જે આ (પ્રગટ) બંધ થાય છે...'** નિશ્ચયથી. નિશ્ચયથી બંધ થાય છે. બંધ નથી અને સ્વરૂપ શુદ્ધ એકલું પડ્યું છે અને પર્યાયમાં બંધ છે જ નહિ એમ નથી. આવું સ્વરૂપ તો છે, પણ તેના અજ્ઞાનને લીધે, અભાનને કારણે, અજાણને કારણે પ્રકૃતિનો, રાગનો બંધ અને પ્રકૃતિનો બંધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'सः खलु'** નિશ્ચયથી. **'खलु'** છેને? **'તે ખરેખર...'** **'खलु'** એટલે ખરેખર. **'अज्ञानस्य कः अपि गहनः महिमा'** **'અજ્ઞાનનો કોઈ ગહન મહિમા...'** **'स्फुरति'** આહા..હા..! અંદરમાં જ્ઞાન **'स्फुरति'** આવ્યું હતું કે જ્ઞાન લોકાલોકને જાણે એમ **'स्फुरति'** છે. એવું પ્રગટ થાય છે અથવા એવી શક્તિ છે એની. અહીં કહે છે કે એ સ્વરૂપનું ભાન ન મળે. દયા, દાન, વ્રત, ભક્તિ, રાગ એ મારી ચીજ છે એનાથી મને લાભ થશે એ

અજ્ઞાનભાવ છે. આહા..હા..! કહો, વિમલચંદજી! આવી વાતું છે. લોકોને બિચારાને મુશ્કેલ પડે. આહા..હા..! સ્વભાવ પરને અને સ્વને પૂર્ણ જાણવું... પૂર્ણ જાણવું... પૂર્ણ દેખવું એવો પોતાનો સ્વભાવ ત્રિકાળપણે પડ્યો છે. એમ હોવા છતાં, પોતાનો ત્રિકાળ જાણવા-દેખવાનો સ્વભાવનો અભાવ જેમાં છે હું એ નથી, હું તો અલ્પજ્ઞ છું, હું રાગ છું, હું પરનો કર્તા છું, મારી ચીજને પરનો સંબંધ છે એવો જે અજ્ઞાનભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનભાવથી બંધ નથી અને અજ્ઞાનભાવથી બંધ છે, બસ એટલું સિદ્ધ કરવું છે. આહા..હા..! આ શું કહે છે? કુંદકુંદાચાર્ય કહે છે. એની ટીકા તો અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી છે. એ દિગંબર સંત હતા, વનવાસી હતા. આ કુંદકુંદાચાર્ય વચ્ચે છે, ઓલી બાજુ અમૃતચંદ્રાચાર્ય છે અને આ બાજુ પદ્મપ્રભમલધારીદેવ નિયમસારની ટીકા કરનારા. ત્રણે દિગંબર સંત વીતરાગી મુનિ આનંદકંદમાં ઝુલનારા અતીન્દ્રિ આનંદના સ્વાદિયા. આહા..હા..! એ મુનિના વચન કુંદકુંદાચાર્યનું અને એનું વચન અમૃતચંદ્રાચાર્યની ટીકા. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું?

પ્રભુ! તારી ચીજ તો, તું તો એવો છો કે તારી જ્ઞાનશક્તિ અને દર્શનશક્તિ લોકાલોક જગતમાં જેટલી ચીજ છે અને જેટલો કાળ છે અને જેટલા જગતના ભાવ છે એ બધાને જાણવું-દેખવું તારો સ્વભાવ છે. તારો સ્વભાવ જ જ્ઞાતા-દૃષ્ટા જ તારો સ્વભાવ છે, પણ આવા જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવનું ભાન નહિ હોવાથી અજ્ઞાનને કારણે 'હું તો રાગનો કર્તા છું, પુણ્યનો કર્તા છું, દેહનો કર્તા છું, દેશની સેવા કરનારો છું' એવો જે અજ્ઞાનભાવ. આહા..હા..! શિવાનાં યોગરૂપી ગહનં આવે છેને પંડિતજી? હા, પણ કોની સેવા? સ-એવ. સ-એવા, સ-એવ. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાન અને ચૈતન્યનો પુંજ પ્રભુ આહા..હા..! એની સેવા અર્થાત્ એ છે એમ અંતરમાં સ્વીકાર કરવો એ જ એની સેવા છે. સમજાણું કાંઈ? અને એનો અનાદર કરીને 'હું આવડો જ્ઞાતા-દૃષ્ટા ત્રણકાળ, ત્રણલોકને જાણનાર-દેખનાર એ મારો સ્વભાવ નથી' એ તો આત્માની હિંસા કરી. સમજાણું કાંઈ? હું આટલા સામર્થ્યવાળો નથી. હું તો અલ્પજ્ઞ અને રાગનો કરનાર છું. તો એ ત્રિકાળી ચીજની અસ્તિ છે અસ્તિ એની નાસ્તિ કરી એ હિંસા થઈ, મિથ્યાત્વભાવથી હિંસા થઈ. હિંસાનો અર્થ? વિદ્યમાન ચીજ છે એમ નહિ માનતા, બીજી રીતે માનવું તો વિદ્યમાન ચીજનો એની દૃષ્ટિમાં અભાવ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, હસમુખભાઈ! આવું બધું ઝીણું છે. લોઢા-બોઢામાં ક્યાંય મળતું નથી. ધૂળમાંય ક્યાંય નથી. પાંચ-પચાસ કરોડ પૈસા થઈ જાય ધૂળ-માટી, દુઃખી બિચારા હેરાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંદર આનંદ, અનંત જ્ઞાન-દર્શનની લક્ષ્મીથી ભરેલો છે એની તો હયાતીની કબુલાત નથી. એવી ચીજ છે અનંતજ્ઞાન, દર્શન-આનંદથી ભરેલો પ્રભુ આત્મા છે એવી વિદ્યમાન જ્યોતિની હયાતીની કબુલાત નથી અને જેમાં અલ્પજ્ઞપણું રાગાદિ છે એવી ચીજની

વિદ્યમાનતાની શ્રદ્ધા એ અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. આમાં ક્યાંય વ્રત કરવા અને ફલાણું કરવું એ તો કાંઈ આવ્યું નહિ. આહા..હા..! ભાઈ! સાંભળ તો ખરો, પ્રભુ! પહેલાં હજી સમ્યગ્દર્શન નથી ત્યાં સુધી વ્રત ને ચારિત્ર આવ્યા ક્યાંથી? હજી સમ્યક્ સત્ય. સમ્યક્ એટલે સત્યદર્શન. ત્રિકાળી અનંત આનંદઘન સ્વરૂપ પ્રભુ ભગવાન, ત્રણકાળ ત્રણલોકને જાણવા-દેખવાનો સ્વભાવસ્વરૂપ વિદ્યમાન પ્રભુ છે એની હયાતીનો તો હજી સ્વીકાર નથી અને સમ્યક્ એટલે સત્યદર્શન નથી. સત્યદર્શન—સત્ય આ છે એની પ્રતીતિ અને દર્શન નથી તો એમાં ચારિત્ર ક્યાંથી આવ્યું? એમાં ઠરવું એ જે ચીજ જોઈ છે એમાં ઠરવું એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? આવી વાતું બધી. દુનિયાથી જુદી જાતની વાત. બાપુ! મારગડા જુદાં તારા નાથ! આહા..હા..!

અનંતકાળથી.. આવે છેને શાસ્ત્રમાં? શ્રીમદ્‌માં 'અનંતકાળથી આથડ્યો...' આથડ્યો એટલે પરિભ્રમણ કર્યું. 'વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' અભિમાન ન મૂક્યા. હું જાણું છું... હું જાણું છું... મને ખબર છે, માર્ગ છે. અરે! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! આહા..હા..! તારી ચીજ અંદર ચૈતન્યસૂર્યથી ચૈતન્યના પ્રકાશથી પરિપૂર્ણ ભરેલી છે. આહા..હા..! એ મૃગની દુંટીમાં-નાભીમાં કસ્તુરી, એ મૃગલાને કસ્તુરીની કિંમત નથી. એ કસ્તુરીની ગંધ આવે છે તો બહાર ગોતવા જાય છે, એમ ભગવાન આત્મા અનંત આનંદ અને અનંત જ્ઞાનથી ભરેલો પોતાની દુંટી-પોતાના સ્વભાવમાં છે. એનો પ્રકાશ પરને જાણે છે, એ પ્રકાશ સ્વને જાણવાનો છે. આહા..હા..! શું કહે છે આ? આવો માર્ગ ક્યાંથી? કેટલાક કહે છે આ તો નવું કાઢ્યું. અરે! ભગવાન! નવું નથી, પ્રભુ! એ અનાદિનો સર્વજ્ઞનો, સંતોનો પંથ તો આ છે. આહા..હા..! જુઓને કેવી વાત કરી છે. આહા..હા..!

એ સર્વજ્ઞ, સર્વદર્શી એવો છે. આત્મા તો સર્વજ્ઞ—સર્વને જાણે અને સર્વને દેખે એવું પૂર્ણ સ્વરૂપ જ છે. એવું હોવા છતાં એની એટલી શક્તિનો જેને આદર નથી, તેની સમ્યક્ સત્ય પ્રત્યક્ષ જેવી ચીજ છે એવી પ્રતીતિ અને અનુભવ નથી એવા અજ્ઞાનને કારણે. આહા..હા..! એ સ્વરૂપના અજાણને કારણે, સ્વરૂપના અજ્ઞાનને કારણે અનાદિથી એને રાગનું અને કર્મનું બંધન ચાલ્યું આવ્યું છે. આહા..હા..! આવું શું હશે આ બધું? ભગવાન! તારો માર્ગ તો કોઈ અચિંત્ય, કોઈ ભિન્ન છે. લોકોને તો કાંઈ સાંભળવા મળે નહિ ચીજ શું છે? અરેરે! એ શું અવતાર છે? 'મનુષ્યા સ્વરૂપેણ મૃગા ચરંતિ' મનુષ્યના સ્વરૂપે મૃગ નામ હરણિયા જેવા માણસ છે. જેને એની ચીજની ખબર નથી કે તારી ચીજ કેવી છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, હીરાભાઈ! અહીં તો આવી વાત છે, પ્રભુ! આહા..હા..!

ભગવાન! અહીં તો આત્માને ભગવાન કહે છે. કેમકે ભગ નામ લક્ષ્મીવાન. જ્ઞાનાનંદની લક્ષ્મીવાન એ સ્વરૂપ છે. એવા સ્વરૂપના ભાન વિના, એવા સ્વરૂપનું અજાણપણું એ અજ્ઞાનથી બંધનું કારણ થાય છે. એવી ચીજ હોવા છતાં અજ્ઞાનથી પ્રકૃતિનો બંધ અને રાગનો બંધ

સંબંધ થાય છે. સંબંધ થાય છે એમ કહેવું છે હોં! રાગનો અને કર્મનો સંબંધ અજ્ઞાનથી થાય છે. આહા..હા..! ભાવબંધ, દ્રવ્યબંધ... સમજાણું કાંઈ? આહા..હા..! **'તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે.'** એ પણ સ્ફુરાયમાન છે કહે છે. અજ્ઞાનની મહિમા પણ પર્યાયમાં (સ્ફુરાયમાન છે). આહા..હા..! જેવી શક્તિ સ્ફુરાયમાન છે લોકાલોકને જાણવાની તો એનો અનાદર કરીને અજ્ઞાનભાવ પણ સ્ફુરાયમાન છે. પ્રગટ છે પર્યાયમાં અજ્ઞાનભાવ એમ કહે છે. આહા..હા..! જાણનારને અજ્ઞાન? જ્ઞાન અજ્ઞાન કેમ થાય? કહે છે કે ભાઈ! પ્રભુ! સાંભળ તો ખરો. એ જાણવા-દેખવાની ત્રિકાળી ચીજ એનું જાણવું થાય નહિ અને રાગ અને પર્યાય એક અંશને જાણવું એ જ અજ્ઞાન છે. એ અજ્ઞાન રાગ અને કર્મનો સંબંધ કરનાર, આવી શક્તિવાળો ત્રિકાળ ત્રિલોકને જાણનારી શક્તિ હોવા છતાં પણ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગહન મહિમા. એમ કીધું છેને?

**'ભાવાર્થ :- જેનું જ્ઞાન સર્વ જ્ઞેયોમાં વ્યાપનારું છે...'** આવ્યું. એનું સ્વરૂપ જ્ઞાન છેને? આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન એટલે આ શાસ્ત્રના ભણતર ને એ નહિ. આ વકીલાતના, બી.એ. એલ.એલ.બી.ના, એમ.એ.ના ડૉક્ટરના પૂંછડા એ કાંઈ જ્ઞાન નથી, એ તો બધું અજ્ઞાન છે. આહા..હા..! દસ-દસ હજાર, પંદર-પંદર હજારનો પગાર, ઘણી બુદ્ધિ માટે જ્ઞાન છે. એ જ્ઞાન નથી એ તો અજ્ઞાન છે. અંતરમાં જાણવા-દેખવાનો સ્વભાવ જે છે એ જ્ઞાન છે. આહા..હા..! એ જ્ઞાનનું જ્ઞાન જ્યારે થાય, એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ એનું જ્ઞાન થાય, પોતાની પર્યાયમાં આખી પૂર્ણ ચીજ પર્યાયમાં એનું ભાન થાય એ પૂર્ણ ચીજ વર્તમાન પર્યાયમાં આવતી નથી. જ્ઞાનની દશામાં દશાવાન ચીજ આવતી નથી, પણ દશાવાન પૂર્ણ જ્ઞાયક સ્વભાવ છે એવી પર્યાયમાં પૂર્ણ સામર્થ્યની પ્રતીતિ અને એના જ્ઞેયનું જ્ઞાન થાય છે. આહા..હા..! આ શું પણ આવો કેવો ઉપદેશ કર્યો? ભગવાન! માર્ગ તો આ છે, પ્રભુ! લોકોમાં તો ગડબડ થઈ ગઈ છે અત્યારે તો. અરેરે..! અને ચોર કોતવાલને દંડે એવું થઈ ગયું છે. સો ચોર ભેગા થાય તો કોતવાલને મારે, એમ સાચા તત્ત્વને કહેનારને ખોટી માન્યતાવાળા અપરાધી છે એમ ઠરાવે. શું કરે? આહા..! ભાઈ! તને ખબર નથી. તારી શક્તિ તો... એમ કહ્યુંને?

**'જેનું જ્ઞાન...'** જેનું એટલે આત્માનું જ્ઞાન **'સર્વ જ્ઞેયોમાં વ્યાપ્યનારું છે...'** સર્વ જ્ઞેયને જાણનારું. જ્ઞેયોમાં વ્યાપ્ત નામ પ્રસરી જાય એમ નથી, સર્વ જ્ઞેયોમાં જ્ઞાન ઘૂસી જાય છે એમ નથી, પણ સર્વ જ્ઞેયો-લોકાલોક છે તેને ભગવાન આત્મા પોતાના જ્ઞાનમાં જાણી લે છે એવું એનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ છેને વસ્તુ? આત્મા એ વસ્તુ છેને? કે અવસ્તુ છે? વસ્તુ છે. વસ્તુ છે તો એમાં વસેલી શક્તિઓ છે કે નહિ? વસ્તુ કોને કહીએ? ગોમ્મટસારમાં પાઠ છે કે વસ્તુ એને કહીએ કે જેમાં અનંતી શક્તિ વસેલી-રહેલી છે. આ વાસ્તુ લે છે તો કોઈ મકાનમાં લે છે કે કોઈ ઝાડ ઉપર લે છે? વાસ્તુ લે છેને? એમ ભગવાન આત્મા પ્રભુ! તને ખબર નથી. એ વસ્તુ અને વસ્તુમાં અનંત શક્તિ

વસેલી છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિ એમાં રહેલી છે, એમાં વાસ્તુ લેવું એનું નામ સમ્યગ્દર્શન છે. નિજઘરમાં દૃષ્ટિ લગાવવી અને નિજઘરની મહિમા અને જેટલી મોટપ છે એટલું પ્રતીતમાં લેવું એ નિજઘરમાં વાસ કર્યો, એણે વાસ્તું કર્યું. આહા..હા..! બાકી જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજાનો ભાવ કે હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગનો ભાવ એ બધો વિકાર છે. આહા..હા..! ચૈતન્યના પ્રકાશની આગળ એ રાગ છે એ અંધકાર છે. કેમકે રાગમાં જાણવાની શક્તિનો અભાવ છે.

ભગવાન આત્મામાં જાણવાની શક્તિનો સદ્ભાવ છે. સમજાણું કાંઈ? અને જે દયા, દાન, વ્રત, વિકલ્પ આદિ વૃત્તિ ઊઠે છે એ રાગ છે, એ અંધકાર છે. એ ચૈતન્યના પ્રકાશનો એમાં અભાવ છે. રાગ પોતાને જાણતો નથી, રાગ જ્ઞાયકને જાણતો નથી, જ્ઞાયક રાગને જાણે છે તો રાગને જાણવાની ચીજ બીજી ચીજ છે, બીજાથી જણાય છે, પોતાથી જણાતો નથી. એ કારણે એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અંધારું અને અંધકાર છે. આહા..હા..! આવું ભારે આકરું પડે. એક તો નવરો થાય નહિ બિચારો પાપ આડે. દુકાન ને બાયડી, છોકરા સાચવવા આડે ૨૦-૨૧ કલાક, ૨૨ કલાક ત્યાં ગાળે. એક-બે કલાક વખત મળે તો સાંભળવા જાય ત્યાં કુગુરુ લૂંટી લે ત્યાં, શ્રીમદ્ એમ કહે છે. એવી ઊંધી શ્રદ્ધા કરાવે. આ કરો... આ કરો... વ્રત કરો, અપવાસ કરો, આ કરો, ભક્તિ કરો, જાત્રા કરો, તમારું કલ્યાણ થશે. આહા..હા..! એ તો બધો વિકલ્પ છે, પ્રભુ! તને ખબર નથી. એ તો રાગની ક્રિયા છે, તારી ચીજ નથી. એ ચીજનું ભાન જેને... છે?

'**વ્યાપનારું છે એવો આ જીવ શુદ્ધનયથી પરદ્રવ્યનો કર્તા નથી,...**' એના સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો રાગ દયા, દાનના વિકલ્પની વૃત્તિ ઊઠે છે, ભગવાનનું સ્વરૂપ તો જ્ઞાતા-દૃષ્ટા છે, પણ વૃત્તિ ઊઠે છે એનો એ જ્ઞાતા-દૃષ્ટા છે, કર્તા નથી. આહા..હા..! એનો તો જાણનાર-દેખનાર છે એમ કહે છે. સમજાણું કાંઈ? રાગ આવ્યો એને પણ જાણનાર-દેખનાર છે. લોકાલોકને જાણનાર-દેખનાર છે, તો પછી તો રાગ થોડો છે એનો જાણનાર-દેખનાર છે એમાં પ્રશ્ન શું છે? આહા..હા..! સમજાણું કાંઈ? તો કહે છે કે '**આ જીવ શુદ્ધનયથી...**' મૂળ ચીજની દૃષ્ટિથી જોવે તો ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશના પૂરનું નૂરનું તેજ પૂર છે. આહા..હા..! ઘોડાપૂર કહે છે. સાંભળ્યું છે તમે? પાણી-પાણી બહુ આવેને? આટલા-આટલા પાણી હોય તેને ઘોડાપૂર કહે છે. અમે તો નાની ઉંમરમાં ઉમરાળા...

**શ્રોતા :-** ઘોડો ડૂબી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘોડો ડૂબી જાય નહિ, ઘોડા જેટલું ઊંચું પાણી અને જેમ ઘોડો દોડે. અહીંયા ખાલી હોય વરસાદ ન હોય. વીસ ગાઉ ઉપર પાંચ ઈંચ વરસાદ પડ્યો હોય તો નેહરા ને ... બધા ભેગા થઈને પાણીનું દળ આમ ચાલે. અમે તો નાની ઉંમરમાં (જોયું છે). અમારું ઉમરાળા જન્મગામ. નદી મોટી છે કાળુભાર. અમે તો નાની ઉંમરથી આ જોયું

છે. આ તો ૭૭ વર્ષ પહેલાંની વાત છે. ૧૦ વર્ષની ઉંમર, ૧૧ વર્ષની ઉંમર હતી. અમે રમતા હતા. ત્યાં ઉપરથી કહે એ છોકરાઓ! નીકળી જાવ બહાર. શું છે? અહીં વરસાદ મળે નહિ. એ ઘોડાપુર આવે છે. પાણીનું દળ ઘોડા જેટલું ઊંચું અને જોરદાર પાણી આવે છે. આહા..હા..! કાળુભાર નદી છેને ઉમરાળા. આ શરીરનો જન્મ ત્યાં છેને, આ જડ માટી. સંયોગ ત્યાં છે. ધૂળ-ધૂળ છે આ તો. આહા..હા..!

ભગવાન અમૃતનો પિંડ એનું પૂર છે અંદરમાં કહે છે. આહા..હા..! પણ એવા ચૈતન્યના પૂરનું જ્ઞાન અને પ્રતીતિ નહિ કરતાં પોતાના સ્વરૂપની પૂર્ણતાના અજ્ઞાનભાવને કારણે તેને રાગ અને કર્મનો સંબંધ થાય છે તેથી તેને પરિભ્રમણ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, દામોદરભાઈ! આવું તો તમારા બાપે પણ સાંભળ્યું નહોતું કોઈ દિ' દામનગરમાં. આહા..હા..! 'અપને કો આપ ભૂલ કે હેરાન હો ગયા.' આહા..હા..! 'અપને કો આપ ભૂલ કે' હું કોણ છું? આત્મા શું છે? સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ છે, સત્ છે, સત્ છે એ ત્રિકાળ છે અને જ્ઞાન ચિદ્ નામ જ્ઞાન અને આનંદ સચ્ચિદાનંદ જ્ઞાન અને આનંદનું પૂર્ણ-પૂર્ણ સ્વરૂપ પડ્યું છે. આહા..હા..! કોઈ દિ' જોયું નથી, નજરે આવ્યું નથી. આ દેખાતું નથી. આહા..હા..! ભાઈ! તને ખબર નથી. એવી ચીજ છે એ ચીજનો આદર કદી કર્યો નથી, અનાદર કર્યો. એટલું સામર્થ્ય છે? નહિ, હું તો અલ્પજ્ઞ પ્રાણી છું, હું પામર છું, રાગી છું. આહા..હા..! અહીં ક્યાંય મેળ ખાવો મુશ્કેલ છે, પંડિતજી! બીજા સાથે ચર્ચા કરે, શું કરે? નાથ! તમે પણ પ્રભુ છો. આહા..હા..! એક સમયની ભૂલ છે, એક સમયની ભૂલ છે. ત્રિકાળ પરમાત્મસ્વરૂપ તો આનંદકંદ પ્રભુ બિરાજે છે અંદર.

એક સમયના અજ્ઞાનને કારણે, સ્વરૂપના અજાણપણાને કારણે, પોતાની ચીજના બેભાનને કારણે. બેભાન એટલે બે ભાન થઈ ગયો છે? બેભાનનો અર્થ અભાન. ભાષા તો એમ છે બેભાન, બેખબરું. ભાષા તો એવી છે. આહા..હા..! બેભાન-ભાન ન મળે. આહા..હા..! પાગલની જેમ અનાદિથી એ શુભ-અશુભરાગ અને એની વર્તમાન જાણનારી વ્યક્ત જ્ઞાનની પર્યાય એટલામાં એની રમત છે, એટલી રુચિમાં રમત છે, એ સંસાર પરિભ્રમણનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચોર્યાસી લાખ યોનિમાં ભવસિંધુ. આહા..હા..! ભવનો સિંધુ ચોર્યાસી લાખ યોનિ. એક-એક યોનિમાં પ્રભુ! તેં અનંત અવતાર કર્યા આત્માના જ્ઞાન વિના. તારી મહિમા તને આવી નહિ, બીજાની મહિમા કરી. બીજાની મહિમામાં એ ચીજ તને છૂટી નહિ, સંયોગપણે આવી અને પરિભ્રમણ થયું. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે.

'**આ જીવ શુદ્ધનયથી પરદ્રવ્યનો કર્તા નથી, તોપણ તેને કર્મનો બંધ થાય છે તે કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે—**' આહા..હા..! એ અજ્ઞાન શું છે એને સમજવું મહા ગહન. મોટા મહાત્મા નામ ધરાવે સાધુ, દિગંબર મુનિ હોય, પંચમહાવ્રત પાળતો હોય,

પણ 'એ પંચમહાવ્રતનો વિકલ્પ એ મારી ચીજ છે અને એનાથી મને લાભ છે' એ અજ્ઞાન, મિથ્યાત્વ છે. આહા..હા..! **'કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે—જેનો પાર પમાતો નથી.'** જેનો પાર નથી પમાતો. એ તો બતાવ્યું છે. આત્માનું ભાન થાય તો અજ્ઞાનનો નાશ થાય છે, પણ અજ્ઞાનમાં રહીને અજ્ઞાનનો પાર ન પામી શકે. આહા..હા..! પોતાની ચીજનો અભાવ જ્ઞાનમાં, એવા અજ્ઞાનમાં એ અજ્ઞાનની મહિમાનો પાર નથી. જેમ વસ્તુની મહિમા ગહન છે, એનો વિરોધ અશુદ્ધતા પણ એની મોટી અને એની ગહન મહિમા છે કે જેનો પાર પામવો (મુશ્કેલ છે). આહા..હા..! એ અજ્ઞાનનો જેણે નાશ કર્યો અને પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાનનું જ્ઞાન, અનુભવ કર્યો તો એના અજ્ઞાનનો નાશ થઈ તેને સંસાર રહેતો નથી, તેને પરિભ્રમણ થતું નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ-૧૦, રવિવાર, તા. ૨૬-૦૬-૧૯૭૭, ગાથા-૩૧૨ થી ૩૧૫, પ્રવચન નં. ૩૭૮

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર, એની ૩૧૨ અને ૩૧૩ બે ગાથા છે.

चेदा दु पयडीअट्ठं उप्पज्जइ विणस्सइ।
पयडी वि चेययट्ठं उप्पज्जइ विणस्सइ।।३१२।।
एवं बंधो उ दोण्हं पि अण्णोण्णप्पच्चया हवे।
अप्पणो पयडीए य संसारो तेण जायदे।।३१३।।

નીચે હરિગીત.

**પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે!**
**ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; ૩૧૨.**
**અન્યોન્યના નિમિત્ત એ રીત બંધ બેઉ તણો બને**
**-આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩.**

**'ટીકા :- આ આત્મા,...'** આ આત્મા જે અંદર છે આત્મા એ તો અનંતગુણ સંપન્ન પ્રભુ છે. **'આ આત્મા, (તેને) અનાદિ સંસારથી જ...'** અનાદિ સંસારથી જ **'(પરનાં અને પોતાનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે...'** પોતાનો સ્વભાવ અને વિભાવસ્વભાવ બેનું ભિન્ન-ભિન્ન જ્ઞાન નહિ હોવાને લીધે. પોતાનો સ્વભાવ ચૈતન્યમૂર્તિ જ્ઞાયક અને કર્મપ્રકૃતિનો નિમિત્તનો સ્વભાવ વિભાવ, એ વિભાવ અને

સ્વભાવનું ભેદજ્ઞાન નહિ હોવાને લીધે. છે? અંતરમાં આત્મા અને વિભાવ, એ પ્રકૃતિના ઉદયથી જે વિભાવ થાય છે એ વસ્તુ ભિન્ન છે. એ વિભાવ અને સ્વભાવ, ત્રિકાળી સ્વભાવ અને કૃત્રિમ વર્તમાન વિભાવપર્યાય પુણ્ય અને પાપ અને મિથ્યાત્વનો ભાવ... આહા..હા..! બેનું ભેદજ્ઞાન નહિ હોવાને લીધે. બેનું સ્વલક્ષણ. કહો, આ સ્વલક્ષણ. બંધનું લક્ષણ રાગાદિ અને આત્માનું લક્ષણ આનંદ-જ્ઞાન.

ભગવાન આત્મા એ તો જ્ઞાનલક્ષણે લક્ષિત છે અને પ્રકૃતિ છે એ તો રાગથી લક્ષિત બંધ (ભાવ છે). રાગ ચાહે તો પછી દયા, દાન, વ્રત, ભક્તિનો હોય, પણ છે તો રાગ. આહા..હા..! એ બેનું '**નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે પરના અને પોતાનો એકત્વનો અધ્યાસ કરવાથી...**' પરનો અને પોતાનો એકત્વનો અધ્યાસ કરવાથી. એ પ્રકૃતિનો ભાવ વિકાર અને પોતાનો સ્વભાવ એ બેને એક માનીને '**કર્તા થયો થકો,...**' વિકારનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાતું આવી હવે. લોકોને ધર્મ સમજવા નિવૃત્તિ ન મળે, શું કરવું? આહા..હા..! '**એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા થયો થકો,...**' એ વિકારભાવ અને સ્વભાવભાવ બેનું ભિન્ન-ભિન્ન લક્ષણનું ભેદજ્ઞાન નહિ હોવાથી, છે? એ વિકારનો કર્તા થાય છે. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એ ત્રિકાળી જ્ઞાતા, એ વિકૃત રાગનો કર્તા કેમ થાય? સમજાણું કાંઈ? એ પહેલાં આવી ગયું છે. રાગનો કર્તા ક્યાંથી થાય? સ્વભાવ છે ઈ. આહા..હા..! ચૈતન્ય જ્ઞાયક આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ એ જ્ઞાનસ્વભાવ છોડીને, જ્ઞાનમાં રાગનું કર્તાપણું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? તો કહે છે કે એ રાગ ચાહે તો પુણ્યનો, દયા, દાનનો હો અને પોતાનો ત્રિકાળી સ્વભાવ, બેના નિશ્ચિત લક્ષણનું ભેદજ્ઞાન નહિ હોવાથી. આહા..હા..! કર્મને કારણે થયું એમ અહીંયાં નથી કહેતા. આહા..હા..!

'**પરનો અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી...**' અધ્યાસ કરવાથી એમ હોં. વસ્તુનો સ્વભાવ એવો નથી, પણ અધ્યાસ—ટેવ પડી ગઈ. અનાદિકાળથી ભગવાન આનંદ અને જ્ઞાનસ્વરૂપી એ એનું જ્ઞાનલક્ષણ છે અને પ્રકૃતિના નિમિત્તથી ઉત્પન્ન થયેલો વિકાર. નિમિત્તને આધીન થઈને. પાઠ એમ છેને? પાઠ એમ છે. '**चेदा दु पयडीअट्ठं**' એવો પાઠ છે. આત્મા પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને. '**पयडी**' પ્રકૃતિને માટે એમ કહે છે. આહા..હા..! ઝીણી વાત છે. સમયસાર એટલે તો અલૌકિક વાતું છે. આત્મા પ્રકૃતિને અર્થે એમ કહ્યુંને? '**पयडीअट्ठं उप्पज्जइ विणस्सइ**' પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને વિકારથી ઉત્પન્ન થાય છે અને વિકારથી વ્યય નાશ થાય છે. પ્રકૃતિને આધીન થઈને ઉત્પન્ન-વ્યય કરે છે. આહા..હા..!

બીજી રીતે કહીએ તો પોતાના ચૈતન્યસ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ હોવાથી, પર્યાયબુદ્ધિ હોવાથી એ વિકાર, કર્મના નિમિત્તને આધીન થઈને થાય છે, પોતાને આધીન તો નિર્વિકાર થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચૈતન્ય ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની મૂર્તિ,

એનો જે અર્થ છે એના પ્રયોજનમાં દૃષ્ટિ કરે તો તો તેને વીતરાગદશા અને નિર્મળદશા થાય, પણ આ તો '**पयडीअट्ठं**' પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને, પોતાના સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન નહિ હોવાથી.. આહા..હા..!

'**પરના અને પોતાના એકત્વનો અધ્યાસ...**' ભાષા પાછી શું છે? અધ્યાસ છે. એ ટેવ થઈ ગઈ છે, અભ્યાસ થઈ ગયો છે. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ તેને રાગ અને પુણ્ય-પાપનો ભાવ એ બંધસ્વરૂપ છે એની સાથે એકત્વનો અધ્યાસ થઈ ગયો છે, ટેવ થઈ ગઈ છે. ટેવ કહે છેને? આદત. અમારે ટેવ કહે છે. આદત થઈ ગઈ. સમજાણું કાંઈ? ટેવ-ટેવ થઈ ગઈ. ટેવનો અર્થ આદત-અધ્યાસ. એ શ્રીમદ્‌ના પત્રમાં આવે છે. જ્ઞાનસ્વરૂપ છોડીને રાગ વિભાવનો અધ્યાસ થઈ ગયો છે. વિભાવનો અધ્યાસ થઈ ગયો છે. એક પત્રમાં છે. આહા..હા..! એ યાદ આવ્યું હતું. આ અધ્યાસ શબ્દ છેને? એનો અર્થ કે એનો એ સ્વભાવ નથી. રાગ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ એ પોતાનો સ્વભાવ નથી. એ પોતાનો સ્વભાવ નહિ હોવા છતાં નિમિત્તાધીનની દૃષ્ટિથી ટેવ પડી ગઈ છે, આદત થઈ ગઈ છે. વિકાર મારો છે... વિકાર મારો છે... વિકાર મારો છે... એમ થઈને વિકારનો કર્તા થાય છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

વાત તો એવી છે. મૂળ ચીજ જે છે, આનંદ નાથ પ્રભુ એ વસ્તુના સ્વભાવને આધીન થઈને, સ્વને આશ્રયે જે પરિણામ થાય એ તો મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? પણ આવા સ્વભાવની ચૈતન્યમૂર્તિની મહિમા જ નથી. પોતાનો અનાકુળ આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ નિત્ય આહા..હા..! જેની દૃષ્ટિ અંતરમાં જાય છે તો એ વસ્તુ અનંત... અનંત... અનંત... બેહદ અપરિમિત જ્ઞાન, આનંદ આદિથી ભરેલી છે. આહા..હા..! પ્રવિણભાઈ! આવું છે. વર્તમાન પર્યાય અવસ્થા, અવસ્થાયી કાયમ રહેનારી ચીજ જે ભગવાન આનંદ અને જ્ઞાન એ તરફ જુકે તો અપરિમિત, બેહદ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... સ્વભાવ, આનંદ... આનંદ... આનંદ... સ્વભાવ એવું દૃષ્ટિમાં આવે છે તો પરિણામમાં નિર્વિકારી મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. તેને છોડીને પ્રકૃતિને આધીન થઈને, સ્વભાવને આધીન નહિ અને પ્રકૃતિને આધીન (થાય છે), જે પ્રકૃતિ નિમિત્તરૂપ છે. આત્મા શુદ્ધ ઉપાદાન છે, તો શુદ્ધ ઉપાદાનને છોડીને અશુદ્ધ ઉપાદાનમાં નિમિત્તને આધીન થઈને. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનધર્મ બહુ સૂક્ષ્મ. લોકોને ખબર નથી કાંઈ. બહારથી આમ માની બેઠા કે વ્રત પાળ્યા અને અપવાસ કર્યો તો ધર્મ થઈ ગયો. આહા..હા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, પ્રભુ! તારી ચીજ તો આનંદ અને જ્ઞાનથી જણાય એવી તારી ચીજ છે. અંતર લક્ષમાં તો તારી ચીજ અંતર શુદ્ધ પરિણામથી જણાય એવી તારી ચીજ છે. તેનું લક્ષણ છોડીને જે પ્રકૃતિના નિમિત્તથી વિકાર થયો નિમિત્તને આધીન થઈને એ વિભાવ અને પોતાના સ્વભાવનું ભિન્ન લક્ષણ નિશ્ચિત છે, એના ભેદજ્ઞાનના અભાવને

કારણે રાગ ને વિકારનો (કર્તા થાય છે), અકર્તા સ્વભાવ હોવા છતાં. સ્વભાવ અકર્તા છે એ તો સિદ્ધ કરી ગયા છે પહેલાં. અકર્તા સિદ્ધ કર્યુંને ચાર ગાથામાં. અકર્તા સિદ્ધ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? તો અહીંયાં હવે કર્તા કેમ થાય છે એમ કહે છે. છે તો એનો અકર્તા સ્વભાવ. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાન ને આનંદ પ્રભુ એ વિકૃત કૃત્રિમ એક સમયની વિકૃત દશા એનો એ ત્રિકાળી જ્ઞાતા-દૃષ્ટા કર્તા કેમ થાય? એ તો અકર્તા છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ એ પોતાના સ્વભાવ તરફનો જુકાવ નહિ હોવાથી પ્રકૃતિના ઉદયના નિમિત્તમાં જુકાવ હોવાથી તેના તાબે (થઈને), પ્રકૃતિને અર્થે પ્રયોજન ત્યાં પર ઉપર ગયું. આહા..હા..! સમજાણું કાંઈ?

એ પ્રકૃતિના નિમિત્તે અને પોતાના સ્વભાવનો ભેદ નહિ જાણવાથી એકત્વની ટેવ-આદત હોવાથી કર્તા થાય છે. એ રાગનો કર્તા સ્વભાવ નથી, પણ પરની એકત્વબુદ્ધિથી કર્તા થાય છે. આવો ધર્મ! માર્ગ એવો સહેલો હતો. એક માણસ કહેતો હતો બિચારો હોં! પંડિતજી! એક માણસ આવ્યો હતો. શ્વેતાંબર હતો. શું કહેવાય એ? ઈન્કમ ટેક્સનો ઉપરી હતો. ઈન્કમ ટેક્સનો. અહીં તો ઘણાં માણસો આવે ને જાય સાંભળે. ઘણાં વર્ષની વાત છે. મહારાજ! આ માર્ગ તો બહુ સહેલો હતો. ભગવાનની ભક્તિ કરીએ, શેત્રુંજય જઈએ, પૂજા, ભક્તિ કરીએ એ ધર્મ, આ વ્રત પાળીને ધર્મ. તમે કહો કે એ ધર્મ નથી. ભારે કરી નાખ્યું આ તો. વ્યાખ્યાન એક કલાક સાંભળ્યું બરાબર. સાંભળીને પછી અંદર આવ્યો. અહીંયાં અમે જઈએ, શેત્રુંજય જઈએ ત્યાં ભગવાન મોક્ષ પધાર્યા છે. ત્યાં જઈએ છીએ તો એ ધર્મ નથી? તમે કહો છો કે શેત્રુંજય જાવ તોપણ રાગ છે, સમ્મેદશિખર જાવ તોપણ રાગ છે. એક સ્થાનકવાસી આવ્યા હતા. એ તો સંપ્રદાયની વાત છે. ૧૯૬૯ની સાલ. એક સ્થાનકવાસી આવ્યો હતો. .. માણસ હતા. પણ વાતાવરણ શેત્રુંજયનું વાતાવરણ ઘણું સારું. વાતાવરણ સારું એમાં શું થયું? એમાં તો શુભરાગ થાય છે. હતા તો સ્થાનકવાસી. પણ એ શેત્રુંજય ગયાને તો એમ લાગ્યું કે આહા..હા..! ભગવાનની મૂર્તિ, મંદિરો, બાપુ! એ બધું વાતાવરણ શુભભાવનું નિમિત્ત છે. સમજાણું કાંઈ? એ ધર્મનું નિમિત્ત છે એવી એ ચીજ નથી.

અહીંયાં એ કહે છે કે પોતાના સ્વભાવનું લક્ષણ જ્ઞાન, આનંદલક્ષણ અને પ્રકૃતિના નિમિત્તનો સ્વભાવ છે એને તાબે થઈને ઊપજે છે, પોતાની યોગ્યતાથી હોં! પોતાની વિભાવિકશક્તિની યોગ્યતાથી. વિભાવિકશક્તિ ત્રિકાળ છે એ નિમિત્તાધીન થાય તો વિકાર થાય છે અને સ્વભાવ-આધીન થાય તો નિર્વિકાર થાય છે. વિભાવિકશક્તિ તો ત્રિકાળ છે. સિદ્ધમાં પણ વિભાવિકશક્તિ છે. વિભાવિકશક્તિ કીધી. વિકાર પ્રકૃતિ નથી. વિકારનો અર્થ અહીંયાં વિભાવિકશક્તિ નથી. વિભાવિકશક્તિ ચાર દ્રવ્યમાં નથી અને જીવ અને પુદ્ગલ બેમાં છે તેથી ત્યાં વિભાવ શક્તિ કહ્યું. તો વિભાવશક્તિ વિકાર કરે એ વિભાવશક્તિ એમ એનો અર્થ નથી. ચાર દ્રવ્યમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ ચારમાં વિભાવ નથી. આમાં વિભાવ છે, વિશેષભાવ છે માટે

વિભાવ કહ્યો, ચારમાં નથી, એમાં છે એમાં વિશેષભાવ માટે વિભાવ કહ્યો. પણ વિભાવશક્તિ વિકાર જ કરે એમ નથી. એ વિભાવિક આદિ શક્તિઓ આત્માનો સ્વભાવ એનું લક્ષણ નહિ જાણવાથી અને રાગાદિની પ્રકૃતિને આધીન થઈને વિકાર થાય છે એનું લક્ષણ નહિ જાણવાથી બેનો એક અધ્યવસાય, અધ્યાસ થવાથી રાગનો-વિકારનો કર્તા થાય છે. આહા..હા..! આવો ધર્મ હવે આમાં. ઓલો તો એ બિચારો સહેલોસટ કહે છે. વ્રત પાળવા, તપસ્યા કરવી, અપવાસ. વ્રત પાળો એ સંવર અને તપસ્યા અપવાસ કરો એ નિર્જરા. સામાયિક-પોષા કરીએ એ સંવર, અપવાસ અંદર કરીએ તો નિર્જરા એ સહેલી વાત હતી. અરે! ઊંધી હતી ભાઈ! સાંભળને. આહા..હા..! એઈ..!

**'કર્તા થયો થકો, પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે** છે;...' શું કહે છે? જે પોતાને આધીન થઈને સ્વભાવની ઉત્પત્તિ અને સ્વભાવનો વિનાશ એમ થવું જોઈએ એમ ન થતાં '**પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ...**' પ્રકૃતિને આધીન થઈને વિકારનું ઉત્પન્ન થવું અને વિકારનો નાશ થવો એવા '**ઉત્પત્તિ-વિનાશ પામે** છે;...' સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. પ્રકૃતિના નિમિત્તે વસ્તુ. નિમિત્તનો અર્થ એ કર્તા નથી. પ્રકૃતિ વિકારનો કર્તા નથી, પણ વિકાર નિમિત્તને આધીન થઈને થાય છે તો એને આધીન ઉત્પત્તિ અને વિનાશ થાય છે. પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને પર્યાયબુદ્ધિ હોવાથી, દ્રવ્યબુદ્ધિનો અભાવ હોવાથી વિકારના ઉત્પન્ન અને વ્યયપણે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ગાથાઓ એવી છે સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની. સૂક્ષ્મ છે, ભગવાન! આહા..હા..!

'**પ્રકૃતિના નિમિત્તે...**' હોં! પ્રકૃતિએ વિકાર કરાવ્યો છે એમ નથી. પ્રકૃતિ કર્મનો જે ઉદય છે એના નિમિત્તને આધીન થઈને, નિમિત્તને આધીન થઈને વિકારથી ઉત્પન્ન થાય છે અને વિકારથી નાશ પામે છે. એ વિકારના ઉત્પાદ-વ્યયને આધીન થાય છે. આહા..હા..! છે? '**પ્રકૃતિના નિમિત્તે...**' કર્મ જડ એના નિમિત્તે '**ઉત્પત્તિ-વિનાશ...**' એને આધીન થઈને મિથ્યાત્વ ભ્રાંતિનું ઉત્પન્ન થવું અને ભ્રાંતિ પહેલી પેઠી એનો નાશ થવો, એવા વિકારની ઉત્પત્તિ અને વિનાશને આત્મા પ્રાપ્ત થાય છે. કહો, સમજાય છે કે નહિ કાંઈ? વાણિયા ધંધા આડે નવરા ન હોય, હવે એમાં આવી વાતું. એય..! ધર્મચંદજી! આહા..હા..! અને આવ્યો અત્યારે વાણિયામાં જૈનધર્મ. આહા..હા..! ભગવાન! વાણિયા એટલે વેપારી. વેપારી એટલે ખોજા હોય છે એ પણ વેપારી હોય છે. આહા..હા..!

અહીં કહે છે કે ભગવાન આત્મા.. પ્રકૃતિ જે કર્મ છે જડ, એને આધીન થઈને વિકારની ઉત્પત્તિ-વિનાશ થાય છે. ઉત્પન્ન-વ્યય એટલે ઉત્પાદ અને વ્યય થાય છે. બાબુભાઈ! સમજાય છે કે નહિ? શું કહ્યું? અનાદિ સંસારથી, અનાદિ સંસારથી સ્વભાવસન્મુખની દશા નહિ હોવાથી નિમિત્ત પ્રકૃતિ જડ છે એને આધીન થઈને પુણ્ય અને પાપના ભાવ કરે છે અને ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. બસ, ત્યાં વિકાર ઉત્પન્ન થાય છે અને વિનાશ થાય છે

એ એનું કાર્ય છે અજ્ઞાનીનું. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ...**' પાછો એનો અર્થ એવો નથી કે પ્રકૃતિ એને ઉત્પન્ન-વ્યય વિકારનો કરાવે છે એમ નથી. એક બીજાને ફક્ત નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે તો કર્તાકર્મ (સંબંધ) છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ધીમે ધીમે સમજવું. આ તો માર્ગ વીતરાગનો છે, પ્રભુ! આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એમ કહેવું એ પણ વ્યવહાર છે, એની પર્યાયમાં એટલી તાકાત હતી એટલી વ્યક્ત થઈ ગઈ. આહા..હા..! ત્રણકાળ, ત્રણલોકમાં એની પર્યાય પ્રવેશતી નથી. એ આવે છેને પંડિતજી! લોકનું જ્ઞેય છે એ આત્મામાં ઘુસી ગયું છે, ડૂબી ગયું છે એવો પાઠ આવે છે, પ્રવચનસાર. એ તો જણાવ્યું છે. પોતાની પર્યાયમાં એ ક્યાંથી આવે અને એની પર્યાયમાં આ ક્યાંથી જાય? આહા..હા..! એકબીજાનો અત્યંતાભાવ છે ત્યાં એ ભાવ ક્યાંથી એમાં થાય? એનો ભાવ અહીંયાં ક્યાંથી થાય અને આ ભાવ લોકાલોકમાં ક્યાંથી જાય? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે '**પ્રકૃતિ પણ...**' હવે પહેલી એક વાત આત્માની કરી. શું કરી આત્માની? કે આત્મા અનાદિ સંસારને કારણે પ્રકૃતિના નિમિત્તાધીન થઈને પુણ્ય-પાપના ભાવનો અધ્યાસ થઈ ગયો છે તો કર્તા થાય છે. એ પ્રકૃતિને આધીન થઈને. સ્વભાવને આધીન થવું જોઈએ એ છોડીને એને આધીન થઈને મિથ્યાત્વ અને પુણ્ય-પાપના ભાવના ઉત્પાદ-વ્યય કરે છે. ઉત્પાદ-વ્યય કરે છે. ધ્રુવ તો ધ્રુવ છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આવી ઝીણી વાતું છે. આહા..હા..! સાંભળનારા જૂના હોય એને પણ કઠણ પડે. આહા..હા..! પ્રકૃતિના નિમિત્તે ઉત્પન્ન-વ્યય થાય છે. પ્રકૃતિને કારણે ઉત્પન્ન-વ્યય થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

આમ ચૈતન્ય ભગવાન પોતાનો જ્ઞાનાનંદસ્વભાવ ત્રિકાળી ચૈતન્યઘન એને આધીન થાય તો તો નિર્મળદશા પ્રગટ થાય. બંધનું કારણ એ નથી, એ તો અબંધ પરિણામ છે. આહા..હા..! પણ આમ થવું છોડીને જડ એક પ્રકૃતિ ઉદય છે (એમાં જોડાય છે). ઓલામાં લીધું છે. ૩૧૪—૩૧૫ છેને? એના ભાવાર્થમાં લીધું છે કે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજીને. ભાવાર્થમાં લીધું છે. ૩૧૪-૩૧૫ના ભાવાર્થમાં. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ છે એ તો શુદ્ધ ચૈતન્યઘન છે, પણ એનું લક્ષ અનાદિથી નથી. અનાદિથી સંસારનું લક્ષ છે. તો એ સંસારનો ભાવ પુણ્ય ને પાપ ને મિથ્યાત્વ એ પ્રકૃતિના નિમિત્તને આધીન થઈ ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થાય છે. ધ્રુવ તો ધ્રુવ છે જ. આહા..હા..! સમજાણું કાંઈ? સંસાર અનાદિનો પ્રકૃતિને આધીન થઈને સંસારની વિકારીદશા ઉત્પાદ-વ્યયને જીવ કરે છે. એ કર્તા પ્રકૃતિ નથી. પ્રકૃતિ કર્તા નથી, પ્રકૃતિ તો નિમિત્તમાત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે બીજી વાત. '**પ્રકૃતિ પણ...**' પણ લીધુંને? એક બોલ એ સિદ્ધ કર્યો. હવે બીજો બોલ સિદ્ધ કરવો છે. હવે કર્મ જે જડ છે... આહા..હા..! એ '**પણ આત્માના નિમિત્તે...**'

આહા..હા..! આત્મા જ્યારે વિકાર કરે છે પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને, મિથ્યાત્વ અને સંસારની પર્યાયનો ઉત્પાદ-વ્યય કરે છે તો પ્રકૃતિ, જડ પ્રકૃતિ છે શું? કે એ જડ પ્રકૃતિ પણ '**આત્માના નિમિત્તે...**' આત્માના નિમિત્તે અર્થાત્? આત્માનો વિકાર છે એના નિમિત્તે. સમજાણું કાંઈ? આ સમજવું કઠણ પડે. સોનગઢવાળાએ નવું કાઢ્યું એમ કહે છે. ભગવાન! નવું નથી, ભાઈ! બાપુ! એ તો માર્ગ આ છે. આહા..હા..! એક બાજુ અનાદિથી પ્રકૃતિને આધીન થઈને વિકારભાવ ઉત્પન્ન-વ્યય કરે છે, નિમિત્તથી નહિ, નિમિત્તને આધીન થઈને કરે છે. કર્તા નથી, પ્રકૃતિ કર્તા નથી. જીવની મિથ્યાત્વ અને ભ્રાંતિ એ ભાવની પ્રકૃતિ કર્તા નથી. પોતાના સ્વભાવનું ભાન નહિ હોવાથી જીવ પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને જે વિકારનો ઉત્પાદ-વ્યય કરે છે એનો અજ્ઞાની કર્તા થાય છે. સમજાણું કાંઈ? આ અજ્ઞાન છે. ચાહે તો સાધુ થયો હોય, દિગંબર સાધુ પંચમહાવ્રત પાળે અને અઠ્યાવીશ મૂળગુણ હજારો રાણી છોડીને બેસે, પણ અંદરમાં સ્વભાવની દૃષ્ટિ નથી તો પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને વિકારનો ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... કરે છે. આહા..હા..! પંડિતજી! આવી વાત આકરી લાગે માણસને. એ લોકો તો કહે કે વ્યવહાર આચરણ કરતાં-કરતાં સમકિત થાય. વ્યવહાર આચરણ કરતાં-કરતાં નિશ્ચયચારિત્ર થશે. અરે! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ!

અહીં તો કહે છે કે જે નિમિત્તાધીન થઈને જે વ્યવહાર થયો છે એને સ્વભાવનું ભાન નથી એ કારણે વિભાવને ઉત્પન્ન-વ્યય કરે છે. ઉત્પન્ન-વ્યય કરે છે એ કર્તા અજ્ઞાની આત્મા છે, પ્રકૃતિ નહિ. હવે પ્રકૃતિનું જ્યારે બંધન થયું તો એમાં આત્માનો વિકાર નિમિત્ત છે. આહા..હા..! આત્માનો વિકાર છે એ પ્રકૃતિનો બંધ કરે છે એમ નહિ. વિભાવ જે છે એ કર્મને બાંધે છે તો વિભાવભાવ કર્તા અને પ્રકૃતિબંધન કર્મ એમ નથી. આહા..હા..! ફક્ત '**પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે (અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે).**' ખુસાલો કર્યો છે. આત્મા જેવા વિકારી પરિણામ કરે એને અનુસાર, એનું નિમિત્ત અને કર્મપ્રકૃતિ પોતાના પરિણામથી બંધાય છે. વિકાર થયો તો વિકાર કર્તા અને કર્મબંધનની પર્યાય કાર્ય એમ નથી. આહા..હા..! આવી વાત છે. એને હજી અંદર પેસવામાં ભાવનું ભાસન થવામાં કઠણ પડે.

કર્મપ્રકૃતિ જડ બંધાય છે એ તો પોતાથી પર્યાયથી (બંધાય છે), એમાં આત્માના વિકારી પરિણામ નિમિત્ત છે. એ બંધનમાં પ્રકૃતિ વિકાર પરિણામ નિમિત્ત છે અને પોતાના વિકાર પરિણામમાં કર્મનો ઉદય નિમિત્ત છે. બસ, એટલી વાત છે. કર્તા-કર્મ એકબીજાના નહિ. પછી આવા નિમિત્ત-નૈમિત્તિકસંબંધથી વ્યવહારથી કર્તા-કર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ જ સ્પષ્ટ. દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે! કેવળીના કેડાયતો એની વાણી, દિવ્યધ્વનિને અનુસારે આ વાણી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

બનારસીદાસે કહ્યું છે. નમો કેવળ .. નમો કેવળ .. ભગવાન 'મુખ ૐકાર ધ્વનિ સુણી

અર્થ ગણધર વિચારે, મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ભવિક જીવ સંશય નિવારે.' આહા..હા..! બનારસીદાસમાં આવે છે. બનારસીવિલાસ. બનારસીવિલાસ છેને? બધા ગ્રંથો જોયા છે. એમાં છે. આહા..હા..! 'જિન પ્રતિમા જિન સારખી.' એ પણ બનારસીવિલાસમાં છે. આહા..હા..! પહેલાં વાંચ્યું છે. ૧૯૯૧-૯૨ સાલમાં. પછી મોક્ષમાર્ગપ્રકાશકમાં નાખ્યું છેને પાછળ? ત્રણ ચિઠ્ઠી નાખી છે. મોક્ષમાર્ગપ્રકાશમાં ત્રણ (ચિઠ્ઠી આપી છે). ઉપાદાન-નિમિત્તની ચિઠ્ઠી, રહસ્યપૂર્ણ ચિઠ્ઠી અને પરમાર્થ વચનિકા—ત્રણ ચિઠ્ઠી નાખી છે. ઈ એમાંથી નાખી છે. અહીં કહે છે, જેમ આત્મા પોતાના પરિણામથી કર્મના નિમિત્તને આધીન થઈને... ૪૭ શક્તિનું વર્ણન છેને? એમાં ઈશ્વર શક્તિ, અનિશ્વર શક્તિ બે લીધી છે. ૪૭ શક્તિઓ છે. તો શક્તિ નહિ, ૪૭ ધર્મ. શક્તિ છે એ સમયસારમાં અને આ ધર્મ ૪૭ પ્રકારના નય. તો એ નયમાં એક નય ઈશ્વર અને અનિશ્વર બે નય લીધી છે. તો આત્મા પોતાથી, જેમ ધાવમાતાને આધીન થઈને બાળક દૂધ પીવે છે, એમ આત્મા કર્મને આધીન થઈને વિકાર કરે છે. કોઈ કર્મ વિકાર કરાવે છે એમ નથી. આહા..હા..! ઈશ્વર-અનિશ્વરનય નાખ્યું છે, ૪૭ નયમાં છે.

અહીંયાં કહે છે '**પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે...**' આત્માના નિમિત્તનો અર્થ? એના વિકારી પરિણામના નિમિત્તથી. ક્યું નિમિત્ત? આત્માના નિમિત્તે, આત્મા આખો એના નિમિત્તથી નહિ. '**આત્માના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે (અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે).**' આહા..હા..! થાય છે તો પોતાની પર્યાયથી, પણ આત્માના વિકારી પરિણામ મિથ્યા ભ્રાંતિ આદિ છે એ નિમિત્ત છે. નિમિત્ત છે તો પ્રકૃતિબંધનું કારણ પરિણામે કર્યું છે એમ નથી. પરિણામ તો નિમિત્તમાત્ર છે. જેવા વિકારી પરિણામ છે એને અનુસાર પ્રકૃતિ પોતાને કારણે બંધાય છે અને પરિણામ થાય છે.

આહા..હા..! '**એ રીતે—જોકે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે...**' જુઓ, પ્રકૃતિ કર્તા અને આત્માનું વિકાર કર્મ-કાર્ય એનો અભાવ છે અને આત્માનો વિકાર નિમિત્ત કર્તા અને પ્રકૃતિબંધન એનું કાર્ય, એમ કર્તા-કર્મનો અભાવ છે. કૈલાસચંદજીએ લખ્યું છે કે સોનગઢવાળા કાંઈ નિમિત્તને નથી માનતા એમ નથી. નિમિત્તને માને તો છે, પણ નિમિત્તથી પરમાં કાર્ય થાય છે એમ નથી માનતા. લખ્યું છે, હવે એની માન્યતા શું છે ખબર નહિ, પણ નામ લીધું છે સોનગઢનું. સોનગઢવાળા આમ માને છે. એક ક્રમબદ્ધની વાત કરી છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે ભગવાન આત્મા... આ પણ ક્રમબદ્ધમાં જ છે. જ્યારે પોતાનો વિકાર પોતામાં થાય છે તો પ્રકૃતિના નિમિત્તને આધીન ક્રમસર થાય છે અને પ્રકૃતિ બંધાય છે એ પણ ક્રમસર એની પર્યાયમાં બંધાવાના પરિણામ છે, એને નિમિત્ત જીવના વિકારી પરિણામ છે. એકબીજા એકબીજાના કર્તા-કાર્ય છે એમ નથી. આહા..હા..! આવો ધર્મ ઝીણો બહુ.

વકીલો ઓલા કાયદા અંદર ઝીણા કાઢે એથી આ તો કાયદા ઝીણા. મોહનભાઈ ગયા લાગે છે. મોહનભાઈ આવ્યા હતા. જજ હતા. અમદાવાદના જજ. શેંત્રુજય ગયા હતા તો આવ્યા હશે. આહા..હા..! આ તો વીતરાગ જજ છે એ ખુલાસો કરે છે પરમાત્મા. આહા..હા..! મુનિઓ ટીકા કરીને ખુલાસો કરે છે. સાંભળ તો ખરો, પ્રભુ! તારામાં જે વિકાર થાય છે એ નિમિત્તને આધીન થાય છે, નિમિત્તથી નહિ પણ નિમિત્તને આધીન થાય છે અને પ્રકૃતિ બંધાય છે તે તારા વિકારી પરિણામનું નિમિત્ત પામીને, પણ વિકારી પરિણામ કર્તા અને બંધન કાર્ય એમ છે નહિ. હવે નિમિત્ત છે અને કર્તા નથી? આ શું? પણ એ નિમિત્ત છે તો વ્યવહારે કર્તા અજ્ઞાની માને છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ રીતે—જોકે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે...**' એ શું કહ્યું? જીવ નિમિત્તાધીન થઈને પોતામાં પોતાને કારણે વિકાર ષટ્કારકના પરિણામથી કરે છે, તો તેમાં જૂની પ્રકૃતિનું નિમિત્ત છે, જૂની પ્રકૃતિ; અને આત્મા જ્યારે વિકાર કરે છે એ અનુસારીને નવી પ્રકૃતિનો બંધ થાય છે એ એમ કહે છે. બેમાં જૂના-નવામાં ફેર છે. શું કહ્યું? જૂની પ્રકૃતિ જે પડી છે એનો જે ઉદય છે એને આધીન થઈને વિકાર કરે છે તો વિકારમાં પ્રકૃતિ નિમિત્ત છે, છતાં વિકાર કર્મ કરાવે છે એમ કર્તાકર્મભાવનો અભાવ છે. વ્યવહારથી નિમિત્ત છે એ તો કહેવામાં આવે છે. આહા..હા..! અને આત્મા વિકાર કરે છે અને કર્મ બંધાય છે, કર્મ તો પોતાની પર્યાયના સ્વકાળથી ક્રમબદ્ધમાં આવવાના હોય તે બંધાય છે, એમાં જીવના વિકારી પરિણામ પુણ્ય, દયા, દાન, વ્રતાદિ બંધનું કારણ છે. એ પરિણામ બંધમાં નિમિત્ત થાય છે, પણ બંધનો કર્તા થતા નથી. પ્રકૃતિ વિકારની કર્તા નથી થતી અને વિકાર બંધનો કર્તા નથી થતો, પણ એકબીજામાં કર્તાકર્મનો અભાવ હોવા છતાં પણ. આહા..હા..! તોપણ એમ કહ્યુંને? આમ હોવા છતાં, તોપણ કર્તાકર્મ નથી. આહા..હા..!

'**પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ જોવામાં આવે છે,...**' આહા..હા..! પરસ્પર—આત્મામાં વિકારના ભાવનો બંધ પ્રકૃતિનું નિમિત્ત (અને) પ્રકૃતિના બંધનમાં જીવના વિકારી પરિણામ નિમિત્ત, બસ. આહા..હા..! પુસ્તક છે કે નહિ સામે? સમજાણું કાંઈ? હજી ભેદજ્ઞાન નથી કે શું ચીજ છે. ભેદજ્ઞાન વિના ધર્મ ક્યાંથી થયો? આહા..હા..! રાગાદિભાવ પણ વિકારી પરિણામ છે એ બંધમાં નિમિત્ત છે. એ કંઈ અબંધપરિણામ ધર્મના નથી. આહા..હા..! અને પ્રકૃતિ બંધાય છે નવી હોં નવી! વિકારપણે ઉત્પન્ન-વિનાશ થાય છે એ જૂની પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને અને નવી પ્રકૃતિ બંધાય છે, એ અહીં આત્માના વિકારી પરિણામ અનુસારે નવી પ્રકૃતિનું બંધન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્ત પ્રકૃતિ છે એને આધીન વિકાર પરિણામ થાય છે પોતાને, એ જ પ્રકૃતિનું આ પરિણામથી બંધન છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, વિમલચંદજી! સમજાય છે કે નહિ? આહા..હા..!

અજ્ઞાની, અનાદિ સંસારથી જૂના કર્મનો ઉદય આવે છે તેને આધીન થઈને વિકારનો

ઉત્પન્ન-વ્યય કરે છે અને પ્રકૃતિ પણ જે નવી બંધાય છે એ પોતાના પરિણામને કાળે પોતાથી બંધાય છે, પણ એમાં જીવના વિકારી પરિણામ નિમિત્ત છે. આવો નિમિત્ત-નૈમિત્તિકભાવ હોવા છતાં પણ.. છે? બંધ થાય છે. તોપણ કહ્યું હતુંને? '**કર્તાકર્મભાવનો અભાવ છે તોપણ—પરસ્પર...**' વિકાર અને પ્રકૃતિને પરસ્પર '**નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ જોવામાં આવે છે,...**' કર્મના નિમિત્તે વિકાર પોતામાં અને પોતાના નિમિત્તે કર્મપ્રકૃતિ, એવો પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકસંબંધ જોવામાં આવે છે. આહા..હા..! આવો ધર્મ. ધર્મ કરવો હોય એ કહોને કે અમને ધર્મ કેમ થાય? ઈ જ કહે છે કે પ્રકૃતિનો ઉદય છે એને આધીન નહિ થતાં પોતાના આનંદસ્વરૂપ ભગવાનને આધીન થઈને ધર્મ થાય છે. આહા..હા..! કેમકે અબંધસ્વરૂપી પ્રભુના આશ્રયે અબંધપરિણામ થાય છે, એ મોક્ષનો માર્ગ છે અને પ્રકૃતિના નિમિત્તે ઉત્પન્ન થાય છે તો એ તો વિકારી પરિણામ ભાવબંધરૂપ છે. છતાં એ ભાવબંધમાં પ્રકૃતિ નિમિત્ત છે અને ભાવભંધ નવી પ્રકૃતિના બંધનમાં નિમિત્ત છે, એકબીજાને કર્તાકર્મ નથી.

'**તોપણ—પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ જોવામાં આવે છે, તેથી સંસાર છે...**' ચાર ગતિ રખડવાની છે એ તો. આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ નવી પ્રકૃતિને નિમિત્ત છે અને જૂની પ્રકૃતિ પોતાના વિકારમાં નિમિત્ત છે, આ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેથી સંસાર છે...**' તેથી ચાર ગતિમાં પરિભ્રમણ છે, તેથી ચોર્યાસી લાખ યોનિમાં રખડવું થાય છે. '**અને તેથી જ તેમને કર્તાકર્મનો વ્યવહાર છે.**' એ કર્તાકર્મનો નિમિત્તનૈમિત્તિકસંબંધની અપેક્ષાએ વ્યવહાર કહેવામાં આવે છે, નિશ્ચયથી નથી. આહા..હા..! લ્યો! લીટી તો છ થઈ. પોણો કલાક થયો એમાં. માર્ગ પ્રભુનો ઝીણો છે. ભાઈ! દિગંબર સંતોની શૈલી. આહા..હા..!

પ્રત્યેક પદાર્થની પર્યાય તે કાળે, ક્રમબદ્ધ તો પહેલાં આવી ગયું છે, તે કાળે પોતાથી ક્રમસર થાય છે, તેને આઘી-પાછી પોતાનો આત્મા પણ કરી શકે નહિ. પરથી તો આઘી-પાછી થતી નથી, પણ ક્રમસર એક પછી એક પર્યાય થાય છે તેને આઘી-પાછી આત્મા નથી કરી શકતો. આહા..હા..! સમજાણું કાંઈ? એ કર્તાકર્મનો વ્યવહાર છે. કર્મ નિમિત્ત છે અને વિકાર થાય છે તો કર્તા-કર્મ પ્રકૃતિ અને વિકાર કાર્ય એવા નિમિત્ત-નૈમિત્તિકસંબંધને કારણે વ્યવહારથી કર્તાકર્મ કહેવામાં આવે છે, પર્યાયથી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આત્માને અને જ્ઞાનાવરણાદિ કર્મની પ્રકૃતિઓને...**' જોયું! જડ-જડ પ્રકૃતિની વાત છે. '**આત્માને અને જ્ઞાનાવરણાદિ કર્મની પ્રકૃતિઓને પરમાર્થે કર્તાકર્મપણાનો અભાવ છે...**' ખરેખર બેમાં કોઈને કર્તાકર્મ છે નહિ. જીવમાં વિકાર થાય છે એનો કર્તા (જડ)કર્મ અને આત્માનો વિકાર એનું કાર્ય એમ નથી અને વિકારી પરિણામ કર્તા અને કર્મપ્રકૃતિનું બંધન કાર્ય એમ છે નહિ. સાર બહુ ટૂંકા શબ્દોમાં કહ્યું છે ભાવાર્થમાં જયચંદ્ર પંડિતે. '**આત્માને અને જ્ઞાનાવરણાદિ કર્મની પ્રકૃતિઓને પરમાર્થે કર્તાકર્મપણાનો**

**અભાવ છે તોપણ...'** તોપણ એમ. '**તોપણ પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવને લીધે બંધ થાય છે,...'** એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક કારણથી સંસારબંધ થાય છે. '**તેથી સંસાર છે...'** ચાર ગતિ છે. આહા..હા..! વિકારી પરિણામ એ સંસાર છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ એ સંસાર છે એમ આવે છે. ક્યાંક આવે છે, મિથ્યાત્વ જ સંસાર છે. અહીંયાં આટલામાં આવે છે. મિથ્યાત્વ એ જ સંસાર છે. શું? કે કર્મની પ્રકૃતિ જૂની જે ઉદયમાં આવી છે તેના નિમિત્તે વિકાર કરે છે એ જ સંસાર છે. એ ચોર્યાસીના અવતારમાં જન્મવાનું મૂળ બીજ છે. આહા..હા..! '**અને તેથી જ કર્તાકર્મપણાનો વ્યવહાર છે.'**

૩૨૦. એ આવ્યું હતું ખરું. કીધું આમાં જ આવ્યું છે. ૩૨૦. ભાવાર્થ ૩૨૦નો? નીચે છે. '**મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે.'** છે? '**મિથ્યાત્વ છે તે જ સંસાર છે.'** છે? જુઓ, છે? નીચે છે. '**મિથ્યાત્વ છે તે જ સંસાર છે.'** કર્મના નિમિત્તે વિકાર થાય છે અને કર્તા થાય છે એ મિથ્યાત્વ એ જ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હોય, પણ એ શુભભાવ છે એ પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને થાય છે અને એ જ સંસાર છે. આહા..હા..! એ શુભભાવ મારો છે અને મને લાભ થશે એ મિથ્યાત્વ એ જ સંસાર છે. આહા..હા..! '**મિથ્યાત્વ ગયા પછી સંસાસરનો અભાવ જ થાય છે.'** જુઓ, '**સમુદ્રમાં બિંદુની શી ગણતરી?'** મિથ્યાત્વ ગયા પછી થોડો દોષ રહે એ તો સમુદ્રમાં બિંદુ સમાન દોષ છે. અવ્રતનો, પ્રમાદનો, કષાયનો દોષ છે, પણ એ તો સમુદ્રમાં બિંદુ સમાન છે. આહા..હા..! અને મિથ્યાત્વનો દોષ એ જ સંસાર આખો છે. સમજાણું કાંઈ? ક્યુ મિથ્યાત્વ? કે પ્રકૃતિના નિમિત્તાધીન થઈને વિકાર કરે છે અને એ વિકાર મારી ચીજ છે અને એ વિકાર મને લાભ કરશે એવો મિથ્યાત્વભાવ એ સંસાર છે. આહા..હા..! પ્રેમચંદજી! આહા..હા..! આવી વાત છે. લોકો પછી કહેને શું કરે? એને ન બેસે મગજમાં ત્યાં સુધી વિરોધ કરે કે 'નહિ, વિકારનો કર્તા છે કર્મ. વિકારનો કર્તા કર્મ છે. તમે ભૂલ્યા. તમારી મૂળમાં ભૂલ થઈ ગઈ' એમ કહે છે. ૨૦ વર્ષ પહેલાં. કર્મથી વિકાર થાય છે, મેં કીધું બિલકુલ નહિ. વિકાર પોતાની પર્યાયમાં ષટ્કારકથી પર્યાયમાં પોતાને કારણે થાય છે. દ્રવ્ય-ગુણથી તો નહિ, નિમિત્તથી પણ નહિ. એ મોટી ભૂલ, મોટી ભૂલ થઈ. કલકત્તા પત્ર આવ્યો. મોટી ભૂલ થઈ ગઈ. એમને પૂછો. કીધું, એનો ઉત્તર ત્યાં આપી દીધો છે. ગજરાજજી હતાને. ત્યાં ભોજન હતું ગજરાજજીને ત્યાં. ... એના પિતાજી. ત્યાં ભોજન હતું. ભોજન કરી લીધું ત્યાં શેઠ આવ્યા શાહુજી મોટો પત્ર લઈને કે આવો પ્રશ્ન આવ્યો છે કે વિકાર શું છે? વિકાર કોણ કરાવે છે? કીધું, કોઈ કરાવતું નથી. વિકાર પોતામાં સ્વયં થાય છે. જવાબ દઈ દીધો છે ત્યાં. આહા..હા..! હજી તો વિકાર પર કરાવે છે, તો વિકારનો અભાવ પણ પર કર્મનો અભાવ થાય તો થાય. એ કહ્યું હતું. રાગ કેમ ઘટે? કે પ્રતિબદ્ધ કારણ ઘટે તો રાગ ઘટે. અરે! પ્રભુ! આહા..હા..!

૨૦ વર્ષ પહેલાં ચર્ચા થઈ હતી. ૨૦૧૩ની સાલ. આ ૨૦૩૩ ચાલે છે. આહા..હા..!

અહીં પ્રભુનો માર્ગ તો એવો સ્વતંત્ર છે. પ્રભુ! જેમ તારા દ્રવ્ય-ગુણ સ્વતંત્ર છે. દ્રવ્ય-ગુણ તો સ્વતંત્ર છે, ત્રિકાળી છેને? એમ વર્તમાન પર્યાય પણ સ્વતંત્ર છે વિકારી કે અવિકારી. જેમ દ્રવ્ય ત્રિકાળી છે. ત્રિકાળીમાં કોણ કરે? એમાં પરતંત્રતા ક્યાં આવી? એના ગુણ જે અનંત છે એમાં પરતંત્રતા ક્યાં આવી? એ તો છે જ. ત્રિકાળ સ્વયંથી છે. એમ પર્યાય પણ પોતાથી છે. એક અંશ નવો થયો માટે પરને કારણે થયો એમ નથી; અને અંતર સ્વરૂપને આશ્રયે સમ્યગ્દર્શન થયું તો દર્શનમોહનો અભાવ થયો તો એટલી અપેક્ષાથી અહીંયા સમ્યગ્દર્શન થયું એમ નથી. આહા..હા..! પ્રવિણભાઈ! આવો આકરો માર્ગ છે. છે તો બહુ સરળ પણ લોકોને અભ્યાસ નથી, બીજો અભ્યાસ. કહ્યું હતુંને, અધ્યાસ થઈ ગયો છે. આહા..હા..! પરની સાથે કર્તા-કર્મનો અધ્યાસ થઈ ગયો છે. આહા..હા..!

હવે અહીંયાં કે છે કે '(**'જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું ન છોડે...**')' શું કહે છે? જ્યાં સુધી, જ્યાં સુધી. આહા..હા..! '**જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે...**' વિકારનું કાર્ય ન છોડે અથવા ઊપજવું-વિણસવું, નિમિત્તને આધીન વિકારનું ઊપજવું-વિણસવું ન છોડે. '**ન છોડે...**' તો હિન્દી ભાષા છે તમારી. છેને હિન્દી? '**ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદષ્ટિ, અસંયત છે...**' આહા..હા..! જ્યાં સુધી આત્મા કર્મના નિમિત્તને આધીન થઈને ઉત્પાદ-વ્યય (કરે છે), કારણ કે ધ્રુવ તો ધ્રુવ છે, પણ ઉત્પાદ-વ્યય નિમિત્તને આધીન થઈને કરે છે આહા..હા..! અને '**ઊપજવું-વિણસવું ન છોડે...**' નિમિત્તને આધીન થઈને વિકારનું ઉપજવું-વિણસવું ન છોડે '**ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદષ્ટિ, અસંયત છે...**' આહા..હા..! એ ગાથા.

जा एस पयडीअट्ठं चेदा णेव विमुंचए।
अयाणओ हवे ताव मिच्छादिट्ठी असंजओ।।३१४।।
जदा विमुंचए चेदा कम्मफलमणंतयं।
तदा विमुत्तो हवदि जाणओ पासओ मुणी।।३१५।।

**ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,**
**અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; ૩૧૪.**
**આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,**
**જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫.**

'**ટીકા :- જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં-જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે,...**' કર્મના નિમિત્તને આધીન થઈને સ્વભાવનું આધીનપણું અનાદિથી છોડી દીધું ત્યાં સુધી ભેદજ્ઞાન નહિ હોવાને લીધે. એ વિકારી પરિણામ અને ભગવાન ત્રિકાળી સ્વભાવની ભિન્નતાનું ભેદજ્ઞાન જુદાઈનું નહિ હોવાથી.

**'પ્રકૃતિના સ્વભાવને—કે જે પોતાને બંધનું નિમિત્ત છે...'** કર્મનો જે ઉદય છે એ તો બંધમાં નિમિત્ત છે અર્થાત્ પોતાનો ભાવ છે પ્રકૃતિના નિમિત્તે થતો એ બંધમાં નિમિત્ત છે અને ભાવબંધમાં પણ કર્મનો ઉદય ભાવબંધમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? હવે આવું બધું શીખવું.

**'પ્રકૃતિના સ્વભાવને—કે જે પોતાને બંધનું નિમિત્ત છે...'** પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને જે ભાવ ઊપજે એ ભાવ તો નવા બંધનું નિમિત્ત છે, નવી પ્રકૃતિના બંધનું નિમિત્ત છે. સમજાણું કાંઈ? **'તેને—છોડતો નથી, ત્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે,...'** અજ્ઞાની છે. આહા..હા..! નિમિત્ત આધીન જે વિકાર થાય છે, એ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો હોય, જાત્રાનો હોય, પણ એ રાગ છે, એ રાગ અને ભગવાન આત્માની ભિન્નતા જ્યાં સુધી ન જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ત્યાં સુધી સ્વપરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે...'** રાગ અને આત્માનો સ્વભાવ એક જ છે અને રાગથી મને લાભ થશે, વ્યવહાર કરતાં-કરતાં મને નિશ્ચય થશે, એવો જે મિથ્યાદૃષ્ટિ જીવ અજ્ઞાની અજ્ઞાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સ્વપરના એકત્વદર્શનથી...'** સ્વ નામ ભગવાન આત્મા જ્ઞાન-દર્શનસ્વભાવસ્વરૂપ અને પર પ્રકૃતિને આધીન ઉપજવું-વિણસવું એ બેયનું ભેદજ્ઞાન નહિ કરવાથી, બેને જુદાં નથી માનતો આહા..હા..! અને એકત્વનો જ્યાં સુધી ભાવ છે ત્યાં સુધી તે અજ્ઞાની છે. આહા..હા..! સ્વરૂપનું ભાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં સુધી વિકારના પરિણામ રાગ અને સ્વભાવભાવ જ્ઞાયક ચિદાનંદ બેનું ભેદજ્ઞાન જ્યાં સુધી નથી, ત્યાં સુધી બેમાં એકત્વબુદ્ધિ છે એ અજ્ઞાન છે. આહા..હા..! છે? ત્યાંથી પહેલાં લીધું છે હોં! દૃષ્ટિથી નથી લીધું, અજ્ઞાનથી લીધું છે. ૧૭-૧૮માં એ લીધું છે. પહેલાં જાણવું, પછી શ્રદ્ધવું અને પછી ઠરવું, એવો અર્થ લીધો છે. ૧૭-૧૮ સવારે આવ્યું હતું. પહેલાં જ્ઞાનમાં જ્ઞેય આત્મા શુદ્ધ ચૈતન્ય જાણ્યા વિના શ્રદ્ધા કોની? જ્ઞાનમાં આત્મા શુદ્ધ ચૈતન્ય છે એવું જ્ઞાન ન આવે તો શ્રદ્ધા કોની કરવી? વસ્તુ તો ખ્યાલમાં આવી નથી, શ્રદ્ધા કોની? આહા..! ગધેડાના શિંગડા એમ લીધું છે. ગધેડાને શિંગડા નથી, એમ જાણ્યા વિનાની શ્રદ્ધા તો ગધેડાના શિંગાડ સમાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સ્વપરના એકત્વદર્શનથી મિથ્યાદૃષ્ટિ છે...'** આહા..હા..! પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને જે શુભાદિ વિકાર થયો એ શુભવિકાર અને આત્મા ત્રિકાળ બેય એક (માને) છે, ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. દિગંબર સાધુ હોય, પંચમહાવ્રત પાળતો હોય, પણ એ પંચમહાવ્રતનો વિકલ્પ અને આત્માનો સ્વભાવ બેય એક છે અને એનાથી મને લાભ થશે (એમ માને છે૦, ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૧૧, સોમવાર, તા. ૨૭-૦૬-૧૯૭૭, ગાથા-૩૧૪-૩૧૫, પ્રવચન નં. ૩૭૯

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. ૩૧૪ અને ૩૧૫ની ટીકા. બે લીટી ચાલી છે. ફરીથી. '**જ્યાં સુધી આ આત્મા,...**' જે આ આત્મા છે અંદર જ્ઞાનાનંદસ્વભાવી પ્રભુ આત્મા છે '**જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં-જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન...**' પોતાનો સ્વભાવ તો જ્ઞાતા-દ્રષ્ટા અને આનંદ છે અને પ્રકૃતિનો સ્વભાવ પુણ્ય, પાપ, રાગ, દ્વેષ આદિ પુદ્ગલના પરિણામ છે. આહા..હા..! પોતાનો સ્વભાવ ત્રિકાળી રહેનાર આત્માનો સ્વભાવ તો જ્ઞાન-દર્શન અને આનંદ છે અને પ્રકૃતિનો સ્વભાવ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એ પુદ્ગલ પ્રકૃતિનો સ્વભાવ છે, આહા..હા..! એ આત્માનો સ્વભાવ નથી. ખબર નથી, ખબર નથી. અનંતકાળથી ધર્મ શું છે?

એ બેનું '**(ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે, પ્રકૃતિના સ્વભાવને...**' એ કર્મના નિમિત્તે જે પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધનો ભાવ થયા એ બધો પ્રકૃતિનો સ્વભાવ છે, આહા..હા..! કર્મના નિમિત્તે ઉત્પન્ન થયા એ વિકાર છે, એ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! ઝીણી વાત બહુ, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે કે જેને '**પ્રકૃતિના સ્વભાવને...**' જે કર્મના નિમિત્તે ઉત્પન્ન થયા પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ એ પ્રકૃતિ સ્વભાવ છે, આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! '**કે જે પોતાને બંધનું નિમિત્ત છે...**' એ પ્રકૃતિનો સ્વભાવ જે પુણ્ય-પાપનો ભાવ એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો ધર્મ જગતમાં જગતથી ભિન્ન છે, આખા જગતથી ભિન્ન છે, એ ચીજ જ ભિન્ન છે. કહે છે કે અંદર જે કાંઈ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ આદિનો ભાવ આવે એ ભાવ પ્રકૃતિનો સ્વભાવ છે, તારો નથી. આહા..હા..! તારો હોય તો તારાથી છૂટે નહિ. સમજાણું કાંઈ? જો સ્વભાવ હોય તો સિદ્ધમાં પણ રહેવો જોઈએ. એ તો પ્રકૃતિ પુદ્ગલનો સ્વભાવ પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ છે. આહા..હા..!

'**જે પોતાને બંધનું નિમિત્ત છે તેને—છોડતો નથી,...**' આહા..હા..! 'એ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ હું નથી. હું તો આનંદ જ્ઞાનસ્વરૂપ છું' એવી દૃષ્ટિ કરીને જ્યાં સુધી છોડતો નથી. આહા..હા..! આવી વાત છે. આકરી વાત, ભગવાન! જિનેશ્વર સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ તિર્થંકરદેવ એમ ફરમાવે છે કે જેટલો શુભ-અશુભભાવ થાય એ બધો પુદ્ગલનો સ્વભાવ, પ્રકૃતિનો સ્વભાવ છે, આત્માનો નહિ. આહા..હા..! કહો, કાંતિભાઈ! આહા..હા..! '**છોડતો નથી, ત્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક**

છે,...' ત્યાં સુધી તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ અને પુણ્ય-પાપનો ભાવ પ્રકૃતિનો સ્વભાવ બેને એક માને છે ત્યાં સુધી અજ્ઞાની છે. અજ્ઞાની નામ પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એનું જ્ઞાન નથી. એ તો રાગને પોતાનો માને છે તો સ્વનું જ્ઞાન નથી. આહા..હા..!

લ્યો, આ વ્યવહારથી નિશ્ચય થાય છેને પંડિતજી! આ તો કહે છે વ્યવહાર પ્રકૃતિનો સ્વભાવ છે એમ કહે છે. પુદ્ગલના પરિણામ કહ્યાને. શુભ-અશુભભાવ એ નિશ્ચયથી પુદ્ગલના નિમિત્તે (થયા તો) પુદ્ગલનો સ્વભાવ છે, પ્રકૃતિના નિમિત્તે પ્રકૃતિનો સ્વભાવ છે. આહા..હા..! એ શુભ-અશુભભાવનું અને પોતાના સ્વભાવનું બેનું ભેદજ્ઞાન-જ્ઞાન નથી ત્યાં સુધી તે અજ્ઞાની છે. ચાહે તો શાસ્ત્ર ભણ્યો હોય અગિયાર અંગ અને નવ પૂર્વ. ઓહો..હો..! ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો હોય, તો દેવ-ગુરુ-શાસ્ત્રને માને તે રાગ છે. રાગ છે એ પ્રકૃતિનો સ્વભાવ છે, પોતાનો સ્વભાવ નથી. આહા..! આવી વાત કઠણ પડે જગતને, શું થાય? પરમાત્માની અપૂર્વ વાત છે. કદી એણે યથાર્થપણે સાંભળી નથી અને અંતરમાં રુચે અને અનુભવે તો ક્યાંથી? આહા..હા..! કહો, પોપટભાઈ! આ પૈસા સોંઘા છે અને આ ચીજ મોંઘી છે એમ કહે છે. આહા..હા..! પૈસા અનંતવાર અબજો રૂપિયા મળ્યા. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ પ્રજ્ઞાસ્વરૂપ ચેતનાસ્વભાવ. એનો તો ચેતના જાણવું-દેખવું સ્વભાવ છે અને પુણ્ય-પાપનો ભાવ તો પ્રકૃતિના બંધના કારણરૂપ સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં સુધી સ્વરૂપનું જ્ઞાન નથી તો રાગ પર છે એનું પણ જ્ઞાન નથી, એ અજ્ઞાન છે. આહા..હા..! એક વાત. એ તો કાલે આવી ગઈ હતી.

હવે '**સ્વપરના એકત્વદર્શનથી...**' ચૈતન્ય ભગવાન ચેતનાસ્વભાવ, જ્ઞાનાનંદસ્વભાવ એ અને પુણ્યના દયા, દાન, વ્રત, તપના બીજા વિકલ્પ ઉઠે છે એ પ્રકૃતિનો સ્વભાવ, બેને એક માને છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે, ત્યાં સુધી તે જૈન નથી. આહા..હા..! જૂઠી દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. મિથ્યા નામ જૂઠી. જ્યાં સુધી એ આત્મા જ્ઞાયકસ્વભાવ, ચૈતન્ય સ્વભાવ અને રાગાદિનો વિકલ્પ પ્રકૃતિનો સ્વભાવ બેને એક માને છે અર્થાત્ એ રાગ જે શુભભાવ છે એનાથી પોતાને લાભ થશે એમ માને છે, તો જેનાથી લાભ માને એ ચીજને પોતાની માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત આવી. વ્રત ને તપ, સમ્યગ્દર્શન વિના વ્રત ને તપ અનંતવાર કર્યા. નવમી ગ્રૈવેયકે પરમાત્મા કહે છે ગયો અનંતવાર, પણ એ રાગથી ભિન્ન આત્મા ચૈતન્યસ્વરૂપી સ્વભાવ ધ્રુવ એની કદી પ્રતીત, અનુભવ કર્યો નહિ અને એ અનુભવ વિના સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..! ધર્મની શરૂઆત થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**સ્વપરના...**' સ્વ એટલે ચૈતન્યસ્વભાવ, પર એટલે પ્રકૃતિનો સ્વભાવ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ. એ સ્વ અને પરની એકત્વબુદ્ધિ જ્યાં સુધી છે... આહા..હા..! ત્યાં સુધી '**(એકત્વ શ્રદ્ધાનથી) મિથ્યાદૃષ્ટિ છે...**' આહા..હા..! સાધુ હોય હોય સંસાર, બાયડી, છોકરા, કુટુંબ, ધંધા છોડીને પણ અંદરમાં જો પંચમહાવ્રતના

પરિણામ છે એ રાગ છે એ પ્રકૃતિનો સ્વભાવ છે, જીવનો સ્વભાવ નથી. આહા..હા..! ગજબ વાત છે! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર એનો પંથ જગતથી નિરાળો છે.

આત્મા વીતરાગસ્વરૂપ છેને. તો કહે છે કે એ વીતરાગસ્વરૂપી આત્મા અને પ્રકૃતિ સ્વભાવ રાગસ્વરૂપી, પુણ્યસ્વરૂપી, પાપસ્વરૂપી સ્વભાવ બેને એક માને છે એ મિથ્યાદષ્ટિ છે. એટલે કે વિકાર જે શુભાદિ છે એનાથી મને નિશ્ચયસમ્યગ્દર્શન થશે એ માન્યતા મિથ્યાદષ્ટિની છે. સમજાણું કાંઈ? જૈન સંપ્રદાયમાં ભલે જન્મ્યો હોય, પણ એ જૈન શું છે એની એને ખબર નથી. આહા..હા..! કેમકે ભગવાન આત્માનો સ્વભાવ જ જિનસ્વરૂપી સ્વભાવ છે. 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' આહા..હા..! કેમકે જો આત્મા વીતરાગસ્વરૂપ જ ન હોય તો પરમાત્માને વીતરાગતા પ્રગટ થાય છે એ ક્યાંથી આવી? એ વીતરાગતા બહારથી આવે છે? આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા તો વીતરાગસ્વરૂપી, અકષાયસ્વરૂપી, આનંદસ્વરૂપી, સ્વચ્છસ્વરૂપી, ઈશ્વરસ્વરૂપી આત્મા છે. આહા..હા..! એના સ્વભાવમાં રાગનો સ્વભાવ પોતાનો છે એમ માને અને રાગથી મને લાભ થશે એમ માને એ મિથ્યાદષ્ટિ છે. મિથ્યા નામ જૂઠી-અસત્ય દૃષ્ટિ છે. એને દૃષ્ટિમાં સત્યપણું આવ્યું નથી. આહા..હા..! આવી વાતું! સમજાણું કાંઈ? તો તમારા ધંધા અને બાયડી, છોકરાને સાચવવાના પાપભાવ એ તો એકલું પાપ છે.

**શ્રોતા :-** એ તો ફરજ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય ફરજ નથી. મરી ગયો છે એમને એમ. ફરજ કેવી? આત્મા ભિન્ન, શરીર ભિન્ન, તારો આત્મા ભિન્ન, એની સાથે સ્ત્રીનો સંબંધ શું? 'એ પરદ્રવ્ય મારું છે' એવી માન્યતા એ મિથ્યાદષ્ટિની છે. આહા..હા..! અહીંયાં તો 'સૂક્ષ્મ રાગ મારો છે' એમ માને એને મિથ્યાદષ્ટિ કહે છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! આખો દિ' એક તો બાયડી, છોકરા, કુટુંબ, ધંધા, પાણી એમાં રોકાય બિચારા ૨૦ કલાક. ૬-૭ કલાક ઊંઘમાં જાય, થોડા કલાક આમાં જાય. પાપ આખી જિંદગી. અને અહીં તો કહે છે કે એ તો પાપ છોડીને કદાચિત દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજામાં આવ્યો... આહા..હા..! એ પણ શુભભાવ છે. એ શુભભાવ પણ બંધનું કારણ છે. એ બંધના કારણને પોતાનું માને છે તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા..!

**શ્રોતા :-** એની કોણ ચિંતા કરે છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોને ખબર છે? ક્યાં એમને એમ જન્મ્યા અને જિંદગી ધંધા, વેપાર કરી અને બાયડી-છોકરા કાંઈક સંભાળ્યા, ધ્યાન રાખ્યા, સારે ઠેકાણે છોકરાને વરાવ્યા, છોડીને સારે ઠેકાણે નાખ્યા. સારે ઠેકાણે કહે છે? અચ્છે સ્થાનમેં. બસ, જિંદગી પૂરી. પાપ છે એકલું તારું. સાંભળ તો ખરો. આહા..હા..!

અહીં તો કહે છે પ્રભુ! વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ કે તને કદાચિત પાપભાવ ઘટીને

આ શ્રવણ, શાસ્ત્રના શ્રવણમાં આવ્યો, શાસ્ત્રનું વાંચન કર્યું, શાસ્ત્રનું જ્ઞાન કર્યું... આહા..હા..! અને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરી એ બધો રાગ છે અને એ રાગને પોતાના સ્વભાવમાં એકત્વ માને છે. ભગવાન આત્માનો સ્વભાવ તો વીતરાગી અકષાયસ્વભાવ છે. અકષાય નામ ચારિત્રસ્વભાવ છેને એનો ત્રિકાળ, તો અકષાયસ્વભાવ છે. આહા..હા..! 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમજ જીવ સ્વભાવ.' સ્ફિટક હોય છેને સ્ફટિક? સ્ફટિક નિર્મળ હોય છે. મોટો સ્ફટિક જોયો છે અમે જામનગરમાં. ૧૯૯૧ની સાલમાં. ત્યાં છે છેને. શું કહેવાય ઈ? સોલેરિયમ. છ લાખ રૂપિયાનો સોલેરિયમ સંચો છે ત્યાં. કુદરતે .. સૂર્યનું કિરણ.. તો એ ૧૦૦મી ગાથા ચાલતી હતી, જામનગર વાંચતા હતા અમે. ૯૧ની વાત છે. માગશરની વાત છે. ૯૧નો માગશર. એ સાંભળવા તો આવતા હતા. બે-અઢી હજારનો માસિક પગાર હતો. ડૉક્ટર પ્રાણજીવનભાઈ. અમારું દેખવા આવો તમને ન્યાયમાં કામ આવશે. અમે જોવા ગયા હતા તો સ્ફટિકમણિ આવડો હતો એ બતાવ્યો અને છ લાખનો સોલેરિયમ જોયો. મોટો સંચો છે. 'જેમ નિર્મળતા સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ.' તેમ ભગવાન આત્માનો સ્વભાવ, ભગવાન એટલે આત્મા, નિર્મળ સ્વભાવ. 'જેમ નિર્મળતા સ્ફટિક તણી, તેમ જ જીવસ્વભાવ, શ્રી જિનવીરે ધર્મ ભાખિયો.' શ્રી પરમાત્મા ત્રિલોકનાથ વીર પરમાત્માએ ધર્મ કહ્યો 'પ્રબળ કષાય અભાવ.' પુણ્ય અને પાપ બેય ભાવ કષાય છે, એના અભાવને ભગવાને ધર્મ કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવે છેને એમાં? ચેતનજી! યશોવિજય. 'પ્રબળ કષાય અભાવ.'

**શ્રોતા :-** જેમ નિર્મળતા સ્ફટિકતણી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કહ્યુંને આ પહેલું. કહ્યુંને હમણાં કહ્યું. બે વાર કહ્યું, ત્રણ વાર કહ્યું. 'જેમ નિર્મળતા સ્ફટિકતણી, તેમ જીવ સ્વભાવ,' એ તો પહેલી વાત કરી. બે વાર-ત્રણ વાર કરી. સમજાણું કાંઈ? નથી સાંભળ્યું. ધ્યાન બીજે હતું. 'જેમ નિર્મળતા સ્ફટિકતણી તેમ જીવ સ્વભાવ' એમ ભગવાન સર્વજ્ઞે કહ્યું કે જેમ નિર્મળ સ્ફટિક છે એવો તારો નિર્મળ સ્વભાવ છે. એ નિર્મળ સ્વભાવની સાથે જે રાગ ઉત્પન્ન થાય છે, પુણ્ય-પાપ, શુભ-અશુભ રાગ વિકલ્પ રાગ એ મલિન છે, પ્રકૃતિનો સ્વભાવ છે, જીવનો નથી. નિશ્ચયથી પદ્ગલનો સ્વભાવ છે, ભગવાન આત્માનો નહિ. આહા..હા..!

**શ્રોતા :-** નીકળી જાય છે માટે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનામાં ક્યાં રહે છે? એ એની ચીજ છે? જે પોતાનો જ્ઞાન, દર્શન, આનંદ છે એ પોતાનો સ્વભાવ ક્યારેય નીકળી જાય છે? વિકાર છે, પુણ્ય-પાપનો વિકાર છે. સિદ્ધ ભગવાન થયા તો ત્યાં પુણ્ય-પાપ રહે છે? કેમકે એ તો વિકાર હતો. આહા..હા..! એ વિકારને પોતાનો માને છે, સ્વ અને પરનું એકત્વ માને છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, ધર્મ નથી, અધર્મ છે. આહા..હા..! આકરી વાત છે, ભાઈ બાપુ! શું થાય? વીતરાગ

માર્ગ જ અત્યારે લોપ થઈ ગયો. બહારની ક્રિયાકાંડમાં ધર્મ માનીને બિચારાની જિંદગી ચાલી જાય છે. આહા..હા..! કાંઈક પાંચ-પચાસ લાખ મળ્યા તો બસ, આપણે ફાવી ગયા. ધૂળમાંય નથી ફાવ્યા સાંભળને. એ તો પૂર્વના પુણ્ય છે એ બળી જાય છે ત્યારે એ લક્ષ્મી દેખાય છે. દેખાય છે, તારી પાસે ક્યાં આવે છે? તારી પાસે તો મમતા છે.

**શ્રોતા** :- પૈસા હોય તો મોટર...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મોટર-ફોટર બધા જડ છે. આહા..હા..!

**શ્રોતા** :- જડ મળે તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું મળે? જડ મળે? કે 'જડ મારા છે' એવી મમતા મળે છે એને? જડને તો કદી અડતો પણ નથી. આહા..હા..! લક્ષ્મી તો ધૂળ-માટી છે. આહા..હા..! ભગવાન તો અરૂપી ચૈતન્યઘન છે. જ્યાં રાગ પોતાનો નથી ત્યાં લક્ષ્મી ક્યાંથી આવી? અહીં એ કહે છે. રાગ પોતાનો નથી ત્યાં 'સ્ત્રી, કુટુંબ મારા' મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, તને જૈનદર્શનની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આવી વાતું છે. એ તમારે .. આહા..હા..!

'**સ્વપરના એકત્વદર્શનથી...**' છે? '**(એકત્વરૂપ શ્રદ્ધાનથી) મિથ્યાદૃષ્ટિ છે...**' આહા..હા..! એ શુભ-અશુભભાવ અને પોતાનો શુદ્ધ સ્વભાવ ત્રિકાળી પરમાત્મસ્વરૂપ આત્મા પરમાત્મસ્વરૂપ જ છે. છે તો પર્યાયમાં અરિહંતપદ, પરમાત્મપદ પ્રગટ થાય છે. એ ક્યાંથી આવ્યું? બહારથી આવે છે કોઈ પરમાત્મપદ? આહા..હા..! અંતરમાં પરમાત્મસ્વરૂપ જ છે એવી દૃષ્ટિની ખબર નથી. તો આવા ભગવાન આત્માના સ્વભાવની સાથે શુભ-અશુભભાવ, જે પ્રકૃતિનો, પુદ્ગલનો, નિમિત્તનો સંયોગીભાવ છે એને સ્વભાવભાવની સાથે એકત્વ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. એને ધર્મની ખબર નથી, ધર્મની અસર નથી. આહા..હા..! ચાહે તો એ જાત્રા કરે ગિરનારની, સમ્મેદશિખરની, શેત્રુંજયની એવી અનંતવાર કરી. અરે! એ તો અનંતવાર કરી, પણ સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. વર્તમાન તીર્થંકરદેવ બિરાજે છે કેવળી, ત્યાં મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો છે અને અનંત તીર્થંકરો ત્યાં કાયમ રહે છે ભગવાન પાસે. તો સમવસરણમાં પણ અનંતવાર ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળી આગળ રહી ગયો કોરો. લ્યો એ યાદ આવ્યું. સજ્ઝાયમાળા ચાર છે. શ્વેતાંબરમાં ચાર સજ્ઝાયમાળા છે. એક એક સજ્ઝાયમાળામાં બસ્સો-અઢીસો સજ્ઝાય છે. એક-એક સજ્ઝાયમાં દસ, પાંચ, પંદર શ્લોક છે. એવી ચાર છે. અમે તો અમારી દુકાન ઉપર મગાવી હતી. આ તો ૧૯૬૪-૬૫ની સાલની વાત છે. પાલેજમાં અમારી દુકાન હતીને. ભરૂચ અને વડોદરા વચ્ચે પાલેજ છે. બાર જીન છે, ત્યાં પિતાજીની દુકાન હતી. અમે દુકાન ઉપર નવ વર્ષ રહ્યા ત્યાં. પાલેજમાં અત્યારે છે. અત્યારે દુકાન ચાલે છે. મારે દુકાન છોડે ૬૪ વર્ષ થયા. ૬૪ વર્ષ. આમ તો ૬૬ વર્ષ થયા. દીક્ષા લીધી

૬૪ થયા. તો ત્યાં આગળ સજ્ઝાયમાળા અમે વાંચતા હતા નાની ઉંમરમાં. ૧૭, ૧૮, ૧૯ વર્ષની ઉંમરમાં. ૭૦-૭૧ વર્ષ પહેલાંની વાત છે. તો ત્યાં એમ આવ્યું હતું કે 'કેવળી આગળ રહી ગયો કોરો.' શું સમજ્યા? કેવળી આગળ લૂખ્ખો રહી ગયો, કાંઈ સમજ્યો નહિ. સમવસરણમાં અનંતવાર ગયો. આહા..હા..! કાંઈ સમજ્યો જ નહિ. અંદર દરકાર જ નથીને. હું કોણ છું? રાગ શું છે? આહા..હા..! ભગવાન પાસે ગયો કેવળી આગળ (પણ) સમજ્યો નહિ. ગયો નિમિત્તમાં, અનંતવાર સાંભળ્યું, પણ આચાર્ય ભગવાન અહીં કહે છે કે એ તરફનો જે રાગ છે, સાંભળવામાં પણ રાગ છે, વિકલ્પ છે.. આહા..હા..! એ રાગ અને પોતાના સ્વભાવનું જ્યાં સુધી એકત્વ માને છે, ત્યાં સુધી તો એ મિથ્યાદૃષ્ટિ જીવ છે, ચાર ગતિમાં રખડવાની લાયકાત છે એની. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે;...**' શું કહ્યું? સ્વ ચૈતન્યસ્વરૂપ ભગવાન જ્ઞાન ત્રિકાળી અને પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ ક્ષણિક વિકારી, એ બેને એક માને છે, '**સ્વપરની એકત્વપરિણતિ...**' અહીંયા પરિણતિ લેવી છે. બેની એક દશા પરિણતિ થાય છે. રાગરૂપ પરિણમવું, દ્વેષરૂપ પરિણમવું, દયારૂપ પરિણમવું... આહા..હા..! ત્યાં સુધી તે જીવ અસંયત જ છે, અસંયત જ છે. વ્રતના પરિણામ આવ્યા સમ્યગ્દર્શન વિના, એ શુભરાગ છે. રાગની પરિણતિ જ્યાં સુધી છે અને એને આત્મા પોતાની પરિણતિ માને એ અસંયત જીવ છે. એ વ્રતી નહિ, સંયમી નહિ, સમકિતી નહિ, અવ્રતી છે. આહા..હા..! ત્રણ બોલ આવ્યા——સ્વપરનું જ્ઞાન નથી ત્યાં સુધી અજ્ઞાની છે, સ્વપરની શ્રદ્ધા એક માને છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે અને સ્વપરિણતિ છોડીને એ રાગ ને પુણ્યની પરિણતિમાં પરિણમે છે અને માને છે કે મને સંયમ છે, એ અસંયમી છે. ધર્મચંદજી! આવો માર્ગ આકરો સાંભળતા આકરો પડે. કારણ કે માની રાખ્યું હોય બહારમાં. આહા..હા..!

એ '**સ્વપરની એકત્વપરિણતિ...**' એમાં સ્વની એકત્વપરિણતિનું નામ જ્ઞાનની પરિણતિ છે અને રાગની પરિણતિ છે એમ નહિ. પાઠ તો એમ છે. પાઠ તો એમ છે કે સ્વપરની એકત્વપરિણતિ. જ્ઞાનાનંદસ્વભાવ અને રાગભાવ ભિન્ન એ બેની એકત્વ પરિણતિ છે. 'રાગમાં હું છું' એવી એકત્વપરિણતિ છે. જ્ઞાનની પરિણતિ પણ ભિન્ન છે અને રાગ પણ ભિન્ન છે એમ બે પરિણતિ સાથે નથી. આહા..હા..! એ તો વિકલ્પ જે રાગ છે એની પરિણતિ તેને બેની એક પરિણતિ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! ત્યાં સુધી દૃષ્ટિ પર ઉપર છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો શુભભાવ રાગ છે અને રાગની પરિણતિ છે એ સ્વ અને પરની એકત્વ પરિણતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં સુધી તે અસંયમી છે. આહા..હા..!

પ્રવચનસારમાં કહ્યું છે કે જ્યાં સુધી કાયા અને કષાયને એક માને છે, ૨૩૬ ગાથા પ્રવચનસાર, 'આ શરીરની ક્રિયા હું કરી શકુ છું આમ હલન-ચલન, પરની દયા પાળવાની

ક્રિયા શરીરની મારી છે' તો એણે કાયાને પોતાની માની અને અંદર દયાનો વિકલ્પ ઉઠ્યો રાગ એ કષાય છે; એ કષાય અને કાયાને પોતાના માને છે ત્યાં સુધી છકાયની હિંસા બહારથી ન કરતો હોય તોપણ છકાયની હિંસા કરનારો જ છે આહા..હા..! અને પાંચ ઈન્દ્રિયના વિષયનો ભોગ ન લેતો હોય તોપણ પાંચ ઈન્દ્રિયના વિષયનો ભોગ લેનારો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૨૩૬ છે. આહા..હા..! શરીરની ક્રિયા આ તો માટી જડ છે, અજીવ છે. અજીવ આમ ચાલે એ તો જડની પર્યાય છે અવસ્થા 'એ મારાથી થાય છે' એવી માન્યતા અને અંદર રાગ થાય છે દયા, દાનનો એ વિકારભાવ પ્રકૃતિનો સ્વભાવ છે, એ પોતાનો છે એમ માને છે, એ પાંચ ઈન્દ્રિયનો વિષય બહારથી ન ભોગવતો હોય તોપણ પાંચ ઈન્દ્રિયના વિષયને ભોગવનારો જ છે. કેમકે રાગને પોતાનો માન્યો તો વિકારને ભોગવનાર જ છે ઈ. આહા..હા..! એ છકાયની હિંસા બહારથી ન કરતો હોય, પણ 'આ કાયા મારી છે' એમ માન્યું તો કાયા તો જડ છે, તો એ જડની ક્રિયા, પરની દયા પાળવી એવી છકાયની હિંસા કરે જ છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ ભાઈ આકરો છે. આહા..હા..! પહેલી તો સત્ય વાત સાંભળવા મળવી મુશ્કેલ છે. વીતરાગનો સત્ય માર્ગ સાંભળવા મળવો મુશ્કેલ છે. પછી રુચવો અને શ્રદ્ધા થવી એ તો કોઈ અલૌકિક વાત છે. આહા..હા..!

કહે છે કે '**સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે;...**' સ્વપરની એકત્વપરિણતિ લીધી છે હોં! એનો અર્થ? કે જ્ઞાનસ્વભાવ છે એ પોતાનો, પણ એને છોડીને રાગના ભાવથી એકત્વ થાય છે તો તેને સ્વપરની એકત્વપરિણતિ કહી. જ્ઞાનની પણ પરિણતિ છે અને રાગની પણ પરિણતિ છે એમ બે નથી.

**શ્રોતા** :- મિથ્યાદષ્ટિ..?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મિથ્યાદષ્ટિ અસંયમી છે.

**શ્રોતા** :- સમ્યગ્દષ્ટિ અસંયતીની વાત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને નહિ, એ તો રાગથી ભિન્ન છે. સમ્યગ્દષ્ટિને રાગ આવે છે, પણ એ રાગને જાણનાર રહે છે. જ્ઞાતા-દ્રષ્ટા થઈને રાગને જાણે છે. સમજાણું કાંઈ? આ તો મિથ્યાદષ્ટિ અસંયમીની વાત છે. પહેલાં લીધુંને મિથ્યાદષ્ટિ ઈ વાત છે. ત્રણે એક જ બોલ છે. અજ્ઞાની એ મિથ્યાદષ્ટિ, મિથ્યાદષ્ટિ એ અજ્ઞાની, મિથ્યાદષ્ટિ એ મિથ્યાદષ્ટિ અને આ અસંયમી એ અજ્ઞાની અને અસંયમી એ મિથ્યાદષ્ટિ. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ૧૮મી વાર ચાલે છે પંડિતજી સભામાં. પહેલાં ૯૧ની સાલથી શરૂ થયું છે. ૯૧-૯૧. રાજકોટ શરૂ કર્યું હતું. પછી અહીંયા પૂરું થયું. સંપ્રદાયમાં શરૂ કર્યું હતું. રાજકોટ. પછી અહીંયાં પૂરું કર્યું. પહેલાં ત્યાં શરૂ કર્યું હતું. આ હવે ૧૮મી વાર ચાલે છે સભામાં.

'**અને ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી...**' જુઓ, છે? '**અને ત્યાં સુધી જ...**' ત્યાં સુધી શું? જ્યાં સુધી 'રાગ અને હું એક છું' એવું

માને છે તે અજ્ઞાની છે અને રાગ અને હું આત્મા એમાં એકત્વ માને છે તે મિથ્યાદષ્ટિ છે, રાગની પરિણતિને પોતાની પરિણતિ માને છે તે અસંયમી છે. આહા..હા..! આવી વાત છે. **'અને ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ...'** પર અને સ્વના એકત્વનો અધ્યાસ થઈ ગયો છે. સ્વભાવ અને વિભાવની એકત્વબુદ્ધિનો અધ્યાસ થઈ ગયો છે. આહા..હા..! શું કહ્યું? ભગવાન જ્ઞાતા-દષ્ટાનો સ્વભાવ અને વિકાર વિભાવસ્વભાવ, તો એ વિભાવસ્વભાવ પોતાનો છે એવો અનાદિથી અધ્યાસ થઈ ગયો છે, અજ્ઞાનીને અનાદિથી એવી ટેવ થઈ છે, આદત થઈ ગઈ છે. આહા..હા..! અધ્યાસ છેને? ઝીણી વાતું બહુ, બાપુ! વીતરાગનો ધર્મ અપૂર્વ પૂર્વે કદી કર્યો નથી, અપૂર્વ છે. પૂર્વે કર્યો એ કરે એ કંઈ અપૂર્વ નથી. પૂર્વે અનંતવાર પંચમહાવ્રત આદિ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ અનંતવાર કર્યા છે, ત્યારે સ્વર્ગમાં જાયને? સ્વર્ગમાં કેમ જાય? નરક કરતાં અસંખ્યગુણા સ્વર્ગના અનંતા ભવ કર્યા છે. શું કહ્યું? ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યું છે કે મનુષ્યપણના દરેક પ્રાણીએ અનંતભવ કર્યા. અનંત કાળે એકવાર મનુષ્યપણું મળે, તોપણ મનુષ્યના અનંતભવ કર્યા અને નારકીના એનાથી અસંખ્યગુણા અનંતા નારકીના ભવ કર્યા. અસંખ્ય અનંતા. એક મનુષ્ય અને અસંખ્ય નારકી, એક મનુષ્ય અને અસંખ્ય નારકી. તો એમ ક્યાંથી થયા? મનુષ્ય તો થોડા છે અને આ અસંખ્ય નારકી ક્યાંથી આવ્યા? એ તિર્યંચ-પશુમાંથી પણ આવ્યા. તિર્યંચ પશુ એટલા છે પંચેન્દ્રિય એટલા છે ઓહો..હો..! કે એમાંથી મરીને નરકમાં ગયો તો નરકની સંખ્યા મનુષ્યની સંખ્યા કરતાં અસંખ્યગુણી અનંતી થઈ ગઈ અને નરકની સંખ્યા કરતાં સ્વર્ગની સંખ્યા અસંખ્યગુણી અનંત છે. અનંતવાર સ્વર્ગમાં નરક કરતાં.. એકવાર નરક અને અસંખ્યવાર સ્વર્ગ, એકવાર નરક અને અસંખ્યવાર સ્વર્ગ.

**શ્રોતા :-** તિર્યંચમાંથી ગયા હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તિર્યંચ.. અહીં મનુષ્ય તો થોડા છે. પંચેન્દ્રિય તિર્યંચ ઘણાં છે. એમાંથી મરીને.. અનંતવાર તિર્યંચ થયો, ત્યાંથી મરીને નરકમાં ગયો, કોઈ દયા, દાન, વ્રતાદિના પરિણામ કર્યા તો ત્યાંથી સ્વર્ગમાં ગયો. આહા..હા..! પણ આત્મા છે, અનાદિનો છે કે નહિ? કે નવો છે? આત્મા નવો ઉત્પન્ન થાય છે? એણે કોઈ ઈશ્વરે ઉત્પન્ન કર્યો છે? આત્માને કોઈ ઈશ્વર છે કે ઉત્પન્ન કરે છે? આત્મા તો અનાદિ છે. સત્... સત્... સત્... અનાદિ છે, અનંતકાળ રહેશે. આહા..હા..! દરેક શાસ્ત્રમાં આવે છે કે આત્મા નિત્ય અને અવિનાશી છે. 'આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય.' આહા..હા..! 'બાળાદિ વય ત્રણનું જ્ઞાન એકને થાય.' આત્મસિદ્ધિમાં છે.

**શ્રોતા :-** અસંખ્યગુણા અનંતભવ એ શેમાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શાસ્ત્રમાં છે. શાસ્ત્રમાં છે ત્યાં... સમજાણું કાંઈ? તત્ત્વાર્થ રાજવાર્તિકમાં છે, બધામાં છે. ચાર ગતિના ભવ કર્યા. ઓહો..હો..!

અહીં તો એમ કહેવું છે કે ચાર દુકાન હોયને અને એકમાં નુકસાન ગયું હોય, ખોટ-ખોટ. તો ચાર દુકાનમાં શેમાં વિશેષ ખોટ ગઈ? કે ઝવેરાતમાં ઘણી ખોટ ગઈ, કાપડમાં એનાથી ઓછી, દાણામાં એનાથી ઓછી. સમજાણું કાંઈ? અને એમાં કોઈ ધંધો એમાં એનાથી ઓછી. એમ પરમાત્મા કેવળજ્ઞાની જિનેશ્વરદેવ કહે છે કે અનંતકાળમાં ચાર ગતિમાં દુઃખી થઈને રખડે છે તો તેમાં વિશેષ ભવ કોના થયા? અને થોડા ભવ કોના થયા? છે તો ખોટનો ધંધો એ. કપાસિયાનો ધંધો હોય, કાપડનો ધંધો હોય, દાણાનો ધંધો હોય અને ઝવેરાતનો ધંધો હોય. તો તેને દસ લાખ ગયા, પંદર લાખ ગયા પણ વિશેષ શેમાં ગયા? ઝવેરાતમાં વિશેષ ગયા. એમ વિશેષ ભવ ક્યાં કર્યા? કે સ્વર્ગના અસંખ્ય અનંત કર્યા એનાથી પણ અસંખ્યગુણા નિગોદના કર્યા છે. આહા..હા..! લસણ અને ડુંગળીમાં એક કણમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંત આત્મા છે. આહા..હા..! વાતું ઝીણી બાપુ બહુ! લસણ અને ડુંગળી એક કટકી રાય જેટલી લ્યો, રાય. તો એમાં, આ શરીર મોટું છે, એનું નાનું શરીર છે. અંગૂલના અસંખ્ય ભાગમાં. એક કટકીમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ છે. આહા..હા..!

**શ્રોતા :-** બટાટામાં છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બટાટામાં હજી જરી વિચાર. અત્યારે તો બધા કહે છે અનંત છે. હવે આલુમાં જરી તકરાર થઈ છે. ઉપર હોય છેને એમ કહે છે. બટાટા ઉપર થાય છે, અંદર નથી થતાં. અત્યારે તકરાર થઈ છે. અત્યાર સુધી તો ચાલતું હતું. અભક્ષ્ય છે, બટાટા અભક્ષ્ય છે.

**શ્રોતા :-** આય આમ કહો છો એમ લોકો બીજો અર્થ કરે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો લોકો કહે છે. અમે તો બટાટા શું, બટાટાનો ત્યાગ તો ઘણાં વર્ષ પહેલાંથી છે. અહીંયાં તો ૬૫ની સાલથી બધા કંદમૂળનો ત્યાગ છે અને ૬૫ની સાલથી રાત્રીના આહાર-પાણીનો ત્યાગ છે. ૬૫ની સાલ. કેટલા વર્ષ થયા? ૬૫. ૬ અને ૫. ૬૮ વર્ષ થયા. અમે તો દુકાન ઉપર બેસતા હતા. પિતાજીની દુકાન હતી. ત્યાં પણ દુકાને રાત્રે આહાર-પાણી નહોતા કરતાં. પાણી-આહાર રાત્રે નહોતા કરતાં. રાત્રે આહાર-પાણીમાં ફુદા પડે છે. ખીચડી અને કઢી ખાય છેને, એમાં તો નાના-નાના ફુદા થાય છે. ફુદા સમજો છો? શું કહે છે? નાના પતંગિયા. કઢીમાં, ખીચડીમાં પડે એ ખોરાક જૈનને હોય નહિ. રાત્રી ભોજન તો નામ જૈનનું હોય એને પણ હોતું નથી, એ તો માંસ છે. કઢી, ખીચડી ઊની અથવા દાળ, ભાત, શાક, શિરો ઊનો હોય, તો ફુદા ઝીણા પડીને મરી જાય. એ તો માંસનો ખોરાક છે. રાત્રી ભોજન તો નામમાત્ર જૈનને પણ ન હોય. ધર્મ તો એકકોર રહ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત છે.

અહીં તો કહે છે કે સ્વર્ગના ભવ નરક કરતાં અસંખ્યગુણા અનંતા કર્યા અને એનાથી

તિર્યંચના અનંતગુણા ભવ કર્યા. તિર્યંચમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય બધા આવી જાય છે. સ્વર્ગના કરતાં તિર્યંચના અનંતગુણા અનંતા કર્યા. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે કે એ કેમ? આહા..હા..! **'ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે.'** આહા..હા..! એ રાગ જે વિકલ્પ ઊઠે છે શુભ-અશુભભાવ એ મેલ છે, અશુચિ છે, વિકાર છે, વિભાવ છે એની ત્રિકાળી ભગવાન સ્વભાવની સાથે એકત્વબુદ્ધિ કરવી એ જ મિથ્યાત્વ છે, એ અજ્ઞાન છે, એ અસંયમ છે. આહા..હા..! ભારે કામ ભાઈ આકરું. નવરાશ ન મળે. એક તો વાણિયાને માંડ કલાક, બે કલાક નવરાશ મળે ધંધા પાપના. એય..! રતિભાઈ! બાયડી સાચવવી ને છોકરા સાચવવા, ધંધા સાચવવા અને ફરજું પાછી કરવી ઠેકાણે પાડવા છોકરા ને છોડીને સગપણ કરીને. આહા..હા..! મરી ગયો બિચારો આમને આમ.

**શ્રોતા :-** કુંવારા રખાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોના કુંવારા ને કોના..? એના ક્યાં હતા તે એનું કરે? પરનું હું કરી શકું છું એ માન્યતા જ ભ્રમણા અને અજ્ઞાન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે.'** આ સિદ્ધ કરવું છે. શું કહે છે? કે જ્યાં સુધી ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ કાયમ અને આનંદ અને જ્ઞાનના સ્વભાવવાળો આત્મા એને રાગની એકતાબુદ્ધિ છે, ત્યાં સુધી તે રાગનો કર્તા થાય છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી એ દયા, દાન, વ્રતનો રાગ એના આત્માની સાથે એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે, અસંયતિ છે ત્યાં સુધી તેનો કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'એ રાગ મારું કર્તવ્ય છે' (એવી માન્યતા) વિભાવ છે, મેલ છે, અશુચિ છે. આહા..હા..! ગજબ વાત છે. 'પરની હું દયા પાળી શકું છું' એ પણ મિથ્યાત્વ છે અને પરની દયાનો ભાવ આવ્યો એ શુભભાવ રાગ છે. એ રાગ અને આત્મામાં એકત્વ માને છે ત્યાં સુધી રાગનો કર્તા થાય છે. જેને પોતાનો માને એનો કર્તા થાય. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ... સમજાણું કાંઈ? આહા..હા..! હવે કહે છે જુઓ, સવળું કહે છે હવે.

**'અને જ્યારે આ જ આત્મા,...'** આ જ આત્મા. આ જ આત્મા. આહા..હા..! **'(પોતાનાં અને પરનાં જુદાં-જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે,...'** આહા..હા..! એ રાગનો ભાવ વિભાવ છે, મારી ચીજ ત્રિકાળી સ્વભાવ ભિન્ન છે. વિભાવ એક સમયની કૃત્રિમ ઉપાધિ છે અને મારી ચીજ નિરૂપાધિ ત્રિકાળ છે એવું બેનું ભેદજ્ઞાન થતાં એકત્વબુદ્ધિનો નાશ થાય છે. અહીં હજી ત્રણ બોલ લઈને પછી અકર્તા છે એમ કહેશે. ઓલામાં જેમ ત્રણ બોલ લઈને કર્તા કહ્યું, તો અહીંયાં ત્રણ બોલ કહીને

અકર્તા કહેશે. ધર્મી રાગનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે આવી સાંભળવામાં મળે નહિ અને આવું શું હશે? આ જૈનધર્મ હશે? જૈનધર્મમાં તો છકાયની દયા પાળવી, કંદમૂળ ન ખાવા, છપરબી બ્રહ્મચર્ય પાળવું. એય..! પોપટભાઈ! શું સાંભળ્યું હતું? આવું બધું સાંભળ્યું હતું. આહા..હા..! રાત્રે આહાર ન કરવો. લ્યો! શરીરથી બ્રહ્મચર્ય પાળે તો પાળવું. એ બધી ક્રિયાઓની પ્રભુ તને ખબર નથી. એ બધી વાત રાગની ક્રિયા છે. આહા..હા..! ભાઈ! એ તો રાગ છે, વિકલ્પની વૃત્તિ ઊઠે છે. એ રાગને ભગવાન ત્રિકાળી અરાગી પ્રભુ, બેની એકત્વ માન્યતા છોડી દે છે. છે? '**(પોતાનાં અને પરનાં જુદાં-જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને લીધે...**' બેનું ભિન્ન-ભિન્ન લક્ષણથી જ્ઞાન થયું. રાગ છે એ વિકારી દુઃખ છે, મારી ચીજ આનંદ છે, જ્ઞાન છે—એવું ભિન્ન-ભિન્ન જ્ઞાન થવાથી.. પોતાના સ્વભાવનું જ્ઞાન અને રાગનું જ્ઞાન બેનું ભિન્ન-ભિન્ન જ્ઞાન થવાથી.. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પ્રકૃતિના સ્વભાવને...**' એ કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલો પુણ્ય-પાપનો ભાવ એ પ્રકૃતિનો સ્વભાવ છે, ભગવાન આત્માનો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? થાય છે એની પર્યાયમાં, પણ એ પર્યાય નિમિત્તને આધીન થઈને વિકાર થાય છે તો એ પ્રકૃતિનો સ્વભાવ કહ્યો. '**કે જે પોતાને બંધનું નિમિત્ત છે...**' આહા..હા..! એમાં પણ પહેલાં એ આવ્યું હતું. અજ્ઞાનીમાં પણ આવ્યું હતું. '**તેને—છોડે છે,...**' જ્ઞાની, ધર્મી એને કહીએ કે પ્રકૃતિનો સ્વભાવ જે રાગ છે શુભાદિ એ મારી ચીજ નથી, હું એને પર માનીને છોડું છું, મારી ચીજમાં નથી. આવું ભાન થાય તેનું નામ સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા..! ભારે શરતું! શરતું-શરતું બહુ મોટી. આહા..હા..! છે?

'**નિશ્ચિત સ્વલક્ષણોના...**' સ્વ અને પરના જ્ઞાનને લીધે '**(ભેદજ્ઞાનને) લીધે, પ્રકૃતિના સ્વભાવને—કે જે પોતાને બંધનું નિમિત્ત છે...**' પુણ્ય અને પાપના ભાવ તો પ્રકૃતિનો ભાવ સ્વભાવ છે જે પોતાને બંધનું નિમિત્ત છે. અબંધસ્વરૂપી ભગવાનની એ ચીજ નથી. આહા..હા..! ભારે વાતું, બાપુ! હવે આમાં કલાક મળે સાંભળવાનો એમાં આ નિર્ણય કરવો. ક્યાં વખત એને છે. અરે! જિંદગી ઢોરની પેઠે ચાલી જાય છે. આહા..હા..! ભલે એ કરોડોપતિ હો કે... એય..! પોપટભાઈ! એ તો અબજોપતિ કહેવાય પોપટભાઈના સાળા. બધા ઢોરના જેવા જીવન છે. એય..! પોપટભાઈ! એણે પૂછયું હતું. એક ફેરી પૂછ્યું હતું એના સાળાને. પૈસા ઘણાં છેને? ગોવા-ગોવા. શાંતિલાલ ખુશાલ પાનસણાવાળા. બે અબજ ચાલીસ કરોડ. દોઢ વર્ષ પહેલાં ગુજરી ગયા. આ એના બનેવી. ક્યુ ગામ તમારું? પરનાળા. પરનાળાના હતા અમારા ફઈબા. પરનાળાના. એક છોકરો હતો. ગુજરી ગયા. ૬૦-૭૦ વર્ષ પહેલાંની વાત છે. પરનાળા રહેતા હતા. ઈ આ રહે ત્યાં. એના સાળા પાનસણા નહિ? એ પાનસણા. પાનસણા લિંબડી પાસે. તો એકવાર આણે પૂછ્યું, તમારી પાસે પૈસા તો ઘણાં છે. ઘણાં

પૈસા છે. બે અબજ ચાલીસ કરોડ, અઢી અબજ. હવે શું કરવા કમાવ છો? ધંધા શું કરવા કરો છો? ત્યારે એણે જવાબ આપ્યો કે શું અમારા માટે અમે ધંધો કરીએ છીએ? માણસને નભાવવા માટે કરીએ છીએ. માણસોને નભાવવા માટે. હજારો માણસ કામ કરે. એના માટે કરતો હશે? મૂર્ખાઈના કાંઈ ગામ જુદાં હોય છે? આહા..હા..! અમે માણસના નભાવ માટે ધંધો કરીએ છીએ. એમ હશે? પોતાની મમતા છે. આહા..હા..! અજ્ઞાનીઓ એમ જ ભાખે. આહા..હા..! ભાણો ભાળે એવું ભાખે, એમ ભગવાન ભાળે એવું કહે.

**શ્રોતા :-** લોકોને આજીવિકા મળે છે, માટે કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયાને આજીવિકા મળે એને માટે કરીએ છીએ. અરે! એના માટે કરે છે કે તારું મમત્વ છે? આહા..હા..! અજ્ઞાનીને પણ ભાન ન મળે. પાગલ... પાગલ... પાગલ... દુનિયા પાગલ આખી. આહા..હા..! મોટા ડાહ્યાના દીકરા સંસારની વાતું કરવા બેઠા હોય. એય..! દેવના દીકરા ઉતર્યા જાણે. આનું આમ, આમ છે, તેમ છે, આમ છે; પણ પોતાની ચીજ શું છે અને રાગ ભિન્ન શું છે એનું ભાન નથી. આહા..હા..! પરમાત્મા કહે છે કે એ પાગલ ઉન્મત્ત-ગાંડો છે. છે? તત્ત્વાર્થસૂત્ર છેને. એનો પહેલોં અધ્યાય. એનું ૩૨મું સૂત્ર છે છેલ્લે. ઉન્મત્ત ચેષ્ટા. પાગલ છે. ગાંડપણમાં જેમ કોઈ સ્ત્રીને સ્ત્રીને પણ કહે અને કોઈ વખતે માને પણ સ્ત્રી કહી દે. ભાન ન મળે દારૂ પીધો હોય એમ મિથ્યાભ્રાંતિમાં પડ્યો. કઈ વખતે કેમ બોલે? કઈ વખતે કેમ બોલે? કાંઈ ભાન ન મળે. આહા..હા..! બહારમાં ભલે ગણતરી થાય. વીતરાગમાર્ગ તો કહે છે કે એ બધા પાગલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! પાગલ હશે એ બધા? આહા..હા..!

અહીં કહે છે '**પોતાને બંધનું નિમિત્ત છે તેને—છોડે છે,...**' જ્ઞાની. જ્ઞાનીને રાગ આવે, પણ પોતાની દૃષ્ટિમાં તેને છોડે છે. એ હેય છે, ત્યાગ કરવાલાયક છે, મારી ચીજ અંદર છે એ આદરણીય છે. મારો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, શુદ્ધ ચૈતન્ય એ મને ઉપાદેય, આદરણીય છે, રાગને છોડે છે, હેય માને છે. આહા..હા..! તેને ધર્મી અને ધર્મ કરનાર કહેવામાં આવે છે. આહા..હા..! કહો, ધર્મચંદજી! આહા..હા..! '**ત્યારે સ્વપરના વિભાગજ્ઞાનથી (ભેદજ્ઞાનથી) જ્ઞાયક છે,...**' લ્યો! રાગ મારી ચીજ નથી, રાગથી ભિન્ન મારી ચીજ આત્મા અનંતજ્ઞાન છે ત્યારે રાગને દૃષ્ટિમાંથી છોડે છે ત્યારે તે જ્ઞાયક થાય છે, ત્યારે જાણનારો થાય છે, ત્યારે જ્ઞાની થાય છે, તેને જ્ઞાની કહે છે. શાસ્ત્ર ઘણાં ભણ્યો, ન ભણ્યો એની સાથે સંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પશુ છે તેને તો શાસ્ત્રની ખબર નથી, નવ તત્ત્વના નામ પણ નથી આવડતા. પશુ અઢી દ્વીપ બહાર અસંખ્ય તિર્યંચ પડ્યા છે, સમકિતી, શ્રાવક, પંચમ ગુણસ્થાનવાળા. ભગવાનના શાસ્ત્રમાં લેખ છે બધા. સિંહ, વાઘ. આહા..હા..! નોળ, કોળ, હરણ સમકિતી અસંખ્ય છે અઢી દ્વીપ બહાર.

તો કહે છે કે જેણે રાગને પોતાનો માનવો છોડી દીધું અને પોતાનું સ્વરૂપ ચૈતન્ય છે

એવું રાગનું ભિન્ન જ્ઞાન કર્યું એ જ્ઞાની દૃષ્ટિમાંથી રાગને છોડી દે છે, ત્યારે તેને જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા..! શું જાણ્યું પણ એણે? જાણ્યું જાણનારને જાણ્યો. જાણનારને જાણ્યો એણે સર્વ જાણ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? હું ચૈતન્યસ્વરૂપ જાણનાર. આહા..હા..! એ જાણનાર જ હું છું, રાગ વિભાવ એ હું નથી. આહા..હા..! તો પછી સોનગઢને નામે બોલાય કે નહિ? આવું સોનગઢનું ચાલે. પછી કહે, એ.. સોનગઢમાં એકાંત છે. ત્યાં વ્યવહારનો લોપ કરે છે. અરે! સાંભળને પ્રભુ!

**શ્રોતા :-** અહીંયા આવવાવાળાને સાંભળવાની લાયકાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! બાપુ! સત્ય વાત, વીતરાગની સત્ય વાત બહુ પુણ્ય હોય તો સાંભળવા મળે. પુણ્ય ન હોય એને સાંભળવા મળે નહિ આ સત્ય વાત. અસત્ય વાત સાંભળીને જિંદગી પાયમાલ કરીને જાય ઢોરમાં, પશુમાં. આહા..હા..! એમ કેમ કહ્યું? કે આ વાણિયા છે એ કાંઈ માંસ-દારૂ ખાતા નથી. માંસ, દારૂ, ઈંડા એ કાંઈ છે નહિ માટે નર્કમાં તો ન જાય, પણ આવી માયા ને કપટ ને લોભ ને રાગ ને પુણ્ય ને પાપ મારા એમાં ડૂબી ગયો. આહા..હા..! તિર્યંચ થાય છે. તિર્યંચ કેમ થાય છે? ભગવાન એમ કહે છે. આ મનુષ્યનું શરીર આમ ઊંચું છે. આ નોળ, કોળ, ગધેડા, ભેંસના આડા શરીર છે. કેમ? પૂર્વે કષાયની આડોડાઈ ઘણી કરેલી. આડોડાઈ સમજો છો? શું કહે છે? ટેઢાપન. વિકાર ઘણો કર્યો અને વિકારમાં આડોડાઈ ઘણી કરી તો મરીને આડું શરીર થયું. ગધેડા, હાથી આમ આડા શરીર. આહા..હા..! એમ ભગવાન ફરમાવે છે ગોમ્મટસારમાં. સમજાણું કાંઈ? બધી વાત શાસ્ત્રમાં છે હોં! ભગવાનની વાણીમાં શું ન આવે? સર્વજ્ઞ પરમેશ્વર એની વાણીમાં તો આખો ત્રણલોક, ત્રણકાળ જાણવામાં આવ્યા છે. બધી વાત.. આહા..હા..! થોડા કાળમાં એનો અભ્યાસ ન થઈ શકે. અભ્યાસ જોઈએ થોડો. આહા..હા..!

અહીં કહે છે '**નિમિત્ત છે તેને—છોડે છે, ત્યારે સ્વપરના વિભાગજ્ઞાનથી...**' જોયું! ઓલામાં એકત્વજ્ઞાનથી હતું, આમાં વિભાગજ્ઞાનથી '**જ્ઞાયક છે,...**' એ રાગ છે, હો. હું તો તેને મારામાં રહીને પરને અડ્યા વિના જાણનાર છું. એ રાગને સ્પર્શ્યા વિના આહા..હા..! હું જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ હું જ્ઞાયક છું, એ જ્ઞાની છે. આહા..હા..! '**સ્વપરના વિભાગદર્શનથી દર્શક છે...**' સ્વ આત્મા અને રાગ ભિન્ન છે. ઓલામાં ભેદજ્ઞાનનો અભાવ હતો, અહીં વિભાગ કર્યો. '**(ભેદદર્શનથી) દર્શક છે...**' આહા..હા..! આત્મા ત્રિકાળી કાયમ રહેનારી ચીજ જ્ઞાન અને આનંદનો ભંડાર છે. જ્ઞાન એટલે આ જાણપણું આ વકીલાતનું ને આ શું કહેવાય? ડૉક્ટર ને એલ.એળ.બી એ જ્ઞાન નહિ, એ તો બધું કુજ્ઞાન છે. આહા..હા..! આ તો અંતરમાં જ્ઞાનસ્વભાવ, જેમ સાકરનો મીઠો સ્વભાવ છે, એવો ભગવાનનો જ્ઞાનસ્વભાવ છે. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એનો સ્વભાવ છે. આહા..હા..!

એ જ્ઞાન અને (રાગના) વિભાગદર્શનથી એ સમકિત છે. જ્ઞાયક છે, વિભાગદર્શન ભેદદર્શનથી

દર્શક છે. વિભાગદર્શનથી દર્શક છે. દર્શક નામ સમકિતી છે. આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવ અને ભગવાન જ્ઞાનસ્વભાવ બેના વિભાગજ્ઞાનથી, ભિન્નજ્ઞાનથી આહા..હા..! એ દર્શક છે, સમકિતી છે, તેને સમકિતી કહે છે. આ દેવ-ગુરુ-ધર્મને માનીએ છીએ માટે અમે સમકિતી છીએ, નવ તત્ત્વને માનીએ છીએ માટે સમકિતી છીએ, એમ ભગવાનના માર્ગમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં તો રાગ અને ભગવાન આત્મા બે ભિન્ન છે એવું જ્ઞાન થઈને પ્રતીતિ થઈ તેનું નામ સમ્યગ્દર્શન અને દર્શક કહેવામાં આવે છે. આહા..હા..! વાતે વાતે ફેર લાગે, શું કરે? પ્રભુનો માર્ગ છે શુરાનો એ કાયરના ત્યાં કામ નથી. આહા..હા..! 'વીરનો માર્ગ છે શુરાનો.' અન્યમતિમાં કહે છે. 'હરિનો રે માર્ગ છે શુરાનો, કાયરના નહિ કામ જોને.' એમ અહીંયાં વીરનો માર્ગ છે શુરાનો, કાયરના કામ નથી ત્યાં. આહા..હા..! શ્રીમદ્ કહે છેને 'વચનામૃત વીતરાગના...'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**અષાઢ સુદ-૧૨, મંગળવાર, તા. ૨૮-૦૬-૧૯૭૭,**
**ગાથા-૩૧૪-૩૧૫-૩૧૬, કળશ-૧૯૬, પ્રવચન નં. ૩૮૦**

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૩૧૪-૩૧૫ (ગાથાનો) ભાવાર્થ છે. '**જ્યાં સુધી આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી...**' એટલે કે આત્માનું લક્ષણ તો જ્ઞાન છે અને કર્મની પ્રકૃતિનું લક્ષણ તે રાગ બંધ છે. ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો એ બંધનું લક્ષણ છે, એ પ્રકૃતિનો સ્વભાવ છે, એ જીવનો સ્વભાવ નથી. કોઈ એવી જીવની શક્તિ કે ગુણ નથી કે વિકાર કરે. એથી વિકાર થાય છે એની પર્યાયમાં, પણ નિમિત્તને આધીન થઈને થાય માટે તેને પ્રકૃતિનો સ્વભાવ કીધો. આહા..હા..! '**આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી, ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે...**' રાગ અને સ્વભાવ બેના ભેદને જાણતો નથી. આહા..હા..! આ સ્યાદ્વાદમાં એ બધું નાખે આ લોકો કે વ્યવહારથી નિશ્ચય થાય, નહિતર એકાંત છે. આ 'સ્યાદ્વાદ ચક્ર' છાપ્યું છેને ભાઈએ હમણાં છાપ્યું. સુમેરુચંદ. ત્યાં બધું એ નાખ્યું છે. અહીંનું વિરુદ્ધ બહુ લખ્યું છે. એકાંત છે, એકાંત છે. કારણ કે વ્યવહાર ક્રિયાઓ, પડિમાઓ, વ્રત ને નિયમને લેનારાઓ બધાય ધર્મી છે, ધર્મી છે, એમ કહે છે. જેને હજી વસ્તુ શું છે એની દૃષ્ટિની ખબર ન મળે. આહા..હા..! અને આ ધર્મી થઈ ગયા લ્યો, હવે શું કરવું? પડિમા બે-પાંચ લીધી, દસ ત્યાં પડિમાધારી (થઈ ગયા). ભાઈએ તો લખ્યું છે એમાં ખુલાસો કર્યો

છે. શાહુજી. શાહુજી બોલ્યા કે ભાઈ જુઓ, મને ઇંદોરમાં શ્રાવક-શિરોમણિ.. શ્રાવક-શિરોમણિ શું કહેવાય? શ્રાવક-શિરોમણિની પદવી આપી છે, પણ મારી પાસે કાંઈ વ્રત પણ નથી અને પડિમા પણ નથી. એવું કહ્યું હતું. છાપામાં આવ્યું છે આજે. લોકો ઓલા પૈસા આપે ને જે મોટો શેઠિયો શ્રાવક-શિરોમણિ લ્યો! આહા..હા..!

**શ્રોતા :–** શ્રાવકમાં પૈસા જેની પાસે હોય એ શ્રાવક શિરોમણી!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પૈસાની સાથે શું સંબંધ છે? નિર્ધન હોય, તિર્યંચની પાસે તો એક પાય પણ નથી, એની પાસે તો ખોરાક પણ નથી. ખોરાક પણ બહારથી લેવો પડે છે. એવા તિર્યંચ પણ સમકિતી હોય છે. આહા..હા..! એની સાથે સંબંધ શું છે? આહા..હા..! એ અહીં કહે છે.

**'જ્યાં સુધી...'** રાગનું લક્ષણ પ્રકૃતિનો સ્વભાવ અને આત્મસ્વભાવ બે ભિન્ન લક્ષણવાળાનું જ્ઞાન નથી **'ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમે છે;...'** આહા..હા..! કર્મપ્રકૃતિનો ઉદય આવતા એમાં જોડાય જાય છે એ પ્રકૃતિનો સ્વભાવ છે એમ કહે છે અને એને પોતાનો માને છે. પુણ્ય અને પાપના ભાવ, એ દયા, દાન, વ્રત, તપનો ભાવ વિકલ્પ એ પ્રકૃતિનો સ્વભાવ છે. આહા..હા..! હવે આવું. એ જીવનો સ્વભાવ અને પ્રકૃતિના સ્વભાવનું ભેદજ્ઞાન નથી, ત્યાં સુધી એ પોતાનો સમજી પરિણમે છે રાગ પોતાનો સમજે એ દૃષ્ટિ ત્યાં છે એથી રાગપણે, વ્યવહારપણે, પુણ્યપણે પરિણમે છે.

**'એ રીતે મિથ્યાદૃષ્ટિ,...'** એ જીવ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! રાગપણે પરિણમે છે એ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે રાગ વિભાવસ્વભાવ છે, પ્રકૃતિસ્વભાવ છે, ખરેખર એ જીવના પરિણામ નથી સ્વભાવના, એ પુદ્ગલપરિણામ છે, એ અજીવ છે. એ અજીવ જ્યાં સુધી રાગપણે પરિણમે છે, ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની અને અસંયમી છે. આહા..હા..! ત્યારે જ્ઞાનીને રાગ આવે છેને? રાગ એ ભિન્નપણે એને જાણે છે. એ રાગ ને મારી ચીજ બે ભિન્ન છે. કાંકરા અને ઘઉં બે જેમ જુદાં છે, એમ એ રાગનો કાંકરાનો જેવો ભાવ અને મારો સ્વભાવ ઘઉંનો—આનંદનો, જ્ઞાનનો. આહા..હા..! બેના ભિન્ન સ્વભાવને નથી જાણતો તે **'ઉદયને પોતાનો સમજી પરિણમે છે; એ રીતે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, અસંયમી થઈને, કર્તા થઈને, કર્મનો બંધ કરે છે.'** આહા..હા..! અહીં તો કહે છે કે શુભભાવપણે પરિણમે છે એ કર્તા થઈને પરિણમે છે, માટે તેને નવો બંધ થાય છે. આહા..હા..! આવી વાતું હવે ક્યાં એને સાંભળવા મળે નહિ. વીતરાગની મૂળ વસ્તુ.

**'અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે...'** રાગના વિકલ્પથી ભગવાન આત્માનો સ્વભાવ તદ્દન નિજ આનંદકંદ ભિન્ન છે અને રાગ છે તે દુઃખરૂપ સ્વભાવ, પ્રકૃતિસ્વભાવ છે—એવું બે વચ્ચેનું ભેદજ્ઞાન થાય છે **'ત્યારે તે કર્તા થતો નથી,...'** રાગ હોય છે,

પણ 'રાગનું પરિણમન એ મારું પરિણમન છે યથાર્થપણે અને હું એનો કર્તા છું' એમ જ્ઞાની માનતો નથી. દૃષ્ટિપ્રધાનથી કથન છેને. જ્ઞાનીને રાગ પરિણમે છે, તેથી રાગનો કર્તા પણ કહ્યો છે. પરિણમન છે એ અપેક્ષાએ કર્તા કહ્યો છે, પણ કરવાલાયક છે એ અપેક્ષાએ કર્તા નથી. આહા..હા..! આવું સમજવું. અરે..! જન્મ-મરણના ચોર્યાસીના આંટા કરી-કરીને મરી ગયો છે એ એક મિથ્યાત્વને કારણે. કેમકે મિથ્યાત્વ એ જ સંસાર છે. રાગ પોતાનો માનીને પરિણમે તે મિથ્યાત્વ છે. આહા..હા..!

**'અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી, તેથી કર્મનો બંધ કરતો નથી,...'** ધર્મીને ખરેખર સ્વભાવની દૃષ્ટિને લઈને અને 'રાગ મારો છે' તે માન્યતાના અભાવને લઈને એને બંધન થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'જ્ઞાતાદૃષ્ટાપણે પરિણમે છે.'** આહા..! સમ્યગ્દૃષ્ટિથી માંડીને મુનિદશા આદિમાં એ જ્ઞાતા જાણવા-દેખવાપણે થાય છે, બસ. વ્યવહારરત્નત્રયનો રાગ આવે છતાં તેની કર્તાબુદ્ધિના નાશને લઈને (જ્ઞાતાદૃષ્ટાપણે પરિણમે છે). આહા..હા..! આવો માર્ગ! હવે ઓલા કહે કે દયા પાળો, પરની દયા પાળો. અહીં કહે છે કે દયા પાળી તો શકતો નથી, પણ પરની દયાનો ભાવ જે રાગ છે એ પ્રકૃતિનો, પુદ્ગલનો સ્વભાવ, જીવનો નહિ. હવે આ ક્યાં મેળ ખાવો? આહા..હા..! વીતરાગધર્મ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. રાગપણે પરિણમવું એ તો વિકારપણે પરિણમવું, રાગપણે પરિણમવું એ કોઈ ધર્મ નથી, એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! રાગથી ભિન્ન મારી ચીજ છે એ તો ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ છે એવી જેને રાગથી ભિન્ન પડીને દૃષ્ટિ સમ્યક્ થઈ છે, એ રાગ આવે છતાં તેનો તે કરનારો કર્તા નથી. આહા..હા..! **'તેથી કર્મનો બંધ કરતો નથી,...'** આહા..હા..! **'જ્ઞાતાદૃષ્ટાપણે પરિણમે છે.'** એ તો. જ્ઞાતા-જાણવા અને દેખવાની દશા. એ રાગને અને સ્વને જાણવાની દશાપણે પરિણમે, પણ રાગપણે મારો માનીને એ પરિણમતો નથી. આહા..હા..!

**'એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી...'** હવેની ગાથામાં આવશે એનો આ ઉપોદઘાત છે. **'એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :—'**

(अनुष्टुभ्)

भोक्तृत्वं न स्वभावोऽस्य स्मृतः कर्तृत्ववच्चितः।
अज्ञानादेव भोक्तायं तदभावदवेदकः।।१९६।।

**'શ્લોકાર્થ :- કર્તાપણાની જેમ...'** એટલે કે શુભરાગનું કર્તાપણું મારું નથી, એ રાગ જ મારો નથી, એમ **'भोक्तृत्वं अस्य चितः स्वभावः स्मृतः न' 'ભોક્તાપણું પણ આ ચૈતન્યનો સ્વભાવ...'** ગણધરે **'કહ્યો નથી.'** એવું લીધું છે ઓલામાં. સમજાય છે? **'स्मृतः'** ગણધરોએ એવું કહ્યું નથી, ભગવાને એમ કહ્યું નથી. આહા..હા..! કર્તા જેમ જેનો

સ્વભાવ નથી, તેમ ભોક્તાપણું એટલે હરખ અને વિષયમાં, ભોગમાં કે ભગવાનના દર્શનમાં હરખ જે થાય એનો એ ભોક્તા અજ્ઞાની છે, જ્ઞાની એનો ભોક્તા નથી. કેમકે એ વિકાર અને દુઃખ છે. આહા..હા..! ભોક્તાપણું એનો કોઈ સ્વભાવ છે? ઇન્દ્રિયોના વિષયને ભોગવવું, રાગનું, હરખનું, સુખ કલ્પનાનું એવી કોઈ શક્તિ, આત્માની કોઈ શક્તિ છે? કોઈ ગુણ છે? કોઈ સ્વભાવ છે? આહા..હા..! ભારે કામ. છતાં સમકિતીને છન્નું હજાર સ્ત્રી હોય ચક્રવર્તીને. તિર્યંચો સમકિતી છે એને પણ તિર્યંચણી આદિ હોય છે, પણ વાત એ કે રાગનું ભોક્તાપણું વેદન છે એ હું નહિ. આહા..હા..! ધર્મીને એ હરખ-શોક એનું વેદન એ મારી ચીજ નહિ. ભગવાન આત્મા તો આનંદનું વેદન, એ એની ચીજ છે. આહા..હા..! હવે આ બધું આકરું લાગે લોકોને એટલે સોનગઢને નામે ખૂબ લખાય છે. .. માં ખૂબ લખ્યું છે એ. 'સ્યાદ્વાદ ચક્ર'માં વિરોધ કર્યો હતો અહીંનો ઘણો? જબલપુરમાં અભિનંદન આપ્યું એને ભેગા થઈને, હજારો માણસ. આ પર્યુષણ પર્વમાં તો ગયા હતા. મેરુચંદ, લાલબહાદુર. ત્યાં તો એના મંદિરમાં ૨૦૦-૨૫૦ માણસ હતું અને જ્ઞાનચંદજીમાં દસ હજાર થાતું, જબલપુર. આ દસલક્ષણી પર્વમાં. પણ લોકોને ખબર ન મળે. આહા..હા..! જૈનમાં જન્મ્યા છતાં જૈનપણું કોને કહેવું એની ખબરું ન મળે. જૈનપણું તો એને વીતરાગ કહે કે રાગનો એ કર્તા નહિ થાય અને હરખનો એ ભોક્તા ન થાય. આહા..હા..! તો આ બધું ક્યાં નાખી દેવું ત્યારે સંસાર, બાયડી, છોકરા, કુટુંબ? પ્રભુ! હતા કે દિ'? તારામાં હતા કે દિ' અને તું ક્યાં ત્યાં હતો? રાગમાં તું નથી તો વળી બાયડી, છોકરા, કુટુંબમાં તું ક્યાં ગરી ગયો? એ તો ચીજ પર છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ છન્નું હજાર સ્ત્રીને પરણે, છતાં અંદર દૃષ્ટિમાં 'એ મારી ચીજ છે અને હું એનો સંબંધ કરું છું' એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** એ તો રોજ પરણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રોજ પરણે સેંકડો સ્ત્રીઓ, રાણીઓ. એ તો રાગ છે તો એ જાતની ક્રિયા દેખાય છે, છતાં એ રાગનો કર્તા અને ભોક્તા નથી. આહા..! આ વાત કેમ બેસે? આહા..હા..! નોઆખલી શું કીધું એ? નોઆખલીમાં એવું મુસલમાને હિન્દુ ઉપર બહુ જોર કર્યું. પછી ગાંધી ગયા ત્યારે. પહેલાં મુસલમાનોએ હિન્દુ ઉપર બહુ જોર કર્યું. આમ સગી મા અને દીકરો, માતા હોય ૪૦ વર્ષની અને દીકરો હોય ૨૦ વર્ષનો જુવાન એ મુસલમાનોએ બેને નાગા કરી અને બેને આમ કર્યું. આહા..હા..! બેને અંદરથી થાય અરેરે! આ જો જમીન માર્ગ આપે તો સમાઈ જઈએ. આહા..! જનેતા જેના પેટમાં નવ મહિના રહ્યો એ માતાને શું આ લોકો કરે છે? નાગા કરીને અને ઇન્દ્રિયોને આમ ભેગી કરે. અરર! એને જેમ અંદર દુઃખ લાગે છે અને હેય લાગે છે, એમ ધર્મીને રાગ અને રાગનો ભોગવટો એવો હેય, દુઃખ લાગે છે. સમજાણું કાંઈ? બહુ ત્રાસ હતો. બહેન-ભાઈને. જુવાન બહેન ૨૦ વર્ષની હોય, ભાઈ ૨૫ વર્ષનો. નાગા કરીને બેને ભેગા કરે. અરર! અરે! જમીન માર્ગ

આપે તો સમાઈ જઈએ. આ શું કરે છે? અમે કોણ છીએ? આ માતા, જનેતા, દીકરી, સહોદર- એક ઉદરે ઉત્પન્ન થયેલી. આહા..હા..! એમ ધર્મીને જ્યાં રાગ અને હરખ આવે છે એને... આહા..હા..! જેમ ચામડામા લોહી નીકળ્યું હોય એમાં તેજાબ રેડે તેજાબ અને દુઃખ થાય, આહા..હા..! એમ ધર્મીને ભોગના કાળમાં રાગમાં દુઃખ લાગે છે. આહા..હા..! આવો માર્ગ ભગવાનનો છે. સમજાણું કાંઈ? અરે! વાત સાંભળવા મળે નહિ આવી. એ પછી શું કરવું? ક્યાં કરવું? આવી વાત બહાર આવી સત્ય ત્યારે કહે એકાંત છે.. એકાંત છે. કાનજીપંથ ખોટો છે. કોનો પંથ પ્રભુ! પંથ ક્યાં છે આ? આહા..હા..! ભગવાન! શું તું કરે છે, ભાઈ? એના ફળ આકરા પડશે. અહીંયાં તો દુનિયા માનશે. આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ ફરમાવે કે ધર્મીને ભેદજ્ઞાન જ્યાં થયું... આહા..હા..! છે? **'અજ્ઞાનથી જ તે ભોક્તા છે,..'** અજ્ઞાની. ભેદજ્ઞાન થયું **'तद् अभावात्'** પણ રાગ અને આત્મા જ્યાં ભિન્ન છે એમ જુદાં બે ભાસ્યા. આહા..હા..! એ માતા-જનેતા અરે! એની નગ્ન સામું નજર ન હોય દીકરાને. ૪૦ વર્ષની મા હોય અને ૨૦ વર્ષનો દીકર હોય. આહા..હા..! એ વાળમાં તેલ નાખે વગેરે-વગેરે શરીરની શોભા કરે એ દીકરો રાગથી જોવે? આહા..હા..! માતા જુવાન હોય, દીકરો જુવાન હોય. એ પટીયા પાડે, આમ કરે, દાગીના પહેરે. દીકરો તો મા તરીકે ભાળે છે એને. એના કોઈ શણગાર-ફણગારને ભાળતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ રાગ અને આત્મા બેના ભેદજ્ઞાનવાળો આત્મા એ રાગ અને હરખના ભાવને અને શોકને બેયને ઝેર તરીકે જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

જેમ શરીરમાં ઘા વાગ્યા હોય અને એમાં પેશાબ છાંટે તોય દુઃખ લાગે. ખારું આમ. પાણી પડે તો દુઃખ લાગે. આહા..હા..! એમાં તેજાબ ચોડે આહા..હા..! એમ ધર્મી જીવને રાગ ને હરખ એ બધા તેજાબના જેવા દેખાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાત હવે સમજવી એને કઠણ પડે. ભગવાન! ઉપાય બીજો નથી, ભાઈ! જન્મ-મરણથી મૂકવાનો માર્ગ આ એક જ છે અને તે વીતરાગમાં જ છે, બીજે ક્યાંય છે નહિ. બાપુ! મારગડા આવા છે. આહા..હા..!

**'અજ્ઞાનથી જ તે ભોક્તા છે, અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે.'** આહા..હા..! એ ભોક્તા છતાં અભોક્તા છે. દુનિયા એમ માને છે કે આ ભોગવે છે. નિર્જરામાં આવે છેને? .. જ્ઞાની ઈન્દ્રિયથી ઉપભોગ લે છે. એ દુનિયા દેખે છે એ અપેક્ષાએ વાત કરી છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! જડ ઈન્દ્રિયો અને ભાવેન્દ્રિય અને એનો વિષય એ બધા પર છે, મારો સ્વભાવ તો તેનાથી અધિક ભિન્ન જુદો છે. આહા..હા..! મારો સ્વભાવ તો આનંદ અને જ્ઞાનથી વીતરાગતાના ભાવથી ભરેલો સ્વભાવ છે. એવા વીતરાગતાના પ્રેમીઓ, એવા સમ્યગ્દષ્ટિ જીવો, એ રાગના અને હરખના પ્રેમ કેમ કરે? આહા..હા..! આવો ધર્મ

ભારે, ભાઈ! સમજાણું કાંઈ? એ ગાથા કહે છે હવે.

**अण्णाणी कम्मफलं पयडिसहावट्ठिदो दु वेदेदि।**
**णाणी पुण कम्मफलं जाणदि उदिदं ण वेदेदि।।३१६।।**

**અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,**
**ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.**

આહા..હા..! આવું સ્વરૂપ હજી અનુભવમાં, દૃષ્ટિમાં ન આવે અને એને સંયમ અને ચારિત્ર થઈ જાય, પડિમા થઈ જાય. આહા..હા..! સમ્યગ્દર્શનનું ભાન નહિ અને પડિમા, બે પડિમા ને પાંચ પડિમા ને દસ પડિમા (લઈ લ્યો). રામજીભાઈ તો કહે છે કે અગિયારથી વધારે હોય તો એ લઈ લ્યે, આંકડો લેવો છેને. આહા..હા..! અરે! પ્રભુ! આહા..હા..! શેની પડિમા? હજી દર્શનશુદ્ધિના ઠેકાણા ન મળે. આહા..હા..! પણ એવા પડિમાના નામ ધરાવે તો રોટલા મળે, આજીવિકા મળે. આહા..હા..! દર્શન પ્રતિમા પણ એ તો પાંચમા ગુણસ્થાનની વાત છે. દર્શન પ્રતિમા એ પણ પાંચમા ગુણસ્થાનની છે, ચોથાની નહિ. પડિમા છેને. ભલે અતિચાર હો, પણ પહેલી દર્શન પડિમા તો પાંચમા ગુણસ્થાને છે. જેને આત્મા આનંદમૂર્તિનું વેદન આનંદનું વર્તે છે અને જેને રાગ આવ્યા છતાં તેને દુઃખ અને તેજાબ જેવું દુઃખ લાગે છે. આહા..હા..! એ રાણી છન્નું હજાર. એક એક સ્ત્રીની એક હજાર દેવ સેવા કરે એવી એક-એક સ્ત્રી. આહા..હા..! મારો નાથ આનંદનો સાગર એને ભૂલીને તેના રાગના વેદનમાં આવે?-ના. આહા..હા..! બહુ વાતું ઝીણી આમાં. આહા..હા..! લોકોને આકરું પડે એથી એવું કરી નાખ્યું કે એ સોનગઢનું એકાંત છે. બાપા! કહો, ભાઈ! ભાઈ! એના ફળ આવશે ત્યારે આકરા પડશે, ભાઈ! આહા..હા..! કુદરતના નિયમમાં જે વસ્તુનો સ્વભાવ નથી એને સ્વભાવનો લાભ થાય રાગથી એમ માને, બાપા! ભાઈ! એના ફળ આકરા છે, એ મિથ્યાત્વ છે. આહા..હા..! એના ફળ પ્રભુ કદાચિત વર્તમાનમાં કાંઈક શુભભાવ હોય તો સ્વર્ગમાં જાય, પછી તિર્યંચ, પશુ થઈને નિગોદમાં જશે. બાપુ! ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ નિગોદની દશાના દુઃખ, નરકના દુઃખ કરતાં નિગોદનું દુઃખ અનંતગુણુ છે. જેની પર્યાય હિણી થઈ ગઈ અક્ષરના અનંતમાં ભાગે. આહા..હા..! જે જ્ઞાનનો પિંડ એકલો કેવળજ્ઞાનનો સાગર ભગવાન, કેવળજ્ઞાન એટલે એકલું જ્ઞાન એમ. એનો સાગર એની પર્યાયમાં અલ્પજ્ઞાન અક્ષરને અનંતમે ભાગે (થઈ ગયું). બહુ દુઃખ. સમજાય છે કાંઈ? આહા..હા..!

આમ બટાટુ, લસણ કે ડુંગળી પડી હોય તો એમ લાગે કે આમાં (દુઃખ છે)? એ દુઃખી છે. આહા..હા..! એને ક્યાં છે પણ એ તો પાણીમાં નાખે, અગ્નિમાં નાખે તો દુઃખ થાય. એમ નથી, પ્રભુ! આહા..હા..! એની પર્યાયમાં જ્ઞાનની શક્તિ જે પૂર્ણ છે એનાથી કેવળજ્ઞાનની દશા પણ અનંતગુણી હીણી છે, એનાથી હીણી અનંતગુણાનો અક્ષરનો અનંતમો ભાગ પર્યાયમાં રહી ગયો વિકાસ. આહા..હા..! જો એટલો ન રહે તો તો જીવ ન રહી

શકે. આહા..હા..! સમજાણું કાંઈ? શક્તિ તો તેની પૂર્ણ આનંદઘન છે. નિગોદનો જીવ પણ, આહા..હા..! પણ એની પર્યાયમાં અક્ષરના અનંતમા ભાગનો વિકાસ રહી ગયો છે કે જેને દુનિયા જીવ છે એમ માનવું મુશ્કેલ પડ્યું. આહા..હા..! કેમ? કે એણે વાસ્તવિક તત્ત્વને આળ બહુ આપેલા. અભ્યાખ્યાન—આળ-આળ. આળ એટલે? હું પૂર્ણ આનંદ છું એમ નહિ. 'હું તો અલ્પ અને રાગી છું, રાગ કરતાં મને લાભ થશે' એવા ચૈતન્યના આળ આપ્યા હતા એણે. છતી ચીજને અછતી કરીને માની હતી. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાતું લ્યો આવો ઉપદેશ આવો.

એ આચારાંગમાં આવે છે. એ તો વ્યાખ્યાન આપતા તે દિ'. સંપ્રદાયમાં સ્થાનકવાસીમાં પણ. ત્યાં એવો પાઠ છે. જે કોઈ પરને આળ આપે છે એ પોતાને આળ આપે છે. આળ કહે છેને? શું કહે છે હિન્દી ભાષામાં? આક્ષેપ. આળ તમારે હિન્દીમાં કાંઈક. આળ નહિ? આ જૂઠું અભ્યાખ્યાન કરવું, દોષારોપણ. એમ ભગવાન આત્મા ચિદાનંદને રાગનો કર્તા માનવો એ દોષારોપણ છે. એનો સ્વભાવ જ્ઞાનમૂર્તિ પ્રભુ, એને રાગનો ભોક્તા માનવો હરખ-શોકનો એ દોષારોપણ છે. એ આત્માને આળ આપે છે. આહા..હા..! એટલે તારી હયાતીને તેં ન માની તો દુનિયા પણ તારી હયાતીને નહિ માને ત્યાં તારો .. થશે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એમાં કોઈનો સાથ કામ નહિ આવે. ઘણાં અમને માનતા હતા એ કાંઈ કામ નહિ આવે ત્યાં. કહો, ધર્મચંદજી! આહા..હા..! એ અહીં કહે છે. જુઓ.

'**ટીકા :- અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે...**' જુઓ, આહા..હા..! ટીકા-૩૧૬. શુદ્ધ પ્રભુ ચૈતન્ય આનંદદળ, એકલો જ્ઞાનરસ, ધ્રુવરસ અનાદિ-અનંત એવો શુદ્ધ ભગવાન આત્મા એકરૂપ ત્રિકાળ દ્રવ્યસ્વભાવ (છે). એ '**અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે...**' આહા..હા..! એવો જે ભગવાન છે તેના અજ્ઞાનને લીધે. એનું જ્ઞાન નથી. એને 'રાગ અને આ હું છું' એવા સ્વરૂપનું અજ્ઞાન છે. આહા..હા..! '**શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે સ્વપરના એકત્વજ્ઞાનથી,...**' આત્મા સ્વભાવી શુદ્ધ ચૈતન્યઘન અને પ્રકૃતિનો સ્વભાવ એ રાગાદિ, પુણ્યાદિ, હરખ આદિ, શોકાદિ, દયા આદિ એ બધા મારા છે એમ '**સ્વપરના એકત્વજ્ઞાનથી, સ્વપરના એકત્વદર્શનથી...**' 'ચૈતન્યસ્વભાવ અને વિભાવસ્વભાવ બે મારા છે' એમ એકત્વદર્શનથી એટલે મિથ્યાદર્શનથી. આહા..હા..! '**અને સ્વપરની એકત્વપરિણતિથી...**' આહા..હા..! એ પુણ્યના પરિણામ પણ વિકારી અને પર પ્રકૃતિનો સ્વભાવ એ, સ્વ ભગવાન ભિન્ન એને બેની એક પરિણતિથી. આહા..હા..! એ રાગનો ભાવ એ મારો એમ એક પરિણતિથી. આહા..હા..! '**પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી...**' એ તો પ્રકૃતિના સ્વભાવ ભગવાનનો સ્વ-ભાવ એને છોડી દઈ. આહા..હા..! રાગનો સ્વભાવ પ્રકૃતિનો, જડનો, પુદ્ગલનો સ્વભાવ, અજ્ઞાની તેમાં સ્થિર થઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી...'** અજ્ઞાની. **'પ્રકૃતિના સ્વભાવને પણ 'હું'પણે અનુભવતો થકો...'** આહા..હા..! અરે! આવું ભેદજ્ઞાન થયા વિના એને સમ્યગ્દર્શન ક્યાં છે? આહા..હા..! અને સમ્યગ્દર્શન વિના એની પડિમાઓ અને વ્રત ને નિયમ વ્યવહાર પણ ક્યાં છે એને? સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું છે. ચોર્યાસી લાખના અવતારમાં ભાઈ ભવસિંધુ મોટો દરિયો છે. ક્યાંય અસંખ્ય યોજન આમ, અસંખ્ય આમ એ ઊપજવાના સ્થાન અનંત છે એમાંથી સ્થૂળપણે અસંખ્ય છે, એનાથી સ્થૂળપણે ચોર્યાસી લાખ છે. આહા..હા..! ક્યાં રખડે? ક્યાં જન્મે? લસણમાં, ડુંગળીમાં, કીડા ને કાગડામાં. આહા..હા..! ઢેઢગરોળીના પેટમાં. ભગવાન! તેં એવા બધા ભવ બહુ કર્યા છે, ભાઈ! આહા..હા..! એ મિથ્યાત્વને લઈને. સમજાણું કાંઈ? એ બેની એકપણાની બુદ્ધિને લઈને. આહા..હા..! મહાપ્રભુ ચૈતન્ય શુદ્ધ આનંદકંદ અને એક સમયની વિકૃત વિકારી દશા, તેં બેને એક માનીને આ બધા ભવ કર્યા છે. આહા..હા..! અને જ્યાં સુધી બેને એક માનશે ત્યાં સુધી ભવસિંધુમાં અવતાર અનંતા કરવા પડશે. આહા..હા..!

**''હું'પણે અનુભવતો થકો...'** આ ભોક્તાની વાત છેને? એ હરખ થાય, અનુકૂળ ચીજો શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, કીર્તિ, શરીર એ અનુકૂળ દેખીને હરખ થાય, એ હરખને અનુભવતો થકો આહા..હા..! એ પાપી મિથ્યાદૃષ્ટિ છે. ઓહો..હો..! કસાઈખાના કરતો હોય, માંડતો હોય તો તો પાપી કહો, પણ આ કસાઈખાના ક્યાં છે? આ તો સમુકી દયાનો ભાવ કરે છે. આહા..હા..! પણ દયાનો ભાવ છે, પ્રભુ! એ રાગ છે, બાપુ! તને ખબર નથી. એ લોકોને નહિ બેસે. એ પંડિતોનું કામ નથી આ. આહા..હા..! આ તો આત્માના આનંદના સ્વભાવની રુચિવાળાનું કામ છે. આહા..હા..!

કહે છે કે **'પ્રકૃતિના સ્વભાવને પણ 'હું'પણે અનુભવતો થકો (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ 'આ હું છું' એમ અનુભવતો થકો)'** એ હરખ અને પરમાં સુખબુદ્ધિ ઉત્પન્ન થાય. આહા..હા..! વિષયમાં, ભોગમાં, આબરૂમાં, કીર્તિમાં જે સુખબુદ્ધિ ઉત્પન્ન થાય તેને હુંપણે અનુભવતો. આહા..હા..! એને મારાપણે જાણતો-વેદતો. આહા..હા..! તે **'કર્મફળને વેદે છે...'** આહા..હા..! ઝેરને વેદે છે કહે છે. આહા..હા..! ભગવાન ઝેરસ્વરૂપ તો નથી, ભગવાન તો અમૃતસ્વરૂપ આનંદસાગર આત્મા છે. આહા..હા..! આવી વાત. ભાઈ! તને સત્ય શું છે એ હાથ આવ્યું નથી અને તું વાતું કરે એ ન કામ આવે. અહીં માર્ગ વીતરાગ છે પરમેશ્વર ત્રિલોકનાથનો. આહા..હા..! એ આત્મા જ્યાં સુધી રાગને હુંપણે વેદે છે અને પરમાં સુખબુદ્ધિપણે પણ હુંપણે વેદે છે. આહા..હા..! છે? ત્યાં એ **'કર્મફળને વેદે છે-ભોગવે છે;...'** ત્યાં સુધી તે અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે, અસંયમી છે અને કર્મબંધનને કરે છે. ભોક્તા થઈને કર્મબંધનને કરે છે. આહા..હા..!

**'અને જ્ઞાની તો...'** હવે સવળું લે છે. ધર્મી એને કહીએ કે જે... જ્ઞાની શબ્દે એમ

કોઈ કહે કે જ્ઞાન બહુ હોય એને જ્ઞાની કહેવું. એમ નથી અહીં. અહીં તો સ્વચૈતન્ય આનંદકંદ છે તેનું જ્ઞાન તે જ્ઞાની અને રાગ પર છે તેનું જ્ઞાન તે જ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી તો. જ્ઞાની એટલે ધર્મી. ચોથા ગુણસ્થાનથી ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. નવ પૂર્વ ભણ્યો હોય અને અગિયાર અંગ ભણ્યો હોય છતાં એ રાગ અને પરમાં સુખબુદ્ધિ છે તો એ અજ્ઞાની છે. આહા..હા..! અરે! આમાં ક્યાં દુનિયાને દેખાડવું છે તારે? અમે કાંઈક પડિમા આદરી છે, અમે વ્રતધારી છીએ, એમ દુનિયાને દેખાડીને શું તારે કામ છે? આહા..હા..! તને દેખ્યા વિના દુનિયાને દેખાડવું છે તારે? શું કરવું છે? આહા..હા..!

ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, એને શુદ્ધ આત્માનું વેદન જ્ઞાનીને હોય છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેના અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાણી સાથેના ભોગ પણ સડ્યા કૂતરા જેવા, મીંદડા સડ્યા હોય અને ગંધ મારે એવું લાગે. આહા..હા..! એવો જે જીવ એ '**શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે...**' શુદ્ધ આત્માનું જ્ઞાન. ચૈતન્યમૂર્તિ વિકલ્પ રાગથી ભિન્ન છે. એ હરખ-શોક થાય છે એથી પણ ભિન્ન છે અને પોતાના આનંદ સ્વભાવથી તે અભિન્ન છે. એવું શુદ્ધાત્માનું જ્ઞાન થવાથી '**જ્ઞાનના સદ્ભાવને લીધે સ્વપરના વિભાગજ્ઞાનથી,...**' ભેદજ્ઞાનની વ્યાખ્યા પાછી વિભાગજ્ઞાન કરી. બે ભાગ પાડ્યાને? સ્વ અને રાગ. સ્વ જ્ઞાતા-દૃષ્ટા અને રાગ વિકાર. એ સ્વપરના વિભાગજ્ઞાનથી એ જ્ઞાની છે. '**સ્વપરના વિભાગજ્ઞાનથી,...**' તે જ્ઞાની છે. તે હરખ-શોકનો ભોક્તા થતો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વપરના વિભાગદર્શનથી...**' ભગવાન આનંદસ્વરૂપ અને રાગ અને હરખ શોક એ દુઃખસ્વરૂપ એવા બેના વિભાગના દર્શનથી એટલે સમ્યગ્દર્શનથી. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી જીવ સ્વપરના વિભાગજ્ઞાનથી અને ધર્મી જીવ સ્વપરના વિભાગદર્શનથી સમકિતી છે અને સ્વપરના વિભાગજ્ઞાનથી તે જ્ઞાની છે. આટલું ભણ્યો માટે જ્ઞાની છે એમ નહિ. આહા..હા..! એ સ્વપરના વિભાગજ્ઞાનથી જ્ઞાની છે. આહા..હા..! આત્મા જ્ઞાનમૂર્તિ ભગવાન પરમેશ્વરે કહ્યો છે એ એમ છે. આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ એ તો જ્ઞાતા-દૃષ્ટાનું મૂર્ત સ્વરૂપ. આહા..હા..! એને અને રાગના વિભાગજ્ઞાનથી—બેની જુદાઈના જ્ઞાનથી જ્ઞાની છે. બેના જુદાઈના દર્શનથી તે સમકિતી છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ એમાં પાઠમાં ટીકામાં? આહા..હા..! અરેરે!

'**અને સ્વપરની વિભાગપરિણતિથી...**' આહા..હા..! ધર્મી જીવ સ્વની પરિણતિ વીતરાગી અને રાગની પરિણતિ દુઃખરૂપ પર, એ બેની વિભાગપરિણતિથી. આહા..હા..! રાગરૂપે પણ પરિણમું છું અને નિર્દોષ દશાપણે પણ પરિણમું છું એમ નથી. આહા..હા..! એ જ્ઞાતામાં જ્ઞેય થઈ ગયું એ પરજ્ઞેય. રાગ અને હરખ એ જ્ઞાતાનું પરજ્ઞેય થઈ ગયું. સ્વજ્ઞેય તો અહીં રહ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! હવે આવા બધા જાણપણાની

મોટી-મોટી વાતું કરવી અને એને જ્ઞાન માનવું. બાપુ! અહીં તો સ્વ અને પરના વિભાગજ્ઞાનથી જ્ઞાની છે. પર શબ્દે અહીંયાં તો રાગ, અહીં હરખ-શોક. ભોક્તામાં છેને? આહા..હા..! શરીર સુંદર દેખીને કે જુવાન દેખીને ફૂટરું દેખીને જે હરખ થાય આહા..હા..! એનાથી ભગવાન આત્મા ભિન્ન છે એવું બેના ભિન્ન જ્ઞાનથી તે જ્ઞાની છે. એ બેના ભિન્નદર્શનથી તે સમકિતી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આજ તો વળી ગુજરાતી ચાલ્યું. પાંચ દિ' તો હિન્દી (ચાલ્યું હતું). પંડિતજી આવે છેને. ગુજરાતી સહેલું છે. આ કાંઈ બહુ અઘરી નથી. ના, ના, એમ કહે છે હિન્દીવાળાને તો બહુ કાંઈ કઠણ પડે એવું નથી. ઓલામાં હૈ, આમાં છે. એ ફેર એટલો. ઓલામાં પોતાપણે અહીંયાં આવે ત્યાં સ્વયંપણે. હિન્દીમાં સ્વયંપણે આવે, અહીં પોતાપણે. પોતાપણે પોતે આનંદસ્વરૂપ છે અને રાગ તે પોતાપણે નથી એટલે સ્વયં નથી. સમજાણું કાંઈ?

'**સ્વપરની વિભાગપરિણતિથી...**' આહા..હા..! એ રાગ હરખ-શોકની દશા અને ભગવાન આનંદની દશા બેની પરિણતિના વિભાગથી. આહા..હા..! એ સંયમી છે, એ જ્ઞાની છે. આહા..હા..! '**પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો...**' એ હરખ-શોકનો પ્રકૃતિનો સ્વભાવ, પુદ્‌ગલનો સ્વભાવ, જડનો સ્વભાવ. આહા..હા..! ધર્મી તેના પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો. આહા..હા..! અજ્ઞાની પ્રકૃતિના સ્વભાવમાં પ્રવૃત્તિ કરનારો. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાય એટલું સમજવું બાપુ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! આહા..હા..! એની ગણધરો જ્યારે આ ટીકાની વ્યાખ્યા કરે એની શું વાતું કરવી! આહા..હા..! કેવળીના મુખમાંથી વાણી ઝરે આહા..હા..! એની શું વાતું કરવી! એ તો અલૌલિક. છે તો કેવળજ્ઞાની, કાંઈ કેવળજ્ઞાનમાં આ ભાષા આવતી નથી, પણ જેને નિમિત્ત છે કેવળજ્ઞાન એની ભાષા પણ અલૌકિક હોય છે, નિમિત્તને લઈને નહિ. ભાષા સર્વજ્ઞપણે પરમાત્મા જ્યાં થયા તો એની ભાષાને સર્વજ્ઞપણાનું નિમિત્ત છેને? નિમિત્ત છે એટલે? એનાથી ભાષા ઉત્પન્ન થઈ નથી માટે નિમિત્ત કીધું. આહા..હા..! ભાષામાં જ એવી સ્વપરપ્રકશકશક્તિ કહેવાની છે. આહા..હા..! એનો વિસ્તાર ભગવાન કરે એ તો અલૌકિક વાતું છે!! આહા..હા..! જેને ઈન્દ્રો અને ગણધરો પણ સાંભળવા માગે છે. આહા..હા..! ચાર જ્ઞાનના ધણી ગણધરો, ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રો એકાવતારી. આહા..હા..! બાપુ! એના ભાવની ગંભીરતાની ઊંડપની શું વાતું કરવી! ઓહો..હો..! આ તો છદ્મસ્થ પંચમ આરાના મુનિ. એ આમ કહે છે આવી સાદી ભાષાથી. આહા..હા..!

એ '**વિભાગપરિણતિથી પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો...**' અજ્ઞાની પ્રકૃતિના સ્વભાવમાં સ્થિર થયેલો. છેને સ્થિત હોવાથી? આ પ્રકૃતિના સ્વભાવથી. પોતાના જ્ઞાનસ્વભાવને સ્વસન્મુખ કરતા એ હરખ-શોકના પરિણામથી નિવર્તેલો છે. આહા..હા..! આવો ઉપદેશ કેવો! આ પંચમઆરાના મુનિએ પંચમઆરાના જીવને માટે લખ્યું છે. કેટલાક કહે કે સમયસાર તો મુનિને માટે છે. એ તો ચોથા આરાની વાતું છે. અરે! ભગવાન! સાંભળને, ભાઈ! ચોથા

આરાનો આત્મા અને પાંચમા આરાનો આત્મા કાંઈ જુદી જાતનો હશે? એની પર્યાયમાં ફેર (છે), વસ્તુમાં ફેર છે? આહા..હા..!

અહીંયાં કહે છે કે એ સ્વપરના વિભાગ, જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ અને રાગ તે પ્રકૃતિનો સ્વભાવ બેના વિભાગજ્ઞાનથી જ્ઞાની થયેલો, બેના વિભાગદર્શનથી સમકિતી થયેલો અને વિભાગપરિણતિથી જુદી પરિણતિમાં સંયતપણે પરિણતિ થયેલી. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ પરણતિએ પરિણમેલો એ સંયમી. સમજાણું કાંઈ? '**પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો (-ખસી ગયેલો, છૂટી ગયેલો) હોવાથી...**' આ કારણે નિવર્તેલો હોવાને કારણે હરખ-શોકના પરિણામ પ્રકૃતિના છે, જીવના નહિ એમ એનાથી નિવર્તવાને કારણે '**શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ 'હું'...**' આહા..હા..! શુદ્ધ આત્માના સ્વભાવને, ભગવાન શુદ્ધ એકરૂપ પવિત્ર પરમાત્મા, એવો '**શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ 'હું'પણે અનુભવતો થકો...**' આહા..હા..! સાથે હરખ-શોકનું પણ વેદન છે એમ નહિ અહીં તો કહે છે. હરખ-શોક તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, ભાવ તો ભલે ઊંડા વીતરાગ ત્રિલોકનાથના છે. આહા..હા..! પરમેશ્વર ભગવાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પરમેશ્વર જિનેશ્વરે જોયા એમની વાણી છે આ તો. આહા..હા..! સંતો એની વાણી કહે છે. આહા..હા..!

ભગવાન! તારું અને પામરતા જે વિકાર બેનું જેને ભેદજ્ઞાન છે વિભાગજ્ઞાન, તેને જ્ઞાની કહીએ, બેનું વિભાગદર્શન તેને સમકિતી કહીએ અને બેનું વિભાગરૂપે પરિણતિ કહીએ તેને સંયતિ કહીએ, મુનિ કહીએ. આહા..હા..! આ તો વ્યવહાર પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર (એમ માને). એ તો રાગ છે. રાગરૂપે જ્ઞાની પરિણમતો જ નથી અહીં તો એ કહેવું છે. કહો, ચેતનજી! અહીં તો એમ કહે છે. આહા..હા..! રાગનું, સુખ-દુઃખનું પરિણમન છે, પણ તેનો વ્યવહાર ગણીને, અસત્યાર્થ ગણીને તેનું વેદન એને નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગૌણ કરીને કહ્યું હતું. મુખ્યપણું આ છે. આહા..હા..! એથી જ્ઞાનીને હરખ-શોકનું દુઃખ નથી એમ નહિ. દુઃખ છે, વેદન છે. પાછા કોઈ કહેને એ, શેઠિયા એમ કહેતાને સુખ-દુઃખનું વેદન જ્ઞાનીને ન હોય, એ તીવ્ર કષાયવાળાને હોય એમ માનતા બિચારા. છેવટે કાંઈક ઠીક બોલી ગયા હતા કહે છે. હવે આવે ત્યારે ખબર પડે. આહા..હા..! મારગડા એવા પ્રભુ! આહા..હા..! એને માર્ગરૂપે ધારી રાખવો અંદર, પ્રગટેલાને તેને તે રૂપે રાખવો આહા..હા..! એ કોઈ અલૌકિક વાતું છે! આહા..હા..!

કહે છે '**શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ...**' જોયું! હરખ-શોક છે છદ્મસ્થને, પણ તેને વેદતો નથી. એક જ પણાને વેદે છે એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભાષા એવી છેને? '**શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ...**' બે નહિ. હરખ-શોકનું પણ વેદન અને આત્માનું પણ વેદન, બે નહિ. અહીં તો એ સિદ્ધ કરવું છે. આહા..હા..! પણ

છતાં એ હરખ-શોકનું વેદન જ્ઞાન જાણે એને. ૪૭ નયમાં એમ કહ્યું છે. એ કર્તાનય, ભોક્તાનય બે ગણધરને પણ હોય છે. આહા..હા..! જેટલો પંચમહાવ્રતના વિકલ્પપણે પરિણમે છે તેટલું પરિણમન, તેટલું કર્તૃત્વ મારું છે. કરવાલાયક છે એમ નહિ, પણ કર્તૃત્વ મારું છે; અને જેટલો હરખ આવી જાય, રાજીપો આવી જાય એટલું વેદન પણ, ભોક્તાપણું પણ મારું મારામાં છે. આહા..હા..! ભોગવવાપણું સારું છે એમ નહિ, પણ ભોગવવાની વૃત્તિની અસ્થિરતા આવે છે તેથી તે ભોક્તા પણ કહેવામાં આવે છે. અહીં એ લેવું નથી. અહીં તો એ હરખ-શોકના ભોક્તાથી નિવર્તેલો છે. સમજાણું કાંઈ? હવે આવા એક કલાકમાં શું આવ્યું પણ આમાં? એકેન્દ્રિયની દયા પાળવી, લીલોતરી ન ખાવી. ભાઈ! આ તો તારી દયા પાળવાની વાત છે. તું જેવડો છો તેવડો કબુલી અને રાગથી ભિન્ન જ્ઞાન કરી અને સ્વરૂપમાં ઠરવું એનું નામ તારી દયા છે. આહા..હા..! એ વીતરાગમૂર્તિ પ્રભુ છે. એમાં વીતરાગ પરિણતિ કરવી એ જીવની દયા છે, એ પોતાની દયા છે, સ્વયં સ્વની દયા છે. પરની કોણ દયા પાળી શકે? આહા..હા..! સ્વતંત્ર આત્માઓ છે. અને કોઈપણ આત્મા કે પરમાણુ કોઈ સમયમાં નિક્કમા નથી. નિક્કમા નથી એટલે? નકામા નથી. નકામા નથી એટલે કે એના પર્યાયના કાર્ય વિનાના નથી. આહા..હા..! તો દરેક દ્રવ્યના પરમાણુ અને આત્મા એના પર્યાયના કાર્ય વિનાના નથી તો એનું કાર્ય તું કેમ કરી શકે? લ્યો! પ્રેમચંદજી! આહા..હા..! પાછો વાળવો ભારે કઠણ. આહા..હા..!

ઓલા લગન કરે છેને લગન જ્યારે, પરણે. આ તો સાંભળેલું અમે. તે દિ' ગઢડે હતાને. કુંવરજીભાઈના લગન હતા બીજા. પહેલાં નવાના લગન તો ૬૬માં હતા. આ ૭૨માં હતા. ત્યાં બાયુ ગાતી હતી, એ નાણાનો બળિયો વર્તો. એમ કાંઈક બોલતા હતા. એ પાછો નહિ વળે. એવું કાંઈક ગાતા હતા, ગુજરાતી ભાષા હતી. નાણાનો બળિયો વર્તો તોરણથી પાછો નહિ ફરે. ભાષા કાંઈક તો બીજી હતી. નાણાનો બળિયો એટલું યાદ રહી ગયું. એ બાયું ગાય લગન વખતે. આહા..હા..! એમ અહીંયાં જ્ઞાનનો બળિયો એ પાછો ન ફરે હવે. સમજાણું કાંઈ? જેણે રાગથી આત્માને ભિન્ન પાડીને ભેદજ્ઞાન કર્યા એ જ્ઞાનનો બળિયો હવે પાછો ફરે નહિ, એને મોક્ષ થયે છૂટકો. આહા..હા..! સમજાણું કાંઈ? 'પાછો નહિ વળે રે નહિ વળે' એમ હતું. આ તો ઘણાં વર્ષ પહેલાં ૭૨ની સાલની વાત છે. અમે અપાસરામાં હતા અને ત્યાં નીકળ્યો. ઘણા વર્ષ તો ભેગા રહેલાને. એમાં બેઠો હતો અંદર એ. બાયું બોલતી હતી આમ. ડોળિયામાં લગન હતા. 'પાછો નહિ ફરે રે નહિ ફરે, નાણાનો બળિયો વર્તો.' ધૂળનો. આહા..હા..! અહીંયાં કહે છે કે જેને રાગ અને સુખ-દુઃખની કલ્પના એથી નિવર્ત્યો છે જ્ઞાનનો બળિયો, દર્શનનો બળિયો અને સંયમ-સંયમ સ્થિરતા વીતરાગનો બળિયો એ પાછો ન ફરે હવે. એ તો કેવળજ્ઞાન લીધે છૂટકો છે એને. આહા..હા..! સમજાણું કાંઈ?

''**હું'પણે અનુભવતો થકો...**' પોતાને. '**ઉદિત કર્મફળને, તેના જ્ઞેયમાત્રપણાને**

લીધે,...' જ્ઞેય લીધું. જ્ઞાનીને હરખ-શોકનો વિકલ્પ છે તે જ્ઞાનીનું પરજ્ઞેય છે. એને '**લીધે, જાણે જ છે,...**' આહા..હા..! હવે પ્રવચનસારમાં એમ કહે કે એ વેદે છે. એ પર્યાયનું વેદન જરી હરખનું છે, પણ છે મારી ચીજ ભિન્ન પણ આનું વેદન જરી નબળાઈથી આવી જાય છે બસ. એમ જાણે છે. અહીં કાઢી નાખ્યું. એ '**જાણે જ છે, પરંતુ તેનું 'હું'પણે અનુભવાવું અશક્ય હોવાથી, (તેને) વેદતો નથી.**' મારાપણે માનવાની દૃષ્ટિ ફરી ગઈ હોવાથી તેને હરખ-શોકને તે વેદતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ-૧૩, બુધવાર, તા. ૨૯-૦૬-૧૯૭૭, ગાથા-૩૧૬-૩૧૭, શ્લોક-૧૯૭, પ્રવચન નં. ૩૮૧

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૩૧૬ ગાથાનો ભાવાર્થ. '**અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી...**' શું કહે છે? આત્મા ત્રિકાળી શુદ્ધ આનંદકંદ છે એનું જેને જ્ઞાન નથી તે અજ્ઞાની છે. ચાહે તો એ શાસ્ત્રનો ભણનાર હોય, અગિયાર અંગ અને નવ પૂર્વ ભણે, પણ એ શુદ્ધ ચૈતન્યવસ્તુ છે, અનાદિ આનંદસ્વરૂપ છે, એનું જેને સન્મુખથી જ્ઞાન નથી તે અજ્ઞાની છે. આહા..હા..! '**અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી, તેથી જે કર્મ ઉદયમાં આવે તેને જ તે પોતારૂપ જાણીને ભોગવે છે;...**' શું કહે છે? જેને અતીન્દ્રિય આનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદ એવો શુદ્ધસ્વરૂપ ભગવાન આત્મા એનું જેને જ્ઞાન નથી એ કર્મના નિમિત્તે જે કાંઈ પુણ્ય અને પાપના, હરખ-શોકના ભાવ થાય એને ભોગવે. આહા..હા..! એને આત્માના આનંદનો ભોગવટો તો છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? '**જે કર્મ ઉદયમાં આવે તેને જ તે પોતારૂપ જાણીને...**' પુણ્યના ભાવ, પાપના ભાવ, શુભ-અશુભરાગ એ મારા છે એમ માનીને. કેમકે વસ્તુ છે ત્રિકાળ એ તો મારી છે, શુદ્ધ છે એ તો ખબર નથી. એથી ક્યાંક મારાપણું તો માનશે. પછી એ પુણ્ય અને પાપના ભાવમાં, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ આ હોય, પણ એ ભાવ શુભ છે. આહા..હા..! એ શુભ છે એ મારા માનીને ભોગવે એ અજ્ઞાની છે. આહા..હા..! એને ધર્મની ખબર નથી કે ધર્મ શું ચીજ છે. '**તે પોતારૂપ જાણીને...**' સ્વયં એ રાગ થાય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એને પોતાના જાણી અને તેને ભોગવે એ અજ્ઞાની છે, એ મિથ્યાદૃષ્ટિ છે એને જૈનધર્મની ખબર નથી. આહા..હા..!

**શ્રોતા :-** .. કહે છે કે ઉડાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ઉડે જ છેને. ઉડાવે છે. વાત સાચી છે. વાત .. એમાં ખોટી શું કહે છે? એને ભલે ન રુચતું હોય પણ વસ્તુ જે શુભભાવ કે અશુભભાવ કર્મના નિમિત્તના લક્ષે થયેલો એ શુભભાવ કાંઈ આત્માને લક્ષે ન થાય. આહા..હા..! એ તો પરદ્રવ્યને લક્ષે દેવ-ગુરુ-શાસ્ત્ર, જાત્રા, ભક્તિના લક્ષે શુભભાવ થાય. અને જેને એ 'શુભભાવરહિત શુદ્ધ સ્વરૂપ આનંદસ્વરૂપ હું છું' એની ખબરું નથી, એ રાગને પોતાનો માનીને અનુભવે છે, આહા..હા..! એ મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. એને ધર્મની અને આત્માની ખબર નથી. આહા..હા..! આવી વાતું છે. લોકોએ કાંઈક કાંઈક મનાવ્યું છેને, એને આ વાત સાંભળતા લાગે કે આ શું છે? બાપુ! માર્ગ એવો છે, ભાઈ!

પ્રભુ પોતે ચૈતન્ય, ચેતન, ચેતનાના સ્વભાવવાળી ચીજ છે. એ ચેતનાના સ્વભાવનો અનુભવ ન કરે એટલે કે ચેતન ભગવાન આત્મા, ચેતના સ્વભાવ એના અસ્તિની સન્મુખ ન થાય ત્યાં સુધી તેને આનંદનો અનુભવ નથી. અને તેથી તેને કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવનો અનુભવ છે, એનો એ ભોગવટો છે. આહા..હા..! છતાં જ્ઞાનીને પણ જેટલો હરખ-શોક અને રાગાદિ થાય એ જ્ઞાનની નયે એનું પરિણમન મારું છે અને સુખ-દુઃખની કલ્પના થઈ છે એ પણ મારી પર્યાયમાં થઈ છે એમ એ જાણે છે.

એકકોર કહેવું કે આત્મા ધર્મી રાગ પુણ્ય-પાપનો ભોગવટો કરનાર નથી, કર્તા નથી. એકબાજુ કહેવું, પ્રવચનસાર નય અધિકાર કે પુણ્ય-પાપનો જેટલો ભાવ થાય છે એની પર્યાયમાં પરિણમન છે એટલે કર્તા હું છું અને એનો વેદનાર પણ હું છું, પર્યાયને. સમજાય છે કાંઈ? આવો સ્યાદ્વાદ માર્ગ છે. અહીં તો એકદમ દૃષ્ટિનો વિષય સ્વભાવ એને વર્ણવ્યો છે. ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ એનું જેને જ્ઞાન નથી, તેની સન્મુખ નથી, તેનાથી વિમુખ છે અને કર્મના નિમિત્તે થયેલા શુભ-અશુભભાવ તેની સન્મુખમાં છે તે તેને ભોગવે છે. આહા..હા..! હવે આવો માર્ગ!

**'જ્ઞાનીને તો શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે...'** આહા..હા..! ધર્મી જેને કહીએ, સમકિતી કહીએ, ધર્મની શરૂઆતવાળો કહીએ એને તો શુદ્ધ આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ છે એવો અનુભવ, વેદન આનંદનું થઈ ગયું છે. આહા..હા..! આવી વાત હવે ગ્રીક-લેટિન જેવી લાગે. ભાઈ! માર્ગ એવો છે, બાપુ! વીતરાગ જિનેશ્વરદેવ પરમેશ્વર પરમાત્માનો આ હુકમ છે. ભગવાન! તારી જાતને તેં જાણી નથી, તેથી તું કજાત એવા વિકારને ભોગવવામાં પડ્યો છો. આહા..હા..! શરીરને ભોગવે છે કે સ્ત્રીને ભોગવે છે કે લક્ષ્મી ભોગવે છે કે દાળ-ભાત ભોગવે છે, એ તો છે જ નહિ. કારણ કે એ તો જડ છે. જડનો અનુભવ જીવને અજ્ઞાનીને પણ નથી. આહા..હા..! અજ્ઞાનીને રાગ અને દ્વેષ જે કર્મના સંગથી ઉત્પન્ન થયેલા ઉપાધિભાવ તેને એ વેદે. આહા..હા..! એ શરીરને વેદે નહિ, એ દાળ-ભાતને વેદે નહિ, એ લાડવાને વેદે નહિ, આહા..હા..! એ વીંછીના કરડને વેદે નહિ, એ સર્પના કરડને વેદે

નહિ. અજ્ઞાની રાગને, દ્વેષને વેદે. આહા..હા..!

જ્ઞાનીને શુદ્ધ આત્માનું જ્ઞાન છે કે હું પવિત્ર આત્મા છું, હું એ પુણ્ય અને પાપના વિકલ્પ રાગ એ હું નહિ. એવું જેને બેનું વિભાગજ્ઞાન, વિભાગજ્ઞાન—ભેદજ્ઞાન, બેના ભાગ પાડી દીધા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ આ વીતરાગનો આવો માર્ગ છે, ભાઈ! દુનિયા તો કાંઈને કાંઈ (માને). એક જાત્રા કરી અને થઈ ગયો ધર્મ. શેત્રુંજયની આ જાત્રા, આ સમ્મેદશિખરની જાત્રા. થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી, ભાઈ! તને ખબર નથી, બાપુ! ધર્મ તો ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્મા પરમેશ્વરે સર્વજ્ઞે કહ્યો એવો આત્મા જેને સન્મુખ થઈને તેની સન્મુખ થઈ, નિમિત્ત અને વિકાર અને એક સમયની પર્યાયથી પણ વિમુખ થઈ આહા..હા..! સ્વભાવની દૃષ્ટિ જેને થઈ છે એવો જે ધર્મી તે તો આનંદને જ વેદે છે. આહા..હા..! આવો માર્ગ આકરો તો પડેને. બીજા મુશ્કેલી કરે. અરે! આ ઉડાડ્યું છે. તો આ કોનું શાસ્ત્ર છે? ભગવાનનું શાસ્ત્ર નથી? દિગંબર સંતો વીતરાગીનો માર્ગ છે એ વાત કહે છે. એ તને બેસે તો બેસાડ, ન બેસે તો અજ્ઞાની છો અનાદિથી. આહા..હા..!

'**શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના ઉદયને...**' એને પણ રાગાદિ હોય છે, પણ '**પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો...**' ધર્મી એને કહીએ કે વિકારના શુભભાવને પણ પોતાનો ન જાણતો. આહા..હા..! '**પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો તેનો જ્ઞાતા જ રહે છે,...**' રાગ, હરખ-શોક આદિ થાય, રાગાદિ હોય ધર્મીને, પણ તેનો તે જાણનાર-દેખનાર રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે, આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**' કળશરૂપ કાવ્ય. ૧૯૭.

(शार्दूलविक्रीडित)

अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको<br>
ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदकः।<br>
इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां<br>
शुद्धैकात्ममये महस्यचलितैरासेव्यतां ज्ञानिता।।१९७।।

'**શ્લોકાર્થ :— અજ્ઞાની પ્રકૃતિ-સ્વભાવમાં લીન-રક્ત હોવાથી...**' અધર્મી જીવ જેને ધર્મની ખબર નથી એવા જીવ પ્રકૃતિસ્વભાવ એટલે પુણ્ય અને પાપનો ભાવ, એ શુભ અને અશુભનો ભાવ એ આત્માનો સ્વભાવ નથી, એ પ્રકૃતિનો જડનો સ્વભાવ છે. આહા..હા..! '**પ્રકૃતિ-સ્વભાવમાં લીન-રક્ત હોવાથી...**' એ રાગની ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિની એમાં લીન હોવાથી. આહા..હા..! '**(-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી-)**' એ રાગના પરિણામ છે તેને જ પોતાનો જાણતો હોવાથી તેને તે વેદે ને અનુભવે ને ભોગવે છે. આહા..હા..! છે? '**અને...**' '**ज्ञानी प्रकृति-स्वभाव-विरतः जातुचित् वेदकः नो**' ધર્મી જીવ એ તો જેણે રાગથી, વિકલ્પથી, નિમિત્તથી સ્વ ભિન્ન છે એવા ભેદજ્ઞાનથી અને

પર અને સ્વના વહેંચણીના વિભાગજ્ઞાનથી જેને આત્માનું જ્ઞાન થયું છે. આહા..હા..! જેના ભાગ પાડ્યા છે. રાગ તે પ્રકૃતિનો સ્વભાવ અને આનંદ તે મારો સ્વભાવ. અતીન્દ્રિય આનંદ હોં! આહા..હા..! આવો ધર્મ ભારે, ભાઈ!

**'અને જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો...'** છે. ઓલામાં લીન છે ત્યારે આ વિરામ પામેલો છે. અજ્ઞાની જેને આત્મા આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાનનો સાગર છે ચૈતન્ય એની જેને ખબર નથી, એ પ્રકૃતિના પરિણામના વિભાવભાવને પોતાના જાણીને વેદે, ભોગવે છે. આહા..હા..! એ કરોડોપતિ કે અબજોપતિ આ રાજાઓ જે હોય એ, કહે છે કે એ સ્વરૂપને ન જાણતા, એ જે આ રાગ આદિ મારા પૈસા એવો જે મમતાનો ભાવ અને અંદર રાગનો ભાવ કે કોઈ શુભભાવ થાય એને પોતાના માનીને વેદે છે તે મૂઢ જીવ છે. આહા..હા..! એ દુઃખી છે. સમજાણું કાંઈ? એ દુઃખને વેદે છે. કહો, પોપટભાઈ! આમાં સાચું હશે આ? અમે સુખી છીએ એમ કહે છેને? જુઓ, માણસ અહીં એક ફેરી કહેતો હતો. અમારે નાનાલાલભાઈ. આપણે નાનાલાલભાઈ રાજકોટવાળા કરોડપતિ. અમારા વેવાઈ સુખી છે. કીધું, સુખીની વ્યાખ્યા શું? વઢવાણનો હતો વઢવાણનો. કેવા? ચુડગર. મણિભાઈ ચુડગર હતા. આ ચુડગર નહિ ઓલો? ગુજરી ગયોને ચુડગર એક? અહીં પોપટલાલ ચુડગર બેરિસ્ટર. એ મરી ગયા. એના કુટુંબ માયલો એક હતો, આવ્યો હતો. નાનાલાલભાઈ કાળિદાસ આ કરોડપતિ એના વેવાઈ. વ્યાખ્યાનમાં એક ફેરી બોલ્યા કે અમારા વેવાઈ સુખી છે. કીધું, સુખીની વ્યાખ્યા શું? આ પૈસા છે ને આ છે માટે સુખી? કાંઈ ભાન ન મળે. આહા..હા..! ધર્મચંદજી! જેને આત્મા શું ચીજ છે... આનંદ તો ત્યાં છે. આનંદ ક્યાંય પૈસામાં, સ્ત્રીમાં, કુટુંબમાં, આબરૂમાં ક્યાંય આનંદ નથી, એ તો દુઃખના નિમિત્ત છે. આહા..હા..! એ દુઃખના નિમિત્તના, દુઃખના ભાવને એ વેદે છે, એ પૈસાને નહિ, આબરૂને નહિ, કીર્તિને નહિ, (કોઈને (વેદે) નહિ. આહા..હા..!

ધર્મી જીવ, **'જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો...'** છે. આહા..હા..! જેણે પડખું ફેરવી નાખ્યું છે. જેમ માણસ ડાબે પડખે સૂતો હોય અને જમણે પડખે આમ આવી જાય, એમ અજ્ઞાની પુણ્ય-પાપના વિકારને પડખે સૂતો અને ભોગવે છે, ત્યારે જ્ઞાની એ વિકારના પડખાને છોડી દઈને અંદર આનંદનું પડખું છે ત્યાં જઈને એને વેદે છે. આહા..હા..! ભાષા તો સાદી છે, ભાવ તો જેમ છે એમ છે. આ તો વીતરાગના છે. ત્રિલોકનાથ જિનેશ્વરદેવ ઈન્દ્રો અને ગણધરની વચ્ચે આ વાત કરતા હતા. એ વાત આ છે. આહા..હા..! અરે! પણ સાંભળી ન હોય અને ખબરું ન મળે કાંઈ.

કહે છે કે ધર્મી તો તેને કહીએ કે જે **'પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો-વિરક્ત...'** છે. એ શુભ-અશુભભાવ એ પુણ્ય-પાપતત્ત્વ છે અને હું તો એક આનંદ અને જ્ઞાયકતત્ત્વ છું એમ બેના ભેદ પાડીને વિભાગી જ્ઞાન-ભેદજ્ઞાન થયું છે તે જીવ પ્રકૃતિના સ્વભાવ એટલે

શુભોપયોગ એનાથી પણ વિરક્ત છે. આહા..હા..! આવી વાત! સમજાણું કાંઈ? ધર્મી જ્ઞાની એને એ જાત્રાનો ભાવ, ભક્તિનો ભાવ આવે, પણ અંતરમાં એનાથી વિરક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાની એ પુણ્યના-પાપના ભાવને પોતાના જાણી ત્યાં વેદનમાં ભોગવટામાં પડ્યો છે એ દુઃખી અને અજ્ઞાની છે. આહા..હા..! '(-**તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી**-)' એ શુભ-અશુભભાવ એ કર્મના નિમિત્તના સંગે થયેલો વિકાર ઉપાધિ એનાથી વિરામ પામેલો ધર્મી તો એનાથી નિવર્ત્યો છે. આહા..હા..! '**કદાપિ વેદક નથી.**' અહીં તો ના પાડી '**કદાપિ વેદક નથી.**' પણ બીજે ઠેકાણે કહ્યું. આ કઈ અત્યારે અપેક્ષા ચાલે છે? અને બીજે ઠેકાણે એમ કહે કે ધર્મીને પણ આનંદની ધારા એ પણ હોય અને કર્મધારા-રાગાધારા પણ હોય છે, પણ તેનાથી તે વિરક્ત છે. છતાં તેનો વેદક પણ છે. દુઃખરૂપનું વેદન છે અને આનંદ આત્માના તરફનું જેટલું ભાન છે તેટલું આનંદનું વેદન છે. એક સમયમાં આનંદ અને દુઃખનું વેદન એકસાથે હોય છે. અહીં દુઃખના વેદનને ગૌણ કરી, વ્યવહાર કહી, અસત્ય કહીને કાઢી નાખ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ વાંધા હતાને ભાઈ સાથે. શેઠિયા સાથે. જ્ઞાની દુઃખને વેદે નહિ. (વેદે) એ તો તીવ્ર કષાયવાળો. અરે! કોની અપેક્ષાએ કહ્યું? ભાઈ! આહા..હા..! મુનિ છઠ્ઠે ગુણસ્થાને જેને ત્રણ કષાયનો તો અભાવ અને પ્રચુર અતીન્દ્રિય આનંદનું જેને વેદન હોય મુનિને એને પણ જેટલો રાગ છે તેટલું દુઃખનું વેદન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનની પ્રધાનતાથી કથન ચાલે ત્યારે તેમ આવે. દૃષ્ટિની પ્રધાનતાથી કથન આવે ત્યારે રાગનું વેદન એને નથી. કઈ અપેક્ષા છે એ સમજ્યા વિના એકાંત તાણે એ ભગવાનનો માર્ગ નથી. સમજાણું કાંઈ?

'(-**તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી**-) **કદાપિ વેદક નથી.**' '**जातु**' છેને? '**जातुचित् वेदकः नो**' આહા..હા..! આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ એવો જેને અંતરમાં અનુભવ થયો છે તે રાગનું વેદન કદાપિ કરતો નથી. એ શુભ-અશુભનું વેદન નથી કરતો એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આટલી બધી શરતું ધર્મ માટે! ધર્મી જીવને પુણ્ય-પાપના ભાવ થાય, છતાં તેનો એ કર્તા અને ભોક્તા નથી. આહા..હા..! આવી શરતું છે ધર્મને માટે. પોતે ભગવાન શુદ્ધ ચૈતન્યઘન અનાદિ-અનંત છે. આહા..હા..!

જેમ શક્કરકંદ કહીએ છીએને ઘણીવાર? આ શક્કરિયા-શક્કરકંદ. શક્કરકંદ નથી આવતું? આ શક્કરિયા કહે છે આપણે ગુજરાતીમાં. એ શક્કરકંદમાં ઓલી લાલ છાલ છે જરી એને જો લક્ષમાં ન લ્યો તો એ શક્કરકંદ છે. સાકરની મીઠાશનો કંદ છે આખો. અધશેર, પોણોશેર શક્કરિયું એક આવડું મોટું. મોટા-મોટા થાય છે. એ લાલ છાલને લક્ષમાં ન લ્યો તો એ આખો શક્કરકંદ, સાકરના મીઠાશનો પિંડ જ છે ઈ. આહા..હા..! એમ આ ભગવાન આત્મા શુભ અને અશુભના રાગની છાલને લક્ષમાં ન લ્યો. આહા..હા..! કોને ખબર શું છે આ? એ છાલ છે એની પાછળ ભગવાન જે છે એ તો અતીન્દ્રિય આનંદનો કંદ છે. આહા..હા..!

સમજાણું કાંઈ? અજ્ઞાની ઓલી છાલને વેદે છે. જ્ઞાની અંદર આનંદને વેદે છે. આહા..હા..! આવી શરતનો માર્ગ. લોકોને લાગે કે આ તો બધી નિશ્ચયની વાત, નિશ્ચયની વાત, પણ નિશ્ચય એટલે સત્ય. વ્યવહારની વાત એટલે ઉપચાર અને અસત્ય. આહા..હા..! સમજાય છે કાંઈ? નિશ્ચયની અપેક્ષાએ અસત્ય, એની અપેક્ષાએ સત્ય છે. પર્યાય પર્યાયમાં છે, રાગ રાગમાં છે, પણ અહીં વેદનની અપેક્ષાએ જ્યાં લેવું છે... આહા..હા..! ત્યારે રાગ શુભભાવ જે ભગવાનની જાત્રાનો અરે! સાક્ષાત્ ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજે છે મહાવિદેહમાં, ત્યાં અનંતવાર જન્મ્યો છે જીવ. એ સમવસરણમાં અનંતવાર જઈ આવ્યો છે. અનાદિકાળનો અનંત અવતાર કરતાં... કરતાં... કરતાં... રખડતાં, ઢોરના, નરકના, કીડાના, કાગડાના ભવ કરીને મનુષ્યના ભવ મહાવિદેહમાં પણ અનંતા કર્યા છે અને મહાવિદેહમાં ભગવાનની ગેરહાજરી કોઈ દિ' હોય નહિ. એક પછી એક તીર્થંકરો, કેવળીઓ ત્યાં બિરાજતા જ હોય છે. તો અનાદિકાળમાં અનંતવાર મહાવિદેહમાં જન્મ્યો ત્યારે અનંતવાર સમવસરણમાં ગયો છે. સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવ એના દર્શન કર્યા છે, એની પૂજા કરી છે, એની આરતી ઉતારી છે. એ બધો ભાવ તો રાગ છે, શુભ છે. આહા..હા..! અજ્ઞાની એ શુભને ધર્મ માનીને વેદે છે. ધર્મી તેને શુભભાવ આવે તેનો કર્તા અને ભોક્તા થયા વિના જાણનાર રહેતો આત્માના આનંદને વેદે છે. આહા..હા..! ભારે મોંઘુ ભાઈ આવું! આહા..હા..! સહેલો સટ માર્ગ હતો. દયા પાળવી, આ વ્રત કરવા અહિંસા, સત્ય, છપરબી બ્રહ્મચર્ય પાળવું, છપરબી કંદમૂળ ન ખાવા, રાત્રે ચોવિહાર (કરવો). ધર્મ એવો સહેલો હતો. ધૂળમાંય ધર્મ નથી ત્યાં સાંભળને. આહા..હા..! એ તો બધી રાગની ક્રિયાઓ હતી અને 'રાગની ક્રિયા મારી છે અને હું કર્તા છું' એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહા..હા..! લ્યો!

'**इति एवं नियमं निरूप्य**' આહા..હા..! '**આવો નિયમ...**' છે. તત્ત્વનો આવો નિયમ છે. આહા..હા..! છે? '**નિયમ બરાબર વિચારીને—**' આહા..હા..! આવો જ નિયમ છે એમ બરાબર વિચારીને. '**निपुणैः अज्ञानिता त्यज्यताम्**' '**નિપુણ પુરુષો...**' હે ડાહ્યા પુરુષો! આહા..હા..! '**નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો...**' આહા..હા..! એ રાગનું મારાપણું માનીને વેદવું છોડી દે. પ્રભુ! તું દુઃખી થયો છો અનંતકાળથી. આહા..હા..! લ્યો આવો ઉપદેશ. બાયડી, છોકરા છોડે, દુકાન છોડે, ધંધો છોડ એ તો બધું પર છે. એ કે દિ' પકડ્યું હતું તે છોડે? પરનો ગ્રહણ-ત્યાગ આત્મામાં ત્રણકાળમાં નથી. ફક્ત આ રાગ મારો અને પુણ્ય પરિણામ મારા એવી જે પક્કડ કરી છે તેને ગ્રહ્યો છે તે મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એને હવે તો છોડ. બાપુ! આવા અવસર મળ્યા, ટાણા મળ્યા. આહા..હા..! મનુષ્યપણાના અવતાર જિનેન્દ્રદેવના સંપ્રદાયમાં—વાડામાં જન્મ અને જિનેન્દ્રદેવની સત્ય વાણીને કાને પડવાનો કાળ. આહા..હા..!

એથી કહે છે, '**આવો નિયમ બરાબર વિચારીને-નક્કી કરીને.**' '**निपुणैः अज्ञानिता**

**त्यज्यताम्**' ધર્મી પુરુષોએ રાગને પોતાનો માનવું છોડી દઈ. આહા..હા..! '**शुद्ध-एक-आत्ममये महसि**' '**શુદ્ધ એક-આત્મામય તેજમાં...**' '**महसि**' એટલે તેજ. શુદ્ધ એક આત્મા ચૈતન્યપ્રકાશના તેજનું પૂર પ્રભુ આત્મા. આહા..હા..! જેમ આ સૂર્ય જડ પ્રકાશનો પિંડ, આ ભગવાન ચૈતન્યના પ્રકાશનું પૂર, તેજનું પૂર છે ચૈતન્યના તેજનું પૂર છે. આહા..હા..! અરે! આવી વાત! ક્યાં હશે? છે, પણ નજર કરી છે ક્યાં? આહા..હા..! મોટો દરિયો પાણીથી ભર્યો હોય, પણ દરિયાને કાંઠે ચાર હાથનું કપડું આડું રાખ્યું હોય તો જોનારની નજરમાં કપડું આવે, દરિયો ન આવે. કારણ કે ચાર હાથનો ઊંચો અને કાં ચાર હાથનું કપડું રાખ્યું હોય દરિયાને કાંઠે. કપડું દેખાય, ઓલું ન દેખાય. આહા..હા..! એમ અજ્ઞાનીને દરિયો ભર્યો છે આનંદનો એમાં નજર નથી અને પુણ્ય ને પાપના વિકારની આડમાં નજર છે, એથી ભગવાન ભાળતો નથી, એ ભગવાનને ભાળતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ વીતરાગનો હશે? ભાઈ! અત્યારે તો સંપ્રદાયમાં એય ધમાલું ચાલતી હોય લ્યો. આ પુનમથી એકદમ લ્યો આ પુનમની જાત્રામાં કેટલા માણસ આવે છે, કેટલા આવે છે અત્યારે અહીં. અમદાવાદથી ને ચારેકોરથી અહીં આવે. વચમાં આવે તો દર્શન કરે. હજારો માણસો.

એક તો આવ્યો હમણા બિચારો બહુ પ્રેમી. શાંતિભાઈ કામદાર છેને ત્યાં, નહિ? બોટાદવાળા નહિ? એ કહે અમારા મકાનમાં રહે છે. આવી ગયા છે. પગલા પણ કર્યા છે. બહુ ખુશી થયા, બહુ ખુશી થયા. ડોસો હતો ૮૫ વર્ષનો ગૃહસ્થ માણસ. એના મકાનમાં શાંતિલાલ કામદાર બોટાદવાળા ત્યાં રહે છે એના મકાનમાં. ડોસો આવ્યો હતો બિચારો. આવી જાય બધા. શેત્રુંજય જાયને. મોટા ઓલા દેખેને આ ત્રણ મોટા આવડા શિખર. અરે! ભગવાન! પણ શિખર એ નહિ. આનંદનો શિખર ભગવાન અંદર છેને. આહા..હા..! એને નજરમાં કેમ નથી આવતો? કે એને પુણ્ય અને પાપના વિકારની આડમાં તેની દૃષ્ટિમાં ઓલો ખોવાઈ ગયો છે આખો. આહા..હા..! પર્યાયબુદ્ધિમાં પુણ્ય અને પાપ અને અલ્પજ્ઞદશા તેની રુચિમાં, એની આડમાં ભગવાન દરિયો ભર્યો છે અંદર એ એને દેખાતો નથી. તો અહીં કહે છે કે એકવાર છોડને હવે, એ પડયંતને તોડને, આહા..હા..! તને દરિયો દેખાશે. આહા..હા..! ભવાબ્ધિ. આ સંસારને કહે છેને ભવાબ્ધિ. ભવનો દરિયો છે એ. આ રાગ અને દ્વેષના પરિણામ તરીકે અવતરવું એ ભવાબ્ધિ, ભવસિંધુ, ભવનો દરિયો. આનીકોર આનંદનો દરિયો ભગવાન છે. આહા..હા..! અંતરમાં જેના સ્વભાવનું માપ, હદ નથી એવા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંત પ્રભુતાની ઈશ્વરતાથી ભરેલો ભગવાન છે એને અનુભવ અને આ રાગની દશાને છોડ. આહા..હા..! 'એ રાગ મારો છે ને મારું કર્તવ્ય છે' એ છોડ, પ્રભુ! તને હિત કરવું હોય તો. આહા..હા..! આવો મોંઘો? કોઈપણ એનો રસ્તો બીજો સોંઘો હશે? ભાઈ! પાંચ કરોડની મૂડી હોય અને પચાસ લાખ આપી દે. લ્યો! તો

ધર્મ થાય કે નહિ?

**શ્રોતા :-** પાંચેય કરોડ આપી દે તોપણ શું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવા તો વાણિયા આપે નહિ. એ કરોડની મૂડી હોય તો વળી દસ-વીસ હજાર કાઢે, દસ-વીસ હજાર, પચ્ચીસ હજાર, લાખ-બે લાખ ખર્ચે. પણ એ કાંઈ ધર્મ છે? બાપુ! એમાં રાગની મંદતા કરી હોય તો પુણ્યભાવ, શુભભાવ છે અને દેખાડવા માટે (કર્યું હોય કે) 'જગતમાં હું દાની છું અને મેં આમ કર્યું' તો એ તો બધો પાપભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે આવો નિયમ જાણીને. '**अज्ञानिता त्यज्यताम्**' આવો જ સ્વરૂપનો નિયમ અને નિર્ણય છે કે પુણ્ય અને પાપના ભાવ, પ્રકૃતિના સ્વભાવ તેને પોતાના માનીને વેદવા એ મિથ્યાદષ્ટિપણું એ ચાર ગતિમાં રખડવાનો એ ઉપાય છે અને તેની રુચિ છોડી અને ભાગલા પાડીને વિકારથી મારી ચીજ અંદર ભિન્ન છે (એમ) વિભાગ કરી નાખ્યા જેણે. આહા..હા..! એ વિભાગ, વહેંચણી કરીને અજ્ઞાનને છોડ. આહા..હા..! એ કાંઈ જાણપણા કરે તોપણ છૂટે નહિ એ કહેશે હવે ૩૧૭ ગાથામાં.

'**અને શુદ્ધ એક આત્મામય તેજમાં...**' '**शुद्ध-एक-आत्ममये महसि**' શુદ્ધ ચૈતન્યમય આત્મામય, આનંદમય, એનું તેજ ચૈતન્ય તેજ છે અંદર. આહા..હા..! એમાં '**નિશ્ચળ થઈને...**' ભગવાન આત્મા અનંત જ્ઞાનના તેજથી ભરેલું તત્ત્વ છે. આહા..હા..! એમાં એ પુણ્ય અને પાપના વિકલ્પોનો રાગનો તો એમાં અભાવ છે, તે તેજમાં નિશ્ચળ થા, તને આનંદ આવશે અને તારી અલ્પકાળમાં મુક્તિ થશે. આહા..હા..! આવો માર્ગ છે. ઓલા બધા વાતું એવી કરી કે આ કરો... આ કરો... આ કરો... હવે એનાથી આ બધું વિરુદ્ધ લાગે. આહા..હા..! જાત્રા કરો, ભક્તિ કરો ભગવાનની, ભગવાનની માળા ગણો બસ, નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... તું લાખવાર ગણ ને અનંતવાર ગણ તો એ ભાવ શુભ છે, એ પુણ્યભાવ છે અને એનો પોતાનો માનીને વેદવું તે મિથ્યાદષ્ટિપણું છે. ભાઈ! આવો માર્ગ! બાપુ! આ તો અપૂર્વ વાત છેને? પૂર્વે કોઈ દિ' કરી નથી. અનંતકાળમાં રઝળતા, રખડતા કોઈ દિ' એક સેકન્ડ પણ આ તત્ત્વને સંભાળ્યું નથી એણે. એ એમાં તત્ત્વ નથી એવા તત્ત્વને એણે સંભાળ્યું છે. પુણ્ય ને પાપના ભાવ જે સ્વતત્ત્વમાં નથી એની સંભાળ કરીને તેમાં રોકાઈને ચૈતન્યને ભૂલી ગયો છે એ. સમજાણું કાંઈ?

અહીંયાં આચાર્ય કરુણા કરીને કહે છે, ભગવાન! તારા ઘરમાં ચીજ પડી છેને, પ્રભુ! આહા..હા..! એને હવે સંભાળવા અજ્ઞાનપણું છોડી દે. આહા..હા..! જુઓને ભાષા કેવી છે! કરુણાની ભાષા છે. કહે છે, પ્રભુ! એ અજ્ઞાનપણું નિપુણ પુરુષોએ છોડી દેવું. આહા..હા..! અને છોડીને કરવું શું? '**शुद्ध-एक-आत्ममये महसि**' '**શુદ્ધ એક-આત્મામય તેજમાં નિશ્ચળ થઈને જ્ઞાનીપણાને સેવો.**' એ જ્ઞાન અને આનંદસ્વરૂપ ભગવાન છે એની સેવા કર.

આહા..હા..! ભગવાનની સેવાથી પણ પુણ્ય છે. આ જ્ઞાની એવો ભગવાન આત્મા એની સેવા કર. આહા..હા..! અજ્ઞાનીપણું છોડ, જ્ઞાનીપણાનું સેવન કર એમ કહે છે. આહા..હા..! ભાષા તો બહુ થોડી છે, પણ ભાવ બહુ આકરા છે. કાંઈ એને પડી નથી. મારું શું થાશે? આ દેહ છૂટશે તો ખરો. આ તો જડ, માટી, ધૂળ છે. એ તો મુદતે છૂટશે. જઈશ અહીંથી ક્યાં? ભવાબ્ધિ. ભવરૂપી મોટો દરિયો ચોર્યાસીના અવતાર ત્યાં અવતરશે. આહા..હા..! ત્યાં કોઈ માશીબા બેઠી નથી, પાંજરાપોળ નથી કે ત્યાં ધ્યાન રાખે એનું. આહા..હા..! એ નરકના ભવો, એ કીડા, કાગડા, મીંદડા, કૂતરાના ભવો, અરે! એવા કરી-કરીને અનંતકાળ ગયો. જો આ મિથ્યાત્વ ન ટાળ્યું અને અજ્ઞાન ન ટાળ્યું તો પાછી એની એ દશા છે કહે છે. આહા..હા..! એના દૃઢ સંસ્કાર તો નાખ અંદર. આહા..હા..! એ રાગ એ હું નહિ, ચૈતન્ય સ્વરૂપ ભગવાન તે હું. સમાધિશતકમાં એ બહુ લીધું છે, ભાઈ! સંસ્કાર-સંસ્કાર શબ્દ. સમાધિશતકમાં. સંસ્કાર શબ્દ બે-ત્રણ-ચાર ગાથામાં આવે છે. અહીંયાં તો ઊંધા સંસ્કાર પડ્યા છે તો રખડી રહ્યો છો. જ્ઞાનીને આત્માના સંસ્કાર છે તેથી રખડવાનું બંધ છે. એને પણ એમ લીધું છે. એ જ્ઞાની પણ જો પોતાના સ્વરૂપને પાછો ભૂલી જાય, પૂર્વના સંસ્કારને લઈને. એમ લીધું છે. સમાધિશતક. આહા..હા..! વળી પાછો રાગ ને પુણ્યના, પાપના ભાવને મારા માની, એ પૂર્વે માન્યા હતા એવું યાદ આવી પાછા સંસ્કારમાં જોડાઈ જાય તો એ પણ અજ્ઞાની છે. આહા..હા..! મૂળ પાઠમાં છે હોં! શ્લોકમાં. ત્રણ-ચાર શ્લોક છે એમાં એક શ્લોક આ છે. આહા..હા..!

**'હવે, 'અજ્ઞાની વેદક જ છે' એવો નિયમ કરવામાં આવે છે...'** શું કહે છે? જેને આત્મા શુદ્ધ ચૈતન્ય આત્મા આનંદ એની જેને ખબરું નથી, ઓળખાણ નથી, શ્રદ્ધા નથી, વેદન નથી, એ અજ્ઞાની પુણ્ય અને પાપના વિકારીભાવનો અનુભવનારો વેદક જ છે, એ દુઃખી છે, એ દુઃખને વેદે છે એને આત્માના આનંદની ખબરું નથી. આહા..હા..! **'(અર્થાત્ 'અજ્ઞાની ભોક્તા જ છે' એવો નિયમ છે—એમ કહે છે) :—'** ૩૧૭.

ण मुयदि पयडिमभव्वो सुट्ठु वि अज्झाइदूण सत्थाणि।
गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति।।३१७।।

**સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.**

સુરીતે હોં પાછું. આહા..હા..!

આહા..હા..! **'ટીકા :- જેમ આ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી...'** સર્પ છે એની દાઢમાં ઝેર છે, એને તો એ છોડતો નથી. **'અને વિષભાવ છોડાવવાને (મટાડવાને) સમર્થ એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી,... '** આહા..હા..! જોયું! સાકરસહિત દૂધ. બે શેર, પાંચ શેર પાઓ તોપણ એ ઝેરને છોડતું નથી.

આહા..હા..! સમજાણું કાંઈ? કાળા નાગ હોય છે આમ મોટા એને, કહે છે કે સાકરસહિત દૂધ પાઓ, એની મેળાએ તો ઝેર છોડતો નથી, પણ સાકરસહિત દૂધ પીતા પણ છોડતો નથી. આહા..હા..! જુઓને દૃષ્ટાંત કેવો આપ્યો છે! કારણ કે તેને સદાય... આહા..હા..!

'**તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી...**' હવે દૃષ્ટાંતનો સિદ્ધાંત. ઓલો તો દૃષ્ટાંત હતો. અભવિ જીવ છે એ તો દૃષ્ટાંત તરીકે. એ અભવિ જેમ સર્પ પોતાની મેળાએ ઝેર છોડતો નથી, પણ જે ઝેર છોડાવાના નિમિત્ત સાકરસહિત દૂધ તેને પીતા પણ તે ઝેર છોડતો નથી. '**તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી...**' આહા..હા..! આ તો દૃષ્ટાંત છે હોં! ભવિ જીવ પણ અભવિની પેઠે મિથ્યાત્વના ઝેરને છોડતો નથી. આહા..હા..! '**અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ...**' આહા..હા..! '**એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી;...**' શાસ્ત્રનું જ્ઞાન કરે. શાસ્ત્રમાં તો લેખ એવા હોય છે કે રાગથી ભિન્ન થા અને પ્રભુ તારું જ્ઞાન કર. અમે સંભળાવ્યું છે તેને છોડી દઈને હવે તું તારું જ્ઞાન કર એમ કહે છે. આહા..હા..!

'**દ્રવ્યશ્રુતના જ્ઞાનથી...**' દ્રવ્યશ્રુત કેવા છે? ભગવાનની વાણી ત્રિલોકનાથ તીર્થંકરદેવ, એની દિવ્યધ્વનિની વાણી આગમ-પરમાગમ. આહા..હા..! '**દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી;...**' એનું જાણપણું કરે અગિયાર અંગનું નવ પૂર્વ સુધીનું. આહા..હા..! પણ તે મિથ્યાત્વને છોડતો નથી. મિથ્યાત્વ છોડવાને સમર્થ છે દ્રવ્યશ્રુત નિમિત્ત તરીકે ભગવાનની વાણી. ત્રિલોકનાથ પરમાત્માની વાણી દિવ્યધ્વનિ જ્યાં ઈન્દ્રો અને ગણધરો સાંભળે છે, મહાવિદેહમાં અત્યારે પ્રભુ બિરાજે છે. આહા..હા..! સીમંધર ભગવાન જેની વાણી દ્રવ્યશ્રુત. એ દ્રવ્યશ્રુતનું જ્ઞાન કરીને પણ અભવિ પોતાના મિથ્યાત્વને છોડતો નથી. સર્પ જેમ દૂધસહિત સાકરને પીતા પણ ઝેર છોડતો નથી. આહા..હા..! અહીં સુધી વાત લીધી છેલ્લી. ભગવાનની વાણી સાંભળવા છતાં હોં! ભગવાને કહેલા શાસ્ત્રો સિવાય કલ્પનાના શાસ્ત્રો બનાવેલા લોકોએ એને સાંભળીને તો એમાં તો મિથ્યાત્વની પુષ્ટિ છે. આહા..હા..! આ તો ભગવાનનું પરમાગમ છે જુઓ આ. પરમાગમ છે. વીતરાગની વાણી છે આ. પોણા ચાર લાખ અક્ષર. પરમાગમ વીતરાગની વાણી છે. આહા..હા..! ઝીણી વાત પડે. અને પાલિતાણે છે એ આગમવાણી કહેવાય છે, એ વીતરાગની વાણી નથી, એ તો કલ્પિત શાસ્ત્રો આચાર્યોએ બનાવેલા શાસ્ત્રો છે. એથી આચાર્ય જરી આંતરો પાડે છે. કલ્પિત શાસ્ત્રોના નામ ભગવાનના નામના આપીને વાંચે, ભણે એનાથી તો છૂટે નહિ, કારણ કે એ પુસ્તક તો મિથ્યાત્વનું પોષક છે. આહા..હા..! આકરી વાતું છે, બાપુ!

'**દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી; કારણ કે...**' જોયું! પણ દ્રવ્યશ્રુત કેવા છે? કે '**પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ...**' વીતરાગની વાણી તો અજ્ઞાનનું રેચ કરાવી દે. આહા..હા..! મિથ્યાત્વનું વમન કરાવી

દે એવી વીતરાગની વાણી છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર જેને સો ઈન્દ્ર પૂજે. આહા..હા..! જેની પાસે ઈન્દ્રો આમ કૂતરીના બચ્ચાની જેમ શાંત થઈને સાંભળે એવી ત્રિલોકનાથ તીર્થંકરની વાણી, એવા દ્રવ્યશ્રુતમાં મિથ્યાત્વને છોડવાનું નિમિત્તનું સામર્થ્ય છે એમાં કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં જેમ દૂધસહિત સાકર ઝેર છોડવાનું નિમિત્ત સામર્થ્ય હતું, એમ આ વીતરાગની વાણી એને મિથ્યાત્વ છોડવાનું નિમિત્ત છે એ સામર્થ્ય છે. આહા..હા..! એને વાંચીને, ભણીને પણ. આહા..હા..! 'કારણ કે **તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના અભાવને લીધે,...**' એ દ્રવ્યશ્રુતને ભણીને પણ ભાવશ્રુત જે આત્માનું જ્ઞાન છે તેનું ભાવશ્રુત જે અંદર થવું, આનંદના વેદનસહિત શ્રુતજ્ઞાન થવું એનો એને અભાવ છે. આહા..હા..! ક્યાં સુધી વાત લઈ ગયા જોયું! દ્રવ્યશ્રુતનું જાણવું છે તોપણ શું? કહે છે. આહા..હા..! ભગવાન આત્મા અંદર ભાવશ્રુતથી જણાય એવી ચીજ છે, નિર્મળ વીતરાગી પર્યાયના ભાવશ્રુતથી તે જણાય એવો આત્મા છે. એનો એને અભાવ છે. આહા..હા..!

અહીં તો ત્યાં સુધી લઈ ગયા કે શુભ-અશુભભાવ એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભભાવ એ પ્રકૃતિનો સ્વભાવ, એને પોતાનો માનીને વેદે છે એ તો મૂઢ અને મિથ્યાદૃષ્ટિ (છે), પણ ભગવાનના શાસ્ત્રો, ત્રિલોકનાથના કથન... આહા..હા..! એનું જ્ઞાન કરીને પણ ભાવશ્રુતજ્ઞાન કરતો નથી. કહો, ધીરૂભાઈ! આ મંદિરો બનાવ્યા, આ બનાવ્યા, ફલાણા બનાવ્યા એમાં શું થયું? કોણ બનાવે? આહા..હા..! કરોડો રૂપિયા ખર્ચ્યા, આટલા મંદિરો બનાવ્યા. બાપુ! એ તો ચીજ પર છે. એમાં તારો ભાવ હોય કદાચિત્ તો શુભભાવ છે, એ પ્રકૃતિનો સ્વભાવ (છે), એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..!

ઓલો દાખલો આપીએ છીએને કેટલી વાર નહિ? કરોડપતિ માણસ હોય એનો દીકરો હોય. એ બહારચલે ચડી ગયો હોય કોઈ. એકનો એક દિકરો પરણેલો હોય, ખાનદાની દીકરી હોય ઘરે વહુ તરીકે બૈરા, પણ કોઈ વાઘરણ કે કોળણની સાથે ચડી ગયો તો પટારામાંથી માલ-બાલ પૈસા લઈને પણ લઈ જાય. એનો બાપ એમ કહે, દીકરા! એ ભર્યા ભાણા મૂકીને તું વ્યભિચારમાં જા છો, બાપુ! એ આ પૈસા નહિ રહે હવે. જ્યાં ત્યાં દેવા પટારામાંથી લઈ જા છો, બાપુ! આહા..હા..! ઘરે ભર્યું ભાણું ખાનદાનની દીકરી પડી છે, એને છોડીને બેટા! તું ક્યાં ગયો? બાપા! ભાઈ! આ ઘર નહિ ખમે હવે. આહા..હા..! એમ ધર્મપિતા ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે, હે જીવ! આહા..હા..! ભર્યું ભાણું અંતર અનંતઆનંદ પડ્યો છે એમાં, એના સેવન અને ભાવશ્રુતથી એને જાણતો નથી અને રાગની ક્રિયાના વ્યભિચારમાં ગયો, ભાઈ! આ ઘર નહિ ખમે હવે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ આત્મઘર નહિ રહી શકે હવે. રાગને રસ્તે ચડી ગયો એ વ્યભિચારમાં ગયો, ભાઈ! આહા..હા..! બાપુ! તારો સ્વભાવ તો વીતરાગ... આહા..હા..! એના સ્વભાવના ભર્યા ભાણા મૂકી દઈ અને ખાલી ભાગ રાગમાં કાંઈ તારો આનંદ નથી ત્યાં. આહા..હા..! એવા પુણ્યના, પાપના ભાવને

રસ્તે ચડી ગયો વ્યભિચારી, બાપુ! ઘર નહિ ખમે હવે. આહા..હા..! હવે છોડને પ્રભુ! ઘરે .. પડી છેને. આહા..હા..! એ કન્યા ઊંચું માથુ ન કરે, ખાનદાનની દીકરી છે. એને છોડીને તું આ ક્યાં ગયો? પરમાત્મા સંતો કરુણાથી કહે છે એ ધર્મપિતા. આહા..હા..! એમ કહે છે, પ્રભુ! એકવાર વિચાર કરને. એમ છોડી દે અજ્ઞાનને હવે. આહા..હા..! એ દ્રવ્યશ્રુત જે સાંભળીને પણ ઝેર નહિ છોડ તો કે દિ' છોડીશ હવે? આહા..હા..!

જે દ્રવ્યશ્રુત કેવું છે એમ કીધુંને સાથે? આહા..હા..! '**પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ...**' છે. દ્રવ્યશ્રુત શાસ્ત્ર ભગવાનના. કારણ કે ભગવાનના શાસ્ત્રમાં કથન એ છે કે રાગને છોડ અને સ્વભાવનો આદર કર. ભગવાનના શાસ્ત્રમાં વીતરાગતા બતાવવી છે. આખા ચારેય અનુયોગનો સાર તો વીતરાગતા છે. એવા દ્રવ્યશ્રુતને સાંભળીને પણ તેં વીતરાગતા ન પ્રગટ કરી અને રાગમાં માનીને બેઠો તું ધર્મ અને આ લાભ. આહા..હા..! તને દ્રવ્યશ્રુતથી કાંઈ લાભ ન થયો. તને આવું સાંભળવાનું મળ્યું, તને એનું જ્ઞાન થયું. આહા..હા..! અને એમાં કહ્યું હતું કે સ્વસન્મુખ થા એ ચારેય અનુયોગનો સાર છે. ૧૭૨ ગાથામાં આવે છેને વીતરાગતા. સારા શાસ્ત્રનો સાર વીતરાગતા એટલે કે પરસન્મુખની દૃષ્ટિ છોડીને સ્વસન્મુખ થા, એ ચારેય અનુયોગનું વીતરાગના શાસ્ત્રનું કથન છે. એણે પણ તને લાભ ન કર્યો. આહા..હા..! એકલું દૂધ નહિ, સાકરવાળું દૂધ. એમ આ સારા ભગવાનની વાણી કે જે વીતરાગતા બતાવનારી આહા..હા..! એવી વાણીને સાંભળીને પણ, એનું જ્ઞાન કરીને પણ અંતર સન્મુખ થઈને ભાવશ્રુત પ્રગટ ન કર્યું તો શું કર્યું તેં? આહા..હા..! છે?

'**કારણ કે તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના અભાવને લીધે,...**' આહા..હા..! આથી '**અજ્ઞાનીપણું છે.**' આહા..હા..! '**આથી એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ એવો નિયમ ઠરે છે) કે અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી...**' અજ્ઞાની તો એ રાગના, પુણ્ય અને પાપના, દયા ને દાન, વ્રત ને ભક્તિના ભાવ એ '**પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી વેદક જ છે...**' એ તો વિકારનો વેદનારો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્પ જેમ ઝેર છોડતો નથી, એમ આ વિકારનું વેદન છોડતો નથી. આહા..હા..! વિકારના વેદનને છોડાવવામાં સમર્થ એવી વીતરાગની વાણી એને કાને પડી, તને ખ્યાલમાં જ્ઞાન થયું એ જાતનું છતાં તું પરની રુચિ અને પરનો ભાવ મારો તે છોડતો નથી, ભગવાને તો પરની રુચિ અને પરનો ભાવ તારો નથી એમ કહ્યું છે એમાં તો. આહા..હા..! કહો, પંડિતજી! આહા..હા..! બહુ સરસ! અભવિનું તો દૃષ્ટાંત છે હોં! વળી કોઈ કહે કે એ તો અભવિને માટે છે. આ તો અભવિનો તો દૃષ્ટાંત છે કે એને આવા દ્રવ્યશ્રુતનું જ્ઞાન હોવા છતાં, ભાવશ્રુત કરતો નથી. અંદરમાં તેની પર્યાયમાં એ વાંધા છે આખા. એની પર્યાયબુદ્ધિ કોઈ દિ' છૂટતી નથી. એમ અજ્ઞાની ભવિ જીવ એને દ્રવ્યશ્રુતને સાંભળવાનું મળ્યું, અગિયાર અંગનો ઉઘાડ પણ થયો. આહા..હા..! અને એમાં કહેલું કે 'સ્વસન્મુખ થા, રાગનું વેદન

છોડ, સ્વરૂપનું વેદન કર' એવું સાંભળીને જ્ઞાન થયા છતાં ભાવશ્રુત કરતો નથી ભવિ એ પણ અભવિ જેવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? '(-**કર્મનો ભોક્તા જ છે**).' ભાવાર્થ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૧૪, ગુરુવાર, તા. ૩૦-૦૬-૧૯૭૭, ગાથા-૩૧૬-૩૧૭, પ્રવચન નં. ૩૮૨

આ સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૩૧૭નો ભાવાર્થ. '**આ ગાથામાં, અજ્ઞાની...**' એટલે શું કહે છે? આ આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિયજ્ઞાનની મૂર્તિ છે એવું જેને અંતર ભાન નથી, એવા અસ્તિત્વની મહાસત્તાની જેને અંતર અનુભવદશા નથી તેને અજ્ઞાની કહે છે. અ-જ્ઞાની. વાસ્તવિક જે ચિદાનંદસ્વરૂપ પરમ પવિત્ર એને ન જાણતાં પુણ્ય અને પાપના ભાવ, શુભાશુભ રાગ એને પોતે પોતાનો માની અને સ્વરૂપને ભૂલી ગયો. એને અહીંયાં અજ્ઞાની કહેવામાં આવે છે. '**અજ્ઞાની કર્મના ફળનો ભોક્તા જ છે—**' એટલે કે જે કાંઈ હરખ-શોક થાય એને એ ભોગવે છે. એને હરખ-શોક વિનાની ચીજ આત્મા આનંદ છે એનું એને ભાન નથી. ઝીણી વાત છે, ભાઈ! ડોક્ટર આવ્યા છે? પાછળ બેઠા. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર જેને ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન આત્મામાં છે એ પ્રગટ થયું છે એવા સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં આ આવ્યું કે જેને આ આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે એવું જેને અંતરમાં સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી, તેના સન્મુખનો અનુભવ નથી એવો અજ્ઞાની કર્મફળનો ભોક્તા છે. એ તો કર્મના નિમિત્તના લક્ષે જે શુભ-અશુભભાવ થાય એને એ કર્તા થઈને ભોગવે છે. ઝીણી વાત છે. અંદર જે અનુકૂળ સંયોગો હોય એના ઉપર લક્ષ જતાં હરખભાવ થાય રાજીપો, પ્રતિકૂળ સંયોગ દેખતા એના ઉપર શોક થાય. એ શોક અને હરખને અજ્ઞાની આત્માના ભાન વિનાના, સમ્યગ્દર્શન વિનાના જીવ એ હરખ-શોકને વેદે છે. એ હરખ-શોક દુઃખ અને દુઃખનું ફળ છે એ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ!

'**એવો નિયમ કહ્યો.**' એવો નિશ્ચય કહ્યો. '**એવો નિયમ કહ્યો.**' સર્વજ્ઞ પરમેશ્વરે સંતો વીતરાગી સંતો જેને અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન છે, એને સંત કહીએ એને સાધુ કહીએ. આહા..હા..! એ સંતોએ એમ નિયમ કર્યો છે કે જેને આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે, એનું જેને વેદન નથી એટલે કે એનું જેને જ્ઞાન નથી એટલે કે એવા સ્વરૂપ તરફની જેની સન્મુખ દૃષ્ટિ નથી, એની દૃષ્ટિ હરખ-શોકના પરિણામમાં રોકાઈને તેને વેદે છે. આહા..હા..!

સમજાય છે કાંઈ? આવી વાત છે બાપુ, અહીં તો. આહા..હા..! છેને?

**'અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે.'** એટલે? જીવની બે જાત છે. જેમ અનાજ, કઠોળ, મગ, અડદ એમાં બે પ્રકાર છે. એક કોરડું. કોરડું થાય છેને ભાઈ! કોરડું મગ, મઠ, અડદ કે જે .. થાય, પણ બફાય નહિ. એવી અનાજમાં એક જાત કોરડું. હોય બહુ થોડા. જોકે તાજા નવા હોયને અડદ, મગ એ તાજામાં તો બહુ ઘણાં ચડે એવા હોય. હજી ન ચડે એમાં હજી તાજામાં હોય, પણ ન ચડે એવા બધાય કોરડું હોય એમ નહિ. કોરડું તો બહુ થોડાં. ૨૫-૫૦-૧૦૦માં એકાદ કોરડું હોય કે જેને પાણીમાં બાફો તો બફાય નહિ એવો ને એવો રહે. એમ જીવની બે જાત છે. એક જીવ કોઈ રીતે આત્માના આનંદનો એને અનુભવ હોય નહિ. આહા..હા..! એને અભવિ કહે છે. અભવિ એટલે નાલાયક. અતીન્દ્રિય આનંદના આ આત્માનું સ્વરૂપ ભગવાન પરમાત્માએ કહ્યું એવું અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ એને વેદનમાં આવે નહિ કોઈ દિ'. એને તો એ હરખ અને શોક, વિકારીભાવ, વિભાવભાવ, ઊલટા ચૈતન્યના સ્વભાવથી ઊલટા વિપરીત ભાવ એનું એને સદાય વેદન હોય છે. આહા..હા..! આવું સાંભળવું, બેસવું કઠણ પડે હજી, શું કહે છે આ? ગ્રીક-લેટિન જેવું લાગે. ભાઈ! માર્ગ બહુ ઝીણો છે, ભાઈ!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા અને અતીન્દ્રિય આનંદ જેને શક્તિરૂપે હતો એ પૂર્ણ પ્રગટ કર્યો અને અનંતજ્ઞાન જેને પ્રગટ સર્વજ્ઞ થયો, એ પરમાત્માના જ્ઞાનમાં આવ્યું એવું ઈચ્છા વિના વાણીનો ધોધ ૐ નીકળ્યો. ૐ. એને આવી વાણી ન હોય એને. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ૐ એવો અવાજ આખા શરીરમાંથી (નીકળે). એમાંથી સંતો, અનુભવીઓ શાસ્ત્ર રચે એને આગમ કહીએ. એ શાસ્ત્રની રચના માયલું આ એક શાસ્ત્ર છે. સમજાણું કાંઈ? એમાં એમ કહેવામાં આવ્યું છે કે અભવિ એક જીવ છે અનંતમા ભાગના. બાકી મોક્ષને લાયક જીવો અનંતગુણા છે. જેમ ઓલા કરોડા રહે એવા (અભવિ થોડા) હોય છે. આ ગીતાજીમાં આસુરી પ્રકૃતિ એમ કીધું, પણ એ આસુરી પ્રકૃતિવાળા પલટી શકે છે. આ પલટે નહિ કોઈ દિ' એવી ચીજ છે. સમજાણું કાંઈ?

એ અભવિ જીવોનો તો દૃષ્ટાંત લીધો છે કે **'અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે. અભવ્યનો એવો સ્વયમેવ સ્વભાવ છે કે દ્રવ્યશ્રુતનું જ્ઞાન આદિ બાહ્ય કારણો મળવા છતાં...'** શું કહે છે? જેમ ઓલા કોરડું મગને લાખ પાણીનો યોગ મળવા છતાં, ઊના ધગધગતામાં એ રહ્યો છતાં એ કોઈ દિ' ચડે નહિ, એમ આ જીવ એવી જાત છે. આ તો દૃષ્ટાંત આપ્યો છે. એને શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં.. આહા..હા..! સાધુ થાય, હજારો રાણી છોડી દે, પણ અંદર નાલાયક છે, અંતર વસ્તુને અનુભવવા માટે નાલાયક છે. એથી એને શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં એમ કહે છે. જુઓ, છે? તેને દ્રવ્યશ્રુત. દ્રવ્યશ્રુત એટલે આ શાસ્ત્રો,

વાણી. એનું જ્ઞાન, એની વ્યવહારશ્રદ્ધા હોવા છતાં '**બાહ્ય કારણો મળવા છતાં અભવ્ય જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે,...**' આહા..હા..! પણ આ આત્મા આનંદસ્વરૂપ અને શુદ્ધ પવિત્ર છે એના એવા જ્ઞાનનો એને અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્ર વીતરાગી જૈન પરમેશ્વરે કહ્યા એ શાસ્ત્રો એને સાંભળતા છતાં અને ખ્યાલમાં આવવા છતાં એ આત્મા આનંદસ્વરૂપ છે એવું એને સમ્યગ્દર્શન કે એવું એને સમ્યગ્જ્ઞાન થતું નથી. આહા..હા..! માર્ગ ઝીણો બાપુ બહુ, ભાઈ! એમાં વર્તમાન તો એવી ગડબડ થઈ ગઈ છે કે આત્મજ્ઞાન જ વાત રહી ગઈ. આત્મવિદ્યા, આત્મજ્ઞાન શું ચીજ છે? એ વાત (જ રહી ગઈ). આ કરો... આ કરો.. આ કરો... વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો. એ બધી રાગની ક્રિયા, એ કોઈ આત્માની ધર્મ ક્રિયા નથી. આહા..હા..!

અહીં કહે છે કે એ '**દ્રવ્યશ્રુતનું જ્ઞાન આદિ બાહ્ય કારણો મળવા છતાં અભવ્ય...**' નામ નાલાયક '**જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે,...**' શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આનંદનો નાથ આત્મા છે, અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. કોઈ દિ' ખબર નથીને. વસ્તુ છેને? તત્ત્વ છેને? મહા મોજૂદગી હયાતીવાળી ચીજ છે આત્મા. તો એની હયાતી મૂળ તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિયજ્ઞાનની હયાતીવાળું એ તત્ત્વ છે. સમજાય છે કાંઈ? આ ઈન્દ્રિયથી જે જ્ઞાન થાય એ એનું વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! એ એને ઈન્દ્રિયથી દ્રવ્યશ્રુતનું જ્ઞાન થાય છે કહે છે. છતાં અંતર આત્મા અંદર આનંદનો નાથ છે તેમાં એ જાતો નથી, એને એ પહોંચતો નથી, પહોંચી વળતો નથી, એનો એને અનુભવ થતો નથી. તે એક દૃષ્ટાંત દીધો છે. '**સ્વભાવ બદલતો નથી; માટે, આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં...**' આહા..હા..! શાસ્ત્રજ્ઞાન હોય. .. ભારવાહી. ગધેડા ઉપર ચંદનના લાકડા ભર્યા હોય, પણ એની કાંઈ એને સુંગધ, એને એનો લાભ છે કાંઈ? આહા..હા..! સમજાણું કાંઈ? એ '**શાસ્ત્રોનું જ્ઞાન વગેરે...**' વગેરે એટલે? એને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ હોય વ્યવહારે. આહા..હા..! નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા પણ હોય. આહા..હા..! એ પંચમહાવ્રત પાળતો હોય. આહા..હા..! અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, પણ એ બધો વિકલ્પ છે, રાગ છે. જ્ઞાનાનંદસ્વભાવ છે એ એનું સ્વરૂપ નથી વિકાર. આહા..હા..! એવા '**જ્ઞાન વગેરે હોવા છતાં જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી...**' પવિત્ર પ્રભુના વેદનમાં ગયો નથી. આહા..હા..!

'**અર્થાત્ અજ્ઞાનીપણું છે, ત્યાં સુધી તે નિયમથી ભોક્તા જ છે.**' નિશ્ચયથી તે વિકારનો જ ભોક્તા છે. આહા..હા..! કર્મચેતના અને કર્મફળ, રાગ-રાગ અને કર્મફળ એ રાગનું ફળ જે હરખ અને શોક એને ભોગવે. હરખ-શોક વિનાની ચીજ મારી છે અંદર એના ઉપર એની નજર જતી નથી, એનો એને અનુભવ થતો નથી. માટે શાસ્ત્રજ્ઞાન પણ કાંઈ આત્માને તારી દે એમ નથી એમ કહે છે. આહા..હા..! એને આત્મજ્ઞાન જોઈએ એમ કહે છે. તું

કેવડો કેવો ક્યાં કેમ છો? એનું એને અંતરમાં સ્વસન્મુખ થઈને જ્ઞાન જોઈએ, તો એ જ્ઞાન એને તારે, પણ એકલા શાસ્ત્રના ભણતર કરે.. આ તો કહે હજી તો શાસ્ત્રના ભણતના પણ ઠેકાણા નથી અત્યારે તો. નવરો ક્યાં છે દુનિયાના પાપ આડે. વેપાર ને ધંધા, બાયડી ને છોકરા સાચવવાના વખત આખો દિ'. આહા..હા..! ૨૦ કલાક, ૨૨ કલાક એમાં જાય અને એક-બે કલાક બચે કાંઈક તો ચાલો સાંભળવા જઈએ. એ સાંભળે પાછા સંભળાવનાર એવા મળે એને કુગુરુ કે એને ધર્મને ઠેકાણે અધર્મની ક્રિયામાં ધર્મ મનાવી દે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વ્રત કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો ને પૂજા કરો ને, જે બધી રાગની ક્રિયા છે એ તો. એને ખબર નથી. એવું બતાવી જાય એટલે એનું જીવન લૂંટાય જાય છે.

શ્રીમદ્ કહે છે, એક તો વખત એને મળે નહિ ધંધો, નભાવવું બાયડી-છોકરા પકડ્યા હોય તો જાવું ક્યાં એને બિચારાને? એના માટે બિચારો બે-પાંચ હજાર પેદા કરે મહિને અને સાત-આઠ, દસ માણસ હોય અને અત્યારની આ મોંઘવારી. પંડિતજી! એમ છે. એટલે બિચારો એમાંને એમાં. એમાં નવરો એકાદ કલાક થાય સાંભળવા જાય તો કુગુર લૂંટી લે, એમ શ્રીમદ્દે કહ્યું છે. કુગુરુ એટલે કે જેને ધર્મનું ભાન નથી અને આ દયા, દાન, વ્રત ને ભક્તિમાં ધર્મ મનાવે છે એ કુગુરુ એને લૂંટી લે છે બિચારાને. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગની ઝીણી વાતું છે, ભાઈ! વીતરાગ પરમેશ્વરનો ધર્મ અપૂર્વ અને અલૌકિક છે. અપૂર્વ નામ પૂર્વે કદી કર્યો નથી અને ધર્મ કર્યો હોય એને જન્મ-મરણ હોઈ શકે નહિ. એકાદ-બે ભવે તો એની મુક્તિ થઈ જાય. આહા..હા..!

અહીં કહે છે, '**જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી...**' ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ એનો અનુભવ નથી, 'સકળ જગત છે એંઠવત.' આ આખી દુનિયા એંઠ છે. કારણ કે બધા શરીર, સ્ત્રીના શરીર, ખાવા-પીવાના પુદ્ગલો એ બધા અનંતવાર અહીંયાં અનુભવમાં આવી ગયા છે અનંતકાળથી. 'સર્વ જગત છે એંઠવત.' આખું જગત એંઠ છે. એ બધું આવી ગયું છે એના સંયોગમાં અને એના પ્રત્યેના રાગના અનુભવમાં. આહા..હા..! 'સકળ જગત છે એંઠવત અથવા સ્વપ્ન સમાન, એ કહીએ જ્ઞાની દશા બાકી વાચા જ્ઞાન.' આહા..હા..! ધર્મીને તો... આહા..હા..! મારા આનંદના અનુભવ સિવાયની બધી ચીજો, સ્વર્ગના દેવો પણ અનંતવાર હું થયો, અબજોપતિ રાજા અને મનુષ્ય પણ અનંતવાર થયો, હજારો હાથીનો ધણી થઈને રાજા પણ થયો, તો એ તરફના રાગ અને શુભાશુભાવને વેદ્યા. એ તરફનો ભાવ તો અશુભરાગ છે, પણ કોઈ વખતે દાનમાં, દયામાં એવામાં ગયો, શાસ્ત્રશ્રવણમાં તો એને શુભભાવ થયો, તો એ શુભભાવ પણ રાગ છે. એટલે અશુભ અને શુભના રાગના વેદનમાં એનો કાળ ગયો છે. આહા..હા..!

'**અર્થાત્ અજ્ઞાનીપણું છે...**' આહા..હા..! એ શુભના, અશુભના ભાવ એને છોડીને અંતર આનંદ પ્રભુ છે એનું જ્યાં સુધી વેદન ન કરે ત્યાં સુધી તે શાસ્ત્રને ભણે, સાધુ થાય,

રાણી છોડે, કુટુંબ છોડે, દુકાન છોડે, છતાં એ અજ્ઞાની છે. આહા..હા..! **'ત્યાં સુધી નિયમથી ભોક્તા જ છે.'** નિશ્ચયથી તે રાગનો અને હરખ-શોકનો જ વેદનારો વિકારનો. એને અવિકારી ભગવાન પૂર્ણાનંદના નાથની, આત્માની એને ખબર જ નથી અને એનું એને વેદન નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ આવી. કહો, હિંમતભાઈ! ઠીક કર્યું આ બે વ્યાખ્યાન તો સાંભળ્યા આખા. ત્યાંથી આવે છે. આવી વાતું બાપા ઓછી છે. હવે આવ્યા એટલે એને. આવી વાતું બાપા સાંભળવી મુશ્કેલ છે, ભાઈ! શું કહીએ? આહા..હા..! અત્યારે તો બધી ગડબડ-ગડબડ ચાલી છે બધી સંપ્રદાયના નામે એક કહે દયા પાળો, બીજો કહે વ્રત કરો, એક કહે અપવાસ કરો, તપસ્યા કરો, વરઘોડા કાઢો, મંદિર બનાવો એમાં ધર્મ છે, ધૂળેય નથી. આહા..હા..! ... આહા..હા..! સમજાણું કાંઈ? એ અજ્ઞાની સ્વરૂપના, સ્વરૂપ જે સચ્ચિદાનંદ પ્રભુ વીતરાગ પરમેશ્વરે આનંદનો નાથ જોયો આત્માને, એવા આનંદનું એને વેદન નથી અજ્ઞાનીને. એને તો આ રાગના હરખ ને શોકનું વેદન છે. એ અજ્ઞાની છે. આહા..હા..!

**'હવે, જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે—એવો નિયમ કરવામાં આવે છે.'** ગાથા છેને? ૩૧૮. પછી ટીકા ઓલી કોર.

**णिव्वेयसमावण्णो णाणी कम्मप्फलं वियाणेदि।**
**महुरं कडुयं बहुविहमवेयओ तेण सो होइ।।३१८।।**
**નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,**
**—કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! ૩૧૮.**

ગાથાઓ આકરી છે બાપા આ તો. આહા..હા..! ટીકા. એ બાજુ ટીકા.

**'ટીકા :- જ્ઞાની...'** એટલે ધર્મી. જ્ઞાની એટલે ધર્મી એને કહીએ.. આહા..હા..! કે **'જેમાંથી ભેદ દૂર થયા છે...'** એટલે કે અભેદનું જ્ઞાન **'એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે...'** આહા..હા..! જ્ઞાની જેમાંથી ભેદ—રાગ અને પુણ્ય-પાપ આદિથી ભિન્ન પડી ગયો છે એ. આહા..હા..! અખંડાનંદ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્યપ્રભુ એમાં એની દૃષ્ટિ છે ધર્મીની એનો એને ચૈતન્ય પૂર્ણાનંદનો નાથ એનો જેને દશામાં સ્વીકાર છે અને પુણ્ય અને પાપના હરખ-શોકના ભાવ થાય તેનો સ્વીકાર નથી, એનો એ જાણનાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી એને કહીએ. આહા..હા..! છે? **'ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન...'** ભાવશ્રુતજ્ઞાન એને કહીએ કે જે ત્રિકાળી અભેદને અનુભવે. આહા..હા..! ભલે ગૃહસ્થાશ્રમમાં હો, રાજપાટમાં પણ પડ્યો હોય ધર્મી સમકિતી, પણ એ અંતરમાં તો 'રાગનો કણ પણ મારો છે' એમ એ માનતો નથી. રાજપાટ એ ધૂળધાણી બધા માટીના, એ તો હું છું જ નહિ, એ મારા છે જ નહિ, પણ મારામાં જે ભેદ પડે છે પર્યાયનો એ ભેદ પણ હું નહિ. આહા..હા..! આ પ્રથમ ધર્મની શરૂઆત અહીંથી થાય છે. ઝીણી વાત, બાપુ! અંતર ભગવાન ચૈતન્ય ભિન્ન, પુદ્ગલથી એ રાગથી ભિન્ન એવી જે અભેદ ચીજ. અહીં તો અભેદ શ્રુતજ્ઞાનને

કહ્યું. '**જેમાથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન...**' એટલે દ્રવ્ય શાસ્ત્ર સાંભળ્યા, વાંચ્યા, જાણ્યા એનો જે વિકલ્પ છે એ પણ દૂર થઈ ગયો. આહા..હા..! શાસ્ત્ર વીતરાગના હોં! પરમેશ્વરે કહેલાં સાંભળ્યા, વાંચ્યા, એમાં જે રાગ વિકલ્પ થયો એ, એ પણ કહે છે જ્ઞાનીએ તો ભેદ દૂર કરી નાખ્યો. એ હું નહિ. આહા..હા..! હું તો અતીન્દ્રિય આનંદ અભેદ એકરૂપ તે હું છું. એવો જે ધર્મી. આહા..હા..!

'**જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના...**' જુઓ, આહા..હા..! '(**-શુદ્ધ આત્માના જ્ઞાનના-**) **સદ્ભાવને લીધે,...**' ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ એવું શુદ્ધાત્મજ્ઞાન. દ્રવ્યશ્રુતનું જ્ઞાન નહિ, પણ શુદ્ધાત્માનું જ્ઞાન. આહા..હા..! આવી વાતું હવે. નવરાશ ન મળે બિચારાને આખી જિંદગીમાં. ૨૫-૫૦ વર્ષ, ૬૦ વર્ષની જિંદગી. આહા..હા..! રળવું ને ધંધો ને એમાં હા ને હા એ બધા કરતાં એના .. વિકારી ભાવ છે એ તો. કહો, ડૉક્ટર! એણે પાછી દુકાન નાખી મુંબઈ. એવું સાંભળ્યું કે હિંમતભાઈની મદદ છે. અહીંથી છોડીને ત્યાં જશે.

અહીં પ્રભુ તો એમ કહે છે, પ્રભુ! તું એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદનો નાથ અચિંત્ય, કલ્પના વિકલ્પથી જ્ઞાનમાં જાણી શકાય નહિ એવી તારી ચીજ છે અંદર. આહા..હા..! એ ચીજનું જ્ઞાન ભાવશ્રુતજ્ઞાનથી થાય છે. આહા..હા..! એવા '**શુદ્ધાત્મજ્ઞાનના સદ્ભાવને લીધે,...**' દ્રવ્યશ્રુત નહિ. આત્મા આનંદસ્વરૂપ છે તેનું જ્ઞાન. જે જ્ઞાનમાં આત્મા આનંદસ્વરૂપ છે એવું ભાન થાય છે અથવા જે અંદર જ્ઞાનની દશા છે વર્તમાન એમાં આખો આનંદનો નાથ છે એ સ્વજ્ઞેયપણે જણાય છે એ મારું જ્ઞેય એટલે એ હું છું. આ શરીર, વાણી, મન, રાગ-દ્વેષ એ તો પરજ્ઞેય છે. પર જાણવાલાયક, પર જાણવાલાયક ચીજ છે અને હું સ્વ જાણવાલાયક ચીજ છું. આહા..હા..! જે જ્ઞાનમાં જ્ઞાનની વર્તમાન દશામાં જેની જે દશા છે તેનું તેને તે દશામાં પૂર્ણ જ્ઞાન થાય છે. આહા..હા..! આવી વાતું હવે. કહો, હિંમતભાઈ! ગાથા એવી આકરી આવી છે.

વર્તમાન દશામાં જે જ્ઞાનના પર્યાયો બદલાય છેને? વિચાર બદલાય છેને? એ બદલાય છે એવી જે જ્ઞાનની દશા એ પરના લક્ષે બદલાય છે, પણ જ્યારે તેનું ત્રિકાળી આત્માના લક્ષમાં જ્ઞાન જાય છે ત્યારે એ જ્ઞાન સ્વભાવ તરફનું થઈને બદલે છે, પરતરફનું જ્ઞાન છૂટી જાય છે ત્યાં. આહા..હા..! ભારે વાતું બાપુ આવી! સમાજને સાધારણ સમાજમાં આ? ભાઈ! માર્ગ તો આ છે. એ માર્ગને ઓળખ્યા વિના જન્મ-મરણ નહિ મટે, બાપા! એ ચોર્યાસી લાખના અવતાર કરી-કરીને હોથા નીકળી ગયા છે. વિચાર કે દિ' કર્યો છે? દરબાર! વિચાર કે દિ' કર્યો છે કે આ પહેલાં ક્યાં હતો? ક્યાં હતો? ક્યાં હતો? આહા..હા..! હું તો અનાદિનો છું. આત્મા છે એ તો અનાદિનો છે. ત્યારે રહ્યો ક્યાં? આહા..હા..! આ ભવના ભ્રમણની ચોર્યાસી લાખ યોનિમાં રખડતો.. રખડતો... રખડતો.. અહીં અત્યારે માણસ થયો છે. એણે અનંત-અનંત અવતાર કર્યા જેનો પાર નથી બાપુ! નરકયોનિ છે નીચે. એક

મનુષ્યને મારે તો અહીંયાં લોકમાં એની સાક્ષી પડે કદાચિત્, તો કોર્ટ એને એકવાર ફાંસી આપે, પણ એણે હજાર માણસને માર્યા તો એને માટે અત્યારે શું કાયદો છે? રાજમાં શું કાયદો? એને હજારવાર કાપે? હજારવાર ફાંસીએ ચડાવે? ત્યારે એણે જે હજારો મનુષ્યોને માર્યા છે એવી જે ક્રૂરતાના પરિણામ જે મહા એ પરિણામનું ફળ જ્યાં દુઃખ વેદન હોય, જ્યાં એના પરિણામ પ્રમાણે દુઃખનું વેદન જ્યાં હોય ત્યાં જન્મે તેને નારકી કહેવાય છે. આહા..હા..! એ નરકના વેદનમાં અનંતવાર ગયો, બાપુ! એ સાંભળી જાય નહિ. આહા..હા..!

કહ્યું હતુંને એકવાર? પચ્ચીસ વર્ષનો રાજકુમાર હોય, અબજોપતિ હોય, તે દિવસના લગ્ન હોય, જુવાન હોય અને પહેલી રાત્રી હોય સુહાગરાત લગનની. એમાં કોઈ એ જીવતો એમ ને એમ લઈ અને જમશેદપુરના, જમશેદપુર છેને? એની ભઠ્ઠી મોટી ભઠ્ઠી ત્યાં મોટું બહુ થાય છેને. ત્યાં અમે ગયા હતાને જોવા. એને જીવતો નાખે ભઠ્ઠીમાં અને એને જે દુઃખ થાય એનાથી અનંતગણુ દુઃખ પ્રભુ નરકની વેદનામાં નીચે દસ હજાર વર્ષની સ્થિતિએ અનંતગણું દુઃખ છે. આહા..હા..! એથી મોટી સ્થિતિ હજારો લાખો-કરોડો-અબજો વર્ષ અનંત અસંખ્ય અબજો વર્ષ જાય છે નરકમાં. એની એક પળ જાય છે એ અનંત દુઃખ છે, બાપુ! એ શું કહેવાય એને? આહા..હા..! એમાં એ અનંતવાર જન્મી-મરી ચુક્યો છે. આહા..હા..! અનાદિ-અનાદિથી. અહીં જરી માણસ થયો અને જરીક પાંચ-પચ્ચીસ લાખ મળ્યા ને ધૂળ મળી ને શરીર સુંદર ને બાયડી-છોકરા ત્યાં થઈ ગયું જાણે.. ભૂલી ગયો. આહા..હા..!

અહીં કહે છે કે એકવાર તું જો તો ખરો. એ તારો નાથ આનંદનો પ્રભુ ભગવાન બિરાજે છે અંદર. આહા..હા..! એનું જેને ભાવશ્રુતજ્ઞાન દ્વારા ભાન થયું. છેને? એ '**(-શુદ્ધ આત્માના જ્ઞાનના-)...**' આ શુદ્ધ આત્માના જ્ઞાનના. દ્રવ્યશ્રુત અહીંયાં કાઢી નાખ્યું. આહા..હા..! એકલું શાસ્ત્ર વાંચન-વાંચન (કાઢી નાખ્યું). અહીં ભગવાન અંદર છે ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનું જેને ભાવશ્રુત સન્મુખ થઈને જે જ્ઞાન (થયું), પરથી વિમુખ થઈને, એનું નામ અહીંયાં શુદ્ધાત્માનું જ્ઞાન કહેવામાં આવે છે. ભાષા તો જે હોય એ આવે ભાઈ! બાકી છે તો ભાષા સહેલી, ભાવ ભલે ઊંચા. આહા..હા..! અરેરે! એને આત્મા શું છે? ક્યાં જશે? શું થશે? કાંઈ પડી નથી. લહેર કરો મજા. આ બાયડી, છોકરા, પૈસા, રળવું. એ.. વજુભાઈ! લહેર કરીને જાવ મરીને ઢોરમાં. આહા..હા..! અરેરે! આવી દશા પ્રભુ તારી.

અહીં કહે છે કે જેને ભાવશ્રુતજ્ઞાનનું ભાન થયું એવો ભાવશ્રુતજ્ઞાનનો જેને સદ્‌ભાવ છે, ભાવશ્રુત અંતરના જ્ઞાનમાં આત્માને જાણીને જેને જ્ઞાન થયું છે, એવા જ્ઞાનનો જેને સદ્‌ભાવ છે (તે) '**પરથી અત્યંત વિરક્ત હોવાથી...**' આહા..હા..! એ તો પુણ્યના-પાપના, દયા, દાન, વ્રતના ભાવ એનાથી પણ ધર્મી તો વિરક્ત છે. કેમકે એ પણ એક વિકલ્પની વૃત્તિ ઊઠે છે, વૃત્તિ છે તે વિકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું બાપુ, બહુ! શું થાય? સત્ય તો જે સત્ય છે એ રીતે રહેશે. દુનિયાની કલ્પનાથી કાંઈ બીજું થઈ

નહિ જાય. સચ્ચિદાનંદ પ્રભુ સત્ આનંદ અને જ્ઞાનનો પિંડ આત્મા એનું જેને અંતર જ્ઞાન થયું એને અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે, ત્યારે તેને ધર્મ થયો અને ધર્મી કહેવામાં આવે છે, બાકી બધા એકડા વિનાના મોટા મીંડા છે. આહા..હા..! કહો, રતિભાઈ! કેટલા વર્ષ થયા છોડ્યા? દસ? દસ વર્ષ. હેડમાસ્તર હતાને અહીંયાં ગુરુકુળ. દસ વર્ષ. ૫૮ વર્ષે છોડ્યું હશે તો ૬૮ થયા. ઠીક ઓલું .. નોકરી નહિ. આહા..હા..!

અહીં પ્રભુ કહે છે, આ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનાદિ-અનંત છે. એવા આત્માનું જેને પુણ્ય અને પાપના ભાવથી પૃથક્ થઈને એ સ્વનું જ્ઞાન કર્યું નથી ત્યાં સુધી તે અજ્ઞાની હરખ ને શોકનો વિકારનો અનુભવી છે. એ વિકારનો અનુભવ કરનારો વેદક છે. ત્યાં સુધી મૂઢ અને મિથ્યાદૃષ્ટિ જીવ સંસારમાં રખડનારો છે. આહા..હા..! જ્યારે એ આત્મા આનંદ પ્રભુ છે એનું એને સન્મુખ થઈને, બહારની ચીજ ઉપરથી તો લક્ષ છોડી દે, અંદર દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય એના ઉપરથી લક્ષ છોડી દે કારણ કે એ વિકાર છે... આહા..હા..! એક સમયની ચાલતી દશા છે એટલો એ નથી, એનાથી પણ લક્ષ છોડી દે, ત્રિકાળી પરમાત્મસ્વરૂપ પોતે સિદ્ધ, આનંદનો નાથ સચ્ચિદાનંદ પૂર્ણમિદં એ પૂર્ણમિદં પૂર્ણ વસ્તુ છે. દરબાર! આહા..હા..! એવું પૂર્ણમિદં પૂર્ણનું અંદર જ્ઞાન થાય ત્યારે તેને શુદ્ધાત્માનું જ્ઞાન થયું અને ત્યારે તે ધર્મી થયો, ત્યારે તેને ધર્મ થયો, ત્યારે તેને જન્મ-મરણના અંતની શરૂઆત થઈ ગઈ. જન્મ-મરણનો અંત એને આવી જવાનો. બાકી લાખ ક્રિયાકાંડ કરે ને ભક્તિ કરે ને પૂજા કરે ને દાન કરે ને દયા પાળે. આહા..હા..! એ બધા પુણ્યભાવ બંધના કારણ છે. બંધના કારણ અને બંધનના કારણના ફળ ચાર ગતિ રખડવાનું છે. આહા..હા..!

નરસિંહ મહેતાએ કહ્યું નહિ? કે 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્ન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' એ તારી ઈશ્વર ભક્તિ ને પૂજા કરી-કરીને મરી જા, એમાં કાંઈ જન્મ-મરણનો અંત આવે એવું નથી. 'શું કર્યું તીર્થ ને તપ કરવા થકી.' એમ આવે છે. એ બધું તીર્થ અને તપ એ બધો શુભરાગ છે, બાપુ! તારી ચીજ નહિ. તને ખબર નથી. આહા..હા..! આત્મા તત્ત્વ ચિન્ન્યો નહિ એટલે અનુભવ્યો નહિ, ત્યાં સુધીની ક્રિયાકાંડો બધા પુણ્ય અને પાપના ભાવ એને વેદનારો અને કરનારો તે અજ્ઞાની છે. આહા..હા..! આવી વાતું હવે. એક જણો કહેતો કે ભાઈ આવું તો અમે બાવા થઈએ તો થાય. બાવો જ છો. એ આપણે નહિ અમૃતલાલ? શું કહેવાય? જરીયાવાલા. જરીયા નહિ? બીજું શું ગામ? ધનબાદ. ધનબાદ અને જરીયા છેને? ત્યાં એ ગયા હતા. એ અહીં રહેતાને પહેલાં બિચારા રહેતા. એ કહેતા, આવું બધું તો બાવો (થયા પછી થાય). પણ બાવો જ છો સાંભળને. શરીર તો માટી છે, જડ છે એની સાથે તારે શું સંબંધ છે? આ તો માટી છે. બાયડી-છોકરાનો આત્મા અને એનું શરીર પણ તારાથી ભિન્ન છે, તારાથી રહિત છે અને તારાથી ભિન્ન છે, અને એમાં પુણ્ય-પાપના ભાવ થાય દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના એ ભાવ તત્ત્વ છે

એ તો બંધતત્ત્વ ભાવબંધ છે, એનાથી પ્રભુ તારું તત્ત્વ તો ભિન્ન છે. બાવો જ છો તું અત્યારે પણ તને ભાન નથી. બરાબર છે? આહા..હા..! આ વૈદું જુદી જાતનું, દરબાર! આ ઈંજેક્શન. આ જુદી જાતનું ઈંજેક્શન છે. આહા..હા..! છે તો આ પણ વૈદું. આ જન્મ-મરણ મટાડવાનું વૈદું છે, પ્રભુ! આહા..હા..! શું થાય? લૂંટી નાખ્યા જગતને બિચારાને. આવો અંદર બિરાજે જ્ઞાતા-દ્રષ્ટા જ્ઞાનનો સ્વભાવ જેનું જ્ઞાનસ્વરૂપ એ સ્વરૂપ જાણનારો-દેખનારો એ રાગ પણ કરે અને પરનું કરે એ વસ્તુના સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! એને ભૂલીને જે કોઈ રાગને કરે, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવને કર્તૃત્વબુદ્ધિએ કરે કે મારે કરવાલાયક છે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. ઝીણી વાત છે, પ્રભુ! આહા..હા..! શું થાય?

અહીં કહે છે કે જેને ભાવશ્રુતજ્ઞાન થયું એ '**પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયના સ્વભાવને-)...**' એટલે કે હરખ, શોક, રતિ, અરતિ થાય તેને '**સ્વયમેવ છોડે છે...**' આ નહિ. આહા..હા..! નાકનો મેલ છે એ ચાટવા જેવો છે? છોડવા જેવો છે. એ વાત કરી હતી પહેલી. દસ વર્ષની ઉંમરમાં ભણતાને જ્યારે. આ તો ૭૮ વર્ષ અને પોણો સો વર્ષ પહેલાંની વાત છે. એક ભાવસાર હતો. ભાવસારનું નામ સુંદર રૂપા. એનું નામ સુંદરજી, એના બાપનું રૂપચંદ. ભાવસાર નહિ આ ભાવસાર. અમે બધા સાથે ભણતા. પણ એને એવી ટેવ પડેલી. ઉમરાળા. જન્મ દેહનું ઉમરાળા (ગામ) આ ધોળા પાસે. હવે એ ગુંગો કાઢી દાંત નીચે દબાવે. એટલેથી સંતોષ ન કરે, જીભનું ટેરવું એને અડાડે. અમે જોડે બેઠા હોય. અરે! સુંદરજી! પણ શું તું કરે છે આ? એ કાઢી નાખે. વળી આડીઅવળી નજર થાય ત્યાં બીજો કાઢે. પણ એલા સુંદરજી! સુંદર તારું નામ, તારા બાપનું નામ સુંદર રૂપા. અરે! તું પ્રભુ સુંદરરૂપ અંદર આનંદનો નાથ છો અને આ નાકના શું કહેવાય? ગુંગા એને ચાટ? પછી બિચારો કહેતો હોં! ભાઈ! મને ટેવ પડી ગઈ છે.

એમ અનાદિની અજ્ઞાનીઓને શુભ અને અશુભભાવ કરી અને શુભાશુભભાવમાં હરખ-શોક કરી એ ગુંગાના સ્વાદ લે છે ઈ. દરબાર! વાત તો આવી છે, બાપા! આહા..હા..! આ તો તત્ત્વની વાતું બાપા! અપૂર્વ વાતું છે, ભાઈ! શું કહીએ? ક્યાં કહીએ? આહા..હા..! એ ગુંગાના સ્વાદ લે છે. અંદરમાં શુભભાવ અને અશુભભાવ થાય એનો સ્વાદ લે છે એ ગુંગાનો સ્વાદ છે. આહા..હા..! ... પણ એ શુભ-અશુભભાવનો .. કેમકે ભગવાન આત્મા અમૃતસાગર છે સુખસાગર, એનાથી ઊલટો ભાવ એ ઝેર દુઃખ છે. આહા..હા..! અમૃતસાગર પ્રભુ છે એ સચ્ચિદાનંદ આત્મા છે, ભાઈ! એ અમૃતનો સાગર છે. આહા..હા..! આ મૃતક કલેવર વડે અમૃત સાગર મૂર્છાઈ ગયો છે. આ મૃતક કલેવર છે મડદું છે આ તો માટી. એમાં અમૃતનો સાગર ભગવાન મૂર્છાઈ ગયો અને દુઃખના વેદન કરે છે. આહા..હા..! એ હરખ અને શોક બેય દુઃખના વેદન છે. સ્ત્રીના વિષયમાં જે પ્રેમ લાગે છે એ કાંઈ સ્ત્રીનું શરીર ભોગવી શકતો નથી આત્મા. કેમકે આત્મા તો અરૂપી છે, એમાં કાંઈ વર્ણ, ગંધ,

રસ, સ્પર્શ નથી. એટલે એ સ્ત્રીના શરીરના ભોગમાં (એને નથી ભોગવતો), પણ એના ઉપર લક્ષ જતાં 'આ ઠીક છે' એવો જે અશુભરાગ ઉત્પન્ન કરે છે એ અશુભરાગનો એને સ્વાદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ બે-પાંચ લાખ ધર્મમાં આપે દાનમાં, રાગ ઘટાડે તો એ શુભભાવ છે, એ પણ એક શુભરાગ છે. આહા..હા..! એ એનો રાગનો સ્વાદ છે, પણ ભગવાન આત્માનો સ્વાદ નથી. આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવના ફળ તરીકે હરખ અને શોક એનું વેદન છોડીને ધર્મી, એનાથી વિરક્ત કીધુંને? એ હું નહિ. હો, એ હું નહિ. આહા..હા..!

**'પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયના સ્વભાવને) સ્વયમેવ છોડે છે...'** સ્વયમેવ છોડે છે. 'હું તો આનંદ સ્વરૂપ છું' એમ ધર્મીને આનંદના વેદનની આગળ જે રાગાદિની ક્રિયા અંદર દેખાય તે ઝેર જેવી દેખતાં સ્વયમેવ તે 'આ હું નહિ' એમ છોડી દે છે. આહા..હા..! આવો ધર્મ ભારે ભાઈ! બાયડી-છોકરા છોડે, કુટુંબ છોડે તોપણ ધર્મ નહિ. એ અંદર વિકારી પરિણામ છોડે ત્યારે નિર્વિકારી હાથ આવે ત્યારે ધર્મ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! **'સ્વયમેવ...'** એ તો સ્વયં-એવ. એટલે? ધર્મી જીવને આત્માના આનંદનો સ્વાદ હોય છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ તેનો એને સ્વાદ છે. એ સ્વાદની આગળ રાગ જે ઉત્પન્ન થાય હરખ-શોકનો તેને છોડી દે છે. આ નહિ, આ નહિ, હું તો આનંદ છું. આહા..હા..! આવી વાતું છે, બાપુ! આકરી વાત છે. વાતું તો આવી છે, ભાઈ! શું કરીએ? આહા..હા..! અરે! જીવન ચાલ્યા જાય છે. આંખ મીંચીને ચાલ્યો જાશે ક્યાંક. આહા..હા..! એના તત્ત્વનું જો જ્ઞાન આ રીતે ન કર્યું અને તત્ત્વને આ રીતે સ્મૃતિમાં-સ્મરણમાં ન લાવ્યો અને એ પુણ્ય અને પાપના ભાવને યાદ કર્યા અને સ્મૃતિમાં લાવ્યો, એ તો સંસારમાં રખડવાના ભાવ છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને...'** શું કહે છે? અંદરમાં કોઈ શુભભાવ પણ આવે, હરખ પણ થાય એ મધુર કહેવાય અને શુભભાવ આવે એમાં રાજીપો થાય એને મધુર કહેવાય. પણ અશુભભાવ આવે હિંસા, જૂઠું, ભોગ, કામ, ક્રોધ આદિ એનો સ્વાદ છે તે અમધુર કડવો છે. શુભરાગનો મધુર પણ છે ઝેર. આહા..હા..! આવી વાતું હવે. આમાં કરવું શું હવે અમારે બાયડી-છોકરાને સાચવવા, આ મોંઘવારી. એક-એક માણસને સો-સો રૂપિયાનો ખર્ચ જોવે મહિને. પોણો સો લ્યોને ૫૦-૬૦. પહેલાં તો અમે તો સાંભળતા. બાઈ રાંડીરાંડ થાય (તો) પાંચસો રૂપિયા આપે. શું કહેવાય એના? પોત-પોત. પોત-પોત કહેતાને. ૬૦ વર્ષ પહેલાંની વાત છે. ૫૦૦ રૂપિયા આપતા એના પિયરીયા. ૫૦૦નું અઢી રૂપિયા વ્યાજ આવે. આઠ આના તેલ. એ અઢી રૂપિયામાં આઠ આનાનું ઘી અને બે રૂપિયાના દાળ-ભાત, દાળ અનો રોટલા. અઢી રૂપિયામાં બાઈ રોડવતી. હવે અહીં તો તમારે એક શાકમાં એક રૂપિયો જોવો અત્યારે. દૂધી. દૂધી મોંઘુ, આ મોંઘું અરે! પ્રભુ! આહા..હા..!

ક્યાં જાવું એને? શું કરવું?

**શ્રોતા :-** તે દિ' પૈસા મોંઘા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા મોંઘા હતા. અત્યારે તો તે દિ'ના એક લાખ અને અત્યારના પચ્ચીસ લાખ બે સરખા. દરબાર! બરાબર છે? કારણ કે મોંઘવારી થઈ એ તો ભાવ વધ્યા જેમ એમ પૈસા ઘટ્યા અને કિંમત ઘટી ગઈ. તે દિ' તો નાની ઉંમરમાં તો અમને ખબર છેને. નિશાળે ભણતાં જ્યારે દસ-બાર વર્ષની ઉંમર. દુકાનની સામે દાળિયાની દુકાન હતી મુસલમાનની. એક પાયમાં ગડીયું દાળિયા આપતા. ગડીયું આખું નાનું હોય. એક પાયમાં હોં! અત્યારે બે આને ગડીયું ન આપે. ચણા દાળિયા. દુકાનની સામે મુસલમાન હતો. નિશાળની સામે. આખું ગડીયું એક પાયનું હોં! પણ એ પાયમાં એને પેદાશ થાય. આહા..હા..! અમારું જે ઘર હતું જન્મનું એની જોડે એક હતું મુસલમાનનું ઘર. એ તો એકલી પાયુના જ વેપાર કરતા. છાશ પાયનું, તેલ પાયનું ફલાણું આ. એ મરી ગયા પછી નીકળી પાયુ ૨૭ રૂપિયાની. એકલી પાયુ નીકળી. એ જમીન લીધીને. આ જન્મસ્થાન અમારું છેને? એ લોકોએ લીધી એમાં ભેળવી દીધી પછી લઈને. એમાં સત્યાવીસ કે કેટલાય રૂપિયાની તો પાયુ નીકળી. એ પાયની પણ તે દિ' કિંમત હતી. આહા..હા..! અત્યારે તો પૈસાનું તો કાંઈ આવે જ નહિ. ચાર પૈસા, બે આના અત્યારે માંડ-માંડ કાંઈક દાળિયા કે ફલાણું, ઢીંકણું (આવે). આહા..હા..! એટલે પૈસાની કિંમત પણ ઘટી ગઈ, ચીજની કિંમત વધી ગઈ. હવે એમાં રોકાતા, પ્રભુ! ક્યાં તારું સ્વરૂપ છે? હજી તો અત્યારે સાંભળવા મળતું નથી, બાપુ! શું કહીએ? અરે! ભાઈ! શું થાય? અત્યારે તો તમે કરો અમારી ભક્તિ, અમે ગુરુ, ભગવાન ઈશ્વર, એ અમારી કૃપા થશે તમને, જાવ ભક્તિ કરો. આહા..હા..! મારી નાખ્યા. પરદ્રવ્ય ઉપર લક્ષથી એને ધર્મ થાય. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ પરદ્રવ્ય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ખબર ક્યાં છે કાંઈ. આહા..હા..! બેખબરો. બેખબરો એટલે બે ખબર હશે? આહા..હા..!

**શ્રોતા :-** ફારસી ભાષામાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ફારસીનું વાક્ય છે. આહા..હા..!

કહે છે '**કેવળ જાણે જ છે,...**' '**અમધુર કે મધુર કર્મફળને...**' એટલે કે શુભ અને હરખ-શોકને (જાણે છે). આવે ખરી વૃત્તિઓ. પૂર્ણ સર્વજ્ઞ અને વીતરાગ થયા પહેલાં ધર્મીને પણ એ વૃત્તિઓ આવે, આવે પણ એને દૂરથી છોડી દે, આ નહિ, હું તો આત્મા આનંદ છું. આહા..હા..! ભારે વ્યાખ્યા, ભાઈ! એ '**કર્મફળને જ્ઞાતાપણાને લીધે...**' કેમકે હું તો એક જાણનાર પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છું, પ્રજ્ઞાનો પિંડ છું. પ્ર-વિશેષે જ્ઞ-જ્ઞાનનો પિંડ, એને હરખ-શોક આવે તેનો હું જાણનાર છું, એનો ભોગનાર હું નહિ. આહા..હા..! અહીં જાવું. અરેરે!

ત્યારે એનું હિત થાય અને જન્મ-મરણ મટે બાપુ! બાકી તો ચોર્યાસીના અવતાર ઘોદા ખાઈ ખાઈને મરી ગયો છે. આહા..હા..! ક્યાંય એના આરા નથી.

ધર્મી જીવ '**કર્મફળને જ્ઞાતાપણાને લીધે...**' જોયું! એટલે? હું તો જાણનાર-દેખનાર જ્ઞાતા છું. હું કોઈ રાગનો વેદનાર અને હરખ-શોકનો વેદનાર એ હું નહિ. હું તો તેનો જાણનાર છું. આહા..હા..! હું તો જ્ઞાનસ્વરૂપ છું, એથી સ્વ-પરપ્રકાશક જ્ઞાન મારું છે. સ્વનું જ્ઞાન પ્રકાશે પોતાને અને પરને જાણે, પરને પોતાના માને એ એનું સ્વરૂપ જ નથી. આહા..હા..! કહો, હસમુખભાઈ! આમાં લોઢામાં હતું કાંઈ ત્યાં? બે-પાંચ-દસ લાખ થાય જ્યાં પૈસા ત્યાં આપણે ફાવ્યા, બીજા કરતાં વધી ગયા. ધૂળેય નથી હવે સાંભળને. વિષ્ટાના ઢગલે બેઠો છો. એ તો પુણ્યના ફળ તો વિષ્ટા છે. આહા..હા..!

ચૈતન્યના આનંદના નાથના ઉપર ન જાય, મહાપ્રભુ ચૈતન્ય પૂર્ણમિંદ એ પૂર્ણ વસ્તુ ભરી છે આનંદ જ્ઞાન આદિ શક્તિઓથી, એના દૃષ્ટિમાં અને એનું જ્ઞાન થાય, એથી એને પછી કોઈ હરખ-શોકના ભાવ થાય તેને છોડી દે છે, ઘઉંમાંથી જેમ કાંકરા છોડી દે છે. ભાષા તો એમ બોલે. શું કરો છો બહેન? કહે, ઘઉં વીણીએ છીએ. ઘઉં વીણે છે? ઘઉં તો ઝાઝા છે. વીણે છે તો કાંકરા. પણ બીજી ચીજ મગ કે અડદ નથી વીણતા એવું બતાવવા ભાષા આવી છે. બાકી વીણે છે કાંકરા. એમ પુણ્ય અને પાપના ભાવ અને હરખ-શોકના ભાવ એ, આત્મા ઘઉં આનંદનો નાથ એમાં એ કાંકરા છે. સમજાણું કાંઈ? કોકને તો પહેલું વહેલું જિંદગીમાં સાંભળવા મળ્યું હોય. બાપા! શું થાય? આહા..હા..!

વસ્તુ તો આવી છે. સર્વજ્ઞથી સિદ્ધ થઈ છે. પરમેશ્વર જેને ત્રણકાળનું જ્ઞાન, એમને આહાર ન હોય, પાણી ન હોય અને અનંત-અનંતી શુદ્ધિ પ્રગટી છે. આહા..હા..! .. રોમ-રોમ .. ઉજળા હોય છે કે જેના શરીરમાં.. એમાં નજર નાખે એને સાત ભવ દેખાય એને પરમાત્મા કહીએ. આહા..હા..! આત્માની પૂર્ણદશા પ્રગટ થાય, પરમાત્મદશા. જેવી શક્તિ છે એ પ્રગટ પૂર્ણ થાય ત્યારે તેને શરીરના રજકણો પણ પલટી જાય. આહા..હા..! અને શરીર ઉપર આસપાસમાં શું કહેવાય છે એ? ભામંડળ. ભા-પ્રકાશનું મંડળ હોય છે. અંતર તો આનંદની દશા કેવળજ્ઞાન પૂર્ણ પરમાત્મદશા પ્રગટી હોય. દેહ હજી છૂટ્યો ન હોય, દેહ છૂટે તો પરમાત્મા સિદ્ધ થઈ જાય દેહરહિત, પણ આ તો અરિહંતદશા, નમો અરિહંતાણં એ બધા ગુણવાચક શબ્દો છે. નમો અરિહંતાણં નમસ્કાર હો! વિકારરૂપી અરિને હણીને જેણે નિર્વિકારી પૂર્ણ દશા પ્રગટ કરી એને નમસ્કાર, એમ છે એનો અર્થ. અર્થ એવો છે. એ કોઈ જૈન સંપ્રદાયનો શબ્દ છે એમ નથી, એ તો ગુણનો વાચક શબ્દ છે.

ભગવાન આનંદનો નાથ એનાથી વિરુદ્ધ જે પુણ્ય અને પાપ અનિષ્ટ અને વિકાર, હરખ અને શોક, એ અરિ છે, વેરી છે એને જેણે નાશ કર્યા અને જેણે આનંદનો નાથ જગાડીને પૂર્ણ જ્ઞાન પ્રગટ કર્યું તેને અરિહંત કહેવામાં આવે છે. તેને પહેલાં પદમાં નમો અરિહંતાણં

કહેવાય છે. એ નમો અરિહંતાણં કહેતા પણ વિકલ્પ ઊઠે છે કહે છે. આહા..હા..! એ શુભરાગ છે. હિંમતભાઈ! આવું છે. અરેરે! એને માણસપણા મળ્યા પણ ક્યાંય સત્ય મળ્યું નહિ અને સત્ય સાંભળવા મળ્યું નહિ તો એ પ્રયોગ કે દિ' કરે? આહા..હા..!

અહીં કહે છે, **'કેવળ જાણે જ છે,...'** ધર્મીને તો રાગ આવે, હરખ-શોક વૃત્તિ ઊઠે, પણ પોતાની જાતમાં એ નથી એમ કેવળ તેનો જ્ઞાતા-દૃષ્ટા રહેનાર છે, તેનો સાક્ષી છે. તેને પોતાનું માનીને વેદવું એ ધર્મીને હોતું નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ! ધર્મની આટલી શરતું! શરતું ભારે! બાપુ! માર્ગ તો એવો, બાપુ! દુનિયાને લોભાવીને બીજામાં નાખ્યા છેને. એ બધા જિંદગી હારી જશે, બાપા! આ ચૈતન્યનો નાથ અંદર જેણે જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો એવો જેને અનુભવ થયો એને રાગના હરખના-શોકનો ભાવ આવે, એને એ જ્ઞાતા-દૃષ્ટાપણે જાણે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પરંતુ જ્ઞાન હોતાં...'** વાસ્તવિક આત્મજ્ઞાન અને ધર્મ હોતાં **'પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી...'** આહા..હા..! વિષ્ટા છે એ કાંઈ માણસ ખાય? ભૂંડ ખાય, કૂતરા ખાય. એમ પુણ્ય ને પાપ ને હરખ-શોકનો ભાવ એ વિષ્ટા સમાન છોડવાલાયક છે.

**શ્રોતા :-** એમાંય વાંધા ઉઠ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના વાંધ્યા ઉઠ્યા છે બધા. કાશીમાં ભણનારા મોટા પંડિતો. એ બધા બહારના ભણતર કરીને બિચારા મોટા પંડિત થઈ ગયા. બાપુ! આ ચીજ કાંઈક જુદી છે. આહા..હા..! અનંતકાળમાં એને એક સેકન્ડ પણ એ ચીજ રુચિપૂર્વક સાંભળવા મળી નથી. કરે તો ક્યાંથી? આહા..હા..! **'सुदपरिचिदाणुभूदा'** એને રાગને કરવું અને રાગને ભોગવવું એ વાત સાંભળી છે, પરિચય નામ ટેવાયેલો છે, અનુભવમાં આવે છે. પણ રાગથી ભિન્ન ભગવાન અંદર ચીજ છે, એ શુભાશુભ પરિણામ જે ભક્તિ આદિના, દયા, દાનના એનાથી ભિન્ન ભગવાન છે તેની વાત એણે સાંભળી નથી કહે છે. આહા..હા..! ચોથી ગાથામાં આવે છેને? સમયસારની ચોથી ગાથા. **'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा। एयत्तस्सुवलंभो'** પણ રાગથી ભિન્ન એ વાત એણે સાંભળી નથી. એ મારી ચીજ તો પુણ્ય-પાપના ભાવ અને હરખ-શોકના ભાવથી પણ ભિન્ન છે એવું એણે સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી, તો વેદનમાં તો ક્યાંથી આવે? સમજાણું કાંઈ?

**''હું'પણે અનુભવવાની અયોગ્યતાથી...'** ધર્મીને એ હરખ-શોક આવવા છતાં તે મારાપણે છે એમ ભોગવવાની અયોગ્યતા હોવાથી. આહા..હા..! જેમ સાકર ખાતા કોઈ ...નો કટકો ભેગો આવી ગયો હોય ધોળો. જેમ દાંતમાં દેખાયને કાઢી નાખે ફડાક દઈને. આ ઓગળ્યો નહિ. ઓગળી જાય એ નહિ. એમ આનંદનો સ્વાદ લેતા હરખ-શોકનો ભાવ છે એ કાંકરા જેવો છે, એમાં મારો સ્વાદ છે નહિ. આહા..હા..! એમ કરીને એને છોડી દે છે. આહા..હા..! ધર્મી એને કહીએ. આહા..હા..! આવી વાતું ક્યાંથી? આ નવી કાઢી હશે? કેટલાક કહે

સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો. બાપુ! તને ખબર નથી. ધર્મ નવો... એ તો અનાદિની ચીજ છે એ વાત અહીંયાં કહેવાય છે. તને ન સાંભળી હોય એટલે નવી લાગે એટલે શું? એ તો અનાદિનો સનાતન સત્ય પ્રભુ એની દૃષ્ટિ અને એનો અનુભવ કરવો, એ વિના બધા થોથા છે. આહા..હા..!

એ અહીં કહે છે. '(તે **કર્મફળને**) **વેદતો નથી.**' ધર્મી એને કહીએ કે જે આનંદને વેદે. 'એ હરખ-શોક પ્રકૃતિનો સ્વભાવ છે, જડનો, કર્મનો, મારો સ્વભાવ નહિ' એમ જાણીને એને છોડી દે છે. '**માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી...**' એ વિકારના ભાવથી વિરક્ત અંદર ભિન્ન હોવાથી. આહા..હા..! '**અવેદક જ છે.**' ધર્મી હરખ-શોકનો અવેદક છે, વેદનારો નથી. વેદનારો આત્માના આનંદનો વેદનારો છે. આને ધર્મી કહીએ, બાપુ! આકરી વાતું છે, બાપા! ક્યાંય જગત સાથે મેળ ખાય એવું નથી, પણ સત્ય તો આ છે. આજ સમજે, કાલે સમજે, અનંત ભવે સમજે પણ આ સમજે ભવના આરા આવે એવું છે. એ વિના ભવના પરિભ્રમણના આરા આવે એવું નથી. એટલે જ્ઞાની હરખ-શોક આવવા છતાં તેનો અનુભવ કરનાર નથી. આહા..હા..!

ચાર શેર ઘીનો પાયેલો મૈસુબ હોય અને પોણો શેર ખાધો. એની થઈ વિષ્ટા સવારમાં. રાખી મુકતા હશે કોઈ? કે આજ તો મૈસુબની વિષ્ટા છે; એમ પુણ્ય ને પાપ ને હરખ-શોકના ભાવ મેલા વિષ્ટા સમાન છે. આહા..હા..! મારા આનંદની આગળ એ ચીજ તો ઝેર સમાન છે. એમ કરીને તેનો વેદક નથી અને એને વેદે તો તે જ્ઞાની નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ સુદ-૧૫, શુક્રવાર, તા. ૦૧-૦૭-૧૯૭૭, ગાથા-૩૧૮-૩૧૯, કળશ-૧૯૮, પ્રવચન નં. ૩૮૩

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૩૧૮ ગાથાનો ભાવાર્થ છે. '**જે જેનાથી વિરક્ત હોય તે તેને સ્વવશે તો ભોગવે નહિ,...**' સિદ્ધાંત કહે છે પહેલો. '**જે જેનાથી...**' નિવર્ત્યો હોય, '**વિરક્ત હોય તે તેને સ્વવશે તો ભોગવે નહિ,...**' આ સિદ્ધાંત કહે છે. '**અને પરવશે ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ.**' આહા..હા..! હવે શેના ઉપર ઉતારે છે ઈ? '**આ ન્યાયે...**' ધર્મી જીવ જેને જ્ઞાનસ્વરૂપ વસ્તુ અખંડ પૂર્ણ છે, જ્ઞાનનો પિંડ છે એવી ચીજની જેને દૃષ્ટિ થઈ એને, જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ એ વસ્તુ છે, એ જ્ઞાનસ્વભાવ રાગને કરે કેમ? ચાહે તો દયા, દાન, વ્રતનો વિકલ્પ ઊઠે, પણ એનો

એ કર્તા ન થાય. કેમકે જ્ઞાનસ્વરૂપ ચીજ છે એ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ છે તો એ ધર્મીને વ્યવહારરત્નત્રયનો રાગ પણ કર્તાપણે એને હોય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવું ઝીણું. '**જ્ઞાની—કે જે પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયને) પોતાનો નહિ જાણતો...**' આહા..હા..! જે કંઈ પુણ્ય અને પાપના ભાવ થાય તેને ધર્મી, જ્યાં 'જ્ઞાનસ્વરૂપ ચિદ્દ્ઘન છું' એવું ભાન થયું એ રાગ પોતાનો કેમ માને? આહા..હા..! હવે અહીં કહે છે કે વ્યવહારરત્નત્રય કરતાં-કરતાં નિશ્ચય થાય. અહીં કહે છે કે નિશ્ચય સ્વભાવનું જેને ભાન છે એને રાગનું કર્તવ્ય શી રીતે હોય? એમ કહે છે. આહા..હા..! ઝીણું એવું તત્ત્વ છે. આહા..હા..! વસ્તુ જ એવી છે જ્યાં. ચૈતન્ય સ્વભાવનો પિંડ જ્યાં એકલી ધ્રુવ ચીજ, એવી જ્યાં દૃષ્ટિ સમ્યગ્દર્શન થયું અને જ્ઞાન થયું, (ત્યાં) એ પ્રકૃતિસ્વભાવ એ તો રાગ અને પુણ્ય-પાપના ભાવ એ તો પ્રકૃતિનો સ્વભાવ, પુદ્ગલનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આવું આકરું છે.

'**પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયને) પોતાનો નહિ જાણતો હોવાથી...**' એ શુભ-અશુભભાવ કર્મનો ઉદય છે, એ આત્માનો ઉદય નથી. આહા..હા..! ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ, એનું ઉદયનું પ્રગટવું એ તો જ્ઞાન અને આનંદનું પ્રગટવું એ એનો ઉદય છે. આવે છેને શ્રીમદ્‌માં આવે છે, 'ઉદય થાય ચારિત્રનો.' પ્રગટે છે. એમાં એ શબ્દ લીધો. આહા..હા..! ચૈતન્ય આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ ને શુદ્ધ આનંદકંદ તેનું અસ્તિત્વ જે છે એની દૃષ્ટિમાં એના અસ્તિત્વનું ભાન થયું તેને અહીંયાં ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા..! એ ધર્મી પ્રકૃતિના સ્વભાવથી એટલે કર્મના ઉદયથી થયેલા પુણ્ય અને ભાવ વ્યવહાર આદિ એનો કર્તા '**પોતાનો નહિ જાણતો હોવાથી તેનાથી વિરક્ત છે...**' આહા..હા..! દૃષ્ટિમાં એનાથી વિરક્ત છે. અસ્થિરતા છે, પણ એ એનાથી વિરક્ત છે, એને ધર્મી કહીએ. બાયડી, છોકરા છોડ્યા અને કુટુંબ છોડ્યા માટે વિરક્ત થયો એમ નથી. આહા..હા..!

અહીંયાં તો ચૈતન્ય ભગવાન આનંદનું ધામ, ચૈતન્યસ્વભાવનો સાગર જ્યાં ઉછળી રહ્યો છે જ્ઞાનસ્વભાવથી, એનો જેને અસ્તિત્વનું સ્વરૂપનો અનુભવ થયો તે ધર્મી અને તેને જ્ઞાની કહીએ. તે પોતાના સ્વભાવથી વિરુદ્ધ એ પ્રકૃતિનો સ્વભાવ એ પુણ્ય અને પાપના ભાવ એને પોતાના જાણતો નથી. આહા..હા..! ઓલા કહે કે પરની દયા પાળવી એ ધર્મ. અહીં કહે પરની દયાનો ભાવ આવ્યો એ રાગ છે. એ રાગ પોતાનો જાણતો નથી. આવો ફેર.

અમારે હીરાજી મહારાજ સંપ્રદાયના ગુરુ એમ જ કહેતા. બહુ શાંત હતા શાંત. દૃષ્ટિની તો ખબર હતી જ નહિ. વસ્તુ જ ક્યાં? ચુડામાં જાતા બહુ, પ્રેમચંદભાઈ! હીરાજી મહારાજને જોયેલા કે નહિ તમે? જોયેલા. ૭૧માં ત્યાં આવ્યા હતા. આહા..હા..! ચુડામાં. તે દિ' આ ગુલાબચંદ વોરા નહિ? એના બાપે બાધા લીધી. એના બાપે બાધા લીધી, પોતે બાધા લીધી બ્રહ્મચર્યની. ૭૧. ચૈત્ર મહિનો હતો. ૭૧ની સાલની વાત છે. બહુ આમ શાંત, પણ વસ્તુની

સ્થિતિ જ નહોતી. આહા..હા..! શું કરે? સાંભળવાને મળ્યું નહોતું. નહિતર એવો જીવ હતો. લૌકિક અપેક્ષાએ તો બહુ સજ્જન પણ આ વસ્તુથી તદ્દન દૃષ્ટિ વિપરીત. એ તો પરની દયા પાળવી એ અહિંસા જૈન સિદ્ધાંતનો સાર છે એને ધર્મ કહીએ એમ એ કહેતા.

અહીં કહે છે કે પરની દયા પાળી શકતો જ નથી આત્મા. કારણ કે પરપદાર્થને કરે શું? એ પરપદાર્થ એની પર્યાય વિનાના કાર્ય વિનાનો તો એ પદાર્થ છે નહિ, તો કાર્ય તો એમાં થાય છે એ કાર્યને આ બીજો શું કરે? એ તો ઠીક, પણ એની દયાનો ભાવ ઉઠ્યો પરને ન મારું, એ પણ એક રાગ પ્રકૃતિનો સ્વભાવ છે, જીવનો નહિ એમ કહે છે અહીં તો. આહા..હા..! કેમકે ભગવાન આત્મા તો ચૈતન્યનું બિંબ, ચૈતન્યના પ્રકાશના નૂરનું તેજ છે એકલું. એમાં એ રાગનું કરવાપણું સ્વભાવમાં ક્યાં છે? આહા..હા..! આકરી વાતું ભારે.

કહે છે, જેને પોતાના માનતો નથી તેનાથી તો વિરક્ત છે. આહા..હા..! વિરક્ત એટલે એમાં રક્ત નથી. રાગમાં જ્ઞાનીને એકત્વબુદ્ધિ હોતી નથી. ધર્મીને ચાહે તો ચોથે ગુણસ્થાને હો, પણ એ રાગમાં એની એકત્વબુદ્ધિ હોતી નથી. જો રાગમાં એકત્વબુદ્ધિ હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એનાથી તો વિરક્ત છે. આહા..હા..! આવી વાતું હવે. એટલે લોકોને અહીંની સત્ય વાતને કોઈ કબુલે તો એને કહે કે કાંઈક પૈસા આપ્યા છે એને. અરે! આવી વાતું, બાપા! આહા..હા..! કારણ કે બહાર વાત બહુ આવી, ચર્ચાય છે ખૂબ અને છાપામાં આવ્યું છે ખૂબ. ક્રાંતિ-ક્રાંતિ પેદા થઈ છે એમ લખ્યું છે એમાં. ચારે બાજુ વિચાર ઘોળાઈ ગયા છે હવે કે આ કાંઈક બીજું કહે છે. એમાં આવ્યું છે, કોકે નાખ્યું છે. સમજાણું કાંઈ? બાપુ! આ તો વસ્તુનું સ્વરૂપ જ છે. જિનેશ્વર ત્રિલોકનાથ, કેવળી પરમાત્મા એમનું કહેલું તત્ત્વ તે આ છે. આ કોઈ કલ્પિત વાતું બનાવીને શાસ્ત્ર બનાવ્યા છે એ કાંઈ છે નહિ. આહા..હા..!

અહીં તો એમ કહે છે કે જે કાંઈ પોતાના સ્વભાવનો જાણનાર (છે) એમાં રાગનો, પ્રકૃતિનો સ્વભાવ એ પોતામાં ભેળવતો નથી એથી વિરક્ત છે. દૃષ્ટિમાં ત્રિકાળી ચૈતન્યસ્વભાવનો દૃષ્ટિમાં આદર છે. એ દૃષ્ટિના આદરવાળો રાગનો આદર કેમ કરે? આહા..હા..! જ્યાં પરમાનંદનો નાથ જ્યાં અનુભવમાં આવ્યો દૃષ્ટિમાં એને આ રાગની ક્રિયા ચાહે તો દયા, દાનની એ તો રાગ છે, પ્રકૃતિનો સ્વભાવ છે. એની કોઈ શક્તિ છે આત્મામાં કે વિકાર કરે? આત્માની અનંત શક્તિઓ છે, સામર્થ્ય છે, પણ કોઈ એવી શક્તિ છે કે વિકાર કરે? આહા..હા..! વિકાર થાય છે એ તો પર્યાયમાં થાય છે. ત્રિકાળી દ્રવ્ય-ગુણ છે એ પર્યાય કરે એવી દ્રવ્ય-ગુણમાં શક્તિ છે જ ક્યાં? અને જેને દ્રવ્ય-ગુણની દૃષ્ટિ થઈ એ રાગથી વિરક્ત છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આવો માર્ગ. આહા..હા..!

ચક્રવર્તીનું રાજ ભરત ચક્રવર્તીને હતું, છન્નું હજાર સ્ત્રી હતી, પણ અંતરમાં રાગથી વિરક્ત હતો. આહા..હા..! જેણે ભગવાન આનંદના નાથને ચૈતન્ય સાગરને જોયો ને જાણ્યો ને

અનુભવ્યો... આહા..હા..! એને એ દયા, દાનના, વ્રતના, ભક્તિના ભાવ આવે, પણ તેને એ પોતામાં ભેળવતો નથી. સ્વભાવમાં તેને ભેળવતો નથી તેથી તેનાથી વિરક્ત છે. આહા..હા..! આવો ધર્મ હવે. કહો, વિમલચંદજી! ક્યાં ગયો અર્હંત? ઓલીકોર બેઠો છે? એ સાંભળે છે, સાંભળવાનો પ્રેમી છે. અર્હંતપ્રકાશ નામ છે એનું. વિમલચંદજીનો દીકરો. સાંભળવાનો પ્રેમ બહુ છે. ભાઈ! પહેલાં સાંભળે તો ખરા. આહા..હા..! કહે છે...

**શ્રોતા :-** નાનપણથી સંસ્કાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાનપણથી સંસ્કાર છે. પહેલાં આવ્યો હતો. આહા..હા..!

ધર્મી એને કહીએ કે જેણે આત્માના જ્ઞાન અને આનંદના સ્વભાવનો જેને અનુભવ થયો છે. અનુભવ એટલે કે જેને આનંદનું વેદન થયું છે. આહા..હા..! એવો ધર્મી આનંદના વેદનવાળો એ આનંદથી વિપરીત પ્રકૃતિનો સ્વભાવ જે દયા, દાન, વિકલ્પ ઊઠે છે તે, એ આનંદના સ્વભાવની સાથે દુઃખને ભેળવે શી રીતે? એ દુઃખનો ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે માણસને મોંઘી પડે, પણ માર્ગ તો આ છે, બાપુ! જન્મ-મરણરહિત થવાના. આહા..હા..! ક્યાંય રખડતો-રખડતો આવ્યો છે, માંડ મનુષ્યપણું મળ્યું, એમાં ભગવાનનો માર્ગ જિનેશ્વરનો સાંભળવા મળ્યો, મહાભાગ્ય છે. આહા..હા..! એને હવે પુરુષાર્થમાં જોડી દે. હું તો ચૈતન્યસ્વરૂપી આનંદકંદ છું. આહા..હા..! મારા સ્વભાવમાં વિકાર નથી અને હું તો સ્વભાવની દૃષ્ટિવાળો જીવ છું. માટે, સ્વભાવથી વિરુદ્ધ જે વિકલ્પ છે એને પોતાના એ સમકિતી માનતો નથી. આહા..હા..! આવી વાતું છે.

'**તેનાથી વિરક્ત છે તે—સ્વયમેવ તો પ્રકૃતિસ્વભાવને ભોગવતો નથી,...**' આહા..હા..! પોતાની મેળાએ તો રાગને અને વિકૃતને ભોગવતો નથી વિકાર સ્વભાવને '**અને ઉદયની બળજોરીથી પરવશ થયો થકો પોતાની નિર્બળતાથી ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ,...**' આહા..હા..! એક માણસને ઊલ્ટી થઈ ઊલ્ટી. ઊલ્ટી સમજો છો? ઊલ્ટી થઈ એને મોઢામાં વિષ્ટાનો ઓલો આવ્યો અંદરથી. વિષ્ટા જે આમ નીકળવી જોઈએ એને ઠેકાણે વિષ્ટાનો આવડો મોટો આવ્યો. હવે એનો સ્વાદ લેતો હશે ઈ? એ દામનગરમાં થયું હતું. અમારે આણંદજી છેને ગુજરી ગયોને એના સસરાને ઊલ્ટી થઈ, ઊલ્ટીમાં એ અંદરમાં વિષ્ટાનો આખો, જે આમ ઉતરવું જોઈએ એને ઠેકાણે બહાર આવ્યું વિષ્ટાનું. આહા..હા..! હવે એ વિષ્ટાને રાખવા માગતો હશે? આવ્યો છે, છે પણ ખરો. એનો સ્વાદ લેતો હશે? એમ આત્માના જેને જ્ઞાન અને આનંદના સ્વભાવની દૃષ્ટિ અને ધર્મ થયો છે એને એ વિકાર વિષ્ટાની પેઠે ઝેર પેઠે છે, એનો સ્વાદ એ શી રીતે લે? આહા..હા..! સમજાણું કાંઈ? આ માર્ગ આવો છે, બાપુ! આહા..હા..! વીતરાગનો માર્ગ તો પરમસત્ય અલૌકિક વાત છે. આહા..હા..! એ વાત ક્યાંય બીજે છે જ નહિ, ક્યાંય નથી. ગંધેય નથી. બીજા ધર્મ સાથે સમન્વય કરવો, મેળ કરવો એ મેળ થઈ શકે એવો નથી. ઝેર અને અમૃતને ક્યાંય મેળ

ખાય? આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતાની નિર્બળતાથી ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ, વ્યવહારથી ભોક્તા કહેવાય, પરંતુ વ્યવહારનયનો તો અહીં શુદ્ધનયના કથનમાં અધિકાર નથી;...'** ભાષા એમ બોલાય કે આણે વ્યવહાર કર્યો, રાગ કર્યો, આણે કર્યો એમ. એ નિમિત્તનું કથન આવે. માટે જ્ઞાની અભોક્તા છે.

**'હવે, આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—'** ૧૯૮.

(वसन्ततिलका)

ज्ञानी करोति न न वेदयते च कर्म
जानाति केवलमयं किल तत्स्वभावम्।
जानन्परं करणवेदनयोरभावा-
च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव।।१९८।।

આહા..હા..! રાગથી મુક્ત છે. જેમ સિદ્ધ ભગવાન રાગથી મુક્ત છે, એમ ધર્મી પણ રાગથી મુક્ત છે. આહા..હા..! **શ્લોકાર્થ :— 'ज्ञानी कर्म न करोति च न वेदयते'** જ્ઞાની નામ ધર્મી જે સુખને પંથે દોરાણો છે, જે અનાદિથી દુઃખને પંથે ચાલ્યો હતો, દુઃખને પંથે, પુણ્ય અને પાપના ભાવ એ દુઃખના પંથે પડ્યો હતો, દુઃખી દુઃખની પુષ્ટિ કરતો હતો. આહા..હા..! હવે જ્યારે એ દુઃખના ભાવથી વિરક્ત અંદર મારું આત્મસ્વરૂપ અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનું સ્વરૂપ છે એમ જેને જ્ઞાનનું ભાન અને ધર્મ થયો તે જીવ કર્મને કરતો નથી, એ રાગને એ કરતો નથી. આહા..હા..! એને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ આવે, પણ એનો કર્તા નથી એ. આહા..હા..! એનો હું રચનાર નથી. રચાયેલાને તે જાણવાના સ્વભાવમાં ઊભો જાણે છે. આહા..હા..! આવી વાતું! છે?

**'જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી,...'** એને હરખ-શોકના ભાવ, જેને આનંદસ્વરૂપ આત્મા છે એવા ધર્મનું ભાન થયું, એ આવા દુઃખને કેમ વેદે? આહા..હા..! અહીં તો બે ભાગ પાડી નાખ્યા છે. સમજાણું કાંઈ? દુઃખનું વેદન છે એનું જ્ઞાન છે, એમ કહે છે અહીં. એ વેદતો નથી. આહા..હા..! સ્વામી નથીને એનો. આહા..હા..! **'કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે...'** આહા..હા..! સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છેને? આ ચૈતન્ય પ્રભુ જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસ્વરૂપ, એવું જેનું અસ્તિત્વની હયાતીનું જેને મારો આત્મા આવો છે, એવું જેને અંતર ભાન થયું ધર્મી, એ ધર્મી રાગને કરે નહિ અને રાગને વેદે નહિ. આહા..હા..! પાછા શાસ્ત્રમાં એમ આવે કે વ્યવહાર વ્રત કરે, આમ કરે, આમ કરે લ્યો! સવારમાં નહોતું આવ્યું? એક શ્લોક આવ્યો હતો મહાવ્રતનો. મહાવ્રત મહાપુરુષોએ જેને કર્યા. મહાપુરુષે આદર્યા છે. પોતે મોટા છે. એ નિશ્ચયમહાવ્રતની સાથે વિકલ્પ છે એની વાત ગૌણ કરી દઈને આ સ્થિરતા છે એની વાત કરી છે. જેને વ્રતનો વિકલ્પ છે એને અંદર સ્થિરતા હોય છે.

સમ્યગ્દર્શનસહિત એને સ્થિરતા (હોય) એની વાત છે. જ્ઞાનની સ્થિરતા વિનાના એકલા વિકલ્પ વ્રતના છે એ વ્રત જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે એ વ્રતનો વિકલ્પ ઉઠે એનો એ કર્તા-વેદતા નથી. આહા..હા..! એ જ્ઞાતા-દૃષ્ટા છે, જાણે છે કે આ રાગ છે. એવું રાગમાં ભળ્યા વિના રાગને પોતામાં જાણે છે. આહા..હા..! આવો હવે ધર્મ માણસને આકરો પડેને પછી. પછી કહે, આ સોનગઢવાળાએ કાઢ્યું, પણ આ કોનું છે આ? આ તો કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પહેલાં દિગંબર સંત અને આ ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલાં થયા, ઓલા બે હજાર વર્ષ પહેલાં થયા. દિગંબર સંતો આહા..હા..! કેવળજ્ઞાનીના કેડાયતો, કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળા. આહા..હા..! એવા સંતો જગતને જાહેર કરે છે.

ભગવાન! તું તારામાં જ્યાં આવ્યો, ત્યારે તને રાગથી વિરક્તતા થઈ. આહા..હા..! અને આનંદમાં એકત્વ થયો. આનંદમાં રક્ત થયો અને રાગથી વિરક્ત થયો. આહા..હા..! ત્યારે તને ધર્મ પ્રગટે ત્યારે ધર્મી જીવ આનંદમાં રક્ત છે, જ્ઞાનમાં રક્ત છે અને રાગથી વિરક્ત છે. આહા..હા..! આવી વાતું! હવે આવી કોક વાત કરે આગમ પ્રમાણે તો એને કહે કે સોનગઢવાળાએ પૈસા આપ્યા માટે કહે છે. લ્યો! અરે! પ્રભુ! શું કહે છે? હવે તો પ્રચાર ઘણો થઈ ગયો છે. ૨૦ લાખ તો પુસ્તક બહાર પડયા છે. વાંચનારા ઘણાં વાંચે છે. જુવાનિયા પણ હવે તો ઘણાં વાંચે છે. આહા..હા..! આ તો એના ઘરની વાત છેને, બાપા! આ ક્યાં કોઈ કલ્પિત (વાત છે)? આ તો એના ઘરની વાત છે. આહા..હા..! તારું ઘર મોટું છે, પ્રભુ! તું મોટા ઘરનો છો. આહા..હા..! એ મોટા ઘરના કહેણ આવ્યા કે તું મોટો છો. એ આનંદ ને જ્ઞાનનો દરિયો મોટો પ્રભુ તું છો. આહા..હા..! એને તું સ્વીકાર અને અલ્પજ્ઞતા અને રાગનો સ્વીકાર છોડી દે. આહા..હા..! એ આવે છે. આનંદઘનજીમાં 'સમકિત સાથે સગાઈ કીધી સપરિવાર સુ ગાઢી.' આહા..હા..! જ્યારે આત્મા પોતાના અનંતગુણમાં રસ લે છે અંદર, ત્યારે તેને સમકિત આદિની અનંતી પર્યાય સાથે એનો પરિવાર સાથે એમાં એકાગ્ર થયો. આહા..હા..! સગાઈ કરી. એ આત્મા સાથે સગાઈ કરી. હવે ચારિત્ર કરશે ત્યારે પૂરું થાશે ત્યારે પરણશે. આહા..હા..! સમજાણું કાંઈ? આ બાયું સાથે, છોકરી સાથે સગપણ કરે છેને. પછી પરણે. આહા..હા..! એ તો દુર્ઘટનાની છે બધી વાત. ભાઈએ લખ્યું છેને? દુર્ઘટના. હુકમચંદજીએ લખ્યું છે કે મહાવીરને એ દુર્ઘટના નહોતી પરણ્યા નહોતા. કારણ કે એ પરણે એટલે દુર્ઘટના ઊભી થઈ. હવે દુર્ઘટના. આહા..હા..! એકના બે થયા બગડ્યો એ. આહા..હા..! અહીં તો કહે છે કે એકપણું જેને ભાનમાં આવ્યું એ રાગથી બગડતો નથી. આહા..હા..! રાગથી પણ જેણે સગપણ છોડી દીધું છે. આહા..હા..! આવું છે. આહા..!

**'કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે.'** ભાષા જોઈ! કેવળ. ધર્મી એને કહીએ કે હું જ્ઞાનસ્વરૂપી ચૈતન્યસ્વભાવી વસ્તુ છું. એને જે આ રાગનો ભાવ આવે એને કેવળ,

જરી પણ અડ્યા વિના, એને રાગને સ્પર્શ્યા વિના, રાગમાં ગયા વિના કેવળ રાગને પોતામાં રહીને જાણે છે. આહા..હા..! આવો ધર્મ હવે! પહેલોં સમજવો જ હજી કઠણ પડે. આહા..હા..! **'કેવળ જાણે જ છે.'** છે? કેવળ અને જાણે જ છે. આહા..હા..! **'तत्स्वभावम् अयं किल केवलम् जानाति'** જાણે છે. **'परं जानन्' 'એમ કેવળ જાણતો થકો...' 'करण-वेदनयोः अभावात्'** એ રાગનું કરવું અને વેદવું એનો એને અભાવ છે. આહા..હા..! શરીરનું કરવું અને પરનું કરવું એ તો ક્યાંય અજ્ઞાની પણ નથી કરી શકતો. પરદ્રવ્યની જે અવસ્થા તે ક્ષણે ઉત્પન્ન થાય તેને પર શું કરે? પણ અહીં તો કહે છે કે એના કાળમાં જે રાગ આવ્યો એની પર્યાયમાં... આહા..હા..! એને પણ સ્વભાવની દૃષ્ટિવાળો કરે કેમ? અને ભોગવે કેમ? આહા..હા..! ભલે છ ખંડમાં પડ્યો હોય, છન્નું હજાર સ્ત્રી હોય, આહા..હા..! પણ મારું જે હોવાપણું જ્ઞાન અને આનંદ છે એમાં તો આ બધી ચીજનો અભાવ છે, એ મારી નથી, એમ અંદર પુણ્ય-પાપના ભાવનો પણ સ્વભાવમાં અભાવ છે, એ મારા નથી. આહા..હા..! આ ધર્મી. બહુ આકરી વાતું, બાપુ!

અહીં તો જન્મ-મરણરહિત તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા એમ ફરમાવે છે, પ્રભુ! જેને ધર્મ થાય એને આત્માના આનંદ અને જ્ઞાનનો સ્વાદ આવે અને તેથી તે ધર્મી સ્વાદથી વિમુખ જે રાગ ચાહે તો ભક્તિનો, ભગવાનની ભક્તિનો રાગ હો કે દયાનો રાગ હો, એ રાગને ધર્મી કરતો નથી અને વેદતો નથી. એને કેવળ પોતાની ભૂમિકામાં રહ્યો જાણે છે. આહા..હા..! આવી વાતું હવે. ધર્મી એને કહીએ. શરૂઆતનો ધર્મી. ધર્મનું સોપાન પહેલું આવ્યું હતું આમાં. સોપાન છે. નહોતું આવ્યું? અષ્ટપાહુડમાં આવ્યું હતું સવારમાં. ધર્મનું પહેલું પગથિયું. આહા..હા..! કે જે સચ્ચિદાનંદ પ્રભુ સત્ જ્ઞાન અને આનંદનો સાગર છે એવું જેને અસ્તિત્વનું સ્વસન્મુખ થઈને જેને ભાન થયું, અનુભવ થયો તેને અહીં ધર્મી કહીએ. એ ધર્મીને રાગ આવે પણ એ રાગનો એ કર્તા અને રાગનો ભોક્તા ન થાય. આહા..હા..! દૂધપાકનો સ્વાદિયો એ લાલ જ્વારના ફોતરાના રોટલાનો સ્વાદ કેમ લે? ધોળી જુવાર છેને એના તો ફોતરા જરી મીઠા હોય, પણ લાલ જાર હોય છે લાલ રાતી એના ફોતરા મીઠા ન હોય. અહીં તો અમારે તો બધો અનુભવ થઈ ગયો હોયને.

૭૬ની સાલમાં વિઠલગઢ ગયેલા. ૭૬માં. કેટલા વર્ષ થયા? ૨૪ ને ૩૩ = ૫૭ વર્ષ થયા. ૫૭ વર્ષ પહેલાં વિરમગામ ગયા હતા. ત્યારે વચ્ચે એક વિઠલગઢ એક આવે છે, વિઠલગઢ. ત્યાં કોઈ જૈન નહિ. અમે તો ચાલીને વિહાર કરતા તે દિ' તો. વહોરવા જઈએ તો વાણિયા નહિ. કોઈ ગરાસિયા, કણબી એવા ઘરે વહોરવા જઈએ. તો ત્યાં લાલ જુવારના રોટલા હતા અને એમાં ફોતરા તો ભેગા હોય થોડા. એકલા તો ફોતરા ન હોય. આહા..હા..! પણ એ રોટલાનો સ્વાદ જ બીજી જાતનો હોય. ધોળી જુવારના રોટલાનો સ્વાદ અને લાલ જુવારના રોટલાનો સ્વાદ. બધું આ તો અમારે જાણવામાં આવી ગયું છેને. એ જેના સ્વાદ

સાકરના, દૂધપાકના લીધા એ એવા જુવારના સ્વાદ કેમ લે? એમ ધર્મી જીવને સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા આહા..હા..! એના જેને અનુભવ અને સ્વાદ આવ્યા અંતરમાં એને ધર્મી કહીએ. એ ધર્મી રાગ ને દયા, દાનના ભાવ આવે, ભક્તિનો ભાવ આદિ પાપથી બચવા આવે, છતાં તેનો કર્તા અને ભોક્તા ધર્મી ન થાય. આહા..હા..! આ વાત! સમજાણું કાંઈ? ધર્મ ચીજ, બાપુ! અનંતકાળમાં અપૂર્વ કોઈ દિ' પૂર્વે કરી નથી અને વર્તમાનમાં પણ બધા ગોટા ઉઠ્યા છે ધર્મને નામે. આહા..હા..!

અહીં કહે છે કે જેને ધર્મી એવો ભગવાન આત્મા પૂર્ણમિદં વસ્તુ જે પૂર્ણથી ભરેલી ચીજ છે એની જેને દૃષ્ટિ અને અનુભવ થયો એ વસ્તુને અનુસરીને જેની દશા થઈ, તે ધર્મી જીવ એને રાગ આવે, પણ એ રાગથી વિરક્ત છે. સ્વભાવથી રક્ત છે અને વિકારથી વિરક્ત છે. આહા..હા..! એ રાગ એ વિકાર છે. ભગવાનની ભક્તિ, ઈશ્વરની, પરમાત્માની, આ તીર્થંકરની એ રાગ છે. આવે ખરો, પણ ધર્મી તેનાથી વિરક્ત છે. આહા..હા..! અંતરમાં એને રક્તપણું રાગમાં નથી. આહા..હા..! આવી વાતું. તેથી કેટલાક કહે છેને કે આ નવો માર્ગ કાઢ્યો એમ કહે છે. અરે! ભગવાન! તેં સાંભળ્યો નથી, ભાઈ! તેં તારી જાતને જાણી નથી કે તું કોણ છો? આહા..હા..! તું કેવડો છો? કોણ છો? શ્રીમદ્દે ન કહ્યું? 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' ૧૬ વર્ષે કહે છે. જાતિસ્મરણ હતું. પૂર્વભવનું જ્ઞાન હતું. શ્રીમદ્ રાજચંદ્ર. પૂર્વભવનું જાતિસ્મરણ હતું ઘણાં ભવોનું. એણે એક મોક્ષમાળા બનાવી ૧૬ વર્ષે. એમાં આમ કહ્યું, 'હું કોણ છું? ક્યાંથી થયો?' હું કોણ છું? હું એક આત્મા છું. ક્યાંથી થયો? ક્યાંથી થાય? છે એ ક્યાંથી થાય? અનાદિનો છું. સ્વરૂપ ખરું શું છે? કે ચૈતન્ય અને આનંદ એ મારું ખરું સ્વરૂપ છે. આ દયા, દાનના, વ્રતના વિકલ્પ ઊઠે એ કાંઈ મારું સ્વરૂપ નથી, એ તો પ્રકૃતિનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. સોનગઢનું હમણા બહુ આવે છે ઓલામાં ચોપાનિયામાં. લગભગ સોનગઢનું નામ હોય જ તે. આહા..હા..! ભાઈ! તું શાંતિથી સાંભળને નાથ! બાપુ! આ માર્ગ કાંઈ કલ્પિત નથી, આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલો, આગમથી અનુભવાયેલો, જે વસ્તુ છે તે આગમથી અને પોતાથી અનુભવાયેલો. આહા..હા..! એવો જે માર્ગ છે, બાપુ!

અહીં કહે છે કે એ ધર્મી જીવ એને કહીએ કે રાગ અને પુણ્ય-પાપના કરવા અને ભોગવવાના અભાવને લીધે. આહા..હા..! '**शुद्ध-स्वभाव-नियतः**' એ તો '**શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ...**' છે ધર્મી. આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવ તે અશુદ્ધ અને મલિન છે, એનાથી રહિત ભગવાન આત્મા આનંદ અને પવિત્ર છે, પ્રભુ! એવું જેને ભાન થયું તે ધર્મી સ્વરૂપમાં નિશ્ચળ છે, પોતામાં એકાગ્ર છે. આહા..હા..! '**એવો તે ખરેખર મુક્ત જ છે.**' સ્વભાવમાં એકત્વ છે તે ખરેખર રાગથી મુક્ત છે. જેમ પરમાત્મા સિદ્ધ ભગવાન રાગથી મુક્ત છે, એમ અત્યારે પણ દૃષ્ટિમાં દૃષ્ટિની અપેક્ષાએ રાગથી મુક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કેમકે પ્રભુ પોતે આત્મા સચ્ચિદાનંદ પૂર્ણ, એનું જ્યાં ભાન અને અનુભવ થયો સમકિત ધર્મમાં એ ધર્મની દશાવાળો જીવ રાગથી રહિત છે, રાગનો કર્તા-ભોક્તા નથી તેથી, તે રાગથી મુક્ત છે. આહા..હા..! છે? **'स हि मुक्त एव' 'एव'** છે—નિશ્ચય. આહા..હા..! ખરેખર મુક્ત જ છે. રાગથી મુક્ત છે એમ હોં!

નિયત છેને? જ્ઞાનસ્વરૂપી પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મ આનંદકંદ પ્રભુ આત્મા એમાં જેની દૃષ્ટિ પડી છે તે એમાં લીન છે અને રાગના વિકલ્પથી તે વિરક્ત છે, એનાથી મુક્ત છે. વિરક્ત કહ્યું હતું એનો અર્થ કે એનાથી મુક્ત જ છે. આહા..હા..! આવી વાતું! આ તો વસ્તુની સ્થિતિની વાતું છે, બાપુ! આ કાંઈ કલ્પિત વાતું કરીને વાત નથી. આહા..હા..! વસ્તુ પ્રભુ અંદર છે. દેહાતીત, વચનાતીત, કર્માતીત, વિકલ્પાતીત એનાથી ભિન્ન પ્રભુ અંદર છે. આહા..હા..! એવું જેને અંતરમાં અનંતકાળમાં એક સેકન્ડ માત્ર પણ થયું નથી. એમ જેણે ભગવાન આનંદના નાથને પકડ્યો પોતે. એ આનંદમાં એકાગ્ર છે અને રાગના, દુઃખના ભાવથી તે મુક્ત છે. આહા..હા..! આવી વાત છે. હવે જે પંડિતો અહીંનો પક્ષ કરે. અહીંનો પક્ષ નહિ. બહાર વાત ઘણી આવી. ૨૦ લાખ તો પુસ્તક અહીંથી બહાર પડ્યું છે. ૨૦ લાખ. ૧૪ લાખ અહીંથી અને ૬ લાખ ત્યાં જયપુરથી. હુકમચંદજી પંડિત આવ્યા હતાને. બહુ મગજવાળો માણસ. છ લાખ ત્યાંથી, ૧૪ લાખ અહીંથી. ૨૦ લાખ. બહુ ઘણે ઠેકાણે પહોંચ્યા છે. એટલે હવે કેટલાક ચર્ચા કરે છે અંદર. માર્ગ તો આ કહે છે કે એ લાગે છે અને આપણે તો સાંભળ્યો નથી. બાપુ! આ કાંઈ માર્ગની કલ્પના નથી, આ તો વસ્તુનું સ્વરૂપ છે.

આત્મા છેને? તો આત્મા છે તો એનો કોઈ સ્વભાવ છે કે નહિ? સાકર છે તો સ્વભાવ મીઠાશ, મીઠું છે તો ખારો સ્વભાવ, અફીણ છે તો કડવો સ્વભાવ, એમ સ્વભાવ છે કે નહિ કાંઈ એનો? આત્મા છે એનો કોઈ સ્વભાવ સ્વ... સ્વ... સ્વ... સ્વ... સ્વભાવ. પોતાનો કોઈ ભાવ છે કે નહિ? આહા..હા..! અરે! ભગવાન! એકવાર સાંભળ તો ખરો. આહા..હા..! એનો સ્વભાવ તો જ્ઞાન ને આનંદ ને શાંતિ એનો સ્વભાવ છે. એવું જેને જ્ઞાન અને શાંતિના સ્વભાવનું ભાન થયું એ અશાંતિ અને વિભાવનો એ કર્તા-ભોક્તા નથી, માટે તે મુક્ત છે. સમજાણું કાંઈ? આવી વાતું હવે. આહા..હા..! સાધારણ માણસને તો એવું લાગે કે આ શું કહે છે? આહા..! પાગલ જેવું લાગે એવું છે. છે તો એવું, બાપુ! શું કહીએ?

અહીં પરમાત્મા એમ કહે છે કે જેણે આત્મતત્ત્વને જાણ્યું, અનુભવ્યું એને વિકલ્પો આવે છે હજી, પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ થયો નથી એટલે. છતાં તે રાગથી ધર્મી જીવ વિરક્ત છે, તેથી મુક્ત છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ...'** છેને? નિયત છેને નિયત? શુદ્ધ સ્વભાવ પવિત્ર પ્રભુ આત્મા. મલિનતા તો એની દશામાં છે, વસ્તુ નથી, વસ્તુમાં મલિન નથી. વસ્તુ તો આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! પણ વસ્તુ જે હોય એ મલિન કેમ હોય? વસ્તુ જે હોય એ અપૂર્ણ કેમ હોય? વસ્તુ જે હોય એ વિકારી કેમ હોય? એ

તો અવિકારી પૂર્ણાનંદ પ્રભુ છે અંદર. આહા..હા..! એવો અવિકારી પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન એનો જેને આશ્રય થયો, અનુભવ થયો એ જીવ એના સ્વભાવથી વિરુદ્ધ દયા, દાન, વ્રત, ભક્તિ, તપના વિકલ્પો આવે છતાં તેનાથી તે તો વિરક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? સાકર ખાતા સાકરના ભુકામાં કોક ચીરોડીનો કટકો આવી ગયો હોય ઝીણો. ચીરોડી એવી જ લાગે ધોળી. તો એ દાંતમાં જ્યાં આવે ત્યાં ઓગળે નહિ એટલે ફટ કાઢી નાખે. ઓલી સાકર હોય તો ઓગળે અને ઓલી ... એમ ભગવાન આત્મા, આહા..હા..! જ્ઞાન અને આનંદનો દરિયો પ્રભુ છે એને જેણે અનુભવ્યો અને જાણ્યો, એને રાગનો કણ એ શું કીધું પહેલું? ચીરોડી-ચીરોડી. ચીરોડીના કટકા જેવું લાગે તો કાઢી નાખે એને. આહા..હા..! આવી વાતું હવે. આહા..હા..! બાપુ! માર્ગ આ છે, ભાઈ! ભલે તેં સાંભળ્યો ન હોય. આહા..હા..!

'**મુક્ત જ છે.**' આહા..હા..! બીજી રીતે કહીએ તો વસ્તુ છે એ તો મુક્તસ્વરૂપ છે-મોક્ષસ્વરૂપ. ૩૨૦માં આવ્યું છેને. શક્તિએ મુક્ત છે એની અત્યારે વાત નથી. એમાં કહ્યું છે. વસ્તુ શક્તિનું સ્વરૂપ છે એ પોતે તો મુક્તસ્વરૂપ જ છે, એની દશામાં રાગ ને પુણ્ય ને પાપના ભાવબંધન અને વિકાર છે. આહા..હા..! એ ગાથા આવશે, પણ ઓલું બધું નહિ આવે. એ પાના નથી અહીં. આ તો ભાઈનું આવશે અમૃતચંદ્રાચાર્યનું. પેલું જયસેનાચાર્યનું. હવે ૩૨૦ આવશે. આહા..હા..! ભાવાર્થ. અહીં પાના છે? અહીં પાના નહિ હોય. પાના છે? ત્યાં હમણાં રાજકોટ વંચાઈ ગયા. ૩૨૦ ગાથા. આહા..હા..!

વાત ઈ છે કે કોઈ આત્મા તત્ત્વ છે, વસ્તુ છે કે નહિ? જેમ આ જડ આદિ વસ્તુ છે, તેમ એ કોઈ વસ્તુ છે કે અવસ્તુ છે? અને વસ્તુ છે તો એ અરૂપી છે કે રૂપી છે? ભગવાન આત્મા રૂપી છે? રૂપી તો આ જડ માટી આ છે. એ અરૂપી ચીજ છે. અરૂપી છે તો એનો સ્વભાવ શું છે હવે? કાયમ રહેનારો સ્વભાવ. આત્મા એ તો સ્વભાવવાન છે, પણ એનો સ્વભાવ શું? જેમ કાયમ રહેનારો ભગવાન આત્મા અનાદિ-અનંત અવિનાશી છે, એમ એનો સ્વભાવ છે એ અવિનાશી છે. અનાદિ-અનંત છે ભેગો. એ સ્વભાવ જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એ એનો સ્વભાવ છે. આહા..હા..! આવું છે. અરે! એણે નિજઘરમાં સામું જોયું નથીને. નિજઘરમાં શું છે? એ કોઈ દિ' સાંભળ્યું નથી અને જોયું નથી, પરઘરમાં રમતું માંડી એણે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'**ભાવાર્થ :- જ્ઞાની કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી,...**' જ્ઞાની એટલે ધર્મી. પાછું કોઈ એમ જાણે કે જ્ઞાની એટલે બહુ જ્ઞાન હોય એને જ્ઞાની કહીએ, એવું કાંઈ નથી અહીં. એને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એનું ભાન થયું એ જ્ઞાની. ભલે શાસ્ત્રનું બીજું ભણતર ઓછું હોય, ન ભણે. આહા..હા..! એ ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ છે. પોતે જ સચ્ચિદાનંદ પૂર્ણ છે. પૂર્ણમિદં. આહા..હા..! પણ વસ્તુ હોય એ પૂર્ણ જ હોય. એની દશામાં વિપરીતતા, અપૂર્ણતા, વિકારતા આદિ હો, પણ એની મૂળ શક્તિ

અને સ્વભાવમાં અપૂર્ણતા અને વિકારતા એ હોઈ શકે જ નહિ. આહા..હા..! કેમકે જ્યારે પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનને પામશે ત્યારે એ પામવાની દશા આવશે ક્યાંથી? એ બહારથી આવવાની છે? આહા..હા..!

લીંડીપીપરની ચોસઠ પહોરી તીખાશ પીપરમાં પડી છે, ચોસઠ પહોરી. આટલી નાની, રંગે કાળી, કદે નાની, પણ ચોસઠ પહોરી તીખાશ પડી છે, તીખો રસ છે અંદર. ચોસઠ એટલે સોળ આના, સોળ આના એટલે રૂપિયો, રૂપિયો એટલે પૂર્ણ. આહા..હા..! કદે નાની અને રંગે કાળી છતાં એમાં તીખાશની પૂર્ણતા સોળ આના અને લીલો રંગ સોળ આના ભર્યો છે. આહા..હા..! એ લીલો થાય છે અને ચોસઠ પહોરી આવે છે એ ક્યાંથી આવે છે, ભાઈ? એ બહારથી આવે છે? આહા..હા..! ભાઈ! એ કૂવામાં હોય એ અવેડામાં આવે. એમ અંદર પ્રાપ્તની પ્રાપ્તિ છે. એ વસ્તુ પૂર્ણ છે એની એને કોઈ દિ' શ્રદ્ધા નથી. આહા..હા..! એ પૂર્ણ વસ્તુ છે એ પ્રાપ્ત છે તેની પ્રાપ્તિ દશામાં થાય છે. ન હોય એની પ્રાપ્તિ થાય એવું જગતમાં હોય કોઈ દિ'? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપુ!

ત્યાં અમારે પાલેજમાં દુકાનની આસપાસમાં વેદાંતનો બહુ ધર્મ હતો. પાલેજ અત્યારે છેને? અને એક મોટો એનો ગુરુ હતો. એ અમારો ઘરાક હતો. બ્રાહ્મણ હતો. નામ ભૂલી ગયા છીએ. મેહરાજ નામનું એક ગામ છે ત્યાં પાલેજ પાસે. મહેરાજ અને કલોલ. બે ગામમાં ધારધીર હતી અમારી. આ ૬૪, ૬૫, ૬૬ની વાત છે સંવત્. એક બ્રાહ્મણ હતા હુશિયાર બહુ હોં! પણ વેદાંતી. એ હવે આમાં આવે તો એના ભક્તો આવીને પગે લાગે. એ અમારા ઘરાક હતા. અને હું જાઉં મેહરાજ ઉઘરાણીએ તો ખાટલો પાથરી દે. એ બધા એમ માનતા કે એક સર્વવ્યાપક આત્મા છે. બસ, એક જ આત્મા છે, બીજું કાંઈ નથી. ભાઈ! તમે સાંભળો તો ખરા, બાપુ! ત્યાં આસપાસ વેદાંત બહુ છે. પાલેજની આસપાસ. ભરૂચ અને વડોદરાની આસપાસમાં ઘણાં ગામડાઓમાં. એ આમોદના છેને ભાઈ નહિ આપણે ત્યાં? રમણિક. દાદરવાળા. પોર ત્યાં હતાને. ૮૭મું વર્ષ ત્યાં બેઠું. પાંચ કરોડ રૂપિયા છે. ઘણાં પૈસાવાળા છે. ત્યાં ઉતર્યા હતાને? ૭૦ લાખનું તો મકાન હતું એનું. એક મકાન ૭૦ લાખનું. જ્યાં ઉતર્યા હતા ઈ. સાંભળતા હતા બિચારા પ્રેમથી. સાંભળો, હવે તમારા રૂપિયા ધૂળમાં, આ ૭૦ લાખના મકાન ને કરોડ-કરોડ એ તો બધા માટી-ધૂળ છે. આહા..હા..!

**શ્રોતા :-** ઉતરવામાં કામ આવી માટી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ કામ ન આવે અહીં તો કહે. દુઃખમાં કામ આવે. 'એ ચીજ મારી છે' એ માન્યતા દુઃખ છે, મમત્વ છે. આહા..હા..! એ તો જડ-માટી-ધૂળ છે અને તું તો ચૈતન્યમૂર્તિ અરૂપી છો. અરૂપીની રૂપી ચીજ ક્યાંથી થઈ જાય? અરૂપી એની, બીજો અરૂપી આત્મા છે એ આનો ન થાય, બાયડીનો અરૂપી આત્મા આનો થાય? એ તો એનો છે જુદો. આહા..હા..!

જ્ઞાની નામ ધર્મીને પોતાના અરૂપી આનંદ ને જ્ઞાનસ્વભાવનો અનુભવ હોવાથી '**કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી,...**' રાગનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી. '**કેવળ જ્ઞાતા જ છે;...**' આહા..હા..! જાણનાર-દેખનાર જ્ઞાતા-દૃષ્ટા છે. '**માટે, તે કેવળ શુદ્ધસ્વભાવ થયો થકો...**' ધર્મી તો કેવળ શુદ્ધસ્વભાવરૂપ પરિણમતો થકો '**મુક્ત જ છે. કર્મ ઉદયમાં આવે પણ છે, તોપણ જ્ઞાનીને તે શું કરી શકે છે?**' આહા..હા..! રાગ આવે, પણ વસ્તુના સ્વભાવને એ શું કરી શકે? '**જ્યાં સુધી નિર્બળતા રહે ત્યાં સુધી કર્મ જોર ચલાવી લે;...**' રાગ હોય એમ. '**ક્રમે-ક્રમે સબળતા વધારીને...**' ક્રમ-ક્રમે પુરુષાર્થ અંદર આનંદના નાથને પૂર્ણ બળસ્વરૂપ જ ભર્યું છે અંદર. પૂર્ણ વીર્યસ્વરૂપ. વીર્ય રેત છે એ નહિ જડ. આ તો બળસ્વરૂપ અનંતબળ છે. આહા..હા..! ભગવાન આત્મામાં અનંતબળ છે. એ અનંતબળની જ્યારે સ્ફુરણા કરતાં '**વધારીને છેવટે તે જ્ઞાની કર્મનો નિર્મૂળ નાશ કરશે જ.**' રાગને મૂળમાંથી નાશ કરશે. આહા..હા..!

'**હવે, આ જ અર્થને ફરી દૃઢ કરે છે :—**' લ્યો! ૩૧૯.

**ण वि कुव्वइ ण वि वेयइ णाणी कम्माइं बहुपयाराइं।**
**जाणइ पुण कम्मफलं बंधं पुण्णं च पावं च।।३१९।।**
**કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,**
**બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯.**

આહા..હા..! '**ટીકા :- કર્મચેતના રહિત હોવાને લીધે...**' શું કહે છે ઈ? ઝીણી વાતું, બાપુ! એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ રાગ છે, એ કર્મચેતના છે. એટલે કે રાગનું ચેતવું તેમાં થાય છે, એમાં આત્માનું ચેતવું નથી. આહા..હા..! આવો માર્ગ, ભાઈ! હવે અહીં બહારમાં તો દયાથી ધર્મ ને ભક્તિથી ધર્મ. હવે આમાં આની સામે આવી વાતું! અહીં તો કહે છે કે એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! '**કર્મચેતનારહિત હોવાને લીધે...**' કોણ? આત્મા-ધર્મી. જેને 'આત્મા જ્ઞાનનો સાગર છે એવો અનુભવ થયો. હું તો ચેતના સ્વભાવથી ભરેલો ભગવાન છું.' એવો જે આત્મા એ પુણ્ય અને પાપના ભાવરૂપી કર્મ, રાગ તેના ચેતનાથી રહિત છે, એમાં એકાગ્ર થવાથી રહિત છે. આહા..હા..! આવી વાતું છે, કહો, સમજાણું કાંઈ?

'**કર્મચેતનારહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી,...** ' માટે ધર્મી તો રાગના કરવાપણાના અભાવથી, આહા..હા..! અકર્તા છે. રાગ હોવા છતાં ધર્મીને રાગનું સ્વામીપણું નથી. ધર્મીને ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ પૂર્ણ સ્વરૂપ એનું સ્વામીપણું છે. એટલે બે ઘોડે ચડે નહિ એ. આહા..હા..! બે ઘોડા ચાલતા હોય એક પગે અહીં અને એક પગ અહીં. નાટકમાં આવે છે હોં! નાટક શું? સરકસ. સરકસમાં આવે છે. જોયું છે સરકસ. અમારે પાલેજ બહુ આવતાને મોટા સરકસ. સાંજ પડે પછી પિતાજી કહે કે જાવ લઈ જાવ

ચાર આના, આઠ આના. જાવ નાટક જોવા. આ તો નાની ઉંમરની વાતું છે. ૧૮-૧૯ વર્ષ. ૭૦ વર્ષ પહેલાંની. એમાં સરકસમાં એક ઘોડો આમ. પણ એ તો એને શીખવેલા હોય. જો જરીક ફર્યો તો પડે હેઠે. આહા..હા..! એમ અહીંયાં કહે છે કે આત્મા આનંદસ્વરૂપ એ આનંદનો સ્વામી થાય અને રાગનો સ્વામી થાય એમ બે ન બની શકે. આહા..હા..! જાણનારો બેયનો બની શકે, બેયનો જાણનારો બની શકે. હું એક આનંદ જ્ઞાન છું અને રાગ છે એ પર છે તેનો જાણનારો બની શકે, પણ બેનો સ્વામી થઈ શકે નહિ. આહા..હા..! આવી વાતું હવે.

'**કર્મચેતનારહિત હોવાને લીધે...**' ધર્મી તો અકર્તા હોવાથી. એક વાત. '**અને કર્મફળચેતનારહિત હોવાને લીધે...**' આહા..હા..! એ રાગનું વેદવું હરખ-શોકનું એ કર્મફળ કહેવાય. એ વિકારી પરિણામનું ફળ એનું વેદવું એનાથી ધર્મી રહિત છે. કારણ કે નિજઘરમાં આનંદ અને જ્ઞાન છે એનું વેદન છે. આહા..હા..! એથી એ કર્મના ફળને એટલે રાગના ફળને, હરખ-શોકને એ વેદતો નથી. આહા..હા..! '**કર્મફળચેતનારહિત હોવાને લીધે પોતે અવેદક (-અભોક્તા) હોવાથી,...**' એ પુણ્યના પરિણામનો, દયા, દાનના ભાવનો પણ ધર્મી તેને વેદનારો નથી, પણ તેને જાણનારો છે. કેમકે ચૈતન્યબ્રહ્મ ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશનું પૂર છે. એ તો સ્વ અને પરને જાણે તેવો સ્વભાવ અનુભવમાં આવ્યો. આહા..હા..! આવી વાત લ્યો! દુનિયાની બધી ખબર નથી? બધી ઘણી વાતું છે. બધું સાંભળેલું છે. આહા..હા..! બાપુ! મારગડા જુદી જાતના છે, ભાઈ! સત્ય પંથ... આહા..હા..!

'**જ્ઞાની કર્મને કરતો નથી, તેમ જ વેદતો (-ભોગવતો) નથી;...**' આહા..હા..! ધર્મી ચૈતન્યસ્વરૂપી ભગવાન અવિનાશી ચેતનાસ્વભાવથી ભરેલો એનું જેને અંતરમાં ભાન થયું એ રાગના, પુણ્ય-પાપના ભાવને કરતો નથી, તેમ વેદતો નથી. આહા..હા..! છે? '**અવેદક હોવાથી, જ્ઞાની કર્મને કરતો નથી, તેમ જ વેદતો (-ભોગવતો) નથી; પરંતુ...**' ત્રણ ચેતના લીધી. '**જ્ઞાનચેતનામય હોવાને લીધે...**' ધર્મી તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્યમાં એકાકાર હોવાથી '**કેવળ જ્ઞાતા જ હોવાથી...**' આહા..હા..! આ ૩૨૦ આવી. '**શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે.**' લ્યો! ધર્મી તો એ રાગના ભાવને અને રાગના ફળને આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા થઈને સાક્ષીરૂપે એને જાણે જ છે. એને ધર્મી કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૨, શનિવાર, તા. ૦૨-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૦, પ્રવચન નં. ૩૮૪

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. ૩૨૦ ગાથા. 'હવે પૂછે છે કે—(જ્ઞાની કરતો-ભોગવતો કેમ નથી,...' ઝીણી વાત છે. ધર્મી જીવ પોતાનું જે જ્ઞાનસ્વરૂપ છે એને જેણે જાણ્યું છે, અનુભવ્યું છે, એને અહીંયાં ધર્મી અને જ્ઞાની કહીએ. આ આત્મા છે એ તો જ્ઞાનસ્વરૂપ જ છે, જાણનાર-દેખનાર સ્વભાવસ્વરૂપ છે. એવા સ્વરૂપનું જેને ભાન થયું ધર્મીને, તો ધર્મી કર્તા-ભોક્તા નથી. આહા..હા..! ઝીણું છે. એ શરીર, વાણી, મન છે પરનું તો કર્તા-ભોક્તા નથી, પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, જાત્રાના ભાવ થાય શુભરાગ એનો એ ધર્મી કર્તા નથી. ઝીણી વાત છે. બાબુભાઈ! ઝીણી વાત છે આ. આહા..હા..! એનો આવ્યો હતો, છોકરો આવ્યો હતો. બાપા ત્યાં રોકાણા છે. આહા..હા..!

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે જેને ધર્મ કરેલો છે અને ધર્મ થયો છે એવો જે આત્મા ધર્મી, એટલે? પુણ્ય અને પાપના ભાવ જે છે રાગ એનાથી અંતરમાં ભિન્ન પડી અને જ્ઞાનાનંદ સ્વરૂપને જેણે અનુભવ્યું છે, જાણ્યું છે, આનંદનું જેને વેદન છે એને ધર્મી કહીએ. આહા..હા..! એ ધર્મીને જ્ઞાની કહીએ. એને બીજું જ્ઞાન ભલે ન હો, પણ આત્માનું જ્ઞાન થયું છે કે 'હું તો ચૈતન્યમૂર્તિ છું' એવા જ્ઞાનીને રાગનું કરવાપણું કે રાગનું ભોગવવાપણું હોતું નથી. આહા..હા..! સર્વવિશુદ્ધ અધિકાર એમાં ૩૨૦ ગાથા. પૂછે છે શિષ્ય. ધર્મી જ્ઞાની એટલે ધર્મી. જેને આત્મજ્ઞાન થયું છે એને ધર્મી કહીએ અને એને જ્ઞાની કહીએ. જેને આત્મજ્ઞાન થયું નથી અને જે પુણ્ય અને પાપના ભાવ વિકારી છે એના ઉપર એની દૃષ્ટિ છે તેથી તેનો તે કર્તા અને ભોક્તા છે. આહા..હા..! ધર્મી જીવ... ઝીણી વાત છે, પ્રભુ! વીતરાગમાર્ગ એવો ઝીણો છે કે અત્યારે તો બધો ફેરફાર કરી નાખ્યો છે. આહા..હા..! અહીંયાં એ પૂછે છે શિષ્ય કે ધર્મી થયો અને આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન થયું અને એ જ્ઞાનની દશાનો કર્તા અને ભોક્તા છે, એ ધર્મી પુણ્યના, દયા, દાનના, વ્રતના, જાત્રાના ભાવ આવે એનો એ જ્ઞાની કર્તા નથી. આહા..હા..! અને તેનામાં હરખ-શોકનો ભાવ થાય એનો એ ભોક્તા અજ્ઞાની નથી. દેવીલાલજી! આવી વાત છે. ૩૨૦ ગાથા. ઝીણી છે, ભગવાન!

એનું સ્વરૂપ એટલે ભગ એટલે કે જ્ઞાનલક્ષ્મીવાન એ તો આત્મા છે. આહા..હા..! એની જ્ઞાનની લક્ષ્મીની સંપદા પૂર્ણ પડી છે અંદર. એનું જેને સ્વસન્મુખ થઈને નિમિત્તો, દયા-દાનના વિકલ્પો અને વર્તમાન પર્યાય પ્રગટ દશા એનાથી એ રુચિ છોડીને જેણે આનંદના

નાથના જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિ-રુચિ કરી અને જેને જ્ઞાતા-દૃષ્ટાપણું દશામાં પ્રગટ થયું એને ધર્મી કહીએ. બાબુભાઈ! ભાષા તો સાદી છે, ભાવ તો બહુ ઝીણા છે.

અહીં તો કહે છે કે એ જાત્રા કરવાનો ભાવ એ પુણ્ય શુભ છે, એ ધર્મ નહિ, ચાહે તો સમ્મેદશિખરની જાત્રા કે ગિરનારની કે શેત્રુંજયની. અરે! ત્રણલોકનો નાથ તીર્થંકર સમવસરણમાં બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં ત્યાં પણ અનંતવાર આ જીવ જન્મ્યો છે અને તેથી એના સમવસરણમાં પણ અનંતવાર ગયો છે અને એના દર્શન કર્યા છે, આરતી કરી, પૂજા કરી છે, પણ એ બધો ભાવ શુભરાગ છે અને 'એ રાગનો કર્તા-રચનાર છું' એમ જ્યાં સુધી માને ત્યાં સુધી એ જૈન નથી. એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી વાતું. એ કેમ છે એ પૂછે છે. '**જાણે જ છે...**' ધર્મી તો એ પુણ્ય અને પાપના ભાવ થાય એને તેમાં ભળ્યા વિના તેને જાણે છે. એનું નામ ધર્મી પ્રથમ દરજ્જાનો ધર્મી એને કહીએ. આહા..હા..! '**એ કઈ રીતે? તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છે :—**' ૩૨૦ ગાથા.

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।**

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

એની ટીકા. ટીકા છેને? '**ટીકા :— જેવી રીતે...**' દૃષ્ટાંત કહે છે. '**આ જગતમાં નેત્ર...**' આ આંખ છે આંખ એ '**દૃશ્ય પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે...**' એ આંખ જે દેખે છે, અગ્નિને, શરીરને, વાણીને, મનને, તેલને, પૈસાને, ધૂળને. આહા..હા..! એ આંખ છે એ દેખે છે. છેને? દૃશ્ય નામ દેખાવાયોગ્ય પદાર્થથી આંખ છે તે પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે. અત્યંત ભિન્ન છે. આહા..હા..! જે આ દેખાવાયોગ્ય પદાર્થ છે. શરીર, વાણી, મન, કર્મ આ બધી ચીજ. અહીં તો આંખનો દાખલો છે. આંખ એ દેખાવાયોગ્ય આ અગ્નિ છે, આ શરીર છે, આ છે કે તે છે. એ આંખ દેખવાયોગ્ય પદાર્થનો અત્યંત ભિન્નપણે. આંખ તો દેખાવાયોગ્ય પદાર્થથી તો તદ્દન જુદી છે.

'**તેને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...**' એ આંખ દેખાય છે એ ચીજને કરે અને જે દેખાય તેને વેદે એ અસમર્થ છે. ઝીણી વાત છે, ભાઈ! આ તો ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિનેશ્વરદેવની તો આ વાત છે. અત્યારે તો ગડબડ બહુ થઈ ગઈ છે. આહા..! વાડામાં બંધાયેલા પડ્યા. એય..! બાબુભાઈ! કાંઈ ભાન ન મળે અને અમે ધર્મ કરીએ છીએ. આંખ દેખાતા પદાર્થને દેખે-જાણે, પણ દેખાતા પદાર્થને રચે, કરે ને ભોગવે એ આંખનો સ્વભાવ નથી. કહો, આ તો દૃષ્ટાંત છે હજી તો. આહા..હા..! આ તો સર્વજ્ઞનું જૈનશાસન એ જૈનધર્મ એ અલૌકિક ચીજ, બાપુ! એ કાંઈ સાધારણ માની બેઠા કે આ વ્રત કરીએ, જાત્રા કરીએ, ભક્તિ કરીએ, પૂજા કરીએ, દાન કરીએ, મંદિર બનાવીએ માટે ધર્મ થઈ જાય

(એવો ધર્મ નથી). આહા..હા..! અહીં તો પરમાત્મા એમ જિનેશ્વરદેવ ગણધરો અને ઈન્દ્રોની સભામાં પ્રભુ આમ કહેતા હતા. આહા..હા..! શું? કે જેમ આંખ છે એ દેખાવાયોગ્ય પદાર્થ અગ્નિને, પાણીને, વીંછીને, સર્પ આદિને દેખે છે. આંખ તો દેખે કે નહિ? દેખતા છતાં પરને આંખ કરતું નથી. કહો, બરાબર છે? વીંછી છે, સર્પ છે, અગ્નિ છે, આ શરીર છે, આ લાકડું છે, આ લોઢું છે, આ સોનું છે એને આંખ દેખે. તો દૃશ્ય-દેખાવાયોગ્ય પદાર્થને આંખ દેખે, પણ આંખ દેખાવાયોગ્ય પદાર્થને રચે, કરે અને ભોગવે (એમ નથી). કહો, આ તો સમજાય છે કે નહિ? એ કરે-ભોગવે નહિ. આહા..હા..! છે? પુસ્તક છેને સામે? આ તો પુસ્તકનો અર્થ (થાય છે). વાણિયા ઓલા ચોપડાને મેળવે કે નહિ? ઓલો કહે મારે તમારી પાસે પાંચ હજારનું લેણું છે, ઓલો કહે મારા ચોપડામાં દસ હજાર નીકળે છે લેણદાર કહે. દેણદાર કહે મારા ચોપડામાં પાંચ હજાર છે. મેળવો. ચોપડાને મેળવો. મેળવેને દિવાળીના? એ ત્યાં મેળવે નુકસાન ન થાય એટલે. અહીં મેળવતા નથી કે વીતરાગમાર્ગની સાથે મારે મેળ કેટલો છે? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, એ કરવાને-વેદવાને અસમર્થ છે. આંખ અગ્નિને દેખે, પણ અગ્નિને કરે ને અગ્નિને વેદે એ કરવું અસમર્થ છે. વેદવું અને કરવું આંખને અસમર્થ છે. હજી દૃષ્ટાંત આ તો છે. પછી સિદ્ધાંત આત્મામાં લેવાનો છે. '**દૃશ્ય પદાર્થને કરતું નથી...**' દેખાવાયોગ્યને આંખ દેખે અગ્નિને, પણ કાંઈ અગ્નિને કરતું નથી આંખ, તેમ અગ્નિને વેદતું નથી. કહો, બરાબર છે? '**જો એમ ન હોય તો...**' જો આમ આંખ પરને દેખે છતાં તેને '**કરતું નથી અને વેદતું નથી—જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી સંધુક્ષણની માફક,...**' અગ્નિનું સંધુક્ષણ કરે છેને આ અગ્નિ ચૂલામાં પહેલું? શું કહેવાય તમારું ભૂલી જઈએ. છાણું-છાણું. છાણાનો ભુક્કો. છાણાનો ભુક્કો મૂકેને પહેલાં અગ્નિમાં? ઓલું આખું છાણું અગ્નિ ન પકડી શકે, ભુક્કો હોય ઝીણો તો અગ્નિ પકડી શકે એટલે સંધુક્ષણ એને કહેવાય. બાયું પહેલાં અગ્નિ ન હોય ને ચૂલામાં ભુક્કો મૂકે થોડો. એમાં અગ્નિ ઓલી ગરી શકે, પકડી શકે. આખું છાણું અને આખું લાકડું ન પકડી શકે. તો કહે છે '**સંધુક્ષણ=સંધૂકણ; અગ્નિ સળગાવનાર પદાર્થ; અગ્નિ ચેતવનારી વસ્તુ.**' એ '**સંધુક્ષણની માફક, પોતાને (નેત્રને) અગ્નિનું કરવાપણું (સળગાવવાપણું),...**' સંધુકણનો કરનાર જેમ અગ્નિને કરે છે, એમ આંખ જો અગ્નિને જાણતાં અગ્નિને કરે એમ નથી. સમજાણું કાંઈ? આવો દાખલો સહેલો છે.

એક ખાડો મોટો હોય અથવા રેતી ભરી છે નદીમાં. આ તો ભાઈ હતાને પોપટભાઈ. પોપટભાઈ હતા વઢવાણમાં, નહિ? વઢવાણમાં ગ્રેજ્યુએટ થયેલા. એ વઢવાણને કાંઠે બંધ કર્યો હતો, તળાવની ઓલી કોર. આ તો વાત છે ૭૬ની વાત છે. વઢવાણ. પોપટભાઈ નહિ ઓળખતા હોય. પોપટભાઈ હતા? ગ્રેજ્યુએટ થયેલા. એક ભાઈ ઓલા એના બનેવી

હતાને શું નામ? ફૂલચંદભાઈ. ફૂલચંદભાઈ હતા. એ લૌકિક લાઈન, ગાંધીની લાઈનવાળા. અહીં આવ્યા હતા. અહીં આવ્યા હતા. અમે જ્યારે ..મકાનમાં. પોપટભાઈ ત્યારે બહુ આવતા. એ પોપટભાઈ ત્યાં આગળ બહાર છે, વઢવાણમાં બહાર એક તળાવ છે અને ઓલીકોર નદી છે, વચ્ચે સડક છે. ત્યાં આમ કરતા. ખાડા ખોદીને ત્યાંથી રેતી નાખે. જ્યાં જરૂર હોય ત્યાં પૂરે. તો આંખ આમ કરે તો ત્યાં ખાડો પડે? અને આંખ આમ-આમ કરે તો ત્યાં ભરાય? આહા..હા..! એ બહુ વાવતા ત્યાં. કેળને પછી કેળ વાવેને કેળ ખાયને એ બધા વેગી માણસ હતા. જે વેગે ચડે એ ચડે. અમારી પાસે બહુ આવતા, અહીં બહુ આવતા. એના છોકરાના છોકરાઓ બહુ રહ્યા છે. ચીમનભાઈ છોકરો હતો, એનો છોકરાઓ છબીલ છે. છોકરા બહુ લાઈનવાળા, નરમ ને બરાબર.

એ જેમ આંખે ખાડો પડેલો હોય એને રેતીથી આમ આમ કરે તો રેતી ત્યાં જાય? અને ખાડો ખોદવો હોય તો આંખને આમ-આમ કરે તો ત્યાંથી રેતી નીકળે? આહા..હા..! આવી વાતું! વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે. આંખ પરને જાણવા-દેખવા છતાં, **'અગ્નિને દેખવાથી, સંધુક્ષણની માફક, પોતાને અગ્નિનું કરવાપણું,...'** આંખને નથી. **'અને લોખંડના ગોળાની માફક...'** લોઢાનો ગોળો હોય, એમાં અગ્નિ પેસે તો લોઢું ઊનું થઈ જાય આખું. લોઢાના ગોળામાં અગ્નિ પેસે તો લોઢું ઊનું થઈ જાય. એ **'લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ...'** એ અગ્નિને દેખવાથી જો વેદન હોય તો આત્માને અગ્નિનું વેદન આંખને થઈ જાય. તો આંખ બળી જાય. એને અગ્નિનું કરવાપણું અને અગ્નિનું વેદવાપણું આંખને નથી. કહો, આ તો સમજાય છે કે નહિ? આહા..હા..!

**'લોખંડના ગોળાની માફક પોતાને (નેત્ર)ને અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય...'** આહા..હા..! સંધુક્ષણ જેમ અગ્નિને કરે છે એમ આંખ જો અગ્નિને કરે તો અગ્નિની રચના કરવાની થાય. અગ્નિને કરી શકે શું? તેમ અગ્નિને જાણે છતાં આંખ અગ્નિને વેદે, લોઢાનો ગોળો જેમ ઊનો થઈને લોઢું વેદે છે, એમ આત્મા આંખથી અગ્નિને વેદે તો અહીં ઉષ્ણતા થઈ જાય અને બળી જાય આંખ. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! અનંતકાળથી એણે ચોર્યાસીના અવતાર કરી-કરીને અનંત અવતાર કર્યા. થાક્યો નહિ, થાક્યો નથી. એ બહારના વેગમાં ને વેગમાં એમ ને એમ ચાલીને જિંદગી પૂરી કરે મજૂરની જેમ. મજૂરની જેમ બાબુભાઈ! સાચી હશે? આ મજૂરી આખો દિ' કરે છે, પુણ્ય ને પાપ, આ કર્યા ને આ કર્યા, આનું કર્યું ને આનું કર્યું. છેવટે અહીં તો કહે છે કે પુણ્યનો ભાવ કર્યો એ પણ મજૂર છે, મૂઢ મિથ્યાદષ્ટિ છે. કેમકે આંખ અગ્નિને જાણવા છતાં અગ્નિને કરી શકે નહિ. આંખ અગ્નિને જાણવા છતાં અગ્નિને વેદી શકે નહિ. બરાબર છે?

**'(અર્થાત્ જો નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી**

**જોઈએ...'** જુઓ, આંખથી અગ્નિ થતી હોય તો આંખ આમ કરે ત્યાં અગ્નિ સળગવી જોઈએ. અગ્નિ સળગતી નથી. અગ્નિ તો છે એમ છે, એને કારણે છે. આહા..હા..! **'અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી,...'** પણ એમ છે નહિ. હજી તો દાખલો આકરો પડે માણસને. આહા..હા..! **'નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દશ્ય પદાર્થને કરતું-વેદતું નથી)—પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી...'** આંખ તો દેખવાના સ્વભાવવાળી છે. દેખે, થાય તેને દેખે, તૂટે તેને દેખે, ઉત્પન્ન થાય એને દેખે, વ્યય થાય એને દેખે. આંખ તો દેખે. કોઈને કરે અને એને વેદે નહિ. આહા..હા..! આ દૃષ્ટાંત છે. **'તે સર્વને કેવળ દેખે જ છે;...'**

**'તેવી રીતે...'** હવે એ સિદ્ધાંત ઉતારે છે પરમાત્મા. જેમ આંખ અગ્નિને સંધુકણનો કરનાર કરે, તેમ આંખ અગ્નિને કરતું નથી અને અગ્નિથી લોઢું ઊનું થાય, તેમ આંખ અગ્નિને વેદતું નથી. કહો, બરાબર છે? **'તેવી રીતે જ્ઞાન...'** એટલે આત્મા. આહા..હા..! ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. **'પોતે (નેત્રની માફક) દેખનારો હોવાથી,...'** આંખ તો દેખે. શરીરને દેખે, વાણીને દેખે, એ શુભ અને અશુભ પુણ્ય-પાપ ભાવ થાય એને દેખે. દેખે, કરે નહિ. આહા..હા..! આવો માર્ગ સાંભળ્યો કઠણ પડે, એ કરે કે દિ'? આહા..હા..! આંખ જેમ અગ્નિને કરતું નથી અને વેદતું નથી, કેમકે આંખ એ કરવા-વેદવાની ક્રિયાના પદાર્થથી અત્યંત જુદી ચીજ છે; તેમ ભગવાન આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે, તે પુણ્ય અને પાપના ભાવ વિકારી છે તેને તે જ્ઞાન કરતું નથી અને તેને તે જ્ઞાન વેદતું નથી. આહા..હા..! આ તો સમજાય એવી વાત છે. બહુ ભાષા સાદી છે. છે તો મોંઘો આ માર્ગ. આહા..હા..! કહો, રસિકભાઈ! આવી વાતું છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વરની વાણીમાં ઇન્દ્રો અને ગણધરો સભામાં હતા અને છે અત્યારે મહાવિદેહમાં ત્યાં પ્રભુની આ વાણી છે. મહાવિદેહથી આવેલી આ વાણી છે. સમજાણું કાંઈ? આહા..હા..! કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. સંવત્ ૪૯. બે હજાર વર્ષ પહેલાં. આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. ભગવાન આમ કહે છે. પોતે તો ધર્મી, જ્ઞાની, મુનિ, સંત આનંદના અનુભવી હતા, પણ જગતની પાસે વીતરાગની વાણી જગત પાસે જાહેર કરી આડતિયા તરીકે. માલ ભગવાનનો છે, પણ આડતિયા તરીકે ભગવાન આમ કહે છે, તમારો માલ આવો છે. તારો માલ જ્ઞાનસ્વરૂપ છે તું. એ જ્ઞાનસ્વરૂપ જેમ આંખ અગ્નિને કરે અને વેદે નહિ, એમ ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છોને, પ્રભુ! એ જ્ઞાન દયા, દાન, વ્રતના, ભક્તિના ભાવ આવે શુભ એને જાણે-દેખે, કરે નહિ. આહા..હા..! ભારે વાતું ભાઈ! અને જો એ રાગને કરે તો એ જ્ઞાનસ્વરૂપ ધર્મ રહેતો નથી એને, મિથ્યાદૃષ્ટિ થાય છે. ભારે વાતું, ભાઈ! હવે આખો દિ' કરવું અને કહે કરી શકે નહિ. શું કરવું? પ્રભુ! જડની,

શરીરની, વાણીની તો ક્રિયા જડને કારણે થાય છે. હવે રહ્યો તારામાં ભાવ. એક હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ-વાસનાના ભાવ, એ ભાવ પણ વિકારી છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે તે ભાવને જાણે, પણ એ ભાવને કરે નહિ, કરે તો તે આત્મા રહેતો નથી, તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવી વાતું હવે. આહા..હા..!

બાપુ! તને તારી વસ્તુની ખબર નથી. તું કોણ છો અંદર? એ પ્રભુ તો ચૈતન્યસ્વરૂપ છે. જાણકસ્વરૂપનો પિંડ છે. સમજાય છે? જેમ સાકર મીઠાશનો પિંડ છે, અફીણ કડવાશનો પિંડ છે, મીઠુ ખારનો પિંડ છે, એમ પ્રભુ આત્મા તો જ્ઞાનનો પિંડ છે. આહા..હા..! એ જ્ઞાન આ શરીરને હલવે એ તો નહિ, વાણી બોલે એ તો નહિ, પણ અંદરમાં હિંસાના અને દયાના ભાવ થાય એને પણ એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા કરે નહિ. કેમકે વસ્તુસ્વભાવ જ્ઞાન છે અને રાગ છે તે વિકાર છે. એ સ્વભાવ વિકારને કેમ કરે? આહા..હા..! આવી વાતું છે. છે એમાં છે કે નહિ? આ કાંઈ નવીન સોનગઢનું નથી. ઘણાં તો એમ કહે છે કે આ સોનગઢને નવો ધર્મ કાઢ્યો. આહા..હા..! તમારે ઘરે આવ્યા હતા નહિ? બધા હતા શ્વેતાંબર ચારે કોર બધા. મેડીએ આવ્યા હતાને. સૌને એમ લાગે કે આ તો નવું છે. નવું નથી, પ્રભુ! તને નવું લાગે છે. માર્ગ અનાદિનો છે, તને ખબર નથી. આહા..હા..!

અગ્નિને જેમ આંખ કરે નહિ. એમ જ્ઞાનસ્વરૂપ ભગવાન દયા, દાન, ભક્તિ, પૂજાના ભાવને કરે નહિ. આહા..હા..! આ તે કાંઈ વાત! કેમકે વિકાર છે તે દુઃખરૂપ છે, ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એ આનંદસ્વરૂપી દુઃખને કેમ કરે? એમ કહે છે. એ જ્ઞાનસ્વરૂપી રાગને કેમ રચે? આહા..હા..! આવો માર્ગ હવે. હજી સાંભળવા મળે નહિ બિચારા ક્યાં કરે? અરેરે! જિંદગી એમને એમ ચોર્યાસીના અવતાર. કીડા, કાગડા, કૂતરા, ઢોર, સિંહ, વાઘના અવતાર કરીને મરીને પાછે ત્યાંથી નરકે જાય. આહા..હા..! આવા અવતાર અનંત કર્યા બાપુ! તને ખબર નથી, ભાઈ! આહા..હા..! તારો સ્વભાવ ધર્મ, તારો ધર્મ એટલે સ્વભાવ એ તો જ્ઞાન છે. તારું સ્વરૂપ એટલે સ્વભાવ તો જ્ઞાન છે. એ જ્ઞાનની દશા જાણવા-દેખવાનું કામ કરે. રાગ થાય તેને જાણે-દેખે, સુખ-દુઃખની કલ્પના થાય તેને જાણે-દેખે. આહા..હા..! પણ એ રાગને અને સુખ-દુઃખની કલ્પનાને કરે અને વેદે એ આત્મા નહિ, એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ સંસારી પ્રાણી છે. આહા..હા..! કહો, આવી વાતું કાને પડવી મુશ્કેલ. નહિ? આહા..હા..! આવો માર્ગ આકરો બાપુ! ભાઈ! દુનિયાને તો જાણીએ છીએને.

૬૪ વર્ષથી તો દુકાન છોડીને બેઠા છીએ. ૬૪ વર્ષ. આ તો બધાને જાણીએ છીએ. દુકાન ઉપર બેઠા, અમારે પિતાજીની દુકાન હતી. પાલેજ. ભરૂચ-વડોદર વચ્ચે. નિવૃત્તિ હતી. ઘણી નિવૃત્તિ ઘરની દુકાન. નામુ લખતા ઘરનું અને અમારા ભાગીદાર હતા એ ઘણું કામ કર્યા કરે, આપણે તો થોડું-ઘણું ન હોય ત્યારે વળી કાંઈક તોળી દઈએને એવું કરતાં. છતાં શાસ્ત્ર વાંચતા એ વખતે નાનુ ઉંમરમાં હોં! ૬૫-૬૬ની સાલની વાત. આહા..હા..! આ માર્ગ

કોઈ જુદો, બાપુ! આહા..હા..! ભાઈ! તને હાથ આવ્યો નથી. તને એની ખબરું નથી અને બેખબરો થઈ (રખડે છે). આહા..હા..! એ વ્રતના પરિણામ છે, મહાવ્રતના એ પણ રાગ છે અને આસ્રવ છે. આહા..હા..! અને અવ્રતના પરિણામ છે એ રાગ છે એ તીવ્ર રાગ છે. બેય આસ્રવ છે તેને આત્મા કેમ કરે? એમ કહે છે અહીં. આહા..હા..! છે કે નહિ એમાં? વાણિયા ચોપડા જોવે કે નહિ? આહા..હા..! બાબુભાઈ તો બહુ જોતા આપણા ચીમનભાઈના. ચીમનભાઈમાં હતાને પહેલાં? ત્યાં મેનેજર હતા હેડ. આહા..હા..! અહીં કહે છે કોણ કરે? પ્રભુ! તને ખબર નથી હોં!

તારું સ્વરૂપ તો જ્ઞાનનેત્ર છે. જેમ એ નેત્ર કામ કરે જાણવા-દેખવાનું, રચવાનું અને વેદવાનું નહિ. એમ ભગવાન! તું જ્ઞાનસ્વરૂપ છોને, પ્રભુ! આહા..હા..! તું તો જગતનો જ્ઞાતા-દૃષ્ટા. દૃશ્યનો દૃષ્ટા અને જ્ઞેયનો જ્ઞાતા. આહા..હા..! એ દૃશ્યને-જ્ઞેયને જાણે-દેખે. એ જ્ઞેયને રચે એ એનો સ્વભાવ નથી. આહા..હા..! અરે! એવી વાત સાચી ભગવાનની કાને પડવી એ પણ પૂર્વના કોઈ ભાગ્ય વિના કાને પડે નહિ. આહા..હા..! ત્રણલોકના નાથ, જેના તળિયા ચાટે ઈન્દ્રો અને વાઘ ને નાગ જ્યાં સાંભળવા જાય સભામાં, એવા નરમ થઈને સાંભળે. એવા ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહમાં તો બિરાજે છે. આહા..હા..! એ ભગવાન એમ કહે છે, પ્રભુ! તું કોણ છો? જેમ આંખ છે એ જાણવા-દેખવાનું કામ કરે, એ આંખ કોઈ ખાડો ખોદે અને ખાડો ભરે એવું કામ કરે? આમ-આમ કરે? એમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પ્રભુ! તને ખબર નથી. આહા..હા..!

એ જ્ઞાનસ્વભાવ એ શરીર, વાણી, મન, પૈસા એનું તો કાંઈ કરે નહિ અને એને કોઈ ભોગવે નહિ, એ તો જડ છે. આહા..હા..! 'એને કરું છું અને ભોગવું છું' એ તો મિથ્યા ભ્રાંતિ છે, પણ તારામાં થતાં દયા, દાન, વ્રત ને શુભભાવ એનો રચનારો આત્મા જ્ઞાન એમ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! ગજબ છે વાત, બાપુ! આહા..હા..! એને જન્મ-મરણના દુઃખ ટાળવા હોય તો ઉપાય તો આ છે. બાકી કોઈ આ મંદિર બનાવ્યા, આ બનાવ્યા, લાખોના ખર્ચ કર્યા, મોટી રથયાત્રા કાઢી. અહીંયાં આપણે આવ્યું હતુંને આ બનાવ્યું તે દિ'. ૨૬ હજાર માણસ. આ ૨૬ લાખનું મકાન. ૨૬ હજાર માણસ. ૧૧ લાખનો ખર્ચ બીજો અને ૨૬ આ. ૩૭ લાખ. પણ એ તો બહારની ક્રિયા, બાપુ! એ તારી નહિ. તેં કરી નથી. આહા..હા..! અને એ વખતે કાંઈ શુભભાવ હોય તો એ રાગની મંદતાના પુણ્યભાવ છે, એ જ્ઞાનસ્વરૂપી પુણ્યને કરે નહિ. આહા..હા..! એ રાગ થયો એને જ્ઞાન જ્ઞાનમાં રહીને તેને ભિન્ન રાખીને જાણે. આહા..હા..! આવી વાત છે. મળવી મુશ્કેલ પડી અત્યારે બધી હો.. હા.. હો.. હા.. આ વર્ષીતપ કરો ને આ ફલાણું કરો ને આ ઢીંકણું કરો. શું કહેવાય ઓલા ઉપધાન. એય..! બાબુભાઈ! ઉપધાન બહુ કરે તમારે ત્યાં.

ભગવાન! ભૂલ્યો છો પ્રભુ તું. ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ. ભગ. ભગ એટલે જ્ઞાનલક્ષ્મી.

વાન એટલે સ્વરૂપ. એ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ છેને. એ તો જગતની આંખ છેને. એ જગતની આંખ જગતને કેમ રચે? એ પુણ્ય અને પાપ પણ જગત છે, વિકાર છે. આહા..હા..! એને જ્ઞાન... કીધું? '**જ્ઞાન પણ,...**' પણ કેમ કીધું? ઓલું દૃષ્ટાંત આપ્યુંને આંખનું એટલે '**જ્ઞાન પણ,...**' જેમ આંખ છે, તેમ જ્ઞાન આત્મા પણ. જ્ઞાન એટલે આત્મા પણ '**(નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...**' કર્મ શબ્દે પુણ્ય અને પાપભાવ. આહા..હા..! કર્મ જડ છે એ તો અજીવ તદ્દન ભિન્ન છે. એ તો અજીવ છે આઠ કર્મ જે માટી-ધૂળ. જેમ આ માટી છે એવી માટી છે કર્મ, પણ અંદર પુણ્ય અને પાપના ભાવ (થાય) તે ભાવકર્મ છે. આહા..હા..! એ '**કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...**' પુણ્ય અને પાપના કાર્યથી તે, કર્મ એટલે કાર્ય, એનાથી ભગવાન આત્મા અત્યંત ભિન્ન છે. આહા..હા..! કેમકે નવ તત્ત્વમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્યતત્ત્વમાં જાય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપમાં જાય છે. તો પાપ-પુણ્ય તત્ત્વ તે આસ્રવતત્ત્વ છે અને એનાથી ભિન્ન ભગવાન તે જ્ઞાનતત્ત્વ છે. આહા..હા..! નહિતર નવ સિદ્ધ નહિ થાય. લ્યો! એય..! પોપટભાઈ! ક્યાં નવરાશ છે? આહા..હા..! મજૂરી કરી-કરીને મરી ગયા બિચારા. આહા..હા..! એમના સાળા જાણો છો? ગોવા નહિ? ગુજરી ગયા શાંતિલાલ ખુશાલ. એના સાળા થાય. આ બનેવી થાય એમના. આમને ઘરે એમની બહેન છે. બે અબજ ચાલીસ કરોડ. આંકડા હોં ધૂળના. મરી ગયો ક્યાંય દોઢ વર્ષ પહેલાં. આ કર્તા-ભોક્તાપણે માનીને મરી ગયા બધા. આહા..હા..! ધૂળેય નથી અને ક્યાંય ચાલ્યા ગયા ઢોર આદિમાં. આહા..હા..! બાપુ! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! એમાં કોઈની સિફારિશ ન ચાલે. આહા..હા..!

ત્રણલોકના નાથ સો ઈન્દ્રથી પૂજનિક એની વાણીમાં, એના જ્ઞાનમાં તો આ આવ્યું છે, પ્રભુ! તું તો જ્ઞાનનેત્ર છોને. જેમ આ આંખનો દાખલો આપ્યો, એમ તું જ્ઞાનનેત્ર છોને. જગતના દૃશ્યને દેખનારો છોને. એ પુણ્ય-પાપ દૃશ્ય છે તેનો તું દેખનાર છોને. પુણ્ય-પાપ જ્ઞેય છે તેનો તું જાણનાર છોને. આહા..હા..! આવું મુંબઈમાં ક્યાં મળે એવું છે? હસમુખભાઈ! લોઢા આડે નવરાશ ન મળે કાંઈ. આ તો વળી નવરાશ લઈ લીધી હમણાં તો. આહા..હા..! પ્રભુ! તને તારી સત્ય વાત પણ તને મળે નહિ. એ તું ક્યાં જઈશ? ક્યાં જઈશ? બાપુ! બાપુ! ત્યાં કોઈ માશીબા નથી બેઠી કે આવો ભાણેજ આવો અહીં પોઢો. આહા..હા..! રખડતા-રખડતા, ચોર્યાસીમાં રખડતો ચાલ્યો આવ્યો છે અહીં. હવે કહે છે કે એકવાર તારી ચીજ શું છે એને જાણ તો ખરો, પ્રભુ!

તું તો જાણનાર-દેખનાર છો. એ કર્મ એટલે પુણ્ય-પાપના કામ, એનાથી અત્યંત ભિન્નપણાને લીધે. ભગવાનનું જ્ઞાન એટલે આત્માનું સ્વરૂપ તે પુણ્ય-પાપના ભાવથી અત્યંત ભિન્ન છે. આહા..હા..! નવ તત્ત્વ છે કે નહિ? તો નવ તત્ત્વમાં એ આવ્યુંને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. તો એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ

એ પુણ્યતત્ત્વમાં જાય છે, એ આત્મતત્ત્વ નહિ. હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન, લાયા, લોભ એ પાપતત્ત્વમાં જાય છે, એ આત્મા નહિ. આત્મા તો તેનો જાણનાર-દેખનાર છે. આહા..હા..! એવો આત્મા જ્યાં સુધી ન જાણે અને ન અનુભવે ત્યાં સુધી એને ધર્મ નથી. રખડી મરવાના લક્ષણ છે બધા. આહા..હા..! બહારને રાજી કર્યા કે જુઓ, તમે કેટલાને સમજાવ્યા! લાખો માણસોને સમજાવ્યા ને લાખો કરોડો રૂપિયા ખર્ચીને મોટા મંદિર બનાવ્યા. ધૂળેય કામ નહિ આવે, સાંભળને. આહા..હા..!

અહીં તો કહે છે કે '**કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...**' કર્મ એટલે શુભાશુભભાવ. એ કર્મ છે ખરેખર. જડ કર્મનું એ કાર્ય છે, આત્માનું નહિ. આહા..હા..! આવી વાતું કાને પડવી મુશ્કેલ. હવે એ સત્યને શરણે ક્યારે જાય? એના ભવના અંત ક્યારે આવે? આહા..હા..! ચોર્યાસીની પાટ ભવસિંધુ છે મોટો. ભવાબ્ધિ દરિયો. ભવરૂપી અબ્ધિ—દરિયો પડ્યો છે. આહા..હા..! ચોર્યાસી લાખની યોનિ. એક-એક યોનિમાં અનંતવાર ઊપજ્યો અને મર્યો એ આ ભ્રાંતિ અને મિથ્યાત્વને લઈને. 'પુણ્યના પરિણામનો હું કર્તા, પાપનો હું રચનાર, એનો હું ભોગવનાર' એવી મિથ્યાદૃષ્ટિથી ચાર ગતિમાં રખડ્યો છે. આવી વાતું છે.

છેને અંદર? છે એનો અર્થ થાય છે કે નહિ? વાણિયા તો આમ જોશે કે નહિ? નક્કી કરશે કે નહિ? કાંઈ અધ્ધરથી કહે છે? આ ભગવાનની વાણી છે. આહા..હા..! પરમેશ્વરનો પોકાર છે વાણીમાં. કર્મ અને તે અત્યંત ભિન્ન (છે). એ શુભ અને અશુભરાગ, જેમ આંખ પરપદાર્થને દેખનાર એ દેખાવાયોગ્યથી અત્યંત ભિન્ન આંખ છે, એમ જ્ઞાન છે એ પુણ્ય-પાપનો દેખનાર-જાણનાર છે, એ પુણ્ય અને પાપના વિકલ્પો તેનો તે જ્ઞાન કર્તા-વેદતા નથી. આહા..હા..! આવી વાત! ન્યાયથી-લોજિકથી બેસે એવું છે આ. એમ નથી કે એમને એમ બેસાડી દેવું. ન્યાયથી એને નિ ધાતુ છે. નિમાં દોરી જવું. વસ્તુનું સત્ય સ્વરૂપ છે તેમ જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય. આહા..હા..! તો પ્રભુનો માર્ગ છે ન્યાયનો. આહા..હા..! સમજાણું કાંઈ? અને ન્યાયથી સિદ્ધ કરે છે. બાપુ! તું પ્રભુ, આંખ છે એ દુનિયાને દેખે-જાણે? કે દુનિયાના કોઈ કામ આંખ કોઈ કરે? એમ ભગવાન આત્મા જ્ઞાનરૂપી નેત્ર છેને એ? એ પુણ્ય-પાપને કરે કે ભોગવે? કે પુણ્ય-પાપને ભળ્યા વિના ભિન્ન રહીને જાણે-દેખે? આહા..હા..! આવો ધર્મ છે. વીતરાગનો આવો સમ્યગ્દર્શન ધર્મ આ.

સમ્યગ્દર્શન એટલે જેવું ચૈતન્ય છે સ્વરૂપ પૂર્ણ સ્વરૂપ ભૂતાર્થ જ્ઞાનસ્વરૂપ એને સમ્યક્ એટલે બરાબર છે તેમ એને પ્રતીતિ થઈ. આહા..હા..! અને જો એ કર્તા-ભોક્તા થાય તો તે આત્મા જ્ઞાનસ્વરૂપે રહ્યો નહિ. એ તો વિકાર સ્વરૂપમાં રચનામાં ગરી ગયો એટલે મિથ્યાદૃષ્ટિ છે એ તો. આહા..હા..! કહો, ધીરૂભાઈ! ક્યાં છે? આવી વાત ક્યાં છે? બાપુ! આહા..હા..! જ્યાં હોય ત્યાં ઓલા કહે વ્રત કરો, ઓલા કહે ઉપધાન કરો, આ કહે જાત્રા કરો, ઓલા કહે અપવાસ કરો, છ પરબી દયા પાળો. બાર મહિનામાં છ પરબી. બીજ, પાંચમ, આઠમ,

અગિયારસ, ચૌદશ અને પૂનમ. અષાઢ સુદ પૂનમની જાત્રા કરો શેત્રુંજયની અને ચૈત્ર સુદ પૂનમની બે જાત્રા કરો, લ્યો! અરે! ભગવાન! એવી જાત્રા તો અનંતવાર કરી, પ્રભુ! એ તો શુભભાવ છે. આહા..હા..! અને શુભભાવ ઉપર જ્યાં દૃષ્ટિ છે એ શુભભાવનો કર્તા થયા વિના રહે જ નહિ. અને જેની દૃષ્ટિ 'જ્ઞાનસ્વરૂપ છું' એવી થઈ છે, એ શુભભાવનો કર્તા થતો નથી. દેવીલાલજી! કહો, આ તો સમજાય એવી વાત છે. હસમુખભાઈ! આ કાંઈ આકરી વાત નથી. સાદી ભાષામાં છે. સાદી, સરળ, સીધી. પ્રભુ! તને ખબર નથી. આહા..હા..!

તારું સ્વરૂપ છે શું? ખરું તારું સ્વરૂપ શું? શ્રીમદ્દે કહ્યુંને? 'શું સ્વરૂપ છે મારું ખરું.' આહા..હા..! એનું સ્વરૂપ તો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જાણવું-દેખવું, જ્ઞાતા-દૃષ્ટા જગતનો છે ઈ. પ્રભુ! તો આત્મા જ્ઞાતા-દૃષ્ટા જગતનો છે. એ જગતમાં પુણ્ય અને પાપ પણ જગતમાં આવી ગયા. આહા..હા..! શુભ-અશુભભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ શુભ અને વિષયભોગ વાસના, માન, સન્માન પૈસા ઊપજાવવા, વ્યાજ કરવા, આ કરવું એ ભાવ બધો પાપ, પણ બેય ભાવ વિકૃત છે. તેને ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી જેણે જાણ્યો હોય એ એનો જાણનાર અને દેખનાર રહે. આહા..હા..! એને ધર્મ કહીએ. આવી ધર્મની વ્યાખ્યા! આ તો કો'કનું કરી દઉં અને કો'કને બતાવી દઉં. હું આ કરું છું જુઓ, કેટલા મંદિર બનાવ્યા, આ કર્યા ને તે કર્યું જુઓ, દેખો. શું દેખે સાંભળને હવે. આહા..હા..! એ તો થવાકાળે તેને કારણે થયા છે. એ જડનો પર્યાય ઉત્પન્ન થવાનો જન્મક્ષણ હોય છે. ભગવાન એને જન્મક્ષણ (કહે છે). તે તે પર્યાયની ઉત્પત્તિનો તેનો કાળ હોય છે, ત્યારે જન્મક્ષણે ઉત્પત્તિના કાળે તે ઉત્પન્ન થાય છે. બીજો કહે કે હું આને બનાવું, મંદિરને હું બનાવું, મકાનને હું બનાવું, પુસ્તકને હું બનાવું—એ બધો મિથ્યાભાવ, અજ્ઞાનભાવ છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? આ તો છોકરાઓને સમજાય એવી વાત છે આ તો. સાદી વાત છે. એક ને એક બે જેવી વાત છે આ તો.

ભગવાન! તું જ્ઞાન છોને. આ શરીર પણ તું નહિ, કર્મ પણ નહિ, એ પુણ્ય-પાપના ભાવતત્ત્વ એ તત્ત્વ ભિન્ન છે, તારું તત્ત્વ તો જ્ઞાયકતત્ત્વ, ચૈતન્યતત્ત્વ છે. આહા..હા..! એ ચૈતન્યતત્ત્વનું જેને જ્ઞાન થયું, એ જ્ઞાની અથવા એ ધર્મસ્વભાવી... આહા..હા..! પુણ્ય-પાપનો એ કર્તા ને વેદક એ જીવ નથી. આહા..હા..! અહીં તો આખો દિ' દુકાનને ધંધે બેઠો હોય તો જાણે હું કરું... હું કરું... આને સાચવ્યા. આજે પાંચ-દસ હજાર રૂપિયાનો વકરો થયો અને રૂપિયે બે આનાની પેદાશ ગણીએ તો આટલું થાય, તેટલું થાય એવું ગણતાં અમારે ત્યાં. અમારે કુંવરજીભાઈની દુકાન મોટી હતી. અમારે દુકાન બે હતી. અમારી પિતાજીની દુકાન અને બે દુકાન. પછી અમારા મોટાભાઈ અને કુંવરજીભાઈ બે ભાગીદાર હતા. પછી કરતાં-કરતાં ત્યાં વધી ગઈ પેદાશ. બે લાખની પેદાશ વર્ષની. મોટી દુકાન. અત્યારે દુકાન ચાલે છે. ત્રણ ભાઈઓ છે. બે જુદાં પડી ગયા. ત્રણ લાખની પેદાશ છે.

અત્યારે દુકાન ચાલે છે. તે દિ'ની દુકાન હતી. એ જાણે અમે રળીએ અને અમે પૈસા ભેગા કરીએ. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! એમાં થયેલો રાગ છે એનો એ કર્તા થાય તો મિથ્યાદૃષ્ટિ છે. એટલે? મિથ્યા નામ જૂઠી દૃષ્ટિ એટલે? કે જ્ઞાનસ્વરૂપી રાગને કેમ કરે? છતાં કરે એ માને એ મિથ્યા અસત્યદૃષ્ટિ છે, એ અસત્યનો સેવનાર છે, આહા..હા..! એ સત્યનું સેવન નથી. આહા..હા..!

મહાપ્રભુ ચૈતન્ય સત્ એ જ્ઞાનસ્વરૂપી મહા સત્ છે. જ્ઞાનસ્વભાવે મહાસત્ છે. એ મહાસત્‌ની જેને જ્ઞાન અને પ્રતીતિ થઈ એ તો પુણ્ય અને પાપનો કરનાર અને ભોગવનાર રહેતો નથી. અને 'પુણ્યના ભાવ મેં કર્યા' એમ માને તો એ જૈનપણું (નથી), એને મિથ્યાદૃષ્ટિપણું (છે), જૈનપણું રહેતું નથી. આહા..હા..! એણે રાગને જીત્યો નહિ. જૈન એટલે કે રાગને જીતે, ભિન્ન રાખીને એ મારી ચીજ નહિ, એમ જ્ઞાતા-દૃષ્ટા રહે એણે રાગને જીત્યો. એ રાગનો કર્તા થાય ત્યાં આત્મા હારી ગયો, રાગ જીત્યો. આવી વાતું સાંભળવાને મળે નહિ. ૫૦-૬૦ વર્ષ ચાલ્યા જાય એમને એમ જિંદગી મજૂરની જેમ. આહા..હા..! બાપુ! આ પરમસત્ય છે. આ તો નાનું ગામડું આવીને પડ્યા છીએ. આ ગામડું નાનું સોનગઢ. આવ્યા ત્યારે તો અહીં ચાર હજારની વસ્તી હતી. ચાર હજારની નહિ, બારસોની. લ્યો ઠીક! અહીંયાં આવ્યા ત્યારે ૪૨ વર્ષ અને ચાર મહિના થયા અહીં. બારસોની વસ્તી હતી. હવે ચાર હજાર થયા. આહા..હા..! બાપુ! મારગડા જુદાં નાથ!

તું ચૈતન્યસ્વરૂપી ભગવાન છોને નાથ! પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છો. એ પ્રજ્ઞાસ્વરૂપી આત્મા. આહા..હા..! એ પરમાત્માની ભક્તિનો ભાવ એ કરે તો તે આત્મા રહેતો નથી, મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. આહા..હા..! આવી વાત છે. કાને પડવી મુશ્કેલ. અરેરે! અનંતકાળથી રખડતો, રઝળતો જૂઠી દૃષ્ટિથી તે દુઃખી છે અને જૂઠી દૃષ્ટિથી તેને ચાર ગતિમાં અવતરવું પડશે. કેમ? કે જેણે સંયોગીભાવને પોતાના માન્યા એ સંયોગી ચીજથી છૂટો નહિ રહી શકે. ચાર ગતિના સંયોગમાં જશે એ. આહા..હા..! શું કહ્યું ઈ? કે શુભ અને અશુભભાવ જે છે એ સંયોગીભાવ, સ્વભાવભાવ નથી. એનો સ્વભાવ તો જ્ઞાન-દર્શન અને આનંદ છે પ્રભુનો. સ્વભાવભાવ નથી. 'એ સંયોગી વિકાર પુણ્ય-પાપની રચના મેં કરી અને એનો હું ભોગવનાર' એ ચાર ગતિના ભવના ભ્રમણથી, સંયોગથી જુદો નહિ રહી શકે. આહા..હા..! એ ભ્રમણના ભવમાં જોડાઈને એ રખડશે. આહા..હા..! અરે! આવી વ્યાખ્યા શું આ તે? બાપુ! બાપુ! મારગડા જુદાં, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

શું કીધું? '**તેવી રીતે જ્ઞાન પણ પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી,...**' પુણ્ય-પાપના ભાવથી '**અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી...**' એટલે ખરેખર '**તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...**' આહા..હા..! બરાબર ઠીક આ આકરી વાતમાં આવી ગયા છે અહીં. બધે રખડતા-રખડતા. તમારો છોકરો આવ્યો હતો. કીધું કોને દીકરો? કે બાબુભાઈનો

દીકરો. કીધું બાબુભાઈને તો જાણીએ છીએ અમે. ઈ ત્યાં રોકાણા છે, આવશે. આહા..હા..! અરે! ભાઈ! શું કહીએ? આવી વાતું પરમસત્ય પરમાત્માના ઘરની. પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ જેને દેહમાં રહ્યાં છતાં કેવળજ્ઞાન, ત્રણકાળનું જ્ઞાન હોય છે. આહા..હા..! દેહ છૂટી જાય તો સિદ્ધ થઈ જાય. દેહમાં રહે અને ચાર કર્મનો નાશ થઈ, ત્રણકાળનું જ્ઞાન થાય તેને અરિહંત કહીએ. એ અરિહંત ત્રિલોકનાથ બિરાજતા અહીંયાં જ્યારે ત્યારે તો એની સભામાં ઈન્દ્રો ને બધા આવતા. ત્યારે પણ આ વાત હતી. ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં અત્યારે પણ. ત્યાં આ જ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ બેસવું કઠણ બાપુ બહુ! અજ્ઞાનીનો અજ્ઞાનનો અભ્યાસ. આહા..હા..!

પ્રભુ ચૈતન્યમૂર્તિ છે એ તો જ્ઞાતા-દૃષ્ટા છેને. એ જ્ઞાતા-દૃષ્ટા, જેમ આંખ અગ્નિને જાણે-દેખે, પણ અગ્નિને ઉત્પન્ન કરે અને અગ્નિને વેદે એ આંખનો સ્વભાવ છે? એમ જ્ઞાનનો સ્વભાવ ભગવાન આત્માનો એ રાગને કરે અને વેદે એ એનો સ્વભાવ નથી. આહા..હા..! આવી વાતું! આવી વાત કાને પડવામાં પણ પુણ્ય જોઈએ છે. પૂર્વના કોઈ જબ્બર પુણ્ય હોય તો વાત સત્ય કાને પડે, નહિતર સત્ય કાને પડવાનો યોગ પણ નહિ રહે. આહા..હા..! અને એની 'હા' પડવી એ તો કોઈ અપૂર્વ વાત છે, પૂર્વે કદી કરી નથી.

અહીં એ કહે છે. **'કરવા-વેદવાને અસમર્થ હોવાથી...'** એનામાં શક્તિ જ નથી કહે છે. આહા..હા..! આત્માના જ્ઞાનસ્વભાવમાં એ પુણ્ય અને પાપનું કરવું અને વેદવું એવી એનામાં શક્તિ જ નથી, અસમર્થ છે. આહા..હા..! કહો, પ્રેમચંદભાઈ! આવું ચુડામાં ક્યાં છે ન્યાં કાંઈ? બધે ગોટેગોટા ઉઠ્યા છે બધા. આહા..હા..! અને સત્ય બહાર આવ્યું ત્યારે હવે લોકોને એય..! એકાંત છે... એકાંત છે... કહો, વાંધો નથી. અમારે અહીં વાંધો નથી. વ્યવહારથી પણ થાય, એનાથી પણ થાય. અરે! સાંભળને નાથ! વ્યવહાર હજી ક્યાં તને આત્માના ભાન વિના રાગને વ્યવહાર ક્યાંથી કહીએ? પણ એ વ્યવહારનો પણ આત્મા જાણનાર-દેખનાર છે એમ કીધું. વ્યવહારનો કરનાર અને ભોગવનાર આત્મા નહિ. આહા..હા..! એને આ વ્યવહાર કરતાં-કરતાં ભક્તિ ને પૂજા ને દાન, દયા કરતાં-કરતાં આત્મજ્ઞાન થાશે. મરી જઈશ ક્યાંય ચોર્યાસીના અવતારમાં ચાલ્યો જઈશ સાંભળને. સત્ય તે સત્ય રહેશે. સત્ય તે કાંઈ તારું માનેલું અસત્ય થઈ જશે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો પોતાના સ્વરૂપની વાત છે, બાપા! આહા..હા..!

**'કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** આહા..હા..! એક ફેરી ટી. જી. શાહ આવ્યા હતા. ટી. જી. શાહને ઓળખોને ભાઈ! બાબુભાઈ! વઢવાણવાળા નહિ? ટી.જી. શાહ મુંબઈ રહેતા. ત્રિભુવન. અહીં આવ્યા હતા ૧૯૯૨-૯૩ની સાલમાં. ઈ કહે મહારાજ! સિદ્ધ છે એ સિદ્ધ થઈ ગયા. મોક્ષ પધાર્યા આત્મા પૂર્ણ દશા આનંદની અને હવે જન્મ-મરવું નહિ. એ સિદ્ધ કરે શું? કીધું કાંઈ ન કરે કોઈનું. હેં! આ અમે પણ હજી પાંચ-પચ્ચીસ શક્તિવાળા

છીએ તો કોઈકનું કરીએ. ધૂળેય કરતો નથી, અભિમાન છે તારા. મોટું છેને ત્યાં મુંબઈમાં. એનું શું કહેવાય એ મકાન? બિલ્ડિંગ-બિલ્ડિંગ. મોટી બિલ્ડિંગ છે. મરી ગયા એ તો બિચારા. એની દિકરી ક્રિશ્ચિયનને પરણી. ઠેકાણા વિનાનું ખાતું બધું ઘરનું. એની હયાતીમાં પરણી હતી ક્રિશ્ચિયનને. અહીં ઘણીવાર આવ્યા હતા. નારણભાઈના ભાઈબંધ હતાને. નારણભાઈએ અમારે દીક્ષા લીધી હતીને. વઢવાણના એના ભાઈબંધ હતા તો આવતા. પણ કાંઈ ખબર ન મળે. અભિમાનનો પાર ન મળે. અમે જાણે કાંઈકના કરી દઈએ, આમ કરી દઈએ, સુધારા કરીએ, નાતના સુધારા, સમાજના સુધારા, ગામના સુધારા, દેશના સુધારા. અરે! ભગવાન! સાંભળને પ્રભુ! તારું સ્વરૂપ તો જ્ઞાન છે. થતી ક્રિયાને પોતામાં રહીને જાણવું-દેખવું એ તારો સ્વભાવ છે. બાબુભાઈ તો બહુ કરતાં ત્યાં ચીમનભાઈમાં હતા ત્યારે.

**શ્રોતા :-** અત્યારે બહુ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ કરે છે? જુદું કરે હવે પોતાનું. આહા..હા..! મુંબઈ-મુંબઈ રહેતા એ? અમદાવાદ. આહા..હા..!

અહીં પરમાત્મા સર્વજ્ઞદેવ એક સમયમાં જેને ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન થયું. કેમકે આત્માનો સ્વભાવ જ સર્વજ્ઞ છે અંદર. એ સર્વજ્ઞસ્વભાવ છે. જેમ પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી રૂપિયે રૂપિયો, એમ આત્મામાં પૂર્ણ સર્વજ્ઞ શક્તિ પડી છે, એને આત્મા કહીએ. આહા..હા..! અરે.. કેમ બેસે? પીપરની બેસે, આ ન બેસે. સોળે સોળ આના પૂર્ણ શક્તિ જ્ઞાનની પડી છે તારામાં. એ સર્વજ્ઞશક્તિવાળું તત્ત્વ તેને અહીં આત્મા કહીએ. એ જાણવા-દેખવાનું કામ કરે, એ સિવાય પરનું શું કરે ઈ? આહા..હા..! સર્વજ્ઞ પરમાત્મા થયા એ શું કરે? જગતને જાણે છે કે છે એ. પરને કરે કર્તા એ તો મૂઢ છે. છે એને કરે કોણ અને નથી એને કરે કોણ? આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, પ્રભુ! કહે છે, આ તો મહાસિદ્ધાંત આમાં ભર્યા છે.

‘**કરવા-વેદવાને અસમર્થ હોવાથી, કર્મને કરતું નથી અને વેદતું નથી,...**’ આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા તે પુણ્ય-પાપના ભાવને કરતું પણ નથી અને વેદતું પણ નથી. એ જ્ઞાનસ્વરૂપી સ્વભાવ તો એને જાણે છે, પર તરીકે જાણે છે, કરવા-વેદવાનું એનામાં છે નહિ. એનું નામ આત્મા કહીએ અને એનું નામ ધર્મ કહીએ. આહા..હા..! વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૩, રવિવાર, તા. ૦૩-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૦, પ્રવચન નં. ૩૮૫

સમયસાર, સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર, ૩૨૦. છેલ્લું આવ્યું છે. છેલ્લી લીટી પછી ભાવાર્થ લઈશું. 'પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...' આહા..હા..! પુણ્ય અને પાપના ભાવ તેને કરવું અને વેદવું એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! એ તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય ધ્રુવ ત્રિકાળ, એ રાગને કરે અને વેદે એ એનું સ્વરૂપ જ નથી. આહા..હા..! 'પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું હોવાથી...' આત્મતત્ત્વ. એકલો જ્ઞાનસ્વભાવ-જ્ઞાનસ્વભાવ. સ્વભાવવાન આત્મા, પણ એનો એકલો જાણવાનો સ્વભાવનો પિંડ જ્ઞાનપુંજ પિંડ. એને લઈને 'કર્મના બંધને...' રાગને અને નવા કર્મના બંધને 'તથા મોક્ષને,...' કર્મ છૂટવું, ઉદય આવવું એને જાણે, છૂટે એને જાણે. આહા..હા..! આવો એનો સ્વભાવ છે. એટલે જેને સ્વભાવનું ભાન ધર્મદૃષ્ટિ થઈ એ રાગના વ્યવહારના વિકલ્પને દયા, દાન, ભક્તિ આદિના ભાવને કરતો નથી અને વેદતો પણ નથી, એમ કહે છે. આહા..હા..! છે?

'બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને...' આહા..હા..! કર્મનો ઉદય વિકારભાવ અથવા કર્મનું ખરી જવું એ વિકારનું એને 'કેવળ જાણે જ છે.' આહા..હા..! જ્ઞાનસ્વભાવ આત્માનો ત્રિકાળ એવો જેને અનુભવ થયો સમ્યગ્દર્શન, એ તો આત્મા જ્ઞાનસ્વભાવ છે એમ જાણવામાં આવ્યું. એવો ધર્મી જીવ વ્યવહારના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને પણ કરતો નથી, આહા..હા..! તેમ તેને વેદતો-અનુભવતો નથી. આવી વાત છે, બાપુ! ભગવાનના માર્ગની. આહા..હા..! ફક્ત તેને છેને? 'કેવળ જાણે જ છે.' છેલ્લા શબ્દો છેને? ટીકામાં. 'કેવળ જાણે જ છે.' આહા..હા..!

ચૈતન્ય ભગવાન આત્મા એ જ્ઞાનસ્વરૂપી ચિદ્બ્રહ્મ, એવું જેને સમ્યગ્દર્શનમાં ભાન થયું, ધર્મની પહેલી દશા, ધર્મનું પહેલું સોપાન. આહા..હા..! એ જ્ઞાનસ્વભાવી આત્મા એવી ભાનદશામાં એ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને એ જ્ઞાનસ્વભાવ ધર્મી કરતો નથી. આહા..હા..! શશીભાઈ! આવી વાતું છે. તેમ એ વેદતો-અનુભવતો નથી. 'કેવળ જાણે જ છે.' આહા..હા..! કેમકે સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવને આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેમ ભાસ્યું છે, અનુભવ્યુ છે કે આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ છે. આહા..હા..! એવી જ્ઞાનની ધ્રુવતાના સ્વભાવને જાણતો, અનુભવતો ધર્મી રાગને કરે અને વેદે એવી એનામાં શક્તિ નથી કહે છે. અસમર્થ થયોને? અસમર્થ છે. આહા..હા..! રાગનું રચવું અને રાગનું વેદવું... આહા..હા..! જેને

વ્યવહારરત્નત્રય કહે એ શુભરાગ છે. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો ભાવ તે રાગ છે, પંચમહાવ્રતનો ભાવ એ રાગ છે અને શાસ્ત્રનું જ્ઞાન કરવું એ પણ વિકલ્પ ને રાગ છે પર તરફનો. આહા..હા..! એ રાગને ધર્મી એટલે કે ધર્મી એવો આત્મા અને એનો જે જ્ઞાનસ્વભાવ એવું જે ધર્મીને ભાન થયું છે. આહા..હા..! ભારે માર્ગ, બાપુ! સમજાણું કાંઈ? એને રાગ આવે અને રાગનું વેદન પણ હોય પર્યાયમાં, પણ છતાં એ વેદનારો આત્મા છે એમ નહિ. પર્યાયનું વેદન પર્યાયમાં, પર્યાયનું પરિણમન પર્યાયમાં. આહા..હા..! પ્રવચનસારમાં આવે છેન નય અધિકાર. ધર્મી જીવને પણ રાગનું પરિણમન છે તેટલો એને કર્તા કહેવાય અને તેટલું વેદન છે એટલે ભોક્તા (પણ છે), પણ એ અહીં નથી લેવું. આહા..હા..! અહીંયાં તો ભગવાન આત્મા 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી તાતૈ વચનભેદ ભ્રમ ભારી.' સ્વ-જ્ઞેય અને પરજ્ઞેય બે ચીજ ભિન્ન છે. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ રાગ એ ચૈતન્યના સ્વભાવથી ભિન્ન છે. એને ધર્મી... આહા..હા..! ચોથા ગુણસ્થાનવાળો સમકિતી કરતો નથી અને વેદતો પણ નથી એમ કહે છે. આહા..હા..! દેવીલાલજી! એ આપણે આવ્યું હતું પણ જરી...

'**ભાવાર્થ :- જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ...**' ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એનો સ્વભાવ નેત્રની જેમ. આ આંખની જેમ '**દૂરથી જાણવાનો છે;...**' ભાષા દેખો, આંખ અગ્નિને જાણે, આંખ વીંછીને જાણે, પણ દૂરથી જાણે છે, એમાં ભળીને ન જાણે. આહા..હા..! આંખ છે આ નેત્ર એ દૂરથી જાણવાનો (સ્વભાવ) છે. ભાષા દેખો પહેલેથી આ સ્પષ્ટ પંડિતજી કરે છે. જયચંદ્ર પંડિત સ્પષ્ટ કરે છે. આહા..હા..! '**માટે, કરવું-ભોગવવું જ્ઞાનને નથી.**' આહા..હા..! '**જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે;...**' આહા..હા..! '**માટે, કરવું-ભોગવવું જ્ઞાનને નથી.**' આત્મા જ્ઞાનસ્વરૂપ છે એને રાગ અને પુણ્યના પરિણામ તો દૂર-દૂર છે. એને દૂરથી જાણે, પણ એને કરે અને વેદે નહિ. આહા..હા..! આવો માર્ગ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્માનો સ્વભાવ જ્ઞાનસ્વભાવ ચૈતન્યબિંબ પ્રભુ એનો '**સ્વભાવ નેત્રની જેમ.**' આંખ જેમ અગ્નિને, વીંછીને, ઠંડા પાણીને કે ગરમ અગ્નિને દૂર રહીને તે આંખ જાણે છે. એમ ભગવાન આત્માનું જ્ઞાન એવું જેને ભાન થયું એ જ્ઞાન પુણ્ય-પાપના ભાવ થાય તેમાં ભળીને જાણતો નથી, તેને કરતો-વેદતો નથી, દૂરથી તેને જાણે છે. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ? આ મકાન થાય એને આંખ જાણે. મકાન પડે એને આંખ જાણે. કે આંખ બનાવે મકાનને? કે આંખ તોડે મકાનને? આહા..હા..! એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી એ શરીર, વાણી, મનની ક્રિયા તો કરે નહિ, પણ પુણ્ય-પાપના ભાવ થાય તેને પણ દૂર રહીને જાણે. આવું ભગવાનનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા કેવી કરી છે જુઓને! ખુલાસો કર્યો છે.

'**જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે; માટે કરવું-ભોગવવું આત્માને નથી.**' આહા..હા..! જે આત્મજ્ઞાની થયો અને આત્માનું જ્ઞાન થયું તેને રાગનું કરવું અને

ભોગવવું-વેદવું છે જ નહિ. આહા..હા..! શશીભાઈ! આ તો હજી અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. પછી વળી ઓલી લેશું. એ સૂક્ષ્મ છે. જયસેનઆચાર્યની ટીકા સૂક્ષ્મ છે. હમણાં રાજકોટ વંચાઈ ગઈ. ત્યારે '**કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે.**' આહા..હા..! 'એ રાગના ભાવને, ભગવાનની ભક્તિના ભાવને, રાગને કરું છું અને એને ભોગવું છું' એ માન્યતા અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? '**કરવા-ભોગવવાપણું માનવું...**' કરવું-ભોગવવાનું છે નહિ અને તે આંખની જેમ આત્મા રાગને દૂર રહીને જાણે છે. આહા..હા..! તેથી રાગનો ભાવ, શુભરાગ પણ કરવું અને ભોગવવું એવું જે માનવું એ મિથ્યાત્વ છે, અજ્ઞાન છે. આહા..હા..! આવું છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે વીતરાગ. આહા..હા..! આ તો જ્યાં હોય ત્યાં આ મેં કર્યું... આ મેં કર્યું... આ મેં કર્યું... આહા..હા..! 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે.' નરસિંહ મહેતો કહે છેને, પણ એની બુદ્ધિથી. આ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય એ ચૈતન્યસૂર્ય છે. એ સૂર્ય અંધકારમાં ભળે શી રીતે? આહા..હા..! એમ આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ એ પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ અંધારા છે એમાં ભળે શી રીતે? આહા..હા..! પ્રકાશ તે અંધારામાં ભળે? આહા..હા..!

ચૈતન્યના તેજ અંદર, જ્ઞાનનું તેજ સ્વરૂપ પ્રભુ છે, તેજ-તેજ. આહા..હા..! ચૈતન્યના તેજનું સ્વરૂપ તે ભગવાન આત્મા. એના ચૈતન્યના તેજ આગળ વ્યવહાર દયા, દાનના રાગને પણ કરવું અને ભોગવવું એના ચૈતન્યના તેજમાં નથી. આહા..હા..! ત્યારે કહે એ કરવું-ભોગવવું માનવું તે અજ્ઞાન છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ રાગ આવે એને કરે નહિ અને વેદે નહિ. આહા..હા..! દૂરથી તેને ભળ્યા વિના તેને જાણે કે આ રાગ થયો. સમજાણું કાંઈ? આહા..હા..! આવું સ્વરૂપ!

'**અહીં કોઈ પૂછે કે—એવું તો કેવળજ્ઞાન છે.**' હવે શિષ્યે પ્રશ્ન કર્યો. આટલું બધું તમે કહો એ તો કેવળજ્ઞાન હોય એને હોય. કેવળજ્ઞાન રાગને કરે નહિ અને વેદે નહિ. નીચલેમાં તો રાગ આવે છે ને કરે નહિ ને વેદે નહિ? આહા..હા..! આ તો સ્પષ્ટ કરે છે. જયચંદ્ર પંડિત. પહેલાંના પંડિત પણ કેવા હતા જુઓને. આહા..હા..! એ ઓલામાં લીધું છે. '**स पंडितः**' એને પંડિત કહેવો એવી બે-ત્રણ ગાથા છે હોં! આમાં છે. પંડિત એને કહેવો. સ્વરૂપ સંબોધનમાં? શું છે? ૨૨મો શ્લોક છે. 'સિદ્ધ પરમેષ્ઠી કે સમાન તીનલોક, તીનોં કાલવર્તી સમસ્ત અનંત પદાર્થોકોં એકસાથ પ્રત્યક્ષ કરનેવાલે કેવલજ્ઞાનાદિ ગુણોંકી પ્રાપ્તિ કે લિયે જો પુરુષ અપની આત્માકો પરમાનંદમય ચૈતન્ય ચમત્કારયુક્ત જાનતા હૈ.' આહા..હા..! 'વહી વાસ્તવમેં પંડિત હૈ.' એય..! પંડિતજી! બે-ત્રણ ઠેકાણે છે હોં! ૨૨ અને ૨૩માં છે. આહા..હા..! જેમ 'સુવર્ણ પાષાણમેં સોના ગુપ્ત હૈ.' સોનાનો પત્થર હોયને? સોનું અને પત્થર. એમાં સોનું ગુપ્ત છે. ગુપ્ત રીતે... 'દૂધ મેં જૈસે ઘૃત..' દૂધમાં ઘી ગુપ્ત છે 'તૈસે તિલમેં તેલ, ઉસી પ્રકાર શરીરમેં શિવરૂપ આત્મા વિદ્યમાન હૈ' બિરાજમાન છે. આહા..હા..! તલમાં તેલ, લાકડામાં

અગ્નિ એમ, આ શરીરમાં ભગવાન ચૈતન્યમૂર્તિ ભિન્ન છે અંદર. આહા..હા..! 'ઐસા સમજના ચાહિયે. અથવા જૈસે કાષ્ઠકે ભીતર અગ્નિ શક્તિરૂપ સે રહતી હૈ, ઉસી પ્રકાર શરીરકે ભીતર શુદ્ધ આત્મા બિરાજમાન હૈ. ઈસ પ્રકાર તુ સમજતા હૈ વહી વાસ્તવ મેં પંડિત હૈ.' આહા..હા..! આને પંડિત કીધા છે. લોકોને સમજાવતા આવડે અને લાખો માણસ ભેગા થાય એ પંડિત નહિ. આ ભગવાન આત્માને આનંદમય, જ્ઞાનમય શુદ્ધ ચૈતન્યઘન જે જાણે એ રાગનો પણ કર્તા અને વેદક ન થાય તે જીવને પંડિત કહેવામાં આવે છે. આહા..હા..! શું છે? પરમાનંદ સ્તોત્ર છે. પરમાનંદ સ્રોત. ૨૨-૨૩-૨૪. ૨૪ શ્લોક છે એના. આહા..હા..!

અહીં પૂછે છે કે પણ આવું તો કેવળજ્ઞાનને હોય. '**બાકી જ્યાં સુધી મોહકર્મનો ઉદય છે, ત્યાં સુધી તો સુખદુઃખરાગાદિરૂપે પરિણમન થાય જ છે,...**' એમ. જ્યાં સુધી મોહનો ઉદય છે ત્યાં સુધી સુખ-દુઃખ અને રાગ-દ્વેષ આદિનું દશા પરિણમન થાય જ છે. '**તેમ જ જ્યાં સુધી દર્શનાવરણ, જ્ઞાનાવરણ તથા વીર્યાંતરાયનો ઉદય છે ત્યાં સુધી અદર્શન, અજ્ઞાન...**' છે. પૂર્ણ દર્શન નથી, પૂર્ણ જ્ઞાન નથી અને પૂર્ણ વીર્ય નથી. અસમર્થપણું હોય જ છે. આહા..હા..! શું કહે છે? શિષ્યનો પ્રશ્ન છે કે તમે તો હજી ચોથે ગુણસ્થાને જ્ઞાન થયું ત્યાં કર્તા-ભોક્તા ઉડાવી દીધું, પણ અમે તો કહીએ પ્રભુ! એ તો કેવળજ્ઞાનને માટે લાગુ પડે. કેમકે નીચે તો કર્મનો ઉદય છે તો રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પના તો થાય અને તમે કહો છો કે જ્ઞાનીને રાગ-દ્વેષ છે નહિ, સુખ-દુઃખ છે નહિ. શિષ્યનો પ્રશ્ન છે આ. આહા..હા..! '**કેવળજ્ઞાન થયા પહેલાં જ્ઞાતાદૃષ્ટાપણું કેમ કહેવાય?**' આહા..હા..! કેવળજ્ઞાન થાય ત્યારે જાણનાર-દેખનાર કહેવાય, એ પહેલાં જ્ઞાતા-દૃષ્ટા તમે ચોથે ગુણસ્થાને લગાવો આ તે કેમ બેસે? સમકિતીને જ્ઞાતા-દૃષ્ટા ઠરાવો અને કરવા-વેદવાનું નહિ એને? આહા..હા..! એ કેમ મનાય? આહા..હા..!

'**તેનું સમાધાન :— પહેલેથી કહેતા જ આવીએ છીએ કે જે સ્વતંત્રપણે કરે-ભોગવે, તેને પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાય છે.**' આહા..હા..! '**માટે જ્યાં મિથ્યાદૃષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો...**' આહા..હા..! રાગ મારો છે અને રાગનું કરવું એ વાત જ્યાં છૂટી ગઈ, મિથ્યાત્વનો જ્યાં અભાવ થયો, '**મિથ્યાદૃષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો...**' ત્યાં તો ચૈતન્યનો સ્વામી થયો એ પરદ્રવ્યનો સ્વામી છૂટી ગયો. પરદ્રવ્યનો સ્વામી છે નહિ ઈ. આહા..હા..! સમકિતી જીવ પત્નીનો પતિ નથી, એમ કહે છે. આહા..હા..! અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? એનો સ્વામી નથી. એના મકાન પાંચ-પચ્ચીસ કરાવ્યા હોય તો એનો સ્વામી એ નથી. આહા..હા..! અને ધર્મીએ પાંચ-પચ્ચીસ મકાન કર્યા એ કર્યા પણ નથી, એ તો એને કારણે ત્યાં થયા છે. આહા..હા..! છે? '**મિથ્યાદૃષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો અને ત્યારે જીવ જ્ઞાની થયો થકો...**' ધર્મી થયો થકો, જ્ઞાનસ્વરૂપ એવી મારી ચીજ

એવું ધર્મીપણું, જ્ઞાનીપણું સ્વભાવનું ભાનપણું પ્રગટ્યું. આહા..હા..! '**સ્વતંત્રપણે તો કોઈનો કર્તા-ભોક્તા થતો નથી,...**' હોંશથી, હરખથી રાગનો કર્તા અને ભોક્તા થતો નથી, હોંશ, હરખ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યારથી ધર્મી થયો, જ્ઞાની થયો, આત્મજ્ઞાન થયું ત્યારથી એને વિકારના ભાવની હોંશ નથી, ઉત્સાહ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું, બાપુ! મારગડા જુદાં બહુ. અત્યારે તો બહારમાં ગોટા વાળ્યા બધાએ. આહા..હા..!

'**પોતાની નબળાઈથી કર્મના ઉદયની બળજોરીથી...**' બે વાત. પોતાની નબળાઈથી અને કર્મના ઉદય તરફના ભાવકર્મના જોરથી '**જે કાર્ય થાય છે તેનો કર્તા-ભોક્તા પરમાર્થદૃષ્ટિએ તેને કહેવાતો નથી.**' લ્યો! આહા..હા..! પરાધીનપણે રાગાદિ થાય એનો કર્તા-ભોક્તા પરમાર્થે નથી. જેને આનંદસ્વરૂપ ભગવાન ભાસ્યો, પરમાનંદની મૂર્તિ આત્મા એવું જેને સમ્યગ્દર્શનમાં ભાન થયું કે આ તો અતીન્દ્રિય આનંદનો સાગર છે, એવા ભાનવાળા ધર્મી, સમકિતીને કર્મના ઉદયના કારણે કોઈ હરખ-શોક થાય પણ એની એને હોંશ નથી, ઉત્સાહ નથી, રુચિ નથી, રંગ ચડ્યો નથી એનો એને. આહા..હા..! ધર્મીને તો આનંદ અને જ્ઞાનનો રંગ ચડ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! આને ધર્મી કહીએ. અત્યારે તો ધર્મી ચાલી નીકળ્યા. બધા અમે ધર્મી છીએ... ધર્મી છીએ. લૂગડા ફેરવીને જ્યાં બીજા થયા ત્યાં સાધુ થઈ ગયા. અરે! પ્રભુ! મારગડા જુદાં નાથ. આહા..હા..! જેને હજી અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ પ્રભુ આત્માનું છે એ પણ જ્ઞાનની દશામાં જ્ઞેયપણે જણાણો નથી, જ્ઞાનની દશામાં આ આનંદ અતીન્દ્રિય આનંદનો સાગર છે પ્રભુ એવું જેને જ્ઞાનની દશામાં જ્ઞેયપણે જણાવા યોગ્યપણે જણાણું નથી... આહા..હા..! એને ધર્મી કેમ કહેવાય? કહે છે. સમજાણું કાંઈ? કેમકે ધર્મી એવો જે આત્મા જ્ઞાનસ્વભાવી આત્મા, એ તો જેને અનુભવમાં-દૃષ્ટિમાં તો આવ્યો નથી, આહા..હા..! તો પછી એને વસ્તુમાં ઠરવું એવું ચારિત્ર એને હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ! છે? '**કર્મના ઉદયની બળજોરીથી...**' એટલે ભાવકર્મ થવાનું છે એ પુરુષાર્થની નબળાઈ છે. એને લઈને '**જે કાર્ય થાય છે તેનો કર્તા-ભોક્તા પરમાર્થદૃષ્ટિએ તેને કહેવાતો નથી.**' આહા..હા..! '**વળી તે કાર્યના નિમિત્તે કાંઈક નવીન કર્મરજ લાગે પણ છે, તોપણ તેને અહીં બંધમાં ગણવામાં આવતી નથી.**' અલ્પ બંધ પડે તેને અહીં ગણવામાં નથી આવ્યો. આહા..હા..!

'**મિથ્યાત્વ છે તે જ સંસાર છે.**' આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવ મારા છે, મારું કર્તવ્ય છે એવી મિથ્યાદૃષ્ટિ એ સંસાર છે. ભલે અહીં બાયડી-છોકરા છોડીને નગ્નમુનિ થઈ ગયો હોય, પણ જેણે અંદરમાં દયા, દાન, વ્રતના ભાવ મારા છે અને મને લાભદાયક છે એ મિથ્યાદૃષ્ટિ છે, એ સંસારી છે, એ મિથ્યાત્વ તે સંસાર છે. છે? આહા..હા..! આ તો બાયડી-છોકરા, દુકાન છોડી (એટલે) સંસાર છોડ્યો. આહા..હા..! એમ ક્યાં હતું? બાપુ! એવું તો પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. આહા..હા..! આત્મા સિવાય પરપદાર્થને

ગ્રહે અને છોડે એ તો વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! ત્યાગોપાદાનશૂન્યત્વ શક્તિ. પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એનાથી શૂન્ય છે આત્મા ભગવાન. આહા..હા..! એવું જે આત્માનું અંદર ભાન થયું એને આ રાગ મારો અને રાગથી લાભ થશે, મિથ્યાત્વનો તો ... થઈ ગયો એ મિથ્યાત્વ તે સંસાર છે. આહા..હા..! ભાષા જુઓ પાછી!

**'મિથ્યાત્વ છે તે જ સંસાર છે.'** કથંચિત્ મિથ્યાત્વ સંસાર અને કથંચિત્ અવ્રત, પ્રમાદ એમ નથી. નહિતર અવ્રત, પ્રમાદ, કષાય ભાવ હજી સમકિતીને છે, પણ એના જ્ઞાનસ્વભાવથી વિરુદ્ધ છે અને તેથી તેનો એ સ્વામી નથી અને તેનાથી થોડો બંધ પડે એ પણ એનો સ્વામી આત્મા નથી. આહા..હા..! આવી જવાબદારી છે. ચૈતન્યના સ્વભાવને જાણનારની જવાબદારી એટલી છે કે જેને રાગ-દ્વેષ થાય છતાં એનો સ્વામી અને કર્તા-ભોક્તા નથી. આહા..હા..! જવાબદારીનો અર્થ એનો સ્વભાવ એટલો એવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો પરની દયા પાળવી અને પરની ભક્તિ ભગવાનની કરવી, એ ભાવમાં મને લાભ થશે, એ મિથ્યાત્વ છે, એ સંસાર છે, એ ચાર ગતિના પરિભ્રમણનું બીજડું છે. આહા..હા..! આવો માર્ગ છે. ઊભા રહેવા મુશ્કેલ પડે, ભડકીને ભાગે. હાય-હાય આવો! બાપુ! સ્વરૂપ એવું છેને, ભાઈ! આહા..હા..!

જેણે અતીન્દ્રિય આનંદસ્વરૂપ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન જેને અનુભવમાં આવ્યો અને જેને એની પ્રતીતિ થઈ કે આ તો પૂર્ણ આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો ગંજ છે, પુંજ છે, સાગર છે. વ્રતના વિકલ્પ ઉઠે એ મારો છે અને હું એનો છું, એનો હું સ્વામી છું એ મિથ્યાત્વભાવ છે, એ સંસાર છે, એ ચોર્યાસી લાખ યોનિમાં રખડવાનો સંસાર છે. આહા..હા..! હવે આમાં રાડ નાખે છે લ્યો! આ સોગનઢવાળા આમ કહે છે. આ સોનગઢવાળા કહે છે? ભાઈ! છે કે નહિ અંદર? સોનગઢવાળા વ્યવહારને ઉડાવીને નિશ્ચયને સ્થાપે છે. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! વ્યવહાર છે એ બધો દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શ્રદ્ધાનો રાગ, એ રાગ મને લાભ કરશે, એણે રાગ અને સ્વભાવને એક માન્યા છે; અને એક માન્યા તે મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ તે સંસાર છે. આહા..હા..!

**'મિથ્યાત્વ છે તે જ સંસાર છે.'** બહુ વજન આપ્યું. અવ્રત, પ્રમાદ, કષાયભાવ હોય, પણ એ અલ્પ છે અને એનું બંધન પણ અલ્પ છે. એને અહીં ગણવામાં આવ્યું નથી. આહા..હા..! **'મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે.'** છે? એ પુણ્યના પરિણામ પણ મારા એમ જ્યાં દૃષ્ટિ છૂટી ગઈ છે, મારું તો ચૈતન્ય આનંદ અને જ્ઞાનસ્વરૂપ એ મારું છે, એમ જ્યાં મિથ્યાત્વભાવ નાશ થયો છે એનો સંસાર નાશ થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અવ્રતના, પ્રમાદના, કષાયના પાપ એને બહુ અલ્પ ગણીને, તુચ્છ ગણીને તેને ગણ્યા નથી અહીં. આહા..હા..! અને એના ફળ તરીકે બંધન છે હજી. બંધન તો દસમા ગુણસ્થાન સુધી છે છ કર્મનું, પણ અહીં એ બંધનને ગણવામાં (આવ્યું

નથી). અબંધસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યના જ્ઞાનનો પુંજ પ્રભુ એવો જેને હાથ આવ્યો, પ્રતીતમાં, અનુભવમાં આહા..હા..! એનો મિથ્યાત્વનો નાશ થયો અને એને સંસારનો અભાવ થયો. આહા..હા..!

આમ છન્નું હજાર સ્ત્રી આદિ કે અનેક હજાર સ્ત્રી છોડે અને કદાચ મોટો રાજા હોય, પણ એ જંગલમાં રહે, નગ્નપણે રહે, વસ્ત્રનો ટૂકડો ન રાખે, પણ અંદરમાં એ રાગની ક્રિયા છે એ મારી છે એ મિથ્યાત્વ છે અને એ સંસારમાં પડ્યો છે. આહા..હા..! ભરત ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, છતાં તે એનો સ્વામી નથી. એ તો જ્ઞેય તરીકે જાણે છે કે આ પર છે. આહા..હા..! અને તેના રાજ વ્યવસ્થાના પ્રકારે કોઈ પાપના અને પુણ્યના ભાવ પણ થાય, છતાં નેત્ર જેમ દૂરથી જાણે છે, એમ ભગવાન આત્મા તેને દૂરથી સ્વમાં ભેળવ્યા વિના જાણનાર-દેખનાર છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કહો, કાંતિભાઈ! આ પુસ્તકમાં અડધી કિંમતે આપે છે એ ... એમાં ધર્મ હશે? અહીં ત્યાં પ્રાંતિજમાં ભેગું છે. ત્યાં આઠ હજારના. આઠ હજારના છેને?

**શ્રોતા :-** ૪૪.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૪૪ પણ ૮ હજારના પુસ્તક થયાને? અડધા આપ્યા છે. ૪૪૦૦ જ ખપ્યા? કે ૨૨૦૦ આપ્યા ૨૨૦૦? ઠીક! અડધી કિંમતે આપે છે. જામનગરમાં આપ્યા છે અડધી કિંમતે. જે અહીં દસ રૂપિયાનું પુસ્તક હોય એ પાંચે આપે. એ ભાવ ધર્મ હશે? એ રાગની મંદતા હોય તો તે પુણ્ય છે.

**શ્રોતા :-** ધર્મ છે કે નથી એની હા કે ના કાંઈ ન પાડી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો પછી કહેવાયને, ધર્મ નથી. અને તે પુણ્ય પરિણામ કરવાલાયક છે એવી માન્યતા હોય ત્યાં તો મિથ્યાત્વ છે. આહા..હા..! આવી વાત છે. એ તો વાત પહેલેથી કહીએ છીએ. અમારે શાંતિભાઈ નહિ? ચીમનભાઈના દીકરા શાંતિભાઈ ઝવેરી. એક લાખ રૂપિયા આપ્યા હમણા અહીં ભાવનગરમાં, નહિ? પોર. આપણું સાહિત્ય છે એમાં એક લાખ આપ્યા એણે. વાત એ કે રાગ મંદ હોય તો પુણ્ય છે, ધર્મ-બર્મ એનાથી થાય છે એમ નથી. તેમ આપણા શાહુ શાંતિપ્રસાદ, દિલ્હી. શાહુજીને જાણો છો? શાહુજી છેને, નથી જાણતા? ૪૦ કરોડ રૂપિયા. દિગંબરના અગ્રેસર. દિગંબરના અગ્રેસર. ૪૦ કરોડ, ૪૦ કરોડ. આવ્યા હતા હમણાં. વ્યાખ્યાન સાંભળવા આવ્યા. એમ ૮૭મો જન્મદિવસ થયોને શરીરનો, મુંબઈ આવ્યા હતા. આ શરીરને ૮૭મું વર્ષ બેઠું, ૮ ને ૭. ૮૭ હજાર આપ્યા હતા. ૮૭ હજાર. ૯૦ હજારમાં ૩ ઓછા. પણ એ પૈસા તો જડ છે. એ મારા માનીને આપે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભારે કામ આવું! એય..! રસિકભાઈ!

**શ્રોતા :-** મારા નથી એમ માનીને અપાય શી રીતે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આપી શકતો જ નથી. એ તો એને કારણે જાય છે. એમાં ક્રિયાવર્તી

શક્તિનો ભાવ છે જડમાં એને કારણે આમ જાય છે. આત્મા એને આપે માટે જાય છે એમ છે નહિ. આહા..હા..! અહીં એ કહ્યું, જેની જડ તૂટી ગઈ. આહા..હા..! મૂળિયા જેના તૂટ્યા એના પાંદડા થોડા વખતમાં સૂકાઈ જશે. આંબલી-આંબલી કહે છેને? એના લાખો પાન હોય ઝીણા-ઝીણા. આંબલી. પણ જેનું મૂળ કાપી નાખ્યું એ પાંદડા પંદર દિ' એ સૂકાઈ જશે, એમ જેનું મિથ્યાત્વ સંસારનું મૂળ છે એ મિથ્યાત્વને કાપ્યું એના હવે સંસારનો થોડો ભાવ છે એ સૂકાઈ જવાનો, નાશ થઈ જવાનો. આહા..હા..! પણ જેને હજી મિથ્યાત્વભાવ જ ટાળ્યો નથી ને વ્રત ને ચારિત્ર ને નામ બધા ધરાવે પડિમાધારી ને... આહા..હા..! એને તો સંસાર બરાબર મિથ્યાત્વ ફાલશે. ઊંધી દૃષ્ટિ છે એનો ફાલ આવશે સંસાર રખડવાનો. આહા..હા..! ફાલ સમજો છો? અનાજ પાકેને અનાજ પાકે મોટા. આહા..હા..!

'**મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે.**' અભાવ જ થાય છે. ભાષા જુઓ! બીજ ઊગી એ પૂનમ થયે છૂટકો. પૂનમ-પૂનમ પૂર્ણિમા. પૂર્ણિમા થાય છેને એ? બીજ, ત્રીજ, ચોથ, પાંચમ; એમ જેને સમ્યગ્દર્શન થયું, મિથ્યાત્વ ગયું એને કેવળજ્ઞાન થયે છૂટકો છે. એના સંસારનો અભાવ થયે છૂટકો છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સમુદ્રમાં બિંદુની શી ગણતરી?**' મોટો દરિયો એમાં એક બિંદુ, એમ સંસાર મિથ્યાત્વનો મોટો દરિયો એનો જેણે નાશ કર્યો, હવે અવ્રત, પ્રમાદના એક બિંદુ જેટલો ભાગ એની શી ગણતરી? કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કેટલું સરસ લખ્યું છે જુઓ, આહા..હા..! પાઠમાં છે એનો સાર કહે છે. આહા..હા..!

'**વળી એટલું વિશેષ જાણવું કે—કેવળજ્ઞાની તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે...**' ભગવાન પરમાત્મા અરિહંતદેવ એ તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે '**અને શ્રુતજ્ઞાની પણ...**' શ્રુતજ્ઞાની પણ '**શુદ્ધનયના અવલંબનથી...**' શુદ્ધનયના અભાવે. આહા..હા..! '**આત્માને...**' સ્વાત્માને '**એવો જ અનુભવે છે;...**' કે હું તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, શુદ્ધસ્વરૂપ જ છું. એવો જ્ઞાની, શ્રુતજ્ઞાની, ચોથે ગુણસ્થાને શ્રુતજ્ઞાની પણ કેવળજ્ઞાની જેમ સાક્ષાત્ શુદ્ધાત્મ સ્વરૂપ છે, એમ આ આત્માને શુદ્ધનયના અવલંબનથી આત્માને એવો જ અનુભવે, એવો જ અનુભવે. આહા..હા..! શુદ્ધનયથી જોતાં આત્મા પવિત્ર પૂર્ણ છે, એ દૃષ્ટિમાં એ શુદ્ધને જ અનુભવે છે. સમજાણું કાંઈ? હવે આવી વાતું. શું થાય? માર્ગ તો જે હોય એ છે. કોઈ એને હળવો બીજો માર્ગ બીજો કોઈ હળવો હશે આનાથી સોંઘો? આહા..હા..! આનાથી સોંઘો વિકારનો ભાવ એ મારો એ સોંઘો એ મિથ્યાત્વ છે. આહા..હા..! એ સોંઘાને રસ્તે ચડી જશે. મોંઘુ પડશે એને. એ વ્રત ને તપ ને ભક્તિ કરતાં-કરતાં કલ્યાણ થઈ જશે, એ રાગ કરતાં-કરતાં સમ્યગ્દર્શન થશે એમ માનનારા રાગની એકતાબુદ્ધિએ ચડી ગયેલા મિથ્યાત્વમાં છે એ તો. આહા..હા..! પછી વ્યવહારરત્નત્રયની કોઈ કિંમત જ નહિ? કિંમત છેને, એ રાગ છે એને પોતાનો માને તો મિથ્યાત્વ છે. આહા..હા..! આવે ખરો રાગ એ કહે છે.

**'આત્માને એવો જ અનુભવે છે; પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે.'** કેવળજ્ઞાની ભગવાન આત્માને પ્રત્યક્ષ અનુભવે છે અને નીચે શ્રુતજ્ઞાની પરોક્ષ (અનુભવે છે). પ્રત્યક્ષ આમ દેખાતો નથી એને. અસંખ્ય પ્રદેશી અનંતગુણ, પણ અનુભવે છે, આનંદનું વેદન છે, એ અપેક્ષાએ તો એ જેવો ભગવાન અનુભવે છે એવો આત્મા અનુભવે છે. આહા..હા..! **'માટે શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાનની અપેક્ષાએ તો જ્ઞાતાદૃષ્ટાપણું જ છે...'** લ્યો! શ્રુતજ્ઞાની એટલે નીચે ગુણસ્થાનમાં ચોથે-પાંચમેં-છઠ્ઠે સમકિતીને, શ્રાવકને, મુનિને સાચાને. આહા..હા..! એને **'જ્ઞાન-શ્રદ્ધાની અપેક્ષાએ તો જ્ઞાતાદૃષ્ટાપણું જ છે...'** રાગાદિને જાણે-દેખે છે, બસ. આહા..હા..!

**'અને ચારિત્રની અપેક્ષાએ પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય છે તેટલો ઘાત છે તથા તેને નાશ કરવા ઉદ્યમ પણ છે.'** આહા..હા..! રાગ છે તેટલો આત્માની શાંતિનો ઘાત છે, છતાં તેને નાશ કરવાનો પ્રયત્ન પણ છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને રાગને ઉત્પન્ન કરવાનો એને ભાવ નથી, રાગને નાશ કરવાનો ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'सर्वभावान्तरध्वंसि'** ત્યાં બીજો અર્થ કર્યો છે. શું કર્યું છે?

**શ્રોતા :-** આમાં જાણનાર, બધા ભાવોનો જાણનાર છે, ઓલામાં ભવાંતરનો નાશ કરવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ ભવાંતરનો નાશ કરવો એ પણ વ્યવહાર થયોને? નાશ કરવું છે ક્યાં એને? એ જ્ઞાનસ્વરૂપમાં અંદરમાં સ્થિર થતાં રાગનો ઉદય થતો નથી, તેને ક્ષય કરે છે એમ કહેવામાં આવે છે. **'ध्वंसि'**. પણ એ ધ્વંસિનો અર્થ આવો કર્યો છે અંદર. એ આપણે કહ્યું હતું કાંઈક. સમજાણું? શેમાં કહ્યું હતું? કળશટીકા. કળશટીકા જુઓ. કેટલામો શ્લોક છે? શ્લોક કેટલામો? **'सर्वभावान्तरध्वंसि'** ૧૮મો. જુઓ, ૧૮મો છે. **'સમસ્ત દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ અથવા જ્ઞેયરૂપ પરદ્રવ્ય એવા જે ઉપાધિરૂપ વિભાવભાવ તેમનું મેટનશીલ (મટાડવાના સ્વભાવવાળું) છે...'** એમ કહ્યું. વંચાઈ ગયુંને હમણા. **'મેટનશીલ છે.'** **'ध्वंसि'**નો અર્થ એ કર્યો. **'(મટાડવાના સ્વભાવવાળું) છે.'** આહા..હા..! એનું સ્વરૂપ જ એવું છે કે ભગવાન આત્માનો આશ્રય કર્યો એને રાગાદિને મટાડવાનો સ્વભાવ છે. એ પણ વ્યવહાર કહ્યો. ઓલામાં એમ આવ્યું છે. કળશટીકા. ૧૬મો છેને? ૧૮. એનો અર્થ કર્યો હતો ત્યારે. જુઓ, ... બસ, એવો એનો સ્વભાવ છે. એના રહિત જ સ્વભાવ છે. **'ध्वंसि'** નો અર્થ કર્યો. આમાં છે જુઓને. ... રહિત જ જેનો સ્વભાવ છે. **'ध्वंसि'**નો અર્થ જ એવો કર્યો છે. આમાં કર્યો છે. સંસ્કૃત છે. આહા..હા..!

**'જેટલો ઉદય છે તેટલો ઘાત છે...'** જ્ઞાનીને. **'તથા તેને નાશ કરવાનો ઉદ્યમ પણ છે. જ્યારે તે કર્મનો અભાવ થશે, ત્યારે સાક્ષાત્ યથાખ્યાત ચારિત્ર થશે અને ત્યારે કેવળજ્ઞાન થશે.'** લ્યો! આહા..હા..! સ્વરૂપમાં સ્થિર થતાં-થતાં યથાપ્રસિદ્ધ ચારિત્ર છે તો થશે એટલે કેવળજ્ઞાન થશે. **'અહીં સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહેવામાં આવ્યો**

**છે તે મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે.'** મિથ્યાત્વનો અભાવ થયો તેથી તેને જ્ઞાની કહ્યો. કેવળજ્ઞાન થાય તો જ્ઞાની કહેવો એમ અહીં નથી અને શાસ્ત્રને બહુ જાણે માટે જ્ઞાની છે એમ પણ નથી. આહા..હા..! છે? **'મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે. જ્ઞાનસામાન્યની અપેક્ષાએ લઈએ તો તો સર્વ જીવ જ્ઞાની છે...'** સામાન્ય જ્ઞાન તરીકે લઈએ તો જ્ઞાનસ્વરૂપ જ બધા આત્મા છે. આત્મા જ્ઞાની જ છે.

**'વિશેષ અપેક્ષા લઈએ તો જ્યાં સુધી કિંચિત્માત્ર પણ અજ્ઞાન રહે ત્યાં સુધી જ્ઞાની કહી શકાય નહિ—જેમ સિદ્ધાંતમાં ભાવોનું વર્ણન કરતાં, જ્યાં કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે.'** અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન નહિ, ઓછું જ્ઞાન. બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાન એટલે ઓછું જ્ઞાન કીધું છે. આહા..હા..! વીતરાગ થયો છે, પણ જ્ઞાન હજી ઓછું કેવળજ્ઞાન નથી. તેથી એને એ અપેક્ષાએ ઓછાને કારણે અજ્ઞાન કહ્યું છે અને સમકિતદષ્ટિને જ્ઞાન થયું છે તેને જ્ઞાની કહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સામાન્યની અપેક્ષાએ બધા જ્ઞાનસ્વરૂપ છે માટે જ્ઞાની, વિશેષની અપેક્ષાએ ચોથે ગુણસ્થાને મિથ્યાત્વ ગયું માટે જ્ઞાની અને બારમે ગુણસ્થાને હજી અલ્પજ્ઞાન રહ્યું છે વિશેષની અપેક્ષાએ તેને અજ્ઞાની કહેવામાં આવે છે. અજ્ઞાની એટલે વિપરીત જ્ઞાન નહિ, ઓછું જ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ?

**'માટે, અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું...'** છે. અહીં જે જ્ઞાની-અજ્ઞાની કહ્યું છે જ્ઞાની-અજ્ઞાની **'તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.'** સમ્યક્ થયું એ જ્ઞાની, મિથ્યાત્વ થયું તે અજ્ઞાની અહીં એમ જાણવું. સમજાણું કાંઈ? સામાન્યની અપેક્ષાએ એટલે? કે આત્મા છે એ તો જ્ઞાનસ્વરૂપ જ બધા ભગવાન છે. બધા આત્માઓ જ્ઞાનસ્વરૂપ છે એથી એને જ્ઞાની કહેવાય એ સામાન્યની અપેક્ષાએ. વિશેષની અપેક્ષાએ ભેદ પાડતાં સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહીએ અને મિથ્યાદષ્ટિને અજ્ઞાની કહીએ અને વિશેષ સમજતાં બારમા ગુણસ્થાન સુધી અલ્પજ્ઞાન છે ત્યાં સુધી તેને અજ્ઞાની એટલે ઓછું જ્ઞાન છે એમ કહીએ. આહા..હા..! કેટલા પડખાં એને યાદ રાખવા? આહા..હા..! ઓલા કહે છેને, જ્ઞાની તો છઠ્ઠે ગુણસ્થાને મુનિ હોય એને કહેવાય, એને શુદ્ધોપયોગ હોય. એ અહીં ના પાડે છે. ચોથેથી શુદ્ધોપયોગ હોય, ચોથેથી જ્ઞાતા-દૃષ્ટાપણું હોય, ચોથા ગુણસ્થાનથી રાગનો કરવા અને વેદવાપણાનો અભાવ હોય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.'** ઓલું જયસેનાચાર્યની ટીકામાં આવે છેને ભાઈ! પંચમ ગુણસ્થાન ..માં કહ્યું. એમ લખ્યું છે, ટીકામાં આવે છે. એ તો પણ મુખ્યપણે કહ્યું છે. પંચમ ગુણસ્થાનની ઉપરની એમ કે વ્યાખ્યા છે આ જયસેનાચાર્યની ટીકામાં. પણ એ મુખ્યપણે, ગૌણપણે ચોથે, પાંચમે આ લાગુ પડે છે. આહા..હા..! એમ કે આવું જે જ્ઞાનીપણું એ તો એમ કે સાતમે ગુણસ્થાને

હોય અને આઠમે હોય, એમ કહે છે, એમ નથી. જેને રાગની એકતાબુદ્ધિ ગઈ અને ચૈતન્ય સ્વભાવની એકતાબુદ્ધિ થઈ ત્યારથી તે જ્ઞાની કહેવાય છે. ભલે જાણપણું બીજું ઓછું હોય શાસ્ત્ર આદિનું, પણ એ જ્ઞાની જ કહેવાય. એ આપણે તો આવ્યું ૧૪માં. પોતાના સ્વરૂપનું જ્ઞાન છે એ જ્ઞાનમાં એકાગ્ર થયો એને જ વિજ્ઞાન કહેવામાં આવ્યું છે. ભલે વિશેષ જ્ઞાન બીજું ન હોય અને સમ્યગ્દર્શન વિના અગિયાર અંગને ભણે, નવ પૂર્વને ભણે તોપણ અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં ભગવાન આત્મા નજરમાં આવતો નથી અને શાસ્ત્રના જ્ઞાન બધા નજરમાં આવ્યા, આહા..હા..! તો એને જ્ઞાની નથી કહેતા, અને જેને શાસ્ત્રનું જ્ઞાન વિશેષ નથી, પણ આત્માનું જ્ઞાન છે કે આ શુદ્ધ ચૈતન્યઘન છે તેનું વેદન છે અને અનુભવ છે.

સાધુ નહિ ઓલા શું કીધું? શિવભૂતિ. શિવભૂતિ મુનિને તો એના ગુરુએ કહ્યું મારુષ-માતુષ. કોઈ પ્રત્યે દ્વેષ ન કરવો, કોઈ પ્રત્યે રાગ કરવો. એટલે જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું એટલા શબ્દ કહ્યા હતા. એટલા પણ યાદ ન રહ્યા. મારુષ અને માતુષ. તોષ ન કરવો, બીજા પ્રત્યે રાગ ન કરવો, દ્વેષ ન કરવો, એ શબ્દ ભૂલી ગયા. એક બાઈ અડદની દાળ. અડદ-અડદ. અડદની દાળ પલાળેલી. ફોતરા-છિલકા આમ કાઢતી હતી. એક બાઈ પૂછતી હતી એને, બહેન શું કરો છો? કે આ છિલકા જુદાં પાડીએ છીએ અને દાળ જુદી કરું છું. ધોળી દાળ હોયને અડદની ધોળી? એટલું સાંભળીને એકદમ અંદરમાં ઉતરી ગયા. ઓહો..! આ પુણ્યના પરિણામ પણ છિલકા છે અને ધોળી દાળ હોયને અડદની, ધોળી દાળને શું કહેવાય? છડી દાળ કહે છે અમારે. તમારે શું કહે છે? ધોળી દાળ. અહીં અમારે છડી દાળ કહે. ઓલું કાળું નીકળેલી. એમ હિન્દીમાં? (મોગર દાળ). હશે. એ આમ દેખીને અંદરમાં ઉતર્યા. શબ્દ યાદ ન રહ્યો રાગ-દ્વેષ ન કરવા ઈ. આહા..હા..! આ ચૈતન્ય છડીદાળ ઉજળી દાળ જેવો આત્મા છે અને પુણ્ય અને પાપના ભાવ બધા છિલકા એ જુદાં પાડવા જેવા છે એમ અંદરમાં ઉતર્યા તો કેવળજ્ઞાન અંતર્મુહૂર્તમાં પામ્યા. આહા..હા..! તુષ-માષ... આહા..હા..! જેણે રાગ અને આત્માના સ્વભાવનું ભેદજ્ઞાન કર્યું અને એના ભેદજ્ઞાનમાં અંદરમાં ઠર્યા, અંતર્મુહૂર્તમાં કેવળ.

એ અહીં કહે છે '**જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.**' કેવળજ્ઞાની તે જ્ઞાની અને સમકિતી તે જ્ઞાની નહિ, એમ નહિ. આહા..હા..! એ અધિકાર પૂરો થયો. હવે કાલે લેવાશે બપોરે, નહિ? કાલથી. ઓલી ૩૨૦ ગાથાનું હોયને જેને ઘરે. શું કહેવાય? જ્ઞાનચક્ષુ. એમાં છે. એ સિવાય પાના છે. એ બપોરથી કાલે ચાલશે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૪, સોમવાર, તા. ૦૪-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૦, પ્રવચન નં. ૩૮૫ A

સમયસારની જયસેનાચાર્યની ટીકા છે, ૩૨૦ ગાથા. અમૃતચંદ્રાચાર્યની તો કહેવાઈ ગઈ. આ જયસેનાચાર્યની ટીકા.

दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव।
जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव।।३२०।।

'**એ જ અકૃત્વ-ભોક્તૃત્વભાવને વિશેષ દઢ કરે છે.**' શું કહે છે? કે આત્માનો સ્વભાવ તો જ્ઞાન છે. એ રાગને કરે અને રાગને ભોગવે એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! પરનું, પર શરીર આદિ પરનું તો કરે નહિ, પણ રાગાદિનું કરવું અને વેદવું જ્ઞાનસ્વરૂપમાં નથી, એ વર્ણન છે. '**दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव**' '**જેવી રીતે નેત્રકર્તા,...**' આંખ. એમાં એમ હતું. '**કર્તા, દશ્યવસ્તુને,...**' આંખ જે વસ્તુ દેખે છે તેને '**નેત્રકર્તા, દશ્યવસ્તુને સંધુક્ષણ કરનારપુરુષ અગ્નિની વસ્તુને કરે છે, તેમ કરતું નથી,...**' સંધુકણ કરનાર, અગ્નિને સળગાવનાર અગ્નિને-વસ્તુને કરે છે, તેમ આંખ દશ્ય પદાર્થને દેખે છે પણ કરતું નથી. આહા..હા..! અને ભોક્તાની વાત છે. '**તપેલા લોખંડના પિંડની માફક...**' જેમ લોઢાનો ગોળો ઊનો થયો હોય એમ એ લોઢાનો ગોળો ઊનાપણે પરિણમે છે, એમ આત્મા રાગને વેદતો નથી. આહા..હા..! એવો એનો સ્વભાવ છે કે પુણ્ય-પાપના ભાવને તે કરતો નથી, તેમ વેદતો નથી એવો એનો સ્વભાવ છે. આહા..હા..! આવો સ્વભાવ એની દષ્ટિમાં જ્યાં સુધી ન આવે, ત્યાં સુધી તે અધર્મી-અજ્ઞાની છે. આહા..હા..! એ દયા પાળતો હોય અને પંચમહાવ્રત પાળતો હોય, પણ એ રાગ છે. એ રાગનું કરવું અને વેદવું આત્માના સ્વરૂપમાં-સ્વભાવમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેવી રીતે...**' એ તો દષ્ટાંત થયો. '**શુદ્ધજ્ઞાન પણ...**' અહીં પહેલું જ્ઞાન લીધું. '**અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ...**' જ્ઞાનથી અભેદ જીવ છે એ પરિણમ્યો છે શુદ્ધપણે એ જીવ લેવો. '**શુદ્ધજ્ઞાન પણ...**' એ ગુણ લીધો. '**અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ...**' આહા..હા..! શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પવિત્ર છું એવું જેને શુદ્ધજ્ઞાનરૂપે પરિણમ્યો-થયો છે એ જીવ. બેય લીધા. શુદ્ધજ્ઞાન અને શુદ્ધજ્ઞાનપરિણત જીવ, દ્રવ્ય લીધું. સમજાણું કાંઈ? આ ઝીણો અધિકાર છે બધો. '**પોતે શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી...**' એ પુણ્યના ભાવને, દયા-દાનના ભાવને શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી. આહા..હા..! કેમકે આત્માનું શુદ્ધ ઉપાદાન તો જ્ઞાન શુદ્ધ ચૈતન્ય જ્ઞાન છે, એ શુદ્ધ ઉપાદાનરૂપે રાગને કરે અને વેદે એ છે નહિ.

આહા..હા..! 'કરતો **નથી અને વેદતો નથી.**' બે વાત કીધી. જ્ઞાનગુણ છે એ પણ રાગને--દયા, દાન, વ્રતાદિના વિકલ્પને કરતો અને વેદતો નથી, તેમ શુદ્ધજ્ઞાનપરિણત જીવ એ પણ રાગને કરતો અને રાગને વેદતો નથી. ઓહો..હો..! આ બધા કેટલા કામ કરે છે હુશિયાર માણસ. હેં ધર્મચંદજી! આ ડૉક્ટર-બાક્ટરના કામ કરે છે, દવાખાનાના, લોઢાના વ્યવસ્થિત દુકાને બેસીને કેટલું કામ કરે છે! હવે અહીં કહે છે કે કરતો નથી, લ્યો! એ કરે છે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે, એમ કહે છે. આહા..હા..! એ અધર્મદૃષ્ટિની માન્યતા છે. આહા..હા..!

ધર્મદૃષ્ટિ. જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે એનો સ્વભાવ જ્ઞાન છે એવી ધર્મદૃષ્ટિ અથવા એ ધર્મદૃષ્ટિપણે પરિણમેલો, જ્ઞાનપણે પરિણમેલો પર્યાયમાં, 'હું શુદ્ધ છું' એવી પવિત્રતાના પરિણામપણે પરિણમેલો જીવ એ પણ પુણ્ય અને પાપના ભાવને કરે અને વેદે એમ છે નહિ. એનો ગુણ પણ નથી અને એ દ્રવ્ય એવું નથી પરિણમેલું. આહા..હા..! પણ પરિણમેલું દ્રવ્ય કીધું છે અહીં. સમજાણું કાંઈ? આહા..હા..! એકલું દ્રવ્ય જે છે એ કરતું નથી, વેદતું નથી ક્યારે કહેવાય? કે પરિણમનમાં શુદ્ધતા આવે ત્યારે એ કરતું-વેદતું નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? આમ તો જીવદ્રવ્ય તો પોતે કરતું નથી એ તો એનો સ્વભાવ; પણ કરતું નથી, વેદતું નથી એવું એનું પરિણમન શુદ્ધ થયા વિના કરતું નથી, વેદતું નથી એ સિદ્ધ ક્યાંથી થશે એને? દેવીલાલજી! આ તો ગહન વિષય છે. આહા..હા..! આ તો વંચાઈ ગયો છે અહીં. રાજકોટમાં તો હમણાં જ વંચાઈ ગયો. આહા..હા..! એ શું કહ્યું?

જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે જ્ઞાનગુણ. એ પણ જ્ઞાનપણે પરિણમે તો રાગને કરતું અને વેદતું નથી એમ સિદ્ધ થાય. એમ જ્ઞાનસ્વરૂપી ભગવાન એ શુદ્ધ ચૈતન્યપણાના પરિણમનને કરે એ પરિણમેલો જીવ રાગને કરે અને વેદે એમ છે નહિ. આહા..હા..! કારણ કે પરિણમનનું કર્તાપણું અને વેદવાપણું છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ છોકરાઓને નાનાને જરી આકરું પડે. હેં વિમલચંદજી! અર્હંતપ્રકાશને. સાંભળે તો ખરા પણ. આહા..હા..!

કહે છે, આ તો સર્વજ્ઞની અંતરના ઘરની વાતું છે. આહા..હા..! એ જ્ઞાનસ્વભાવ જે છે એ જ્ઞાનસ્વભાવરૂપે પરિણમે છે. આમ તો જ્ઞાન કરતું નથી, પણ એ કરતું નથી એનો અનુભવ થાય ત્યારે એ કરતું નથી એમ થાયને? આહા..હા..! એ જ્ઞાનસ્વભાવ પોતે જ્ઞાનરૂપે પરિણમે, સમ્યગ્દર્શનરૂપે થાય એ અને જ્ઞાનસ્વરૂપ એવો જીવ ધ્યેય બનાવીને, ધ્યેય દ્રવ્યસ્વભાવ તેને ધ્યેય બનાવીને પરિણમે છે જ્યારે (ત્યારે તે કર્તા નથી એમ થાય). આહા..હા..! આમ તો જીવદ્રવ્ય તો કર્તા-ભોક્તા નથી, પણ કર્તા-ભોક્તા નથી એવો નિર્ણય કોને હોય? આહા..હા..! સમજાણું કાંઈ? એ ચૈતન્ય ભગવાન આત્મા જીવદ્રવ્ય પણ પરિણત જ્ઞાનપણે પરિણમિત, દ્રવ્યપણે શુદ્ધ પરિણત એટલે કે સમ્યગ્દર્શનમાં જેનું પરિણમન નિર્મળ થયું છે, આહા..હા..! એ જીવ પણ વ્યવહારરત્નત્રયનો રાગ આવે, પણ એને દૂરથી પોતામાં રહીને જાણે. કર્તા-વેદક નથી. આહા..હા..! પ્રવિણભાઈ! ઝીણું આવ્યું છે. કાલે આવી ગયાને, પાછા આવ્યા

હતાને. આહા..હા..! કાંતિભાઈ! આ બધા તમે ધંધા-બંધામાં કરો છોને. કહે છેને આ કર્યા ને આ કર્યા એ ના પાડે છે અહીં. કરી શકતો જ નથી એમ કહે છે. પણ એ કરી શકતો નથી પરનું એ તો અજ્ઞાની પણ કરતો નથી.

હવે જ્ઞાનીને પણ રાગનું કરવાપણું (નથી એ) ક્યારે એને નિર્ણય થાય? આહા..હા..! કે ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એ ચૈતન્યના દૃષ્ટિએ જે પરિણમન ચૈતન્યનું થયું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમન થયું એ જીવ રાગને-દ્વેષને '**શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી.**' આહા..હા..! પોતે પરિણતિમાં જ્યાં સમ્યગ્દર્શનની શુદ્ધદશા થઈ છે. આહા..હા..! આવી વાત ક્યાં? એ શુદ્ધસ્વરૂપ ભગવાન જેવો પવિત્ર છે એવું તેના લક્ષે, તેના ધ્યેયે શુદ્ધ પરિણમન જ્યાં થયું. દ્રવ્યસ્વભાવ તો એવો છે કે કરે નહિ, પણ દ્રવ્યસ્વભાવ એવો છે એવું એના પરિણમનમાં ભાન થયા વિના દ્રવ્યસ્વભાવ કર્તા-ભોક્તા નથી એમ શી રીતે નિર્ણય કર્યો? આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

'**વેદતો નથી...**' એ એક વાત. ઈ બે વાત થઈ—ગુણ અને ગુણી બેયનું પરિણમન છે તે જીવ રાગના વ્યવહાર વિકલ્પ આવે, અશુભરાગ પણ આવે, પણ એનો કર્તા અને વેદક નથી. કેમ? કે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા સ્વભાવપણે પરિણમે એ વિભાવપણે કેમ પરિણમે? એમ કહે છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. કહો, રસિકભાઈ! જેને ધર્મ થાય, જેને ધર્મી એવો ભગવાન એનો જ્ઞાનધર્મ, આનંદધર્મ એ રૂપે જેનું ધર્મનું પરિણમન પર્યાયમાં થાય. આહા..હા..! તે જીવ કે તે જીવનું જ્ઞાન એ રાગ અને પુણ્ય, દયા, દાનના વિકલ્પને, વ્રતના વિકલ્પને પણ એ કરે નહિ અને વેદે નહિ. આહા..હા..! છે?

હવે ત્રીજી રીતે વાત કરે છે. '**दिट्ठी खयं पि णाणं**' એ સંયમ ન લેવું અહીંયાં '**खयं**' છે. ઓલામાં '**दिट्ठी सयं पि णाणं**' હતું. '**दिट्ठी सयं पि णाणं**' દૃષ્ટિ સ્વયં જે નેત્ર છે એ પરને કરતું-વેદતું નથી, એમ સ્વયં જ્ઞાન અને જ્ઞાન પરિણત એવો જીવ... આહા..હા..! દયા, દાનના વિકલ્પને કરતો નથી અને વેદતો નથી. હવે કહે છે, '**दिट्ठी खयं पि णाणं**' હવે ક્ષાયિકની વાત કરે છે સર્વજ્ઞની. આહા..હા..! '**दिट्ठी खयं पि णाणं**' '**તેનું વ્યાખ્યાન-માત્ર દૃષ્ટિ જ નહિ, પરંતુ ક્ષાયિકજ્ઞાન પણ...**' ક્ષાયિકજ્ઞાન. આહા..હા..! ઓલામાં તો દૃષ્ટિનું જોર આપ્યુંને બેયમાં? હવે તો અહીં ક્ષાયિકજ્ઞાન કેવળજ્ઞાન થયું. જેવું એ શક્તિરૂપે સર્વજ્ઞ હતું એ જ રીતે પર્યાયમાં સર્વજ્ઞપણું આવ્યું એ ક્ષાયિકજ્ઞાન છે. આહા..હા..!

એ '**ક્ષાયિકજ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનો અકારક તથા અવેદક પણ છે.**' આહા..હા..! એ જોગનું જે કંપન છે તેનો પણ અકર્તા અને અવેદક છે એમ કહે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ જે ક્ષાયિકજ્ઞાન થયું, પરિણમ્યું છે ત્યારે ક્ષાયિક કીધુંને? ઓલામાં જીવ જ્ઞાનપણે પરિણમ્યો છે એ જીવ એમ લીધું. આ પણ હવે ક્ષાયિકજ્ઞાનપણે પરિણમ્યો છે. આહા..હા..! '**ક્ષાયિકજ્ઞાન પણ...**' 'પણ' કેમ? કે ઓલા બે બોલ લીધાને એટલે આ પણ, એમ. '**નિશ્ચયથી...**'

રાગનું. કર્મ શબ્દે રાગ. આહા..હા..! ઓલાએ કહ્યું હતું. ઓલા ટી. જી. શાહે પૂછ્યું હતું એક ફેરી, કે મહારાજ! આ સિદ્ધ શું કરે? મેં કીધું, બહુ શક્તિ પ્રગટી ગઈ, અનંતવીર્ય અને અનંત બધું છે. એ શું કરે? મેં કીધું, કાંઈ ન કરે કોઈનું. એ પોતાના આનંદને વેદે અને જ્ઞાનને વેદે, ઈ કરે છે. આવી મોટી દશા પ્રગટી! તમે કહો છો કે મોટા મહાપુરુષ સિદ્ધ થયા. અમે પણ પાંચ-પચ્ચીસ માણસને નભાવીએ, કુટુંબને નભાવીએ, દુકાનને નભાવીએ, નોકરોને નભાવીએ. અરે! બાપુ! ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ લોકો સ્થૂળ દૃષ્ટિમાં, બહારમાં માની બેસે કે જાણે કાર્યકર્તા અમે આમ કરીએ ને આમ કરીએ ને આમ કરીએ. કાર્યકર્તાઓ થઈ (કર્તૃત્વના અભિમાનને પોષે). આહા..હા..!

અહીં કહે છે કે '**ક્ષાયિકજ્ઞાન પણ...**' આહા..હા..! '**નિશ્ચયથી કર્મોનો અકારક તથા અવેદક પણ છે.**' આહા..હા..! '**તેવો હોતો થકો...**' હવે ઓલું શુદ્ધજ્ઞાનપરિણત લેવું છે હવે. ક્ષાયિકજ્ઞાનની તો વાત કરી. હવે સાધકનું લેવું છે પાછું અહીંથી. સમજાણું કાંઈ? એ તો એક ન્યાય આપ્યો. હવે સાધકજીવની વાત પાછી લેવી છે કે શુદ્ધજીવ પરિણત છે, છે સાધક, હજી સિદ્ધ થયો નથી, કેવળજ્ઞાન થયું નથી. સમજાણું કાંઈ? એ '**(શુદ્ધજ્ઞાનપરિણત જીવ)...**' છેને? પહેલું આવ્યું હતુંને? '**શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ...**' બીજો બોલ. એ બોલ લીધો છે પાછો. આહા..હા..! '**(શુદ્ધજ્ઞાનપરિણત જીવ) શું કરે છે? જાણે છે.**' આહા..હા..! ધર્મી થયો, શ્રુતજ્ઞાનનું પરિણમન થયું એ શું કરે છે? કે રાગ અને દ્વેષ આદિ આવે તેને એ જાણે છે. આહા..હા..!

સવારમાં નહોતું આવ્યું? અરે! અમે તને રાગથી અને પરથી ભિન્ન ભગવાન બતાવ્યો. આહા..હા..! ૩૧-૩૨-૩૩ ગાથા દ્વારા. ભગવાન અંદર વિકલ્પથી ભિન્ન રાગથી. ચૈતન્યસ્વરૂપમાં અસ્તિત્વથી જ્ઞાનના અસ્તિત્વથી તે છે, પણ રાગના અસ્તિત્વથી એ નથી. એના અસ્તિત્વથી તે ભિન્ન એનું અસ્તિત્વ છે. આહા..હા..! અરે! અમે આમ બતાવ્યું, આચાર્યો કહે છે. અરેરે! ત્રણલોકમાં ક્યો જીવ એવો હોય આહા..હા..! કે જેને જ્ઞાનનું પરિણમન ન થાય? આહા..હા..!

પાંચમી ગાથામાં કહ્યુંને, '**जदि दाएज्ज पमाणं**' જો જ્ઞાનને હું બતાવું, આત્માને બતાવું તો પ્રભુ પ્રમાણ કરજે, અનુભવ કરીને પ્રમાણ કરજે. આહા..હા..! પાંચમી ગાથા. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' સ્વરૂપની એકતા અને રાગની ભિન્નતા-જુદાઈને હું મારા નિજવૈભવથી કહીશ. કહીશ ત્યાં એટલું રાખી, પણ '**जदि दाएज्ज**' જો બરાબર દેખાડું... આહા..હા..! અને તને સાંભળવાને મળે ઈ. આહા..હા..! દેખાડું તો દેખનારો પણ છે ત્યાં. આહા..હા..! પ્રભુ! તને દેખાડું કે તું તો આવું તત્ત્વ છોને. આહા..હા..! એ શુભ-અશુભરાગ અને જડની ક્રિયારહિત આત્મા છે અંદર, આહા..હા..! એમ તને દેખાડું તો પ્રમાણ કરજે. પ્રમાણનો અર્થ? સ્વસન્મુખ થઈ અને અમે જે કહ્યું કે આત્મા રાગથી ભિન્ન છે તેને એ રીતે અનુભવથી પ્રમાણ કરજે. આહા..હા..! એ વાત ક્યાં છે આ જુઓતો. આહા..હા..!

**શ્રોતા :-** સાંભળવા મળ્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મળ્યું નથી. આહા..હા..! ખરેખર સાંભળવા મળે ત્યારે તેને રુચિ થયા વિના રહે નહિ એમ કહે છે. આહા..હા..! એને ખબરું નહોતી. પણ ખબર મળી કે તું તો આવો છો. આહા..હા..! હવે એ ખબર મળીમાં ખબર કેમ ન કરે? કહે છે. એમ અહીંયાં પણ શુદ્ધજ્ઞાનપરિણત જીવ લીધો છે, એકલો સાંભળનારો છે એમ નહિ. આહા..હા..!

'**(શુદ્ધજ્ઞાનપરિણત જીવ)...**' કૌંસમાં છે. પંડિતજીએ ખુલાસો કર્યો છે. '**શું કરે છે? જાણે છે. કોને? બંધ-મોક્ષને.**' આહા..હા..! ચૈતન્ય ભગવાન અંદર શુદ્ધજ્ઞાનનો પ્રકાશનો પુંજ એ તે પ્રકાશે કે એ તે રાગને અટકીને રાગને કરે ને વેદે? એમ કહે છે. એ રાગ આવે ભાવબંધ અને જડબંધ નિમિત્ત, એને જ્ઞાનપરિણત જીવ તેને રાગને અને બંધને, કર્મ અને ભાવબંધને દૂર રાખીને તેને જાણે. આવી વાત! આહા..હા..! આ તો લૂગડાસહિત હોય તે શ્વેતાંબર અને લૂગડારહિત હોય એ દિગંબર આવી વ્યાખ્યા કરી નાખી લોકોએ. આહા..હા..! અહીં તો કહે છે કે અંતરમાં ભગવાન દિગંબર સ્વરૂપ છે. એ વ્યવહાર દયા, દાન, વ્રતના, વિકલ્પથી પણ ભિન્ન ચીજ છે અને ભિન્ન તરીકે જ્યાં ભિન્ન પરિણમન થયું છે... આહા..હા..!

એવો '**(શુદ્ધજ્ઞાનપરિણત જીવ)**' બંધને જાણે છે. આહા..હા..! બંધ તો છે. છેને? જેમ જ્ઞાનસ્વરૂપી પ્રકાશનો પુંજ પ્રભુ છે, એમ બંધ પણ અસ્તિપણે છે. વસ્તુ નથી એમ નહિ. આહા..હા..! પણ ધર્મી જીવ, સમ્યગ્દૃષ્ટિ જીવ... આહા..હા..! ચોથે ગુણસ્થાનથી જીવ એ રાગના ભાવને દૂર રહીને તે જાણે છે. આહા..હા..! આવો માર્ગ! સમજાણું કાંઈ? એમાં ભળીને તેને કરે અને વેદે નહિ. આહા..હા..! ભળે તો કરે અને વેદે થાય. (ભળે) એ તો મિથ્યાદૃષ્ટિ છે કહે છે. આહા..હા..!

એ શુભ દયા, દાન, વ્રત, તપનો ભાવ, અપવાસ કર્યા અને એ બધો વિકલ્પ શુભરાગ, એ રાગને કરે અને વેદે એ તો દૃષ્ટિ મિથ્યાત્વ થઈ. આહા..હા..! કેમકે એના સ્વભાવમાં રાગનું ભિન્નપણું વર્તે છે, એવું તો જેને ભાન થયું છે. નથી થયું એ તો રાગમાં એકત્વપણે કરે અને વેદે એની તો વાત છે નહિ, એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પણ જેને જાણવા મળ્યું કે રાગથી ભગવાન તો ભિન્ન છે, એવું એણે જાણ્યું અંદરમાં. જાણીને એમાં પ્રતીત પણ થઈ, વિશ્વાસ આવ્યો કે, ઓહો..હો..! આ તો ભગવાન પૂર્ણસ્વરૂપ છે. સમજાણું કાંઈ? વિશ્વાસ આવ્યો કે આ તો પૂર્ણસ્વરૂપ છે ભગવાન. જે અંશે જ્ઞાનની વ્યક્તતા અને આનંદની વ્યક્તતારૂપે પરિણમન થયું એ અંશમાં એમ જાણ્યું કે આ તો અંશ છે, પણ આ વસ્તુ તો પરિપૂર્ણ છે. એ નિશ્ચયના અંશના પરિણમનમાં જાણ્યું કે આ વસ્તુ પૂર્ણ છે. ધ્રુવમાં ધ્રુવને જણાય નહિ. આહા..હા..! પણ ધ્રુવના ધ્યેયથી પરિણમન જે થયું એ પરિણમને ધ્રુવને જાણ્યું. એ જ્ઞાનમાં રાગ આવે તેને બંધને જાણે એ તો. આહા..હા..! જેમ સ્વને જાણે એમ રાગ આવે એને જાણે. આહા..હા..! આકરી વાતું, બાપુ! અત્યારે મળવું મુશ્કેલ થઈ ગયું છે લોકોને.

આહા..હા..! ભગવાન તો પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે, પોતે જ્ઞાનસ્વરૂપ છે. જે સર્વજ્ઞ પરમાત્મા થઈ ગયા એને તો ત્રણકાળનું જ્ઞાન હોય છે, એનું શરીર નગ્ન હોય છે, એને આહાર-પાણી હોતા નથી અને તે દેહના અને આહાર-પાણીના કર્તા અને ભોક્તા નથી. એ તો અતીન્દ્રિય આનંદના ભોક્તા હોય છે પરમાત્મા, એને પરમેશ્વર અને પરમાત્મા કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? એ આવી ગયું ક્ષાયિકજ્ઞાન. જે પરમાત્મા થયા તેને જ્ઞાનની દશા પૂર્ણ થઈ ગઈ. ક્ષાયિક એટલે કે એને અટકાવનારી અવસ્થા હતી એનો નાશ કરી નાખ્યો. એકલી નિર્મળાનંદ પૂર્ણ દશા સર્વજ્ઞ પરમેશ્વર અતીન્દ્રિય પૂર્ણ આનંદના વેદનવાળો ભગવાન એ કોઈનું કરે અને કોઈને આપે એવું એનામાં છે નહિ. આહા..હા..!

**શ્રોતા** :- પણ કરુણાધારી કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો અકષાય-કરુણા. કરુણા બીજાની કરવી એ તો વિકલ્પ છે, રાગ છે. અને એને તો ત્યાં સુધી પ્રવચનસારમાં લીધું છે કે 'આની કરુણા કરું છું' એ તો મિથ્યાત્વભાવ છે. ત્રણ બોલ છેને? સમજાણું? પ્રવચનસાર ગાથા. આહા..હા..! પ્રભુ! મારગડા કોઈ જુદાં. અત્યારે તો બધો ફેરફાર થઈ ગયો માર્ગનો. પંડિતાઈમાં મોટા-મોટા ભગવાન કર્તા, ઈશ્વર કર્તા. અરે! તું કરે તો રાગને કરે તો મિથ્યાદૃષ્ટિ છે અને ઈશ્વર કરે પરને? આહા..હા..! સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા... એ ક્ષાયિકજ્ઞાન કેવળજ્ઞાની પરમાત્મા પણ રાગને કે પરનું કાંઈ કરે નહિ અને પરને કાંઈ ભોગવે નહિ એ તો. આહા..હા..! એને તો આહાર-પાણી ન હોય. અતીન્દ્રિય આનંદ જ્યાં પ્રગટ્યો પૂર્ણ વસ્તુ પરમાત્મદશા. એને અતીન્દ્રિય આનંદનો અનુભવ ભોજન છે અતીન્દ્રિય આનંદનું ભોજન. આહા..હા..! એ તો કરે નહિ અને ભોગવે નહિ પરને અને રાગને, પણ અહીંયા શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ (પરને અને રાગને કરે અને ભોગવે નહિ). આહા..હા..! ધર્મી એને કહીએ કે જેનો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપે પરિણમ્યો-થયો છે વર્તમાન. શક્તિએ તો છે, પણ એની દશામાં, પર્યાયમાં, હાલતમાં એના નમુના આવ્યા છે. આહા..હા..! એને અતીન્દ્રિય આનંદ આવ્યો છે, અતીન્દ્રિય જ્ઞાનનો અંશ જાગ્યો છે એ અતીન્દ્રિય પર્યાયને રચે એવું અતીન્દ્રિય વીર્ય જાગ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ધર્મી જીવ પણ કેવળજ્ઞાની સર્વજ્ઞ પરમાત્મા તો કાંઈ કરે નહિ કોઈનું અને લે-દે નહિ કાંઈ, પણ શુદ્ધજીવ પરિણત જે સાધકજીવ ધર્મી છે... આહા..હા..! એ જાણે. કોને? કેવળીને તો બંધ છે નહિ, રાગ છે નહિ. અહીં તો સાધકજીવ ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ એનું જ્યાં ભાન થયું એવો પરિણમેલો જીવ અવસ્થારૂપ દશામાં ધર્મની દશા પ્રગટી છે ધર્મીને.. આહા..હા..! તે જીવ બંધને જાણે. આહા..હા..! રાગ આવે, હોય, પણ તેના જ્ઞાનદશામાં તે જણાય કે આ તો રાગ છે. રાગ મારો છે અને રાગનું વેદન છે એમ નથી. આહા..હા..! આવી વાતું! આવો ધર્મ. આહા..હા..!

બંધને જાણે અને મોક્ષને જાણે. આહા..હા..! એ રાગનો અભાવ થાય એને એ જાણે, અભાવ કરે નહિ. આહા..હા..! આવી વાત. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણમિદં પૂર્ણ સ્વભાવથી ભરેલો ભગવાન છેને. આહા..હા..! ઓલા સમાચારપત્રમાં આવ્યું છે હોં જરી. સમાચારપત્ર નથી? એમાં આવ્યું છે કાંઈક કલકત્તાથી. એમાં આવ્યું છે, કાનજીસ્વામી તો ભગવાન કહે છે બધાને. ભગવાન! તને અમે બાળક નથી માનતા, તને અમે યુવાન નથી માનતા. તું તો અંદર આત્મા આનંદસ્વરૂપ પ્રભુ છોને તું! એવું લખ્યું છે. ઘણાં વખાણ કર્યા બીજા ઓલા ભાઈના જ્ઞાનચંદજીના, જ્ઞાનચંદજીના વખાણ કર્યા. કલકત્તામાં બહુ માણસો, ઘણું આમ કર્યું ને ઘણું આમ કર્યું અને બીજા ઘણાં વખાણ કર્યા છે અહીંના. આ વિરોધ કરે છે એ લોકો ભૂલમાં પડ્યા છે. બાપુ! વિરોધ નથી, ભાઈ! આ તો અલૌકિક વસ્તુ છે. આહા..હા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, ઈચ્છા વિના વાણી નીકળે. ૐ નીકળે. ૐ 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' પરમાત્માને વાણી આવી ન હોય. સદેહે કેવળજ્ઞાન થયા, પરમાત્મા થાય, પણ એની વાણી આવી ન હોય. એની વાણી આખા શરીરમાંથી ૐ (નીકળે). 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' એ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણાનંદનો નાથ અંદર પૂર્ણ દશા થઈ ગઈ. એ પરમાત્માને ઈચ્છા ન હોય, વાણી બોલું એવી ઈચ્છા ન હોય, વાણી કરું એનો કર્તા પણ નથી. આહા..હા..! ૐધ્વનિ છૂટે અંદર. હોઠ બંધ હોય, કંઠ બંધ હોય, શરીર ધ્રુજે નહિ અને ૐનો અવાજ નીકળે અંદરથી. ૐ ધ્વનિ. આહા..હા..! સમજાણું કાંઈ? એને તો પરમાત્મા કહીએ. એને તો રાગનું કરવું અને ભોગવવું નથી, પણ નીચેનો જીવ જે શુદ્ધજ્ઞાન (રૂપે) પરિણમ્યો છે, હું પવિત્ર આત્મા આનંદકંદ છું, એવો જીવ પણ બંધને જાણે અને મોક્ષને જાણે. આહા..હા..! મોક્ષને કરે એમ પણ નથી કીધું અહીં, ભાઈ! આહા..હા..! જાણે. જ્ઞાનચક્ષુ પ્રગટ થઈ ગઈ છે અંદર. ધર્મદશા જ્ઞાનની પ્રજ્ઞા પ્રગટ થઈ છે. આહા..હા..! આવો ધર્મ! શું આ વાતું! બાપુ! વસ્તુની સ્થિતિ એવી છે, ભાઈ! વસ્તુનો સ્વભાવ જ એવો છે પ્રભુનો. આહા..હા..!

**શ્રોતા :-** વિદેહની વાણી આવી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિદેહની વાણી છે આ. આ તો ભગવાનની વાણી છે. પરમાત્મા બિરાજ છે સદેહે મહાવિદેહક્ષેત્રમાં. આહા..હા..! એની વાણી આવી છે આ. આહા..હા..! એ વાણી એમ કહે છે કે જે કોઈ શુદ્ધજ્ઞાનસ્વરૂપ ભગવાન પવિત્ર છે અંદર આત્મા, એવું જ જેની દશામાં પવિત્રપણું, આનંદપણું પ્રગટપણે થયું છે, ભલે પૂર્ણ થયું નથી, પણ થયું છે પ્રગટ જ્ઞાન, દર્શન અને આનંદ, એ જીવ પણ રાગ આવે તેને જાણે અને રાગ ટળે તેને જાણે, રાગને કરે નહિ અને રાગને ટાળે નહિ. આહા..હા..! આવી વાતું. એને તો સમકિતી અને ધર્મી કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? છે?

**'માત્ર બંધ-મોક્ષને નહિ,...'** આહા..હા..! જ્યાં જ્ઞાનનેત્ર ખુલી ગયા છે. છે તો શક્તિરૂપે,

સ્વભાવરૂપે જ્ઞાનસ્વરૂપ પ્રભુ. પ્રજ્ઞાબ્રહ્મ, પ્રજ્ઞા—જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એ તો. આહા..હા..! પણ એવું ભાન થઈને જેની દશામાં આનંદ ને જ્ઞાનની વ્યક્ત પ્રગટ દશા થઈ છે એવો જે ધર્મી જીવ એ બંધ-મોક્ષને જાણે એટલું તો નહિ, પણ '**कम्मुदयं णिज्जरं चेव**' આહા..હા..! '**શુભ-અશુભરૂપ કર્મોદયને...**' શુભ અને અશુભ બેય આવે અહીં તો. આહા..હા..! પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ થયો નથી ત્યાં સુધી સાધકજીવને બાધકપણું પણ અંદર છે. આહા..હા..! એ શુભ-અશુભ બેય છેને? શુભભાવ અને અશુભભાવ જે કર્મના નિમિત્તે થાય અંદર એને એ જાણે. આહા..હા..! આવો માર્ગ ભારે, ભાઈ! કોઈ તો એમ કહે કે આ નવો માર્ગ કાઢ્યો લાગે છે. અરે! ભગવાન! સાંભળને એકવાર. એકવાર આઠ-દસ દિ' સાંભળ. પ્રભુ! આ માર્ગ તો અનાદિનો સત્ય છે તે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે રાગનો ભાવબંધ છે તેને એ જ્ઞાની જ્ઞાનસ્વરૂપનું ભાન થયું છે, તેથી ધર્મી તે રાગને જાણે છે અને રાગ ટળે છે તેને જાણે છે, રાગ થાય તેને કરતો નથી, ટળે તેને ટાળતો નથી. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે એ શું કરે? આહા..હા..! બાપુ! આ તો અનંતકાળમાં એણે એક સેકન્ડ પણ ધર્મ શું છે એ સમજ્યો જ નથી. એમ ને એમ બફમમાં ને બફમમાં જીવન ગાળ્યા અને સંભળાવનાર એવા મળ્યા કે એને કે તને આમાં ધર્મ થાશે, દયામાં ધર્મ થાશે, ભગવાનની ભક્તિ કરતાં ધર્મ થશે, (એમાં) રોકીને બિચારાને સ્વસન્મુખ થવાનું અટકાવી દીધું. આહા..હા..! અને તમે દાન કરો પાંચ-પચ્ચીસ લાખના, જાવ તમારે ધર્મધુરંધર એનો ઈલ્કાબ (આપ્યો).

ઓલો બિચારાએ ન કીધું? ભાઈએ. શાહુજી આવ્યા હતાને અહીંયાં. ચાલીસ કરોડ રૂપિયા એની પાસે. આવ્યા હતાને. ત્રણ વ્યાખ્યાન સાંભળ્યા. એણે ઘણાં વર્ષ પહેલાં પચાસ હજાર રૂપિયા આપ્યા હતા. એટલે શ્રાવકશિરોમણિની ઉપમા આપી. શ્રાવક શિરોમણિ. બાપુ! શ્રાવક કોને કહે? તત્ત્વ જે વસ્તુ છે તેને શ્રવણ કર્યું હોય. શ્રવ—જેને રાગથી ભિન્ન વિવેક ઉત્પન્ન થયો હોય. આહા..હા..! ક-અને જે અનુભવની ક્રિયાને કરતો હોય એને શ્રાવક કહે. વાડામાં પડ્યા અમે બધા શ્રાવક છીએ (એમ નથી). અહીં તો વસ્તુની સ્થિતિનું વર્ણન છે. આહા..હા..! એથી એ બિચારા બોલ્યા આમાં પ્રાંતિજ કે મને ઈન્દોરમાં શ્રાવકશિરોમણિ કહ્યો, બિરૂદ આપ્યું, પણ મારી પાસે તો એકેય પડિમા પણ નથી અને વ્રત પણ નથી. લોકો પૈસાવાળાને પૈસા ખર્ચે એટલે જાણે કે ઓહો..હો..! ધર્મી થઈ ગયો જાણે. કરોડો રૂપિયા ખર્ચે. આહા..હા..!

ઓલો છદામીલાલ નહિ, ફિરોજાબાદ. કરોડો રૂપિયા ખર્ચનારો. ખર્ચનારો હોં! પેદાશ મોટી. મોટો રાજા જેવો. ફિરોજાબાદ. ગયા હતાને અમે ત્યાં. મારી નાખ્યો એને. એને ગાદીએ બેસાડ્યો. એને ઠેકાણે દીકરો નહોતો એટલે ભાઈના દીકરાને ગાદીએ બેસાડ્યો. હવે એને લઈને એનો મોટો ભાઈ જે હતો, એમ છાપામાં આવ્યું છે, એણે ખૂન કરાવી નાખ્યું. કહો, આહા..હા..! દુનિયા જુઓને! એમ કે આને તમે બધું આપ્યું કરોડો રૂપિયાની પેદાશ બધી.

એ તો મોટો રાજા. ખેતરના ખેતર જમીન પડી છે એને ઘરે ઘણી અને મંદિર મોટા બનાવ્યા છે, માનસ્તંભ મોટા બનાવ્યા છે. એય! મોટા પૈસા ઘણાં લાખો ખર્ચેલા. ૪૦ લાખ ખર્ચ્યા છે એવું તો સાંભળ્યું હતું. પૈસાનું શું થયું પણ? આહા..હા..! એ પૈસા મારા અને મેં આપ્યા એ માન્યતા જ ભ્રમણા અને અજ્ઞાનની છે. આહા..હા..! અને પૈસા દેવાના રાગની કોઈ મંદતા કરી હોય તો એ શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહિ.

ધર્મી તો તે પુણ્યના પરિણામનો પણ કર્તા અને ભોક્તા નથી એમ કહે છે અહીં. કેમકે ભગવાન તો જ્ઞાનચક્ષુ છે, ચૈતન્યમૂર્તિ છે. આહા..હા..! આંખ જેમ દશ્યને દેખતા દશ્યમાં જતી નથી, એમ જ્ઞાનસ્વરૂપ પરવસ્તુને દેખતાં પરમાં જતું નથી, એ તો પરથી ભિન્ન રહીને પરને જાણે છે. આહા..હા..! શું કહે છે આ પણ? હેં? આહા..હા..! બાપુ! તને ખબર નથી, ભાઈ! આહા..હા..! આ તો તત્ત્વજ્ઞાનનો નિચોડ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે એકલા બંધ-મોક્ષને જ જાણે છે સમકિતી ધર્મી એમ નહિ, પણ કર્મના ઉદયના શુભ-અશુભભાવ આવે એને એ જાણે છે. આહા..હા..! ધર્મીને પણ હજી અશુભભાવ હોય છેને, રૌદ્રધ્યાન હોય છે, આર્તધ્યાનનો રાગ હોય છે. આહા..હા..! સ્ત્રી સંબંધીના વિષયમાં રાગ હોય છે, પણ કહે છે કે એ તો રાગથી પૃથક્ રહીને ધર્મી તો રાગને જાણે છે, તેમ રાગ ટળે ત્યારે પણ પૃથક્ રહીને રાગને ટળે છે તેમ જાણે છે, આહા..હા..! એને ટાળતો નથી. આહા..હા..! જ્ઞાન શું કરે? આંખ છે એ શું કરે? બીજી ચીજને દેખે. એ બીજી ચીજને બનાવે? અને તોડે? અરેરે! એને બેઠું નથી, પ્રભુ! તું ચૈતન્યસ્વરૂપ ભગવાન અંદર એનું જેને હજી ભાન નથી અને એકલા બહારની ક્રિયાકાંડમાં ધર્મ માને છે એ તો મિથ્યાદષ્ટિ, જૂઠી, સત્યની દષ્ટિ નથી એની. એને અસત્ દષ્ટિ, મિથ્યાદષ્ટિ છે. અસત્-જૂઠી દષ્ટિ. આહા..હા..!

**શ્રોતા :-** જ્ઞાની જ્ઞાનને તો કરેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માને અનુભવે, એકલા જ્ઞાનને પકડે નહિ. આખા આત્મામાં એકાગ્ર થઈને પરિણમે. એ કીધુંને જ્ઞાનપરિણત જીવ છે. આહા..હા..! જ્ઞાનપ્રધાનથી કથન છે, પણ જ્ઞાનની સાથે આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ એવી અનંત શક્તિઓ છે ભગવાન આત્મામાં એ બધી શક્તિનું પરિણમન નિર્મળ થાય છે. આહા..હા..! આવી વાત શું કહે છે આ? બાપુ! માર્ગ એવા છે, ભાઈ!

આ તો પરમેશ્વર સર્વજ્ઞ પૂર્ણાનંદના નાથ પરમાત્મા થયા પછીની આ વાણી છે. એવા અનંતા પરમાત્માઓ થઈ ગયા. શરીરસહિત હોય ત્યાં સુધી એને અરિહંત કહેવાય, શરીર છૂટે ત્યારે તેને સિદ્ધ કહેવાય, પૂર્ણાનંદની એકલી દશા રહી આત્માની. આહા..હા..! એ પરમાત્માની વાણીમાં આમ આવ્યું ઈચ્છા વિના... આહા..હા..! કે ધર્મીજીવ કર્મના ઉદયને પણ જાણે. આહા..હા..! અશુભભાવ થાય અને એની સાથે દેહની ક્રિયા પણ .. થાય, જાણે. આહા..હા..! કારણ કે એ જ્ઞાનભૂમિકામાં રહ્યો છે ઈ, એ રાગની ભૂમિકામાં પેસતો

નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શુભ-અશુભરૂપ કર્મોદયને...'** ધર્મી જ્યાં જ્ઞાનસ્વભાવી પ્રજ્ઞાબ્રહ્મ ભગવાન (છે) એવું જ્યાં જ્ઞાન થયું અને આત્માનો અનુભવ થયો... આહા..હા..! કીધું નહોતું હમણાં? નાના ઉંમરમાં અમારા પાડોશી હતા બ્રાહ્મણ અને અમારી બા હતા ભુંભલીના. ભુંભલી છેને ભાવનગર? અને એ ભુંભલીના હતા. એટલે અમે એને મામા કહેતા. બ્રાહ્મણ હતા. મૂળજીમામા કહેતા. અને ઉતારામાં નોકરી હતી. બૈરા હતા, છોકરા હતા પણ અહીં નહોતા રાખતા. ભુંભલી. અહીં તો એકલા રહેતા. હાથે ખાય. પછી ન્હાયને સવારમાં. એ મકાન અમારા હતા બધા અમારા મામાના. અમારું મકાન પણ મામાનું. ગૃહસ્થ હતા બધા મામા. ઘણા મકાનો અને ઘણા પૈસાવાળા. એમાં નાહીને જ્યાં બોલે ત્યારે એમ બોલતા, 'અનુભવીને એકલું રે આનંદમાં રહેવું, ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે.' એ વખતે શું કહે છે આપણને ક્યાં ખબર હતી? નાના બાળક હતા. આ તો ૭૭ વર્ષ પહેલાંની વાત છે. પણ ખ્યાલ રહી ગયો કીધું આ કાંઈક બોલે છે, મામા બોલે છે, શું બોલે છે આ? એને પણ ખબર ન મળે. આહા..હા..!

ધર્મી એવા અનુભવી સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની એ 'અનુભવીને રે એટલું આનંદમાં' અતીન્દ્રિય આનંદમાં રહેવું. આહા..હા..! ભલે શરીર હોય, કુટુંબ હોય, હો. એ એને ઘરે રહ્યા. આહા..હા..! 'અનુભવીને એટલું...' આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો અને 'પરિબ્રહ્મને ભજવા.' પરિબ્રહ્મ ભગવાન પોતે. પરિ નામ સમસ્ત પ્રકારે આનંદનો નાથ ભગવાન પોતે પરિબ્રહ્મ આત્મા છે. આહા..હા..! 'ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું.' એને પણ ખબર નહોતી. આહા..હા..!

અહીં ઈ કહે છે, જેને આત્માનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું ચોથે ગુણસ્થાને હોં! આહા..! ત્યારે તે આત્માના જ્ઞાનની પ્રજ્ઞાદશા પર્યાયમાં, અવસ્થામાં પ્રગટી, એ જીવ કર્મના ઉદયનો ભાવ શુભ-અશુભ આવે... આહા..! પણ એને ભિન્ન રહીને જાણે. એક થઈને તો જાણી શકાય નહિ. એક થઈને (જાણે) તો કર્તા-ભોક્તા છે, તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભારે આવી વાત! આહા..હા..!

એટલાને તો જાણે પણ **'સવિપાક-અવિપાક...'** જરી ઝીણી વાત લીધી છે. શું કહે છે? ધર્મી, ધર્મ જે આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન થયું ધર્મીને તો એ જ્ઞાતા-દૃષ્ટા થયો, તો જાણનાર-દેખનાર રહ્યો. કારણ કે જ્ઞાતા-દૃષ્ટા તો એનો સ્વભાવ છે. એવી દશામાં જ્ઞાતા-દૃષ્ટાપણું આવ્યું. આહા..હા..! હવે આ કઈ ભાષા! એ કર્મનો ઉદય પૂર્વનો હોય સવિપાક. એટલે? કે અત્યારે આ મનુષ્યગતિ છે, છતાં ત્યાં નારકની ગતિ, દેવાદિ ગતિનો અંદર ઉદય છે. ચાર ગતિ છેને? મનુષ્યગતિ, ઢોરગતિ, સ્વર્ગની ગતિ, નારકની ગતિ. તો એ ચાર ગતિના બાંધેલા કર્મ તો પડ્યા છે કે ક્ષણે-ક્ષણે એ બાંધે છે. આહા..હા..! એમાંથી જ્યારે જે ગતિમાં અહીં છે ત્યારે અંદર, દેવગતિનો ઉદય તો આવે છે અંદર. એ

આવ્યો એ ખરી જાય છે એને સવિપાકનિર્જરા કહે છે. એની મેળાએ પાક આવીને ખરી ગયો એને પણ જ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ? આવી વાતું. આવું ક્યાંથી કાઢ્યું નવું? પ્રભુ! તને ખબર જ નથી. માર્ગ જ આ છે અનાદિનો. તેં સાંભળ્યો ન હોય એટલે વાડામાં પડીને બંધાઈ ગયા જ્યાં-ત્યાં. આહા..હા..!

અહીં કહે છે કે જ્ઞાની જેને ધર્મનું ભાન થયું ધર્મીનું—આત્માનું, એવું જે શાંતિ અને આનંદનું જ્યાં પરિણમન થયું એ જીવને પૂર્વના બાંધેલા કર્મો ગતિ આદિ હોય એ ઉદયમાં આવે છે એ ખરી જાય છે. એને વિપાક કહ્યો. વિપાક એટલે ફળ દઈને ખરી જવું. ઉદયમાં આવીને ખરી જવું એનું નામ વિપાક-વિશેષે પાક. સત્તામાં કર્મ પડ્યા છે એ પાક આવીને ખરી જાય એને સવિપાક (કહે છે), એને એ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અવિપાકરૂપે...'** હવે બીજી વાત. આત્માના આનંદસ્વરૂપમાં પુરુષાર્થમાં છે. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એવા ભાનના ઉગ્રપણે પુરુષાર્થ છે તેથી અવિપાક એટલે કર્મનો ઉદય ન આવે. આવવાની યોગ્યતા તો છે, પણ અત્યારે નથી આવ્યો એને ઉદયમાં આવવાને યોગ્ય કરીને ખપાવે એને અવિપાકનિર્જરા કહે છે. અહીંયાં મનુષ્યગતિ છે અત્યારે, પણ અંદરમાં ચાર ગતિનો ઉદય અંદર છે. આ એક ગતિ તો વિપાકપણે છે. સમજાય છેને? બહાર. બીજા વિપાકપણે નથી, પણ અંદર ઉદય આવે એ વિપાકપણે છે. એને એ ખરે છે તેને જાણે છે અને પુરુષાર્થ આત્માનો આનંદના નાથમાં સંભાળ લેતા જાય છે ત્યારે કર્મના ઉદયમાં પુરુષાર્થથી જે ખરી જાય છે એને અવિપાકનિર્જરા કહે છે. આહા..હા..! એને પણ ધર્મી જાણે છે. અરે! આ વાત! અભ્યાસ ન મળે.

વીતરાગ પરમાત્મા ત્રિલોકના નાથ સર્વજ્ઞદેવ, લોકાલોકના જાણનારા. એથી અનંતગુણો (લોક) હોત તો જાણત એવી એમની શક્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભગવાન એમ કહે છે કે ભાઈ! ધર્મપરિણત જીવ એ બંધને જાણે, બંધ ટળે તેને જાણે, કર્મના ઉદયથી થતા શુભાશુભભાવ આવે એને જાણે અને કર્મનો ઉદય આ ગતિમાં ન હોય અને બીજી ગતિનો આવે એને ટળે એને વિપાકને જાણે અને પુરુષાર્થથી અંદર ખરે કર્મ એને પણ એ જાણે. નિર્જરા કરે એમ ન કહ્યું. આહા..હા..! ઝીણી વાત, બાપુ! શું કહીએ? આહા..હા..! અહીં તો લાખો માણસને જોયા છેને. આખા હિન્દુસ્તાન ૧૦-૧૦ હજાર માઈલ ત્રણવાર ફર્યા છીએ. ૧૦-૧૦ હજાર માઈલ. આ મોટર દ્વારા. મંગલ વર્ધિની. ૨૦૧૪ની સાલમાં આવી છે બરાબર, નહિ? ૨૦૧૪માં આવીને? ૧૯ વર્ષ થયા. ભોપાલમાં આવી છે. ૨૦૧૩-૧૩. પછી હોં! ૧૪. એનાથી દસ-દસ હજાર માઈલ હિન્દુસ્તાનમાં ત્રણવાર ફર્યા. ઘણું જોયું. ઘણાં ત્યાગીને જોયા, બાવાને જોયા. આહા..હા..! વસ્તુ કાંઈક બીજી છે આખી. આહા..હા..!

**'સવિપાક-અવિપાકરૂપથી...'** જાણે. હવે જરી ઝીણી પાછી આવી બે. **'અને સકા-અકામરૂપ...'**ને જાણે. આહા..હા..! એટલે શું? કે ધર્મી છે, જ્ઞાતા-દૃષ્ટા છે, પણ વેપારનો

વિકલ્પ આવ્યો, વેપારમાં ઊભો દેખાય છે. એ વિકલ્પમાં દસના ટાણે આહારનું-ભોજનનું ટાણું હોય, પણ એવો કોઈ પ્રસંગ બની ગયો હોય, કોઈ પાંચસો હજાર, બે હજાર, પાંચ હજાર પેદાશનો ભાવ હતો એટલે રોકાઈ ગયો અને ચાર વાગે ખાધું. અત્યારે વાણિયા કરે છે બહુ પેદાશ. વેપારી. પેદાશ આવી જાય, બાપા ચાલો જમવા. પછી રાખજે પછી હમણા નહિ. અહીં કહે કે ધર્મી જીવને પણ એવો પ્રસંગ બને. સમજાય છે? અને એને ઇચ્છા નથી આહાર રોકવાની, પણ ઇચ્છા એની મેળાએ આટલી ઘટી એને સકામનિર્જરા કહે છે. છેને? સકામનિર્જરા કહે છે. એને સકામ નહિ, એને અકામનિર્જરા કહે છે. સકામ બીજી વાત છે. ઇચ્છા વિના અંદરમાં આહાર ન આવ્યો, ઇચ્છા નહોતી છોડવાની, પણ એવો પ્રસંગ બની ગયો ચાર-પાંચ-છ કલાક સુધી આહાર લેવાણો નહિ એટલો જરી અશુભભાવ થયોને એને અકામનિર્જર કહે છે. તો જ્ઞાનીને એવી અકામનિર્જરા હોય છે. અરે..!

અને સકામનિર્જરા. એટલે આત્મા આનંદસ્વરૂપ ભગવાન એના પુરુષાર્થમાં રોકાતા, જે કર્મ ખરે તેને સકામનિર્જરા કહે છે. જેમ ઓલાને અવિપાક કીધી હતી એ સકામ. ઝીણી વાતું બહુ, બાપુ! ભાષા જ સમજવી કઠણ. નવરાશ ક્યાં છે પણ આ ધંધા આડે! એ.. કાંતિભાઈ! પૈસા ખર્ચવા હોય તો ખર્ચી નાખે. દસ હજાર, પાંચ હજાર લ્યો, પણ એમાં ખર્ચે એમાં ધર્મ ક્યાં હતો ધૂળમાં? આહા..હા..! સમજાણું કાંઈ? કેમ કાંતિભાઈએ ત્યાં રાજકોટમાં પૈસા ખર્ચ્યા ઘણા. અહીં હમણાં પ્રાંતિજમાં ખર્ચ્યા. ત્યાં જાત તો પચ્ચીસ હજાર ખર્ચવા હતા. એહીં કહ્યું હતું, પચાસ હજારના પુસ્તકો ખપે તો પચ્ચીસ હજાર મારા. આ કાંતિભાઈએ કહ્યું. પણ મુંબઈ જવાનું બંધ થયું, પણ પચ્ચીસ હજાર શું બે કરોડ આપે નહિ ત્યાં, તોપણ એ તો રાગની મંદતા હોય તો પુણ્ય છે, રાગ છે, એનાથી ધર્મ નહિ. એ રાગ થાય તો એને ધર્મી જાણે કે રાગ મારો નથી, રાગ છે એ પર છે. આહા..હા..! વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ વદ-૫, મંગળવાર, તા. ૦૫-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૦, પ્રવચન નં. ૩૮૫ B

આ સમયસારની ૩૨૦ ગાથા, એની જયસેનાચાર્યની ટીકા. પહેલોં પેરેગ્રાફ થયો છે. પહેલાં પરેગ્રાફમાં ત્રણ પ્રકાર થયા કે શુદ્ધજ્ઞાન જે છે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનો જેને અનુભવ થયો એ શુદ્ધજ્ઞાન પુણ્ય-પાપના ભાવને કરતું નથી અને વેદતું પણ નથી. હજી કેવળજ્ઞાન નથી એથી એને શુભ-અશુભરાગ આવે, પણ તેનો કર્તા અને ભોક્તા (થતો નથી).

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા તેનો કર્તા રાગનો અને રાગનો ભોક્તા એ આત્મા નહિ. આહા..હા..!

પછી કહ્યું કે '**(શુદ્ધજ્ઞાનપરિણત જીવ)**' એ દ્રવ્ય લીધું. એ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે તેનું જેને સમ્યગ્દર્શન થયું છે. શુદ્ધ ચૈતન્યનું પરિણમન પર્યાયમાં, અવસ્થામાં નિર્મળ જ્ઞાનની પરિણતિ સમ્યક્‌ની દશા, આનંદની અવસ્થા વગેરે પરિણત જીવ એ પણ રાગનો કર્તા અને ભોક્તા નથી. સમજાણું કાંઈ? એને હજી છદ્મસ્થ છે એટલે રાગ આવે, પણ એનો કર્તા-ભોક્તા જ્ઞાની (નથી), શુદ્ધ જીવ જ્ઞાનપરિણત સમ્યગ્દૃષ્ટિ છે એ રાગનો કર્તા અને ભોક્તા નથી. બે વાત.

ત્રીજી, ક્ષાયિકજ્ઞાની કેવળજ્ઞાની પરમાત્મા એને તો રાગ હોતો જ નથી. સર્વજ્ઞ પરમેશ્વર કેવળી તીર્થંકરદેવ એને તો વિકલ્પ-રાગ હોતો જ નથી, એથી તેઓ ક્ષાયિકજ્ઞાની કેવળી. આવ્યુંને ત્રીજું? એ પણ.. આહા..હા..! '**કર્મોનો અકારક તથા અવેદક પણ છે.**' આહા..હા..! એને શુભ-અશુભરાગ આવે એ છે નહિ. કેવળજ્ઞાની થયા એને તો રાગનો વિકલ્પ જ હોય નહિ. આહા..હા..! એની દશા તો તદ્દન નગ્નદશા શરીરની હોય અને જેને આહાર-પાણી પણ ન હોય, ખોરાક ન હોય એને રાગ-દ્વેષ તો હોય જ નહિ. આહા..હા..! એવા ક્ષાયિક કેવળજ્ઞાની એ પણ રાગને કર્તા અને વેદતા નથી. આહા..હા..!

હવે, '**તેવો હોતો થકો (શુદ્ધજ્ઞાનપરિણત જીવ)...**' હવે સાધકજીવ લીધો પાછો. ત્રણની વાત કરી, પણ પાછું સાધકજીવ છે, હજી સ્વરૂપનો અનુભવ થયો આનંદનો, પણ હજી રાગ ગયો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એવો '**(શુદ્ધજ્ઞાનપરિણત જીવ) શું કરે છે? જાણે છે.**' બંધ-મોક્ષને. આહા..હા..! એને રાગ આવે એ ભાવબંધ છે તેને જાણે. સમજાણું કાંઈ? તેમ મોક્ષ થાય તેને એ જાણે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથે કે પાંચમે ગુણસ્થાને હોય એને બંધ નામ રાગ આવે પણ એને એ જાણે. કેવળીને તો રાગ હોતો નથી, ઈચ્છા હોતી નથી, વૃત્તિ ઉઠતી નથી. વૃત્તિ જ નથી, એ તો પૂર્ણ વીતરાગ છે. આહા..હા..! પણ સાધકજીવ છે જે આત્માના અનુભવના સ્વાદમાં આવ્યો છે... આહા..હા..! એવા જીવને રાગ હોય, બંધ હોય, પણ એ બંધને જાણે, આહા..હા..! તેમ મોક્ષ હોય તેને એ જાણે. કર્મ છૂટે તેને જાણે, છોડે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એટલું તો ઠીક. '**માત્ર બંધ-મોક્ષને નહિ, શુભ-અશુભરૂપ કર્મોદયને...**' પણ જાણે-દેખે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ છે, આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે અનુભવ ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે. એને શુભ-અશુભ કર્મનો ઉદય છે, ભાવ થાય છે. શુભભાવ પણ હોય છે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો અને હજી છદ્મસ્થ છે ચોથે, પાંચમે ગુણસ્થાને છે એને વિષયનો રાગ અને એવો અશુભરાગ આવે, રૌદ્રધ્યાન આવે એને સમકિતી છે એ તો જાણે-દેખે છે. આહા..હા..! આવી તો ચોથા ગુણસ્થાનની દશા હોય છે. આહા..હા..! મુનિની દશા તો અલૌકિક છે, કેવળીની તો વાત શું કરવી! એ તો.. આહા..હા..!

અહીં કહે છે કે '**શુભ-અશુભરૂપ કર્મોદયને...**' જાણે છે એ તો. '**સવિપાક-અવિપાકરૂપથી...**' નિર્જરાને પણ જાણે. કાલે આવી ગયું છે. મનુષ્યગતિ છે એમાં બીજી ગતિનો ઉદય આવે છે. એ વિપાક છે તો ખરી જાય છે એને પણ એ જાણે. અને અવિપાક. આત્માના આનંદના પુરુષાર્થમાં આગળ વધે છે એથી એને અવિપાક એટલે કર્મની નિર્જરા થઈ જાય છે એને અવિપાક નિર્જરા કહે છે. આહા..હા..! એને એ જાણે. આહા..હા..! કેમકે આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યપ્રકાશનું પૂર છે નૂર. ચૈતન્યના પ્રકાશના નૂરનું તેજસ્વરૂપ ભગવાન તો (છે) એથી એને આ રીતે વિપાક-અવિપાકનિર્જરા હોય, પણ એને એ જાણે. પછી '**સકામ-અકામરૂપે બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે.**' આહા..હા..! સ્વભાવના પુરુષાર્થથી જે કર્મ ખપે એને અહીં સકામનિર્જરા કહે છે, પણ રાગની મંદતા થાય, ઈચ્છા નહોતી, જેમકે આહાર કરવાનો ત્યાગ નથી, પણ એ રીતે આહાર કરવાનો વખત ગયો ને ચાર, પાંચ, છ કલાક થઈ ગઈ તો એમાં કષાયની મંદતા રહી એને અકામ નિર્જરા કહે છે. સમજાણું કાંઈ? આ તો અલૌકિક વાતું છે, બાપુ! ત્યાં સુધી તો આવી ગયું છે.

હવે આત્મા કેવો છે ભગવાન? પોતાનું એનું કાયમી સ્વરૂપ સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનું ધ્યેય. આહા..હા..! એનું એ ધ્યેય છે ઈ આત્મા કેવો છે? '**સર્વવિશુદ્ધ-પારિણામિક...**' એ તો સર્વવિશુદ્ધ વસ્તુ, સર્વવિશુદ્ધ-પારિણામિક સહજસ્વભાવ. પારિણામિક એટલે સહજસ્વભાવ. આહા..હા..! '**પરમભાવગ્રાહક...**' અને પરમભાવ જે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ, આનંદસ્વભાવ એને ગ્રહનારી-જાણનારી જે દ્રવ્યાર્થિકનય. આહા..હા..! ભાષા આકરી છે બધી. '**સર્વવિશુદ્ધ...**' અંદર ભગવાન પૂર્ણ સર્વવિશુદ્ધ છે એની હયાતી. આહા..હા..! હમણાં એ શ્લોક કાઢ્યો હતો ઓલો. પરમાનંદનો શ્લોક છે, ભાઈ! એ આપણે પરમાત્મપ્રકાશમાં નાખ્યો છે. પરમાનંદ સ્તોત્ર છેને? એનો શ્લોક નાખ્યો છે પરમાત્માપ્રકાશમાં. '**आनंदो ब्रह्मणो रूपं**' બ્રહ્મ નામ ભગવાન એનું આનંદ અતીન્દ્રિય આનંદરૂપ છે. આ પરમસ્વભાવભાવ. '**आनंदो ब्रह्मणो रूपं निजदेह व्यवस्थितं**' નિજ શરીરમાં એ ભગવાન ભિન્ન બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ध्यान हिना न पश्यंति**' પણ અંતરની દૃષ્ટિના ધ્યાનમાં પકડવા લ્યો કે આનંદકંદ પ્રભુ એવા ધ્યાન વિનાના પ્રાણી એને જોઈ શકે નહિ. કોની પેઠે? ... જાતિ પહેલેથી જન્મઅંધ છે એ સૂર્યને દેખી શકતો નથી. આહા..હા..! એમ જેને અતીન્દ્રિય આનંદ અંદર સ્વરૂપ છે પરમપારિણામિકભાવ. દેખો! આહા..હા..! એને મિથ્યાદૃષ્ટિ જોઈ શકતો નથી. જાતિ અંધ. એ આપણે ભાઈએ કાઢ્યું હતું હરિભાઈએ. પરમાત્મપ્રકાશમાં. મેં કીધું ભાઈ આ શ્લોક આવી ગયો છે આપણે. એ પરમાનંદ સ્તોત્ર છે એમાં છે આ શ્લોક. ૧૯મો શ્લોક છે એમાં. આહા..હા..! '**आनंदो ब्रह्मणो रूपं**' એ આ પરમ. પરમપારિણામિક પરમભાવ ગ્રાહક. પરમસ્વભાવ જે આનંદરૂપ, જ્ઞાયકરૂપ, પરમસ્વભાવભાવરૂપ ધ્રુવસ્વભાવભાવરૂપ. આહા..હા..!

**'શુદ્ધ-ઉપાદાનભૂત...'** એ આ ત્રિકાળની વાત છે. પર્યાયમાં શુદ્ધ ઉપાદાન પ્રગટે છે એ પણ શુદ્ધ ઉપાદાન કહેવાય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગીદશા પ્રગટે એ પણ શુદ્ધ ઉપાદાન છે, પણ એ પર્યાયનું શુદ્ધ ઉપાદાન છે, આ અહીંયાં દ્રવ્યનું શુદ્ધ ઉપાદાન લેવું છે. આહા..હા..! આ જયસેનાચાર્યની ટીકા છે. દિગંબર સંત મુનિ વનવાસી વનમાં રહેતા. એણે આ ટીકા બનાવી છે. આહા..હા..! કહે છે કે એ **'પરમભાવગ્રાહક...'** પરમભાવ **'પારિણામિક-પરમભાવગ્રાહક...'** છે. એ પરમભાવ છે. સ્વભાવભાવ ધ્રુવ આનંદકંદ, જ્ઞાનકંદ, પૂર્ણાનંદ એવો જે દ્રવ્યસ્વભાવ એ પરમભાવ છે. એને જાણનારી, ગ્રહણ કરનારી **'શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનય... '** આહા..હા..! સમજાણું કાંઈ? **'શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનય...'** એને એમ પણ લાગુ પડે છે.

**'શુદ્ધદ્રવ્યાર્થિકનયે...'** આહા..હા..! **'જીવ, કર્તૃત્વ-ભોક્તૃત્વથી...'** રહિત છે. એવો જે ત્રિકાળી પરમસ્વભાવભાવ. આહા..હા..! અહીં તો શુદ્ધ દ્રવ્યાર્થિકનયે લીધું છેને? એનાથી ગ્રાહક. એને જાણનારી એમ કીધું. વર્તમાન પર્યાય લીધી પાછી. શુદ્ધ ઉપાદાન ત્રિકાળ છે, પણ અહીં તો પરમભાવગ્રાહક શુદ્ધ ઉપાદાનભૂત. વર્તમાન વીતરાગીદશા. આહા..હા..! અતીન્દ્રિય આનંદના સ્વાદથી ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનય જે ત્રિકાળને પકડે એવી જે આનંદની દશા એ નયથી **'જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી...'** આ લોકોને આવું સાંભળ્યું જાતું નથી. માર્ગ આવો? આ તો હજી તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપ કરો, કરતાં-કરતાં નિશ્ચય સમકિત થાશે અને એ કરતાં-કરતાં નિશ્ચયચારિત્ર થાશે. અરે! ભગવાન! આને તમે માનતા નથી સોનગઢવાળા, માટે એકાંત છે તમારું એમ કહે છે. પ્રભુ! કહો, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** કરતાં કરતાં સંસાર થાશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંસાર થાશે. પ્રભુ! એ તો તને નુકસાનનું કારણ છે, ભાઈ! આ તો હિતના પંથની વાત, પ્રભુ! આહા..હા..! સાંભળી જાય નહિ એવી એક વાત આવી. એવું છે, સંસાર એવો છે. એ લોકોને બિચારાને ખબર નથી કે શું કરીએ છીએ? આહા..હા..!

ચંપાબહેન માટે આવ્યું છે. અરરર! સાંભળ્યું જાય નહિ, લખ્યું જાય નહિ. એ કોઈ ચંપાબહેન હશે કોઈ સ્થાનકવાસીમાં એને અહીં લગાડી દીધું કે ચંપા તો સ્થાનકવાસી સંપ્રદાયમાં બદનામ થયું હતું એ ત્યાં આવીને હવે ભગવતી પૂજાવે. અરરરર! પ્રભુ! આ શું કરે છે તું? આહા..હા..! જૈનદર્શનમાં આવ્યું છે. અરે! પ્રભુ! એને તો કાંઈ સ્થાનકવાસીની ખબરેય નથી. પણ એક હતું ખરું કોક ચંપા હોં! ઘણાં વર્ષ પહેલાં. હવે અહીં લગાડી દીધું. અરે! પ્રભુ! પ્રભુ! અરેરે! શું કરે છે? ભાઈ! ભગવાન! તારી દશામાં આ ન હોય. આહા..હા..! સત્યને આ રીતે વગોવવું, પ્રભુ! એ મહાનુકસાન છે. આહા..હા..! અરે! ... આ કહે છેને ધણી વિનાના ઢોર થઈ ગયા. અરરર! સર્વજ્ઞ પરમેશ્વર કેવળી રહ્યા નહિ, ત્રણ જ્ઞાન, ચાર જ્ઞાન દશા રહી નહિ, તીર્થંકરો તો રહ્યા નહિ, પણ તીર્થંકરે કહેલું કેવળજ્ઞાન એને ઉત્પન્ન

કરનારા રહ્યા નહિ. આહા..હા..! કોની પાસે આ સત્યનો ડંકાર-હા કરાવવો? બાપુ! માર્ગ તો આ છે, ભાઈ!

એ શુદ્ધ ચૈતન્ય ભગવાન અસ્તિરૂપે પરમાનંદ પરમભાવગ્રાહક—પરમભાવને પકડનારી. આહા..હા..! જાણનારી. એવી શુદ્ધદ્રવ્યાર્થિકનય. આહા..હા..! **'શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે...'** આહા..હા..! વર્તમાન વીતરાગ પર્યાયથી ત્રિકાળી ભગવાન જણાય એવો જે ભગવાન આત્મા. આહા..હા..! એ **'જીવ, કર્તૃત્વ-ભોક્તૃત્વથી...'** આહા..હા..! એ ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો સમ્યગ્દર્શનમાં, દૃષ્ટિમાં સમ્યક્ ચિદાનંદ ભગવાન આનંદનો નાથ અનુભવમાં આવ્યો એ રીતે એ આત્મા રાગનો કર્તા અને રાગનો (ભોક્તા નથી), વ્યવહારનો કર્તા અને વ્યવહારનો ભોક્તા નથી એમ કહે છે. આહા..હા..! એમ આવ્યુંને, ભાઈ! રાગનો કર્તા નથી, વ્યવહારનો (કર્તા નથી). આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ કહે છે કે વ્યવહાર એટલે શુભરાગ. આહા..હા..! એનો કર્તા આ શુદ્ધ દ્રવ્યાર્થિકનયે શુદ્ધ ઉપાદાનભૂતથી... આહા..હા..! એ વિકલ્પનો રાગની વૃત્તિ ઊઠે તેનો એ કર્તા નથી, તેનો એ વેદનાર-ભોક્તા પણ નથી. આહા..હા..! આવું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

કર્તા-ભોક્તા તો નથી, પણ **'બંધ-મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે,...'** આહા..હા..! ભગવાન જે ત્રિકાળી ચૈતન્યદળ છે આનંદકંદ પ્રભુ, એ તો રાગરૂપી ભાવબંધ અને એનું કારણ પણ રાગ, એ બેય બંધ અને બંધના કારણથી પ્રભુ તો ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને આમ છે એમ કહે છે. કેમકે એ વસ્તુ સમ્યગ્દર્શનનો વિષય છે ત્રિકાળ. ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા એ સમ્યગ્દર્શનનો ધ્યેય-વિષય છે. આહા..હા..! એથી તે વિષયનો જાણનાર ત્રિકાળને જાણનારો પરમભાવગ્રાહક નયથી.. આહા..હા..! એ બંધના કારણો અને મોક્ષના કારણો અને બંધ-મોક્ષના પરિણામ. ઝીણી વાત છે, ભાઈ! ગાથા એવી ઝીણી છે. આહા..હા..! કાલે જ શરૂ કરી છેને. કાલે શરૂ કરી છે આ. આહા..હા..!

**શ્રોતા :-** આજ શરૂ કરી કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આજ ફરીને લીધું થોડું. આહા..હા..!

પ્રભુ! તું કોણ છો? એ તો અતીન્દ્રિય આનંદનો કંદ પરમભાવસ્વરૂપ છે પ્રભુ આત્મા તો. આહા..હા..! એને જાણનારી નયથી શુદ્ધદ્રવ્યાર્થિકનયથી—દ્રવ્યનું જેને પ્રયોજન છે. ત્રિકાળી આનંદકંદ પ્રભુ એવા દ્રવ્યનું જેને પ્રયોજન છે એવી દ્રવ્યાર્થિકનયે એને જોતાં. આહા..હા..! એ બંધના કારણથી પણ રહિત છે અને મોક્ષના કારણથી પણ રહિત-શૂન્ય છે. મોક્ષનું કારણ મોક્ષનો માર્ગ. **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** જે આત્માનો અનુભવ આનંદનો એમાં પ્રતીતિ એ સમકિત, એ અનુભવ એનું જ્ઞાન અને અનુભવનું વેદન એ ચારિત્ર—એ દશાને, આત્મા ત્રિકાળી છે એ દશાને કરતો નથી કહે છે. આહા..હા..! આવી વાતું છે, બાપુ! એ

બંધના કારણને અને બંધના પરિણામને એનાથી શૂન્ય છે. બંધનું કારણ અને બંધરૂપ પરિણામ એનાથી ભગવાન ત્રિકાળી છે એ શૂન્ય છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! બપોરે વ્યાખ્યાન નહોતું તો આ પાછળથી આવ્યા. તે દિ' બંધ હતુંને થોડું? પગે દુઃખતું હતું. ફરીને સાંભળવા આવ્યા. એમાં આવું આવ્યું હવે. આહા..હા..!

**શ્રોતા :-** મુદ્દાની રકમ આવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુદ્દાની રકમ આવી. તે દિ' તો કાંઈ ચાલતું હોય બીજી વાત અને આ તો. આહા..હા..! મુદ્દાની રકમ આત્મા ધ્યેય, ત્રિકાળી ધ્યેય. આહા..હા..! એ ત્રિકાળી ભગવાન આત્મા શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોતાં તે ચીજ પોતે મોક્ષના માર્ગને પણ કરતી નથી એ ચીજ. આહા..હા..! કેમકે ચીજ તો ધ્રુવ છે અને મોક્ષનો માર્ગ તો પર્યાય છે. આહા..હા..! મોક્ષનો માર્ગ તો સમ્યગ્દર્શન-જ્ઞાન નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન અને નિશ્ચયચારિત્ર એવી જે ત્રણ વીતરાગી પર્યાય એના કર્તાથી પણ એ ધ્રુવ છે તે રહિત છે અને મોક્ષના પરિણામ જે સિદ્ધ કેવળજ્ઞાન. આહા..હા..! કેવળજ્ઞાન અને કેવળદર્શન અનંત આનંદ એની એ પર્યાયને પણ દ્રવ્ય કરતું નથી. આહા..હા..! કહો, દેવીલાલજી! સાંભળ્યું હતું ત્યાં સ્થાનકવાસીમાં? આહા..હા..! માર્ગ પ્રભુ તારો આ છે, ભાઈ! આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલો. આહા..હા..! સમજાણું કાંઈ?

મોક્ષના પરિણામ લીધા. ભાષા છે? શું છે? '**બંધ-મોક્ષના કારણ અને પરિણામ...**' મોક્ષ પણ પરિણામ-પર્યાય છે. આહા..હા..! કેવળજ્ઞાન પણ પર્યાય છે, એ કાંઈ ગુણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળજ્ઞાન અરિહંતને તીર્થંકરને થાય એ પણ પર્યાય છે એટલે કે પરિણામ છે એટલે કે એ પરિણાનો કર્તા દ્રવ્ય નથી. આહા..હા..! છેને સામું પાનું આપ્યું છેને? પાનું આપ્યુંને ભાઈ દીધું છેને પ્રાણભાઈને? ઠીક! આ તો નવી જાતની વાતું છે. તમારે ત્યાં શું કહેવાય એ ધંધા? શેરબજાર. ત્યાં આવ્યા હતા નહિ? એક ફેરી આવ્યા હતા. તમારે ઘરે આવ્યા હતા દુકાનમાં. દુકાનમાં આવ્યા હતા. શેરબજાર. પ્રાણભાઈ હતા ત્યારે આવ્યા હતા. આહા..હા..! અરે! ક્યાં છે આ વાત! હજી તો આ સમ્યગ્દર્શનની વાત છે. આહા..હા..!

સમ્યગ્દષ્ટિનો આત્મા એને ધ્રુવને જેણે નજરમાં લીધો છે. આહા..હા..! પૂર્ણાનંદ પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદનું પૂર્ણ સ્વરૂપ. આત્મતત્ત્વ છેને? વસ્તુ છેને? તો વસ્તુ છે એ પૂર્ણ સ્વભાવે હોય, અપૂર્ણ નહિ તેમ વિકારી નહિ. આહા..હા..! એવો જે ભગવાન આત્મા તે બંધના કારણને કરતો નથી. મિથ્યાત્વ, અવ્રતપરિણામ એને એ દ્રવ્ય કરતું નથી. આહા..હા..! તેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને એ દ્રવ્ય કરતું નથી, તેમ બંધના પરિણામ એટલે પૂર્ણ બંધ થાય તેને દ્રવ્ય કરતું નથી, તેમ મોક્ષ થાય પર્યાય કેવળજ્ઞાનની એને દ્રવ્ય કરતું નથી. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! જિનેશ્વરદેવ તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વરે પ્રત્યક્ષ

સર્વજ્ઞથી જોયું ત્રણકાળ, ત્રણલોક. આહા..હા..! એની ઇચ્છા વિના વાણી નીકળી. પૂર્ણ કેવળીને ઇચ્છા હોય નહિ. વીતરાગ તો બારમે થાય અને કેવળી તો તેરમે થાય. વીતરાગ થયા પછી તો કેવળજ્ઞાન થાય એટલે ઇચ્છાનો નાશ થયા પછી તો કેવળજ્ઞાન થાય. હેં? એવા કેવળજ્ઞાનની પર્યાયને પણ ધ્રુવ જે છે વસ્તુ એ સમ્યગ્દર્શનનો વિષય જે દ્રવ્યસ્વભાવ એ મોક્ષના પરિણામને પણ કરતો નથી. આહા..હા..! '**શૂન્ય છે,...**' '**બંધ-મોક્ષના કારણો અને પરિણામ...**' બે છેને? અહીં તો વંચાઈ ગયું છે ઘણીવાર. રાજકોટમાં હમણાં વંચાઈ ગયું અઢાર દિ'. બહેનોને પોગ્યા છેને બધાને પાના? આહા..હા..!

**શ્રોતા :-** પુસ્તકો પણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુસ્તકો છે આ છેને, જ્ઞાનચક્ષુ છેને. એક ઘરમાં બે-ચાર માણસ હોય બેના ચક્ષુ એક હોય. આહા..હા..! ગજબ કર્યો છેને કામ! બે લીટીમાં કેટલું ભર્યું છે! આહા..હા..! બે પંક્તિ છે એમાં આટલું ભર્યું છે. રસિકભાઈ!

ભગવાન આત્મા જેને આત્મા કહીએ નિશ્ચયથી, ધ્રુવ આત્મા, નિત્ય આત્મા, અવિનાશી આત્મા... આહા..હા..! અનાદિ-અનંત રહેલી ચીજ એ મોક્ષના પરિણામને પણ કરે નહિ. આહા..હા..! અમારા બહેનને શું છે તમારે ઘરે? આહા..હા..! આ તો સ્થાનકવાસી, શ્વેતાંબરમાં તો નથી, પણ અત્યારે દિગંબરના સંપ્રદાયમાં નથી. આહા..હા..! એ ગોટા વાળ્યા. આહા..હા..! હજી સમ્યગ્દર્શન થાય તેની દશા કેવી હોય? આહા..હા..! કે એની દશામાં દ્રવ્ય ચીજ દશાવાન જે ધ્રુવ છે તે તેના ધ્યેયમાં અને લક્ષમાં હોય છે. આહા..હા..! અને તે ધ્યેય જે ધ્રુવ છે એમાં પલટવાની અવસ્થાનો પણ જેમાં અભાવ છે. ઉત્પાદ-વ્યયનો જેમાં ધ્રુવમાં અભાવ છે.

'**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તત્ત્વાર્થસૂત્ર. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**'. હવે કહે છે કે એ ધ્રુવ જે સત્ છે તે ઉત્પાદ-વ્યયની પર્યાયને કરતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું! બાપુ! મારગડા પ્રભુના જુદાં છે, ભાઈ! એ સમ્યગ્દર્શન કોઈ ચીજ જુદી અલૌકિક છે. આહા..હા..! મુનિપણાની તો વાત શું કરવી? આહા..હા..! એ તો મહા ત્રણ કષાયનો જેને અભાવ, વસ્ત્રનો ટૂકડો પણ જેને ન હોય, જંગલમાં વસતા હોય એવા સંતોની તો શું વાત કરવી! છઠ્ઠે ગુણસ્થાને હોં! આહા..હા..! આ તો ચોથા ગુણસ્થાનમાં પણ જે સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે, તે મોક્ષને કરતું નથી અને મોક્ષના માર્ગને પણ કરતું નથી. આહા..હા..! પંડિતજી! ભાગ્યશાળી છેને તો રુચે છે એને. આ તો રુચવું પહેલી દૃષ્ટિમાં તો રુચવું જોઈએને? આહા..હા..!

**શ્રોતા :-** રુચિ વિના પકડાય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પકડાય નહિ. આહા..હા..! રુચિ તો કર, પ્રભુ! આહા..હા..! એ ત્રિકાળી ધ્રુવ વસ્તુ મોક્ષને કરે નહિ, મોક્ષના માર્ગને કરે નહિ. માર્ગ એ પરિણામ અને મોક્ષ એ પરિણામ. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ બંધ એ પરિણામ અને એના કારણો

વિકારી એ પણ પરિણામ.

**શ્રોતા :-** એમાં તો ભેદ... અકારક અને અવેદક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ એ માટે તો કહે છેને. આહા..હા..!

‘**કર્તૃત્વ-ભોક્તૃત્વથી તથા...**’ એમ છેને? એ તો પહેલાં તો ના જ પાડી કર્તા. હવે ‘**તથા બંધ-મોક્ષનું કારણ...**’ એ મિથ્યાત્વ આદિ બંધના કારણ અને બંધરૂપ પરિણામ પૂર્ણ અથવા કર્મબંધન. અહીં તો ભાવબંધ પૂર્ણ લેવું છે અને મોક્ષનું કારણ. મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને પણ એ ધ્રુવ ચીજ છે એ કરતી નથી. કારણ કે ધ્રુવ છે એ પલટતું નથી, એ તો એકરૂપ ત્રિકાળ રહે છે. આહા..હા..! પલટતી જે છે એ તો પર્યાય છે પલટતી. એ પલટતીને ઉત્પાદ-વ્યયને ધ્રુવ કરતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** ચમત્કારી ગાથા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગાથા ચમત્કારી છે. સાચી વાત, ભગવાન! વાત તો એવી છે. આહા..હા..! એ તો છાપામાં આવ્યું છે કે કાનજીસ્વામી તો ભગવાન કહે છે બધા આત્માને. બાપુ! ભગવાન તું અંદર છો. બાળક ને વૃદ્ધ ને વાણિયા ને એ કાંઈ તારી જાત નથી. આહા..હા..!

**શ્રોતા :-** ત્રિકાળ સ્વરૂપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રિકાળ ભગવાનસ્વરૂપ છો, પ્રભુ! ભગ એટલે જ્ઞાન અને આનંદ, એનો વાન એટલે લક્ષ્મીવાન તું તો છો. આહા..! અનંતજ્ઞાન અને અનંત આનંદની લક્ષ્મીવાન. આહા..! એક તત્ત્વાનુશાસનમાં ભાઈ આવ્યું છે. એમ કે તમે અરિહંતનું ધ્યાન કરો એ તો જૂઠું છે. અરિહંત તો છે નહિ. પહેલાં કહ્યું હતું એકવાર. અને સિદ્ધનું ધ્યાન કરો તો સિદ્ધ તો છે જ નહિ. છે નહિ અને સિદ્ધનું ધ્યાન કરો? અરે! સાંભળ તો ખરો પ્રભુ એકવાર. એ અરિહંતની દશા જે થવાની છે કેવળજ્ઞાન આદિ એ શક્તિમાં પડી છે એનું એ ધ્યાન કરે છે એટલે અરિહંતનું ધ્યાન કરે છે. આહા..હા..! એ પહેલાં કહેવાઈ ગયું છે. આત્મધર્મમાં આવી ગયું છે. શું કીધું ઈ?

શિષ્યે એમ પ્રશ્ન કર્યો કે પ્રભુ અરિહંતનું ધ્યાન કરો છો તો અરિહંત તો તમે છો નહિ અને અરિહંતનું ધ્યાન કરો એ અરિહંતપણું પણ તમારામાં છે નહિ. હવે અરિહંતનું ધ્યાન તો જૂઠું થયું તમારે. હવે સાંભળ તો ખરો એકવાર પ્રભુ! અરિહંત જે કેવળજ્ઞાન, અનંત કેવળજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ અને અનંતવીર્ય એવા જે અનંતગુણની પર્યાય જે કેવળીને પ્રગટે એ બધી પર્યાય શક્તિમાં પડી છે. આમેય નથી આવતું ભાઈ? પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ આવે છે. પંચપરમેષ્ઠીસ્વરૂપ તું છો. આવે છે.

**શ્રોતા :-** મોક્ષપાહુડમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, મોક્ષપાહુડ. આહા..હા..! એ અરિહંતની દશા, સિદ્ધની દશા, આચાર્ય-ઉપાધ્યાય-સાધુની દશા નિર્મળ વીતરાગી દશા એ વીતરાગી એક સમયની દશા પણ એવી વીતરાગી શક્તિ તો અનંત પડી છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી વાત છે બાપા આ તો. આ તો પરમસત્ય પ્રસિદ્ધિમાં મૂકાય છે. આહા..હા..!

**શ્રોતા :-** .. આત્મા તો અશુદ્ધ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ એમ કહે છે જુઓ, એ હમણા આવ્યું છે. મખનલાલજી અને ઓલો રતનલાલ. અશુભભાવ જો હોય તો અશુદ્ધ છે તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું. અરેરે! પ્રભુ! આ શું કરે છે? ભાઈ! આ સાધારણ બિચારા મળ્યા, વાણિયા સાધારણ સાંભળનારા. મગજ ન મળે એટલે જય નારાયણ કરે બધે. આહા..હા..! એમ કે આત્માની પર્યાયમાં બંધના ભાવ અશુદ્ધ જે છે તેથી તે દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું છે એ વખતે. એમ કહે છે. હમણાં આવ્યું છે છાપામાં. ત્રિકાળ.. અરેરેરે! રતનચંદજી તો કહેતો રતનચંદજી, સરહાનપુર. પણ અત્યારે આ ભાઈએ નાખ્યું છે મખનલાલજી શાસ્ત્રીએ. અરે! પ્રભુ! શું કરે છે તું આ? પ્રભુ તો શુદ્ધ ચૈતન્યદળ છેને. આહા..હા..! જેમાં મોક્ષની પર્યાયનું કરવું પણ નથી, જેમાં મોક્ષના માર્ગનું કરવું નથી, આહા..હા..! જેમાં બંધના અશુભભાવનું કરવું જેમાં નથી. આહા..હા..! હવે આવી વાત હવે જ્યાં બહાર આવી સોનગઢથી એટલે લોકોને નવી લાગે અને એકાંત છે તમારુ, બાપુ! ભાઈ! એકાંત સમ્યક્‌એકાંત છે.

**શ્રોતા :-** આચાર્યને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આચાર્ય શું કહે છે? આ તો આચાર્યનું લખાણ છે. જયસેનાચાર્ય મુનિ આચાર્ય હતા દિગંબર વનવાસી. મુનિ તો વનવાસમાં રહે વસ્ત્ર વિના નગ્નમુનિ. આહા..હા..! જેની અંતરદશા વીતરાગના પ્રચુર આનંદનું વેદન હોય છે. અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન હોય છે મુનિને. એને મુનિ કહીએ. આહા..હા..! એ મુનિ આ લખે છે. આહા..હા..! કહે છે કે અમારી આ મુનિપણાની જે દશા છે એ દશાને ધ્રુવ કરતું નથી એમ કહે છે. આહા..હા..! અરેરે! વાત ક્યાં છે? બાપુ! આ તો... આહા..હા..! સમજાણું કાંઈ?

**'બંધ-મોક્ષના કારણ ને પરિણામથી...'** ભગવાન ધ્રુવ જે છે, સમ્યગ્દર્શનનો ધ્રુવ જે ધ્યેય છે એ તો આ પરિણામથી શૂન્ય છે. એ સમ્યગ્દર્શનની પર્યાયથી પણ એ શૂન્ય છે. આહા..હા..! એવો ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની શુદ્ધતાના, અરે! અનંત શક્તિઓ છે એક-એક શક્તિ પૂર્ણ શુદ્ધ છે. એ શક્તિ શુદ્ધ છે એ અશુદ્ધતાને કેમ કરે? એને તો કેમ કરે, પણ શુદ્ધતાના ઉત્પાદ-વ્યયને પણ કેમ કરે? એમ કહે છે અહીં તો. આહા..હા..! ઉત્પાદ-વ્યય પર્યાયને દ્રવ્ય સ્પર્શતું જ નથી. દ્રવ્ય જે ધ્રુવ છે ધ્રુવ એ ઉત્પાદ-વ્યય મોક્ષના માર્ગને દ્રવ્ય અડતું જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૪૯ ગાથામાં આવ્યું. છ-છ અવ્યક્ત કીધુંને છ? ૪૯ ગાથા. વ્યક્ત અને અવ્યક્તને એકસાથે જાણનાર હોવા છતાં

અવ્યક્તને તે સ્પર્શતું નથી. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી અને દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. આહા..હા..! વ્યક્તને, વ્યક્ત એટલે પર્યાય પ્રગટ અને અવ્યક્ત એટલે ધ્રુવ, બેયને એકસાથે જાણવા છતાં તે વ્યક્તને સ્પર્શતું નથી દ્રવ્ય. આહા..હા..! એ મોક્ષમાર્ગની પર્યાયને પણ દ્રવ્ય અડતું નથી. આહા..હા..! ૪૯ ગાથા છે. અવ્યક્તના છ બોલ છે. આહા..હા..! દ્રવ્યને વ્યક્ત (પર્યાય) સ્પર્શતું નથી, પણ દ્રવ્ય જે છે એ પર્યાયને સ્પર્શતું નથી. આહા..હા..! પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્યસામાન્ય, તેને નહિ સ્પર્શતો એવો આત્મપર્યાયથી ભિન્ન છે ધ્રુવથી. એ અલિંગગ્રહણમાં આવે છે. અલિંગગ્રહણનો ૨૦મો બોલ. આત્મા શુદ્ધ પર્યાય છે. કેવી? કે જે અનંત ધ્રુવ જે અહીં કીધું એ ધ્રુવ તે પર્યાયને સ્પર્શતું નથી, તેમ એ પર્યાય ધ્રુવને સ્પર્શતી નથી. આહા..હા..!

**શ્રોતા :-** બેય ધ્રુવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે ચીજ છેને. પર્યાય અને દ્રવ્ય બે અસ્તિ છેને. વાચક બે છે તો એના વાચ્ય બે છેને? બે છે તો બેપણે રહેવું જોઈએને? આહા..હા..! એક આને કેમ કરે અને આ એને કેમ કરે? આહા..હા..! બેય સત્ છે. આહા..હા..! સમજાય એટલું સમજવું. આ તો સમજવાની રુચિ કરવા જેવું છે. સમજીને રુચિના સંસ્કાર નાખવાના છે. આહા..હા..! એ પહેલાં કરવાનું આ છે. આહા..હા..! આ તો હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે અને ચારિત્ર ને વ્રત ને તપ આવી ગયા. એકડા વિનાના મીંડા છે. આહા..હા..! શું થાય? **'એમ સમુદાયપાતનિકામાં કહેવામાં આવ્યું હતું.'** એમ પહેલાં કહેવામાં આવ્યું હતું કહે છે. આ સર્વવિશુદ્ધ અધિકારમાં પહેલાં કહેવામાં આવ્યું હતું. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાયને ધ્રુવ કરે નહિ એમ કહે છે. કેમ? કે એ પર્યાયનો અંશ છે, આ ધ્રુવ છે. જે સદશ્ય રહે એ વિસદશ્યને કેમ કરે? ઉત્પાદ-વ્યય વિસદશ્ય છે અને એ સદશ્ય વસ્તુ ત્રિકાળ છે. આહા..હા..! ઉત્પાદ-વ્યય છેને? તો ઉત્પાદ ઊપજે ને વ્યય, ઊપજે ને વ્યય, ભાવ-અભાવ... ભાવ-અભાવ... ભાવ-અભાવ (થાય), આ તો એકરૂપ સદશ્યભાવ. આહા..હા..! ત્રિકાળી સ્વભાવ એકરૂપ ચિદાનંદ ભગવાન એ ધ્રુવસ્વરૂપને પર્યાય અડતી નથી, તો પર્યાયને કરે શી રીતે ધ્રુવ? આહા..હા..!

**શ્રોતા :-** નિહાલભાઈએ કહ્યું, પરિણામ પરિણામમેં રહ ગયા ઔર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણામ પરિણામાં રહી ગયા અને હું તો ભિન્ન છું. આહા..હા..! સોગાની, દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ. એમાંથી ઊંધુ કાઢ્યું છે. અરે! પ્રભુ! મારગડા તારા જુદાં, નાથ! આહા..હા..!

જેને ધર્મ કરવો છે, બાપુ! એ ધર્મની પર્યાય ધ્રુવ ન કરે કહે છે. રાગ તો ન કરે, ધર્મની દશા મોક્ષનો માર્ગ (એને પણ કરે નહિ). એ રાગ કર્તા અને મોક્ષમાર્ગની પર્યાય કાર્ય એ તો છે નહિ, આહા..હા..! પણ ધ્રુવ કર્તા અને પર્યાય કર્મ એનું કાર્ય એમ પણ નથી,

એ સ્વતંત્ર છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! ત્યાં બધા પૈસા-બૈસામાં ઘૂંચાઈ જાય ને એમાં આ સાંભળવા મળતું નથી. ધૂળમાં ઘૂંચવાઈ જાય. આહા..હા..! અરે! પ્રભુ! અહીં તો કહે છે પ્રભુ! સાંભળને. તારું ચૈતન્યદળ જે છે આમ વસ્તુ... આહા..હા..! એમાં અનંતી શક્તિઓ છે. સંખ્યાએ અનંતી, એનું એકરૂપ તે દ્રવ્ય છે. આહા..હા..! એને જાણનારી દ્રવ્યાર્થિકનયે તે ધ્રુવ. આહા..હા..! ગજબ કરી છેને વાત અહીંયાં! આ તો પહેલાં આવી ગઈ છે એની વાત કરે છે. પહેલાં કહી ગયા છે એ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં. આહા..હા..!

**'એમ સમુદાયપાતનિકામાં કહેવામાં આવ્યું હતું. પછી ચાર ગાથા દ્વારા જીવના અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથાઓ દ્વારા 'શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે,...''** શું કહે છે? ભગવાન શુદ્ધ છે, પવિત્ર, આનંદકંદ છતાં એને રાગનો બંધ થાય છે એ અજ્ઞાનનું કારણ છે. એને સ્વરૂપનું ભાન નથી. એવું જે સ્વરૂપનું અજ્ઞાન એ બંધનું કારણ છે. આહા..હા..! એ ગાથા આવી ગઈ છે સર્વવિશુદ્ધમાં. શુદ્ધ પવિત્ર ભગવાન પૂર્ણાનંદ છે જે રાગને સ્પર્શ્યો પણ નથી, રાગને અડ્યો પણ નથી. આહા..હા..! એવું જે ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા એ... આહા..હા..! **'સામાન્ય વિવરણ કરવામાં આવ્યું.' 'શુદ્ધને પણ જે આ પ્રકૃતિ સાથે બંધ થાય છે,...'** એને આ બંધ થાય એ શું છે? એ તો અબંધસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે. ભગવાન આત્મા તો અબંધસ્વરૂપ ચૈતન્યઘન છે. એને આ બંધ શો રાગનો? કે એ અજ્ઞાનની મહિમા છે. એ વસ્તુનું જેને જ્ઞાન નથી એવા અજ્ઞાનની મહિમા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે આ શું? એ તો દયા પાળવી, સામાયિક કરવી, પોષા કરવા, પડિકમણા કરવા, રાતે ચોવિહાર, કંદમૂળ ન ખાવા એવી વાતું હતી ધર્મની. ધૂળે નથી ધર્મ સાંભળને. આહા..! એ રાગનો કાયક્લેશ છે. આહા..હા..! અંદરનો દુઃખનો ક્લેશ છે એ તો. એ ક્રિયામાં તો રાગ થાય અને રાગ તે ક્લેશ છે, દુઃખ છે. આહા..હા..! એ પર્યાયમાં છે ઈ. એ ક્લેશને ધ્રુવ તો કરતું નથી. પર્યાયે પર્યાયને કરી અને દુઃખને વેદી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે,...'** ભલે જડ સાથે. **'તે અજ્ઞાનનું માહાત્મ્ય છે.'** આ આવો ભગવાન પવિત્ર શુદ્ધ ચૈતન્ય એને આ કર્મનો સંબંધ ને બંધ શું? કહે છે. આહા..હા..! એ તો પવિત્રતાનો પિંડ પ્રભુ છે. અનંત શક્તિઓ બધી પવિત્ર છે અંદર. આહા..હા..! એને આ બંધ શો? એ પવિત્રનું એને જ્ઞાન નથી એ અજ્ઞાનની મહિમા બંધની છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો? બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..! દુનિયા તો ક્યાંયનું ક્યાંય માનીને બેઠી છે ક્યાંક. આહા..હા..! **'તે અજ્ઞાનનું માહાત્મ્ય છે—એવું અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું. ત્યારપછી ચાર ગાથા દ્વારા જીવનો અભોક્તૃત્વગુણ...'** ઓલું અકર્તૃત્વ હતું.

**'અભોક્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું. ત્યારપછી બે ગાથા કહેવામાં આવી, જેના દ્વારા પહેલાં બાર ગાથાઓમાં શુદ્ધનિશ્ચયથી કર્તૃત્વ-ભોક્તૃત્વના અભાવરૂપ તથા બંધ-મોક્ષના કારણ તથા પરિણામના અભાવરૂપ... '** આહા..હા..! **'બે ગાથા કહેવામાં આવી, જેના દ્વારા પહેલાં બાર ગાથાઓમાં શુદ્ધનિશ્ચયથી...'** શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે રાગ અને મોક્ષના માર્ગના **'કર્તૃત્વ-ભોક્તૃત્વના અભાવરૂપ તથા બંધ-મોક્ષના કારણ તથા પરિણામના અભાવરૂપ...'** આહા..હા..! **'જે વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું, તેનો જ ઉપસંહાર કરવામાં આવ્યો.'** લ્યો! તેનો ઉપસંહાર કર્યો છેલ્લે.

**'આ રીતે, સમયસારની શુદ્ધાત્માનુભૂતિલક્ષણ...'** શુદ્ધાત્માનુભૂતિ. એ ટીકાનું નામ જ આ છે તાત્પર્યવૃત્તિ. જયસેનાચાર્ય. અમૃતચંદ્રાચાર્યમાં આત્મખ્યાતિ છે. આહા..હા..! **'શુદ્ધાત્માનુભૂતિલક્ષણ 'તાત્પર્યવૃત્તિ''** એનું રહસ્ય આ હતું. આહા..હા..! **'નામની ટીકામાં મોક્ષાધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ.'** લ્યો! માથે કહ્યું હતું એનું વિશેષ કરીને પૂરું થયું. **'અથવા બીજી રીતે વ્યાખ્યાન કરતા, અહીં મોક્ષાધિકાર સમાપ્ત થયો. '** જયસેનાચાર્યની અપેક્ષાએ હોં!

**'વળી વિશેષ કહેવામાં આવે છે.' 'ઔપશમિકાદિ પાંચ ભાવોમાં કયા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.'** પાંચ ભાવ છે પાંચ. એક ત્રિકાળી પરિણામિકભાવ એ ધ્રુવ અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉદય એ ચાર પર્યાય છે. એમાં ત્રણ પર્યાય નિર્મળ છે અને એક મલિન છે. એ ચાર પર્યાય છે અને એક ધ્રુવ છે, એ પાંચ ભાવની વ્યાખ્યા અહીં કરશે. પાંચ ભાવમાં ક્યા ભાવે મોક્ષ થાય? એ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'ઔપશમિકાદિ પાંચ ભાવોમાં ક્યા ભાવથી મોક્ષ થાય છે...'** જુઓ, અહીં તો ઉદયભાવથી મોક્ષ થાય એમ ના પાડે છે અહીં તો. ઓલા કહે કે ઉદયભાવથી મુક્તિ સમકિત થાય. અત્યારે આમાં આવ્યું જૈનદર્શનમાં અને કરુણાદીપમાં પણ ખૂબ આવ્યું છે. આહા..હા..!

**'પાંચ ભાવોમાં ક્યા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે. ત્યાં ઔપશિમકભાવ,...'** ઔપશમિક. જેમ પાણીમાં મેલ હોય અને મેલ ઠરે. રહે એમાં મેલ, ઠરે અને નિર્મળ થાય એમ કર્મનો ઉદય ઠરે અંદર અને ઉપશમભાવ નિર્મળ થાય એને ઉપશમભાવ કહે છે. ઉદય ઠરે અને ઉપશમ થાય, નિર્મળ પાણી થાય અંદર રહે ખરો મેલ, પણ ઠરે અને ઉપરામ થાય એને ઉપશમ કહે છે. આહા..હા..! **'ક્ષાયોપશમિક,...'** ઉદય છે એનો ક્ષય થાય અને અણુદય જે છે તેને ઉપશમરૂપે રહે અંદર, સત્તારૂપે રહે એવું ક્ષયોપશમ. **'ક્ષાયિક...'** મૂળમાંથી રાગનો ક્ષય થઈ જાય. જ્ઞાનાવરણીયનો ક્ષય થાય, દર્શનાવરણીયનો ક્ષય થાય એ ક્ષાયિક. **'તથા ઔદયિક...'** પુણ્ય-પાપનો ભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ,

કામ, ક્રોધ એ ઉદયભાવ છે. ઉદય કેમ? કે એના વસ્તુના ગુણમાં અને દ્રવ્યમાં નથી, પણ નિમિત્ત આધીન થઈને વિકાર ઉત્પન્ન થાય છે તેથી ઉદય કહે છે. એને એ પરિણામિકભાવ કહ્યો છે. પરિણામિકભાવ ત્રિકાળ છેને. એની પર્યાય છેને એમ, પણ નિમિત્તને લક્ષે તેને ઉદય કહ્યો. આહા..હા..! કેટલું કલાકમાં શીખવું એને? ઓઘે-ઓઘે બિચારા કામ પડ્યા હોય, થઈ રહ્યું. બે ઘડી સાંભળવા જાય અપાસરે કે દેરાસર. એમાં કાંઈ ઠેકાણા વિનાની વાતું હોય અને ધર્મ કર્યો, સામાયિક કરી બે ઘડી. સામાયિક થઈ ગઈ, અપવાસ કર્યો ચોવિહારો અને આહાર-પાણી ન લીધા ચોવીસ કલાક. પ્રૌષધ કર્યો. ધૂળેય નથી સાંભળને. આહા..હા..!

એ ઉપશમ ને ક્ષયોપશમ ને ક્ષાયિકભાવ એ નિર્મળભાવ છે, એ મોક્ષનો માર્ગ છે એમ કહેવું છે અહીં. આહા..હા..! છે? **'ઔદયિક...'** અને ઉદયભાવ એટલે રાગ છે. **'એ ચાર ભાવો પર્યાયરૂપ છે...'** એ ચાર ભાવ અવસ્થા-પર્યાય દશા છે. ક્ષાયિક પણ કેવળજ્ઞાન પણ એક પર્યાય છે, કેવળજ્ઞાન ગુણ નથી. ત્રણકાળ, ત્રણલોકને જાણે એક સમયમાં એવી કેવળજ્ઞાન પણ પર્યાય છે, ક્ષાયિકની પર્યાય છે, એ દ્રવ્ય-ગુણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચાર પર્યાયો છે. **'શુદ્ધપારિણામક (ભાવ), દ્રવ્યરૂપ છે.'** આવ્યું હતુંને પહેલું ઓલું સર્વવિશુદ્ધ ત્રિકાળી. ત્રિકાળી પરમભાવ તે પારિણામિકભાવ તે દ્રવ્યરૂપ છે, તે વસ્તુરૂપ છે. આહા..હા..! અંદર આત્મામાં દ્રવ્ય અને પર્યાય બે જોડકાં છે. ચોખ્ખું નાખ્યું છેને ભાઈએ? એમાં ચાર પર્યાયરૂપ છે, ચાર પર્યાયમાં ત્રણ નિર્મળરૂપ છે અને એક મલિનરૂપ છે. આહા..હા..!

**'તે પરસ્પર સાપેક્ષ, એવું દ્રવ્યપર્યાયદ્વય...'** દ્રવ્ય અને પર્યાય, પર્યાય અને દ્રવ્ય **'એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું) તે આત્મા-પદાર્થ છે.'** આખો પ્રમાણનો વિષય તે આત્મા. જે દ્રવ્ય છે એ ત્રિકાળી, એ પરિણામિક સ્વભાવ ધ્રુવ અને આ ચાર પર્યાયોમાં ત્રણ નિર્મળ અને એક મલિન, એ બધું ભેગું થઈને આખો આત્મા છે, પ્રમાણનો આત્મા. નિશ્ચયનયનો આત્મા તો ધ્રુવ. આહા..હા..! હવે આવું! પ્રમાણનો આત્મા અને નિશ્ચયનો આત્મા. વળી આત્મા.. નિશ્ચય છે એ તો ત્રિકાળી વસ્તુને સ્વીકારે છે અને વર્તમાન પર્યાય છે એ વ્યવહારનય એને સ્વીકારે છે. એટલે કે નિશ્ચયનું જે જ્ઞાન કર્યું એની સાથે પર્યાયનું જ્ઞાન ભેળવે ત્યારે પ્રમાણજ્ઞાન કહેવામાં આવે, પણ ઓલા નિશ્ચયને રાખીને. એને ઉડાડીને વ્યવહારને ભેળવે તો એ પ્રમાણજ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે એની અંદર વ્યાખ્યા પારિણામિકની લેશે વિશેષ. વિશેષ કહેવાશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૮, શુક્રવાર, તા. ૦૮-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૦, પ્રવચન નં. ૩૮૫ C

આ સમયસાર, ૩૨૦ ગાથા, જયસેનાચાર્યની ટીકા. અહીંયાં સુધી આવ્યું છે આપણે. આત્મા પદાર્થ છેને? ફરીને એમાંથી. (કહેવું) તો ઈ છે કે અમૃતચંદ્રાચાર્યની ગાથામાં **'दिट्ठी जहेव णाणं'** એમ શબ્દ આવ્યો છે, અમૃતચંદ્રાચાર્ય. **'दिट्ठी जहेव णाणं'** જેમ. એમ શબ્દ આવ્યો છે. આમાં **'दिट्ठी सयं पि णाणं'** છતાં 'જેવી રીતે' એ તો આમાં પણ આવ્યું છે. પછી ત્રણ પ્રકાર પાડ્યા હતાને કે આત્મા જ્ઞાન છે એ પણ કરતું અને વેદતું નથી રાગને અને દ્વેષને કે વ્યવહારને. આહા..હા..! અને શુદ્ધજીવપરિણત પણ રાગ-દ્વેષને કરતો નથી અને ક્ષાયિકજ્ઞાની પણ રાગ-દ્વેષને કરતાં નથી. આમ એની સાથે મેળવ્યું છે ત્રણ સાથે. તો આ વાંધા અત્યારે આ. અને અહીંયાં એ કહે છે જુઓ, વિશેષ કે ખાસ કહેવામાં આવે છે. છેને? **'ઔપશમિકાદિ પાંચ ભાવોમાં ક્યા ભાવથી મોક્ષ થાય છે,...'** પાંચ ભાવ છે એમાં ક્યા ભાવથી આત્માને પૂર્ણ આનંદની દશા પ્રાપ્ત થાય છે **'તે વિચારવામાં આવે છે.'** **'ત્યાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક તથા ઔદયિક—એ ચાર ભાવ પર્યાયરૂપ છે...'** એમાં અહીં ત્રણ ભાવને મોક્ષના કારણ કહેશે. ઉદયને મોક્ષનું કારણ નહિ કહે. હવે એ અત્યારના વાંધા છેને? કે વ્યવહારક્રિયાઓ આ કરે છે એનાથી નિશ્ચય થશે. અહીં કહે છે કે એ ત્રણ ભાવથી થાય, ઉદયભાવથી થાય નહિ. આહા..! આ વાંધા.

એ ત્રણ ભાવ છેને? **'ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક...'** એ ત્રણ છે એ નીચે છે જુઓ, નીચલા પેરેગ્રાફમાં. એ **'ત્રણ ભાવ તે સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે...'** નીચે છે. તદ્દન નીચે લીટી. પહેલાં પેરેગ્રાફમાં છેલ્લેથી. **'ઔપશમિકાદિ ત્રણ ભાવો...'** છે? **'ત્રણ ભાવો તે સમસ્ત રાગાદિથી રહિત...'** છે. વ્યવહારનો રાગ છે એનાથી રહિત ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ છે. આહા..હા..! આ વાત હજી તો એને શ્રદ્ધામાં બેસતી નથી. એ નહિ. ઉદય રાગ છે વ્યવહાર એ કરતાં-કરતાં નિશ્ચય થાય. નહિતર તમારું એકાંત છે એમ કહે છે. આહા..હા..! ગમે તે કહો, બાપુ! એ સ્વતંત્ર છે. હિતનો પંથ તો આ છે. અરે! અનંતકાળથી રઝળે છે ચોર્યાસી લાખના અવતારમાં. ત્યાં એકલો દુઃખી અને એકલો સુખી. કોઈ સાથે છે નહિ સંગ. આહા..હા..! એકેન્દ્રિયમાં જાય તો એકલો દુઃખી, સ્વર્ગમાં જાય તોપણ એકલો શુભભાવથી પુણ્યના ફળથી સુખી કલ્પના, પણ એમાં કોઈની મદદ છે નહિ કાંઈ. આહા..હા..! અને મોક્ષમાર્ગમાં પણ એકલો આત્માના દર્શન, જ્ઞાન અને ચારિત્રથી પરિણત સુખી છે, એમાં કોઈનો સંગ અને કોઈની અપેક્ષા છે નહિ.

આહા..હા..!

અહીં કહે છે કે '**તે ચાર ભાવ પર્યાયરૂપ છે અને શુદ્ધપારિણામિક (ભાવ), દ્રવ્યરૂપ છે.**' 'શુદ્ધ' શબ્દ ઉપર અહીંયાં વધારે વજન છે. '**તે પરસ્પર સાપેક્ષ, એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું) તે આત્મા-પદાર્થ છે.**' આત્મા છે. બે થઈને આત્મા. ચાર પર્યાય અને એક દ્રવ્ય પરિણામિકભાવ. શુદ્ધપરિણામકભાવ હોં! પરિણામિક તો પછી કહેશે. ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય વસ્તુ અને ચાર પર્યાય, બે થઈને આખો આત્મા કહેવામાં આવે છે. અહીં સુધી આવ્યું છે. આવ્યું હતુંને?

'**ત્યાં પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ-એ ત્રણ પ્રકારના પારિણામિકભાવોમાં,...**' એ ત્રણ પ્રકારના શુદ્ધપારિણામિક શબ્દ નથી વાપર્યો. '**જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ---એ ત્રણ પ્રકારના પારિણામિકભાવોમાં,...**' ત્રણેય પારિણામિકભાવ છે. '**શુદ્ધજીવત્વ - એવું જે શક્તિલક્ષણ...**' ત્રણમાં જો શુદ્ધજીવત્વ જે શક્તિ ત્રિકાળ છે. જીવમાં, ભવ્યમાં અને અભવ્યમાં ત્રણેમાં ત્રિકાળી શક્તિ જે શુદ્ધ છે ધ્રુવ. આહા..હા..! એ '**શક્તિલક્ષણ પારણામિકપણું, તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી...**' આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! ત્રિકાળી જે ચાર પર્યાય વિનાની ચીજ, ત્રિકાળી વસ્તુ, જે સમ્યગ્દર્શનનો વિષય, ધ્યેય. આહા..હા..! ધર્મનો ધ્યેય એવી જે ત્રિકાળી ચીજ એ શુદ્ધપારિણામિકભાવ એ '**શક્તિલક્ષણ પારિણામિકપણું, તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી...**' એ તો ત્રિકાળ ભવ્ય હો કે અભવ્ય હો કે જીવ, એમાં શક્તિરૂપ જીવસ્વરૂપ છે એ તો ત્રિકાળી '**શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ...**' છે. વસ્તુ છે એ તો ત્રિકાળ નિરાવરણ છે. આવી વાત હવે. જેને આ ચાર પર્યાય પણ જેમાં નથી, આવરણ તો શેના હોય એને? આહા..હા..! એવો જે ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ ચૈતન્યના પ્રવાહરૂપે ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ધ્રુવ એવું જે જીવપણું એટલે એની શક્તિલક્ષણ શુદ્ધ જીવત્વ. એમ. પહેલાંમાં જીવત્વ, સાધારણ ભાષા હતી, ભવ્ય-અભવ્ય. એમાં શુદ્ધજીવત્વ હવે, ત્રિકાળી. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે!

'**શુદ્ધજીવત્વ - એવું જે શક્તિલક્ષણ...**' શક્તિ જેની શુદ્ધ પવિત્ર છે. હવે આ ના પાડે છે લ્યો! આહા..હા..! પર્યાયમાં અશુદ્ધતા હોય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે એમ કહે છે. આ વાત નહોતીને એટલે બહાર આવી એટલે એકદમ ધડાકો લાગ્યો. ઊહાપોહ થયો. હાય.. હાય.. આ તો બધું ઉડાવી દે છે. આ મારા ક્રિયાકાંડિયા અત્યારે કરે છે. એ સાધુને વ્યવહારક્રિયાકાંડમાં સરખા નથી માનતા. ભાઈ! તને ખબર નથી, બાપુ! આ તો હિતની વાત છે. આહા..હા..! જન્મ-મરણરહિત ચોર્યાસીના અવતાર રહિત થવાનું એવું જે શુદ્ધજીવત્વ લક્ષણ સ્વરૂપ ત્રિકાળ. આહા..હા..! જેમાં દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય. આહા..હા..! એ કહેશેને આગળ. '**સહજ શુદ્ધપારિણામિક લક્ષણ નિજ પરમાત્મદ્રવ્યના...**' સમ્યક્શ્રદ્ધાન

પછી કહેશે.

અહીં કહે છે કે '**શુદ્ધજીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું, તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત...**' ત્રિકાળ હોં ત્રિકાળ. આહા..હા..! '**હોવાથી નિરાવરણ...**' છે. વસ્તુનું સ્વરૂપ જે છે શક્તિરૂપ, સત્ સત્ તેનું સત્ત્વ જે છે કસ, એ તો ત્રિકાળ નિરાવરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયમાં ઉદય ને ઉપશમ ને ક્ષયોપશમ, ક્ષાયિક એવા પર્યાયમાં ભાવ છે. વસ્તુસ્વરૂપ જે ત્રિકાળ છે એમાં તો ચાર પર્યાયો નથી, તેમ એને આવરણ નથી. આવો માર્ગ છે. કહો, રસિકભાઈ! આ બધા વાંધા ઉઠાવે તમારા બધા પંડિતો. આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. અંદર ભગવાન '**आनंदो ब्रह्मणो रूपं**'. પરમબ્રહ્મ ભગવાન આત્મા એનું તો અતીન્દ્રિય આનંદરૂપ સ્વરૂપ છે. આહા..હા..! એની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. આહા..હા..! આ તો ધર્મની શરૂઆત આ છે હજી તો. આહા..હા..! હવે એની કાંઈ ખબર નથી. પર્યાયમાં રાગ કરીએ, કષાય મંદની ક્રિયા વ્રત ને નિયમ ને તપ એ સાધન છે, એનાથી સાધ્ય થશે. આહા..હા..!

અહીં કહે છે, નિરાવરણ ત્રિકાળ વસ્તુ જે છે ઉત્પાદ-વ્યયના ચાર પર્યાય વિનાની. આ ચાર પર્યાય કીધી ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક-ઉદય એ ઉત્પાદ-વ્યયવાળી છે. એમાં ઉદયભાવ છે તે મલિન ઉત્પાદ-વ્યયવાળી, ઉપશમ-ક્ષયોપશમ છે એ નિર્મળ ઉત્પાદ-વ્યયવાળી. સમજાણું કાંઈ? આહા..હા..! અને આ છે તે મલિન અને નિર્મળપર્યાયરહિત ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ભગવાન '**आनंदो ब्रह्मणो रूपं**'. આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ જેનું રૂપ છે, અતીન્દ્રિય આનંદ જેનું સ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદ જેનો ત્રિકાળી અવિનાશી સ્વભાવ છે. આહા..હા..! અરે! ક્યાં એને ખ્યાલ પણ છે. એવું જે સ્વરૂપ એ ત્રિકાળ નિરાવરણ છે.

એને '**શુદ્ધપારિણામિકભાવ...**' ઓલો ત્રણ પ્રકારના પારિણામિક લીધો હતો તો એ શુદ્ધ નહિ. ભેદવાળા ત્રણ લીધાને? અને આ '**શુદ્ધપારિણામિકભાવ...**' આહા..હા..! ભાષા બધી અજાણી જાણે. ત્રિકાળ વસ્તુ જે વર્તમાન મોક્ષનો માર્ગ જે ત્રણ પર્યાયરૂપ—ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક અને બંધનું કારણ એવો ઉદયભાવ-મલિનભાવ એ ચાર પર્યાયથી રહિત ત્રિકાળી શુદ્ધ જીવત્વલક્ષણ એવું શુદ્ધપારિણામિકભાવ. આહા..હા..! છે? આહા..! '**શુદ્ધપારિણામિકભાવ-એવી સંજ્ઞાવાળું જાણવું;...**' જેને શુદ્ધપારિણામિક શુદ્ધસહજસ્વભાવ, જેમાં કાંઈ કરવું નથી, છોડવું નથી. આહા..હા..! જેમાં મોક્ષની પર્યાય પણ થઈ નથી, કરવી નથી અને જેમાં રાગને કરવો નથી, રાગને છોડવો પણ નથી. આહા..હા..! અરેરે..! આવી વાત એને કાને ન પડે એ બિચારા શું કરે અંદર? આહા..હા..! ચોર્યાસીના અવતાર કરી-કરીને મરી ગયો છે, ભાઈ! આહા..હા..! એક તો બહારમાં રોકાતા નવરાશ મળતી નથી. બાયડી, છોકરા, ધંધો. બાયડી-છોકરા ન હોય તો કોકની છોડ્યું ને છોકરા લઈને પણ ઉપાધિ વ્હોરે. આહા..હા..! અને એમાં રોકાય પણ આ શું ચીજ છે? હું કોણ છું? ક્યાં છું? આહા..હા..!

અને તે પણ મારી વર્તમાન દશાથી રહિત ચીજ શું છે આ? પરથી રહિત તો ઠીક. સ્ત્રી, કુટુંબ, પરિવાર, કર્મ, શરીર, ધંધા-પાણી એનાથી તો રહિત છે. એ તો છે, પણ પર્યાયથી રહિત શું ચીજ છે આ? આહા..હા..! એવી કદી દૃષ્ટિ કરી નથી. બાકી બધા જાણપણા કર્યા, વાંચ્યો, ભણ્યો અને એને એમ થઈ ગયું કે 'હું કાંઈક ભણ્યો છું અને સમજ્યો છું.' એમ કરીને બફમ જિંદગી કાઢી નાખી આખી. આહા..હા..!

અહીંયાં કહે છે, '**શુદ્ધપારિણામિકભાવ...**' જોયું! ભાવ. ત્રિકાળ પણ ભાવ. પર્યાયને પણ ભાવ કહેવાય, રાગને પણ ભાવ કહેવાય, દ્રવ્યને પણ ભાવ કહેવાય અને આ ત્રિકાળી સ્વભાવભાવને પણ ભાવ કહેવાય. આહા..હા..! '**શુદ્ધપારિણામિકભાવ એવી સંજ્ઞાવાળા...**' એવા નામવાળો જાણવો. '**તે તો બંધમોક્ષપર્યાયપરિણતિરહિત છે...**' આહા..હા..! ભગવાન આત્મા જે ત્રિકાળી ધ્રુવ અસ્તિ છે... છે... છે... છે... છે... છે... છે... છે... એવો જે પ્રવાહ. ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એવો જે અનાદિ-અનંત પ્રવાહ એ '**બંધમોક્ષપર્યાયપરિણતિરહિત છે...**' એ રાગાદિના ભાવથી પણ રહિત છે અને મોક્ષના માર્ગ અને મોક્ષની પર્યાય પરિણતિથી રહિત છે. આહા..હા..! એમાં તો મોક્ષની પર્યાય પણ નથી. આહા..હા..! પરવસ્તુ નથી, રાગ નથી, મલિન પર્યાય એમાં નથી, આ મોક્ષની પર્યાય પણ એમાં નથી. આહા..હા..! આવી ચીજનો જ્યાં સુધી દૃષ્ટિમાં સ્વીકાર ન આવે... આહા..હા..! ત્યાં સુધી એને આત્માના આનંદનો સ્વાદ ન આવે, ત્યાં સુધી બધા થોથે-થોથા છે. આહા..હા..! જન્મ-મરણના અંતનો ઉપાય તો આ એક છે. દુનિયા પછી માને ન માને ગમે તે કરો. સત્ય તો આ છે.

'**તે તો બંધમોક્ષપર્યાય...**' કહો, એની પરિણતિ-અવસ્થાથી રહિત છે. આહા..હા..! કોણ? આ ત્રણમાં જે શુદ્ધજીવત્વલક્ષણવાળું પરિણામિકપણું તે '**શુદ્ધપારિણામિકભાવ એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધમોક્ષપર્યાયપરિણતિરહિત છે...**' આહા..હા..! આવો ઉપદેશ હવે. શું આમાં? હજી તો 'શરીરહતિ છું' એવું એને હજી કબુલવું કઠણ પડે. શરીરની ક્રિયા એને કાળે શરીરની થાય, એના ક્રમમાં આવવાની પર્યાય પરિણમે એમાં મારો કોઈ અધિકાર છે નહિ. આહા..હા..! એ ધ્યાન રાખું તો વ્યવસ્થિત રહે અને ન રહે તો બગડી જાય એવો કોઈ અધિકાર શરીરમાં નથી. આહા..હા..! કારણ કે એ તો પરવસ્તુ છે. એ તો પર છે એનાથી જુદું પાડવું, પણ અહીં તો રાગથી જુદું પાડવું, પણ જેને ધ્યેય બનાવવું છે એવા દ્રવ્ય માટે તો પર્યાયથી પણ જુદું પાડવું એને. આહા..હા..! આવો માર્ગ!

આ કોણ આ તો આચાર્યનું લખાણ છે. અને કહેશે ભાઈ આગળ છેલ્લે. બેય છેલ્લે કહેશેને આગળ? છેલ્લો બોલ. તદ્દન છેલ્લો. '**આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ...**' છેલ્લો બોલ. '**એવા આગમ-અધ્યાત્મના...**' નયદ્વયના '**અભિપ્રાયના અવિરોધપૂર્વક કહેવામાં આવ્યું છે.**' આહા..હા..! નિશ્ચયનય, વ્યવહારનય, આગમ અને અધ્યાત્મ બેયથી '**અવિરોધપૂર્વક**

**કહેવામાં આવ્યું છે, માટે યથાર્થ છે, સિદ્ધ છે,...'** આ રીતે આ વાત બરાબર સિદ્ધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આચાર્ય પોતે કહે છે કે આ અવિરોધપૂર્વક મારું કથન છે. વ્યવહારથી ધર્મ થાય અને વ્યવહારથી સમકિત થાય એવું કથન આમાં નથી. આહા..હા..! બાપુ! અપૂર્વ વાત તો અનંત કાળે નથી કરી. એ ચીજ કોઈ સાધારણથી મળે એવું નથી. આહા..હા..! આચાર્ય પોતે જયસેનાચાર્ય (કહે છે), **'હું આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવા આગમ અધ્યાત્મ...' 'બંને નયોના અભિપ્રાયના અવિરોધપૂર્વક કહેવામાં આવ્યું છે.'** એવું કહેવામાં આવ્યું હોવાથી નિર્બાધ છે. વિરોધ નથી, જેમાં બાધા નથી, જેમાં કોઈ યુક્તિથી ખંડન થાય એવી એ ચીજ નથી. આહા..હા..! **'એમ વિવિકીઓએ જાણવું જોઈએ.'** છે? એમ ધર્માત્મા વિવેકી એણે આમ જાણવું. આહા..હા..!

**'તે તો બંધમોક્ષપર્યાયપરિણતિરહિત છે, પરંતુ...'** પહેલું કહ્યું હતુને ઓલું જીવત્વ? એ જીવત્વમાં દસ પ્રાણરૂપ જીવત્વ. જીવત્વ શબ્દ આવ્યો હતોને ત્રણ? એમાં જીવત્વમાં **'દસ-પ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વય, તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી...'** આહા..હા..! એ ત્રણે તો અવસ્થાની દૃષ્ટિએ, પર્યાયદૃષ્ટિએ, વ્યવહારનયની દૃષ્ટિએ ત્રણ કહેવામાં આવ્યા હતા. આહા..હા..! દસ પ્રાણે આત્મા જીવે, અશુદ્ધભાવ પ્રાણે એ પણ વ્યવહાર અશુદ્ધ પર્યાયનયનું કથન છે. જડથી તો જુદી વાત છે. આ જડથી જીવતર નથી, પણ એના અશુદ્ધ પ્રાણ—પાંચ ઇન્દ્રિય. ભાવ હોં! મન, વચન, કાયા, આયુષ્ય અને શ્વાસ—એવા દસ પ્રાણ અશુદ્ધ, એનાથી જીવે એ અશુદ્ધપારિણામિકભાવથી કહેવામાં આવ્યું છે. આહા..હા..! અને ભવ્યત્વ-અભવ્યત્વ એ પર્યાયનયના આશ્રિત હોવાથી. ભવ્યત્વ-અભવ્યત્વ ત્રિકાળી સ્વભાવમાં નથી. પર્યાયને આશ્રિત વાત એમ કહે છે. અભવિ પણ પર્યાયને આશ્રયે, ભવિ પણ પર્યાયને આશ્રયે. આહા..હા..! ત્રિકાળી જે વસ્તુ છે ભવ્ય-અભવ્યમાં જે વસ્તુ એ તો ત્રિકાળી ધ્રુવ શક્તિ, પરમશુદ્ધ સ્વભાવભાવથી ભરેલી છે. આહા..હા..! આ વ્યવહારવાળાને વાંધા ઊઠે. આને હજી દસ પ્રાણવાળો જીવ. ભાવ હોં! **'જીવત્વ અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વય, તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી...'** ભેદ પડ્યા એ અવસ્થાને નયાશ્રિત છે. **'અશુદ્ધપારિણામિકભાવ સંજ્ઞાવાળા છે.'** જોયું! ઓલું શુદ્ધપારિણામિકભાવ ત્રિકાળ છે એ અને આ ત્રણ ભેદો છે—દસ પ્રાણ, ભાવપ્રાણ, ભવ્યત્વ—અભવ્યત્વ. એ અશુદ્ધ પારિણામિકભાવ સંજ્ઞાવાળા છે. આહા..હા..! વાત જ જુદી જાતની આમાં. એકલું માખણ. તત્ત્વને દોહીને માખણ મૂક્યું છે. આહા..હા..!

**'પ્રશ્ન - અશુદ્ધ કેમ?'** ભવિ, અભવિ પર્યાયાનયાશ્રિત અને દસ ભાવપ્રાણ **'અશુદ્ધ કેમ? ઉત્તર - સંસારીઓને શુદ્ધનયથી...'** સંસારીઓને શુદ્ધનયથી એ છે નહિ. અશુદ્ધ ભાવપ્રાણ અને ભવ્ય, અભવ્યપણું એ સંસારીને શુદ્ધનયથી છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો ભવ્ય-અભવ્ય તો પર્યાયનયથી કહ્યું હતું. વસ્તુ તો જે ત્રિકાળ છે એ શુદ્ધનયથી

સંસારીને પણ દસ અશુદ્ધ ભાવપ્રાણ અને ભવિ-અભવિ પર્યાયનયાશ્રિત છે એ ત્રિકાળમાં નથી. આવી વાતું! હજી જેને વ્યવહારની ખબરું ન મળે, અભ્યાસ ન મળે. આહા..હા..! વ્યવહારશાસ્ત્રનો હજી અભ્યાસ નથી. વ્યવહાર એટલે આ શું કહે છે એ. આહા..હા..! એને અહીં લઈ જવા. દોરીને ન્યાં લઈ જવા. આહા..હા..! '**અશુદ્ધપારિણામિકભાવ સંજ્ઞાવાળા છે. પ્રશ્ન - અશુદ્ધ કેમ? ઉત્તર - સંસારીઓને શુદ્ધનયથી...**' અશુદ્ધભાવપ્રાણ અને ભવ્યપણું અને અભવ્યપણું ત્રિકાળીમાં એ છે જ નહિ. એ તો પર્યાયનયે ત્રણ ભેદ પાડવામાં આવ્યા છે. આહા..હા..! '**અને સિદ્ધોને તો સર્વથા જ દસ પ્રાણરૂપ...**' નથી લ્યો! ભાવ દસ પ્રાણ જે અશુદ્ધ છે, સિદ્ધને તો સર્વથા જ નથી. આહા..હા..! એને પર્યાયમાં પણ નથી, આને તો પર્યાયમાં છે, પણ વસ્તુમાં નથી. આહા..હા..! '**ભવ્યત્વ-અભવ્યત્વદ્વયનો અભાવ હોવાથી.**' એ સિદ્ધમાં પણ ભવ્ય-અભવ્યનો અભાવ. આહા..હા..! સિદ્ધ છે તે ભવિ નથી અને અભવિ નથી, એમ કહે છે. એ તો પર્યાયની વાત છે. ભવ્યત્વ એટલે મોક્ષ હોવાને લાયક. એ મોક્ષ તો થઈ ગયો. અભવિને મોક્ષ છે નહિ. આહા..હા..! સંસારના પ્રાણીને દરેક પ્રાણી જે છે એને શુદ્ધનયથી જોઈએ તો તે પાંચ ઇન્દ્રિયો, ભાવ ઇન્દ્રિયો હોં ભાવ, જડ નહિ. મન, વચન અને કાયાની યોગ્યતાવાળી કંપન્ન દશા અને આયુષ્ય રહેવાને યોગ્યતા શરીરમાં પોતાને કારણે હોં! અને શ્વાસોશ્વાસની ક્રિયા પોતાને કારણે, એ બધી સંસારી જીવોને પણ શુદ્ધનયથી તો એનામાં છે જ નહિ. આહા..હા..!

'**સિદ્ધોને તો સર્વથા જ દસ પ્રાણરૂપ જીવત્વ...** ' નથી. '**તથા ભવ્યત્વ-અભવ્યત્વદ્વયનો અભાવ હોવાથી.**' '**એ ત્રણમાં,...**' ક્યા ત્રણ? દસ પ્રાણરૂપ જીવત્વ. દસ પ્રાણ એટલે ભાવપ્રાણ અશુદ્ધ, જડ નહિ. આ જડ પાંચ ઇન્દ્રિય છે એ તો જડ અજીવ છે, એની વાત નહિ. જીવમાં જે પાંચ ઇન્દ્રિયની યોગ્યતા મન, વચન, કાયાની યોગ્યતા એને અહીં અશુદ્ધભાવપ્રાણ કહ્યા છે. '**એ ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોનો ઘાતક...**' જીવગુણની પર્યાય મૂળ તો. એનો '**દેશઘાતી...**' સમકિત મોહનીય આદિ દેશઘાતી, મિથ્યાત્વાદિ '**સર્વઘાતિ - એવા નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયથી ઢાંકે છે,...**' આ ભાવઘાતિ હોં! દ્રવ્યઘાતિ તો જડ એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! ભવ્યત્વ અને અભવ્યત્વ એમાં '**ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ...**' સમકિત, જ્ઞાન, ચારિત્રની જીવની નિર્મળ પર્યાયની ઘાતક. જ્ઞાનાવરણીય આદિ '**દેશઘાતી**' ભાવઘાતી હોં અંદર ભાવ દેશઘાતી અને '**સર્વઘાતી**' ભાવ '**એવા નામવાળા મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે.**' એ પર્યાયનયે એમાં ઢાંકન દેખાય છે, વસ્તુમાં તો છે નહિ. આહા..હા..! આ બધું શીખવું ક્યારે? કાંતિભાઈ! મેં હમણાં પૂછ્યું હતું વિપુલને. તમે બધા આવ્યા તો દુકાને કોણ કરતું હશે? નહિ? એક માણસ છે એ કામ કરે. હમણાં પૂછ્યું હતું ત્યાં હોં! ભાઈ એક ધ્યાન રાખનારો હોય

ત્યારે આવેને. એ તો બાપ-દીકરો.. બેય દીકરાને પૂછ્યું બધા તો અહીં આવ્યા છે. ત્યાં દુકાને કોણ હશે? કીધું. માણસ રાખ્યો છે. એ તો ચાલવાનું હોય ત્યારે ચાલે. માણસથી પણ ન ચાલે અને કાંતિભાઈથી પણ ન ચાલે. આહા..હા..! આવી વાત ગળે ઉતરવી. જૈનદર્શનનું રહસ્ય છે આ તો. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર. આહા..હા..! એમણે આ તારવીને જગતને માખણ આપ્યું છે. આહા..!

ભાઈ! કહે છે કે જે એ ભવ્યજીવ છે પારિણામિક. પારિણામિક હોં, શુદ્ધપારિણામિક નહિ. **'ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો...'** એમ. પર્યાયથી પારિણામિક કહ્યા. સમકિત આદિ સમકિત, જ્ઞાન, ચારિત્ર, આનંદ આદિ ગુણોની ઘાતક, દેશઘાતિ પોતાની પર્યાયમાં, સર્વઘાતી વિશેષ એવા નામવાળું મોહાદિ કર્મસામાન્ય પર્યાયાર્થિકનયે રોકે છે એમ જાણવું. દ્રવ્યાર્થિકનયમાં તો રોકવું એ કાંઈ છે નહિ. આહા..હા..! ભગવાન તો ત્રિકાળ આનંદનો નાથ પ્રભુ, **'आनंदो ब्रह्मणो रूपं निजदेह व्यवस्थितं'**. નિજદેહમાં ભગવાન બિરાજે છે. આહા..હા..! ધ્યાન .. ધ્યાન વિનાના માણસો જોઈ શકતા નથી. નજર કરતા નથી ત્યાં જોતા નથી. જન્માંધને જેમ સૂર્ય દેખાતો નથી. સૂર્યની વિદ્યમાનતા છે, હયાતી છે. એક ફેરી એક ઘુવડને પૂછ્યું ઘુવડને, કે એલા સૂર્ય કાંઈ છે કે નહિ? ભાઈ! આપણે નજરે તો કોઈ દિ' જોયો નથી, પણ એક ફેરી હું બહાર નીકળ્યો ત્યારે ઊનું-ઊનું કાંઈક લાગતું હતું, પાંખું ઊની-ઊની લાગતી હતી. એ સૂર્ય એમ. હોય તો હોય. ઊનું-ઊનું કાંઈક લાગતું હતું, લ્યો ઠીક! આહા..! એને આંખ નથી. આહા..હા..! સૂર્યથી ઉજળો છે એની ખબર નથી. ઊનું-ઊનું કાંઈક લાગતું હતું. આહા..હા..! એમ ચૈતન્યસૂર્ય ભાસ્કર અંદર બિરાજે છે ભગવાન. આહા..હા..! પણ તેના તરફના લક્ષ અને ધ્યાન વિના તેને તે દેખાતો નથી. આહા..હા..! જાતિઅંધને સૂર્ય દેખાય નહિ એમ જન્મના આંધળા રાગ અને પર્યાયની રુચિમાં પડ્યા આહા..હા..! એને અરાગી અને આનંદસ્વરૂપ એની નજરમાં આવતું નથી. એ અહીં કહે છે.

**'પર્યાયાર્થિકનયે ઢાંકે છે, એમ જાણવું. ત્યાં જ્યારે કાળાદિ લબ્ધિના વશે,...'** જુઓ, એ કાળ નથી લીધો એકલો. કાળલબ્ધિ, પુરુષાર્થ, સ્વભાવ... સમજાય છે કાંઈ? આહા..હા..! પાંચેય સમવાય સાથે હોય છે. એ સ્વભાવ તરફનો પુરુષાર્થ, સ્વભાવનું ભાન, તે સમયે થવાનો કાળ, તે સમયની ભવિતવ્યતા અને તે જ સમયે નિમિત્તનો અભાવ. એવા કાળાદિ પાંચ લબ્ધિની પ્રાપ્તિને કાળે. આહા..હા..! ઓલામાં આવ્યું હતુંને કળશટીકામાં, યત્નથી સાધ્ય નથી. અહીં તો કીધું કે પાંચેય સમવાય સાથે છે અને ઘણે ઠેકાણે તો પ્રયત્નથી સિદ્ધ થાય છે આત્માનું ભાન (એમ આવે છે). આહા..હા..! અહીં કહે છે કે પ્રભુ આત્મા આનંદ અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ જેના આનંદમાં આનંદ ભર્યો છે એવો આનંદ ક્યાંય ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય બીજે નથી. આહા..હા..! ઈન્દ્રના ઈન્દ્રાસનો, ૩૨ લાખ વિમાનનો લાડો-સાહેબો, હજારો ઈન્દ્રાણીના ભોગ, ઝેર જેવા રાગના ભોગ. આહા..હા..! એ આત્માનો

આનંદ છે એ ક્યાંય નથી કહે છે. મૂઢ જીવ પોતાનામાં આનંદ છે એને ન માનતા, ક્યાંકથી મને મજા પડશે-મજા પડશે, મારા કોઈ વખાણ કરે તો મજા પડે, મોટો કહે તો મજા પડે. જાણપણાવાળો લાગે હુશિયાર એમ કહે તો મજા પડે. આહા..હા..! આ પૈસાવાળો છે તો મજા પડે, આ પંડિત છે.. આહા..હા..! તો એને મજા પડે. અરે! પ્રભુ! ક્યાં મજા? ભાઈ! તને શું થયું આ? તારી મજાની ખાણ તો પડી છે અંદર. જેમાં મજાના... આહા..હા..! હીલોળા ઉછળે એવી ચીજ તો અંદર પડી છે, પ્રભુ! આહા..હા..!

એવી ચીજને '**કાળાદિ લબ્ધિને વશ,...**' પામવાને માટે એમ કહે છે. ત્યાં પુરુષાર્થથી આવ્યો હોં! સ્વભાવ, સ્વભાવની રુચિ થઈ અંદર ત્યારે પુરુષાર્થ આવ્યો, કાળલબ્ધિ પાકી એટલે તે કાળે થવાનું હોય એમ જ્ઞાન થયું, તે વખતે તે ભાવ થવાનો તે ભાવનું જ્ઞાન થયું, નિમિત્તનો અભાવ છે. આહા..હા..! '**કાળાદિ લબ્ધિને વશ,...**' આહા..હા..! નિયમસારમાં તો કહ્યું છેને, જેમ ધનનો અર્થી ધન મળી જાય ક્યાંકથી બે-પાંચ કરોડ. ચરુ-બરુ મળી જાય. દેશમાં જઈને એકલો ભોગવે. કોઈને ઢંઢેરો ન પીટે કે આટલા પૈસા મારે છે. નહિતર પછી લેવા આવશે ઘણાંય. અહીં અમને આપો, કુટુંબ કહે મને આપો, બાયડી કે છોકરા. મહાજન લોકો આવે, ઓલા આવે ભાઈ પૈસા આપો. બાપુ એકલો લક્ષ્મી મળી હોય બે-પાંચ કરોડ ક્યાંકથી તો એકલો ભોગવજે. એમ એ તો દૃષ્ટાંત છે.

એમ તને જ્ઞાન નિધિ પ્રાપ્ત થઈ, જ્ઞાનનો સાગર ભગવાન, આહા..હા..! આનંદનો સાગર જો તને પ્રાપ્ત થયો હોય તો એકલો ભોગવજે, વાદવિવાદ કરીશ નહિ. વાદવિવાદે નહિ સમજાય. સ્વસમય અને પરસમય બેય સાથે. આહા..હા..! નાના જીવો—જીવો અનેક પ્રકારના, નાના લબ્ધિ—એની ઉઘાડ દશા અનેક પ્રકારની, નાના કમ્મા—અનેક પ્રકારના કર્મ. આહા..હા..! કોની સાથે તું વાદવિવાદ કર? હવે આ લોકો એવું લખે છે. એ લોકો વાતચીત કરવા માગતા નથી માટે ક્લેશ તોડવા માગતા નથી. લ્યો! વિઘટન થયું છે એનું અમે સંગઠન કરવા માટે આ કરીએ છીએ. એટલે એ વિઘટનને ઊભું રાખવા માગે છે. બાપુ! આ માર્ગ એમ ન સમજાય. વાદવિવાદે બાપુ એકને ખોટા અને એકને સાચા એમ પાડવા છેને તારે? આહા..હા..! ત્યાં કહ્યું છેને નિયમસારમાં, નાના કમ્મા, નાના જીવા, નાના લબ્ધિ. એ વાત કોની સાથે કરીશ? બાપુ! તું કાંઈક વાત કરવા જઈશ તો બીજી વાત કરશે. આ વ્યવહાર કહ્યું છે, આ ઠેકાણે કહ્યું છે. તમે સાધનની ના પાડશો તો વ્યવહારે સાધન.. આ ઠેકાણે સાધન કહ્યું છે, આ ઠેકાણે કહ્યું છે, બાપુ! એમાં ક્યાં તારા પાર પડશે? આહા..હા..!

**શ્રોતા :-** વાદવિવાદથી કદી આરો આવે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે નહિ. સમજવા માગે વીતરાગભાવે તો તો એના નિવેડા આવે, પણ 'તમે ખોટા અને અમે સાચા' એમ સિદ્ધ કરવા માટે તો વાતચીત કરવી છે હવે. એ પહેલેથી માંડી છે હવે. એમાં વાત કરવી શી રીતે? આહા..હા..! આહા..હા..! ભગવાન!

તારું સત્ જ એવું છે, બાપુ! એ તો કોઈ કાળ એનો પાક્યો હોય અને યોગ્યતા, સ્વભાવ થયો હોય ત્યારે એ ભાન થાય એવી ચીજ (છે), એને વાદવિવાદે તું સમજાવી શકે (એવું નથી). આહા..હા..! સમાધિશતકમાં તો ત્યાં સુધી કહ્યું, હું જેને કહેવા માગુ એ તો આત્મા છે, એ તો દેખાતો નથી અને આ તો જડ દેખાય છે. જડને શું કહેવું? આહા..હા..! હું સમજાવા માગુ એવો વિકલ્પ પણ પાગલ જેવો છે. આહા..હા..! હું સમજાવા માગુ એવો વિકલ્પ ઊઠે એ પણ પાગલ છે, ચારિત્રદોષ છેને. આવો માર્ગ! દિગંબર સંતોની વાણી કોરડા મારે. આહા..હા..! કોને હું કહું? દેખાય એ તો જડ છે, એ સમજે નહિ. કોને સમજાવું? સમજનારો દેખાય નહિ. આહા..હા..! અને વાણી દ્વારા એ સમજાય નહિ, સમજી શકશે નહિ અને હું કહેનાર છું એવો પણ હું નથી. વાણીનો કહેનાર હું છું નહિ. આહા..હા..! અને વાણીથી તને જ્ઞેય થાય અને જ્ઞાન થાય એવો તું નથી. આહા..હા..! અલૌકિક વાતું છે આ તો. આહા..હા..! કહો, પોપટભાઈ! પૈસાવાળા ક્યાંય રહી ગયા તમારા બધાય. ક્યાંય વયો ગયો બિચારો હાલ્યો. વર્તમાન છે એ બધા દુઃખી છે. એક ખ્રિસ્તીને પરણ્યો. વાણિયો કોક ખ્રિસ્તીને પરણ્યો. એના સાળાનો દિકરો. બધા પૈસાવાળા મારી નાખ્યા. અબજો રૂપિયા. પ્યાલા ફાટી જાય કે નહિ? પાગલપણાના હોં! આહા..હા..!

આવો ભગવાન આત્મા '**કાળાદિ લબ્ધિને વશે,...**' જુઓ, પુરુષાર્થને વશે, સ્વભાવને વશે એમ બધું લેવું. સમજાણું કાંઈ? આહા..હા..! '**ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે...**' ભવ્યત્વ જે મોક્ષના માર્ગની લાયકાત છે પર્યાયમાં, એની શક્તિની વ્યક્તિ પર્યાયમાં થાય છે. આહા..હા..! '**ભવ્યત્વશક્તિની વ્યક્તિ પ્રગટ થાય છે ત્યારે આ જીવ, સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ...**' દેખો ભાષા હવે. ત્યારે શું પ્રતીતમાં આવ્યું? જ્ઞાનમાં અને ચારિત્રમાં શું થયું? કે '**સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ...**' સ્વભાવિકશુદ્ધપારિણામિકભાવ લક્ષણ '**નિજ-પરમાત્મદ્રવ્ય...**' આહા..હા..! નિજ ભાષા એમ વાપરી. ભગવાન નહિ, તીર્થંકર અને કેવળી પણ નહિ. '**નિજ-પરમાત્મદ્રવ્ય...**' આહા..હા..!

'**સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજ-પરમાત્મદ્રવ્ય...**' નિજ-પરમાત્મા, પોતાનું પરમાત્મદ્રવ્ય, જુઓ, પરમાત્મદ્રવ્ય હોં આત્મા. પરમાત્મદ્રવ્ય આત્મા છે. આહા..હા..! નિજ પરમાત્મદ્રવ્ય છે એ પોતે. વસ્તુ તરીકે નિજ-પરમાત્મસ્વરૂપ છે. આહા..હા..! એક ફેરી એમ કહે કે ભગવાન આત્મા કહે છે ત્યાં તો. અત્યારે ક્યાં ભગવાન હતો? અરે! ભગવાન! સાંભળને, ત્રણે કાળે ભગવાન છોને. આહા..હા..! બહાર વાત થઈ હતી. અહીં ભગવાન આત્મા કહેવાયને. ત્યાં કોકને કહ્યું, ત્યાં તો ભગવાન આત્મા તરીકે કહે છે. આહા..હા..! અહીં તો ત્રિકાળી બધા જીવને ભગવાન આત્મા કહે છે. આ અભવિ જીવને પણ નિજ-પરમાત્મદ્રવ્ય કહે છે લે. આહા..હા..!

'**નિજ-પરમાત્મદ્રવ્યના સમ્યક્શ્રદ્ધાન-**' ભાષા જુઓ, એનું સમ્યક્ શ્રદ્ધાન. દેવ-ગુરુ-

શાસ્ત્રની શ્રદ્ધા અને વ્યવહારની શ્રદ્ધા એ વાત અહીં નથી. રહિતની લીધી. આગળ કહેશે. સમસ્ત રાગાદિરહિત કહેશે. આહા..હા..! '**નિજ-પરમાત્મદ્રવ્યના સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન...**' કોનું? નિજ-પરમાત્મદ્રવ્યનું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન અને પરજ્ઞાન એ અહીં નહિ. આહા..હા..! બાળ-ગોપાળમાં ભગવાન બિરાજે છે બધે. અને ત્યાં સુધી તો લીધું ત્યાં કે એની પર્યાયમાં, જ્ઞાનની પર્યાયમાં એ ભગવાન જ ભાસે છે, પરમાત્મદ્રવ્ય જ ભાસે છે, પણ એની એને નજર નથી ત્યાં. આહા..હા..! શું કહ્યું એ? ૧૭-૧૮ (ગાથા). આબાળ-ગોપાળ. બાળકથી માંડીને ગોપાળ એટલે વૃદ્ધ બધા આત્માઓમાં એની વર્તમાન જે જ્ઞાનપર્યાય છે, નિજ-પરમાત્મદ્રવ્ય જ એને જ્ઞાનમાં ભાસે છે. આહા..હા..!

**શ્રોતા** :- સંજ્ઞી કે અસંજ્ઞી બંનેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં તો વધારે બાળ-ગોપાળ લીધા છે આવા, છે તો બધાય અંદરમાં. બધા જીવોની જ્ઞાનની પર્યાયમાં આખું જણાય એવી ચીજ છે. કારણ કે જ્ઞાનપર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે એટલે પછી ગમે તે હોય. આહા..હા..! નિગોદમાં પણ જ્ઞાનની પર્યાય છે એનો સ્વભાવ શું છે? સ્વપરપ્રકાશક સ્વભાવ છે એ તો. સ્વ પ્રકાશે છે. આહા..હા..! નિજ-પરમાત્મદ્રવ્ય જ જ્ઞાનની પર્યાયમાં, મુદ્દાની રકમ જ જ્ઞાનની પર્યાયમાં જણાય, એવો જ પર્યાયનો ધર્મ છે. આહા..હા..! પણ તેની નજર સ્વ ઉપર નહિ, પર ઉપર છે એટલે નિજ-પરમાત્મદ્રવ્ય ભાસે છે એનો એ અનાદર કરે છે અને એક જ પર્યાયે અંશ છું ને રાગ છું તે એને ભાસે, તે હું છું એમ માને છે. આહા..હા..! આવી વાત આકરી પડે કે નહિ માણસને! એટલે બિચારા વિરોધ કરે, બાપુ! ભાઈ! તું તારો વિરોધ કરે છે, બાપા! તને ખબર નથી. અરે! પરમાત્માના વિરહ પડ્યા, કેવળજ્ઞાનની ઉત્પત્તિ નહિ, એવી કોઈ અવધિ, મનઃપર્યય શક્તિ નહિ. આહા..હા..!

ભગવાન શક્તિરૂપે બિરાજે છેને, કહે છે. ભલે પર્યાયમાં પ્રગટરૂપે નથી, કહે છે. આહા..હા..! પણ જેને ભાસે એને છેને? ન ભાસે એને ક્યાં છે? સમજાણું કાંઈ? પ્રશ્ન કર્યો હતોને ભાઈએ નહિ? વારિયા ત્રિભુવનભાઈએ. કારણપરમાત્મા, કારણપરમાત્મા તમે બધા આત્માને કહો છો, તો કારણ હોય તો તો કાર્ય આવવું જોઈએ. એવો પ્રશ્ન કર્યો હતો. વિરજીભાઈનો દીકરો ત્રિભુવનભાઈ, રાજકોટ. આ કારણજીવ, કારણપરમાત્મા આત્મા, કારણપરમાત્મા, ત્રિકાળી કારણ પ્રભુ, એમ તમે કારણ કહો તો કાર્ય આવવું જોઈએ. એણે પ્રશ્ન કર્યો. તે વિના કારણ કહેવું એને? કારણપરમાત્મા છે તો કાર્ય તો આવતું નથી. ભાઈ! કારણપરમાત્મા છે એવી જેને પ્રતીતમાં આવે એને કારણપરમાત્મા છે. આ ભગવાન પૂર્ણ આનંદ.. વાતું બીજી છે આ તો દુનિયાથી, ભાઈ! સંપ્રદાયની સાથે વાત મેળવવા જાય તો મળે એવી નથી. એથી બિચારા શું કરે? અરેરે! ભાઈ!

'**નિજ-પરમાત્મદ્રવ્ય...**' છે એમ કહે છે. પણ કોને? એની સમ્યક્ શ્રદ્ધાન થઈ હોય

એને. આહા..હા..! જેની સમ્યક્ શ્રદ્ધાન જ થઈ નથી અને પર્યાય અને રાગની શ્રદ્ધા ઉપર પડ્યો છે, એને 'આ ત્રિકાળી પરમાત્મદ્રવ્ય છું' એ શ્રદ્ધામાં છે જ ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? **'આ જીવ સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજ-પરમાત્મદ્રવ્યના,...'** પોતાનો ભગવાન પરમાત્મસ્વરૂપ. દરિયો તો પાણીથી ભર્યો છે, પણ જેને કાંઠે પડયંત કપડાની ચાર હાથની ઊંચી હોય એની નજરું કપડા ઉપર જશે. પોતે ચાર હાથ ઊંચો અને ચાર હાથનું કપડું, દરિયો ભરેલો નહિ ભાળે; એમ જેની દૃષ્ટિમાં વર્તમાન પર્યાયના અંશ ઉપર અને રાગ ઉપર રુચિ છે. આહા..હા..! એને એ દ્રવ્ય દરિયો નહિ ભાળે. આહા..હા..! આવી વાતું છે.

જેની બુદ્ધિમાં અંશપણું જેને ભાસ્યું છે અને રાગ ને દયા, દાન આદિ વિકલ્પો જેને ભાસ્યા છે, તે તેનો કર્તા થઈને ત્યાં રોકાઈ ગયો છે. આહા..હા..! પણ એવો કોઈ જીવનો સ્વભાવ નથી કે રાગને કરે, પણ એવો સ્વભાવ દૃષ્ટિમાં આવતો નથી. દૃષ્ટિ આમ જવી જોઈએ એને ઠેકાણે દૃષ્ટિ પર્યાય અને રાગ ઉપર પડી છે. આહા..હા..! આવ્યું હતુંને, કળશટીકામાં નહોતું આવ્યું? અનાદિ જીવ ભગવાન પરમાત્મ નિજ-પરમાત્મદ્રવ્ય છે. મરણને પ્રાપ્ત થયેલો તું. આહા..હા..! એટલે કે એ નથી એમ પ્રાપ્ત થઈ રહ્યું હતું. એટલે કે એક સમયની પર્યાય અને રાગ છે એટલામાં આત્મા છે એમ માન્યો હતો. આહા..હા..! એ જીવ મરણને પ્રાપ્ત થઈ રહ્યો હતો. એવી જીવતી જ્યોત ત્રિકાળ પરમાત્મદ્રવ્ય. આહા..હા..! એના સન્મુખ થઈને તેનો સ્વીકાર નથી, તેનાથી વિમુખ થઈને રાગ અને પર્યાયનો સ્વીકાર (છે) એ તો મરણતુલ્ય થઈ ગયો આત્મા. આહા..હા..! જેના જીવનની જ્યોત ઝળહળતી જ્યોત શાશ્વત એનો નકાર કર્યો. રસિકભાઈ! આવી વાતું છે. આહા..હા..! અને જેનો એક સમયનો પર્યાય ઉઘાડ ભલે નવ પૂર્વનો હોય, અગિયાર અંગનો હોય... આહા..હા..! એટલા વિકાસમાં પોતાને સંતોષ થઈ ગયો કે ઓહો..હો..! એણે જીવના સ્વભાવનું મરણ કરી નાખ્યું, મરણને પ્રાપ્ત થયો હતો એમ હતુંને? આહા..હા..! પેલી ટીકામાં આવ્યું હતું શરૂઆતના કળશોમાં.

અહીં તો શું કહેવું છે જુઓ, **'જીવ, સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજ-પરમાત્મદ્રવ્યને...'** પોતાની પરમાત્મ વસ્તુ આહા..હા..! કેમ બેસે? પામરતાની પર્યાયમાં પ્રભુતા કેમ બેસે? આહા..હા..! મારો ભગવાન નિજ-પરમાત્મદ્રવ્ય છે. આહા..હા..! એવા નિજ પરમાત્મદ્રવ્યની સમ્યક્શ્રદ્ધા. આહા..હા..! આમાં એમ નથી કહ્યું કે દેવ-ગુરુની શ્રદ્ધા અને વ્યવહારશ્રદ્ધાથી આ નિજ-પરમાત્મદ્રવ્યની શ્રદ્ધા થશે. છે એમાં? સંભાર્યું પણ નથી એને તો. નિષેધ માટે સંભારશે આગળ. સમસ્ત રાગાદિરહિત. આહા..હા..!

ભગવાન નિજ-પરમાત્મદ્રવ્ય જેમાં કેવળજ્ઞાનની પર્યાયનો પણ અભાવ છે. જેમાં મલિનતા અને પરપદાર્થનો તો ત્રિકાળી અભાવ, પણ જેને મોક્ષની પર્યાય પરમ આનંદની પર્યાય, જે આનંદસ્વરૂપ છે, નિજ-પરમાત્મદ્રવ્ય આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એની પ્રગટ પર્યાયમાં અતીન્દ્રિય આનંદની પર્યાય... આહા..હા..! એ પણ જેમાં અભાવસ્વરૂપ છે.

આહા..હા..! નિજ-પરમાત્મદ્રવ્ય, પોતાનો પરમાત્મસ્વભાવ ત્રિકાળ. આહા..હા..! અરે! એના ગાણા સાંભળ્યા નહિ એણે. અને કાને પડતા ધ્રુજી ઊઠે છે. હાય.. હાય.. આવો ભગવાન! ત્રિકાળ ભગવાન છે? પણ બાપુ! ભગવાન ત્રિકાળ ન હોય તો ભગવાન પર્યાયમાં આવશે ક્યાંથી? ક્યાંય બહારથી આવે એવું છે કાંઈ? રસિકભાઈ! આહા..હા..! અહીં કહે છે સમ્મેદશિખરની જાત્રા કરો. આટલી કરો તો... હવે એ લોકો ના પાડે છે સોનગઢવાળા. અરે! ભગવાન! એનાથી ધર્મ ન થાય. એ શુભ છોડીને અશુભ કરવું એમ કહેવાય છે અહીં? પણ તું એને માનતો હો કે આ ધર્મ છે અને ધર્મનું કારણ છે, (તો) એમ નથી. આહા..હા..! ધર્મીને અશુભભાવ ન હોય તો ત્યારે શુભભાવ આવે છે, હોય છે, પણ એ ધર્મરૂપ નથી અને ધર્મનું કારણ નથી. ધર્મ એવો જે સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એનું કારણ તો નિજ-પરમાત્મદ્રવ્ય છે. આહા..હા..! છે? આવી વાત! આહા..હા..! શું થાય પણ ભાઈ!

અરે! એકવાર જોવાને તો જા! ભાવનગરની રાણી ઓજલમાંથી નીકળ્યા. ભાવનગરની રાણી. ઓજલ હતો. રાણીઓ તો ઓજલ હોયને. એમાં એણે છોડી દીધો ઓજલ. મોટર નીકળી તો માણસો જોવા નીકળ્યા. રાણી સાહેબ બહાર આવ્યા, બહાર ઓજલ મૂક્યો, ઓજલ મૂક્યો. એલા! આ ભગવાન ઓજલમાં પડ્યોને. આહા..હા..! રાગ અને પર્યાયબુદ્ધિમાં ઓજલ પડ્યો હતો ભગવાન અંદર. કહો, ધર્મચંદજી! આવો ધર્મ, નવો કાઢ્યો એમ કહે છે. સોનગઢવાળાએ આ ધર્મ નવો કાઢ્યો. નથી ક્યાંય આમાં, નથી બીજામાં. બાપુ! નવો નથી. ભાઈ! તને ખબર નથી. તારા સંસારના નાશનો ઉપાય ઝીણો બહુ, બાપુ! એ દુઃખના અભાવના સ્વભાવની વાતું ઝીણી અને અલૌકિક વાત છે, ભાઈ! આહા..હા..! ભાષા તો કેટલી વાપરી! '**નિજ-પરમાત્મદ્રવ્ય...**' કીધું. નિજ-પરમાત્મવસ્તુ. આહા..હા..! પણ પરમાત્મદ્રવ્ય ન હોય વસ્તુ તો પરમાત્મા પર્યાયમાં આવશે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવું છે? આહા..હા..! બહાર ક્યાં છે તે આવે? કૂવામાં હોય એ અવેડામાં આવે. અવેડો શું કહે છે? હોજ-હોજ. કૂવામાં હોય એ હોજમાં આવે. એને અવેડો અમારે કહે છે. એમ પરમાત્મદ્રવ્ય પરમાત્મસ્વરૂપ ભગવાન! તું પૂર્ણાનંદનો નાથ છોને. આહા..હા..! તને આ શા ઝાંવા પડ્યા? અહીંથી સુખ લઉં ને અહીંથી મજા લઉં ને અહીંથી રાજી થાવ. આહા..હા..! કોઈ વખાણ કરે તારા ત્યાં તો આ આવો છે, ત્યાં તો ફુલાઈ જાય. શું છે પણ? આવી ભિખારાવેડાઈ, નિજ-પરમાત્મદ્રવ્યને જોને, તારી ભિખારાઈ ટળી જશે. આહા..હા..!

સ્વાભાવિક '**શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજ-પરમાત્દ્રવ્યનું, સમ્યક્શ્રદ્ધાન...**' જોયું! સમ્યક્ સત્ય શ્રદ્ધાન. આ સમકિત. એ સમકિત વડે કરીને અંદર પરમાત્મદ્રવ્યની પ્રતીત થાય છે. આહા..હા..! એ વિના પ્રતીત થતી નથી. વિશેષ કહેવાશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૯, શનિવાર, તા. ૦૯-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૦, પ્રવચન નં. ૩૮૫ D

આ સમયસાર, ૩૨૦ ગાથાની જયસેનાચાર્યની ટીકા. અહીં આવ્યું છે અહીં જુઓ. 'જ્યારે **કાળાદિ લબ્ધિના વશે,...**' છે? શું કહે છે? આ આત્મા જે છે એ તો અનાદિ શુદ્ધ અને આનંદકંદ પ્રભુ છે, પણ એના ભાન વિના આ શરીરની બાળ અવસ્થા, યુવાન અવસ્થા, વૃદ્ધાવસ્થા એ બધી જડની અવસ્થા છે, એને પોતાની માની છે કે હું બાળક છું, હું યુવાન છું, હું વૃદ્ધ છું. લઠ શરીર નિરોગી હોય. ૧૬-૨૦ વર્ષની ઉંમર, ૨૫ વર્ષની એટલે કે જાણે હું જુવાન છું. વૃદ્ધાવસ્થા થાય ૮૦-૯૦-૧૦૦ (તો) હું વૃદ્ધ થઈ ગયો છું. અરે! પ્રભુ! એ તો દેહની દશા છે. એ દેહની દશા તારામાં ક્યાં છે? ખબર પણ નથી કે કોણ છે અને શું છે. એ અનાદિ કાળથી પોતાના સ્વરૂપના સામર્થ્યના ભાન વિના પર તરફની દૃષ્ટિથી અનાદિથી ચોર્યાસીના અવતારમાં રખડે છે ઈ. આહા..હા..! ચાહે તો સ્વર્ગનો ભવ હો કે રાજનો હો કે નરકનો હો, બધા ભવ દુઃખના છે. દુઃખના ત્યાં સ્વાદ છે. આહા..હા..! એ દુઃખી પ્રાણી છે. આનંદસ્વરૂપનું ભાન નથી ત્યાં બધા દુઃખી પ્રાણી છે.

એ પ્રાણીને જ્યારે '**કાળાદિ લબ્ધિના વશે,...**' હવે અહીં એનો ઉપોદ્‌ઘાત કરીએ. અને હવે કાળાદિમાં પાંચેય આવી છે. એનો મોક્ષમાર્ગનો કાળ આવે ત્યારે તેની સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય એટલે સ્વભાવ થયો, 'હું પૂર્ણાનંદ સ્વરૂપ છું' એમ સ્વભાવની દૃષ્ટિ થઈ, સ્વભાવ તરફનો પુરુષાર્થ થયો, એ જ કાળે આ થવાનું તેનું એને જ્ઞાન થયું, તે જ કાળે તેને ભાવ આ સમ્યગ્દર્શન આદિનો થવાનો છે એ ભાવનું જ્ઞાન થયું અને તે જ કાળે પ્રતિકૂળ નિમિત્તનો તેને એટલો અભાવ છે. આહા..હા..! એવા '**કાળાદિ લબ્ધિના વશે,...**' પાંચ બોલ થયાને? એકલા કાળલબ્ધિ નહિ, આદિ શબ્દ છે. આહા..હા..!

**શ્રોતા :-** પુરુષાર્થ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાળાદિ લબ્ધિ મૂળ વસ્તુ તો ઈ છે. જે કાળે જેને તે પર્યાય થવાની તે જ થવાની છે. સમ્યગ્દર્શનનો પર્યાય પણ નિજક્ષણે ઉત્પન્ન થાય છે, એનો કાળ છે. ૧૦૨ ગાથા પ્રવચનસાર. આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ તો પરમેશ્વરના ઘરની વાતું છે. લોકોએ તો સાંભળી પણ ન હોય કેટલાકે તો. એમ ને એમ જીવનની જિંદગી મજૂરની પેઠે (પૂરી કરે). એમ હશે, કાંતિભાઈ? કરોડોપતિ કે અબજોપતિ મોટા મજૂર. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ વિકારને રચવામાં વીર્યને રોક્યું છે એને પરમાત્મા તો એમ કહે છે કે એ બધા નપુંસકો, હીજડાઓ છે. આહા..હા..! જે શુભ અને અશુભરાગ થાય એમાં જ

વીર્યની રચનામાં ત્યાં રોકાણો છે. આહા..હા..! પરની રચના તો કાંઈ કરી શકતો નથી, સ્વતંત્ર જગતના પદાર્થો છે; પણ જે વીર્ય પુણ્યને રચે, શુભભાવને રચે, કહે છે કે જેમ હીજડાને પુત્ર ન હોય, એમ જે શુભભાવ આદિની રચનામાં પડ્યો છે એને ધર્મપ્રજા ન હોય. ઝીણી વાત છે, બાપુ! આ તો અગમ-નિગમની વાતું છે. આહા..હા..! અરે! દુનિયાને મળી નથી. સત્ય એને સત્ય, પરમસત્ય, પરમેશ્વરે કહેલું અને તે પરમસત્ય. આહા..હા..!

કહે છે કે જ્યારે એને પોતાનું વીર્ય સ્વભાવસન્મુખ જાય છે એ વિભાવમાં જે વીર્ય રોકાતું હતું તેને રોકીને આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ એના તરફ જ્યાં જાય છે, ત્યારે '**ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે...**' ત્યારે જે યોગ્યતા મોક્ષમાર્ગની હતી જે એનામાં એ શક્તિરૂપે હતી એ વ્યક્તિરૂપે પ્રગટ થાય છે. આહા..હા..! આવો ઉપદેશ, હવે આવી વાત! '**ભવ્યત્વશક્તિ...**' એટલે કે ધર્મ પામવાની યોગ્યતાની જે શક્તિ હતી એ સ્વભાવ સન્મુખ દૃષ્ટિ થતાં તે શક્તિની વ્યક્તિ એટલે પ્રગટતા થઈ. આહા..હા..! જેમ ચોસઠ પહોરી પીપર છે. ચોસઠ પહોરી ઘૂંટે અને ચોસઠ પહોરી થાય છેને પીપર? એ શક્તિ તો અંદર હતી, અંદર હતી વિના બહારમાં ક્યાંથી આવે? કાંઈ પથરે ઘૂંટેથી આવે તો લાકડા અને કોલસા ઘૂંટે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમાં ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ પૂરો ભર્યો છે. કદે નાની, રંગે કાળી છતાં શક્તિએ ચોસઠ પહોરી, સોળ આના તીખાશ ભરી છે અંદર, પણ એની તો ખબર પડે નહિ. ઘણીવાર કરાવ્યું હોયને દવા માટે. આહા..હા..! પણ આ ભગવાન અંદર ચોસઠ પહોરો એટલે સોળ આના, રૂપિયે રૂપિયો આનંદ અને જ્ઞાન અને શાંતિથી ભરેલું તત્ત્વ છે. આહા..હા..! એને અંતરના સ્વભાવ શક્તિનો સન્મુખ થઈને જ્યારે શક્તિની વ્યક્તતા જેમ ચોસઠ પહોરી શક્તિમાં છે એ બહાર આવે છે. બે, પાંચ, ચાર, આઠ, દસ કરીને ચોસઠ પહોરી સુધી, એમ અંદર શક્તિ તો હતી. એની શક્તિના સ્વભાવની સન્મુખ એનો સત્કાર-આદર થયો કે આ છે, ત્યારે તેની દશામાં ધર્મની, જે શક્તિરૂપ ધર્મ હતો સ્વભાવ તે વ્યક્તરૂપ પ્રગટ દશામાં થાય છે. આહા..હા..! ગ્રીક-લેટિન જેવું લાગે. મનસુખભાઈ! આ દુનિયાથી જુદી જાત છે, બાપા! આહા..હા..!

એ અહીં કહે છે. '**ત્યારે આ જીવ,...**' ત્યારે આ જીવ. આ જીવ. '**સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ...**' એનું લક્ષણ શું છે? એનું લક્ષ શું છે? આહા..હા..! સહજ સ્વભાવિક, સહજ સ્વભાવે '**શુદ્ધ-પારિણામિકભાવ...**' શુદ્ધ પવિત્ર સ્વભાવભાવ. પારિણામિક એટલે સ્વભાવભાવ. જે સ્વભાવવાન વસ્તુ છે એ સહજ સ્વભાવવાળું તત્ત્વ છે. એ સહજ સ્વભાવ તેનો ભાવ છે. '**સહજ-પારિણામિકભાવલક્ષણ નિજ-પરમાત્મદ્રવ્ય...**' આહા..હા..! આવી વાતું. બાપુ! મારગડા જુદાં. અનંત સંસારના અરેરે! કેટલા અવતાર કર્યા! જેણે સાધુપણું લીધું અનંતવાર, પણ એણે આત્મજ્ઞાન કર્યું નહિ, ત્યાં સુધી બધા મીંડા થયા. આહા..હા..! એ મહાવ્રત પાળ્યા, દયાઓ પાળી, બાયડી, છોકરા, કુટુંબ, દુકાન, ધંધા છોડ્યા, પણ ભ્રાંતિ

ન છોડી. આહા..હા..! એ રાગ અને અલ્પજ્ઞ દશા એ હું નહિ. હું તો સર્વજ્ઞ અને પૂર્ણ વીતરાગસંપન્ન સ્વરૂપ મારું. આહા..હા..! અલ્પજ્ઞ નહિ સર્વજ્ઞ, રાગ નહિ વીતરાગ. આહા..હા..! એવો જે મારો સ્વભાવ તે સ્વભાવિક. સહજ એટલે સ્વભાવિક. ભાઈને મળ્યું છે? આ તો મંત્રો છે, બાપા! બહુ ઊંચી જાતના છે. દુનિયાથી જુદી જાત છે. આહા..હા..!

સર્પના ઝેર કરડ્યા હોયને? પછી એના મંત્રો હોય છેને? આ તો અનાદિનું ઝેર ચડ્યું છે એને. 'રાગ અને પુણ્યની પર્યાય તે મારી' એવા ઝેર ચડ્યા છે એને. પુણ્યના ફળ તરીકે જે પૈસા ધૂળ એ મારા એ તો વળી સ્થૂળ મિથ્યાભ્રાંતિ. આહા..હા..! પણ અંતરમાં શુભરાગ આવે કષાયની રાગની મંદતાનો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા 'એ ભાવ પણ.. આહા..હા..! મારો છે' એ મિથ્યાત્વનું ઝેર છે અને મિથ્યાત્વના ઝેરે એને સ્વભાવનો ઘાત કર્યો છે. કર્મે નહિ. આહા..હા..! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' કર્મ તો જડ છે, માટી-ધૂળ. આ એક ધૂળ છે જેમ આ, એમ કર્મ ઝીણી ધૂળ છે અંદર. આહા..હા..! પણ પોતાના સ્વભાવની વિપરીત માન્યતા એ એના સ્વભાવનો ઘાત કરનાર તો એ છે. કહો, દેવીલાલજી! કર્મ નહિ. આહા..હા..! શાંતિભાઈ! ત્યાં ક્યાંય મળે એવું નથી તમારે ઝવેરાતમાં. હોંગકોંગ જઈ આવ્યા. નહિ? શું કહેવાય એ? હોંગકોંગ. એનો ભાઈ ત્યાં રળે છેને ખૂબ રૂપિયા. આહા..હા..! અહીં તો પ્રભુ ચૈતન્યદળ જે શુદ્ધ સ્વભાવનો પિંડ પ્રભુ. આહા..હા..! શક્કરિયાનો દાખલો ઘણીવાર આપીએ છીએ. શક્કરિયું છેને શક્કરિયું? શક્કરકંદ એની લાલ છાલ જરી પાતળી છે. એને ન નજર કરો તો આખો એ શક્કરકંદ છે. શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ છે. શક્કરકંદ કહેવાય છેને? શક્કરનો અર્થ સાકર થાય છે. આહા..હા..! એમ આ ભગવાન આત્મા શુભભાવરૂપી છાલ જે રાગની... આહા..હા..! ત્યાં રોકાઈ ગયો છે ઈ. એ છાલની પાછળ એ શક્કરકંદ એટલે અમૃતના સાગરનો દરિયો છે પોતે. આહા..! શક્કરકંદ-સાકરની મીઠાશનો પિંડ, એમ આ અમૃતના સાગરનો પિંડ પ્રભુ છે. અરે..! કેમ બેસે? પામરતામાં પડ્યો એને પ્રભુતા કેમ બેસે? સમજાણું કાંઈ?

એને '**નિજ-પરમાત્મદ્રવ્ય...**' ભાષા શું છે? નિજ-પરમાત્મદ્રવ્ય. ભગવાન પરમાત્મા થઈ ગયા એના ઉપર લક્ષ કરીશ તો રાગ થાશે. આહા..હા..! પરદ્રવ્ય ઉપર લક્ષ કરીશ, ચાહે તો તીર્થંકર હો પરમેશ્વર સાક્ષાત્, પણ એ પરદ્રવ્ય છે તારાથી, એના ઉપર નજર કરીશ તો તને રાગ થશે. '**परदव्वादो दुग्गइ**'. આહા..હા..! '**નિજ-પરમાત્મદ્રવ્ય...**' કેવું છે એ? સ્વભાવિક પરમપારિણામિક લક્ષણ જેનું છે અને એ લક્ષણ વડે કરીને લક્ષ થઈ શકે છે. આહા..હા..! એ કોઈ... આ રાડ પાડે છે ઈ લોકો, વ્યવહારથી નિશ્ચય થાય. પંડિતોને મોટાને વાંધા ઉઠ્યા છે મોટા સોનગઢની સામે. એની સામે, ખરેખર તો એની સામે છે. આહા..હા..! આ દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા ને તપ ને દાન કરોડોના કરે ને મંદિરો બનાવે એને થઈ જાય ધર્મ... અહીં તો કહે, લાખ તારા કરોડ મંદિર બનાવને. એમાં રાગની કદાચિત

મંદતા કરી હોય તો પુણ્ય છે, એનાથી ધર્મ નથી, તેમ એ ધર્મનું કારણ પણ નથી. અકાર્યકારણ આવે છેને?

**શ્રોતા :-** પરંપરા કારણ તો કહેવાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરંપરા એ તો એનો અર્થ વર્તમાનમાં સમ્યક્ અનુભવ થયો છે, ચૈતન્ય ભગવાન પરિપૂર્ણ સ્વભાવથી ભરેલી ચીજ છે, પૂર્ણમિદં એનું જ્ઞાન અને ભાન થયું છે એને જ્યારે શુભભાવ હોય છે, ત્યારે તેને અશુભભાવ ટળ્યો હોય છે એટલે એને કહ્યું કે અશુભ અત્યારે ટળ્યો છે અને આગળ જઈને શુભ ટાળશે એથી એને પરંપરા કારણ કહેવામાં આવે છે. આહા..હા..! રાગ અનર્થનું કારણ છે એ અર્થનું કારણ થાય? અર્થ એટલે આત્મદ્રવ્ય. એઈ..! આવું છે, બાપુ! માને ન માને જગત છે. અનાદિથી રખડી રહ્યો છે. પોતાનું સત્ કેટલું મોટું અને કેટલા સામર્થ્યવાળું છે એની એને ખબર નથી.

કહે છે એવું જે '**નિજ-પરમાત્મદ્રવ્ય...**' ભાષા શું છે? પરમાત્મદ્રવ્ય. પોતે પરમાત્મદ્રવ્ય છે. આહા..હા..! એ બહિરાત્મા, અંતરાત્મા પર્યાયના છે એ નહિ, અહીં તો નિજપરમાત્મદ્રવ્ય છે. આહા..હા..! જેની ચોસઠ પહોરી તીખાશ પૂરી ભરી છે. જેમ શક્કરકંદમાં એકલો મીઠાશનો પિંડ છે, એમ ભગવાન એકલો અતીન્દ્રિય આનંદનો નિજદ્રવ્ય પરમાત્મદ્રવ્ય જ છે. આહા..હા..! કેમ બેસે? કોઈ દિ' સાંભળ્યું નહિ, પ્રમાણ—માપ કરતાં આવડ્યું નહિ. માપલા ખોટા પાછા. આહા..હા..! ઓલા દાખલો આપીએ છીએને. રવિવારનો દિવસ હોય. એનો બાપ લઈ આવ્યો હોય ૫૦ હાથ કાપડ કે આપણે છ છોકરાઓ છે એના માટે આ શિયાળો છે તો આલપાકના કોટ કરવા. એ છોકરો નવરો રજા હતી તો માપ કરવા (બેઠો). બાપા! પચાસ હાથ નથી, આ તો સો હાથ છે. એના નાના હાથે સો હાથ થયું. બાપા કહે, તારું માપ કામ આવે નહિ, બાપા! તારા હાથનું માપ અમારા વેપારના કામમાં ન આવે. એ અમારો હાથ કામ આવે આખો. એમ અજ્ઞાનીઓ માપ કરવા જાય કુતર્કથી, એનાથી ચૈતન્યનું માપ ન આવે. અરે..! આહા..હા..! વાતું ઝીણી બહુ, બાપુ! શું થાય? માર્ગ જ આ છે ત્યાં. લોકોને એ રીતે ચડાવી દીધા છે બિચારાને. મરીને હેરાન થઈને ચાલ્યા જવાના. ધર્મને નામે રોક્યા દયાના, વ્રતના, ભક્તિના, પૂજા; હો ભાવ, એ અશુભથી બચવા પૂરતો છે, પણ એ ધર્મ છે અને એને લઈને અંદર આત્મજ્ઞાન થાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આવું જે '**નિજ-પરમાત્મદ્રવ્ય,...**' વજન અહીં છે ભાઈ, ચંદુભાઈ! એની '**સમ્યક્શ્રદ્ધાન...**' આહા..હા..! અહીં એમ ન કહ્યું કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, તેમ દયા, દાન, વ્યવહારરત્નત્રયની શ્રદ્ધા, તેમ એક સમયની વિકાસ થયેલી પર્યાયની શ્રદ્ધા. ત્રણેને ઉડાવી દીધી. આહા..હા..! સમજાણું કાંઈ? નિજપરમાત્મદ્રવ્ય વસ્તુ ભગવાન પરમાત્મસ્વરૂપ 'અપ્પા સો પરમપ્પા.' આત્મા તે પરમાત્મસ્વરૂપે બિરાજે છે અંદર. આહા..હા..! એ કેમ બેસે? એની અંદર સ્વસન્મુખ થઈને જેવડી ચીજ છે તેવી પ્રતીતમાં આવવી, એનું જ્ઞાન કરી, વર્તમાન જ્ઞાનની પર્યાયમાં,

અવસ્થામાં જ્ઞેય બનાવી અને જ્ઞાન કરીને પ્રતીત થવી એનું નામ સમ્યક્ શ્રદ્ધાન કહેવામાં આવે છે. આહા..હા..! આટલી તો શરતું. ઓલા મુસલમાન પરણેને, ખબર છે મુસલમાનની? તો એ ધણીને કહે કે જુઓ પાણીની માટલી કબુલ, આ બાયડી ન લાવી દે તો તમારી પાણીની માટલી લાવવી પડશે, ફલાણું કબુલ આવું બોલે છે. ખબર છે? અમારા પાડોશી મુસલમાન હતા અને અમે તો અમારી બા ત્યાંના હતાને ઉમરાળાના. તે મુસલમાન હતા એને અમે મામા કહેતા. મુસલમાન. ગીગામામા. એની વહુને માસી કહેતા. સતૂબાઈ માસી. કારણ કે અમારી બા ત્યાંના ઉમરાળાના. જન્મ ત્યાં અને મોસાળ ત્યાં અને સારી સ્થિતિવાળા હતા મોસાળ અમારું બધું. પૈસા-દુકાન-મકાનો. એટલે એને મામા કહેતા. એ મામા થયા? આહા..હા..! ઉંદરને મામા કહે છે નહિ? વાત ઈ કે ઓલું કપડું ન કાપી જાય એટલે મામા કહે. આહા..હા..!

કહે છે કે આ આત્માની આવી શ્રદ્ધા! આહા..હા..! એનો અંતર વિશ્વાસ, રુચિ કહો કે અનુભવ કહો. રુચિનો અર્થ અનુભવ છે. આવું નિજપરમાત્મદ્રવ્ય એનું સમ્યક્ શ્રદ્ધાન. આહા..હા..! સમજાણું કાંઈ? એનું સમ્યગ્જ્ઞાન, એનું જ્ઞાન. પોતે ભગવાન પરિપૂર્ણ વસ્તુ, વસ્તુ છે, તત્ત્વ છે એ અપૂર્ણ અને વિકૃત હોઈ શકે નહિ, એની દશામાં ગમે તે હો. વસ્તુ તરીકે જે ચીજ છે એ તો નિર્દોષ આનંદકંદ પ્રભુ પૂર્ણ એનું સ્વસન્મુખ થઈને જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, નિજપરમાત્માનું જ્ઞાન... આહા..હા..! એને અહીંયાં સમ્યગ્જ્ઞાન કહે છે. દેવીલાલજી! આવો માર્ગ છે. આહા..હા..! આકરું છે. દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવો ન મળે. બિચારા એટલો ઉહાપોહ કરે છે. કરો, બાપુ! કરો ભાઈ! મારગડા જુદા છે. આહા..હા..!

'**નિજ-પરમાત્મદ્રવ્યના સમ્યક્શ્રદ્ધાન...**' અહીં તો પર્યાયની શ્રદ્ધા એ વાત ઉડાડી દીધી. એક સમયની પર્યાય એટલે વ્યવસ્થા. એમાં શાસ્ત્રનું જ્ઞાન હો, શાસ્ત્રની શ્રદ્ધા હો, દેવ-ગુરુની શ્રદ્ધા હો એ ઉડાડી દીધી, એ વસ્તુ નથી. આહા..હા..! તેમ પંચમહાવ્રત અહિંસા,સત્ય-દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એવા પંચમહાવ્રત હો એની શ્રદ્ધા એમ કીધું નથી અહીં. આહા..હા..! આવો જે ભગવાન પૂર્ણસ્વરૂપ એની શ્રદ્ધા સમ્યક્ અને એનું જ્ઞાન સમ્યક્. સમ્યક્જ્ઞાન, એનું સમ્યક્જ્ઞાન. શાસ્ત્ર-બાસ્ત્રના ભણતર-બણતર એ સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી. આહા..હા..! એ '**સહજ-શુદ્ધ...**' સ્વભાવિક એટલે પારિણામિક. પારિણામિક શબ્દ આવ્યો હતોને. સવારે કહ્યું હતું. પરિણામિક નહિ પારિણામિક એમ છે. જુઓ છેને? '**પારિણામિકભાવલક્ષણ નિજ-પરમાત્મદ્રવ્યને, સમ્યક્શ્રદ્ધાન...**' સત્યની સત્ય શ્રદ્ધા. જેવું સત્ય છે તેવી સત્યની શ્રદ્ધા અને જેવું સત્ય છે તેનું સત્ જ્ઞાન. આહા..હા..! આવી વાતું છે. શરતું તો આવી બધી છે. આહા..હા..! અને તેનું નિજપરમાત્મદ્રવ્યનું '**સમ્યક્-અનુચરણ.**' સમ્યક્ અનુચરણ એ સ્વરૂપમાં રમવું. અનુ એટલે એને અનુસરીને. આનંદનો નાથ પ્રભુ પૂર્ણ જ્ઞાનઘન, ચિદ્‌ઘન એને અનુસરીને ચરવું, એમાં રમવું, એમાં ઠરવું એનું નામ આત્મઆચરણ કહેવામાં આવે

છે. આહા..હા..! એનું નામ આત્મચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો અપૂર્વ વાતું છે. પૂર્વે કોઈ દિ' અનંતકાળમાં કરી નથી, રુચિથી સાંભળી નથી. એવો જે ભગવાન આત્મા તેનું સમ્યક્ અનુચરણ. પણ જેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે એણે જોયો છે એને અનુસરીને તેમાં રમે, પણ જેણે એ તત્ત્વ જ શું છે એવું જોયું નથી, શ્રદ્ધામાં આવ્યું નથી, જ્ઞાનમાં આવ્યું નથી, તો રમવું શેમાં? જે વસ્તુ શ્રદ્ધામાં આવી નથી, જ્ઞાનમાં તેની વર્તમાન દશામાં 'આ ચીજ આવી છે' એવું જ્ઞાન નથી થયું એ શેમાં રમે? આહા..હા..! રાગ અને પર્યાયનું જ્ઞાન તેમાં રમે. એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! મહાવ્રતના ભાવ પાળે તો એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..!

**'સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે;...'** એમ આવ્યુંને? એ અવસ્થા છે. જેમ ચોસઠ પહોરી શક્તિવાળી પીપર ઘૂંટેથી બહાર જે આવે છે એ એની દશા છે. જેમ સોનું છે, સોનું વસ્તુ અને પીળાશ, ચીકાશ, વજન એની શક્તિઓ અને એમાંથી કુંડળ, કડા અને વીંટી થાય તે એની પર્યાયો, અવસ્થાઓ કહેવાય; એમ આ ભગવાન આત્મા સોના સમાન ચીજ ત્રિકાળી અને પરમપારિણામિક સ્વભાવભાવરૂપ એની શક્તિ, એની પ્રગટ દશા થવી તે પર્યાય છે. આહા..હા..! આવી વાતું! છે? પાછું એકલું નથી લીધું.

**'પર્યાયે પરિણમે છે;...'** આહા..હા..! ભગવાન પૂર્ણસ્વરૂપ પ્રભુ બાળ, યુવાન અને વૃદ્ધ... પ્રવચનસારમાં તો એમ કહ્યું છેને? એનો હું કર્તા નથી, કરાવનાર નથી, અનુમોદનાર નથી, તેનું હું કારણ પણ નથી. આહા..હા..! આ શરીરની અવસ્થા યુવાન હો, નિરોગતા હો, સરોગતા હો, તો કહે છે કે એ દશાને મેં કરી નથી, મેં કરાવી નથી, હું એને અનુમોદન કરતો નથી કે થયું ઠીક છે, તેમ તેનું હું કારણ નથી. આહા..હા..! જડને કારણે જડની દશા થાય તેમાં મારું કોઈ કારણ નથી. આહા..હા..! એવો જે હું આત્મા જ્ઞાનસ્વરૂપ, એની પર્યાયપણે અનુચરણ સમ્યગ્દર્શન એ પર્યાય છે, સમ્યગ્જ્ઞાન એ પર્યાય છે, સ્વરૂપનું આચરણ એ પણ અવસ્થા છે. આહા..હા..! એ ગુણ નથી, ગુણ તો ત્રિકાળ છે. એ તો પહેલું કહ્યું. સ્વભાવિક પારિણામિકભાવલક્ષણ.

**'તે પરિણમન આગમભાષાથી...'** આહા..હા..! સિદ્ધાંત ભાષાથી લઈએ તો, અધ્યાત્મ ભાષા છોડીને આગમભાષા. **'ઔપશમિક, ક્ષાયોપશમિક તથા ક્ષાયિક – એવા ભાવત્રય કહેવાય છે,...'** એ પર્યાયને ત્રણ ભાવે ઓળખી શકાય છે. ઉપશમભાવ એટલે અહીં વિકાર દબાઈ ગયો. પાણી મેલું છે એમાં મેલ હજી દબાઈ ગયો છે અને પાણી નીતરી ગયું છે, એમ હજી કષાયો અંદર દબાણા છે અને અંદર નિર્મળતા પ્રગટ થઈ છે એવી દશાને ઉપશમ કહીએ અને કંઈક નિર્મળતા પણ છે અને કંઈક મલિનતાનો અંશ પણ છે એવી દશાને ક્ષાયોપશમિક કહીએ અને રાગની બિલકુલ ક્ષય દશા થાય નાશ તેવા પરિણામને ક્ષાયિક કહીએ. એ **'ઔપશમિક, ક્ષાયોપશમિક,...'** ક્ષાયિક એવા ભાવત્રય કહેવાય છે. એ મોક્ષના માર્ગના

પર્યાયને ત્રણ ભાવે કહેવાય છે. આહા..હા..! આમાં તો એ આવ્યું. ઓલો ઉદયભાવ એ નહિ અહીં તો. હવે રાડ લોકો ઈ પાડે છે. વ્યવહારરત્નત્રય એ તો ઉદયભાવ છે. એનાથી નિશ્ચય થાય. અરે! ભગવાન! લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે. ભાઈ! તને ખબર નથી. અહીં તો નિરપેક્ષ ઉપયોગ છે આ. જેને વ્યવહારરત્નત્રયની અપેક્ષાની જરૂર નથી, એની ઉપેક્ષા છે જેમાં. નિયમસાર બીજી ગાથા. આહા..હા..! આવું શું હશે આ? ગામડાને પાદર આવી મોટી વાતું! નાના મોઢે મોટી, બાપુ! માર્ગ તો આ છે, બાપા! ભાઈ! આહા..હા..! બધી દુનિયાને જોઈ છે. હિન્દુસ્તાનમાં ૧૦-૧૦ હજાર માઈલ ત્રણવાર ફર્યા છીએ આખા હિન્દુસ્તાનમાં મોટરથી. બધી વાત બધે ગડબડ છે. આવું પરમસત્ય વાતની કથની પણ ઘસાઈ ગઈ છે. આહા..હા..! ઓલામાં કહ્યુંને ભાઈએ, અધ્યાત્મ પંચસંગ્રહમાં દિપચંદજીએ કહ્યું છે કે અત્યારે હું જોઉં છું... આ તો તે દિ' હોં! દોઢસો-બસ્સો વર્ષ પહેલાં. જોઉં છું તો આગમ પ્રમાણેની કોઈની શ્રદ્ધા દેખાતી નથી. વીતરાગે કહેલા સિદ્ધાંત છે એ પ્રમાણેની શ્રદ્ધા મને ક્યાંય દેખાતી નથી, તેમ તેનો વક્તા કથન કરનારો પણ દેખાતો નથી. બે વાત. ત્રીજી, જો મોઢેથી કહીએ છીએ તો માનતા નથી. ત્યારે હું લખી જાઉં છું.

**શ્રોતા :-** દિપચંદજી અત્યારે હોય તો ગુરુદેવ શું લખે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે તો લોકો હવે હા પાડનારા રુચિવાળા અત્યારે તો લાખો જાગ્યા છે હવે. દિગંબરોમાંથી જાગ્યા છે હવે. સ્થાનકવાસીમાં તો હતા એટલે એમાંથી આવે લોકો, શ્વેતાંબરમાંથી આવ્યા છે. દિગંબરમાંથી એ લોકો કહે છે અમારા લાખોને ભ્રષ્ટ કર્યા. આહા..હા..! બાપુ! સાંભળને ભાઈ!

અહીં તો કહે છે, એ ભગવાન આત્મા એ ત્રિકાળી છે એ પરમસ્વભાવભાવ પારિણામિકભાવ છે, પણ એની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની દશા જે પ્રગટ થાય તે આ ત્રણ ભાવે હોય છે— ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક, વર્તમાન પર્યાયમાં. માથે લીધું હતું. છેને માથે પહેલું? '**ક્યા ભાવથી મોક્ષ થાય છે, તે વિચારે છે. ત્યાં ઔપશમિક, ક્ષાયોપશમકિ, ક્ષાયિક તથા ઔદયિક એ ચાર ભાવ પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિકભાવ, દ્રવ્યરૂપ છે.**' એ ચાર પર્યાયમાં ત્રણ પર્યાયથી મુક્તિ થાય. ઉદયભાવ વ્યવહારથી મુક્તિ ન થાય. એ તો અહીં નિષેધ આવ્યો. ચંદુભાઈ! આહા..હા..! એ લોકોને નથી રુચતું. નહિ... નહિ... નહિ.. અમે આ બધો વ્યવહાર કરીએ છીએ. એ કરતાં-કરતાં નિશ્ચય આ થશે. હવે તો લખાણ ખૂબ આવે છે જોરદાર. આ આચરણ જે બધા વ્યવહારક્રિયાકાંડ કરે છે એનાથી નિશ્ચય સમકિત થશે અને એનાથી નિશ્ચયચારિત્ર થશે. આહા..હા..!

ઓલો તો બિચારો આપણો બોલે છેને. કાંતિભાઈ નહિ? ભાઈ નહિ ઓળખતા હોય કાંતિભાઈ લીંબડીવાળા નથી ત્યાં? મુંબઈ સર્વોદય હોસ્પિટલ. લીંબડીવાળા. ઘાટકોપર. એ સર્વોદય પોતે કર્યું છેને. કરોડપતિ. કરોડપતિ છે. દીકરો નથી. એક જ દીકરી છે. પરણાવીને

કાંઈક ૩૦ લાખ આપવાના હતા. કરોડપતિ છે. અહીં આવ્યા હતા. પહેલાં તો ત્યાં અમે હતાને એકફેરી કાંતિભાઈને ઘરે. કાંતિભાઈને ઘરે હતા ત્યાં આવ્યા હતા. આ લાઠીવાળા. ત્યાં આવ્યા. ત્યાં વ્યાખ્યાન ઘણીવાર આપ્યા છે ૧૦-૧૦ હજાર માણસ વચ્ચે. ત્યાં એના દેરાસરમાં. એના મકાનમાં. ત્યાં વિનંતી કરવા આવ્યા હતા. અહીં વિનંતી કરવા આવ્યા હતા. જઈ શકાણું નહિ પગને કારણે, પણ વિનતી કરી. એ કહે એ કાંતિભાઈના મકાનમાં આવ્યા હતા. કાંતિભાઈ હતા ત્યારે તમે? મહારાજ! તમારી વાત લાગે છે ઓલી, પણ ચાર હજાર ભવ પછી મને બેસશે. આ કાંતિભાઈની મેડી ઉપર કહ્યું હતું. ચાર હજાર ભવ પછી બેસશે. અરે! પણ તને ઠીક લાગે એ વાતને ચાર હજાર ભવ પછી બેસશે. તો એમ કહે કે ચિત્ત લાગતું નથી. કહો, આવા પણ વાણિયા છે. દશાશ્રીમાળી વાણિયા કરોડપતિ. શું કહેવાય એ? સર્વોદય હોસ્પિટલ, સર્વોદય હોસ્પિટલ. એના માલિક પોતે. પૈસા-બૈસા. એના બાપને બીજા ભાઈ હતા એક ભાઈ ગૌતમના બાપ. એ બધા જમીન લઈ ગયેલાને? એમાંથી જમીનના પૈસા બહુ ઊપજ્યા, બહુ ઊપજ્યા. એને પછી આ લોકોએ કહ્યું બાપા જે જમીન લઈ ગયા હતા એના પૈસા જે ઊપજ્યા એ આપણે ઘરમાં વાપરવા નહિ. આ દવાખાના ને એમાં વાપરવા. એ લોકોએ બેય ભાઈઓએ. ગૌતમને પ્રેમ છે, અહીં આવે છે. એ કહે કે ચાર હજાર ભવે. એલા પણ ચાર હજાર ભવમાં ક્યાં? હવે આને શું કહેવું કીધું. ચાર હજાર ભવ પ્રભુ ક્યાં કરવા છે તારે? મનુષ્યના ભવ જ ઉપરા ઉપર થાય તો આઠ વાર થાય, પછી ન થાય, પછી એકેન્દ્રિયમાં જ જાય. આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વરે પરમાત્મા સાક્ષાત્ જોયેલાની વાત છે આ. આ કાંઈ કલ્પનાની વાતું નથી. વસ્તુની દુનિયાને પડી જ નથી. આ બહારની હો હા... હો હા... બસ, વીતી ગઈ જિંદગી. મહાસુખભાઈ! આવું છે, બાપા! અહીં તો બાપુ! અરેરે! જેના જન્મ-મરણ ન મટે તે શું? એ શું કર્યું એણે? આહા..! ચોર્યાસીના અવતાર રખડતો-રખડતો આ ભવે આવ્યો એમાં વીતરાગની વાણી કાને પડી. સર્વજ્ઞ પરમગુરુ તીર્થંકરની વાણી આવી હતીને સવારમાં. પરમગુરુ તીર્થંકરની વાણી, એનો ઉપદેશ. આહા..હા..! ઝીણી વાતું બહુ. એના પેટામાં ઘણું બધું આવી જાય છે. આહા..હા..! બહુ ઉઘાડુ કરવા જતાં આકરું પડે એટલે થોડુંક ... નહિતર તો શ્વેતાંબર અને સ્થાનકવાસીના શાસ્ત્રો એ ભગવાનના કહેલા નથી, કલ્પનાથી બનાવેલા છે. એટલે એની વાણીથી ભ્રાંતિ ટળે એ ત્રણકાળમાં બને નહિ. દેવીલાલજી! માર્ગ તો આવો છે, બાપા! ઠીક પડે, ન ઠીક પડે સ્વતંત્ર જીવો છે. આહા..હા..! એને પરમાત્મા તીર્થંકરદેવ બાપુ! એ શું ચીજ છે? ભાઈ! આહા..હા..!

પરમાત્મા બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. અત્યારે મોજૂદ છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, ત્રિકાળ જ્ઞાન છે, એ પોતે તીર્થંકર છે. એ સિવાય લાખો કેવળીઓ ત્રિકાળ જ્ઞાનીપદે બિરાજે છે. આહા..હા..! ત્યાંથી આવેલી આ વાણી છે. આહા..! ભાઈ! એ એમ

કહે છે. આહા..હા..! કે એ આગમભાષાથી એને ત્રણ ભાવે કહીએ. ઉદયભાવ એ મોક્ષનું કારણ નથી એમ અહીં સિદ્ધ કરવું છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિનો જે વિકલ્પ વૃત્તિ, એની વૃત્તિ ઉઠે છે એ તો. ભગવાન તો સ્વરૂપ ચૈતન્યમૂર્તિ એમાં વૃત્તિનું ઉઠવું એ વિકાર છે. વૃત્તિનું ઉત્થાન થાય છે એ વિકાર છે તે મોક્ષનું કારણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે એ ધર્મનું કારણ નથી, એને એ સુખનું કારણ નથી. આહા..હા..! એ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ,.. પણ એ તો ચોખ્ખું નથી આવતું ભાવપાહુડમાં ૮૩ ગાથા. વ્રત, પૂજા એ જૈનધર્મ નથી. રતિભાઈ! આવે છેને? ભાવપાહુડ-૮૩ ગાથા. એ પૂજા, વ્રત એ જૈનધર્મ નથી, વીતરાગધર્મ નથી, એ તો રાગની ક્રિયા છે બધી. આહા..હા..! એનાથી આત્માને કલ્યાણ થાય એનો અહીં નિષેધ કરે છે. ઉદયભાવ તો લીધો જ નથી. વિશેષ નિષેધ કરવા માટે.

જુઓ, આગળ લેશે. '**સમસ્ત રાગાદિરહિત હોવાને લીધે...**' નીચે છેને? આહા..હા..! એ ચાહે તો ઉપશમભાવ હો, ક્ષયોપશમ કે ક્ષાયિક, પણ એ ત્રણે ભાવ રાગના વિકલ્પથી રહિત છે. આહા..હા..! તેથી તેને મોક્ષના માર્ગ તરીકે ભાવત્રય કહેવાય છે. આહા..હા..! અરે..! જેની હજી એને ખબરું ન મળે. આહા..હા..! ઓઘે-ઓઘે ભગવાનની ભક્તિ કરો, ભગવાન આપી દેશે. એલા પણ ભગવાન આપી દેશે તો ભક્તિ કરો તો આપી દેશે, તો બીજાને કેમ આપતા નથી તો પછી? શું આપશે? તારી ચીજ તારી પાસે છે એ ક્યાંથી આપશે? અને બીજાનું આપ્યું એટલે શું? શું આપે ઈ? પરમાત્મા પોતે પરમાનંદ સ્વરૂપના અનુભવી વેદનમાં પડ્યા છે. એને કોઈને દેવું-લેવું છે એ તો છે નહિ. આહા..હા..!

**શ્રોતા :-** મોક્ષ ક્યારે આપે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબર છેને. એ સર્વજ્ઞ પરમેશ્વરને જે વાસ્તવિક રીતે પરમાત્મા છે તેને ઓળખે છે, તેથી તેનું જ્ઞાન-દર્શન પામ્યો એને એ નિમિત્ત છે, માટે એણે દીધું એમ કહેવામાં આવે છે. આહા..હા..! અષ્ટપાહુડમાં આવે છે. દેવ દદાતિ. પણ એ પરમેશ્વર સર્વજ્ઞ જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા. જેની શરીરની નગ્નદશા હોય, અરિહંત તરીકે જે નમો અરિહંતાણં. એ અરિ નામ પુણ્ય અને પાપના વિકારીભાવને જેણે અરિ નામ દુશ્મનને હણ્યા અને જેણે અંતર જ્ઞાન અને આનંદ પૂર્ણ પ્રગટ કર્યું એને અહીંયાં અરિહંત પરમાત્મા કહેવામાં આવે છે. એ કાંઈ જૈન ભાષા વાડાની નથી. આહા..હા..! એ તો વસ્તુના સ્વરૂપની ભાષા છે. હવે અહીં જેને વેરી કહીએ એ એની મદદ કરે ધર્મની? આહા..હા..!

એ ત્રયભાવ, એ આગમભાષાથી ત્રણ ભાવ. '**અને અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ',...**' આહા..હા..! શું કહ્યું ઈ? અધ્યાત્મભાષાથી તો એ મોક્ષનો માર્ગ જે કહ્યો, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર-આત્માનું દર્શન, આત્માનું જ્ઞાન, આચરણ એ શુદ્ધ આત્માની સન્મુખના પરિણામ છે, ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે એના સન્મુખના

એ પરિણામ છે. અધ્યાત્મભાષાએ એના સન્મુખના પરિણામ. આગમભાષાએ ઓલું નિમિત્ત આવ્યુંને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એટલી અપેક્ષા આવી. આહા..હા..! વાતને ફેર, વાતે વાતે ફેર એમ કહે. ઓલા લોકો નથી કહેતા? 'આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર, એક લાખે તો ન મળે અને એક તાંબિયાના તેર.' એમ વાતે વાતે ફેર, તારા માર્ગની શ્રદ્ધા અને વીતરાગના માર્ગની શ્રદ્ધા. આહા..હા..! પરમાત્મા ત્રિલોકનાથ આમ ફરમાવે છે કે '**શુદ્ધાત્માભિમુખ પરિણામ...**' આહા..હા..! એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પર્યાય છે. એટલે શું? કે શુદ્ધ આત્મા છે તેની અભિમુખ-સન્મુખના પરિણામ છે. રાગના વિમુખના, ઉદયના વિમુખના અને સ્વભાવના સન્મુખના. આહા..હા..!

**શ્રોતા :-** સન્મુખ કહો કે અભિમુખ કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અભિમુખ કહો કે સન્મુખ કહો. અભિસન્મુખ. આહા..હા..! જ્યાં પૂર્ણ આનંદ પ્રભુ પૂર્ણ સ્વરૂપ છે તેની સન્મુખના પરિણામ તેને અહીંયાં મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એને ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ આગમભાષાથી કહીએ. અધ્યાત્મની ભાષામાં એના સન્મુખના પરિણામ, અભિમુખ પરિણામ. હવે અહીં તો ચોખ્ખી વાત લીધી. મોક્ષનો માર્ગ એ શુદ્ધાત્માભિમુખ પરિણામ છે.

**શ્રોતા :-** એમાં વ્યવહાર ક્યાં આવ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર ક્યાં આવ્યો? આહા..હા..! આવું છે, બાપુ! આહા..હા..! બાળક છે એ તો શરીરની અવસ્થા. એટલે બાળકે એમ ન જાણવું કે હું સમજી શકું નહિ. તું તો પરમાત્મદ્રવ્ય છોને, પ્રભુ! આ તો જડની અવસ્થા છે. આહા..હા..! સમજાણું કાંઈ? સુખી થવાનો પંથ તો આ છે. દુઃખી થવાના પંથમાં તો અનાદિથી દોરાઈ ગયો છો. આહા..હા..!

અહીં એમ કહે છે, પરથી વિમુખ. પરથી એટલે? ચાહે તો સર્વજ્ઞ પરમેશ્વર હો એનાથી પણ વિમુખ. એમાં એનો પ્રેમ હોય ભગવાન પ્રત્યેનો એ રાગ એનાથી વિમુખ અને એ રાગને જાણવાની એક સમયની પર્યાય, વ્યક્ત પર્યાય છે એનાથી વિમુખ. શુદ્ધાત્મસન્મુખ. આહા..હા..! આ અસ્તિ-નાસ્તિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અજાણ્યા માણસને તો પાગલ જેવું લાગે. બધી ખબર છેને. શું થાય? બાપુ! ભગવાન! તારી જાત જ જુદી છે, નાથ! તને તારી ખબર ન મળે.

એ શુદ્ધાત્મા-શુદ્ધાત્મા. માથે કહ્યું હતુંને? '**સહજ-શુદ્ધાત્મપારિણામિક ભાવલક્ષણ નિજ-પરમાત્મદ્રવ્ય...**' એની સન્મુખના પરિણામ. આહા..હા..! જેણે વર્તમાન પર્યાયને શુદ્ધ દ્રવ્ય સન્મુખ કરી છે-અભિમુખ કરી છે, એવા પરિણામને ત્રણ ભાવે આગમથી કહીએ, અધ્યાત્મથી એના સન્મુખના પરિણામ એટલે એને મોક્ષમાર્ગ કહેવાય છે. આહા..હા..! ઉદયભાવના જે દયા, દાન, આદિના એ તો પરસન્મુખના ભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ એ તો પર દિશા તરફના લક્ષવાળી દશા છે, એ દશા ધર્મ નથી, તેમ એ દશા ધર્મનું કારણ

નથી. સ્વદશા જે સન્મુખ થયેલી દશા, સ્વદશા એ દશાની દિશા શુદ્ધાત્મદ્રવ્ય તરફ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની દુકાનમાં આ ભાષા હોય નહિ, વાડામાં જાય તો આ ભાષા હોય નહિ. આહા..હા..! આવી વાતું! માર્ગ એવો બાપુ! શું થાય?

શુદ્ધ-આત્મા. હવે એ વાંધો આવ્યો છે ભાઈ અત્યારે. એ તો ભાઈ રતનચંદજી હતા એ કહેતા કે પર્યાયમાં જો અશુદ્ધભાવ હોય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું. એ તો કહેતા. પણ હમણાં મખનલાલજીનું આવ્યું છે હમણાં. મોટો પંડિત છેને મખનલાલજી. પર્યાય-અવસ્થામાં ભાવ અશુદ્ધ હોય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. આહા..હા..! અરે! આ સોનગઢની સામું કરવા માટે શું કર્યું એણે? પર્યાયમાં વિકાર છે તો વસ્તુ જે ત્રિકાળી છે એ પણ વિકારી થઈ જાય છે. એમ પ્રવચનસારમાં આવે છેને, શુભભાવથી... પણ એ તો પર્યાયની વાત છે. શુભભાવ વખતે તન્મય, પર્યાય તન્મય છે. ભાવ કાંઈક છે અને તન્મય એમ નથી. પર્યાયમાં. શુભ-અશુભભાવ બેય અશુદ્ધ છે. અશુદ્ધ વખતે પર્યાય અશુદ્ધ જ છે, પણ પર્યાય અશુદ્ધ છે માટે વસ્તુ અશુદ્ધ છે એમ નથી. અરે! કેટલું ફેરવવું પડે એણે.

શુદ્ધ આત્મા. એ તો ત્રિકાળી થઈ ગયો કે નહિ? પરિણામ ભલે અશુભ હો કે શુભ હો, પણ એ વખતે વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ જ છે. એને એ શુભ-અશુભ પરિણામમાંથી ખસી, 'પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ટચ, એટલું બસ.' ભાઈ! આહા..હા..! એક ક્ષુલ્લક કહેતા ક્ષુલ્લક. ક્ષુલ્લક હતા. આવતા બિચારા. બુદ્ધિ થોડી, પણ અહીંની વાતનો પ્રેમ હતો. તમારી સભામાં સાંભળવા બેસવું. એમ લખ્યું છે. દિગંબર મુનિ નગ્ન ૧૮ વર્ષની દીક્ષા અને આસુકવિ. કવિતા બનાવે. બહુ કવિતા લખી ઘણા .. બનાવી છે. થોડીક તો ભાઈએ આપી છે હિન્દીમાં. હુકમચંદજીએ. એક બીજા સાધુ છે એ અહીં આવી ગયા છે. ૮૫ વર્ષ. મહારાષ્ટ્રના વૃષભસાગર. તમે કહો છો એવો માર્ગ તો ક્યાંય છે નહિ. ભાવલિંગી સાધુ તમે કહો છો એ હિસાબે કોઈ છે નહિ હિન્દુસ્તાનમાં. અમે પણ સાધુ નથી. ૮૫ વર્ષની ઉંમરના નગ્ન હતા. આવ્યા હતા. પણ લોકોને કઠણ પડે બિચારાને. આહા..હા..! અપમાન લાગે છે એને. બાપુ! તારી વાસ્તવિકતા છે એને જણાવે છે, ભાઈ! જેથી તને વાસ્તવિકતા સમજાય અને અવાસ્તવિકતા ટળે. એ તારા હિતને માટેની વાત છે, તારા અપમાનની વાત નથી. આહા..હા..!

'શુદ્ધોપયોગ...' જુઓ, આ આવ્યું. કહે છે કે આત્મા જે પરમસ્વરૂપ ત્રિકાળી નિજ પરમાત્મદ્રવ્ય એનું જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એને શુદ્ધોપયોગ કહીએ. પુણ્યનો ભાવ અને પાપનો ભાવ તે અશુદ્ધ કહીએ. આહા..હા..! અને આત્માની સન્મુખના ભાવને શુદ્ધોપયોગ કહીએ અને તે ઉપયોગ શુદ્ધોપયોગ તે મોક્ષમાર્ગ છે. એમ કહેતા વ્યવહાર શુભોપયોગ એ મોક્ષમાર્ગ નથી એમ આવી ગયું. આહા..હા..!

અરે! ભાઈ! તું આઠ દિ'-દસ દિ' સાંભળને. વાદ કરવા આવે છે અહીં વાદ કરવા. બાપુ! અમે વાદ કોઈની સાથે કરતાં નથી, બાપા! આહા..હા..! તત્ત્વની વાત આ છે. અંતર

છે એ વાત કરીએ છીએ. આહા..હા..! વાદ કરો નહિતર તમારી હલકાઈ થશે. નહિતર આ દુર્ઘટનામાં બે ભાગ પડી ગયા છે એ ક્લેશ તમારે રાખવો છે. પણ બાપુ! વાદ શું બેસશે ભાઈ! નિયમસારમાં નથી કહ્યું? સ્વસમય-પરસમય સાથે વાદવિવાદ કરીશ નહિ, બાપુ! ગરીબ માણસ હોય અને પરદેશમાં ગયો, એમાંથી બે-પાંચ-દસ કરોડ ક્યાંકથી મળી ગયા ચરુ. દેશમાં આવીને ખાનગી ભોગવજે ખૂણે બેસીને ખાજે. બહાર પાડીશ તો લૂંટારા આવશે બહુ. અમને દ્યો... અમને દ્યો... અમને દ્યો. આહા..હા..! કુટુંબ-કબીલા-બાયડી-છોકરા લૂંટશે. એકકોર રહીને ખાજે બાપુ પૈસા હોય તો. મળ્યા હોય બે-પાંચ કરોડ ક્યાંકથી મળી ગયા. એમ આત્મધનની સંપત્તિ જો તને મળી હોય તો અનુભવમાં રહેજે તું, સ્વસમય-પરસમય સાથે વાદ કરીશ નહિ. આ વાદે બેસે એવી વાત નથી. આહા..હા..! શું થાય?

'**શુદ્ધોપયોગ...**' આહા..હા..! ભગવાન શુદ્ધાત્મ પ્રભુ ત્રિકાળી આનંદનો નાથ, પૂર્ણ વસ્તુ તેની પ્રતીતિ તેની સન્મુખતાની, તેનું જ્ઞાન અને તેનું આચરણ તેને અમે અહીં શુદ્ધોપયોગ કહીએ છીએ, તેને મોક્ષનો માર્ગ કહીએ છીએ, તેને વીતરાગતા કહીએ છીએ. આહા..હા..! એને સ્વચ્છતા કહીએ છીએ, એને પવિત્રતા કહીએ છીએ, એને પ્રભુતાની પ્રગટ દશા થઈ તેમ પ્રભુતાની દશા કહીએ છીએ. આહા..હા..! શાંતિભાઈ! આવું છે. અહીં તો ચોખ્ખી વાત કરી છે, ભાઈ! લાખ-બે લાખ આપ્યા માટે ધર્મ થઈ જાય (એમ નથી). લાખ રૂપિયા આપ્યા છેને એણે હમણાં ભાવનગર. આપણું સાહિત્ય છપાય છેને? ૮૦ હજાર ભાઈએ આપ્યા છે હીરાલાલજીએ. ગૃહસ્થ માણસ. ૨૫-૩૦-૪૦ લાખ. આણે એક લાખ આપ્યા છે શાંતિભાઈએ. અત્યારે નથી આવ્યા તમારા બાપ ત્યાં? આવ્યા? હશે. સવારે નથી આવતા શું છે? ક્યાં દેખાય છે? આ બેઠા ઠીક. ઠીક દેખાય છે. આહા..હા..! અરે! પ્રભુ! એ દુનિયાના લાખ ને કરોડ રૂપિયા બધા એ તો જડ માટી પર છે. પરનો સ્વામી થઈને તુ આપ તો ભ્રમણા છે.

**શ્રોતા :-** એક તો લાખ આપે અને પાછું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ પણ આપે છે? આપે એ તો જડ છે. જડના જડ હતા અને ગયા છે એની ક્રિયાવર્તીશક્તિથી અહીંથી આઘા ગયા છે. બીજાએ આપ્યા માટે આઘા ગયા છે એમ નથી. બહુ ઝીણી વાતું, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઈ તો પોર ભાઈએ નહોતા આપ્યા? શાહુજી. હમણા આવી ગયા હતા અહીં. ત્રણ વ્યાખ્યાન સાંભળી ગયા. ૪૦ કરોડ રૂપિયા. દિલ્હીના શાંતિપ્રસાદ શાહુ. ૪૦ કરોડ. હમણા ત્રણ વ્યાખ્યાન સાંભળી ગયા. પ્રાંતિજમાંથી આવ્યા હતા. પોર આ ૮૭ વર્ષ બેઠું શરીરને? દાદર. વૈશાખ સુદ બીજ. પોર ૮૭ બેઠું ત્યારે ૮૭ હજાર કાઢ્યા હતા ભાઈએ. શેઠ! એ રાગ મંદ હોય છે, એથી એમાં પુણ્યનું કારણ થાય. પૈસા છે તે ધર્મનું કારણ થાય... અરે! પુણ્યનું કારણ પણ રાગ મંદ કર તો પુણ્યનું કારણ કહેવાય. આહા..હા..! આવી વાતું! આહા..હા..!

'શુદ્ધોપયોગ ઈત્યાદિ...' એને લાગુ પડે તેવા. વીતરાગ પરિણામ, સ્વચ્છતાના પરિણામ. આહા..હા..! અનાકુળ આનંદના પરિણામ, શાંતિના પરિણામ આદિ જેને કહો એ શાંતિ... શાંતિ... શાંતિ... એ સ્વભાવની શાંતિ પૂર્ણ છે એની સન્મુખના પરિણામ પણ શાંતિ અકષાય સ્વરૂપ છે. વસ્તુ પોતે અકષાયસ્વરૂપ શાંત છે એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા પણ અકષાયસ્વરૂપ શાંત છે. આહા..હા..! એક કલાકમાં કેટલું આવે નવું! કેટલું ઝીલવું! બધી ખબર છેને, બાપુ! શું થાય, ભાઈ! મારગડા જુદાં. આહા..હા..! એ અહીં કહે છે.

'ઈત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.' એને પર્યાયના નામ પામે છે. સમજાય છે? આત્માનો પૂર્ણાનંદ પ્રભુ એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને રમણતા એને આ એટલે શુદ્ધોપયોગ અને અભિમુખ પરિણામ કહેવામાં આવે. મોક્ષનો એ માર્ગ છે. મોક્ષ નામ પરમાનંદની પ્રાપ્તિ, એનો ઉપાય આ છે. એ સિવાય બીજો કોઈ ઉપાય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ વદ-૧૦, રવિવાર, તા. ૧૦-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૦, પ્રવચન નં. ૩૮૫ E

આ સમયસાર, જયસેનાચાર્યની ટીકા, ૩૨૦. અહીં સુધી આવ્યું છે. જે આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન છે તેને ઉપાદેય કરીને સ્વસન્મુખમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થાય તે મોક્ષનો માર્ગ છે, તે ધર્મ છે. એ ત્રણ ભાવે કહેવામાં આવે છે—ઉપશમ, ક્ષપોશમ અને ક્ષાયિક, આગમભાષાથી. એ પણ ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ એનો આશ્રય લઈને સંયોગી ચીજના નિમિત્તથી હઠી અને પર તરફના વલણવાળો રાગ છે શુભ-અશુભ એનાથી હઠી અને એક સમયની પર્યાય હમણા કહેશે ભિન્ન છે. ત્રિકાળી દ્રવ્યના પરિણામિક સ્વભાવથી એ પર્યાય ક્ષણિક જે મોક્ષનો માર્ગ છે... આહા..હા..! એ પણ ક્ષણિક છે અને વસ્તુથી ભિન્ન છે. પરમસ્વભાવભાવ એવો જે સમ્યગ્દર્શનનો જે વિષય... આહા..હા..! એનાથી એ જે પર્યાય ત્રણ ભાવે-ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવે કીધી આગમભાષાએ (તે ભિન્ન છે). અધ્યાત્મભાષાએ શુદ્ધ અભિમુખ, સન્મુખ કહો કે અભિમુખ.

ચૈતન્ય વસ્તુ છે આખી આનંદનો નાથ પ્રભુ એ વસ્તુની સન્મુખના-અભિમુખના (પરિણામ), પરથી વિમુખ અને સ્વથી સન્મુખ... આહા..હા..! એવા જે પરિણામ છે તેને અહીંયાં શુદ્ધોપયોગ કહ્યો, તેને મોક્ષમાર્ગ કહ્યો, તે શાંતિનું વેદન છે તેને અહીંયાં મોક્ષનો માર્ગ કહ્યો. આહા..હા..! શાંતિભાઈ! આહા..હા..! આવો માર્ગ હવે એને, હવે ઓલાએ લગાવી દીધું સમ્યગ્જ્ઞાન દિપીકાનું.

હવે ભાઈ સમ્યગ્જ્ઞાન દિપીકામાં એ તો ક્ષુલ્લકે લખ્યું છે અને તે પણ દૃષ્ટાંત દીધું છે એણે. કાંઈ પરની સાથે ભોગ એ તે કાંઈ ધર્મ છે? એ તે કાંઈ લાભદાયક છે? એ તો મહા નુકસાન છે. આહા..હા..! અહીંયાં તો પરની દયાનો ભાવ એ રાગ ને હિંસા છે, ભાઈ!

**શ્રોતા :—** આમ આપ કહો છો એનો જ એને વાંધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એને વાંધો હોય તો... આ તો એ હિંસા છે. અહીં તો ભોગનો રાગ એ તો મહાપાપ છે. આહા..હા..! એ તો એણે દૃષ્ટાંત દીધો છે કે ભાઈ જેને માથે ધણી છે અને એનાથી કોઈ ભૂલ થઈ ગઈ તો એ બહાર પ્રસિદ્ધમાં ન આવે એટલી વાત. એમ સમ્યગ્જ્ઞાનીને માથે ધણી આત્મા છે. પૂર્ણ આનંદ અને પૂર્ણ શુદ્ધસ્વરૂપ ધણી માથે છે. એને કોઈ પર્યાયમાં રાગાદિનો દોષ થાય તો એ બહાર પ્રસિદ્ધમાં ન આવે. એટલું સિદ્ધ કરવા દાખલો એણે આપ્યો છે. ત્યારે એ કહે કે સોનગઢવાળાએ કેમ એ છપાવ્યું? પણ પુસ્તક છે બ્રહ્મચારી દિગંબર ક્ષુલ્લક ધર્મદાસનું પુસ્તક છે, એ તો એનું લખાણ છે. આહા..હા..! અરે! જગતને સત્યને પંથે આવવું (બહુ દુર્લભ). આહા..હા..!

અહીં કહે છે કે જે આત્મા પુણ્ય અને પાપના અશુદ્ધભાવ એનાથી ભિન્ન પડેલું જે ચૈતન્યતત્ત્વ, શુદ્ધ સ્વભાવિક ચૈતન્યસ્વરૂપ એની પ્રતીતિ, એનું જ્ઞાન અને એનું અનુચરણ એ ત્રણ ભાવે કહેવામાં આવ્યું આગમથી. અધ્યાત્મથી શુદ્ધ અભિમુખ પરિણામ, શુદ્ધોપયોગ, શાંતિ, સ્વચ્છતા વગેરે-વગેરે નામોથી. ઘણાં નામો આપ્યા છેને ત્યાં. દ્રવ્યસંગ્રહ. દ્રવ્યસંગ્રહમાં ૬૫ નામ આપ્યા છે. મોક્ષમાર્ગના ૬૫ નામ દ્રવ્યસંગ્રહમાં. પણ એ બધા સ્વચૈતન્ય ભગવાન અને એના આશ્રયે-અવલંબે પ્રગટેલી ચીજ છે. એ અવલંબન કહેશે હમણા. શુદ્ધ પારિણામિકભાવને અવલંબનારી. વિશેષ છેને પછી આવશે. છોકરા મોડા આવ્યા પાંચ-છ મિનિટ. આજે રવિવાર છેને. સમજાણું કાંઈ?

હવે અહીં કહે છે '**તે પર્યાય,...**' કઈ પર્યાય? કે જે આત્મા દ્રવ્ય વસ્તુ શુદ્ધ ચૈતન્ય છે એની સન્મુખની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે પર્યાય, જેને શુદ્ધોપયોગ કહ્યો, શુદ્ધાત્માભિમુખ પરિણામ કહ્યા, આગમભાષાએ ત્રણ ભાવ કહ્યા તે પર્યાય. આહા..હા..! આવું છે, બાપુ! '**તે પર્યાય,...**' ત્યાં આવ્યું છેને? '**શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.**' આહા..હા..! દયા, દાનના વ્યવહારરત્નત્રયના પરિણામ તો મલિન છે, એનાથી તો પ્રભુ ભિન્ન છે, પણ જે મોક્ષનો માર્ગ છે એવા જે પરિણામ વીતરાગી પર્યાય—વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી સમ્યગ્જ્ઞાન, વીતરાગી અનુચરણ ચારિત્ર એ સ્વદ્રવ્યને અવલંબે પ્રગટેલી દશા. આવી વાત! તે દશા પણ ત્રિકાળી તત્ત્વથી કથંચિત્ ભિન્ન છે. આહા..હા..! કેમ? ઓલું રાગથી ભિન્ન છે એ તો કેમ કહેશે આગળ. એ તો દોષ છે, ઉદય બંધનું કારણ છે. સમજાણું કાંઈ? વ્યવહારત્નત્રય જે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, શાસ્ત્રનું જ્ઞાન, પંચમહાવ્રતના પરિણામ એ તો કર્મના ઉદયરૂપ ભાવ છે અને ઉદયભાવ તો

બંધનું કારણ છે, એ કાંઈ મોક્ષનું કારણ પણ નથી અને મોક્ષના માર્ગનું પણ કારણ નથી. સમજાણું કાંઈ? પણ અહીંયાં તો જે મોક્ષનો માર્ગ પૂર્ણ આનંદનો આત્મલાભ પ્રાપ્ત થાય તેનો જે ઉપાય શુદ્ધોપયોગ, સ્વસ્વભાવની સન્મુખનો પરમપવિત્ર શુદ્ધ વેપાર પર્યાય છે ઈ. શુદ્ધોપયોગ પણ પર્યાય છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે તે પરિણામ છે, એ પર્યાય છે. તો એ કહે છે કે '**તે પર્યાય, શુદ્ધપારિણામિકભાવલક્ષણ...**' પહેલાં આવ્યું હતું એ. '**શુદ્ધપારિણામિકભાવલક્ષણ નિજ-પરમાત્મદ્રવ્ય...**' આવ્યું હતુંને એમાં? સહજ. આહા..હા..! એવો જે શુદ્ધ પારિણામિક સ્વભાવ, 'પરિણામીભવઃ પારિણામિક' એમ કહ્યું છેને? શું પંડિતજી કાંઈક કરતા હતાને અર્થ? એટલે શું?

**શ્રોતા** :- ...હોનેવાલા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ કાંઈક સપ્તમી એવો શબ્દ છે એવો. સંસ્કૃતમાં છે. પરિણામે પારિણામિક કેમ કહ્યું? એમ છે, સંસ્કૃતમાં છે કાંઈક. એ કાંઈક બોલ્યા હતા પંડિતજી.

**શ્રોતા** :- પરિણામથી થનારો, પરિણામ દ્વારા થનારો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એટલું એ તો સીધો શબ્દ છે. કાંઈક બીજું છે અંદર. એમ કે આ પરિણામિકને પારિણામિક કેમ કહ્યું? એ કાંઈક છે ખરું ઓલા સંસ્કૃતમાં. પંચાસ્તિકાયમાં નહિ? પંચાસ્તિકાય. ઓલો પાંચ ભાવનો અધિકાર છેને?

એટલે અહીંયાં ત્રિકાળી સહજસ્વરૂપ પ્રભુ જે કાંઈ બદલતું નથી, પલટતું નથી એવી જે ચીજ છે ધ્રુવ તેને અહીંયાં શુદ્ધ પારિણામિક સ્વભાવભાવ કહેવામાં આવે છે. આહા..હા..! આ ભાષા જુદી, ભાવ જુદાં. એવો જે શુદ્ધ સ્વભાવ પારિણામિક સહજસ્વરૂપ. ઓલા પાંચ ભાવ વર્ણવ્યા છેને ત્યાં વર્ણન કર્યું છે કે ઉદય છે એ તો એમાં કર્મના નિમિત્તનો ઉદયભાવ છે તે વિકાર છે, એ તો બંધનું કારણ છે. ઉપશમ છે એ કર્મના અણુદયરૂપ દશા છે પવિત્ર, પણ હજી અંદર સત્તા પડી છે એને ઉપશમ કહીએ. ક્ષયોપશમ મિશ્ર કહીએ, કાંઈક નિર્મળ છે અને કાંઈક મલિનતાનો અંશ છે અને ક્ષાયિકમાં કર્મના અભાવની અપેક્ષા આવે છે એથી એને ક્ષાયિક કહેવામાં આવે છે, પણ ખરેખર તો એ કર્મના અપેક્ષા વિનાનો એ ક્ષાયિકભાવ છે. તો પછી જે ત્રિકાળી સ્વભાવ છે એને તો કોઈ અપેક્ષા (નથી). આને તો નિમિત્તનો અભાવ છે એટલી અપેક્ષા પણ લાગુ પડી ક્ષાયિકને અને ત્રિકાળી જે વસ્તુ છે ધ્રુવ ચિદાનંદ પ્રભુ પોતે નિત્યાનંદ સહજાનંદ ધ્રુવ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ એને તો કર્મના નિમિત્તની હયાતી પણ લાગુ પડતી નથી, એનો તો અભાવ પણ ત્યાં લાગુ પડતો નથી. એ તો સહજસ્વરૂપ ત્રિકાળ છે. આહા..હા..! કહો, હવે જયંતિભાઈ! શું આ બધા ઈચ્છામી પડિકમણા ઈરિયા વરિયા ક્યાં ગયા તમારે બધા? ઈચ્છામી પડિકમા ઈરિયા વરિયા મિચ્છામી દુક્કડમ, જાવ. તસ્સુઉતરી કરણેણં તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં. થઈ ગયો કાયોત્સર્ગ. અરે! પ્રભુ મારગડા જુદાં ભાઈ! આહા..હા..! તારી ચીજ અંદર પડી છેને. એ આનંદનું દળ છે, જ્ઞાયકનો કંદ

છે, સહજાનંદ પરમાત્મદ્રવ્ય છે એ. આહા..હા..!

જે સહજ સ્વરૂપ ત્રિકાળ છે એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનની પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આમ તો એક ઠેકાણે કહ્યું છે ઓલામાં જ્ઞાનપ્રધાન સર્વવિશુદ્ધમાં. જ્ઞાન-જ્ઞેયની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. ભાઈ! સર્વવિશુદ્ધમાં આવે છે. જ્ઞાયક અને જ્ઞેય એ તો જ્ઞેયને જાણે છેને અંદર? એટલે જ્ઞાયક અને જ્ઞેયની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન એમ લીધું છે ત્યાં. પ્રવચનસાર, સર્વવિશુદ્ધ અધિકાર. પણ એનો અર્થ અંદર જે જ્ઞેય છે એ જાણ્યું છે અને એ જાણનારો પણ એનાથી અધિકગુણો વિશેષ છે એવો જે આત્મા એની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. આહા..હા..! એવું જે સમ્યગ્દર્શન જે અનંતકાળમાં એક સેકન્ડમાત્ર પણ જે થયું નથી, કર્યું નથી એ થયું છે તે પર્યાય પણ ત્રિકાળી ધ્રુવથી ભિન્ન છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? રસિકભાઈ! આવો માર્ગ! ક્યાંથી ક્યાંથી ક્યાં લઈ ગયા? બાપુ! મારગડા એવા છે તારા. ભગવાન પરમાત્મદ્રવ્ય છે આત્મા. આહા..હા..! બધા આત્માઓ એને શરીરની અવસ્થાથી એને ન જો. એને રાગની અવસ્થાથી એને ન જો. એને નિર્મળ અવસ્થાથી પણ એને ન જો. એ નિર્મળ અવસ્થા ત્યાં છે એમ એનાથી ન જો. નિર્મળ અવસ્થાથી જો, પણ નિર્મળ અવસ્થા એમાં છે એમ ન જો. આહા..હા..! આવો માર્ગ એટલે લોકોને લાગે હોં! સાંભળ્યું ન હોય એટલે બીજાને એવું લાગે આ નવો માર્ગ કાઢ્યો.

**શ્રોતા :-** એને ખબર નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબર નથી, બાપુ! ભાઈ! આહા..હા..! શું ચાલે છે? શું રીત છે? ભાઈ! અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ જન્મ-મરણના અંતની વાતું જે કહે છે એ કોઈ અપૂર્વ છે. આહા..હા..! પૂર્વે કદી કર્યો નથી. પંચમહાવ્રતાદિ અનંતવાર પાળ્યા, દિગંબર સાધુ નગ્નમુનિ અનંતવાર થયો, પણ એ વસ્તુ અંદર શું છે? એક સમયની દશાની પાછળ આખું તત્ત્વ છે. એની રમતું બધી એક સમયની પર્યાયમાં રમ્યો, પણ રામ આત્મરામ અંદર ભગવાન બિરાજે છે પોતે આહા..હા..! એના આત્મરામમાં રમણતા ન કરી એણે. આહા..હા..! રમખાણ માંડી એણે પુણ્ય અને પાપના ભાવની. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો એમ કહે છે પ્રભુ હવે... આહા..હા..! આ ગાથાનો આ ભાવ બહુ, અહીં વંચાયને અને પ્રેમ બહુને આ ભાવમાં એટલે બંસીધરજી પાસે વાત ગઈ પંડિતમાં. પંડિત ઈન્દોરવાળા ગુજરી ગયાને? કે આ વાત જયસેનાચાર્યની ટીકાની કેમ? હં એમને લાઈનની પ્રસન્નતા પડી માટે. નહિતર જયસેનાચાર્યની ટીકામાં તો વ્યવહારથી નિશ્ચય થાય એવું બધું ઘણું છે. આવે છેને. આહા..હા..! આ પાસ કેમ કરી ૩૨૦? એમને અનુકૂળ છે માટે. અરે! બાપુ! માર્ગ જ આ છે, ભાઈ! આહા..હા..!

અહીં તો એમ કહે છે કે જેટલો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ, પંચપરમેષ્ઠીની યાદગીરી કરવી એ બધો રાગ ને વિકલ્પ છે. આહા..હા..! એ ઉદયભાવ છે,

એ બંધનું કારણ છે અને આ ત્રણ ભાવ એનાથી રહિત એટલે શુદ્ધોપયોગ. આહા..હા..! એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકને શુદ્ધોપયોગ કહ્યો એક ભાષાએ અધ્યાત્મની. આહા..હા..! એ શુદ્ધોપયોગ જે આનંદની દશાનું વેદન એ પણ ત્રિકાળી ચીજથી કોઈ અપેક્ષાએ એટલે ત્રિકાળ ટકતું નથી એ અપેક્ષાએ ભિન્ન છે. આવો માર્ગ હવે. આવું કહે છે ભાષા.

આમ તો લીધું છે આપણે સંવર અધિકારમાં નથી આવ્યું? કે પુણ્ય-પાપના ભાવ એટલે કે જેટલો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ અને રાગ છે તેનો ભાવ ક્ષેત્રથી ભિન્ન છે. ભાવ તો ભિન્ન છે, પણ એના પ્રદેશો ભિન્ન છે એમ કહ્યું ત્યાં. આહા..હા..! કેમકે જે પ્રભુ આનંદનું દળ છે એમાંથી વિકાર ઉત્પન્ન થતો નથી. એની છેલ્લી દશાના અસંખ્ય પ્રદેશના છેલ્લા અંશ છે ત્યાંથી વિકાર ઉત્પન્ન થાય એટલે એટલું ક્ષેત્ર ત્રિકાળી ક્ષેત્રથી ભિન્ન ગણ્યું છે. છે તો એ ક્ષેત્રનો અંશ ત્રિકાળીનો. આહા..હા..! અસંખ્યપ્રદેશી પ્રભુ અનંતગુણનું ધામ એમાં પણ જેટલા દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ ઉઠે છે એ સ્વભાવથી તો ભિન્ન છે, પણ ક્ષેત્રથી ભિન્ન છે. આહા..હા..! એને વસ્તુ કીધી છે. એક વસ્તુની બીજી વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને ચિદ્‌વિલાસમાં તો એ લીધું ૧૦૧-૧૦૨ ગાથાની શૈલીએ. ભાઈ! પર્યાય પર્યાયને લઈને છે, પર્યાય દ્રવ્યને લઈને નહિ. મોક્ષનો માર્ગ જે છે એ પર્યાય છે. એ પર્યાયનો કર્તા પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું દાન દીધું એ પર્યાય, પર્યાયમાંથી પર્યાય થઈ અને પર્યાયના આધારે પર્યાય થઈ. કહો, દેવીલાલજી! આવો માર્ગ, ભાઈ! આ વીતરાગમાર્ગ હશે આવો કે આ તે જૈનધર્મ હશે આવો? ભાઈ! જૈનધર્મ બાપુ! પ્રભુના માર્ગ છે શુરાના એ કાયરના ત્યાં કામ નથી. આહા..હા..!

જ્ઞાન અને ભાન હોવા પછી પણ અશુભભાવ આર્તધ્યાન, રૌદ્રધ્યાન હોય છે. સમજાય છે? વિષય-ભોગ હોય છે, પણ બાપુ એને નબળાઈ છે એને દુઃખરૂપ દેખે છે, એમાં મજા છે એમ ધર્મી જાણતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ તો કહે છે કે એ સ્વરૂપમાં મજા છે એવું ભાન થયું, રાગમાં મજા છે અને નિમિત્તમાં મજા છે એ તો દૃષ્ટિ છૂટી ગઈ, એવો જે આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ, નિજપરમાત્મદ્રવ્ય જેને અહીંયાં શુદ્ધ પારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્ય કીધું. એનાથી મોક્ષનો સત્ય નિશ્ચય સાચો માર્ગ એ પર્યાય એ ત્રિકાળ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. કારણ કે ત્રિકાળી દ્રવ્ય કાયમ ટકતું છે અને આ એક ક્ષણિકની અવસ્થા છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! છે ત્યાં મુંબઈમાં કાંઈ સાંભળવું? હોંગકોંગમાં છે? પૈસા પેદા બહુ થાયને ત્યાં લ્યો. કોને કહેવી પેદાશ, બાપુ! આહા..હા..! એ તો ખોટના ધંધા છે. બે-પાંચ લાખ મળ્યા ને એમાંથી આ કર્યું એ બધા પરિણામ ખોટના ધંધા છે, ભાઈ! આહા..હા..! આ તો લાભનો ધંધો પ્રગટ કર્યો કહે છે.

ભગવાન આત્મા જ્યાં બધી સંપદા પડી છે અંદર. રાગાદિ તો વિપદા છે. અને પર્યાયમાં પણ છે એ ક્ષણિક સંપદા છે, મોક્ષમાર્ગની એ ક્ષણિક છે. પણ જ્યાં પૂરી સંપદા પડી

છે નિત્યાનંદ પ્રભુ એવો જે શુદ્ધ પારિણામિકલક્ષણ શુદ્ધાત્મદ્રવ્ય. આવી ભાષા હવે. આહા..! એનાથી કથંચિત્ (ભિન્ન) તે પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય, આનંદના લાભની પર્યાય. આહા..હા..! જે પર્યાયથી મોક્ષપર્યાય મળે એ પણ વ્યવહાર. એ મોક્ષની પર્યાય વખતે પર્યાય સ્વતંત્ર પોતે પોતાથી પ્રાપ્ત કરે છે. એ મોક્ષના માર્ગને કારણે મોક્ષની પર્યાય થાય એ પણ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વ્યવહાર પાછો આ તમારો વ્યવહાર એ વ્યવહાર નહિ. એ ઓલી એક ફેરી અહીં વાત ચાલતી હતીને વ્યવહારની. ત્યારે મંગળભાઈ આવ્યા હતા. આ જયસંગભાઈના દીકરા મિલમાલિક નહિ? મંગળભાઈ. જયસંગ ઉજમશી. તે દિ' તો થોડા પૈસા હતા ૭૦ લાખ કે ૬૦. અત્યારે ૮-૧૦ કરોડ. અહીં આવ્યા. મોટા આવે તો ખરા સાંભળવા, પણ આ વાત બેસે નહિ. મહારાજ! તમે વ્યવહાર-વ્યવહાર કરો છોને પછી અમારે રોગ આવે તો દવા ન કરાવવી? અરેરે! અરે! મંગળભાઈ! આ તમે (શું કહો છો)? મીલના માલિક. દાસ છે કે નહિ? આ દાસ. આ દાસનો મીલ. એ ભાવનગર. ભાવનગરનું મીલ છે એ એનું છેને. મંગળદાસ. હમણા શાંતિભાઈ ગુજરી ગયા નહિ? સાંભળ્યું હતું. કાગળ આવ્યો હતો. એના દીકરાનો કાગળ આવ્યો હતો અહીં. અમારા પિતાશ્રી ગુજરી ગયા છે આપને સમાચાર આપવા... એમ લખ્યું હતું. શાંતિભાઈનો દીકરા આવ્યો હતો. આવ્યા હતા શાંતિભાઈ અહીંયા આવ્યા હતા એક ફેરી. ૮-૧૦ કરોડ રૂપિયા એટલે બિચારાને અને મોટા એટલે મોઢા આગળ બેસાડે. આહા..હા..!

એ તો શેઠને કહ્યું હતું મેં કીધુંને. શાહુજી. ૪૦ કરોડ. ફતેહપુર આવ્યા હતા. જ્યારે એકલા આવ્યા અને બેઠા હતા. મેં કીધું, અરે! શેઠ! આ મોટપમાં દિવસ જાય છે, ભાઈ! આ સમય અમૂલ્ય છે. જ્યાં-ત્યાં મોટપ કરીને પૈસાવાળાને મોઢા આગળ બેસાડે. પૈસા મળે એમ ધારીને. પણ મોટા છે અને અમારી સભાની શોભા, સભાના પ્રમુખ છે. આમાં ને આમાં વખત જાય છે તમારો કીધું, ભાઈ! બિચારા નરમ માણસ છે. સાચી વાત, મહારાજ! આવ્યા હતાને હમણાં. ચાલીસ કરોડ રૂપિયા. આંકડા ગણવા છેને. આહા..હા..! ધૂળ છે એમાં આત્મા ક્યાં હતો? આહા..હા..! એ મારા છે એ માન્યતા જ મિથ્યાત્વ છે. જડ ચીજ એ ચૈતન્યની? અરે! અહીં તો રાગ છે એ મારો છે એ માન્યતા મિથ્યાત્વની (છે એમ કહે છે). આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે મોક્ષના માર્ગની પર્યાય... આહા..હા..! જે અતીન્દ્રિય આનંદનો સ્વાદ, અપૂર્ણ સ્વાદ. માર્ગ છેને. પૂર્ણ સ્વાદ મોક્ષ. અતીન્દ્રિય આનંદનો પૂર્ણ સ્વાદ તે મોક્ષ, અપૂર્ણ આનંદનો સ્વાદ તે મોક્ષનો માર્ગ એ પર્યાય છે. આહા..હા..! હવે દ્રવ્ય શું ને ગુણ શું ને પર્યાય શું? જયંતિભાઈ! તે દિ' સાંભળ્યું હતું ત્યાં? હાંકે રાખ્યા ગાડા થઈ રહ્યું. અમે અગ્રેસર મોઢા આગળ. આહા..હા..! જિનવરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એમ ફરમાવે છે, પ્રભુ! એ વ્યવહારના વિકલ્પનો વ્યવહારરત્નત્રય તો કથનમાત્ર મોક્ષનો માર્ગ કહેવામાત્ર છે, પણ સાચો

મોક્ષમાર્ગ જે અંદર પ્રગટ્યો... આહા..હા..! એ મોક્ષમાર્ગ પણ ત્રિકાળી શુદ્ધ પારિણામિકભાવથી ભિન્ન છે, કથંચિત્ ભિન્ન છે. એનો કાળ એક સમય છે, વસ્તુ છે ત્રિકાળી છે. આહા..હા..!

**શ્રોતા :-** કોઈ અપેક્ષાએ સર્વથા ભિન્ન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સર્વથા ભિન્ન પણ કીધી છે, પણ અહીં તો જરી કથંચિત્ ભિન્ન લીધી. ભાઈએ સર્વથા ભિન્ન કીધી છે. ખબર છે. સર્વથા ભિન્ન જ છે ખરેખર, પણ અપેક્ષા અહીંથી રાખીને થોડી (વાત કરી છે). આહા..હા..!

આ પહેલી લીટીનો અર્થ છે આટલો. '**તે પર્યાય,...**' એટલે કે મોક્ષના માર્ગની નિશ્ચય અવસ્થા, વીતરાગી પર્યાય, જેને કારણે મોક્ષ થાય એમ વ્યવહારે કહેવાય એવી જે પર્યાય. પંડિતજી! આહા..હા..! '**શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્ય...**' વસ્તુ જે શુદ્ધ આત્મદ્રવ્ય તત્ત્વ આખું એ શુદ્ધપારિણામિકભાવલક્ષણ જેનું એવી શુદ્ધ વસ્તુ ત્રિકાળ. આહા..હા..! એનાથી મોક્ષમાર્ગની પર્યાય શુદ્ધોપયોગ પણ કથંચિત્ ભિન્ન છે. આહા..હા..! કેમકે સમ્યગ્દર્શનની પર્યાય પણ કથંચિત્ ભિન્ન છે. પર્યાય છેને? અને સમ્યગ્દર્શનની પર્યાય પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહા..હા..! છે પર્યાય સમ્યગ્દર્શન, પણ એનો વિષય ધ્રુવ ત્રિકાળ છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે. આહા..હા..! છતી ચીજ સચ્ચિદાનંદ પ્રભુ એનો એ વિષય છે, એ વિષયી જે પર્યાય છે એ વિષયથી ત્રિકાળી ચીજથી કથંચિત્ જુદી છે. આહા..હા..!

'**શા માટે?**' કારણ શું પણ? તમે કથંચિત્ ભિન્ન કહ્યું એનું કારણ? એમને એમ કથંચિત્ ભિન્ન કીધી, પણ એનો કોઈ હેતુ-કારણ છે? '**શા માટે? ભાવનારૂપ હોવાથી.**' ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એનો જે મોક્ષમાર્ગનો પર્યાય તે વર્તમાન ભાવનારૂપ છે, એ ત્રિકાળીભાવરૂપ નથી. આહા..હા..! એમાં વળી આ બાયડી-છોકરાને બધાને વળગ્યા. આહા..હા..! મકાન મોટા આ મારા, આમાં આમ રાખવું, અહીં બારી કરવી, ત્યાંથી હવા આમ આવે, આમ થાય ને તેમ થાય. આહા..હા..! ક્યાં સલવાણો? બહુ દૂરમાં ચાલ્યો ગયો, ભાઈ! અહીં તો કહે છે કે મોક્ષમાર્ગની પર્યાય પણ ત્રિકાળીથી કથંચિત્ ભિન્ન છે. કેમ? કે એ ભાવનારૂપ હોવાથી. એ તો વર્તમાન ભાવનારૂપ છે, એ ત્રિકાળીભાવરૂપ નથી. ત્રિકાળી પારિણામિકને પણ ભાવ કહીએ, પારિણામિક કહીએ, ધ્રુવ કહીએ, નિત્ય કહીએ, સદશ્ય કહીએ અને આ પર્યાય છે તે વિસદશ્ય છે. કેમકે ઉત્પન્ન-વ્યય છે. મોક્ષનો માર્ગ પણ ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થયો તે બીજે સમયે વ્યય, બીજે સમયે થયો તે ત્રીજે સમયે વ્યય. આહા..હા..! આવું!

'**શા માટે? ભાવનારૂપ હોવાથી.**' ઓલી અનિત્ય આદિ બાર ભાવના છે એ તો હજી વિકલ્પરૂપ પણ છે અને પછી નિર્વિકલ્પમાં ગણે તો ત્યાં પણ છે અંદર. આ ભાવના છે. ભાવ જે ત્રિકાળી ભગવાન... આહા..હા..! એની સન્મુખ થઈને પ્રગટેલી દશા છે. ભાવનારૂપ છે, ત્રિકાળી ભાવરૂપ નથી. આહા..હા..! '**શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી.**'

આહા..હા..! શુદ્ધ પારિણામિક સ્વભાવ,.. ભાષાના અંદર ભાવને એણે પકડવો જોઈએ. ભાષા તો ભાષા છે, એ તો વાચક એમાં કાંઈ... આહા..હા..! '**શુદ્ધપારિણામિક (ભાવ)...**' ત્રિકાળી સ્વભાવ નિત્યાનંદ પ્રભુ એ ભાવનારૂપ નથી, એ વર્તમાન પર્યાયરૂપ નથી એમ કહે છે. આહા..હા..! હવે એને ઠેકાણે અહીં તો દયા, દાન, વ્રત, વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય. અરે! પ્રભુ! શું કહે છે તું આ? આહા..હા..! એ માર્ગનો ભાઈ વિરોધ કરે છે, ભાઈ! તને સત્ય નહિ મળે, અસત્ય મળશે રાગના ભાવમાં. અસત્ય છે ઈ. ત્રિકાળની અપેક્ષા પર્યાય જ્યાં અસત્ય અને ભિન્ન તો રાગની, વિકલ્પની દશાની મલિતાની દશાનું શું કહેવું? આ તો આનંદ છે. રાગ થાય છે એ દુઃખ છે. ચાહે તો શુભરાગ હો, પણ છે દુઃખ. તો એ તો બંધનું કારણ છે, પણ અહીં તો મોક્ષના કારણરૂપે અબંધ પરિણામ જે છે એ ભાવનારૂપ છે, ત્રિકાળી શુદ્ધ પારિણામિક તે ભાવનારૂપ નથી. એ તો ભાવ છે. છે.. છે.. છે.. એમ. આહા..હા..! અરે! આ બાળક આઠ-આઠ વર્ષના બાળકો કેવળજ્ઞાન પામતા, પ્રભુ! આહા..હા..! એને અવસ્થા કાંઈ નડતી નથી. આહા..હા..! ચક્રવર્તીના પુત્રો, તીર્થંકરના પુત્રો.

**શ્રોતા :-** .. મોટા વંશના પુત્રો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો મોટાની વાત કરીએ. બાકી ગરીબના દિકરાઓ આઠ-આઠ વર્ષના કઠિયારા ભારા વેચીને આજીવિકા કરનારા એના દીકરા આઠ-આઠ વર્ષના, પણ ચૈતન્યરત્નને જ્યાં પામ્યો અંદર, એને શુદ્ધની ખોળ કરવા એ વનમાં ચાલ્યા ગયા. આહા..હા..! એ ઝૂંપડા છોડીને વનમાં ગયા, ઓલા મહેલ છોડીને વનમાં ગયા. આહા..હા..! જ્યાં માણસનો પગરવ નથી ત્યાં એકાંતમાં આત્માના ધ્યાન માટે ચાલ્યા ગયા. આહા..હા..! માણસ તો નથી, પણ પગે ચાલતા માણસ, પગરવ આમ થાય, આમ અવાજ થાયને. રવ એટલે અવાજ. પગરવ-પગનો અવાજ થાય. આપણે ભાઈ આવે છેને તો ખાસડા બહુ ઢસડાય છે. જગજીવનભાઈ. શરીર ઓલું પડી ગયું છેને એટલે આમ જોડા ઢસડાય છે હેઠે. અવાજ અંદર આવે ત્યાં સ્વાધ્યાય મંદિરમાંથી નીકળે ત્યારે. જગજીવનભાઈ નીકળ્યા. આ ધર્મચંદભાઈના બાપ. શરીર એવું થાય ત્યાં... આહા..હા..! અહીં કહે છે એ ચીજ તો ક્યાંય દૂર રહી ગઈ, રાગ પણ ક્યાંય દૂર રહી ગયો, પણ મોક્ષના માર્ગ પણ પરમપારિણામિકભાવથી ભાવનારૂપ હોવાથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

'**શુદ્ધ પારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી. જો (તે પર્યાય) એકાંતે શુદ્ધ પારિણામિકથી અભિન્ન હોય,...**' આહા..હા..! ક્યાં જાવું છે એને કેટલે સ્થાને ઓળંગીને. આહા..હા..! '**જો (તે પર્યાય) એકાંતે શુદ્ધ પારિણામિકથી અભિન્ન હોય,...**' મોક્ષનો માર્ગ જે સત્ય એવી જે વીતરાગી શુદ્ધોપયોગ પર્યાય એ જો શુદ્ધ પારિણામિકભાવથી એકમેક હોય, '**તો મોક્ષનો પ્રસંગ બનતા...**' આત્માને જ્યારે મોક્ષની પર્યાય પ્રગટ થતાં '**આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાય)નો વિનાશ થતો હોવાથી...**' આહા..હા..! મોક્ષદશા

(એટલે) પૂર્ણ આનંદનો લાભ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ.' આવે છેને શ્રીમદ્‌માં. આહા..હા..! પૂર્ણ શુદ્ધ આનંદ જ્ઞાનની પ્રાપ્તિ એનું નામ મોક્ષ. હવે કહે છે કે પૂર્ણ શુદ્ધની પ્રાપ્તિ મોક્ષકાળે, જો આ ભાવના પારિણામિકસ્વરૂપી હોય તો આનો તો નાશ થાય છે. પારિણામિકભાવની સાથે અભિન્ન હોય, એકમેક હોય તો મોક્ષના માર્ગની પર્યાયનો નાશ થાય છે, તો નાશ થતાં પારિણામિકભાવનો નાશ થવો જોઈએ. ન્યાયથી તો વાત છે, લોજિકથી વાત છે. આહા..હા..! આ ઝઘડે કાંઈ પાર આવે એવું નથી. વાદવિવાદે (પાર) આવે એવું નથી. આહા..હા..! બાહ્યના આગ્રહીઓને આ ભારે વાત, એને આકરું લાગે બિચારાને. સાંભળવા મળી ન હોય અને સાંભળવા મળે ત્યારે (કહે) એ તો એકાંત છે... એકાંત છે... એકાંત છે. વાત સાચી. સમ્યક્ એકાંત છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જો એ શુદ્ધ પારિણામિકથી અભિન્ન હોય, ત્રિકાળી વસ્તુથી જો એ પર્યાય એકમેક હોય મોક્ષમાર્ગની, તો મોક્ષ થતાં એ પર્યાયનો તો નાશ થાય છે. કેવળજ્ઞાનને પણ નાશવાન કહ્યું છેને? નિયમસાર શુદ્ધભાવ અધિકાર. આઠેય તત્ત્વો નાશવાન છે. જીવની એક સમયની પર્યાય, અજીવનું જ્ઞાન એક સમયનું, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ બધા નાશવાન છે. ગજબ વાત છે! શરીર નાશવાન, કુટુંબ નાશવાન, પૈસા નાશવાન, રાગ નાશવાન. અહીં તો સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય નાશવાન, કેવળજ્ઞાનની પર્યાય નાશવાન. કેમકે તે પર્યાય એક સમયની મુદ્દતની છે. આહા..હા..! કેવળજ્ઞાન બીજે સમયે થાય એ બીજી જાતનું નહિ, જાત એ જ, પણ એ નહિ, બીજું થાય. પહેલે સમયે કેવળજ્ઞાન છે તે બીજે સમયે ન રહી શકે. કેમકે એક સમયની મુદ્દતવાળી વિનાશિક ચીજ છે. આહા..હા..! અને ભગવાન અંદર નિત્યાનંદ પ્રભુ કાયમ રહેનાર છે અનાદિ-અનંત.

આ વસ્તુસ્થિતિ છે. આહા..હા..! જ્યારે પંચાસ્તિકાયમાં એમ કહે પર્યાય વિજુત્તં દ્રવ્ય ન હોય—પર્યાયરહિત દ્રવ્ય હોય નહિ. ત્યાં તો એનું અસ્તિકાય સિદ્ધ કરવું છે પરથી ભિન્ન. આવે છેને? ભાઈ! પર્યાયરહિત દ્રવ્ય નહિ અને દ્રવ્યરહિત પર્યાય નહિ. એ તો પરથી ભિન્ન અને એનું અસ્તિત્વ ભિન્ન છે, તો દ્રવ્યની પર્યાય દ્રવ્ય વિના ન હોય અને પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. અહીં એમ કીધું છે પર્યાય વિનાનું દ્રવ્ય, પણ એ પર્યાય કથંચિત્ ભિન્ન એક સમયની દશાવાળી છે માટે તેનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? અને પર્યાયનું જોવું એ જ વ્યવહારનય છે. ચાહે તો કેવળજ્ઞાનની પર્યાય હોય એને જોવું વ્યવહારનયે એ પણ વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાનનો પર્યાય પણ વ્યવહારનયનો (વિષય છે). કેવળજ્ઞાનીને નહિ. એને તો (પૂર્ણ) થઈ ગયું. પણ નીચે જ્યાં શ્રુતજ્ઞાની છે એને કેવળજ્ઞાન પણ વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! ભેદ છેને પર્યાય.

તો અહીં કહે છે, આ ભગવાન આત્માનો અંદર જે શુદ્ધ ચૈતન્ય એનો જે સન્મુખનો શુદ્ધોપયોગ એ ભાવનારૂપ હોવાથી, ચૈતન્યના ત્રિકાળી દ્રવ્યસ્વભાવથી અભિન્ન જો હોય તો

મોક્ષ થતાં એ પર્યાય નાશ થાય છે, તો એ શુદ્ધ પારિણામિક (સાથે) એકમેક હોય તો એ શુદ્ધ પારિણામિકનો નાશ થાય. આવી વાતું હવે આ એટલે માણસને.. આ તો અંતરના ખપીની વાતું છે, બાપુ! આહા..હા..! જેને સત્ય શોધવું હોય તો એ અંદરમાં છે. શોધનારની પર્યાય પણ સત્‌થી ભિન્ન છે કહે છે. આહા..હા..! શેના અભિમાન કરવા? ભાઈ! કોને અધિકપણે માનવો? 'પર્યાયથી અધિક છું' એમ માનવું એ પણ દ્રવ્યનું અધિકપણું પૂર્ણ ભિન્ન છે એ રહી જાય છે. '**णाणसहावाधियं मुणदि आदं**' એમ આવે છેને? એ ત્રિકાળ. ૩૧મી ગાથા. જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે, એ અધિક છે એટલે પર્યાયથી અને રાગથી પણ ભિન્ન છે. '**णाणसहावाधियं मुणदि**' જાણે છે જ્ઞાન. આહા..હા..! એવો જે ભાવનારૂપ મોક્ષનો માર્ગ સાચો એ તો ભાવના છે એ ત્રિકાળી ભાવરૂપ નથી. આહા..હા..! હા, ત્રિકાળી ભાવને લક્ષે થયેલી વાત છે, પણ તેનો ભાવ ત્રિકાળી અને ભાવના બે ચીજ એક નથી. એક હોય તો ભાવનાનો નાશ થઈને મોક્ષ થાય, તો અભિન્ન જો આત્મા પારિણામિક સ્વભાવ સાથે પર્યાય અભિન્ન હોય તો આ નાશ થતાં પારિણામિકનો નાશ થઈ જાય.

'**મોક્ષનો પ્રસંગ બનતા...**' પ્રસંગ બનતા, ભાષા છે? આહા..હા..! મોક્ષની પર્યાયનો પ્રસંગ, પર્યાયની પ્રાપ્તિ થતાં '**આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાય)નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે,...**' આહા..હા..! આવું સૂક્ષ્મ છે. ભાઈ! માર્ગ તો સૂક્ષ્મ છેને. ભગવાન છે આત્મા એ શુભ વિકલ્પથી પણ જણાય એવો નથી. એ તો પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જણાય એવી ચીજ છે, પણ એ પ્રત્યક્ષ જણાય એવો પર્યાય પણ જણાય છે જે ચીજને લીધે એનાથી ભિન્ન છે. આહા..હા..! આ શું કહે છે આ? '**મોક્ષકારણભૂત (પર્યાય)નો વિનાશ થતાં...**' એટલે? કે શુદ્ધ સ્વભાવ નિત્ય પ્રભુ એનાથી મોક્ષમાર્ગની પર્યાય એકમેક હોય, અભિન્ન હોય તો મોક્ષનો પ્રસંગ બનતા. આહા..હા..! આઠ-આઠ વર્ષના રાજકુમારો કે આઠ-આઠ વર્ષના કઠિયારાના દીકરાઓ. આહા..હા..! એ આનંદની મોજુ માણવા માટે જંગલમાં ચાલ્યા જતા. આહા..હા..! એવી જે મોક્ષમાર્ગની પર્યાય. આહા..હા..! એ પણ શુદ્ધ પારિણામિકભાવથી ભિન્ન છે. અભિન્ન હોય તો મોક્ષપ્રસંગ થતાં, પર્યાયનો નાશ થતાં અભિન્ન હોય તો દ્રવ્યનો પણ નાશ થઈ જાય ભેગો. આહા..હા..! આવું ક્યારે સમજે અને ક્યારે જાય? આહા..હા..! બાપુ! સમજવું પડશે, ભાઈ! દુઃખીના દાળિયા છે ભાઈ! આહા..હા..! અહીં અબજોપતિ માણસ હોય, કરોડોના બંગલામાં બેઠો હોય, અરેરે! એ દેહ છૂટે અને એ બકરીને કૂંખે જાય. આહા..હા..! અને જન્મે ત્યાં પછી બેં.. બેં.. બેં.. કરે. આહા..હા..! આ બકરીના બચ્ચા હોય છેને. બેં..બેં.. કર્યા કરે. આહા..હા..! ખબર નથી હું ક્યાં હતો? અને આ શું દશા થઈ? વિચાર પણ એને ક્યાંથી આવે? આહા..હા..!

'**આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાય)...**' આહા..હા..! વળી અહીં કહે છે કે મોક્ષના કારણરૂપ પર્યાય. હવે એક બાજુ કહે કે મોક્ષની પર્યાય પણ મોક્ષના કારણરૂપથી

પ્રગટતી નથી. કારણ કે તે સમયની કેવળજ્ઞાન મોક્ષની પર્યાય ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર ઉત્પન્ન થાય છે, પૂર્વના મોક્ષમાર્ગની પર્યાયને કારણે આ ઉત્પન્ન થઈ છે એવી અપેક્ષા નથી. રતિભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! અહીં તો એને સમજાવવું છે કે એનો મોક્ષ છે એના પહેલાં આ માર્ગ હતો અને એ માર્ગ હતો એ ત્રિકાળી ચીજથી એક નથી, ભિન્ન છે. જો અભિન્ન હોય તો મોક્ષની પર્યાય થતાં આ પર્યાય રહેતી નથી અને અભિન્ન હોય તો વસ્તુ પણ ન રહે, નાશ થઈ જાય. આહા..હા..!

'**શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે,...**' પણ છેને? જેમ મોક્ષ થતાં મોક્ષના માર્ગની પર્યાય પણ નાશ થાય, તેમ આત્માનો પણ, શુદ્ધપારિણામિકનો પણ નાશ થાય. એમ કહ્યુંને પણ. '**પણ એમ તો બનતું નથી...**' આહા..હા..! એમ તો બનતું નથી. સત્ પ્રભુ છે એ ક્યાં જાય? ક્યાં થાય? આહા..હા..! સદશ્યરૂપ સ્વભાવ જે અવિરુદ્ધ સ્વભાવભાવ. ઉત્પાદ-વ્યય તો વિરુદ્ધ સ્વભાવ છે, વિસદશ્ય છે. કેમકે ઊપજવું-વ્યય થવું, ઊપજવું-વ્યય થવું. એક સમયમાં ઊપજે, બીજે સમયે વ્યય થાય. વસ્તુ છે એ તો ત્રિકાળી છે. આહા..હા..! એ કહેશે આગળ. એવા મોક્ષના માર્ગની પર્યાયમાં આત્મા ઊપજતો નથી. આહા..હા..! મોક્ષની પર્યાયપણે ઊપજતો નથી. આહા..હા..! મોક્ષના માર્ગની પર્યાયના અભાવપણે પણ ઊપજતો નથી. અરે! બાપુ! મારગડા તો એવા હોય, ભાઈ! આહા..હા..! અરે! એને દુઃખી છે એની ખબર ક્યાં છે? દુઃખ શું છે અને ક્યાં દુઃખી છું એની ખબર ક્યાં છે? આહા..હા..! ઓલો દાખલો આપ્યો છેને વનમાં. વનમાં પંખીઓ બળે છે. તો એક માણસ ઝાડ ઉપર બેઠો છે અને ચારે કોર વન સળગ્યું છે. એ જાણે કે હું તો ક્યાં બળું છું. પણ બાપા આ બધુ સળગે છે એ હમણા આવશે અહીં. એ તારા લાકડા બાળશે એટલે હળ-હળ બળીશ, ભાઈ! દાખલો શાસ્ત્રમાં છે. વનના પંખીઓ અને વનના જાનવરો વનનો દાહ લાગતા તે બળતા દેખી પોતે ઝાડ ઉપર બેઠેલો માણસ 'નિર્ભય છું' એમ માને છે, પણ એ અગ્નિ સળગતી-સળગતી બાપુ હમણા ઝાલશે આને. અને અગ્નિની જ્વાળામાં ભરખાઈ જઈશ તું, ભાઈ! આહા..હા..! કાળ આગળ કોળિયો થઈ જઈશ. આહા..હા..! એમ ખબર નથી એને.

'**એમ તો બનતું નથી.**' શું કીધું ઈ? '**શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે, પણ એમ તો બનતું નથી.** (કારણ કે **શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી** છે).' આહા..હા..! જેના મોક્ષમાર્ગની પર્યાય નાશવાન પ્રભુ! એ તારે કઈ ચીજને ટકાવી રાખવી છે? પોતે નિત્ય છે એટલે જ્યાં નજર નાખે તેને નિત્ય ટકાવા માગે છે, પણ અહીં નિત્ય છે ત્યાં નજર કરતો નથી. આહા..હા..! પોતે ત્રિકાળી ટકતું તત્ત્વ છે એની એને ખબર નથી એટલે બાહ્ય ચીજને ટકતું રાખવા મથે છે. આહા..હા..! કહો, હિંમતભાઈ! આવો પણ ભારે ભ્રમણા! ઓલા સુખલાલભાઈ કહેતા. સુખલાલભાઈ નહોતા? વઢવાણવાળા ડાંગરભાઈના ભાઈ. ચારસોનો પગાર હતો. ૮૬ની સાલની વાત છે. ૮૬ પહેલાં. ડીસા-ડીસા. કાંઈક હતા

મોટા ડેપ્યુટી હશે. ચારસોનો પગાર. તે દિ' હોં ૮૬ની સાલ. ૧૪ ને ૩૩, ૪૭ વર્ષ થયા. વઢવાણ. ઓળખતા? નાગરભાઈના ભાઈ. નાગર કેવા? .. ઓલા પાણીમાં વાવમાં બુડીને મરી ગયા ઈ. એના ભાઈ હતા સુખલાલ. મોટા ડેપ્યુટી. આવ્યા હતા ત્યાં અમારી પાસે ઉમરાળા. નારણભાઈની દીક્ષા (હતી). નારણભાઈના મિત્ર હતા. એની માને બધા ગાયન બનાવતા દિગંબરના શાસ્ત્રોમાંથી. મહારાજ! પ્રશ્ન કર્યો. ઉમરાળા. એ ૮૬ની સાલ. મહારાજ! આ બધું ઉત્પન્ન કોણે કર્યું કે હવે અમારે નાશ કરવું? આ બધી ઉપાધિ કોણે કરી આ? અરે! સુખલાલભાઈ તમે આવા દિગંબર શાસ્ત્રોના તમે ગાયન બનાવો અને આ સ્થિતિ! આ બધું પોલેપોલું ચાલે છે. દિગંબર શાસ્ત્રના ઓલા બનાવ્યા હતા. મોટો તે દિ' ચારસોનો પગાર એટલે? ૪૭ વર્ષ એટલે ૫૦ વર્ષ પહેલાં. અત્યારે તો ૨૫ ગણો ભાવ થઈ ગયો. આહા..હા..! કહો, હવે આવી વાત! મેં કીધું શું પૂછો છો બાપુ તમે આ? શું કરો છો આ? ઉપાધિ કરી છે કોણે? તેં તારા સ્વરૂપને ભૂલીને અનાદિથી ઉપાધિ રાગ અને વિકારની વ્હોરી છે, નાથ! તું ભૂલી ગયો છો. એમ કે આ કોકે આવું કર્યું અને હવે અમારે ટાળવું. આહા..હા..! મોટા અમલદાર. ચારસોનો પગાર તે દિ' હોં! અત્યારે ૨૫ ગુણો થઈ જાયને. ૫૦ વર્ષ થયા. ૪૭ થયા. આહા..હા..! નારણભાઈના મિત્ર એટલે આવ્યા હતા. ઉમરાળા જન્મગામ. અરે! સુખલાલભાઈ! આ નહિ આવું. બાપુ! તેં પોતે તને નિરૂપાધિ તત્ત્વને તેં ઉપાધિ વ્હોરી લીધી છે. રાગ ને પુણ્ય ને પાપના વિકલ્પો અને તેનાથી પડ્યો બંધ અને તેનાથી મળ્યો આ સંગ. આહા..હા..! એ બધાને મારા માન્યા એ તેં ઉપાધિ ઊભી કરી છે. આહા..હા..! લાંબા પૂંછડા કર્યા બાપુ તેં. આહા..હા..!

ઓલી ચમરી ગાય હોયને. ગાય ચમરી ગાય એનું પૂંછડું બહુ ઓલું સુંવાળું અને ઘણું (લાંબ હોય). એટલે એને મારવા કોક જાય અને એમાંથી પૂંછડું ક્યાંક ચોંટી ગયું થોડું કાંટામાં તો ઊભી રહી જાય એ. જાય ક્યાં? ત્યાં ઓલો આવીને મારી નાખે. ચમરી ગાય. ચમર છેને આ નહિ? દેરાસરમાં આવે છેને ચમરી ગાય. એને વાળ ઉપર એટલો પ્રેમ. વાળ બહુ ઊંચા હોય. ચમર રાખે છેને. એટલો પ્રેમ કે એ વાળ ક્યાંય કાંટામાં વળ ખાઈ ગયા આમ ચાલતા. લાંબા વાળ અને એમાં કાંટો એમાં વળ ખાઈ ગયો તો આમ ખેંચતા એને નીકળી શકે નહિ. તૂટી જાય એના બળને લઈને ઊભું રહેવું પડે એને ફટ દઈને.

એમ દુનિયાના પદાર્થના પ્રેમમાં ત્યાં ઊભો રહી ગયો છે. આહા..હા..! લૂંટાવા ઊભો રહ્યો છે. અને એમાં કહ્યું છેને નિયમસારમાં, આ બાયડી, છોકરા, કુટુંબ, મા-બાપ બધા તને આજીવિકાની ધૂતારાની ટોળી છે, બાપુ! આહા..હા..! એ ધૂતારાની ટોળી બાપા તારે ટાણે કામ નહિ આવે તને. અત્યારે આવતા નથી તો મરણ ટાણે આહા..હા..! એકલો વિલવિલાટ કરતો ચાલ્યો જઈશ, બાપુ! ભવના ભ્રમણના પ્રવાહે જાઈશ. આ માર્ગ છે એ જો ન આવ્યો... આહા..હા..! એ માર્ગ પણ ત્રિકાળીથી ભિન્ન છે. આહા..હા..! ભેદજ્ઞાનની, ભાઈએ કીધુંને,

ઉત્કૃષ્ટતા ચરમસીમા. આહા..હા..! અર્થાત્ શુદ્ધ પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. શું કીધું? શુદ્ધ ત્રિકાળીભાવ એ મોક્ષનું કારણ નથી. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૧, સોમવાર, તા. ૧૧-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૦, પ્રવચન નં. ૩૮૫ F

સમયસાર, ૩૨૦ ગાથા, એની જયસેનાચાર્યની ટીકા. અહીં સુધી આવ્યું છે. 'માટે આમ ઠર્યું.' શું ઠર્યું? 'માટે આમ ઠર્યું.' શું ઠર્યું? કે જે આત્મા ત્રિકાળી પરમસ્વભાવભાવરૂપ ધ્રુવ પારિણામિક છે એમાંથી મોક્ષનો માર્ગ જે પર્યાયમાં પ્રગટે છે એ પર્યાય પણ ત્રિકાળી પારિણામિકભાવથી કથંચિત્ જુદી છે. આહા..હા..! એનો આશય એમ છે કે પર્યાય કથંચિત્ જુદી છે તો એનો આશ્રય લેવાલાયક નથી એમ કહેવું છે. કેમકે વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ જ એનું છે. સત્ છે જ્ઞાન અને આનંદ જેનું ત્રિકાળીસ્વરૂપ છે એ પરમસ્વભાવભાવને પારિણામિકભાવ કહે છે. એ પારિણામિકભાવ એ મોક્ષનું કારણ નથી.

શ્રોતા :- નિયમસારમાં તો એને જ કારણ કીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કારણ નિમિત્તથી કથન છે. ખરેખર મોક્ષની પર્યાયમાં દ્રવ્ય છે તે નિમિત્ત છે, ઉપાદાન નહિ. મોક્ષમાર્ગ જે છે એ ત્રિકાળી ભૂતાર્થ સત્યાર્થ પ્રભુ છે એને આશ્રયે પ્રગટે એટલે કે એના લક્ષે. પણ છતાં પ્રગટ થયેલી પર્યાય જે છે સ્વદ્રવ્યને આશ્રયે ભાવના જે મોક્ષનો માર્ગ (પ્રગટ થાય) એ પર્યાય ત્રિકાળીથી ભિન્ન છે. રાગ તો ભિન્ન છે એની તો વાત પણ નહિ. આ વ્યવહારરત્નત્રય કરતાં-કરતાં મોક્ષમાર્ગ થાશે. અત્યારે એ જ ચાલે છે આખો ઉપદેશ. દયા કરો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો. એ તો બધી ક્રિયાઓ રાગની છે. એ રાગ એ ઉદય બંધનું કારણ છે. એ ઉદયભાવ છે એ બંધનું કારણ છે એ મોક્ષનું કારણ ન થાય. આહા..હા..! મોટો ગોટો અત્યારે ઉઠ્યો છે. એના સામે વિરોધ છે સોનગઢ સામે. દેવીલાલજી! એની સામે વિરોધ છે ખરો તો.

ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ આત્મદળ, શાંતદળ, જેનું લક્ષ કરતાં જેની પર્યાયમાં સ્વતંત્રપણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રાગની અપેક્ષા વિના... આહા..હા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે રાગ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એવા રાગની અપેક્ષા વિના નિરપેક્ષપણે આહા..હા..! મોક્ષનો માર્ગ જે પર્યાય છે એ નિશ્ચયથી ષટ્કારકરૂપે પરિણમતી પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! આવી વાતું ઝીણી બહુ, બાપુ! કેમકે ત્રિકાળી વસ્તુ છે એ તો પરિણમતી

નથી. એ આપ્યું હતું આપણે ભાઈ સોગાનીને. ૨૮૦ ગાથા સમયસાર, ભાવાર્થમાં. અપરિણમન. દ્રવ્ય છે એ અપરિણમન છે, ભાઈ! મૂળ તો એમ કહેવું છે ત્યાં કે જ્ઞાની રાગને કરતો નથી. ગાથા તો એ છે. ધર્મી જેને કહીએ, સમ્યગ્દૃષ્ટિ જીવ જેને કહીએ એ વ્યવહારરત્નત્રયના રાગનો પણ કર્તા અને ભોક્તા નથી. સમજાણું કાંઈ? એમાંથી એણે ભાવાર્થમાં કાઢ્યું કે આ કર્તા-ભોક્તા નથી કેમકે એ દ્રવ્ય જે છે એ તો અપરિણમનશીલ છે. ભાઈએ લખ્યું હતુંને એક ફેરી? સોગાનીને લખ્યું હતું. ઝીણી વાત છે, બાપુ! આ તો પરમાત્માના ઘરની વાતું છે. આહા..હા..!

વસ્તુ જે છે ચિદ્દ્ઘન ધ્રુવ એ તો પરિણમન વિનાની ચીજ છે, એમાં પરિણમન નથી, એ બદલતી નથી એ તો એકરૂપ ત્રિકાળ રહે છે. આહા..હા..! બદલતી ચીજ જે મોક્ષનો માર્ગ, રાગ પણ ચીજ, પણ એ રાગની અપેક્ષા જેને મોક્ષમાર્ગ માટે નથી. કેમ? કે રાગ ને મિથ્યાત્વાદિ પરિણામ થાય છે એ પણ ષટ્કારકના પરિણમનથી સ્વતંત્રપણે પર કર્મની અપેક્ષા વિના આહા..હા..! વિકાર થાય છે. મિથ્યાત્વનો વિકાર ભ્રાંતિ 'પુણ્યમાં ધર્મ છે, પાપમાં મઝા છે' એવો જે મિથ્યાત્વભાવ, એમાં કર્મના કારકોની અપેક્ષા નથી. આહા..હા..! એ ચર્ચા ચાલી હતી મોટી વર્ણીજી પાસે. પણ એ પ્રથા નહોતી, ક્યાંય હતી જ નહિ. એટલે બધા કહે નહિ, કર્મથી ન થાય? વિકાર કર્મથી ન થાય? તો તો વિકાર સ્વભાવ થઈ જશે. ભાઈ! કઈ અપેક્ષા છે, બાપુ? કર્મ તો જડ છે, અજીવતત્ત્વ છે, પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યથી આ સ્વદ્રવ્યની વિકારી પર્યાય થાય? એ વિકારી મિથ્યાત્વ ભ્રાંતિ કરે છે ઊભી. આહા..હા..! જે પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પુણ્ય છે એને ધર્મનું કારણ માને છે અને એ ધર્મ થાય છે એમ માને છે એટલે મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવના પરિણમનને ષટ્કારકથી પોતે મિથ્યાત્વ પોતે કર્તા, મિથ્યાત્વ કાર્ય, મિથ્યાત્વ સાધન, મિથ્યાત્વથી મિથ્યાત્વ થયું, મિથ્યાત્વને આધારે મિથ્યાત્વ થયું, મિથ્યાત્વ થઈને પોતે રાખ્યું મિથ્યાત્વને. આહા..હા..! ઝીણી વાત બહુ આકરી. અત્યારે તો એવી પ્રથા એકદમ વિપરીત થઈ ગઈ છે. ઉપદેશ જ એવો થઈ ગયો છે. આ કરો.. આ કરો.. વ્રત કરો, અપવાસ કરો, નિયમ લ્યો, આંબેલ, પડિમા ધારણ કરો એક, બે, ત્રણ, ચાર, અગિયાર. રામજીભાઈ કહે ભાઈ ઝાઝી હોય તો એ પણ કહેત. ત્યાં ક્યાં છે? અગિયાર પડિમા સુધી તો વિકલ્પ છે એ તો બધા રાગ. આહા..હા..! હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નહિ ને તારે પડિમાં ક્યાંથી આવી? સમજાણું કાંઈ?

અહીં કહે છે કે મિથ્યાત્વભાવ જે છે એ વિકારીભાવ છે, એ પણ પોતાના કર્તા, કર્મ, કરણ ષટ્કારકથી થઈ રહી છે. એને કર્મના કારકોની નિમિત્તની અપેક્ષા તેને છે નહિ. આહા..હા..! જ્યારે વિકારની પર્યાયને પણ જે એનો સ્વભાવ નથી, તેમ કોઈ એવી શક્તિ નથી કે વિકાર કરે. લાલચંદભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** છતાં થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છતાં થાય છે. અનંત શક્તિ છે આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ વગેરે, પણ કોઈ શક્તિ એવી નથી કે વિકાર કરે એવી શક્તિ નથી. એ તો નિર્મળ શક્તિ છે. આહા..હા..! ત્યારે પર્યાયમાં જે વિકાર થાય છે એ પોતે સ્વતંત્ર એ સમયના ષટ્કારકના પરિણમનથી થાય છે એમ પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં કહ્યું. એ વાત મૂકી હતી તે દિ' ૨૦ વર્ષ પહેલાં. ૨૦૧૩-૧૩ની સાલ. ત્યાં ઈસરી-ઈસરી. પણ આ વાત બેસવી કઠણ ભારે જગતને. સત્યને સત્ય રીતે હજી તો કબુલાત થવી કઠણ પડે. એની રુચિ થઈને પરિણમન તો ક્યારે થાય? આહા..હા..! એ મિથ્યાત્વ જ્યારે ષટ્કારકથી પરિણમનનું કાર્ય પોતાથી થાય છે, જેને કર્મની પરકારકની અપેક્ષા નથી, તો પછી મોક્ષનો માર્ગ જે છે... આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો નિર્મળ વીતરાગી પર્યાય એ પોતે એક સમયમાં નિશ્ચય પર્યાય ષટ્કારકથી પરિણમન થઈને ઉત્પન્ન થઈ છે. આહા..હા..! જેને ત્રિકાળી શુદ્ધસ્વરૂપ છે દ્રવ્ય-ગુણ એની પણ જેને અપેક્ષા નથી, તો પછી રાગની ક્રિયા દયા, દાન ને વ્રતના પરિણામ એને કારણ થાય અને એને ધર્મ થાય એવી કોઈ ચીજ છે નહિ, વીતરાગમાર્ગમાં નથી, અજ્ઞાનીઓએ કલ્પીને ઊભું કર્યું છે બધું. આહા..હા..! સમજાણું કાંઈ? દેવીલાલજી!

એ અહીં કહે છે કે મોક્ષનો માર્ગ જે આત્માનો આનંદનો સ્વાદ, સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં આત્માના આનંદનો સ્વાદ આવે. એમ ને એમ સમ્યગ્દર્શન પ્રતીતિ જ્યાં સાચી થઈ કે જેટલી શક્તિઓ છે એનો અંશ વ્યક્ત પર્યાયમાં પ્રગટે ત્યારે એ પ્રતીતિ થઈ એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહા..હા..! શાંતિભાઈ! આવું ક્યાંય નથી. હોંગકોંગમાં નથી અને મુંબઈમાં પણ નથી કાંઈ. રખડવાના બધા (રસ્તા છે). આહા..હા..! આ પરમાત્મા અહીં કહે છે એ સંતો આડતિયા થઈને વીતરાગનો માલ જગત પાસે મૂકે છે. માર્ગ આ છે, ભાઈ! આહા..હા..!

કહે છે કે જે એ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન પ્રગટ્યું એ પર્યાય સ્વતંત્રપણે જેને દ્રવ્યની પણ અપેક્ષા નથી, જેને વ્યવહારના કારકોની અપેક્ષા નથી. એને સમ્યગ્દર્શન થાય તે ષટ્કારકના પરિણમનથી પર્યાય ઊભી થઈ છે. સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા, પર્યાયનું કાર્ય પર્યાય, પર્યાયનું કરણ પર્યાય-સાધન, પર્યાય પર્યાયમાં થઈ અને રહી, પર્યાયથી થઈ, પર્યાયને આધારે થઈ. એવી જે પર્યાય છે એ પણ ત્રિકાળી પરમસ્વભાવભાવથી કથંચિત્ ભિન્ન છે. કેમ? કે જે મોક્ષના માર્ગની જે પર્યાય છે એ મોક્ષ જ્યારે થાય છે ત્યારે એ પર્યાયનો નાશ થાય છે. અને એ પર્યાય અને ત્રિકાળી દ્રવ્ય જો અભિન્ન હોય, એક હોય તો પર્યાયનો નાશ થતાં પારિણામિકનો નાશ થાય. તો ધ્રુવનો તો કદી નાશ થતો નથી. સમજાણું કાંઈ? વાતે વાતે ફેર છે, બાપા! આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ આખા જગતથી (જુદો છે). અત્યારે સંપ્રદાયમાં પણ વિરોધ થઈ ગયો છે બધો. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે શુદ્ધપારિણામિક તો ત્રિકાળ અવિનાશી છે અને મોક્ષનો માર્ગ જે છે એ વીતરાગી

પર્યાય પ્રગટેલી છે અને જ્યારે મોક્ષ થાય છે પરમાનંદનો પૂર્ણ લાભ ત્યારે આ પરમાનંદની પર્યાય જે છે અપૂર્ણ એનો તો નાશ થાય છે. તો એ મોક્ષમાર્ગનો નાશ થતાં જો મોક્ષમાર્ગની પર્યાય અને વસ્તુ જો એક હોય તો પર્યાયનો નાશ થતાં વસ્તુનો નાશ થાય. આહા..હા..! ન્યાય ન્યાયથી કાંઈ એને (સમજવું જોશેને). આહા..હા..! માટે ત્રિકાળી વસ્તુથી મોક્ષનો માર્ગ એ પર્યાય નિર્મળ વીતરાગી દશા એ પણ કથંચિત્ ભિન્ન (છે). કથંચિત્ કહ્યું છે, નહિતર ખરેખર તો ભિન્ન સર્વથા પણ છે, પણ અહીં જરી અપેક્ષા રાખી છે એટલી. સમજાણું કાંઈ?

**'માટે, આમ ઠર્યું કે...'** છે? **'શુદ્ધપારિણામિકભાવવિષયક...'** શુદ્ધપારિણામિક સ્વભાવ આત્માનો ત્રિકાળી સહજાનંદ પ્રભુ પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એથી ભરેલો ભગવાન આત્મા એને અવલંબનારી, એનો વિષય કરનારી. એવી ચીજ છે તેને વિષય કરનારી જે સમ્યગ્દર્શન-જ્ઞાન ભાવના. વિષય કર્યો છે એનો એણે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવનાએ વિષય બનાવ્યો છે આને. આહા..હા..! સમજાણું કાંઈ? **'શુદ્ધપારિણામિકભાવવિષયક (શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી) જે ભાવના,...'** ભાવના એટલે મોક્ષનો માર્ગ. આહા..હા..! ભાવ છે ધ્રુવ પરમસ્વભાવભાવ એ ત્રિકાળ અને આ જે ભાવના છે એ પરમ શુદ્ધ ચૈતન્ય વસ્તુ એને વિષય બનાવીને પ્રગટ થયેલી પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? **'શુદ્ધપારિણામિકભાવવિષયક (શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી)...'** આ જયસેનાચાર્ય ટીકા કરનારા છે. દિગંબર સંત વનમાં રહેતા હતા. ૯૦૦ વર્ષ પહેલાં. એમની આ સંસ્કૃત ટીકા છે. આહા..હા..! **'જે ભાવના,...'** ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એ તો ભાવ છે. હવે એના આશ્રયે, એના અવલંબે, એના લક્ષે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ જે રાગના ભાવથી ભિન્ન એવી જે ભાવના **'તે રૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવ...'** આહા..હા..! એ ભાવના કેવી છે આગમભાષાએ? ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ત્રણ ભાવ. ક્ષાયિક અહીંયાં ચોથા, પાંચમા, છઠ્ઠાનું લેવું છે. ક્ષાયિક ઓલું નથી લેવું કેવળીનું. ચોથે ગુણસ્થાને પણ ક્ષાયિકસમકિત થાય છે. ક્ષાયિકસમકિત. શ્રેણિક રાજાને ક્ષાયિકસમકિત હતું, તીર્થંકરગોત્ર બાંધતા, પણ ઓલું પૂર્વનું નરકનું આયુષ્ય બંધાયેલું હતું તો એના ઉદયને યોગ્યતા પોતાની જવાની હતી તો નરકમાં ગયા. આહા..હા..! તીર્થંકરગોત્ર બાંધતા-બાંધતા અને ક્ષાયિકસમકિત લઈને નરકમાં ગયા. પણ એ રાગથી ભિન્ન અને મારું સ્વરૂપ પૂર્ણાનંદ એવું એને આનંદનું વેદન સાથે છે. આહા..હા..!

ઓલા શીલપાહુડમાં કહ્યું છેને? નારકીમાં પણ શીલ છે. અષ્ટપાહુડમાં છે. એ શીલ એટલે આ. જે ત્રિકાળી આનંદના નાથને જ્યાં ઢંઢોળીને જગાડ્યો અને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું એની સાથે સ્વરૂપાચરણ સ્થિરતા પણ સાથે હોય છે. એ સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપ આચરણ એ ત્રણ થઈને શીલ કહેવામાં આવે છે. એ શીલ નરકમાં પણ છે. આ

શીલ એટલે બ્રહ્મચર્ય પાળવું શરીરથી એ શીલ નહિ, એ તો રાગની ક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! આકરી વાતું બહુ, બાપુ! વીતરાગ સર્વજ્ઞ માર્ગ એ સિવાય બીજે ક્યાંય છે નહિ. ભગવાને તો જોયું છે, જાણ્યું છે અને કહેવામાં આવ્યું છે. આહા..હા..!

કહે છે '**જે ભાવના, એ રૂપ જે ઔપશમાદિક ત્રણ ભાવ...**' આગમભાષાએ કીધા હતાને? ઉપશમભાવ, ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ. અધ્યાત્મભાષાએ શુદ્ધ અભિમુખ પરિણામ અને શુદ્ધોપયોગ આદિ. '**તે સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે...**' લ્યો ઠીક! એ મોક્ષનો માર્ગ જે છે એ તો સમસ્ત રાગાદિ રહિત છે. અત્યારે કહે છેને શુભરાગ છે એમાં રાગ જેટલો (રહ્યો) એટલી શુદ્ધતા છે. રાગ રહ્યો એટલી (શુદ્ધતા એ) ખોટી વાત બધી જૂઠી. સમ્યગ્દર્શન અનુભવ થયા પછી જે શુભરાગ હોય એમાં અશુભરાગ ટળે અને એ શુભરાગ રહે એ શુભરાગને ટાળીને પછી મોક્ષ કરશે, પણ શુભરાગ રહ્યો એ તો બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઔપશમાદિક ત્રણ ભાવ તે સમસ્ત રાગાદિથી રહિત...**' એમ કીધું છે. કોઈપણ રાગનો અંશ મોક્ષમાર્ગમાં હોઈ શકે નહિ. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ રાગ છે, બંધનું કારણ છે, એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ નથી. આહા..હા..! એ તો ઉદયભાવ છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકથી બંધ ન પડે, એ તો મોક્ષનો માર્ગ છે, અબંધ પરિણામ છે. આહા..હા..! શોડષકારણ ભાવના સમ્યગ્દષ્ટિને હોં! અજ્ઞાનીને તો હોય નહિ એ. આત્માના આનંદનો જેને સ્વાદ આવ્યો છે એવા સમ્યગ્દષ્ટિને એ શુભરાગની ક્રિયા હોય છે શોડષકારણની, પણ એ પણ બંધનું કારણ છે. તીર્થંકરગોત્ર બંધાય એ અબંધ પરિણામ નથી, એ ઉદયભાવ છે. અને આ મોક્ષનો માર્ગ જે '**ત્રણ ભાવ તે સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે...**' સમસ્ત રાગાદિથી રહિત છે. આહા..હા..! આવી વાત. ભગવાન જિનસ્વરૂપે પ્રભુ છે. 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચન સે સમજલે જિન પ્રવચનકા મર્મ.' આહા..હા..! પોતે જિનસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપે બિરાજમાન આત્મા છે. જો વીતરાગસ્વરૂપે ન હોય તો અરિહંતને વીતરાગતા કેવળજ્ઞાન પ્રગટ્યું એ આવ્યું ક્યાંથી? એ બહારથી આવે છે ક્યાંયથી? આહા..હા..!

એ '**ત્રણ ભાવ તે સમસ્ત રાગાદિથી...**' રાગ આદિ—રાગ-દ્વેષ આદિ વિકલ્પ એનાથી '**રહિત હોવાને લીધે...**' જોયું! મોક્ષનો માર્ગ તો સમસ્ત રાગાદિથી રહિત છે. છે પર્યાય મોક્ષમાર્ગ, પણ એ પર્યાય અવસ્થા બિલકુલ રાગાદિથી રહિત છે. આહા..હા..! આવી વાત છે. છે કે નહિ એમાં? અહીંનું છાપેલું છે આ? આ તો હજારો (વર્ષ પહેલાં રચાયેલી) સમયસારના ૩૨૦ ગાથાની સંસ્કૃત ટીકા છે. જયસેનાચાર્ય હજાર વર્ષ પહેલાં. એના પહેલાં અમૃતચંદ્રાચાર્ય એની ટીકા આત્મખ્યાતિ છે, આ તાત્પર્યવૃત્તિ છે. '**ત્રણ ભાવ તે સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે...**' આહા..હા..! ભાઈ! બધા રાગ-દ્વેષરહિત તો વીતરાગ

બારમે થાય ત્યારે થાય. અહીં કહે છે, સમસ્ત રાગાદિથી રહિત એ ત્રણ ભાવ પ્રગટ્યા એ રાગાદિથી રહિત છે. ચોથા ગુણસ્થાનમાં પણ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા એ બિલકુલ સમસ્ત રાગાદિરહિત જ છે. આમાં આવી વાત છે, બાપુ! આ તો ભગવાનના ઘરની, જિનચંદ્ર પરમાત્મા વીતરાગ કેવળી સર્વજ્ઞદેવ એના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ આ વાણી છે. આહા..હા..! ભગવાન તો બિરાજે છે. મહાવિદેહમાં સીમંધર ભગવાન તો બિરાજે છે તીર્થંકરપદે-અરિહંતપદે છે. મહાવીર આદિ તો સિદ્ધપદે છે એ તો સિદ્ધમાં થઈ ગયા, અશરીરી થઈ ગયા. આ તો સશરીરી અરિહંત છે. એમને વાણી અને શરીર હોય છે, સિદ્ધને તો વાણી અને શરીર હોતું નથી. આહા..હા..! એ વાણીમાં આવેલી દિવ્યધ્વનિનો સાર આ છે. આહા..હા..! દિગંબર સંતોએ કેવળજ્ઞાનીના કેડાયતોએ કેવળજ્ઞાનના કક્કા ઘુંટાવ્યા છે. આહા..હા..!

'**શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી...**' જુઓ, એ પર્યાયનું ઉપાદાન છે અહીં. ત્રિકાળી શુદ્ધ ઉપાદાન આવી ગયું હતું પહેલાં. એ ત્રિકાળ વસ્તુ છે. દ્રવ્યાર્થિકનયનો વિષય છે એ આવી ગયું છે. એ શુદ્ધ ઉપાદાન ત્રિકાળ છે. દ્રવ્યાર્થિકનયનો વિષય દ્રવ્ય જેનું પ્રયોજન છે, વસ્તુ જેનું પ્રયોજન છે જે જ્ઞાનના પર્યાયને એવી જે વસ્તુ છે એ તો શુદ્ધ ઉપાદાન ત્રિકાળ છે. આહા..હા..! પણ આ છે તે પર્યાયનું શુદ્ધ ઉપાદાન છે. આહા..હા..! શુદ્ધ ઉપાદાન એટલે જેમાંથી કારણ-કાર્ય ગ્રહણ થાય એ ઉપાદાન. એ પર્યાય પોતે કારણ અને પર્યાય પોતે કાર્ય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધ-ઉપાદાન...**' પાછી એમ ભાષા છેને? અશુદ્ધ ઉપાદાન ઓલો રાગ થાય છે એ અશુદ્ધ ઉપાદન. વ્યવહારરત્નત્રયનો જે રાગ થાય છે તે અશુદ્ધ ઉપાદાન છે. એ કર્મને લઈને નહિ, એની અશુદ્ધ ઉપાદાનની પર્યાયને લઈને. સમજાણું કાંઈ? આહા..હા..! અને આ મોક્ષનો માર્ગ ધર્મ એ ધર્મ તો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાય '**સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાનકારણભૂત...**' એ ઉપાદાન પર્યાય પોતે જ કારણભૂત છે ઉપાદાન. આહા..હા..! સમજાણું કાંઈ? આવો વાતમાં ફેર બહુ. કહો, રસિકભાઈ! આમાં કલકત્તામાં પણ મળે એવું નથી અને અમરેલી અને અમેરિકા. આ અમરેલીના છે, ના એ તો લાઠીના છે. અમરેલીના કોઈ નથી? ત્યાં પણ નથી અને અમેરિકામાં પણ નથી. આહા..હા..! અમેરિકા તો ભગવાન...

તેથી કહ્યુંને? '**શુદ્ધ પારિણામિકવિષયક...**' સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિષય છે એ ત્રિકાળી દ્રવ્ય છે. વર્તમાન પર્યાય ત્રિકાળને અવલંબે છે. આહા..હા..! મોક્ષના ધર્મની દશા એ ત્રિકાળીને અવલંબે છે. ધર્મની દશા એ રાગને અવલંબતી નથી. તેમ એ દશાને અવલંબતી નથી, પણ પોતાની પર્યાયને પણ અવલંબતી નથી. એનો વિષય એનો એ નથી એમ. છે તો પર્યાયના ષટ્કારકમાં સ્વતંત્ર, પણ જે સમ્યગ્દર્શન છે એનો વિષય સમ્યગ્દર્શન પર્યાય નથી. આહા..હા..! જેને નિયમસારમાં એમ કહ્યું કે એ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકપર્યાય

છે, વીતરાગી ધર્મ પર્યાય એને પણ અમે તો પરસ્વભાવ, પરદ્રવ્ય કહીને હેય કહીએ છીએ. આહા..હા..! જ્યાં વ્યવહારરત્નત્રયનો રાગ તો હેય છે, પણ જ્યાં નિશ્ચયમોક્ષમાર્ગ જે આનંદનો સ્વાદ આવ્યો અને અપૂર્વદૃષ્ટિ અનંતકાળમાં નહિ થયેલી થઈ, એવો જે મોક્ષનો માર્ગ એ ત્રિકાળની અપેક્ષાએ પરભાવ છે, પરસ્વભાવ છે, તેથી તે પરદ્રવ્ય છે, તેથી તે હેય છે. આહા..હા..! આવી વાતું છે.

એ દુઃખી થઈને રખડે છે ચાર ગતિમાં. મિથ્યાત્વ તે સંસાર છે. કોઈ સંસાર બાયડી, છોકરા અને કુટુંબ એ સંસાર નથી. બાયડી-છોકરા છોડ્યા અને દુકાન છોડી તો સંસાર છોડ્યો. ધૂળેય નથી છોડી સાંભળને. આહા..હા..! રાગની એકતાબુદ્ધિનો જે મિથ્યાત્વભાવ તે સંસાર છે. આહા..હા..! એ સંસાર છોડ્યા વિના એને મોક્ષનો માર્ગ થાય નહિ. બાયડી-છોકરા, દુકાન-ધંધા છોડીને બેઠો ત્યાગી થઈને નગ્નમુનિ, માટે સંસાર છોડ્યો એમ નથી. વાતે-વાતે ફેર, પણ આ તો બહુ ફેર! પછી લોકો બિચારા વિરોધ કરેને. કરો, બાપુ! આ તો સત્ય છે એ ત્રણકાળમાં કાંઈ ફરે એવું નથી. આહા..હા..! એ તો એવી કસોટીના પ્રસંગ છે એ તો. વિરોધ કરનારાઓની કસોટીના પ્રસંગ છે. આહા..હા..! એમાં એને લઈને શું? બહુ (વિરોધ) કરે છે. ભ્રષ્ટાચાર છે, વ્યભિચારી પંથ છે એમ લખે છે. અરરર! પ્રભુ! પ્રભુ! તું શું કરે છે? ભાઈ! ભાઈ! તારા પરિણામને નુકસાન બહુ આકરું થશે, ભાઈ! આહા..હા..! તું સત્યને શું કરે છો આ?

અહીં તો કહે છે કે મોક્ષનો જે માર્ગ છે.. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય હોં! વ્યવહાર તો એ મોક્ષમાર્ગ છે જ નહિ, એ તો બંધનું કારણ છે. આહા..હા..! મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે. કથન. વસ્તુ મોક્ષમાર્ગ બે પ્રકારે નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ '**સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાનકારણભૂત...**' એ આજે જોયું ભાઈ. ઘણા દિ'થી યાદ નહોતું, બપોરે યાદ આવ્યું ઓલું સાતમું. જયધવલનું સાતમું. ભાઈએ નાખ્યું છેને છોટાલાલ ગુલાબચંદે. સમાધિશતકમાં. એમ કે જયધવલનો સાતમો ભાગ. બદ્ધકારણ નિરપેક્ષ. બાહ્ય કારણની અપેક્ષા વિના પર્યાય પ્રગટ થાય છે. ત્યાં તો અધિકાર એવો છે, એ વાત કહી હતી પહેલાં. અત્યારે દૃષ્ટાંત દઈએ તો કે જેમ દસમે ગુણસ્થાને લોભ એક છે. કારણ તો લોભનું એક જ છે, છતાં કર્મની સ્થિતિમાં ફેર પડે છે. કોઈમાં આઠ મુહૂર્તની, કોઈમાં અંતર્મુહૂર્તની એનું કારણ. નીચે પણ એમ છે. આ તો છેલ્લામાં છેલ્લી. લોભનો ભાગ કારણરૂપ છે અને કારણરૂપે હોય છતાં કર્મની સ્થિતિમાં ફેર પડે છે. નામ, ગોત્ર, કર્મની આઠ મુહૂર્તની સ્થિતિ છે ત્યાં પણ અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયની અંતર્મુહૂર્તની. એનું કારણ? લોભ તો એક જ કારણ છે છતાં ત્યાં. એ પર્યાય સ્વતંત્ર છે. એને બાહ્ય કારણની કોઈ અપેક્ષાની જરૂર નથી. આહા..હા..! ત્યાં તો બહુ ચાલ્યું છે.

એ વાત થઈ ગઈ છે પહેલી કે અમુકના કર્મના પરમાણુ ઓછા આવે છે, અમુકના વધારે

આવે છે. કારણ તો એક જ છે રાગ કે મિથ્યાત્વ. એમાં પરમાણુઓ એકમાં વધારે અને ઓછું આવવાનું કારણ શું? કે કારણ પરની અપેક્ષા ત્યાં છે જ નહિ. વિશેષ શબ્દ છે. એમાંથી કાઢ્યું હતું આજે. ભાઈએ એ નાખ્યું છે, પણ આપણે તો ધવલનો છઠ્ઠો ભાગ, એમાં કહ્યું હતુંને એનું કાઢ્યું. બંસીધરજીને કહ્યું હતું મેં ઈન્દોરવાળા પંડિતને ત્યાં. દરેક કાર્ય અંતરંગ કારણથી થાય છે, પર કારણની અપેક્ષા એને છે જ નહિ. સમજાણું કાંઈ? એ છઠ્ઠા અધ્યયનનું. ભાઈએ સાતમાનું નાખ્યું છે ગુલાબચંદ, છોટાભાઈ ગુલાબચંદ. સમાધિશતક અને ઈષ્ટોપદેશ બે કર્યા છેને એમાં નાખ્યું છે. ગુજરી ગયા બિચારા. બાહ્ય કારણની જેને (અપેક્ષા નથી). આ મોક્ષનો માર્ગ જે છે આ શુદ્ધ ઉપાદાન કારણ એને રાગના બાહ્ય કારણની અપેક્ષા છે જ નહિ, વ્યવહારની અપેક્ષા જ નથી. સમજાણું કાંઈ? પંકજભાઈ! આવી વાતું છે. એ તો ભાગ્યશાળી જુવાન અવસ્થામાં મળે છે આવું સાંભળવા. આહા..હા..! આવી વાત, બાપા! ઓહો..હો..! પરમસત્ય સર્વજ્ઞના કેડાયતોએ કહેલી વાત સર્વજ્ઞ થવાની વાત છે આ તો. આહા..હા..!

કહે છે '**શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી...**' એટલે કે એને કોઈ નિમિત્ત કારણ અને વ્યવહારકારણની અપેક્ષા નહિ હોવાથી. આહા..હા..! આ રાડું આ પાડે છેને કે મોક્ષમાર્ગ બે છે—નિશ્ચય અને વ્યવહાર. પણ નિશ્ચય અને વ્યવહાર (બે મોક્ષમાર્ગ હોય) તો બે મોક્ષ છે એના ફળ? નિશ્ચય મોક્ષમાર્ગનું નિશ્ચયમોક્ષ અને વ્યવહાર મોક્ષમાર્ગનું વ્યવહારમોક્ષ? દેવીલાલજી! ભાઈ! તને ખબર નથી વીતરાગમાર્ગની. આહા..હા..! અરેરે! રખડવાના રસ્તામાં પડ્યો, પ્રભુ! દુઃખી થઈને હેરાન થયો છે. એકેન્દ્રિય, લીલોતરી. આહા..હા..!

એકફેરી કહ્યું હતુંને એ. સંપ્રદાયમાં કહ્યું હતું કે જેવું તત્ત્વ છે આત્મા જે રીતે, જે પ્રકારે એ રીતે ન માનતા બીજી રીતે માને એ આત્માને આળ આપે છે. ભાઈ! આહા..હા..! સંપ્રદાયમાં કહ્યું હતું બોટાદ. તે દિ' સંપ્રદાયમાં હજારો માણસો આવતાને વ્યાખ્યાનમાં. નામ તો પ્રસિદ્ધ મોટું હતુંને. તે દિ' તો ૮૦ની સાલ. હજાર-પંદરસો-પંદરસો માણસ. ૮૦ની સાલ. વર્ષ કેટલા થયા? ૫૩. નામ પ્રસિદ્ધ હતુંને. અને બોટાદ જેવામાં તો જ્યાં કાનજીસ્વામી બેઠા છે વ્યાખ્યાનમાં, એટલે તો લોકો મકોડાની પેઠે ચાલી નીકળે. અપાસરો તો સમાય નહિ, શેરીમાં (બેસે) માણસો. આહા..હા..!

અહીં કહે છે કે પરની અપેક્ષા એમાં નથી. આહા..હા..! તે દિ' કહ્યું હતું ભાઈ! ૮૫નો પોષ મહિનો હતો. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નહિ. આ સંપ્રદાયમાં કહ્યું હતું. મુહપતિમાં હતા. પણ સાંભળેને, અમારા ઉપર પ્રતીતિ ઘણી હતીને. વિશ્વાસ કરે. અને તે દિ' તો બહુ નાની ઉંમર હતી. ૩૦-૩૫ વર્ષની ઉંમર. ૫૩ વર્ષ પહેલાંની વાત. ૩૫ વર્ષની ઉંમર. ૫૩ ને ૩૫, ૮૮ થયા. શરીરને હોં! આહા..હા..! તે દિ' એમ કહ્યું હતું, ભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય સમકિતીને, અજ્ઞાનીને હોય નહિ, એને તીર્થંકરપ્રકૃતિના પરિણામ

એને આવે જ નહિ, સમ્યગ્દૃષ્ટિ જેને આત્માનો અનુભવ થયો, આત્માને સ્વાદ આવ્યો છે એવા જીવને તીર્થંકરપ્રકૃતિનું કારણ જે પરિણામ થાય એ બંધનું કારણ માટે ધર્મ નહિ. દેવીલાલજી! સંપ્રદાયમાં હોં! તમારા સ્થાનકવાસીમાં.

**શ્રોતા :-** પ્રકૃતિને પરંપરા કારણ કીધું છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાં પરંપરા કારણ તો અભાવ કરશે એ અપેક્ષાએ. બે વાત કરી હતી. અને પંચમહાવ્રતના પરિણામ તે આસ્રવ છે. સંપ્રદાયમાં કહ્યું હતું ૫૩ વર્ષ પહેલાં. પંચમહાવ્રત. ૮૦. કઈ સાલ કીધી હતી? તે દિ' કહ્યું હતું. ૮૫-૮૫. એ ૮૫. ૮૫ હમણા કીધું. પંચમહાવ્રતના ભાવ એ પણ રાગ અને આસ્રવ છે. એમ ત્રિલોકનાથ ભગવાનની વાણી આમ છે કીધું. ખળભળાટ ખળભળાટ. સભામાં ખળભળાટ ન થાય. સભા તો અમારા ઉપર પ્રતીતિ હતીને. પણ અમારા ગુરુભાઈ હતા પાટ ઉપર. એ ખળભળાટ થઈ ગયો. આહા..હા..! અરેરે! આવી શ્રદ્ધા! વોસરે-વોસરે. વોસરે એટલે આ અમારે જોઈએ નહિ. એમાં કોઈ સભાને ખબર નહોતી કે આ શું બોલ્યા ઈ. ઉઠીને વયા ગયા. મેં કીધું પણ શું કરવા ઉઠીને વયા ગયા? તમે શું બોલ્યા એ ખબર છે લોકોને? મને ખબર તમને રુચ્યું નહિ માટે (તમે ઉઠી ગયા), બેસી રહેવું હતુંને. આહા..હા..!

**શ્રોતા :-** પંચમહાવ્રત એ આસ્રવ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ આસ્રવના પરિણામ છે. શુભભાવના પરિણામ એ છે પંચમહાવ્રતના. કહ્યું નહિ આ? ઘણી વાર કહ્યુંને, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો.' આવે છે કે નહિ?

**શ્રોતા :-** ... આસ્રવને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ આવે, અશુભ ટાળવા. એ દશા જેને આત્મજ્ઞાન છે, અનુભવ છે એને આગળ વધવામાં શુભભાવ આવે, પણ એનાથી વધતો નથી. શુભભાવ આવે ત્યારે એને છોડીને અંદર અનુભવમાં જાય ત્યારે એને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન થાય. અને તે છઠ્ઠે જ્યાં સુધી પ્રમાદમાં છે ત્યાં સુધી પાંચ મહાવ્રત છે. એ પ્રમાદમાં છે, એ તો આસ્રવમાં છે. એને છોડીને સાતમામાં જાય ત્યારે આસ્રવરહિત થઈ જાય છે.

**શ્રોતા :-** ... પંચમહાવ્રત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ વ્યવહાર છેને. વ્યવહાર આવે છે. પણ અર્થ એનો વ્યવહાર આવે છે. દ્રવ્યલિંગ, ભાવલિંગ બેય આપે છે એમ આવે છે શાસ્ત્રમાં. પણ એ વ્યવહાર છે ઈ. આવ્યા વિના રહે નહિ, છતાં એ હેય છે. અહીં તો આ મોક્ષમાર્ગની પર્યાયને હેય કીધી, નિયમસાર. આહા..હા..! વસ્તુસ્થિતિ છે એમ રહેશેને, ભાઈ! કોઈની કલ્પનાથી કાંઈ વસ્તુસ્થિતિ બદલાઈ જશે? આહા..હા..!

ભગવાન સત્ સ્વરૂપ છે શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ, એને લક્ષે, આશ્રયે, અવલંબે જે સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્ર થયું એ તો સર્વથા રાગરહિત છે. સમજાણું? અને શુદ્ધ ઉપાદાન કારણભૂત છે. આહા..હા..! છેને એમાં? ત્યાં આપણે વંચાઈ ગયું છે કે નહિ? મુંબઈ વંચાઈ ગયું છે. હવે તો ઘણાં લાખો માણસોને કાને વાત ગઈ છે અને એને કાંઈક લક્ષમાં પણ આવ્યું છે કે વાત તો આ સાચી લાગે છે, પણ ઓલા પક્કડ કરી છેને સંપ્રદાયના માણસોને એને આ છોડવું કઠણ પડે. લાખો માણસો અત્યારે તો હવે દિગંબરના પણ કેટલા માણસો કેટલા લક્ષમાં છે કે વાત તમારી આ સાચી લાગે છે. પ્રરૂપણા પાછી આવી કરે છે બધા. આ લક્ષ વિનાના. પ્રરૂપણા એ કરે છે, આ કરો... આ કરો... આ કરો... વ્રત લઈ લ્યો, પડિમા લ્યો; પણ દર્શન-સમકિત વિના પડિમા આવી ક્યાંથી? હજી સમકિતના ઠેકાણા ન મળે, સમકિત કેમ થાય એની ખબરું ન મળે અને સમકિત હોય તો એ દશા કેવી હોય એની ખબરું ન મળે. આહા..હા..!

અહીં તો કહે છે, શુદ્ધ ઉપાદાન ઉપર અહીં તો લક્ષ આવ્યું વધારે. કારણ કે એ વાંધા છેને. અહીંના વાંધા એ કે શુદ્ધ ઉપાદાનથી થાય અને નિમિત્તથી પણ થાય. બે કારણનું કાર્ય છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં એ આવે છે. કાર્યના બે કારણ છે. એક તો એ નિમિત્તનું જ્ઞાન કરાવવવા વ્યવહારકારણને આરોપથી કારણ કહ્યું છે. વસ્તુસ્થિતિ તો એક જ કારણ છે, પ્રરૂપણ બે પ્રકારે છે. વસ્તુ તરીકે એક જ ઉપાય કે મોક્ષનો માર્ગ એક જ કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચિદ્‌વિલાસમાં આવે છે. દિપચંદજી દિગંબર ગૃહસ્થ હતા. એણે ચિદ્‌વિલાસ બનાવ્યું છેને? એના ૮૯ પાને આ છે. પર્યાયનું કારણ પર્યાય છે, પર્યાયનું સૂક્ષ્મ કારણ પર્યાયનું .. પર્યાયનું કારણ, ગુણ પણ ગુણ વિના પર્યાય પર્યાયનું કારણ છે. નથી આવ્યું? આવ્યું છે અહીં. લ્યો અહીં પડી છે. દિપચંદજીનું બનાવેલું છે.

**શ્રોતા** :- દિપચંદજીની વાત તો કોઈ સમજતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમજતા નથી માટે શું થયું? જુઓ, '**ગુણ વિના જ પર્યાયની સત્તા પર્યાયનું કારણ છે;...**' ચિદ્‌વિલાસ. દિપચંદજી અનુભવપ્રકાશના કરનારા. આહા..હા..! '**ગુણ વિના જ પર્યાયની સત્તા પર્યયાનું કારણ છે; પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે,...**' પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયનું કારણ છે, દ્રવ્ય-ગુણનું સૂક્ષ્મત્વ નહિ. આહા..હા..! પર્યાયનું પ્રદેશત્વ, '**પર્યાયનું વીર્ય પર્યાયનું કારણ છે, પર્યાયનું પ્રદેશત્વ પર્યાયનું કારણ છે.**' આહા..હા..! પર્યાય જેટલામાં ઊઠે છે એ પ્રદેશ એ પર્યાયનું કારણ છે. ધ્રુવના પ્રદેશ ને એ નહિ. આહા..હા..! આવા તો ગૃહસ્થાશ્રમમાં દિપચંદજી જેવા થઈ ગયા. ચિદ્‌વિલાસ. સમજાય છે? અનુભવપ્રકાશ.

આ ક્ષુલ્લક બ્રહ્મચારી ધર્મદાસ. સ્વાત્માનુભવમનન, સમ્યગ્જ્ઞાન દિપીકા. હવે સમ્યગ્જ્ઞાન દિપીકામાં ઓલો લેખ આવ્યો એ પંડિતોએ ઉડાવ્યો કે એ સોનગઢનું છે. આહા..હા..! ગજબ છેને. શું કરો છો? સોનગઢથી છપાયું ભાવનગરથી એટલે સોનગઢનું થઈ ગયું? અને એ

તો ધર્મદાસ ક્ષુલ્લકની વાત છે. ઈ એમ કહે છે. એ તો એણે એક દૃષ્ટાંત દીધો છે, સમ્યગ્જ્ઞાનદિપીકામાં ધર્મદાસ ક્ષુલ્લકે. એ તો પહેલું ૭૮ની સાલથી વાંચ્યું હતું અમે. ૭૮. ૫૫ વર્ષ થયા. ૫૫ વર્ષ થયા. એણે તો દૃષ્ટાંત આપ્યો છે કે જેમ પતિ હોય માથે, સ્ત્રીને માથે ધણી હોય અને કોઈ દોષ લાગ્યો હોય તો એ દોષ બહાર ન આવે, બહારમાં પ્રસિદ્ધમાં ન આવે; એમ જેને માથે આત્મા ધણી છે, સમ્યગ્દર્શનને માથે ધણી તો આત્મા છે. આહા..હા..! એને કોઈ રાગાદિ દોષ આવે પણ એ બહાર પ્રસિદ્ધિમાં ન આવે, એટલી વાત કરી છે. એને ઠેકાણે કહે એય..! આહા..હા..! શું થાય? ભોગનો રાગ તો પાપ છે. આહા..હા..! પરસ્ત્રીનો ભોગનો પાપ, પણ સ્વસ્ત્રીનો ભોગનો ભાવ પાપભાવ છે. આહા..હા..!

**શ્રોતા :–** સોનગઢની આલોચનાનું કંઈક બહાનું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બહાનું આવું કાઢ્યું. અરેરે..! પ્રભુ! શું કરે? ભાઈ! તને સત્ય રુચ્યું નહિ તો બીજેથી આવું ઉંધું કાઢ્યું? ભાઈ! એની જવાબદારી આકરી પડશે. આહા..હા..! અત્યારે કોઈ ધણી નથી. તીર્થંકરની હાજરી ન મળે, કેવળીની ઉત્તમ દશા ન મળે. આહા..હા..!

મોક્ષનો માર્ગ વસ્તુસ્વરૂપ જે ત્રિકાળી છે તેના અવલંબનથી પ્રગટેલી દશા, રાગના અવલંબનથી પ્રગટેલી દશા નહિ. વ્યવહારના દયા, દાન, વ્રતના પરિણામ જે છે એ તો રાગ છે, આસ્રવ છે. આસ્રવને અવલંબે મોક્ષનો માર્ગ આવે? આહા..હા..! ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ તેને પડખે ચડતા, રાગના પડખેથી ખસતા, અંદર વસ્તુ છે તેને પડખે જતાં અવલંબીને ઉત્પન્ન થતી વીતરાગી દશા મોક્ષમાર્ગ તે શુદ્ધ ઉપાદાન કારણ પોતાથી છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એક કલાકમાં કેટલી વાતું આવે! નહિ સાંભળેલી એવી લાગે. બાપુ! માર્ગ તો આવે છે, બાપુ! બધી ખબર છેને. દુનિયાની તો બધી ખબર નથી? હેં? આહા..હા..!

'**શુદ્ધ-ઉપાદાનકારણભૂત હોવાથી...**' પાછું એમ. '**મોક્ષકારણ છે...**' એ મોક્ષનું કારણ જે આત્મા શુદ્ધ ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ એના આશ્રયથી પ્રગટેલી જે દશા એને રાગનું વ્યવહાર રત્નત્રયના રાગનું પણ અવલંબન નથી. આહા..હા..! એ મોક્ષનું કારણ છે. '**પરંતુ શુદ્ધપારિણામિક નથી...**' આહા..હા..! ત્રિકાળી ધ્રુવ જે છે શુદ્ધ પારિણામિક સ્વભાવભાવ એ મોક્ષનું કારણ નહિ. છે? વાણિયા માલ લેવા જાય તો કસીકસીને કાઢે, પણ આ ધર્મ સમજવો હોય તો જય નારાયણ. માથે કહે એ જય નારાયણ! થઈ રહ્યું. આહા..હા..! આ તો ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર જેની સભામાં ઈન્દ્રો અને ગણધરો જાય છે, જેની સભામાં નાગ અને વાઘ જાય છે એની દિવ્યધ્વનિ જે છે એ કેવી બાપુ હોય? આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો દયા પાળો, વ્રત પાળો, એ તો કુંભાર પણ કહે છે. સમજાણું કાંઈ? કુંભાર કહે છે એટલે અમારે મહિનો પાળતા પહેલાં. ઈ વખતમાં. ૭૦ વર્ષ પહેલાંની વાત છે. આ શ્રાવણ મહિનો આવેને એટલે શેઠિયા.. ગામમાં છાપ ઘણી શેઠિયાઓની જૈનની. એટલે પાંચ-

પાંચ સોપારી લઈને જાય. ઘાંચી પાસે, કુંભાર પાસે એટલે ઓલા સમજી જાય કે વાણિયાનો શ્રાવણ મહિનો આવ્યો. એ શ્રાવણ સુદ એકમથી ઘાણી ન કરે, કુંભાર નિંભાડા ન કરે. એવો રિવાજ હતો પહેલાં. સમજાણું? અમારા ગામમાં તો હતું ઉમરાળા. રુખડ શેઠ હોય, બે-ત્રણ શેઠિયા જઈ પાંચ-પાંચ સોપારી મૂકે. એટલે સમજી જાય કે આ વાણિયાના પર્યુષણ આવ્યા. શ્રાવણ મહિનો આવ્યો. બંધ કરો, ઘાણી બંધ કરો. ઘાણી નહિ થાય. ઘાણી સમજ્યા? પીલવાની. એ વખતે એવું હતું લ્યો હવે લૌકિકમાં. હજી ધર્મ તો ક્યાં હતો? કુંભાર નિંભાડા ન કરે શ્રાવણ મહિનો આખો. એ તો ન કરે પણ ભાદરવા સુદ પાંચમ પછી પહેલી કોણ શરૂઆત કરશે એની વાટ જોવે. પહેલી શરૂઆત કરશે એને પાપ વધારે લાગશે. એટલે ભાદરવા સુદ પાંચમ પછી પણ બે-ચાર દિ' નીકળી જાય આઠ દિ'. એવું તે દિ' હતું. અત્યારે તો ક્યાં? આહા..હા..! એ તો કુંભાર પણ નહોતા કરતાં મહિનો, પાંચ દિ' સુધી આ, તો ધર્મ થઈ ગયો? આહા..હા..!

અહીં તો કહે છે કે મોક્ષનો માર્ગ જે પર્યાય છે તે મોક્ષનું કારણ છે અને આત્મા જે ત્રિકાળી દ્રવ્ય છે શુદ્ધ એ મોક્ષનું કારણ નથી, એ તો ધ્રુવ છે. આહા..હા..! આવી વાત.

**શ્રોતા :-** નિયમસારમાં તો એને કારણ કીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કઈ અપેક્ષાએ? કાર્ય થાય છે તેની વસ્તુ છે, માટે કારણ કહ્યું છે. એ વાત થઈ ગઈ હતી, નહિ? ભાઈએ પૂછ્યું હતું. વારિયા, ત્રિભુવન વારિયા. ભગવાન આત્મા જે છે વસ્તુ, એને કારણપરમાત્મા કહેવાય છે. કારણજીવ કહો, કારણ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એક સમયની પર્યાય સિવાય જે ત્રિકાળી ચીજ છે તેને કારણજીવ કહો, કારણપરમાત્મા કહો. ત્યારે એમણે પૂછ્યું હતું કે કારણપરમાત્મા અને કાર્ય કેમ ન આવે? કારણપરમાત્મા તો અનાદિનો છે. ભાઈ! છે, પણ, માન્યો છે કોણે? અસ્તિ તો છે, પણ એ છે એવું જ્યારે માન્યું ત્યારે એને છે. માન્યું નહોતું તો એને છે ક્યાં આવ્યું? આહા..હા..!

મહાપ્રભુ આનંદનો નાથ બિરાજે છે. આહા..હા..! જેમાં પર્યાયનો પણ અભાવ છે. જુઓને લખ્યું એ. મોક્ષમાર્ગની પર્યાયનો પણ જેમાં અભાવ છે. આહા..હા..! એ શુદ્ધપારિણામિક મોક્ષનું કારણ નથી. ઓલી મોક્ષમાર્ગની પર્યાય જે નિર્મળ વીતરાગી તે મોક્ષનું કારણ છે. પર્યાય મોક્ષનું કારણ છે, દ્રવ્ય મોક્ષનું કારણ નથી એમ કહે છે. છે કે નહિ? આહા..હા..!

'**(અર્થાત્ શુદ્ધ પારિણામિકભાવ, મોક્ષનું કારણ નથી).**' આ શું કહે છે હવે? કે આ વ્યાખ્યા ચાલે છે એ પ્રગટ મોક્ષની દશાની વ્યાખ્યા ચાલે છે. બાકી શક્તિરૂપ મોક્ષ એ તો શુદ્ધપારિણામિક ત્રિકાળ છે. ભગવાન પોતે આત્મા શુદ્ધ શક્તિરૂપ જે છે ત્રિકાળ ધ્રુવ એ તો શક્તિરૂપે તો મોક્ષ ત્રિકાળ છે. અબંધપરિણામી વસ્તુ છે. કહ્યુંને? ૧૪-૧૫ ગાથામાં. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' અબદ્ધ કહો કે મુક્ત કહો. બદ્ધ નહિ એ તો મુક્ત સ્વરૂપ જ છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તો મુક્તસ્વરૂપ જ છે. આહા..હા..! આવી વાતું!

'**જે શક્તિરૂપ મોક્ષ છે, તે તો શુદ્ધપારિણામિક છે,...**' ત્રિકાળ. મોક્ષસ્વરૂપ જ છે ભગવાન આત્મા તો શક્તિએ, સ્વભાવે, સામર્થ્યે. '**પ્રથમથી જ વિદ્યમાન છે.**' જોયું! એને મોક્ષ કરવો છે એમ નથી, એ તો શક્તિરૂપ મોક્ષ તો ત્રિકાળ છે, વિદ્યમાન છે. આહા..હા..! ૧૪મી-૧૫મી ગાથામાં કહ્યુંને? જે કોઈ આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે તેણે જૈનશાસન દેખ્યું. તેણે જૈનશાસન દેખ્યું, તેણે જૈનધર્મ જોયો. આત્મા રાગથી અને કર્મના સંબંધથી રહિત છે એવો અબદ્ધસ્પૃષ્ટ જેણે આત્માને અનુભવ્યો સમ્યગ્દર્શનમાં, એનો જે શુદ્ધોપયોગ છે એ જૈનશાસન છે. આહા..હા..! કહ્યું છેને ૧૫માં, '**पस्सदि जिणसासणं सव्वं**'. આખા જૈનશાસનને જોયું એણે. આહા..હા..! શુદ્ધોપયોગ દ્વારા જેણે આત્માનો મોક્ષમાર્ગ પ્રગટ કર્યો એણે આખા જૈનશાસનને જોયું. જૈનશાસનને વીતરાગતા કહેવી હતી. એ વીતરાગતા અબદ્ધસ્પૃષ્ટની દૃષ્ટિથી વીતરાગતા પ્રગટી, એ વીતરાગતા પ્રગટી તે જૈનશાસન છે. આહા..હા..! આવી વાતું! વાતે-વાતે ફેર પડે છે હવે શું થાય?

શું કીધું ઈ? '**જે શક્તિરૂપ મોક્ષ છે,...**' શક્તિરૂપ મોક્ષ અને પ્રગટરૂપ મોક્ષ. વળી મોક્ષના બે પ્રકાર. પરિણમન થઈને આત્માનો પૂર્ણ લાભ થવો એ વ્યક્તરૂપ મોક્ષ અને વસ્તુ છે એ તો શક્તિરૂપ મોક્ષ ત્રિકાળ છે. અરે! આ વાત કેમ બેસે? છે? જયસેનાચાર્ય દિગંબર સંત વીતરાગી મુનિ. આહા..હા..! એ કહે છે કે '**જે શક્તિરૂપ મોક્ષ છે, તે તો શુદ્ધપારિણામિક છે,...**' ત્રિકાળ સ્વભાવભાવ. ત્રિકાળ સ્વભાવભાવ જે શુદ્ધ એ તો શક્તિરૂપ મોક્ષ છે. એ 'મોક્ષ કરવો છે અને મોક્ષ થવો છે' એ એમાં નથી. આહા..હા..! શક્તિરૂપ મોક્ષ છે એનો આશ્રય કરીને જે પર્યાયની પરિપૂર્ણતા થાય એ વ્યક્તરૂપ મોક્ષ છે. આહા..હા..! હવે આવી એક કલાકમાં કેટલી વાતું અજાણી આવે. ગ્રીક-લેટીન જેવું લાગે.

**શ્રોતા :-** પરિચય કરવો જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિચય કરવો, બાપુ! આ તો માર્ગ વીતરાગનો છે. સર્વજ્ઞ પરમેશ્વર, એમનો આ માર્ગ છે. આ માર્ગ કોઈ આલીદુઆલીનો નથી. આહા..હા..! એ માર્ગ તો...

કહે છે '**શક્તિરૂપ મોક્ષ છે, તે તો ત્રિકાળપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.**' પ્રગટરૂપ જે પર્યાય થાય, આ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ એ વ્યક્તરૂપ પ્રગટ મોક્ષની વ્યાખ્યા ચાલે છે અહીં. સમજાણું કાંઈ? પૂર્ણ વ્યક્તરૂપ જે મોક્ષ એના મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થાય એમ કહ્યું છે અને એ મોક્ષમાર્ગ દ્રવ્યથી પણ ન થાય. આહા..હા..! આ તો એવું છે. એવો માર્ગ છે, બાપુ! આ તો પાગલ જેવું લાગે એવું છે. દુનિયા પાગલ કહે. વાત સાચી છે. માર્ગ આ એવો છે, બાપુ! આહા..હા..!

**શ્રોતા :-** .. ભગવાન પણ મોક્ષ .. પછી બેયમાં ફર્ક શું રહ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં મોક્ષ છે એમ કહે છે. પર્યાય મોક્ષસ્વરૂપ પ્રગટ કરે છે, દ્રવ્ય નહિ, તેમ પર નહિ. ખરેખર તો જે શુદ્ધ-ઉપાદાન કારણભૂત હોવાથી મોક્ષનું કારણ

કહ્યું એ પણ અપેક્ષિત છે. બાકી તો મોક્ષનો માર્ગ જે થાય તેનો વ્યય થઈને મોક્ષની પર્યાય થાય તો એ કારણ જોર કરીને મોક્ષની પર્યાય ઉત્પન્ન કરાવે છે એમ નથી. મોક્ષનો માર્ગ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી દશા, તો એ મોક્ષની પર્યાયને કરાવે છે પરાણે-હઠથી કે તમારે થવું પડશે. એમ નથી. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૨, મંગળવાર, તા. ૧૨-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૦, પ્રવચન નં. ૩૮૫ G

માથે કહેવાણું છે એનું હવે વિશેષ સ્પષ્ટ કરે છે. આત્માનો જે ત્રિકાળી પારિણામિકસ્વભાવ, ધ્રુવસ્વભાવ એમાં તો મોક્ષનું કારણ એ નથી. દ્રવ્ય વસ્તુ જે છે એ કાંઈ મોક્ષનું કારણ નથી. કારણ કે એ તો અક્રિયવસ્તુ છે ધ્રુવ. હવે એનું જે પરિણમન મોક્ષમાર્ગનું થાય, દ્રવ્યમાં ડોકીયું કરતા, દ્રવ્યમાં દૃષ્ટિ પડતાં આહા..હા..! એનું જે પરિણમન થાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે. એ પર્યાય મોક્ષનું કારણ છે, વસ્તુ મોક્ષનું કારણ નથી. વસ્તુમાં બદલતું નથી. વસ્તુ તો ધ્રુવરૂપ છે. આહા..હા..!

**'એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે'** એ તો જયસેનાચાર્ય પોતે કહે છે કે સિદ્ધાંતમાં (કહ્યું છે). એ ક્યા સિદ્ધાંતમાં એ કાંઈ અત્યારે ખબર નથી, પણ એવું ક્યાંક આવ્યું હતું ખરું ધવલમાં. આ શ્લોક તો ભલે આવ્યો છે પંચાસ્તિકાયનો, પણ એ કાંઈ સિદ્ધાંત આ કહે છે એ વાત નથી ત્યાં. એ તો પોતે કીધેલી છે. એ સિદ્ધાંતમાં ત્યાં કહ્યું છે કે '**निष्क्रियः शुद्धपारिणामिकः**' જે ત્રિકાળી વસ્તુ ધ્રુવ છે ઉત્પાદ-વ્યય વિનાની એ તો નિષ્ક્રિય છે. એમાં ક્રિયાઓ મોક્ષના માર્ગની કે બંધના માર્ગની ક્રિયા વસ્તુમાં નથી. આહા..હા..! આવી ચીજ હવે. સમજાણું કાંઈ? આ પરમાર્થ વચનિકામાં આવે છેને, ભાઈ! મોક્ષનો માર્ગ છે એ જે આ પર્યાય એ વ્યવહાર છે. નિશ્ચય મોક્ષનો માર્ગ હોં! વ્યવહારમોક્ષમાર્ગ એ માર્ગ છે જ નહિ. આહા..હા..! ઝીણો માર્ગ, ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરથી સિદ્ધ થયેલી વાત છે ભાઈ! આ કાંઈ કલ્પનાની વાત ને એમ નથી. આહા..હા..!

ભગવાન એમ કહે છે, ત્યાં પરમાર્થવચનિકામાં છેલ્લે એમ કહ્યું છે, મેં આ મારા મતિથી લખ્યું છે, પણ કેવળી વચન અનુસાર લખ્યું છે. આવે છેને ભાઈ! છેલ્લા પેરેગ્રાફમાં. કેવળજ્ઞાનનીને વચન અનુસાર. આહા..હા..! બનારસીદાસ. કેવળજ્ઞાનને વચનને અનુસાર. ભાગ્યવાન હશે તે સમજશે. ભાગ્યવાન નામ પુરુષાર્થી તે. આહા..હા..! એમાં એમ કહ્યું છે કે દ્રવ્ય છે તે

અક્રિય છે. ત્યાં શબ્દ એમ વાપર્યો છે. વસ્તુ જે છે નિત્યાનંદ પ્રભુ, 'उत्पादव्ययध्रुवयुक्तं सत्' પણ એમાં જે ઉત્પાદ-વ્યય છે એ વિનાની ધ્રુવ જે ચીજ છે એ તો અક્રિય છે. એમાં કોઈ પરિણમન બદલવું કે કોઈ મોક્ષના માર્ગની પર્યાય તે વસ્તુમાં નથી. તેથી ત્યાં અક્રિય કીધું છે અને મોક્ષનો માર્ગ જે કીધો અહીંયાં... આહા..હા..! શુદ્ધ ચૈતન્યવસ્તુ આ તો ભાઈ ભગવંતનું સ્વરૂપ અને ભગવંત થવા માટેની વાત છે. આ કાંઈ સાધારણ વાત નથી, બાપુ! આહા..હા..!

કહે છે કે વસ્તુ જે છે એ નિષ્ક્રિય છે, અક્રિય છે. અહીં નિષ્ક્રિય કીધી છે. એ તો બધું એક જ છે. નિષ્ક્રિય-અક્રિય અને મોક્ષનો જે માર્ગ છે અંદર નિશ્ચય હોં! વ્યવહાર મોક્ષમાર્ગ એ તો કથનમાત્ર છે, એ કાંઈ માર્ગ છે જ નહિ, એ તો બંધનો માર્ગ છે. આહા..હા..! જે વસ્તુ છે દ્રવ્ય ધ્રુવ ઉપરની નજર નાખતાં... આહા..હા..! જે પરિણમન શુદ્ધ અરાગી વીતરાગી દશા સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે, સમ્યગ્જ્ઞાન એ વીતરાગી સ્વસંવેદનજ્ઞાન છે અને ચારિત્ર પણ વીતરાગી સ્થિરતારૂપ ચારિત્ર છે. એ ત્રણે મોક્ષમાર્ગ છે એ સાધવો એ હજી વ્યવહાર છે. આહા..હા..! આવો માર્ગ છે, બાપુ! આહા..હા..! એ ચોર્યાસી લાખમાં દુઃખી થઈને ફરે છે, ભાઈ! આહા..હા..! આ જુઓને લીલોતરી જોઈને તો એવું થઈ જાય અંદરથી. જોવાય નહિ હોં! એ ખટારો ચાલતો હતો એના ઉપર. આટલી-આટલી લીલોતરી લીંબડામાં. ઓલા ખટારા... આહા..હા..! કચ્ચરઘાણ-કચ્ચરઘાણ.

**શ્રોતા** :- એમાં પણ એકાવતારી હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ વળી જુદી વાત છે, એની સાથે સંબંધ શું છે? એ તો પુણ્યને લઈને શુભભાવ હોય અને બહાર આવે અને આવ્યા પછી પણ અંતરના સ્વભાવ ઉપર જાય તો મોક્ષ થાય. બહાર આવ્યો માટે મોક્ષ થાય એમ નથી. આહા..હા..! એવા કોઈ શુભભાવ થાય, આમ તો શુભભાવ સદાય થાય છે એને. ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ. અનાદિથી નિગોદમાં પડ્યા જીવો જે હજી એકેન્દ્રિય બહારમાં આવ્યા નથી. બહારમાં એકેન્દ્રિયપણે આવ્યા નથી. એ નિગોદમાં ને નિગોદમાં પડ્યા છે. આહા..હા..! એ જીવોને પણ ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ તો થાય છે, પણ એથી એ મનુષ્યપણામાં આવે એવો ભાવ એ નથી, પણ કોઈ વખતે એવો શુભભાવ થાય છે કે જેનાથી મનુષ્યપણાનું આયુષ્ય બાંધે અને મનુષ્યપણામાં આવે. મનુષ્યપણામાં આવે માટે તેને સમકિત થાય અને ધર્મ થાય એમ નથી. આહા..હા..! એ બહાર આવેલા પણ પાછા અંતરમાં નિગોદમાં ગયા છે, એને વ્યવહારરાશી કહે છે. ઓલાને નિત્ય.. નિત્યનિગોદ કહે છે. આહા..હા..!

અહીં તો પરમેશ્વર એમ કહે છે કે જે મોક્ષમાર્ગ નિશ્ચયસમ્યગ્દર્શન, સ્વરૂપનો અનુભવ થઈને પ્રતીતિ થવી એવું સમ્યગ્દર્શન અને સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપાચરણ.. એમાં છેને ત્રણ,

ભાઈ! 'સ્વરૂપાચરણની કણિકા જાગે એ મોક્ષમાર્ગ છે.' એવું છે પરમાર્થ વચનિકામાં. આહા..હા..! દિગંબરમાં તો ગૃહસ્થો પણ પાક્યા છે કોઈ. આહા..હા..! સનાતન સત્ય હતું એમાં જન્મ થયા અને એમાંથી વસ્તુ મળી ગઈ. આહા..હા..! સનાતન સત્ય વીતરાગમાર્ગ. બનારસીદાસ જેવા, ટોડરમલ જેવા પાક્યા ગૃહસ્થાશ્રમમાં.

**શ્રોતા** :- બનારસીદાસ તો શ્વેતાંબર હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શ્વેતાંબર હતા પહેલાં, શ્વેતાંબર હતા. તત્ત્વનો ખ્યાલ આવ્યો કે અરે! આ વાત નહિ, આ વાત જુદી છે. લોકોને આકરું લાગે હોં! આજે જૈનપ્રકાશમાં એક લેખ આવ્યો છે રામચંદ્રજીનો. હવે લૌકિક વાતું એણે નાખી એમાં. વ્યાખ્યાન .. પ્રવચનસાર આચાર્ય મહારાજ રામચંદ્રજી. જૈનપ્રકાશ સ્થાનકવાસીનું. એ તો એણે એમ કે બહુ ખાવું ને જ્યાં-ત્યાં એમ કે એક વખત ખાતા બે વખત ખાવું, બેમાં ત્રણ-ત્રણ વાર ખાવું એમ આમ છે ને તેમ. એવી લૌકિક વાતું બધી કરી છે. ક્યાંક હશે એમાંથી લઈને નાખ્યું. આહા..હા..! અને એક ટંક ખાવું એ પણ તપસ્યા છે અને તપસ્યા છે તે મુક્તિનું કારણ છે. અરે! ભગવાન! હવે એ નાખ્યું સ્થાનકવાસીએ જૈનપ્રકાશમાં. શું થાય, બાપુ! આ શું માર્ગ .. આહા..હા..!

અહીં તો કહે છે કે એ વસ્તુ જે છે ત્રિકાળી સહજાનંદસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ એની સન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે અપૂર્વ અનંત કાળે નથી થયું એવી દશા થાય એ પણ વ્યવહાર છે. પર્યાય છેને? આહા..હા..! પર્યાય છે એ વ્યવહાર છે અને દ્રવ્ય છે તે નિશ્ચય છે. આહા..હા..! અક્રિય કીધું છે ત્યાં. દ્રવ્ય છે તે અક્રિય છે એટલે નિશ્ચયથી અક્રિય છે અને વ્યવહારે મોક્ષનો માર્ગ છે એ સાધવો એ વ્યવહાર છે, પર્યાય છેને. આહા..હા..! શાંતિભાઈ! આ બધું શીખવું પડશે હોં! ઓલા ઝવેરાતમાં કાંઈ નથી. આહા..હા..! અરેરે!

એ કચરાઈ ગયો છે મિથ્યાત્વના ભ્રમમાં કચરાઈ ગયો છે, દબાઈ ગયો છે, અને એ મિથ્યાત્વ છે એ સંસાર છે, બીજો કોઈ સંસાર નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર, દુકાન એ કાંઈ સંસાર નથી, એ તો પરચીજ છે. જીવનો સંસાર જીવથી બહાર રહે? આહા..હા..! પંકજભાઈ! આવી વાત છે, બાપા! આહા..હા..! જીવનો સંસાર જીવની પર્યાયથી દૂર ન રહે. દૂર તો પરચીજ છે, એમાં ક્યાં સંસાર છે? આહા..હા..! એનો જે નાથ ભગવાન પૂર્ણાનંદનો પ્રભુ એમાં રાગના વિકલ્પને શુભના પુણ્યને કે પાપના વિકલ્પને... આહા..હા..! જે સ્વભાવમાં અને સ્વભાવવાનમાં પણ નથી, એને એકત્વબુદ્ધિ કરવી એ જ મિથ્યાત્વ છે અને એ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! વાદવિવાદ કરે તો કાંઈ પાર પડે એવું નથી, પ્રભુ! શું કરે? એ તો વાતચીત કરતા નથી, માટે તકરાર ઊભી રાખવી છે. લ્યો, હવે શું કરવું? ભાઈ! શી રીતે બાપુ! તને આ વાતચીત કરતા તને આમાં શી રીતે બેસે? પાધરા શાસ્ત્રના લખાણ આવે ઓલા વ્યવહારના એ મૂકે મોઢા આગળ. જયચંદ્ર પંડિત તો કહે છે ૧૧મી ગાથાના ભાવાર્થમાં કે અનાદિનો ભેદરૂપ વ્યવહારનો પક્ષ જીવને અનાદિનો

છે અને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો પરસ્પર કહે પણ છે. એકબીજા એકબીજાને મનાવે પણ છે આચાર્યપણું કરીને. જુઓ આમ કરો, જુઓ આમ કરો. બે વાત. અને જિનેન્દ્રની આજ્ઞામાં પણ વ્યવહારે નિમિત્તને હસ્તાવલંબ તરીકે જાણીને જૈન આજ્ઞામાં પણ ઘણું વ્યવહારનું કથન આવે છે. ત્રણ બોલ લીધા છે જયચંદ્ર પંડિતે. ૧૧મી ગાથા. પણ એ ત્રણેનું ફળ સંસાર છે એમ લખ્યું છે. છે? સમજાણું? છેને આમાં? ૧૧મી ગાથાનો ભાવાર્થ.

**'પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે...'** રાગથી લાભ થાય અને પુણ્યથી લાભ થાય, પર્યાયદૃષ્ટિથી પણ લાભ થાય એવો પક્ષ તો અનાદિથી છે. આહા..હા..! એક વાત. **'અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.'** માંહોમાંહે એ જ ઉપદેશ ચાલે છે અનાદિથી. એમ કરો, કરો બાપુ! આ દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, તપસ્યા કરો. એ તમારે ધર્મ છે. આણે એમ લખ્યું છે. એક ટંક ખાવું એ તપ છે અને તપ છે તે મોક્ષનું કારણ છે. અરરર! આહા..હા..! શું થાય, ભાઈ? માર્ગ તો જે છે એ રહેશે. બહુ માનનારા મળે માટે માર્ગ બીજો થઈ જાય અને ન માનનારા મળે માટે બીજો માર્ગ થઈ જાય એમ છે નહિ. આહા..હા..!

અહીં કહે છે **'એનો ઉપદેશ પણ બહુધા...'** ઘણાં પ્રાણીઓ એ જ વ્યવહારનો જ ઉપદેશ આપે છે. આ પણ વ્યવહાર કરો, દયા પાળો, વ્રત લઈ લ્યો, પડિમા લ્યો એમાંથી તમને ધર્મ થશે, એમાંથી નિશ્ચયસમકિત થશે અને એમાંથી નિશ્ચયચારિત્ર થશે. આહા..હા..! એમ અજ્ઞાનીઓ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર આવો ઉપદેશ કરે જ છે. બે. **'જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે;...'** શાસ્ત્રમાં પણ વ્યવહારનો ઉપદેશ ઘણો છે જાણવા માટે. આહા..હા..! **'પણ એનું ફળ સંસાર જ છે.'** આહા..હા..! હવે આ વાત. **'શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી.'** આહા..હા..! 'હું એક શુદ્ધ ચૈતન્ય આનંદઘન, એ જ મારી ચીજ' એવો અંદર પક્ષ, વિકલ્પ વિનાનો પક્ષ હોં! કદી આવ્યો નથી. **'એનો ઉપદેશ પણ વિરલ છે—ક્યાંક ક્યાંક છે.'** એનો ઉપદેશ, બાકી તો બધા વ્યવહાર કરો અને એનાથી કલ્યાણ થશે એવો ઉપદેશ, અને જિન આગમમાં પણ વ્યવહારનું નિમિત્તપણું ગણીને ઘણું આવ્યું છે, પણ એ ત્રણેનું ફળ સંસાર જ છે. આહા..હા..!

**'ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે—'** આહા..હા..! **'એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે...'** આહા..હા..! **'ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.'** આહા..હા..! આ તો જયચંદ્ર પંડિત ગૃહસ્થાશ્રમમાં રહ્યા એમણે આ સમયસારનો (ભાવાર્થ) કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? બનારસીદાસે એ કહ્યું છે. અને આ જયસેન આચાર્ય છે એ એમ કહે છે અને એમણે પાંચ

ભાવમાં પણ ટીકામાં એમણે કહ્યું. એ સિદ્ધાંત બીજો છે. અહીં સિદ્ધાંતનું આ તો નથી એટલે પંચાસ્તિકાયમાં કહ્યું છે એ વાત અહીં નથી. પંચાસ્તિકાયમાં તો એણે પોતે કહ્યું છે કે ક્યાંક છે ઉક્તં એ વાત અહીંયાં મૂકી છે.

અહીં કહે છે કે **'સિદ્ધાંતમાં કહ્યું છે કે' 'निष्क्रियः शुद्धपारिणामिकः'** આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ દ્રવ્યસ્વભાવ એ તો તદ્દન નિષ્ક્રિય છે. **'અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે.'** આહા..હા..! ધ્રુવ-કાયમ ટકતું ત્રિકાળી તત્ત્વ એ ઉત્પાદ-વ્યય વિનાનું એ શુદ્ધપારિણામિક નિષ્ક્રિય છે. હવે કહે છે નિષ્ક્રિયનો અર્થ શો? તમે નિષ્ક્રિય કીધું, પણ નિષ્ક્રિય એટલે જડની ક્રિયા? પરની ક્રિયા? એ વિનાનો? નિષ્ક્રિયનો અર્થ શું? આ શરીરની ક્રિયા ન કરી શકે માટે નિષ્ક્રિય, એમ છે? એમ નહિ, સાંભળ. આહા..હા..!

**'નિષ્ક્રિયનો શો અર્થ છે? (શુદ્ધપારિણામિકભાવ) બંધના કારણભૂત જે ક્રિયા...'** જુઓ, ક્રિયા. એ પુણ્ય અને પાપના ભાવ જે બંધના કારણની ક્રિયા છે. **'રાગાદિપરિણતિ,...'** ક્રિયાની વ્યાખ્યા કરી. ક્રિયા એટલે શું? કે રાગાદિની ક્રિયા એ રાગાદિની પરિણતિ. આહા..હા..! એ બંધનું કારણ પણ પારિણામિકભાવમાં નથી. એ ક્રિયા એમાં નથી, પર્યાયમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવો ઉપદેશ એટલે માણસને. બાપુ! આ તો ઘરની વાત છે. નૈતિક સુધારા કરવા એ વાત ભલે હો, એથી કોઈ કાંઈ જન્મ-મરણ મટી જાય ત્યાં (એમ નથી). આહા..હા..! અહીં તો ભવનો અંત આવે અને સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ થાય એની આ તો વાત છે. ધર્મને નામે બીજું ચલાવે એ ભલે ચલાવો, રખડશે એ તો. આહા..હા..!

અહીંયાં તો કહે છે **'બંધના કારણભૂત જે ક્રિયા—'** ક્રિયા છેને? નિષ્ક્રિય સિદ્ધ કરવું છેને નિષ્ક્રિય? **'રાગાદિપરિણતિ, તે-રૂપ નથી...'** ત્રિકાળી સ્વરૂપ ભગવાન જે સમ્યગ્દર્શનનો વિષય છે એ રાગાદિપરિણતિ-બંધપરિણતિથી રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનનું ધ્યેય, જે નિશ્ચયસમ્યગ્દર્શન એનું જે ધ્યેય છે દ્રવ્ય વસ્તુ એ રાગાદિ બંધની ક્રિયાની પરિણતિથી તો એ રહિત છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત! જૈનમાં જન્મ્યાને મળે નહિ. આહા..હા..! ભાઈ નથી આવ્યા ઓલા? ધર્મરત્ન શું? આવ્યા છે? નથી આવ્યા. એ સવારમાં કહેતા હતા, પણ એને કાંઈ ગરજ નથી. સવારમાં કહેતા કે ૬૩ વર્ષ પાણીમાં ગયા મારા. શ્વેતાંબર સાધુ થયા હતા. ... આહા..હા..! સવારમાં કહેતા હતા. ૬૩ વર્ષ પાણીમાં ગયા, આવી વાત સાંભળવા મળતી નથી. અરે! પાણીમાં ગયા શું? આહા..હા..! અનાદિ જે સંસાર છે તેમાં ને તેમાં ગયો. આહા..હા..!

અહીં કહે છે, નિષ્ક્રિય નિત્યાનંદ પ્રભુ પરમસ્વભાવિક પારિણામિકભાવ એને નિષ્ક્રિય કહ્યો એટલે શું? કે **'બંધના કારણભૂત જે ક્રિયા—રાગાદિપરિણતિ, તે-રૂપ...'** એ પારિણામિકભાવ નથી. સમ્યગ્દર્શનનો વિષય જે છે ધ્રુવ એ બંધના કારણરૂપ પરિણતિથી રહિત છે. આહા..હા..! **'અને મોક્ષના કારણભૂત જે ક્રિયા...'** જુઓ, ક્રિયા તો છે. કઈ ક્રિયા?

**'મોક્ષના કારણભૂત જે ક્રિયા-શુદ્ધભાવનાપરિણતિ...'** આ મોક્ષનું કારણ. શુદ્ધભાવનાપરિણતિ. ત્રિકાળી ધ્રુવસ્વભાવની શુદ્ધ ભાવનાની દશા, એની પર્યાય, નિર્વિકારી પર્યાય, નિર્દોષ પર્યાય, વીતરાગી પર્યાય એ મોક્ષના કારણભૂતની ક્રિયા, એ ક્રિયા પણ દ્રવ્યમાં નથી. આહા..હા..! સમ્યગ્દર્શનની ક્રિયા પણ દ્રવ્યમાં નથી એમ કહે છે. સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ. કહેશે હમણાં. સમજાણું કાંઈ? પણ એ સમ્યગ્દર્શનનો વિષય જે છે ધ્રુવ એમાં સમ્યગ્દર્શનની ક્રિયા એમાં નથી. આહા..હા..! આવી વાતું હવે. આ તો જિનેશ્વર વીતરાગ પરમાત્મા ત્રિલોકના નાથની દિવ્યધ્વનિનું આ તો માખણ છે. આહા..હા..! દિવ્ય અવાજ. પ્રવચન. પ્ર એટલે દિવ્ય વચનો. પ્રવચનસાર, સમયસાર એ બધા દિવ્યધ્વનિમાંથી નીકળેલા સાર છે. સમજાણું કાંઈ?

**'મોક્ષના કારણભૂત...'** અહીં તો અત્યારે એટલું. ઓલું ક્રિયારહિત બતાવવું છેને એટલે. નહિતર તો મોક્ષ અને બંધના પરિણામથી પણ રહિત છે એ તો. મોક્ષ પણ પરિણામ છેને? અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર એ પણ એક પર્યાય-પરિણામ છે. એ પરિણામ પણ આત્મામાં નથી, દ્રવ્યમાં એ નથી. આહા..હા..! એ પહેલાં આવી ગયું. બંધ અને બંધનું કારણ અને મોક્ષનું કારણ અને મોક્ષના પરિણામ એ ચારેય ત્રિકાળી ચીજમાં નથી. આહા..હા..! આવી વાત! સમજાણું કાંઈ? આહા..હા..! **'મોક્ષના કારણભૂત જે ક્રિયા-'** શું ક્રિયા? **'શુદ્ધભાવનાપરિણતિ,...'** પુણ્ય અને પાપની ક્રિયા વિનાની અંદર વીતરાગી પરિણતિ. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચય તે શુદ્ધ ભાવના પરિણતિ છે. શુદ્ધભાવ ત્રિકાળ, એની વર્તમાન શુદ્ધભાવની પરિણતિ. આહા..હા..! ધ્રુવના ધ્યેયે પ્રગટેલી પરિણતિ એ મોક્ષના કારણની ક્રિયા છે, એ ક્રિયા પણ દ્રવ્યસ્વભાવમાં નથી. આહા..હા..! હવે આવું સાંભળવા હજી મુશ્કેલ પડે કે શું કહે છે આ? સાંભળવા મળે નહિ અને કે દિ' એના વિચારમાં આવે અને કે દિ' એની પરિણતિ કરે? આહા..હા..!

**'માટે, એમ જાણવામાં આવે છે કે...'** એ કહ્યું હતું ત્યાં મુંબઈ કે ક્યાંક. રાજકોટ-રાજકોટ. **'માટે...'** એટલે? એ બંધના કારણરૂપ પુણ્ય દયા, દાન, વ્રતના પરિણામ જે છે એ બંધના કારણ છે. એ ક્રિયા પણ આત્મામાં નથી, દ્રવ્યમાં. અને મોક્ષના કારણભૂત શુદ્ધ પરિણતિ જે થઈ વીતરાગી, સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે, એ વીતરાગી ક્રિયા છે, સમ્યગ્જ્ઞાન પણ વીતરાગી જ્ઞાનની ક્રિયા છે અને સમ્યક્ચારિત્ર પણ વીતરાગી સ્થિરતાની ચારિત્રની ક્રિયા છે—એ ત્રણેય ક્રિયા દ્રવ્યસ્વભાવમાં નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવી વાતું! આહા..હા..! **'માટે, એમ જાણવામાં આવે છે કે...'** આવી સ્થિતિ માટે એમ જાણવામાં આવે છે કે **'શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે,...'** ત્રિકાળી ભગવાન નિત્યાનંદ પ્રભુ એ સમકિતનું એ ધ્યેય છે. **'ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.'** આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ત્રિકાળી વસ્તુ તે ધ્યેય છે. આહા..હા..! ત્રિકાળી વસ્તુના અવલંબે પ્રગટેલી પરિણતિ મોક્ષના માર્ગની, આનંદના સ્વાદની, અતીન્દ્રિય આનંદના સ્વાદની

મોક્ષના માર્ગની ક્રિયા, એ ક્રિયા પણ વસ્તુમાં નથી.

‘**માટે, એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે,...** ’ આહા..હા..! ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ, હજી એને નિત્ય શું અને ઉત્પાદ-વ્યય શું એની પણ ખબરું ન મળે. આહા..હા..! અહીં તો કહે છે કે સિદ્ધની ઉત્પાદ-વ્યયની પર્યાય પણ ધ્રુવમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એ શુદ્ધપારિણામિકભાવ ત્રિકાળી વસ્તુ એ ધ્યેય છે, ધ્યાનમાં લેવાલાયક તે ચીજ છે. ધ્યાનમાં લેવાલાયક ધ્યાન એ નહિ, ધ્યાનમાં લેવાલાયક આ દ્રવ્ય વસ્તુ ત્રિકાળી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**ધ્યાનરૂપ નથી.**’ તે શુદ્ધપારિણામિકભાવ ધ્યાનરૂપ નથી. જે પર્યાયને કથંચિત્ ભિન્ન કીધી હતીને, એને અહીં સિદ્ધ કર્યું. આહા..હા..! વસ્તુ છે એ મહા દરિયો છે. અનંત શક્તિનો સાગર છે. એ અનંત શક્તિનો સાગર ભગવાન આત્મા... આ સ્વયંભૂરમણસમુદ્ર તો અસંખ્ય યોજનનો છે, આ તો અનંતગુણનો પિંડ સાગર છે ભગવાન. છે અસંખ્ય પ્રદેશ, પણ છે અનંતગુણનો પિંડ. આહા..હા..! એવો જે ભગવાન ત્રિકાળી આત્મા એ સમ્યગ્દર્શનનું ધ્યેય છે, તે સમ્યગ્દર્શનરૂપ ધ્યાન એ એમાં નથી. આહા..હા..! ધ્યેય છે, ધ્યાન નથી. સમ્યગ્દર્શન તો ધ્યાન છે. સમ્યગ્દર્શન ધ્યાન છે, ત્રિકાળી વસ્તુ તેનું ધ્યેય છે. આહા..હા..! એમ સ્વસંવેદનજ્ઞાન. શાસ્ત્રજ્ઞાન પણ નહિ. પરસત્તાવલંબી જ્ઞાન એ બંધનું કારણ છે. એ પરમાર્થ વચનિકામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો સ્વસત્તા ચિદાનંદ ભગવાન મહાસાગર પ્રભુ ‘શુદ્ધ ચેતનાસિંધુ હમારો રૂપ હૈ.’ સવારમાં આવ્યું હતુંને. શુદ્ધ ચેતનાસિંધુ દરિયો ભગવાન છે અંદર. આહા..હા..! નજરને રાગમાં રોકી તેથી દરિયો નજરે પડતો નથી. નજરને વર્તમાન પ્રગટ પર્યાયની રુચિમાં રોકી. આહા..હા..! તેથી ભગવાન દરિયો અનંતગુણનો સાગર પ્રભુ એની નજરમાં સત્તાનો સ્વીકાર આવતો નથી. સમજાણું કાંઈ? આ હોંગકોંગમાં ક્યાંય સાંભળવા મળે એવું નથી. ત્યાં ધૂળના પૈસા ભેગા કરે. તમારા કાકાને કહીએ છીએ. આહા..હા..! બાપુ! આ તો અમૃતના સાગર. ભગવાન તો અમૃતનો સાગર છે. એવો નિત્યાનંદ પ્રભુ એ ધ્યાનરૂપ નથી, એ તો ધ્યેયરૂપ છે. ‘**ધ્યાનવિષય કુરુ**’ એવો શબ્દ છે આમાં. સંસ્કૃત ટીકા છેને.

(વર્તમાન જ્ઞાનની પર્યાય) એ પરતરફ વળેલી છે. અને તે જ્ઞાનની પર્યાયમાં ૧૭-૧૮ ગાથાથી લઈએ તો એ જ્ઞાનની પર્યાયમાં જે વસ્તુ છે એ સ્વપ્રકાશક જ્ઞાન આવે જ છે એમાં. કેમકે જ્ઞાનની વર્તમાન પ્રગટ પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વતઃ સ્વભાવ (છે) એથી જ્ઞાનની વર્તમાન પર્યાયમાં... આ જ્ઞાનની એટલે આ શાસ્ત્રજ્ઞાનની એ વાત નથી આ. જ્ઞાનગુણ જે ત્રિકાળ જે છે તેની વર્તમાન પ્રગટ પર્યાય તે જ્ઞાનપર્યાય છે. આહા..હા..! જ્ઞાનપર્યાયમાં જે વસ્તુ છે આ પરમપારિણામિકભાવ સ્વભાવ એ પ્રકાશપણે તો આવે છે કહે છે, અજ્ઞાનીને પણ આવે છે. આહા..હા..! પણ એની નજરુંમાં ફેર છે. ત્યાં નજર નથી કરતો. નજર આમ

રાખે છે પર્યાય ઉપર, રાગ ઉપર, નિમિત્ત ઉપર, દયા, દાન અને વિકલ્પ ઉપર નજર. આહા..હા..! એ નજરુંમાં બંધાયેલો... નજરબંધી નથી કહેતા? એ નજરબંધીમાં બંધાયેલો એને નજરે નિધાન પડતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવી જુદી-જુદી વાતું છે. ત્યાં તમારા પૈસામાં કાંઈ ધૂળેય મળે એવું નથી કાંઈ. દુઃખના દરિયા છે બધા. આહા..હા..!

અહીં તો પંચમહાવ્રતના પરિણામ ઉઠે એ પણ દુઃખ છે, રાગ છે, બંધનું કારણ છે. આહા..હા..! ભાઈ! તને ખબર નથી. એને તું સંવર માની બેસે. ભગવાને તો તત્ત્વાર્થસૂત્રમાં એને આસ્રવમાં નાખ્યા છે છઠ્ઠા અધ્યાયમાં, તત્ત્વાર્થસૂત્ર. આહા..હા..! એ આસ્રવથી જીવને લાભ થાય એવી જે દૃષ્ટિ બાંધેલી પડી છે એને અંતરનું નિધાન જોવાને મળતું નથી. કેમકે નિધાન ઉપર નજર નથી એની. જણાય તો છે, પણ નજર ત્યાં નથી. આહા..હા..!

અહીં કહે છે કે '**ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે.**' મોક્ષનો માર્ગ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય એ પર્યાય છે, નાશવાન છે. કારણ કે મોક્ષની દશા થતાં મોક્ષના માર્ગની પર્યાય નાશ થઈ જાય છે, વ્યય થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ધ્યાન વિનશ્વર છે. (અને શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે).**' ભગવાન જે ત્રિકાળી વસ્તુ છે એ તો અવિનાશી છે. એમાં તો કોઈ પરિણમન પણ નથી અને એ પરિણમનનો અભાવ થવો એ એનામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, પણ ભાવ તો જે હોય એ આવે, બીજા ક્યાંથી આવે? એને સહેલો કરો, સહેલું-સહેલું. પણ સહેલું તો હોય એમ થાય કે.. આહા..હા..! આ તો આકરું પડે માણસને. માટે કાંઈક સહેલો માર્ગ કરો. આ વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, તપસ્યા કરો, અપવાસ કરો, એ સહેલો માર્ગ નથી, એ તો રખડવાનો માર્ગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો બંધના કારણ કહ્યા છે. આહા..હા..!

'**શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે**' પરમાત્મપ્રકાશ ૬૮મી ગાથા. એક પાનું ગુજરાતીમાં છે. સુધાર્યું છે? આમાં છે. આ જુઓ આમાં છેને એવું આમાં કહે છે. એ પ્રમાણે જ સુધાર્યું છે. આ ઓલા જરી અક્ષર ઓલા થઈ ગયા છેને. જેવા આમાં ચિહ્ન છે એ બધા આમાં ચિહ્ન છે. એટલે કોઈકે આમાં નાખ્યું છે. .. અહીં છે. ગાથામાં અહીં લખ્યું છે. પરમાત્મપ્રકાશ. ગાથા-૬૮. યોગીન્દ્રદેવનું બનાવેલું પરમાત્મપ્રકાશ એની ૬૮ ગાથા શું કહે છે જુઓ, '**ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ। जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ।।६८।।**' આહા..હા..! ત્રણલોકના નાથ જિનેશ્વર એમ કહે છે આહા..હા..! કે જીવ જેને અમે નિશ્ચય તત્ત્વ કહીએ છીએ એ પર્યાયમાં આવતો નથી, પર્યાયપણે ઊપજતો નથી. આહા..હા..! '**जिणवरु एउँ भणेइ।**' છે? ત્રિલોકના નાથ પરમેશ્વર જિનવરદેવ એમ ભણે છે એટલે કહે છે કે '**बंधु ण मोक्खु करेइ।**' એ પછી. ઊપજતો નથી, મરતો

નથી. આહા..હા..! '**(અર્થાત્ હે યોગી!**' પોતાના શિષ્યને કહે છે. પ્રભાકર ભટ્ટ. '**પરમાર્થે જીવ ઊપજતો પણ નથી,...**' પરમાર્થે જે ત્રિકાળી ધ્રુવ ચીજ છે એ ઉત્પાદ નામ નરકગતિ, મનુષ્યગતિ કે સિદ્ધની ગતિની પર્યાયમાં ઊપજતો નથી. આહા..હા..! આવી વાત છે. આ તો આપણે રાજકોટ વંચાઈ ગયું છે, લાલભાઈ હતાને ત્યારે. આહા..હા..! આ તો આ ગાથા આવી છેને ૩૨૦ એટલે આ લીધું.

'**હે યોગી!**' જિનવર પરમેશ્વર વીતરાગ અનંત તીર્થંકરો એમ ભણે નામ કહે છે કે '**પરમાર્થે જીવ ઊપજતો પણ નથી,...**' ગતિ મનુષ્યગતિ, દેવગતિ, નારકી, તિર્યંચ અને સિદ્ધ એ પર્યાયપણે જીવ આવતો નથી, કહે છે. આહા..હા..! છે કે નહિ? ભાઈ પાસે છેને? આહા..હા..! આવી વાતું! જે નિશ્ચય આત્મા જેને કહીએ, જેને નિયમસાર ૩૮ ગાથામાં એ કહ્યું છે કે ત્રિકાળી પરમાત્મસ્વરૂપ તે જ આત્મા. પર્યાયનો આત્મા તો વ્યવહાર છે ને અભૂતાર્થ છે ને અસત્યાર્થ છે. આહા..હા..! ત્રિકાળની અપેક્ષાએ. અરે! આવી વાતું! ગણધરોએ રચેલા શાસ્ત્ર, બાપુ કેવા હોય! પરમાત્માના શ્રીમુખે નીકળેલી ધ્વનિ ૐ ધ્વનિ અને એમાં ગણધરો, સંતો ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધરનારા અંતર્મુહૂર્તમાં જેની રચના કરે એ કેવી ચીજ હશે! એ કેવી ચીજ હોય? વાર્તા કરે એવી? આહા..હા..!

કહે છે જિનવર એમ કહે છે કે જીવ જેને અમે નિશ્ચય ધ્રુવ વસ્તુ આત્મા કહીએ એ પર્યાયમાં આવતો નથી કોઈ દિ'. કેવળજ્ઞાનની પર્યાયપણે પણ એ જીવ ધ્રુવ છે તે ઊપજતો નથી, એમ કહે છે. ઊપજતો નથી કીધુંને? પર્યાયપણે ઊપજતો નથીને. મોક્ષમાર્ગની પર્યાયપણે કે મોક્ષની પર્યાયપણે જીવ ધ્રુવ છે તે ઊપજતો નથી, એ તો પર્યાય ઊપજે છે. આહા..હા..! આવી વાતું હવે કોઈ દિ' સાંભળી ન હોય. એને એવું લાગે કે આ તો જૈનનો માર્ગ હશે આ? કે આ વેદાંતની જેવું આ તો વેદાંત ઓલા કહે. વેદાંતમાં હતું કે દિ'? ગૃહીતમિથ્યાદષ્ટિ. આહા..હા..! અમેહનાકાર આવે છેને. અલિંગગ્રહણમાં. અમેહનાકાર પાખંડીઓને પ્રસિદ્ધ એવું સાધન, એવો લોકવ્યાપી એક જીવ એ વસ્તુ નથી. આહા..હા..! ત્યાં તો પાંખડીઓને પ્રસિદ્ધ કીધું છે. સર્વવ્યાપક એક જ આત્મા છે એમ માનનારને એના સાધકને પાખંડી કીધા છે. એ પર્યાય ક્યાં માને છે? અનંત આત્મા ક્યાં માને છે? અનંત પરમાણુઓ એથી અનંતગુણા એને ક્યાં માને છે? એ માને છે જ ક્યાં? આહા..હા..! પણ લોકોને એવું લાગે આવું સાંભળીને કે આ તો કોઈ વેદાંત જેવી વાતું છે. અરે! ભગવાન! તને વેદાંત એટલે (ખબર નથી). જ્ઞાનના સારની વાતું છે આ. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે, '**પરમાર્થે જીવ...**' પરમાર્થે. વ્યવહારે પર્યાયમાં આવે એ પર્યાય થઈ. આહા..હા..! '**ઊપજતો પણ નથી, મરતો પણ નથી...**' વ્યય પણ થતો નથી એમ કહે છે. સિદ્ધગતિની પર્યાય કેવળજ્ઞાન છે તેનો વ્યય થાય બીજે સમયે એ અંદર ત્રિકાળી ધ્રુવમાં એ નથી. પર્યાયનું ઉત્પન્ન થવું અને પર્યાયનું વ્યય થવું એ ત્રિકાળી દ્રવ્યમાં નથી. જે સમ્યગ્દર્શન નિશ્ચય સત્યદર્શનનો

વિષય ધ્રુવ એમાં આ પર્યાયપણે ઊપજવું કે પર્યાયપણે વ્યય થવું એ અંદરમાં નથી. આહા..હા..! **'મરતો પણ નથી...'** મરતો એટલે વ્યય થતો નથી. પર્યાયની અવસ્થાનું વ્યય થવું એ ધ્રુવ ચીજમાં એ નથી. આહા..હા..! કહો.

રાતે થોડી વાત થઈ હતી નહિ? એમ કે ફૂલચંદજીનું બધું લખાણ આવે છે, પણ એમાં આ મૂળ નથી ક્યાંય કે દરેક દ્રવ્યની જન્મક્ષણ છે. છએ દ્રવ્યની પર્યાયનો જન્મઉત્પત્તિનો એ કાળ છે તે સમયે થાય છે. ૧૦૨ ગાથા પ્રવચનસાર. અને કાળલબ્ધિ. છએ દ્રવ્યની કાળલબ્ધિ છે. એટલે કે જે સમયે તે પર્યાય થવાની તે તેનો કાળલબ્ધિ છે; અને ૯૯ ગાથામાં કહ્યું કે જે સમયે જે અવસરે જે પર્યાય થવાની તે અવસરે થશે. આડેઅવળે અવસરે નહિ થાય. આહા..હા..! એ .. વિશેષ .. જૈનતત્ત્વ મીમાંસા ... નહિતર ઓલામાં નથી આવ્યું ખાણિયા ચર્ચામાં, આ જન્મક્ષણ મૂળ ચીજ છે. કારણ કે જ્ઞેયનું સ્વરૂપ જેવું છે એવું વર્ણવ્યું છે ત્યાં. પ્રવચનસાર. બીજો અધિકાર. પહેલોં જ્ઞાન અધિકાર, બીજો જ્ઞેય અધિકાર. જ્ઞેય તે છએ દ્રવ્ય. તેનું કેવું સ્વરૂપ છે? કે તે તે સમયનો જે પર્યાય તે ક્ષણે ઉત્પન્ન થવાનો તે ક્ષણે તે થશે. એને આડોઅવળો નહિ કે બીજાને લઈને નહિ. આહા..હા..! ક્રમબદ્ધ સિદ્ધ થાય છે. આહા..હા..! પણ એવા જે સમયે ઊપજે અને કાળલબ્ધિથી પર્યાય થાય, એનો નિર્ણય કરનારો કઈ રીતે કરે? એ દ્રવ્યની સન્મુખ થાય અંદર જાય ત્યારે એનો નિર્ણય સાચો થાય. આહા..હા..! સમજાણું? આ લોકો વાંધો કાઢે છેને ક્રમબદ્ધનો? કે ક્રમબદ્ધ હોય તો થવાનું હશે એ થાશે, અમારો પુરુષાર્થ શું? પણ સાંભળ તો ખરો હવે. એ ક્રમબદ્ધનો નિર્ણય કરે એ સ્વભાવ ઉપર જાય ત્યારે નિર્ણય થાય છે, ત્યારે એ પુરુષાર્થ છે એનો. આહા..હા..! છતાં એ પુરુષાર્થની પર્યાય કેવળજ્ઞાન ઊપજ્યું એમાં ધ્રુવ આવતો નથી કહે છે. આહા..હા..! આવું બધું ઝીણું ત્યાં બહુ ન મૂકાય મુંબઈમાં. આ વાંચ્યો છે અધિકાર? વાંચ્યો નહિ હોય મુંબઈમાં. વાંચ્યો હતો એકફેરી. આહા..હા..!

**'અને બંધ-મોક્ષ કરતો નથી—એમ જિનવર કહે છે.)'** યોગીન્દ્રદેવની ૬૮ ગાથા પરમાત્મપ્રકાશની. પરમાત્મસ્વરૂપ જે ભગવાન ત્રિકાળી છે એ મોક્ષને, બંધના પરિણામને એ કરતો નથી. આવી વીતરાગ સિવાય વાત ક્યાં હોય, બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જોયા એમ કહેવું એ પણ વ્યવહાર છે, એની પર્યાયમાં જણાઈ ગયા છે. પર્યાયને જોતામાં ત્રણકાળ, ત્રણલોક જણાઈ ગયા છે. આહા..હા..! જેમ પાણી ઠંડુ શીતળ રાત્રીના ભાગમાં નદીનું પાણી (હોય), એ પાણીને જોતાં ઉપરના ચંદ્ર અને તારાઓ એમાં જણાય છે એ પાણીની અવસ્થા છે. એ પાણીને જોતાં પાણીની અવસ્થામાં એ બધું જણાય છે એ જણાય જાય છે અંદર, એને જોવું પડતું નથી, એની સામું જોવું પડતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. હવે બીજાને તો એવું લાગે કે પણ આવો માર્ગ કાઢ્યો ક્યાંથી નવો? કોઈ દિ' અમે સાંભળતા નથી, ૬૦-૬૦ વર્ષ થયા,

૫૦-૫૦ વર્ષ થયા, ૭૦. એથી કરીને.. મિંદડીના બચ્ચાને મિંદડી સાત-સાત દિ'એ ફેરવે. કે શું છોકરા હળ્યા હોયને.. મિંદડી-બિલ્લી. અને પછી ઘણાં દિ' સાત થઈ રહે પછી આંખ ઉઘડે ત્યારે એને દેખાય કે આ. આ. આ. આ સૃષ્ટિ છે? આ દેખાય એ ચીજ છે? પણ પહેલેથી હતી, તને અત્યારે ખબર પડી. સમજાણું કાંઈ? એ નહોતી અને તને જણાણી છે એમ નથી. એમ કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય છે એમ કહેવું વ્યવહાર (છે), પર્યાય જાણતા જણાય જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ!

**'બંધ-મોક્ષનો કરતો નથી—'** કોણ કહે છે એમ? **'એમ શ્રી જિનવર કહે છે.'** આહા..હા..! અનંત જિનવરો, અનંત તીર્થંકરો એમ ફરમાવે છે કે જે ત્રિકાળી વસ્તુ ભગવાન નિત્યાનંદ પ્રભુ એ બંધ અને મોક્ષના પરિણામ અને બંધ-મોક્ષના કારણના પરિણામને એ કરતો નથી. એ તો સદશ્ય વસ્તુ ધ્રુવ છે, એકરૂપ છે, તેમાં ઉત્પાદ-વ્યય વિસદશ્ય છે. ઉત્પાદ ભાવ, વ્યય અભાવ. ભાવ-અભાવ... ભાવ-અભાવ... એવું અંદરમાં ક્યાં છે? એ તો એકરૂપ ભાવ છે ત્રિકાળ એ સમ્યગ્દર્શનનો વિષય છે. સત્યદર્શન. સાચું સમ્યક્ હોં! વ્યવહારદર્શન એ કાંઈ નથી, એ તો વ્યવહાર વિકલ્પ છે રાગ. આહા..હા..! આ તો એ કહે છે કે મોક્ષનો માર્ગ વ્યવહાર પણ છે અને નિશ્ચય પણ છે. આહા..હા..! અરે! ભાઈ! વ્યવહાર તો કથનનું કથન કર્યું છે. વસ્તુ તો મોક્ષમાર્ગ છે આ. એ પણ પારિણામિકભાવમાં નથી, એમ જિનવર કહે છે. યોગીન્દ્રિદેવને વીતરાગનો આશ્રય લેવો પડ્યો કે આ હું કહું છું એમ માનીશ તો તમને વળી (એમ થશે કે) તમે મુનિ થઈને આવું કહો છો? મોક્ષ અને બંધના ભાવના આત્મા કરતો નથી. ઓહો..!

**શ્રોતા :-** તો પછી દીક્ષા શું કરવા લીધી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો પછી દીક્ષા શું કરવા લીધી? આનંદની દશાનું પરિણમન કેમ કરો છો ત્યારે? આહા..હા..! સાંભળ, સાંભળ ભાઈ! જિનવર અનંત તીર્થંકરોએ પરમાર્થે જે નિશ્ચય જીવ એ કાંઈક પર્યાયમાં કેવળજ્ઞાનપણે પણ ઊપજતો નથી, તેમ વ્યય થાય તેમાં એ પોતે આવતો નથી. આહા..હા..! મનુષ્યગતિપણે ઉત્પાદ અને દેવગતિનો વ્યય અને દેવગતિનો ઉત્પાદ અને મનુષ્યનો વ્યય એ બેયમાં ભગવાન આત્મા આવતો નથી, કહે છે. આહા..હા..! નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો વજન આપ્યું છે યોગીન્દ્રદેવે. એમના શિષ્ય પ્રભાકર ભટ્ટ હતા એને આ કહે છે. હે યોગી! છે તો એ મુનિ આત્મધ્યાની, જ્ઞાની આનંદમાં. આહા..હા..! હે યોગી! સ્વરૂપની પર્યાયને દ્રવ્યમાં જોડેલી જે છે એ યોગ અને યોગી એટલે સ્વરૂપમાં જોડાણ કરે એવા યોગી. આહા..હા..! જિનવર એમ ભણે છે, દિવ્યધ્વનિ દ્વારા એમ કહે છે કે બંધ અને મોક્ષના પરિણામમાં જીવ ધ્રુવ તે આવતો નથી. આહા..હા..! એ ચીજ તે સમ્યગ્દર્શનનો વિષય છે. આટલું બધું તો તમે સાંભળ્યું નહિ હોય પંકજભાઈ ત્યાં. આહા..હા..!

એમ જિનવર કહે છે આવ્યુંને, '**जिणवरु एउँ भणेइ**' આ યોગીન્દ્રદેવને એમ લેવું પડ્યું. કુંદકુંદાચાર્યને એમ કેટલીવાર કહેવું પડે છે, જિનવર આમ કહે છે, બાપુ! આહા..હા..! ત્રણલોકનો નાથ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે જે ધ્રુવ નિશ્ચય આત્મા છે,.. પર્યાય તો વ્યવહાર આત્મા અભૂતાર્થ, અસત્યાર્થ આત્મા થયો. આહા..હા..! ત્રિકાળની અપેક્ષાએ. પર્યાય પર્યાયપણે છે. પણ પર્યાયને ૧૧મી ગાથામાં અસત્ય કીધી છેને. અભૂતાર્થ છે. '**ववहारोऽभूदत्थो**' વ્યવહાર તે અસત્ય છે. એ પર્યાય પોતે અસત્ય છે એમ કહે છે. કઈ અપેક્ષાએ? ત્રિકાળની અપેક્ષાએ એક સમયમાત્ર રહેનારી તેને ગૌણ કરી વ્યવહાર કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! અને ત્રિકાળી ચીજ જે સમ્યગ્દર્શનનો ધ્યેય તે ચીજને સત્યાર્થ ને ભૂતાર્થ અને તે સાચું છે એમ એને મુખ્ય કરીને, નિશ્ચય કરીને તે સત્ય છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! આમાં કેટલું યાદ રાખવું! ભણ્યો હોય જેટલું એ બધું નીકળે ખોટું. આહા..હા..!

'**વળી તે સ્પષ્ટ કરવામાં આવે છે :—**' હજી કહે છે એને વધારે સ્પષ્ટ કરીએ છીએ. '**વિવિક્ષિત-એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના...**' શું કહે છે? જે દ્રવ્ય જે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એનું લક્ષ કરીને, આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન અપૂર્વ જે અનંતકાળમાં થયું નથી, એવું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એ કઈ નયનો વિષય? કેટલો એ? કે '**વિવિક્ષિત..**' કહેવા માગે એવું. '**એકદેશશુદ્ધનયાશ્રિત...**' છે. કેવળજ્ઞાન છે એ સર્વદેશશુદ્ધનયાશ્રિત છે. પર્યાય હોં! અને મોક્ષનો માર્ગ જે નિશ્ચય સત્ય છે, સાચો મોક્ષમાર્ગ છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય વીતરાગી દશા એ એકદેશ, એકભાગ, એક અંશ શુદ્ધનયાશ્રિત એ ભાવના. આવ્યું છેને અર્થ જુઓને, '(ક્હેવા ધારેલી...' એકદેશ એટલે '**આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ**)' આહા..હા..! સત્ય મોક્ષનો માર્ગ જે સત્ય છે નિશ્ચયસમ્યગ્દર્શન, નિશ્ચયજ્ઞાન, નિશ્ચયચારિત્ર એ પણ કહેવા ધારેલી એકદેશ શુદ્ધિનો અંશ છે, પૂર્ણ શુદ્ધ નથી. પૂર્ણ શુદ્ધિ તો કેવળીને હોય છે એમ કહે છે.

એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છેને? ચોથે ગુણસ્થાને પણ.. સમજાણું? સર્વ ગુણોનો એકદેશ વ્યક્ત પ્રગટ થાય છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, ટોડરમલ. ચોથે ગુણસ્થાને પણ જેટલા ગુણ સંખ્યા છે જીવની, અનંત-અનંત સંખ્યા એક જીવના ગુણની છે. આકાશના પ્રદેશ અનંત એથી અનંતગુણા ગુણ છે. આહા..હા..! એ અનંતા ગુણનું એક અંશ દરેકનું સમ્યગ્દર્શનમાં દરેકની વ્યક્તતા પ્રગટ અંશ થાય છે. સમજાણું કાંઈ? એને એકદેશ, એક અંશ શુદ્ધનયાશ્રિત. એ પણ શુદ્ધનય હોં! પરિણતિને શુદ્ધનય કીધી છે, પર્યાયને. આહા..હા..! એ તો આવે છેને ૧૪માં, નથી આવતું? શુદ્ધનય કહો, અનુભૂતિ કહો, આત્મા કહો. ૧૪ ગાથામાં આવે છે. એ અપેક્ષાથી કીધું છે અહીં. કેમકે ત્રિકાળી પરમાત્મ ભગવાન એના ધ્યેયથી જે પ્રગટેલી નિર્મળદશા તે એકદેશ નામ એક અંશે, કહેવા માગેલી દશા તે એક અંશે શુદ્ધનયાશ્રિત આ ભાવના. આહા..હા..!

દ્રવ્યસંગ્રહમાં પણ આવે છે, ભાઈ! દ્રવ્યસંગ્રહ છેને એમાં ઓલા બોલ નથી આવતા

૬૩ બોલ? મોક્ષમાર્ગના પર્યાયના ૬૩ બોલ. મોક્ષમાર્ગની પર્યાયને બ્રહ્માનંદ બ્રહ્મ કહીએ, વિષ્ણુ કહીએ, બુદ્ધ કહીએ, પરમાત્મ કહીએ, સમયસાર કહીએ એવા ૬૩ બોલ આવે છે. આમાં બે આવ્યા હતા કે નિશ્ચયમોક્ષમાર્ગને અધ્યાત્મથી શુદ્ધોપયોગ કહીએ કે શુદ્ધ અભિમુખ પરિણામ કહીએ. ભગવાન પૂર્ણાનંદની સન્મુખના પરિણામ કહો કે શુદ્ધોપયોગ ઇત્યાદિ. ઇત્યાદિમાં પછી ત્યાં ૬૩ બોલ લીધા છે દ્રવ્યસંગ્રહમાં. મોક્ષમાર્ગની પર્યાયના ૬૩ બોલ. આહા..હા..! સમજાણું? એ સિવાય પણ ઘણાં બોલ એમાં આવે છે. ત્યાં પણ એમ કહ્યું છે એકદેશ વ્યક્ત. એ પર્યાય જે પ્રગટી છે મોક્ષમાર્ગની ઇ એક અંશે એકદેશ વ્યક્ત પર્યાય છે. સમજાણું?

**'આ ભાવના (કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ...'** આહા..હા..! હવે જે ઓલા ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવે જે કીધું હતું આગમ(ભાષામાં) અને અધ્યાત્મથી એને શુદ્ધ અભિમુખ પરિણામ, શુદ્ધ ચૈતન્યની સન્મુખના પરિણામ અને શુદ્ધોપયોગ... આહા..હા..! એને **'ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી...'** એ ત્રણે પણ છે ક્ષયોપશમ જ્ઞાન. ભાવ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, પણ જ્ઞાન છે એ ત્રણમાં ક્ષાયોપશમ જ્ઞાન છે. આહા..હા..! હવે આવું ક્યાં શું છે? આહા..હા..! એ વિશેષ આવશે... (**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ વદ-૧૨, બુધવાર, તા. ૧૩-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૦, પ્રવચન નં. ૩૮૫ H

આ સમયસાર, ૩૨૦ ગાથા, જયસેનાચાર્યની ટીકા. અહીંયાં સુધી આવ્યું છે આપણે. જીવ જેને નિશ્ચયથી આત્મા કહીએ. એક સમયની પર્યાય વિનાનો દ્રવ્યસ્વભાવ જેને કહીએ ત્રિકાળી એને જીવ કહીએ. ..ના શુદ્ધની પર્યાયપણે પણ એ ઊપજતો નથી, તેમ ગતિની પર્યાયનો વ્યય થાય એમાં પણ એ ધ્રુવ ચીજ છે તે આવતી નથી. ઊપજતો નથી અને મરતો નથી એટલે આ. આહા..હા..! આવી વ્યાખ્યા! સમ્યગ્દર્શનનો વિષય એ ત્રિકાળી ધ્રુવ ચીજ એ અહીં સિદ્ધ કરવું છે. માથે આવી ગયું છેને? શુદ્ધપારિણામિકભાવ ધ્રુવરૂપ છે. સમ્યગ્દર્શન વીતરાગ સહજાનંદની અનુભૂતિ લક્ષણવાળું સ્વસંવેદનજ્ઞાન તેનાથી તે આત્મા પ્રાપ્ત થાય છે. સમજાણું કે નહિ? ધ્રુવ છે ત્રિકાળી ચીજ એની પ્રાપ્તિ પર્યાયમાં થાય છે, એ પર્યાય ધ્રુવમાં નથી. આહા..હા..! અને એ પર્યાય એટલે વીતરાગી સહજાનંદ સુખાનુભૂતિ

લક્ષણવાળું સ્વસંવેદનજ્ઞાન એનાથી તે આત્મા જણાય એવો છે. સમજાણું કાંઈ? ધ્રુવથી ધ્રુવ ન જણાય એમ કહે છે અને જાણવાની પર્યાયનો ધ્રુવમાં ચૈતન્ય ત્રિકાળમાં તો અભાવ છે. ઝીણું બહુ બાપુ!

એ અહીં કહે છે. '**જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી—**' આહા..હા..! છે? શેઠને બતાવ્યું હતું. '**બંધ-મોક્ષ કરતો નથી...**' એને આત્મા કહીએ. આહા..હા..! નિશ્ચય આત્મા એક સમયની પર્યાય વિનાનો એવો આત્મા બંધના ભાવને અને મોક્ષના ભાવને કરતો નથી. સમજાણું કાંઈ? '**વળી તે સ્પષ્ટ કરવામાં આવે છે—વિવક્ષિત-**' કહેવા માગેલું એકદેશ શુદ્ધનયાશ્રિત. એકદેશ શુદ્ધનય એવી ભાવના. આહા..હા..! એકદેશ—એક ભાગ શુદ્ધનય આશ્રિત આ ભાવના. જોયું! ભાવના પણ શુદ્ધનય આશ્રિત. પરમાનંદ સ્વરૂપ ભગવાન ત્રિકાળ એને પ્રાપ્ત કરવાની આ પર્યાય છે. એ પર્યાયમાં આખી ચીજ જાણવામાં આવે છે. એ પર્યાય કેવી? એકદેશ શુદ્ધ. નિર્મળ વીતરાગી આનંદના અનુભવના લક્ષણવાળી સ્વસંવેદનજ્ઞાનદશા એને અહીંયાં એકદેશ શુદ્ધનયાશ્રિત કહેવામાં આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવના કીધી છેને? ત્રિકાળી સ્વરૂપ છે એ ભાવસ્વરૂપ ત્રિકાળી. એ સ્વરૂપ છે એમાં જે પ્રાપ્તિ થાય, જે પર્યાયમાં પ્રાપ્તિ થાય વસ્તુની એ પર્યાય કેવી છે? કે એકદેશ પ્રગટ શુદ્ધનયની ભાવનારૂપ દશા છે. આહા..હા..! અરે..! આવી ભાષા અને આ ભાવ. કોઈ દિ' સાંભળ્યું ન હોય. '**એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ)...**' નિર્મળ પરિણતિ એટલે કે અતીન્દ્રિય આનંદના સ્વાદની અનુભૂતિ સાથે રહેલું સ્વસંવેદનજ્ઞાન, એ પર્યાયને એકદેશશુદ્ધનયાશ્રિત પ્રગટ પર્યાયને આ નયાશ્રિત કહેવામાં આવે છે. છે કે નહિ એમાં?

'**નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ...**' જુઓ, આવ્યું. '**ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ...**' કહે છે કે છે એ મોક્ષનો માર્ગ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ ભાવ છે. ત્રણભાવે—ઉપશમભાવે, ક્ષયોપશમભાવે, ક્ષાયિક એ ત્રણ ભાવ પણ તે ત્રણ ભાવમાં જ્ઞાન તેનું છે. આહા..હા..! '**નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ...**' આહા..હા..! જોયું! ક્ષાયોપશમિકજ્ઞાન છે, પણ કેવું? નિર્વિકારી સ્વસંવેદનલક્ષણ. ભાષા જુદી. ... જે ક્ષયોપશમજ્ઞાનથી પ્રાપ્તિ થાય એ ક્ષયોપશમજ્ઞાન કેવું છે? કે મોક્ષમાર્ગની પર્યાયને ત્રણ ભાવે કીધી, પણ એનું જ્ઞાન કેવું છે? એ ત્રણ ભાવમાં ઉપશમજ્ઞાન છે, ક્ષાયિકજ્ઞાન છે, એમ નથી. જ્ઞાન ક્ષાયોપશમિક છે. સમજાણું કાંઈ? હવે આવી વાતું. વીતરાગના પેટની વાતું છે આ તો. '**નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ...**' ભાષા એમ લીધી છેને, ભાઈ? આહા..હા..! એ ક્ષયોપશમ જે જ્ઞાન છે ત્રણ ભાવમાં એ ક્ષયોપશમજ્ઞાન નિર્વિકારી આનંદરૂપ સ્વસંવેદનલક્ષણ છે. આહા..હા..! એવી વાતું છે. સમ્યગ્દર્શનમાં ક્ષયોપશમજ્ઞાન છે એ ક્ષયોપશમજ્ઞાન છે કેવું? કે નિર્વિકારી સ્વસંવેદનલક્ષણ ક્ષયોપશમજ્ઞાન છે. અહીં એમ કહે છે કે શાસ્ત્રજ્ઞાન ભણેલો હોય એ જ્ઞાન અહીં કામ નહિ

કરે. સમજાણું કાંઈ? પણ નિર્વિકારી આનંદરૂપ જેનું સ્વસંવેદન લક્ષણ છે એવું જ્ઞાન ત્યાં આત્માનું કામ કરે તેને અહીં ક્ષયોપશમજ્ઞાન કહેવામાં આવે છે. શેઠ! ઝીણી વાતું બહુ. ઝીણી વાતું ઝીણી બહુ. આ તો છેલ્લો પેરેગ્રાફ છે. આહા..હા..!

સમ્યગ્દર્શન પ્રગટ થતાં, સમ્યગ્દર્શન વખતે જે જ્ઞાન છે એ ક્ષયોપશમિક જ્ઞાન છે. ભલે એ સમ્યગ્દર્શન ક્ષાયિક હો કે ઉપશમ હો કે ક્ષયોપશમ હો, પણ જ્ઞાન ક્ષયોપશમ છે અને એ ક્ષયોપશમજ્ઞાન એટલે શું? કે નિર્વિકારી સ્વસંવેદનલક્ષણ. એ જ્ઞાનમાં આનંદનું જેનું સ્વરૂપ છે વિકારરહિત. આહા..હા..! ઓલામાં લખ્યું છે નહિ? બંધ વિનાશનાર્થં. બંધ અધિકારમાં અને પરમાત્મપ્રકાશમાં છેલ્લામાં. બંધ અધિકારમાં અને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં. એ અહીં લીધું છે. બંધ જે છે અજ્ઞાન અને મિથ્યાત્વનો, રાગ-દ્વેષનો જે બંધ છે... બંધ અધિકાર છેને? બંધના વિનાશ અર્થે, બંધના નાશને માટે વિશેષ ભાવના છે, વિશેષ ભાવના કહીએ છીએ.

સહજ શુદ્ધ જ્ઞાનાનંદ એક સ્વભાવો અહં. આહા..હા..! હું તો સ્વભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ તે હું છું. આહા..હા..! દયા, દાનના વિકલ્પ તો નહિ, એક સમયની પર્યાય પણ નહિ. પર્યાય તો એનો નિર્ણય કરે છે કે હું આ છું. ઝીણી વાત છે, બાપુ! જૈનદર્શનનું સમ્યગ્દર્શન એ કોઈ અલૌકિક ચીજ છે. લોકોને એની મહત્તાની ખબર જ નથી. બહારથી આ માની બેઠા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા. બાપુ! એ સમ્યગ્દર્શન એટલે ... એ સહજ શુદ્ધજ્ઞાનાનંદ સ્વભાવો અહં. એક વાત. આ ભાવ પાછા સર્વ જીવ એ સ્વરૂપે છે એમ જ્ઞાનીએ, ધર્મીએ જાણવું. શું કીધું ઈ? સહજ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ અહં. 'હું સ્વભાવિક શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ છું' એવા જગતના ત્રણકાળના, ત્રણલોકના સર્વ જીવો... આહા..હા..! નિર્વિકલ્પ સહજસ્વભાવ અને જ્ઞાનસ્વભાવે જ તે છે. તે .. છે.

જગતમાં ત્રણલોકમાં સર્વ જીવો આવા છે. સમજાણું કાંઈ? કોણ ભાવના કરે છે? કે જેને સમ્યગ્દર્શનની પર્યાયમાં નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો છે. દ્રવ્યસ્વભાવનો જેને અંતર આનંદનો સ્વાદ (આવ્યો છે), એ કહેશે. બધા એવા જ છે એમ જાણે છે ઈ. આહા..હા..! અભવિના જીવ પણ આવો છે એમ કહે છે. આહા..હા..! અને તે પણ મન, વચન અને કાયાના વેપારરહિત હું છું, એમ બીજા બધા પ્રાણીઓ આત્મા તે મન, વચન અને કાયાના વેપારરહિત છે. આહા..હા..! અને તે આત્મા એવા શુદ્ધ આનંદકંદ પ્રભુ નિર્વિકલ્પો અહં. હું અભેદ છું. વિકલ્પ વિનાનો એ હું છું. એમ સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્માને આવો ભાવે છે. એવી રીતે બધા જીવો નિર્વિકલ્પ છે. આહા..હા..! ... આ તો વસ્તુની જીવની એ શક્તિનું શું સ્વરૂપ .. એક જીવ છે એ નિર્વિકલ્પ વસ્તુ છે તે જ આત્મા છે. .. એમ લેશે હજી. કે આ મનથી કરવું, મનથી કરાવવું અને મનથી અનુમોદવું આ રીતે. તેમ મન, વચન અને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું. છેલ્લે ભાઈ છે. છેલ્લે-છેલ્લે. મન-વચન-કાયે .. કૃત-

કારિત-અનુમોદવું .. 'હું એવો છું' એવા બધા ભગવાન પૂર્ણાનંદ છે. એવી વાતું છે.

પર્યાયમાં જેને આત્મા શુદ્ધ નિર્વિકલ્પ.. એ તો કહ્યું હતું નહિ? ... કેટલા વર્ષ થયા? ૬૯ વર્ષ. ૭૦માં એક ઓછો. પાલેજમાં વડોદરા નજીકથી. .. દુકાનમાં ધંધો પિતાજી ગુજરી ગયા તો પાંચ વર્ષ મેં પણ કર્યો છે. માલ લેવા ગયેલા વડોદરા. માલ લીધો. ત્યારે તો વડોદરા બહુ જવાનું. અહીંથી વડોદરા.. વડોદરા ૬૪ની સાલમાં માલ લેવા ગયા હતા. ઉંમર ૧૮ વર્ષની. નાટક જોવા ગયા હતા. ... અત્યારે જે આ ફિલ્મ-બિલ્મને શું કહેવાય એ બધું? આવું નહિ. નૈતિક જીવનમાં તો .. એ વખતે એ નાટકમાં એ બાઈ એમ કહેતી. પહેલાં નારદ આવ્યો. પછી મહારાણી .. લીધી હતી. પૈસા લે છે. જોયા વિના સાંભળતો નથી. આ તો ૬૪ની વાત છે. ૧૮ વર્ષની ઉંમર હોં! ૬૯ વર્ષ થયા. એમાં એમ આવતું. બાઈ આવી હતી. એ બાઈ સ્વર્ગમાં જાતી હતી. અપુત્રસ્ય ગતિ નહિ. પુત્ર ન હોય એની ગતિ નહિ મળે. એવું નાટકમાં આવતું. .. ત્યારે હવે શું કરવું મારે? કે નીચે પડ અને જેને હોય એને વર. પરણ તું. નીચે આંધળો બ્રાહ્મણ હતો. નીચે જ્યાં પડી ત્યાં એના ઘરે. હવે એને છોકરું થયું. એ છોકરું .. બધા આદમી હતાને. નાટક પાડવાવાળા. છોકરું ક્યાંકથી. આમ ... બેટા! આ શબ્દ બાપા! નિર્વિકલ્પો અહં ઉદાસિનો અહં. બેટા! તું તો નિર્વિકલ્પ છો, ઉદાસીન આખી જગતથી ભિન્ન તારી ચીજ છે. ..ભાઈ! આ તમારે અત્યારે નાટકના તો કાળાકેર કરી નાખ્યા છે અને ફિલ્મે તો ગોટા વાળ્યા. જુવાનિયાને .. થઈ જાય.

એ વખતે એ બાઈ એમ ગાતી. આહા..હા..! બેટા! તું નિર્વિકલ્પ છો, ઉદાસીન છો. ..આસન. વિકલ્પ અને પરથી તારું આસન ભિન્ન અંદર જુદી ચીજ છે. એય..! એ બોલતા હતા. પણ એ એવું એ વખતે. અહીં એ કહે છે. ઉદાસિનો અહં. આહા..હા..! 'હું તો સર્વ જગતથી વિકલ્પમાત્રથી ઉદાસીન .. મારું આસન ભિન્ન' એમ સમ્યગ્દૃષ્ટિ જીવને એવું ભાન થયું છે, એવી ભાવના કરે છે અને બધા જીવોને એ રીતે જોવે છે. આહા..હા..! બધા ભગવાન આત્મા. આ નિગોદના જીવો અભવિ જેવા. આમ આમ બધા નિગોદના અનંતા છે. સૂક્ષ્મ નિગોદ. અનંત જીવ છે સૂક્ષ્મ નિગોદ. એ પણ દ્રવ્ય જે છે એ તો શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ છે. એ લીલોતરીને પાંદડે પાંદડે અસંખ્ય જીવો છે.. દ્રવ્ય છે તે અહીં છે. સમ્યગ્દૃષ્ટિ એવી ભાવના પોતાને એવો ભાવે છેને? સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને પોતાનો આત્મા ઉદાસીન પરથી ભિન્ન જોવે છે, તેથી જગતના પ્રાણીને પણ નિશ્ચયથી એવો જ જોવે છે.

નિરંજન નિજ શુદ્ધાત્મ .. આહા..હા..! જયસેનાચાર્યની ટીકા છે. આપણે ચાલે છે એ જયસેનાચાર્યની ટીકા છે ૩૨૦ની. આ ગાથા છે ૨૮૮ આદિ ગાથા. બંધ અધિકારની. આહા..હા..! એમાં સર્વવિશુદ્ધ છેલ્લે છે. 'નિરંજન નિજ શુદ્ધાત્મા...' આ ભાષાનો અર્થ? ... ગાથામાં અલિંગગ્રહણ. અવ્યક્તના છ બોલ. એક સાથે સંગ્રહ કરીને એક પુસ્તક થાય

એટલું ભર્યું છે. ... આ ચીજ છે. આહા..હા..! ૩૨૦ ગાથા ૮-૯ દિવસથી. એમાં આ અધિકાર. પરમાત્મપ્રકાશમાં છેલ્લે છે. સર્વવિશુદ્ધ છેલ્લે છે એમાં છે. નિરંજન નિજ શુદ્ધાત્મા વસ્તુ એનું સમ્યક્ શ્રદ્ધા, એની સમ્યક્ શ્રદ્ધા, એનું સમ્યગ્જ્ઞાન, એનું .. એના સ્વરૂપનું ... એ નિશ્ચયરત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિ. એ નિશ્ચયમોક્ષમાર્ગ છે એ નિર્વિકલ્પ સમાધિ છે. આનંદ છે એમાં એમ કહે છે. ... નિર્વિકલ્પ સમાધિ .. નિર્વિકલ્પ શાંતિ ઉત્તમ .. વીતરાગ સહજાનંદરૂપ સુખાનુભૂતિ.. આહા..હા..! ત્યાં મૂક્યું હતુંને એકદેશલક્ષી એમાં લખ્યું છે. સુખાનુભૂતિ માત્ર લક્ષણ. અતીન્દ્રિય આનંદનો અનુભવ જેનું લક્ષણ છે. કેવળ .. નહિ. અહીં તો .. જ્ઞાન કીધુંને? સ્વસંવેદનજ્ઞાન કહ્યુંને?

'**નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ...**' એનો અર્થ અહીંયાં કર્યો. વીતરાગ સહજાનંદ સુખાનુભૂતિ, અતીન્દ્રિય આનંદનો અનુભવ. એ માત્ર અનુભૂતિ આનંદની એકલી એ જ જેનું લક્ષણ છે. કોનું? સ્વસંવેદન જ્ઞાની. આ શાસ્ત્ર-બાસ્ત્ર ભણતરની એ વાત અહીં છે જ નહિ. એની અંતર સ્વસંવેદન જ્ઞાન એમ કહ્યુંને? '**નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ...**' શું? '**ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ...**' આહા..હા..! એ ઉપદેશ .. કર્યો પોતે જયસેનાચાર્યે. કે સુખાનુભૂતિ માત્ર લક્ષણ સ્વસંવેદનજ્ઞાન .. એ આત્મા જે અતીન્દ્રિય આનંદનું .. જ્ઞાન છે સ્વસંવેદન એનાથી જણાય છે. બાકી બીજી રીતે જણાય એવો છે નહિ. આહા..હા..! દેવીલાલજી! પોતાનો આત્મા એ આવો આત્મા, બીજા બધા આત્મા નિર્વિકારી વીતરાગી સહજાનંદ સુખાનુભૂતિ લક્ષણ ... એનાથી તે જણાય એવો છે. ભગવાનથી જણાય એવું .. થી જણાય એવું નથી. એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એનાથી જણાય એવું નથી. ઝીણી વાત છે. આ સ્વસંવેદન આવ્યુંને? '**નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ...**' એ દર્શન કહ્યું. વીતરાગ શુદ્ધ ચૈતન્ય પ્રભુ એનું જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્વિકારી વીતરાગદશા એ વીતરાગ પરમાનંદ, સહજાનંદસ્વરૂપ સુખાનુભૂતિમાત્ર લક્ષણ એ સ્વસંવેદનજ્ઞાનનું અતીન્દ્રિય આનંદના અનુભૂતિમાત્ર લક્ષણ છે. આવી વાતું છે. .. સંતો જાહેર કરે છે જગત પાસે. અરે! કંઈક.. બિચારાને ખબર પણ ન મળે. સમ્યગ્દર્શન શું, સમ્યગ્દર્શન .. તો એની દશા શું હોય? ખબર ન મળે .. નીકળે. આહા..હા..! સમજાણું કાંઈ?

સ્વસંવેદનજ્ઞાન અને સંવેદ્ય .. આનંદના અનુભૂતિવાળું જે સ્વસંવેદનજ્ઞાન. આહા..હા..! એનાથી તે જણાય. ... ભાઈ! આવી વાતું છે. આહા..હા..! .. શું હશે આ? વીતરાગનો માર્ગ બહુ જુદો છે. સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે એ સંતોની .. કે આ આત્મા જાણવામાં કઈ રીતે આવે? કે એ જાણવામાં એવી રીતે આવે કે અતીન્દ્રિય આનંદના સુખની અનુભૂતિ થાય .. સ્વંસવેદનજ્ઞાન એનાથી જાણવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આકરી ભાષા શું થાય? અત્યારે તો ધર્મને નામે... ભાઈ! .. આત્માના .. માટે .. છે. ભેદજ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદના અનુભવવાળું જો જ્ઞાન તે જ્ઞાનથી જણાય એવો છે. એ વ્યવહાર

દયા, દાન અને વ્રત, ભક્તિ, પૂજા એ આત્મા જણાય એવો નથી એમ કહે છે. એ તો વિકલ્પ અને રાગ છે. એય..! .. ગાથાની શૈલી છે. પૂજા, ભક્તિ, વ્રત, તપ, વૈયાવચ્ચ એ કોઈ જૈનધર્મ નથી, એ તો પુણ્યભાવ છે, પાપ છે. જૈનધર્મ નથી. જૈનધર્મ તો વીતરાગી પરિણામ થાય એ જૈનધર્મ છે. એ વીતરાગી આ. છેને?

વીતરાગ સહજાનંદરૂપ સુખાનુભૂતિ, સુખાનુભૂતિમાત્ર જેનું લક્ષણ. .. જ્ઞાન.. એવા જ્ઞાનથી તે જણાય એવો આત્મા છે. ભગવાન બધા આત્માઓ આવા છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય લસણની કળીમાં અનંત જીવ એ પણ જીવ વસ્તુ તરીકે તો આવા છે. આહા..હા..! ભારે કામ આકરું. છે? પ્રાપ્ય... આત્મા એવી મારી શક્તિથી ભરેલો પૂર્ણ છું. ભરિત અવસ્થ. અવસ્થા છે ત્યાં પર્યાય નથી. નિશ્ચય .. આત્મા અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત વીતરાગતા, અનંત સ્વચ્છતા, અનંત ઈશ્વરતા એવા સ્વભાવથી ભરેલો હું આત્મા છું. અને બધા ભગવાન આત્માઓ આવા છે. દેવીલાલજી! છે? રાગ-દ્વેષ-મોહ, ક્રોધ-માન-માયા-લોભ, પંચેન્દ્રિય વિષય વ્યાપારરહિત હું છું. મન, વચન અને કાયાના વેપારરહિત છું. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એનાથી ભિન્ન છું. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ ભાવ કર્મ રાગ છે, એનાથી ભગવાન આત્મા ભિન્ન છે એમ સમ્યગ્દૃષ્ટિ જોવે છે. અજ્ઞાનીને એનો પત્તો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે.

પંચેન્દ્રિય વિષય-વેપારરહિત મન-વચન દ્રવ્યકર્મથી રહિત, આત્મખ્યાતિ, પૂજા, લાભ.. નિદાન, માયાશલ્ય, મિથ્યાશલ્ય આદિ વિભાવિક સર્વ વિભાવ પરિણામરહિત સર્વ વિકલ્પ જે વિભાવ છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ વિભાવ અને વિકાર છે. વિકાર વિના બંધન હોઈ શકે નહિ, બંધન થાય તે વિકારભાવ છે. હું એ વિકારથી રહિત છું. સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળો, ધર્મની પહેલી શરૂઆત. .. એ તો દશા કોઈ અલૌકિક છે. એ તો વર્તમાન બધા માની બેઠા છે અમે શ્રાવક છીએ. આહા..હા..! દેવીલાલજી! અહીં તો કહે છે કે હું એક ત્રણ શલ્યરહિત કર્મ જીવ.. શૂન્ય, સર્વ વિકારીપર્યાયથી શૂન્ય છું અને પોતાની અનંત શક્તિથી ભરેલો છું. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જેને આત્માનું જ્ઞાન થયું છે એ એમ ભાવે છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં. સમ્યગ્દર્શન એ પર્યાય છે, કોઈ ગુણ-દ્રવ્ય નથી. ગુણદ્રવ્ય તો ત્રિકાળ છે. એ પર્યાયને જેણે આત્માને આ રીતે સમ્યગ્દર્શનમાં જાણી, માની, અનુભવી. આહા..હા..! એ જે વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા ... એ જીવ પોતાના આત્માને સર્વવિભાવથી રહિત જાણે છે અને સર્વ શક્તિમાં પરિપૂર્ણથી ભરેલો આત્માને માને છે. ..માં ક્યાંય નથી ધૂળમાંય. આવું સાંભળવાનું નથી. ત્યાં ક્યાં હતું? રૂપિયા છે ધૂળ. સમજાણું કાંઈ? લાખ રૂપિયા, પાંચ લાખ ને ધૂળ લાખ એ ધૂળ છે. ધૂળ વિના જ ચાલે છે અનાદિથી. પરદ્રવ્ય વિના જ આત્મા ટકી રહ્યો છે. પરદ્રવ્યનો આત્મામાં અભાવ છે. સ્વભાવનો સદ્ભાવ છે. એણે વીતરાગમાર્ગ સાંભળ્યો નથી. જિનેશ્વર

પરમેશ્વર ત્રિલોકનાથ સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સાક્ષાત્ મોજુદ છે પરમેશ્વર એની આ વાણી છે. સમજાણું આમાં કાંઈ? .. કીધુંને?

કેવો છે આત્મા? '**નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી...**' એ આત્માનું સમ્યગ્દર્શન છે એ જ્ઞાન.. છે .. ક્ષાયિક. શ્રેણિક રાજાને ક્ષાયિકસમકિત હતું. .. હતું. શ્રેણિક રાજા આત્મજ્ઞાન .. હતો. એણે એ ..તીર્થંકરગોત્ર બાંધ્યું, પણ નરકનું આયુષ્ય પહેલાં બાંધેલું હતું એટલે નરકમાં છે. એ ક્ષાયિકસમકિત સમયે-સમયે તીર્થંકરગોત્ર બાંધે છે. એ જીવ જ્યાં પોતાને આવો અનુભવે છે, તે નરકમાં પણ સમ્યગ્દૃષ્ટિનો આત્મા આવો આત્મા અનુભવે છે. એ અજ્ઞાનીને તો ખબર પણ ન મળે. શું આત્મા ને શું આ? કરો આ કરો... આ કરો... વ્રત કરો, અપવાસ કરો ને ... થઈ જાય ધર્મ. પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ સર્વજ્ઞના શ્રીમુખે દિવ્યધ્વનિ જે આવી છે એનો આ સાર છે. ..થી જણાય એવી વાત છે, પ્રભુ! ...

અહીં તો કહે છે '**નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ...**' આહા..હા..! ક્ષયોપશમજ્ઞાન .. કાંઈ સર્વજ્ઞ નથી. .. પરમાત્મા.. નિશ્ચય સાધક જીવને, સમકિતી જીવને.. સાચા હોય એની વાત છે. ... સમજાણું કાંઈ? '**નિર્વિકાર સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી...**' ક્ષયોપશમિકજ્ઞાન સમકિતીને ક્ષાયિક ... તીર્થંકરગોત્ર.. લક્ષણ આ છે. આનંદસહિતનું નિર્વિકારી ક્ષયોપશમજ્ઞાન છે, આનંદસહિતનું ક્ષયોપશમજ્ઞાન સ્વસંવેદન છે તેને અહીંયાં ક્ષાયોશમિકજ્ઞાન સમકિતીનું જ્ઞાનીનું કહેવામાં આવે છે. આ શું હશે આવી વાત? બાપા! એ પરમાત્માનો માર્ગ જિનેશ્વરનો માર્ગ તો કોઈ અલૌકિક છે. એટલે કે તારો માર્ગ કોઈ અલૌકિક છે. તું જિન છો. જિન તે જિનવર અને જિનવર તે જિન. વસ્તુ ભગવાન સ્વરૂપ આત્મા અંદર. આહા..હા..! એ ક્ષયોપશજ્ઞાનથી જણાય એવો '**એકદેશ વ્યક્તિરૂપ છે...**' એક અંશે પ્રગટરૂપ છે. આખી ચીજ તો પ્રગટ પર્યાયમાં આવતી નથી. સમ્યગ્દર્શન થતાં, આત્મા અનુભવ થતાં, ધર્મની દશા પહેલી શરૂઆત થતાં એની પર્યાયમાં આખો આત્મા પર્યાયમાં આવતો નથી, પણ એકદેશ .. બધી શક્તિઓની વ્યક્તતા પ્રગટ થાય છે. એ આકરું અત્યારે આ તો કાંઈ જૈનની શૈલી હશે. જૈનમાં તો આ છકાયની દયા પાળો, પરમેશ્વરની ભક્તિ કરવી, દેરાસર બનાવવા, જાત્રા કરવી એવી વાતું સાંભળી છે. રાતે ચોવિહાર કરવો. અરે! પ્રભુ! સાંભળ તો ખરો, નાથ! એ બધી ક્રિયાઓ તો રાગની છે. એ તને ખબર નથી. .. રાગ છે.

અહીં તો પરમાત્મસ્વરૂપ ભગવાન એમ પરમેશ્વર કહે છે કે તારો આત્મા તને ક્યારે જણાય? કે આનંદના અનુભૂતિસહિતની સ્વસંવેદનજ્ઞાનમાં આત્મા જણાય એવો છે. શાંતિભાઈ! ત્યાં કાંઈ ઝવેરાતમાં ધૂળમાંય નથી કાંઈ. કરોડોપતિ ને અબજોપતિ. આહા..હા..! .. આવી ગયા શેઠ! શાહુજી શાંતિપ્રસાદ. આવી ગયા .. ચાલીસ કરોડ રૂપિયા. પ્રવચન સાંભળી ગયા હમણા આવ્યા હતા .. ધૂળને ધાણી. આહા..હા..! .... એવું સાંભળ્યું હતું. દુનિયામાં પાપના ધંધામાં

રોકાઈને આત્મા શું ચીજ છે એને સમજવાનો વખત પણ ન મળે. આવો આત્મા ક્યારે જણાય? આહા..હા..! કે જેને એક અંશ અનંતગુણમાંથી અનંત શક્તિઓ જે છે એનો એક અંશ પ્રગટ બધી શક્તિઓ.. એને એક દેશ વ્યક્તિ પ્રગટતા કહેવામાં આવે છે. ભાષા જુદી ગ્રીક-લેટિન જેવી લાગે. મારગડા જુદાં, નાથ! પ્રભુ! તારો માર્ગ જુદો છે, ભાઈ! અત્યારે ચાલે છે એ જુદી જાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ તો કોઈ અલૌકિક છે. તારો માર્ગ અલૌકિક છે. તું જ કોઈ અલૌકિક ચીજ છો એમ કહે છે. છે?

**'જોકે એકદેશ વ્યક્તિરૂપ છે...'** સમ્યગ્દર્શનમાં ક્ષયોપશમજ્ઞાન જે છે એ એક અંશરૂપે પ્રગટ છે. પૂર્ણ અંશે પ્રગટ છે એ કેવળીને હોય. પરમાત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એની બધા જેટલી અનંત શક્તિ છે આત્મામાં એની સર્વ વ્યક્તિઓ પ્રગટતા અનંતગુણની પ્રગટદશા હોય. સમજાણું કાંઈ? આવો ઉપદેશ કેવો હશે? આ જૈનનું હશે આ? બાપુ! તને જૈનની ખબર નથી. જૈન પરમેશ્વર શું છે? એની ચીજ શું? આહા..હા..! એ અનંતકાળથી રખડતો મરી ગયો છે. ચોર્યાસીના અવતાર કરી-કરીને .. ગયો છે. તે તે જીવના અનંત અવતાર કર્યા છે આ મિથ્યાત્વને લઈને. મિથ્યાત્વ શું છે એની હજી ખબર ન મળે. એનો અભાવ થઈને સમ્યગ્દર્શન થાય એ શું ચીજ છે? અને સમ્યગ્દર્શનનો વિષય શું ત્રિકાળી છે? આહા..હા..! શાંતિભાઈ! આવી વાતું છે, બાપુ! પાંચ-પચાસ લાખ મળી ગયા, કરોડ, બે કરોડ, પાંચ કરોડ, ધૂળ કરોડ થઈ ગયા એમાં દસ કરોડમાંથી દસ લાખ ધર્મને નામે આપે દેરાસર બનાવવા, માટે ધર્મ થઈ જાય. ત્રણકાળ, ત્રણલોકમાં નથી. એય..! કહ્યું હતુંને એક ફેરી? .. ભાવનગર. અહીં તો ચોખ્ખી વાત છે. તારા લાખ ને કરોડ આપ તો રાગ મંદ કર તો પુણ્ય છે, ધર્મ નથી. આહા..હા..! વીતરાગધર્મ તો વીતરાગભાવે હોય છે. એ અહીં કહે છે.

**'તોપણ ધ્યાતા પુરુષ...'** આહા..હા..! ધર્મી જીવ. ધર્મી જીવ ઉપશમ, ક્ષયોપશમ જે .. આનંદની .. જ્ઞાન એ પ્રગટ્યું છે તેનાથી આત્મા જણાણો અને પ્રગટેલી દશાનું ધ્યાની ધ્યાન કરતો નથી. આહા..હા..! આકરી વાત છે, ભાઈ! આહા..હા..! એકફેરી નહોતું કહ્યું? કબીર-કબીર. કબીરને તો ભાઈ ખબરેય નથી. ત્યાં ક્યાં ધ્યાન નિશ્ચયમાર્ગ હતો ક્યાં ત્યાં? કબીર-કબીર. એણે રચ્યા છેને. ... વણકર. અન્યમતિની શ્રદ્ધા. આવો માર્ગ ક્યાંય છે જ નહિ બીજે વીતરાગ સિવાય. એક જણે એને પૂછયું કબીરને. નાટક પાડ્યુંને. ... ધૂન લગાવી દેશે. ... ધુનિયા. ધૂન રે ધૂનિયા અપની ધૂન, ધૂન રે ધુનિયા અપની ધૂન, જામે જાકો ધૂને પાપ ન પુણ્ય. પોતાનો ભગવાન આત્મા. એ તો એની મમતાથી.... એ અહીં ક્યાં છે? વીતરાગ કહે છે એ દ્રવ્ય અને એ આત્મા જ્ઞેયની પર્યાય છે ક્યાં ત્રણકાળમાં? આહા..હા..! એ એમ કહેતો ત્યાં ધૂન રે ધૂનિયા. એ ધૂન ચડાવે ધૂનિયા. શેની? અપની ધૂન. અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા એની ધૂન ચડાવ. આહા..હા..! તને સમ્યગ્દર્શન થશે. જાકિ ધૂનમેં પાપ ન પુણ્ય. જેને ધૂનમાં પુણ્યના પરિણામ પણ ત્યાં હોતા નથી. આહા..હા..! સમજાણું

કાંઈ? આ તો સર્વજ્ઞ વીતરાગની વાત છે. એવી વાત તો ક્યાંય છે નહિ. ... ઉપર-ઉપરથી વૈરાગ્યની વાત છે. .. છે, સર્વવ્યાપક છે એવી વાતું માની હતી. .. એ કોઈ વસ્તુ નથી. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સિવાય એણે આત્મા કેવો એ જોયો નથી. ભલે આત્માની વાતું કરે. વેદાંતી આત્માની ઘણી વાતું કરે. બધી કલ્પીત. પરમેશ્વર વીતરાગદેવે જે આત્મા કહ્યો. આહા..હા..! અને જ્યાં કેવળજ્ઞાન પ્રગટ થયું પરમાત્માને અને કેવળજ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જ્યાં જણાણા એણે જે આત્માને જોયો અનંત શક્તિવાળો અને અનંતગુણનું ધામ. એને જેણે સમ્યગ્દર્શન થયું અને એને અનંતગુણનું ધામ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો છે. એ અનુભવની પર્યાય જે છે એ એકદેશ પ્રગટરૂપ છે. છેને? એકદેશ પ્રગટદશા સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ ચારિત્ર તે આત્માના.. ચારિત્ર એટલે આ પાંચ મહાવ્રત ને .. એ ચારિત્ર-ફારિત્ર નથી. એ તો બધો વિકલ્પ ને રાગ છે. આહા..હા..!

ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એમાં રમણતા અતીન્દ્રિય આનંદનો જે અનુભવ થયો છે સમકિતમાં એમાં રમણતાની જમવટ જામી એનું નામ ભગવાન ત્રિલોકનાથ ચારિત્ર કહે છે. આહા..હા..! એ અહીં કહે છે કે એ ચારિત્ર ને દર્શન-જ્ઞાન પ્રગટ્યું છતાં '**ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે કે...**' છે? સમ્યગ્દૃષ્ટિ ધ્યાન કરનારો, ધ્યેયનું ધ્યાન કરનારો ત્રિકાળી ભગવાન સહજાનંદ પ્રભુ. સહજાનંદ ઓલા સ્વામીનારાયણ કહે છે એ નહિ હોં. નહિતર સહજાનંદની ખબર .. આ તો પરમાત્મા સહજાનંદસ્વરૂપ આત્મા એની વાત છે. અત્યારે એ ચાલે છે. સહજાનંદ તો સ્વામીનારાયણમાં હોય. સાંભળતો ખરો. એ તો સહજાનંદ નામ હતું. આ તો સહજાનંદસ્વરૂપ આત્મા છે. એવા સ્વરૂપનું ધ્યાન કરનારો પુરુષ '**એમ ભાવે છે કે જે સકલનિરાવરણ...**' આહા..હા..! એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી જ્ઞાનના આનંદની અનુભૂતિસહિત પ્રગટ્યું, છતાં ધર્મી તેનું ધ્યાન કરતો નથી. આહા..હા..! ધર્મનું ધ્યાતા ધ્યાન કોનું કરે છે? આહા..હા..! એ વાતું તે આવી. કઈ જાતની વાતું હશે? એ બિચારા જૈનમાં જન્મ્યાને પણ ખબર ન મળે. વાડા બાંધીને પડ્યા.

અનંત પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ એમ ફરમાવે છે કે આ અનંતધર્મનું સ્વરૂપ જે સત્યનું છે એમાં અનુભવમાં આવતા અનંત પ્રગટેલું એવું નિર્મળ વ્યક્ત આનંદ આગળ .. ચારિત્ર .. શ્રદ્ધા અને સમકિત થયું. સ્વચ્છતાનો અંશ આવે, પ્રભુતાનો અંશ આવે. એ બધા પ્રગટ થયેલી પર્યાય સમકિતી ધ્યાતા-ધ્યાન એને નથી કરતો. બહુ ઝીણી વાત છે. આ સાત દિ'થી ચાલે છે હવે આજે છેલ્લો દિ'. ભાગવતરાજાની **ભાગવત કથા** છે આ. ..ઘરની ભાગવત હોં. ઓલા ભાગવત કહે છે એ નહિ. આહા..હા..! આ તો ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ એની! **ભાગવત કથા.** કહે છે ધર્મી જીવ સમકિતી જીવ સમ્યગ્દર્શન આનંદ આદિ પ્રગટ્યો છે, છતાં પ્રગટેલાનું ધ્યાન કરતો નથી. આહા..હા..! કોનું ધ્યાન કરે છે?

'**સકળનિરાવરણ...**' પ્રભુ આત્મા અંદર છે. દ્રવ્યસ્વરૂપ, શક્તિસ્વરૂપ. આહા..હા..! અંદર વસ્તુ શું છે એની ખબર નથી. આત્મતત્ત્વ છે અંદર. એક સમયની વર્તમાન પર્યાય પ્રગટ છે એમાં એની રમતું છે અનાદિ અજ્ઞાનીની. પણ એક સમયની પર્યાયની પાછળ આખો ભગવાન બિરાજે સત્ત્વ એ સકળનિરાવરણ છે, સકળનિરાવરણ છે. એ વસ્તુ જે છે ત્રિકાળી ભગવાન એવા અનંત આત્માઓ દ્રવ્યસ્વભાવે તો નિરાવરણ છે. પર્યાયમાં રાગની સાથે .. અને કર્મ સાથે .. વસ્તુમાં... આહા..હા..! જેમાં અનંત આનંદ વસેલો છે પ્રભુ આત્મામાં. એવો આનંદનો નાથ પરમાત્મા પોતે. પોતે પરમાત્મસ્વરૂપ શક્તિએ છે. આમ બેસે ક્યારે? એક જણો એમ કહે ભગવાન .. હેં! અત્યારે એવું છે.

'**સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય...**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ કોનું ધ્યાન કરે? સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવનું ધ્યેય શું? સમ્યગ્દૃષ્ટિ ધર્મીનો વિષય શું? કે ત્રિકાળી આત્મા તે એનો વિષય છે. '**સકલનિરાવરણ...**' છેને અંદર? '**અખંડ..**' અખંડ વસ્તુ છે અંદર ચૈતન્ય પ્રભુ. ઓલા પીપરના દાણામાં લીંડીપીપર. આ દાણો નાનો, કદે નાનો, રંગે કાળો, પણ અંદર ચોસઠ પહોરી શક્તિ છે તિખાશની. તમારી હિન્દી ભાષાએ ચરપરાઈ. ચોસઠ પહોરી તિખાશ ભરી છે. રૂપિયે-રૂપિયો ચોસઠ પૈસા એટલે. સોળ આના રૂપિયો. ત્યારે ઘૂંટે એ અંદર છે એ બહાર આવે છે. આહા..હા..! ઘસવાથી આવતી હોય તો પથરા અને કોલસા ઘૂંટે નહિ? એમાં ક્યાં છે? એ પીપરમાં ચોસઠ પહોરી તિખાશ ભરેલી છે. લીલો રંગ અને તિખાશ ભરેલી છે. એ ભગવાન આત્મામાં. આહા..હા..! કેમ બેસે? એમ પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદ ને પૂર્ણ શાંતિ, પૂર્ણ વીતરાગતા ભરેલી છે અંદર.

'**સકલનિરાવરણ-અખંડ-એક...**' સ્વરૂપ પ્રભુ અંદર છે. આહા..હા..! એને આત્મતત્ત્વ કહીએ, નિશ્ચય વસ્તુ જેને કહીએ એ '**અંકડ-એક પ્રત્યક્ષપ્રતિભાસમય...**' આહા..હા..! શું કહે છે? એ જ્ઞાનની વર્તમાન પર્યાયમાં આખો પ્રત્યેક પ્રતિભાસમય છે તે જણાય જાય છે, ભલે શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનની વાત છે, બાપુ! એકલા ભણેલા અને વાંચેલા એ કાંઈ જ્ઞાન નથી. એ તો કહ્યું હતુંને સ્વસંવેદન નિર્વિકારીજ્ઞાન ક્ષયોપશમ તેને જ્ઞાન કહીએ. આહા..હા..! અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય. સમ્યગ્જ્ઞાનમાં પ્રત્યક્ષ આખો આત્મા તેને સમ્યગ્જ્ઞાનમાં જણાય છે, ભલે શ્રુતજ્ઞાન હોય. આહા..હા..! શું કહે છે આ? કોના ઘરની વાત છે આ? પાગલ જેવું લાગે છે. લાગવા દ્યોને, બાપુ! માર્ગ તો આવો ઝીણો.

'**અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય...**' પ્રત્યક્ષ ભગવાન શુદ્ધ ચૈતન્ય આનંદઘન આનંદકંદ છે. જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષપ્રતિભાસમય છે. પર્યાયમાં આખો આત્મા જણાય જાય છે. આહા..હા..! એવો જે આત્મા '**અવિનશ્વર-**' કોઈ દિ' નાશ થતો નથી. પર્યાય જે અવસ્થા છે એ બદલે, પણ વસ્તુ છે એ કોઈ દિ' નાશ થતી નથી. વસ્તુ તો ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ છે. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' ભગવાને જે ઉત્પાદ-વ્યય કહ્યો એ આ એકદશ વ્યક્તિ.

ધર્મની દશા થઈ એ અને વસ્તુ છે એ ત્રિકાળ ધ્રુવ છે, એમાં ઉત્પાદ-વ્યય છે નહિ. આહા..હા..! આવી વાતું છે. આહા..હા..! કોઈ દિ' સાંભળી ન હોય અને નવું લાગે એટલે કાંઈ એ નવી છે નહિ. એ તો વસ્તુ અનાદિની ભગવાન એમ કહેતા જ આવે છે. આહા..હા..! ભગવાનને ભૂલીને બીજે રસ્તે ચડી ગયો.

**'અખંડ-એક પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિક...'** આહા..હા..! **'શુદ્ધપારિણામિકપરમભાવલક્ષણ...'** ત્રિકાળી શુદ્ધ સ્વભાવભાવ જેનું લક્ષણ છે એવું **'નિજપરમાત્મદ્રવ્ય...'** આહા..હા..! આવી વાતું છે બધી. બાપુ! ભગવાન પરમેશ્વરે ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પરમાત્મા આમ ફરમાવતા હતા એ વાત છે આ. ભગવાન બિરાજે છે. સીમંધર પરમાત્મા મહાવિદેહમાં સાક્ષાત્ મોજુદ છે. એની આગળ આ કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં ગયા હતા. ત્યાંથી આવ્યા ને આ શાસ્ત્ર રચ્યા પછી. આહા..હા..! ભગવાનનો સંદેશ છે આ. આકરું પડે. અભ્યાસ નહિ.

**'અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિકપરમભાવલક્ષણ...'** પારિણામિક સ્વભાવ પરમભાવ ત્રિકાળ એવો નિજપરમાત્મદ્રવ્ય. નિજપરમાત્મદ્રવ્ય. ભગવાન પરમાત્મા એ તો એના ઘરે રહ્યા. એ કાંઈ દેતા નથી, લેતા નથી. એ તો વીતરાગ પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર. .. વાણી એ પણ એની નથી. વાણી તો જડ છે. ૐ ધ્વનિ ઊઠે છે. આહા..હા..! એ કોઈને દેતા નથી, લેતા નથી, પણ વ્યવહારે એમ કહેવામાં આવે છે. તરણતારણ આવે છે ને? તન્નાણં તારયાણં નમોત્થુણંમાં આવે છે. એ વ્યવહારથી કથન છે. પરમાર્થે અનુભવથી તર્યો ત્યારે ભગવાનને નિમિત્તથી તારણહાર કહેવામાં આવે છે. આહા..હા..! ..ના ફેર બહુ, બાપુ!

**'નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું,...'** ઉઘડેલી પર્યાય છે તે હું છું (એમ નહિ). ઉઘડેલી પર્યાય એમ કહે છે કે આ હું છું. સમ્યગ્દર્શનની પર્યાય ઉઘડેલી જે પ્રગટ છે અનંત આનંદના વેદનસહિતની, એ પર્યાય એમ કહે છે કે આ ત્રિકાળી તે હું છું. અરેરે! આવો માર્ગ છે, ભગવાન! અનંત તીર્થંકરોએ, અનંત કેવળીઓએ વીતરાગી સંતો જે અનંત થયા એ બધાએ આ કહ્યું છે. અરેરે! એ વાત વીખાઈ ગઈ અને બહારના કડાકૂટા રહી ગયા એકલા. જેમાં જન્મ-મરણના અંત નથી. જન્મ-મરણના અંતની આ વાત છે. છે? **'નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું, પરંતુ એમ ભાવતો નથી કે ખંડજ્ઞાનરૂપ હું છું.'** જે ક્ષયોપશમજ્ઞાન સમ્યગ્દર્શન અને આનંદસહિત પ્રગટ્યું એનું તું ધ્યાન કરતો નથી. ધ્યાન કરનાર પર્યાય ધ્યાન કરે છે ધ્રુવનું. આહા..હા..! કહો સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એટલે સમજાય જાય તો નિહાલ થઈ જાય, પણ કઈ પદ્ધતિથી કહેવામાં આવે છે! કઈ રીતથી કહેવાય એની ગંધ આવે છે, એનું નામ સમજાય છે કાંઈ? આહા..હા..! અરેરે! એની દયા એને આવી નથી. હું કેવડો મોટો છું એવું માનીને એને દયા ન આવી. એવું એનું જીવન છે પૂર્ણ શક્તિ તત્ત્વ ત્રિકાળ

ભગવાન આત્મા એને એવી રીતે ન માન્યો અને આત્માને રાગવાળો, પુણ્યવાળો, પુણ્યની ક્રિયાથી આત્માને કલ્યાણ થાય. જીવને મલિન કરી નાખ્યો. સમજાણું કાંઈ?

'**પરંતુ એમ ભાવતો નથી કે ખંડજ્ઞાનરૂપ હું છું.**' સમ્યગ્દૃષ્ટિ પોતાની જ્ઞાનની પર્યાય સમ્યક્ આનંદસહિત પ્રગટી છે એનું એ ધ્યાન નથી કરતો. છે? આ તો હજારો વર્ષ પહેલાંની વાત છે. ... '**આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ-અધ્યાત્મના...**' ભગવાનના કહેલા શાસ્ત્રો આગમ અને અધ્યાત્મ-આત્માની જેમાં વાત છે. બેયની પરસ્પર સાપેક્ષથી વાત કરી છે. ત્રિકાળી છે તે આનંદ છે અને વર્તમાન પર્યાયમાં ..દશા એ પર્યાયમાં એનો વિષય, વ્યવહારનો વિષય, ત્રિકાળ નિશ્ચયનો વિષય એ બેયની એપેક્ષાએ પરસ્પર વાત કરી છે. ... બે વાત.

ત્રીજી. '**નયદ્વયના અભિપ્રાયના અવિરોધપૂર્વક...**' અહીંયાં અભિપ્રાય લીધો. ત્યાં પરસ્પર સાપેક્ષ લીધું છે. આગમનું અધ્યાત્મ. જેમાં છ દ્રવ્યની વાત છે. ભગવાને દીઠું એમાં છ દ્રવ્ય છે. ભગવાને અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ અને કાળ, બસ. ભગવાને છ દ્રવ્ય જાતિએ અને સંખ્યાએ અનંત. એ માયલો જે આત્મદ્રવ્ય છે, આહા..હા..! એ નિશ્ચયથી છે એ શુદ્ધની વાત પણ કરી છે. પર્યાયમાં ભેદ છે એની પણ વાત કરી. એ '**અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી...**' નિશ્ચય અને વ્યવહારના અભિપ્રાય અવિરોધપૂર્વક આ વાત કહેવામાં આવી છે. એમાં આઠમું વ્યાખ્યાન છે આ. તપાસ કરી.. છેને? વ્યવહારથી શુદ્ધ છે. નિશ્ચય અને વ્યવહાર પર્યાય તે વ્યવહાર છે, ત્રિકાળ તે નિશ્ચય છે—એવા બેયના અવિરોધપૂર્વક આ કથન કરવામાં આવ્યું છે. એનાથી '**સિદ્ધ છે (-નિર્બાધ છે)...**' નિર્દોષ છે આ વાત. '**એમ વિવેકીઓએ જાણવું.**' વિવેકી જીવે આ રીતે જાણવું. આહા..હા..! જેને વિવેક નથી એ ગમે તે જાણે અને ગમે તે માને. પણ વિવેકીએ તો આ રીતે જાણવું. આ રીતે આ અધિકાર પૂરો થયો.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## અષાઢ વદ-૧૩, ગુરુવાર, તા. ૧૪-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૧ થી ૩૨૩, કળશ-૧૯૯, પ્રવચન નં. ૩૮૬

સમયસાર, ૧૯૯ કળશ.

(अनुष्टुभ्)

ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः।
सामान्यजनवत्तेषां न मोक्षोऽपि मुमुक्षताम्।।१९९।।

**'જૈનના સાધુઓ પણ...'** જૈનના સાધુ અને જૈન નામ ધરાવનારા શ્રાવકો એવા હોવા છતાં **'સર્વથા એકાંતના આશયથી આત્માને કર્તા જ માને છે...'** શેનો કર્તા માને છે? જે અનાદિથી પાપનો કર્તા પરિણામનો માનતો એમ આ દ્રવ્યચારિત્ર ભાળે, ઘણું ભણ્યો હોય, શાસ્ત્ર વાંચ્યા હોય, વ્રત પણ લીધા હોય, દ્રવ્યચારિત્ર પાળે ક્રિયા, છતાં એ દ્રવ્યચારિત્રમાં જે પુણ્યના પરિણામ છે એનો કર્તા માને છે તે મિથ્યાદૃષ્ટિ જીવ છે. આવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ **'સર્વથા એકાંતના આશયથી આત્માને કર્તા જ માને છે તેમને નિષેધતો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :-'**

**શ્લોકાર્થ :— 'ये तु तमसा ततः आत्मानं कर्तारम् पश्यन्ति' 'જેઓ અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત...'** આહા..હા..! ભગવાન આત્માનું સ્વરૂપ તો જ્ઞાનસ્વરૂપ, જ્ઞાતાસ્વરૂપ છે એને ન જાણતાં અજ્ઞાનમાં રાગની ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ પરિણામનો એ કર્તા થાય છે. આહા..હા..! છે? **'અજ્ઞાન-અંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને કર્તા માને છે,...'** ચાહે તો છકાયની જીવની દયા પાળી શકું, છકાયના જીવની રક્ષા કરી શકું, એ પાઠ આવશે, એવી માન્યતા જેની છે એ જૈનમતાનુસારી ભલે હો અને ક્રિયાકાંડ દ્રવ્યચારિત્ર પણ પાળતો હો, દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહારે શ્રદ્ધા પણ જેને હો, ઘણું શાસ્ત્રનું જ્ઞાન ભણ્યો હોય... આહા..હા..! પણ એ પુણ્યભાવનો કર્તા રાગનો થાય છે... આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ એ ભાવનો જે કર્તા થાય છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આકરી વાત છે. ક્યાં ગયા શાંતિભાઈ? ત્યાં બેઠા છે. તમારો ક્યાં ગયો એ બીજો? નથી આવ્યો? નહિ આવ્યો હોય. સમજાણું કાંઈ? આહા..હા..! અનાદિથી જેમ પાપના પરિણામનો કર્તા અજ્ઞાનપણે, મિથ્યાત્વપણે સ્વસ્વરૂપના સ્વભાવના અભાવની દૃષ્ટિપણે જે પાપનો કર્તા થતો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ-વાસના એ જીવ વળી એનો ત્યાગી થઈને વ્યવહારચારિત્ર વ્રત, નિયમ પાળે, છતાં એ પુણ્ય પરિણામનો કર્તા થાય છે... આહા..હા..! એ જૈન નથી, એ મિથ્યાદૃષ્ટિ છે. આકરું કામ છે. આહા..હા..!

એ **'આત્માને કર્તા માને છે, તેઓ ભલે મોક્ષને ઈચ્છનારા હોય...'** મોક્ષની જેને ઈચ્છા પણ હો. આહા..હા..! **'તોપણ સામાન્ય (લૌકિક) જનોની માફક...'** જેમ અજ્ઞાની ઈશ્વરકર્તા માને છે, આ જગતનો કર્તા, દેવ, નારકી, મનુષ્ય, ઢોર એનો કર્તા ઈશ્વર છે એમ માને છે, એમ આ જૈનમતનો દ્રવ્યલિંગી સાધુ કે દ્રવ્યલિંગી શ્રાવક વ્રતધારી એ મિથ્યાદૃષ્ટિ... આહા..હા..! રાગનો કર્તા માને, પરની દયા પાળી શકું એમ માને તો અન્યમતિ જેમ ઈશ્વરકર્તા માને એવું આ કર્તા માને, બેય સરખા છે. આહા..હા..! આવી વાતું આકરી છે. ઓલા ભાઈ બારોટ આવ્યા હતાને સવારમાં, એની સાથે વાત કરી. અહીં .. પછી કાંઈક બોલ્યા હતા ખરા કે .. અઢીસો રૂપિયાનું .. એ અઢીસોના .. પૈસાવાળા થાય એમ. ગજબ કરે છે. લોભી, ભીરૂ ને લાલચી.. આવે છેને એવું કાંઈક? 'ગુરુ લોભી શિષ્ય લાલચુ..' એમ

પછી બીજી ભાષા છે. લોભી લાલચી બંને.. એ બીજી વાત છે. આવવી જોઈએને. બેય જણા એમ આહા..! ગજબ આ તો! ... અઢીસો રૂપિયાનું એક આપે છે. પૈસા થાશે જાવ. અરે! પ્રભુ! શું કરે છે તું આ?

અહીં તો જૈનમતના દિગંબર સાધુ થાય. અરે! સાધુ કે દિ' હતા? મિથ્યાદૃષ્ટિ ... છે બાપા! શું થાય? માર્ગ તો આ છે. એ જીવના અનાદરને માટે નથી. વસ્તુની સ્થિતિ આવી છે. આહા..હા..! ભગવાન છે એ આત્મા વસ્તુએ તો, પર્યાયમાં ભૂલ્યા છે. પાપના કરનારો પાપનો કર્તા થાતો, હવે ઓલા પુણ્યની ક્રિયાકાંડ શરીરાશ્રિતમાં પુણ્યભાવ એનો કર્તા (થાય છે એ) બધી એક જાત છે મિથ્યાત્વની. આહા..હા..! આ દુકાનના ધંધા કરે છે એ વાત તો અત્યારે છે નહિ. એ તો કરી શકતો જ નથી, એ તો પાપ છે. આહા..હા..! એય..! એટલું તો સમજાયને? દુનિયાના ધંધા કરવા એ તો પાપ છે. કારણ કે એ તો કરી શકતો નથી પરનું કાંઈ. અહીં તો જૈન સાધુ થાય દિગંબર, પંચમહાવ્રત પાળે, દ્રવ્યચારિત્ર પાળે, એમ શ્રાવક બાર વ્રતધારી થાય, ક્ષુલ્લક-એલક થાય એમાં જે પુણ્યના પરિણામ છે તેનો કર્તા થાય, તો ઈશ્વર જેમ જગતનો કર્તા મિથ્યાદૃષ્ટિ છે માનનારા, ઈશ્વર જગતનો કર્તા એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે, એમ આ જીવ પુણ્યના પરિણામનો કરનારો પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

**'સામાન્ય (લોકિક) જનો...'** છેને? સામાન્ય એટલે આ ઈશ્વરના કર્તા માનનારા. એની **'માફક તેમનો પણ મોક્ષ થતો નથી.'** કેમ? આહા..હા..! જે આત્માને પુણ્યના પરિણામનો પણ કર્તા માનશે એના ફળ ભોગવવા એણે અવતાર લેવા પડશે. આહા..હા..! એ ગાથામાં કહેશે. આ તો કળશ કર્યો કળશ. ગાથામાં આ આવશે ત્યાં આ કહેશે. હવે કુંદકુંદાચાર્યની ગાથા.

लोयस्स कुणदि विण्हू सुरणारयतिरियमाणुसे सत्ते।
समणाणं पि य अप्पा जदि कुव्वदि छव्विहे काए।।३२१।।
लोयसमणाणमेयं सिद्धंतं जइ ण दीसदि विसेसो।
लोयस्स कुणइ विण्हू समणाण वि अप्पओ कुणदि।।३२२।।
एवं ण को वि मोक्खो दीसदि लोयसमणाम दोण्हं पि।
णिच्चं कुव्वंताणं सदेवमणुयासुरे लोए।।३२३।।

જ્યમ લોક માને 'દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે',
ત્યમ શ્રમણ પણ માને કદી 'આત્મા કરે ષટ્ કાયને', ૩૨૧.
તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,
વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨.
એ રીત લોક-મુનિ ઊભયનો મોક્ષ કોઈ નહીં દીસે,
-જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.

ટીકા. અમૃતચંદ્રાચાર્યની ટીકા. ગાથા કુંદકુંદાચાર્યની.

'**ટીકા :— જેઓ આત્માને કર્તા જ દેખે છે...**' આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ એને રાગનો કર્તા પુણ્યના પરિણામનો આહા..હા..! એ માને છે પુણ્ય પરિણામના ભાવનો કર્તા. '**તેઓ લોકોત્તર હોય...**' જૈનના દિગંબર સાધુ હોય કે જૈનના દિગંબર શ્રાવક નામ ધરાવનારા એલક-ક્ષુલ્લક બાર વ્રતધારી હોય. આહા..હા..! '**લોકોત્તર હોય તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી;...**' જેમ જગત વિષ્ણુ કર્તા માનનારા છે, એમ આ રાગના કર્તા માનનારા બેય એક જાતના છે. આહા..હા..! કહો, શેઠ! આવી વાત છે. બીડીયુંની તો વાત ક્યાંય રહી ગઈ. કાનપુર ગયા છે. કાનપુર ગયા છે શેઠ. કોક કહેતું હતું ભાઈ. આજ કોક કહેતું હતું. અહીં વાત આવે. શેઠ ગયા છે. નાના શેઠ કાનપુર. આહા..હા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વરદેવ એમ ફરમાવે છે કે જગતનો કર્તા કોઈ વિષ્ણુ માનનારા કે કર્તા વિના કાંઈ વસ્તુ બને આવી? આહા..હા..! એમ માનાનારા જે વિષ્ણુ, કર્તા જગતનો માનનારા જીવો એમ અમારા જૈનના સાધુ નામ ધરાવી દ્રવ્યચારિત્ર ક્રિયા પંચમહાવ્રત પાળતા હો, શ્રાવક નામ ધરાવી અને અગિયાર પડિમા, પાંચ પડિમા, સાત પડિમાને ધારનારા એ જીવો રાગનો શુભભાવ તેનો કર્તા માને તો એ વિષ્ણુ કર્તા અને આ રાગનો કર્તા બે એક જાતના મિથ્યાદષ્ટિ છે. અરેરે! આવી વાતું છે. અરેરે! ક્યાં પ્રભુનો માર્ગ! આહા..હા..! છે?

'**જેઓ આત્માને કર્તા જ દેખે છે...**' કર્તા જ દેખે છે. રાગનો કર્તા, છકાયના જીવની દયા પાળનારો, છ કાયનો રક્ષક. આહા..હા..! એ વિષ્ણુ જેમ જગતનો રક્ષક અજ્ઞાની માને છે, એમ આ કહે કે છકાયનો રક્ષક, બેય એક જ માન્યતાવાળા છે. છેને? આહા..હા..! '**લોકોત્તર હોય તોપણ લૌકિકતાને છોડતા નથી;...**' એ મિથ્યાદષ્ટિપણું જે વિષ્ણુ જગતને કર્તા માનનારાઓ લૌકિક છે તેવા જ આ મિથ્યાદષ્ટિ લૌકિક છે. આહા..હા..! આવી વાતું હવે બહારમાં આવી વાત આવે એટલે ઓલા બિચારા ... નવમી ગ્રૈવેયક ગયો એવું તો અત્યારે છે જ નહિ. એવા પંચમહાવ્રત ને શુક્લલેશ્યા 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' એવા પરિણામ તો અત્યારે છે નહિ. અત્યારે તો બધા .. સાધુ માટે ચોકા કરે ને લે ને દે એ તો વ્યવહાર પણ જેનો સાચો નથી. અરે! દુઃખ લાગે માણસને. ભાઈ! માર્ગ આ છે. .. વસ્તુની વ્યવસ્થાની સ્થિતિ આવી છે. આહા..હા..! ભલે જૈનમાં આવ્યો.

ઓલામાં તો ત્યાં સુધી કહ્યું, વ્યવહાર સમકિતી હોય એમ લખ્યું છે. સમયસાર નાટકમાં. વ્યવહારસમકિતી તો ક્યાં? વ્યવહાર ક્યાં નિશ્ચય વિના? પણ એમ કે દેવ-ગુરુ-શાસ્ત્ર જૈનના પરમેશ્વરના માને, વીતરાગના શાસ્ત્ર માને, નિર્ગ્રંથ સંત-ગુરુ દિગંબર મુનિ સાચા હોય એને માને, પણ આ જે માનનારા દ્રવ્યક્રિયા ચારિત્ર પાળતો હોય, ઘણું ભણ્યો હોય, આવી વ્યવહાર શ્રદ્ધા પણ હોય, વ્યવહાર ચારિત્રની ક્રિયા પણ હોય... આહા..હા..! છતાં એ આત્મા રાગના પરિણામ છે એનો 'હું કર્તા છું, એ મારું કર્તવ્ય છે' એમ માનનારાઓ. વિષ્ણુ કર્તા અને

રાગના કર્તા જૈન નામ ધરાવનારા બેય સરખા મિથ્યાદૃષ્ટિ છે. છે કે નહિ એમાં? આહા..હા..! વાંચ્યું છે કે નહિ પુસ્તક? એય..! શાંતિભાઈ! છે? ઠીક! ઘરેથી લાવ્યા? આહા..હા..! ચોપડામાં શું લખ્યું .. આહા..હા..! આ તો પરમાત્મા જિનેશ્વરદેવ એના .. બાપુ તારે. આહા..હા..!

કહે છે કે જે કાંઈ લૌકિકની પેઠે વિષ્ણુને જગતના કર્તા અને આ જૈન નામ ધરાવી સાધુ કે શ્રાવક રાગના, પુણ્યના, દયા, દાન, વ્રતના પરિણામનો કર્તા માને... આહા..હા..! એ '**લૌલિકતાને અતિક્રમતા નથી;...**' વિષ્ણુ જેમ કર્તા માનનારા એને આ અતિક્રમતા નથી, બેય એક જાતમાં પડ્યા છે. આહા..હા..! '**કારણ કે, લૌકિકજનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે,...**' વિષ્ણુ સ્વર્ગના, નરકના, મનુષ્યના એ બધા વિષ્ણુ કરે એમ માને છે. આહા..હા..! '**અને તેમના (-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના)...**' દિગંબર જૈન સાધુ.. આહા..હા..! દિગંબર જૈન શ્રાવક નામ ધરાવનારા, બાળવ્રતના અને સાત પડિમા ધારનારા. આહા..હા..! અહીં મુખ્ય મુનિપણું લીધું છે. આવો મુનિ થયો છતાં કહે છે કે રાગનો કર્તા થાય, છકાયની દયા, રક્ષા હું કરી શકું છું. એ વિષ્ણુએ જેમ બનાવ્યા એમ તું એને બનાવ એટલે રક્ષા કરી. એ બેયની માન્યતા મિથ્યાદૃષ્ટિ અને મૂઢ છે. એમાં આત્માને રખડવાનો લાભ છે. આહા..હા..! આકરી વાતું બહુ, બાપુ! હજી અત્યારે તો ચાલતું નથી અને એમાં આવી વાત. પરમાત્માનું ફરમાન છે આ તો, ભાઈ!

'**(-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે...**' છકાયના જીવની વાત છે હોં મૂળ તો. એ આમાં નથી આવ્યું. ટીકામાં નથી આવ્યું, પાઠમાં એ આવ્યું છે. એકેન્દ્રિય જીવ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એના શરીર દેખાય છે તો શરીરને. આ વનસ્પતિ દેખાય છે એ શરીર દેખાય, આત્મા તો અંદર અરૂપી જુદો છે. પણ એ વનસ્પતિના જીવ, એકેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ, નારકી, દેવ, મનુષ્ય અને ઢોર એ ગતિમાં 'શરીરને હું કરું છું' અને એ ગતિમાં 'શરીરના કારણરૂપ પુણ્ય-પાપના ભાવને હું કરું છું.' દેવીલાલજી! આવું છે, પ્રભુ! શું કરે? આહા..હા..! અરેરે! જગત ક્યાં ગયા છે અને ક્યાંય માર્ગ રહી ગયો છે. છે? મૂળ પાઠમાં છકાય છે. છકાયના જીવને રાખું છું. સ્થાનકવાસીમાં તો બહુ આવે ઈ, પર્યુષણ પૂરા થાયને પછી કાગળ લખેને એકબીજાને? ક્ષમાપના પત્ર. એને ખબર હોય. એમાં હતાને ઈ. છકાયના રક્ષક, છકાયના ગોવાળ.. આહા..હા..! વજુભાઈ! આ સંવત્સરી પછી કાગળ લખેને એકબીજાને. મુનિ કેવા છે? છકાયના રક્ષક, છકાયના ગોવાળ. છકાયના ગોવાળ-ગોપાળ ભરવાડની જેમ. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો કઈ અપેક્ષાએ? એના ભાવમાં પરને મારવાનો ભાવ નથી એટલો ભાવ જે છે, તેથી છકાયના રક્ષક એને કહેવાય છે. એ તો પાંચ સિમિત-ગુપ્તિ મોક્ષમાર્ગમાં

નથી કહ્યું? કે ભાઈ આમાં છ .. રક્ષાનો અર્થ? પરની રક્ષા કરી શકે છે એ અહીં વાત નથી. પ્રમાદમાં જે ભાવ તીવ્ર રાગ આવે અને એ રાગથી જાણે હું આને હણતો નથી અને આને જીવાડું છું એવો રાગનો કર્તા થાય એ છકાયના જીવનો કર્તા અજ્ઞાની છે. આહા..હા..!

પ્રવચનસાર. એમાં આવ્યુંને ભાઈ ૨૩૬ ગાથામાં ચરણાનુયોગમાં કે કાયા અને કષાયને જે પોતાના માને. આહા..હા..! આ શરીરની જે ક્રિયા થાય દયા પાળવાની જડની હોં! એ મારી છે, મેં કરી છે અને એમાં જે દયાનો ભાવ થાય એ રાગ મારો છે, મેં કર્યો છે, (હું) કર્તા. આહા..હા..! સમજાણું કાંઈ? એ કાયા અને કષાયનો અંશ રાગ એ જેણે પોતાના માન્યા છે, એ જીવ છકાયની હિંસાનો કરનાર જ છે એમ કહે છે. ૨૩૬ ગાથામાં છે. આહા..હા..! છકાયની હિંસાનો કરનાર પાંચેય ઇન્દ્રિયના વિષયને ભોગવનાર છે. કારણ કે રાગને પોતાનો માન્યો તો પાંચ ઇન્દ્રિયના વિષયને ભોગવનાર છે, કાયાને પોતાની માની તો છકાયની હિંસા કરનારો જ છે ઈ. આહા..હા..! આવું કામ. સંતો તો પોકાર કરી ગયા જગત પાસે. છકાયની દયા હું પાળી શકું છું. મૂળ પાઠમાં છકાય જીવ છે.

**'પોતાનો આત્મા તે કાર્યો કરે છે...'** આહા..હા..! આત્માનું સ્વરૂપ સ્વભાવ તો જ્ઞાન છે. એ જ્ઞાન શું કરે? રાગને કરે એવો કોઈ એની શક્તિ-ગુણ છે? આહા..હા..! ત્યારે નથી એના સ્વભાવમાં એને રાગનો કર્તા માને એ પોતાના સ્વભાવથી ઊલ્ટી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! હમણાં એવું ત્યાં ચાલતું હતું .. બધું. સાંભળ્યું બધું, કીધું હમણાં આવશે આ. આમ કર્યું ને આમ કર્યું. જે થાય છે તેને કાળે થાય. આહા..હા..! અને રાગ છે એ રાગ પણ થાય, પણ જેની દૃષ્ટિ રાગ ઉપર નથી અને ચૈતન્યસ્વરૂપ છું એના ઉપર જેની દૃષ્ટિ છે એ રાગનો કર્તા થતો નથી. આવી વાત છે, બાપુ! આહા..હા..! મૂળ મિથ્યાત્વ શલ્ય અનાદિથી રહી ગયું છે. સાધુ થયો, પંચમહાવ્રત પાળ્યા, દ્રવ્યચારિત્ર પાળ્યા, જાવજીવનું બ્રહ્મચર્ય પાળ્યું, જિંદગી બાળબ્રહ્મચારી (રહ્યો) એમાં દાળિયા શું થયા? એ તો રાગની મંદતા છે. એનો પણ કર્તા થાય તો તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અહીં કાંઈ વાડો નથી સોનગઢ, પક્ષ નથી. નહિ તો પક્ષમાં હોય તો ઊભા ન રહેવા દે. માર્ગ તો આ છે. આજ માને, કાલ માને, અનંત કાળે માને. આહા..હા..!

એ કહેતો હતોને ઓલો? શાંતિભાઈ છેને કરોડપતિ. સર્વોદય સર્વોદય. મુંબઈ. મોટું દવાખાનુ છેને, સર્વોદય હોસ્પિટલ. બાયડી-ભાયડો બે જ છે, છોડી એક છે. કરોડ રૂપિયા. છોડીને પરણાવીને કાંઈક આપવાના હતા ત્રીસેક લાખ. પછી વ્યાખ્યાન વાંચવા જઈએ ત્યાં એના મકાનમાં. પછી એકવાર આવ્યો. અમારે કાંતિભાઈ છે કે નહિ? ક્યાં ગયા? નથી આવ્યા? ગયા? એ કાંતિભાઈને .. ત્યાં આવ્યો. કરોડ રૂપિયા. એકેય દીકરો નહિ, એક જ દીકરી છે. એ કહે, મહારાજ! આપની વાત તો ચાર હજાર ભવ પછી મને બેસશે. કહો, શેઠ! એ ત્યાં મુંબઈમાં એક સર્વોદય મોટી હોસ્પિટલ છે. શું કહેવાય? રતનચંદ! હોસ્પીટલ મોટી.

એણે પૈસા બહુ ખર્ચેલા. એણે .. પૈસા એના લોકોમાં રિવાજ એના પિતાજીએ જેટલી જમીન લીધેલી એના પૈસા કરોડો ઊપજ્યા. એ બધા પૈસા લૌકિક ખાતે, ધર્મ ખાતે આપવા. પોતે ન વાપરવા એવું એ લોકોને. એટલે પૈસા ઘણા. પછી કાંતિભાઈના મકાનમાં હતો ને આવ્યો. મહારાજ! તમારી વાત તો ચાર હજાર ભવ પછી બેસશે. ચાર હજાર ભવમાં પ્રભુ ક્યાં હશે એનું શું કહેવું એને? આહા..હા..! આ બધા પૈસાવાળા પૈસા ખર્ચે લાખો. બબ્બે લાખ, પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ. ધૂળમાંય નથી સાંભળને. આહા..હા..!

અહીં પરમેશ્વર કુંદકુંદાચાર્ય દ્વારા પરમેશ્વર જ કહે છે. અહીં અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર છે મુનિ દિગંબર સંત. આહા..હા..! જેમ વિષ્ણુ ઈશ્વરકર્તા. છે નહિ કોઈ કર્તા. જે ચીજ છે અનાદિની એને કરે કોણ? છે એને કરે કોણ અને ન હોય એને કરે કોણ? આહા..હા..! મૂળમાં વાંધા આખા. જગતનો કર્તા ઈશ્વર છે, પરમેશ્વર છે, વિષ્ણુ છે એમ જે માનનારા મિથ્યાદૃષ્ટિ અનંત સંસારના કારણને સેવે છે રખડવાના; એમ અમારા જૈનના નામ ધરાવનારા, આચાર્ય કહે છે સાધુ અને શ્રાવક નામ ધરાવનારા... આહા..હા..! એ અંદર દયા, દાન, વ્રતના પરિણામ આવે, એનો જે કર્તા થાય એ બેય સરખા છે મિથ્યાદૃષ્ટિ. આહા..હા..! આકરી વાતું, બાપુ! દુનિયાથી જુદી જાત છે, ભાઈ! આહા..હા..! ઈશ્વર કર્તા હોય તો આ કસાઈખાના ઈશ્વર કરે બધા? ગાયો કાપી નાખે, લાખોને કાપી નાખે. ઈશ્વરે કર્યું આ જગત? કસાઈખાના અંદર છે મારી નાખે છે. આહા..હા..! અહીં તો કહે છે કે ઈશ્વર જેમ કર્તા માનનારા છે એ પણ મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં કર્તાના ફળને ભોગવવામાં રખડવાના છે. એ ભોક્તાપણું ફળશે નહિ અને કર્તાપણું ફળશે નહિ. આહા..હા..! એમ જૈનના નામ ધરાવનારા પણ છકાયની દયાના રક્ષક છીએ અમે અને પુણ્ય પરિણામના શુભભાવના અમે કર્તા છીએ એ અમારું કર્તવ્ય છે. આહા..હા..! છે?

એ '**આત્માના કાર્યો કરે છે—અપસિદ્ધાંતની....**' ખોટો ભૂલભરેલો સિદ્ધાંત છે એ તો. આહા..હા..! આકરું કામ, ભાઈ! ભગવાન તો ચૈતન્યસ્વરૂપ પ્રકાશ ચૈતન્યનો નૂર છે. એ પ્રકાશ ચૈતન્યનો એ રાગ જે અંધકાર એને કરે શી રીતે? પ્રકાશ અંધકારને શી રીતે કરે? આહા..હા..! આકરી વાતું, ભાઈ! આ તો ધર્મની શરૂઆતમાં પહેલી દૃષ્ટિમાં જેને હજી ભૂલ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એનો હું કર્તા છું, તો આત્માનો જ્ઞાતા સ્વભાવ છે તેનો એણે અનાદર કર્યો છે. અનાદર કરીને એણે મિથ્યા શ્રદ્ધાને પોષણ આપ્યું છે. આહા..હા..! આવી વાત છે. જગત શું કરે છે બધી ખબર નથી? અનેક ધર્મો જગતમાં વર્તે છે, બધાની ખબર છે. અહીં તો પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વર આત્માનો સ્વભાવ જ્ઞાનસ્વરૂપ છે એવું જેને બેઠું નથી એ વિકારનો કર્તા થાય એ મિથ્યાદૃષ્ટિ કર્તા થાય તેના ફળને ભોગવવા ચાર ગતિમાં રખડશે. આહા..હા..! એ કર્તા થાય તે ભોક્તા થશે ચાર ગતિનો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ક્યાં? આવો માર્ગ બાપુ! ... ભાઈ! આહા..હા..! છે?

'(બન્નેને) **સમાનતા છે. માટે, આત્માના નિત્યકર્તાપણાની તેમની માન્યતાને લીધે,...**' આહા..હા..! ભગવાન આત્મા રાગનો નિત્યકર્તા માન્યો એણે. તે નિત્ય કરવામાં રોકાશે અને એના ફળમાં રોકાશે ચાર ગતિમાં. ભાષા તો સાદી છે. શાંતિભાઈ! આહા..હા..! '**આત્માના નિત્યકર્તાપણાની...**' ભગવાન તો નિત્ય જ્ઞાનસ્વરૂપ ચિદ્દ્ઘન છે. એને ઠેકાણે રાગનો નિમિત્તકર્તા એને તું માને. આહા..હા..! '**તેમની માન્યતાને લીધે, લૌકિકજનોની માફક,...**' જેમ જગત સ્વતંત્ર ચીજ જગતની છે વસ્તુ અનાદિ-અનંત સ્વયંસિદ્ધ છે. એનો કોઈ કર્તા છે નહિ. કર્તા હોય તો આવા કસાયખાના કરે? ગાયોને કાપી નાખે. અમેરિકામાં દોઢ માઈલમાં એક કસાઈ કારખાનું છે. દોઢ માઈલમાં. મોટો અબજોપતિ કસાઈ. લાખો ગાયો કાપે છે. રૂપાની ખુરશી હોય એને બેસવાની. પૂર્વના પુણ્યને લઈને યોગ થયો છે આ. અત્યારે કાળા કેર કરે છે. ઈશ્વર બનાવે આવું?

ધંધુકામાં એક થયેલું. હિન્દુની લાગણીને દુભાવવા મુસલમાનોએ એવું કરેલું. થોડા વર્ષની વાત છે. ૫૦-૬૦ વર્ષ. એક ગાયને પકડી, એને શણગારી અને ગામમાં ફેરવી. ધંધુકા. ફેરવીને પોતાને ઘરે લઈ ગયા. એણે પછી કટકા કરી કરી કરીને પગથી માંડીને કટકા કર્યા બધા અને પોતાની નાતમાં વહેંચ્યા. આહા..હા..! શેઠ! ધંધુકામાં બન્યું. મુસલમાનોએ હિન્દુની લાગણી દુભાવવા ગાયને શણગારી ગામમાં ફેરવી. એમ કે આ ગાયને અમે રાખી મારવા માટે. આહા..હા..! ગાયને કેવી રીતે મારી? એક ઘાએ નહિ. પગમાં આમ કરતા કટકા... કટકા... મરી ગઈ તોપણ છેલ્લે કટકા... કટકા... કટકા... કરીને નાતમાં વહેંચ્યા. અરે! પ્રભુ! શું કરે છે ભાઈ આ? આહા..! આવા કામ ઈશ્વર કરાવે?

ઈશ્વર વિના પાંદડુ ફરે નહિ એમ એક જણો કહેતા. સમજાણું કાંઈ? ઘણાં વર્ષની વાત છે. ૬૯ની સાલ. એક મંદિર હતું ત્યાં ગયા હતા. ..ભાઈ હતા. મને દેખીને ખબર હતી કે આ દીક્ષા લેવાના છે. એટલે એ સાધુ એવું બોલ્યો કે ઈશ્વર વિના પાંદડું ફરે નહિ. આહા..હા..! એનો અર્થ કે ઈશ્વર વિના આ બધી ક્રિયાઓ કસાઈખાના આદિ થાય નહિ. આહા..હા..! અરે! પ્રભુ! શું કહે છે તું આ? સમજાણું કાંઈ? એવા અનાર્ય લોકો છે. કાચા બોકડા જીવતા, બકરીના બચ્ચા તાજા જન્મેલા બટકા કરીને ખાય સીધા. આહા..હા..! કુણા હોયને કુણા? બકરીના બચ્ચા જન્મ્યા હોય ત્યાં. ફોટા એના આવ્યા છે, એ બચ્ચુ ખાતો હતો એનો ફોટો આવ્યો છે. આવા ભવો અનંત કર્યા છે, બાપા! એને આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાતા-દૃષ્ટા છે. એ દેહની ક્રિયા તો કરે નહિ, પણ રાગનો કર્તા નથી એવું એને જ્ઞાન થયું નથી. આહા..હા..! જેવું એનું સ્વરૂપ જ્ઞાતા છે તેવું એણે જાણ્યું નથી. એ જ્ઞાતાને રાગનો કર્તા ઠરાવી... આહા..હા..! પુણ્યના પરિણામ... ઓલો પાપના કરતો આ પુણ્યના કરે છે. આહા..હા..!

'**લૌકિકજનોની માફક, લોકોત્તર પુરુષોનો (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.**' એ લોકોત્તર દિગંબર જૈન સાધુ પંચમહાવ્રત પાળે. આહા..હા..! અને એ રાગના કર્તા થાય

એનો મોક્ષ છે નહિ ક્યાંય. કારણ કે એ ભોગવવા માટે ચાર ગતિમાં રખડવું પડશે. આહા..હા..! છે? **'લોકોત્તર પુરુષોનો પણ...'** આહા..હા..! રાડ નાખે. આહા..હા..! છકાયના જીવ લીલોતરી, લીંબડાનું પાંદડું એમાં અસંખ્ય તો શરીર અને એક એક શરીરમાં એક એક જીવ છે. ક્યાં એને ખબર છે પ્રભુના માર્ગની. આહા..! એ જીવને હું બચાવી શકું છું, રક્ષા કરી શકું છું. પરદ્રવ્ય છે એ તો. આકરી વાત છે, બાપુ! પરમાત્મા એમ ફરમાવે છે, સર્વજ્ઞદેવ જેને ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન. જેને શરીરની દશા નગ્ન હોય છે, અંતર દશા ત્રિકાળ જ્ઞાન હોય છે, એ પરમાત્માને આહાર-પાણી હોતા નથી, આહા..હા..! એને ક્ષુધા, તૃષા કે જંગલ, પેશાબ એ એને હોતા નથી, આહા..હા..! એને પરમાત્મા કહેવામાં આવે છે. એ મહાવીર ભગવાન આદિ થઈ ગયા એ આ પરમાત્મા. એ પરમાત્માનું દિવ્યધ્વનિ દ્વારા આ કથન છે. આહા..હા..! જે કર્તા થાય એ ભોગવવામાં રહેશે. ભોગવવું એટલે? ચાર ગતિમાં પરિભ્રમણ કરવું. આહા..હા..! એ છકાયના નામ પાઠમાં છે, ટીકામાં નથી આવ્યા.

**'ભાવાર્થ :- જેઓ આત્માને કર્તા માને છે,...'** ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ જ્ઞાનસ્વરૂપી, સ્વપરપ્રકાશક શક્તિ તત્ત્વ એવું એને સ્વપરપ્રકાશક તત્ત્વને રાગાદિ જે એના ખરેખર પરજ્ઞેય છે એનો એ કર્તા સ્વપરપ્રકાશક ચૈતન્યને માને (એ) અજ્ઞાનથી ઢંકાઈ ગયા છે મિથ્યાત્વથી. આહા..હા..! આવી વાત છે. આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ છે. અને આ શું છે એ બેસવું (કઠણ પડે). આહા..હા..! નરસિંહ મહેતાએ કહ્યુંને એની શૈલીએ 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડા-ગાડાનો ભાર કૂતરો તાણે, એમ જગતના આ ધંધો હું કરું છું, આ વ્યવસ્થા કાપડની મેં કરી, આ ઝવેરાતના ધંધાની વ્યવસ્થા મેં કરી. આહા..હા..! આકરું કામ છે, બાપુ! આ કાંઈ... આહા..હા..! આ તો આખો માર્ગ અવલોદમ છે. જગતની દૃષ્ટિથી આખી વાત બીજી છે. આહા..હા..!

**'આત્માને કર્તા માને છે, તેઓ ભલે મુનિ થયા હોય...'** ભલે દિગંબર સંત થયા હોય, પંચમહાવ્રત પાળતા હોય, શાસ્ત્ર ભણ્યા હોય અગિયાર અંગ, નવ પૂર્વ. આહા..હા..! **'તોપણ લૌકિકજન જેવા જ છે;...'** લૌકિકજન વિષ્ણુ આદિ કર્તા જગતને માને છે એ વસ્તુ નથી. એમ છે નહિ. આહા..હા..! આ બળદને કાપે છેને. બળદ વૃદ્ધ થઈ જાય પછી આપી દે છે કસાઈખાને. એ કસાઈખાનાના માણસો ફરતા હોય છે. ગામમાં એવો એક માણસ હોય એની પાસે જાય. ઘરડા થઈ ગયા હોય, કામમાં આવે નહિ, પછી એને આપે, એ કસાઈખાને જઈને કાપી નાખે. આહા..હા..! મુંબઈમાં વાંદરામાં છેને કેમ? મોટું કારખાનું. મોટી એક ઓલી હોય કાપવાની. એમાં ગમાણ હોય ગમાણ. એમાં બળદ કે ગાયુંને ઘાસ નાખીને મોઢુ રાખે. માથેથી પડે. ૨૫-૫૦ ગાયુ એકસાથે હોં. ... આહા..હા..! એના પાછા મારનારા પણ બીજા હોય હોં. એને બીજું કાંઈક કહેવાય છે. કસાઈ છે એને આમ કરે, પણ પાછા એના કટકા કરે છે એને બીજું કહેવાય. એ કાંઈક કહેવાય છે નામ ભૂલી

ગયા. કેવા? .. આ તો નામ બીજું છે, ભૂલી ગયા. એ એને પૈસા દઈને એની પાસે કપાવે. મુસલમાન પોતે ન કાપે કૂતરાને, બકરાને. એનો એક માણસ હોય કાપીને મૂકે. નામ ભૂલી ગયા. બધું સાંભળેલું છેને બધું. નામ છે એનું કાંઈક. .. એ તો .. કેવા? એવી ભાષા છે. કાપનારા મુસલમાન કસાઈ ખરા, પણ કાપનારા બીજા જીવ હોય છે. બહુ પાપી છે. એને બોલાવે પૈસા દઈને. આહા..હા..!

એકફેરી તો મુંબઈમાં નીકળ્યા હતા. અમે માલ લેવા ગયા હતા પાલેજ. આમ નીકળ્યા બજારમાં. અને એક કસાઈ .. કૂતરાના આટલા આટલા બચ્ચા નાના નાના. ૨૫-૫૦-૧૦૦ ઝીણા-ઝીણા. અને પોતે ચણાનો લોટ એક ..માં લઈ ઓલો પગ હોય ચણાનો લોટ આમ કરીને તેલમાં તળતો હતો. એવા ભગવાન .. હોય? આહા..હા..! આ તો નજરે જોયેલું હોં! અરરર! આ શું કરે છે? એ ઈશ્વર કરાવતા હશે? આહા..હા..! આમ ફરતા હતા ૫૦-૬૦ બચ્ચા નાના નાના. અને શું કહેવાય તાવડો તેલનો હશે કે ઘીનો. તેલનો હશે. ઊનું ધગધગતું. હાથમાં લઈ ઓલા બે .. કાપી નાખ્યા. હાથમાં લઈ ચણાના લોટમાં આમ કરી. એના લેનારા .. આહા..હા..! કાળાકેર છે, નાથ! અરે! આવા કામ! આહા..હા..! એ તો જગતના જીવો સ્વતંત્ર એ પરિણામના કરનારા. આહા..હા..! ઈશ્વરની મરજી હોય એમ થાય. ઈશ્વરની આવી મરજી? એ જેમ માનનારા જૂઠાં છે, એમ જેને પરના ભાવને રાગનો કર્તા માન્યો, જૈન નામ ધરાવનારા સાધુઓ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ ધર્મની એને ખબર નથી. આહા..હા..! આવી વાતું છે.

'**કારણ કે, લોક ઈશ્વરને કર્તા માને છે અને મુનિઓએ આત્માને કર્તા માન્યો--**' બે એક જાત થઈ. આહા..હા..! '**એમ બન્નેની માન્યતા સમાન થઈ.**' આહા..હા..! એકફેરી કહ્યું હતું. પાલેજમાં એક કબીરપંથી અને એક ઈશ્વરકર્તા માનનારા બે વેદાંત. વેદને માનનારા. .. અમારી દુકાન પાસે ધર્મશાળા છે. ત્યાં ઉતરેલા. પણ એ તો ઘણાં વર્ષ પહેલાંની વાત છે. ૬૫, ૬૬, ૬૭ની. અમે પણ ગયા જોવા. એ બેને ચર્ચા ચાલતી હતી. મોટી ચર્ચા. કબીર કહે કે કબીરનો સાધુ કે જગતને ઈશ્વરે કર્યું તો ક્યાં ઊભા રહીને કર્યું. હું જોવા ગયો. અમારી સામું જોવે. કેમ ભાઈ જોવે છે? ઈશ્વરે આ જગતને બનાવ્યું ત્યારે જગત તો નહોતું, ત્યારે ઊભા ક્યાં હશે? ક્યાં રહીને બનાવ્યું? અને આ બધી સામગ્રી ક્યાંથી લાવ્યા? એની ચર્ચા હતી. આ તો ઘણા વખતની વાત છે હોં! ૬૫-૬૬-૬૭ની વાત છે. ધર્મશાળામાં ચર્ચા ચાલી હતી અમારી દુકાનની પાસે ધર્મશાળા. અમે જોવા ગયેલા. નાની ઉંમરમાં કોઈ બાવા હોય, સાધુ હોય તો જોતા શું કહે છે આ? પહેલેથી જોવાની શૈલી હતીને. આહા..હા..! પણ એ કહે મારો શિષ્ય થા તો તને બતાવું એ વખતે ઈશ્વર કર્તાવાળો કહે. બતાવતો ખરો આ હું કહું છું તું કહે. ઈશ્વરે જગતને બનાવ્યું તો ઈશ્વર એને કોણે બનાવ્યો? અને આ ક્યાં રહીને આ જગત બનાવ્યું? ક્યાંક ઊભો તો રહેને. વસ્તુ તો ન

હતી. એ પણ ક્યાં બિચાર આંધળેઆંધળા. કાંઈ ભાન ન મળે. એમ ને એમ જિંદગી અજ્ઞાનમાં. નહિ.

અહીં કહે છે કે '**મુનિઓએ આત્માને કર્તા માન્યો...**' આહા..હા..! જૈન સાધુ થઈને પણ 'પરદ્રવ્યની ક્રિયા કરી શકું છું, રાગનો કર્તા હું થઈ શકું છું' આહા..હા..! એ માન્યતાઓ '**બન્નેની માન્યતા સમાન થઈ.**' માર્ગ બાપા એવો છે, ભાઈ! સમજાણું કાંઈ? '**માટે, જેમ લૌકિકજનોને મોક્ષ નથી...**' કારણ કે એ કર્તા થાય એને રખડવાનું ભોગવવાનું છે. '**તેમ તે મુનિઓને પણ મોક્ષ નથી.**' આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબ છોડી સાધુ થયા, પણ સાધુ થયા પછી પણ એને દયા, દાન, વ્રતના પરિણામ છે પુણ્ય, એનો કર્તા માને તો એ પણ ચાર ગતિમાં રખડવાનો છે. આહા..હા..! ઝીણી વાત બહુ, ભાઈ! વાડામાં હોય તો ઊભા રહેવા ન દે. અહીં તો વાડો ન મળે આ છે માર્ગ. છેને એમાં? કીધુંને? છકાયના ત્રસને મેં બનાવ્યા, શરીરને અમે બનાવ્યા, આ દેહને બનાવ્યા. આહા..હા..! પાણીના જીવને મેં .. માટે. આહા..હા..! મેં એને જીવાડ્યા, મેં એને બચાવ્યા. આહા..હા..! એ પરદ્રવ્યની ક્રિયાનો કર્તા અને તેના સંબંધે થતો અંદર રાગ એનો જે કર્તા થાય. કર્તા.. એના ફળને ભોગવવા અવતરશે ચાર ગતિમાં. આહા..હા..! એનો ક્યાંય અંત નહિ આવે. કેમકે જે આત્મા અવિનાશી પ્રભુ ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ એને રાગનો કર્તા ઠરાવે તો નિત્યકર્તા થઈને ચાર ગતિમાં પડશે. આહા..હા..! આવી વાતું હવે લ્યો! રાગ .. મૂળ ચીજથી... આહા..હા..! અને દુનિયામાં ચાલે છે બધી ખબર જ છેને. આહા..હા..!

'**જેમ લૌકિકજનોને મોક્ષ નથી, તેમ તે મુનિઓને પણ મોક્ષ નથી.**' આહા..હા..! બીજી રીતે કહીએ તો જેમ પાપના કાળ વખતે પાપના પરિણાનો કર્તા થતો તો તેને ભોગવવામાં નર્ક આદિમાં જતો, એમ પુણ્યના કાળમાં પણ શુભભાવને કરે.. આહા..હા..! પણ 'એ શુભભાવ પણ મારા જ્ઞાનનું પરજ્ઞેય છે' એવી દૃષ્ટિ જ્ઞાયક ઉપર ગયા વિના રાગનો જ્ઞાતા-દૃષ્ટા થઈ શકે નહિ. આહા..હા..! કહો, ધીરૂભાઈ! આવું છે, બાપુ! .. આવી વાતું! આહા..હા..! ભગવાનના ઘરની વાત છે આ. આહા..હા..! કેમ? કે જેની રાગ ઉપર દૃષ્ટિ છે એ જ રાગનો કર્તા થાય છે, પણ જેની દૃષ્ટિ જ્ઞાયક ચૈતન્ય ભગવાન, જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એની ઉપર જેની દૃષ્ટિ છે તે રાગનો કર્તા થતો નથી. આહા..હા..! સમજાય છે કે નહિ? આહા..હા..! ભાષા તો સાદી છે, ભાઈ! પરમાત્માનો આ સંદેશ છે. આહા..હા..!

'**જે કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ,...**' જોયું! જે જ્ઞાયક છે સ્વરૂપ ચૈતન્ય પ્રકાશ, જે જ્ઞાતાપણે જ્ઞાયકની દૃષ્ટિએ જ્ઞાતાપણે રહેશે તેને ભવભ્રમણ નથી, તેને ભવમાં ડૂબવાનું રહેતુ નથી હવે. આહા..હા..! અને જેને જ્ઞાતા, જ્ઞાનસ્વરૂપી પ્રભુ આનંદસ્વરૂપી સચ્ચિદાનંદ સત્ જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ એની ઉપર જેની દૃષ્ટિ છે. આહા..હા..! તેનાથી સ્વભાવમાં કે દ્રવ્યમાં એ રાગનું કરવાપણું કોઈ એની શક્તિમાં-ગુણમાં નથી. આહા..હા..!

એથી તે રાગનો અકર્તા થઈને જ્ઞાતા રહેશે. આહા..હા..! આ ધર્મ. આવો આકરો. આહા..હા..! કર્તા થાય છે એનો અર્થ એ જ છે કે એની દૃષ્ટિ રાગ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એના ઉપર એની દૃષ્ટિ છે. જેની દૃષ્ટિમાં એ ... પણ એની દૃષ્ટિ આમ ચિદાનંદ ભગવાન બિરાજે છે અંદર, એના ઉપર એની દૃષ્ટિનો અભાવ છે, એથી તે રાગની ઉપર દૃષ્ટિવાળો રાગનો કર્તા થાય છે. આહા..હા..! કહો, રતિભાઈ! આ બધું શું તમારે કરોડોપતિ ને ધંધા મોટા કરે. કારખાના. એને માથે આવ્યું જરી. ભારે પણ ભાઈ! બાયુ હુશિયાર હોય ત્યાં અમે આમ કર્યું... અમે આમ કર્યું... અમે આમ કર્યું... સેવ કરે છેને શું કહેવાય એ? આ ઘઉંની સેવ પાટિયા ઉપર આમ કરીને. ઓલા ખાટલામાં નાખી પાછું આમ. એ વખતે એની વિચિક્ષણતા અને હુશિયારી હોય. જોયું છે અમે તો બધું જોઈ જોઈને જોયું છે. એ ખાટલાનો છેલ્લો ભાગ હોયને શું કહેવાય? પાંગત. એમાં પોલાણ હોયને એટલામાં પાટિયા લાંબા મોટા હોય અને બાઈ આમ બેસે પગ નાખીને. .. સૂકવે. એટલે જાણે કે આહા..હા..! શું કર્યું! આ વડી વડી કરે. વડી નથી? બનાવે. વડીને બનાવે પછી સૂકવે ઓલા કોથળામાં. બાઈ હુશિયાર. બીજાને બતાવે કે જુઓ આ કર્યું. તમને આવડે છે આ? મરી જઈશ હવે સાંભળને. આહા..હા..!

ભગવાન જ્ઞાતા-દૃષ્ટા છે તેનો તે અનાદર કર્યો છે, પ્રભુ! તેની સંપદા જે ચૈતન્યની જ્ઞાન અને આનંદની છે, એ સંપદા વિનાનો એને તે ઠરાવ્યો, પ્રભુ! આહા..હા..! તે તો એ ક્રિયા અને રાગનો કર્તા તે ઠરાવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહા..હા..! આ બધાને શું .. કાંઈક હશે કે .. ત્યાં કાપડમાં. એમ કે આ .. આવે છેને. દસ્તાવેજમાં આમ થાય. .. માં લખ્યું છે. કાગળ નથી. એમાં તો પત્રમાં આવે છે હોં. આ માસિક નીકળે છેને. આ અઠવાડિયું, પખવાડિયું, માસિક એમાં એ આવે છે. પાંચ-છ બોલ આવે છે. એમ કે .. એ કાગળ .. મારો ખ્યાલ છે કે આ રીતે .. વાંચ્યું છે આ પુસ્તકમાં. આહા..હા..! એમ આ મુનિઓ કહે છે કે અમે આ જાણીને કહીએ છીએ હોં! આહા..હા..! અમે પાગલ નથી કાંઈ. બાપુ! આહા..હા..! પ્રભુ! તારે સમજવું પડશે, ભાઈ! આહા..હા..! ચોર્યાસી લાખના અવતાર છે. કરી કરીને મિથ્યાત્વ શ્રદ્ધાથી રખડ્યો છે એ. આહા..હા..! એની મિથ્યા શ્રદ્ધા એ સંસાર છે. એ સંસારને નહિ છોડે ત્યાં સુધી સંસારમાં રખડવું પડશે. આહા..હા..! સમજાણું?

'**જે કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ અને જે ફળ ભોગવશે તેને મોક્ષ કેવો?**' આહા..હા..! જે પુણ્ય પરિણામનો પણ કર્તા થશે, તેના ફળ તરીકે સ્વર્ગમાં કે શેઠાઈમાં અવતરવું પડશે. રખડશે પછી ચાર ગતિ. આહા..હા..! વિશેષ પછી કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૪, શુક્રવાર, તા. ૧૫-૦૭-૧૯૭૭, કળશ-૨૦૦, પ્રવચન નં. ૩૮૭

સમયસાર, કળશ-૨૦૦. 'હવે, '**પરદ્રવ્ય અને આત્માને** કાંઈ પણ સંબંધ **નથી,...**'' લ્યો! એ આવ્યું. આત્મા અને પરદ્રવ્ય. અનંત આત્માઓ કે અનંત પરમાણુઓ કે એને કાંઈ સંબંધ નથી. એકબીજાનો અભાવ છે એકબીજામાં. કાંઈ સંબંધ નથી. '**માટે કર્તાકર્મસંબંધ પણ નથી..**' માટે એક દ્રવ્ય બીજાનું કરે. નિમિત્ત હો, પણ નિમિત્ત કરે એમ નથી. આહા..હા..! એક ઠેકાણે થોડું-થોડું આવતું નિમિત્ત. ક્રમબદ્ધ સિદ્ધ કર્યું. નિમિત્ત માને છે સોનગઢવાળા પણ કર્તા.. હવે આ શુભ આસ્રવ હેય છે એ પણ... એ આવ્યું. આહા..હા..! એ શુભ આશ્રવ નિશ્ચયથી તો પરદ્રવ્ય છે. જ્ઞાનની દૃષ્ટિએ તો એનો પણ કર્તા આત્મા નથી. એની સાથે સંબંધ નથી એમ છે. પણ અહીં તો એ ફક્ત પરદ્રવ્યને કરી શકે નહિ. કેમકે પરદ્રવ્ય ભિન્ન છે. પરદ્રવ્યના સ્વચતુષ્ટય એનાથી છે. સ્વદ્રવ્યના ચતુષ્ટય પોતાથી છે. તો સ્વચતુષ્ટયમાં પર્યાય આવી ગઈ, તો પરદ્રવ્યની પર્યાય એનાથી છે. એ પરદ્રવ્યને લઈને એની પર્યાય પરમાં થાય એમ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! '**માટે, કર્તાકર્મસંબંધ પણ નથી—એમ શ્લોકમાં** કહે છે :—'

(अनुष्टुभ्)

नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः।
कर्तृकर्मत्वसम्बन्धाभावे तत्कर्तृता कुतः।।२००।।

આહા..હા..! કેટલી સ્પષ્ટતા! વાંચવું નહિ, વિચારવું નહિ ને આમ ને આમ ઓઘે-ઓઘે કહેવું. આ એમાં લખ્યું છે, ભાઈ! એક દ્રવ્યનો બીજા ઉપર પ્રભાવ પડે છે, નહિતર દ્રવ્યની વ્યવસ્થા નથી રહેતી. ત્યારે એણે કીધું એલા પ્રભાવ પડે એટલે શું? એમાં ને એમાં ચર્ચા ચાલી છે પંડિતોમાં ને પંડિતોમાં. રાજેન્દ્રકુમારે લખ્યું પ્રભાવ પડે છે. એ વ્યવહારથી કહો, પણ એ વ્યવહાર સાચો નથી એમ કહે છે. કોનો પ્રભાવ? પ્રભાવ એટલે શું? એક દ્રવ્યની એક પર્યાય પરમાં પ્રવેશ કરે છે કે પ્રભાવ પડે? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! છે? '**શ્લોકાર્થ :- પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી;...**' કહો, આત્મા ભગવાન આત્મા પોતાના સ્વચતુષ્ટયમાં છે એટલે કે પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર, પોતાનો સ્વકાળ અને પોતાનો ભાવ એમાં છે. એને પરદ્રવ્ય પર આત્મા અને પર રજકણો સાથે કાંઈ સંબંધ નથી. બરાબર હશે મધુભાઈ? તો આ બધું રળો છો ત્યાં જઈને. મુંબઈ તો આવું નહોતું. કાંઈ ફેર પડ્યો કે નહિ ત્યાં હોંગકોંગ જવામાં

રળવામાં? આહા..હા..! આવી વાત છે. એક તત્ત્વને બીજા અનંત તત્ત્વો છે એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! સ્ત્રી ને પુરુષ ને પુત્ર ને પત્નીને બધા પરદ્રવ્ય છે એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. આહા..હા..! અહીં તો કર્મ જે છે અંદર એક ક્ષેત્રાવગાહે જ્યાં આત્મા છે તે ક્ષેત્રે કર્મ છે અંદર, છતાં એ કર્મની પર્યાયને અને આત્માની પર્યાયને કાંઈ સંબંધ નથી. આહા..હા..! છે?

**'પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી;...'** કાંઈપણ સંબંધ નથી. આહા..હા..! નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છેને? એ નિમિત્ત-નૈમિત્તિકસંબંધનો અર્થ જ કે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! નિમિત્ત હો, પણ નિમિત્તની પર્યાયને અને સ્વદ્રવ્યને સંબંધ શું છે? એ તો પરવસ્તુ છે. નિમિત્ત એના દ્રવ્યની એની પર્યાયમાં નિમિત્તપણું ઊભું છે અને ભગવાન આત્મા તો પોતાના દ્રવ્યની પોતાની પર્યાયમાં રહ્યો છે. આહા..હા..! થોડુંઘણું સમજાય છે કે નહિ આ જુવાનિયાને? ઝીણું-ઝીણું .. પરદેશમાં રહેવું. પંકજ તો તમારે... આહા..હા..! અરે! બાપુ! કરવાનું તો આ છે હોં! નહિતર તો મનુષ્યપણું ચાલ્યું જશે. આહા..હા..!

કેમકે સ્વચૈતન્યતત્ત્વને અને પરચૈતન્યતત્ત્વને અને પરરજકણ તત્ત્વને કાંઈ સંબંધ નથી. આહા..હા..! કેમકે સ્વદ્રવ્યમાં પરદ્રવ્યનો ત્રિકાળ અભાવ છે. આહા..હા..! એ પણ પરને લઈને અભાવ છે એમ નહિ. એ પોતાનો સ્વભાવ છે અભાવરૂપનો માટે પરથી અભાવરૂપ છે. આહા..હા..! એ ૪૭ શક્તિમાં આવ્યું છેને? ૪૭ શક્તિમાં ભાઈ! ભાવ, અભાવ. એ અભાવ નામનો ગુણ સ્વદ્રવ્યમાં પોતાને લઈને છે, પરનો અભાવ છે માટે એને લઈને અભાવનો ગુણ છે એમ નથી. આહા..હા..! આવી વાતું, ભાઈ! સ્વયં સ્વતંત્ર ચીજ! આહા..હા..! કહો. અહીં તો એમ કહે છે કે આત્મા... આ શેઠનું લઈએ આજે અત્યારે. બીડી વાળી શકતો નથી આત્મા એમ કહે છે. શેઠ!

**શ્રોતા :-** વકીલ તો દલીલ કરી શકેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દલીલ પણ કરી શકતો નથી વકીલ. ભાષા જડની અને ભગવાન ભિન્ન, એ પરદ્રવ્યની સાથે શું સંબંધ છે તે એ બોલી શકે? આહા..હા..! આવી વાત છે. આ વાળેને બીડી? આપ્ટો અને શું કહેવાય ઓલું? ટીમરું-ટીમરું. ટીમરું બેને. ટીમરુના પાન અને ઓલા આપ્ટાના. આપ્ટાના બે-ચાર પાન હોય આમ બીડીમાં અને ટીમરુંનું એક જ પાને. એક જ પાને બીડી વળે મોટું. બધું જોયું છેને. બીડીનો ધંધો અમારે ત્યાં કુંવરજીભાઈને મોટો હતો. અમારી દુકાને પણ ધંધો હતો. પણ ઓલો મોટો હતો. આ તો તે દિ' ઘણાં વખતની વાત હોં. ૭૦ વર્ષ પહેલાંની. આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ! તું કોણ છો? ક્યાં છો? પરની બીડી વળે એમાં તું છો? એમાં તો પરદ્રવ્ય છે. એ બીડીનું વળવું આમ થવું, પાંદડુ આમ ફરવું અને એમાં તમાકુ (ભરાવી),

પછી દોરો બાંધે છેલ્લે અને મોઢા આગળ શું કહેવાય એનું મોઢું. મોઢુ દબાવે. બીડીના મોઢા આગળ આમ વાળે અને પાછળ ઓલું હોય દોરો. વળી ગઈ બીડી. એક દિવસમાં તો હજારો કાઢી નાખે. એ કરી શકતો હશે આત્મા? વીંટી પણ શકે નહિ અને એના પૈસા લઈ શકે નહિ. શેઠ તો જાય છે કાનપુર પૈસા લેવા. કહો, આવી વાત! કહો, રસિકભાઈ! એક તત્ત્વને અને બીજા તત્ત્વને કોઈ પ્રકારનો કાંઈ સંબંધ નથી કે જેથી એ પરનું કાર્ય કરી શકે કે પરને એ કાંઈ સહાયક મદદ થઈ શકે. આહા..હા..!

ગાડાનું પૈડું રેતીમાં ખુંચી જાય ખુંચી. પછી એકદમ નીકળે નહિ ખુંચી જાય એટલે બળદ હાંકે તોપણ. પછી કણબી માણસ એનો જે ટેકો આપે કડનો. ઠીઠરાનો ઓલો ભાગ હોયને ગાડાનો? તો કહે છે કે એ પરને ટેકો આપી શક્યો જ નથી એમ કહે છે અહીં. રેતી ઝાઝી હોય ને એમાં પૈડું ખુંચી જાય તો પછી બળદ હાંકી ન શકે. પછી ઓલું પાછળથી ઊંચું કાંઈક કરે તો પછી ખેંચાય. એટલે મોઢા આગળવાળા બળદ ખેંચી ન શકે. પછી બિચારા એ કણબી હોય એ ગાડાની નીચે જઈને ટેકો આપે ત્યારે ગાડુ ચાલે લ્યો! એ અહીં ના પાડે છે. આરે.. આરે.. આવી વાતું છે. એ ગાડું ઊંચું થયું અને ચાલવા માંડ્યું એ પોતાની પર્યાયને કારણે છે. એ કણબીનો ટેકો મળ્યો માટે ચાલવા માંડ્યું (એમ નથી). આહા..હા..! એમ આત્માની ઈચ્છા થઈ માટે પગલું ચાલવા માંડ્યું પગ. કહો, મધુભાઈ! નિમિત્તનો અર્થ? કાંઈ કરતો નથી એ. ક્યાં ગયો તમારો બીજો? બહાર હશે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત હવે. આખો દિ' ઝવેરાતનો ધંધો કરવો અને કહે ધંધો કરી શકે નહિ. અરે! એ તો બહારની વાતું બાપુ! એ આગળ આવશે હવે.

'**ववहारभासिदेण**' હવેની ગાથામાં આવશે. વ્યવહારથી કહેવાય કે રાજકોટ મારું. ક્યાં રાજકોટ એનું હતું. એ હવેની ગાથામાં એ આવશે. ક્યા ગામના? રાજકોટના. રાજકોટમાં તો રહેવાનું ઘર પણ ન હોય કદાચિત્. તો ક્યાંથી રાજકોટ થઈ ગયું તારું? એય..! પાલનપુરના. ચીમનભાઈ ક્યાંના? પાલનપુરના. લ્યો! અહીં કહે છે કે પણ પાલનપુર ગામ તો ભિન્ન છે, ઓલી ચીજ ભિન્ન છે, એ એના ગામનો ક્યાંથી આવ્યો એ? આહા..હા..! ભાષા વ્યવહારની બોલે એ જ કહેશે. વ્યવહારથી બોલે એને મારો માની લે. એ આમાં કહ્યું કે વ્યવહારથી કહો, પણ વ્યવહાર તે વસ્તુ ક્યાં છે? એ જરીક રાખ્યું છે થોડું. નિશ્ચયમાં વ્યવહારને ભેળવો નહિ. પણ વ્યવહાર એટલે શું? પરાશ્રિતભાવ કરે એમ કહેવું એ તો વ્યવહારની ભાષા છે, એ કાંઈ વસ્તુ છે નહિ, કરી શકતો નથી. આહા..હા..!

'**कर्तृ-कर्मत्व-सम्बन्ध-अभावे**' '**એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં,...**' આહા..હા..! એટલે શું કહ્યું? કે જેમ આ આંગળી ચાલે છે આ, એમાં આત્માની રાગપર્યાય કે જ્ઞાનપર્યાય આ ચાલવાના કાર્યની કર્તા નથી. એ કર્તા આત્માની જ્ઞાનની પર્યાયે જાણ્યું કે આ રોટલી તરફ આંગળીને વાળવી છે, રોટલીને બટકું કરવું છે અને એ રોટલીમાં દાળ

ભેળવીને આમ (ખાવી છે). કહે છે કે એ કર્તાકર્મના સંબંધનો અભાવ છે. આહા..હા..! એ રોટલીનું બટકું કરી શકતો નથી, તેમ દાળ લઈને આમ મોઢામાં મૂકી શકતો નથી. એ ક્રિયાનો આત્મા સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! આવી વાતું હવે. પાગલ જેવું લાગે. પાગલોને પાગલ જેવું લાગે. આહા..હા..!

ઈચ્છા થઈ એ ખરેખર તો ઈચ્છા પણ પરદ્રવ્ય છે, એનો કર્તા આત્મા જ્ઞાનસ્વરૂપે (નથી). અજ્ઞાનપણે કર્તા છે, પણ જ્ઞાનભાવે ઈચ્છાનો કર્તા નથી. આહા..હા..! નિશ્ચયથી તો પરદ્રવ્યનો તો કર્તા નથી, રાગનો પણ કર્તા નથી. એથી આગળ બહુ જઈએ તો દ્રવ્ય છે એ પર્યાયનો પણ કર્તા નથી. આહા..હા..! આવી વાતું છે. એ તો આવી ગયુંને ૩૨૦માં. દ્રવ્ય જે વસ્તુ છે ભગવાન નિત્યાનંદ પ્રભુ એ એની નિર્મળ વીતરાગી પર્યાયને પણ એ દ્રવ્ય નથી કરતું, પર્યાય પર્યાયથી થાય છે. આહા..હા..! આવી વાતું હવે. લોકોને નવી લાગે તો ખળભળાટ-ખળભળાટ. પણ હવે લોકો વિચારમાં છે. લખ્યું છે એમાં હોં! લોકો હવે બુદ્ધિવાળા છે. સમજવા માંડ્યા છે. એમ તમારું હાંક્યું હાંકે એમ નથી હવે. ભાઈ! એમાં લખાણ છે, મોટા બે લખાણ છે. અહીં વ્યાખ્યાન પછી જોજો. લોકો પણ સમજવા શીખ્યા છે. તમે પંડિતો જેમ-તેમ હાંકો એ હવે ચાલે એવું નથી. અરે..! પ્રભુ! માર્ગ આ છે. સીધી વાત છે.

એ તો કીધું કે જગતનો કર્તા ઈશ્વર છે કોઈ એમ જે માને એ પણ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એમ આ મુનિ થઈને, જૈન સાધુ થઈને 'છકાયના જીવને હું રાખી શકું છું, દયા પાળી શકું છું' તે પણ એના જીવો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. કહો, દેવીલાલજી! આ તમારા સ્થાનકવાસીમાં છકાયની દયા પાળે, છકાયની પીહર ને એવું આવે છે. છકાયના પીહર, છકાયના ગોવાળ. ગોવાળ એટલે ગોપાળ ભરવાડ. ભરવાડ ગાયુંને પાળે છેને એમ આ છકાયને પાળે. છ કાયના જીવ. એકેન્દ્રિય, બે ઈન્દ્રિય. આહા..હા..! ભગવાન! પરનું પાળવું એટલે શું? એની અવસ્થા તેના દ્રવ્યથી થાય. અરે! એની અવસ્થા અવસ્થાથી થાય, દ્રવ્યથી પણ નહિ. આહા..હા..! લાલચંદભાઈ! આહા..હા..! એના દ્રવ્યથી પણ એની પર્યાય નહિ તો તારા દ્રવ્યથી એની પર્યાય થાય? આહા..હા..! ભાઈ! સત્યની વસ્તુ આવી છે. આહા..હા..!

ઓલા યાદ ઘણી આવે છે, ઓલા બાવા આવે છેને જ્યારે પૈસો લેવા દુકાન ઉપર તો અમારે ઘણા આવતાને. દરરોજ આવે. એના એક .. બાવા ઘણા હોયને. એમાં એક પાસ કરનારો હોય એને આપે. એ જ માગી શકે દુકાનોમાં. પછી જરીક એ બોલે. 'સતિયા સત્ મત છોડીએ, સત છોડે પત જાય.' સાંભળ્યું છે? જાધવજીભાઈ! તમારે દુકાને ત્યાં નહિ હોય. અમારે દુકાને તો બધું ઘણું જોયું અમે તો. હીજડા .. દુકાન ઉપર નપુંસકો. ઝોળી લઈને માગે. એને આપે છે. એને ક્યાંક માગવું હોયને એ કાંઈક હશે સંસ્થા. એ એને કહે એ જ માગવા જાય. બીજા માગવા ન જાય. હીજડા એ બે આના માગે અને ચાર આના માગે. નહિતર લૂગડુ ઊંચુ કરીને ઊભા રહેતા. બીજાને શરમ થઈ જાય. આહા..હા..!

આ તો બધું જોયેલું છે. હીજડા સમજો છો? શેઠ! પાવૈયા. એ માગવા નીકળે મુસલમાનના ઝોળી લઈને અને બે-ત્રણ જણા ભેગા માગે. અને જો ઝટ ન આપે તો લૂગડું ઊંચું કરે. અરર! ઓલા વેપારી શરમાઈ જાય. નીચે ઉતર ભાઈ લઈ જા. આહા..હા..!

અહીં કહે છે એ પરદ્રવ્યની ક્રિયા પૈસા દેવા-લેવા એ ક્રિયા આત્મા કરે, આત્મા કર્તા અને પૈસા દેવાનું કર્મ આત્માનું કાર્ય એ છે નહિ. આહા..હા..! છે? **'આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?'** જ્યારે પરદ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી તો પરદ્રવ્યની પર્યાયરૂપી કાર્ય એનો આત્મા કર્તા એ ક્યાંથી હોય? આહા..હા..!

**'ભાવાર્થ :- પરદ્રવ્યને અને આત્માને કાંઈપણ સંબંધ નથી,...'** કાંઈપણ સંબંધ નથી એમ લખ્યું છે. અન્વયાર્થમાં એમ છેને સઘળાનો અર્થ. સઘળો એટલે કાંઈ નહિ. આહા..હા..! **'તો પછી તેમને કર્તાકર્મસંબંધ કઈ રીતે હોય?'** આહા..હા..! ઓહો..! ગજબ વાત છે. **'એ રીતે જ્યાં કર્તાકર્મસંબંધ નથી, ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે?'** આહા..હા..! આ ૨૦૦ શ્લોક બહુ ઊંચો છે. **'सर्वोऽपि सम्बन्धः नास्ति'** ખલાસ થઈ ગયું. આહા..હા..! તું તારામાં, તે તેનામાં. એ તું તારામાં ઊભો રહીને પરનું કાંઈ કર એ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! આ દુકાન ઉપર ધંધો પંકજ વધારે પંકાય છે ત્યાં. એમ કહે છે કોક કહેતું હતું કે ત્રણ ભાઈઓમાં એ વધારે છે. આપણે તો સાંભળ્યું હોય કોક કહેતું હોયને ઈ, અને આ રસ પણ છે પાછો. આહા..હા..! કોણ કરે? ભાઈ! આહા..હા..! એક રજકણ આ આંખની પાપણ આમ થાય એ આત્માનું કાર્ય અને આત્મા કર્તા ત્રણકાળમાં નથી. આહા..હા..! આ એકાંત લાગે માણસને. એ ઓલાએ લખ્યું છે રાજેન્દ્રે. એક દ્રવ્યનો બીજા દ્રવ્ય ઉપર પ્રભાવ ન માને તો વ્યવસ્થા નહિ રહી શકે. લ્યો ઠીક! ઓલાએ કહ્યું કે પણ એકીબીજાનો પ્રભાવ પડે તો વસ્તુ નહિ રહી શકે. એવો શબ્દ નથી, પણ એટલું જરી થોડું. કારણ કે કોઈ ઉપર પ્રભાવ શું પણ? પ્રભાવ એટલે શું? આહા..હા..!

ભગવાનના અતિશય છે જે સાંભળવા જાય, વાઘ ને નાગ પ્રભુની વાણી સાંભળવા જાય લ્યો! ત્યાં એનો અતિશય છે એટલે ત્યાં શાંત થઈ જતા હશે એમ છે? એ તો નિમિત્ત છે. એની પોતાની તે કાળે તે સ્થિતિ થવાનો કાળ છે. આહા..હા..! તે પર્યાયનો જન્મકાળ છે—જન્મક્ષણ. આહા..હા..! આ મોઢું હલે છે એની જે આ અવસ્થા છે એનો પરમાણુનો જન્મ અને ઉત્પત્તિનો એ કાળ છે. આત્માથી આ હોઠ હલે એ ત્રણકાળમાં નહિ. કહો, શાંતિભાઈ! હવે આવું આ બધા ઝવેરાતના ધંધામાં હોંગકોંગના મોટા. આ કહે છે કરે નહિ. આહા..હા..! **'આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે?'** હવે એના શ્લોકો (ગાથાઓ).

ववहारभासिदेण दु परदव्वं मम भणंति अविदिदत्था।
जाणंति णिच्छएण दु ण य मह परमाणुमित्तवि किंच।।३२४।।

जह को वि णरो जंपदि अम्हं गामविसयणयररट्ठं।
ण य होंति तस्स ताणि दु भणदि य मोहेण सो अप्पा।।३२५।।
एमेव मिच्छदिट्ठी णाणी णीसंसयं हवदि एसो।
जो परदव्वं मम इदि जाणंतो अप्पयं कुणदि।।३२६।।
तम्हा ण मे त्ति णच्चा दोण्ह वि एदाण कत्तविवसायं।
परदव्वे जाणंतो जाणेज्जो दिट्ठिरहिदाणं।।३२७।।

**વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને ‘મારું’ કહે,**
**‘પરમાણુમાત્ર ન મારું’ જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.**

આહા..હા..! આ પૈસા મારા ને બાયડી મારી ને ગામ મારું, દીકરા મારા, બાપ મારો, મા મારી. આહા..હા..! અરે! ગજબ!

એટલે? જ્ઞાનના અનુભવ વડે જાણે છે કે હું તો જ્ઞાન છું, એમ કહે છે. પરદ્રવ્ય અને મારે કાંઈ કર્તાકર્મસંબંધ છે નહિ. આહા..હા..!

**જ્યમ પુરુષ કોઈ કહે ‘અમારું ગામ, પુર ને દેશ છે’,**
**પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી ‘મારા’ કહે; ૩૨૫.**
**એવી જ રીત જે જ્ઞાની પણ ‘મુજ’ જાણતો પરદ્રવ્યને,**
**નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.**
**તેથી ‘ન મારું’ જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની,**
**કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદૃષ્ટિરહિતની. ૩૨૭.**

આહા..હા..! ‘**ટીકા :- અજ્ઞાનીઓ...**’ અરે! વસ્તુના સ્વરૂપના અજાણ, જેનું અસ્તિત્વ ભિન્ન અને જેની સત્તા ભિન્ન એ પરસત્તાના અસ્તિત્વને ભિન્ન સત્તાવાળો મારું માને. અરે! અજ્ઞાની! આહા..હા..! ‘**વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને ‘આ મારું છે’ એમ દેખે છે...**’ આહા..હા..! શ્રીમદ્ જ્યારે કાંઈક વાત કરતા હોયને ત્યારે એમ બોલતા, અમારો કોટ લાવજો. ઓલો કહે કે આ બહુવચન આટલું મોટું કેમ કહે છે? પણ એનો અર્થ હતો કે અમારો એટલે મારો કોટ નથી. અમારો આ દીકરો છે એટલે અ-મારો એટલે નથી મારો દીકરો. આ ચર્ચા ચાલી હતી મોટી. શ્રીમદ્દને કહે, તમે એકલા અને આ અમારું-અમારું કેમ કહો છો? જ્યાં હોય ત્યાં અમારે માટે પાણી લાવજો, અમારે માટે કોટ લાવજો, અમારા માટે કાપડ લાવજો. અમારા માટે કાંઈ નથી એ એમ કહે છે. આહા..હા..! આવી વાતું હવે. ઓલા કહે કે છકાયની દયા પાળવી. લ્યો અમારે હીરાજી મહારાજ હતા. સંપ્રદાયના ગુરુ હતા. બહુ શાંત, શાંત બહુ ગંભીર હતા, પણ વાતમાં કાંઈ ખબર નથી. આહા..હા..! કાંઈ ખબર નહિ. એ સંપ્રદાયમાં એ વાત જ નથી. આહા..હા..! બહુ શાંત હતા. ‘હીરા એટલા હીર.’ એમ કહેવાતા હોં! એવી શાંત પ્રકૃતિ. નિર્દોષ આહાર-પાણી લેવા.

એને માટે પાણી બન્યું હોય તો પાણી વિના દિવસ ગાળે પણ પાણી ન લે. એવી ક્રિયા એની માનેલી સંપ્રદાયની બહુ (પાળે), પણ વસ્તુની કાંઈ ખબર નહિ. એ તો એમ કહેતા કે છકાયના જીવની દયા પાળવી એ જૈનસિદ્ધાંતનો પ્રભુ એ સાર છે, એમ કહે. શાંતથી બહુ કહેતા. શાંતથી. હજારો માણસ (સાંભળવા આવે). આબરૂ મોટી હતી. દૃષ્ટિ તદ્દન વિપરીત. આહા..હા..! કોક કોકે જોયા હશે. તમે જોયા હતા કે નહિ હિંમતભાઈ? હીરાજી મહારાજને જોયા હતા? ૭૪માં ગુજરી ગયા. પણ આવું બોલે હોં! હજારો માણસ. બબ્બે હજાર સભા. રાજકોટમાં જાય તો મોટી સભા. ભાઈ! પ્રભુ એમ કહે છે કે એક પણ જીવની દયા પાળવી એ જ અહિંસા સમયં સિદ્ધાંતનો સાર છે અને એ ધર્મ છે, એમ કહે. લાલચંદભાઈ! બહુ શાંત હતા. પણ વસ્તુ આ હતી જ નહિ પછી શું કરે? પ્રાણ જાય તોપણ એને માટે બનેલું પાણી-આહાર લેતા નહિ. અહીં તો ચોકા (થાય). છાપામાં એવું આવે છે લ્યો હમણાં જ આજે જ આવ્યું છે. બીજેથી આહાર વ્હોરાવવા આવજો. ચોકા લઈને આવજો. ફલાણું. આહા..હા..! દિગંબર સાધુ માટે. અરેરે! શું થઈ ગયું આ? એક એકેન્દ્રિયનો જીવ એક પાણીનું ટીપું એમાં અસંખ્ય જીવ. હવે એ મરી જાય એને આહાર-પાણીમાં દસ શેર પાણી ઊના કરવા. આહા..હા..! એના માટે દૂધ ઊના કરવા, મોસંબીના પાણી, કેરીના રસ. એવું કર્યું તો હશેને થોડું? શેઠે કર્યું હશે થોડું-થોડું. શેઠિયા ગામમાં એટલે.

**શ્રોતા** :- સાધુ આવે એને ભૂખ્યા રખાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અને પાછા શેઠિયા ગામના મોઢા આગળ નામ હોય એટલે કરવું તો પડે. આહા..હા..!

કહે છે, જે 'એ મારું છે' એમ માને છે, એમ દેખે છે... '**જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ હોવાથી પરદ્રવ્યની કણિકામાત્રને પણ આ મારું છે એમ દેખતા નથી.**' આહા..હા..! અજ્ઞાની અને જ્ઞાની બેની વાત લીધી. અજ્ઞાની વ્યવહારમૂઢ. આહા..હા..! અમે દીકરાઓને પાળીને પોષીને મોટા કર્યા. એ દીકરા હવે વૃદ્ધાવસ્થામાં અમને પાળશે. એ માટે કર્યું છે. કેટલું સાચું હશે પંકજ એમાં? સો ટકા ખોટું. આ તમારા બાપે પણ મોટા કર્યા તમને આવડા મોટા. વૃદ્ધાવસ્થામાં પાળવા માટે કર્યા કે? આહા..હા..! આવી વાત. અજ્ઞાની વિમૂઢ પરદ્રવ્યને 'આ મારું' એમ દેખે છે. આહા..હા..! '**જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ...**' સ્વસ્વરૂપના જાણનાર હોવાથી, એમ. સ્વરૂપ તો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે. એ તો જાણનાર-દેખનાર એના કાર્ય કરનાર છે. આહા..હા..! સમજાણું? '**નિશ્ચય પ્રતિબુદ્ધ...**' સ્વરૂપનો જાણનાર, એમ. '**પરદ્રવ્યની કણિકામાત્રને પણ...**' એક કણકી, એક રજકણ, રાગનો રજકણ અને પરમાણુનો રજકણ મારો નથી. આહા..હા..! હું તો સ્વરૂપે જ્ઞાનસ્વરૂપી પ્રભુ પૂર્ણ છું, એવો જે નિશ્ચય તત્ત્વનો જાણનાર ધર્મી, એક રાગના કણને કે રજકણને પોતાનો માનતો નથી. આહા..હા..! છ ખંડના રાજમાં પડ્યો ભરતચક્રવર્તી. છન્નું હજાર તો જેને સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ.

એ કોઈ ચીજ મારી નથી. આહા..હા..! હું જ્યાં છું ત્યાં એ નથી, જ્યાં એ છે ત્યાં હું નથી. આહા..હા..! એવું જાણનાર જ્ઞાની '**પરદ્રવ્યની કણિકા...**' કણિકા એટલે કટકો. પરદ્રવ્યનો નાનામાં નાનો પરમાણુ. ૩૮ ગાથામાં એ આવે છેને? 'પરમાણુમાત્ર નથી અરે'. '**આ મારું છે એમ દેખતા નથી.**'

'**જેમ આ જગતમાં કોઈ વ્યવહારવિમૂઢ એવો પારકા ગામમાં રહેનારો માણસ...**' પારકા ગામમાં એટલે? એ ગામ પારકું છે એમ. પારકા ગામમાં એટલે કોકના ગામમાં અને પોતાના ગામ એમ નહિ અહીં. એ ગામ જ પારકું છે. પારકું ગામ એટલે પોતે જાણે રાજકોટનો એટલે પોતાનું ગામ અને જામનગર એ પારકું ગામ (એમ નહિ). આહા..હા..! '**પારકા ગામમાં રહેનારો માણસ 'આ ગામ મારું છે'...**' ક્યાં રહો છો ભાઈ? રાજકોટ. ક્યાંના છો? જામનગરના. ક્યાં તમારું રહેઠાણ? મુંબઈમાં. બધું ખોટું છે એમ કહે છે. આહા..હા..! '**એમ દેખતો-માનતો થકો...**' પારકું જે પરગામનો સમૂહ. આહા..હા..! એને 'આ મારું છે' એમ માનતો-દેખતો '**મિથ્યાદૃષ્ટિ (-ખોટી દૃષ્ટિવાળો) છે,...**' આહા..હા..! આણે પણ એમ કહ્યું છે એમાં કે ભાઈ તમે જ્યારે શુદ્ધ આચરણને હેય માને તો મિથ્યાદૃષ્ટિ છે, તો કુંદકુંદાચાર્ય શુભાસ્રવને હેય માને છે તો એ મિથ્યાદૃષ્ટિ ઠર્યા. જુઓ, આવી ચર્ચા આમાં આવી છે આજે, જૈનસંદેશમાં. મૂળ તો અહીંથી વાત ઉપડી છેને, શુભભાવ એ આસ્રવ છે, વ્રત એ આસ્રવ છે. આહા..હા..! એટલે એ લોકો કહે કે નહિ, હેય નહિ, હેય નહિ. હેય માને તો મિથ્યાદૃષ્ટિ છે. ભાઈએ લખ્યું છે સામે કે એ આસ્રવને હેય ન માને એ મિથ્યાદૃષ્ટિ છે. કુંદકુંદાચાર્ય હેય માને છે અને સોનગઢની આ ઊપજ નથી. તે વસ્તુ છે તેને સોનગઢે ઉત્પન્ન કરી છે. સોનગઢની ઊપજ આ છે એમ લીધું છે. સમજાણું કાંઈ? નવીન ઉપજ નથી. એ તો ભગવાન જે સંતોએ કહ્યું તે જાતની સોનગઢની ઊપજ છે. આહા..હા..! આજે લેખ આવ્યો છે શેઠ! એ જૈનસંદેશ છેને? પત્ર આવે છે જૈનસંદેશ પત્ર. કૈલાસચંદજીનું. એમાં આવ્યું છે. બે લેખ મોટા. એક જગમોહનલાલજીનો અને એક એનો કેલાસચંદજીનો. આહા..હા..! હવે અત્યારે આવી ચર્ચા ઊભી થઈ. એલા આટલા બધા વર્ષ તમે ગાળ્યા ક્યાં? હજી શુભ આસ્રવ હેય કે ઉપાદેય? આહા..હા..!

પરમાત્મપ્રકાશમાં તો એમ કહ્યું, જે શુભાસ્રવ ઉપાદેય માને તેને ભગવાન હેય છે—આત્મા હેય છે અને જે આત્મા ઉપાદેય માને એને આસ્રવ હેય છે. આહા..હા..! છોડવાલાયક છે. હવે એમાં પણ તકરાર પાછી. છોડવાલાયક છે એટલે છૂટે છે તો... ઓલો છે સુમેરુ. શું કહેવાય એ? શિવાકર. ચોથે ગુણસ્થાનેથી રાગનો ક્ષય કરો, રાગનો નાશ કરો અને ક્ષય તો ચૌદમે થાય છે અને ચોથેથી માંડે છે, આ બધી વાત ખોટી છે. એમ કહે છે. અરે! સાંભળને. 'રાગ મારો નથી, હેય છે' એમ ચોથાથી હોય છે. ક્ષય કરવાલાયક છે, નાશ કરવાલાયક છે, નાશ થાય નહિ. આહા..હા..! એ તો શુદ્ધોપયોગ પૂર્ણ થાય ત્યારે નાશ થાય, પણ

નાશ કરવાલાયક છે એ સમકિતીની દૃષ્ટિ છે. આહા..હા..! ઉત્પન્ન કરવાલાયક છે એમ નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો માર્ગ છે પર્યાય એ ઉત્પન્ન કરવાલાયક છે. તેથી તેને ઉપાદેય કીધી છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. નહિતર તો સંવર-નિર્જરા અને મોક્ષ એ પણ નાશવાન પર્યાય હેય છે. શુદ્ધભાવના અધિકારે નિયમસારમાં. તો એ હેય છે, પણ અહીં પાછું કીધું કે સંવર છે એ ઉપાદેય છે, નિર્જરા છે એ હિતકર છે, મોક્ષ પરમહિતકર છે અને આસ્રવ અહિતકર છે અથવા હેય છે અને બંધ અહિતકર છે. દરેકની વ્યાખ્યા જુદી કરી. સમજાણું? એનો અર્થ એ કે 'આસ્રવ તે હેય છે' એમ જે માને તેને આત્મા ઉપાદેય છે, એમ છે. આનંદનો નાથ પ્રભુ ઉપાદેય છે, પણ જેણે આસ્રવને ઉપાદેય માન્યો એને આત્મા હેય થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આ તો જગતથી અવલદોમની વાત છે. આહા..હા..!

**'તેમ જો જ્ઞાની પણ કોઈ પણ પ્રકારે...'** કોઈ પણ પ્રકારે. વ્યવહારથી પણ કહે તો મૂઢ છે. આહા..હા..! જોયું! **'કોઈ પણ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને...'** આહા..હા..! વ્યવહામાં વિમૂઢ થઈને **'પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે...'** શરીર મારું, પુત્ર, પુત્રી બધા મારા, હવેલીઓ એ બધી મારી, મકાનો મારા, આટલા મકાન અમારે અને આટલા ભાડા અમારે ઊપજે છે, એ મૂઢ જીવ કહે છે. આ પરને પોતાનું માને વ્યવહારમૂઢ જીવો છે. આહા..હા..! **'આ મારું છે એમ દેખે તો તે વખતે પણ નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ,...'** **'સઘળુંય પરદ્રવ્ય મારું નથી...'** આહા..હા..! **'ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો...'** આહા..હા..!

'ભાઈ! આત્માની ફરજ છે, દીકરીયું મોટી થાય એને પરણાવે તો ઠેકાણે પાડે એની ફરજ છે. દીકરાઓને ઠીક રસ્તે ચડાવે એની ફરજ છે.' એમ કહે છેને અજ્ઞાની? એય..! નહિ? દુકાનનો ધંધો વ્યવસ્થિત (કરે). થોડો પોતે અનુભવ કર્યો હોય પાંચ-પચ્ચીસ વર્ષ. એ દીકરાને એના અનુભવનો લાભ દેવો જોઈએને? કે જો ભાઈ આમાં આમ કરવું હોં, આમાં આમ કરવું. આહા..હા..! આવી વાતું, બાપુ! આ તો જગતથી ઊંધી છે. જગત તત્ત્વથી ઊંધું છે અને ધર્મ જગતથી ઊંધો છે. આહા..હા..! અરે! કોના છોકરા? કોની વહુ? કોનો ધંધો? કોના પૈસા? બાપુ! એ જ્ઞાની પણ જો મારું માને તો એ મૂઢ અને અજ્ઞાની છે એમ કહે છે. એના ખ્યાલમાં વાત આવી છે, છતાં પાછો માને કે આ મારા છે (તો મૂઢ છે). આહા..હા..!

૨૦-૨૦ વર્ષની દીકરીયું હોય અને એમાં અત્યારે પાછું દહેજનું બહુ છેને મારવાડમાં? દહેજ-દહેજને? શું કહે છે ઈ? પૈસા દેવા પડે. ૨૫ હજાર, ૫૦ હજાર. છોકરો સારો હોયને એને દહેજ. દહેજ શું કહે છે? પૈસા. ત્યારે ઓલા છોડી લે. આહા..હા..! એક ઠેકાણે તો એવું બન્યું કે અમુક પૈસા કીધેલા, પણ પરણવા વખતે બહુ માગવા માંડ્યો પાછો. ટાઈમ

થઈ ગયો. લાવો કન્યા, ટાઈમ (થઈ ગયો છે). ઓલો કહે પણ આટલું ઘોને, આટલું ઘો. કરવું શું? જુવાનિયા ભેગા થયા અને ગધેડો લાવ્યા. એને બેસાડ્યો એના ઉપર. બેસાડીને ગામમાં ફેરવ્યો. તેં આ શું કર્યું? જે બોલણી હતી એનાથી વધારે હવે પરણવા માટે માગે છે અહીં? ઓલા બિચારા સાધરણ માણસ છે. ગધેડે ફેરવ્યો ગામમાં. કન્યા નહિ મળે તને જા. આવા નાગા! એય..! ઉંધે બેસાડીને હોં પાછું. ગધેડામાં ઓલી કોર મોઢું રાખીને નહિ. ગધેડા મોઢું પાછળ રાખીને ફેરવ્યો. આહા..હા..! લેખ આવ્યો હતો. જુવાનીયા પણ એવા ફાટેલા હોય છેને અત્યારે તો. જરીક કન્યા મોળી પાતળી દેખે તો પૈસા આટલા લાવો. આટલા નહિ. અરે! શું છે, બાપુ! આ શું થઈ ગયું તને આ? પરદ્રવ્યની આટલી કિંમત અને મહત્તા! આહા..હા..! આવો જગતનો વ્યવહાર છે. આહા..હા..!

'**નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદષ્ટિ જ થાય છે.**' આહા..હા..! પરમાત્મા સર્વજ્ઞદેવ પણ મારા છે એમ માને. આહા..હા..! એ પરદ્રવ્યમાં આવી જાય કે નહિ? પરદ્રવ્યમાં તો એ આવી ગયા કે નહિ? દેવ, ગુરુ અને શાસ્ત્ર ત્રણે પરદ્રવ્ય છે. એવી વાત છે. એને પોતાનો જાણતો આહા..હા..! એ મિથ્યાદષ્ટિ જ થાય છે. આહા..હા..! છે? વ્યવહારે બોલે છે એમ માની બેસે છે એમ કહે છે. માની બેસે છે. ભાષા તો બીજી શું હોય? ધર્મી એમ પણ બોલે, આ મારું ગામ છે, આ મારા દીકરા છે. પણ 'અમારા છે' એ અંદરમાં માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ ધર્મ માર્ગ જુદો બહુ, બાપા!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એણે આપ્યું. કોણ આપતું હતું? એને ભાન પણ ક્યાં છે? ચોપડીમાં લખે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાએ મને સમકિત આપ્યું. હવે વ્રત લઈ લીધા. કાંઈ ખબરું ન મળે. આંધળે આંધળા. અરેરે! ચોર્યાસીના અવતારમાં ક્યાંય સ્વ અને પરની વિવેકતા ન મળે. એને સંયોગનો જેને પ્રેમ રહ્યો એ સંયોગ એને નહિ છોડે હવે. આહા..હા..! એટલે કે સંયોગની સ્થિતિમાં એને રખડવા રહેવું પડશે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે તત્ત્વને જાણનારો પુરુષ...**' જોયું! '**તત્ત્વને જાણનારો પુરુષ...**' હું તો એક જ્ઞાનસ્વરૂપી ભગવાન, એ શરીર ને રાગથી ભિન્ન ચીજ છું. એવું જેને તત્ત્વનો આસ્રવ અને અજીવ અને જીવ એનું ભેદજ્ઞાન થયું છે. આહા..હા..! '**સઘળુંય પરદ્રવ્ય મારું નથી...**' '**સઘળુંય પરદ્રવ્ય મારું નથી...**' આહા..હા..! '**એમ જાણીને, લોક અને શ્રમણ—બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે...**' આહા..હા..! લોક એમ માને કે આ જગતનો કર્તા ઈશ્વર છે એ પણ મૂઢ જીવ, આવા કસાઈખાના એક-એક અમેરિકામાં જુઓ, વાંદરા મુંબઈમાં કાળાકેર કરે છે. ગાય જીવતી, બળદ મોટા ઘરડા થઈ ગયા હોય, પછી લેવા આવે. ઓલાને ખબર ન હોય. આ સારા વાણિયા હોય, આ પાટીમાં છેને આપણે. કેવા કહેવાય?

માણેકચંદભાઈ. મોટો ઘરનો શેડ. બળદ મોટા ઘરડા થઈ જાય પણ આપે નહિ. બાંધી રાખે બસ. ઘાસ-બાસ પાણી જેટલું હોય એટલું .. બાંધી દે. માણેકચંદભાઈ આવે છે. .. પેદાશ મોટી છે. મોટા ખેડુ છે. છે આપણા જૈન સ્થાનકવાસી. એના ઘરમાં ઉતર્યા હતા એક ફેરી મેડીએ અને આમ જોયું તો બળદ મોટા ઊભા. કીધું, આ તો ઘરડા. એ ઘરડા થઈ ગયા. કામ કરી શકે નહિ એને અમે બાંધી રાખીએ. બાંધીને આહાર-પાણી બધું દઈએ. કોઈને આપીએ નહિ. એ કામ ન કરે માટે એને આપી દેવા (એમ ન હોય). આહા..હા..!

અહીં તો કહે છે કે પર કામ કરે કે ન કરે એ આત્માનું કાર્ય નથી. આહા..હા..! આમ લખાવેને કે આટલું કામ તમારે કરવું પડશે, આટલી નોકરી, ફલાણું આટલું કામ તો તમારે માથે છે. આવે છેને એમ ભાઈ? નોકરી કરેને નોકરીવાળાને. તારે ક્યાં નોકરી છે? પણ ઓલા નોકરીવાળાને એવું હોય, આટલું કામ કરવું પડશે આટલા દિવસમાં. આહા..હા..! બહુ કામ જુદી જાત બાપુ! આ તો મારગડા જુદાં છે. અરે! દુનિયામાં ક્યાંય સાંભળવા મળે નહિ. પરમેશ્વર પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એમ ફરમાવે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને 'મારું છે' એમ જો માને (તો એ) મિથ્યાદૃષ્ટિ છે, જેમ એ ઈશ્વરકર્તા માનનારા મિથ્યાદૃષ્ટિ છે. આવા કારખાના જગતમાં લાખો-કરોડો છે. એને એ ઈશ્વર કરે આ જગત અને આ બધું? એમ એના કર્તા માનનારા જેમ મૂઢ છે, એમ પરદ્રવ્યનું કાંઈપણ કરી શકું એમ માનનારા મૂઢજીવ છે. બેય સરખા છે. આહા..હા..!

**શ્રોતા :-** આખો દિ' પરદ્રવ્યનું કરવામાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે? ધૂળ કરે છે? થાય છે ત્યાં જાણે છે. થાય છે તેને જાણે છે, થાય છે તેને કરે છે એ દૃષ્ટિ વિપરીત છે. આવી વાત છે. અત્યારે તો બહુ ફેરફાર થઈ ગયો છેને. આહા..હા..! જૈન સંપ્રદાયને નામે ફેરફાર થઈ ગયો છે. આહા..હા..! પંડિતો મોટા ભણેલા ગોટા વાળે બનારસ અને કાશીના ભણેલા. આહા..હા..! એક દ્રવ્યનો પરદ્રવ્ય ઉપર પ્રભાવ પડે, તીર્થંકર કેવળી જેવાનો પણ પર ઉપર પ્રભાવ પડે. આહા..હા..! અરે! કોનો પ્રભાવ પડે? ભાઈ! જે વસ્તુ છે એ પોતાની શક્તિમાં અને પોતાની દશામાં છે. એ પરદશામાં પરની દશામાં એ દશા જાય છે? પ્રવેશ કરે છે તે પ્રભાવ પડે?

કોઈ તો અમારા માટે એમ કહે છે લ્યો! મહારાજનો એવો પ્રભાવ પડે કે અમે બોલી શકીએ નહિ. લ્યો એમ કેટલાક કહે. પણ હવે ગાળ દેનારા પણ મળે છે, અહીં નથી ખબર? આ લાકડી ગઈ છે ભાઈ હમણાં ખોવાઈ ગઈ. કાલે લાકડી ગઈ એક. એક લાકડી ત્યાં ગઈ હતી, સોનાસણ? .. તે દિ' સુખડની હતી અને આ પ્લાસ્ટિકની. ભગવાનનો ફોટો હતો. કાલે ગઈ. ગમે તે લઈ ગયું કોક. ફાલતું માણસ પણ ઘણાં આવેને. અને પડી હોય, સારી લાગી હોય ને ઉપાડી ગયા હોય. આવી ઘણી પડી છે અહીંયાં સુખડની. એ સુખડની એક ગઈ અને આજે એક ગઈ. આ બે ગઈ અત્યાર સુધીમાં. હવે ત્રીજી છે આ. કેમકે

સુખડમાં કાંઈક છે. બીજાને હાથ ફેરવે તો પૈસા થઈ જાય. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! કરોડોપતિ મોટા ત્યાં આવે છે એ બધા એમના પ્રભાવથી પૈસા થયા છે. આ હીરાભાઈના બાપ પણ કહેતા. લ્યો આના બાપ. ૩૦ રૂપિયાનો પગાર હતો અને અત્યારે મોટા લાખો રૂપિયા. અમે તો માનીએ છીએ. એમ કહેતા હતા. કહેતા હતાને? હીરાભાઈના બાપ કહેતા ભીખાભાઈ. અમારે મહિનાનો ૩૦નો પગાર હતો. શું કહેવાય એ? તલાટી. હવે એમાં અત્યારે મોટા મકાન અને મેડી ને ફલાણું એ બધો મહારાજનો પ્રતાપ છે. એ વાત તો નિમિત્તથી કહેતા. ભીખાભાઈ એમ બોલતા હોં! મહારાજ બીજી બધી વાત હોય પણ મારે તો આ બધા પૈસા-બૈસા થયા એ પછી થયા. આહા..હા..! પણ બાપુ! અહીં તો ગરીબ બાયું કેટલી છે વિધવા કે રોટલા માંડ-માંડ થાય એટલી આજીવિકા હોય છે, લ્યો! આહા..હા..! પણ આપણા અહીં પ્રેમચંદભાઈ, નારણભાઈ જેવા હતા. લ્યો કાંઈ કોઈ પૈસા થયા નથી.

**શ્રોતા :-** પ્રેમચંદભાઈના હાથે આવ્યા અને નારણભાઈ પાસે હતા એ વયા ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હતા એ ગયા. એ તો જેની પુણ્યની પ્રકૃતિ ન હોય એને જાય એમાં શું? એને આત્માથી, બીજાના આત્માથી, ગુરુની કૃપાથી ત્યાં પૈસા થાય (એમ નથી). આહા..હા..! અરે! પૈસા મેળવવાનો ભાવ છે એ પાપ છે. આહા..હા..! પૈસા જડ, માટી, ધૂળ. ભગવાન આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ નાથ એ પોતાના આનંદને માટે પરવસ્તુને શોધે એ મૂરખના જામ છે, મૂર્ખાઈના જાણનારા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે '**લોક અને શ્રમણ—બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે...**' પરદ્રવ્યને કરે છે એવું માનનારા બેય જીવો, '**તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે...**' એને સમ્યગ્દર્શન, સત્યદર્શનની ખબર નથી. આહા..હા..! છે? '**સમ્યગ્દર્શનરહિતપણાને લીધે...**' એકલું સમ્યગ્દર્શન લીધું છે હોં! આહા..હા..! એટલે પછી જ્ઞાન અને ચારિત્ર નથી જ તે. આહા..હા..! ઓલા ભજનમાં પણ આવે છે, 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' આવે છે એમાં? હાથ. હાથ મૂક્યા એય..! આવે છે કે નહિ? કરકમળમાં હાથ મૂકી લબ્ધિ ઊપજાવી. એ બધી વાતું વ્યવહારની. સ્તુતિમાં છે તમારે સ્તુતિમાં લખ્યું છે. ભગવાનનો હાથ. પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એને હાથ કેવો અને એ હાથ. એ તો શરીરરહિત આત્મા ભગવાન છે. એ માથા ઉપર કર ઉપર મૂકતા લબ્ધિ ઊપજે અનંત. લ્યો, આવી ભક્તિ! આવે છે એવું? આપણે સ્તવનમાં છે. સ્તવન મંજરી. આવી વાતું ક્યાં આમાં નાખી આવી? આહા..હા..!

**શ્રોતા :-** નિમિત્તથી... એમાં તો નિમિત્તનું જ વર્ણન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ નિમિત્તનો અર્થ કે એનાથી લબ્ધિ થાય છે? પોતાથી પોતાનો ભાવ થાય ત્યારે નિમિત્તથી આ તાર્યા એમ કહેવામાં આવે. આહા..હા..! પર ત્રણલોકના નાથ તીર્થંકર પણ શું આપી શકે? શું એની પાસે એનો આત્મા છે તે આપે એને? એનો

આત્મા તો ત્યાં છે. અને એ આત્મા છે એ શક્તિ અને સ્વભાવથી ખાલી નથી. જે વસ્તુ છે એ એની શક્તિના સામર્થ્યના સ્વભાવથી ખાલી નથી કે જેથી પરમાંથી એમાં આવે. આહા..હા..! આવું છે.

**'સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે એમ સુનિશ્ચિતપણે જાણે છે.'** ધર્મી. પરદ્રવ્યથી કાંઈપણ લાભ-નુકસાન થાય... આહા..હા..! અને પરદ્રવ્યને હું લાભ આપી શકું, પરદ્રવ્યને હું સગવડતા દઈ શકું, આહાર ને પાણી ને કપડા ને ઓસડ ને, એવી જે માન્યતા પરદ્રવ્યની ક્રિયાનો એ મૂઢ મિથ્યાદૃષ્ટિ સમ્યગ્દર્શનરહિત છે, એને સત્યશ્રદ્ધા અને સત્યદર્શનની ખબર નથી. આહા..હા..! છે? પાઠમાં છેને એ. **'दृष्टिरहितानाम्'** આહા..હા..! ઘણાં એમ કહે છે કે અહીંના માણસો પૈસાવાળા ઘણાં થયા તો મહારાજ અંદર કાંઈક આપતા હશે કાંઈક. અહીં તો ઘણું દાંડી પીટીને કહીએ છીએ, કોઈ કાંઈ આપી શકતું નથી અને અમારી પાસે એવો કોઈ ચમત્કાર પણ નથી.

**શ્રોતા :-** ચમત્કાર કોઈને હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોકને હોય, પણ એ ચમત્કાર હોય માટે ત્યાં થાય છે એમ પણ નથી. આહા..હા..! અહીં તો ચૈતન્યચમત્કારની વાત છે. આહા..હા..! ભગવાન આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એની જ્યાં દૃષ્ટિ થઈ એને બીજાને દેવું ને લેવું શું છે એમાં? આહા..હા..! જ્યાં વાણી જ પોતાની નથી ત્યાં વાણીથી બીજાને લાભ થાય અને હું લાભ પહોંચાડું બીજાને... આકરી વાતું બહુ, પ્રભુ! આહા..હા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈપણ લાભ અને નુકસાન કરે એમ માનનારા સમ્યગ્દર્શનરહિત છે, એને સાચા તત્ત્વના સત્યદર્શનની ખબર નથી, તે મિથ્યાદૃષ્ટિ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૫, શનિવાર, તા. ૧૬-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૪ થી ૩૨૭, કળશ-૨૦૧-૨૦૨, પ્રવચન નં. ૩૮૮

ભાવાર્થ છે એ ગાથાનો. **'જે વ્યવહારે મોહી થઈને...'** આવો અર્થ કર્યો છે. મૂળ તો એમાં એ કહેવું છે કે વ્યવહારથી જ્યાં કથન આવે ત્યાં પકડે છે કે લ્યો અમારું. જેમ જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય એવું વ્યવહારનું વચન અને કર્મથી આત્મામાં વિકાર થાય એવું પણ વ્યવહારનું વચન (આવે). મૂળ ઈ શબ્દ છે જુઓ, પહેલો શબ્દાર્થમાં. **'વ્યવહારના વચનોને ગ્રહીને...'** એમ છે પહેલું. હિન્દીમાં પણ એમ છે. જેમ કે આ ગામ મારું. પાલનપુર મારું, એ તો ભાષા થઈ. તેથી કાંઈ ગામ એનું થયું? એમ કહે છે કે વ્યવહારના વચનો એવા

આવે. જેમ ૮મી ગાથામાં કહ્યુંને કે આત્મા. પહેલું તો કીધું કે ભાઈ બ્રાહ્મણે એક અનાર્યને સ્વસ્તી કહ્યું. સ્વસ્તી કહ્યું એટલે એ સાંભળનાર સ્વસ્તી શબ્દ સાંભળીને અણગમો નથી કરતો, પણ આ શું કહે છે આ? આનો સ્વસ્તી શું કહે છે? ટગટગ જોવે છે. ત્યારે ગુરુએ એને ઉત્તર આપ્યો ઓલા બ્રાહ્મણે, કે તારું સ્વસ્તી. પોતાનું તારું છે એનું કલ્યાણ થાઓ. હેં! આહા..હા..!

એમ ગુરુએ કહ્યું વ્યવહારીજનને. એવો શબ્દ છે. વ્યવહારીજનને ગુરુએ કહ્યું કે આત્મા. એ શબ્દ સાંભળીને કંટાળો નથી આવ્યો, અણગમો નથી આવ્યો, પણ આ શું કહે છે આત્મા? ત્યારે ગુરુ એને કહે છે. જુઓ, આ વ્યવહારનો ન્યાય કે આત્મા હંમેશા દર્શન, જ્ઞાન અને ચારિત્રને પ્રાપ્ત થાય તે આત્મા. આ વ્યવહારથી ભેદ પાડીને કહ્યું. ત્યારે ઓલાને કહ્યું પાછું કે ભાઈ જો ભેદ પાડીને કહું છું, પણ એ મારે અનુસરવાલાયક નથી અને તારે અનુસરવા લાયક નથી. સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

વ્યવહારની ભાષા આવે, બીજો કોઈ ઉપાય ન મળે. કથન. ત્રણ પ્રકારે કહ્યું કે આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત. એ વ્યવહાર થઈ ગયો. પણ વ્યવહારને પકડીશ નહિ. ભાષામાં આવ્યું એવું પકડીશ નહિ. જુઓ, તમે તો કીધું હતુંને? પણ એનો આશય ત્યાં જ કહ્યો છે કે અમે પણ ભેદ પાડીને એ વિકલ્પમાં આવ્યા છીએ એટલે કહ્યું તને અને તને સાંભળવા ભેદ પાડ્યા વિના તું સમજી શકે નહિ, પણ તે ભેદ તમારે અને મારે બેયને અનુસરવા લાયક નથી. વ્યવહારની ભાષા આવે, કથનો તો એ આવે. આહા..હા..! એ વ્યવહારે કહેલી ભાષાને પકડે કે આ મારું છે. જુઓ, વ્યવહારે કીધું હતુંને તમે? પણ વ્યવહારે કહ્યું હતું એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું હતું. આહા..હા..! કર્મને લઈને ચાર ગતિમાં રખડ્યો. લ્યો આવું આવે શાસ્ત્રમાં. પરમાત્મપ્રકાશમાં તો એક ગાથા એવી છે કે જીવ પાંગળો છે. કારણ કે એનું સ્વરૂપ જ્ઞાનાનંદ છે એ પાંગળો એ પોતે રખડવાનો એનો સ્વભાવ નથી. સમજાણું? ત્યાં એમ કહ્યું કે કર્મ એને બધે લઈ જાય છે અને ગતિમાં ઊપજાવે છે. કેમકે ત્યાં એ સિદ્ધ કરવું છે વ્યવહાર કહીને કે પોતે જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનસ્વરૂપ એ પરિભ્રમણના ભાવને શી રીતે કરે? આહા..હા..! ચૈતન્યસ્વભાવ...

અહીંયા એ પણ કહ્યું છે કે અજ્ઞાની જેને વસ્તુની સ્વરૂપની સ્થિતિની ખબર નથી એ અજ્ઞાની વ્યવહારમાં મૂઢ થઈ અને કહેવાના શબ્દોને પકડીને 'એ મારું છે' એમ માને છે. આહા..હા..! ધર્મી વસ્તુસ્વરૂપ છે તેને જાણે છે કે હું તો જ્ઞાનસ્વરૂપ આત્મા છું. એ જ્ઞાનસ્વરૂપની જ્યાં દૃષ્ટિ છે એ પરને તો કરે નહિ, પણ એ રાગને કેમ કરે ઈ? આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. મધુભાઈ! ક્યાં ગયા શાંતિભાઈ? આવી વાતું છે બધી. વ્યવહારે કહ્યું કે આ મારી સ્ત્રી. એટલે પકડી લીધું? આ મારું મકાન, આ મારા પૈસા, આ મારો દીકરો. ક્યાં પણ? એ તો વ્યવહારના કથનો છે. એને પકડી રાખે કે જો તમે કહ્યું હતુંને

આમ? આહા..હા..! એને વ્યવહારે કહેલા ભાવને એ ..છેને? જુઓ, '**વ્યવહારના વચનોને ગ્રહીને...**' એમ શબ્દ છે. છે શબ્દાર્થ? ૩૨૪ અને ૩૨૭નો શબ્દાર્થ, અન્વયાર્થ. ભાઈને આવ્યું? અન્વયાર્થ પહેલો. બીજી લીટી. '**વ્યવહારના વચનોને ગ્રહીને...**' એમ શબ્દ છે. અને આમાં પછી અર્થ એકદમ વિમૂઢ લઈ લીધો ટીકાકારે. કેમકે વ્યવહારના વચનોને પકડે છે એ મૂઢ જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહ્યું કે '**વ્યવહારથી મોહી થઈને...**' એમ કીધું. આપણે ભાવાર્થ. પાઠમાં એમ હતું કે વ્યવહારવિમૂઢ, શબ્દાર્થમાં એમ હતું કે વ્યવહારે કહેવામાં આવે તેને પકડે છે. શશીભાઈ! આ મારા બાપ, આ મારું કારખાનું. શું છે ધંધો? શું છે ધંધો તારા બાપને? ઝવેરાતનો. ઝવેરાતનો છે? આ મારો ઝવેરાતનો ધંધો. પણ ક્યાં તારો? એ તો ભાષા થઈ. આહા..હા..! એને પકડે તો એ જીવ મૂઢ છે એમ કહે છે. આહા..હા..! વ્યવહારે કહેલી ભાષાને ગ્રહીને તેને જ નિશ્ચય માને. એમ છે મૂળ તો. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને, ટીકામાં આવ્યું હતુંને? '**અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ હોવાથી પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે—**' ભાષામાં એમ આવે એમ માની લે છે એમ કહે છે. આહા..હા..!

હવે અહીંનો જે વિરોધ હતો ક્રમબદ્ધનો એ હવે કબુલ કર્યું લોકોએ તો. કોઈ વખતે નિમિત્તથી થાય એમ જે વિરોધ હતો. એ પણ ખુલાસો કર્યો કે નિમિત્ત છે તો ખરું સોનગઢવાળા કહે, પણ એનાથી થતું નથી. હવે એ પણ કબુલ કર્યું. ત્રીજું. શુભભાવ તે હેય છે, એનાથી વ્યવહારથી નિશ્ચય થાય નહિ એ વાતને કબુલ કરી કે શુભભાવ તો હેય છે. કહેવામાં આવ્યું હોય ક્યાંક સમજાણું કાંઈ? વ્યવહારમાં. ભાવપાહુડમાં આ ઘણું આવ્યું હતું કે સમ્યગ્દૃષ્ટિ જીવ પંચમહાવ્રતની ભાવના કરે, દસલક્ષણી ધર્મને ભાવે, વગેરે-વગેરે બોલો ઘણાં આવ્યા હતા. એ શુભભાવની વાત તો આવે. સમજાણું કાંઈ? અશુભ ટાળવા નિશ્ચયની દૃષ્ટિસહિત શુભભાવની વાત તો કરે શાસ્ત્રકાર, પણ એને પકડે કે જુઓ, શાસ્ત્રકારે આમ કીધું છે. એક શ્લોક છે આમાં ક્યાંક મોક્ષમાં નહિ? ભગવાનની ભક્તિથી જન્મવેલી નાશ થાય છે. શ્લોક છે. આહા..હા..! અષ્ટપાહુડમાં. ભગવાનની ભક્તિથી જન્મવેલીનો નાશ થાય, લ્યો ઠીક! એકબાજુ કહે કે પરદ્રવ્ય ઉપર લક્ષે જશે તો દુર્ગતિ છે તારી. એ તારી ચૈતન્યની ગતિ નથી. હવે એક બાજુ એમ કહે કે ભગવાનની ભક્તિથી જન્મવેલી નાશ થાય. એ તો વિરોધ થયો. ગાથા છે ભાઈ હોં! અષ્ટપાહુડમાં સવારમાં આવી ગઈ હતી. એ આવી ગયું છે સભામાં. પત્રમાં આવ્યું હતું એના વિરોધમાં કે અહીં આમ કહે છે અને એ કહે છે ના. પણ એ તો વ્યવહારના કથન છે.

**શ્રોતા :-** પકડી લીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પકડી લીધું. બીજું. ધવલમાં એવો પાઠ છે કે જિનબિંબના નિધિત અને નિકાચીત કર્મનો નાશ થાય. આ ગાથા આ છે શબ્દ આ છે. જિનબિંબના દર્શનથી. હવે જિનબિંબ તો પર છે. પરને આશ્રયે તો રાગ જ થાય. પણ વ્યવહારના વચનોને કહેવામાં

આવ્યું એ, પણ એને જ પકડે. જિનબિંબ એ પર છે. આ જિનબિંબ જે પ્રભુ પોતે વીતરાગમૂર્તિ છે... આહા..હા..! એના જે દર્શન કરે એને નિધત અને નિકાચીત કર્મ ટળે. અને તે કર્મ ટળે એ વ્યવહારનું વચન છે. કર્મ તો જડ છે એને ટળવું, કર્મની અકર્મ પર્યાય થવી એ તો એનો પોતાનો સ્વભાવ છે. આહા..હા..!

બીજી રીતે. પોતાના સ્વભાવનું જિનબિંબસ્વરૂપ ભગવાન જિનસ્વરૂપી, જિન તે જિનવર, જિનવર તે જિન. હવે એ જિનસ્વરૂપને અંદર વર્તમાન પર્યાયની જ્ઞાનદશાને આમ લાંબી અંદર.. અંદર.. દીર્ઘપણે.. દીર્ઘપણે.. અંદર વાળતા કે આ જ્ઞાન છે એ પર્યાય છે, પણ હવે એ પર્યાય આમ કેટલી શક્તિમાં છે? સમજાણું કાંઈ? અંદર જ્ઞાયકસ્વભાવ તરફ ઢળે છે, તો એ પર્યાય વર્તમાનમાં વર્તમાન તરીકે ન રહેતા, પર્યાય જ્ઞાયકભાવ તરફ જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... આહા..હા..! એમ જ્યારે ઢળે છે ત્યારે જિનબિંબના એણે દર્શન કર્યા એમ કહેવામાં આવે છે. આહા..હા..! એના નિધત અને નિકાચીત (કર્મ ટળે છે). એક બાજુ એમ કહે કે નિધત અને નિકાચીત કર્મ તૂટે નહિ, લ્યો એમ એક ઠેકાણે-ગોમ્મટસારમાં એમ આવે અને અહીં કહે કે તૂટે. એ કઈ અપેક્ષા? બાપુ! એને પુરુષાર્થની એટલી ઉગ્રતા ચૈતન્યબિંબને જ્યાં જોયું અંદર આહા..હા..! એકલો જ્ઞાયકભાવનું દળ છે આ તો. વર્તમાન જ્ઞાનની અવસ્થાને અંતરમાં, અંતરમાં ઉગ્રપણે આમ લઈ જતાં, જે જ્ઞાનની પર્યાય આમ બહાર જાય છે, રાગના અવલંબે અને પુણ્યના વિકલ્પે આહા..હા..! તે પર્યાયને જ્ઞાયકભાવ, આ પર્યાય છે એટલો જ આત્મા નથી, એટલે એ પર્યાયના જ્ઞાનની દશાને અંતર આમ વાળતા આહા..હા..! જ્ઞાયકભાવ તરફ વાળતા એ જિનબિંબના દર્શન થયા એને. એય..! આવી વાતું છે. એ વ્યવહારથી કહેવામાં આવ્યું એને પકડી લે તો એ વ્યવહારમૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જે વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે...**' તમે કહ્યું નહિ કે કર્મથી આમ થાય... કર્મથી આમ થાય... જીવ પાંગળો છે, પરમાત્મપ્રકાશમાં કહ્યું. કર્મને લઈને રખડે છે, લ્યો. કઈ અપેક્ષાએ કહ્યું હતું? એ જ્ઞાનસ્વરૂપ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન છે એમાં વિકાર થવાની શક્તિ ક્યાં છે? અને વિકાર થવો અને વિકારથી રખડવું એ જ્ઞાનસ્વરૂપનું કર્તવ્ય ક્યાં છે? એ અપેક્ષાએ એને પાંગળો કહ્યો, પણ વિકાર થાય છે એ કર્મને લઈને થાય છે એમ નથી. આહા..હા..! એ તો દ્રવ્યસ્વભાવને પાંગળો કહી અને પર્યાયભાવના વિકારને એનો કર્તા પોતે સ્વતંત્ર છે, આહા..હા..! એને લઈને એ રખડે છે, એ કર્મને લઈને રખડે છે એ નિમિત્તથી કથન કર્યા. સમજાણું? એ બધું આવી ગયું છે હોં પત્રોમાં સામે વિરોધવાળાનું. જુઓ, આમાં આમ કહ્યું છે. પણ બાપુ! કઈ અપેક્ષા છે? ભાઈ! આહા..હા..! જે દ્રવ્યની જે જન્મક્ષણ પર્યાય ઉત્પન્નનો કાળ છે એ કાળે થાય છે. એમાં નિમિત્ત કરે શું અને પરથી એમાં થાય શું? આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્તથી એટલે કે વ્યવહારથી. આહા..હા..!

સ્વથી એટલે કે નિશ્ચયથી. સ્વ તે નિશ્ચય અને પર તે વ્યવહાર. સ્વાશ્રય નિશ્ચય અને પરાશ્રય તે વ્યવહાર. એ અહીં કહે છે.

'**પરદ્રવ્યનું કર્તાપણું માને છે...**' હું કર્મનો કર્તા, કર્મ મને વિકાર કરાવે. આહા..હા..! આવી જે માન્યતા '**લૌકિકજન હો કે મુનિજન હો—મિથ્યાદૃષ્ટિ જ છે.**' આહા..હા..! ઈશ્વરકર્તા માનનારા જગતના પ્રાણી લૌકિક હો કે જૈનમત આશ્રિત-જૈનની દ્રવ્યક્રિયા આચરણ દ્રવ્યચારિત્ર પાળતા હો, શાસ્ત્રનું ભણતર ઘણું હો અને મુમુક્ષુ પણ કહેવાય મોક્ષના અભિલાષી જૈનમતમાં, છતાં આ રીતે માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? '**જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને પરદ્રવ્યને 'મારું' માને...**' જોયું! આહા..હા..! ધર્મી નામ ધરાવે અને રાગનો હું કર્તા છું, કર્મ મને હેરાન કરે છે અને કર્મને હું કરું છું, હું બાંધું છું. આહા..હા..! આવો માર્ગ! ઈ એક બોલ હજી વાંધામાં રહી ગયો છે કે ભાઈ! અશુદ્ધ પર્યાય હોય તો દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ જ રહે છે. એ હજી એનો ખુલાસો એ બાજુથી નથી આવ્યો. એ હમણાં મખનલાલજીએ જુદું પાડ્યું છે. નહિ, ગમે તેટલી અશુદ્ધતા પર્યાયમાં થાય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. અરે! પ્રભુ! દ્રવ્ય અશુદ્ધ ત્રણકાળમાં ન થાય. ચૈતન્યઘન, રસકંદ છેને.

જ્ઞાયકસ્વભાવ, આનંદસ્વભાવ, ઈશ્વરસ્વભાવ, સ્વચ્છસ્વભાવ એનું તો એ દળ છે. એ શું કરે? એ અશુદ્ધતાને કરે? આહા..હા..! દૃષ્ટિનો વિષય જે જ્ઞાયકભાવ છે એ શું કરે કહે છે. જેને દૃષ્ટિમાં જ્ઞાયકભાવ આવ્યો, જ્યાં સુધી પર્યાયદૃષ્ટિ અને રાગદૃષ્ટિ (છે), રાગ અને પર્યાય ઉપર બુદ્ધિ હતી ત્યાં સુધી એનો કર્તા જ થાય. એ કર્મ કરાવે એમ નહિ. એ તો આવશે હવેની ગાથાઓમાં. એ પોતે જ કરે છે અજ્ઞાનપણે. આહા..હા..! કેમકે સ્વરૂપ જે ચૈતન્યઘન જ્ઞાયક છે એ દૃષ્ટિમાં આવ્યું નથી. એ વસ્તુ શુદ્ધ ચૈતન્ય છે જ્ઞાયક, એની સત્તાનું હોવાપણું પ્રતીતમાં, શ્રદ્ધામાં આવ્યું નથી એથી એની પ્રતીત તો રાગ અને પર્યાય ઉપર રહી છે. આહા..હા..! પ્રવીણભાઈ! આવું છે. હવે આમાં કહે વાદ કરો. એ પણ કર્યું ચોખ્ખું ઓલામાં કે વાદ કરશો તો વિદ્વાનોની હાંસી થાશે. વાંચ્યું કાલે? એમાં આવ્યું હતું. આ તો મહારાજ કહે છે રાગ પોતાથી થાય, પરથી નહિ. તમે શું ચર્ચા કરશો? ચર્ચા કરશો તો વિદ્વાનોની હાંસી થાશે. એમ લખ્યું છે. અરે! બાપુ! આ તો કાંઈ પરમાત્માનો જે માર્ગ છે તે આ છે. આ કોઈ કલ્પિત છે અને કલ્પનાથી ઊભું કર્યું છે એમ છે નહિ. આહા..હા..!

ઓલા છાજા હોયને છાજા ઘરમાં. બારણા ઉપર ઓલું હોય એમાં છોડ ઊગે. ઘાસ ઊગે એમાં, છોડ પણ ઊગે, પણ એ લાંબો કાળ ન રહે. ધૂળના મકાન હતાને ત્યારે બારણું હોયને, બારણા ઉપર જરી ઓલું હોયને ત્યાં વરસાદને લઈને ઘાસ ઊગે, પણ વડનું ઝાડ એ ખસે? કબીરવડ છે એક મોટો ભરૂચમાં અને મોટો વડ ત્યાં કલકત્તામાં છે એક. મોટો વડ. બેય. ઓલો જોયો છે. ઓલો તો સાંભળ્યો હતો ત્યાં નીકળ્યા ત્યારે. ઘણાં વર્ષની

વાત છે. કબીરવડ છે મોટો ભરૂચમાં. સ્થાનકવાસી સાધુ આવવાના હતા. અમે સ્થાનકવાસી હતાને ત્યારે. એટલે પછી આસપાસમાં આવે તો લેવા જતા. એટલે ગયા ત્યાં કહે કે ભાઈ ક્યાં ઉતર્યા હશે? કે કબીરવડ છે ત્યાં એ બાજુ ઉતર્યા છે. ત્યાં કેમ ઉતરે? એ તપાસ કરતાં-કરતાં સ્ટેશન ભરૂચનું છે એની સામે એક ધર્મશાળા છે ત્યાં ઉતરેલા. બરવાળાના સાધુ હતા મોહનલાલજી. અમે ત્યાં સ્થાનકવાસીના મુખ્ય માણસ કહેવાઈએને, એ લોકો આસપાસ આવે તો ધ્યાન રાખવું પડતું. એ વખતે કબીરવડ છે મોટો એમ સાંભળ્યું હતું. પછી તો અહીં તો એકવાર વડ નીચે નીકળ્યા હતા કલકત્તા તો. ભાઈનો દીકરો હતો સાથે. શાહુજીનો દીકરો હતો. સુધીર કે કાંઈક બીજો હતો. નામની ખબર નથી. એ સાથે હતો. મોટો વડ. એ વડ ખસે? એમ આ વીતરાગનો માર્ગ જે દૃઢ છે એ ક્યાંય ખસે હવે? લાખ વાવાઝોડા આવે તોપણ એ વડ ન ખસે એને. સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન જ્ઞાયકસ્વભાવ જેની દૃષ્ટિ લંબાઈને જ્ઞાયક ઉપર ગઈ છે. આહા..હા..! દૃષ્ટિને વર્તમાન પૂરતી જ જ્યાં રાખી હતી એ દૃષ્ટિ લંબાઈને જ્યાં અંતર જ્ઞાયકમાં જાય છે. આહા..હા..! એ ચૈતન્યસ્વરૂપ તો તદ્દન શુદ્ધ અને પવિત્ર છે. એ વસ્તુ જેની દૃષ્ટિ ત્યાં ગઈ એ દૃષ્ટિવાન અને દૃષ્ટિનો વિષય એ રાગનો કર્તા છે જ નહિ. સમજાણું કાંઈ? કેમકે રાગ થાય ત્યાં ઉપર દૃષ્ટિ નથી. દૃષ્ટિમાં ધ્રુવ ચૈતન્ય વર્તે જ્ઞાયક. એથી રાગ થાય તેનો પોતાની ભૂમિકામાં રહીને તેનો જાણનાર રહે છે. અજ્ઞાની મૂઢ જેને દ્રવ્ય... આહા..હા..! આવી વાતું છે. શાંતિભાઈ! આ બધું પણ બહારના ઠાઠ-માઠ જામ્યા હોય, પાંચ-પાંચ, દસ-દસ લાખ રૂપિયા અને પૈસા ને આબરૂ ને પેદાશ, બાયડી, છોકરા ને આહા..હા..! હવે એમાંથી.. જે એનું નથી તેને મમ કહેવું. કોળિયો કરી ગયો એ તો. મમ નથી કહેતા? આ છોકરાને મમ (આપે). એમ જે એનું નથી એને મમ-મારું કરીને કોળિયો કરી ગયો. મૂઢ છો. આહા..હા..! એ અહીં કહ્યું **'જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને...'** વ્યવહારના શબ્દો આવે, એમાં મૂઢ થઈને **'પરદ્રવ્યને 'મારું' માને તો મિથ્યાદૃષ્ટિ જ થાય છે.'**

**'આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—'** ૨૦૧.

(वसन्ततिलका)

**एकस्य वस्तुन इहान्यतरेण सार्धं**
**सम्बन्ध एव सकलोऽपि यतो निषिद्धः।**
**तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे**
**पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम्।।२०१।।**

**શ્લોકાર્થ :—** આહા..હા..! **'કારણ કે આ લોકમાં...'** શ્લોકાર્થ છે. **'एकस्य वस्तुनः अन्यतरेण सार्धं सकलः अपि सन्बन्धः एव निषिद्धः'** આહા..હા..! **'એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે,...'** આહા..હા..!

ભગવાન આત્માને કર્મનો શું સંબંધ? આહા..હા..! શરીરનો શું સંબંધ? શરીરના સગા-વ્હાલાઓ. શરીરના સગાવ્હાલા. આત્માના તો ક્યાં છે? એય..! શરીરને ઓળખીને કહે છેને આ મારો બાપ અને આ મારો દીકરો. ઓલો અંદર આત્મા છે એની તો ખબર પણ નથી. એ શરીરના સગાવ્હાલા ઓળખીતા પણ મારા છે એ મૂઢ જીવ માને છે, કહે છે. આહા..હા..! ભાષામાં બોલવામાં આવે. નહોતું કહ્યું? શ્રીમદ્ રાજચંદ્ર હરપળે એમ બોલતા, અમારું કપડું લાવો, અમારો કોટ લાવો. બીજા કહે આ અમારું-અમારું કેમ કહે છે આ? એકલાને બહુવચને કેમ બોલે છે? ત્યારે એણે એકવાર કહ્યું, ભાઈ! એ અ-મારું, મારું નથી એમ ખ્યાલ રાખીને વાત આવે છે. કહો, પ્રવીણભાઈ! આ ઘણાં વખત પહેલાં વાત થઈ ગયેલી. લાઠીથી અમરેલી જતાં વચમાં આવે છેને ઓલું વરસડા. વરસડા-વરસડા આવે છે. ત્યાં એક હતા ઇંદ્રજીતભાઈ હતા. એ ગુજરી ગયા બિચારા. એ વાત કરતાં શ્રીમદ્‌ની. શ્રીમદ્‌નું વાંચન એને હતું. વાત એ ચાલતી હતી ત્યાં કે આ અમારો શબ્દ ત્યાં આવ્યો એ શ્રીમદ્‌ને શું હશે એ? કીધું, એ વખતે વાત થઈ ગઈ છે, બાપુ! અમારું એટલે મારું નહિ. આ કપડું અમારું, અમારું કપડું લાવો, અમારો કોટ લાવો, અમારો ડબો લાવો એટલે કે એ મારું નહિ એમ એનો અર્થ છે. એ ભાષાને પકડે કે અમારું એટલે એનું. આહા..હા..!

**'આ લોકમાં એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે,...'** કેમકે એક ચીજ છે તે અનંત ચીજના અભાવસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ પ્રશ્ન ૨૦૧૦ની સાલમાં ચાલ્યો હતો બોટાદ. નાગરભાઈ હતા એના ભાઈ હરજીવનભાઈ હતા. એ સ્વામીનારાયણ હતા. નાગરભાઈ જૈન. બેય ભાઈઓમાં .. એણે પ્રશ્ન કરેલો. મહારાજ! પ્રશ્ન ચાલતો. .. વ્યાખ્યાન ચાલતું હતું. તે દિ' મંદિર થયું નહોતું. તમે કહો છો પૈસા આવા, પણ એના વિના ચાલે છે કાંઈ? એમ પ્રશ્ન કર્યો હતો. ૨૦૧૦ની સાલ. કીધું, એક ચીજ અનંત ચીજના વિના જ ચલવે છે. આ આંગળી છે એ આ આંગળી વિના જ રહે છે. એમ દરેક તત્ત્વ બીજા તત્ત્વના અભાવથી જ રહે છે. એના તત્ત્વના સદ્‌ભાવથી રહે છે એમ વસ્તુ નથી. પૈસા વિના જ ચલવ્યું છે આત્માએ, શરીર વિના ચલવ્યું છે, રાગ વિના ચલવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો ચિદાનંદ પ્રભુ પણ તને ખબર નથી. તે દિ' ચર્ચા ચાલતી હતી મ્યુનિસીપાલિટીમાં. જેઠાલાલ બેઠા હતા. જેઠાલાલ સંઘવી નહિ? કરોડપતિ. ક્યાંય ધૂળધાણી ખબરું ન મળે કાંઈ, મફતના ડાહ્યાના દીકરા થઈને ફરે બહારમાં. પૈસાવાળા હોય સમજવા જેવા તોય દુનિયામાં ડાહ્યા કહેવાય અને ગરીબ માણસ બિચારા હુશિયાર હોય તોપણ સાધારણ (ગણાય). એમ કે એને બુદ્ધિ ક્યાં છે? પૈસા રળતા ક્યાં આવડે છે? અમને તો પૈસા રળતા આવડે છે. લાખ-લાખ મહિને પેદા કરીએ. બે મહિને લાખ. શું છે હવે ધૂળ, સાંભળને. આહા..હા..!

અહીં કહે છે કે જગમાં ચીજ જે છે એની બીજી ચીજ ત્રણકાળમાં ક્યાંય છે નહિ.

આહા..હા..! દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ આ એક ચીજની એ ચીજ એની નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે. આહા..હા..! **'અન્ય વસ્તુની સાથે સઘળોય...'** એટલે? **'સંબંધ જ નિષેધવામાં આવ્યો છે, તેથી જ્યાં વસ્તુભેદ છે...'** ભગવાન ચૈતન્યસ્વરૂપ બીજા આત્માઓ પણ એના ચૈતન્યસ્વરૂપ, બીજા રજકણો જડ એ અજીવસ્વરૂપ, હવે એને આત્માને ને એને સંબંધ ક્યાં રહ્યો પરની સાથે? આહા..હા..! સમજાણું કાંઈ? **'જ્યાં વસ્તુભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે ત્યાં કર્તાકર્મઘટના હોતી નથી...'** આહા..હા..! એમાં આત્મા કર્તા અને પરવસ્તુ એનું કાર્ય... આહા..હા..! એવું હોતું નથી. આ તો બાપુ મૂળ સિદ્ધાંતોની વાતું છે. આહા..હા..! **'કર્તાકર્મઘટના હોતી નથી...'** એક દ્રવ્ય કર્તા અને બીજું દ્રવ્ય એનું કાર્ય. કોઈ દ્રવ્ય પદાર્થ જે છે એ નિકમ્મા દ્રવ્ય કોઈપણ નથી. એટલે શું? કે કાર્ય વિનાનું દ્રવ્ય હોય જ નહિ. કાર્ય કહો કે પર્યાય કહો. દરેક વસ્તુ એની પર્યાયના કાર્ય વિના એ વસ્તુ હોતી નથી. તો નિક્કમી ચીજ નથી એના કામને બીજો કરે કોણ? આહા..હા..! ન્યાય સમજાય છે? આહા..હા..!

**શ્રોતા :-** ... વિના વેપાર કોણ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ કરે છે વેપાર? અભિમાન કરે. કહો, શાંતિભાઈ! આ વેપાર શું કરે છે? મધુભાઈ ત્યાં મોટો વેપાર કરે છે હોંગકોંગમાં. આ તમારો કાકો એમ કહે છે. આહા..હા..!

ભગવાન! તારી ચીજ છે એને બીજી ચીજનો સ્પર્શ નથીને. આહા..હા..! એક ચીજને બીજી ચીજ છુતી નથીને. આહા..હા..! એ આવ્યું છેને ભાઈ આપણે? ત્રીજી ગાથામાં. દરેક દ્રવ્ય, દરેક પદાર્થ પોતપોતાના ગુણદ્રવ્યની પર્યાયને ચુંબે છે. પોતાની શક્તિ અને અવસ્થાને ચુંબે છે, પણ પરદ્રવ્યને તો અડતું પણ નથી, ચુંબતું પણ નથી કદી. આહા..હા..! ત્રીજી ગાથામાં છે સમયસાર. **'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।'** આહા..! ભગવાન આત્મા કે એક પરમાણુ બીજા દ્રવ્યને અડતું નથીને, બાપુ! આહા..હા..! આલિંગન કરતું નથીને. આહા..હા..! પોતાના ગુણને, પર્યાયને તે ચુંબે અને આલિંગન કરે છે. આહા..હા..! આ છોકરાને ચુંબે છે, નહિ? નાનું બાળક હોય એને, રૂપાળો હોય એને ચુંબે છેને. બાપુ! તને ખબર નથી, ભાઈ! એ હોઠની પર્યાય છે એ બાળકના પર્યાયને અડી જ નથી, અડતી જ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ત્યાં થયું શું? કાંઈક થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંઈ થયું નથી. સૌની અવસ્થા સૌને લઈને થઈ છે. થયું એ. આહા..હા..! ઈ થયું. આ હોઠની અવસ્થા પણ એને લઈને આમ આમ થઈ અને ત્યાં જરીક ચુંબી ભરી અને એનો ગાલ જરીક આમ થયો એ એને કારણે થયો છે, આને કારણે નહિ. આહા..હા..! આ તો અવલોદમની વાતું છે.

પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે, આહા..હા..! અમે પણ તારા નથી એમ કહે છે અને તું અમારો છે નહિ. આહા..હા..! અમે પરમેશ્વર અને તું અમારો શિષ્ય એમ છે જ નહિ. આહા..હા..! અત્યારે વાતનો બહુ ફેરફાર થઈ ગયો છે ઘણો. એટલે લોકોને બિચારાને સત્ય મળવું (દુર્લભ થઈ ગયું). જિંદગી ચાલી જાય છે, આયુષ્ય પૂરા થઈ ક્યાંય રખડવા જાશે. આહા..હા..! સત્યના ભાવ પણ જ્યાં સમજવામાં ન આવે. આહા..હા..! સત્યનો અનુભવ થવો એ તો પછી. પણ સત્યનું વાસ્તવિક સ્વરૂપ શું છે એનું જ્ઞાન પણ ધારણા તરીકે પણ ન આવે. આહા..હા..! અરે! એ ક્યાં જાય, ભાઈ?

અહીં કહે છે, '**કર્તાકર્મઘટના હોતી નથી—એમ મુનિજનો અને લૌકિકજનો તત્ત્વને અકર્તા દેખો...**' આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી સ્વરૂપ જેનું પ્રજ્ઞાબ્રહ્મ એને તું રાગનો અને પરનો અકર્તા દેખ. આહા..હા..! સમજાણું કાંઈ? '**(વસ્તુના યથાર્થ સ્વરૂપને) અકર્તા દેખો (-કોઈ કોઈનું કર્તા નથી,...**' આહા..હા..! છોકરાને પાળ્યા ને પોષ્યા ને ભણાવ્યા ને મોટા કર્યા ને કેળવણી આપી. બધું ખોટું? આ બધું શું કર્યું શાંતિભાઈ તમે? એય..! હિંમતભાઈ! ભાષા છે એ તો. કર્યું નથી, વ્યવહાર ભાષા છે એ તો. આહા..હા..! આ તો વસ્તુની મર્યાદા છે. એ આવશે. કળશ આવશેને. હવેનો કળશને? એ આવશે. આહા..હા..! એમાં આવશે. '**(—કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે—એમ શ્રદ્ધામાં લાવો).**' આહા..હા..! 'પરની દયા પાળી શકું છું' એ વાત પણ આત્મામાં નથી. કારણ કે પરનું કાર્ય આત્મા કરી શકતો નથી. આહા..હા..!

'**જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી...**' જોયું! હવે એના કળશનો ઉપોદ્‌ઘાત છે. '**જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી તેઓ અજ્ઞાની થયા થકા કર્મને કરે છે;...**' એટલે રાગને કરે છે. '**એ રીતે ભાવકર્મનો કર્તા અજ્ઞાનથી...**' જોયું! કર્મ એટલે એ લીધું. આહા..હા..! '**જે પુરુષો આવો વસ્તુસ્વભાવનો નિયમ જાણતા નથી...**' ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્યબિંબ, જગત દૃષ્ટ અને ભગવાન દૃષ્ટા, જગત જ્ઞેય અને આત્મા જ્ઞાતા આવો એનો સ્વભાવ છે એવી મર્યાદા જે જાણતા નથી. આહા..હા..! એ કર્મને નામ રાગને પુણ્ય ને પાપ, દાય, દાન, વ્રત, ભક્તિના ભાવ મારા એ અજ્ઞાની કરે છે, કહે છે. આહા..હા..! આકરી વાતું છે આ. સમજાણું કાંઈ? છે? ભાવકર્મ એટલે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ મારા કાર્ય છે એ અજ્ઞાની માને છે. આહા..હા..!

'**અજ્ઞાનથી ચેતન જ થાય છે.**' કોનો કર્તા? રાગનો. રાગનો હોં અજ્ઞાનથી કર્તા થાય છે. આહા..હા..! '**આવા અર્થનું, આગળની ગાથાઓની સૂચનારૂપ કાવ્ય હવે કહે છે :—**' ૨૦૨.

(वसन्ततिलका)

ये तु स्वभावनियमं कलयन्ति नेम-
मज्ञानमग्नमहसो बत ते वराकाः।
कुर्वन्ति कर्म तत एव हि भावकर्म-
कर्ता स्वयं भवति चेतन एव नान्यः॥२०२॥

**શ્લોકાર્થ :—** આહા..હા..! **'(આચાર્યદેવ ખેદપૂર્વક કહે છે કે :)'** આહા..હા..! છદ્મસ્થ છેને. કેવળી નથી, પરમાત્મદશા નથી હજી મુનિઓને. આનંદની દશા છે, પણ પરમ આનંદની દશા પરમાત્માની નથી. એટલે જરી વિકલ્પ (આવ્યો છે). આહા..હા..! **'અરેરે!'** શું કરે છે આ પ્રભુ! એમ કહે છે. ખેદ છે. અરે! આ શું કરે છે? આહા..હા..! **'અરેરે!'** **'ये तु इमम् स्वभावनियमं न कलयन्ति'** આહા..હા..! ભગવાન આત્માના સ્વભાવનો અનુભવ નથી. જેનો સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય એનું જેને ભાન નથી. **'न कलयन्ति'** અનુભવતા નથી. જેની ચૈતન્ય સત્તાનો જ્ઞાનમાં સ્વીકાર નથી. આહા..હા..! અરેરે! એ જીવો શું કરે છે આ? છે? આહા..હા..!

**'જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી...'** **'न कलयन्ति'**નો અર્થ એ કર્યો. નથી જાણતા એમ એટલે કે અનુભવતા નથી એટલે વસ્તુની સ્થિતિને જાણતા નથી. આહા..હા..! **'ते वराकाः'** **'તેઓ બિચારા,...'** રાંકા. આહા..હા..! ભિખારી રાંકાઓ. આહા..હા..! જેને જ્ઞાનઋદ્ધિ ચૈતન્યસંપદા પડી છે અંદર એવી નિજસંપદાના સ્વભાવના નિયમને જાણતો નથી એ બિચારા રાંકા-ભિખારી. શાંતિભાઈ! આ તો રાંકા કીધા. ઝવેરાતવાળાને પણ રાંકા-ભિખારી? આ અમારા શેઠ રહ્યા એ તો કરોડપતિ છે, લ્યો! શોભાલાલજી. એ ભિખારી કહેવાય? કહે છે. લોકો એને તવંગર અને પૈસાવાળા માને એમ કહે છે. અહીંયાં તો પ્રભુ ચૈતન્યસ્વરૂપ વસ્તુનો સ્વભાવ જ્ઞાયકભાવ એવી વસ્તુની સ્થિતિ છે, વસ્તુનું સ્વરૂપ છે એવો સ્વભાવનો નિયમ જ છે ઈ. એવા સ્વરૂપને **'न कलयन्ति'** તે આ સ્વરૂપ છે તેને જાણતા નથી એથી એ સ્વરૂપ છે તેના સન્મુખનો અનુભવ નથી. એ બિચારા ભિખારી-રાંકા. આહા..હા..! પછી મોટો દેવ હોય કે અબજપતિ હોય. કહો, પોપટભાઈ! પોપટભાઈ આજે આવ્યા.

**શ્રોતા :—** અત્યારે ન હોય તો ભવિષ્યમાં ભિખારી થાશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અત્યારે જ ભિખારી છે. પોતાની સંપદાને જાણતો નથી અને પરસંપદા મારી (માને છે એ) ચોર છે, ગુનેગાર છે. આહા..હા..! આવી વાતું છે.

ભાષા છેને **'वराकाः'**. **'वराकाः'**નો અર્થ રાંકા થાય છે. બિચારા-રાંકા. આહા..હા..! જેનું નિજસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ. પ્રજ્ઞા એટલે જ્ઞાન અને બ્રહ્મ નામ આનંદ. આહા..હા..! એવા સ્વરૂપને ન જાણતા, પોતાની સંપદાથી ખાલી ભિખારા.

પોતાની સંપદાથી ખાલી અભાવવાળા. આહા..હા..! આવું ત્યાં કાંઈ મળે એવું નથી હોંગકોંગમાં કાંઈ. બાપ-દીકરો કાંઈક ચર્ચા કરતા હોય થોડી-ઘણીવાર. આહા..હા..! આવી વાતું, બાપા! શું થાય આ તો પરમાત્માના ઘરની વાત છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર જેણે ત્રણકાળ ત્રણલોક જોયા, ઈચ્છા વિનાની ૐકાર ધ્વનિ નીકળી. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' 'મુખ ૐકાર ધ્વનિ.' આવી વાણી ન હોય ભગવાનને. પરમાત્મા હોય એને શરીર હોય, વાણી હોય, પણ આવી ન હોય આમ બોલે આવી ભાષા. એને ૐકાર ધ્વનિ હોય. આહા..હા..! શરીરમાં રહ્યા પણ પરમાત્મા થાય એની વાણી ૐ હોય, એકાક્ષરી હોય. કારણ કે એક સ્વરૂપે વીતરાગતા પૂર્ણ થઈ ગઈ છે તો એનો અક્ષર એક જ ઉઠે. ૐ એવો ધ્વનિ ઉઠે. આ હોઠ હલે નહિ, આ હલે નહિ. આખા શરીરમાંથી. 'મુખ ૐકાર...' મુખ શબ્દ લીધો છે. એ તો પંચાસ્તિકાયમાં લીધો છેને. લોકોની અપેક્ષાથી. મુખ ક્યાં, આખા શરીરમાંથી આવે છે. ભાષા ત્યાં પંચાસ્તિકાયમાં એમ લીધું છે. .. મુખમાંથી નીકળેલા વચનો. અહીં બનારસીદાસે એમ લીધું છે, 'મુખ ૐકાર ધ્વનિ સુણી' 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ચાર જ્ઞાનના ધણી સંત વીતરાગી મુનિ હોય છે. નગ્ન બ્રહ્મચારી મહા, જેને ચાર-ચાર જ્ઞાન પ્રગટેલા, જેને અંતર્મુહૂર્તમાં ચૌદ પૂર્વની પ્રાપ્તિ થઈ ગઈ એવા સંતો મુનિઓ આનંદના ઢગલામાં આનંદની દશામાં રમનારા. આહા..હા..! એ ગણધરો ભગવાનની વાણી સાંભળીને શાસ્ત્ર રચે. આહા..હા..! એ આ વાણી છે, બાપુ! 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશ ભવિક જીવ સંશય નિવારે.' આહા..હા..! બનારસીદાસનું છે.

અહીં કહે છે. આહા..હા..! અરેરે! પ્રભુ! તારી સંપદા... એ રાગ તારી સંપદા નહિ, આ લક્ષ્મી તારી સંપદા નહિ, એ તો બધી આપદા છે. આહા..હા..! વસ્તુ છેને તું તત્ત્વ છોને વસ્તુ. તો કોઈ વસ્તુ છે એની કોઈ શક્તિ અને સ્વભાવ હોય કે નહિ? કે સ્વભાવ વિનાની ચીજ હોય? સાકર સાકર છે. તો સાકર સ્વભાવ વિનાની હોય? તો ગળપણ, મીઠાશ, સુંવાળપ, ધોળપ એ એનો સ્વભાવ છે. એમ ભગવાન આત્મા વસ્તુ છે તો એનો સ્વભાવ કાંઈ હોય કે નહિ? શક્તિ એનું સામર્થ્ય. એનું સામર્થ્ય અને શક્તિ જ્ઞાન અને આનંદ આદિ એનું સામર્થ્ય અને સ્વભાવ છે, એ એની સંપદા છે. એ સંપદાને નહિ જાણનારા ભિખારીઓ. આહા..હા..! એમ કહે છે અહીં તો.

એકફેરી તો અહીં ભાવનગર દરબાર આવ્યા હતા એકફેરી. ગુજરી ગયા બિચારા કૃષ્ણકુમાર. કરોડનો તાલુકો છેને. એક કરોડની ઊપજ. આવ્યા હતા વ્યાખ્યાનમાં. બે-ત્રણ વાર આવ્યા હતા. એકવાર કહ્યું હતું કે દરબાર! અમારે તો કાંઈ પૈસા-બૈસા લેવા ન હોય એની પાસેથી. આ મહિને લાખ રૂપિયા માગે એ નાનો માગણ, બે લાખ ને પાંચ લાખ મહિને જોઈએ એ મોટો માગણ અને કરોડ માંગે એ તો ભિખારામાં ભિખારી મોટો માગણ છે. અમારે શું? અમારે એની પાસેથી કાંઈ (લેવું નહોતું). સાંભળતા હતા. કૃષ્ણકુમાર દરબાર આમ આવ્યા

હતા. આહા..હા..! એ બિચારાને કાંઈ ખબર નહિ. પૂર્વના પુણ્યને લઈને સામગ્રી મળી. બસ, મરી ગયો અકસ્માત મરી ગયા રાત્રે એકદમ. કાંઈક થયું હતું તો જોવા આવેલા, એકદમ હાર્ટ ફેઈલ થઈ ગયું. દેહ છૂટી ગયો. આહા..હા..! પોતાની નિજ ઋદ્ધિની સંપદા નિત્યાનંદ ધ્રુવ પ્રભુ. આહા..હા..! ધ્રુવના ધ્યાનની ધૂનમાં ધુનનો જે પરિણામ અંદર આવે આહા..હા..! એ અતીન્દ્રિય આનંદ આવે એનો. આહા..હા..! ધ્રુવને ધ્યાનમાં લેતા ધ્યાનની પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવે એ એની સંપદા છે. આવી વાતું આ જગતથી (જુદી જાતની). પૂજા ને ભક્તિ ને એ બધા શુભભાવ છે, એ કાંઈ ધર્મ નથી. એ તો એ લોકોએ કબુલ્યું હવે. આ તો આપણે તો પહેલેથી ચાલે છે. હવે એ કબુલ્યું કે મખનલાલજી કહે છે શુભભાવ હેય માને તો મિથ્યાદૃષ્ટિ છે. તો કહે, કુંદકુંદાચાર્યે શુભભાવને હેય માન્યો છે તો એ મિથ્યાદૃષ્ટિ થઈ ગયા તારે હિસાબે. માંહોમાંહે પંડિતોમાં ચાલ્યું હવે અંદર. બાપુ! આ કાંઈક ચીજ બીજી છે, બાપુ! આ કાંઈ પંડિતાઈની ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં ભાષા શું છે? '**वराकाः**' શબ્દ છે. જેને 'નિજસંપદા જ્ઞાયકભાવ છું' એવા સ્વરૂપનું જ્ઞાન નથી, જાણતા નથી, નિજ નિધાનને નિધિને જાણતા નથી એ '**वराकाः**' ભિખારી જીવો. આ તમે બધા પૈસાવાળાને ભિખારી કહે. થોડું-ઘણું ગુજરાતી સમજાય છે? થોડું-ઘણું? થોડું-થોડું. કહો, સમજાણું કાંઈ? ત્યાં અભ્યાસ અંગ્રેજી હોયને. આહા..હા..! આ અભ્યાસ કરવો પડશે આ ગુજરાતી.

**શ્રોતા** :- ક્યા ગામના છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ હોંગકોંગમાં રહે છે. ભાઈનો દીકરો છે મધુભાઈનો. આ બે એના છે, આ મોટો અને ઓલો નાનો. આ તો એકલું અંગ્રેજી ભણે. ગુજરાતી બહુ સમજતો નથી. **એના બાપનો વાંક કહેવાયને ઈ. ગુજરાતીને ગુજરાતી સમજાવું જોઈએને પહેલું. એવા ઘણાં આવે છે હોં. ગુજરાતી ન સમજે. અંગ્રેજીના ઓલામાં મૂક્યા હોયને.** અરે! આ તો બાપુ! આ તો સાદી ભાષા છે. આહા..હા..!

કહે છે, પોતે ચૈતન્યસ્વરૂપ છે. જેનું હોવાપણું કાયમી જ્ઞાન અને આનંદ છે. નિત્યાનંદ પ્રભુ આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો ભગવાન છે. એવી ચીજની અસ્તિને જાણતા નથી, એવી મોજૂદ ચીજ પડી છે તેને જાણતા નથી, આહા..હા..! અને એક સમયની પર્યાયને, રાગને જે નાશવાન છે, કાયમ ટકે એવી ચીજ નથી એને મારા કરીને કાર્ય મારું એમ માને છે. આહા..હા..! છે? '**જેઓ આ વસ્તુસ્વભાવના નિયમને જાણતા નથી તેઓ બિચારા, જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા,...**' આહા..હા..! છે તો મહાપુરુષાર્થ અને પરાક્રમનો ધણી ભગવાન. અનંત જેનો પુરુષાર્થ છે આત્મામાં. વીર્ય છેને? અનંત વીર્ય—બળ. આ વીર્ય રેત નહિ. વીર્ય ગુણ છે એક આત્મામાં શક્તિ. અનંત-અનંત બળ છે. એ અનંતબળનું દરેક ગુણમાં એનું રૂપ પણ છે. આહા..હા..! એક-એક ગુણ

પણ અનંત પરાક્રમવાળો, એક દર્શન અનંત પરાક્રમવાળો, ચારિત્ર અનંત પરાક્રમવાળો. આહા..હા..! એવા પરાક્રમવાળી ચીજને જાણતો નથી. આહા..હા..!

**'જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ) તેજ અજ્ઞાનમાં ડૂબી ગયું છે એવા,... '** આહા..હા..! પોતાના સ્વરૂપનું અજ્ઞાન એમાં એ પરાક્રમ ઢંકાઈ ગયું, ડૂબી ગયું કહે છે. આહા..હા..! આવી વાતું હવે. આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! ભાષા શું કહી છે? કે જેમનું પરાક્રમ અજ્ઞાનમાં ડૂબી ગયું છે. છે તો ખરું અંદર. આહા..હા..! અનંત બળનો ધણી પરમાત્મા પોતે ભગવાન પરમાત્મસ્વરૂપ જ છે. એની એને ખબર ક્યાં છે? આહા..હા..! અનંત પરમાત્મા થઈ ગયા. એક-એક આત્મામાં પરમાત્મપણું પડ્યું એને પ્રગટ કરીને અનંત પરમાત્મા થઈ ગયા. ઓલાને વાંધો આવે કે ભાઈ બે-ત્રણ પરમાત્મા થાય તો વાંધો આવે. એક ઈશ્વર કહે કે વરસાદ વરસાવવો અને એક ઈશ્વર ન કરે. એ વાંધા.

**શ્રોતા :-** એવા વાંધા તો ... હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો ઘણી વાતું છે એ બધી. ઘણું સાંભળેલું ને બધું જોયેલું છે. ગઢડામાં તો અમારે ઘણું રહેવું હતુંને. ઘણા વખત. એક ફેરી આઠ મહિના રહ્યા હતા, ૬૯ની સાલ. બધું ઘણું જોયું, ઘણું સાંભળ્યું છે. આહા..હા..!

અરેરે! બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ સહજાત્મસ્વરૂપ પ્રાપ્ત જેને છે એ એમ કહે છે કે જેનું અનંત પરાક્રમ અનંતબળ સ્વરૂપના જ્ઞાન વિના અજ્ઞાનને લઈને અનંત પરાક્રમ અજ્ઞાનમાં ડૂબી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, ભાવ ભલે ઝીણા છે. આહા..હા..! **'જેમનું (પુરુષાર્થરૂપ-પરાક્રમરૂપ)...'** આહા..હા..! **'अज्ञानमग्नमहसः'** **'અજ્ઞાનમાં ડૂબી ગયું છે...'** આહા..હા..! **'એવા, કર્મને કરે છે;...'** એવા જીવો રાગને કરે છે. આહા..હા..! એમ કહે છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ એને કરે છે અજ્ઞાની એમ કહે છે. જ્ઞાનીને હોય છે, પણ એનો કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું છે. હવે કબુલ તો કરતા જાય છે હળવે-હળવે. કાલે તો ઘણી વાત કબુલ થઈ ગઈ. પણ હવે થોડું-થોડું તો બિચારા... આહા..હા..! ક્રમબદ્ધને માનતા નહોતા એ માન્યતા હવે બહાર આવી છે. એ ૨૦ વર્ષ પહેલાં ચર્ચા મોટી થઈ હતી. ત્યાં ઈસરી. ક્રમબદ્ધ નથી એમ કહ્યું હતું. બધા બેઠા હતા. એક પછી એક થાય, પણ આના પછી આ જ થાય એમ નહિ. આહા..હા..! ચોખ્ખી વાત હતી. હવે એને કબુલ્યું લોકોએ, કબુલતા ગયા હવે. કોઈ વખતે નિમિત્તથી થાય, કોઈ વખતે ઉપાદાનથી થાય એ પણ ત્યાં કહેતા. એ વાત પણ હવે જરી ઢીલી પાડી દીધી કે નિમિત્ત તો સોનગઢવાળા માને છે, પણ એનાથી પરમાં કાર્ય થાય એમ માનતા નથી. આહા..હા..!

ત્રીજું, આ શુભક્રિયા જે છે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ કરતાં-કરતાં આત્માનું જ્ઞાન થાશે, એમ જે કહેતા એ હવે કહે છે કે રાગ છે શુભ એ તો આસ્રવ છે, હેય છે.

પણ હજી એનાથી થાય કે ન થાય એનો ખુલાસો નથી આવતો. આટલું આવ્યું છે. હળવે-હળવે આવશે. એય..! પ્રવિણભાઈ! આહા..હા..! મોટા બનારસના ભણેલા પંડિતોએ હવે એને આ બધું ફરવું આકરું પડે બહુ. રાતે તો એકવાર થઈ હતી નહિ? એક કોક કહેતું હતું. કોક ગુનાનો છેને? શું કીધું નામ? પ્રિયંકર. એની વાત થઈ ઓલા કેવા? બાબુ જમાદાર મોટો વિરોધી. એની સાથે વાત થઈ. કે તમારી વાત તો ઠીક લાગે છે, પણ હવે અમે તો વિરોધ ખાતર વિરોધ કરીને ભલે નરકમાં જાશું. નરક-નિગોદમાં. અરરર! પ્રભુ! આ શું કરે છે તું આ? દુનિયાના માન લેવા ખાતર પ્રભુ! તું શું કરે છે?

આ એ કહે છે અજ્ઞાની કર્મને કરે છે. '**તેથી ભાવકર્મનો કર્તા ચેતન જ પોતે થાય છે,...**' જોયું! કર્મ નહિ. કર્મ વિકાર કરાવતું નથી એમ કહે છે. પરદ્રવ્ય કરાવતું નથી એમ કહે છે. '**પોતે થાય છે, અન્ય કોઈ નહિ.**' કર્તા પોતે થાય છે અન્ય નહિ એની વિશેષ વ્યાખ્યા આવશે. (**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧, રવિવાર, તા. ૧૭-૦૭-૧૯૭૭, ગાથા-૩૨૮ થી ૩૩૧, કળશ-૨૦૨, પ્રવચન નં. ૩૮૯

૨૦૨ કળશ, એનો ભાવાર્થ. '**વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો...**' જોયું ભાષા મૂકી છે ઈ! નિયમ છે એ. આહા..હા..! વસ્તુ આત્મા પોતે પોતાના સ્વભાવને ભૂલીને રાગ-દ્વેષ કરે છે એ વસ્તુનો નિયમ છે, વસ્તુની એ પ્રતિજ્ઞા છે. નિયમસાર નથી આવતું? નિયમ. નિયમનો અર્થ આ છે. આહા..હા..! આના મોટા વાંધા ઉઠ્યા હતાને. ૨૦૧૩ની સાલમાં. વિકાર છે એને પોતાના દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી, તેમ પરના કારકની અપેક્ષા નથી. ૧૩ની સાલ, વર્ણીજી સાથે (ચર્ચા થઈ હતી). એ પોતાના ષટ્કારકથી વિકાર વિકારને કરે, વિકાર વિકારનું કાર્ય, વિકાર વિકારમાં રહે અને વિકાર વિકારને આધારે અને વિકાર વિકારથી (થાય) એવું વિકારનું એક સમયનું ષટ્કારકનું પરિણમન, કર્મના બીજા કારકની એને અપેક્ષા નથી. બીજા કારણોની એને અપેક્ષા નથી. 'નહિ, આ તો બધું મૂળમાં ભૂલ.' એવું થઈ ગયું.

**શ્રોતા** :- ... ભૂલ તો એક બાજુ રહી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોને છે એ (ભૂલ)? આહા..હા..!

અહીં કહે છે કે '**વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો...**' એના બે અર્થ છે- કે એક તો વસ્તુ જે ભગવાન આત્મા છે એ ચૈતન્યસ્વરૂપ છે એના સ્વરૂપને જાણતો નથી. અહીં તો એ વાત લેવી છેને? અને પોતાથી વિકાર થાય, પરથી ન થાય એને પણ એ

જાણતો નથી. સમજાણું કાંઈ? મોટો આ વાંધો. આહા..હા..! ૭૧ની સાલથી આ વાત બહાર મૂકી હતી. લાઠી. ભાઈ! વિકાર છે એ તો પોતાથી થાય છે અને પુરુષાર્થથી ટળે છે, બીજી વાત એમાં છે નહિ. ખળભળાટ-ખળભળાટ થઈ ગયો. ૭૧. એ.. તમારા જન્મ નહિ હોય. એ તો ૮૬માં જન્મ હતો. એનો ૮૬માં જન્મ હતો. વહોરવા જતા હતા તો એની મા ઘોડિયામાં ઝુલાવતી હતી ડૉક્ટરને ઘરે. આહા..હા..! આ તો ૭૧. ભાઈ! ૮૬ પહેલાં ૧૫ વર્ષ થયાને? ૧૫ વર્ષ થયા. વિકાર છે એ... એ અમારા ગુરુ હતા એ સાંભળતા હતા. સાંભળતા. એને બેઠું નહોતું. પાછળ બેસે. બહારમાં હોય વ્યાખ્યાન બપોરે. ૭૧માં સવારે વ્યાખ્યાન તે આપે અને આઠમ અને પૂનમના પોષા થયા હોયને ૨૫-૩૦-૪૦ એટલે બપોરે એમ કહેતા કે કાનજીમુનિ વાંચે. વાંચે. મેં કીધું ભાઈ મારું કામ નહિ. હું કાંઈ વાંચવાનો નથી. તોપણ કહે વાંચે. પછી વાંચતા વાત આ મૂકી. સાંભળતા હતા. અમારા ગુરુ બેઠા હતા પાછળ. કોઈ દિ' સાંભળેલું નહિ. વિકાર જે છે મિથ્યાત્વનો કે રાગ-દ્વેષનો એ વિકૃતદશામાં કોઈ પરનું કારણ છે જ નહિ. ભલે વિકૃત હો. વિભાવ હો માટે એને પરનું કોઈ કારણ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્વતંત્ર તે સત્તા નિશ્ચયથી તો એ વિકારનો પર્યાય ઉત્પન્ન થવાનો સ્વકાળ છે, જન્મક્ષણ છે. એ વિકાર ઉત્પન્ન થવાનો એ જન્મક્ષણ જ છે. આહા..હા..! એવો વસ્તુનો નિયમ છે. સમજાણું કાંઈ? આ મોટી તકરાર ત્રણેય સંપ્રદાયમાં. આહા..હા..! શેઠ નથી આવ્યા? કેમ? નબળાઈ.

અહીં કહે છે પાઠમાં છેને? '**स्वभावनियमं**' સંસ્કૃત અમૃતચંદ્રાચાર્યનું છે. '**ये तु स्वभावनियमं कलयन्ति नेम–**' એટલે બે પ્રકાર. એક તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ છે એના સ્વરૂપની એને ખબર નથી અને વિકાર પોતાથી થાય છે ઈ એને ખબર નથી. એટલે વસ્તુનો નિયમ જે છે એ જાણતો નથી. વાસ્તવિક સ્વરૂપ જે ચૈતન્ય છે એ તો રાગનો કર્તા છે નહિ. સમજાણું કાંઈ? વસ્તુ જે ચૈતન્ય છે એમાં અનંત શક્તિઓ છે, પણ કોઈ શક્તિ વિકારને કરે એવી કોઈ શક્તિ જ નથી. આહા..હા..! ત્યારે કે વસ્તુનો સ્વભાવ એ છે કે વિકાર કરે નહિ, એ પણ જાણતો નથી અજ્ઞાની અને વિકાર મારાથી થાય છે પર્યાયમાં, પરને લઈને નહિ એમ પણ એ અજ્ઞાની જાણતો નથી. આહા..હા..! છે?

'**વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો...**' ભાષા એ છે. પાઠમાં એમ હતુંને? '**જેઓ વસ્તુસ્વભાવના નિયયમને જાણતા નથી.**' અર્થમાં હતુંને? આહા..હા..! કહો, હવે આવી તો વસ્તુ છે. ચાહે તો વિકાર હો કે ચાહે તો અવિકારી દશા હો, પણ એ પરિણતિના ષટ્કારકના પરિણમનથી ઊભી થયેલી દશા છે. એને કોઈ પરની અપેક્ષા છે? શુદ્ધનું પરિણમન થાય તોપણ ખરેખર દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે એની પણ એને અપેક્ષા નથી. આ તો વિકાર છે એટલે તો દ્રવ્ય-ગુણમાં તો છે નહિ, એટલે એની તો અપેક્ષા એને છે નહિ. વિકૃત અવસ્થાને કર્મના નિમિત્તની અપેક્ષા હોવી જોઈએ. તો કહે છે એ પણ નથી

અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? પણ આ વાણિયાને સાંભળવા મળ્યું ન હોય ને એમ ને એમ જે હાંકે, માથે કહે એ ચાલ્યું જાય. નવરાશ નિર્ણય કરવાનો ન મળે. એય..! ધર્મચંદજી! વેપારમાં કેટલો કાળ ગાળવો, હવે બિચારાને વખત મળે નહિ. એ ક્રિયાકાંડ સાંભળે કે આ કરવું, તપ કરવા, વ્રત કરવા ને આ કરવા. હવે એ કહે છે કે એ વ્રત ને તપ કરવાનો વિકલ્પ જે ઊઠે છે... આહા..હા..! એ ધર્મ તો નથી, પણ એ વાસ્તવિક સ્વરૂપ જીવ ચૈતન્ય છે એનું એ સ્વરૂપ નથી. અને ત્રીજી રીતે એ જે વિકલ્પ ઊઠે છે શુભ એને કોઈ પરની અપેક્ષા છે અને વિકાર થાય છે એવી અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

**'વસ્તુના સ્વરૂપના નિયમને નહિ જાણતો હોવાથી પરદ્રવ્યનો કર્તા થતો...'** આહા..હા..! એટલે કે રાગનો કર્તા થતો. આહા..હા..! **'(-મિથ્યાદૃષ્ટિ) જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે;...'** મિથ્યાત્વપણે રાગમાં ધર્મ છે, પુણ્ય ક્રિયા કરતાં-કરતાં ધર્મ થાય એવો જે મિથ્યાત્વભાવ એ પણે અજ્ઞાની પોતે પરિણમે છે. એને કોઈ પરિણમાવે છે (એમ નથી). એ તો શ્લોકમાં આવ્યુંને, જેને પોતામાં પરિણમનની યોગ્યતા ન હોય તો બીજો પરિણમાવી શકે એ વાત છે નહિ અને પોતામાં પરિણમવાની શક્તિ પોતાને હોય તો બીજાની અપેક્ષા નથી. ભાઈ! અમૃતચંદ્રાચાર્યનું. આહા..હા..! વિકારપણે થવાની જો પોતાની યોગ્યતા ન હોય તો બીજો કરાવે એવું છે નહિ અને પોતાની જો યોગ્યતા છે તો પરની અપેક્ષા છે નહિ. આહા..હા..! એમ સમ્યગ્દર્શનનો ધર્મ, ધર્મની પહેલી દશા એ સમ્યગ્દર્શન થવામાં પણ પરની કોઈ અપેક્ષા નથી. પરની એટલે કર્મ ખસે તો થાય એવી અપેક્ષા નથી અને રાગની મંદતા હોય તો સમકિત થાય એવી પણ એને અપેક્ષા નથી. સમજાણું કાંઈ? એ કહ્યું.

**'પરદ્રવ્યનો કર્તા થતો અજ્ઞાની જીવ પોતે જ અજ્ઞાનભાવે પરિણમે છે;...'** જોયું! એ રાગનો કર્તા અજ્ઞાની સ્વરૂપને જાણતો નથી, તેમ હું પોતે જાતે પરિણમું છું એમ જાણતો નથી. એ તો જાણે કે પરને લઈને થાય છે આ, પણ અજ્ઞાનભાવે પરિણમે છે એ. આહા..હા..! ચાહે તો શુભ-અશુભરાગ હો, શુભ હો કે અશુભ હો, બેયપણે અજ્ઞાનપણે, સ્વરૂપના જ્ઞાન વિના ચૈતન્યના સ્વરૂપના ભાન વિના, પોતે અજ્ઞાનપણે કે વિકારપણે, મિથ્યાત્વપણે, રાગપણે થાય છે.

**'એ રીતે...'** એ ક્યાંક એવો શબ્દ મૂક્યો હતો કે નિયમ છેને નિયમ? એવી એ રીતિ છે એમ. રીતી છે એવો શબ્દ ક્યાંક છે. વસ્તુની રીત જ એવી છે, આ નિયમનો અર્થ. વસ્તુની રીત એવી છે. રીત સમજાણું? આહા..હા..! આમ માણસ નથી કહેતા કે અમારા ઘરમાં આ રીત છે. એમ વાતું કરે છેને? કે અમારા ઘરમાં આ રીત છે કે બટાટા ખાય નહિ, ફલાણું કરીએ નહિ, એમ આ વસ્તુના ઘરની એ રીત છે કે પોતે પોતાથી વિકાર કરે એવી વસ્તુની રીત છે. છે અજ્ઞાનભાવે. સમજાણું કાંઈ? મોટો તકરાર આમાં હતો.

આહા..હા..!

'એ રીતે...' એ રીતે લખ્યુંને? રીત જ ઈ છે. '**પોતાના ભાવકર્મનો કર્તા અજ્ઞાની પોતે જ છે, અન્ય નથી.**' આહા..હા..! એમાં વાંધા શું આવે છે કે જયસેનાચાર્યની ટીકામાં આવે છે કે ભાઈ, આ દીકરો છે એ એની માનો નથી, એના બાપનો નથી. બેનો છે. એવું એમાં આવે છે. જયસેનાચાર્યની ટીકામાં. પણ બેનો છે એનો અર્થ શું? એ તો પ્રમાણનું જ્ઞાન કરાવ્યું, નિમિત્તનું જ્ઞાન સાથે કરાવ્યું. પણ નિમિત્તનું જ્ઞાન પ્રમાણનું ક્યારે પ્રમાણ કહેવાય? કે નિશ્ચયથી એનાથી થાય, એને રાખીને નિમિત્તને ભેળવીને પ્રમાણજ્ઞાન કર્યું; એ પ્રમાણજ્ઞાને ઓલો નિશ્ચયથી થાય, એનો નિષેધ કરીને નિમિત્તથી થાય એમ ભેળવ્યું નથી. સમજાણું કાંઈ? ત્યારે પ્રમાણ કહેવાયને? નિશ્ચય જે છે કે પોતાથી જ વિકાર થાય, એને રાખીને પછી નિમિત્ત બીજી ચીજને ભેળવે ત્યારે બેનું જ્ઞાન પ્રમાણ કહેવાય. પણ પ્રમાણમાં ઓલો નિશ્ચયનો નિશ્ચય છે એ રાખીને પ્રમાણજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી તો એને અધર્મ કેમ થાય એની પણ ખબરું ન મળે. કર્મનું જોર હોય તો બાપુ અધર્મ થાય. કર્મ બિચારા ઓલામાં એમ, 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિ આવે છેને એમાં આવે છે. 'કર્મ બિચારે કૌન?' એ તો જડ છે, અજીવ છે, એ કંઈ જીવને વિકાર કરાવે એવું છે નહિ. 'ભૂલ મેરી અધિકાઈ.' અધિકની ભૂલ તો મારી પરથી ભિન્ન પડતો નથી અને રાગ કરું છું એ મારી પોતાની ભૂલ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હવે, '(જીવને) જે મિથ્યાત્વભાવ થાય છે...**'' હવે મિથ્યાત્વ સુધી લીધું. '**તેનો કર્તા કોણ છે?—એ વાતને બરાબર ચર્ચીને, 'ભાવકર્મનો કર્તા (અજ્ઞાની) જીવ જ છે' એમ યુક્તિથી સિદ્ધ કરે છે :—**' શ્લોક.

मिच्छत्तं जदि पयडी मिच्छादिट्ठी करेदि अप्पाणं।
तम्हा अचेदणा ते पयडी णणु कारगो पत्तो।।३२८।।
अहवा एसो जीवो पोग्गलदव्वस्स कुणदि मिच्छत्तं।
तम्हा पोग्गलदव्वं मिच्छादिट्ठी ण पुण जीवो।।३२९।।
अह जीवो पयडी तह पोग्गलदव्वं कुणंति मिच्छत्तं।
तम्हा दोहिं कदं तं दोण्णि वि भुंजंति तस्स फलं।।३३०।।
अह ण पयडी ण जीवो पोग्गलदव्वं करेदि मिच्छत्तं।
तम्हा पोग्गलदव्वं मिच्छत्तं तं तु ण हु मिच्छा।।३३१।।

બે આવ્યા જુઓ ભેગા. બે ભેગા થઈને કરે છે એમ.

**જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્માને,**
**તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮.**

અથવા કરે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વને,
તો તો ઠરે મિથ્યાત્વી પુદ્ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯.
જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,
તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.
જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્ગલદ્રવ્યને,
પુદ્ગલદરવ મિથ્યાત્વ વણકૃત!—એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧.

'**ટીકા :- જીવ જ મિથ્યાત્વ...**' 'જીવ જ' એમ શબ્દ છે. 'जीव एव' એમ સંસ્કૃત છે. તકરારવાળા એમ કહે કે કથંચિત્ જીવ પણ કરે અને કથંચિત્ નિમિત્ત પણ કરે, તો એનું નામ સ્યાદ્વાદ કહેવાય. એ સ્યાદ્વાદ નહિ. જીવ જ કરે અને પરથી ન થાય એનું નામ સ્યાદ્વાદ. આહા..હા..! એનો પણ નિર્ણય કરવાનો પણ અવસર ક્યાં રહે? ધર્મ તો પછી રહ્યો, હજી આ વિકાર છે એ કેમ થાય છે? સ્વયંસિદ્ધ મારી ભૂલ છે. હું 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' આહા..હા..! ચૈતન્ય આનંદસ્વરૂપ ભગવાન એને ભૂલીને પર્યાયમાં પોતે સ્વયં ષટ્કારકથી વિકાર મિથ્યાત્વને કરે છે. આહા..હા..! એ પુણ્ય ક્રિયા કરતાં-કરતાં ધર્મ થશે, પાપના પરિણામમાં ઠીક છે, સુખબુદ્ધિ મજા પડે છે, વિષયભોગ આદિ પાંચ ઈન્દ્રિયના વિષયોમાં કાંઈક ઠીક લાગે છે, કાંઈક ઠીક છે એવો જે મિથ્યાત્વભાવ એ જીવ એકલો કરે છે.

ઈ કહે છે જુઓ, '**જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે;...**' 'જ' અહીં તો વાપર્યો છે. બીજો નથી. '**જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે;...**' ભાવકર્મ એટલે? પુણ્ય-પાપ. બેય વિકારી પુણ્ય-પાપ. દયા, દાન, વ્રત, ભક્તિ એ શુભભાવનો વિકાર છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ અશુભભાવ વિકાર—બેય વિકાર છે. આહા..હા..! એ વિકાર છે એ ધર્મ છે એવો જે મિથ્યાત્વભાવ '**જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે;...**' આદિ શબ્દે રાગ-દ્વેષ આદિ. '**કારણ કે જો તે (ભાવકર્મ)...**' પુણ્યના પરિણામ જે વિકારીભાવ, પાપના ભાવ જે વિભાવભાવ એ '**અચેતન પ્રકૃતિનું કાર્ય હોય...**' કર્મનું એ કાર્ય હોય '**તો તેને (-ભાવકર્મને) અચેતનપણાનો પ્રસંગ આવે.**' વિકારી પરિણામને અચેતનનો (પ્રસંગ આવે). અચેતન નથી એ તો ચેતનની દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એક બાજુ એમ કહે કે પુણ્ય અને પાપના ભાવ, સવારે આવ્યું હતું, એ અજીવ છે, જડ છે. આહા..હા..! એ કઈ અપેક્ષાએ? બેની જુદાઈ કરવામાં. સમજાણું કાંઈ? અને અહીંયાં કહે છે કે વિકારી પરિણામ જો અચેતન પ્રકૃતિ કરે તો એ અચેતન થઈ જાય. એટલે એ અચેતન નથી, એ ચેતન છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સવારમાં તો આમ આવ્યું હતું. કળશમાં નહોતું આવ્યું? અજીવ એટલે.. અર્થ કર્યો હતો એમાં. જીવ અને અજીવ એટલે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એ બધા અજીવ. આહા..હા..! દયા, દાન, વ્રત,

ભક્તિ, પૂજા, શાસ્ત્ર શ્રવણ કરવું, કહેવું, વિકલ્પ એ બધું અજીવ છે કહે છે. આહા..હા..! હવે એને ધર્મ માનવો અને કાં એનાથી ધર્મ થશે હળવે-હળવે આહા..હા..! એવો જે મિથ્યાત્વભાવ એ જો અચેતનનું કાર્ય હોય જડનું તો અચેતનપણાનો પ્રસંગ આવે. તો એ વિકાર પરિણામ જડ રજકણ છે એવું થઈ જાય એમ કહેવું છે. એ ચૈતન્યના સ્વભાવની અપેક્ષાએ તો એ અચેતન છે, પણ એ અચેતન પરમાણુ નથી. એ અચેતન અરૂપી વિકૃતદશા છે અને પરમાણુ જે કર્મ છે એ તો જડ છે, તદ્દન અજીવ છે. રજકણ-રજકણ અજીવ છે. એનું કાર્ય હોય તો આ પોતે અચેતન જડ પરમાણુની દશા જેવી થઈ જાય. સમજાણું કાંઈ?

**'અચેતન પ્રકૃતિનું કાર્ય હોય તો તેને...'** એટલે વિકારી પરિણામને. આહા..હા..! **'અચેતનપણાનો પ્રસંગ આવે. જીવ પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે;...'** મિથ્યાત્વ શ્રદ્ધા, રાગ-દ્વેષના ભાવ એનો ભાવકર્મનો કર્તા જીવ પોતે જ અજ્ઞાનભાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનભાવમાં છેને આ? આહા..હા..! **'કારણ કે જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે...'** પુદ્ગલદ્રવ્ય. જીવ મિથ્યાત્વ આદિ ભાવકર્મને કરે એમ જોઈએ. પુદ્ગલદ્રવ્ય કાઢી નાખવું જોઈએ. **'મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે...'** એટલો શબ્દ કેમ પડ્યો છે આમાં? છે એમાં? **'જો જીવ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને...'** એમ કર્યું છે.

**શ્રોતા :-** પુદ્ગલના લીધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુદ્ગલના લીધા એ જડના. ઠીક.

**'પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે...'** પણ અહીં તો જે ભાવકર્મ પહેલો છે એ તો જીવના લીધા છે. વચ્ચે નાખ્યું આ. ઠીક. આહા..હા..! **'પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વાદિ...'** હવે તો એમ કહેવું છે કે પુદ્ગલદ્રવ્યમાં મિથ્યાત્વભાવ થાય છે એનો જો જીવ કર્તા હોય તો પુદ્ગલ એકલું મિથ્યાદૃષ્ટિપણું થયું સ્વતંત્ર, એમ. **'પુદ્ગલ દ્રવ્યના મિથ્યાત્વાદિ ભાવકર્મને કરે તો પુદ્ગલદ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ આવે.'** એમ. તો ચેતન થઈ જાય વિકારી પરિણામ છે ઈ. જડના વિકારી પરિણામ હોં! એ ચેતન થઈ જાય. આહા..હા..! ફક્ત એના કર્તા નથી એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પોતે પોતાનો કર્તા છે, પણ પોતે પુદ્ગલ પર્યાયનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. એટલું.

**'વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના કર્તા છે...'** એમ માનો. આ આવ્યું જુઓ હવે. **'એમ પણ નથી;...'** બે ભેગા થઈને વિકાર કરે છે. હળદર અને શું કીધું ઈ? ચુનો. બે ભેગા થઈને લાલ રંગ થાય છે. હળદરની પીળાશ અને ચુનાની ધોળાશ બે ભેગા થાય તો લાલ રંગ થાય લ્યો! એમ અહીં કહે છે કે જો જીવ અને પુદ્ગલ, જીવના પરિણામ ચેતન અને પુદ્ગલના અચેતન બે ભેગા થઈને કરે તો તેનું **'જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે.'** આહા..હા..! જીવના

પરિણામને પુદ્ગલ કરે તો પુદ્ગલને પણ અચેતન જે આ જીવના ભાવ એના ફળ એને ભોગવવા પડે. કરે એ ભોગવે. તો એ કરે તો એને ભોગવવું પડે, પણ જડને તો ભોગવવાનું હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'બન્ને કર્તા હોય તો જીવની માફક અચેતન પ્રકૃતિને પણ તેનું (-ભાવકર્મનું) ફળ ભોગવવાનો પ્રસંગ આવે. વળી જીવ અને પ્રકૃતિ બન્ને મિથ્યાત્વાદિ ભાવકર્મના અકર્તા છે...'** એમ કહો. જીવ પણ કર્તા નથી અને પ્રકૃતિ પણ મિથ્યાત્વને કરતી નથી. આહા..હા..! **'એમ પણ નથી; કારણ કે જો તે બન્ને અકર્તા હોય તો સ્વભાવથી જ પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે.'** પુદ્ગલ સ્વતંત્ર મિથ્યાત્વને કરે અને નિમિત્ત કર્મનું છે એ આવતું નથી આમાં. આહા..હા..! પુદ્ગલનો સ્વભાવ થઈ જાય. મિથ્યાત્વપણે પરિણમવું એ પુદ્ગલ સત્ત્વ સ્વભાવ થઈ જાય. જડપણે હોં જડનું. આહા..હા..!

**'માટે એમ સિદ્ધ થયું કે—'** જરી સૂક્ષ્મ વાત તો છે બે અહીં તો. જીવ જ એકલો કરે છે એમ પહેલું સિદ્ધ કરી અને પછી કહે છે કે જો એ પુદ્ગલના પરિણામને જીવ કરે, પુદ્ગલના પરિણામને જીવ કરે, તો પુદ્ગલના પરિણામ તો અચેતન છે એને જીવ શી રીતે કરે? અને પુદ્ગલના પરિણામ જીવના પરિણામને કરે તો એને ભોગવવાનું આવે પાછું. કોને? જે કરે છે પુદ્ગલ આત્માના વિકારને તો ભોગવવાનું એને પાછું આવે. જડને ભોગવવાનું હોતું નથી. આહા..હા..! હવે આવો બધો નિર્ણય કરવો. આહા..હા..! વસ્તુ આવી છે, એણે નિર્ણય કરવો જોઈશે. અહીં તો હજી અજ્ઞાનભાવે કર્તા વિકારી છે પોતે એમ સિદ્ધ કરવું છે. એનો કર્તા કર્મ પણ નથી અને બે થઈને કરે એમ પણ નથી. ત્યાં બે થઈને કરે એમ છે. સંસ્કૃતમાં હોં! સંસ્કૃતમાં. જયસેનાચાર્યમાં છેને. કર્તાકર્મમાં છેને? કર્તાકર્મમાં છે. જુઓ, આ શ્લોક છે. ૧૧૯. ૧૦૯, ૧૦, ૧૧ અને ૧૨ આ એની ટીકા છે. ૧૧૩ પહેલાં. **'परमार्थतः पुनरेकांतेन न जीवरूपाः न च पुद्गलरूपाः शुद्धारहिद्रयोः संयोगपरिणामवत्।'** બે થઈને જેમ ઓલો હળદર અને ચુનાનો લાલ રંગ થાય. એ તો બેનું નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. એ પાછું એમ માની લે કે બે થઈને ભેગા થાય તો અહીં ના પાડે છે. અહીં સંસ્કૃતમાં એ શબ્દ છે. સમજાણું કાંઈ? એ ઘણાં આ મૂકે છે ઓલા રતનચંદજી ને ઈ. બે થઈને થાય, બે થઈને. રતનચંદજી આ મૂકે છે. આહા..હા..!

**શ્રોતા :-** એક ઉપાદાન અને એક નિમિત્ત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, પણ એ ઉપાદાનને રાખીને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. તો પ્રમાણ કહેવાયને? નિશ્ચય જે છે કે પોતાથી જ કરે છે એવું રાખીને પછી નિમિત્તને ભેળવ્યું, નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, ત્યારે બેનું પ્રમાણ થયું; પણ પ્રમાણ દ્વારા એ નિશ્ચયથી જીવ કરે એનો નિષેધ કરીને નિમિત્તથી થાય એમ નથી કહ્યું એણે. આહા..હા..! આવું બધું! કહો, શાંતિભાઈ! આ દિગંબરમાં પડ્યા એને ક્યાં નિર્ણય કરવાના ઠેકાણા છે?

ધર્મ કરો, પૂજા કરો, ભક્તિ કરો, વ્રત કરો અને અપવાસ કરવો, બસ જાવ. આહા..હા..! એ બધો વિકાર છે એ કરો.. કરો... કરો.. છે. એ વિકાર જો પુદ્ગલ કરે તો પુદ્ગલને ભોગવવાનો પ્રસંગ આવે. બે થઈને કરે તોપણ એને ભોગવવાનો પ્રસંગ આવે. સમજાણું કાંઈ? આહા..હા..! રતનચંદજી એ નાખે જ્યાં કર્મની વાત આવે ત્યાં છાપામાં તરત નાખે. કર્મને લઈને થાય છે, આ કર્મને લઈને થાય એમ નાખે પાછા. પાઠમાં એવું આવેને નિમિત્તને લઈને થાય. ૮૦-૮૧-૮૨ ગાથા છેને. જીવના પરિણામ પુદ્ગલનું નિમિત્ત છે અને પુદ્ગલના પરિણામને જીવનું નિમિત્ત છે. પણ નિમિત્ત છે એટલે શું પણ? પણ એનો કાળ તો એક છે. આ નિમિત્ત આવ્યું માટે થયું એનો પ્રશ્ન ક્યાં છે? કાળ તો એક જ છે. અહીં વિકાર પરિણામ થાય તે કાળે પુદ્ગલનું પરિણમન તેને કારણે થાય, ત્યારે આને નિમિત્ત કહેવાય. એમ પુદ્ગલના પરિણમવાનો ઉદય છે જે કાળે, તે કાળે જીવ પોતાને કારણે વિકાર પરિણમે છે ત્યારે ઓલા નિમિત્ત કહેવાય. સમજાણું કાંઈ? મોટો વાંધો ઉઠ્યો.

એ અમારા દામોદર શેઠ સાથે તો મોટો વાંધો ઉઠ્યો. પુસ્તકો એની પાસેથી મળ્યા બધા સમયાસાર ને ઈ. બીજે હતા નહિ ક્યાંય આટલામાં. ૮૩ની વાત છે હોં. લ્યો એ પણ તમારા જન્મ પહેલાંની વાત છે. ૮૩ની. પુસ્તકો ઘણાં શેઠ બહુ રાખે ઘરે, ગૃહસ્થ માણસ. આપે છૂટથી હોં. એને એમ નહિ કે .. ખુલ્લા પડ્યા હોય ૨૫-૫૦. પણ દૃષ્ટિ વિપરીત બહુ. એ એમ ખાનગી કહે. મારી સામે ન બોલે. આ મહારાજ આમ કહે છે કે વિકાર પોતાથી થાય. વગર દોરાની પડાઈ ઊડી છે આ. અને મારી સાથે વાત કરે ત્યારે થોડી એટલી કરે કે તમને એમ લાગતું હોય કે વિકાર પોતે કરે છે જીવ, તો ૫૧ ટકા પુરુષાર્થના રાખો જીવના અને કર્મના ૪૯ ટકા રાખો. ટકા સમજો છો? શું કહે છે તમારે હિન્દીમાં? પ્રતિશત. એ ટકા કહે છેને ટકા. કીધું સોએ સો ટકા વિકાર જીવ કરે અને સોએ સો ટકા નિમિત્ત ન કરે. નિમિત્ત એની પર્યાય કરે અને આ આની કરે. એનો કહેવાનો આશય એમ કે બે થઈને થાય છે. પણ બહુ તમે પુરુષાર્થથી વાત કરતા હો કે જીવથી જ થાય તો ૫૧ દોકડા અહીં રાખો આનીકોરના. ૪૯ ત્યાં રાખો. મોટી ચર્ચા ચાલતી હતી. ૮૩ની સાલ હોં! કેટલા વર્ષ થયા? ૫૦ થયા. ઓહો..હો..! આહા..હા..! કેટલાકને તો જૈનધર્મમાં એનો અભ્યાસ પણ નહિ હોય તે દિ' ૫૦ વર્ષ પહેલાં. આ તો જન્મ્યાની વાત કીધી. ધર્મચંદજી! આહા..હા..!

અહીં તો કહે છે કે સ્વયં આત્મા પોતાની ચીજ જે જ્ઞાતા-દૃષ્ટા છે (એને) પોતે ભૂલીને ભૂલના ભાવને મિથ્યાત્વના ભાવને જીવ સ્વયં કરે છે, તેમ એ રાગ-દ્વેષના પુણ્ય-પાપના ભાવને પણ સ્વયં જીવ કરે છે. એક ઓલું જૈનતત્ત્વ મીમાંસામાં આવે છે કે જ્યારે અહીં ક્રોધ થાય તો સામે ક્રોધનો ઉદય હોય. એ પહેલાં માન હોય. એમ કે માન વખતે માનનો ઉદય હોય અને અહીં ક્રોધ થવાનો હોય ત્યાં ક્રોધનો ઉદય હોય એવી નિમિત્તનૈમિત્તિક શૈલી

છે. આવે છે, જૈનતત્ત્વ મીમાંસામાં. એ જરી કર્મનો અભ્યાસ એને છેને. પણ એનો અર્થ એવો નથી કે નિમિત્ત ઉદય છે માટે અહીં ક્રોધ થયો. આહા..હા..! તે કાળે ક્રોધની જ દશા થવાનો સ્વકાળ સ્વયં ષટ્કારકના પરિણમનથી છે. પછી ભલે સામે ઉદય ક્રોધનો હો. અહીં નિમિત્ત લેવું છેને. એને ક્રોધ થયો ત્યાં સામે નિમિત્ત એમ કે માનનો ઉદય હોય અને અહીં ક્રોધ થાય એમ નહિ. એટલું સિદ્ધ કરવું છે. સામે નિમિત્ત હો, ક્રોધના ઉદયનું નિમિત્ત હો, પણ ઉદય હો એથી અહીં ક્રોધ થયો છે એમ નથી. તેમ બે ભેગા થઈને ક્રોધ કર્યો છે એમ નથી.

હવે અહીં કહે છે **'બન્ને અકર્તા હોય તો...'** હવે કહે કે આત્મા પણ કર્તા નથી અને કર્મ પણ કર્તા નથી એમ કોક માને. **'તો સ્વભાવથી જ પુદ્ગલદ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ આવે.'** એટલે પુદ્ગલમાં મિથ્યાત્વનું પરિણમન સ્વતઃ એની મેળાએ થાય છે, એને કોઈ વિકારનું નિમિત્ત છે એવું રહેતું નથી તો એનો સ્વભાવ થઈ જાય છે એ તો. જડનો મિથ્યાત્વપણે પરિણમવું એવો સ્વભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ? હવે આમાં ક્યાં નવરાશ બધી? એય..! જયંતિભાઈ! સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, બસ. સંથારો કરો મરતા વખતે. એવું કહે. અરે! ભાઈ! પણ તને હજી ચીજ શું છે?

ભગવાન શું ચીજ છે અને એ ભૂલ કરે છે એ શું છે? કેમ છે? સ્વતઃ ભૂલ કરે છે. એને ભૂલ દોષ છે માટે પરની કોઈ અપેક્ષા આવે છે, દોષ છે માટે કોઈ પરની અપેક્ષા આવે છે એમ નથી. આહા..હા..! એમ કે ગુણ થાય સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ તો નિર્મળ દશા છે, એટલે એમાં તો કોઈ પરના નિમિત્તની જરૂર નથી; પણ એમાં કહ્યું છે કે એ કર્મના નિમિત્તનો એમાં અભાવ હોય છે, એટલું નિમિત્તપણું હોય છે. ૮૩માં આવે છેને ભાઈ? ૮૩ ગાથામાં નહિ? દરિયાનો દાખલો. દરિયામાં તરંગ ઉઠે છે એમાં પવનનું વાવું નિમિત્ત છે. ઉઠે ત્યારે નિમિત્ત છે, ન ઉઠે ત્યારે પવનના અભાવનું નિમિત્ત છે. એ અભાવને પણ નિમિત્ત કીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ દરિયામાં જે તરંગ ઉઠે છે એનું મૂળ કારણ તો દરિયો પોતે છે. તરંગ વખતે પવનનું વાવું એ નિમિત્ત છે માટે તેનાથી તરંગ ઉઠ્યો એમ નથી અને તરંગ ન થયો ત્યારે પવન પણ નહોતો અને પવન નહોતો માટે તરંગ ન થયું એમ પણ નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે. આહા..હા..!

**'માટે, એમ સિદ્ધ થયું કે—જીવ કર્તા છે.'** પહેલું લીધું હતુંને, પહેલી લીટી. **'જીવ જ મિથ્યાત્વ આદિ ભાવકર્મનો કર્તા છે.'** પોતાના પરિણામ લીધા. **'જીવ કર્તા છે અને પોતાનું કર્મ કાર્ય છે...'** આહા..હા..! એનું કાર્ય આ છે કહે છે. અજ્ઞાની જીવનું વિકારી એ જ કાર્ય છે, એમ કહે છે. એ કાર્યમાં પરને કારણે કાર્ય છે એમ છે નહિ. આહા..હા..! **'(અર્થાત્ જીવ પોતાના મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે અને પોતાનું ભાવકર્મ પોતાનું કાર્ય છે).'** આહા..હા..! એવી પર્યાયની પણ સ્વતંત્રતા વિકારની સ્વીકારે તો ત્રિકાળી

દ્રવ્ય-ગુણ સ્વતંત્ર શુદ્ધ છે જેને કોઈ અપેક્ષા નથી, એની દૃષ્ટિ કરે તો ધર્મ—સમકિત થાય. આહા..હા..! સમજાણું કાંઈ? વિકારની પર્યાય પણ સ્વતંત્ર છે.

એક છોકરો હતો અહીં પહેલાં બોર્ડિંગમાં. આવું સાંભળી, પછી એક છોકરાને ધબ્બો મારતો. ધબ્બો મારીને કહે કે હું ક્યાં કરું છું? ધબ્બો કાંઈ હું મારતો નથી, એ તો પુદ્‌ગલની ક્રિયા છે. એલા આ શીખ્યો તું? પુદ્‌ગલની ક્રિયા પણ વિકલ્પ કોનો છે તે વખતે? ભાવ સામાને મારવો એવો ભાવ કોનો છે? એ ભાવ તેં કર્યો છે અજ્ઞાનભાવે હોં! ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા એની ખબરું વિનાનો આવો વિકલ્પનો કર્તા તું થા છો અને એ કર્તાપણું અજ્ઞાનભાવે તારું જ છે, એમાં પરનો હસ્તક્ષેપ નથી, કોઈનો હસ્તક્ષેપ છે જ નહિ, જરીએ બીજાની અપેક્ષા નથી. આહા..હા..!

‘**ભાવાર્થ :- ‘ભાવકર્મનો કર્તા જીવ જ છે’ એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું** છે.’ ભાવકર્મ સમજાણું? પુણ્ય અને પાપ. મિથ્યાત્વભાવ અને પુણ્ય-પાપભાવ બધું લેવું. એ ભાવકર્મ. મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એ બધા વિભાવભાવ વિકાર છે. એનો ‘**કર્તા જીવ જ છે...**’ આહા..હા..! અરે! પણ મિથ્યાત્વનો કર્તા જીવ? એ તો દર્શનમોહનો ઉદય આવે (એટલે થાય છે). આ ગોમ્મટસારમાં તો એમ આવે છે લ્યો! જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે, લ્યો! દર્શનમોહનો ઉદય આવે એટલે મિથ્યાત્વ થાય. ઉદય ઉદયને કાળે તો એનામાં છે. મિથ્યાત્વ અહીં થાય છે ઈ એને લઈને ક્યાં છે? આહા..હા..! એ મોટી ચર્ચા થઈ હતીને, એમ કે નિમિત્ત કથંચિત્ બિલકુલ કરતું જ નથી એમ નહિ. દસમે ગુણસ્થાને જીવ જાય અને રાગ પછી ત્યાં તો રાગ છે અને પછી પાછો આગળ જવું હોય તો અટકી જાય છે અને રાગથી નીચે પડી જાય છે. એ કર્મનો ઉદય એવો આવે એટલે એને નીચે પડવું પડે, એમ કહે છે. એ અહીં ના પાડે છે.

**શ્રોતા :-** ઉદય હોતો જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉદય હોય જ નહિ પણ ત્યાં. અહીં તો એમ છે કે જ્યાં મિથ્યાત્વના રાગનો ભાવ પાછો કરે છે ત્યારે ભલે ત્યાં રાગનો ઉદય હો, કરે છે ત્યારે. સમજાય છે? પણ એ કર્મને ઉદય આવ્યો માટે નીચે પડવું પડ્યું, રાગમાં આવવું પડ્યું (એમ નથી). એ ચર્ચા મોટી હતી. ત્યાં તો નિમિત્ત કર્તા છે. બિલકુલ ન માનો તો નીચે પડે છે એ કેમ પડે છે? એ તો ચડી ગયો છેને દસમા સુધી. એને ક્યાં પડી છે માણસને. પણ દસમે ગયો એ પોતાની પર્યાયથી ગયો છે સ્વતંત્રપણે કે કર્મના અભાવને કારણે ગયો છે? અને કર્મનો ઉદય આવ્યો માટે અહીં રાગ થયો છે? પોતે જ પોતાના સ્વરૂપથી અસ્થિરતામાં આવી ગયો. એ અસ્થિરતાનું સ્વતંત્ર પરિણમન એનું પોતાનું છે. આહા..હા..! ત્યારે તે દસમેથી નીચે ઉતરી જાય છે. કર્મને લઈને નીચે ઉતરી જાય છે એમ નથી.

૧૬મી ગાથામાં ત્યાં સુધી કહ્યું, પ્રવચનસાર, સ્વયંભુ. દ્રવ્ય અને ભાવ ઘાતિકર્મ બે પ્રકારના

છે. ઘાતિ જડ છે એ દ્રવ્યકર્મ છે અને પોતે પોતાની હીણી દશારૂપે પરિણમે છે એ ભાવકર્મ છે, ભાવઘાતિ. આહા..હા..! એ ભાવઘાતિ કર્મનો કર્તા જીવ છે. જડઘાતિને લઈને અહીં ભાવઘાતિ થયું છે એમ નથી. આહા..હા..! કર્મનો મોટો ગોટો. આ વાત સાધારણ હતી પણ જ્યારે નીકળી ત્યારે ગોટો ધડાધડ (બહાર આવ્યો). એક તો બહાર કાઢી અને એ વખતે ધડાકા ઉઠ્યા બહાર. દામોદર શેઠને કાને ગઈ. એય..! વિરોધ... વિરોધ... વિરોધ...

અને એક ઓલો નહિ? દેરાવાસી સાધુ નહિ? જિન કેવો? જિનવિજય. એક દેરાવાસી સાધુ હતોને, પછી મૂકી દઈને સુધારકમાં ગયો છે. હવે તો ગુજરી ગયો લાગે છે. જિનવિજય હતો. બહુ મગજવાળો સુધરેલ. એટલે એણે એક પુસ્તક બનાવ્યું એમાં ચોખ્ખું લખેલું કે કર્મ પણ ચીજ છે, માટે કર્મનો ઉદય આવે એટલે વિકાર થાય જ, વિકાર કરવો જ પડે. એવી એક ચોપડી હતી. આ દૂધીબહેન સાથે હતાને. અહીં નહિ આપણે હરગોવિંદભાઈના બહેન. એને લઈને અહીં .. દૂધીબહેન ગુજરી ગયા. એક દૂધીબહેન ત્યાં હતા એને શેઠે પુસ્તક આપ્યું કે મહારાજ આમ કહે છે પણ જુઓ આમ છે. જિનવિજય આમ કહે છે કે કર્મ પણ એક ચીજ છે અને એનો ઉદય આવે એ પણ એક ચીજ છે અને ઉદય આવે એટલે વિકાર એને લઈને જ થાય. આહા..હા..! એ છે એક પુસ્તક અહીં, નામ ભૂલી ગયો. એ પુસ્તકનું નામ શું? ધર્મગ્રંથ નહિ. નામ કાંઈક બીજું હતું. પુસ્તક જુદું બનાવ્યું છે. ધર્મગ્રંથ નહિ. પુસ્તક એણે જુદું બનાવ્યું છે. એ દૂધીબહેનને આપ્યું હતું વાંચવા. મેં કીધું મૂકી દેજો એવું વાંચશો નહિ. વિશેષ બધા લાકડા નાખશે ઊંધા. આહા..હા..! આ તો ૮૩ની વાત છે હોં. ૫૦ વર્ષ થયાં. હવે એનું એ અત્યાર સુધી ચાલ્યું પાછું બહારમાં. આહા..હા..!

અહીં કહે છે, '**ભાવકર્મનો કર્તા જીવ છે એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે—પરમાર્થે અન્યદ્રવ્ય અન્યદ્રવ્યના ભાવનો કર્તા હોય નહિ...**' ખરેખર એક દ્રવ્યની પર્યાયને, દ્રવ્ય એટલે વસ્તુ, બીજા દ્રવ્યની પર્યાય તેને કરે એવું ત્રણકાળમાં હોઈ શકે નહિ. '**તેથી જે ચેતનના ભાવો છે...**' ભાષા દેખો! આ ચેતનના ભાવ લીધા. આહા..હા..! એકકોર પુણ્ય અને પાપ અને મિથ્યાત્વ તે અજીવ કહે અને સમયસારમાં ૫૦ થી ૫૫માં એમ કહે કે અનુભૂતિથી એ ભિન્ન છે. આત્મા પોતાના સ્વરૂપનો અનુભવ કરે સ્વસન્મુખ થઈને તેવી અનુભૂતિથી; દ્રવ્યથી ભિન્ન છે એમ ત્યાં નથી લીધું, અનુભૂતિથી એ દયા, દાનના વિકલ્પોથી ભિન્ન છે. ૫૦ થી ૫૫. ઉકરડો જેને અમારે નારણભાઈ કહેતા. ૨૯ બોલનો ઉકરડો. આહા..હા..! એમાં એ વાત આવી ચોખ્ખી. સમજાણું કાંઈ? કે અનુભૂતિથી એ ચીજ ભિન્ન છે. ઈ કોને? જે આત્મા સન્મુખ થઈને અનુભવ કરે એને, પણ જેને અનુભૂતિ નથી એ કર્મના સંગના લક્ષે વિકાર કરે એ પોતાથી વિકાર થાય છે, પરથી બિલકુલ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કે ભિન્ન છે એનો કર્તા, પણ ભિન્ન કોને? આહા..હા..! જેને હજી આત્મા આનંદસ્વરૂપ છે એવું ભાન પણ નથી, એને ભિન્ન રાગ છે એમ ક્યાં

આવ્યું એને? એને તો 'રાગ તે હું છું અને રાગની પરિણતિ તે હું કરું છું' એ અજ્ઞાનભાવે એ પરિણમન એનું છે એમ એ જાણે છે. પણ એ વિકાર કર્મને લઈને મને થાય છે.. તો કર્મ સિદ્ધાંત બધા શાસ્ત્રો આટલા બધા લખ્યા. 'કર્મે રાજા કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક.' એવું આવે છે. સ્થાનકવાસીમાં આર્જિકાઓ બોલેને પહેલી સ્તુતિ. શરૂઆત આ કરે. પહેલી દસ મિનિટ. હવે ક્યાં હવે ક્યાં.. અમે બધું કરતાને પહેલાં એ. એ દસ મિનિટ સ્તુતિ બોલે એમાં આ (બોલે), 'કર્મે રાજા કર્મે રંક.' એ જુદી વાત છે, એ તો અઘાતિનું ફળ છે. 'પણ કર્મે વાળ્યો આડો અંક.' પાછો. વિકારના પરિણામ કર્મે કરાવ્યા એ ખોટી વાત છે. સમજાણું કાંઈ? એ કહ્યું.

**'તેમનો કર્તા ચેતન જ હોય.'** આહા..હા..! ચેતનના ભાવો છે એ પુણ્ય-પાપના ભાવ, મિથ્યાત્વ ભાવ જીવના છે, ચેતનના છે. આહા..હા..! એક બાજુ કહેવું કે ચેતનથી એ ભિન્ન છે, ચેતનના નથી એ. કઈ અપેક્ષાએ? એ ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિ થતાં તે ભિન્ન રહી જાય છે, એમ છે. અહીં તો ચૈતન્યનું ભાન ક્યાં છે? એ ભાન વિનાના પ્રાણી ક્યાં નજર નાખે છે કે એનાથી ભિન્ન પડ્યો? એની નજર તો ત્યાં જ છે. આહા..હા..! અજ્ઞાનીની નજરમાં મિથ્યાત્વભાવનો કર્તા પોતે જ છે એમ નક્કી કરવું જોઈએ, એમ કહે છે. કેમકે ચેતન કર્તા, ચેતનના ભાવ છે તેમનો કર્તા ચેતન હોય. **'આ જીવને અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે,...'** જોયું! આહા..હા..! ભારે વાતું ભાઈ! એકકોર કહેવું કે મિથ્યાત્વના પરિણામ અજીવ છે અને અજીવનો ઉદય તે નવા કર્મ બાંધવાનું કારણ થાય. લ્યો, ત્યાં એવું આવે છે. વ્યાપ્ય-વ્યાપક કર્તા-કર્મનું. જૂના કર્મ છે એ વ્યાપક છે અને ઉદય આવીને નવા કર્મ બંધાય એ વ્યાપકનું વ્યાપ્ય છે. નવા કર્મ વ્યાપકનું વ્યાપ્ય છે. અહીં કહે છે કે વ્યાપક એવો આત્મા અજ્ઞાનપણે પ્રસરિત થઈને વિકારી પરિણામ એનું વ્યાપ્ય છે. વ્યાપ્યવ્યાપકપણું પોતામાં છે, પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! ત્યાં એમ કહ્યું. ત્યાં તો દ્રવ્ય-ગુણને તદ્દન જુદું પાડીને વિકારનું ઉત્પન્ન થવું કર્મના ઉદયથી તે થાય છે, સ્વભાવમાં નથી એવી દૃષ્ટિ કરાવવા એ ઉદય વ્યાપક છે કર્મ, વ્યાપક એટલે કર્તા છે અને નવા કર્મ બંધાશે તે તેનું કાર્ય છે. એ જડ કર્મનું બીજું કાર્ય પાછા નવા જડ બંધાય એનું કાર્ય એમ કહે છે. અહીં કહે છે કે એમ નથી. અહીંયાં તો ચૈતન્યની ભૂલ છે એ ચૈતન્યની જાતની છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે,...'** આહા..હા..! **'જડ નથી;...'** આ સ્યાદ્વાદ. પુદ્ગલ નથી, એ પરમાણુ નથી એનો કર્તા. આહા..હા..! **'અશુદ્ધનિશ્ચયનયથી તેમને ચિદાભાસ પણ કહેવામાં આવે છે.'** ચૈતન્યના લિબાસ જુઓ, આ નથી શાહુકારનો ..? આહા..હા..! અહીં એક આવ્યો હતો. ફલાણાનો દીકરો છું. જૂઠું બધું હતું હોં! કપડા પહેરેલા બધા આલપાકના અને વહુ સાથે, આ મારી બેન છે એના

લગન કરવા છે એમ કરીને. એક ઠગ આવ્યો હતો મોટો ઠગ. તે દિ' મગનભાઈ મગન તલકશી બધા હતા. પછી કહે, શું કાંઈક કીધું, અમુક પૈસા અહીં ભર્યા છે અને અહીં પૈસા આપવાના છે. ઢોંગેઢોંગ ખોટો. પછી અહીંથી એક સમયસાર આપ્યું એને. ભાઈ! તમે આટલું આટલું આપવાના છો તો સમયસાર લો. એ વખતનો વખત છે આ ૯૭-૯૮. આહા..હા..! ઠગ હતો બધો ભારે ઠગ. એ ભાવનગરમાં પકડાઈ ગયો. એ તો ઘણાં વર્ષની વાત, ૯૮ની સાલ. ત્યાં ઠગ કરવા ગયો એમાં પકડાઈ ગયો. આહા..હા..!

**શ્રોતા :-** ચાંદીના વાસણ આપવા જતા હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચાંદીના વાસણ આટલા છે મારા માતુશ્રીએ કર્યા છે અને એ બધા અહીં ભેટ આપવા છે. ખોટેખોટી ગપેગપ. તો લોકો તો રાજી થઈ ગયા. મગનભાઈ જેવા પણ હતા વિશાશ્રીમાળી હુશિયાર. મગન તલકશી. એ કહે આટલું-આટલું આપણને આપે છે તો આપણે એક સમયસાર એને આપીએ. આપવાની તો વાતું મોઢેથી. ઠગ હતો ઠગ. સમયસાર લઈ ગયો, શું કર્યું હશે કોણ જાણે. આહા..હા..! અહીં કહે છે કે એ ઠગવાના પરિણામનો કર્તા જીવ પોતે પોતાથી છે. કર્મને લઈને ઠગવાના પરિણામ કર્યા એમ છે નહિ. આહા..હા..!

'**એ રીતે તે પરિણામો ચેતન હોવાથી, તેમનો કર્તા પણ ચેતન જ છે;...**' આહા..હા..! ઠીક! મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ ભાવ ચેતનના છે માટે એ ચેતન છે એમ કહે છે. એક બાજુ એમ કહે કે વિકારી પરિણામ છે એ અચેતન અને જડ છે. એક વાત. બીજી બાજુ એમ કહે કે જે ચૈતન્યનો જ્ઞાન-દર્શનનો ઉપયોગ તે ચેતન છે અને બીજા ગુણો બધા અચેતન છે. કઈ અપેક્ષાએ? જાણન-દેખનનો ઉપયોગ જે છે એ ચૈતન્ય છે, એ સિવાય જેટલા વીર્ય આદિ ગુણો છે, શ્રદ્ધા આદિ ગુણો છે એ બધા અચેતન છે. એટલે? એ પોતે પોતાને જાણતા નથી, પોતે પરને જાણતા નથી એ અપેક્ષાએ. પંડિતજી! અરર! અચેતનના પણ પ્રકાર! આ શરીર, વાણી, મન અચેતન, કર્મ અચેતન. એક વાત. પુણ્ય-પાપના ભાવ મિથ્યાત્વભાવ અચેતન બીજી વાત અને જીવના જ્ઞાનદર્શનના ચેતનગુણની ઉપયોગની અપેક્ષાએ બીજા બધા ગુણો પણ અચેતન. એમાં જ્ઞાનદર્શનની શક્તિ નથી. આહા..હા..! આવો માર્ગ એને એકદમ સમજ્યા વિના એમ ને એમ માની બેસે. આહા..હા..!

અહીં તો કહે છે કે વિકારના પરિણામ એ ચેતન છે. આહા..હા..! '**કારણ કે ચેતન કર્મનો કર્તા ચેતન જ હોય—એ પરમાર્થ છે.**' જોયું એ ખરેખર છે. આત્મા ચૈતન્ય પુણ્ય-પાપના ભાવને કરે એ ખરેખર પરમાર્થ છે. લે! ઠીક! પરમાર્થ છે એટલે? સાચી વાત છે એમ. એય..! એ સાચી વાત છે એમ પરમાર્થ. એ ખરેખર વાત છે. જીવ પોતાની ભૂલથી પોતાના ભાવને કરે એ યથાર્થ છે, પરમાર્થ છે, ખરેખર છે, એ નિશ્ચય છે એમ કહે છે. આહા..હા..! કહો, પ્રવિણભાઈ! વાણિયાએ કેટલું યાદ રાખવું આમાં? ધંધામાંથી

નવરા ન હોય એમાં આ પાછું. કર્મથી વિકાર ન થાય, કર્મ તે અચેતન છે, જીવમાં વિકાર થાય એ પણ અચેતન છે. આ જડ છે અને વળી ચેતનના પરિણામ તે ચેતન છે. એના અસ્તિત્વમાં થયેલા છેને, પુણ્ય અને પાપનો મિથ્યાત્વભાવ એના હોવામાં થયેલ છેને, કાંઈ પરને હોવાને લઈને થયા છે એમ છે નહિ. આહા..હા..!

**'અભેદદષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...'** આહા..હા..! જોયું! અંતર જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય પ્રભુ એવી અભેદ દૃષ્ટિએ જોઈએ તો આત્મા શુદ્ધ ચેતનામાત્ર છે. એ રાગ-બાગ એને છે જ નહિ. આહા..હા..! ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપની દૃષ્ટિ કરતાં, અભેદદૃષ્ટિથી જોતાં શુદ્ધ ચેતનામાત્ર વસ્તુ છે. આહા..હા..! **'પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે છે...'** જોયું! ભાષા આમ આવી. જુઓ, આ નિમિત્તે આવ્યું ત્યાં પકડે. **'કર્મના નિમિત્તે પરિણમે છે...'** આ આવ્યું કે નહિ નિમિત્ત? એ તો એનો આશ્રય છે એટલે નિમિત્ત છે. નિમિત્તથી અહીં થાય છે એમ નથી કાંઈ. એ તો અહીં ચાલે છે વાત. આહા..હા..! **'કર્મના નિમિત્તે પરિણમે છે...'** વિકાર. **'ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે...'** તે તે પરિણામથી સહિત થાય છે, તે તે પરિણામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષથી આત્મા સહિત થાય છે. આમ તો કીધું અભેદદૃષ્ટિમાં શુદ્ધ ચેતનામાત્ર છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ જ્યારે ભેદદૃષ્ટિ થાય છે, નિમિત્ત ઉપર લક્ષ જાય છે, ત્યારે એને પોતાને કારણે વિકાર પોતામાં થાય છે. આહા..હા..!

**'અને ત્યારે પરિણામ-પરિણામીની ભેદદષ્ટિમાં...'** જોયું! પરિણામ એ વિકાર અને પરિણામી દ્રવ્ય એમ. એવી **'ભેદદષ્ટિમાં પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.'** આહા..હા..! પરિણામ અને પરિણામી. દ્રવ્ય અને પરિણામ એ પરિણામ-પરિણામીની દૃષ્ટિથી જોતાં **'પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામનો કર્તા જીવ જ છે. અભેદદષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી,...'** ભગવાન ચૈતન્યસ્વરૂપ જ્યાં અભેદ દૃષ્ટિ થઈ એટલે સમ્યગ્દર્શન થયું એમાં અભેદપણું આવ્યું એટલે રાગથી ભિન્ન પડીને ચૈતન્યમાં એકાકાર થયો. એવી જે અભેદદૃષ્ટિમાં તો તેને રાગ-દ્વેષના પરિણામ છે નહિ. આહા..હા..! એકકોર છે અને એકકોર નથી. આહા..હા..! **'શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે.'** આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય તો એક શુદ્ધચેતનામાત્ર છે. એ સમ્યગ્દર્શનનો વિષય એ રાગ પણ નથી અને એ સમ્યગ્દર્શનની પર્યાય પણ એનો વિષય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.'** લ્યો સરવાળો. એ વિકારી પરિણામ જીવના જ છે મિથ્યાત્વ રાગ-દ્વેષના એનો કર્તા જીવ છે, કર્મ-ફર્મ છે અને પરને લઈને થયા છે એમ છે નહિ. એવી સ્વતંત્રતા સ્વીકારીને એ દૃષ્ટિ ઉઠાવી દે ત્યાંથી અને દ્રવ્યદૃષ્ટિ કરવી. આ એનું પ્રયોજન છે અહીં.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ॐ

नमः सिद्धेभ्यः


પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ